# ચંદ્રકાન્ત.

ભાગ ૨ જો.



સદ્‌ગત ઈચ્છારામ સૂર્યરામ દેશાઈ

"ગુજરાતી"ના આદ્યતંત્રી.

જન્મ: ૨૭ મી ઑગસ્ટ ૧૮૫૭. નિર્વાણ: ૫ મી ડીસેંબર ૧૯૧૨.

# CHANDRAKANT

TREATISE ON THE PRINCIPLES OF VEDANT

**THOROUGHLY REVISED**

BY

**ITCHARAM SURYARAM DESAI**

*EDITOR "GUJARATI"*

**Vol. III**

THIRD EDITION

Printed and Published by Manilal Itcharam Desai at

**THE GUJARATI PRINTING PRESS,**

SASSOON BUILDINGS, CIRCLE, FORT,

BOMBAY

1914

Price Rs. 2-8-0

# चन्द्रकान्त

वेदान्त ज्ञाननो मुख्यग्रंथ

तृतीय प्रवाह—अच्युतपदारोहण

કર્ત્તા

**ઈચ્છારામ સૂર્યરામ દેશાઈ**

'પંચદશી'પર ટીકા લખનાર, 'ગુજરાતી'નો તંત્રી, ઇ૦

(ભાગ ત્રીજો)

શોધિતવર્દ્ધિત તૃતીયાવૃત્તિ

"ગુજરાતી" છાપાખાનામાં

મણિલાલ ઇચ્છારામ દેસાઈએ છાપી પ્રકટ કર્યું.

સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ.

સંવત ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૪

મૂલ્ય રૂ. ૨-૮-૦

| | | | |
|---|---|---|---|
| પ્રથમાવૃત્તિ | ... | ૧૯૦૭ | મુદ્રિત. |
| દ્વિતીયાવૃત્તિ | ... | ૧૯૦૮ | શોધિત વર્દ્ધિત. |
| તૃતીયાવૃત્તિ | ... | ૧૯૧૪ | પુનઃ મુદ્રિત. |

# पुष्पांजलि

श्री सद्‌गुरु ब्रह्मनिष्ठ

श्री अच्युतानन्द स्वामी

आप सद्‌गुरुवर्यना कृपाकटाक्षथी अद्वैतामृतनो हुं स्वादियो थयो छुं; आपनी कृपाथी ज अद्वैतात्मदर्शन प्रति मारी वृत्तियो वळवा मांडी छे,—तेमां लीन थवानी भावना थाय छे; आप, ब्रह्मामृतना वर्षणथी मारा नीरस हृदय-क्षेत्रने रसभर्युं करी, उपदेशद्वारा जे पारमार्थिक बीजो मारा हृदयक्षेत्रमां रोपता हता, ते काळे करीने नवपल्लवित थयां छे, अने ते आपनी ज विभूति छे, ते आजे आपनां पवित्र चरणकमळमां शिष्यभावे समर्पण करुं छुं ते आप, ज्यां विराजता होव त्यां, स्वीकारी मने कृतार्थ करशो.

मुंबई,
चैत्री पूर्णिमा-१९०७

आपनो अनृणी शिष्य
इच्छाराम सूर्यराम देशाई

# પ્રસ્તાવના

આર્યાવર્તની પવિત્ર ભૂમિમાં અભેદતત્ત્વરૂપ દિવ્યપ્રસાદની જે ઝાંખી, હતી ન હતી થઈ રહી છે, તે આજકાલ નવીન સ્વરૂપે ઝાંખું ઝાંખું દર્શન દેવા લાગી છે. રાજ્યમાં, વ્યવહારમાં, ધર્મમાં, ગદ્યપદ્યાત્મક કાવ્ય પ્રબંધમાં, વર્તમાનપત્રના શુષ્ક લેખોમાં, શાસ્ત્રીય શોધનમાં, યુદ્ધના અનુમોદનમાં કે વિદ્યાના પઠનપાઠનમાં અભેદની ઝાંખી, સુઘડ અને સુંદરતાથી પરન્તુ ગુપ્તપણે રસલતી જોવામાં આવે છે, અને એથી અભેદનો વિલાસી આનંદ પામ્યા વગર રહી શકતો નથી. વ્યવહારની અનેક પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહ્યા છતાં પણ, વિશ્વમાં વિહરતા પ્રાણીના હૃદયમાં, એક જાતની નૂતન ભાવના કોઈ પણ સમયે—એકાન્તમાં કે દોઢડાહી દુનિયાંની દોડાદોડમાં-પ્રકટ્યા વગર રહી શકતી નથી, કે આ દુઃખદ સંસારની રાગદ્વેષ કલેશવાળી સ્થિતિનો ત્યાગ કરી કોઈ પણ ઉચ્ચતર સ્થિતિમાં પ્રવેશ થાય તો જ જન્મ્યાનું સાર્થક છે. સાંપ્રત વિલાસ વ્યવહારકુશળ કે પરમાર્થકુશળના હૃદયમાં રમી રહેલી એ વાસના એવી તો સજ્જડ ચોંટી બેઠી છે કે, સાંપ્રત ઐહિક અવદશાનો નાશ કરી ઉચ્ચતર દૈવી અવસ્થાને પ્રાપ્ત થવું. તદર્થે અનેક પ્રકારના વ્યામોહક પ્રયત્નો ચાલી રહ્યા છે, પરંતુ બાહ્યભેદનો પ્રવિલાપ આંતરઆનંદને માટે કરવો જોઇએ; તેને માટે થોડા જ પ્રયત્નશીલ જોવામાં આવે છે. વિશ્વાસ છે બુદ્ધિના બળપર; બુદ્ધિ છે અવિશ્વાસયોગ્ય, મૂર્ખ અને સ્વની ઘાતક; પરિણામ મલિન વાસના. મલિન વાસનાથી—વ્યાવહારિક પ્રેમમાં મસ્ત બનવાથી, ઘાતક રાગદ્વેષ અને સદાનો કલેશકારી વ્યવહાર અનુભવાય છે. આર્ષઋષિ મહાત્માઓએ વ્યવહાર પરમાર્થની જે પ્રણાલિકા બાંધી, ભેદમાંથી અભેદનું સાક્ષાત્ દર્શન કરાવ્યું છે અને ઉચ્ચતર સ્થિતિનું સ્થાન કિંયું છે, તે પરોક્ષ રીતે દર્શાવ્યું છે, તેટલું છતાં વ્યવહારકુશળ જનો બુદ્ધિના આલાપ સંલાપમાં એવા તો જક્કડબંધ બંધાઈ ગયા છે કે, શુદ્ધ ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરવાને જે શ્રમ, જે સાધન ને જે સંપત્તિ પ્રાપ્ત કરવાની આવશ્યક્તા છે, (જેમાં બુદ્ધિ પણ પ્રવિલાપ પામી જાય છે અને ત્યારે જ પરમ વિશુદ્ધ ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત થઈ શુદ્ધ ચેતન પ્રાપ્ત થઈ શકે છે.) એના

અજ્ઞાનથી, શુદ્ધ માર્ગની અવદશા જ થઈ રહી છે. આજકાલ ધર્મ અને જ્ઞાનને નામે મનુષ્યવર્ગને અધમ સ્થિતિમાં વિશેષ ઉંડા ઉતારી દેવાય એવી બુદ્ધિવિલાસની રમતો રમાય છે અને ભૌતિક અનર્થોપર મનુષ્ય-વર્ગની શ્રદ્ધા ચોંટતી જાય છે. પરંતુ મન અને શરીરના વ્યવહારના પારમાં, પરમતત્ત્વની જે સુઘડ સુંદરતા દર્શન દઈ, વ્યવહાર માત્રને ઉચ્ચતર સ્થિતિમાં પણ મૂકી દે છે, એવા અભેદતત્ત્વને માટે, જીવિતના સાર્થક માટેની વાસના છતાં પણ, બહુ જ થોડા જનો મથન કરે છે. નિયમિત માર્ગે અંધની માફક–એકબીજાના ખભાપર હાથ મૂકીને ગાડરની પેઠે ચાલ્યા જાય છે. ફળ મળે છે અતિ તુચ્છ, પણ સંતોષ માને છે અતિ પરમ. એવી સ્થિતિમાંથી જે જિજ્ઞાસુ છે, જેને પરમ ભાવના છે, જે સાયુજ્યનો અભિલાષી છે, એવાને માટે શાંતિ દેનારો ચન્દ્રકાન્તમણિ, હિમગિરિની પર્ણકુટીમાંથી ઉદ્ભવે છે.

વ્યવહાર પરમાર્થનું દ્વાર છે. વ્યવહારમાં રહ્યે સતે પરમાર્થ પ્રાપ્ત થઈ શકે છે. તત્ત્વજ્ઞાનનું ગૂઢ તત્ત્વ, અભેદતત્ત્વની રૂપરેખા સુલભતાથી કેમ પ્રાપ્ત થઈ શકે; લોકરુચિને સામ્પ્રત નિર્માલ્ય રુચિમાંથી પાછી ફેરવી વિશુદ્ધ રુચિ કેમ કરાવી શકાય અને તેમાંથી સત્ય માર્ગે કેમ વાળી શકાય અને ઉચ્ચતર સ્થિતિની આકાંક્ષા કેમ પૂર્ણ થઈ શકે, તેને માટે યથામતિ સુકુમાર પ્રયત્ન, ત્રણ ગ્રંથોમાં કરાવવામાં આવ્યો છે. પિત્તપ્રકોપની શાંતિ શર્કરાથી થતી હોય, તો પછી શા માટે પટોલનો પ્રયોગ કરવો? ઉપનિષદાદિક ગ્રંથો જ્યારે જ્ઞાનીઓને માટે પણ કલેશ-સાધ્ય છે, ત્યારે આવા ગ્રંથો સુકુમારમતિના જિજ્ઞાસુ જનોને સરલતાથી તત્ત્વવસ્તુનો બોધ કરી શકે છે. તેમાંએ અભેદ–અદ્વૈતાત્મ દર્શન છે, આમાં પણ તેનું તે જ છે; વસ્ત્રાલંકાર ભિન્ન છે–એ જ ભેદ છે. જે અભેદ દર્શને આર્યાવર્તના પૂજ્ય પુરુષોને ઉન્નત સ્થાનમાં મૂકયા છે–તેમાં, અને તત્ત્વ કે શાસ્ત્ર, નીતિ કે ધર્મ, આત્મા કે અનાત્મા, ચેતન કે જડ, એમાં કશાનો પણ ભેદ જ નથી; પરંતુ એ અભેદભાવનાથી જો વ્યવહારમાં અલિપ્ત રહી શકાય તો, રાજ્ય, વ્યવહાર, કળા કે શાસ્ત્ર સર્વેમાં તે સર્વોપરી થઈ, જે ક્ષણિક સુખને માટે આજનો મનુષ્યવર્ગ ઉથલપાથલ કરી રહ્યો છે તે, સ્થૂલ અને સૂક્ષ્મની પાર પહોંચી, ખરેખરું એવું સત્વ–બળ પ્રાપ્ત કરી શકે કે, જેનાથી આધુનિક નિર્માલ્ય વ્યવ-હારમાં પ્રકાશ પ્રકટી, કંઇક જૂદો જ રંગ દર્શાવી શકે. વર્તમાન સમ-

થમાં જે વિટંબનાઓથી આર્યાવર્ત અને કહો કે આખું જગત્ પીડાય છે, તેનું મૂળ મંડાણ, અભેદભાવનો ત્યાગ અને ભેદમાં લોલુપતા જ છે. જો મનુષ્યમાત્ર શાંતિ અને મુક્તિને માટે ઉત્સુક હોય–જિજ્ઞાસુ હોય તો તેનો વિજય, સ્વાર્થનો ત્યાગ અને પરમાર્થના પૂજનમાં સમાયલો છે. અભેદભાવને, તત્ત્વદર્શનને, વ્યવહારથી ભિન્ન માન્યાનું પરિણામ જ જગતની વિટંબણા ને ક્લેશનો રગડો છે. શુદ્ધ શાંતિ અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે, અને વ્યવહારની વિટંબનાઓને ક્ષીણ કરવા માટે, કુતર્કોની જાલ વિસ્તરી રહી છે, તે એકદમ કોશેટાના કોકડા માફક સમેટી લેવાશે, તો સત્ય સુખના ભોક્તા થઈ શકાશે; કેમકે અદ્વૈતાત્મદર્શનની ચમત્કૃતિ ભવ્ય અને અસીમ છે, સામર્થ્ય આપે છે ને સુસ્થિત કરી શકે છે. જે પુરુષ જળકમળવત્ સાંપ્રત પ્રવૃત્તિને સમસ્ત ભાવનાથી અલિપ્ત રાખે છે, તે જ તેમાંથી બચી શકે છે. સર્વ સામર્થ્ય પ્રાપ્તિ માટે આત્મા શુદ્ધ પ્રપંચ રહિત અને સ્વાર્પણ કરનારો હોવો જોઈએ, વ્યષ્ટિ ભાવનાનો સમષ્ટિમાં આવિર્ભાવ કરવો જોઇએ અને એ જ જીવન, પ્રેમ–સુખ સર્વનું પરમ ફળ આપે છે. જેને અભેદભાવના સિદ્ધ છે તેના હાથમાં ગીરનારની અમરકુપ્પી છે અને હિમગિરિના મહાત્માના શિષ્ય સુવિચારશર્માનો સ્પર્શમણિ છે. તે જે ઇચ્છે તે મેળવવા સમર્થ છે, ધારે તે કરવાને બળવાન્ છે, જેને સમષ્ટિનું આગાઢત્વ સમજાયું છે, તે શું કરવાને અસમર્થ છે?

ચન્દ્રકાન્ત ચતુર્થ પ્રવાહમાં હિમગિરિના મહાત્મા યોગીન્દ્ર મુનિએ સુવિચાર અને તેની સહચરી પ્રકટપ્રજ્ઞાને જે જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું છે, તેનો શુદ્ધ હેતુ આ જ છે. જે સુવિચારશીલ છે તેની સદાસંગી અર્ધાંગના પ્રકટપ્રજ્ઞા છે. ક્ષણભર પણ એક બીજાને એક બીજાનો વિયોગ થતો નથી. જ્યાં સુવિચાર અને પ્રકટપ્રજ્ઞા એકરસ છે, ત્યાં દ્વૈતનો ભાસ જ નથી. જ્યાં દ્વૈતનો આભાસ જ નથી, ત્યાં સ્વયં યોગીન્દ્ર મુનિ પધારી, પરમ અદ્વૈતાત્મદર્શનનો લાભ આપે છે, અને તેમાં સકળ સુખની પરમ અવધિ છે. જ્યાં સુરુચિ ને સુમતિ છે ત્યાં જ ઉત્તાનપાદ છે, અને જેનો પાદ ઉંચો છે તે જ ધ્રુવ અને ઉત્તમ પુત્ર (ફળ) પ્રાપ્ત કરી શકે છે! શ્રીમદ્ભાગવતમાં ધ્રુવાખ્યાનમાંથી જે રહસ્ય લેવાનું છે તે પણ આવું જ છે. તદુપરાંત હિમગિરિની પર્ણકુટીમાંથી વહેતો અભેદભાવનાનો અમર ઝરો પણ એ જ દર્શાવે છે કે, વ્યવહારકુશળ પુરુષના હૃદયમાં જ્યાં

સૂધી મલિનવાસનાનો અંશ હશે, ત્યાં સૂધી તે ગમે તેવો જિજ્ઞાસુ હોય છતાં તે પરમ સત્વની–પરબ્રહ્મની પ્રાપ્તિનો અધિકારી થઈ શકશે નહિ. એ અધિકારી પદ પ્રાપ્ત કરવાર્થે, ભેદરૂપ મલિનવાસનાનો ને બંધનો સર્વાંશે લય કરવો; કેમકે તેનો લેશ પણ કલેશસાગરમાં એટલો ઉંડો તાણી જાય છે કે, જેમ મહાસાગરના મગરમચ્છનાં મુખમાં સપડાયલું એક આંગળું આખા શરીરનો નાશ કરી નાંખે છે; તેમ વ્યવહારની મલિનવાસના જીવનમાં કરેલાં અનેક સુકૃત્યો છતાં પણ પાછો પાડે છે. જ્યાં સૂધી મલિનવાસનાને ક્ષીણ કરવા માટે શ્રમ લેવાતો નથી, તેની ક્ષીણતા માટે ઘોર યુદ્ધ કરવામાં આવતું નથી, ત્યાં સૂધી તે પોતાના પંજામાંથી મુક્તિ આપી શકતી નથી. એ મલિનવાસનાનો પરાજય કરવા માટે, પ્રણવબ્રહ્મના તાનમાં ગુલતાન થવાનો પ્રયત્ન થવો જોઇએ; અને દ્વૈતની ધૂળને વાળીઝાડી હૃદયમંદિરને સ્વચ્છ કરી, અદ્વૈતના ઇશ્કમાં મસ્ત થવું જોઇએ. એ મસ્ત તેજ **अहं ब्रह्मास्मि** તેજ જીવન્મુક્ત અને વિદેહમુક્ત પણ તેજ.

ચન્દ્રકાન્તમાંથી નીકળેલા પ્રવાહમાં સ્નાન કરીને અનેક જિજ્ઞાસુઓ આધિવ્યાધિરહિત બન્યા હશે. તેવાઓને આ ચતુર્થ પ્રવાહ વિશેષ આનંદ આપશે અને તેના તટપર બેસી નિર્મળ જ્ઞાનામૃતનું પાન કરવાનું ધારશે તો તે પરમ કલ્યાણકારી થઈ પડશે, એવો મારો નિશ્ચય છે. પ્રથમના ત્રણ પ્રવાહમાં કેટલા કેટલા જિજ્ઞાસુઓએ કેટલી કેટલી શંકાઓ કહાડી છેઃ તેનાં સમાધાન પૂછેલાં છે. પરંતુ હું કંઈ ગુરુ નથી, આચાર્ય નથી, તેમ કોઇને બોધ કરવાનો દાવો પણ કરતો નથી, પણ વ્યવહાર વ્યવસાયી છું, એટલે જિજ્ઞાસુઓની જિજ્ઞાસાનું સમાધાન કરવા જેટલો સમય ધરાવતો નથી. તેવા જિજ્ઞાસુઓ પ્રતિ મારી એટલીજ પ્રાર્થના છે કે, કોઈ સદ્દગુરુ પાસેથી પોતાની જિજ્ઞાસાનું સમાધાન કરી લેવું. સંવાદ, વિવાદ કે વિતંડા કરવાની મારામાં શક્તિ નથી, અને તેમ કરવાની મારી ઇચ્છાએ નથી. સદ્દગુરુકૃપાથી મને જે કાંઈ જરાતરા પ્રાપ્ત થયું છે, તે માત્ર મેં કાગળપર લખી દર્શાવ્યું છે. એમાં જે સમજણ પડે તે વાંચી જવું અને તેનું રહસ્ય ગ્રહણ કરવું; જે ન સમજણ પડે તે, સદ્દગુરુઓના ચરણમાં પ્રણામ કરી, વિવેકી બની પૂછીને સંશયનું છેદન કરવું, એ શંકાશીલને માટે સુલભ માર્ગ છે. પોતાના મનનું સમાધાન કરવાની જેને ઇચ્છા છે તેને તે સહજ પ્રાપ્ત થઇ

શકશે, પણ જેને પ્રતારણા કરવી છે તેનો તો છેડો જ નથી; અને આજ-કાલ પ્રતારકોની ખોટ કે ટોટોએ નથી.

* * * * *

અદ્વૈતદર્શનની પ્રથમ ઝાંખી જ્યારે હું ભરુચ રહેતો હતો ત્યારથી જ મને થઈ છે. વિ. સં. ૧૯૨૬ ના માર્ગશીર્ષ માસમાં હું મારા કેટલાક નિશાળના ગોઠીઆઓ સાથે રવિવારે રવિવારે ભરુચથી ત્રણ માઇલ દૂર આવેલા ઝાડેશ્વરના શંકરનાં દર્શને જતો હતો. ત્યાં સીતારામ નામના એક સાધુ ૧૫-૨૦ મનુષ્યો સમક્ષ 'જીવન્મુક્તિ વિવેક' ની કથા કરતા હતા. કથા કરવાની તેમની રીતિ ઉત્તમ હતીઃ જિજ્ઞાસુની શંકાઓનું સમાધાન સત્વર થતું હતું. આશરે આઠ રવિવાર તેમની કથા મેં સાંભળી હશે અને ત્યારથી વેદાંતશાસ્ત્રપર મને કંઇક રુચિ થઈ છે. ૧૯૨૮-૨૯ માં સુરતના લાલ દરવાજા બહાર પધારેલા બ્રહ્મનિષ્ઠ સ્વામી અચ્યુતાનંદજી પાસે શ્રીમદ્‌ભગવદ્ગીતાની કથા ૧૭ માસ સૂધી મેં શ્રવણ કીધી હતી. ઉક્ત સ્વામી અતિ પરમ નૈષ્ઠિક બ્રહ્મચારી, નિરપેક્ષ અને રાગદ્વેષરહિત હતા. તેમને કોઈ પ્રકારના ધન, માન કે કામની કામના ન હતી. અકસ્માત્ હું તેમની પાસે જઈ ચહડ્યો હતો. જેમ આજના ઘણાકોની બુદ્ધિનો વિલાસ છે કે, સાધુ માત્ર ઢોંગી ધુતારા ને દંભી છે, તેવો જ મારો પણ વિચાર હતો. પણ તે મારા અજ્ઞાનનું પરિણામ હતું. સાધુ માત્ર સાધુ નથી, તેમ સાધુ માત્ર અસાધુએ નથી. હું ગયો તે દિવસે શ્રીગીતાનો પ્રથમ અધ્યાય પૂરો થઈ દ્વિતીય અધ્યાયના ત્રીજા શ્લોકનું પ્રવચન ચાલતું હતું. સ્વામીની કથા કહેવાની કુશળતાથી મને સહજ મોહ ઉત્પન્ન થયો. બે ત્રણ સ્ત્રીઓ ને દશ બારેક પુરુષો, જેઓ-માંના બે વિના બીજા કુણબી જાતિના હતા, તેઓ જ એ કથાશ્રવણમાં બેસતા હતા. સ્વામીના મુખમાંથી નીકળતાં વચનામૃતોપર મારી રુચિ થવાથી નિત્ય ત્યાં જવા માંડ્યું. દિવસે દિવસે તેમના પ્રવચનમાંથી અનેક પ્રકારે હૃદયને નવું જીવન-ચેતન દેનારાં અમૃતનો સ્વાદ લેતાં, કાંઈ નૂતન પ્રકારની મને ઝણઝણી છૂટવા માંડી અને રવિવારનો ઘણો વખત સ્વામિસેવામાં મેં ક્હાડવા માંડ્યો. તે સમયે મને કોઈ પ્રકારના અભે-દનાં સ્વરૂપનું કે સિદ્ધાંતોનું જ્ઞાન જ નહોતું, એમ કહું તો ચાલે. અમ-દાવાદમાં છપાયલું એક નાનું પંચીકરણ માત્ર વાંચેલું. આજે તો ક્હેતાં શરમ લાગે ખરી, પણ બાલિશભાવ દર્શાવનારા હું વારંવાર પ્રશ્ન પૂછતો.

પરંતુ સ્વામી, ગમે તે કારણ હો, પણ કદીએ ગુસ્સે થયા વગર મારી શંકાનું સમાધાન કરવામાં આનંદ જ લેતા હતા. એ શંકાસમાધાનનું ઘેર જઈ મારી બુદ્ધિ અનુસાર ટાંચણ કરી લેતો. સ્વામીશ્રી લગભગ ૧૮ માસ સૂધી સુરતમાં રહ્યા હતા અને પાછળથી લગભગ ૨૦૦ મનુષ્યો તેમની કથાનું શ્રવણ કરવા આવતા. ભક્તોના–જિજ્ઞાસુઓના અને સચ્છિષ્યોના પ્રેમે તેમના અંગમાં આઘાત કીધેલો હોય, એમ મારું અનુમાન છે. ૧૯૩૦ ના માહ વદ સપ્તમીને દિવસે સ્વામીએ શ્રીમદ્ ભગવદ્ગીતાની સમાપ્તિ કીધી હતી. સમાપ્તિ ટાંણે તેઓ આ વચન બોલ્યા હતા:–

"સંત પુરુષોએ સદા ઉપાધિથી દૂર નાસવું. લોકકલ્યાણાર્થે પ્રયાસ કરતાં જો તેને એમ ભાસે કે, લોકસંગ પણ ક્લેશકારી અને પતનનું કારણ છે, તો ક્ષણવાર વિચાર કર્યા વગર સંત પુરુષે પોતાના આત્માની શુદ્ધિ અર્થે તેનો ત્યાગ કરી નીકળી જવું. સંગ એ આત્માના વિનાશનું જ બીજ છે."

સ્વામીશ્રીના ઉક્ત શબ્દોનો મર્મ કોઈ પણ તે સમયે સમજ્યું નહોતું; પરંતુ બીજે દિવસે પ્રભાતના સ્વામીશ્રીના નિવાસસ્થાનમાં દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી હતા નહિ. અનેક ભક્તોએ આપેલાં ધોતીઆં, શાલો, બન્નુસ, કામળ, પૈસા, વાસણ ઇત્યાદિ પદાર્થો જેમના તેમ તે સ્થાને પડેલા હતા. સ્વામીશ્રી વિદાય થઈ ગયા હતા. તે પછી તેઓ સુરતમાં પાછા પધાર્યા નથી. પણ રામપરાના રહેનારા કેવળભાઈ પુરુષોત્તમદાસ નામના એક કુણબી વેપારી યાત્રા ગયા હતા તેઓને મોંઢે મેં સાંભળ્યું હતું કે, ઉપાધિથી નિર્વેદ પામી સ્વામી ચાલ્યા ગયા હતા અને તેઓનાં દર્શન શ્રી કાશીક્ષેત્રમાં ૧૯૪૦–૪૧ માં તેમને થયાં હતાં. એવા બ્રહ્મનિષ્ઠ પુરુષનું દર્શન મને પુનઃ થયું નથી. જો કે સ્વામીશ્રી અચ્યુતાનંદના વિદાય થયા પછી મને જે ચટકી લાગી હતી તદર્થે મેં ઘણા સાધુઓની સેવા કરી છે ને કથા પણ શ્રવણ કીધી છે, તથાપિ સ્વામીશ્રીના જેવા નિષ્કામ, આત્મારામ, નિઃશંક, નિર્ભ્રાંત, ક્લેશ ઉપાધિથી દૂર રહેનારા અને ઉત્તમ પ્રકારે બોધ આપનારા સાધનસંપન્ન મહાત્માનું મને પુનઃ દર્શન થયું નથી. એમને જ મેં મારા ગુરુ માન્યા છે, અને મારું તત્ત્વજ્ઞાન પ્રતિ જે વલણ થયું અને અધ્યાત્મના વિષયમાં મને જે ચટકી લાગી છે, તે તેમની જ કૃપા છે. તેમનાથી મને

જે પ્રાપ્ત થયું છે તે આજે તેમનાંજ પાદારવિંદમાં સપ્રેમ તથા સપ્રણામ સમર્પિત કરું છું.

*    *    *    *    *

અધ્યાત્મજ્ઞાન સંબંધે જે ચટકી લાગી હતી તે ત્યાંથીજ અટકી રહી નહિ. પણ જેમ જેમ મને સમય મળતો ગયો તેમ તેમ બીજા કેટલાક મહાત્માઓ પાસે જઈ વેદાંત જ્ઞાનના અન્ય ગ્રંથો-પંચદશી, યોગવાસિષ્ઠ અને આત્મપુરાણનું થોડું થોડું શ્રવણ કીધું છે. સુરતની લીંબુશેરીને નાકે આવેલા તપોવનમાં જ્યારે સ્વામીશ્રી મોહનલાલજી વિરાજતા હતા, ત્યારે હિંદીભાષાના યોગવાસિષ્ઠનું (ઇ. સ. ૧૮૭૩-૭૪), પુનઃ ઝાડેશ્વરવાસી સીતારામજી મુખે (૧૮૭૫ ના ચાતુર્માસમાં) આત્મપુરાણનું, ૧૮૭૯ માં એક માસ (પંઢરપુરમાં) રામદાસ સ્વામી મૂખે મધુસૂદની શ્રીમદ્ભગવદ્ગીતાનું, ૧૮૮૪-૮૪ માં મુંબઇવાસી બ્રહ્મનિષ્ઠ શ્રી જયકૃષ્ણ મહારાજ પાસે શ્રીમદ્ભગવદ્ગીતાના ૭ થી ૧૨ અધ્યાયનું, ૧૮૮૭-૮૮ માં મારે ઘેર પધારેલા શ્રી સુખદેવલાલ પાસે પંચદશીના ૬-૭-૮-૯-૧૦ પ્રકરણ અને તે સિવાય બીજા પણ અન્ય સાધુજનો પાસેથી વેદાંત જ્ઞાન પ્રાપ્ત કરવાનો મને જેટલો જેટલો ને જ્યાં જ્યાં પ્રસંગ મળ્યો છે, તેમાંની કથામાંથી જે પ્રાપ્ત થયું છે, એ સર્વની કૃપા પ્રસાદીજ આ ગ્રંથોમાં છે.

જેનાં જેનાં વ્યાખ્યાનોમાંથી જે જે ટાંચણો મેં સંગ્રહી રાખ્યાં હતાં તે બધા ઉપરથી મારી બુદ્ધિ અનુસાર ચન્દ્રકાન્ત ઉપજાવી કહાડી, તે પરમ પુરુષોની પ્રસાદીજ જિજ્ઞાસુ જીવ સમક્ષ મૂકી છે. વસ્તુ વિચાર તો તે મહાત્માનાજ છે, માત્ર સંકલનાજ મારી છે. એમાંથી જે સારો ભાગ જિજ્ઞાસુને લાગે તે તેમનો માની લેવો, અને જે દૂષિત લાગે તેનો ભાગી લોકમતે હુંજ છું, અને તે સ્વીકારવામાં મને આનંદજ છે. આ જે છે તે સઘળું તેનુંજ છે. હું તો એક નિમિત્ત માત્ર છું. આત્મદર્શનની હજી મને ઝાંખી થઈ નથી. તે પરમ રૂપને અનુભવવાનું તો બાજુએ રહ્યું, પરંતુ અદ્વૈતાત્મદર્શનના સિદ્ધાંતો સમજવામાં પણ હું સશક્ત થયો નથી. યદ્યપિ હું એક પામર જીવ છું, તદપિ અદ્વૈતાત્મદર્શનનું નવું રસાયણ ચન્દ્રકાન્તમાંથી પ્રાપ્ત થઈ શકે, એવું કોઈ પણ જિજ્ઞાસુને જણાશે, અભેદત્વ-અદ્વૈત પરોક્ષતાથી પણ

સમજાશે તથા અનુભવાશે; અને જીવનના વ્યાપારમાંથી પણ શાંતિનો માર્ગ પ્રાપ્ત થશે, તો સ્વાનંદસામ્રાજ્યના કરતાં પણ અધિક લાભ થયો હું માનીશ. છેવટે હું એટલુંજ કહું છું કે જેઓ એકાત્મભાવના વિવેકી છે, રિપુ, બંધુ કે દેહ સર્વમાં સમાનતા જોય છે તેવાઓ,

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

મુંબઈ,
ચૈત્રી પૂર્ણિમા, સં. ૧૯૬૩.

ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ.

# સૂચના

પરમ પુરુષની કૃપાથી ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિનો માર્ગદર્શક 'હિમગિરિની પર્ણકુટી' નામક ચન્દ્રકાન્તના ચોથા પ્રવાહની દ્વિતીયાવૃત્તિ, ઇષ્ટના જિજ્ઞાસુને નિવેદન કરતાં, પ્રથમાવૃત્તિના પોષકવર્ગ માટે સાનંદ સંતોષ પ્રદર્શિત કરવો આવશ્યક માનું છું. આ આવૃત્તિમાં યોગ્ય સુધારણા અને આવશ્યક વધારો કરવામાં આવ્યો છે. આશા છે કે, જિજ્ઞાસુઓને તે અતિ ઉપયોગી થઈ પડશે. એકેશ્વર જગદીશની ઉપાસનાના સત્યજ્ઞાન પ્રતિ લોકવૃત્તિ વળેલી જોઈ અત્યાનંદ થાય છે અને ચાલુ કરતાં ઉચ્ચતર સ્થિતિની અપેક્ષા, બુદ્ધિના વૈભવમાં વિચારતા જનોમાં ઉદ્ભવે છે, એ પણ એટલા જ આનંદની વાર્તા છે. જગદીશના સત્ય જ્ઞાનનો માર્ગ અનાદિ અને અનંત છે અને તે સ્થૂલને આધારે પ્રાપ્ત થાય, એવી આશા કરનારાઓ કુતર્કની જાલ જ વિસ્તારનારા ગણાશે. અદ્વૈતાત્મક દર્શનના સિદ્ધાંતો અગમ્ય કે વિરોધવાળા નથી, પણ શુદ્ધ ને સરળ છે. અગાધત્વ અનુભવાયા પછી અલૌકિક રસાયન પ્રાપ્ત થતાં સર્વ ઉપાધિ વિરમી જશે, સત્ય પ્રત્યક્ષ થશે અને નિરુપાધિક એકરસ વિશુદ્ધ સત્ સ્વરૂપમાં તદાકાર થવાની ઇચ્છા થશે. એ ઇચ્છા કરાવનાર ચન્દ્રકાન્ત મણિ થઈ પડશે તો મેં કંઈ કીધું છે, એવું માની પરમ સંતોષ માનીશ.

ચન્દ્રકાન્તનો ચોથો વિભાગ 'કૈવલ્યધામ' ક્યારે પ્રગટ થશે, એવું અનેક તરફથી પ્રશ્ન થયું છે. અનેક ઉપાધિને યોગે પ્રગટ થવામાં વિલંબ થાય છે, એ મને પોતાને પણ ખેદ કરાવે છે, છતાં ઈશકૃપા હશે તો સત્વર પ્રગટ થશે, એવી મારી આશા છે. જે જગદીશ પ્રાણીમાત્રની આશાને સદા જ નવપલ્લવિત રાખવામાં સમર્થ છે, તે મારી શુભાશા. પ્રાણી તો એ નટવરનું નચાવ્યું નાચનારું માત્ર પુતળું છે.

ભાદ્રપદ, વદિ એકાદશી,
સંવત ૧૯૬૪.

# વિષયાનુક્રમણિકા

## ચતુર્થ પ્રવાહ-હિમગિરિની પર્ણકુટી

## વિષયાનુક્રમણિકા

# તત્ત્વાનુસંધાન

विषयानुक्रमणिका

વિષયાનુક્રમણિકા

## વિષયાનુક્રમણિકા

# चन्द्रकान्त

## चतुर्थ प्रवाह—हिमगिरिनी पर्णकुटी

## महात्मा-दर्शन

# सुमङ्गलम्

उपहरणं विभवानां संहरणं सकलदुरितजालस्य ।
उद्धरणं संसाराच्चरणं वः श्रेयसेऽस्तु विश्वपतेः ॥ १ ॥

વૈભવોને આપનારું, સકલ પાપની જાળને સંહારનારું અને સંસાર-(સાગર)માંથી ઉદ્ધારનારું, વિશ્વપતિનું ચરણારવિંદ તમારું કલ્યાણ કરો. ૧

वृन्दारण्ये चरन्ती विभुरपि सततं भूर्भुवःस्वः सृजन्ती
नन्दोद्भूताप्यनादिः शिशुरपि निगमैर्लक्षिता वीक्षितापि ।
विद्युल्लेखावनद्धोन्नमदमलमहाम्भोदसच्छायकाया
माया पायादपायादविदितमहिमा कापि पीताम्बरा वः ॥ २ ॥

વ્યાપક તથા ત્રણ લોકને ઉત્પન્ન કરનાર છતાં વૃન્દાવનમાં ફરતી, નંદથી ઉત્પન્ન છતાં પણ અનાદિ સ્વરૂપવાળી, શિશુસ્વરૂપ છતાં નિગમોએ નિરૂપણ તથા અવલોકિત કરેલી, વિજળીની રેખાઓથી વ્યાપ્ત થયેલા ઉંચા નિર્મળ મેઘના જેવી સ્વચ્છ કાંતિવાળી, અને જેનો સંપૂર્ણ મહિમા જાણવામાં આવતો નથી એવી પીત અંબર (વસ્ત્ર)-પીતાંબર ધારણ કરવાવાળી માયા, વિનાશથી તમારું રક્ષણ કરો. ૨

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयतां
तेनेशस्य विधीयतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् ।
पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसंधीयता-
मात्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥ ३ ॥

વેદનું નિત્ય અધ્યયન કરો; વેદમાં કહેલાં કર્મ સારી રીતે કરો; વૈદિક કર્મથી ઈશ્વરનું યજન કરો; કામ્યકર્મમાં મતિ ન રાખો; પાપના પુંજનો નાશ કરો; સંસારસુખમાં દોષનું અનુસંધાન કરો; આત્મજ્ઞાન સંપાદન કરવાની ઇચ્છાનો વ્યવસાય કરો અને પોતાના ઘરમાંથી તુરત બહાર નિકળો (વનમાં વાસ કરો). ૩

संगः सत्सु विधीयतां भगवतो भक्तिर्दृढा धीयतां
शांत्यादिः परिचीयतां दृढतरं कर्माशु संत्यज्यताम् ।
सद्विद्वानुपसृप्यतां प्रतिदिनं तत्पादुके सेव्यतां
ब्रह्मैकाक्षरमर्थ्यतां श्रुतिशिरोवाक्यं समाकर्ण्यताम् ॥ ४ ॥

સત્પુરુષોનો સંગ કરો; ભગવાન્ વિષે દૃઢ ભક્તિ કરો; શમ, દમ, તિતિક્ષા વગેરેનો અત્યંત દૃઢ પરિચય કરો; કર્મનો ઝટ ત્યાગ કરો; સારા વિદ્વાનોની સમીપમાં જાવ; પ્રતિદિવસ તેની પાદુકાનું સેવન કરો; ૐકારરૂપ પરબ્રહ્મના સ્વરૂપનું શોધન કરો; ઉપનિષદ્‌ના વાક્યોનું શ્રવણ કરો. ૪

वाक्यार्थश्च विचार्यतां श्रुतिशिरःपक्षः समाश्रीयतां
दुस्तर्कात्सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम् ।
ब्रह्मैवास्मि विभाव्यतामहरहो गर्वः परित्यज्यतां
देहेऽहंमतिरुज्झ्यतां बुधजनैर्वादः परित्यज्यताम् ॥ ५ ॥

તત્ત્વમસિ વગેરે મહાવાક્યનો વિચાર કરો; ઉપનિષદ્‌ના પક્ષનો આશ્રય કરો; મિથ્યા તર્ક કરતાં વિરામ પામો; શ્રુતિ (વેદ) અનુકૂળ તર્કનું અનુસંધાન કરો; 'अहं ब्रह्मास्मि' એવી રીતની ભાવના કરો; પ્રતિદિવસ ગર્વનો ત્યાગ કરો; શરીર ઉપર અહંબુદ્ધિનો ત્યાગ કરો; વિદ્વાનોની સાથે મિથ્યા વાદનો પરિત્યાગ કરો. ૫

क्षुद्व्याधिश्च चिकित्स्यतां प्रतिदिनं भिक्षौषधं भुज्यतां
स्वाद्वन्नं न तु याच्यतां विधिवशात्प्राप्तेन संतुष्यताम् ।
शीतोष्णादि विषह्यतां न तु वृथावाक्यं समुच्चार्यता-
मौदासीन्यमभीप्स्यतां जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ॥ ६ ॥

પ્રતિદિવસ ભિક્ષાન્નરૂપી ઔષધનું ભોજન કરીને ક્ષુધારૂપી વ્યાધિની ચિકિત્સા કરો (ઉપચાર કરો); સ્વાદિષ્ઠ અન્નની યાચના નહિ કરો, પરન્તુ દૈવવશાત્ જે મળે તેટલાથી જ સંતુષ્ટ રહો; તાઢ, તડકા વગેરેને (દુઃખાદિકને) સહન કરો; વૃથા વાક્યનો ઉચ્ચાર મા કરો; સંસારના વિષયો ઉપર ઉદાસીનતાની ઇચ્છા રાખો; મનુષ્યોના ઉપર અનુગ્રહ કે નિગ્રહ (રાગ કે દ્વેષ) મા કરો. ૬

एकांते सुखमास्यतां परतरे चेतः समाधीयतां
पूर्णात्मा सुसमीक्ष्यतां जगदिदं तद्बाधितं दृश्यताम् ।
प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान्नाप्युत्तरैः श्लिष्यतां
प्रारब्धं त्विह भुज्यतामथ परब्रह्मात्मना स्थीयताम् ॥ ७ ॥

એકાંતમાં સુખેથી બેસો; માયા થકી પર એવા બ્રહ્મવિષે ચિત્તનું સમાધાન કરી પૂર્ણાત્માનું સારી રીતે અવલોકન કરો; આત્માવિના આ જગત્ વગેરે કંઈ નથી એવી દૃષ્ટિ કરો; આત્માના જ્ઞાન બળવડે પૂર્વનાં કર્મનું પ્રવિલાપન કરો; ઉત્તર કર્મની સાથે સંબંધ નહિ કરો; પ્રારબ્ધ કર્મનો ઉપભોગ કરો અને પરબ્રહ્મસ્વરૂપ વિષે સ્થિતિ કરીને રહો. ૭

किं मधुना किं विधुना किं सुधया किं च वसुधयाऽखिलया ।
यदि हृदयहारिचरितः पुरुषः पुनरेति नयनयोरयनम् ॥ ८ ॥

જેમનું ચરિત્ર હૃદયહારી છે, એવા પરમ પુરુષનું જો પુનઃ આ નેત્રને દર્શન થાય તો મધુ, વિધુ, સુધા અને સકલ વસુધાની શી આવશ્યકતા છે? સર્વ તુચ્છ છે. ૮

# च न्द्र का न्त

## ( तृतीय विभाग )

## चतुर्थ प्रवाह–हिमगिरिनी पर्णकुटी

## पीठिका–महात्मा–दर्शन

**श्रियो दोलालोला विषयजरसाः प्रान्तविरसाः**
**विपद्गेहं देहं महदपि धनं भूरिनिधनम् ।**
**बृहच्छोको लोकः सततमबला दुःखबहुला-**
**स्तथाप्यस्मिन्घोरे पथि बत रता हन्त कुधियः ॥**

લક્ષ્મી દોલાના જેવી ચંચળ છે, વિષયના રસો પરિણામે નીરસ છે, શરીર વિપત્તિનું ઘર છે, પુષ્કળ સંપત્તિ મોટું મરણ છે, લોકો મોટા શોકથી ભરપૂર છે અને અબળાઓ નિત્ય બહુ દુઃખ દેનારી છે, તોપણ અરેરે!! અજ્ઞાની પુરુષો આ સંસારના ઘોર માર્ગમાં રચ્યાપચ્યા જ રહે છે.

### બાળયોગી

પૂર્ણાનન્દ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસર્વેશ્વર પ્રભુની લીલા અપાર છે, વિચિત્ર છે, આશ્ચર્યમયી છે, આનન્દદાયિની છે, આ ચમત્કૃતિ અધિકારી જનોને, ઠામેઠામ ને ક્ષણેક્ષણે દૃષ્ટિગોચર થાય છે.

પ્રાતઃકાળ! અલૌકિક પ્રભાત! આનંદી પ્રભાત! સૂર્યનારાયણ દેવ પ્રકાશ્યા છે; કમળો પ્રફુલ્લિત થયાં છે; મનુષ્યો સ્નાન કરવામાં, નિત્ય

નૈમિત્તિક કર્મ કરવામાં અને જપ તપ કરવામાં તત્પર થઈ ગયાં છે; મધુરો પવન વાહી રહ્યો છે; દેવળોમાં ઘંટાનાદ ઘનનન ઘનનન કરી રહ્યો છે. એ સમયે, અવિમુક્ત વારાણુસી ક્ષેત્રમાં 'જય શંભો,' 'હર હર શંભો' નો મંગલધ્વનિ ગર્જી રહ્યો છે; હરિપાદોદકી ભાગીરથીને કિનારે, ઈશ્વરીલીલા પૂર્ણપણે પ્રકાશિત થઈ રહી છે; નિર્મળ પ્રભાત સમયે પૂર્વ દિશામાંથી બાળસૂર્યનાં કુમળાં કિરણો, તરણુતારિણી, અઘમોદ્ધારિણી, પાપહારિણી ભાગીરથીના દક્ષિણોત્તર લાંબા વિસ્તારવાળા તટને સુપ્રકાશિત કરી રહ્યાં છે; અનેક રાજા મહારાજાઓ, ગૃહસ્થો અને પ્રતાપી પુરુષોએ અપાર દ્રવ્ય ખર્ચીને બંધાવેલા ગંગાના સુદૃઢ ને સુહામણા ઘાટો, વિચિત્ર વસ્ત્રાલંકાર સજેલાં સ્ત્રી પુરુષોથી ભરપૂર થઈ ગયા છે; સ્થળે સ્થળ, વિદ્વાન્ વિપ્રોથી ભણાતા સ્નાનના સંકલ્પો ને પ્રયોગોથી ગાજી રહ્યું છે; ભાવિકજનો વિધિપૂર્વક સ્નાનદાનાદિક કરી રહ્યાં છે; શ્રદ્ધાળુ ને ધર્મિષ્ઠ મનુષ્યો સ્નાનાદિકથી પવિત્ર થઈને જળસાન્નિધ્ય બેસી, એકાગ્ર મને પોતાનાં નિત્ય નૈમિત્તિક જપ, તપ, ઈશ્વરસ્તવનાદિક કર્મો કરે છે; અને સ્નાન માટે જળમાં ઉતરેલાં, તેમ જ ઘાટપરનાં મનુષ્યોમાં વારંવાર 'જય ગંગે! હર હર ગંગે! પાપહારિણી! ભવતારણી! અઘમોદ્ધારિણી! જય જાહ્નવી!' ઇત્યાદિ ગર્જનાઓ સહર્ષ થયા કરે છે. કોઈ કોઈ સ્થળે વિપ્રવૃંદો તટ નિકટ બેસી, પદ, ક્રમ, જટા, ઘન, ઇત્યાદિ વેદ વિકૃતિઓનો, મધુર અને કર્ણપાવન ઘોષ કરી રહ્યા છે. ઘણા પહોળા પટમાં ગંભીરપણે વહન કરતી શ્રીમતી ગંગાનાં નિર્મળ અને પાવન જળપર અનેક નાની મોટી સુશોભિત નૌકાઓ આમથી તેમ આવજાવ કરી રહી છે; તેમાં બેઠેલાં મનુષ્યો ગંગાના પ્રત્યેક ઘાટની અલૌકિક લીલાને આનંદ સાથે નિહાળે છે; પ્રત્યેક સુશોભિત ઘાટ ઉપરના કિનારાપર આવી રહેલા ને બહુ ઉંચી જાતિના પાષાણોથી મોટા શિલ્પશાસ્ત્રનિપુણ પુરુષોના હાથથી બંધાયલા અતિ ભવ્ય સુદૃઢ ગગનચુંબિત સુંદર પ્રાસાદો–મહાલયો–શોભી રહ્યા છે; સૂર્યબિંબની પેઠે પ્રકાશી રહેલાં અસંખ્ય સુવર્ણ શિખરોવાળાં શિવાલયો તથા બીજાં દેવમંદિરો ઘણે દૂર સૂધી સંભળાતા 'જય જય શંભો! હર હર શંભો! જય પાર્વતીપતે!' ઇત્યાદિ પરમ પવિત્ર શબ્દોથી, શંખધ્વનિઓથી, ઘણુંં ઘણુંં થતા ઘંટાના નાદોથી તથા દુંદુભિઓની ગર્જનાઓથી ગાજી ઉઠ્યાં છે; અતિ મનોહર અને સુકોમળ એવી

ભૈરવી રાગણીનો સુસ્વર છવાઈ રહ્યો છે; અને તેની પાછળ પાછળ મધુરાલાપ કરી રહેલી નોબતો વાગી રહી છે.

આજનો દિવસ પવિત્ર પર્વણીનો છે. આ કારણથી નિત્ય કરતાં સર્વત્ર વિશેષ આનંદ છવાઈ રહ્યો છે. પ્રતિ દિવસ ગંગાપર સ્નાનાદિક માટે નહિ આવી શકતાં એવાં વ્યવસાયી કિંવા અશક્ત ક્ષેત્રવાસી મનુષ્યો પણ, આજે ચાહીને સ્નાન તથા દર્શનાર્થે ચાલ્યાં આવે છે. વિદેશી યાત્રાળુજનો પણ ઘણાંક દૃષ્ટે પડે છે. સૌ કરતાં મણિકર્ણિકાના ઘાટપર મનુષ્યોની ભીડ વધારે મચી રહી છે. એવે પ્રસંગે ત્યાં એક ચમત્કાર જોવામાં આવ્યો.

ઘાટના ઉપલા માર્ગમાં ચાલતાં લોકો એકાએક પરસ્પરમાં "ચલો, ચલો, હટો, હટો," એમ બોલતાં ખસીને કોરે થવા માંડ્યાં. સૌ આશ્ચર્યથી જોવા માંડ્યાં કે, એ વળી શું છે? એટલામાં શ્રીવિશ્વેશ્વરના મંદિર ભણીથી આવતી એક સુંદર તેજસ્વી કિશોરમૂર્તિ દૃષ્ટિએ પડી. એનું અદ્ભુત સ્વરૂપ અને અપ્રતિમ તેજ જોતાં જ સર્વને આનંદાશ્ચર્ય સાથે પૂજ્યભાવ ઉત્પન્ન થયો. જેણે એકવાર એના ભણી જોયું, તેને તો ત્યાંથી બીજી દિશા ભણી જોવાનું મન જ થયું નહિ! એનું રૂપ, વિદ્યુત્ સરખી ચમકતી ચાલ, બહુ નાનું વય છતાં એણે ધારણ કરેલો તીવ્ર ત્યાગ, એનું તપસ્તેજ અને અતિ મનોહર વેશ, એ બધું જોઈ, સ્વાભાવિક જ આશ્ચર્ય પામેલાં લોકો પરસ્પર અનેક વાતો કરવા લાગ્યાં:– 'અહો! આ બાળયોગી ક્યાંથી આવ્યો હશે? શું એનું સૌંદર્ય! અંગો-અંગનું આટલું બધું સૌંદર્ય છતાં એનાથી આ કઠિન યોગ કેમ વેઠાતો હશે? આટલી લઘુ વયમાં એને આવો પરમ વૈરાગ્ય કેમ પ્રાપ્ત થયો હશે? એનાં માતપિતા, કે જેમને આવો રત્નરૂપ પુત્ર હશે, તેમનાથી એનો વિયોગ કેમ વેઠાતો હશે? શું એ પોતાના માતપિતાને તીવ્ર વિરાગથી ટળવળતાં મૂકીને વેરાગી થયો હશે, કે જન્મથી જ એ યોગીરૂપે ઉત્પન્ન થયો હશે? અથવા તો પરમ યોગીશ્વર શંકર પોતે જ આ પુણ્ય પર્વણીને દિવસે આ બાળયોગીને રૂપે ભાવિક જનોનું કલ્યાણ કરવાને અને શ્રીમતી ભાગીરથીના તટપર વિહાર કરવાને પધાર્યા હશે? એનું સર્વાંગ, ભસ્મથી ચર્ચેલું છતાં, એની સુવર્ણ સરખી કાંતિ તે માંહેથી કેવી પ્રકાશી નિકળે છે! એના ચંદ્ર સરખાં સુપ્રકાશિત, પરન્તુ બાલ્યવયની તપશ્ચર્યાને લીધે સહજ કરમાયલા કમળ સરખાં કોમળ મુખની છબી અતિ અદ્ભુત છે; એની વાંકી ભ્રૂકુટીવાળાં તથા

કમળની પાંખડી સરખાં નેત્ર, નમણી નાસિકા, મરક મરક થતા પરવાળાં સરખા લાલ હોઠ, તીવ્ર તપશ્ચર્યાને લીધે કિંચિત્ કરમાયલા ગાલોપરની ગુલાબી ઝાંઈ, તેપર ઝુકી રહેલી મૂળમાં શ્યામ, પરંતુ છેડાના ભાગમાં કિંચિત્ ભૂરી જણાતી મસ્તકની વિશાળ જટા–એ સર્વ વસ્તુ ગમે તેવાં મનુષ્યને પણ મોહ પમાડે તેવી છે. એનાં અતિ કોમળ હાથપગનાં તળિયાં તો જાણે ગુલાબનાં ફૂલ સરખાં જ લાલ છે, છતાં નિઃશંકપણે તે આ પાષાણમય ભૂમિમાં અડવાણે પગે વિચરી રહ્યા છે! આવી સકોમળતા છતાં તેણે શરીરપર કામળીની જાડી કંથા ઓઢી છે! રે એ એનાથી કેમ ખમાતી હશે! હાથમાંનું આ કમંડળ અને બગલમાંની મૃગછાલાને પણ તે કેવી રીતે ઉંચકી શકે છે? કમળનાં નાળ જેવા ગૌર કંઠમાં સોહાવેલી પેલી મોટા મણકાની અક્ષમાળા પણ આને રાયરૂપ જ થઈ પડેલી જણાય છે!'

આવી રીતે પરસ્પર અનેક વાતો કરી રહેલાં લોકોની ભારી ભીડમાંથી થઇને તે અદ્ભુત મૂર્ત્તિ મણિકર્ણિકાના એક અતિ સુંદર ઓવારાપર જઈ ઉભી રહી. ઉંચી જાતના આરસપહાણથી રચેલો તે ઓવારો–જેની બંને બાજુએ સુંદર બેઠકો આવેલી છે, ત્યાં પોતાની મૃગછાલા બિછાવી, તેની પાસે કમંડલુ મૂકીને તે બાળયોગી, 'જય ગંગા મૈયા' એમ બોલતો, બે હાથ જોડી કટ કટ ઓવારાનાં પગથિયાં ઉતરી, છેક પ્રવાહની પાસે જઇને ઉભો રહ્યો અને ઘણાં મંજુલ અને પવિત્ર પદ્ય (શ્લોક)વડે, શ્રીભાગીરથી ગંગાની પ્રાર્થના કરીને તેનાં પવિત્ર જળને વંદન કર્યું. પછી તેના પુણ્યરૂપ જળનું આચમન કર્યું; તે પછી પાછા પ્રેમ સહિત પ્રણામ કરીને, ત્યાંથી પાછો ફર્યો અને પોતાની અદ્ભુત કાંતિથી મનુષ્ય માત્રનાં ચિત્તને આકર્ષણ કરતો તે યોગી, પોતાના બિછાવેલા આસનપર આવીને બેઠો. તે વેળાએ એ કંઈ સ્મરણ કરતો હોય, તેમ તેના ઓષ્ઠ હાલી રહ્યા હતા; છતાં સૌને મોહ પમાડનારી દૃષ્ટિવડે તે ચોમેર મનુષ્યોની ભીડમાં આંખ ફેરવી ફેરવીને જોયા કરતો હતો. એનું જોવું સાહજિક નહોતું, પણ સાભિપ્રાય અને સકારણ હતું; પરંતુ મર્ત્ય લોકનાં માનવીઓ વર્તી શકે નહિ, તે માટે તેણે સંભાળ રાખી હતી.

તે યોગીને એક ઠેકાણે બેઠેલો જોઇને, લોકોનાં ટોળેટોળાં તેની આગળ એકઠાં થવા માંડ્યાં. જોત જોતામાં ત્યાં એટલી બધી ભીડ થઈ ગઈ

કે, ગંગામાં સ્નાન કરવા ઉતરનારને કે સ્નાન કરીને પાછાં ફરનારને માર્ગ મળવો પણ મુશ્કેલ થઈ પડ્યો. એ અદ્દભુત મૂર્તિ આગળથી કોઈને ખસવું જ ગમતું નહોતું. કદાચ કેટલાકો અગત્યનાં કામને લીધે કે ભીડથી બહુ ચગદાવાને લીધે, પરાણે ખશી નિકળતા હતા, તો તેથી બમણા ત્યાં એકઠા થતા હતા. મધ્યાહ્ન કાળ થવા આવ્યો; માથે તડકો થયો; ઘાટપરનાં ટકોરખાનાંઓમાંથી દુંદુભિઓના ઠડિંગ્ધિંગ્ ઠડિંગ્ધિંગ્ શબ્દો થવા લાગ્યા; બહુધા મોડું થયું જોઈ લોકોની ભીડ પણ ધીમે ધીમે ઓછી થવા માંડી; સ્ત્રીઓ અને પુરુષો તે બાળયોગીને વંદન કરી કરીને ત્યાંથી જવા માંડ્યાં.

પુરુષો કરતાં સ્ત્રીઓનાં અંતઃકરણ ઘણીક વાતમાં બહુ કોમળ તથા શ્રદ્ધાળુ હોય છે, તેથી એક સ્ત્રીએ, હાથ જોડીને તે બાળયોગીને વિનતિ કરી કે; “મહારાજ! ભિક્ષાનો સમય થઈ ગયો છે, તો કૃપા કરી પ્રસાદ લેવાને પધારી અમારાં ઘરને પાવન કરો તો અમારું મોટું ભાગ્ય!” પણ તે યોગીએ પોતાનો નૂતન યોગ હોવાને લીધે કોઈને પણ ઘેર નહિ જવાનો અને વસ્તીની બહાર જ પડાવ રાખવાનો પોતાનો કઠિન નિયમ જણાવ્યો. તેનાં અમૃતતુલ્ય વચન સાંભળીને એ સ્ત્રીએ કોઈ જાતની આભડછીંટ ન અડે, તેવી નિર્લેપ સામગ્રી શુદ્ધપણે ત્યાં જ લઈ આવવાનું પૂછ્યું, જે તે યોગીએ માન્ય કર્યું. તુરત જ તે સ્ત્રી પોતાની એક સખીની સાથે ઉતાવળી ઉતાવળી પોતાનાં ઘર તરફ ચાલી. માર્ગમાં તેણીએ પોતાની સખીને કહ્યું; “બ્હેન! આ બાળ બ્રહ્મચારીના સંબંધમાં તું શું ધારે છે? શું તેનું અદ્દભુત રૂપ! શો તેનો ત્યાગ! કેવી તેની અવસ્થા! તેનું વય તદ્દન નાનું છે. હજુ તેના કુમળા મુખપર કિંચિત્ દોરો પણ ફૂટચો નથી; પણ એટલામાં તો શું તેનું તપસ્તેજ! ભાગ્ય જ પરમ છે!” એ સાંભળી તેની સખી બોલી; “બ્હેન! આપણે તે બાળ તપસ્વીને તમારા ભર્તારના આગમન વિષે પ્રશ્ન કરીશું? શું તે વયે નાનો છતાં, નૂતન યોગી છતાં, આગમ નિગમ જાણતો હશે? ભૂત ભવિષ્ય જાણવાની તેનામાં શક્તિ આવી હશે?” પેલી સ્ત્રીએ કહ્યું; “યોગીઓની અવસ્થા ઉપર વિચાર કરવાનો નથી. મેં ઘણીકવાર સાંભળ્યું છે કે, ઘણાક યોગીઓ બહુ લાંબું આયુષ્ય ભોગવતાં, પોતાનું શરીર બહુ જીર્ણ થઈ જવાથી, તે વૃદ્ધ શરીર તજી દઇને ઇચ્છામાં આવે તેવું નવીન બાલશરીર ધારણ

કરી શકે છે–યોગબળવડે પોતાના જૂના દેહમાંથી નિકળીને બીજા કોઈના મૃત્યુવશ થયેલા સુંદર અને બાળવયના દેહમાં પોતાના આત્માને પ્રવેશ કરાવે છે; અને પછી આનંદે જગતમાં વિચરે છે. આ ક્રિયાને પરકાયપ્રવેશ કહેવામાં આવે છે. માટે બ્હેન! યોગીઓના અદ્ભુત યોગબળ આગળ તેમની અવસ્થાને કે વયને વિચાર કરવા જેવું નથી. ભલે તારી ઇચ્છા હશે તો આપણે એકાંત મળતાં તેને પ્રાર્થના કરીશું.”

આ પ્રમાણે વાતચિત કરતી બંને સ્ત્રીઓ ઘેર જઈ પહોંચી અને પોતાનાં માતા પિતાની આજ્ઞા લઈ દૂર લઈ જતાં અભડાય નહિ તેવો ફલાહાર લઇને બહુ ઉતાવળથી ગંગા તટે પાછી આવી. આ વેળાએ સઘળી ભીડ મટી ગઈ હતી; કોઈ પણ મનુષ્ય તે બાળયોગીની પાસે નહોતું. એકલો પડેલો તે તપસ્વી, એકાગ્રચિત્તે પોતાના ઇષ્ટ–આરાધ્ય વિષયનું મનન કરી રહ્યો હતો. પેલી સ્ત્રીઓએ, નમનપૂર્વક આણેલી સામગ્રી બાળયોગીને અર્પણ કરી. વસ્ત્રથી બાંધેલી તે સામગ્રીને છોડી, ગંગાજળવડે પ્રોક્ષણ કરીને તે બાળયોગી આસપાસ જોવા લાગ્યો. તેના આસનની જોડમાં જ એક સ્વચ્છ ને વિશાળ ગંભાર દેખાયો. વૃષ્ટિ થતી હોય, ઘણો તાપ પડતો હોય, કે ઉગ્ર વાયુ વહાતો હોય, તે વેળા ગંગાતટપર બેસી, જપ તપ કરતા લોકોને નિશ્ચિતપણે બેસીને પોતાનું ધર્મકૃત્ય સાધવાને સારુ, ગંગાના પ્રત્યેક ઘાટની ઉપર ઘણું કરીને એવા અનેક ગંભારો બાંધેલા છે. જપ, તપ, ધ્યાન, સ્મરણ, ભોજન, ઇત્યાદિ કાર્યો એકાંતમાં કરવામાં આવે તો જ નિરુપદ્રવપણે થાય. આ પ્રમાણે તે તપસ્વીએ પણ પેલા ગંભારમાં જઇને, ભોજન કરવાનો નિશ્ચય કર્યો; અને પેલી સ્ત્રીઓએ આપેલું ફલાહારનું પોટલું લઇને ત્યાં આગળ જઇ બેઠો. પણ પ્રભુનું સ્મરણ કરી જેવો ગ્રાસ ભરવા જાય છે, તેવું જ જાણે તેના મનમાં કોઈ મોટું દુઃખ આવી ઉભું હોય, તેવી રીતે તેની મુખમુદ્રા બહુ ઉદાસ થઈ ગઈ. તેનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. પરંતુ મોટા પરિશ્રમથી પોતાની ઉર્મિને દબાવી દઈ, ભક્ષ્ય પદાર્થોને વારંવાર નમન કરીને તેણે જે ભાવ્યું તે પ્રાશન કરી લીધું અને ગંગામાં હસ્ત મુખ પ્રક્ષાલન કરી, જળ પીને પાછો તે આસનપર આવી બેઠો. પછી તે સ્ત્રીઓમાંની એકે હાથ જોડીને પૂછ્યું; “યોગીરાજ! ભોજન કરવા બેસતાં આપ એટલા બધા ઉદાસ અને શોકાતુર કેમ થઈ ગયા? શું

સામગ્રી લાવવામાં અમારી કંઈ ભૂલ થઈ છે? કિવા આપને ન રુચે કે દુ:ખરૂપ થઈ પડે એવો કોઈ અભોજ્ય પદાર્થ એમાં આપને દેખાયો? જે હોય તે, અપરાધ ક્ષમા કરી, આપ અમને જણાવો. અમે અજ્ઞાત અબળાઓ-સંસારી માયાનાં જીવ છીએ, વાત વાતમાં અમારે હાથે અનેક અપરાધો થવાનો સંભવ છે; તેથી કૃપા કરીને જે કારણ હોય તે કહો." તે સ્રીનાં આવાં નમ્ર વચન સાંભળી, યોગીરાજ બોલ્યો; "સાધ્વીઓ! ચિંતા મા કરો; તમારો કંઈ અપરાધ નથી. ઉદાસીનતા થઈ આવવાનું કારણ સહજ હતું. એવી ઉદાસીનતા મને વારંવાર થઈ આવે છે." એમ કહેતાંની સાથે જ તેણે એક ઊંડા નિ:શ્વાસ મૂક્યો. આ વેળાએ તે સ્રીઓને તેનું કારણ પૂછવા પુનઃ ઉત્કંઠા થઈ; પરંતુ એવા નિઃસ્પૃહ તપસ્વીઓ સાથે વધારે પડપૂછ કરવામાં માલ નથી, એમ સમજીને તેઓ મૌન ધરી રહી. પણ જે કારણ માટે તેઓ ખાસ આવી હતી, તે પ્રશ્ન તો ગમે તેમ કરીને પણ પૂછવો જ જોઇએ એમ ધારી, ધૈર્યપૂર્વક તેમાંની એક સ્રીએ હાથ જોડીને પ્રશ્ન કર્યો.

એક સ્રી બોલી; "યોગીદેવ! જો આપની આજ્ઞા હોય તો અમારે એક વિનતિ કરવાની છે." યોગી બોલ્યા; "ભલે, સુખેથી કરો." એક સ્રીએ કહ્યું; "મહારાજ! અમે બન્ને સખીઓ બ્રાહ્મણકન્યા છીએ. આ વારાણસીપુરીમાં અમારું કુળ ઊંચું અને પવિત્ર ગણાય છે. અમારાં માતપિતાના અને સસરાના કુળોમાં, આપ સરખા મહાત્માઓના આશીર્વાદથી અને સંપૂર્ણ ભગવત્કૃપાથી, હમણાં સુધી સૌ વાતે પરમ સુખ હતું; સૌ આનંદે દિવસ નિર્ગમન કરતાં હતાં. પરંતુ તેટલામાં મારાં કઠિન પ્રારબ્ધને યોગે, એક મોટું સંકટ આવી પડ્યું. મારા સસરાજીને રૂપગુણયૌવનસંપન્ન એક જ પુત્ર હતો; તેને પોતાનું સર્વ કાર્ય સોંપી દઇને તે વૃદ્ધાવસ્થાને લીધે નિશ્ચિન્તપણે પરમાર્થ સાધનમાં તત્પર થયા. મારાં માતપિતાને પણ સંતતિમાં માત્ર હું એક કન્યા જ છું. મને યોગ્ય પતિ મળેલો જોઈ, પોતાને કૃતકૃત્ય માનતાં મારાં માતપિતાને પોતાના સર્વસ્વમાં આ પુત્રી અને જમાઈ જ છે, એમ સમજીને તેઓ દિવસ નિર્ગમન કરતાં હતાં. હું પણ મારા ભાગ્યવાન્ સ્વામીની સેવામાં અંગીકૃત થયેલી હોવાથી મને પરમ ભાગ્યવતી જ માનતાં હતાં. પરન્તુ પૂર્વજન્મનો મારાં ભાગ્યનો કોઈ કપરો લેખ જોવામાં આવવાથી, મારા તરફથી કોઈ જાતનો અપરાધ ન છતાં, તેમ મારાં

સાસુ સસરા તરફથી પણ કારણ બનેલું ન હોવા છતાં, કોણ જાણે શાએ કારણથી, મારા સ્વામીનાથ એકાએક, એક રાત્રે, મને શય્યામાં સૂતેલી જ મૂકીને, ગૃહ, કુટુંબ તથા આ પવિત્ર કાશીપુરીનો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે. એ વાતને આજે લગભગ છ માસ થવા આવ્યા છે. ઘણીક રીતે ઠામેઠામ ને ગામેગામ શોધ કરવા છતાં પણ તેમનો પત્તો મળતો નથી. મારાં સાસુ સસરા તો મહાખેદ પામીને કેટલાક દિવસ અન્નનો પણ ત્યાગ કરીને બેઠાં હતાં; અને મારાં માતપિતાની પણ એ જ દશા હતી. હજુ પણ તેઓ એ વાતના સ્મરણથી સદાય શોકાતુર જ રહે છે. મારાં તન મનની કેવી સંકટમય સ્થિતિ છે, તેનું તો હું આપની આગળ વર્ણન પણ કરી શકું તેમ નથી. હે યોગીરાજ! હે બાળતપસ્વિ! આપે તો બાલ્યાવસ્થામાં જ સંસાર ત્યજી દીધો છે, એટલે મારા જેવી પતિવિયોગિણી તરુણ અબળાના વિરહદુઃખનો આપને અનુભવ ન હોય, તથાપિ આપના તપોબળ તથા યોગબળના પ્રતાપે, અમારા જેવા સંસારી જીવોનું સંકટ દૂર કરી નાંખવું, એ કંઈ આપને મોટી વાત નથી. મહારાજ! હે દયાળુ! હું પતિવિયોગાન-લથી તપ્ત થયેલીનો કોઈ રીતે ઉદ્ધાર થાય એવી કૃપા કરો. આપ સરખા સંતોનો અવતાર તો અમારા સરખાં દુઃખીઓનાં દુઃખ દૂર કરવા માટે જ હોય છે."

તે સ્ત્રી આ પ્રમાણે યોગીરાજને વિનતિ કરતી હતી, પણ તેની આ પ્રાર્થના સાંભળવાપર, બાળયોગીનું લક્ષ જ ન હોતું. તે સ્ત્રીનું પેલું-"હે મહારાજ, મારાં તન મનની કેવી સંકટમય સ્થિતિ છે, તેનું તો હું આપની આગળ વર્ણન પણ કરી શકું તેમ નથી"-એ વાક્ય સાંભળતાં જ, બાળયોગીની પ્રકૃતિ બહુ વિલક્ષણ થઈ ગઈ. તે યોગીનું હૃદય એકદમ ભરાઈ આવ્યું, તેનું મુખારવિન્દ ઝાંખું પડી ગયું; તે ગદ્ગદ્ થઈ ગયો; નેત્રમાં જળ ભરાઈ આવ્યાં. આવી અવસ્થાને લીધે કેટલીકવાર સૂધી તો તેઓ કંઈ પણ બોલી શકયા નહિ. પણ ઘણા પરિ-શ્રમે પોતાની મનો ઊર્મિને દબાવીને તેણે ઉત્તર આપ્યું; "હે સુવ્રતા! જગતમાં દુઃખી મનુષ્યો ઘણાં હોય છે; પણ તેમાં દુઃખીને દુઃખીનો સમાગમ થાય છે, ત્યારે તેઓ પરસ્પર પોતાનાં દુઃખના ઊભરા પૂરેપૂરા બહાર કાઢે છે. ધૈર્ય ધર! આ તારાં દુઃખની વાત સાંભળીને મારી કેટલીક કથા અને જમતી વેળાની ઉદાસીનતાનું કારણ પણ હું તને કહીશ.

હે તરુણિ! આ જગતમાં સૌથી મોટામાં મોટું બંધન પ્રીતિબંધન છે. પ્રીતિબંધનમાંથી એકાએક છૂટી શકવાને સમર્થ પુરુષો પણ નિર્બળ થઈ જાય છે, તો પછી એવાં બંધનને કારણ વગર જ સહજમાં તોડીને કોઈ જૂદું થઈ જાય, એ નહિ માનવા જેવું છે. કઠણ વાંસને કોરી કાઢનારો ભ્રમર ઘણા પ્રેમબંધનને લીધે જ કમળના સુકુમાર કોશમાં બંધાઈ જાય છે, એ કેવું પ્રેમબંધન! પરંતુ એવાં સુદૃઢ પ્રીતિનાં બંધનને પણ ચિત્તવિક્ષેપ ક્ષણભરમાં તોડી નાંખે છે. ચિત્તવિક્ષેપ પ્રીતિને વિષે અસંતોષ ઉપજાવે છે, અને એથી પ્રીતિનું સુદૃઢ બંધન આપોઆપ નિર્બળ થઈ જઇને તૂટી જાય છે. તું કહે છે કે, તારો ભર્તાર અર્ધરાત્રે, કશા કારણ વગર જ તારો ત્યાગ કરીને ચાલ્યો ગયો છે! આશ્ચર્ય! એમ બને નહિ. એમ થવાનું કારણ, મારા ધારવા પ્રમાણે તું જ છે. તારી તરફથી કંઇક અસંતોષ થવાથી જ તારો પતિ તને ત્યજીને ચાલ્યો ગયેલો હોવો જોઇએ." એ સાંભળીને પેલી સ્ત્રી બોલી; "મહારાજ! આપ કહો છો તો ભલે; પણ છેવટ સૂધીમાં અમારા બંને વચ્ચે કોઈ જાતનો અસંતોષ મારા જોવામાં આવ્યો નથી; તેમ તેમની મનોવૃત્તિને કોઈ પણ વાતે મેં કદી પણ દૂભવી નથી; તેમની મનોવૃત્તિ જાણીને હું સદા તે પ્રમાણે જ અનુસરતી હતી. મારા પતિ મારાં પ્રત્યેક કામથી સદાય પ્રસન્ન રહેતા હતા. પણ મારા હતભાગ્યે, કોણ જાણે કેમ–" તેનું એ વાક્ય પૂરું થતાં પહેલાં જ બાળયોગી વચ્ચે બોલી ઉઠ્યા; "સાધ્વી! કેમ શું? મારા માનવામાં એ વાત નથી આવતી, તેનું કારણ તું સાંભળ. સ્ત્રીઓ સંસારની માયાનાં પુતળાં સરખી છે અને તે માયાના પ્રપંચને જ વશ વર્તે છે. તેથી, સ્ત્રી ગમે તેવી સુશીલ હોય, તોપણ કોઈ વેળા માયિક આવેશને લીધે પોતાના સ્ત્રી ધર્મને ભૂલી જઈને અન્યથા આચરે છે અને તે અન્યથા આચરણનું જ્યારે ફળ ભોગવે છે, ત્યારે ઘણો જ પશ્ચાત્તાપ કરે છે. પરંતુ તેથી ફળ શું? એ માટે મારા પ્રત્યક્ષ અનુભવની વાત હું તને કહું છું, તે તું સાંભળ.

## પતિવ્રતાખ્યાન–પતિસેવા તત્ત્વ

ક્ષણભર યોગીરાજ મૌન ધરી, ચિત્તને સ્થિર કરી, નાસિકાના અગ્ર ભાગ તરફ દૃષ્ટિ રાખીને બેઠા પછી બોલ્યા; "હે દ્વિજપુત્રી! તારા જ સરખી હતભાગિણી અને પતિવિયોગિણી સ્ત્રીની એક વાત

હું તને કહું છું, તે સાંભળ. એ સ્ત્રી તારી પેઠે ઉચ્ચ કુળની બ્રાહ્મણી છે. ધનવાન્ માતપિતાની કન્યા છે. સાસરામાં, પિયરના જેવી ધનસંપત્તિ ન છતાં, માત્ર વિદ્યા અને વિનયસંપન્નતા જોઈને જ તેને પરણાવવામાં આવી છે. તેનો પતિ સુશીલ, વિદ્વાન્, દયાળુ, ધર્મિષ્ઠ, ભગવચ્ચરણમાં પ્રીતિમાન્, માયાળુ અને રૂપયૌવનથી સંપન્ન છે. એ સ્ત્રી પરણીને સાસરે ગયા પછી થોડા જ વખતમાં તેનાં સાસુ સસરો, થોડે થોડે અંતરે મરણ પામ્યાં, તેથી ઘરમાં તે અને તેનો સ્વામી એ જ રહ્યાં. તે સ્ત્રી સ્વભાવે ઘણી જ માયાળુ, શાંત, પતિવ્રતા અને ગૃહધર્મમાં કુશળ છે. સાસુ સસરાનો સ્વર્ગવાસ થયા પછી તે સ્ત્રીએ ઘરનો તમામ કાર્યભાર ઉઠાવી લીધો ને પ્રથમથી ચાલતા આવેલા વ્યવહારમાં કોઈ પણ જાતની ખામી આવવા દીધી નહીં; કારણ કે તેને નાની વયથી જ તેનાં સુશીલ માતપિતાએ, ગૃહસંસારની ઉત્તમ પ્રતિની કેળવણી આપી હતી, તેથી તે સ્ત્રી, સ્ત્રીધર્મમાં બહુ જ કુશળ છે.

સ્ત્રી અને પુરુષ એ બન્ને સંસારરથનાં ચક્ર જેવાં છે. જેમ એક ચક્રથી (પૈંડાથી) રથ આગળ ચાલતો નથી, પરન્તુ તેને બન્ને ચક્રની જરૂર પડે છે, તેમ જ સંસારવ્યવહાર પણ સ્ત્રી અને પુરુષ એ બન્નેના પરસ્પર સહાયકપણાંથી સારી રીતે ચાલે છે. વ્યવહારનું બંધારણ યોગ અને ક્ષેમ એ બે વિષયોને આધારે ટકી રહેલું છે. યોગ કહેતાં પરિશ્રમ કરીને વસ્તુને સંપાદન કરવી તે. એ કામ મુખ્યત્વે કરીને પુરુષને માટે જ નિર્માણ થયેલું છે. ક્ષેમ કહેતાં મેળવેલી વસ્તુનું યથોચિત રીતે ઉપયોગ કરવો તે. આ કામ બહુધા સ્ત્રી જાતિને માટે જ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉભય કાર્ય કે જેના ઉપર અર્થશાસ્ત્રનો તમામ આધાર રહેલો છે, તેવું મહત્વભર્યું કાર્ય સ્ત્રી પુરુષ એમ ઉભયની સહાયતાથી જ પાર પાડી શકાય છે. તેમાં પણ યોગ કરવા કરતાં ક્ષેમ કરવામાં વધારે ડહાપણની જરૂર છે અને તે કામ સ્ત્રીના અધિકારનું છે. સચ્ચરિત્રશાળી સ્ત્રી આ કાર્ય પૂર્ણ કુશળતાથી કરે છે; અને જે સ્ત્રી વ્યવહારકુશળ હોય છે, તે પોતાના પતિનાં કુળને ઉન્નતિમાં આણે છે. સાસુ સસરાની સેવા કરવી, પોતાને જે કંઈ ઘરેણુંગાંઠું તથા અન્નપાન મળતું હોય તેટલા ઉપર સંતોષ રાખવો, પોતાને ત્યાં આવનારાં સગાં સંબંધીઓનો સારી રીતે સત્કાર કરવો, વાતચિત કરતી વખતે પ્રસન્ન મુખથી વાતચિત કરવી, પારકા કજીઆમાં પડવું નહિ,

પરંતુ પોતાથી બને તો સારી સમજણ આપીને તેનું સમાધાન કરવું, ઝીણાં વસ્ત્રો કે જેમાંથી અંગો દેખાય તેવાં વસ્ત્રો પહેરવાં નહિ, પરંતુ સઘળાં અંગો ઢંકાય તેવાં વસ્ત્રો પહેરવાં. ઉંચે સાદે બોલવું નહિ, ખડખડાટ હસવું નહિ, દરરોજ પ્રભાતમાં પતિના ઉઠ્યા પૂર્વે ઉઠવું અને પછી પોતાનાં છોકરાંને ઉઠાડી, આંખ, મોઢું ધોઇને વડીલોની પાસે પ્રણામ કરવા મોકલવાં; કારણ કે તેમ કરવાથી છોકરાંઓ વિવેકી બને છે તથા વૃદ્ધોના આશીર્વાદથી તેઓના આયુષ્યમાં વધારો થાય છે; અનાજ વગેરે ખોરાકની જાતે જ તપાસ કર્યા કરવી; વસ્ત્રો, ઝીણાં અથવા તો જાડાં પોતાની શક્તિ પ્રમાણે પહેરવાં, પરંતુ મેલાં, ગંધાતાં અને વાસ મારતાં પહેરવાં નહિ—દરરોજ ધોયેલાં સ્વચ્છ વસ્ત્ર પહેરવાં વગેરે સ્ત્રીઓનો વ્યવહારધર્મ બહુ ઉત્કૃષ્ટ ને ઉન્નતિમાં આણનાર છે. ગૃહરાજ્યની શોભા ને સ્વચ્છતાનો સર્વ આધાર પુરુષ કરતાં પણ સ્ત્રીના ઉપર વધારે છે. સ્ત્રીએ ઘરના કામકાજમાંથી પરવાર્યા પછી પતિસેવામાં તત્પર થવું, પતિ બહારથી, કાર્યથી પરવારી સાયંકાળે ઘેર આવે ત્યારે તેને પીવાને પાણી અને બેસવાને આસન આપવું; ભોજન કરવા બેસે ત્યારે નવ નવી રસોઈ બનાવીને જાતે પીરસવી અને તે વખતે દુઃખની અથવા તો પોતાનાં ઘરેણાં ગાંઠાં વગેરેની વાતો કરીને પતિને કંટાળો આપવો નહિ. એવી પતિસેવા એ જ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. વ્રત, ઉપવાસ તથા બીજાં સર્વ ધર્મકૃત્યો પતિની સેવાથી જ સફળ થાય છે. સીતા, દમયંતી, દ્રૌપદી, સાવિત્રી વગેરે સતી સ્ત્રીઓ પોતાના ઘરમાં હજારો દાસીઓ છતાં પણ જાતે જ પતિસેવામાં રાતદહાડો તત્પર રહેતી હતી. એટલું જ નહિ, પરંતુ પતિના દુઃખમાં ભાગ લેવા માટે સતી સીતાએ રાજ્યસુખનો એકદમ ત્યાગ કરીને રામ સાથે વનવાસ વેઠવાનું પણ અંગીકાર કર્યું હતું; વીરપત્ની દ્રૌપદીએ પણ પાંડવોની પાછળ છાયાની પેઠે વનમાં રખડી રઝળીને તેઓના દુઃખમાં ભાગ લીધો હતો અને સ્ત્રીઓનાં પાતિવ્રત્ય ધર્મનું પવિત્ર ચરિત્ર આ જગતમાં લાંબા વખત માટે મૂકી ગઈ છે. સ્ત્રીઓનાં પાતિવ્રત્ય ધર્મને લીધે જ મોટમોટા મુનીશ્વરો પણ સ્ત્રીઓનાં ચરણની પવિત્ર રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. સ્ત્રીઓને સર્વ ધર્મમાં પતિસેવા, એ જ મુખ્ય ધર્મ છે અને તેમાં તેનું પરમ કલ્યાણ સમાયલું છે. હે સાધ્વીઓ ! આવો પતિવ્રતાનો ધર્મ સાંભળીને તમારા મનમાં કદાચ શંકા થશે કે, નિઃસ્વાર્થપણે પોતાનાં

ક્ષુધાદિક તજી દઇને સેવા કેમ થઈ શકે? અર્થ વગરની સેવાનું પ્રયોજન શું? તેનો ખુલાસો સાંભળો. પોતે પોતાનાં મનથી પોતાના સેવ્યની સેવાને અર્થે સ્વસુખાદિકનો ત્યાગ કરવાથી તે સુખાદિક નાશ પામતાં નથી, પણ ઉલટાં વૃદ્ધિ પામે છે. વધારે તો શું, પણ એ સેવા પોતે જ સર્વાંગે સુખરૂપ છે એટલું જ નહિ, પણ તેનું પરિણામ પરમ અવનાશી સુખ આપનારું નિવડે છે. સેવા જો કે દેખીતી સેવ્યને જ સુખ કરનારી છે, પણ તેમાં સેવકનાં સર્વ સુખોનો સમાવેશ થાય છે. તાત્પર્ય એટલું જ સમજવાનું કે–જેમ ભક્તજન પોતાના સેવ્ય શ્રીહરિને સારુ ઉત્તમોત્તમ સ્વાદિષ્ઠ સામગ્રી સિદ્ધ કરીને, તેમને નિવેદન કરે છે, પણ પછી તેનો પુણ્યરૂપ પ્રસાદ પોતાના સ્નેહી સજ્જનો સાથે જમીને પોતે પરમ સુખનો અનુભવ કરે છે, એમાં સામગ્રી સિદ્ધ કરીને, સેવ્યભાવથી શ્રીહરિને સમર્પણ કરવાનું ગર્ભિત ફળ તેને જ મળે છે અને તેથી જે આનંદ થાય છે, તેની બલિહારી શું ગાઉં? મેં માત્ર સેવાનાં ઐહિક સુખનું જ–એટલે કે સેવા સ્વતઃ સુખરૂપ છે તેનું જ દિગ્દર્શન કરાવ્યું છે. તેવી જન્મપર્યંત કરેલી સમસ્ત સેવાનું ફળ તો એટલું બધું અમૂલ્ય છે, કે જેનું વર્ણન મારી જીભે થઈ શકે તેમ નથી."

એટલું કહીને પુનઃ તે બાળયોગી બોલ્યા; "મન, વાણી અને કાયા, એ ત્રણે સાધનોથી પોતાના સ્વામીની સેવા કરે, તે જ ખરો સેવક, અને તે જ ખરી સતી! જે સ્ત્રીનું આ વૃત્તાંત મેં તને કહેવાનો આરંભ કર્યો છે, તે સર્વાંશે તો નહિ, પરંતુ બહુ અંશે પતિવ્રતા છે. તેણે પોતાના દેવરૂપ સ્વામીને સેવાથી બહુ બહુ પ્રકારે સંતુષ્ટ કીધા હતા. અંતઃકરણમાં તેને જ પોતાનું સર્વસ્વ, પોતાનું દૈવત અને પોતાનો પ્રભુ માનતી હતી; આત્મા કરતાં પણ તેને અધિક પ્રિય ગણતી હતી. મનસા, વાચા, કર્મણાથી સદા તેને જ સંતુષ્ટ રાખવા મથતી. પતિનાં સુખે સુખી અને આનંદે આનંદી હતી. પતિને કંઈ પણ ઓછું લાગે, તેવું પોતાનાં મુખથી બોલતી નહિ. તે સદા જ, અતિ હિતકારી ને સાચું છતાં બહુ પ્રિય લાગે એવી મંજુલ વાણી વદતી. શરીર પણ રાત્રિ દિવસ સ્વામીસેવામાં જ તેણે નિયત કરી દીધેલું હતું. સ્વામીની આજ્ઞાનું અસ્ખલિત પાલન કરવું, એને તે પોતાનું પ્રથમ કર્તવ્ય સમજતી હતી. પોતાના પિતાને ત્યાં સધનતા હોવાથી ત્યાં તેણે અનેક રાજસી વૈભવો ભોગવેલા, એટલે તેની મનોવૃત્તિઓ બહુ

રજોગુણી થયેલી હતી; તથાપિ પરમ સત્વશીલ અને ઋષિધર્મ પાળતા એવા પોતાના બ્રહ્મનિષ્ઠ સ્વામીનો નિત્ય સહવાસ થતાં તે સર્વાંગે બદલાઈ ગઈ હતી;–સત્વગુણી થઈ હતી. પોતાના સ્વામીની પેઠે यदृच्छालाभसंतुष्ट જે મળે, કે જે હોય, તેમાં સંતોષ માનીને વ્યવહાર ચલાવતી હતી. હે સાધ્વીઓ! તમે જાણો છો કે, ઘરસંસારમાં કોઈ વસ્તુ વગર તે ચાલે? તેમાં જોઇતી કોઈ વસ્તુ દ્રવ્યવિના શું મળે છે? સંસારમાં ડગલે ડગલે દ્રવ્યની અત્યાવશ્યકતા પડે છે. દ્રવ્ય વગર ગૃહસ્થાશ્રમ ચલાવવો, એ ભાંગેલાં પૈડાંથી ગાડું ચલાવ્યા સરખું છે. તેને પ્રસંગે જે હોય તેમાં જ સંતોષ માનીને રહેવું, એ સામાન્ય પુરુષ કિંવા પ્રાકૃત વિલાસેચ્છુ સ્ત્રીથી બને એમ નથી. એવા વ્યવહારથી તો સદસદ્ વિચારવાન વિવેકી ને વૈરાગ્યશીલ દંપતી જ વર્તી શકે છે. તે સ્ત્રીનો પતિ તો સૌ વાતે યોગ્ય જ હતો; પરન્તુ તેની સ્ત્રીનું મન વ્યવહારના વૈભવ ભોગવવાને સમર્થ આતુર બનતું. કોઈ કોઇવાર પોતાના દ્રવ્યહીન લૂખા ગૃહસંસારથી તે સ્ત્રી બહુ જ કંટાળતી અને સ્ત્રીસ્વભાવને વશ થઈ પોતાનો ઉભરો સ્વામીની આગળ ખાલી પણ કરતી. સ્વામી બહુ બહુ દૃષ્ટાંતો અને સિદ્ધાંતોથી તેને સમજાવી શાંત કરતો, અને કહેતો કે,–'હે સાધ્વી! આપણે સામાન્ય મનુષ્યની પેઠે માત્ર ઘરસંસાર ભોગવવામાં જ આપણા આ ઉત્તમ જન્મનું સાર્થક્ય સમજવાનું નથી; પરંતુ ભગવત્પ્રાપ્તિ કરીને આ જન્મ મરણરૂપ ભવસાગરમાંથી તરી જવા માટે, મહાન્ પુરુષાર્થ કરવાનો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે; "ब्राह्मणस्य तु देहोऽयं क्षुद्रकामाय नेष्यते । ज्ञानाय तपसे चैव प्रेत्यानंतसुखाय च ॥ બ્રાહ્મણનું ખોળિયું ક્ષુદ્ર વિષય ભોગવવા માટે નિર્માણ થયું નથી, પરન્તુ તે તો જ્ઞાન અને તપ માટે તથા મરણ પછી મોક્ષ માટે નિર્માણ થયું છે–" ત્યારે તું વ્યર્થ ચિંતા શાને કરે છે? તું લક્ષ્મીની લાલસા શા સારુ કરે છે? એ શ્રી તો સર્વ સુખ–કલ્યાણનો નાશ કરી, મોહમાં નાંખીને ખસી જનારી છે. માટે લક્ષ્મીને તજી લક્ષ્મીપતિનું સ્મરણ કર, જેથી આપણું શીઘ્ર કલ્યાણ થાય, અને આ સંસારરૂપ રઘવાયા અવગ્રહનો અંત આવી જાય!' સ્વામીના માન માટે તુરત તો તે સ્ત્રી સર્વ મનોવૃત્તિઓને ઉપરથી દબાવી દેતી; પણ અંદરથી તેનું મન વાળ્યું વળતું નહિ. આવું ઘણીકવાર થતાં તેના સ્વામીને બહુ ખેદ થતો ને સંસારની માયામાં લચીપચી રહેલી સ્ત્રીના સહવાસથી પોતાના ઉભય લોકને બગાડશે અને પોતાના પરમાર્થલાભમાં અંતે પથ્થર

પડશે, માટે હવે શીઘ્ર નિઃસંગ થઈ જવું, એવો તેને નિશ્ચય થયો હોવો જોઇએ ને તેથી એક દિવસે પ્રાતઃકાળે તે પતિવ્રતાએ, તેનો સ્વામી સ્નાન સંધ્યાથી પરવારી શિવપૂજન કરવા સારુ નગરથી થોડેક દૂર આવેલા શિવાલય પ્રતિ જવાને ઘરમાંથી નિકળ્યો. તે વેળા કહ્યું, 'વહેલા પધારજો.' ત્યારે તેણે કિંચિત્ હસવા સાથે ઉત્તર દીધું; "તારે દ્રવ્યની બહુ અપેક્ષા છે, તો તે પૂર્ણ કરવામાટે મારો વિચાર છે કે, હું ભગવાન્ શંકરને પ્રાર્થના કરીશ. એ કારણથી મને આવતાં વિલંબ થાય તો તારે ગભરાવું નહિ.' એટલું કહીને તે પવિત્ર પુરુષ યથેચ્છપણે ચાલ્યો ગયો. તે ફરીને આજ દિન સૂધી પાછો આવ્યો જ નથી."

અહીં સૂધીનો વૃત્તાંત કહેતાં કહેતાં પુનઃ તે બાળયોગીનાં નેત્ર જળથી ભરાઈ આવ્યાં, કંઠ ગળગળો થઈ ગયો, પરન્તુ મનોવૃત્તિને મહાકષ્ટે દબાવીને તે બોલ્યો; "જુઓ; આ સ્ત્રીસ્વભાવનો મહિમા! આમાં કોનો વાંક? તે સ્ત્રી તો અદ્યાપિપર્યંત એમ જ કહે છે કે, મેં મારા સ્વામીનાથને યત્કિંચિત્ પણ દૂભવ્યા નથી, પણ કોણ જાણે એમના મનમાં શુંએ આવ્યું હશે, કે જેથી તે ચાલ્યા ગયા છે! પરંતુ તે સ્ત્રીને મનમાં તો એવો અનિવાર્ય પશ્ચાત્તાપ થાય છે કે, મેં અભાગણીએ હાથે કરીને જ મારા પતિનો સદાનો વિયોગ વ્હોરી લીધો છે, એમાં એ મહાપુરુષનો કશો પણ વાંક નથી. અસ્તુ.

"સ્વામીના ગયા પછી, નિત્યનિયમ પ્રમાણે હમણાં ઘેર આવશે, એમ સમજીને તે સ્ત્રી રુડી રીતે સર્વ રસોઇ તૈયાર કરીને પતિની વાટ જોતી બેઠી. મધ્યાહ્ન વીતી ગયા, અપરાહ્ન વેળા થઈ, સંધ્યાકાળ પણ મટી ને રાત્રિ પડી, તોય તેના સ્વામી આવ્યા નહિ. તે સ્ત્રી બહુ ચિન્તાતુર થઈ ગઈ. તેના મનમાં મોટો ધ્રાસકો પડ્યો, હૃદય બહુ વ્યાકુળ થઈ ગયું. પોતાના સ્વામીના સ્નેહીઓ, જેઓ તેનો નિત્ય સત્સમાગમ કરવા આવતા, તેઓદ્વારા તેણે શિવાલય અને બીજાં અનેક સ્થાનોમાં તે મહાત્માની શોધ કરાવી, પણ તેનો પત્તો મળ્યો જ નહિ. પછી મહાશોકાકુલ થઇને તે ગાઢ સ્વરે રુદન કરવા લાગી. તેનું કલ્પાંત સાંભળી, એકઠાં થયેલાં કેટલાંક સગાં સ્નેહીઓએ ને આડોસી પાડોસીઓએ, બહુ બહુ રીતે સમજાવીને તેને ધીરજ આપી, પણ તેનું મન કેમ વળે? અંતરનો ઘા કેમ સહન થઈ શકે? રાંધ્યાં રજક રહ્યાં, સઘળું અન્ન ગાયને ખવરાવી દઈ, તે રાત્રિ તે સ્ત્રીએ

નિરાહારમાં ગાળી કાઢી. બીજે દિવસે પણ ભોજન કર્યું નહિ. ત્રીજે દિવસ પણ સ્વામીવિયોગના શોકથી ભોજન વિના રુદનમાં જ વ્યતીત કર્યો. લોકોએ તેને ઘણીક રીતે સમજાવી, પણ તે એકની બે થઈ નહિ. તેણે પોતાનો નિશ્ચય કહી બતાવ્યો કે, 'પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીને જમાડ્યા વિના કદી જમતી નથી, પોતાના સ્વામી વિના એકલી રહી શકતી નથી, જ્યારે મને મારા સ્વામીનાં દર્શન થશે ત્યારે જ હું ભોજન કરીશ.' લોકોએ કહ્યું, 'તું કહે છે તેવો જ સતી સ્ત્રીનો ધર્મ છે, પરન્તુ અન્ન સમાન પ્રાણ છે, તેવાં અન્નનો ત્યાગ કરવાથી થોડા જ દિવસમાં મરણશરણ થવું પડે છે. સ્વેચ્છાથી ચાલ્યો ગયેલો તારો સ્વામી ક્યારે આવશે, એનો કેમ નિશ્ચય થઈ શકશે? તું ક્યાંસૂધી નિરાહાર રહેશે? આહાર વિના આ કળિયુગમાં મનુષ્યથી જીવિત ધારણ કરી શકાય નહિ. પૂર્વે થઈ ગયેલી સત્યયુગ, ત્રેતાયુગ તથા દ્વાપરયુગની મહાસતીઓનું અનુકરણ કરવાનો આગ્રહ મૂકી દઈ, કાલાંતરે પણ તારા સ્વામીને મળવાની આશા હોય તો, હઠને પરી કરી, તેને મળવાનો જ પ્રયત્ન કર. સ્વામી વિના ભોજન કરતાં તારો નિયમભંગ થતો હોય તો ફલાહાર કર; અને તે પણ નિત્ય મધ્યાહ્ન સમય વીત્યા પછી એટલે ત્રીજા અથવા ચોથા પ્રહરમાં આહાર કરીશ તો, સ્વામીના ભોજન કર્યા પૂર્વે ભોજન કરવાના દોષથી તું મુક્ત થઇશ. વિદેશ ગયેલા સ્વામીની સ્ત્રીએ નિત્ય મધ્યાહ્ન કાળ વીત્યા પછી ભોજન કરવું, એમ શિષ્ટ જનોએ કહેલું છે.' સગાં સમ્બન્ધીઓએ એ પ્રમાણે કહ્યું અને પોતાના સ્વામીનાં મુખથી પણ એવાં જ વચન, પૂર્વે તેણે ઘણીવાર સાંભળેલાં હોવાથી, તેણે સૌનું કહેવું સત્ય માન્યું. ચોથે દિવસે તેણે ફલાહાર કર્યો. તે દિવસથી નિત્ય મધ્યાહ્ન વીત્યા પછી, તે સ્ત્રી માત્ર એકવાર ફલાહાર જ કરે છે. તેણે શરીરપરથી સૌભાગ્ય શણગાર શિવાય બીજા બધા શણગાર કાઢી નાંખ્યા છે, શયન પણ માત્ર એક જ વસ્ત્ર ભૂમિપર પાથરીને કરવા માંડયું છે. નિત્ય પ્રતિ સ્વામીની જ ઝંખનામાં અને સ્મરણમાં તેણે જેમ તેમ કરી છ માસ ગાળ્યા; પરંતુ સ્વામીનું દર્શન થયું નહિ. હવે તેનાં મનની વિહ્વલતાનો પાર રહ્યો નહિ. દિનપ્રતિદિન સ્વામીવિયોગ વિશેષ વિશેષ સાલવા માંડ્યો. પરમાત્મા અને સ્વામી વિના અન્યનું તેને સ્મરણ કે મનન નહોતું; તે જ સર્વસ્વ હતું. તેના સ્વામીનો એક અતિ પ્રિયમિત્ર, આવો પ્રકાર જોઇને બહુ ચિંતાતુર થઈ ગયો. તેણે પોતાના એ

વિદેશી મિત્રની ગાઢ સંગતથી ને સેવાથી ઘણી નિપુણતા મેળવી હતી. તેથી તેણે એ વેળાએ ધીરજ ધરી, તેના આત્માને બહુ સંતોષ આપીને કહ્યું; 'હે બહેન! હવે તું ધૈર્ય રાખ. તારા સ્વામી મને મારા આત્મા કરતાં પણ અધિક પ્રિય છે, તેથી તેનો શોધ કરવા માટે હું પોતે જઈશ; અને પ્રભુકૃપાએ ગમે તેમ કરી, ગમે ત્યાંથી પણ તેને શોધી કાઢીને તારો સમાગમ કરાવીશ. એ માટે હું અત્યારથી જ સર્વ ઐહિક સુખોનો ત્યાગ કરું છું ને તીવ્ર તપયોગ ધારણ કરું છું–જે યોગ, મારા પ્રિય મિત્રનો સમાગમ થશે ત્યારે જ ઉતારીશ; નહિ તો તપશ્ચર્યાવડે આ દેહને તજી દઈને પરલોકમાં તેની વાટ જોઈશ.' એવી દૃઢ પ્રતિજ્ઞા કરી બીજે જ દિવસે તે દૃઢ મનનો પ્રેમાળ મિત્ર તૈયાર થયો ને તે સ્ત્રીના સ્વામીની શોધ માટે ત્યાંથી ચાલી નિકળ્યો.

"પ્રથમ તેણે દક્ષિણ દિશામાં નર્મદા, તાપી, ગોદાવરી, ચંદ્રભાગા, કૃષ્ણા, કાવેરી ઈત્યાદિ સર્વ પવિત્ર સરિતાઓપરનાં તીર્થો અને ત્ર્યંબક, ઋષ્યશૃંગ, કાંચીપુરી, રામેશ્વર ઇત્યાદિ ક્ષેત્રો જોયાં. તે પ્રત્યેક ક્ષેત્રના વાટ ઘાટમાં ફરી ફરીને પોતાના મિત્રને શોધ્યો. પશ્ચિમમાં ગિરિનાર, પ્રભાસ, દ્વારિકા, નારાયણસર આદિ ક્ષેત્રો જોઈ વળીને ત્યાંથી સિદ્ધક્ષેત્ર, મધુપુરી, હરિદ્વાર, કેદાર, બદરિકાશ્રમ અને ગંગોત્રી સુધીનાં સ્થાનો સારી પેઠે શોધ્યાં. પછી ત્રિવેણી (પ્રયાગ), અયોધ્યા અને બીજાં અનેક તીર્થો શોધ્યાં. પણ પોતાના પ્રાણસખાની ક્યાંઈ પણ ભાળ મળી નહિ, ત્યારે થાકીને તેણે અરણ્યો તથા પર્વતોમાં આવેલી તપસ્વીઓની ગુફાઓ ને ઋષિઓના આશ્રમો શોધવાનો વિચાર કર્યો. પ્રથમમાં, સૌથી મોટું ક્ષેત્ર વારાણસી, કે જે મુક્તિપુરી ગણાય છે, અને આત્મકલ્યાણની ઇચ્છાવાળા મુમુક્ષુઓ, તેમ જ જીવન્મુક્ત મહાત્માઓ પણ, તેને મોક્ષ સાધન કરવા યોગ્ય સ્થાન સમજીને ત્યાં નિવાસ કરે છે, તેથી બહુ સાવધપણે તેને શોધતો શોધતો તે વિયોગી યોગી અહીં આવ્યો છે. આ પુણ્ય જળ વહન કરતી સ્વર્ગની સીઢી સરખી શ્રીમતી ભાગીરથીના સઘળા ઘાટ તથા ક્ષેત્રમાં વસતા મહાત્મા પુરુષોનાં પ્રત્યેક સ્થાન તે જોઈ વળ્યો છે; પણ પોતાના પ્રિય પ્રાણસખાનો પત્તો લાગ્યો નહિ, ત્યારે અંતે થાકી, નિરાશ થઈને ઘણા મોટા વમળમાં પડેલો તે, પ્રસિદ્ધ એવા મણિકર્ણિકાના ઘાટપર, પોતાના સરખી દુઃખિયારી બે દ્વિજપુત્રીઓ સાથે સુખદુઃખની વાતો કરતો અહુણાં તે બેઠો છે!" આ

છેલ્લાં વાક્યો બોલતાં બોલતાં એ બાળયોગીની સ્થિતિ પુનઃ ઘણી દુઃખમય થઈ ગઈ. એ વેળા પેલી બે સ્ત્રીઓની પણ એજ દશા હતી. તે તો વળી એટલા મોટા અચંબામાં પડી ગઈ કે, અહા! જે વિયોગિણી સ્ત્રીની આપણે વાત સાંભળી, તેના પતિને શોધવા માટે જ જેણે યોગ ધારણ કરેલો છે, એવો તેનો મિત્ર તે શું આ પોતે જ!!! અહો! શી તેની ધીરતા, કેવી તેની સાચી મૈત્રી ને કેવો તેનો ઉત્કટ પ્રેમ! ધન્ય છે એવા મિત્રને, કે જેણે પોતાના એક મિત્રને શોધી કાઢવા સારુ આખાં આયુષ્યનો ભોગ આપવાનો સંકલ્પ કીધો છે; અને પોતાના સુકોમળ દેહને, તીવ્ર તપશ્ચર્યાવડે, તેમ જ તીર્થે તીર્થે, ગામે ગામ ને ઠામે ઠામ ભટકીને શોધવાના મોટા પરિશ્રમવડે, કષ્ટ દઈ રહ્યો છે.

એટલામાં પોતાનાં મનને મોટા બળથી વારીને ધીરજથી તે તપસ્વી પાછો બોલી ઉઠ્યો; "જુવો! આ તમારા સ્ત્રીઓના સ્વભાવનું પરિણામ! તમારી પણ તે મારા મિત્રની પેઠે કોઈ જાતની ભૂલ હશે જ, કે જેને પરિણામે તમે ભર્તૃવિયોગિણી થયેલ છો. અસ્તુ. હવે તેને સારુ મનમાં બહુ પશ્ચાત્તાપ ન કરતાં પ્રભુની ક્ષમા માગો; સ્વસ્થપણે વ્રત આચરો; કલ્યાણ ઇચ્છો; મનઃકામના સફલ થશે. પતિવિયોગિણી સુશીલ સ્ત્રીઓ ઇન્દ્રિયદમન વ્રત આચરે છે. પતિ એ જ સ્ત્રીનું દૈવત, પતિ એ જ ગુરુ, પતિ એ જ સ્ત્રીનું સર્વસ્વ છે. શંકરથી અને વિષ્ણુથી પણ સ્ત્રીને તો પોતાનો પતિ જ અધિક છે. જે સ્ત્રી, લક્ષ્મી જેમ શ્રીહરિની સેવા કરે છે, તેમ પોતાના પતિની પ્રભુભાવથી તત્પર થઇને સેવા કરે છે, તે લક્ષ્મીની પેઠે પોતાના પ્રભુરૂપ પતિની સાથે શ્રીહરિના લોક (વૈકુંઠ)માં વસીને આનંદ પામે છે. या पतिं हरिभावेन भजेच्छ्रीरिव तत्परा। हर्यात्मना हरेर्लोके पत्या श्रीरिव मोदते॥ લક્ષ્મીજી, જેમ હમ્મેશાં વિષ્ણુને ભજે છે, તેમ જે સ્ત્રી, સાવધાન થઈ, પોતાના પતિને ઈશ્વરરૂપ માનીને તેની જો સેવા કરે છે, તો લક્ષ્મીજી અને વિષ્ણુ જેમ પરલોકમાં આનંદ ભોગવે છે, તેમ તે સ્ત્રી પણ, વિષ્ણુરૂપ થયેલા પોતાના પતિની સાથે પરલોકમાં આનંદ ભોગવે છે. એવા પતિનો વિયોગ પામેલી કયી સ્ત્રી એકલી છતાં સુખ વૈભવ ભોગવવાની કામના કરે? સ્ત્રીએ તો સર્વે વસ્તુ પતિની પ્રસાદીરૂપે જ વાપરવાની છે; અર્થાત્ પતિને નિવેદન કર્યા વગરની વસ્તુ તે અપ્રસાદી છે, ને તેનો ઉપયોગ પતિવ્રતાઓ કરતી નથી. આવા નિયમવાળી પતિવ્રતાઓને પ્રભુની

કૃપાથી પતિવિયોગ થતો નથી; અને કર્મસંયોગે કદાચ થયો, તો તેવડે આપોઆપ ઇન્દ્રિયદમનવ્રત સધાવાથી, શ્રીહરિ પ્રસન્ન થઈ, તેઓનો વિયોગ સદાને માટે દૂર કરે છે. મારા મિત્રની સ્ત્રીએ એવા જ પ્રકારનું વ્રત આચર્યું છે, અને તેના બળથી મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે, શ્રીહરિ પરિણામે અવશ્ય મને મારા મિત્રની ભેટ કરાવશે. ભગવત્કૃપાએ, અને તેનાં સૌભાગ્યના બળથી, તે મુમુક્ષુ મિત્ર, અદ્યાપિ કુશળ પણ હશે જ, એવું મને અનુમાન થાય છે. પણ તે સાથે આશ્ચર્યસહિત સંદેહ પણ એટલો જ મોટો થાય છે, કે જેનો મારા મનને ઉત્તર મળી શકતો નથી. મારા મિત્રની અપરાધિની સ્ત્રી, પોતાના પતિના વિયોગથી કેવળ ભ્રમિત ચિત્તની અને શોકસાગરમાં નિમગ્ન થઈ ગયેલી હોવાથી ગાંડા સરખી થઈ ગઈ છે. મેં પણ તેના વિયોગથી પ્રાણાર્પણ માટે નિશ્ચય કર્યો છે, ને કોઈ પણ સ્થળે મને ચેન પડતું નથી; ત્યારે આટઆટલો લાંબો કાળ એકલવાઈ સ્થિતિમાં ગાળ્યા છતાં, તેને પોતાને એ વિયોગ-દુઃખ કંઈ નહિ લાગતું હોય? એ મહાવિરહાગ્નિ તેનાથી કેમ સહન થઈ શકતો હશે? તેની દાસીરૂપ નિરપરાધિની અબળાને—એક પ્રેમ-પાત્ર શિષ્ય અથવા દાસરૂપ મિત્રને, તે તદ્દન વિસરી ગયો!! કૌતક! તેનાં પ્રત્યેક કાર્ય સમયે, તેની પ્રત્યેક મનોવૃત્તિને અધીન થઈ, તેની સેવામાં ક્ષણે ક્ષણ તત્પર રહેનાર એવા તેના સ્વજનનું પણ તેને સ્મરણ નહિ થતું હોય? તેને, ક્ષણે ક્ષણ ને એકે એક કાર્યમાં સેવા કરનારની અપેક્ષા રહેતી, ત્યારે શું હવે તેવે પ્રસંગે પણ તેને પોતાનું કોઈ પ્રેમી જન નહિ સાંભરતું હોય? અથવા શું પ્રવાસે નિકળ્યા પછી તેનું અતિ દયાળુ ને પ્રેમાળ અંતઃકરણ, અણછાજતી કઠોરતાને પામ્યું હશે? હે વિશ્વનાથ! હે જગદીશ્વર! કોણ જાણે આપને શું ગમતું હશે!!"

એ પ્રમાણે કહેતાં કહેતાં મોટા નિઃશ્વાસ સાથે પાછો શોકાકુલ થઈ ગયેલો તે તાપસ, ત્યાંથી ઉભો થયો; અને "હે સાધ્વીઓ! તમારું કલ્યાણ થાઓ, તમારું કલ્યાણ થાઓ; હું ઉઠીશ. મારા પ્રાણપ્રિય શિરચ્છત્ર મિત્ર-વર્યના શોધને સારુ આગળ વધીશ!" એટલું કહી શ્રીમતી ભાગીરથી ગંગાને વન્દન કરીને તે બાળયોગી ત્યાંથી તત્કાળ ચાલ્યો ગયો. અનેક વિચારોના વમળમાં પડેલી પેલી વિપ્રકન્યાઓ પણ, તે યોગીને તથા ગંગાને વંદન કરીને, અનેક પ્રકારની વાતો કરતી કરતી પોતાને ઘેર ગઈ. એ દિવસ પછી પુનઃ તે તપસ્વી કોઈ વાર પણ ત્યાં દૃષ્ટિએ પડ્યો નહિ.

# મહાત્માનું માહાત્મ્ય.

प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥

સાધુ પુરુષોનો કાયિક વ્યાપાર બહુધા પ્રિય થઈ પડે તેવો હોય છે, તેની વાણીનો નિયમ એટલે વાગ્વ્યાપાર પણ વિનયવડે મધુર હોય છે; અર્થાત્ અસત્ય બોલી જવાના ભયથી સાધુ પુરુષો બહુધા વિનયવડે મધુર એવું મિત ભાષણ કરે છે. તેની બુદ્ધિ પણ સ્વાભાવિક રીતે કલ્યાણી હોય છે, તથા તેનો સંગ પણ નિર્દોષ હોય છે. આ પ્રમાણે ભૂત કાળમાં તથા ભવિષ્ય કાળમાં અવિચ્છિન્ન સ્વભાવવાળું, દંભ રહિત અને વિશુદ્ધ-પ્રમાદાદિક દોષ વિનાનું સત્પુરુષોનું રહસ્ય વિજયી થાય છે.

## કુરુક્ષેત્રમાં સૂર્યપર્વ

એકવાર ઘણાંક ભાવિક યાત્રાળુ મનુષ્યોનો મોટો સંઘ જતો જોવામાં આવ્યો. જે અરણ્યમાં થઇને તે જતો હતો, તેની આસપાસ કોઈ પુણ્યક્ષેત્ર નજીકમાં ન હોવાથી સમજાતું નહોતું કે, તેઓ ક્યાં અને શાને માટે જાય છે? માર્ગમાં કેટલાક બ્રાહ્મણો પરસ્પર પૂછવા લાગ્યા કે, 'અહીંથી હવે કુરુક્ષેત્ર કેટલું દૂર હશે; અને આપણે બરાબર પર્વને સમયે ત્યાં પહોંચી શકીશું કે નહિ?' તેનાં વચન સાંભળીને તેઓમાંના એક વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું; 'હે ભાઈ! ચિન્તા કરવાનું કંઈ કારણ નથી. ક્ષેત્રમાં તો આપણે આજે સન્ધ્યાકાળે પહોંચીશું, ને સૂર્યપર્વ તો હજુ આવતી કાલે મધ્યાહ્ન પછી છે. પણ તે પૂર્વે આપણે પર્વ વેળાએ જે જે કરવાનું આવશ્યક કર્તવ્ય છે, તે તે ત્રાતની બરાબર તૈયારી કરી રાખવી જોઇએ.' એ સાંભળીને કેટલાકો પુનઃ પૂછવા લાગ્યા, 'પિતાજી! પર્વણીમાં કયી કયી ક્રિયાઓ આવશ્યક છે, તે અમને કૃપા

કરીને જણાવો.' પેલા વૃદ્ધે કહ્યું; 'સઘળી ક્રિયાઓ ને કર્મો, તેના કર્તાની સ્થિતિ ને શક્તિના પ્રમાણમાં કરવાનાં છે. મુખ્યત્વે કરી કરવાનાં કર્મ-પર દૃઢ શ્રદ્ધા–વિશ્વાસ તથા ઈશ્વરપરાયણતા હોવી જોઇએ. એજ કર્મ, કર્મ કરનારાઓને અત્યાવશ્યક ને ફલપ્રદાતા છે. સૂર્યગ્રહણનો જ્યારથી સ્પર્શ થાય ત્યારથી મુક્ત થવા સૂધીનો કાળ તે પર્વ અથવા પુણ્યકાળ ગણાય છે. તેટલા કાળમાં જે જે કર્મ (સત્ કિંવા અસત્કર્મ) કરવામાં આવે છે, તેનું ફળ અનન્તગણું થાય છે. માટે, તીર્થસ્નાન, ઈશ્વરાર્ચન, ધ્યાન, જપ, સ્મરણ, દાન, ઇત્યાદિ કર્મો, જે કેવળ ઈશ્વરપ્રીત્યર્થ જ કરવાનાં છે તે, તે પર્વ વેળા અવશ્ય કરવાનાં છે. ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે બીજાં સર્વ તીર્થો કરતાં કુરુક્ષેત્રને વિષે જો સૂર્યપર્વનો યોગ પ્રાપ્ત થાય તો તેમાં કરેલાં પુણ્યકર્મની ગણના થઈ શકે નહિ. એટલા જ માટે, ઘણે ઘણે દૂરથી શ્રદ્ધાળુ મનુષ્યો, મહાત્મા મુનિઓ, તપસ્વીઓ, યોગીઓ અને સાધુઓ, સૂર્યપર્વનો યોગ સાધવા માટે મહામહા કષ્ટ-સંકટ વેઠીને પણ કુરુક્ષેત્રમાં આવે છે. આવે પ્રસંગે જિજ્ઞાસુઓને અનાયાસે જ ઘણાક મહાત્માઓનાં દર્શનનો લાભ પણ મળે છે. આ સમયે પણ એવો લાભ મળવાનો સંભવ છે. વળી મારા સાંભળવામાં આવ્યું છે કે, કોઇએક મહાપુરુષ, કે જેણે ઘણાંક તીર્થો ઉપર લોકો-પકારાર્થ મોટા વિસ્તારવાળી ધર્મશાળાઓ, વિદ્યાશાળાઓ, વાવો, કૂવાઓ, ઘણા મોટા ખર્ચવાળાં અન્નસત્રો, સદાવ્રતો અને ભવ્ય દેવમન્દિરો, અપાર દ્રવ્ય ખર્ચી ખર્ચીને બંધાવ્યાં છે; ઘણાક અનાથ દરિદ્રીઓનાં દારિદ્રય દૂર કરી નાંખ્યાં છે; અસંખ્ય લોકોપકારનાં તથા ધર્મનાં કાર્યો ચાલુ કર્યાં છે. એવો મહાપુરુષ, આ પર્વ સમયે ત્યાં આવી સત્પાત્ર બ્રાહ્મણોને અસંખ્ય સુવર્ણનું દાન આપનાર છે. એથી ભિક્ષુકોની પણ ત્યાં ભારે ભીડ થશે.' પછી ગ્રહણ વેળાએ સ્ત્રી, પુરુષ, બાળ, વૃદ્ધ, આદિકથી શું થઈ શકે? શું ન થઈ શકે? ઈત્યાદિક ધર્મો સંબંધી વાતચિત કરતા કરતા, સૂર્યાસ્ત સમયે તેઓ, પવિત્ર એવા કુરુક્ષેત્રમાં જઈ પહોંચ્યા.

રાત્રિ વીતી. પ્રાતઃકાળ થયો. જેમ જેમ સૂર્યગ્રહણનો સમય સમીપ આવતો ગયો, તેમ તેમ અસંખ્ય મનુષ્યોની મેદિની, ચોમેરના પ્રદે-શોમાંથી આવી આવીને ત્યાં એકઠી થવા લાગી. ઘણાક ઋષિઓ, તપ-સ્વીઓ, સાધુઓ, મહાત્માઓ, બ્રાહ્મણો, રાજાઓ, વૈશ્યો, ધનાઢ્યો, ભિક્ષુકો અને શૂદ્રો; એમ સર્વ વર્ણનાં શ્રદ્ધાળુ સ્ત્રી પુરુષોના સમૂહો,

તીર્થસ્નાન કરવા માટે તત્પર થયા. સૌ, પર્વ સમયની વાટ જોતા તટપર બેઠા. જ્યોતિર્વિદો જ્યોતિઃશાસ્ત્રને આધારે રચેલા અનેક યંત્રો માંડી સૂર્યભણી ઘણી સૂક્ષ્મદૃષ્ટિથી જોઈ રહ્યા. કેટલાક પંડિતો ગ્રહણ એ શું છે, શાથી થાય છે ને તેનો સ્પર્શથી તે મુક્ત થવા સૂધીનો કાળ એટલો બધો પુણ્યપ્રદ શા માટે ગણ્યો હશે, ઇત્યાદિ વિષયની સપ્રમાણ વાતો કરી રહ્યા હતા. એટલામાં સૂર્યગ્રહણ થયું. યંત્રોદ્વારા જોઈ જ્યોતિષીઓએ ગ્રહસ્પર્શ થયો એવું જણાવ્યું. પ્રભુનાં પવિત્ર નામની મોટી જયગર્જના સાથે લોકો પોતપોતાનાં ઇષ્ટ કર્મો કરવા તત્પર થઈ ગયાં. સર્વ જનો તીર્થમાં ઉતર્યાં. વિધિયુક્ત સ્નાન થવા માંડ્યું. કેટલાકો જળમાં જપ કરવા લાગ્યા, કેટલાક બહાર નિકળી, વસ્ત્ર બદલીને એકાગ્ર મનથી ઈશ્વરસ્મરણ કરવા સારુ આસનોપર બેસી ગયા. આ વેળાએ એ મહાતીર્થપર અતિ ગમ્ભીર અને શાંતિરૂપ ઈશ્વરલીલા વિસ્તરી રહી હતી. ગ્રહણ મુક્ત થતાંજ સર્વ જનોએ પુનઃ મુક્તિસ્નાન કર્યું; અને ગ્રહણ વેળા સંકલ્પી રાખેલાં હિરણ્ય, વસ્ત્ર, અન્ન, ધેનુ આદિકનાં સત્પાત્ર બ્રાહ્મણોને વિધિવત્ દાન આપવા માંડ્યાં. આ વેળાએ, માર્ગમાં આવતાં જે યાત્રાળુ બ્રાહ્મણો, જે મહાત્મા દાનેશ્વરીના સંબંધમાં વાતો કરતા હતા, તે મહાપુરુષે પણ પોતાનો સંકલ્પી રાખેલો સુવર્ણરાશિ વિપ્રોને વહેંચવા માંડ્યો.

કુબેર ભંડારી જેવા એ પુરુષે, તે ક્ષેત્રપર મોટો ખર્ચ કરી એક ઘણો સુશોભિત મડપ બાંધ્યો હતો. તેમાં બ્રાહ્મણોને બોલાવી આસનપર બેસાડી વિધિવત્ પૂજન કરીને દાન આપતો હતો. એક બાજુ દાનમંડપ હતો, બીજી મેર ઘણી વિશાળ ભૂમિમાં સર્વ જ્ઞાતિના બ્રાહ્મણાદિક ભિક્ષુકોને માટે રસોડાં બાંધી, તેમાં અખૂટ પક્વાન્ન સામગ્રીઓ તૈયાર કરાવવા માંડી. આખી તીર્થભૂમિમાં નિમંત્રણ કરાવ્યું હતું, કે સર્વ યાત્રાવાસી જનોએ કૃપા કરી અવશ્ય આ પ્રભુ ભક્તને ઉતારે ભોજન કરવા પધારવું. એક તરફ મંડપમાંથી બ્રાહ્મણો, ઉપાડી શકે તેટલું સુવર્ણ લઈ, દાતા યજમાનને આશીર્વાદ દેતા અને જય જયકાર કરતા નિકળતા હતા; બીજી તરફથી સ્નાનશુદ્ધ બનીને ભોજનાર્થે રસોડા ભણી સેંકડો લોકો જતાં હતાં.

યાત્રાળુઓની ભીડ બીજે દિવસે ઓછી થવા માંડી. ઘણે દૂરના યાત્રાળુઓ, પુનઃ પુનઃ આ પુણ્યક્ષેત્રમાં ક્યાંથી આવી શકાશે એમ ધારી, કેટલાક દિવસ રહેવાનો ઠરાવ કરી, મુકામ નાંખીને પડ્યાં હતાં. એમાંનો ઘણો ભાગ બહુ બહુ દૂરનાં આશ્રમો, તીર્થો, ગુહાઓ વગેરેમાં વસનારા

ઋષ્યાદિક મહાત્માઓનો હતો. તેઓનું કર્તવ્ય, કેવળ ઈશ્વરસ્મરણ, તત્ત્વ-વિચાર, આત્મશોધન અને ભગવદ્ગુણવર્ણન શ્રવણાદિક જ હતું. તેઓમાંનું કોઈ ભોજન કરવાની કે દાન લેવાની દોડધામમાં દૃષ્ટિએ પડતું નહોતું.

સર્વ બ્રાહ્મણાદિક ભિક્ષુકોને ભોજન દાનાદિકથી સંતુષ્ટ કરી રહેલો તે દાનદક્ષ, ક્ષેત્રમાં ઠામેઠામ ને મુકામે મુકામ ફરી ફરીને, કોઈ સંત–અભ્યા-ગત–અન્નાર્થી–દ્રવ્યાર્થી–યાત્રાળુની શોધ કરવા લાગ્યો, કે કોઈ રહી ગયું તો નથી. એની પાસે અખૂટ દ્રવ્ય હતું. તેનો આવો સદુપયોગ કરવાની તેની કામના હતી. એ કામના સંપૂર્ણ કરી મોટી નામના થાય, એવી પણ તેની કામના હતી. તે માનતો હતો કે, આ કાર્યથી પરોપકારરૂપે અપાર પુણ્ય થાય છે અને તીર્થમાં ધર્માર્થે એકઠા થયેલા આવા અસંખ્ય જન-સમૂહમાંથી, ધર્મરાજના રાજસૂયયજ્ઞમાં જેમ શુકદેવજી આવી ચઢ્યા હતા, તેમ કોઈ એકાદ ભગવત્પ્રિય મહાત્મા આવી ચઢે, તો તેનાં દર્શનનો અલભ્ય લાભ પણ મળે ને મોટો વૈભવ આપી દે. તેનો આ બીજો મનોરથ હજી સૂધી ફલીભૂત થયો ન હોતો.

## મહાત્માનાં દર્શન

ક્ષેત્રમાં ફરતાં ફરતાં એક સ્થળે એક અશ્વત્થ વૃક્ષનાં મૂળ આગળ બેઠેલા એક વૃદ્ધ જટાધારી મનુષ્ય તેની દૃષ્ટિએ પડ્યા. તેની આકૃતિ વૃદ્ધ છતાં અતિ કાંતિમાન્, ભવ્ય અને તેજસ્વી હતી; પ્રભાવશ્રી ઝળહળી રહી હતી. તે અદ્વિતીય, પરમ તત્ત્વરૂપ, ક્રિયા રહિત, શાન્ત, નિર્દ્વેષી, નિરંજન જણાતા હતા; તે બંધ કે મોક્ષ રહિત જ હતા; જેમ નટ, વેશ ધારણ કર્યો હોય ત્યારે જૂદો જણાય છે ને તેના ત્યાગ પછી જૂદો જણાય છે, છતાં તે પુરુષ જ છે, તેમ આ મહાત્મા સિદ્ધ પુરુષ, જાણે સાક્ષાત્બ્રહ્મવેત્તા જ હોય તેવા છતાં, નૂતન વેશ ધારણ કરીને નટની પેઠે કોઇ કાર્ય કરવાને પધાર્યા હોય તેમ, ત્યાં આવીને બેઠેલા જણાતા હતા; તેમનું મુખ, કામના રહિત જણાતું હતું; તે શુભ કે અશુભ, સુખ કે દુઃખ, પ્રિય કે અપ્રિય, એ સર્વથી રહિત હતા; અસંગ હતા; આનંદમૂર્તિ હતા; અવિનાશી જેવા હતા–અવિનાશી જ હતા; ઉપાધિ રહિત હતા; તે સ્વતઃ એકલા જ હતા–તેની પાસે એક કમંડલુ અને વ્યાઘ્રાંબર વિના બીજું કશુંય નહોતું; આખે શરીરે તેણે વિભૂતિરૂપ વસ્ત્ર ધારણ કર્યાં હતાં; લજ્જા સંરક્ષણાર્થ વલ્કલની કૌપીન પહેરેલી હતી; દૃષ્ટિ પોતાની નાસિકાની અણીપર જોડી, કેવળ શાંતપણે સ્વસ્તિકાસનવડે,

બંને હાથ ઘુંટણુપર મૂકીને બેઠેલા હતા; મુખ બીડેલું હતું; પણ અંદરથી કંઠ પૂર ઝડપમાં હાલી રહેલો હતો—તેમાં કોઈ પ્રકારનો નિશ્ચિત ધ્વનિ થતો હતો.

એને જોઈ અતિ પૂજ્યભાવથી તે દાનદક્ષ કેટલીકવાર સુધી હાથ જોડીને ઉભો રહ્યો. પરંતુ તે જટાધારી વૃદ્ધ મહાપુરુષે ઉંચું જોયું નહિ. પછી છેક આગળ જઈ નીચા નમીને તેણે કહ્યું; "હે અવધૂત! હે યોગિન્! હે મહાપુરુષ! હું આપને પ્રણામ કરું છું; ક્ષણભર પ્રાર્થના કરવા ઇચ્છું છું." દાનદક્ષનાં તે વચન સાંભળીને તે મહાપુરુષે બહુ શાંતપણે ઉંચું જોયું; પછી ગંભીર વાણીથી આશીર્વાદ દઇને કહ્યું; "પ્રાર્થના કોના પ્રતિ કરી શકાય? પ્રાર્થના સાંભળીને પ્રાર્થેલું કરવાને જે સમર્થ છે, તેને જ પ્રાર્થના કરવી યોગ્ય છે. આ જીવ તો તેના અપાર વિસ્તારવાળા સામ્રાજ્યમાંનો એક રંક છે; માટે તેના યોગ્ય જે કંઈ કહેવાનું હોય તે ભલે કહે!" આવું વિલક્ષણ અને કેવળ અભિમાન રહિત ઉત્તર સાંભળી, વિસ્મય થયેલો એ દાનદક્ષ, પુનઃ હાથ જોડીને બોલ્યો; "મહારાજ! મારે પ્રાર્થના કરવાની એટલી જ છે કે, આપ કૃપા કરી, આ સેવકના સ્થાનપર ભોજન કરવા પધારો; અને શરીર સુખાર્થે વસ્ત્ર દ્રવ્યાદિક જે કંઈ કામના હોય તે માંગી લ્યો; પરમ ભાગ્ય સમજીને આ સેવક, આપની આગળ નમ્રતાથી આ પ્રાર્થના નિવેદન કરવા તત્પર ઉભો છે." એના ઉત્તરમાં તે દિગંબરે કહ્યું; "હે ધર્મવીર! તું શું બોલ્યો? તું મહારાજ કોને કહે છે? મહારાજ કોણ છે રે? જે મહારાજ હોય તેને શી ન્યૂનતા હોય કે જેથી બીજા કોઇની પાસેથી અન્નવસ્ત્રાદિકની ઇચ્છા રાખે? મહારાજ તો તેને જ જાણ, કે મારા, તારા, રંકથી તે રાય ને કીડીથી તે કુંજરાદિ સર્વ પ્રાણીના, સર્વ જગતના, તેમ જ એવાં અસંખ્ય જગત્ જેમાં સમાયલાં છે એવા આખા વિશ્વના ઉપર, જેની પ્રબળ સત્તા વ્યાપી રહેલી છે. હું તો તે મહારાજના અનંત રાજ્યમાંનો એક નિકૃષ્ટ રંક છું. રંકની સ્થિતિ પણ રંક જ! રંક જન ઘણી મોટી ઉપાધિને કેમ ઉપાડી શકે?" આવું ગૂઢ ઉત્તર સાંભળીને બહુ વિચારમાં પડી ગયેલો તે દાનશૂર પુનઃ બોલ્યો; "હે મહાત્મન્! હું મૂર્ખ પામર પ્રાણી, આપનાં આ ગૂઢ ભાષણને ક્યાંથી સમજી શકું? પણ એટલું તો મેં અવશ્ય જાણી લીધું છે, કે આપ કોઈ શરણાગતનું કલ્યાણ કરનાર મહાપુરુષ છો; અને તેથી આપનાં આવાં અલભ્ય દર્શન પામી, હું મહાભાગ્યવાન્

છું. હે મહાત્મન્! આ પાવનતીર્થને વિષે મારી પાસથી અન્નપાનાદિકનો પણ સ્વીકાર કરીને મને વધારે ભાગ્યશાળી કરો!" એના ઉત્તરમાં દિગંબર બોલ્યા; "જળાશયમાં જઇને વૃથા જળ રેડવા કરતાં વૃક્ષના મૂળમાં રેડ! ગંગામાં ગંગાજળ રેડ્યા કરતાં, વિષથી ભરપૂર દેહને, તે જળનું સિંચન કરી, પાવન ને અમર કર! તૃષિતને જળ પાવું, એ જળનો સદુપયોગ છે. ભોજનથી તૃપ્ત થયેલાને જમવાનો આગ્રહ કરવા કરતાં એક ગ્રાસ પણ કોઈ ક્ષુધિતને જમાડવામાં આવે તો તે ભોજનનો સદુપયોગ! જમેલાને જમાડવાનો તું શા માટે આગ્રહ કરે છે?" દાનદક્ષ બોલ્યો; "હે મહાપુરુષ! આપ ક્યારે અને ક્યાં જમ્યા છો? હમણાં જો ભોજનની ઇચ્છા ન હોય તો, આપને જ્યારે, ક્ષુધા બાધ કરે ત્યારે ભોજન સારુ પધારો! આજ્ઞા કરો ત્યારે ભોજન સામગ્રી અહીં લઈ આવું." દિગંબરે ઉત્તર દીધું; "ભાઈ શું કહું? પૂર્વે ઘણાક કાળ હું જમી જમીને થાક્યો, પણ અનિવાર્ય ક્ષુધા દિન દિન પ્રતિ વધારે જ પ્રબળ થતી ગઈ. અંતે તે મહારાજે મને રંકને પરમ કૃપા કરીને પોતાના એક પ્રિય સેવકદ્વારા અમૃતભોજન જમાડ્યું, અને મારી ક્ષુધા તત્ક્ષણે, સદાને માટે શાંત થઈ ગઈ છે! હવે મને ભોજનની જરાએ અપેક્ષા નથી." આવું ચમત્કૃતિ ભરેલું ભાષણ સાંભળી, ચકિત થયેલો તે દાનદક્ષ, પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, અવશ્ય આ કોઈ ખરો ભગવત્પ્રિય મહાત્મા છે-રે પરમ યોગી અને સદ્ગુરુ પદવીને યોગ્ય પુરુષ છે. આવો પુરુષ જેને ત્યાં એક ગ્રાસ પણ અન્ન જમે, તેને સહસ્રાવધિ બ્રહ્મભોજનનું ફળ પ્રાપ્ત થાય; પણ ભાગ્ય ક્યાંથી કે એ મારું નિમંત્રણ સ્વીકારે! આવા વિચારથી તેણે પુનઃ આગ્રહપૂર્વક પ્રાર્થના કરવા માંડી; ત્યારે તે દિગંબરે તેને કહ્યું; "ભાઈ! તારી એવી પ્રબલ જ ઇચ્છા હોય તો મને જમાડવા કરતાં, જેની ક્ષુધા અતિશય વૃદ્ધિ પામીને મહા ત્રાસ ઉપજાવે એવી છે, એવી પેલી ભિક્ષુકીને જમાડ. એ બિચારી ભોજનની ઇચ્છાથી જ સર્વત્ર ભટક્યા કરે છે."

## આશા ભિક્ષુકીનું આખ્યાન

તે મહાત્માના કહેવા પ્રમાણે સામેના માર્ગપર દૃષ્ટિ કરતાં તે તરફથી એક સ્ત્રી આવતી દાનદક્ષની દૃષ્ટિએ પડી. દૂરથી તે કોમળ, મોહક અને સુંદર શરીરવાળી હતી. પણ તે સ્ત્રી નજીકમાં આવી, ત્યારે બહુ દયામણી અવસ્થામાં આવી પડેલી હોય તેવી જણાઇ. તીવ્ર ક્ષુધાને

લીધે તેનું શરીર ઘણું જ કૃશ થઈ ગયું હતું, આંખો ઊંડી જતી રહી હતી, પેટ વાંસા સાથે ચોંટી બેઠું હતું, ડાચાં મળી ગયાં હતાં, મુખેથી જેમ તેમ કરતાં બોલી શકતી હતી,—તે પણ માત્ર 'હું–ભૂ–ખી–છું–રે–બહુ–ભૂ–ખી છું, કૃપા કરી કોઈ ખવરાવો,' એટલું જ બોલી શકતી હતી. મહાત્માની આજ્ઞા થઈ હતી, અને એ સ્ત્રીની પણ સ્થિતિ ખરેખરી તેવી જ દયાજનક હતી, તેથી તે દાનશૂર તત્કાળ મહાત્માને વન્દન કરીને ઉભો થયો, અને તે ભીખારણ પ્રતિ દૃષ્ટિ કરીને બોલ્યો; "બાઈ! તું મારી સાથે ચાલ, મારે ઉતારે હું તને યથેચ્છ ભોજન કરાવીશ." તે સાંભળી તે મહાત્માએ કહ્યું; ઓ ધર્મકર્મ વીર! જ્યારે તારી ઇચ્છા એને જમાડવાની જ છે, ત્યારે પછી તેની સ્થિતિ તો તું જોઈ રહ્યો છે, કે ક્ષુધાતુરતાથી તેનામાં ચાલવાની પણ શક્તિ રહી નથી, તો પછી તારે ઉતારે કેમ આવી શકે ? તું પોતે જ જઇને ભોજન અહીં લઈ આવ." એ સાંભળી 'તથાસ્તુ' કહીને તે સ્ત્રીને ત્યાં જ બેસવાનું જણાવી દાન-દક્ષ, તત્કાળ પોતાના મુકામ તરફ ચાલ્યો અને પોતાના રસોડામાં અપાર અન્ન રન્ધાઈ રહ્યાં હતાં, તેમાંથી સર્વ પ્રકારની પકવાન્નાદિક સામગ્રી, બે સેવકો પાસે ઉપડાવી, થોડીક વારમાં ત્યાં લઈ આવ્યો અને તત્કાળ તે ક્ષુધિત સ્ત્રીની આગળ મૂકી દીધી. તે સામગ્રી જોઇને તે સ્ત્રી બોલી; 'ભાઈ, હું તો જમીશ નહિ.' દાનશૂરે પૂછ્યું; 'શા માટે ? શું એમાં કોઈ જાતની આભડછીટ થઈ છે? એવી કશી શંકાનું કારણ નથી; કેમકે હું જાતે જઇને શુદ્ધપણે તે ઉપડાવી લાવ્યો છું–લાવનારા આ બંને, સ્નાન કરી શુદ્ધ થયેલા બ્રાહ્મણો છે.' તે ભીખારણ બોલી; 'એવું કંઈ કારણ નથી; પણ હું તો ઘણી ભૂખાળવી ભીખારણ છું, માટે આટલી સામગ્રીથી મારી તૃપ્તિ થશે નહિ. મારે તો પુષ્કળ આહાર જોઇશે. મને પેટપૂર જમાડવાની જો તારી ઇચ્છા હોય તો જ હું જમું. સાંભળ; મારી ક્ષુધા અતિ પ્રબળ છે. અત્યાર સૂધી મેં જેમ તેમ કરીને દબાવી રાખી છે, પણ જ્યારે હું આહાર કરવા માંડીશ, ત્યારે તે શાંત થવાને બદલે બહુ જ પ્રજ્જ્વલિત થાય છે.' દાનશૂર બોલ્યો, 'કંઈ ચિન્તા નહિ. તું નિશ્ચિન્તપણે જમવા બેસ; તારે જોઇયે તેટલી ભોજન સામગ્રી હું અહીં તારી આગળ જ બેઠા બેઠા આ બ્રાહ્મણોપાસે મંગાવી આપીશ.' તે ભીખારણે કહ્યું; 'હે અન્નદાતા! હમણાંજ એ બ્રાહ્મણોને બીજું અન્ન લેવા મોકલ, કે જેથી હું જમી ન રહું, તે પહેલાં તેઓ લઈને આવી પહોંચે. મારી

આગળ પીરસેલું જમી રહું, તેટલામાં જો બીજું અન્ન આવી પહોંચશે નહિ, તો મારાથી ધીરજ ધરી શકાશે નહિ–જોતજોતામાં મારી સ્થિતિ ક્ષુધાપીડાને લીધે અત્યંત દુઃખદાયી થઈ પડશે. માટે સાંભળ, મને જમાડતાં વિલંબ થશે તો, મારામાં જે મોટામાં મોટો દુર્ગુણ છે, તે આટલો જ છે કે, મને જમાડનારને જ હું ખાઈ જાઉં છું. આ સરતનો સ્વીકાર હોય તો જ હું જમીશ.' તે ભીખારણનાં એવાં વચન સાંભળી દાનદક્ષ બહુ આશ્ચર્ય પામ્યો. ચાર મનુષ્ય તૃપ્ત થાય, એટલું અન્ન તો તે સ્ત્રી આગળ મૂકેલું હતું; છતાં હજી તે બીજું પૂર્વથી મંગાવી રાખવાનું કહે છે, ને તે પણ ખાઈ જવાની ઇચ્છા રાખે છેઃ જાણે મારી પાસે અન્નનો ટોટો હોય તેમ, મને ખાઈ જવા કહે છે; એ કેવું કૌતક! પણ 'ભૂખ્યો જાણે હું ધરાઈશ નહિ, ને ધરાયો જાણે હુ ખાઈશ નહિ.' એ કહેતી પ્રમાણે, એ અતિશય ભૂખી હોવાથી જ આમ બોલે છે! ખાઈ ખાઇને એ કેટલુંક ખાશે? આવું ધારીને તે દાનવીર હસવા લાગ્યો. તોપણ તે સ્ત્રીના મનના સમાધાનાર્થે તેણે તે બ્રાહ્મણોને બીજું અન્ન લેવાને મોકલ્યા અને અહીં તેને જમવા બેસાડી.

ભીખારણે તત્ક્ષણે ભોજનપાત્ર પોતાની પાસે ખેંચી લીધું અને મોટા મોટા ગ્રાસથી પેટમાં એવું ઓરવા માંડ્યું કે, પેલા બ્રાહ્મણો તો હજુ રસોડાં સૂધી પહોંચ્યા નથી, તેટલામાં તો પાત્રમાંનું સઘળું અન્ન તે સ્વાહા કરી ગઈ અને પછી દાનદક્ષની સામે અત્યાતુરતાથી જોવા લાગી! તે બોલી, 'અલ્યા એ મૂઢ! હું તને નહોતી કહેતી, કે મારે આટલે અન્ને ચાલશે નહિ; લાવ, લાવ, અરેરે! મારી ક્ષુધા મને બહુ પીડે છે; હવે મારાથી રહેવાતું નથી, ખવાડ, જમાડ, તૃપ્ત કર! જ્યાંસૂધી હું ભૂખી હતી, ત્યાંસૂધી કંઇક ઠીક હતું; પણ હવે તો મારા પેટમાં દાહ થવા લાગ્યો છે. હવે જો અન્ન આવતાં વિલંબ થશે તો તે મારાથી સહન થઈ શકશે નહિ.' પણ એટલામાં દાનદક્ષના સેવકો અન્ન લઇને આવ્યા. લાવેલું ભોજન ભાણામાં પીરસાવતાં જ તેણે પુનઃ તેઓને આજ્ઞા કરી કે; 'રે, જાઓ દોડો! ઉતાવળા જાઓ! આ કરતાં પણ વધારે અન્ન લઇને સત્વર પાછા આવો.' વળી સેવકો અન્ન લઇને પાછા વળ્યા નહોતા, એટલામાં તો અહીં સઘળું સ્વાહા થઈ ગયું!! આ જોઇને અત્યાશ્ચર્ય પામેલા દાનદક્ષે સેવકોને આજ્ઞા કરી કે; "સેવકો બીજા પચાસ મનુષ્યોની પાસે, તેમનાથી ઉપડાય, તેટલું અન્ન ઉપડાવીને જલદી અહીં

લાવો." સેવકોએ ધણીની આજ્ઞાનુસાર ક્ષણવારમાં પકવાન્નનો ઢગલો કરી દીધો; અને દાનદક્ષે તે સ્ત્રીને કહ્યું; "કેમ બાઈ! હવે તો તૃપ્ત થઇશ કે નહિ?" તે બોલી; "અરે ભાઈ! તૃપ્ત થવાનું શું પૂછે છે? વિલંબ ન કરતાં આ સેવકોને પાછા મોકલ ને વગર અટકે બીજું અન્ન મંગાવ; કેમકે ભોજન કરવાથી મારી ભૂખ ઉઘડી છે; હવે તે મારા સ્વાધીનમાં રહેવી બહુ જ દુષ્કર છે!" એટલું કહીને તે પાછી પેટમાં હોમવા મંડી પડી; અને જોતજોતામાં લાવેલું સર્વાન્ન સ્વાહા કરી ગઈ! એ જોઈ દાનદક્ષ આશ્ચર્યથી ચમકી ઉઠ્યો. તે ચિન્તા કરવા લાગ્યો કે, હવે તે આની ભૂખ કેમ ઓલવાશે અને શું થશે? પણ એટલામાં ઘણાક સેવકો અન્નના ટોપલે ટોપલા ઊચકીને આવ્યા, અને ઉપરાઉપરી પેલી ભિખારણને પીરસવા લાગ્યા. ભિક્ષુકી પણ બીજી બાજુથી સપાટાબંધ પેટમાં ઓરવા લાગી. એકમેરથી થોકબંધ અન્ન આવે છે, બીજી મેરથી દાનદક્ષની આજ્ઞાથી નવું અન્ન જથાબંધ રંધાતું જાય છે, અને રંધાતાં વાર લાગે છે, પણ તેને સ્વાહા કરતાં વિલંબ થતો નથી!

થોડાક સમયમાં રસોડામાંનું રાંધેલું અને રાંધવા માટે તૈયાર રાખેલું સર્વ અન્ન સમાપ્ત થઈ ગયું; અને સેવકોએ આવી દાનદક્ષને દીનતાથી કહ્યું કે; "મહારાજ! આપ તો 'અન્ન લાવો, અન્ન લાવો' એવી આજ્ઞા જ કર્યા જાઓ છો, પરંતુ હવે અન્ન છે ક્યાં કે લાવીએ? રાંધનારાઓ પણ થાક્યા, લાવનારા પણ થાક્યા, ને અન્ન પણ ખૂટી ગયું! ભંડારમાં જે સીધાં તૈયાર કરી રાખેલાં હતાં, તે પણ સઘળાં રંધાઈને અહીં આવી ગયાં છે; કોઠારમાં કે રસોડામાં અન્નનો દાણો સરખો પણ નથી. રહ્યા સહ્યા કોઈ બિચારા ગરીબ ભિક્ષુકો અન્નાર્થે આવે છે, તેઓ પણ તદ્દન નિઃશ્વાસ નાંખીને વિમુખ જાય છે. રે મહારાજ! જુઓ તો ખરા, આ રાક્ષસી તો હજુ લાવો લાવો જ કર્યા કરે છે. એ કૃત્યા અનેક ગરીબોને રડાવે છે! એ ભીખારડી કોણ છે ને ક્યાંથી આવી છે?" સેવકનું એ બોલવું સાંભળી દાનદક્ષે કહ્યું; "ભાઇઓ! ગમે તેમ થાય, પણ જેને નિમંત્રણ દઇને જમવા બેસાડવું, તેને ભૂખ્યું કેમ રખાય? તમારામાંથી થોડાક શહેરમાં જાઓ અને જે ખર્ચ થાય, તે આપીને મળે તેટલું સીધું લાવી, રસોડામાં રાંધવું શરુ કરો. બીજા ભિક્ષુકોને પણ વિમુખ જવા દેશો નહિ, તેમ અહીં આ ભિક્ષુકીને પણ જોઇએ તેટલું મોકલાવ્યા કરો."

આજ્ઞા થતાં જ, સેંકડો સેવકો દોડ્યા. આખા શહેરમાં અને આસપાસનાં ગામોમાં, ઘરેઘર ને હાટેહાટ ફરી વળ્યા; અને જ્યાંથી જેટલું મળ્યું તેટલું લીધું, બમણા ત્રમણા દામ આપીને લઈ આવ્યા. સોડું ચાલતું થયું. આટો, ઘી, ખાંડ, ગોળ, સાકર અને બીજાં સર્વ પ્રકારનાં શાક પાકાદિકનાં સાહિત્યના, બાજુપર મોટા ડુંગરો કરી દીધા. પછી સેવકો મોટા ટોપલા ભરી ભરીને પેલી ભિક્ષુકી આગળ જળના રેલા માફક, તે અન્ન રેડવા લાગ્યા. આખા દેશને જમવાને નિમંત્રણ કરયું હોય, તોપણ જેટલું ન જોઇએ, તેટલું અન્ન ખાઈ જવા છતાં હજુ પણ તે ભીખારણ લાવો લાવો જ કરવા લાગી. જેટલું પીરસવામાં આવ્યું, તે સર્વ તે સ્વાહા જ કરી ગઈ! એ કેટલું બધું આશ્ચર્ય છે કે, હજી તેનું પેટ જરા પણ ભરેલું જણાતું નહોતું. આવી અદ્ભુતતા જાણી તેને જોવાને ઘણાંક મનુષ્યોની ત્યાં મેદની ભેગી થઈ. પણ તે ભીખારણનો અતિ આહાર જોઈ, દાનદક્ષ મોટી ચિન્તામાં પડ્યો કે, 'હવે કેમ થશે? આસપાસનાં ગામડાંઓમાંનું પણ સઘળું અન્ન કોઠારમાં આવી ગયું છે ને તેમાંથી પણ અડધું તો તે ખાઈ ગઈ છે, તો હવે બાકીનું ખાતાં શી વાર! અરે! આ કૃત્યારૂપ કોણ છે? હું તો જાણતો હતો કે, એ કોઈ ગરીબ ભિક્ષુકી હશે, તે ખાઈ ખાઇને કેટલુંક ખાશે? પણ એણે તો આડો આંક વાળ્યો! નિશ્ચય, આ કોઈ સાધારણ ભિખારણ નથી, પણ કોઈ અદ્ભુત કારણરૂપ કૃત્યા જણાય છે; કેમકે આ અપાર અન્ન ખાધું, તોપણ એનું પેટ જરાએ ઊંચું આવ્યું નથી. હજુ તો એ જેવી ને તેવી જ દકાળવી જણાય છે ને મૌવડીપેરે બે હાથે પેટમાં ઓરે છે અને આગળ કરતાં પણ વધારે ભૂખી દેખાય છે! હર હર! કોણ જાણે હવે શું થશે! લજ્જા કેમ રહેશે?' આવા વિચારમાં દિગ્મૂઢ થઈ ગયેલા દાનશૂરે, અધીર થઈ જઇને તેને પૂછ્યું; "બાઈ! આવી પ્રચંડ ક્ષુધા-વાળી તું કોણ છે? શું તું ક્ષુધા દેવી—જઠરાગ્નિની દેવતા છે કે સર્વનો નાશ કરનારી મૃત્યુની દેવતા છે?"

## ભીખારણનું કુટુંબ

દાનશૂર એ પ્રમાણે પ્રશ્ન કરે છે, એટલામાં તો નાનાં મોટાં પાંચ બાળકો, જે માર્ગેથી ભીખારણ આવી હતી, તે માર્ગેથી જ દોડી આવ્યાં અને "મા, મા, તું નિર્દય અમને બાળકોને ભૂખ્યાં મૂકીને એકલી અહીં આવીને ખાવા બેસી ગઈ કે?" એમ કહેતાં તેની પાસે આવી

તેનાં ભેગાં બેસીને તેઓ પણ ચડપોચડપ ખાવા મંડી પડ્યાં. હવે તો પૂછવું જ શું? ભીખારણ એકલીએ આટલો મોટો ઘાણ વાળ્યો હતો, તો તેના સરખાં હવે બીજાં પાંચ ભેગાં થયાં! તેમના આહારમાં કમીના શી હોય! છોકરાંઓનાં શરીરપર હાથ ફેરવી, રાજી થઈને તે ભીખારણ બોલી; "હે ભોજનદાતા! હવે અન્ન માટે વિલંબ ન થાય તેની તજવીજ કર, અને ઝટ પીરસાવ, એટલે હું કોણ છું તે તને કહું." આગળ કરતાં ચોગણું અન્ન લાવી લાવીને સેવકો પીરસતા હતા, પણ ભાણામાં જાણે પીરસાયું જ ન હોય, તેમ જોતજોતામાં સઘળું ચટ થઈ જતું હતું. ખૂબ ખાધા પછી, ભીખારણ કિંચિત્ અવકાશ લઈને બોલી; "હે ભોજનદાતા! હું કોઈ પણ ઠેકાણેથી તૃપ્તિ નહિ પામેલી એવી બહુ ભૂખાળવી અને ભૂખ પૂરી કરવા માટે દેશે દેશ, ગામે ગામ, મનુષ્યે મનુષ્ય અને લોકે લોકમાં ભટકનારી ભિક્ષુકી છું. મારું નામ આશાભિક્ષુકી છે. હું વારંવાર મોટમોટા દેવો, દનુજો, મુનિઓ, તપસ્વીઓ, મહારાજાઓ, રાજાઓ, કંગાલ તથા ધનાઢ્યોની આગળ ભટક્યા કરું છું, પણ મારી ક્ષુધા કોઈ તૃપ્ત કરી શકતું નથી. હું ઘણાક કાળથી જેવી ને તેવી જ ભુખાળવી–દકાળવી–મૌવડી રહેલી છું. મને તૃપ્ત કરવાને કોઈ પ્રયત્ન કરે છે, તો તે અંતે થાકી જાય છે; કેમકે હું જેમ જેમ ખાતી જાઉં છું, તેમ તેમ મારી ક્ષુધા શાંત થવાને બદલે ઉલટી વિશેષ પ્રદીપ્ત થતી જાય છે. તે દિવસમાં જેટલી વધે છે, તેનાથી વધારે તીવ્ર થઇને પ્રહરમાં વધે છે ને તેનાથી વધારે તીવ્ર થઈ ઘડીમાં વધે છે; ઘડીથી વધારે તીવ્ર થઈ પળમાં વધે છે; પળથી વધારે તીવ્ર થઈ વિપળમાં વધે છે ને વિપળમાં વધે છે તેનાથી વિશેષ તીવ્ર થઈ નિમેષમાં વધે છે. એવી મારી ક્ષુધા છે. એમ છતાં પણ જેઓ મને પોષવાનો જ પ્રયત્ન ચાલુ રાખે છે, તેઓ અંતે મારા પોષણમાં નિર્બળ થઈ પડવાથી, હું દુષ્ટા સ્વતઃ તેનો જ ભક્ષ કરી જાઉં છું! અત્યંત વધી પડેલી ક્ષુધાને લીધે, મારાથી તેમ કર્યા વિના રહેવાતું નથી. હું ભિક્ષુકી છતાં મારાપર દયા કરીને મારું પોષણ કરવા તત્પર થયેલા ઘણા જનોને આજ સૂધીમાં હું ખાઈ ગઈ છું. એમ કરવાથી મને પાપ લાગતું નથી, કેમકે પ્રભુએ મને તેવી જ સરજી છે. આ પછવાડેથી આવેલાં બાળકો મારી જ પ્રિય પ્રજા છે. આ લોભલાલ, આ કામશંકર ને આ મોહસિંહ છે. એ ત્રણ મારા પુત્રો છે. આ તૃષ્ણાગવરી ને લોલૂપતા બ્હેન, એ બે મારી

પુત્રીઓ છે. એ વિના બીજી પ્રજા પણ મારે છે, જે અહીં આવી નથી. હવે હું કુટુંબસહ થઈ છું, માટે મારે ઘણું ખાવાનું જોઇશે; તેની તું જેમ અને તેમ તૈયારી કરાવ, નહિ તો મારી ક્ષુધા મટશે નહિ તો હું તને જ ખાઈ જઇશ ! !" એટલું કહીને તે પાછી શિરાવવા મંડી પડી.

થોડીકવાર પછી સેવકોએ આવી દાનદક્ષને જણાવ્યું કે; "મહારાજ! હવે સર્વ અન્ન પૂરું થઈ જવા આવ્યું છે, અને બીજું આટલામાં મળી શકે તેમ નથીઃ જેટલું હતું તેટલું છેલવેલ્લું લાવીને તેના ભાણામાં પીરસીએ છીએ; અને હવે એક જ ઘાણ બાકી છે, તે રંધાઈ રહ્યા પછી લાવીશું; પણ તે લાવીશું, એટલે પછવાડે એક તિલ માત્ર પણ અન્ન રહેશે નહિ." આ સાંભળીને દાનદક્ષ મોટી ચિંતામાં પડ્યો કે, હવે કરવું શું? આ તો મને કોઈ મહા દુસ્તર પીડા આવી વળગી. અન્ન ખૂટ્યું છે ને આની ભૂખ ભડકી છે! એણે કહ્યું તે જ પ્રમાણે હોય તો પછી શ્રે મારું હવે આવી જ બન્યુંઃ એ હવે મને જીવતો મૂકશે નહિ. આવા ભયંકર વિચારોમાં તે લીન થઈ ગયો હતો, એટલામાં સેવકો છેલ્લો ઘાણ લૂહીલાહીને ત્યાં લઈ આવ્યા અને ભીખારણના ભાણામાં પીરસી દીધો! હવે દાનદક્ષની ચિન્તાનો પાર રહ્યો નહિ. જો કે તેની પાસે દ્રવ્યની ખોટ નહોતી, ઇચ્છામાં આવે તેટલું દ્રવ્ય તે ખર્ચી શકવાને સમર્થ હતો, તેમ તેનું અંતઃકરણ પણ તે જ પ્રમાણે પરમ ઉદાર હતું; પરંતુ એક મોટી અડચણ હતી તે એ જ હતી કે, આસપાસના ગામોમાં જરાએ અન્ન નહતું–સઘળેથી અન્ન આણ્યું હતું ;તેથી ખૂટી ગયું હતું. દૂર દેશથી અન્ન આવે ક્યારે, રંધાય ક્યારે અને ભિક્ષુકીને પીરસાય ક્યારે, કે તેની ક્ષુધા શાંત થાય? અધુરામાં પૂરું, રાત દિવસ કામ કરવાને લીધે તેણે નિયત કરેલા સેવકો પણ તદ્દન થાકી ગયા હતા.

થોડીક પળમાં પીરસેલું અન્ન પણ ઓહિયાં કરી જઇને તે ભિક્ષુકીએ ઊંચું જોયું. મ્હોટું બગાસુ ખાધું, જે જોઈ દાનદક્ષ ચમક્યો! પછી તે દાનદક્ષને ક્હેવા લાગી, "હે ભોજનદાતા! કૃપા કરી અન્ન લાવ; આ મારાં છોકરાં ભૂખે ટળવળે છે ને હું પણ હવે વધારે સમય ક્ષુધા સહન કરી શકું તેમ નથી." દાનદક્ષ બોલ્યો; "બાઈ! હવે તો ક્ષમા કર. હજી પણ તારી તીવ્રતર ક્ષુધા જો શાંત થઈ ન હોય તો થોડીકવાર બેસ, કે જેથી અન્નાદિક સામગ્રી દૂર ગ્રામાંતરથી મંગાવીને એકઠી કરી શકાય અને તારે માટે રંધાવી શકાય, જરા શાંત થા. મારા સેવકોને મોકલું છું." એ

સાંભળતાં જ મહા વિકરાળ થઈ જઇને તે ભીખારણ બોલી; “હે! અલ્યા હે! શાંતિ કેવી ને અવકાશ શો? મેં તને પ્રથમ જ નહોતું કહ્યું કે, “તું મને તૃપ્ત કરી શકે તો જ જમાડજે. અરે ત્રાહિ! ત્રાહિ! ત્વરા કર! ત્વરા કર! હવે મારાથી રહી શકાતું નથી; મારા પેટમાં લાહ્ય લાગી છે ને આ મારાં બાળકોની પણ એ જ દશા થઈ પડી છે. ત્વરા કર, ત્વરા કર, સત્વર અન્ન પીરસ, નહિ તો મારો સ્વભાવ મારા વશમાં રહે તેમ નથી! મારી પ્રતિજ્ઞા પ્રમાણે હું તારો જ આહાર કરીશ!” એમ કહેતાં કહેતાં તો તેનું શરીર અતિશય ઊંચું, ને બહુ જ વિકરાળ બની ગયું. તેની આકૃતિ ભયંકર ભાસવા માંડી. માથાના કેશ સિંહની કેશવાળીની પેઠે ઊભા થઈ ગયા, વિકરાળ હંતૂશળ સરખી દાઢો અને વિજળી સરખી જીભ, મ્હોંની બહાર નિકળી આવી અને તે મોટા આવેશથી એકાએક ઊભી થઈ, મ્હોં ફાડીને ‘ખાઉં ખાઉં’ એવા શબ્દો ઉચ્ચારવા તથા પેટ કુટવા લાગી. એ સાથે તેનાં બાળકોં પણ મોટાં પ્રૌઢ શરીરવાળાં બની જઈ, મોંઢાં ફાડી ફાડીને “ખાઉં ખાઉં” કરતાં આમ તેમ દાનદક્ષની ચારેમેર દોડવા લાગ્યાં. અતિ ભય પામેલાં અને જીવિતની પણ શંકામાં આવી પડેલાં સર્વ મનુષ્યો તથા દાનદક્ષના સેવકાદિકો નાસાનાસ કરવા લાગ્યાં. અતિ ક્રૂર અને વિકરાળ બની ગયેલી તે આશા ભીખારણ, મોટા આવેશથી, ભયંકર મુખ ફાડીને, દાનદક્ષની સામે ધસી ગઈ! એટલે તે બિચારો મોટી બૂમ પાડી જીવ લઇને નાઠો. અહો! સજ્જનને શી વિપદ્! શી દૈવગતિ!

आशैव राक्षसी पुंसामाशैव विषवल्लरी ।
आशैव जीर्णमदिरा धिगाशा सर्वदोषभूः ॥

અર્થ—આશા એ પુરૂષોને રાક્ષસી સમાન, વિષની વેલી સમાન તથા જીર્ણ મદિરા સમાન છે. સર્વ દોષોની ભૂમિરૂપ એ આશાને ધિક્કાર પડો.

આશા—તૃષ્ણાના દાસોની એ જ ગતિ છે. પરમાર્થવીર દાનદક્ષની વૈરણ થઇને તે ભીખારણ તેનો જ આહાર કરવાને, તેની પાછળ પડી.

પોતાનાં બાળકો સહિત પ્રચંડ ભુખાળવી, જેમ જેમ આહાર કરે, તેમ તેમ વધારે આહારની ઇચ્છાવાળી ભીખારણ આશા, દાનશૂરની પછવાડે દોડી. તેનાથી કોઈ પણ રીતે છૂટવાને અર્થે તે વીર, ક્ષેત્રવાસી લોકોના સમૂહમાં જઇને ભરાયો. ત્યાં પણ તે જઈ પહોંચી અને તેની સાથે બીજા સર્વને પણ ભક્ષણ કરી જવાનો ભય આપવા માંડી.

લોકોએ ભય પામીને, त्यजेदेकं कुलस्यार्थे (એક જણને માટે આખા કુળનો નાશ થતો હોય તો તે એકનો ત્યાગ કરવો) એ ન્યાયથી, દાનદક્ષનો ત્યાગ કર્યો; કેમકે તેઓ સર્વ મળીને પણ તે રાક્ષસીનું નિવારણ કરી શકે તેમ નહોતું. તે બૂમ પાડીને ક્હેતી હતી કે; “રે, રે! ઓ આશાવંતા! તું નાસભાગ શાને કરે છે? તું જઈ જઈને કેટલેક જઈશ! સ્વર્ગમાં વા પાતાળમાં જઈને સંતાઈશ, તોપણ હું તને છોડીશ નહિ! કેમકે સર્વ લોકમાં મારી નિર્ભયપણે ગતિ છેઃ સર્વ લોક મને સારી પેઠે જાણે છે. શાસ્ત્રોમાં ને પુરાણોમાં પણ હું પ્રસિદ્ધ છું. જેને જેને મારી સાથે પ્રસંગ પડ્યો છે, તેઓ તો મારું નામ પણ લેતા નથી; ઉલટું મારે નામે ત્રાહિ ત્રાહિ પોકાર કરે છે. તું દીન–એક ક્ષુલ્લક પ્રાણી–ક્યાં જવાનો છે? અરે! ઓ ઉભો રહે, ઉભો રહે! મને એક છેલ્લો કોળિયો ભરવા દે.” તેનું આવું બોલવું સાંભળીને મહાભય પામેલો તે દાનશૂર, કેવળ સ્તબ્ધ બની ગયો; અને ક્યાં જવું? શું કરવું? એને માટે મોટા વિમાસણમાં પડ્યો. લોકો પરસ્પર ક્હેવા લાગ્યા કે; “જોયું! ગુણના ભાઈ દોષ! ધર્મ કરતાં ધાડ! દયા ડાકણ થઈ પીડે છે, ને તેના કરનારને જ ખાય છે, તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત! આ બિચારો પુણ્યાત્મા અને 'પવિત્ર બ્રાહ્મણ, તે દુષ્ટા ભીખારણને ભૂખી જાણીને ખવરાવવા માંડ્યો, તેનું આ ફળ! જોયું! અરે એ રાંડે ખાધું છે પણ કેટલું! આખા દેશનું અન્ન એ રંડા એકલી જ ખાઈ ગઈ! હર! હર! અને હજુ પણ ભૂખી હોવાથી પોતાના અન્નદાતાને જ ખાવા તયાર થઈ છે! શું કરીએ? એ મહાભયંકર ક્રૂર રાક્ષસી છે, ત્યાં કોઈનું શું ચાલે?”

જેમ દુર્વાસા મુનિ, અંબરીષના કોપમાંથી છૂટવા માટે નાઠા ને તેની પાછળ સુદર્શન પડ્યું હતું, તેમ જ દાનદક્ષની પાછળ તે ભીખારણ પડી; અને કોઈ પણ સ્થળે રક્ષણ ન મળવાથી દુર્વાસા મુનિને, કોને શરણે જઈ રક્ષણ માંગવું આવો વિચાર થયો હતો, તેમ જ દાનદક્ષ નાસતાં નાસતાં વિચાર કરવા લાગ્યો. તે મન સાથે બોલ્યો; “અરે! આ દુષ્ટ કૃત્યા મને ક્યાંથી વળગી! હું તો પેલા સંત–યોગી મહાત્માને ભોજનનું નિમંત્રણ કરવા ગયો હતો; તેણે ભોજન લેવાની ચોખ્ખી ના પાડવા છતાં, હું બહુ આગ્રહ કરવા લાગ્યો, ત્યારે તે મહાત્માએ મને આ ભૂખી ભીખારણ દેખાડી. મેં એવી આશા રાખી કે, મારા જેવું કોઈએ કીધું નથી એવું નામ કાઢું! પરંતુ હાય! વ્યર્થ

આશા! વ્યર્થ ગર્વ! મારાં કર્યાં મને જ નડ્યાં! અરે મેં હજારો ને લાખો બ્રહ્મભોજન કરાવ્યાં અને અસંખ્ય સુવર્ણ આપ્યું, તેનું શું આ જ ફળ? છેવટે આ રાક્ષસીને જ હાથે મરણ! હર હર! વળી એવા મહાન્ પુરુષના દર્શનનો પણ મને આ જ લાભ? ના, એમાં મારી જ ભૂલ છે. મેં તે મહાત્માને, ગર્વગાંડો બની, જે અત્યાગ્રહ કર્યો હતો, એ જ બહુ ખોટું હતું. ગર્વગંજને આજે મારો ગર્વ તોડ્યો છે; એ જ ગર્વ-ગંજન મારું શરણ છે. એવા મહાત્માઓનું કર્તવ્ય બહુ ગહન તથા સામર્થ્ય અપાર હોય છે. આ સઘળો પ્રકાર તેમની સમક્ષ જ બન્યો છે, છતાં તેમને મૂકીને હું બીજે ક્યાં નાશીને જઇશ? તેઓ જો મારું રક્ષણ કરવાને સમર્થ હશે, તો રક્ષણ કરશે, નહિતર રક્ષણનો ઉપાય તો મને અવશ્ય બતાવશે. ચાલ, હું તેને જ શરણે જાઉં!" આવો નિશ્ચય કરી, મુનિ દુર્વાસા પેરે, પાછો ફરીને દાનશૂર મહાત્મા ભણી આવ્યો; અને "ત્રાહિ! ત્રાહિ!" કરતો તેમનાં ચરણમાં મસ્તક મૂકીને પડ્યો.

એ દિગંબર યોગી મહાત્મા—જેઓ આ સઘળો પ્રકાર અથથી તે ઇતિ સુધી બેઠા બેઠા જોયા કરતા હતા, તેમણે તે આશાવંતા દાનવીરને હવે તદ્દન નિરુપાય, તેમ જ નિઃસાધન થઈ ગયેલો, ને પોતાને શરણે આવેલો જોઇને કહ્યું; "હે દાનશૂર! આટલો બધો દુઃખી કેમ થાય છે? દાન દેવામાં તું હમણાં સુધી અત્યંત શૂરવીર હતો, તે આ ક્ષણે કેમ આમ કાયર થઈ નીચે મુખે પડ્યો છે? તેં હજારો અને લાખો બ્રાહ્મણો જમાડ્યા છે, અનેક મનુષ્યોનાં અનેક સંકટો દૂર કીધાં છે, અનેક સંતોને સંતુષ્ટ કીધા છે, અનેક અન્નછત્ર સ્થાપ્યા છે, અનેક વાવ, કુવા, તળાવ રચાવ્યાં છે ને આટલી એક ભીખારણને ભૂખી કાઢે છે, એ શું? દાન-શૂરને એ વાત યોગ્ય છે?" દાનદક્ષ બોલ્યો; "કૃપાનાથ! હું ભૂલ્યો; હું અપરાધી છું; અજ્ઞાત છું; હું પામર, દાનશૂર કેમ હોઈ શકું? કૃપા કરો! કૃપા કરો! આ મહાભયમાંથી મને મુક્ત કરો. એ ભિક્ષુકી નથી, પરંતુ ભયંકર ભક્ષકી છે. તે મને ભક્ષ કરી જવા ઇચ્છે છે; માટે તેનાથી મને બચાવો. હું આપને શરણ છું. મેં આપને જે ભોજનનો અત્યાગ્રહ કરવારૂપ અપરાધ કર્યો છે, તેની હું વારંવાર ક્ષમા માગું છું." પછી તે મહાત્મા, જે અત્યાર સુધી બધું જોયા કરતા હતા, તેણે દાતાની પછવાડે દોડી આવતી ભિક્ષુકીને, ભૃકુટીના પલકારામાં જ દાતાથી દૂર ઉભી રહેવાની આજ્ઞા કરી. પછી દાનશૂરને ઊઠાડી બેઠો કરી, ધીરજ

આપીને કહ્યું; "હે ઋષિપુત્ર! ચિંતા મા કર! કલ્યાણ કરનારનું કદી અકલ્યાણ થતું નથી; नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति। મહાત્મા શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, હે તાત! કલ્યાણકર્તાની કોઈ દિવસ અસદ્-ગતિ થતી નથી. પરંતુ સારું કે નરસું કરવાના હેતુમાં જ માત્ર ફેર છે. જે કાર્ય, સમજીને કરવામાં આવતું નથી, તે પરિણામે દુઃખરૂપ થઈ પડે છે. આ ભિક્ષુકીએ તને પ્રથમથી જ ચેતાવ્યો હતો, કે તું મને પૂરે-પૂરી તૃપ્ત કરી શકે તો જ ભોજન કરાવજે, પણ તે વાત તારા લક્ષમાં રહી નહિ–તેના કહેવાનું રહસ્ય તું સમજ્યો નહિ, તેનું જ આ પરિણામ છે. તોપણ તારે માટે હું પૂરતો પ્રયત્ન કરીશ." એટલું કહીને યોગીન્દ્રે તે ભૂખી ભિખારણને કહ્યું; "કેમ રે! તું કેમ આટલો મોટો દ્વંદ્વ મચાવી રહી છે? તારા ઉપકારકનો પણ અપકાર કરવા તત્પર થઈ છે, એ કેટલું બધું અનર્થરૂપ છે? તને પ્રતિકૂલ વર્તતાં લજ્જા નથી આવતી?" એ સાંભળીને તે બોલી; "મહારાજ! હું જાણું જ છું કે, એ તદ્દન ઉલટું ને જગતના ન્યાયે પાપરૂપ છે; પણ શું કરું? મારી જગપ્રસિદ્ધ ક્ષુધા એટલી બધી તો પ્રબળ છે કે, મને પોષવાની જે ક્ષણભર ઇચ્છા કરે છે, તેમાં તે સફળ ન થતાં જ, હું તેને જ ખાઈ જાઉં છું! પ્રકૃતિથી જ તેમ કર્યા વિના મારાથી રહી શકાતું નથી. જ્યારે મારા ભક્ષ્યરૂપ એ બ્રાહ્મણને આપે શરણે લીધેલો છે, ત્યારે હવે એનાપર મારું બળ ચાલી શકે તેમ નથી. પરંતુ હે દેવ! મારી ક્ષુધા મને અતિ અસહ્ય થઈ પડી છે. તે ક્રૂર–તીવ્ર ક્ષુધાના ત્રાસથી નાશીને હું પણ આપને જ શરણે આવી છું! આપ સમર્થ, કૃપા કરીને મારી વધી પડેલી ક્ષુધાને અખૂટ ભક્ષ્ય આપીને તૃપ્ત કરો!" એમ બોલતી ભીખારણ પણ તે યોગીન્દ્રનાં ચરણમાં પડી! પછી મહાત્માએ તેને આશ્વા-સન આપી, પોતાની સામે બેસાડીને કહ્યું; "જરા શાંત થા! વિચાર કર! હું તો એક અકિંચન સાધુ છું; તારી ક્ષુધા શાંત કરવાને મારી પાસે અન્ના-દિક કશા પદાર્થો નથી. આ કમંડલુમાં થોડુંક જળ છે, તે તારે જોઇએ તો ભલે લે. ઘેર આવેલા અતિથિનું યથાશક્તિ સન્માન કરવું, એવો સનાતન ધર્મ હોવાથી મારી પાસે જે કંઈ તૈયાર છે, તે હું તારા સમક્ષ સાદર કરું છું. લે, અંજલિ માંડ!" એ સાંભળી તુરત જ ભિક્ષુકીએ પોતાના બંને હાથવડે અંજલિ કરી; ત્યારે તે મહાત્માએ ॐ तत्सद्ब्रह्मार्पणमस्तु એમ કહેતાંની સાથે જ કમંડલુમાંથી પવિત્ર જળ તે ભિક્ષુકીની અંજલિમાં

રેડ્યું. અંજલિ ભરાઈ ગઈ. મોઢે માંડી માત્ર એક જ ઘુંટડાથી તે જળ ભિક્ષુકી પી ગઈ. તે પછી, મોટા આનંદાશ્ચર્યપૂર્વક તે યોગીરાજનાં ચરણમાં નમી પડી; અને આનંદાવેશમાં પાછી ઉભી થઈ નાચવા ને તાળિયો પાડવા લાગી તથા કહેવા લાગી કે; "અહો ! ધન્ય ધન્ય આ મહાત્મા યોગીશ્વરના અતુલ પ્રતાપને! ધન્ય તેમની અદ્દભુત શક્તિને! મારી જે કૃતાંત કાળના સરખી કરાલ ક્ષુધાને આજ પર્યન્ત કોઈ જ શમાવી શક્યું નહોતું, તેને આ કૃપાળુ યોગીશ્વરે એક ક્ષણ માત્રમાં, એક જ અંજલિજળવડે તૃપ્ત કરી દીધી છે! અહો! તે શું સામાન્ય જળ હતું? નહિ, નહિ, તે તો સાક્ષાત્ અમૃત હતું! ના રે ના, એને અમરોના અમૃતની ઉપમા પણ આપી શકાય નહિ; કેમ કે અમૃત તો ઇંદ્રાદિ અમરોએ મને પૂર્વે ઘણુંએ પાયું હતું, પરંતુ તેથી તો હું જરાએ તૃપ્ત થઈ નહોતી; અને આ અમૃત! અહા! આ અદ્દભુતામૃત તો માત્ર એક અંજલિ પીતામાં જ મારું કાર્ય સિદ્ધ થઈ ગયું. હવે તો હું સારી પેઠે તૃપ્ત થઈ–સદાને માટે તૃપ્ત થઈ–અને તે સાથે આ મારાં બાળકો પણ તૃપ્ત થઈ ગયાં! અહો!

ते धन्या भुवि परमार्थनिश्चितेहाः
शेषास्तु भ्रमनिलये परिभ्रमंति ।

અર્થ–જેઓ પરમાર્થ વસ્તુને માટે નિશ્ચયપૂર્વક પ્રયત્ન કર્યા કરે છે, તેઓ પૃથ્વીપર ભાગ્યશાળી ગણાય છે, બાકીના તો ભ્રમરૂપી અંધારી કોટડીમાં ભટક્યા જ કરે છે."

એમ બોલતાં બોલતાં તેની આકૃતિ વિકરાળ મટી જઇને કેવળ શાંત અને સૌમ્ય બની ગઈ; અને તે પેલા દાનદક્ષ બ્રાહ્મણ પુત્રને કહેવા લાગી કે; "હે ઋષિપુત્ર! તારું કલ્યાણ થાઓ. તારું અપાર અન્ન ભક્ષી જવા છતાં ઉલટી હું છેવટે તને જ ભક્ષણ કરવાનો પ્રયત્ન કરતી હતી, પણ આ મહાત્મા મુનીશ્વરે મને અમૂલ્ય સંતોષામૃત પાઇને અત્યંત તૃપ્ત કરી દીધી છે; માટે હવે હું તૃષ્ણારહિત થઈ છું ને મારાં સ્થાન પ્રત્યે જાઉં છું. મારા અપરાધને ક્ષમા કર!" એમ કહી, મહાત્માનાં ચરણમાં વંદન કરીને તે ભીખારણ કુટુંબ સહિત ત્યાંથી વિદાય થવાને તત્પર થઈ!

આવો પ્રકાર જોઈ અત્યંત સાનન્દાશ્ચર્ય પામેલો તે દાનદક્ષ બ્રાહ્મણ મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'કેવો અદ્દભુત ચમત્કાર! આ મહાપુરુષની કેવી અકળ કૃતિ છે! ક્ષણવાર પહેલાં જે ભયંકર રાક્ષસી મારું ભક્ષણ કરી જવાની તૈયારીમાં હતી, અને જે હજારો નહિ, પરન્તુ

લક્ષાવધિ પક્વાન્નોથી પણ ધરાઈ નહોતી, તે આ યોગીન્દ્રના પ્રતાપવડે માત્ર એક અંજલિભર જળથી જ તૃપ્ત થઈ, અને મારી ક્ષમા માગીને પોતાની મેળે જ શાંતપણે જવાને તત્પર થઈ છે, એ તે મહાપુરુષનું કેટલું બધું અમાનુષી કૃત્ય!

"અહો! ધન્ય છે એવા યોગીશ્વરને! વિનાશ અને અભય, એ બન્ને વસ્તુનું સામર્થ્ય પ્રભુએ એમને જ આપેલું છે! એ મહાપુરુષ અવશ્ય આ જગતમાં સદ્ગુરુ કરવા જેવા છે. એમનાં દર્શનનો લાભ મારા ભાગ્યોદયથી જ મળ્યો. રે! પુનઃ મળવો દુર્લભ જ! હવે તો સર્વથા એમને શરણે રહીને મારે કૃતકાર્ય થવું જોઇએ. મારો ઘણા દિવસનો મનોરથ આજે પ્રભુએ સફલ કર્યો." આવા વિચારથી તે, "સદ્ગુરુદેવ! સદ્ગુરુદેવ!" એવા શબ્દો ઉચ્ચારતો ઊભો થઇને, તે મહાત્માને પુનઃ પુનઃ પ્રણામ કરવા લાગ્યો. તે મહાત્માએ, તેને આશ્વાસનપૂર્વક બેસાડ્યો અને શાંત કીધો. પછી મહાપુરુષ કિંચિત્ બોલ્યા; "દ્વિજપુત્ર! હવે સાવધ થા; આ પ્રાપંચિક આશા ભીખારણ જાય છે તેને જો, અને ઈચ્છા હોય તો સ્વાગત કર!" મહાત્માનાં વચન સાંભળી તે બોલ્યો; "કૃપાનાથ! હવે શા ભોગ લાગ્યા છે, કે હું એની સ્વાગત કરું? આટલું બધું વીત્યા છતાં જો કદાચ હું એનો પુનઃ આદર કરું, તો પછી મારા સરખો મૂર્ખ કોણ ગણાય? જે કોઈ તેને આદર આપશે, તે મૂર્ખ ગણાશે ને મારી પેઠે જીવિતના વિનાશની સીમામાં જ આવી પડશે. પ્રભો! મને એવો આશીર્વાદ આપની કનેથી મળવો જોઇએ, કે પુનઃ કોઈ પણ કાળે એ પ્રાપંચિક દુર્મુખીનું દર્શન જ ન થાય." મહાત્મા બોલ્યા; "એમ કેમ? એ તો સાક્ષાત્ આશા છે—એ પુણ્યફળની આશા છે—સાંસારિક સુખની આશા છે-કીર્તિની આશા છે—હમણાં સૂધી તો એનાપર તારી અપાર પ્રીતિ હતી, અને ક્ષણમાં આટલો બધો અભાવ! અપ્રીતિ! અધુના તેં અસંખ્ય સુવર્ણનું દાન આપ્યું, તે પણ પરલોકનાં અનેક સુખભોગની આશાના ઉદ્દેશથી જ! અસંખ્ય બ્રહ્મભોજન કરાવ્યાં, તે પણ મહત્પુણ્ય અને કીર્તિની આશાથી જ; ઘણા ઘણા યજ્ઞો કીધા, તે પણ એ આશામાં ને આશામાં જ કે મારી સર્વ લોકમાં નામના થશે, કે મારા જેવું કોઇએ કર્યું નથી. વળી એ દાન કામના પૂર્ણ કરશે! એ આશાના મિલન માટે છેવટે સ્વયં તેને જ તેં અપાર અન્ન ખવરાવ્યું, તે પણ અપાર પુણ્યની આશાથી જ! અને

અધુના તેનો તિરસ્કાર કાં? પણ હા, આશા એ તો આશા જ! તે વ્યર્થ! કલ્પિત! નિરાશામાં પરિણામે હડસેલી દેનારી છે. તથાપિ એ આશા વિના તો કશુંય થઈ શકતું નથી; માટે એનો ત્યાગ શી રીતે કરી શકીશ?" એ સાંભળીને તે બોલ્યો; "કૃપાનાથ! ત્યારે શું કોઈ પણ કાર્યની આશા અથવા કામના તેનું આ જ ફળ?" મહાત્મા બોલ્યા; "હા. સંસારસુખની–સ્વર્ગસુખની આશા–તૃષ્ણા–કામના–લોભનું એ જ ફળ છે. જોઈ કેની, એ આશાની મૂર્તિમતી દેવતા!" દાનદક્ષ બોલ્યો; "એને સેવવાનું ફળ એ જ હોય તો એ મહાકષ્ટકારી છે, એનો આશ્રય કરવો એ સર્વથા દુઃખરૂપ જ!" મહાત્મા બોલ્યા, "હા. એટલા માટે જ મહાન્ પુરુષોનું વચન છે કે–आशा हि परमं दुःखं निराशा परमं सुखम्। (આશા પરમ દુઃખરૂપ છે અને નિરાશા પરમ સુખરૂપ છે.) તેથી કોઈ પણ મુમુક્ષુ જન એ સંસારી–માયિક–આશાને આશ્રય આપતો નથી. એ આશાનો ભક્ષ્ય કેટલો ભયંકર છે–કેવો અપાર છે, તે તેં પ્રત્યક્ષ જોયું છે. જેમ જેમ તે ખાતી જાય છે, તેમ તેમ ક્ષુધા વધતી જાય છે. એ જ પ્રમાણે સઘળાં કાર્યોમાં એની સ્થિતિ સમજવી. ધનાદિકના સંબંધમાં–સુખાદિકના સંબંધમાં–જેણે આશાને આશ્રય આપ્યો, અર્થાત્ ધનની–કીર્તિની–સ્વર્ગાદિ લોકની–આશા જેને ઉત્પન્ન થઈ, તેની પણ અંતે એ જ દશા છે. જેમ તેમ કરીને શતમુદ્રા (સો રૂપિયા) એકઠી કરી, એટલે પછી સહસ્રની આશા ઉત્પન્ન થાય છે; તે જ્યાંસૂધી પૂરી ન થાય ત્યાંસૂધી ચિત્તને કિંચિત્ પણ સુખ થતું નથી. પણ સહસ્રમુદ્રાની પ્રાપ્તિ માટે ચિત્ત સદા મહાદુઃખ ને ઉદ્વેગમાં જ રમણ ભ્રમણ કર્યા કરે છે. ભાગ્યવશાત્ સહસ્ર મુદ્રાની પ્રાપ્તિ થઈ, તો પછી અનુક્રમે અયુત (દશ હજાર) ને લક્ષ મુદ્રાની આશા તેની સંગે જ જન્મે છે! અને તે ન મળી ત્યાંસૂધી મહા દુઃખ જ રહે છે. લક્ષ મળતાં કોટિની આશા ને કોટિ મળતાં અર્બુદની આશા જન્મે છે. એમ કરતાં અપાર દ્રવ્ય પ્રાપ્ત થાય છે તોએ ઉત્તરોત્તર આશા વધતી જ જાય છે, પણ સંતોષ થતો નથી. એ જ પ્રમાણે સત્તાની ને સુખાદિકની આશા પણ છે. તે પણ પરિણામે મહા દુઃખરૂપ જ છે. તેટલા માટે જ મહાપુરુષો તેને ક્ષણભર પણ આશ્રય ન આપતાં, પરમ સુખરૂપ એવા સંતોષનો જ આશ્રય કરે છે. આ આશા, એ એક નદી જેવી છે. તે મનોરથના જળવાળી છે, તૃષ્ણાતરંગથી આકુળવ્યાકુળ છે, રાગરૂપી ગ્રાહવાળી છે,

વિતર્કવિહંગો સહિત તે વહે છે, ધૈર્યદ્રુમનો નાશ કરવાવાળી છે, મોહના આવર્તથી તરવી અતિ દુસ્તર છે, તે અતિ ઉંચા ચિન્તાતટની વચ્ચે દોડે છે ને અતિ ગહન છે, જેના પારને કદી પણ પહોંચી શકાતું નથી. હે દાનશૂર! તેને તરી ગયેલા તો વિશુદ્ધ મનવાળા યોગીશ્વરો જ છે, જે તેની–આશાની–પાર ઉતરી, સત્ય આનન્દ અનુભવે છે." એટલું કહી ॐ નમો નારાયણાય! બોલી તે મહાત્માએ ચાલી નિકળવા તત્પર થયેલી આશાને કહ્યું; "ઓ ભિક્ષુકી! જા તારે સ્થાને સુખેથી. આજ પછી ભગવાનના સેવકો અને શરણાગતોને પીડા કરીશ નહિ. સંસારમાં લચ્ચાપચ્ચા કુટિલો ભલે તારો આશ્રય કરે, ભલે તેઓને તું પજવ!" એ સાંભળી એ આશા ભિક્ષુકી તત્કાળ કુટુંબસહ ત્યાં જ અદૃશ્ય થઈ ગઈ!

## જિજ્ઞાસા

આ સઘળા પ્રકારથી અતિ આનંદાશ્ચર્ય પામેલા તે બ્રાહ્મણના મનમાં સચોટ આઘાત થયો. તેનું વિસ્મૃત જ્ઞાન જાગ્રત થયું. "રે! મારા સર્વ કર્મનું આ ફળ? મેં શું કીધું? જન્મ જ એળે ગુમાવ્યો; હું કોણ?" પુનઃ તે પોતાના મનમાં દૃઢપણે માનવા લાગ્યો કે; "ખરેખર, જેનાં દર્શન દેવતાઓને પણ દુર્લભ હોય એવા જ આ કોઈ ભગવત્પ્રિય મહાત્મા છે. મને મારાં પૂર્વ સુકૃતવડે એનાં દર્શનનો અલભ્ય લાભ મળ્યો છે, તે હવે મારે પ્રમાદથી ખોઈ નાંખવો ન જોઈએ." આવા વિચારથી તે અત્યંત નમ્રાંતઃકરણપૂર્વક વારંવાર તેમનાં ચરણમાં પ્રણામ કરવા લાગ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો કે; "હે કૃપાળો! હે સદ્ગુરુ ભગવન્! હું સર્વથા આપને શરણે છું, આપે જ મને આ ક્ષણિક–નાશવંત દેહમાં જીવિતદાન આપ્યું છે, તો હવે જીવન્મુક્તિદાન પણ આપીને મને કૃતાર્થ કરો." મહાત્મા દિગંબરે કહ્યું: "જીવન્મુક્તિ એ કંઈ સામાન્ય વસ્તુ નથી; એ તો સૌ કરતાં શ્રેષ્ઠ અને પવિત્ર એવું જ્ઞાન (બ્રહ્મજ્ઞાન–પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન) પ્રાપ્ત થવાથી જ થાય છે. એ જ્ઞાન કંઈ સહજ નથી કે માર્ગમાં પડ્યું નથી–તે તો તેના જ્ઞાતા એવા મહાન્ તત્ત્વદર્શીઓ ને મુનિવરોની પાસે જ હોય છે. ઇચ્છા હોય તો તેવા સમર્થ પુરુષો પાસે જા; તેમને પ્રણામ કરી મોટા પ્રેમથી તેની સેવા કર, એટલે તેઓ કૃપા કરીને તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया। उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥"**

અર્થ–તું પ્રણિપાતથી, પરિપ્રશ્નથી તથા સેવાથી તે જ્ઞાનને જાણ. તત્વદર્શી જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

દાનદક્ષ બોલ્યો; "હે અનુગ્રહરૂપ! એવા જ્ઞાતા અને તત્ત્વદર્શી મુનીશ્વર સાક્ષાત્ આપ જ છો. મારાં મહદ્ભાગ્યથી મને આપનાં અનાયાસે દર્શન થયાં છે, તો પછી હું અન્યત્ર શા માટે ભટકું? મનસા, વાચા ને કર્મણા માત્ર આપને જ શરણે છું, કૃપા કરો, કૃપા કરો!" દિગંબરે ઉત્તર દીધું; "તેવા મહાત્મા મુનીશ્વરોનો હું દીન સેવક છું; અને અતિ દૂર પ્રદેશમાં વસું છું. માત્ર આજની રાત્રિ જ આ પુણ્યક્ષેત્રમાં નિર્ગમવી છે." મહાત્માનાં એવાં વચન સાંભળી, દાતા, તુરત તેમની આજ્ઞા માગીને ઉભો થયો; અને પ્રણામ કરીને બોલ્યો; "કાલે આ શરણાગત સેવકને આપની સાથે લઈ જવા કૃપા કરો. પ્રાતઃકાલે હું આપનાં ચરણ સમીપ અવશ્ય આવીશ." એવી પ્રાર્થના કરી દાનદક્ષ પોતાના સ્થાનપર આવ્યો. સ્થાનમાં તે પોતે એકલો જ હતો, પણ આ દાનપુણ્યના મોટા સમારંભ નિમિત્તે કામકાજ સારુ સેંકડો કામચલાઉ સેવકો તેણે રાખ્યા હતા, તેઓને એકઠા કરીને પ્રત્યેકનું ઠરાવેલું વેતન ચૂકવી આપવા ઉપરાંત પોતાની પાસેનું બાકી વધેલું સઘળું સુવર્ણ તેઓને વહેંચી આપ્યું, ને આખી રાત્રિમાં સઘળું કામકાજ આટોપી લઈ, પ્રાતઃકાળ થતાં ચાલી નિકળવા માટે તે તત્પર થઈ ગયો.

## સદ્‌ગુરુ શોધન–શિષ્યપરીક્ષા

એ દાતા પુરુષ જો કે અતિ મોટો ધનાઢ્ય હતો, છતાં તેની પાસે નહિ કોઈ માણસ, નહિ કોઈ સેવક, કે નહિ કશો સરસામાન! તે કયાંનો નિવાસી છે, તેની પણ કોઇને ખબર ન હોતી. તે એટએટલું અથાગ દ્રવ્ય ક્યાંથી લાવતો હતો અથવા ક્યાં રાખતો હતો, તે પણ કોઈ જાણી શકતું નહોતું.

માત્ર પહેરેલાં ને ઓઢેલાં વસ્ત્ર સાથે જ જેમનો તેમ તે પોતાનું આશ્રમ છોડી ચાલી નિકળ્યો. જાતે ઋષિપુત્ર અને વેદવેત્તા છતાં તીવ્રવ્રતધારી હતો, તેથી બહુ તેજસ્વી લાગતો હતો. મુકામેથી નિકળીને થોડીકવારમાં તે પૂર્વના અશ્વત્થ આગળ આવ્યો અને જે મહાત્માનાં ચરણ સ્પર્શ માટે અતિ ઉત્કંઠિત હતો, ત્યાં આવી તે મહાત્માને ઉત્કંઠિત દૃષ્ટિવડે ચોમેર જોવા લાગ્યો, તો ત્યાં કોઈ જ જણાયું નહિ! પુનઃ પુનઃ દૃષ્ટિ કરી, પણ કાંઈ દૃષ્ટિગોચર થયું નહિ. એ સમે તેને બ્રહ્માંડ તૂટી પડવા જેટલો મોટો ખેદ થયો. અત્યંત નિરાશાથી નિઃશ્વાસ નાંખતો તે અશ્વત્થની ચોમેર પુનઃ પુનઃ જોવા લાગ્યો; પરંતુ ત્યાં કોઈ પણ દૃષ્ટિએ પડ્યું નહિ.

માત્ર ત્યાં થઈને એક નાનો માર્ગ જતો હતો, તેપર મનુષ્યનાં જેવાં પગલાં દેખાયાં. તે ઘણાં સુશોભિત અને અનેક સુચિહ્નોવાળાં હતાં. તેણે અનુમાન કરયું કે, અવશ્ય આ જ તે મહાપુરુષનાં ચરણચિહ્ન છે; તે આ માર્ગે થઈને ગયેલા હોય એમ લાગે છે; મારે પણ એ માર્ગે જ જવું. સદ્‌ગુરુને અનુસરવું (પછવાડે પછવાડે જવું) એ શિષ્યનો ધર્મ છે. તે મારા જીવિતના દાતા હોવાથી, તેમ જ મેં તેમને અંતઃકરણવડે ગુરુ માનેલા હોવાથી, હું તેમની પછવાડે જઈને તેમને મળું. પણ એ મહાપુરુષ મને મૂકીને કેમ ચાલ્યા ગયા હશે? હા, કામના રહિત, નિઃસ્પૃહ પુરુષને શિષ્ય એ પણ એક ઉપાધિરૂપ છે; કારણ મહાત્માઓ કેવળ નિઃસંગપણે વર્તનારા હોય છે. એટલા જ માટે તે પરમ સંસિદ્ધિને પામેલા જ્ઞાનયોગી છતાં, મારી આગળ પોતાનું હીનત્વ વર્ણન કરતા હતા ને પોતાને સર્વ મહાત્માઓના સેવક તરીકે જણાવતા હતા. મહાત્મા પુરુષો સ્વમુખે પોતાની જ્ઞાનસત્તાનું કે વડાઇનું વર્ણન કરતા જ નથી. તે મહાપુરુષ મને એક નવી ઉપાધિરૂપ સમજીને જ મારો ત્યાગ કરીને ચાલ્યા ગયેલા છે! ભલે ગયા, પરંતુ હું તો ગમે તેમ કરીને પણ તેમને શોધી કાઢીશ. એ જ ગુરુ! એ જ પ્રભુ! એ જો જ્ઞાનોપદેશ કરશે તો જ હું આ દેહને ધારણ કરીશ–એવો દૃઢ નિશ્ચય કરીને તે એ પગલાની નિશાની નિશાનીએ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે પગલાંને પોતાનો પગ કોઈ રીતે ન જ અડકે, તેની તે બહુ જ સંભાળ રાખતો હતો. એટલું જ નહિ, પરંતુ તે પગલાંમાંથી વારંવાર ધૂળ લઈ પ્રેમથી પોતાને માથે ચઢાવતો હતો. પુનઃ મન સાથે કહેવા લાગ્યો કે; 'અરે! મેં સાંભળેલું છે કે **नास्ति तत्त्वं गुरोः परम्** । ગુરુ કરતાં શ્રેષ્ઠ કોઈ તત્ત્વ નથી, અને સદ્‌ગુરુનો સમાગમ ઘણો દુર્લભ છે; છતાં હું તેમની આગળથી દૂર ગયો, એ જ મોટી ભૂલ કરી છે. સ્થાનકપર જે થવાનું હત તે થાત. તેમાં મને શી હાનિ થવાની હતી? મારું હતું શું કે જવાનું હતું? મેં અજ્ઞાતે, હાથે કરીને જ આપોઆપ આવી મળેલું અમૃત, છાશના રક્ષણની ખટપટમાં, પીધા વિના ગુમાવ્યું છે. મને જ્યારે ભગવાન્ શંકર પ્રસન્ન થયા, ત્યારે કહ્યું હતું કે, થોડાક સમયમાં તને એક મહાત્માનાં દર્શન થશે, તેમની પાસેથી તું જ્ઞાનસિદ્ધિ સંપાદન કરજે. અહો! તે મહાત્મા એ જ! અહો! મારી મૂઢતા કેવી કે હાથમાં આવેલાં રત્નને ગુમાવ્યું. બાલિશતાથી જ મેં મળેલી તક એળે ગુમાવી દીધી છે.' આવા

વિચારોમાં તે કેટલીકવાર સૂધી પગલે પગલે ચાલ્યો ગયો. તેની દૃષ્ટિ પગલાંપર જ હતી, મન ગુરુનાં દર્શનપર હતું; તેથી કેટલે દૂર નિકળી આવ્યો છે ને કેવા સ્થાનમાં આવી ચઢયો છે, તેનું તેને ભાન જ રહ્યું નહોતું. થોડીકવારે એને સંજ્ઞા આવી કે, હુ એક મોટા દુર્ગમ અરણ્યમાં આવી ચઢયો છું: કેમકે થોડુંક આગળ જતાં પેલાં પાદચિહ્નો તદ્દન લોપ થઈ ગયાં, ને માર્ગ પણ વિચ્છિન્ન દેખાયો. અરણ્યમાંની ઝાડી એટલી બધી તો ગીચ અને વિકટ હતી કે, તેમાં થઇને ચાલવું બહુ જ કઠિણ હતું. કોઈ મોટો ધોરી માર્ગ તો તેમાં હોય જ શાનો, પણ અનેક નાના નાના ને આડાઅવળા ભાગ્યા તૂટ્યા શેરડાઓ જણાતા હતા—નાનાં મોટાં પશુઓની આવજાવ માટેના તે શેરડાઓ હતા.

તે દાનદક્ષ—ઋષિપુત્ર અનેક પીડા સહન કરતો કરતો એક શેરડે થઇને આગળ વધ્યો, ને આમ તેમ પગલાં શોધતો આગળ ને આગળ જવા લાગ્યો. પણ જાય ક્યાં? જેમ જેમ આગળ જતો ગયો, તેમ તેમ તે વધારે વધારે ગુંચવાડામાં પડતો ગયો. ઉત્તરોત્તર અરણ્ય વિકટ આવતું હતું, આડા અવળા શેરડાઓપર ફરવાથી પોતે ક્યાં થઇને કયી દિશાએથી આવ્યો તે પણ ભૂલી ગયો. એકવાર ભૂલ્યો, પાછો ફર્યો, થાકી ગયો. અરણ્યમાંથી બહાર પાછા નિકળી જવા પ્રયત્ન કર્યો, પણ ફાવ્યો નહિ. દિશા સૂઝી નહિ. ગુંચવાઈ ગયો. ભટકતાં ભટકતાં મધ્યાહ્ન વીતી; સાંજ પડવા આવી; ક્ષુધા પણ બહુ લાગી. પણ સદ્ગુરુની ભેટ થયા વિના આહાર જ કરવો નથી, એવો નિશ્ચય કરીને તે આગળ ને આગળ ચાલવા લાગ્યો. રાત્રિ નજીક આવી; વિકરાળ વનપશુઓ ચોમેર દોડાદોડ કરવા લાગ્યાં; અનેક ભયંકર શબ્દો થવા લાગ્યા; સૂર્યના અસ્તની સાથે અન્ધકારનું બળ વધવા માંડ્યું; રાત્રિ પડી; એક મોટા વૃક્ષના થડમાં તે જઇને બેઠો. તેની પડોશમાં જ અનેક વ્યાઘ્ર, વરુ, રીંછાદિક પ્રાણીઓ ચીસો પાડતાં હતાં, તેના શબ્દો હૃદયને કમ્પાવતા હતા; પણ જિજ્ઞાસુ ઋષિપુત્રે નિશ્ચય કર્યો હતો કે, 'કાં તો સદ્ગુરુ મળે છે, ને કાં તો પ્રાણ જાય છે. દેહં પાતયામિ કિંવા કાર્યં સાધયામિ. સદ્ગુરુનાં પુનર્દર્શન થયા વિના દેહ ધારણ કરવો નથી;' આવા વિચારમાં તે સદ્ગુરુ મહાત્માનું જેવું શરીર જોયું હતું, તેવી મૂર્તિનું જ સતત ધ્યાન ધરવા લાગ્યો: મન સંગે વારંવાર, 'હે સદ્ગુરો! હે ગુરુદેવ;' ઇત્યાદિક શબ્દોવડે વાત કરવા લાગ્યો. મોટાં મોટાં ક્રૂર વ્યાઘ્રાદિક પશુઓ

તેની આગળ થઇને વારંવાર ફાળો ભરતાં પસાર થતાં હતાં, પરન્તુ ગુરુસ્મરણમાં તલ્લીન થયેલો હોતા, અસ્ખલિત સ્મરણના બળથી કિંચિત્ પણ ભય પામ્યો નહિ. તેને ભયનો વિચારે થયો નહિ, તે કંપ્યો પણ નહિ. અજંપ્યો પણ નહિ. જાણે સમર્થ ગુરુ પોતે જ તેની રક્ષા કરવાને પાસે ઉભા હોય, એવા અડગપણાંથી તે સ્મરણ કરતો હતો. વનપશુઓ પણ એને પ્રત્યક્ષ જોવા છતાં, જાણે તે તેમનો સ્વજાતીય જ હોય, એવી રીતે તેની ઉપેક્ષા કરીને ચાલ્યાં જતાં હતાં. આવી સ્થિતિમાં તેણે તે આખી રાત્રિ વ્યતીત કીધી.

નિર્મળ પ્રભાત થતાં જ પાછું ભટકવું ચાલુ કીધું. જળનું પણ ઠેકાણું ન હતું કે જેથી તે સ્નાન સંધ્યાદિક પણ કરે. ઝાડીમાંથી ક્વચિત્ સૂર્યનારાયણ દેખાવા લાગ્યા, એટલે તેમને પ્રણામ કરી મનોમય (મંત્રમય) સ્નાન અને મનોમય જ સંધ્યા વંદનાદિ કરી લીધું અને પાછો પંથે પડચો. તે આખો દિવસ મહાત્મા મળ્યા નહિ, અને તેણે અન્ન ગ્રહણ કરચું નહિ. પૂર્વ દિવસ, આશા ભિક્ષુકીની ખટપટમાં પૂરો થઈ ગયો, તેથી તેનાથી અન્ન લેવાયું નહોતું; બીજો દિવસ અરણ્યમાં ગયો, ને આજે પણ ત્યાં જ. એમ ત્રણ દિવસ ક્ષુધા, તૃષા, ચિંતા ને પરિશ્રમથી બહુ થાકી ગયેલો તે, અંધારું થતાં એક વૃક્ષ તળે જઇને બેઠો; અને અતિશય ચિંતામગ્ન થઈ મોટા નિઃશ્વાસયુક્ત પોતાના મન સાથે અનેક પ્રકારે મનન કરવા લાગ્યો:–"હું કોણ? મારો દેશ ક્યાં? મારી સ્ત્રી ક્યાં? મારું કુટુંબ ક્યાં? રે, હું ક્યાં હતો? કેવી સ્થિતિમાં હતો? શું કરતો હતો? અત્યારે કયાં છું? અહો? જેઓ મારાં હતાં, તેઓમાંનું કોઈ અત્યારે મારા દુઃખમાં ભાગ લેનાર નથી. સત્ય છે કે જગતમાં કોઈ કોઇનું નથી. પોતાનો સંગી પોતે જ છે. અહા! જેમને મેં અંતઃકરણથી મારા પરમ દૈવતરૂપ ગુરુ માન્યા કે, જે દૈવત સંસારરૂપ અપાર સંકટોના સાગરમાંથી ખેંચી કાઢનાર ગણાય છે, તે પણ મારા સંગી ન જ થયા. અહો! આ મહાસંકટમાંથી હવે હું કોની સહાયતાથી તરીશ? મારું અખૂટ દ્રવ્ય આ વેળાએ શા કામનું? જેની સહાયતાથી હું શતાવધિ મનુષ્યો પાસે મારી સેવા કરાવતો, ને રાજાઓથી પણ ન બને તેવાં મોટાં કાર્ય કરી શક્તો, તે ધન પણ શું તેના સમગ્ર બળથી પણ મને અત્યારે આ સંકટમાંથી મુક્ત કરી શકે તેમ છે? નહિ. હર હર! હે ગુરુવર્ય! શું હું અધિકારી નથી? અસંસ્કારી

છું, માટે આપ મારો ત્યાગ કરીને ચાલ્યા ગયા? અરે! આપનાં દર્શન માત્ર ગમે તેવા અનધિકારીને પણ અધિકારી બનાવે છે, તો પછી આ અનધિકારી જીવને પણ આપની સેવાનો અધિકારી કરો! મને પાત્ર કે અપાત્ર કરવો, એ આપના જ હાથમાં છે. હુ આપનો શિષ્ય થવાથી આપને ઉપાધિ વધે એ વાત ખરી; તોપણ તે ઉપાધિરૂપ કષ્ટ મારા કલ્યાણાર્થ વેઠીને પણ મને તારવો, એ શું આપનો ધર્મ નથી? परोपकाराय सतां विभूतयः। એ વચન પ્રમાણે આપના સરખા સત્પુરુષોની વિભૂતિઓ પરોપકારાર્થ જ હોય છે, તો પછી મને કાં તારો નહિ? આવા વિચારો કરતો કરતો તે અત્યંત પરિશ્રમને લીધે, બેસી નહિ શકવાથી, એ જ વૃક્ષની નીચે ઢળી પડ્યો, અને અતિ નિશ્ચેષ્ટ અવસ્થામાં થોડીકવારે નિદ્રાવશ થઈ ગયો.

## પરોક્ષ કૃપાનુભવ

અતિ શ્રમિત થવાને લીધે દાનવીરને ગાઢ નિદ્રા આવી ગઈ. આખી રાત્રિ એક નિમિષવત્ કેમ વીતી ગઈ, તેનીએ તેને ખબર પડી નહિ. અરુણોદય થવાની તૈયારી હતી, એટલામાં અકસ્માત્ તે જાગ્રત થઈ ગયો. જેવો તે હર્ષભેર નેત્ર ઉઘાડી, આળસ મરડીને બેઠો થવા જાય છે, તો પોતાના શરીરપર અતિ સુંવાળું ને વિચિત્ર રંગવાળું વ્યાઘ્રાંબર ઓરાડેલું જોયું!! તે અતિ વિસ્મય પામ્યો; "જય ગુરુદેવ! ધન્ય ગુરુદેવ!" એવા શબ્દો ઉચ્ચારતો તે વ્યાઘ્રાંબરને વારંવાર પોતાના હૃદયસરસું ચાંપવા ને વંદન કરવા લાગ્યો, અને હર્ષથી બોલ્યો; "અહો! કેવો પરમ તત્ત્વનો પ્રત્યક્ષ ચમત્કાર! હે કૃપાળુ! મને આજના સ્વપ્નમાં આપ આવીને ઓરાડી ગયા હતા, એ જ આ વ્યાઘ્રાંબર છે! પેલા અશ્વત્થ નીચે બિછાવીને આપ બેઠા હતા, તે જ આ વ્યાઘ્રાંબર છે! મહાત્મા જનનો શરણાગતપર કેટલો બધો વાત્સલ્યભાવ! હુ અજ્ઞાત સમજતો હતો કે, આપ મને ત્યજીને ચાલ્યા ગયા છો; પણ ના, આપ મારી સાથે જ છો–સમીપ જ છો—અપરોક્ષ છો, તેમ પરોક્ષ પણ છો. હે કરુણાળુ દેવ! મને સ્વપ્નમાં જેવી કૃપા કરી, તેવી પ્રત્યક્ષ ક્યારે કરશો? હે દીનવત્સલ! આપના કૃપાપ્રસાદથી મારા સર્વ શ્રમનો પરિહાર થઈ ગયો છે; હવે હુ આપનાં ચરણ સમીપ આવવા તત્પર છું. જય દીનવત્સલ! જય ગુરુદેવ!" એવા ઉચ્ચાર સાથે નવીન ઉત્સાહ અને નવા ચૈતન્યયુક્ત થયેલો તે દાનદક્ષ, ગુરુપ્રસાદરૂપ વ્યાઘ્રચર્મને શરીરપર ઓઢીને આગળ ચાલવાને તત્પર થયો. અહો! ઈશ્વરી લીલાનો શો અદ્ભુત ચમત્કાર!

પોતે સૂતો હતો, તે વૃક્ષ નીચેથી ચાલતાં તેણે વિચાર કર્યો કે, હવે મારે કઈ તરફ ચાલવું? પણ એટલામાં તેના જમણા હાથ ભણી એક સ્વચ્છ પગદંડો તેની દૃષ્ટે પડ્યો-એ દિવસમાં તે પગથી ક્યાંય તેના જોવામાં આવી ન હોતી. તેનાપર કોઈ કોઈ સ્થળે ભાગ્યાં તૂટ્યાં પાદચિહ્નો પણ દેખાવા લાગ્યાં; તે જોઈને તેના આનંદનો પાર રહ્યો નહિ. તેની સઘળી ગુંચવણ મટી ગઈ, અને તે પગથીએ પગથીએ ત્વરાથી આગળ ચાલવા માંડ્યો. પોતાને શરીરે ઓઢેલા વ્યાઘ્રાંબરમાં જાણે કોઈ અપૂર્વ સિદ્ધિ હોય, તેની પેઠે તે મુહૂર્તમાત્રમાં ઘણોક લાંબો માર્ગ ચાલી ગયો. થોડે દૂર જતાં માર્ગ વચ્ચે નિર્મળ અને કમળનાં પુષ્પોથી ઢંકાયલાં જળને વહન કરતી એક સરિતા આવી. બહુ પ્રસન્નચિત્તે તેમાં વિધિવત્ સ્નાન સંધ્યાદિ કરી લઈને પાછો તે માર્ગે પડ્યો. તે મોટી ત્વરાથી ચાલતો હતો. ઉત્તરોત્તર માર્ગ બહુ સ્પષ્ટ, તેજસ્વી ને અસંખ્ય જાતિનાં પુષ્પિત વૃક્ષોથી છવાઈ ગયેલો આવવા લાગ્યો. માર્ગમાં અનેક સુપક્વ ફળો ભોંયપર પડેલાં હતાં તથા વૃક્ષોપર પણ લટકતાં હતાં, પરંતુ દૃઢ મનવાળા દાતા ઋષિપુત્રે, તેને હાથ પણ અરકાડ્યો નહિ. મધ્યાહ્ન થતાં સૂધીમાં ઘણીક નદીઓ, વનો ને નાના મોટા પર્વતો ઓળંગી ગયા પછી, કોઈ દિવ્યભૂમિ સરખો પ્રદેશ તેની દૃષ્ટે પડ્યો.

## સિદ્ધાશ્રમ

શુદ્ધ સ્ફટિક અથવા રૌપ્ય સરખા શુભ્ર બાષ્પથી આચ્છાદિત થયેલાં ગગનચુંબિત શિખરોવડે; સુવર્ણ, રજત, તામ્રાદિક અનેક ધાતુઓ તથા મણિમાણિક્યાદિ રત્નોવડે; અઢાર ભાર વનસ્પતિ અને અમૂલ્ય એવી સર્વ પ્રકારની દિવ્યૌષધિવડે; અતિ નિર્મળ, શીતળ અને અમૃત સમાન જળના નિરંતર વહી રહેલા અસંખ્ય પવિત્ર પ્રવાહોવડે; અસંખ્ય મદોન્મત્ત ગજ, સિંહ, વ્યાઘ્ર, મૃગાદિ વનના પશુઓવડે; સંસારને અસાર માનનારા મહાન્ ઋષિઓ, મુનિઓ, સિદ્ધો અને તપસ્વીઓના નિવાસસ્થાનરૂપ એવી અતિ નવપલ્લવિત વૃક્ષઘટાઓથી સુશોભિત અનેક દિવ્ય ગુહાઓ તથા આશ્રમોવડે; દેવ, ગન્ધર્વ, કિન્નર અને અપ્સરાદિ ગણોને ક્રીડા કરવાનાં સ્થાનરૂપ અનેક વનો ને કમલવેષ્ટિત સરોવરોવડે તથા અનેક ઈશ્વરી લીલાઓનું, ધર્મ રહસ્યનું, તેમજ દૃઢ ભક્તિભાવનું દર્શન કરાવનારાં કલ્યાણકારક અનેક તીર્થાદિકોવડે, અત્યંત સમૃદ્ધિમાન્ બની રહેલા એવા પર્વતરાજ હિમાલયની, ઘણા વિસ્તાર-

વાળી તળેટીનો મુખ્ય પ્રદેશ, તે, એ હતો. દ્વિજપુત્ર ઉત્તરોત્તર આનંદના પૂરમાં વહેતો તે ભૂમિપર ચાલ્યો. અતિ વિચિત્ર ઇશ્વરી લીલાઓને જોતો જોતો ઊંચે ચઢવા લાગ્યો. પર્વતરાજપરથી ઉતરતા અસંખ્ય મોટા સ્રોત (પ્રવાહ), સમગ્ર ભૂમિને પાવન કરતા જગત્પાવિની ગંગાને મળે છે. તેઓના મૂળ આગળની સૃષ્ટિરચના બહુજ વિચિત્ર ને આનંદપ્રદ છે. ખરી મુમુક્ષુ અવસ્થાને પામેલો એવો તે દાતા દ્વિજપુત્ર, થોડીકવારમાં એ સ્થાનને પણ વટાવીને આગળ વધ્યો, કે અતિશય રમ્ય અને સ્ફાટિક સરખી ઉજ્જ્વલ દિવ્યભૂમિ આવી. પર્વતરાજનાં ઘણાં દૂર દૂરનાં ને બરફથી ઢંકાવાને લીધે રૂપા સરખાં લાગતાં ગગનચુંબિત શિખરોને જોઈ, અતિ વિસ્મય થયેલો તે વારંવાર સર્વ દિશાઓમાં પોતાની દૃષ્ટિને ફેરવવા લાગ્યો; ઈશ્વરી માયાની ગહનતાનો વિચાર કરવા લાગ્યો. જરાક થંભીને તે સ્થળની રચના નિહાળવા લાગ્યો. અનેક વૃક્ષઘટાથી કોઈ કોઈ સ્થળે કેવળ અન્ધકાર જેવું જણાતું હતું; કોઈ કોઈ સ્થળે લીલા રંગનો ગાલીચો પાથર્યો હોય, એમ હરિયાળી ભૂમિને લીધે ભાસ થતો હતો; દૂર દૂર ઝમકઝમ ઝમકઝમ થતાં ઝરણાંઓ વહેવાનો ધ્વનિ સંભળાતો હતો; કાળાં મૃગો નિશ્ચિન્તપણાંથી ચરી રહ્યાં હતાં; સૌગંધી પ્રસરી રહી હતી; સંસારી મનુષ્યનું મગજ તર થઈ જતું હતું; સંસાર વિસરી જવાતો હતો–તેનો વિયોગ આનંદમાં બદલાઈ જતો હતો. મહાત્મા જનોનું એ સ્થળ પરમ પવિત્ર છે. જ્ઞાનની–વિરાગની–સંસાર ત્યાગની–રસની–પ્રેમની–લીલાની–એમ સર્વ સ્થિતિ સંપૂર્ણ સર્વાંશે ત્યાં અનુભવાય છે. આવાં દિવ્ય સ્થળપર થઈને દાનદક્ષ આગળ વધે છે. ઉંચે–વધારે ઉંચે–હજી પણ વધારે ઉંચે–તેથી પણ વધારે ઉંચે–તે ચઢયો જાય છે. એટલામાં કેટલેક દૂરથી એક અતિ સુશોભિત વૃક્ષઘટા તેની દૃષ્ટિએ પડી. તેની પગથી પણ તેણી મેર જ વળતી હતી. ચાલ્યો ચાલ્યો ત્યાં આગળ તે ગયો. તે એક અતિ નવપલ્લવિત રમ્ય વાટિકા હતી. તેના દ્વાર આગળ જ તેનો માર્ગ પણ પૂરો થતો હતો. ક્ષણભર સ્થંભ્યો; અંદર જવાનો વિચાર કરયો. પરંતુ એ અતિ વિસ્તારવાળી વનિકાનાં દ્વાર આગળ એક મોટો વિકરાળ સિંહ બેઠેલો હતો. તેને જોતાં જ મોટા ભયથી તે દ્વિજપુત્ર કેવળ સ્તબ્ધ સરખો બની ગયો; માંહે જવાની કે ત્યાંથી પાછા ખસવાની તેનામાં હામ જ રહી નહિ. કેટલીકવાર સુધી તેનાથી એક પગલું આઘું પાછું

ભરાયું નહિ. તે સિંહ પણ ત્યાંથી ખસ્યો કે ઊભો થયો નહિ. ક્ષણુભર વિચારવમળમાં પડ્યો રહ્યો, પછી મનમાં, "હે ગુરુદેવ, હવે મારે શું કરવું? આપની કૃપાથી અહીં સૂધી તો હું નિર્વિઘ્ને આવ્યો; પણ અત્યારે મારા માર્ગમાં પ્રાપ્ત વિઘ્નરૂપ આ ક્રૂર પ્રાણીને મારે કેવી રીતે નિવારવું?" એવો વિચાર કરે છે, એટલામાં તો તે વનિકામાંથી એક એવા પ્રકારનો અપરિચિત શબ્દ થયો, કે તે સાંભળતાં જ સિંહ બહુ જ શાંતપણે ત્યાંથી બીજી બાજુએ થઇને બહાર ચાલ્યો ગયો; અને સાનંદાશ્ચર્યથી દ્વિજપુત્રે અંદર પ્રવેશ કીધો.

અંદર જઇને જૂએ છે તો અનેક વિચિત્ર પુષ્પસ્તબકો, વૃન્દાવનો, અને અસંખ્ય જાતિનાં દિવ્ય વૃક્ષો ખીલી રહ્યાં હતા. તેઓપર વિવિધ જાતિનાં પક્ષિગણો મધુર મધુર કલરવ કરી રહ્યાં હતાં. વાટિકાના મધ્ય ભાગમાં અતિ સુશોભિત વૃક્ષોથી ઢંકાયલા કિનારાઓવાળું, અને સ્ફટિક સરખા નિર્મળ જળથી ભરેલું એક દિવ્ય સરોવર આવેલું હતું–તેમાં ખીલેલાં વિચિત્ર કમળપુષ્પોની શોભા મનને હરણ કરતી હતી. તેના સુંદર કિનારાથી થોડેક છેટે એક નાની પર્ણકુટી જોવામાં આવી–તે કેવળ વૃક્ષની લતાઓથી જ બાંધેલી હતી, છતાં પણ અતિ રમ્ય હતી. તેના દ્વાર આગળ જઇને જોતાં દ્વિજપુત્રના આનન્દનો પાર રહ્યો નહિ! જેના પુણ્યરૂપ દર્શનાર્થે તે આટલો બધો પરિશ્રમ કરી રહ્યો હતો, તે જ શાંતપણે બેઠેલા સમર્થ પ્રભુનાં દર્શન થયાં. તત્કાળ મોટા હર્ષના ઉમળકાથી "જય ગુરુદેવ! ધન્ય ગુરુદેવ!" એવો ધ્વનિ કરતાંની સાથે તે તેમનાં ચરણારવિન્દમાં જઈ પડ્યો; પ્રેમાશ્રુવડે તેઓના પવિત્ર પાદ ભીંજવી દીધા. તેની શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થઇને તે યોગીશ્વરે તેને હાથ ઝાલીને બેઠો કર્યો; અને આશ્વાસનપૂર્વક હૃદયે ચાંપી પોતાની સામે બેસાડ્યો. તે બે ત્રણ દિવસનો ભૂખ્યો હતો, માટે તત્કાળ પોતે બોલ્યા; "વત્સ! આ આશ્રમ બહાર જઈ તારી ઇચ્છામાં આવે તેવાં સુપક્વ ફળો પ્રાશન કરીને ક્ષુધાને શાંત કર." દાનદક્ષ ક્ષણુભર વિચાર કરીને બોલ્યો; "કૃપાનાથ! આપનાં ચરણારવિન્દનાં અલભ્ય દર્શન પામી આજે મારી સર્વ ક્ષુધા ને તૃષા આપોઆપ જ શાંત થઈ ગઈ છે; પણ આપની આજ્ઞા છે તો ભલે, હું જાઉં છું;" એમ કહી તે આશ્રમ બહાર ગયો ને થોડીકવારમાં ઘણાંક સ્વાદિષ્ટ ફળો લઈ આવીને તેણે ગુરુવરને નિવેદન કર્યાં. યોગીશ્વર તેની શ્રદ્ધા અને વિવેક જોઇને

પ્રસન્ન થયા અને તેમાંથી કેટલાંક તેને ખાવા આપ્યાં; જે એકાંતે બેસીને ભક્ષણ કરતાં તે અતિશય તૃપ્ત થઈ ગયો. જળની આજ્ઞા થતાં સરોવરમાંથી જળ પી આવ્યો, અને પાછો દંડવત્ પ્રણામ કરી, તેમનાં ચરણ સમીપ બેઠો. કુરુક્ષેત્રથી આજ સૂધીમાં પોતે જોયેલા અદ્ભુત ચમત્કારોવડે દાતા દ્વિજપુત્ર, આ યોગેશ્વરને સાક્ષાત્ ઈશ્વરાંશ જ માનવા લાગ્યો; ને તેમના મુખમાંથી નિકળતાં અમૃતવચનોની અનિવાર્ય પ્રેમથી ચાતકની પેઠે વાટ જોવા લાગ્યો.

## પરમોપદેશ

મહાત્મા યોગીશ્વર અંતરર્યામીપણે તે બ્રાહ્મણની વૃત્તિને જાણી ગયા. તે બોલ્યા; "હે વત્સ! અનેક સંસારસુખોને ત્યજી ઘણાંક સંકટને પરિણામે આ સ્થાનને પ્રાપ્ત થયેલો તું, પરમ તત્ત્વનો જિજ્ઞાસુ છે એમ મેં જાણ્યું. તારું કલ્યાણ થાઓ; તારાપર તે તત્ત્વપતિ કૃપા કરો. હે તાત! પરમ કૃપાળુ સર્વેશ્વર પ્રભુની આજ્ઞા એવી છે કે, તેના સંબંધી તત્ત્વનું જ્ઞાન, જ્ઞાતાએ તેના જિજ્ઞાસુને આપવું. પણ તે પૂર્વે, વિચાર કરવો કે, તે તે વસ્તુનો અધિકારી વા પાત્ર છે કે નહિ! પાત્ર વિના આપેલી વસ્તુ નષ્ટ કે ભ્રષ્ટ થઈ જાય છે, અથવા તેના ગ્રાહકને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખે છે; અર્થાત્ તેનો પ્રતિકૂલ પ્રયોગ થાય છે, કિંવા તે વસ્તુ વ્યર્થ જાય છે. હે પુત્ર! જ્ઞાન એ શબ્દનો અર્થ, જાણવું, ઓળખવું, સમજવું, એવો થાય છે. જેવો અર્થ જ્ઞાનનો છે, તેવો જ વિદ્યાનો છે. કોઈ પણ પદાર્થને ખરી રીતે જાણવો–ઓળખવો–તે તેનું યથાર્થ જ્ઞાન છે. તેજ પ્રમાણે આપણે પોતે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? ક્યાં છીએ? શા માટે આવ્યા છીએ? ક્યાં જવાના છીએ? ઇત્યાદિ વાત યથાર્થપણે જાણવી, તે સ્વાત્મજ્ઞાન છે. એ જ્ઞાન બીજાં સર્વ જ્ઞાનનું તથા સર્વ વિદ્યાઓનું તાત્પર્ય છે–એ જ્ઞાન જેને યથાર્થપણે પ્રાપ્ત થયું, તેને બીજાં સર્વ જ્ઞાન અશેષપણે પ્રાપ્ત થયાં, એમ સમજવું. પણ એ જ્ઞાન જેમ સર્વ કરતાં ઉત્કૃષ્ટ છે, તેમ પ્રાપ્ત કરવું, એ પણ સર્વ કરતાં દુષ્કર છે. એ જ્ઞાનનું યથાર્થ વિવેચન થવાને માટે જ જગતમાં સર્વ વેદો, વિદ્યાઓ અને શાસ્ત્રો પ્રકટ થયેલાં છે. સઘળાં વિવેચનને પરિણામે તેઓએ એટલે વૈદિક ગ્રંથોએ જગતના સર્વ પ્રાણીપ્રત્યે સૌથી મોટામાં મોટી એવી આજ્ઞા કરી છે કે, આ અપાર દુઃખરૂપ માયાના પ્રપંચમાં પચેલા જીવે, તેમાંથી મુક્ત થવા માટે, માયાના પતિને શરણે જવું–પછી સ્મરણ

મનનથી તેનું પરોક્ષ દર્શન કરવું. એ દર્શનમાં લીન થતાં અપરોક્ષ દર્શન થશે ને તે પછી તે રૂપ થવું. એમ થવાથી તે કૃપાસાગર તેમાંથી તેનો ઉદ્ધાર કરીને પોતાના અપાર સુખનો ભોક્તા કરશે. હે ઋષિપુત્ર! એ આજ્ઞા સર્વ ધર્મનું મૂળ છે, સર્વ જ્ઞાનનું દોહન છે, સર્વ કર્તવ્યોનું કર્તવ્ય છે, સર્વ શાસ્ત્રનું રહસ્ય છે. મારી પણ તારાપ્રત્યે એ જ આજ્ઞા છે કે, તું તેને જાણ, જો અને તેરૂપ થા."

આ છેલ્લા શબ્દો તે મહાત્માના મુખમાં હતા, એટલામાં એક ભારી ગર્જના થઈ, જે સાંભળતાં દ્વિજપુત્ર ચમકી ઉઠ્યો. તેને ધીરજ આપી યોગિરાજે કહ્યું; "વત્સ! બ્હીશ મા, એ કોઈ ભયનું આગમન નથી. અત્ર ભય કેવું! પણ એ ગર્જના આપણુને આવશ્યક સૂચના છે. એ ગર્જના આ અરણ્યવાસી સિંહની છે, જે આપણુને, સંધ્યા સમય થવા આવ્યો હોવાથી અન્ય કાર્ય સમાપ્ત કરી, નિત્ય કાર્યમાં પ્રવૃત્ત થવાનું સૂચવે છે. હે વત્સ! એ સિંહ પોતાની સ્વાભાવિક ક્રૂરતા ને હિંસાને તજી દઈ, સર્વ પ્રાણીના મિત્ર સરખો ભગવદીય બનેલો છે, અને તે પોતાની મેળે જ આવીને આ આશ્રમનું રક્ષણ કરે છે. તેને પોતાની ગુહામાં જવાનો સમય થયો હોવાથી તે તત્પર થયો હશે એમ લાગે છે."

એટલામાં તો પૂંછડી હલાવતો ને ગેલ કરતો તે મૃગરાજ પર્ણશાળા આગળ આવ્યો, અને મુખ નીચું નમાવી ઉભો રહ્યો. તેને જોઈ યોગીરાજ બોલ્યા; "વત્સ! તારે આહાર કરવાનો સમય થયો છે, જા; આ દ્વિજપુત્ર આજથી તારો સહવાસી થયો છે, તેની સાથે ભ્રાતૃભાવથી વર્તજે." એ સાંભળી તુરત તે મૃગપતિ, પર્ણશાળાની પ્રદક્ષિણા કરીને, દ્વિજપુત્ર પ્રતિ પ્રેમદૃષ્ટિ ફેંકી, ત્યાંથી ચાલતો થયો અને મહાત્મા યોગિરાજ પણ દ્વિજપુત્રને સાથે લઈ પર્ણકુટીની બહાર નિકળ્યા. આશ્રમની વિચિત્ર રમ્ય વૃક્ષલતાઓમાં ફરતાં ફરતાં સરોવરપર ગયા. ત્યાં દ્વિજપુત્રે સંધ્યાવંદન કર્યું; યોગીરાજ પણ પરમાત્મ સ્વરૂપની ધ્યાનરૂપ સંધ્યા કરવા બેઠા.

દ્વિજપુત્ર સંધ્યાવંદન કરી રહીને તેની સમાપ્તિમાં ગુરુચરણવિષે પ્રણામ કરવા ગયો, તો ગુરુને કાષ્ઠ કિંવા પાષાણની પ્રતિમાવત્ સ્થિર થઈ ગયેલા જોયા! તે સમજી ગયો કે, તેઓ ધ્યાનસ્થ છે; તેથી તેમના જાગ્રત થવાની વાટ જોતો ત્યાં જ બેઠો. ક્ષણ થઈ, ઘડી થઈ, પ્રહર થઈ ગયો, છેક આખી રાત્રિ વીતી ગઈ, તોપણ તે તો તેમના

તેમ જ રહ્યા! શિષ્ય પણ આખી રાત્રિ તેમની સન્મુખ જ બેસી રહ્યો. પ્રાતઃકાળ થયો ત્યારે દેહકૃત્યથી શુદ્ધ થઇને પાછો ત્યાં જ આવી બેઠા, ને તેમણે કહેલા ઉપદેશનું મનન કરવા લાગ્યો. ગુરુનો એ દિવસ પણ સમાધિમાં જ ગયો. બીજી રાત્રિ પણ એમ જ ગઈ; તોપણ શિષ્ય કર જોડી તેમની સન્મુખ જ બેસી રહ્યો હતો. તેટલા સમયમાં તેણે કશો આહાર કર્યો ન હોતો; કેમ કે, હવે તે પોતાને સેવકધર્મનો અધિકારી સમજતો હતો. પોતાના સેવ્ય એવા ગુરુદેવની આજ્ઞા વિના કે તેમને નિવેદન કર્યા વિના મારાથી કશું કર્મ થઈ શકે નહિ, એમ તેનો નિશ્ચય હતો. પણ તે વેળાએ તે, પર્ણકુટીમાંથી, આગળના ચોગાનમાંથી, આશ્રમના માર્ગોમાંથી ને સરોવરના તટો પરથી, સાયં-પ્રાતઃ બન્ને વેળા કચરો વાળી નાંખવો, તુળસી, મોગરા, ગુલાબ, ઇત્યાદિ છોડવાઓને જળ સિંચવું તથા પક્ષીઓના પાડવાથી, તેમ જ ઘણાં પાકી જવાથી નીચે ખરી પડેલાં ફળોને વીણી એકઠા કરવાં, ઇત્યાદિ પરિચર્યા કરવી ચૂકયો નહોતો. જેવું એણે શિષ્યવ્રત ધારણ કર્યું હતું, તે જ પ્રમાણે પેલા સિંહની પણ સ્થિતિ હતી. યોગીશ્વર સમાધિમાંથી જાગ્યા નહિ, ત્યાંસૂધી તે પણ આશ્રમના ઝાંપા આગળથી ખસ્યો નહિ. તે થોડી થોડીવારે માંહે આવીને ગુરુવર્યનાં દર્શન કરી જતો હતો.

ત્રીજે દિવસે યોગિરાજની સમાધિ ઉતરી. ત્રણ ત્રણ દિવસથી પોતાના બંને શિષ્યો ક્ષુધિત છતાં સેવામાં તત્પર છે, તે જોઈ બહુ પ્રસન્ન થઇને તેમણે તત્કાળ બંનેને યથેચ્છ ફલાહાર કરવાની આજ્ઞા કરી. દ્વિજ-પુત્રે પોતે જે ઓળખતો હતો, તે જાતિનાં ફળ લાવી ગુરુને નિવેદન કર્યાં; સિંહ પણ વંદન કરીને ગયો. શિષ્યના પ્રસાદ ધરાવેલાં ફળ જોઈ, યોગિરાજ બોલ્યા, "પુત્ર! અત્યારે તો તું ભલે એ ફળ ભક્ષણ કરઃ પણ પછી અવકાશ મળતાં હું તને આશ્રમમાંથી ને આ અરણ્યમાંના પર્વતોમાંથી એવા પ્રકારનાં ફળ તથા મૂળ ઓળખાવીશ, કે જે એકવાર ભક્ષણ કરવાથી દિવસોના દિવસો કિંવા મહિનાના મહિનાઓ સૂધી કશા પણ આહાર વગર તૃપ્તિ રહે છે; એટલું જ નહિ, પણ શરીરમાંથી બળ–તેજ કિંચિત્ પણ ન ઘટતાં જેવું ને તેવું જ તે ચાલુ રહે છે.

### સ્વરૂપાવલંબન

શિષ્ય ફલાહાર કરી તૃપ્ત થઇને પાછો ગુરુ સમીપ આવી કર-જોડીને બેઠા અને પ્રણામપૂર્વક પૂછવા લાગ્યો કે; " હે નાથ! આપે

મને આજ્ઞા કરી કે, માયાના પ્રપંચમાં ફસેલા પ્રાણીએ માયાના પતિનો આશ્રય કરવો. પરંતુ તેમાં હું બરાબર સમજી શક્યો નથી. કૃપાનિધાન! મને કહો કે, માયા તે શું? માયાનો પ્રપંચ તે શું? ને માયાપતિ એ કોણ?" મહાત્મા બોલ્યા; "વત્સ! એ વસ્તુઓ જાણવા જેવી છે. તારાં નેત્રવડે દેખાતું એવું આ સર્વ જગત્–જેમાં પૃથ્વી, આકાશ, ગ્રહો, નક્ષત્રો, દેવો, મનુષ્યો, રાક્ષસો, પશુઓ, પક્ષીઓ અને બીજાં સર્વ જાતિનાં પ્રાણીઓનો તથા પદાર્થોનો સમાવેશ થાય છે, એ સર્વ માયાનો પ્રપંચ છે. પ્રપંચ એટલા માટે છે કે, એ વાસ્તવિક નથી, પણ અસત્ય છે–નાશવંત છે, છતાં સત્ય જેવું ભાસે છે. તે સઘળો પ્રપંચ માયાથકી ઉત્પન્ન થયલો હોવાથી એ માયાનો પ્રપંચ કહેવાય છે. સઘળા અસત્ય–નાશવંત–પદાર્થો ઉત્પન્ન કરવાની, તેમ જ તેઓને સત્ય સ્વરૂપવાન્ મનાવવાની–કોઇથી નહિ ટાળી શકાય એવી અદ્‌ભુતશક્તિ જેનામાં છે, તે માયા. એ માયાને વિષ્ણુની–વિશ્વપતિની મોહનમૂર્તિ પણ કહે છે. એ મૂર્તિનાં દર્શનથી, સંસારી જીવો–જેની મોહિનીમાં પડી જઇને સુખ, દુઃખ, અહંતા મમતા વગેરેનો અનુભવ કરે છે; અર્થાત્ માયા, પોતાનું રૂપ બતાવી–માયામય ભાવ દેખડાવી, અનિત્યમાં નિત્યતા અને અજ્ઞાનમાં જ્ઞાનનો ભાસ કરાવીને, જીવને ભૂલાવે છે. માત્ર ભક્તયોગી જનો જ માયાની મોહિનીમાં લપટાતા નથી; કારણ કે તેણે ચિત્તવૃત્તિને વશ કરેલી હોય છે. માયાનું સ્વરૂપ અજ્ઞાન છે, એટલે માયા અજ્ઞાનરૂપ છે એમ જાણજે. માયાના અજ્ઞાનપણાંમાં લૌકિકઅનુભવ પ્રમાણ છે. મન્ત્ર, તન્ત્ર, ઇન્દ્રજાલ વગેરેમાં જે કંઈ ચમત્કાર જોવામાં આવે છે અને તે જોવાથી જે મોહ ઉત્પન્ન થાય છે, તેને માયા કહેવામાં આવે છે. અજ્ઞાન અને માયા એ બન્ને પર્યાય શબ્દ જ છે; પરંતુ જ્યાં અજ્ઞાન ઘટી શકે નહિ ત્યાં માયા જાણવી. માયા અને અજ્ઞાન વસ્તુતઃ એ એક જ છે. જે માયા પરબ્રહ્મના સ્વરૂપનું આવરણ કરીને જ્ઞાનની વિરોધી થાય છે, તે માયા અજ્ઞાન એવે નામે કહેવાય છે. આવી માયા સત્ય તથા અસત્યથી વિલક્ષણ છે, તેથી તેને અનિર્વચનીયા કહેવામાં આવે છે. એ માયા જ્ઞાને કરીને નિવૃત્ત થાય છે. એટલા માટે ચિત્તશુદ્ધિ કરી, વાસનાઓથી દૂર રહીને, પરમાત્માનાં સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરવો એ, જે જીવની મુક્તિની ઇચ્છા છે, તેનો ધર્મ છે. પરમાત્મા પોતે માયાના પતિ છે. સર્વ તેને અધીન છે. તેની આજ્ઞા વિના તેનાથી

એક પાંદડું પણ હલાવી શકાતું નથી. તે પરમાત્મા પરબ્રહ્મ કે જેને સૌ ભગવાન્, પ્રભુ, ઈશ્વર અને આખા જગતના પતિ કે પિતાને નામે ઓળખે છે, તેના વશમાં એ માયા છે. એની સહાયતાથી જ, માયાએ આ સઘળો પ્રપંચ ઉભો કર્યો છે. એટલા માટે તે માયાનો પતિ છે. હે બ્રહ્મપુત્ર! વિચાર કર, કે એ માયાનો પ્રપંચ કેમ મિથ્યા છે અને માયા પોતે કેમ જડ છે–પરતંત્ર છે, ને સર્વ સત્તાધીશ તો માત્ર ચૈતન્યરૂપ એવો માયાપતિ જ છે. એ માયાને તરી માયાપતિને શરણે થવું, એ જ પ્રાણીનું જન્મ્યાનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.”

શિષ્ય બોલ્યો; “ગુરુવર્ય! તે માયાપતિ કેવો છે, ક્યાં છે, તેને શરણે કેવી રીતે થવું?” મહાત્મા બોલ્યા; “તાત! એને જેવો કલ્પીએ તેવો તે છે. આ આખા જગત્ જેવો તે છે. આખું જગત્, માયા સાથે તે સમર્થ માયાપતિના એકાંશ મળવાથી જ, પ્રકાશિત થયું છે; તેથી તે સમગ્રપણે આખા જગતરૂપ છે–ચૈતન્યરૂપ છે. પરથકી પર એવો તે અત્યંત અલક્ષ્ય (લક્ષમાં પણ ન આવી શકે તેવો) છે. તોપણ તે અનંતશક્તિમાન્ હોવાથી શરણાગત વા સેવક–ભક્તજન–તેને જેવો ધારે તેવો તે પ્રતીત થાય છે. તે ક્યાં છે, એમ જ્યારે તું પૂછે છે, ત્યારે મારે કહેવું જોઈએ કે, એ જ્યાં ન હોય એવું એક અણુમાત્ર ઠામ પણ ખાલી નથી. તે સભરો છે. जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वतमस्तके। એમ શાસ્ત્રમાં કહ્યું છે. સઘળે જ સ્થળે–ભૂમિ–આકાશ–પાતાળ ને આખા બ્રહ્માંડમાં તે એક સરખો સુઘટ્ટ વ્યાપીને રહેલો છે. એવડો મોટો તે છે, છતાં તેની અતિ અદ્‌ભુત શક્તિ તું જો, કે તે કોઇની પણ દૃષ્ટે પડતો નથી! અહા! તે પરમ કૃપાળુની અચિંત્ય કરણીને કોણ વર્ણવી શકે તેમ છે?” એ છેલ્લા શબ્દો બોલતાંની સાથે તે યોગીશ્વરનાં નેત્રો પ્રેમાશ્રુથી ભરાઈ આવ્યાં, કંઠ ગદ્‌ગદ થઈ ગયો!!

કેટલીકવારે પોતાના પ્રેમાવેશને આવરીને વળી તે મહાત્મા બોલ્યા; “વિપ્ર! હવે એને શરણે કેવી રીતે થવું તે સાંભળ: મનથી, વચનથી, કાયાથી–સર્વ રીતે તેને અધીન થવું; એ મારો રક્ષક, એ જ મારો તારક, એ જ પિતા, એ જ પ્રભુ, એ જ પૂજ્ય અને પ્રારંભમાં હું તેનો સેવક છું; અને પછી, તે તે હું; અને પછી હું ને તે એક જ, એવી દૃઢ ભાવના કરીને રહેવું, એ તેને શરણ થવું છે. એ પવિત્ર ભાવના સદા સર્વદા જાગ્રત રહે–ભૂલાઈ કે શિથિલ થઈ જાય નહિ, તે માટે બહુ જ

પ્રયત્નથી નિત્ય તેનું મનન થવું જોઇએ. પણ પુત્ર! એ મનન એમ ને એમ નિરાધાર થઈ શકતું નથી. તેને માટે કંઇક આલંબન જોઇએ, કે જેના આધારે મનન દૃઢ થાય."

એ પ્રમાણે વાતચિત કરતાં, સંધ્યા સમય થયો. સરોવરપર સંધ્યાવંદન કરી ગુરુશિષ્ય પર્ણકુટીમાં આવ્યા. રાત્રિ થતાં સર્વત્ર શાંતિનું રાજ્ય સ્થપાયું. ગુરુદેવે તે સચ્છિષ્ય પ્રતિ પુનઃ કહ્યુંઃ "પ્રિયપુત્ર! પેલા દર્ભાસનને અહીં લાવી, તે ઉપર મારા સન્મુખ બેસ; પેલા કમંડલુમાંથી આચમન કરી, તારી શક્ત્યનુસાર પ્રાણાયામવડે ચિત્તને સ્થિર કર." શિષ્યે તે પ્રમાણે કરચું. પછી યોગીશ્વર બોલ્યા; "વત્સ! નિત્ય ગાયત્રીજપ વેળાએ તું જેવું સૂર્યબિમ્બનું તેજોમય ધ્યાન ધરે છે, તેવું અતુલ સ્વચ્છ તેજજ સર્વત્ર વ્યાપી રહ્યું છે-અન્ય કશીજ વસ્તુ નથી, એમ બન્ને નેત્ર મીંચીને તારા મનવડે જો. સૂર્યબિંબનું તેજ એ, પ્રભુનું શરણ ઇચ્છનાર સાધકને ઉદાહરણરૂપ છે. જગતમાંનાં સઘળાં તેજ–અગ્નિ, વિદ્યુત્, તારાગણ, ચંદ્ર, ઇત્યાદિ સર્વ તેજસ્વી પદાર્થોનાં તેજ કરતાં સૂર્યબિંબનું તેજ ઉત્કૃષ્ટ છે. એના કરતાં અધિક પ્રકાશવાળું તેજ જગતમાં બીજું કોઈ દૃષ્ટિગોચર થતું નથી. બીજાં સર્વ તેજોની પેઠે એ તેજ પણ સર્વના પ્રભુ–માયાપતિનું આપેલું હોવાથી, વાસ્તવિક જોતાં માયાપતિનું જ છે; એટલા માટે માયાપતિના અગોચર–અલક્ષ્ય સ્વરૂપને ઓળખવા ઇચ્છનારે, પ્રથમ એ અતુલ તેજનું જ ધ્યાન ધરવાનું છે. માટે હે દ્વિજ! પ્રથમ તારું ચિત્ત સારી પેઠે સ્થિર થવાને તું કેટલાક સમય સૂધી તેનું જ ધ્યાન ધર. એ મારા પ્રભુનું–મારા સ્વામીનું–અકલ્પ્ય–અચિન્તનીય સ્વરૂપ છે એવું જાણીને તેને, મનોમય પદાર્થો અર્પણ કર, અને હાથ જોડી સેવકની પેઠે નમ્ર થઇને પ્રણામ કર; શુદ્ધ ભાવથી પ્રાર્થના કર, કે હું આપનો છું, મારાપર કૃપા કરો. અંતઃકરણને સ્વસ્વરૂપમાં એકાગ્ર કરીને અખંડ વૈભવવાળા આત્માને જો, બંધનને કાપી નાંખ, અને સંસારની દુર્ગંધીનો ત્યાગ કર. સઘળી ઉપાધિથી રહિત બની, સચ્ચિદાનંદરૂપ બની જા–આ અધમ આત્માને શુદ્ધ બનેલો જો. એમ જોવાથી તને પાછો સંસાર ભોગવવો પડશે નહિ."

એટલું કહીને ઘણીકવાર સૂધી મૌન રહેલા તે મુનિ પુનઃ બોલ્યા; "પણ ભાઈ! એવી ભાવના માત્ર ઉપર ઉપરની જ હોય તો કશું ફળ નથી. પ્રભુનો આશ્રય તો બીજા સર્વ આશ્રય છોડી દઇને અનન્યપણે

કરવો જોઇએ. પોતાનાં બળનો, ભાગ્યનો, ધનનો, વિદ્યાનો, સિદ્ધિ આદિક ઐશ્વર્યનો, તપનો, પુણ્યનો કે સ્વજન આદિ કોઇનો પણ આશ્રય હોય ત્યાં સૂધી ભગવદાશ્રય દૃઢ થતો નથી-અંતઃકરણ પૂરેપૂરું પરબ્રહ્મને વિષે લીન થતું નથી. માટે બીજા સર્વ આશ્રય છોડી દઇને તું તે કૃપાળુને શરણ થા. એમ કરતાં તારો અધિકાર વધશે, એટલે હું તને તે અનંતરૂપ બ્રહ્મના અતિ મનોહર પ્રેમસાગર લલિત સ્વરૂપનું અવલંબન કરાવીશ, કે જેવડે તે કૃપાળુ પ્રેમમૂર્તિને વિષે તને પ્રેમળ ભક્તિ ઉત્પન્ન થશે-સત્ય સ્વરૂપ પ્રત્યક્ષ થશે અને તે પછી તેનો તારાપર અનુગ્રહ થવાને વિલંબ લાગશે નહિ. હે દ્વિજન્મા! રૂપરહિત એવા બ્રહ્મ-માયા પતિનાં અનંત રૂપો કલ્પીને ઉપાસના થઈ શકે છે. જેને જેવી રુચિ હોય તેવું રૂપ તે કલ્પે. બ્રહ્મના સાક્ષાત્કાર માટે અનેક માર્ગો છે. તેમાં કોઈ સહેલા હોઇને કાલાંતરે ફળ આપનારા છે, તો કોઈ કઠિણ-દુષ્કર હોઇને થોડા સમયમાં ફળ આપનારા છે. તારે માટે આ સરલ માર્ગ મેં યોગ્ય ધાર્યો છે, તેનો તું નિત્ય અભ્યાસ કર.” પછી ઘણીકવાર સૂધી પરબ્રહ્મનું સ્વરૂપ વિચારીને, તેમણે શિષ્યને પોતાના આસનપર જવાની આજ્ઞા કરી ને પોતે સમાધિમાં બેઠા.

## જટામાંનો મણિ

બીજે દિવસે પ્રાતઃકાળમાં ગુરુવર્યને ધ્યાનસ્થ જ જોયા, ત્યારે શિષ્ય પણ સ્નાનસંધ્યા આટોપી પર્ણકુટીની બહાર બેસીને ગુરુએ ઉપદેશેલા ધ્યાનયોગનો અભ્યાસ કરવા લાગ્યો. એક ગયો, બે ગયા, ને ત્રીજો દિવસ પણ ગયો. ચોથે દિવસે મધ્યાહ્ન થવા આવ્યા ત્યારે ગુરુની સમાધિ ઉતરી. શિષ્ય પણ આહાર નિદ્રા તજીને તેમની સન્મુખ જ તેજોમય જ્યોતિનું ધ્યાન ધરતો બેઠો છે તે જોઇને, મહાત્માએ તેને ફલાહાર કરવાની આજ્ઞા કરી. શિષ્ય ફલાહાર કરીને પાછો ગુરુની સન્મુખ આવી બેઠો, એટલે ગુરુ બોલ્યા; “પુત્ર, આજે તો ચાલ, હું તને આપણે-માટે પરમાત્મા-પ્રભુએ ભરી રાખેલા આહાર ભંડાર દેખાડું; કારણ, આ પ્રમાણે વારંવાર તારે ક્ષુધા વેઠવી પડે છે એ યોગ્ય નહિ. યોગના અભ્યાસીએ તો નિદ્રા, જાગરણ, આહાર, વિહાર ને બીજી સર્વ ક્રિયાઓ કરવામાં સર્વ કાળ નિયમિત રહેવું જોઇએ-અનિયમિત રહેનારને યોગ પ્રાપ્ત થતો નથી.” એમ કહેતાંની સાથે યોગેન્દ્ર પ્રભુ ઉભા થયા; ને શિષ્યને સાથે લઈ આશ્રમની બહાર આવ્યા. ત્યાં પેલો સિંહ બેઠેલો હતો. તેણે

ઉભો થઈ તત્કાળ તેમને વંદન કર્યું. તેને આશીર્વાદ દઈ આશ્રમની બાજૂએ થઇને તેની પછવાડે આવેલી પર્વત કંદરાઓ તરફ ચાલ્યા. ત્યાંની વૃક્ષ-ઘટા, જલનાં ઝરણ, તેની અપાર ઊંડી ગયેલી ખોભણોમાં પડતી ધારાઓ, અનેક કુંજો, ગુફાઓ આદિ જોઇને શિષ્ય ચકિત થઈ ગયો. જલનાં ઝરણોથી જે અનેક મોટા કરાડાઓ પડ્યા હતા, તેમાં ઊઘાડાં થયેલાં કેટલાંક મૂળિયાં દેખાડીને મહાત્માએ કહ્યું; "આ મૂળને અગ્નિમાં શેકીને ભક્ષણ કરવાથી એક માસપર્યંત ક્ષુધા લાગતી નથી." પછી બીજાં જૂદાં જૂદાં દેખાડીને કહ્યું; "આનું ભક્ષણ કરવાથી બે માસ તૃપ્તિ રહે છે, આ કંદ ત્રણ માસ સૂધી તૃપ્તિ આપે છે, આ દિવ્ય કંદનું ભક્ષણ કરનાર યોગીને છ માસ પર્યંત બીજા કશા આહારની અપેક્ષા રહેતી નથી, આ લાલ રંગનુ કંદ અપૂર્વ પુષ્ટિ આપનારું છે; આ શ્વેત મૂળ બહુ જ સ્વાદિષ્ઠ ને શાંતિકર છે." એમ જૂદાં જૂદાં કંદ મૂળો બતાવી એમાંનાં કેટલાંક કંદમૂળ તેની પાસે ખોદી લેવરાવીને તે પાછા આશ્રમ તરફ વળ્યા. માર્ગમાંના એક ઝરણમાં તે કંદમૂળ ધોવરાવી પાસેની એક સુન્દર સ્ફટિક શિલા ઉપર પોતે બેઠા. પછી કહેવા લાગ્યા કે; "હે દાનદક્ષ! આવા પ્રકારનાં સ્વાદિષ્ઠ ભોજન જેઓને પ્રભુએ અખૂટ આપ્યાં છે, તેઓ બીજાં લૌકિક ભોજનની શા માટે ઇચ્છા કરે?" એ સાંભળી દાનદક્ષ બહુ હર્ષિત થઈ, દંડની પેઠે લાંબો થઈ તેમનાં ચરણમાં વારંવાર પ્રણામ કરવા લાગ્યો. અહિંયા એક ચમત્કાર બન્યો. દંડની પેરે તે નમવા ગયો, એવામાં તેના મસ્તકપરની કેશની ગુંડી છૂટી ગઈ; જેમાંથી એક કાષ્ઠની દાબડી નિકળી પડી. એ જોતાં જ મહાત્મા બોલ્યા; "એ શું છે?" શિષ્યે કહ્યું; "કૃપાનાથ! એમાં એક મણિ છે." મહાત્માએ કહ્યું; "તારી પાસે મણિ ક્યાંથી? લાવ જોઉં કેવો છે?" દાનવીરે તે દાબડી તેમના હાથમાં મૂકી, જે ઊઘાડીને જોતાં જ અતિ સુંદર તેજસ્વી મણિ તેમાંથી નિકળ્યો, તેને જોઈ મહાત્મા બોલ્યા; "શું આવા એક ચકચકતા પાષાણના કકડાને તેં પ્રેમથી જીવની પેઠે મસ્તકમાં છૂપાવી મૂકયો છે! ભગવત્પ્રાપ્તિના યોગની લાલસા રાખનારા મનુષ્યે આ ક્ષુલ્લક વસ્તુમાં શામાટે પ્રીતિ રાખવી જોઇએ? આવા, તેમ જ આ કરતાં પણ વધારે સુંદર પાષાણો તો સામેની કંદરામાં જોઇએ તેટલા પડેલા છે, પરંતુ તેનો શો અર્થ?" એમ કહેતાંની સાથે તે કંદરાને જાણે, કાંકરો નાંખીને બતાવતા હોય તેમ, તે મણિને મહાત્માએ,

તેણીમેર ફેંકી દીધો ! જે અસંખ્ય વૃક્ષો તથા કોતરોની દુર્ગમ જગ્યામાં કોણ જાણે ક્યાં જઈ પડ્યો, તે જણાયું પણ નહિ. થયું. પોતાનો વહાલામાં વહાલો તથા અનેક કષ્ટ ભોગવી મેળવેલો, સર્વસ્વ ધનરૂપ અમૂલ્ય મણિને, સહજમાં ફેંકી દીધેલો જોઇને, દ્વિજપુત્ર એકાએક મૂર્છા ખાઇને પડ્યો; કેમકે, તેને અદ્યાપિ પૂર્ણ અધિકાર પ્રાપ્ત થયો નહોતો.

અર્થીને અર્થભંગથી, કામીને કામનાશથી, ને આશાબદ્ધને આશાભંગ થવાથી, જે દુઃખ સ્વાભાવિક થવું જોઇએ, તે સઘળાથી એ મહાનુભાવ યોગિરાજ જાણીતા હતા. કેટલીકવાર સૂધી તેની આકસ્મિક સ્થિતિ જોતાં, શાંતપણે બેસી રહ્યા, પણ પછી તે વધારે અસાવધ ન થઈ જાય તે માટે, પાસેના ઝરણામાંથી જળ લાવી તેનાં નેત્રપર છાંટ્યું; ને હાથ ફેરવી ઢંઢોળી તેને બેઠો કરવા લાગ્યા. ઘણીકવારે શુદ્ધિમાં આવી તે બેઠો, ત્યારે તે રુદન કરવા લાગ્યો. તેને આશ્વાસન કરીને મુનિ બોલ્યા; “પુત્ર! હું જાણતો, હતો કે, તું સર્વસ્વ ત્યાગ કરીને કેવળ સંસારથી વિરક્ત થઇને, મોટો અધિકાર લઇને અહીં આવ્યો છે ને પરબ્રહ્મનું શરણ ઇચ્છે છે. પણ તારી તો હજી સઘળી સંસારવાસના જેવી ને તેવી જ ઉગ્ર છે. ભ્રાન્તિના સમયમાં—જે કંઈ અસત્ય પદાર્થપર પ્રેમ ચોંટ્યો હોય, તેવો પ્રેમ, વિવેકજ્ઞાન પ્રાપ્ત થયા પછી ન જ થાય. પણ તને તેવો પ્રેમ થાય છે, તેથી જાણું છું કે, હજી તું ભ્રાંતિમાં જ છે. એક ન્હાના પાષાણના ટુકડા સારુ ગતપ્રાણવત્ થઈ ગયો ત્યારે પરમાત્મા કિંવા ગુરુને સારુ દેહાર્પણ શી રીતે કરી શકશે? શું તારી બાહ્યભાવના દેખાય છે તે માત્ર ઉપરની જ છે?” ઋષિપુત્ર બહુ કચવાઇને બોલ્યો; “કૃપાનાથ! આપ કહો છો તેમ એ કંઇ સાધારણ પાષાણનો ટુકડો નહોતો! એ તો ઘણો અમૂલ્ય અને અપાર ધનરૂપ—અખૂટ દ્રવ્યના મહાનિધિરૂપ સ્પર્શમણિ હતો. એ મણિ ભગવાન્ શંકરે પ્રસન્ન થઇને મને આપેલો હતો. એનામાં એવો અદ્ભુત ગુણ હતો કે, તામ્ર લોહ ઇત્યાદિ કુત્સિત ધાતુને પણ સ્પર્શ કરતાં માત્રમાં તે સુવર્ણ કરી દેતો હતો. તેના યોગથી જ હું આજપર્યંત અપાર સુવર્ણ ઉત્પન્ન કરીને ઘણાંક ધર્મકાર્યો કરતો હતો ને ભગવત્પ્રીત્યર્થ દ્રવ્ય ખરચતો હતો. એવા અમૂલ્ય ગુણને લીધે જ એનું નામ સ્પર્શમણિ હતું. એવા મણિ જગતમાં ઠારોઠાર હોતા કે મળતા નથી, ક્વચિત્ કોઈ મહા પુણ્યવાન રાજાના ભંડારમાં કે આપ સરખા કોઈ મહાન્ યોગીશ્વરની પાસે હોય.

એમ સાંભળવા માત્ર છે. એટલા માટે એને ખોવાયલો જોઈ મને અપાર ખેદ થાય છે." એ સાંભળી યોગીરાજે પૂછ્યું; "તને એ મણિ શંકરની પાસેથી કેવી રીતે મળ્યો હતો?" દાનદક્ષે હાથ જોડીને કહ્યું; "પ્રભો! નિર્ધનતાથી કંટાળી, હું મારું ગૃહ, ગૃહિણીને સોંપીને અરણ્યમાં ગયો. ત્યાં મેં મારા ઉપાસ્ય દેવ શંકરને પ્રસન્ન કરવા તપ આરંભ્યું. છ માસના અસ્ખલિત પર્ણાશન* વ્રતથી આશુતોષ† ભગવાન્ શંકર પ્રસન્ન થયા. એક દિવસે એક અતિ બાલવયના જટિલે મારી આગળ આવી, અકસ્માત્ મારું નામ લઈને કહ્યું; 'હે દ્વિજપુત્ર, તારું નામ સુવિચારશર્મા છે છતાં, તું વગર વિચારે, શામાટે કાયાને કષ્ટે છે?' મેં કહ્યું; 'મહારાજ!' નિર્ધનતાના દુઃખથી પીડાયલો એવો હું, અખૂટ દ્રવ્યની ઇચ્છાથી ભગવાન્ શંકરને ઉપાસું છું.' જટિલે કહ્યું, 'અચિંત્ય તત્ત્વરૂપ શંકરની ઉપાસના ક્ષુલ્લક અને નાશવંત એવા દ્રવ્યને અર્થે કોઈ કરતું નથી. એની ઉપાસના તો અકામપણે, માત્ર મોક્ષની ઈચ્છાથી જ કરવી યોગ્ય છે.' મેં કહ્યું, 'મહારાજ! સંસારની અનેક પ્રબળ કામનાઓ પૂરી થયા વિના કિંવા નિર્મૂળ થયા વિના, અકામપણું શી રીતે પ્રાપ્ત થાય? મારું માનવું એવું છે કે, જે સદાશિવ અકામ છે, તે જ પૂર્ણકામ પણ છે. માટે તે કૃપાળુ મારી અકામ તથા સકામ એવી સર્વ વાસનાઓને સફળ કરો.' એવું સાંભળી તે બટુકરૂપ જટિલે મારા હાથમાં એક મણિ, આપીને કહ્યું; 'લે, અખૂટ ધનના ભંડારરૂપ આ સ્પર્શમણિ છે. એ સ્પર્શમાત્રથી લોહાદિક ધાતુને પણ સુવર્ણરૂપ કરીદે છે; તેનાવડે તારી સર્વ કામનાઓ–સકામ વાસનાઓને પૂર્ણ કર. અકામપણું તો મોક્ષનું સાધન હોવાથી સદ્‌ગુરુના સેવનવડે પ્રાપ્ત થાય છે; માટે કોઈ મહાક્ષેત્ર વિષે તને કોઈ તત્ત્વવિત્ મહાત્માનો સમાગમ થશે, તેની સેવા કરીને તે સંપાદન કરજે.' ગુરુવર્ય! એટલું કહેતાંની સાથે તે બાળ બ્રહ્મચારી ત્યાં જ અંતર્ધ્યાન થઈ ગયા: અને હું તે મણિ લઈને ધર્મકાર્ય કરતો તીર્થાટન કરવા લાગ્યો–એવી જિજ્ઞાસાથી કે કોઈ ક્ષેત્રમાં મને સદ્‌ગુરુદેવનાં દર્શન થાય; એટલે તેમનો કૃપાપ્રસાદ મેળવીને હું નિશ્ચિતપણે ઘેર જાઉં."

એટલું કહીને પુનઃ તે બોલ્યો; "કૃપાનાથ! એવી રીતે પ્રાપ્ત થયેલો અમૂલ્ય મણિ ખોવાઈ જવાથી મને ખેદ થયો છે. મારી સંસારવાસના

* પર્ણાશન વ્રત એટલે માત્ર વૃક્ષોપરથી પોતાની મેળે ખરી પડેલાં પાંદડાં જ ખાઇને ઉપવાસ કરવો તે. † ઝટ પ્રસન્ન થઈ જનારા.

માટે આપ કહો છો તે ઠીક; પણ એ મણિના દ્રવ્યમાંથી મેં મારા દેહ સુખાર્થે યત્કિંચિત્ પણ ઉપયોગ કર્યો નથી—અદ્યાપિપર્યંત માત્ર ધર્માર્થે જ કર્મ કર્યા કરું છું. છતાં એવો મણિ, કે જે કેવળ સદ્ધર્મના સાધનરૂપ હતો, તેના જવાથી મારા જેવા ક્ષુલ્લક વિચારના જીવને કેમ સંતાપ ન થાય?" એમ કહીને તે પુનઃ રુદન કરવા લાગ્યો. અતીવ દયાળુ તે મહાત્માએ જોયું કે, એ જીવની મનોવૃત્તિ કેવલ લૌકિક કે વિષયી તો નથી જ; તે પૂર્ણ ધાર્મિક વૃત્તિની છે; મુમુક્ષુ છે; માટે એનો સંતાપ દૂર કરવો જોઇએ. એવા વિચારથી તત્કાલ તે ઉભા થયા અને દાનવીરનો હાથ ઝાલીને ઉભો કરતાં બોલ્યા; "પ્રિયપુત્ર! ચિંતા કરીશ માં—ચાલ આપણે તે મણિને જોઇએ."

## મણિશોધન ચિદ્ગુહા

ગુરુ શિષ્ય હિમાલયની ઘટાવાળી કંદરા ભણી ચાલ્યા. બહુ ખડ, બચડા માર્ગેથી ત્યાં ગયા. આગળ જતાં એક મોટું કોતર આવ્યું. ઘણી જ સાવધતાથી એમાં ઉતરવાનું હતું. તેમાં ઉતરવા માંડયું તો ઉત્તરોત્તર અંધારું આવવા માંડ્યું. ઘણાક દૂર, ઊંડાણમાં ને અંધારામાં ઉતરતાં એક બાકાં સરખું બારણું આવ્યું. તે બહુ જ સાંકડું હોવાથી માંહે પેસવું ઘણું જ કઠિન હતું. મહાત્મા મુનિવર તો જોતજોતામાં પેસી ગયા, પણ શિષ્ય શરીરને બહુ બહુ સંકોચવા છતાં પણ, તેમાં પેસી શક્યો નહિ ત્યારે, મહાત્માએ તેને નેત્ર મીંચીને માયાપતિનું ધ્યાન ધરવાની આજ્ઞા કરી; તેમ કરતાં જ તે સહજમાં અંદર પ્રવેશ કરી શક્યો. અંદર તો કોઈ અલૌકિક નવી જ સૃષ્ટિ સરખો આનંદ જણાતો હતો. એ સ્થાન એક મોટી ગુપ્ત ગુહા હતી. તેમાં આગળ જતાં સુંદર પ્રકાશ આવ્યો. અનેક દિવ્ય જાતિનાં વૃક્ષો તથા ચોમેરની શિલાઓમાંથી ઝરીને એકઠાં થતાં નિર્મળ જલસમૂહની શોભા બહુ આનંદ આપતી હતી. ચોમેરથી અસંખ્ય ન્હાનાં ન્હાનાં ઝરણો ઝમઝમ ઝમ કરતાં વહીને નીચાણમાં વહેતાં હતાં, ને ત્યાંથી એક સરોવરમાં એકઠાં થઈ, એક મોટા પ્રવાહરૂપે પર્વતના કોતરમાં અલોપ થઈ જતાં હતાં. સર્વ ભૂમિ પાષાણમય જ હતી; પરંતુ આ ગુહાના પાષાણો કંઈ વિલક્ષણ ને તેજોમય હતા. એક સુંદર વૃક્ષ નીચે બેસીને ગુરુ મહારાજ બોલ્યા; "પુત્ર! પેલા ઝરણમાં ઉતરી તેને તળીએથી એક ખોબો ભરી કાંકરા લઈ આવ." શિષ્ય જળમાં ઉતર્યો. જળમાં સઘળે મોટામોટા કાંકરા જ હતા, તેથી તુરત

મોટો ખોબો ભરીને તે બહાર નિકળ્યો; અને ખોબામાંના કાંકરાને જોતાં આશ્ચર્યમાં લીન થઈ ગયો. ખોબામાં, સાધારણ ઝરણ કે નદીમાં હોય છે તેવા કાંકરા નહિ, પરંતુ પોતાના સ્પર્શમણિને પણ ઝાંખા પાડી દે, એવા તેજસ્વી અને મનોહર કાંકરા હતા. તે લાવીને ગુરુદેવની સાન્નિધ્ય મૂક્યા ત્યારે તેમણે કહ્યું; "પુત્ર એમાંથી તારો સ્પર્શમણિ ઓળખીને ઉપાડી લે અને પછી બીજા સઘળા કાંકરા પાછા ઝરણમાં નાંખી દે." શિષ્ય એક એક કાંકરાને વારંવાર હાથમાં લઈ લઇને જોવા લાગ્યો, તો તે બધાય સ્પર્શમણિજ હતા; એકેકને ભૂલાવી દે તેવા તેજસ્વી હતા. વિસ્મય પામેલો તે બ્રહ્મબાળ કશું ઉત્તર દઈ શક્યો નહિ. પુનઃ મહાત્માએ તેને બીજા ઝરણમાંથી ખોબો ભરી કાંકરા લાવવાની આજ્ઞા કરી. બીજા ખોબામાં આવેલા કંકર તો વળી એથી પણ અપાર તેજસ્વી હતા, અને તે પણ બધા સ્પર્શમણિ જ હતા. ત્રીજા ઝરણમાંથી પણ એક ખોબો મંગાવ્યો. એમાંનાં કંકર તો આશ્ચર્યમય જ હતા. એના અદ્દભુત તેજથી તો એક ટસે સામું પણ જોઈ શકાતું ન હોતું. એ ત્રણે ઢગલા દેખાડીને તે મહાત્મા બોલ્યા; "હે દાનદક્ષ! હે સુવિચારશર્માં! પૂર્ણ વિચાર કરીને, તારો જ કિંવા તારા સરખો જ મણિ હોય તે તું એમાંથી ઉપાડી લે." આશ્ચર્યમગ્ન થયેલો શિષ્ય બહુ ગુંચવાયાથી કશું ઉત્તર દઈ શક્યો નહિ; તેમ મણિએ લઈ શક્યો નહિ. ત્યારે મહાત્માએ કહ્યું; "ભાઈ! આ બધા સ્પર્શમણિ છે; પણ તેઓની જાતિઓ પૃથક્ પૃથક્ છે. આ તું પ્રથમ લાવ્યો તે મણિઓ સ્પર્શમાત્રથી લોહાદિ ધાતુને સુવર્ણ કરે છે; આ બીજા ઢગલામાંનાં મણિમાંથી સ્વાભાવિક સુવર્ણ ઉત્પન્ન થાય છે; આ છેલ્લા ઢગલામાંનાં મણિ તો એ સર્વે મણિઓનું મૂળ છે; કેમકે એનો સ્પર્શ થવાથી સાધારણ પાષાણ પણ મણિ થઈ જાય છે. એવા અસંખ્ય મણિઓના ભંડારરૂપ આ ચિદ્દગુહા છે. પરંતુ એ નાશવંત કંકરના સંગ્રહથી પરમાર્થની સાધના જેને કરવી છે, તેને એ મહાન્ અંતરાયરૂપ છે. એવા કંકરમાં કોણ લોભાય? એ શા ખપમાં આવે? એ મણિસંગ્રહ કયા ભયથી ઉગારે? સદસદ્ વસ્તુનો વિચાર કરનાર વિનયસંપન્ન પ્રાણી, સતને ત્યજી, અસત્પર પ્રેમ, કિયા કલ્યાણ માટે એ મણિનો સંગ્રહ કરી કરે? વિચાર કર. જે વેળાએ તું પેલા વિકટ જંગલમાં ગુંચવાયો હતો, તારું જીવિત પણ શંકામાં આવી પડ્યું હતું, ત્યારે તારો સ્પર્શમણિ તારી પાસે જ હતો, છતાં તેણે તને શી સહાય કરી

હતી? એ દેહાંત સંકટમાંથી બચવાનો કશો ઉપાય તેણે સૂચવ્યો હતો? સંકટમાંથી બચાવવું કે સહાય કરવી તો રહી, પણ ઉલટો એ તો બળે કરીને બંધન કરાવનાર પદાર્થ છે. માયાનાં મૂળ તત્ત્વોમાંનો એ મુખ્ય છે, તેમજ રજોગુણી પદાર્થોમાં પણ અગ્રગણ્ય છે. રજોગુણનો સ્વભાવ માયાપ્રપંચની વૃદ્ધિ કરવાનો છે. તું તો કેવળ સાત્વિક પ્રકૃતિનો મનુષ્ય છે, માટેજ એ મણિના દ્રવ્યમાંથી કેવળ ધર્મકાર્યો જ કરતો હતો અને એ પુણ્યના પ્રતાપે જ તને ઉત્તમ જ્ઞાન સંપાદન કરવાની જિજ્ઞાસા થઈ છે, એ નિશ્ચે જાણ. પરંતુ રાજસી પ્રકૃતિવાળા મનુષ્યના હાથમાં જો એ મણિ આવ્યો હોત તો તેનો ઉપયોગ અસંખ્ય દ્રવ્ય ઉત્પન્ન કરી, તેવડે અનેક પ્રકારના વિષયોપભોગ ભોગવવામાં જ મહત્તા માનત અને તેવડે અસંખ્ય દુષ્કૃતના ડુંગર ઉભા કરત; વા વિષયોપભોગમાં જ લચ્યો પચ્યો રહી, આયુષ્ય પૂરું કરી સત્કર્મહીન એવો તે, યમને સ્વાધીન થાત. અને તમોગુણી મનુષ્યનું શું થાત? એવો અમૂલ્ય મણિ મળવાથી તત્કાળ જ નરકમાં પડત; કારણ કે તે પોતાની અજ્ઞાનતાને યોગે ઉલટું જ આચરણ કરત. હવે દુરાચરણનું ફળ નરકવાસ છે; અર્થાત્ તારી પણ તેવી રજો કે તમોગુણી પ્રકૃતિ હોત તો, તું પણ એ જ દશાને પામત. પૂર્વજન્મના સંસ્કારને યોગે તારી પ્રકૃતિ સાત્વિક છે, તે પણ ઘણા સમય સુધી રાજસી પદાર્થોના સેવનથી રજોગુણી થાત; પરિણામે તમોગુણી પણ થાત; કેમકે માયાએ ઉત્પન્ન કરેલા પ્રાપંચિક પદાર્થોનો સંગ, એ પ્રાણીને ઉત્તરોત્તર તેની ઉત્તમ સ્થિતિને અધોગતિમાં જ ઉતારનાર છે. આવા અનર્થમૂલક છતાં એ પદાર્થો માયિક હોવાથી માયાના પ્રપંચની પેઠે જ નાશવંત છે, અનિત્ય છે, ચપલ છે, સુદૃઢ બંધનરૂપ છે. વળી અશાંત, ભયરૂપ, માયાપતિનો આશ્રય થવામાં આડે આવનારા, વાસનાઓની વૃદ્ધિ કરનારા અને પરિણામે મહાદુઃખદાયક પણ એ જ છે. માટે હે પુત્ર! અનિત્ય, નાશવંત, જડ અને અનર્થમૂલક એવા ક્ષુલ્લક માયિક મણિનો, મહાત્માઓ કે જ્ઞાની જનો, જેઓ માયાના પ્રપંચથી છૂટવાને યત્ન કરનારા હોવાથી યતિ કહેવાય છે, તેઓ કદી પણ આશ્રય કરતા નથી. અહો! પરમ અભયપ્રદ, શરણ્ય, અવિનાશી, પરમ તત્ત્વરૂપ, આનંદમય અને સર્વાર્થપૂર્ણ એવા સાક્ષાત્ ચૈતન્યમણિ સર્વેશ્વર ભગવંત માયાપતિનો સદાશ્રય મૂકીને એ ક્ષુલ્લક જડમણિનો કોણ આશ્રય કરે? કયો જ્ઞાની જીવ, પરમ આનન્દરસના અમૃતને ત્યજીને

સંસારી પદાર્થોમાં રમણ કરે? અત્યંત સુખ આપનાર પ્રત્યક્ષ ચન્દ્રપ્રકાશ છોડીને, ચિત્રમાં ચિત્રેલા ચન્દ્રને જોવાથી કોણ મૂઢ આનન્દ પામે? મિથ્યા પદાર્થોના ભોગથી તૃપ્તિએ થતી નથી, ને દુઃખની નિવૃત્તિ પણ થતી નથી. જેમ શ્રીમતી ભગવત્પાદોદકી ભાગીરથીને કિનારે ઉભેલો કોઈ તરસ્યો દુર્મતિ મનુષ્ય, જળ પીવા માટે કિનારે કૂવો ખોદવા કે શોધવા પ્રયત્ન કરે, તેવી જ રીતે સર્વ વાતે અનુકૂળતા મળ્યા છતાં, પરમ કલ્યાણકારક ચિન્મણિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન મૂકી દઈ, કયો ભાગ્યહીન દુર્મતિ મનુષ્ય આવા જડ મણિ તરફ દૃષ્ટિ પણ કરે? સારાસારવિચારહીન મંદમતિનાં દર્શન પણ મહાપાપરૂપ છે. તેનો તો જેમ બને તેમ સત્વર સંગ તજવો, એ સન્મતિનું પ્રથમ કર્તવ્ય છે. અને હે શિષ્ય! ચૈતન્યમણિ તો સર્વ અર્થો, સર્વ કામનાઓ, સર્વ આશાઓ, સર્વ વિદ્યાઓ, સર્વ શક્તિઓ, સર્વ ચમત્કૃતિઓ, સર્વ સુખો, સર્વોત્તમ જ્ઞાન, સમગ્ર શાંતિ, સર્વ પુરુષાર્થો અને સર્વ શ્રી સંપત્તિઓનો સામટો સમુદ્ર–રે મહાસમુદ્ર છે. એ સકલ ચમત્કૃતિવાળી અને અઘટિત ઘટના ચાતુર્યવાળી મહામાયાનો પતિ છે, મોક્ષનો સ્વામી છે, ભક્તિનો ભૂપ છે, ભવનો ભંજન છે, શરણાગતનો ત્રાતા છે, દુષ્ટને દુઃખદ છે, સંતને સુખદ છે, અગણિત ગુણાકાર છે, આનંદસાગર છે, ઘટ ઘટ વાસી છે, સદા અવિનાશી છે, સત્ય છે, નિત્ય છે, સારમાં સાર છે, અકલ્ય છે, અપાર છે, અચિન્ત્ય છે ને પરમ દયાવંત છે. વળી અગમ્ય છે, અગોચર છે, અકથ છે, છતાં ગમે તેવા અનિવાર્ય ભય–દુઃખમાંથી શરણાગતનું અવશ્ય રક્ષણ કરનાર પણ એ જ છે; વળી સર્વનો સાક્ષી છે, ભયને પણ ભયરૂપ તથા અભયનો દાતા છે; સદા ન્યાયી ને સર્વમાં સરખો છે અને વધારે શું કહું? એનું અશેષ વર્ણન કોઇથી પણ થઈ શકે તેવું નથી. સર્વ રીતે એની જ પ્રાપ્તિનો પ્રયત્ન કરવો, એ મનુષ્યનું આવશ્યક કર્તવ્ય છે. એના વિના બીજું સર્વ મિથ્યા અને દુઃખરૂપ છે.”

આ સર્વ સદ્‌બોધ એકાગ્રતાથી સાંભળી રહેલો દ્વિજપુત્ર, સંશયથી નિર્મુક્ત થવાને લીધે બહુ આનંદ પામી, તે મહાત્માનાં ચરણમાં નમી પડ્યો ને બોલ્યોઃ “હે પ્રભો! હે ગુરુવર્ય! હે ચૈતન્યનિધે! હે દયાસિન્ધો! આપની કૃપાથી હવે હું સમજ્યો. મારું અજ્ઞાનપડળ ખસી ગયું, ને સાર શું તથા અસાર શું, તે મેં જોયું. આપના અતુલ

પ્રભાવને મેં જાણ્યો." પછી ગુરુવર્યે પ્રેમપૂર્વક તેને બેઠો કરી પોતાના હૃદય સાથે ચાંપ્યો, ને અનેક આશીર્વાદ આપી પોતે ઉભા થયા. બહુ સંતુષ્ટ થયેલા તે દ્વિજપુત્રે, પેલા ત્રણે મણિપુંજ જ્યાંથી લાવ્યો હતો, ત્યાં જ પાછા નાંખી દીધા; ત્યારે પ્રસન્ન થયેલા ગુરુદેવ તેને સાથે લઈ ત્યાંથી નિકળી આશ્રમ ભણી ચાલ્યા.

## ચિન્મણિદર્શન.

આશ્રમપ્રતિ આવતાં આવતાં સંધ્યાસમય થઈ ગયો. તુરત જ તેમણે સંધ્યોપાસના કરી લીધી. પછી ગુરુશિષ્ય બંને જણ, સ્વસ્થ ચિત્તે પર્ણશાળામાં આવીને બેઠા. ઘણીક રાત્રિ થતાં સૂધી શિષ્યે એ પૂજ્યપાદની સેવા કરી. જ્યારે સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ, ત્યારે તે કૃપાળુ મહાત્મા બોલ્યા; "હે દ્વિજપુત્ર! હવે તું હસ્તપાદ પ્રક્ષાલન કરીને પેલા દર્ભાસનપર બેસી જા. આચમન પ્રાણાયામ કરીને ચિત્તને સ્થિર કર, અને હું કહું તે સાંભળ—

શિષ્ય તે પ્રમાણે સ્થિર થઈને બેઠો. પછી મહાત્મા બોલ્યા; "હે તાત! મેં તને પ્રથમ કહેલું છે કે, માયાપતિનું સ્વરૂપ જેવું આપણે કલ્પીએ તેવું છે. એનો અર્થ એવો છે કે, એ પરમ પુરુષનું વાસ્તવિક સ્વરૂપ કોઇથી નહિ જાણી શકાય એવું, કિંવા નહિ કલ્પી શકાય એવું–અકલ અને અચિન્ત્ય છે. માટે તે કશા પણ આધાર વિના કેવી રીતે લક્ષ્યમાં આવી શકે? કેવી રીતે તેનાપર મન સ્થિર થઈ શકે? તેટલા માટે તેનું અમુક પ્રકારનું સ્વરૂપ કલ્પવું પડે છે; અને જે જે કલ્પના આપણે કરી શકીએ, તે તેમ સર્વવ્યાપક અને સકલ સત્તાધીશની સત્તાથી બહારની હોઈ શકતી નથી. તેની સત્તામાં જ આપણું મન, ને આપણી કલ્પના પણ છે. તો પછી તેનું આપણે જે સ્વરૂપ કલ્પીએ, તેવો હોવાની પણ તેની સત્તા છે, માટે જ મેં તને એમ કહ્યું છે કે, 'આપણે જેવું કલ્પીએ તેવું તેનું સ્વરૂપ છે.' પણ એમ મનમાં આવે તેવી કલ્પના કરવા કરતાં, કંઇક આધારપૂર્વક કલ્પના થાય તો તે ઉત્તમ. આ જગતમાં જ્યારે જ્યારે અધર્મ અને અધર્મીઓ વધી પડે છે, ને ધર્મપર પ્રહાર કરવા માંડે છે, ત્યારે ત્યારે ધર્મ, જે ભગવાનને પ્રાપ્ત કરી લેવાનું સાધન હોવાથી, ભગવાન્ માયાપતિને અતિ પ્રિય છે, તેનું રક્ષણ કરવા સારુ તે કૃપાળુ પોતે જ જગતમાં પ્રકટ થાય છે, અને ધર્મનું સંરક્ષણ કરી, અધર્મ તથા અધર્મીઓનો

ઉચ્છેદ કરે છે. એવું ઘણીકવાર બને છે ને તે તે વેળાએ તે સમર્થનું જેવું સ્વરૂપ હોય છે, તેવું સ્વરૂપ તેની ઉપાસનાને માટે સાધકો પોતાનાં અંતઃકરણમાં દૃઢ કરી રાખે છે. વળી માયાની સાથે રહીને એ માયાપતિ જગતરૂપે થયેલા છે; તેમાં રંકથી રાય, કીડીથી કુંજર, પરમાણુથી મેરુ, ને સૂક્ષ્મ જન્તુથી બ્રહ્મદેવ પર્યંત સર્વરૂપે તે પોતેજ છે; અર્થાત્ જગતરૂપ થવાની સાથે એ જગતના નિયંતારૂપે પણ તેજ થયલો છે. માટે સમગ્ર જગતરૂપે-વિશ્વરૂપે જો તેને ન ભજી શકાય તો જગતના નિયંતારૂપે ભજવો. કેટલાક સાધકો એ નિયંતૃસ્વરૂપની પણ ઉપાસના કરે છે."

એટલું કહીને તે મહાત્મા પુનઃ બોલ્યા; "હે દ્વિજપુત્ર! મેં તને જે જતેઃપુંજનું ધ્યાન કરવાનું બતાવ્યું છે,। તે તો વળી આ હમણાં બતાવ્યાં, તે બંને સ્વરૂપો કરતાં વિલક્ષણ છે. તે તો અશરીરી છે; અને તેમાં શ્રદ્ધાપૂર્વક મન સ્થિર થઈ જાય તો અતિ શ્રેષ્ઠ! પરમ કલ્યાણ! પણ શરીરવાનને અશરીરી સ્થિતિનું અવલોકન બહુ કઠિન થઈ પડે છે, માટે જેપર મન તત્કાલ સ્થિર થઈ જાય, ને પરમ ભક્તિવડે જેનું સદા સ્મરણ કરાય, એવું તે માયાપતિનું શરીરી સ્વરૂપ આજે હું તને બતાવીશ. નેત્ર મીંચીને તારી કલ્પના દૃષ્ટિવડે જે સર્વત્ર મહા તેજોભાસ તું જુએ છે, તે આભાસને વિષે ખૂબ સ્થિર થઇને જો, કે તેના મધ્યભાગમાં એક બહુ વિસ્તૃત અને સપાટ ભૂમિ ઉત્પન્ન થઈ છે. તે ભૂમિ નવાં અને લીલાં રંગનાં તૃણાંકુરોથી છવાયલી હોવાથી હારિત રંગી દેખાય છે. તેમાં થોડે થોડે અંતરે અનેક જાતિનાં સુપુષ્પોના સ્તબકો આવી રહેલા છે. તેના મધ્યમાં એક સુંદર નવપલ્લવિત કદમ્બવૃક્ષ બહુ ગોળ, ઘટાદાર અને સુપુષ્પિત વિરાજી રહ્યું છે. તેની છાયામાં બહુ શ્વેત રંગની યુવાન્ અને હૃષ્ટપુષ્ટ તથા સુવર્ણનાં ઝાંઝરો તથા ઘંટાએ વગેરેથી શણગારેલી સવત્સી ધેનુઓનું મોટું વૃન્દ ઉભેલું છે. તે કુમળાં તૃણાંકુરો ચરે છે. તેઓની મધ્યમાં અતિ દિવ્ય વસ્રાલંકાર સજેલી નવયૌવનસંપન્ન બાલાએ તથા કિશોરવયનાં સુંદર ચપળ બાળકો, હાથમાં નાની નાની છડીઓ-જેડીઓ વેણુઓ લઇને ઉભેલાં છે. એ સર્વની વચ્ચે કદંબ તરુનાં મૂળ પાસે એક અતિ સુલલિત મેઘ સરખી શ્યામ કાંતિવાળો, કામદેવને પણ લજાવે તેવો સૌન્દર્યવાન્ મહાતેજસ્વી બાળક ઉભેલો છે. એનું વય છથી આઠ વર્ષની માંહેનું છતાં એની છબી એટલી બધી

મનોહર છે કે, પેલાં સર્વ બાળકો, બાળાઓ ને ધેનુઓ તેને મૂકી કોરે ખસતાં નથી. એનાં ચરણમાં મણિજડિત ઝાંઝર, કટિએ પીતાંબરનો કછોટો, તેનાપર સુવર્ણ કિંકિણી અને કંઠમાં અતિ દિવ્ય તેજોમય મણિ-માણિક્યની માળાઓ છે. બાંહે મણિના તેજસ્વી બાજુબંધો અને પહોંચાઓમાં દિવ્ય મણિકંકણો છે. સુવર્ણની કિનારી યુક્ત પીતાંબરનો પિછોડો ખભે નાંખેલો છે. તેના ચંદ્રસમા સુપ્રકાશિત અને કમળસમા સકોમળ મુખારવિંદની શોભાનો તો પાર જ નથી. એના પ્રવાલસરખા અધરોષ્ઠ, સુંદર ગોળ બંને ગંડસ્થલ, સુંદર નમણી નાસિકા, કમળ સરખાં વિશાળ મંજુલ નેત્ર, બંને કર્ણમાં પહેરેલાં મણિજડિત કુંડલો, મસ્તકપરથી લલાટપર ને ચોમેર ઝુકી પડેલી સુંદર શ્યામ સુંવાળા કેશની આંકડીઓ, વિશાળ ભાલમાંનું કેસર કસ્તૂરીનું તિલક ઇત્યાદિ, સર્વથી તેનું મુખારવિંદ લાવણ્યના પ્રવાહ–મુક્તમાળાની ઝાંઈ સરખું દીસે છે. એના મસ્તકપર ઘણો તેજસ્વી, મણિમાણિક્યથી જડેલા સુવર્ણના કિરીટપર, સુંદર મયૂર ચન્દ્રિકાઓનો મનહર મુકુટ શોભી રહ્યો છે. એ પોતાના બંને કોમળ કરકમળવડે મનોહર સ્વરવાળી બંશીને અધર આગળ ધારણ કરી તેમાં શ્વાસ પૂરી રહ્યો છે, ને તેમાંથી નિકળતા મહા મધુર સ્વરવડે તેની આસપાસ ઉભેલાં સર્વ તદાકાર બની રહ્યાં છે."

એટલું કહીને તે યોગિરાજ કેટલીકવાર સુધી શાંત રહ્યા. શિષ્યને પણ સ્થિર થઈ ગયેલો જોઈ તે પાછા બોલ્યા; "એ બાલક–એ મહા મનોહર અદ્‌ભુત બાલક–સામાન્ય પ્રાકૃત બાલક નથી. આ સમસ્ત વ્યષ્ટિ અને સમષ્ટિ–સકળ બ્રહ્માંડ–અરે આવાં અનન્ત બ્રહ્માંડનો સ્વામી, સર્વનો ઈશ્વર, પ્રપંચથી પર, ને માયાનો–મહામાયાનો પતિ છે. એ મહામાયાનો પતિ હોવાથી તે માયાના બનેલા પ્રાપંચિક જગતનો અને તેમાં રહેલ મારો તથા તારો પણ પતિ–સ્વામી છે, એમ અહુણાં જાણ; તથાપિ તું તેને સ્વામીરૂપે જાણતો નથી, માટે અત્યારથી તેમને ઓળખી લે, કે એજ તારો સ્વામી છે. એના સેવકરૂપે તારે હાલની સ્થિતિમાં રહેવાનું છે. તારા સર્વ ભાવ તું તેમને અર્પણ કર, કેમકે સઘળું એમની કૃપાથીજ પ્રાપ્ત થયું છે. આ દૃશ્ય પદાર્થમાં તારું પોતાનું કંઈજ નથી. તું પોતે પણ એમાંથી–એનામાંથીજ થયો છે, એટલે એ રૂપજ છે, ને એજ છે. પણ પ્રપંચમાં ફસેલો હોવાથી તે વાત તું તદ્દન જ ભૂલી ગયો છે. એના સદા સહવાસથી પાછું તારું સત્ય સ્વરૂપ તું સંપાદન

કરી લે. એ માયા ને માયાનો પ્રપંચ ઇત્યાદિ સર્વ પરિણામે નાશવંત છે, પણ માત્ર એ તારો સ્વામીજ સદા સર્વદા અવિનાશી છે; એના વગરનું સર્વ નાશવંત છે, દુઃખદ છે, અકલ્યાણકારી છે. એ જ ચૈતન્ય-મણિ! એ જ તારા હૃદયરૂપ અંધારા ઓરડામાં અજવાળું કરશે. તારો પેલો જટામાંનો કે ગુફામાંનો નાશવંત મણિ શા કામનો? આ જ ખરો ચન્દ્રકાન્ત મણિ! એના અંજનથી, તારા અવિદ્યા-અજ્ઞાન-પટ નાશ પામશે. પ્રપંચમાં પડીને પાષાણરૂપ થઈ ગયેલો તું, આ ચૈતન્યરૂપ ચન્દ્રકાન્ત મણિના સ્પર્શથી સાક્ષાત્ સ્પર્શમણિજ થઈ જઈશ. એ જ તને શીતલ કરશે–તારાં નેત્ર ખોલશે–પ્રકાશ આપશે–અંધકાર નસાડશે. માટે એ મહા ચૈતન્ય સ્પર્શમણિરૂપ તારા સ્વામીનાં ચરણારવિંદમાં પૂર્ણ પ્રેમથી પ્રણામ કરવારૂપે સ્પર્શ કર; અને હાથ જોડીને તેની પરિ-ચર્યામાં ઊભો રહે. તારી સર્વ પ્રિય વસ્તુ તથા સર્વ સુખનાં સાધન તું જ્યારે આ જ ક્ષણથી એના પાદારવિંદમાં અર્પણ કરીને તેની પ્રસાદીરૂપે જ ગ્રહણ કરજે, એની આજ્ઞામાં જ રહેજે–એની આજ્ઞા વિના કશું જ કરીશ નહિ. મિથ્યા નાશવંત સ્પર્શમણિને કોઈ ન જાણે તેવી રીતે તું જ્યારે તારા મસ્તકમાં રાખતો હતો, ત્યારે આ ચૈતન્યરૂપ સ્પર્શમણિને તારાં હૃદયને વિષે રાખવાનો છે. તે જડ પારસને, લોહાદિક જડ ધાતુઓ સાથે ઘસીને તેજસ્વી–(સુવર્ણ) કરી દેતો હતો, તે પ્રમાણે આ ચૈતન્ય પારસને તારાં મન તથા મનોવૃત્તિરૂપ મલીન જડ ધાતુઓને ઘસી તેજસ્વી ચૈતન્ય સરખી કરવાની છે. એ જડ પારસ મણિને જ્યારે જ્યારે ખપ પડે ત્યારે જ તું સંભાળતો, પણ આ પાર-સને તો પ્રતિદિન અને ક્ષણે ક્ષણ સંભાળ્યા કરજે; કેમ કે એ જડ પારસ કોઈ ચોરી લે અથવા હરણ કરી લે ત્યારે જ તારી પાસેથી જાય એવો હતો, પણ આ ચૈતન્ય પારસ તો વારંવાર સંભાળી રાખીએ નહિ, કિંવા અખંડ દૃષ્ટિ તેના ભણી રાખીએ નહિ, તો આપો આપ ચાલ્યો જાય તેવો ચપળ છે. પણ હા! જો અંતઃકરણપૂર્વક તેની સાથે પૂર્ણ પ્રીતિ બંધાઈ, એટલે તે તને મૂકીને ક્યાંય જઈ શકશે નહિ; ઉલટી સદા સર્વદા તે તારી સંભાળ લીધા કરશે અને સમગ્ર સંકટસમૂહથકી ને અજ્ઞાનતિમિરથકી દૂર જ સુપ્રકાશિત રાખશે. એ જડ પારસનો તું સ્વામી હતો, પરન્તુ આ ચૈતન્ય પારસ તો તારો સ્વામી છે. તારે નચિંતાઈ જ રાખવી કે, તારા જડ પારસના રક્ષણની તું કાળજી રાખતો,

પણ આ તો ઉલટું તારું રક્ષણ તેને માથે આવેલું છે. તે, તારું, મારું અને આખી સૃષ્ટિનું રક્ષણ કરવા સમર્થ છે. હે દાનદક્ષ! પ્રથમ જડ પારસ તારી પાસે હતો, પણ તું ધનાઢ્ય ન હોતો, ખરો ધનાઢ્ય 'તો હવે તું થયો; માટે આ ચૈતન્યધનની સારી રીતે સંભાળ રાખજે; અને પ્રીતિથી તેનું સતત સેવન કરજે.'

એ પ્રમાણે ચૈતન્યધનનો ભંડાર પોતાના સુપાત્ર શિષ્ય આગળ ખુલ્લો મૂકીને પછી તે સદ્‌ગુરુ પોતાના મનમાં સ્મરણ કરતા શાંતપણે બેઠા, અને તે દ્વિજપુત્રને, ચૈતન્ય મણિનાં સ્વરૂપને વિષે સમાધિ લાગી ગઈ. સ્વરૂપાનંદમાં તલ્લીન થઈ ગયેલો તે, ઘણીકવાર સૂધી બોલ્યો પણ નહિ; પણ પછી "જય પ્રભો! જય જય ગુરુદેવ!" એમ બોલતો એકાએક ઉભો થઈ, અતિ આનંદની ધૂનમાં પડી ગયો. પછી સદ્‌ગુરુ દેવ, તેને ઉભો રાખી પોતાના હૃદય સાથે ચાંપીને બોલ્યા; "બાપ! તારું કલ્યાણ થાઓ. હવે તું ભાગ્યશાળી થયો, અનાથ મટી સનાથ થયો, ને તે પૂર્ણકામ, કોટી કામ, પરમ પરમાત્માની કૃપાથી જ તને તેનાં ધ્યાનરૂપ ચૈતન્યમાણ પ્રાપ્ત થયો. હવે તેને સતત સંભાળી રાખી તેનો ખરો ઉપયોગ કરવાનો તારે આરંભ કરવો જોઇએ. એની સંભાળ તો, હું પૂર્વાપર કહી ગયો તે પ્રમાણે, એનાપર પૂર્ણ અને વિશુદ્ધ પ્રેમ દૃઢ થવાથી, ને તેવડે એનાપર અખંડ દૃષ્ટિ રાખવાથી રહે છે. એ બે વાત કદી ન ભૂલાય, તેને માટે બહુ સાવધ થવાનું છે. એ અખંડ દૃષ્ટિ કયાં નેત્રોવડે રાખવાની છે તે તું સમજ્યો?" શિષ્ય વિચારમાં પડ્યો. અજ્ઞાનપણું દર્શાવ્યું: ત્યારે મહાત્મા બોલ્યા; "તેં હમણાં જે સ્વરૂપ જોયું તે શાવડે?" શિષ્યે કહ્યું; "કૃપાનાથ! એ તો મનવડે જોયું. અને હા, હવે હું સમજ્યો કે એનાપર અખંડ દૃષ્ટિ પણ મનવડેજ રાખવી." સદ્‌ગુરુ બોલ્યા; "જેમ દૃષ્ટિ મનોમય નેત્રવડે જ રાખવાની છે, તેમ પ્રેમ પણ મનવડે જ રખાય છે. તું સારી પેઠે સમજ્યો હોઇશ, કે એ સર્વેશ્વર પ્રભુ માયાપતિને શરણ થવાનું ને તેની સેવા કરવાનું મુખ્ય સાધન મન છે. પણ તું જાણતો નહિ હોય કે એ મન માયાના પ્રપંચમાં લદબદ હોવાથી ઘણું હઠીલું, ચપળ, ઉન્મત્ત અને ભારે જોરાવર છે. વળી એ સાથે જડ હોવાથી સ્વભાવે નીચ અને મલીન પણ છે. માટે કોઈ પણ સાધકે પ્રથમ તેને શુદ્ધ, સ્થિર ને પોતાને સ્વાધીન કરવાની આવશ્યકતા છે." એ સાંભળી શિષ્ય બોલ્યો; "કૃપાનાથ! ત્યારે

એનો શો ઉપાય હશે?" સદ્‌ગુરુ બોલ્યા; "પુત્ર! એ સર્વ વસ્તુના ઉપાયરૂપ મેં તને એ ચૈતન્યરૂપ સ્પર્શમણિ આપ્યો છે, તેના ઉપયોગથી તું ધારીશ તે કાર્ય કરી શકીશ. પેલી ચિદ્‌ગુહામાં જે ત્રણ પ્રકારના સ્પર્શમણિઓ તેં જોયા, તેમાંના પ્રત્યેકનો પ્રભાવ જૂદો જૂદો હતો. એમાં છેલ્લો સ્પર્શમણિપુંજ સૌથી વધુ તેજસ્વી ને સર્વોત્તમ ગુણવાળો હતો. બીજાઓને મૂકી દઈ, માત્ર એમાંના એક જ કંકરનું જે અર્થી ગ્રહણ કરે, તેના સર્વ અર્થ, પેલા ત્રણે પુંજવાળા મણિઓથી થનારાં સઘળાં કાર્ય, માત્ર એ એકલાથી જ સધાઈ શકે તેમ છે; કારણ કે, સર્વોત્તમ સ્પર્શમણિ સાધારણ પાષાણને પણ સ્પર્શમાત્રથી સ્પર્શમણિ કરી દે તેવો છે, અને બીજાઓ તો માત્ર ધાતુને જ સુવર્ણ કરી દેનારા છે. તેવી રીતે મેં આ ચૈતન્ય સ્પર્શમણિ તને સૌ કરતાં શ્રેષ્ઠ આપ્યો છે, કે જેવડે તારાં સઘળાં કાર્ય સધાશે. પરબ્રહ્મ પરમાત્મા માયાપતિની ચૈતન્યમય દિવ્યમૂર્તિરૂપ સર્વોત્તમ સ્પર્શમણિનું ઘર્ષણ થવાથી તું પોતે મલિનતા રહિત ચૈતન્યમય સ્પર્શમણિ થઈ જઇશ; અને તારું મન કે જે જડ પાષાણવત્ છે, તે પણ વારંવાર તે મહામણિની સાથે ઘસવાથી સ્પર્શમણિરૂપ થશે; અને પછી અતિ મલિનતા તથા કઠોરતાને પ્રાપ્ત થયેલી લોહપિત્તલાદિક ધાતુઓરૂપ તારી મનોવૃત્તિઓ તથા મનોવિકારો, તે તારા ઉજ્જવલ અને પવિત્ર બનેલા મનોમય સ્પર્શમણિ સાથે ઘસાઈ ઘસાઇને ઉજ્જવલ નિર્મળ સુવર્ણ સરખા થઈ જશે. એમ થશે ત્યારે જ તારું કાર્ય પૂર્ણ થયું, ને તને મળેલાં દિવ્ય ચૈતન્યમણિનો તેં યથાર્થ ઉપયોગ કર્યો એમ કહેવાશે; ત્યારે જ તું પૂરો ભાગ્યવાન્ અને અખૂટ ચૈતન્યમણિના આગારનો સ્વામી થઇશ. પછી તે ચૈતન્યમણિ કદી તારી પાસેથી ખસશે જ નહિ, તું અને તારું મન પણ તેની પાસેથી ખસશે નહિ. અર્થાત્ એ ને તું એકરૂપ થઈ જશો. પછી સદા સર્વદા અખંડ સુખ, અખંડ પ્રીતિ, અખંડ પ્રેમ, અખંડાનંદ ને અખંડ જ્ઞાનરૂપ અતુલિત ઐશ્વર્યનો તું ભોક્તા થઇશ." એ સાંભળી શિષ્ય પ્રાર્થના કરવા લાગ્યો કે;"હે કૃપાસિંધો! આપે આપેલા એ ચૈતન્યમણિનો યથાર્થ ઉપયોગ કરી, મારાં મન તથા મનોવૃત્ત્યાદિકને શુદ્ધ સુવર્ણરૂપ કરવાનું આપ કૃપા કરી બતાવીને સેવકને પૂર્ણ કૃતાર્થ કરો." સદ્‌ગુરુજીએ કહ્યું; "બાપ! હા, હું એ પ્રકારને અવશ્ય જણાવીશ. પણ તે કંઈ એક ઘડીમાં કે એક દિવસમાં જણાવી શકાય તેમ નથી; એને

માટે તો ઘણો લાંબો સમય જોઇશે. આજે રાત્રિ ઘણી ગઈ છે. તું શ્રમિત પણ બહુ થયો છે, તેથી જરા વિશ્રામ લે; તારા સ્વામીની સેવામાં તત્પર થા; પછી નિશ્ચિન્તપણે હું તુંને સર્વ પ્રકાર જણાવવાને આરંભ કરીશ."

## એક નૂતન શિષ્ય.

બીજે દિવસે દ્વિજપુત્ર પોતાનાં પ્રાતરાહ્નિકનાં કર્મથી નિવૃત્ત થઈ, ગુરુચરણમાં વંદન કરવા ગયો, ત્યારે મુનીશ્વરે તેને આશીર્વાદ દઇને કહ્યું; "પુત્ર! પેલા કાલે આપણે લાવ્યા છીએ, તેમાંનું એક શ્વેત કંદ તું લઇને યથેચ્છ ભક્ષણ કર; પછી સ્વસ્થ ચિત્તે હું કહું તે શ્રવણ કરજે." ગુરુની આજ્ઞા થતાં શિષ્ય ત્યાંથી ઉઠવા જાય છે, એટલામાં આશ્રમમાં કંઈ પદસંચાર સંભળાવાથી તેણે આશ્રમદ્વારભણી જોયું, તો કોઈ આશ્રમમાં આવતું દૃષ્ટે પડ્યું. તે ગુરુદેવને જણાવતાં જણાવતાં તો એક અતિ અદ્ભુત સુંદર કિશોર મૂર્તિ, ઘણી ચપલ ચાલતી, પર્ણકુટીના દ્વાર આગળ આવીને ઉભી રહી. તે મૂર્તિ, 'ગુરુવર્યાય નમોનમઃ' એવો ઉચ્ચાર કરવા સાથે તે યોગિવરના ચરણમાં અતુલ હર્ષથી નમી પડી. એ અદ્ભુત મૂર્તિનું સ્વરૂપ અતિ મનોહર હતું, તેના મસ્તકપર સુન્દર જટાજૂટ શોભી રહ્યો હતો, સર્વાંગે ભસ્મ ને ગળાંથી ચરણ સુધી તેણે એક મોટો વ્યાઘ્રાંબરનો જભ્ભો પહેરેલો હતો, એક હાથમાં જલનું કમંડલુ ને બીજા હાથના બગલમાં કૃષ્ણાજિન હતું. આરંભાયલી શરદ્ ઋતુનાં આછાં આછાં વાદળથી ઢંકાયલા ચંદ્ર સમાન તેની ભસ્મથી ઢંકાયલા મુખારવિંદપર શ્મશ્રુકેશ ઉગ્યા નહોતા, તેથી જોનારને અનુમાન થતું હતું કે, તે કોઈ પંદર સોળ વર્ષની અંદરનો બાલક છે. તેને જોતાંજ, યોગિરાજ જાણે તેને ઓળખતાજ હોયની તેમ બોલી ઉઠ્યા, "હે ધર્માર્થ પ્રેષિત!* તું અમરગિરિથી આવ્યો? ત્યાં મુનિ ધર્માર્થપૂર્ણ પ્રસન્ન છે?" એ સાંભળી, યોગીશ્વરના અન્તર્યામીપણાં માટે આશ્ચર્ય પામીને તેણે તત્કાલ, "હા કૃપાનાથ! મુનિવર ધર્માર્થપૂર્ણજી કુશળ અને સુપ્રસન્ન છે, ને તેમણે આપને પરમ પ્રેમાવેશથી પ્રણામ કહ્યા છે," એમ કહેતાંની સાથે બીજીવાર દંડવત્ પ્રણામ કર્યા. ગુરુવર્યે તેને ઉઠાડી આશીર્વાદ આપી સામે બેસાડીને કહ્યું; "હે છદ્મલિંગ† તારું કલ્યાણ થાઓ; આગમન સફલ થાઓ. તારા આવવાની હું બે દિવસ પૂર્વે વાટ જોતો હતો, છતાં તને મોડું થયું, તો કંઈ ચિંતા નહિ. ભગ-

* ધર્માર્થ નામના ગુરુએ મોકલેલો. † એ તેનું નામ.

વહિચ્છા બલવતી છે. પણ મહાત્મા મુનિ ધર્માર્થપૂર્ણે તને શી આજ્ઞા કરી છે, તે મને કહે.” ગુરુદેવનાં એ વચન સાંભળી, છદ્મલિંગ બોલ્યો; “પ્રભો! મારી મનોવૃત્તિને યથાર્થ જાણી લઈ, તે મહાત્મા મુનિવરે મને કૃપા કરી, આપની પાસે આવવાની આજ્ઞા કરી અને કહ્યું કે, ‘તું જે જ્ઞાન ઇચ્છે છે, ને જેવા જ્ઞાનનો તને અધિકાર છે, તેવા પ્રકારનું જ્ઞાન તે સ્થળે જવાથી તને મળશે; કેમકે ત્યાં તેવા જ્ઞાનનો ઉપદેશ લેવા સારુ એક દ્વિજપુત્ર, એ પૂજ્યપાદ મુનિવર પાસે આવેલો છે, ને તેને ઉપદેશ કરવાનો તેઓ હમણાંજ આરંભ કરવાના છે; તેઓ મારા પરમપ્રેમી છે, માટે હું તને તેમની પાસે મોકલું છું.’ એટલી આજ્ઞા કરીને તેમણે મને આ એક દિવ્ય ગુટિકા આપી, અને જણાવ્યું કે, ‘એ ગુટિકાને મસ્તકમાં રાખીને જવાથી તું અગમ્ય સ્થળમાં પણ નિર્ભયપણે સત્વર ચાલી શકીશ, ને જ્યાં જવું છે તે સ્થાન પ્રત્યે આપોઆપ જઈ પહોંચીશ અને હે દેવેન્દ્ર! એજ પ્રમાણે એમની આપેલી ગુટિકાના ચમત્કારિક પ્રભાવથી, મને આજે આપનાં પુણ્યરૂપ દર્શન થયાં છે; હવે હું પૂર્ણ કૃતાર્થ થયો છું; આપને શરણે છું. જેમ આ ઋષિપુત્રને આપે અપત્યરૂપ માનીને વાત્સલ્ય કર્યું છે, તેમ મને પણ ગણીને આપની અમૂલ્ય સેવાનો લાભ આપો. આ ઋષિપુત્રને આપ પૂજ્ય છો, ને મારે તો આપ તથા આપના પટ્ટશિષ્ય હોવાથી એ ઋષિપુત્ર પણ પૂજ્ય છે; માટે આપની સમસ્ત સેવાનો અધિકાર હવે કૃપા કરી મનેજ આપશો.” એટલી પ્રાર્થના કરીને પુનઃ છદ્મલિંગ કર જોડી બોલ્યો; “કૃપાનાથ! હું તો માત્ર આપની સેવાથીજ કૃતાર્થ થઇશ, કેમ કે મારો અધિકાર માત્ર સેવાનોજ છે; જ્ઞાનશ્રવણનો નથી. જ્ઞાનશ્રવણ તો સુબુદ્ધિ, સંદ્વિચાર, સદાચરણ, તપ ઇત્યાદિથી સંપન્ન જીવનું જ કર્તવ્ય છે; પણ એ સર્વથી હીન અજ્ઞાત એવા મજ સરખા પ્રાણીને તો માત્ર સદ્દગુરુસેવન જ કર્તવ્ય છે. તે લાભ આપના કૃપાળુ ચરણારવિંદમાંથી મને મળશે, એવી પૂર્ણ આશા છે.” આ સઘળું સાંભળી રહેલા તે મહાત્મા યોગીશ્વર, એ છદ્મલિંગ કોણ છે? કયાંથી આવેલો છે? તેની કેવી વૃત્તિ છે? તેનો કેટલો અધિકાર છે? તે શું ઇચ્છે છે? ઇત્યાદિ સર્વ પોતાના યોગબળથી જાણતા હતા; તેથી તેની એવી નમ્ર પ્રાર્થના સાંભળી બહુ પ્રસન્ન થયા, ને બોલ્યા કે “તારું કલ્યાણ થાઓ. આ દ્વિજપુત્રમાં ને તારામાં મને કશું અંતર નથી. તારું નિર્મળ અને સત્ત્વ-

શીલ તપસ્વી અંતઃકરણ જ, તારાં મહદ્ ભાગ્યોદયનું મૂળ છે. તારા પવિત્ર ધૈર્ય અને શુદ્ધ મનોભાવને ધન્ય છે. હવે તમે બંને શિષ્યો મિત્રભાવથી રહો, ને અતિ ઉત્કૃષ્ટ અને અલભ્ય એવું ભગવત્ સંબંધી-પરમપુરુષ સંબંધી જ્ઞાન સંપાદન કરો. પ્રથમ તમને વારંવાર ક્ષુધા બાધ ન કરે, એટલા માટે (દ્વિજપુત્ર ભણી દૃષ્ટિ કરીને) પેલાં કંદમૂળનું યથેચ્છ ભક્ષણ કરો."

એ આજ્ઞા થતાં જ દ્વિજપુત્ર ઉઠીને કંદમૂળ ગુરુની પાસે લઈ આવ્યો. તેમણે બંનેને નિર્વિકાર બુદ્ધિ તથા લાંબા કાળને તૃપ્તિ આપનારાં કંદમૂળ વહેંચી આપ્યાં, જે લઇને ભક્ષણ કરવા સારુ તે બંને શિષ્ય આશ્રમમાંના સરોવરપર ગયા.

### જ્ઞાનકથન

બીજે દિવસે મહાત્મા યોગીશ્વરે કૃપા કરી બંને શિષ્યોને સન્મુખ બેસાડ્યા. પછી પૂર્ણાનંદ પૂર્ણ પુરુષોત્તમ સર્વેશ્વર એવા વ્યાપક પરબ્રહ્મનું ધ્યાન-સ્મરણરૂપ મંગલાચરણ કરી, તે પરબ્રહ્મની પ્રાપ્તિ થવા માટે સર્વોત્તમ પ્રકારનું કથન કરવાનો આરંભ કર્યો. પ્રથમ પ્રત્યેક મનુષ્ય પ્રાણીને જન્મ સાથે જ અત્યાવશ્યક કર્તવ્ય શું છે તે કહ્યું; પછી માયાના સર્વ પદાર્થોનો મનમાંથી ત્યાગ કરીને, મનને ભગવંતનું અનન્ય શરણાગત કરવું, એવો સિદ્ધાંત કહી સંભળાવ્યો. એ મન અદૃશ્ય એવા અને સર્વમાં વ્યાપક છતાં ગૂઢ, પણ સર્વ શક્તિમંત ભગવંતને શરણે સદા સર્વદા અનન્ય ભાવથી શી રીતે રહે, અને માયાના પદાર્થોથી વિરક્ત શી રીતે બને, એ વાત સર્વ કરતાં કઠિન હોવાથી અને સમજણમાં ઝટ લઇને ઉતરી શકે તેવી નહિ હોવાથી, તેને વિસ્તારથી તેમણે પોતાના શિષ્યોને પૃથક્કરણપૂર્વક કહેવા માંડી; માયા કોણ, એનો વિસ્તાર, એના છલ, જીવ કોણ, આત્મા એ શું, એની કેટલી સત્તા, પરમાત્મા કોણ, એને કેમ ઓળખવો, એ માટે શાં શાં સાધન કરવાં, જીવની સેના, જીવનો સ્વભાવ, જીવનું માયિક ને અમાયિક બલ, બલાબલથી જીવની પરાધીનતા, પરમાત્માનું શોધન-જ્ઞાન, એનું નિર્લેપપણું-શુદ્ધતા, એનું સામર્થ્ય-સામ્રાજ્ય, તત્ત્વબલ, મનુષ્યની મૂર્ખતા, સંતોનું મહત્વ, ચૈતન્યપ્રાપ્તિ માટે શરીર અને હૃદયની રક્ષા, માયિક નિર્માયિક પદાર્થો, પરલોક, મૃત્યુ, જીવની અખંડતા, પ્રાણચેતના, ચૈતન્યકલા, યમમાર્ગ, માયાના વિયોગથી થતાં માયિક જીવને

દુઃખો, અભિમાનની નીચતા, માનસિક નરકો, સ્થૂલ દુઃખ, ઇત્યાદિનું વર્ણન કરવારૂપે જ્ઞાનની આવશ્યકતા જણાવીને, પછી મનુષ્યનું મન તથા મનોવૃત્તિઓને ભગવંતરૂપ મણિના સ્પર્શ તથા ઘર્ષણથી કેવી રીતે સુવર્ણરૂપ કરી દેવાં તેનો પ્રકાર, ઘણાં સ્પષ્ટ અને દીર્ઘ એવાં અસંખ્ય દૃષ્ટાંતો આપી, અને સિદ્ધાંતોથી સ્ફોટન કરીને તેઓને સમજાવ્યા. ઘણા લાંબા સમય સૂધી નિત્ય નિયમપૂર્વક મહાત્મા સદ્ગુરુની પાસેથી શ્રવણ કરેલા ઉત્તમોત્તમ જ્ઞાનવડે, બંને શિષ્યો કેવળ ચન્દ્રકાન્ત મણિરૂપ બની ગયા અને પૂર્ણ કૃતાર્થતાવડે વારંવાર ગુરુનાં ચરણમાં પ્રણામ કરવા લાગ્યા. જ્ઞાનોપદેશની સમાપ્તિના આનંદમાં હર્ષસિંધુ વિષે નિમગ્ન થયેલા બંને શિષ્યોને અંતિમ મંગલાચરણ રૂપે ગુરુદેવે પોતે ઉપદેશેલા ચૈતન્યરૂપ સ્પર્શમણિનો સ્પર્શ કરવાનું, એટલે કે તે ભગવત્સ્વરૂપનું ધ્યાન કરવાનું કહ્યું; અને પોતે પણ તે કૃપાળુ પ્રભુના મંગલસ્વરૂપના ધ્યાનમાં સમાધિસ્થ બની ગયા.

# શિષ્યોનો વાર્તાલાપ

अहिमिव जनयोगं सर्वदा वर्जयेद्यः
कुणपमिव सुनारीं त्यक्तकामो विरागी ।
विषमिव विषयान्यो मन्यमानो दुरंतान्
जयति परमहंसो मुक्तिभावं समेति ॥

અર્થ—જે વૈરાગ્યશીલ પુરુષ, સદાય સર્પની પેઠે મનુષ્ય સંગ કરવાની ઈચ્છા કરતો નથી, શબની પેઠે સુંદર સ્ત્રીનો ત્યાગ કરવાને ઈચ્છે છે તથા પરિણામે દુઃખ દેનારા વિષયોને વિષ સમાન માને છે, તે પરમહંસ, વિજય મેળવે છે તથા મુક્તિને પામે છે.

## સૂક્ષ્મ બિંદુ ૧ લું—યથા લાભ સંતોષ.

મહાત્મા યોગિરાજની આ સમાધિ કંઈ સાધારણ સમાધિ નહોતી. શિષ્યોને—પરમ અધિકારી શિષ્યોને પરબ્રહ્મના સ્વરૂપનો યથાર્થ ઉપદેશ કરતાં કરતાં તેમનું અંતઃકરણ સંપૂર્ણ સમાધાન પામી ગયું હતું. એ અવસ્થામાં તેમને નિત્ય કરતાં વધારે અહોરાત્ર વીતી ગયાં, તોપણ તેઓ જાગ્રત થયા નહિ. એ પ્રસંગે તે બંને શિષ્યો, એ સમર્થ ગુરુવર્યની પાસેથી, પરમ લાભ—સર્વોત્કૃષ્ટ જ્ઞાનલાભ મેળવી કૃતાર્થ થયા હતા. તેઓ, એ અવકાશના સમયમાં, પોતે સંપાદન કરેલાં તત્ત્વ સંબંધી અનેક પ્રશ્નોત્તર કરીને જ્ઞાનવિનોદ કરતા હતા. પ્રસંગ નિકળતાં છદ્મલિંગ દ્વિજપુત્રે સુવિચારશર્માને પૂછ્યું; "સુહૃદ્વર્ય! આપણા ગુરુ મહારાજે પેલા ઋષિદેવનો ઇતિહાસ કહેતાં સૂચવ્યું હતું કે, 'તે મહાત્માએ અધ્યયન કરી રહેલા પોતાના શિષ્યોને પોતપોતાને ઘેર ચાલ્યા જવાની, ને ત્યાં જઈ ધર્મયુક્ત ગૃહસ્થાશ્રમ ચલાવવાની આજ્ઞા કરી, અર્થાત્ વેદશાસ્ત્રાદિકનું અધ્યયન કરી રહેલા દ્વિજપુત્રોએ બ્રહ્મચર્યની સમાપ્તિને અંતે ગુરુદેવની આજ્ઞા લઇને પોતાને ઘેર જવું, અને ત્યાં સમાવર્તન સંસ્કાર કરી, કુલીન અને સદ્ગુણી કન્યા સાથે વિવાહ

કરીને ગૃહસ્થાશ્રમી થવું; પછી ગુરુ પાસેથી અધ્યયન કરેલાં ધર્મશાસ્ત્ર પ્રમાણે ગૃહસંસાર ચલાવવો—એવો સનાતન ધર્મ કહ્યો છે. આપણું પણ આ બ્રહ્મવિદ્યારૂપ અધ્યયન સમાપ્ત થઈ ગયું છે; શું આપણને પણ હવે ગુરુવર્ય પોતપોતાને ઘેર જવાની આજ્ઞા કરશે?"

સુવિચારશર્મા બોલ્યો; "હે ભ્રાત! એ વાત સત્ય છે કે, ગુરુ પાસે અધ્યયન કરી રહેલા બ્રહ્મચારીએ ગુરુની આજ્ઞા મેળવીને ઘેર જવું, ને ત્યાં વિધિવત્ ગૃહસ્થાશ્રમ કરવો. આપણું પણ આ જ્ઞાનાધ્યયન પૂરું થયું છે, ઘેર જવાની હવે આજ્ઞા મળશે એ સંભવિત છે, તથાપિ આપણું અધ્યયન આટલેથી જ પૂરું થયું હોય એમ હું સમજતો નથી. આપણે જો કે વાચિક જ્ઞાન–શ્રવણ જ્ઞાન ગુરુદેવ પાસેથી મેળવ્યું છે, તથાપિ તેનું મનન તથા નિદિધ્યાસન અવશેષ છે; તે થયા વિના વિજ્ઞાનપ્રાપ્તિ કેમ થાય? વિજ્ઞાન એટલે અનુભવજન્ય જ્ઞાન." છદ્મલિંગે કહ્યું; "મનન, નિદિધ્યસનાદિક તો ઘેર ગયા પછી પણ થઈ શકશે, તેમ ધારીને ગુરુદેવ કદાચ આપણને ઘેર જવાની આજ્ઞા કરશે, તો કેમ કરીશું?"

સુવિચારશર્મા બોલ્યો; "ગુરુદેવની આજ્ઞા તેવી થશે તો તે શિરસાવંદ્ય જ ગણવી પડશે; એમાં શી હાનિ છે? જેમાં શિષ્યનું સદા હિત જ સમાયલું હોય એવી જ આજ્ઞા સદ્ગુરુ કરે છે, છતાં તેઓ કદાચ કોઈ કારણને લીધે સ્વેચ્છાનુસાર તેથી વિપરીત આજ્ઞા કરે, તોપણ તેને વંદ્ય ગણીને અનુસરવું, એ જ શિષ્યનું કર્તવ્ય છે. તે આજ્ઞા ગમે તેવી વિપરીત હોય તો પણ શિષ્યનું તો તેને અનુસરવાથી પરિણામે હિત જ થાય છે. **गुरोराज्ञा सदा कार्या मनोवाक्कायकर्मभिः** એટલે મન, વાણી, શરીર અને કર્મવડે કરીને શિષ્યે સદા ગુરુની આજ્ઞાનું પાલન કરવું. પણ વારુ, ગુરુ મહારાજ ઘેર જવાની આજ્ઞા કરે તો તેમાં તને શી અડચણ છે?"

છદ્મલિંગે કહ્યું; "અડચણ તો કંઈએ નથી. પણ આવા સ્થાનમાંથી હવે મને ઘેર જવું રુચતું નથી. ઘર એ જ સંસાર, સંસાર એ જ ઘર. ઘર એ કેવળ કારાગૃહરૂપ છે. તેમાં ફસાવું, એવો મારો મનોદય નથી. હું લગ્ન કરનાર નથી, તો પછી આવા કૃપાળુ ગુરુચરણનો વિયોગ શા માટે કરવો? જેણે વિવાહ ન કરવો હોય તેવો બ્રહ્મચારી, ગુરુ પાસેથી અધ્યયન કરી રહ્યા પછી પણ જન્મપર્યંત નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને ગુરુચરણની સેવા કરતો, સદા તેમની પાસે જ રહે, એવો ધર્મશાસ્ત્રનો નિયમ છે, નહિ વારુ?" એ સાંભળી દ્વિજપુત્ર દાનદક્ષ બોલ્યો; "એવી ધર્મ-

શાસ્ત્રની આજ્ઞા છે ખરી, તથાપિ આપણા સરખા શિષ્યોના સંબંધમાં તેમ નથી. તે આજ્ઞા તો જે દ્વિજપુત્ર યજ્ઞોપવીત સંસ્કાર પામીને તુરત જ વેદાધ્યયન કરવાને ગુરુ પાસે રહે છે તેને અંગે છે અને આપણે તો સમાવર્તનાદિ કરી ચૂકેલા ગૃહસ્થાશ્રમી છીએ; તથા આરંભના અધ્યયનાર્થે નહિ પણ અંતિમ અધ્યયનાર્થે એટલે વેદને અંતે કથેલા એવા જ્ઞાનના અધ્યયનાર્થે આવેલા છીએ. હવે કહો, સંસાર એ પરમ દુઃખરૂપ છે, એમ સારી રીતે અનુભવ્યા છતાં, પુનઃ પાછી ગૃહસ્થાશ્રમ કરવાની ઇચ્છા કેમ જ કરીએ? સંસારના તાપથી તપેલા પુરુષને શાંતિદાયક શીતળ સ્થાન માત્ર આ અનુપમ જ્ઞાનપ્રદ સદ્‌ગુરુદેવનાં ચરણકમળ જ છે, તો તે પ્રાપ્ત થયા પછી પુનઃ દુઃખરૂપ સંસારની વાંચ્છના સ્વપ્ને પણ કયો મૂર્ખ જન કરે?"

છદ્મલિંગે અતિ આશ્ચર્યથી પૂછ્યું; "શું આપ ગૃહસ્થાશ્રમી છો? શું ગૃહસ્થાશ્રમનો અકાળે ત્યાગ કરીને અહીં આવ્યા છો?" સુવિચારશર્મા બોલ્યો; "હા બંધુ, હું ગૃહસ્થાશ્રમી છું નહિ પણ હતો. જ્યારે સારી રીતે સમજવામાં આવ્યું કે, મહાત્માઓ કહે છે અને કહી ગયા છે તેમ ગૃહસ્થાશ્રમ એ જ નરદેહધારીને એક લોઢાની બેડી સરખો છે, પરમ અકલ્યાણરૂપ અધોગતિને માર્ગે મોકલનાર છે; ત્યારથી તેનાથી ઉદાસ થઇ ગયો હતો, અને તે બેડી તોડવાને આતુર થઈ રહ્યો હતો. ભગવદિચ્છાથી મારો પગ તેમાંથી ખસી ગયો. કેટલાક સમય પછી તે બેડીમાં સખત રીતે ફસાવાનો પ્રસંગ નજીક આવ્યો, પણ તેટલામાં આ કૃપાળુ સદ્‌ગુરુદેવના સમાગમથી, તેમાંથી સહજમાં છૂટી ગયો છું. હવે હું કેવળ નિશ્ચિંત અને નિરાશાથી આનંદમગ્ન છું, તે પુનઃ સંસારમાં કેમ લપટાઉં?"

સુવિચારશર્માનું આવું બોલવું સાંભળીને છદ્મલિંગે પોતાના મનને વારી રાખવાને ઘણોય પ્રયત્ન કરતો જણાયો, છતાં તેની મુખમુદ્રા તદ્દન મ્લાન પડી ગઈ. આંખમાં થોડાંક ઝળઝળીઆં સાથ તેનાથી નિઃશ્વાસ નંખાઈ ગયો. આમ થવાનું કારણ કંઈ સમજાતું ન હોતું, છતાં એટલી સમજ પડતી હતી કે, પોતાની કોઈ જાતની દુઃખાતી વા ઉભરાઈ આવતી લાગણીને બહાર ન જણાવા દેવાને તે પ્રયત્ન કરે છે. સુવિચારશર્માએ એ જોઇને એવું અનુમાન કર્યું કે, 'એણે જ્ઞાનશ્રવણના આવેશમાં 'લગ્ન નથી કરવું' એવી પ્રતિજ્ઞા મારી આગળ પ્રસિદ્ધ કરી, છતાં સંસારથી ઉપરમ નહિ પામેલો એવો કોઈ ઉછરતો જીવ એ છે

ને મારી વાત સાંભળીને હવે પછી પોતાનું કેમ થશે, એ ચિંતવનથી તેની પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળી વૃત્તિઓ અન્તરમાં લઢી રહી છે, તેનું આ બહિર્દર્શન છે.' અસ્તુઃ એ ગમે તેમ હો! થોડીક વારે સ્વસ્થ બની જઇને છદ્મલિંગ બોલ્યો; "આપ નિશ્ચિત અને આનંદમગ્ન છો તો ભલે, પણ આપની ગૃહસ્થાશ્રમરૂપ બેડી છૂટી ગઈ, ને વળી તેમાં સખત ફસાઈ પડવા પ્રસંગ આવ્યો હતો ઇત્યાદિ ગર્ભિત વાતોમાં મને કંઈ સમજણ પડી નહિ, તો તે ક્ષમા કરી મને સ્પષ્ટપણે સમજાવશો કે, એ વચનોમાં ભાવાર્થ શો છે? આપ મારા વડીલ ગુરુબંધુ છો, હું આપના કનિષ્ઠ બંધુ વા સેવક સમાન છું; વળી મારી ગૃહસ્થાશ્રમમાં રહેવાની ગર્ભિત ઇચ્છા છે, તેથી હું આપને મારા પૂર્વના નિશ્ચયથી ઉલટું પૂછું છું એમ નહિ, પણ માત્ર એક ન્યાયને માટેજ પૂછું છું કે, ગુરુ મહારાજે આજ પર્યંત આપણને જે જ્ઞાન સંભળાવ્યું તેમાં તો ઘણાંક દૃષ્ટાંતો સિદ્ધાંતોથી એવું જ સિદ્ધ કરી આપ્યું છે કે, પ્રત્યેક મનુષ્યે ગૃહસ્થાશ્રમમાં રહીનેજ જ્ઞાન સંપાદન કરવું, એ સુખસાધ્ય ને શ્રેયસ્કર છે. ગૃહસ્થાશ્રમ એ, પુરુષને, એક ઘણા શત્રુઓવાળા રાજનગરની આસપાસ બાંધેલા મહા દૃઢ દુર્ગ જેવો છે, છતાં આપ તેને એક બેડી–લોઢાની બેડીરૂપે કેમ વર્ણવો છેઃ?"

સુવિચારશર્મા બોલ્યો; "પ્રિય બંધુ! તું શુદ્ધ બુદ્ધિમાન્ છે ને તેથી ગુરુ મહારાજે અર્પણ કરેલા જ્ઞાનામૃતનું યથાર્થ પાત્ર પણ છે; અને તેથી જ તારા પૂછેલા પ્રશ્નોનો હું બહુ પ્રીતિપૂર્વક સવિસ્તર ઉત્તર આપીશ. ગૃહસ્થાશ્રમ એ, જ્ઞાન સંપાદન માટે નિર્ભય સાધનદુર્ગ છે ખરો, પણ તે યથાર્થ હોય તો જ. જેવો તેવો–રૂઠ્યો કુટ્યો, ગૃહસ્થાશ્રમ પોતે પોતાના રૂપનેજ શોભાવનારો કે સફળ કરનારો હોતો નથી, તો પછી જ્ઞાન સાધનરૂપ કેમ થઈ શકે? હું ગૃહસ્થાશ્રમી હતો ખરો, પણ મારો તે ગૃહસ્થાશ્રમ જોઇએ તેવો ન છતાં, જ્ઞાન સંપાદન માટે સાધનરૂપ થવાને બદલે અંતરાયરૂપ થઈ પડનારો બન્યો જતો હતો. ગૃહસ્થાશ્રમનું મૂળ સ્ત્રી છે. તે જ્યારે સર્વ ગુણસંપન્ન હોય ત્યારેજ ગૃહસ્થાશ્રમ યથાર્થ ફળ આપનારો મનાય છે. પણ બંધુ! સર્વગુણસંપન્ન તો બધી સ્ત્રીઓ ક્યાંથીજ હોય? તથાપિ સેવાપરાયણતા, આજ્ઞાનુકૂલતા ને યથાલાભસંતોષ, એટલા ગુણો તો ગૃહિણીને અંગે અવશ્ય જોઇએજ. સેવાપરાયણતા, તેમજ આજ્ઞાનુકૂલતા એ બે ગુણો મારી સ્ત્રીમાં પણ

એટલા બધા જાગ્રત હતા કે, જેવા બીજી સ્ત્રીઓમાં ભાગ્યે જ હશે. તેના પ્રેમાળુ સ્વભાવની પણ કરું તેટલી પ્રશંસા ઓછી છે. એ ગુણો સામાન્ય ગૃહસ્થાશ્રમને તો ખરેખર શોભારૂપજ હતા, પરંતુ હું તેટલાથી સંતોષ પામું તેમ ન હોતું. મારી વૃત્તિઓ માત્ર ગૃહસ્થાશ્રમના નાશવંત સુખની જ અભિલાષાવાળી નહી, પણ ઉત્તરોત્તર અવિનાશી સુખની અભિલાષાવાળી હતી. મને મારી ગૃહચારિણીમાં એક મોટા આવશ્યક સદ્ગુણની ખામી જણાઈ. એ ગુણ તે પેલો ત્રીજો-યથાલાભ સંતોષ-એટલે જે મળે તેમાં, જે હોય તેટલામાં જ સંતોષ માની, તેવડે પોતાનો નિર્વાહ કરવો; પણ સર્વસુખસંપન્નતા માટે ઘણી કાળજી ને ઘણી તૃષ્ણા તથા વ્યાકુળતા રાખીને સદા અસંતોષી, દુઃખી રહેવું નહિ તે. તને સ્મરણ હશે કે, ગુરુ મહારાજે આપણને સંસારપ્રવાસની વાર્તા કહી હતી, તેમાં સ્પષ્ટ સમજાવ્યું હતું કે, સંસારમાં પ્રાણીનું આવવું, એ એક થોડાક દિવસના પ્રવાસ સરખું છે. પ્રવાસમાં નિકળેલો મનુષ્ય પોતાના મનમાં સારી રીતે નિશ્ચયવાળો હોય છે કે, મારે અમુક સ્થળે જવું છે, ને જેમ બને તેમ ત્યાં શીઘ્ર જઈ પહોંચાય, તે માટે તે બહુ સાવધ રહે છે. માર્ગમાં સમય મિથ્યા વ્યતીત કરતો નથી, રસળતો નથી ને ઘરના જેવું સુખ ભોગવવાની આશાએ કરતો નથી. પોતાની પાસે જે કંઈ ભાતુંપોતું હોય, તેમાંથી ટીમણ કરી લઈ, તડકો લાગે તો વૃક્ષાદિકને છાંયે ઘડિક બેસી, વિસામો લઈ, પાછો માર્ગે પડે છે ને ધારેલે મુકામે જઈ પહોંચે છે ત્યારે જ કૃતાર્થ થયેલો માને છે. એ વેળા માર્ગમાં ઝાડનો છાંયો ઘરના જેવો સુખદ છે કે નથી, ખાવાનું સંતોષકારક છે કે નથી, એ વાતપર તે લક્ષ રાખતો નથી વા તે મેળવવા માર્ગમાં પ્રયત્ન પણ કરતો નથી. તે જાણે છે કે, મારે કંઈ સદાકાળ અહીં બેસી રહેવું નથી-માત્ર વિસામા માટે જ બેસવું છે, ને નિર્ધારેલે મુકામે પહોંચી શકાય ત્યાંસૂધી જ ભાતું ખાવાનું છે: માટે થોડા સમય સારુ જેમ બને તેમ ચલાવી લેવું. એજ પ્રમાણે સંસારરૂપ પ્રવાસમાં આવેલા પ્રાણીએ પણ લક્ષમાં રાખવાનું છે કે, મારે સદા અહીં બેસી રહેવાનું નથી, પણ અણધારેલે સમયે સ્વર્લોક પ્રત્યે જવાનું છે. ત્યાં જવા પછી મારું શું થશે, શું કરું તો ત્યાં જઈ સુખરૂપ સ્થાન પામું, એ વાતની જ ચિંતામાં રહી, અહીં માર્ગમાંનાં ક્ષણિક સુખ ભોગવવા મથવું કે મિથ્યા રસળવું નહિ; પણ યોજાયલા કાર્યમાં તત્પર રહી,

તે પૂર્ણ કરી, મૂળ સ્થાનપ્રતિ જતાં વિઘ્ન ન નડે, તેજ સંભાળવાનું તેનું કર્તવ્ય છે. પ્રવાસી જો નિર્ધારેલે મુકામે જવાની વાત લક્ષમાં ન રાખતાં, માર્ગમાં સુખ મેળવવાની ઇચ્છાથી રસળે તો ધારેલે મુકામે જઈ ન શકતાં, માર્ગમાં જ ચૌરાદ્દિકના ઉપદ્રવથી નષ્ટપ્રાય થઈ જાય, કે નકામી વેઠ માથે આવી પડે. તેવી જ રીતે સંસારપ્રવાસી પ્રાણી પણ સ્વર્લોકમાં જવાની વાત ભૂલી જઈ, ઐહિક સુખની જ લાલસામાં ભટકે તો અંતે મરણશરણ થઈ, યમસદનમાં જ જાય, ને ત્યાં અપાર કલેશ ભોગવે. એટલા માટે, સુજ્ઞ ગૃહસ્થાશ્રમીએ ઐહિક સુખની આશા ન રાખતાં, યથાલાભ સંતોષ પામીને, માત્ર પરમાર્થપ્રાપ્તિમાં જ પ્રયત્નવાન્ રહેવું જોઇએ. યથાલાભ સંતોષ એટલા માટે રાખવાનો છે કે, આ લોકને વિષે મનુષ્ય પ્રાણીને જે કંઈ સુખ દુઃખાદ્દિ પ્રાપ્ત થાય છે. તે સર્વ તેના પ્રારબ્ધાનુસાર આપોઆપજ પ્રાપ્ત થાય છે. એ નિયમ એવો અનિવાર્ય છે કે, ગમે તેમ કરવા છતાં પણ પ્રારબ્ધ ભોગવ્યા વગર, ત્રણ બ્રહ્માંડવિષે પણ છૂટકો થતો નથી. એટલા જ માટે, પ્રારબ્ધના ભોગસંબંધે હર્ષશોકાદ્દિ કરવાં એ વ્યર્થ છે; તેમ જ તે ફેરવવા માટે પ્રયત્ન કરવો પણ વ્યર્થ જ છે. એ પ્રારબ્ધભોગ સંબંધી આપણા ગુરુ મહારાજે આપણી આગળ સવિસ્તર કથન કરેલું છે કે, એ તો જેવા હોય તેવા જ ભોગવે છૂટકો છે; સંભાળ એટલી જ રાખવાની છે કે, તેવા અનિષ્ટ દેનારાં પ્રારબ્ધના પોટલા ફરી પાછા ન બંધાય. પ્રારબ્ધ માટે, સંસ્કાર માટે તેં ઘણું ઘણું ગુરુમુખે શ્રવણ કર્યું છે, એટલે હવે તારી આગળ તે વિષે વિશેષ વર્ણન કરવાની આવશ્યકતા નથી. તે પરથી આટલું જાણવાનું છે કે, જે વસ્તુ અણચિંતવ્યે ને અનાયાસે આપોઆપ જ સૃષ્ટિકર્તાના દૃઢ નિયમાનુસાર, પૂર્વ કર્મોને યોગે આવી મળે છે, વા હોય છે, તે નષ્ટ થઈ જાય છે, તો તે માટે ચિંતા વા પ્રયાસ કરવો, એ કેવળ વ્યર્થ નથી? યથાલાભસંતોષ તેટલા માટે માનીને, કેવળ ભગવત્પ્રાપ્ત્યર્થ જ દૃઢ પ્રયત્ન કાં ન કરવો? સંસાર, મૂળે તો દુઃખરૂપ જ છે તેમાં વાસ્તવિક સુખ જ નથી; દુઃખની કિંચિત્ નિવૃત્તિ થવાને જ સુખ માનવામાં આવે છે તો પછી તેવાં એક 'માનવા' માત્ર સુખની આશાથી, સદા સંતપ્ત શા માટે રહેવું?"

એટલું કહીને પુનઃ તે બોલ્યો; "પ્રિય બંધુ! સદસદ્વસ્તુનો વિવેક જાણનારા પુરુષો એવી મિથ્યા આશાથી કદી સંતપ્ત રહેતા નથી. છતાં

પરાણે તેને કોઈ એવી આશામાં બંધાવા પ્રયત્ન કરે, એ તેને કેટલું બધું કષ્ટરૂપ થઈ પડે, એનો તું જ વિચાર કર. મારે પણ એવી જ રીતે હતું. મારી સ્ત્રી આ વાતમાં બીજી પ્રાકૃત સ્ત્રીઓના સરખી જ હતી. મારે ત્યાં સાંસારિક પ્રત્યેક સુખની ઉણપ લાગતી; તે ઉણપ પૂરી કરવા માટે પ્રયત્ન કરવાને મને વારંવાર વિનવતી, છતાં હું લક્ષમાં ન લેતો. એથી દુ:ખિણી બનીને, કોઈ કોઈ વાર સ્ત્રીસ્વભાવને લીધે ક્લેશ પણ કરતી. આ કારણથી પરમાર્થસાધનને વિષે મારો ગૃહસ્થાશ્રમ મને એક અંતરાયરૂપ થઈ પડેલો હતો. દિનપ્રતિદિન મારા અંતરમાં સંસાર-પ્રતિ પુષ્કળ તિરસ્કાર આવી ગયો. એટલામાં શ્રીહરિની કૃપાથી મારી તે બેડી સહજમાં છૂટી ગઈ."

એ સાંભળી છદ્મલિંગ બોલ્યો; "મિત્રવર્ય! આપની એ બેડી સહજમાં શી રીતે છૂટી ગઈ? શું આપનાં પ્રિય પત્નીનું અકાળે દેહાવસાન થયું?" સુવિચારે કહ્યું; "ના; તેનું દેહાવસાન તો થયું નહિ; પણ તેનો ને મારો લાંબા સમયને માટે વિયોગ થઈ ગયો." છદ્મલિંગ બોલ્યો; "શું તે બિચારી અજ્ઞાત અબળાનો આપે ત્યાગ કરી દીધો?" સુવિચારે કહ્યું; "નહિ નહિ; જે બિચારીનું આખું જીવન મારા દેહ પછવાડે અર્પિત થયેલું, તેવી અબળાનો ત્યાગ કરવો, એ વાતને હું યોગ્ય ગણતો નથી. પણ અમારા વિયોગ માટે સ્વાભાવિક જે કારણ બન્યું, તે તું સાંભળ:-તે વારંવાર સંસારસુખોની ઓછપથી અસંતુષ્ટ રહેતી ને ઉદ્વિગ્ન થઈ જતી. એક દિવસે મને એવી ઉર્મી થઈ આવી કે, આ સ્ત્રીસંસાર સુખમાં જ સાર્થકતા-કૃતકૃત્યતા છે એમ માને છે અને મનાવે છે. સંસારી સુખ જો કે મિથ્યા અને પરિણામે દુ:ખનાં કારણરૂપ છે, છતાં એ વાત તેને અનુભવ વિના માનવામાં આવે તેવી નથી; માટે એકવાર તેને તે વાતનો અનુભવ કરાવું તો ઠીક-અર્થાત્ સંસારસુખ ભોગવીને, તે પોતાની મેળે જ તેને મિથ્યા, તેમ જ અપાયરૂપ સમજે તો ઠીક. પણ એ વાત તો દ્રવ્યવિના બની શકવી કઠિન જ. તે સારુ પ્રથમ પુષ્કળ દ્રવ્ય મેળવવાનો મેં નિશ્ચય કર્યો. બીજે જ દિવસે 'હું તારે માટે કદી નહિ ખૂટે તેવું દ્રવ્ય મેળવવાને જાઉં છું,' એમ કહીને મેં સદાને માટે ગૃહનો ત્યાગ કર્યો."

અહીં સુધીનો વૃત્તાંત કહીને સુવિચાર મૌન્ય રહ્યો, ત્યારે છદ્મે પાછું પૂછ્યું; "કૃપાબન્ધુ! પછી?" સુવિચાર બોલ્યો; "પછી શું? દ્રવ્ય કંઈ માર્ગમાં પડેલું નથી કે ગાંસડો બાંધી ઘેર આવું, તેમ સહજમાં

કાંઈ કોઇ કોઇને આપીએ દેતું નથી, સો તે મને ક્યાંથી મળે કે હું તે લઇને ઘેર જઈ મારી સ્ત્રીને સંતુષ્ટ કરું?" ત્યારે છદ્મલિંગ બોલ્યો; "વારુ, ત્યારે તો આપ તેને સમજાવવારૂપ કહો કે છળવારૂપ બહાનું કરીને જ માત્ર ઘેરથી નિકળી ચાલ્યા; તે પછી પાંસરા અહીં આ એકાંત સ્થાનમાં આવી રહ્યા છો? શું એ યથાર્થાચરણી શિષ્ટ જનને છાજતી વાત ગણાય?" "નહિ નહિ, પ્રિય બંધુ! એમ નહિ; મેં એમ કર્યું નથી, ને એમ કરવું એ યોગ્ય પણ નથી. ઘેરથી નિકળ્યા પછી મારું શું થયું, તે હું હવે તુંને અવકાશ મળશે તો કાલે કહીશ. આજે તો હવે આશ્રમપરિચર્યાનો* સમય થઈ ગયો છે, ને તે પછી લાગલો જ સંધ્યા સમય થશે, એટલે આજે વાત કરવા માટે અવકાશ મળવાનો નથી. ચાલો, જય શ્રીહરિ! જય સચ્ચિદાનંદ! ગુરુ મહારાજને વંદન કરી આપણે આપણું કાર્ય કરીએ." એમ કહી બંને શિષ્યો પર્ણશાળામાં ગુરુવર્યના દર્શનાર્થે ગયા. યોગીશ્વર સમાધિસ્થ હતા. તેઓએ ભાવયુક્ત તેમને નમન કર્યું ને પછી છૂટા પડી ગયા.

## શિવારાધન–અર્થસિદ્ધિ

બીજે દિવસે પોતાનું નિત્ય કૃત્ય આટોપી લઇને પાછા તે બંને શિષ્યો ગુરુદેવને સમાધિમાં જોઈ, તેમને વંદન કરીને આશ્રમમાંના એક સુંદર પુષ્પિત વૃક્ષ તળે જઇને બેઠા. છદ્મલિંગે નમન કરી પૂછ્યું:– "ઘેરથી નિકળ્યા પછી આપે શું કર્યું તે કહો!" સુવિચારશર્માએ પોતાનો વૃત્તાંત કહેવાનો આરંભ કર્યો.

"ઘેરથી નિકળ્યા પછી હું મારા ગ્રામની સીમમાં આવેલા એક શિવાલયમાં ગયો. ત્યાં તે આદિ દેવનું પૂર્ણ પ્રેમથી વિધિવત્ પૂજન કરીને નિત્યની પેઠે ઘેર ન આવતાં, મંદિરની આગળના મંડપમાં, તે દેવાધિદેવનું ધ્યાન ધરવા બેઠો. એ જ મંડપમાં બેસી આગળ હું નિત્ય ધ્યાન કરતો, ને તે વેળા તે પ્રભુના પૂર્ણાનંદમય સ્વરૂપનો મારા હૃદયમાં સાક્ષાત્કાર થતો; પણ તે દિવસે તેમ થયું નહિ. નિત્યે તો મારું હૃદય કેવળ નિષ્કામ હતું, મને કોઈ જાતની આશા કે કામના ન હોતી, કેવળ ભક્તિભાવને માટે જ હું ભગવાન્ સદાશિવનું ધ્યાન ધરતો હતો. પણ એ દિવસે તો મારા હૃદયમાં દ્રવ્ય, દ્રવ્ય ને દ્રવ્યની જ

* આશ્રમપરિચર્યા એટલે આશ્રમમાં વાળઝાડ કરવી, વૃક્ષોને સિંચવા વગેરેનું તથા ફળ, ફૂલ વગેરેની સંભાળ લેવાનું કામ કરવું તે.

વાસના વસી ગઈ હતી. શિવ પ્રભુનું ધ્યાન કરીને પણ મનોમય રીતે તેમની પાસેથી હું દ્રવ્યલાભજ માગવાનો હતો, તેથી નેત્ર મીંચીને ધ્યાન કરવા માંડું કે, તુરત શંકરના કર્પૂર ગૌર સ્વરૂપને ઠેકાણે અનેક પ્રકારનું દ્રવ્ય તથા તેને પ્રાપ્ત કર્યા પછી સ્રીને સંતુષ્ટ કરવાની, સારાં ઘર, અનેક સુખસાધનો, સારાં ભોજનો ઇત્યાદિ વસ્તુઓજ મારી મનોમય દૃષ્ટિ આગળ રમણ ભ્રમણ કરવા માંડી. સકામપણે ભગવદ્ભક્તિ કરવામાં ને નિષ્કામપણે કરવામાં કેટલો બધો અંતર છે, તેનો અનુભવ મને તે પ્રસંગે પૂરેપૂરો થયો. હું મારા મનને ઘણીક રીતે વારીવારીને ઠેકાણે લાવું, પ્રભુના ચરણમાં લગાડું, પણ ક્ષણવાર થઈ કે પાછું દૃષ્ટિ આગળ દ્રવ્ય જ દોડાદોડ કરે. છેવટે હું થાકયો. ઘણે પ્રયત્ને જેમ તેમ કરી પ્રભુનું જેવું તેવું એકવાર ધ્યાન થયું, એટલે સંતોષ માની, જરા શાંતપણે બેઠો. હવે મારે કરવું શું, તથા કયા ઉપાયથી પુષ્કળ દ્રવ્ય મળશે, તેના વિચારોમાં હું લીન થઈ ગયો. મારા મનથી મેં અનેક પ્રકારો ને ઉપાયો તપાસી જોયા, પરંતુ કોઈ પ્રકાર, મારી મનોવૃત્તિને અનુકૂલ જણાયો નહિ. કૃષિકર્મ, વ્યાપાર, રાજસેવા, વિદ્યાવિક્રય તથા ભિક્ષા આદિ સર્વ પ્રકારો મને પરમ દૂષિત દેખાયા; તેમજ તેમાંના એકેકથી જોઇએ તેટલું દ્રવ્ય શીઘ્ર મેળવી શકવું, એ પણ દુષ્કર દેખાયું. જેનું મન જેવા સંસ્કારોથી ઘડાયું હોય છે, તેવી વૃત્તિ તેની બંધાય છે. તેજ પ્રમાણે મારે પણ થયું. મારા પિતાશ્રી કેવલ અયાચક વૃત્તિવાળા હોઇને યદૃચ્છા લાભથી સંતોષ માનતા અને બ્રાહ્મણપણાનું તન મન ધનથી પાલન કરતા, એટલે નિત્યકર્માનુષ્ઠાનરૂપ તપશ્ચર્યા ને ઈશ્વરારાધનામાંજ તેમનો કાલક્રમણ વ્યતીત થતો. તે પ્રમાણે હું પણ તપશ્ચર્યા, ઈશ્વરારાધન ને પરમ તત્ત્વસેવનમાંજ મારો પોતાનો મુખ્ય ધર્મ માનતો હતો. માટે મારી વૃત્તિ એ માર્ગે દોડી. મેં તુરત નિશ્ચય કર્યો કે, મારે કોઈ કઠિન તપ કરીને ભગવાન્ શંકરને પ્રસન્ન કરવા, કે જેઓ મારા મનોરથ પૂર્ણ કરે. પણ તે માટે કોઈ પવિત્ર અને એકાંતસ્થાન જોઇએ, એટલા માટે હું તુરત એ શિવાલયમાંનાં દૈવતને નમન કરીને ત્યાંથી ચાલી નિકળ્યો. થોડાક દિવસમાં ઉત્તર ભૂમિને વિષે આવેલા એક અરણ્યમાં જઈ પહોંચ્યો. એ નિર્જન પણ રમ્ય અરણ્યની ભૂમિ, અનેક પર્વતો, ગુહાઓ, જળપ્રવાહો અને સુવૃક્ષોથી વ્યાપ્ત હતી; મનને સ્વાભાવિક રીતે પ્રસન્નતા ઉપજે એવી હતી. ત્યાં એક સુંદર પ્રવાહની

સમીપમાં આવેલી ગુહાને વિષે મેં નિવાસ કર્યો. બીજે દિવસે પવિત્ર જળમાં સ્નાનાદિ પ્રાતરાહ્નિક કરીને સૂર્ય સન્મુખ બેસીને સંકલ્પ કર્યો કે, પોતાના ભક્તોને શીઘ્ર પ્રસન્ન થનારા એવા ભગવાન્ શિવજી પ્રસન્ન થઇને મારો અખૂટ ધનપ્રાપ્તિરૂપ મનોરથ પૂર્ણ કરશે ત્યારે જ હું અન્નપ્રાશન કરીશ. પછી પાર્વતીસહ શંકરનું સર્વદા ધ્યાન અને તેમના જ મંગલ નામરૂપ મન્ત્રનો એકાગ્રપણે જપ કરતો હું, એક માસપર્યંત વનફળોનો, નિત્ય પ્રતિ એકવાર આહાર કરીને રહ્યો. બીજે માસથી વનફળ તજી માત્ર *શુષ્ક પત્રાશનથી જ ચલાવવા માંડ્યું. એમ કરતાં પાંચ માસ વીતી ગયા. મેં વિચાર કર્યો કે, આમ કંઈ પાર આવવાનો નથી. अर्थं साधयेद्वा देहं पातयेद्वा। એવા નિશ્ચયથી છઠ્ઠે માસે મેં પર્ણાશનનો પણ ત્યાગ કરીને કેવળ અનશન વ્રત કરવા માંડ્યું. ભગવાન્ શંકરને ભક્તજનોએ આશુતોષ કહ્યા છે, તે કેવી રીતે યથાર્થ છે, તેની મને બરાબર ખબર પડી. અનશન વ્રતથી મારું શરીર કેવળ શુષ્ક થઈ ગયું ને પ્રાણ રહેશે કે નહિ, તેની પણ શંકા થઈ પડી. મારી નેત્રાદિ સર્વ ઇંદ્રિયોમાંથી પોતપોતાનું કાર્ય કરવાની દૈવી શક્તિ જતી રહી. જિહ્વાથી મન્ત્રનો જપ પણ થતો અટકી પડ્યો. તે માત્ર અંતઃકરણમાં મનોમય રીતે જ થવા લાગ્યો અને એવી સ્મૃતિ પણ વધારે વાર રહી શકશે કે નહિ, એમ મને નિશ્ચય થયો."

આ છેલ્લું વાક્ય સાંભળી છદ્મલિંગ પોતાનાં શરીરને કમકમાટ લાવીને બોલ્યો; "અહા! જે સ્ત્રીની દ્રવ્યલાલસાને લીધે તેના પતિની છેક આવી દયાર્દ્ર–મૃત્યુ સમાનાવસ્થા થઈ, તેના સરખી દુષ્ટ ઘાતકી પતિદ્રોહિણી સ્ત્રી બીજી કયી હશે? હર હર! ધિક્કાર છે, તે કઠોર કાળજાની કૃત્યાને, કે જેણીએ ક્ષુલ્લક સુખને માટે પોતાના આલોક તથા પરલોકના સાથીરૂપ, પોતાના પરમેશ્વરરૂપ, પોતાના સત્ય સૌભાગ્યરૂપ ને પોતાના સર્વસ્વરૂપ પતિનું શું થશે, તેનો કિંચિત્ પણ વિચાર ન કર્યો! પણ આપ સરખા દયાળુ ને સદસદ્વિવેકી પુરુષો તેવી અબળાઓની સ્વાભાવિક જડતાને લીધે થયેલા અપરાધોને ગણતા નથી, એ માટે આપને પરમ પ્રેમપૂર્વક પ્રણામ!" એમ કહેતાં કહેતાં તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. ત્યારે સુવિચારશર્માએ કહ્યું; "પ્રિય સખે! માત્ર મારો

* શુષ્ક પત્રાશન–પોતાની મેળે ઝાડપરથી ખરી પડેલાં સૂકાં પાંદડાં જ ખાઇને રહેવું તે.

વૃત્તાંત સાંભળીને જ જ્યારે તને આટલું બધું થયું, ત્યારે જેની પ્રસન્નતાને માટે મેં ઉગ્ર તપ આરંભ્યું હતું, તે દયાના ભંડારરૂપ શંકરને પોતાના ભક્તમાટે કેમ દયા ઉપજ્યા વિના રહે? તેને અત્યંત કરુણા ઉપજી. થોડાક ઉપવાસોને અંતે એક સુંદર બાળ યોગીને વેશે તેઓ મને પ્રત્યક્ષ થયા ને મારો ઇચ્છિત મનોરથ પૂર્ણ કરી, ક્ષણવારમાં મારી દૃષ્ટિ સન્મુખ મને આનંદાશ્ચર્યમાં મગ્ન કરી દેતાં અદૃશ્ય થઈગયા!" અહીં સુધીનો વૃત્તાંત કહીને સુવિચારશર્મા મૌન ધરી રહ્યો, ત્યારે છદ્મલિંગે પૂછ્યું; "કૃપાબન્ધુ! શંકર પ્રભુએ આપનો ઇચ્છિત મનોરથ કેવી રીતે પૂર્ણ કર્યો?" સુવિચારશર્મા બોલ્યો; "હવે સમય થઈ ગયો છે, માટે અવકાશ મળશે તો શેષ વૃત્તાંત કાલે કહીશ." એમ કહી તેઓ સમાધિસ્થ ગુરુદેવનાં ચરણનું વંદન કરીને, પોતપોતાના નિત્ય કૃત્ય માટે છૂટા પડ્યા.

### ત્યાગનિર્ણય

ગુરુજીએ આજ્ઞા આપેલી, તે પ્રમાણે જપ-સ્મરણ-ધ્યાનાદિ ક્રિયાના નિત્ય કાર્યથી પરવારી ત્રીજે દિવસે નમતા પહોરના તેઓ એક રમ્ય વૃક્ષ તળે એકઠા થયા ત્યારે, છદ્મના પૂછવાથી સુવિચારે પોતાનું પૂર્વ વૃત્ત પુનઃ કહેવા માંડ્યું. તે બોલ્યો; "મિત્ર! બાલજટિલરૂપધારી શિવજીએ, મારા હાથમાં એક તેજસ્વી પાષાણનો કાંકરો આપીને કહ્યું કે, 'હે બ્રાહ્મણપુત્ર! લે આ, પથ્થર! એ તારો મનોરથ પૂર્ણ કરવાને અર્થે હુ તને આપું છું. એ અસંખ્ય સુવર્ણનો ભંડાર છે. તને જે વેળાએ જેટલું સુવર્ણ જોઈશે, તેટલું તેમાંથી પ્રાપ્ત થઈ શકશે. એનું નામ સ્પર્શમણિ છે, એટલે તામ્ર, લોહ આદિ ધાતુને સ્પર્શ માત્રથી સુવર્ણરૂપ કરી દેવાનો એનામાં અમુલ્ય ગુણ છે. એ દ્રવ્યનો તું સદા સદ્‌વ્યય કરજે. એને યોગે તને કોઈ વેળા મહાત્મા સદ્‌ગુરુનાં દર્શન થશે; જેમની અનન્ય સેવા કરીને તું આત્મજ્ઞાનરૂપ અલભ્ય લાભ મેળવીશ.' મિત્ર! શંકર ભગવાનના વચનથી ચેતના પામી, હું સદા સદ્‌ગુરુની શોધ કરતો હતો, તેવામાં મને આ મહાત્મા સદ્‌ગુરુવર્યનાં ચરણ પ્રાપ્ત થયાં છે. એ સ્પર્શમણિના યોગે મેં અનેક પ્રખ્યાત અને ગુપ્ત તીર્થો જોયાં, ઘણાક સંતો-મહાત્માઓનાં દર્શન કર્યાં ને તેઓનાં દર્શનની લાલસાથી સ્થળે સ્થળે, કોઈ ન કરી શકે તેવી રીતે, મોટા મોટા મેળાઓ કર્યા, ઘણાંક ધર્મકાર્યો ચાલુ કર્યાં, કે જેને યોગે તેવા મહાત્માઓ સ્વાભાવિક રીતે તેવે સ્થળે આવે, અસંખ્ય આશીવાદો આપે, ને મારે સમાગમ

થાય! એ સમસ્ત પુણ્યના ઉદયરૂપે, છેવટે એક સૂર્યગ્રહણના મેળામાં, કુરુક્ષેત્રને વિષે મને આપણા કૃપાળુ ગુરુદેવનાં દર્શન થયાં, જેની કૃપાથી હવે હું કૃતાર્થ થયો છું."

એ સાંભળી છદ્મલિંગે; "તમે કુરુક્ષેત્રમાં શા માટે ગયા, ત્યાં તમોએ શો પ્રયત્ન કર્યો, ગુરુદેવનાં દર્શન કેવી રીતે થયાં, ત્યાંથી અહીં તેઓ તમને સાથે તેડી લાવ્યા કે કેમ, તમારો તે સ્પર્શમણિ ક્યાં છે, મને તે દેખાડશો, ઇત્યાદિ પ્રશ્નો કરવાથી, સુવિચારે પોતાનો સર્વ વૃત્તાંત ઈત્થંભૂત કહી સંભળાવ્યો, ને સ્પર્શમણિ ગુરુ મહારાજે ફેંકી દીધો તથા એ માટે મને ખેદ થતાં એના બદલામાં બીજા અસંખ્યમણિ દેખાડ્યા, એ કથા પણ અથથી તે ઇતિ સૂધી વર્ણવી, ત્યારે પોતાની કોઈ ધારેલી ધારણા પાર પડી હોય, તે રીતે બહુ આનંદમાં આવી જઈ, છદ્મ, ઉત્સાહી મુખે બોલ્યો; "વારુ ત્યારે, મારા પ્રાણમિત્ર! જો કે તમને પ્રયાસ ઘણો કરવો પડ્યો, તોપણ અંતે તમારી અંતર્ભાવના જ્ઞાનપ્રાપ્તિરૂપ ભગવત્કૃપાથી સિદ્ધ થઈ, એટલે હવે આપ સર્વથા કૃતકૃત્ય થયા છો. આપને હવે કશું કરવાનું, કે મેળવવાનું રહ્યું નથી. તોપણ વિનતિ કરવાની આજ્ઞા લઉં છું કે, પૂર્વે આપે પોતાના ઘરમાં જ સ્ત્રીજાતિ અને 'મારા સ્વામીનાથ આજ આવે, કાલ આવે,' એવી વાટ જોતી અબળાને-કહો કે અપરાધિની અબળાને-કેટલા લાંબા સમયથી તજી દીધી છે, તેની શી દશા થઈ હશે, એનું આપને કોઈવાર પણ સ્મરણ થાય છે? દયાને લીધે પણ કોઈવાર તેની પતિ વિયોગરૂપ અપાર પીડાનો વિચાર આપને આવે છે? આપ તેના સંબંધમાં શું કરવા માગો છો?" સુવિચાર બોલ્યો; "સખે! જ્યાંસૂધી હું ગુરુવિહીન એકલો જ વિદેશોમાં ફરતો, ને સ્પર્શમણિની સહાયથી, જેમાં અપાર દ્રવ્યનો વ્યય થાય તેવાં અનેક ધર્મકાર્યો કરતો, તેવામાં કોઈ કોઈવાર તે દ્રવ્ય લાલસાવાળીનું મને સ્મરણ થઈ આવતું, કે આ વેળા તે મારી પાસે હોત તો પોતાને હાથે અસંખ્ય દ્રવ્યનો યથેચ્છ ઉપયોગ કરીને કેટલો આનંદ પામત. પ્રસંગોપાત તેની, પતિવિયોગ પીડા સંબંધી વિચાર પણ મને આવતો, પરંતુ તેથી શું એ માટે કંઈ હું અપરાધી ન હોતો. મેં કંઈ અકારણથી વા તેના ક્લેશથી તેનો ત્યાગ કર્યો ન હોતો, પણ માત્ર તેની દ્રવ્યેચ્છા પૂર્ણ કરવા સારુ જ તેને એકલી મૂકીને હું ચાલી નિકળ્યો હતો. માટે તેના સંતાપનું ફળ તેને મળ્યું," "તેમાં મારો અપરાધ શો? અસ્તુઃ પણ

હવે ?" છન્ને પૂછ્યું. "હવે શું? હવે તો જે થવું જોઈતું હતું, તે આપો-આપ જ થઈ ચૂક્યું છે;" સુવિચાર બોલ્યો. "મુક્તિ માર્ગમાં અંતરાય પડાવનારા જે હેય* પદાર્થો-કનક અને કાંતા-તેઓ પોતાની મેળે જ અળગા થઈ ગયા છે. ઘણો લાંબો સમય થઈ ગયો, માટે સ્ત્રીનું પણ થવાનું તે થઈ ગયું હશે-કાં તો મરણ પામી હશે વા મન વાળીને ઘરમાં બેઠી હશે,-ને મણિ પણ ખોવાઈ ગયો, એટલે હવે તો નિશ્ચિંતપણે ભગવદ્ધ્યાન કરતાં ગુરુમહારાજની સમીપમાં જ નિવાસ કરવાનો વિચાર છે. પણ મિત્ર! તારો હવે ગૃહસ્થાશ્રમ સંબંધી શો વિચાર છે?"

"મેં મારો તો નિશ્ચય પૂર્વે જ આપને કહી બતાવ્યો છે, કે મારે સર્વથા લગ્ન કરવું જ નથી;" છન્ને કહ્યું. "પણ જેણે લગ્ન કીધેલું હોય, તેણે પત્ની જીવતાં તેનો ત્યાગ કરવો, એ શાસ્ત્ર રીતે અને વ્યવહાર રીતે પણ સર્વથા નિંદ્ય જ છે. છતાં આપ તે માટે કેમ ઉલટા નિશ્ચયપર આવ્યા છો? શું સ્ત્રીનો ત્યાગ કરનાર જ ત્યાગી ગણાય? મારા શ્રવણ પ્રમાણે તેવા પુરુષને ત્યાગનું યથાર્થ ફળ પણ મળતું નથી. સ્ત્રીનો ત્યાગ કરીને તો તમે વગર વિધિથી પરમ ધર્મરૂપ આખા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરો છો અને એ તમારો ત્યાગ યથાર્થ નહિ, પણ રાજસી ત્યાગ ગણાય. એ માટે આપ પૂર્ણાવતાર શ્રીકૃષ્ણચંદ્રનાં સર્વ માન્ય વચનરત્નોને કેમ વિસરી જાઓ છો? તેણે ત્યાગનાં લક્ષણ વર્ણવ્યાં છે, તેમાં સ્પષ્ટપણે કહ્યું છે કે; 'दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत्। स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत्॥ કર્મ એ દુ:ખ છે, એમ ધારીને તથા તેવડે શરીરને બહુ ક્લેશ વેઠવો પડે છે એમ માનીને, ભયથી જે કોઈ કર્મનો ત્યાગ કરે છે, એ રાજસી ત્યાગ ગણાય છે, ને એથી ત્યાગનું ફળ પ્રાપ્ત થતું નથી.' વળી દ્વિજોનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યોનો ગૃહસ્થાશ્રમ વેદોક્ત કર્મરૂપ જ છે, તો સ્ત્રીનો ત્યાગ કરતાં, તમે અવિધિથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો ને ગૃહસ્થાશ્રમ તજ્યો, એટલે સ્વાભાવિક સર્વ વેદોક્ત કર્મોનો ત્યાગ કર્યો એમ થયું; અને એ કર્મોનો ત્યાગ પણ રાજસત્યાગ થયો, એટલે તેનું ફળ તમને તેવું જ મળશે. શ્રેયપ્રાપ્તિનો શ્રમ વ્યર્થ જશે. સૌથી પહેલું તો એ જ વિચારવાનું છે કે, આવશ્યક કર્મો તો ત્રિકાળે પણ તજવાં યોગ્ય નથી, તે અનેક દોષવાળાં હોય તોપણ શું થયું?-अवश्यं-सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्। એમ છતાં આપને ત્યાગી

* ત્યાગ કરવા યોગ્ય.

થવા ઉપર જ વધારે પ્રીતિ-શ્રદ્ધા હોય તો તેવા ત્યાગીનું ખરું સ્વરૂપ પણ તે પુરુષોત્તમે અર્જુન પ્રતિ કહેલું છે કે—यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते । સમૂળો કર્મનો ત્યાગ કરનાર ત્યાગી નહિ, પણ કર્મ વિધિપૂર્વક કરવા છતાં તે કર્મનાં ફળનો જે ત્યાગ કરે છે, તે ખરો ત્યાગી કહેવાય છે; કારણ કે, કરવા માટે શાસ્ત્રોદ્વારા નિશ્ચિત થયેલાં પોતાનાં નિયત કર્મનો તો ત્યાગ કરવો ન જ જોઇએ. કદાચ મોહથી તેનો ત્યાગ કરવામાં આવે તો તે ત્યાગ તામસી ત્યાગ ગણાય, એટલે રાજસી ત્યાગ કરતાં પણ તે તો ઉતરતો છે. કહ્યું છે કે, नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते । मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ તમારી ગૃહિણી કે જેને વિષે જ આખો તમારો ગૃહસ્થાશ્રમ સમાયલો છે તેનો ત્યાગ કરશો, તો તમે શાસ્ત્રવિધિનો લોપ કરવાના દોષથી લેપાશો અને શાસ્ત્રની આજ્ઞાને ન ગણકારતાં જે મનુષ્ય પોતાની ઇચ્છામાં આવે તેમ વર્તન કરે છે, તેને કર્મયોગની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. એટલું જ નહિ, પણ તેને આ લોકમાં સુખ મળતું નથી, તેમ પરમગતિ પણ મળતી નથી. એ માટે આપ તે પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રના અદ્વિતીય વાક્યને કેમ વિસરી જાઓ છો? તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ પત્ની જીવતી છતાં તેની પ્રસન્નતાપૂર્વક અનુમતિ લીધા વિના જે મનુષ્ય ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે તે મહાપાપભાગી થાય છે એમાં સંશય નથી. એ વાત આપથી કંઈ અજાણી નથી."

એ સાંભળીને ઋષિપુત્ર સુવિચારશર્મા બોલ્યો; "મિત્ર! તું કહે છે, તે સર્વ પ્રકાર ધર્મયુક્ત છે. સ્ત્રીની અનુમતિ વિના ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરનાર દૂષિત છે, તેમ કર્મોને દુઃખરૂપ સમજનાર તથા આવશ્યક કર્મોનો ત્યાગ કરનાર પણ તેવો જ દોષભાગી છે. પણ તેવો પ્રકાર મારા સંબંધમાં બનેલો નથી. ત્યાગ નહિ કરવા યોગ્ય તથા અત્યાવશ્યક કર્મો—યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાયાદિ, એનો ત્યાગ મેં કર્યો નથી અને સ્ત્રીનો પણ ત્યાગ કરવાના હેતુથી હું ઘેરથી નિકળ્યો નહોતો. સારે ભાગ્યે ઘેરથી નિકળ્યા પછી આજ સૂધી સઘળા સંયોગો જ એવા મળતા ગયા કે, જેથી મારા કર્મથી જ આપોઆપ તે પીડા નીકળી ગઈ છે! ભ્રાત! તેં ગૃહસ્થાશ્રમ સંબંધી ને કર્માદિકની આવશ્યકતા સંબંધી જે વિવેક કહી બતાવ્યો, તે હું પ્રથમથી જ સારી રીતે જાણું છું; પરંતુ

તે સાથે એટલું અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે કે, ધર્માદિકનો ગર્ભિત હેતુ જ્ઞાનપ્રાપ્તિને માટે જોઇતી ચિત્તશુદ્ધિ થવાનો છે કે આ લોક પરલોકનાં સુખની પ્રાપ્તિ થવાનો છે, તે કહે. ચિત્તશુદ્ધિ અને ચિત્તની પ્રસન્નતા થવામાં જે પદાર્થો પ્રતિકૂળ હોય, તેવા ગૃહસ્થાશ્રમને શા માટે આચરવો? તેવું કર્મ શા માટે કરવું? મેં તને પૂર્વે કહી જ બતાવ્યું છે કે, મારો ગૃહસ્થાશ્રમ મારા ચિત્તને શુદ્ધ અને પ્રસન્ન કરવાને બદલે ઉલટું મહા મલીન અને પરમ અસ્થિર–વિક્ષિપ્ત કરી નાંખે તેવો હતો; પ્રસન્નતાના બદલામાં મારા ચિત્તવિષે સદા ઉદ્વેગ જ રહ્યા કરતો અને મનોશુદ્ધિના બદલામાં દ્રવ્ય કેમ મેળવવું, સ્ત્રીનું મન શી રીતે મનાવવું, ઈત્યાદિ વિચારો જ રમ્યા કરતા. પણ હવે તો ગુરુવર્યની કૃપાથી તે સર્વ દુઃખ સમૂળ લય પામી ગયું છે. આજે હું નિર્દ્વંદ્વ છું. આ જગતમાં મનુષ્યજીવનનું સાફલ્ય આત્મકલ્યાણ થવું એ જ છે. એ આત્મકલ્યાણને અર્થે જ સમગ્ર સત્કર્મોની આવશ્યકતા શાસ્ત્રોમાં વર્ણવેલી છે. ધર્મશાસ્ત્રમાં સમગ્ર ગૃહસ્થાશ્રમાદિક ધર્મોનું જ પ્રતિપાદન કરેલું છે. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે–

इज्याचारदमाहिंसादानस्वाध्यायकर्मणाम् ।
अयं तु परमो धर्मो यद्योगेनात्मदर्शनम् ॥ (याज्ञ.)

અર્થ–યજ્ઞ કરવા, સદાચાર પાળવો, ઇન્દ્રિયોનું દમન કરવું, કોઈ પ્રાણીને પીડા ન કરવારૂપ અહિંસા ધર્મ પાળવો, દાન દેવું, વેદનું પઠન કરવું ઇત્યાદિ સર્વ કર્મોનો ખરો ધર્મ (હેતુ–ફળ) એ જ છે કે, જેવડે આત્મદર્શન થઈ શકે; અને એનું નામ જ આત્મકલ્યાણ ગણાય છે.

આ જગતમાં જન્મીને જે કંઈ કરવું, તે માત્ર આત્મકલ્યાણને અર્થે જ કરવાનું છે. આત્મકલ્યાણ જેનાથી થાય તેજ ધર્મ, ને તેજ આચરવા યોગ્ય છે. ઇતર જો કે ધર્મ ગણાતો હોય તોપણ તે ત્યાગ કરવા યોગ્ય છે, અને તે ન્યાયથી આત્મકલ્યાણની આડે આવનારું સઘળું જ ત્યાગ કરવા યોગ્ય છે. શિષ્ટજનોએ કહેલું પણ છે કે, आत्मार्थे पृथिवीं त्यजेत् ॥* અર્થાત્ પોતાના આત્માને માટે એટલે આત્માના

---

* त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे त्यजेत्कुलम् ।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ॥

* અર્થ–એક જણનો ત્યાગ કરવાથી કુળ બચતું હોય તો ભલે તે એકને તજવો. તેમ જ એકાદ કુળનો ત્યાગ કરવાથી ગામ ઉગરતું હોય તો તે કુળને તજવું, ગામ તજવાથી દેશ બચતો હોય યા તેનું કલ્યાણ થતું હોય તો ભલે ગામ તજવું, અને આત્માને અર્થે આખી પૃથ્વી તજવી.

કલ્યાણને માટે, આખી પૃથ્વીનો પણ ત્યાગ કરવો. હે મિત્ર! હે ધર્મજ્ઞ મિત્ર! તારા કહેવા પ્રમાણે હું માત્ર સ્ત્રીનું જ પ્રિય કરવા અર્થે જો મારા તેવા કઢંગા ગૃહસ્થાશ્રમમાં લચ્ચોપચ્ચો રહ્યો હોત, તો પછી પરિણામે મારા આત્માનું શું થતે, તેનો તુંજ વિચાર કર. હવે તો પ્રણામ એ ઘરને, ગૃહસ્થાશ્રમને, ને ગૃહસ્થાશ્રમના મૂળરૂપ તે ક્લેશકારિણી–સંતોષહારિણી સ્ત્રીને પણ છેલ્લા છેલ્લા પ્રણામ!!

એ છેલ્લા શબ્દો બોલતાં બોલતાં તો છદ્મલિંગ વચ્ચે જ બોલી ઉઠ્યો; "હાં, હાં, હાં, કૃપાનાથ! આપ સુજ્ઞ થઇને 'સ્ત્રીને પ્રણામ' એ શબ્દો કેમ બોલો છો? પોતાના સ્વામીના એમ કહેવાથી તો પતિવ્રત પાળનારી સ્ત્રી પોતાને અત્યંત દોષપાત્ર અને નરકગામિની તરીકે ગણે છે, ને પોતાને મોટામાં મોટી શિક્ષા થયેલી સમજે છે. તે પ્રત્યક્ષ નથી, એટલે એમ બોલવામાં શી અડચણ છે, એમ આપ માનતા હો તો પરોક્ષપણે પણ અમુક મનુષ્ય પ્રત્યેનું અયોગ્યાચરણ તેને દૂષિત કરે છે. અસ્તુઃ સુજ્ઞેષુ કિંબહુના! મારી પ્રાર્થના એટલી જ છે કે, ગમે તેમ થયું, તેણીએ ગમે તેટલો આપનો અપરાધ કર્યો, પણ આપનું તો તેથી કલ્યાણ જ થયું છે, ને તેના તો દુઃખનો પાર પણ નહિ હોય. સહૃદય પુરુષોને એમ છાજતું નથી કે, પોતાની ભૂલને લીધે ઊંડા જળમાં જઈ પડેલા ને ડચકાં ખાતા દીન મનુષ્યને તે દુઃખમાંથી ઉદ્ધારવાને બદલે, મોટો ધક્કો મારીને ડૂબાડી દેવું."

એ સાંભળી સુવિચાર બોલ્યો; "પ્રિય સખા! હવે બહુ થયું. વારંવાર એ વાતને શા માટે છેડવી? ભારેલા કે ઓલવેલા અગ્નિને ફરીથી પ્રદીપ્ત કરવાનું કશું પ્રયોજન નથી. જે થવાનું હતું તે આપોઆપ જ થઈ ગયું છે. તે ક્યાં ને આપણે ક્યાં? તે સંબંધે હવે જરાએ વિચારવા જેવું રહ્યું નથી. આ તો ઈશ્વરે અણધારી જ કૃપા કરી છે ને સકળ ઉપાધિમાંથી મને મુક્ત કર્યો છે, તો પછી નિષ્કારણ તે વાતને સંભારવી, એ મને રુચતું નથી. હવે તો ગુરુસેવા એ જ આપણું કર્તવ્ય છે." ત્યારે છદ્મલિંગે કહ્યું; "કૃપાનાથ! હું નથી ધારતો કે, કૃપાળુ ગુરુમહારાજને તમારા વિચારો માન્ય થાય. મારા ધારવા પ્રમાણે તે મહાપુરુષના જાણવામાં જ નહિ હોય, કે આપ આવો અનર્થ કરીને અત્ર આવેલા છો; નહિ તો તેઓ કદી આપને આદર આપત નહિ. તેઓ અંતર્યામી હોવાથી કદાચ જાણતા પણ હશે, તો તમારું જ્ઞાનપ્રાપ્તિનું

કાર્ય પૂર્ણ થતાં સૂધી જ તમને ઉપદેશ નહિ દેતા હોય. પણ કાર્ય પૂરું થયેથી મને લાગે છે કે, તેઓ તત્કાળ તમને ઘેર જવાની આજ્ઞા કરશે. વળી આપને એ માટે મારી એક પ્રાર્થના છે કે, કદાચ ગુરુ મહારાજ આપને ઘેર જવા માટે આજ્ઞા કરે તથા આપ ગૃહસ્થાશ્રમી છો કે કેમ, તે વિષે પ્રશ્ન પૂછે, તો આપ પોતાની ત્યાગી થવાની ઉર્મીના વમળમાં તણાઇને, કદી પણ તે મહાપુરુષની વંચના કરશો નહિ; કેમ કે તેવા મહાપુરુષોની વંચના કરનારને પોતાના તે અપરાધ માટે કેટલું બધું શોષવું પડે છે, તેનો એક ખરો ઇતિહાસ મારા જાણવામાં છે.” એ સાંભળી સુવિચારે કહ્યું; “પ્યારા! સદ્ગુરુની વંચના કરવા સમાન બીજું પાતક જ નથી, એ હું સારી રીતે જાણું છું. તે પૂજ્યપાદની પવિત્ર આજ્ઞા કરતાં એક તિલ માત્ર પણ ઉલટું આચરવું, એને હું મોટામાં મોટો અપરાધ સમજું છું; કેમકે સદ્ગુરુની પવિત્ર આજ્ઞા પાળવામાં જ શિષ્યનું કલ્યાણ વસેલું છે, તો પછી હું એથી પ્રતિકૂલ કર્મ કેમ આચરું? પણ તેવા સદ્ગુરુની વંચના કરનાર સંબંધી શો ઇતિહાસ છે, તે હું સાંભળવા ઇચ્છું છું.” એમ કહી તેણે સૂર્યસામું જોઇને વિશેષ કહ્યું; “પ્યારા છદ્મ! આપણી વાતચિત અવકાશ મળશે તો કાલે કરીશું; આજે તો સમય થઈ ગયો હોવાથી આપણે આશ્રમપરિચર્યા માટે ઉઠવું જોઇએ.



# સૂક્ષ્મ બિન્દુ ૨ જું—સંન્યાસાખ્યાન

केनाप्यनर्थरुचिना कपटं प्रयुक्तमेतत् सुहृत्तनयबन्धुमयं विचित्रम् ।
कस्यात्र कः परिजनः स्वजनो जनो वा स्वप्नेन्द्रजालसदृशः खलु जीवलोकः ॥

અર્થ—અનર્થ કરવાની રૂચિવાળા કોણે, મિત્ર, પુત્ર અને બંધુવાળું આ વિચિત્ર કપટ-જગત્ રચ્યું છે? કોણ કોનો ચાકર? કોણ કોનો મિત્ર? અથવા કોણ કોનો માણસ? ખરેખર આ જીવલોક સ્વપ્નામાં જોવાયલા ઇન્દ્રજાળના સરખો છે.

આજે પણ ગુરુજી સમાધિમાંથી જાગ્રત થયા નહોતા, એટલે પોતાના નિત્ય કર્માદિકથી પરવારીને બંને શિષ્યો પાછા નિત્યને સ્થળે આવી બેઠા, ને પ્રસ્તુત વિષયપર પ્રશ્નોત્તર કરવા લાગ્યા. સુવિચારકર્માએ છદ્મલિંગને પૂછ્યું; “પ્રિય સખા! તારી બુદ્ધિ બહુ ઝીણી ને અંતઃકરણ સ્વચ્છ દર્પણ સરખું શુદ્ધ જણાય છે, કેમકે સનાતન ધર્મના સિદ્ધાંતો તારા અંતઃકરણપર બહુ સારી રીતે સમજણપૂર્વક જડિત થયા છે. તને આરંભના દૈહિક તથા માનસિક સંસ્કારો ક્યાં અને કોની પાસેથી થયા છે, તે માટે તારું પૂર્વ વૃત્ત જાણવાની મને ઇચ્છા થાય છે. પણ ભ્રાત! તે પૂર્વે તું મને પેલા સંન્યાસીનો ઇતિહાસ કહી સંભળાવ.” છદ્મ બોલ્યો; “કૃપાનાથ! મારા પિતાશ્રીને માટે આપ પછીથી જાણશો; પણ મારા ગુરુવર્ય, કે જેમની અખંડિત પવિત્ર સેવા એ જ મારું સદાનું કર્તવ્ય હતું, તે તો ખરેખર આપના જ સરખા કાંતિમાન્ અને પરમ ધાર્મિક વૃત્તિના હતા. આપને જોતાં જ મને પ્રતિક્ષણે તેમનું સ્મરણ થાય છે. તેઓની પ્રત્યક્ષ મૂર્તિ જ આપ છો, એવી વારંવાર ભાવના થઈ આવવાથી, મારાથી તેમના વિયોગનું દુઃખ વિસરી જવાય છે. તેથી જ જેમ તેમનાં ચરણમાં વારંવાર પડવાની મારી ટેવ હતી, તેમ આપનાં ચરણમાં પણ પ્રેમાવેશમાં મારાથી પડી જવાય

છે-જેને આપ અત્યાચાર ગણીને મને પ્રેમઘેલો કહો છો. ભલે કહો, તેથી મને કંઈ હાનિ નથી. પણ મારાથી તેમ કર્યા વિના રહેવાતું જ નથી. મને મારા ગુરુનો વિયોગ છે-અસહ્ય વિયોગ છે-જે સહન થતો નથી. પણ શું કરું? હું પરમ હતભાગ્ય, અપરાધી, કે મારા પોતાના જ અપરાધને લીધે, ઘણો સમય થયાં તેમની પવિત્ર સેવાથી વિમુખ થયેલો છું. હશે; નિરાશાથી ભરતખંડમાં ચોમેર ભટકતાં ભટકતાં આપસરખા સત્સખા અને આ યોગીશ્વર જેવા સદ્‌ગુરુવર્યનાં દર્શનોનો લાભ થયો છે, એ કંઈ થોડો લાભ નથી. પરિણામે પ્રભુ મારું કલ્યાણ જ કરશે. પોતાના પૂજ્ય ગુરુજનની મનોવૃત્તિને જેઓ અનુસરતા નથી, વા પોતાની ઉર્મિઓને વશ થઈ, તેમની પવિત્ર આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, કિંવા તેમની વંચના કરે છે, તેઓને કેવાં ફળ મળે છે તે તો મારા ને આપના અનુભવમાં આવી જ ગયું છે. તો પણ આપની મનોવૃત્તિઓ, જે ગૃહસ્થાશ્રમના અને પેલી ગરીબડી અબળાના ત્યાગ માટે ઉચ્છૃંખલ થઈ રહી છે, તેનું ભવિષ્યમાં શું ફળ નીપજવા સંભવ છે, તે માટે હું એક ઇતિહાસ કહું છું તે સાંભળો."

એટલું કહીને છદ્મલિંગ બોલ્યો-"પ્રાણસખા! પૂર્વે પુણ્યરૂપ જળને વહન કરનારી ગંગાને કિનારે એક ભવ્ય શિવાલય આવેલું હતું. પાષાણાદિકથી બાંધેલા તે સરિતાના સુંદર ઘાટપર શોભી રહેલા તે શિવમંદિરમાં અખંડ પૂજન થયા કરતું. પૂજન કરવા આવનાર સ્રીપુરુષોના જયજય શંભો! હરહર! મહાદેવ! પાર્વતીપતે! ઇત્યાદિ શબ્દો સહિત હર્ષગર્જનાઓ તથા મોટા ઘંટના નાદો, છેટેથી સાંભળનારના મનને પણ ભક્તિભાવ ઉત્પન્ન કરતા હતા. ઘાટ ઉપર જ શિવાલયની જોડમાં, તીર્થવાસીઓ વગેરેને માટે અને જતા આવતા વટેમાર્ગુઓને માટે સુંદર ધર્મશાળાઓ બાંધવામાં આવી હતી. તેની જોડમાં એક સુંદર નવપલ્લવ સઘન અશ્વત્થ વૃક્ષ આવેલું હતું. ઘાટપર અને તેની સામેના કિનારાપર બીજાં અનેક જાતિનાં સુવૃક્ષોથી વન સુશોભિત થઈ રહેલું હતું. अश्वत्थः सर्ववृक्षाणां विभूतिरीश्वरस्य वै। અશ્વત્થ વૃક્ષ-પીપળો એ સર્વ વૃક્ષોમાં ઉત્તમ એટલે ઈશ્વરની વિભૂતિરૂપ હોવાથી, તેને જળ સિંચન કરવું, તેનું પૂજન કરવું, ઇત્યાદિ અભીષ્ટ કર્મફળ આપનારું છે, એવું જાણીને પાસેના ગ્રામની ઘણીક ઉચ્ચ વર્ણની સ્રીઓ, તે અશ્વત્થનું પૂજન કરવાને આવતી હતી."

"એક વાર સર્વ સ્ત્રીઓ શિવજીનાં તથા અશ્વત્થનાં પૂજન અર્ચન કરીને, પોતપોતાને સ્થાનકે ગઈ, છતાં એક નવયૌવનવતી સુંદરી, જાણે કોઈ પોતાની બહુ કઠિન કામના પૂર્ણ કરવા ઇચ્છતી હોય તેમ, દૃઢ મનથી, એકલી અટૂલી, તે અશ્વત્થનું પૂજન કરીને, તેની આસપાસ પ્રદક્ષિણા કરતી દૃષ્ટિગોચર થઈ. છેક મધ્યાહ્ન સમય થવા આવ્યો ત્યારે પોતાનું તે પ્રદક્ષિણાનું કાર્ય સમાપ્ત કરીને, તે ઘેર આવવા નિકળી. એવામાં, પાસેની ધર્મશાળામાં એક મહા પ્રચંડ તેજસ્વી યતીશ્વર ઉતરેલા તેની દૃષ્ટિએ પડ્યા. જેમનાં દર્શન કરવા માત્રમાં અસંખ્ય પાપોનો નાશ થાય, એવા મહાત્માને વંદન કર્યા વગર જવું નહિ એમ ધારી, તે યુવતી તેમની આગળ ગઈ; ને '**नमो नारायण**' કહી તેમનાં ચરણમાં નમી, અને તે યતીશ્વરે પણ '**अखंडसौभाग्यवती सत्पुत्रवती भव।**' એવો આશીર્વાદ આપ્યો. એ સાંભળી તે સુંદરીને કિંચિત્ હસવું આવ્યું. પુનઃ વંદન કરીને તે જવા માટે ઉભી થઈ ત્યારે મહાત્મા બોલ્યા, "બાઈ! તને હાસ્ય કેમ થયું? શું મારામાં કોઈ જાતનું દૂષણ તને દેખાયું?" યુવતી બોલી; "ના, કૃપાનાથ! તેવું કંઈજ નથી. પણ આપ સાક્ષાત્ ઈશ્વર સમાન પ્રતાપી અને તેજસ્વી જણાઓ છો, છતાં આપનું આશીર્વચન મારા સંબંધમાં મિથ્યા છે, એવું જાણીને જ મને હાસ્ય થયું." યતીશ્વરે પૂછ્યું; "કાં પુત્રી! મિથ્યા શાથી? તું તો સૌભાગ્યવતી છેની?" યુવતી બોલી; "પ્રભો! મારું સૌભાગ્ય તો માત્ર નામનું જ છે; કેમ કે મારો સ્વામી તો આજે લગભગ બાર માસ થયાં કાશીપુરીમાં સંન્યાસી થયેલો છે. કહો કૃપાનાથ! હવે મારું સૌભાગ્ય અખંડ શાનું? મારે સત્પુત્ર થવાનો પણ સંભવ ક્યાંથી?" યતિ બોલ્યા; "બેટા! મને બહુ આશ્ચર્ય થાય છે કે, તારા સરખી તરુણ સ્ત્રીને નિરાધાર મૂકી, જે પુરુષ સંન્યાસી થયો હશે, તે કેવો નિર્દય હશે. તેવા કૃપણને સંન્યાસ આપનાર ગુરુ પણ કેવો ધર્મવિહીન હશે! હર હર! હરિ! હરિ! તેવા ગુરુ અને શિષ્ય બંનેને શાસ્ત્રે દંડ દેવો ઘટે છે. પણ બાઈ! તે સંન્યાસીનું નામ ઠામ કંઈ તારા જાણવામાં છે, કે જેણે તારા સ્વામીને સંન્યસ્ત આપ્યું છે?" તે તરુણ સ્ત્રી બોલી; "મહારાજ! એટલું બધું તો ચોક્કસ કંઈ મારા જાણવામાં નથી, પણ સાધારણ રીતે એમ જણાયું છે કે, શ્રીમતી ભાગીરથીના દશાશ્વમેધ નામના પવિત્ર ઘાટ ઉપર જ એ સંન્યાસી મહારાજનો મઠ આવેલો છે, ને તે મારા સ્વામીના ગુરુ આપના

સરખા વયોવૃદ્ધ તથા સમર્થ વિદ્વાન્ છે!" યતીશ્વર બોલ્યા; "ઠીક! તારા સ્વામીનું વય કેટલું છે? તેનું નામ શું છે? તેના શરીરની સ્થિતિ કેવી છે?" યુવતી બોલી; "મારા નાથનું શરીર ગૌરવર્ણ, શરીરે રોમાદિક સામાન્ય, બાંધો સુંદર, નાજુક અને મુખમુદ્રા બહુ તેજસ્વી તથા શાંત છે; તેમનું વય પાંત્રીશ વર્ષનું પૂરું છે. તેમનું નામ વિ—" એમ નામનો પ્રથમાક્ષર જ માત્ર ઉચ્ચારીને પોતાના સ્વામીનું નામ બોલતાં સંકોચ પામતી ને નીચું ઘાલતી તેણીને જોઈને; "શું વિશ્વાંતવર્તી?" યતીશ્વર વચમાં જ બોલી ઉઠ્યા. તે સાંભળી યુવતીએ મસ્તક નીચું નમાવ્યું. ત્યારે યતીશ્વરે કહ્યું; "થયું, થયું, તારા સ્વામીને મેં ઘણે અંશે તો ઓળખ્યો, પણ તેની ખાત્રી માટે મારે કેટલીક વિશેષ વિગત જાણવાની આવશ્યકતા છે. બેટા! તું એક કામ કર. તારા ઘરમાં કોઈ વડીલ મનુષ્ય હોય તો તેને તેડીને મારી પાસે આવજે. તારા આવતા સૂધી હું અહીં જ છું!" યુવતી બોલી; "પિતાજી! હું અહીં મારા પિતાને ત્યાં રહું છું. મારાં વૃદ્ધ માતપિતા બંને હજી હયાત છે; મારા સ્વામી અહીંથી જ મને મૂકીને ચાલ્યા ગયા છે. માટે મારા તીર્થરૂપને તેડીને, હું આપની પાસે આવીશ;" એમ કહી યતીશ્વરના ચરણમાં પ્રણામ કરીને, તે યુવતી પોતાને ઘેર ચાલી ગઈ.

તે સ્ત્રીના જવા પછી, તે મહાત્મા યતીશ્વર મોટો નિઃશ્વાસ નાંખીને પોતાના મન સાથે પ્રકટપણે બોલ્યા; "હર હર! આવો મોટો અનર્થ કરવાનો આરોપ તો ખરેખર મારા પોતાના જ શિરપર આવ્યો! અહા! તે વિશ્વાંતવર્તીને જ મેં શિષ્ય કરી સંન્યસ્ત દીક્ષા આપી છે. તેની શરીરાકૃતિ વગેરે આ યુવતીએ કહી તેવી જ છે, વય પણ તેટલું જ છે, સમય પણ તેને મારી પાસે આવ્યાંને કહ્યો તેટલો જ થયો ને સ્થાન પણ તેણીએ કહ્યું તે જ. હવે શું વધારે જાણવાનું છે? પણ અરે! તે દુષ્ટે મારી વંચના કરી? મેં પૂછ્યું ત્યારે સ્પષ્ટ કહ્યું હતું કે, મારે સ્ત્રી કે પુત્રાદિ કંઈ જ નથી. હા, તેનો વૈરાગ્ય, તેનાં શીલ, તેની જ્ઞાનનિષ્ઠા, સઘળું તો પ્રશંસનીય છે; પરંતુ તેણે પોતાના ગૃહસ્થાશ્રમમાં આવો દાવાનળ સળગતો મૂકીને, તેનો ત્યાગ કર્યો? એના જેવો બીજો અનર્થ એકે નથી. હા દૈવ! હે પરમાત્મન્! હવે મારે શું કરવું? તેણે તો મહા અનર્થ કર્યો છે જ, પણ તેવા અનર્થમાં મારા જેવાનું કર્તવ્ય સંડોવાયું. તેનો સઘળો અપરાધ મારે શિર આવે છે. ચાલ. હવે તો અહીંથી હું

પાછો કાશીપુરી પ્રત્યે જાઉં ને તે દુષ્ટને શિક્ષા કરું. પણ રે! મેં કાશીથી સેતુબદ્ધ રામેશ્વર જવાનો સંકલ્પ કરીને પ્રયાણ કર્યું છે, તેનું કેમ?"

આવી અનેક પ્રકારની ઘડભાંજ યતીશ્વર પોતાના મન સાથે કરે છે, એટલામાં તે સ્ત્રી, પોતાના પિતાને તેડીને ત્યાં આવી પહોંચી. ડોસાએ આવતાંવેંત યતીશ્વરને નારાયણ મંત્ર બોલી વંદન કર્યું. મધ્યાહ્ન સમય થઈ ગયો હતો, માટે પ્રથમ તો બીજી સર્વ વાત પડતી મૂકીને, તેમને ભિક્ષાસારુ પોતાને ઘેર પધારવા માટે પ્રાર્થના કરી. મહાત્મા બોલ્યા; "દ્વિજવર્ય! ભિક્ષાનો સમય વહી ગયો છે ખરો; પરંતુ તમારી પુત્રીનું મહાભારત દુઃખ જ્યારથી મેં સાંભળ્યું, ત્યારથી મારી ક્ષુધા અને તૃષા સર્વ વિસરાઈ જવાઈ છે; ઉલટો અંતઃકરણમાં એવો મોટો ખેદાગ્નિ પ્રગટ થયો છે કે, તેને કેવી રીતે શમાવવો, તેનો માર્ગ પણ તત્કાળ દેખાતો નથી. હું કાશીપુરીથી શ્રીરામેશ્વરની યાત્રા કરવાને અર્થે નિકળ્યો છું; પણ તે યાત્રા હવે મારાથી પૂર્ણ કરાય, એમ મને લાગતું નથી; કેમકે તમારી પુત્રીનો દુઃખાનલ સળગાવવામાં કેટલેક અંશે મારો પણ ભાગ છે, એમ જણાય છે." એમ કહી તે મહાત્મા બહુ ખિન્ન થઈ, પુનઃ બોલ્યો; "શું તમારા જમાઇનું નામ વિશ્વાંતર્વર્તી છે? એ જ નામના તરુણ અને વિદ્વાન્ નૈષ્ઠિક બ્રાહ્મણે સુમારે બાર માસ થયાં, મારી પાસેથી સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરી છે. બીજી સઘળી નિશાનીઓ તમારી પુત્રીના મુખથી સાંભળતાં મને નિશ્ચય થાય છે કે, તે જ તમારો જમાઈ હોવો જોઇએ. સંન્યસ્તદશાનું તેનું શું નામ છે, એ કંઈ તમારા જાણવામાં આવ્યું છે?" ડોસાએ કહ્યું; "હા, ગુરુદેવ! સંન્યસ્તપણાંનું એમનું નામ ચૈતન્યાશ્રમ પડ્યું છે, એમ મને ત્યાં જઈ આવેલા કેટલાક એતદ્દેશીય સજ્જન યાત્રાળુએ કહ્યું છે." યતીશ્વર બોલ્યા; "એ જ મનુષ્ય! એ જ તમારો જામાતા! પણ તે ઉગ્ર વૈરાગ્યશીલ જણાતા લબાડે, મારી આગળ ચોખ્ખી પ્રતિજ્ઞા કરી હતી કે, મારે સ્ત્રી કે સંતતિ આદિ કશુંએ નથી, ને હું સંસારાનલથી અત્યંત ત્રાસ પામીને, આપને શરણે આવ્યો છું, માટે મને કૃતાર્થ કરો. મેં તેનાં નિષ્ઠાવૈરાગ્યાદિ જોઇને તેનું કહેવું સત્ય માન્યું અને વિધિવત્ વિરજાહોમ કરાવીને દીક્ષા આપી છે. અરે તે કુટિલે મને ફસાવ્યો!"

એ સાંભળી, તે બાઇના પિતા બોલ્યા; "કૃપાનાથ! એમની નિષ્ઠામાં તો કશી ન્યૂનતા નથી જ. મેં પણ એમનું સદાચરણ ને પવિત્ર વૃત્તિ જોઇને જ મારી કન્યાનું એમને પ્રદાન કર્યું હતું. એણે બ્રહ્મચર્યાવસ્થામાં

સારું અધ્યયન કરવા ઉપરાંત સઘળા તીર્થોનું અટન કર્યું છે; એમનું અંતઃકરણ વિશુદ્ધ, નિર્વિકારી, ભક્તિનિષ્ઠ, વૃત્તિ ઉદાર તથા સંતોષી, સ્વભાવ દયાળુ ને માયાળુ છતાં નિર્લેપ સરખો ને પરમ વૈરાગ્યવંત છે. તેણે પોતાના તે વૈરાગ્યના ઉભરામાં જ સંસારની સઘળી પીડા ઝટ ટળી જવા સારુ આપની આગળ અસત્ય પ્રતિજ્ઞા કરી હશે, એમ મને લાગે છે. મારી પુત્રીને પણ તેઓ નિત્યપ્રતિ કહેતા કે, તું મને હા કહે તો હું હમણાં જ ચાલ્યો જાઉં ને ત્યાગ ધારણ કરું; મને સંસારમાં પડી રહેવું ઠીક લાગતું નથી. નિત્ય તેઓ એમ કહેતા, પણ તે કહેવાને મારી પુત્રી માત્ર ઉપરનું જ—હસવા માટેનું જ સમજતી. એક દિવસે તેમણે સહજ વાત કરતાં કરતાં પૂછ્યું કે, તું કહેતી હોય તો હું નિર્ગમન કરું. આ કન્યાએ, મુગ્ધપણામાં હસતાં હસતાં હા પાડી દીધી. તે જ દિવસે અર્ધિ રાત્રિના ઉઠીને તેને શય્યામાં જ મૂકીને તેઓ ચાલ્યા ગયા છે. કેટલેક મહિને સમાચાર મળ્યા કે, તેમણે તો કાશીપુરીમાં ત્યાગ ધારણ કર્યો છે. એ સાંભળી અમે સૌ કેવળ નિરાશ થઈ ગયાં; આ પુત્રી તથા એની માતા તો અતિશય જ કલ્પાંત કરવા લાગ્યાં, ને મારું અંતઃકરણ તો વજ્રના ઘાની પેઠે હણાઈ ગયું; કેમ કે હું અપુત્ર છું. આ એકની એક દીકરી છે, તેનો પણ જન્મારો વ્યર્થ થઈ ગયો. એણે હવે પોતાનું જીવિત કેવી રીતે ગાળવું, એનો અમને વિચાર થઈ પડ્યો. અમે વૃદ્ધ થયેલાં દંપતી, સુશીલ પુત્રી અને તેને યોગ્ય સદ્વિદ્વાન્ જામાતૃને જોઈને, તેને પુત્રરૂપ જ ગણી સંતોષ પામતાં હતાં, ને અવસાનની માર્ગપ્રતીક્ષા કરતાં હતાં, એટલામાં આ દુઃખરૂપ વજ્રનો પ્રહાર અમારાપર થવાથી અમે કેવળ નિરાધાર બની ગયાં છીએ. મારા મનને મેં, **बलीयसी केवलमीश्वरेच्छा**—સૌ વાતે કેવળ પ્રભુની ઇચ્છા જ બળવાન્ છે, એમ સમજીને વાર્યું; સ્ત્રીને તથા પુત્રીને પણ ઘણીક રીતે સમજાવ્યાં અને છેવટે પુત્રીના સંતોષાર્થે અને કાલક્રમણાર્થ* મેં તેને અશ્વત્થ† પૂજન પ્રતિદિન કરવાનો પ્રયોગ બતાવ્યો. મેં કહ્યું કે બેટા! તું પ્રતિદિન નિયમિતપણે અશ્વત્થસેવન કર, એથી પ્રભુ સૌ કલ્યાણ કરશે. સ્ત્રીઓના સંબંધમાં અશ્વત્થસેવા બહુ સૌભાગ્યદાયિની છે. ત્યારથી તેણે તે પ્રયોગ ચાલુ કર્યો, જે આજપર્યંત અસ્ખલિતપણે સાધતી આવી છે. હવે શ્રીહરિ જે કરશે તે ખરું."

---

* સમય સરળતાથી વીતે તે માટે. † અશ્વત્થઃ—**અ** કહેતાં નહિ, **શ્વ** કહેતાં આવતી કાલે તથા **સ્થ** કહેતાં રહેનાર. અર્થાત્ જેની સ્થિતિ આવતી કાલે નથી, એમ અશ્વત્થનો

યતીશ્વર બોલ્યા; "પ્રભુ કરશે તે જ ખરું; પરંતુ તે સંબંધે હવે શું કરવું, એ કંઈ લક્ષમાં આવતું નથી. આ તો પરમ ધર્મસંકટ આવી પડ્યું!" એમ કહી કેટલીકવાર સૂધી પરમ ઉદ્વિગ્નપણે બેસી રહી, મોટો નિઃશ્વાસ નાંખીને તેણે કહ્યું; "હશે, ચાલો; હરિ હરિ! મારી યાત્રા હું અહીં જ પૂર્ણ કરું છું. તમે માતા, પિતા ને પુત્રી, ત્રણે જણાં મારી સાથે તૈયાર થાઓ. કાલે જ પ્રાતઃકાળે આપણે કાશીપુરીનો માર્ગ લઇએ." ડોસાએ કહ્યું; "કૃપાનાથ! આપ શ્રીરામેશ્વરની યાત્રાને સંકલ્પે નીકળ્યા છો, તો તે સંકલ્પ ભંગ થાય, એ માટે અમને બહુ ભય લાગે છે; આપ ભલે એકવાર યાત્રા પૂર્ણ કરો. ત્યાંથી પાછા વળતાં અત્રે પધારશો, એટલે અમે સાથે કાશીપુરી આવીશું." યતીશ્વર બોલ્યા; "દ્વિજવર! એમ કરવા જેવું નથી. તમો જાણો છો કે, આ દેહ તો અનિત્ય છે, કાલે વા ઘડી પછી શું થશે, તેનો કશો નિશ્ચય નથી; તો પછી આવા મોટા અપરાધમાંથી મારે ક્યારે છૂટવું? સેંકડો મણ રૂના મોટા ઢગલારૂપ મારી યાત્રાના પુણ્યપુંજ,–પુણ્યના ઢગલાને, તમારી પુત્રીનો પતિવિયોગના દુઃખરૂપ મહાપ્રજ્વલિત અગ્નિ, ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી નાંખે તેવો છે. માટે હવે તો આ દેહનું પ્રારબ્ધ હશે તો રામેશ્વર યાત્રા સારુ ફરી અવાશે, પણ અત્યારે તો પાછા જ ચાલો."

બીજે દિવસે પ્રાતઃકાળે કાશીપુરી પ્રત્યે ચારે જણે પ્રયાણ કરવાનું નક્કી કર્યું. પિતા પુત્રીની સાથે યતીશ્વર તેમને ઘેર પધાર્યા. ત્યાં ભિક્ષા કરીને તે પાછા ધર્મશાળામાં ગયા. ડોસાએ પ્રાતઃકાળે ચાલી નિકળવાની તૈયારી કરવા માંડી. ઘરબાર સંબંધી વ્યવસ્થા કરીને પ્રાતઃકાળ થતાં તેઓ ત્રણે જણાં ઘેરથી નિકળીને યતીશ્વર પાસે આવ્યાં. યતીશ્વર તેમની વાટ જ જોઈ રહ્યા હતા. તે તુરત દંડ કમંડલુ લઇને, નારાયણનું સ્મરણ કરતા કરતા ઉભા થયા, અને જે માર્ગેથી આવ્યા હતા, તે જ માર્ગે આરૂઢ થઈ ગયા. પ્રતિ દિન માર્ગમાં ચાલતાં, અને પ્રભુચરિત્રો, ધર્મકથાઓ ને ભક્તિ જ્ઞાન વૈરાગ્યાદિકનાં દૃષ્ટાંત સિદ્ધાંતોનું કથન, મહાત્મા યતીશ્વરના મુખથી શ્રવણ કરતાં કરતાં, ને પોતાને આ અલભ્ય સત્સમાગમવડે કૃતાર્થ માનતાં

---

અર્થ છે, આનો બીજો લાક્ષણિક અર્થ દેહ અથવા સંસાર થાય છે, કારણ કે તેની સ્થિતિ વિકારને પામે છે. ભગવદ્ગીતાના ૧૫ મા અધ્યાયમાં ઈશ્વરની વિભૂતિરૂપ જગતને અશ્વત્થરૂપે સરખાવ્યું છે. અહીં અશ્વત્થનો અર્થ પીપળો થાય છે તથા તેનું પૂજન એટલા માટે કરવું કે તેમાં સર્વ દેવનો વાસ છે.

તે ત્રણે જણાં, તનમનધનથી એ મહાત્માની પરિચર્યા કરતાં લગભગ માસ દોઢ માસની મુદ્દતે કાશીપુરી જઈ પહોંચ્યાં.

યતીશ્વરે તે ત્રણે જણને ગંગામાં સ્નાનાદિ કરાવીને ઘાટપર આવેલા એક શિવાલયમાં બેસાડ્યાં, અને હું બોલાવું ત્યારે આવજો, એમ કહી પોતે એકલા જ, કોઇને કશી ખબર આપ્યા વગર એકાએક પોતાના મઠમાં જઈ પહોંચ્યાં.

છદ્મ બોલ્યો; પૂજ્ય સખા! ઓછામાં ઓછા ચાર પાંચ માસ સુધીમાં જેઓનાં દર્શન થવાનો સંભવ જ નહોતો, તેમને થોડાક સમયમાં અણચિંતવ્યા આવી ચઢેલા જોઇને, તથા જેમની મુખમુદ્રા સદા પરમ શાંત અને પ્રસન્ન જ દેખાતી, તેને અત્યંત ક્રૂર ને અત્યંત કોપાવેશથી આરક્ત નેત્રવાળી જોઇને, યતિ ચૈતન્યાશ્રમ તો પરમ વિસ્મિત થવા સાથે બહુ ભયભીત થઈ ગયો. તોપણ ચિત્તને દૃઢ કરી, જેવો તે તેમનાં ચરણારવિંદમાં વંદન કરવા જાય છે, તેવા જ તેમને તરછોડીને, તે ગુરુ યતીશ્વર બોલ્યા; "મૂઢ! કોરે ખસ! રે અપવિત્ર! તારું મ્હોં મને દેખાડીશ નહિ! પાપી! તેં મને છેતર્યો? કાપટ્યથી મારો છળ કર્યો–મારી આગળ અસત્ય ક્યાં લગી નભે? તારા પાપે જ તારું અસત્ય પ્રકટ કર્યું છે, ને મુને સત્વર જાગ્રત કીધો છે. આરંભમાં જ જે કાર્યનો પાયો અસત્ય અને કપટથી નખાયો હોય, તેનું પરિણામ પુણ્યરૂપ ક્યાંથી જ આવે? જેની પાસેથી કલ્યાણપ્રાપ્તિની ઇચ્છા હોય, તેવા ગુરુજનનો જ છળ કરનાર મનુષ્યના સરખો બીજો પાપી કોણ? તેવા દુષ્ટને તો નિશ્ચિન્તપણે નરકની જ શિક્ષા થાય છે!" આ પ્રમાણે તેઓ કહેતા હતા, એટલામાં તો તેમણે સંકેત કરી રાખ્યા પ્રમાણે પેલાં વૃદ્ધ માતપિતા પોતાની પુત્રી સહિત ત્યાં આવી પહોંચ્યાં. તેમની સામે આંગળી કરી, યતીશ્વર બોલ્યા; "મૂઢ! તું કહેતો હતો કે, મારે તો નથી સ્ત્રી, કે નથી કુટુંબ. જરા તારાં ચર્મચક્ષુ ઉઘાડી જો. આ સૌ કોણ?" ચૈતન્યાશ્રમ તો પૂર્વે જ પોતાના ગુરુને જોઇને જ આશ્ચર્ય તથા ભીતિમાં સ્તબ્ધ બની ગયો હતો, તેમાં વળી આ, પોતે સદાને માટે ત્યાગ કીધેલી મંડળી, અકસ્માત્ પોતાની દૃષ્ટિ સમક્ષ આવી ઉભેલી જોઈ, છેક જ વિસ્મત અને લજ્જિત થઈ ગયો. પોતાનો સસરો, સાસુ અને સહધર્મચારિણી પત્ની! જેઓની આગળ પોતે સદા વસ્યો, ઉપવસ્યો અને ઉપવીત અલંકારાદિકયુક્ત પૂર્ણ કર્મનિષ્ઠ બ્રાહ્મણોત્તમરૂપે

હતો, તેમની આગળ કેવળ *વસ્ત્રવિહીન–માત્ર કાષાય †કૌપીનજ ધારણ કરેલા અને શિખા‡ તથા સૂત્ર§ વગરના ત્યાગી અવધૂત વેશે દેખાવું, તેને મરણ કરતાં પણ અધિક દુઃખપ્રદ અને લજ્જાસ્પદ થઈ પડ્યું. એવો નગ્નવેશ તેમને દેખાડવા કરતાં ભૂદેવી જો માર્ગ આપે તો તેમાં સમાઈ જવું, એ જ ઉત્તમ, એવું તેના મનને લાગ્યું. તે પોતાના ગુરુવર્યના ચરણમાં પ્રણામ કરી, ભોંયમાં મુખ સંતાડીને ભૂમિપર પડ્યો. તેમણે કરેલા તિરસ્કારના ઉત્તરમાં એક અક્ષર પણ બોલી શક્યો નહિ! એની આ સ્થિતિ ને એ વેશ જોઇને, પેલી નૂતન મંડળી પણ અતિ આશ્ચર્ય તથા ખેદ પામીને અનિવાર્ય અશ્રુપાત કરવા લાગી.

આ કષ્ટમય પ્રસંગ, જોનારને પણ તત્કાળ કરુણાથી દ્રવિત કરે તેવો હતો. કેટલીકવાર સૂધી શાંત રહીને, ગુરુ યતીશ્વર પાછા બોલ્યા; "કેમ રે ચૈતન્ય! ચૈતન્ય છતાં જડવત્ કેમ થઈ પડ્યો છે? મુમુક્ષુ સરખાં આચરણવાળો છતાં હજુ તું શું એટલું નથી જાણતો, કે ગુરુની સાથે છળ કરનાર તથા અસત્ય બોલનાર મનુષ્ય ઘોર નરકની શિક્ષાને પાત્ર છે? એક સામાન્ય વાતના છળ માટે એવી મોટી શિક્ષા છે, પરન્તુ તેં તો એવો મોટો છળ કર્યો છે કે, જેના ફળમાં મારે પણ મોટી યાતના ભોગવવી પડશે; તેવું તારું કર્મ ઘોર પાપરૂપ છે. આ બિચારાં સત્વશીળ–નિર્દોષ મનુષ્યો પણ કેવળ દુઃખના સમુદ્રમાં ડૂબેલાં છે તેઓનું, અને એમાંએ વિશેષ કરીને આ તરુણ બાળાનું પરાકાષ્ઠાનું દુઃખ જોઈ, મને તે સહન ન થવાથી, મારો રામેશ્વરની યાત્રાનો સંકલ્પ પણ મિથ્યા કરીને, હું અહીં આવ્યો છું; અને તારા અપરાધની હવે તને સંપૂર્ણ શિક્ષા કરવા ઇચ્છું છું." એ સાંભળી ભોંય પડેલો યતિ ચૈતન્યાશ્રમ, કે જે પણ આવનાર મંડળીની પેઠે અશ્રુપાત જ કરતો હતો, તે ગદ્‌ગદિત કંઠે બોલ્યો; "ક્ષમ્યતામ્! ક્ષમ્યતામ્! કૃપાસિંધો! મમાપરાધ ક્ષમ્યતામ્! અવશ્યમેવ. આ શરીર મહાન્ અપરાધી છે, આપ જે કરવા ઇચ્છો છો, તેથી પણ તે મહત્ શિક્ષાને પાત્ર છે. એટલું જ નહિ, પણ તે અપરાધ કોઈ રીતે ક્ષમા ન થતાં, તેને યોગ્ય શિક્ષા થવી, એ જ શ્રેયસ્કર છે; પુણ્ય દેનારું છે; છતાં ક્ષમા એટલા માટે યાચું છું કે, જે સદુદ્દેશથી આ ચતુર્થાશ્રમ આપની પાસેથી ગ્રહણ કરવામાં આવ્યો છે, તે ઉદ્દેશ આપની

*વસ્ત્ર વગરના. †ભગવી લંગોટી જ. ‡ મસ્તકના કેશ–ચોટલી. § યજ્ઞોપવીત–જનોઈ.

શિક્ષાથી નિષ્ફળ ને ભ્રષ્ટ થઈ ન જાય અર્થાત્ મારા મોક્ષસાધનમાં વિઘ્ન ન આવે એટલી કૃપા કરો."

ગુરુ યતીશ્વર બોલ્યા; "એ બધી વાત તો ઠીક છે; પણ તું ન જાણતો હોય તો તારે અવશ્ય જાણવું જોઇએ કે, શિષ્યનું કર્તવ્ય શું છે ને તેનું કલ્યાણ શામાં સમાયલું છે? ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં કે ગુરુની આગળ અસત્ય બોલીને તેમની વંચના કરવામાં શિષ્યનું કલ્યાણ નથી; તેમ એકલાં વેદાંતવાક્યોનું પોપટ પેરે શ્રવણ કે પઠન કરવામાં પણ કલ્યાણ નથી; પણ તે વાક્યો પ્રમાણે યથાર્થ આચરણ કરવામાં ગુરુસેવામાં, તેમ જ ગુરુની આજ્ઞાના પાલનવિષે તત્પર રહેવામાં જ શિષ્યનું કલ્યાણ સમાયલું છે. **शिष्यस्तु को यो गुरुभक्त एव ॥** શિષ્ય ખરો કોણ કે જે ગુરુનો ભક્ત હોય તે. તારું કલ્યાણ, હવે તારા અપરાધની યોગ્ય શિક્ષા થવા માટે હું તને જે આજ્ઞા કરનાર છું, તેના પાલનમાં જ રહેલું છે. ચાલ, બેઠો થા, ને હું કહું તે પ્રમાણે કર." એટલું કહીને તેમણે એક વસ્ત્ર લાવી, તેના શરીર ઉપર નાંખ્યું, ને હાથ ઝાલી તેને બેઠો કર્યો. કટ્યાદિ અંગોને તે વસ્ત્રથી આચ્છાદિત કરી લઈ, બે કર જોડીને ગુરુ-ચરણમાં વંદનપૂર્વક તેણે કહ્યું; "હે કૃપાનાથ! આ અપાર અને કેવળ દુ:ખરૂપ અગાધ જળથી ભરેલા ભવસાગરમાં ડૂબતા અને ડચકાં ખાતા એવા મને, નિ:શંકપણે પાર ઉતારનાર દૃઢ નૌકારૂપ આપ સદ્ગુરુ જ છો. હું સારી પેઠે સમજ્યો છું કે, આપમાં શ્રીમુખમાંથી નિકળેલા વચનનું યથાર્થ પરિપાલન કરવું, એ જ માત્ર મારા આત્માનું કલ્યાણ કરનાર ને આ દેહનું મુખ્ય કર્તવ્ય છે. પ્રથમ તો મેં જાણી જોઇને કરેલા આપના વંચનારૂપ આ મોટા અપરાધના ક્રૂર ફળથી, હું આપના શાપ વગર મુક્ત થઈ જવાની સંધિમાં છું, તે અલભ્ય લાભ પણ માત્ર આપની આજ્ઞાના પરિપાલનરૂપ મારી ગુરુભક્તિપર જ આધાર રાખે છે. અહો દેવ! દેવના પણ દેવ! કૃપા કરી આ દુષ્ટ દેહને-અપરાધીને-ગુરુવંચકને-મારા તે સમગ્ર અપરાધથી વિમુક્ત કરો." એ પ્રમાણે કહી, ચૈતન્યયતિ ગદ્ગદ્ કંઠે ગુરુવર્યનાં ચરણમાં પડતાં જ ગુરુ યતીશ્વર બોલ્યા; "વત્સ! જો કે મારી આજ્ઞા પ્રથમ તો તને અને અન્ય જનોને પણ બહુ કઢંગી, દુ:ખદ, અપવાદરૂપ અને કેવળ શાસ્ત્રવિરુદ્ધ લાગશે, પણ તારું કલ્યાણ તો, તે સર્વ વાતને મુંગે મોંઢે સહન કરવામાં જ સમાયલું છે. જો તારું અંત:કરણ જેવું નિર્મળ છે, તેવું જ સદોદિત રહેશે, તો

કશા પણ લોકાપવાદિકને તું લેખવીશ નહિ. હે શિષ્ય! તું તારા શુદ્ધ અંતઃકરણથી, માત્ર આત્મકલ્યાણકારી હેતુને પૂર્ણ કરવા માટે જ મને અનન્યભાવે શરણ થયો છે; શાસ્ત્રવિધિપૂર્વક ત્યાગદીક્ષા લઈ મારેવિષે ગુરુત્વ ધારણ કરયું છે, તેથી મારી આજ્ઞા, એ જ તારે શાસ્ત્રની આજ્ઞારૂપ છે. તેટલા માટે કોઈ યતિએ પોતાના શિષ્યને પૂર્વે નહિ કરેલી એવી આજ્ઞા હું તુને કરું છું તે સાંભળ. શિખાસૂત્ર અને બ્રહ્મકર્મનો ત્યાગ કરી, કાષાયવસ્ત્ર ધારણ કરીને ભિક્ષાન્નનું ભોજન કરવું, એનું નામ સંન્યાસ નથી; પણ અંતઃકરણને સર્વ કામનાઓથી–સર્વ વ્યવહારકર્મથી–સંસારના સર્વ નાશવંત પદાર્થોથી–વિરક્ત અને અસંગ રાખવું–જગતમાં સંસારીની પેઠે વિચરવા છતાં તદ્દન અલિપ્ત રહેવું–સંસારમાં જ રહી, અહોકાળ તે પરમ પુરુષ–પુરુષોત્તમમાં સદાકાળ એકનિષ્ઠ થઈ રહેવું, અન્યનું ચિંતન નહિ, સેવન નહિ, પ્રેમ નહિ, પણ જેમ જળમાં કમળ રહે છે, છતાં તે જળથી અલિપ્ત રહે છે, તેમ સંસારમાં રહેવું, તેનું નામ જ ખરો સંન્યાસ છે. એક સત્પુરુષે કહ્યું છે કે, જે 'વૈરાગ્ય દેખાડે કરી, તે તો મન કેરી મશ્કેરી!' માટે તારે આ વેશરૂપ સંન્યાસ ત્યજી દઈ, વિશુદ્ધ આંતરિક તીવ્રતર સંન્યાસ ધારણ કરવો!"

આવી આજ્ઞા ગુરુવર્યનાં મુખમાંથી થતાં જ, ચૈતન્ય યતિનો તો જાણે આત્મા જ ઉડી ગયો! મુખ શુષ્ક થઈ ગયું, રોમ ખડાં થઈ ગયાં. સ્તબ્ધની પેઠે એ આજ્ઞાના ઉત્તરમાં કશું તેનાથી બોલી શકાયું નહિ. પુનઃ ગુરુ બોલ્યા; "ધર્મશાસ્ત્રે કહેલા માર્ગનો લોપ થાય નહિ, એટલા માટે હું સારા વિદ્વાન્ ધર્મશાસ્ત્રજ્ઞ બ્રાહ્મણોને તેડાવું છું; તેઓદ્વારા તું પ્રાયશ્ચિત્ત કરીને પુનઃ સંસ્કારપૂર્વક બ્રહ્મત્વ ધારણ કર; આ તારી પૂર્વાશ્રમની સહધર્મચારિણીના નિઃશ્વાસાગ્નિને શાંત કરી, મહત્પાપથી મુક્ત થા!' આ આજ્ઞા–આ વિલક્ષણ આજ્ઞાથી ચૈતન્યાશ્રમને બ્રહ્માંડ તૂટી પડવા જેટલું થયું, પણ હવે ઉપાય જ શો?

તત્કાળ ગુરુવર્યે વિદ્વાન્ વિપ્રોને તેડાવીને, તેમની પાસે શાસ્ત્રવિધિ પ્રમાણે ચૈતન્યને પ્રાયશ્ચિત્તપૂર્વક ગૃહસ્થાશ્રમ ગ્રહણ કરાવ્યો. જે ચૈતન્યાશ્રમ કેવળ નિર્મળ અંતઃકરણવાળા, સંસારથી ઉપરતિ પામેલા મહાન્ વિરાગી અને મુક્તિના દ્વારમાં પેસી જવાની સંધિ શોધી રહ્યા હતા ને માત્ર વેશધારી નહિ, પણ તેવા ખરા ગુણોવાળા સંન્યાસી હતા, તે આજે પાછા એક સત્પાત્ર સુચલ બ્રાહ્મણ થઈને, ગુરુવર્યના ચરણમાં નમી

પડ્યા ! તે જોઈ પ્રસન્ન થઇને ગુરુવર્યે કહ્યું; "બાપ ! તારું કલ્યાણ થાઓ. તારો ગૃહસ્થાશ્રમ સંન્યસ્તરૂપ જ થાઓ! તારી પતિવ્રતા સ્ત્રી તારા યોગથી, દેવી અનુસૂયાની પેઠે ઈશ્વરાંશરૂપ સત્પુત્રોને જન્મ આપો."

આવા વિલક્ષણ બનાવથી, ઘણાકોને આશ્ચર્ય થયું; શાસ્ત્રવિરુદ્ધતાને માટે ઘણાક વિદ્વજ્જનોએ શંકાઓ કરી; તથાપિ ગુરુ યતીશ્વરની મહાન્ વિદ્વત્તા ને બ્રહ્મનિષ્ઠા સર્વત્ર બહુ પ્રસિદ્ધ હતી. તે મહાનુભાવે જે કંઈ કરચું હશે તે યોગ્ય જ હશે ને તેનું પરિણામ શાસ્ત્રવિરુદ્ધ નહિ જ આવે, એવા નિશ્ચયથી સૌને આનંદ થયો.

પેલી પતિવ્રતાને અશ્વત્થ ભગવાનના પૂજનથી પૂર્ણ ફળ મળ્યું. માતાપિતા સહિત તે ત્રણે જણનાં સદા ભડકાની પેઠે બળી રહેલાં અંતઃકરણો પરમ શાંતિ સહિત હર્ષને પામ્યાં. કેટલાક દિવસ પર્યંત તેઓએ ત્યાં રહીને, વિધિપુરઃસર પવિત્ર કાશીક્ષેત્રની યાત્રા કરી; પછી ગુરુ યતીશ્વરની આજ્ઞા થતાં, તેઓ પોતાના દેશ ભણી સિધાવ્યા. ઘેર ગયા પછી, ચૈતન્યયતિ સંન્યસ્તાશ્રમમાંથી પાછા ગૃહસ્થાશ્રમમાં આવ્યા, એ માટે ઠારેઠાર તેમની હાંસી ને પરાકાષ્ઠાની નિંદા થવા માંડી. કેટલાક ઓછી બુદ્ધિના કુટિલજનો તો તેને એ લાંછન માટે એટલે સુધી પજવવા માંડ્યા કે, જેથી આવા દુઃખમાં જીવવા કરતાં મૃત્યુવશ થવું, તેને વધારે યોગ્ય લાગ્યું. પણ ના, સત્પુરુષો ગમે તેવા પ્રાણાંત સંકટમાં પણ પોતાના કર્તવ્યથી અને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થતા નથી. તેણે તો નિશ્ચય કરેલો કે, ગુરુવર્યની પવિત્ર આજ્ઞાનું યથાર્થ પાલન કરવું, એ જ મારો ધર્મ છે; તો પછી પ્રાણાંતે પણ તેઓ પોતાના નિશ્ચયથી કેમ ડગે? હે કૃપાનાથ સખા! ધન્ય છે એમને તથા એમની ગુરુભક્તિને, કે જેમણે પોતાને તદ્દન અરુચિકર થઈ પડેલો સંસાર, જે એકવાર અંતઃકરણપૂર્વક ત્યાગી દીધો હતો, તે જ દુઃખમય સંસાર, પોતાની રુચિ નહિ છતાં પણ, મહાન્ અપકીર્તિ ને અપાર લોકનિંદાનો વિષમ માર સહન કરીને, માત્ર એક ગુરુની આજ્ઞાને જ અવલંબી, પાછો ગ્રહણ કર્યો! સંન્યસ્તમાંથી ગૃહસ્થાશ્રમમાં આવવા જેવું નિંદિત કર્મ એકે નથી, પરંતુ તેનું તેણે પ્રેમથી સેવન કરચું. એને માટે પોતાની જ્ઞાતિના બ્રાહ્મણોએ બહિષ્કૃત કર્યો, તેમ છતાં તે જરાએ ડર્યો કે ડગ્યો પણ નહિ. નિંદા પણ એટલી બધી વધી પડી કે, તેથી ત્રાસ પામીને તેણે ગ્રામમાંથી નિકળી, નદીને કિનારે એકાંતે એક પર્ણશાળામાં નિવાસ કર્યો,

આટલું છતાં પણ તેની પોતાની આંતરિક બ્રહ્મનિષ્ઠા કિંચિત્ પણ શિથિલ થઈ નહિ. એ બ્રહ્મનિષ્ઠાનું માહાત્મ્ય તો આપણા ગુરુ મહારાજે કહ્યું જ છે કે, यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते । એ નિષ્ઠામાં સ્થિર થયેલા અંતઃકરણવાળો મનુષ્ય ગમે તેવાં મહાભારત દુઃખથી પણ ચલાયમાન થતો નથી.

આ પ્રમાણે કેટલાંક વર્ષપર્યંત તેમનો પવિત્ર ગૃહસ્થાશ્રમ ચાલ્યો ને તેનાં ફળરૂપ તેને ત્યાં એક પછી એક ચાર સંતાનો થયાં. પૂર્વે થયેલાં ગુરુવર્યના આશીર્વાદ પ્રમાણે ખરેખરાં ઈશ્વરાસક્ત થઈ ગયેલાં તે બંને પતિપત્ની, એ બાળકોને લઘુવયમાં મૂકીને જ પરમપદને પામ્યાં; પણ તે બ્રહ્મરૂપ સંતાનોએ અસંખ્ય ઈશ્વરી ચમત્કારો જગતમાં દેખાડી અજ્ઞાત મનુષ્યોને બ્રહ્મતત્ત્વોપદેશ કરીને, સંસારભયથી મુક્ત કર્યા હતા, તે વાત જગત્પ્રસિદ્ધ છે.*

એ ઇતિહાસ સંભળાવીને છદ્મલિંગે કહ્યું; "કહો કૃપાનાથ! ગુરુવંચનનું ફળ શું છે તે જાણ્યું? ગુરુની પવિત્ર આજ્ઞાનું પાલન કરવારૂપ શિષ્યધર્મની મહત્તા કેટલી, અને નિરપરાધી અબળાનો પોતાની જ્ઞાનનિષ્ઠાથી ત્યાગ કરવાનું પરિણામ કેવું, એ સર્વ આપે હવે યથાર્થ રીતે જાણ્યું છે. આપ હવે સમજ્યા હશો કે, પેલી નિરાધાર મૂકેલી આપની ચરણ દાસીને અકાળે ત્યાગ કરવાનો જે આપનો નિશ્ચય, તે ખરા ધર્મરૂપ નહિ, પણ માત્ર એક નવલ વૈરાગ્યના આવેશરૂપ જ છે. ચૈતન્યાશ્રમની નિરપરાધણ સ્ત્રીની વાહાર જેમ તેમના કૃપાળુ ગુરુવર્યે કરી હતી, તેમ જ હું ધારું છું કે, તમારી સ્ત્રીની વાહાર પણ, જો તમે પૂર્વથી પોતાનું કર્તવ્ય નહિ સમજો તો, આપણા આ અંતર્યામી ગુરુવર્ય જ કરશે. પણ તેમ થતાં કદાચ તમે કોઈ અણધારેલી અવકૃપાના પાત્ર થઈ જાઓ, એવો મને ભય લાગે છે. આપ પરમ જ્ઞાની છો, મારે પૂજ્યસ્થાને છો, તેથી વધારે શું કહું? આપને રુચે તે ખરું."

એ સાંભળી સુવિચાર બોલ્યો; "પ્રિય સખા! વહાલા છદ્મ! હવે બહુ થયું. તારા કહેલા ઇતિહાસે મને ઘણું શિખવ્યું છે; મારા હૃદયની અવળી આંટી તોડી નાંખી છે, ને મારા જ્ઞાનમાર્ગપર સારું અજવાળું પાડી આપ્યું છે. આજે તો હવે સમય થઈ ગયો હોવાથી અવકાશ મળતાં કાલે આપણે એ સંબંધે વાત કરીશું."

---

* આ કથા જ્ઞાનદેવના પિતાની છે. જ્ઞાનદેવના પણ બંધુને એક ભગિની હતી, જે ચારે પરમભક્ત ગણાયા છે.

બીજે દિવસે પોતપોતાના નિત્ય નિયમથી પરવારી તે બંને શિષ્યો, ગુરુવર્યને સમાધિસ્થ જોઇને, પાછા એક વૃક્ષ નીચે બેઠા. ક્ષણભર બંનો ઈશ્વરી લીલા નિહાળ્યા કરવા, અવકાશસામી દૃષ્ટિ લગાડી રહ્યા હતા. શી લીલા! આકાશ નવલ નવલ રંગના ચમત્કારો દર્શાવ્યું જતું હતું; વાયુ મન્દ મન્દ વાહી રહ્યો હતો. 'ધન્ય પ્રભુ,' એમ કહી સુવિચાર જાગ્રત થયો હોય તેમ બોલ્યો; "પ્રિય છદ્મ! તારી કહેલી કથાથી તો મારું મન મોટા વમળમાં પડી ગયું છે. વિચાર કરતાં મને નિશ્ચય થાય છે કે, ગમે તેમ હોય, પણ ચૈતન્ય યતિના જેટલો અપરાધી તો હું નથી જ. ગુરુદેવની વંચના મેં કરી નથી, તેમ તેની પેઠે પોતાની પત્નીને છેતરી, સૂતી મૂકીને પણ હું નાશી આવ્યો નથી. હું તો ઉલટું તેનું પ્રિય કરવા સારુ ચાલી નિકળ્યો હતો, અને તેમ કરતાં પ્રભુ-કૃપાથી સદ્ગુરુ સમાગમ થઈ ગયો, એટલે હવે ચિત્તવૃત્તિ આપોઆપ શાંત થઈ ગઈ છે! મારા મનની ઉર્મિઓ સર્વ હેઠી બેઠી, એટલે ઘરબાર સઘળું ગુરુદેવનાં ચરણમાં જ માન્યું છે અને ગુરુદેવ પણ હવે મને ઘેર જવા આજ્ઞા કરે એવો સંભવ નથી. મને નિકળી આવ્યાને સમય ઘણો થઈ ગયો છે, એટલે દ્રવ્યની અતિશય લાલસાવાળી તે સ્ત્રી, દ્રવ્યનો અને પતિનો બંનેનો સામટો વિયોગ સહન કરી શકી નહિ જ હોય: ધારું છું કે, અવશ્ય તે કલેશિણીનો દેહ પંચતત્ત્વને પામ્યો હશે." છદ્મ બોલ્યો, "કૃપાનાથ! એમ હોય તો પણ તમે હજુ મોટાં બંધનમાં છો; કેમ કે તમારે પુત્ર નહિ હોવાથી તેની અવસાનક્રિયા, તેમ જ શાસ્ત્રોક્ત ઉત્તર કાર્ય કરીને તેણીને પ્રેતત્વથી મુક્ત કરી, ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત કરાવવાનો સઘળો બોજો તમારા પર જ છે. તેટલા માટે પણ દયાળુ અંતર્યામી ગુરુદેવ તેની શોધનિમિત્તે તમને ઘેર જવાની આજ્ઞા કરે તો તેમાં આશ્ચર્ય જેવું મને તો કંઈ જણાતું નથી. પણ તેટલું બધું શાને માટે? તમે કહો છો તેમ તે પંચતત્ત્વને પામી હોય, એવો સંભવ જ નથી. કેમ કે તે ગમે તેટલી દ્રવ્યેચ્છુ છતાં પતિવ્રતા તો હતી જ કેની? પતિવ્રતાની દ્રવ્યેચ્છા ક્યાંસુધી ટકી રહે! પતિનો સમાગમ હોય ત્યાંસુધી જ. પતિનો વિયોગ થતાં જ દ્રવ્યાદિક સર્વ સુખેચ્છાઓ નષ્ટ થઈ જઇને તે માત્ર પ્રતિ-સંયોગ માટે જ સદા આતુર અને પ્રયત્નવાન્ થઈ જાય છે. એટલે સુધી કે પતિને માટે આત્માર્પણ, અર્થાત્ દેહાંત સંકટ વેઠવાને પણ તે ચૂકતી નથી. માટે હે બ્રહ્મપુત્ર! એ તમારી અર્ધાંગના પણ પતિવ્રતા હોવાથી

માત્ર તમારાં દર્શનાર્થે જ જીવિત ધારણ કરી રહી હશે, તમારી પ્રાપ્તિને અર્થે જ અહોરાત્ર પ્રયત્ન કરી રહી હશે, સર્વત્ર તમને જ શોધતી હશે, ભજતી હશે, નિહાળતી હશે—હૃદયમાંના માનસિક નેત્રવડે તમને જ જોતી હશે, તમને જ સંભારતી હશે ને સ્વપ્નમાં પણ તમારી જ સેવા કરતી હશે, એમ મારો મનોદેવ કહે છે; કેમ કે તેનું સર્વસ્વ તમે જ છો. આજે તો તમારી આગળ કરેલી દ્રવ્યલાલસાને માટે તે વારંવાર બહુ પસ્તાતી હશે ને હવે પછી પ્રભુકૃપાથી તમારો સંયોગ થાય તો તેવા કશા પ્રાકૃત ભાવ કે લાલસાને કિંચિત્ પણ ઉદ્ભવ ન થવા દેવા માટે તેણે દૃઢ સંકલ્પ પણ કર્યો હશે. એમ છતાં આપે તેને માટે કિંચિત્ પણ ખેદ ન કરતાં આવો ઉલટો નિશ્ચય કર્યો છે, એ જોઈ મને બહુ ખેદ થાય છે. આપમાં વૈરાગ્ય અને નિર્દયતા સાથે વસે છે; વૈરાગ્યરૂપી મહાસત્તાધીશની પાસે તો દયારૂપ દ્રવ્યનો ભંડાર ભરેલો હોય, એવું મેં આપ સરખા મહાત્માની પાસેથી સાંભળ્યું છે."

એ સાંભળી દ્વિજપુત્ર સુવિચારશર્મા બોલ્યો; "પ્યારા છદ્મ! આ શું તું સાચું કહે છે? શું તે હજુ સુધી જીવતી હશે ને એટલી બધી એકાગ્રતામાં આવી ગઈ હશે? એમ હોય તો તેનો ત્યાગ કરવો, એ ઈશ્વરાપરાધ કહેવાય. પણ હવે તેનો સમાગમ થવો દુર્લભ છે; કેમકે ગુરુદેવની આજ્ઞા થતાં હું ઘેર જાઉં, પણ તે તો મારા શોધને માટે તું કહે છે તેમ કોણ જાણે ક્યાં ફરતી હશે." છદ્મે કહ્યું; "મિત્રવર્ય! વધારે શું કહું. જેવું તેના મનમાં આપનું ચિન્તન હશે, તેવી એકાગ્રતા જો તેને માટે આપની થાય તો ઈશ્વરી સત્તા એવી બળવાન છે કે, તમારે અહીંથી તેની શોધ કરવા જવાની પણ જરૂર ન પડે. તે અહીંયાં જ તમને આવી મળશે! કોઈ મહાત્મામુખે મ્હેં સાંભળ્યું છે કે, જો મનની એકાગ્રતા સમાન કક્ષામાં હોય તો લોહને ચુંબક આકર્ષી, પોતાપાસે ઘસડી લાવે છે, તેમ એક ચૈતન્ય બીજા ચૈતન્યને પણ ઘસડી લાવે છે. ચૈતન્ય એટલું બળવાન્ છે કે, તે પોતાની શક્તિથી જ જડ પદાર્થને પણ તાણી શકે છે તો ચૈતન્યને તાણી કેમ ન શકે?" સુવિચાર બોલ્યો; "ના, ના, એ વાત તો અશક્ય છે. ગમે તેટલી પણ તે સ્ત્રી-અબલા જ કેની! આવા અતિ દૂરના દુર્ગમસ્થાનમાં તેનું આગમન થવું, એ કેવળ દુર્લભ જ છે! હું પોતે પણ અહીં કેટલાં બધાં કષ્ટને પરિણામે, અને તે પણ ગુરુ મહારાજની પૂર્ણ કૃપા થઈ ત્યારે જ

આવી શક્યો છું, તો તેના શા આશરા." છદ્મલિંગે કહ્યું; "એ વાત ખરી; પણ શું આપ પતિવ્રતાઓનાં પાતિવ્રત્યબળનો મહત્પ્રભાવ નથી જાણતા? પૂર્વે પતિવ્રતાઓએ પોતાના પાતિવ્રત્યબળથી મોટાં મોટાં અદ્દ્ભુત કાર્યો કરેલાં છે, ને તેના જ બળથી પરમાત્માને પણ તેઓએ પ્રસન્ન કરેલા છે. તે જ પ્રમાણે તમારી અનુગામિની પતિવ્રતા પણ તમને અહીં આવી મળે, એમાં મને તો યત્કિંચિત્ પણ આશ્ચર્ય લાગતું નથી." સુવિચાર મૌન ધરી રહ્યો. પછી કહ્યું; "કદાચ તે અહીં આવી ચઢી, તો પણ પહેલાંના કરનાં તદ્દન બદલાઈ ગયેલો મારો આ જટાવલ્કલધારી તપસ્વી વેશ જોઈને શું તે મને ઓળખી શકે?" છદ્મલિંગે ઉત્તર દીધું કે, "મને આપનું બોલવું સાંભળીને હાસ્ય આવે છે. અરે! આપ તો અત્યારે પ્રત્યક્ષ અને ચિરંજીવ છો, પણ પતિવ્રતા સ્ત્રીઓ તો પોતાના સ્વામીનો એક કેશ પણ ગમે ત્યાં છૂટો પડી ગયો હોય તો તેને પણ સારી રીતે ઓળખી શકે છે! પણ કૃપાનાથ! મને તો ઉલટી તેવી શંકા આપને માટે જ થાય છે કે, કદાચ તે આવીને પ્રત્યક્ષ તમારી આગળ ઉભી રહે તો શું તમે તેને ઓળખી શકો? હું ધારું છું કે, આપ ન જ ઓળખી શકો. વધારે તો શું, પણ મને લાગે છે કે, તેણે ઘણીક વાર આપને પ્રત્યક્ષ થઈને પ્રણામ પણ કર્યા હશે ને આપની સાથે કવચિત્ વાર્તાલાપ પણ કર્યો હશે, છતાં આપ તેને ઓળખી શકયા નહિ જ હો! કેમ કે આપે મારી આગળ કહી બતાવેલા તેના સ્વભાવ પ્રમાણે તો તે અવશ્ય ક્ષણે ક્ષણ આપને પગલે પગલે જ હશે!" ત્યારે સુવિચારે કિંચિત્ હસીને કહ્યું, "પ્યારા છદ્મ! તું કહે છે તે સઘળું કંઈ માનવા યોગ્ય છે? મારી અર્ધાંગના કે, જેના જેટલો મને બીજા કોઈનો પણ સહવાસ નહતો, તેને પ્રત્યક્ષ જોયા છતાં હું ઓળખી શકું નહિ, એ કેવળ હસવા જેવું છે. પ્રથમ તો આ વિકટ ભૂમિમાં આવેલું અત્યંત ગુપ્ત અને દુર્ગમ્ય સ્થાન, કે જ્યાં મનુષ્યો તો શું, પણ વનવાસી પશુ પક્ષ્યાદિકો સુદ્ધાં આવી શકતાં નથી, ત્યાં કોમળ અંગવાળી અને ઘર મૂકીને કદી બહાર નહિ ગયેલી એવી અબળા એકલી અટુલી આવી શકે, એ કદી બનવા યોગ્ય નથી. હવે બહુ થયું; એ વાત મૂકી દે. આપણે અવકાશનો સમય બ્રહ્મવાર્તા મૂકી દઈને, માત્ર આવી સાંસારિક વાતોમાં જ નિત્ય ખોઈ નાંખવા માંડ્યો છે, એ ઠીક નહિ."

છદ્મ નમ્ર થઈ, હાથ જોડી બોલ્યો; "કૃપાનાથ! મને ક્ષમા કરશો.

પણ શું માત્ર બ્રહ્મ બ્રહ્મ કર્યા કરવું, એનું નામ જ બ્રહ્મવાર્તા કહેવાય કે? અને બ્રહ્મપ્રાપ્તિમાં સાધનભૂત વાતો, તેમ જ અંતરાય પડાવીને બ્રહ્મપ્રાપ્તિમાં વિઘ્ન કરનારી વાતો, મુમુક્ષુએ જાણવી જોઇએ નહિ કે? એ વાતોથી અજાણ્યો મનુષ્ય એવાં વિઘ્નોથી શી રીતે બચે ને સાધન શી રીતે કરે? મિત્રવર્ય, આ વાર્તા–આપના ગૃહત્યાગની વાર્તા–આપ સરખા મુમુક્ષુને બ્રહ્મપ્રાપ્તિમાં મોટો અંતરાય પડાવનારી મને લાગે છે; કેમ કે આપણા ગુરુદેવે આપણને કહ્યું છે કે, જગતમાંના સર્વ અપરાધો, સર્વ અન્યાયો, સઘળી દુષ્ટતાઓ, સર્વ પાપો, સર્વ દુર્ગુણો ને સર્વ દુર્વાસનાઓથી દૂર થયેલો મનુષ્ય જ, મુમુક્ષુપણાંને યોગ્ય થાય છે, બીજો નહિ. कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः। तेऽप्यज्ञानतया नूनं पुनरायांति यांति च ॥ બ્રહ્મસંબંધી વાર્તા કરવામાં કુશળ છતાં, તેવી વૃત્તિ-રહેણી કરણી વગરના રાગી મનુષ્યો પોતાની અજ્ઞાનતાથી વારંવાર જન્મ મરણ પામ્યા કરે છે. એટલા માટે આ સાંસારિક વાર્તા નહિ, પણ બ્રહ્મવાર્તા જ છે, ને તેનો ચૈતન્યયતિના ચરિત્રપરથી આપને પણ અનુભવ થયો જ છે. માટે હે કૃપાનાથ! હું માત્ર સમય ખોવાને કિંવા વિનોદાર્થે જ આપને કહું છું એમ નથી; પણ પેલી પતિવિયોગિણી અબળાની દયાને માટે ને આપના ઉપરની અતુલ્ય પ્રીતિ તથા પૂજ્યતાને માટે જ, આ ન્યાયવાર્તા–બ્રહ્મવાર્તા, આપને નિવેદન કરું છું. આપને મારું કહેવું ઉપહાસવત્ લાગે છે, પણ તેમ નથી જ; કદાચ તે સત્ય ઠરે, ને ઈશ્વરકૃપાથી આપની અનુયાયિની પત્ની આવા અગમ્યસ્થાનમાં આપનાં ચરણસમીપે આવી ચઢે તો આપ મને શું કહેશો? શું આપ મને વચન આપો છો કે તેમ થાય તો આપે તેનાપર કૃપા કરવી, ને તેને અંગીકાર કરવી?" એ સાંભળી, સુવિચાર પ્રસન્ન થઇને બોલ્યો; "પ્રિય સખા! જેટલો હું તારી આ અદ્‌ભુત વાર્તાથી પ્રસન્ન થતો નથી, તેટલી પ્રસન્નતા તારી વાક્ચાતુર્યતાપર મને થાય છે. વારંવાર અને પ્રસંગે પ્રસંગે ઉપડેલી મારી સર્વ ઉર્મિઓને તેં તારી મંજુલ ને ન્યાયયુક્ત વાણીથી શમાવી દીધી છે. તારી વાણી ધર્મયુક્ત અને શાસ્ત્રસંમત છે. માટે પ્રસન્નતાપૂર્વક હું કહું છું કે, તારા કહેવા પ્રમાણે થાય તો અવશ્ય હું તેણીને ધર્મ પ્રમાણે અંગીકાર કરીશ."

આ છેલ્લા શબ્દો સાંભળતાં જ, છદ્મ બહુ હર્ષિત થઈ ગયો. તે બોલ્યો; "કૃપાનાથ! એ ચમત્કાર ત્યારે આપ પ્રત્યક્ષ અત્યારે જ

જુઓ! આપ મારું કહેવું માનતા નહોતા, પણ તે અબળા આપણા આ એકાંત અરણ્યમાં જ છે, ને નિત્યપ્રતિ આપનાં દર્શન વંદન કરે છે, છતાં આપ તેને ઓળખી શકતા નથી!" એ સાંભળી, સુવિચારે વિસ્મય થઈને કહ્યું; "અહા! છદ્મ! તું આવો કોમળ અને બાલ્યવયનો છતાં, આવા ચમત્કાર જાણે છે, ને આવી અદ્ભુત વાત કરે છે, તેથી મને લાગે છે કે, તું કોઈ યોગી છે! ઠીક! તે અબળા ક્યાં છે? મને બતાવ." છદ્મે કહ્યું, "ભલે, ચાલો, આશ્રમની બહાર પેલા અરણ્યમાંઃ ત્યાં જતાં જ તે સન્મુખ આવીને આપનાં ચરણમાં પડશે. પછી જોઉં છું વારુ, કે આપ તેને ઓળખી શકો છો કે નહિ?"

એટલું સાંભળતાં જ સુવિચાર ઉભો થયો. બંને જણા આશ્રમની પૂર્વભણી આવેલી અતિ રમણીય વૃક્ષઘટામાં ગયા. ત્યાં ફરતાં ફરતાં એક સુંદર નવપલ્લવ આમ્રઘટા નીચે ઉભા રહેતાંજ ચતુર છદ્મલિંગ અકસ્માત્ સુવિચારશર્માનાં ચરણમાં જઈ પડ્યો; ને પ્રેમાશ્રુવડે તેઓને ભીંજવી દેતાં, અતિ ગદ્ગદ કંઠે બોલ્યો, "હે પ્રભો! હે સ્વામિન્! હે મમ પ્રાણાધાર! આપનેજ પોતાનું સર્વસ્વ માનતી, એવી આપની ચરણદાસી, કે જેને આપે ઘણા સમયથી તજેલી છે, તે આપથી વિખૂટી પડેલી છતાં, વિયોગમાં પણ ભગવત્કૃપાથી આપની સેવામાં જ તત્પર રહેલી છે, તે આં હું ઘણા લાંબા વિયોગને અંતે આજે આ નિર્જન અરણ્યમાં આપનાં ચરણારવિંદને શરણે આવી પડી છું, તેને જો ઓળખતા હો તો ઓળખો, ને દયાર્દ્ર વાણીવડે પોતાની કરીને કૃતાર્થ કરો." બ્રહ્મચારી–વિદ્યાર્થીની અવસ્થામાં રહેલા છદ્મલિંગને ચરણમાં પડીને આમ બોલતો જોઈ, સુવિચારશર્મા આશ્ચર્યથી ભ્રમિત સરખો થઈ ગયો. તેને કશું સૂઝ્યું નહિ. પછી તેનો હાથ ઝાલી, "અલ્યા છદ્મ! છદ્મ! મને ભ્રમિત કરવા જેવું તું આ શું કરે છે? ચાલ ઉઠ, ઉભો થા, ગુરુદેવ જાણશે તો મોટું સંકટ આવી પડશે," એમ કહીને તેને બેઠો કર્યો, ત્યારે પાછો કંઠે વળગી પડીને તે બોલ્યો, "પ્રાણપ્રિય! થયું? ઓળખી રહ્યા? હવે ક્ષમા કરો. આ તો છદ્મલિંગ* નહિ, પણ આપની અનન્ય દાસી–આપની અપરાધણ અબળા †પ્રકટપ્રજ્ઞા છે. આપે નહિ ઓળખી હોય તો હવે ઓળખજો."

* છદ્મ=છૂપાવેલું, લિંગ=ચિહ્ન; પોતાનું ખરું જાતિ ચિહ્ન છૂપાવીને બીજા વેશથી રહેનાર તેથી છદ્મલિંગ.

† પ્રકટપ્રજ્ઞા–એ તે સ્ત્રીનું નામ છે. ખુલ્લી પ્રકટિત થયેલી શુદ્ધ બુદ્ધિ, આત્મબુદ્ધિ, તેજ પ્રકટપ્રજ્ઞા.

એટલું કહેતાંની સાથે, તેણે પોતાના મસ્તકપર બાંધેલી જટાની ગુંડી છોડી નાંખી, તો તેમાંથી એક દિવ્ય ગુટિકા નિકળીને ભોંયપર પડી, કે તુરત જ તેનો કંઠસ્વર, જે પુરુષના સરખો હતો, તે મટી જઈને અતિ મધુર અને નવયુવતી સમાન થઈ ગયો! સુવિચારને તુરત ઓળખાઈ આવ્યું કે, એ ઘણો જ પરિચિત એવો પોતાની પત્નીનો શબ્દ છે! તત્કાળ તેણે પોતાના મુખપરથી ભસ્મ લૂછી નાંખી, કંઠમાંથી રુદ્રાક્ષનો કંઠો કાઢી નાંખી, ને શરીર ઉપરથી લાંબી ઊનની કંથા ઉતારી નાંખતાં જ, સુવિચાર સારી રીતે ઓળખી શક્યો કે, એ મારી અર્ધાંગના જ છે! પછી આશ્ચર્ય ચકિત થયો થકો તે બોલ્યો, "અહા! પ્રિયા પ્રકટપ્રજ્ઞા! શું તું મને છેક અહીં આવી મળી!" તે બોલી, "હા પ્રાણવલ્લભ! હા મારા સુખના સાગર! હું આપની વિયોગિની પ્રેમસરિતા, આપના ભણી વહન કરી રહેલા અમોઘ પ્રેમપ્રવાહનો વેગ સહન નહીં કરી શકવાથી, આપને વિષે આવી મળી છું ને આપમાં જ લીન થવા ઇચ્છું છું." પછી તો બાકી જ શું રહ્યું! બન્ને પતિપત્ની મોટા આનંદાવેશથી પરસ્પર ભુજ ભરીને લપટાઈ ગયાં ને પ્રેમાશ્રુથી એકેકનાં અંગને ભીજવી નાંખવા લાગ્યાં. સંયોગસુખથી પ્રેમસાગરમાં ડુબી ગયેલાં તે બન્ને દંપતી, ગદ્ગદિત અવસ્થામાં ઘણીક વારસૂધી એક બીજા પ્રત્યે કશું પણ બોલી શકયાં નહિ! તેમ એક બીજા સામે જોડી રાખેલી મીટ કિંચિત્ પણ ખસેડી કે મીંચી શકયાં નહિ!

પ્રિય વાચક! તે વેળાએ એ દંપતીનાં હૃદય કેવી સ્થિતિમાં હશે, તેનું યથાર્થ વર્ણન કરવાને હું જોઇએ તેવી શક્તિ ધરાવતો નથી. આ તો માત્ર તારા હૃદયને એ વાતનું કિંચિત્ દિગ્દર્શન કરાવવા પૂરતું, ઉરસ્થિત કૃપાળુ પ્રભુએ મને જે પ્રેર્યું, તે જ હું તને કહું છું. આ વાતનું રહસ્ય શૂન્ય, દંભી, ક્રૂર, સ્વાર્થી, કપટી, એકલપેટા, અભિમાની, દ્વેષી, દુષ્ટ ને પાપી હૃદયના મનુષ્યો સ્વપ્ને પણ જાણી શકતા નથી-શકનારે નથી, ભાગ્ય કયાંથી હોય કે જાણે? નિષ્પાપ અને સરળ-શુદ્ધ અંતઃકરણના મનુષ્યો, કે જેઓનામાં ભગવત્કૃપાથી પ્રેમરસનો અંશ પણ હોય, તેવા રસિકો જ (બ્રહ્મવેત્તા જ) એ રસનો મર્મ સમજે છે! પ્રેમ જ સર્વ રસ-સર્વ બ્રહ્મ જાણવાનું સાધન છે. તારામાં પણ તેવી કિંચિત્ રસિકતા હશે, તો તું પણ સમજીને બહુ આનંદ પામીશ. રસિકતા જ મોક્ષનું સાધન છે; કેમ કે અંતઃકરણ શુદ્ધ સરળ થયા વિના રસિકતા ઉપજતી નથી.

રસિકતા વિના પ્રેમ નથી, પ્રેમ વિના ભક્તિ નથી, ભક્તિ વિના જ્ઞાન નથી, ને જ્ઞાન વિના મોક્ષ નથી. મોક્ષ વિના જન્મ મરણ જેમનું તેમ જ રહે છે, માટે રસિકજનોની બલિહારી છે.

પ્રેમમાં જ બ્રહ્મ છે, પ્રેમમાં સર્વ રહે છે, એ અદ્વૈત છે, ઐક્યનું તત્ત્વ છે. ઐક્યમાં સુખ અને જૂદાંપણામાં દુઃખ છે, માટે જ સર્વત્ર જૂદાપણું ટાળી, એકતા કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેવી અપ્રતિમ એકતા ઘણા સમય અને ઘણા પરિશ્રમને અંતે પામેલાં તે પતિપત્નીનાં શરીર, વાસ્તવિક જૂદાં છતાં, ઘણીકવાર સૂધી એકરૂપ થઈ રહ્યાં! તેઓને પોતાપણાંનું પણ ભાન રહ્યું નહિ. જણાય છે કે, તેમનાં મન પણ બહુધા એક જ થઈ ગયાં હતાં. મન એક થઈ ગયાં એટલે આત્મા એક થઈ જતાં શી વાર? વચ્ચે માત્ર થોડોક અંતરાય રહી જતો હતો. ચર્મદેહની ગમે તેવી એકતા થાય, પણ અંતર રહે જ! એકતા કહેવામાં આવે છે, પણ એ એકતા લૌકિક ને માયિક છે. પણ તે જ એકતા બદલાઇને અલૌકિકપણે માયાપતિની સાથે જોડાય તો થયું; આત્મા પરમાત્મા એક જ–અખંડાદ્વૈત સચ્ચિદાનંદઘન! અસ્તુઃ પણ આ લૌકિક એકતા, એ કંઈ સામાન્ય નથી. એનાથી જ અલૌકિક ઐક્યતાની પાત્રતા આવે છે. લૌકિકથી જ અલૌકિકની પ્રાપ્તિ છે. માટે તેવી સ્તુત્ય એકતામાં ગુંથાયલું, તે રસીલું જોડું ઘણીક વાર સૂધી નિઃસંજ્ઞ જ હતું, ને એથી પણ વધારે સમય જતાં સૂધી તેઓને સંજ્ઞા આવે, એમ પણ નહોતું. પણ તેટલામાં ત્યાં નજીકમાં એક મોટી સિંહગર્જના સંભળાઈ. તેનો પારિચિત શબ્દ કર્ણ ઉપર અથડાતાં જ તે બન્ને ચમકીને જાગ્રત થયાં, ને "અહા! ચાલો ચાલો, સમય થઈ ગયો; ને કદાચ ગુરુ મહારાજની સમાધિ પણ ઉતરી હશે, માટે જ આપણા આશ્રમરક્ષક સિંહે આપણને આ સૂચના કરી છે." એમ બોલતાં બોલતાં તેઓ ઉતાવળથી આશ્રમ ભણી ચાલ્યાં. ચાલતી વેળાએ તે દ્વિજપત્નીએ પોતાના મંજુલ પણ તપશ્ચર્યાને લીધે કંઇક પીળા પડી ગયેલા સુંદર કેશ પાછા જટાના આકારમાં બાંધી લીધા; તેમાંથી કાઢી લીધેલી માંત્રિક ગુટિકા પાછી તેમાં સ્થાપિત કરતાં જ તેનો સ્વર પાછો હતો તેવો પુરુષવત્ થઈ ગયો! ભસ્મ, રુદ્રાક્ષ તથા કંબલકંથાદિ પણ શરીરે સજી લીધાં, એટલે તે તો પાછો બ્રહ્મચારી છદ્મલિંગ જ બની રહ્યો. આ સર્વ બનાવથી આશ્ચર્યસમુદ્રમાં ડુબેલો

સુવિચારશર્મા તેને ફરી એકવાર ગાઢું પ્રેમાલિંગન દઈને, પછી ત્વરાથી આશ્રમમાં જઈ પહોંચ્યો; પણ ત્યાં કંઈ ચિન્તા કરવા જેવું ન હોતું. ગુરુદેવની સમાધિ ઉતરી નહોતી, પણ આશ્રમપરિચર્યાનો સમય થઈ ગયેલો છતાં, તે બન્નેમાંથી એકે જણને આશ્રમમાં ભાળ્યા નહિ, અને પોતાને પણ બહાર જવું હતું, તેથી તે સિંહે સૂચનારૂપ શબ્દ કર્યો હતો. તાત્કાળ બન્ને શિષ્યો છૂટા પડી, પોતપોતાનાં નિત્ય કાર્યવિષે પ્રવૃત્ત થઈ ગયા.

# સૂક્ષ્મ બિન્દુ ૩ જું—બાળયોગી તે કોણ?

साध्वी शीलवती दयावसुमती दाक्षिण्यलज्जावती
तन्वी पापपराङ्मुखी स्मितवती मुग्धा प्रियालापिनी ।
देवब्राह्मणबन्धुसज्जनरता यस्यास्ति भार्या गृहे
तस्यार्थागमकाममोक्षफलदाः कुर्वन्ति पुण्यप्रियाः ॥
पतिर्हि देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः ।
पत्युर्गतिसमा नास्ति दैवतं वा यथापतिः ॥

જે પુરુષના ઘરમાં સ્ત્રી પતિવ્રતા, શીલવતી, દયારૂપી ધનવાળી, ડહાપણ ભરેલી, લજ્જાવાળી, પાપથી દૂર રહેનારી, હસતા મ્હોડાની, દેખાવડી, પ્રિય બોલનારી, દેવ, બ્રાહ્મણ, કુટુંબીઓ તથા સજ્જન પુરુષોપર પ્રીતિ રાખનારી હોય છે, તે પુરુષના ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પુણ્ય ઉપર પ્રીતિ ધરાવનારા દેવો સફળ કરે છે. પતિ જ સ્ત્રીઓનો દેવ, બંધુ અને ઉત્તમ ગતિ ગણાય છે. સ્ત્રીઓને પતિના જેવો આશ્રય અથવા તો દૈવત (બીજું) નથી.

ગત દિવસના સમાગમથી તે બંનેનાં મન જાગ્રત થઈ ગયાં હતાં, માટે એકેકને કશી વાતે ચેન પડતું ન હોતું; આખી રાત્રિ નિદ્રા પણ આવી ન હોતી. પ્રાતઃકાળ થયા પછી સ્નાનસંધ્યાદિક નિત્ય કર્મમાં પણ ચિત્ત બરાબર સ્થિર રહેતું નહોતું. છદ્મને તો પ્રભુકૃપાથી પોતાનો મનોરથ સિદ્ધ થયો હતો, તે માટે આનંદ થવા ઉપરાંત હવે આ પૃથક્વાસ મટી જઈ સહવાસ ક્યારે થાય, તે માટેની જ ઊર્મિ ઉભરાઈ રહી હતી. પણ સુવિચારના મનમાં બીજું જ હતું. તેણે જેમ તેમ કરીને પોતાના પ્રેમથી આવિષ્ટ થઈ ગયેલાં મનને જરાક માર્ગે વાળ્યું; પણ આ સ્ત્રીજાતિ છતાં અહીં કેમ કરીને આવી હશે, તેણે આજ પર્યંત શું શું કર્યું હશે, ક્યાં ક્યાં રહી હશે, ને આમ છદ્માવસ્થામાં શી રીતે રહેવાયું હશે, એ સઘળું આશ્ચર્ય જાણવા ભણી તેની મનોવૃત્તિ બહુ ઉતાવળી થઈ ગઈ. આજે પણ ગુરુવર્યની સમાધિ ઊતરી ન હોતી;

તેથી સમય મળતાં જ તેઓ બંને નિત્યના વાર્તાસ્થાન પ્રત્યે જઈને બેઠા. છદ્મે વંદન કરતાં જ સુવિચાર કિંચિત્ હસીને બોલ્યો; "પ્યારા છદ્મ! તારી કૃતિએ ને તારી બુદ્ધિએ તો મને આશ્ચર્યના પૂરમાં નિમગ્ન કરી દીધો છે! જન્મપર્યંતના તારા સહવાસમાં પણ તારી આટલી પ્રજ્ઞા મેં કદી જોઈ નહોતી. દ્રવ્યસંબંધી તારી લાલસા અને આપણા ગૃહસ્થાશ્રમમાં રહેતી દ્રવ્યની તાણને લીધે તારા ચિત્તનો અસંતોષ જોઈ, હું તારાથી કંટાળી ગયો હતો, ને તું કોઈ પ્રાકૃત પામર સ્ત્રી છે, એમ જાણીને મારું મન તારાથી તદ્દન વિરક્ત થઈ ગયું હતું. પણ હવે તારી આ અદ્ભુત પ્રજ્ઞાને માટે તને ધન્યવાદ આપ્યા વિના મારાથી રહેવાતું નથી. તેમ જ તારા સુવિદ્વાન્ પિતા, કે જેમણે તારા નામકરણ સંસ્કાર વેળાએ ભવિષ્ય વરતી લઈને જ, જાણે તારું પ્રકટપ્રજ્ઞા એવું નામ પાડ્યું છે, તેમને પણ પૂરો ધન્યવાદ છે. પણ હવે, હું ઘેરથી વિદાય થયા પછી તે આજ સૂધીમાં તેં શું શું કર્યું, તે જાણવાની મને બહુ ઉત્કંઠા થઈ છે. માટે તારો ત્યાર પછીનો સવિસ્તર વૃત્તાંત મને સંભળાવ.' એ સાંભળીને છદ્મલિંગે પોતાનું ઇતિ વૃત્ત કહેવાનો આરંભ કર્યો:-

તે બોલ્યો, "કૃપાનાથ! પતિ કે જે સ્ત્રીનું સર્વસ્વ છે, તેનો વિયોગ થતાં, ને તે પણ અકારણ અને અકસ્માત્ થતાં, સાધ્વી બાળાને કેટલું સંકટ થાય છે, તેનું હું વર્ણન કરી શકવા સમર્થ નથી. આપ મને હસતાં હસતાં એવું કહીને ગયા કે, 'હું તારે માટે અખૂટ દ્રવ્ય લેવા જાઉં છું,' તે વેળાએ તો જો કે મને કંઈ સંશય થયો નહિ, પણ ઉત્તરોત્તર જેમ જેમ આપના આવવાને વિલંબ થતો ગયો, તેમ તેમ મારા મનમાં ધ્રાસકો પડતો ગયો, કે રખેને મારા સ્વામીનાથ મારાથી કંટાળીને મારો ત્યાગ કરી ગયા હોય! હું તો આપની વાટ જ જોતી બેઠી અને સાંજ સૂધી પણ આપ જ્યારે ન જ આવ્યા, ત્યારે બીજે દિવસે મેં સર્વત્ર આપની શોધ કરાવી. આપનાં દર્શન થાય તો જ અન્ન લેવું, એવા નિશ્ચયથી ઉપવાસ કર્યો. ઘણા શોધને અંતે પણ આપનો પત્તો ન લાગ્યો, ત્યારે માત્ર ફલાહાર ઉપર જ દેહનો નિર્વાહ કરવાનું નિર્ધારીને, મેં જાતે જ સર્વત્ર દેશાટન કરી, આપનો શોધ કરવાનો નિશ્ચય કર્યો. પણ તે વાતમાં મને એક મોટી અડચણ દેખાઈ. એક તો હું સ્ત્રી-અબલા અને વળી એકલી-માથા વગરની પાઘડી સરખી-થઈ રહેલી, એટલે મારાથી નિર્ભયપણે દેશાટન શી રીતે થઈ શકે? મારું શિયલ શી રીતે સચ-

વાય? આપે જ મને પૂર્વે કહેલું છે કે, યુવાન્ સ્ત્રીનું શરીર તો રાંધેલા અન્ન સરખું છે; અર્થાત્ રાંધેલા અન્નની જો બરાબર સંભાળ ન રખાય તો જેમ અભડાતાં કે બગડતાં વાર લાગતી નથી, તેમ સ્ત્રીના શરીરને પણ દૃષ્ટિદોષ કે સ્પર્શદોષથી ભ્રષ્ટ થતાં વાર લાગતી નથી. એટલા માટે, કૃપાળુ પ્રભુની પ્રાર્થના કરીને તથા ક્ષમા માગીને મેં મારો સ્ત્રીવેશ ગુપ્ત રાખવાનું નક્કી કર્યું. પુરુષવેશમાં પણ કદાચ હું કળાઈ જઇશ, એવા ભયથી કોઇથી પણ કળી ન શકાય, એવો આ છદ્મવેશ–યોગીવેશ ધારણ કરવાનાં સાધનો સાથે લઇને ઘરમાંથી હું નિકળી. ઘેરથી નિકળતી વેળાએ તો સૌ ગ્રામ્યજનોના જોતાં હું સ્ત્રીવેશમાં જ હતી; પણ પછી એકાંતમાં આવીને મેં આ વેશ ધારણ કરી લીધો. કેશમાં ભસ્મ રગદોળીને તેને જટાના આકારમાં બાંધી લીધા, આખા શરીરના હૃદયાદિકના કાંઈ પણ અવયવો સ્પષ્ટપણે ન જ દેખાઈ આવે, એટલા માટે આ મોટી કંબલ કંથા ગેરુથી રંગીને પહેરી લીધી, અંદરની બાજુ કટિએ કચ્છ ભીડ્યો, હસ્તમાંનાં કંકણ, કંઠમાંનું મંગળસૂત્ર અને મસ્તકમાંના કેશભૂષણ આદિ સૌભાગ્ય ચિહ્નોના બદલામાં તે સર્વ સ્થાને રુદ્રાક્ષના મણિ ધારણ કર્યા; કુંકુમના બદલામાં લલાટાદિ સર્વાંગે ભસ્મ ચર્ચી લીધી; જળના સાધનને માટે આ શ્રીફલપાત્ર અને આસનને માટે મૃગચર્મ બગલમાં મારી લીધું. આપનાં દર્શન થાય ત્યારે જ આ વેશ ઉતારવો, ને દર્શન ન થાય તો આ વેશમાં જ દેહનો અંત આણવો, એવી તે વેળા દૃઢ પ્રતિજ્ઞા કરી. આવી રીતે હું આપના શોધને માટે એક ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણી મટીને અરણ્યવાસિની યોગિની થઈ. બહારથી જોનાર મનુષ્યો તો મને એક બાળ બ્રહ્મચારી–બાળયોગી રૂપે જ જોતા હતા. આટલું છતાં પણ મેં જેમ બને તેમ મનુષ્યોનો સહવાસ બહુ જ ઓછો રાખ્યો હતો. અન્નનો પણ મેં ત્યાગ કર્યો હતો, એટલે ભિક્ષાર્થે પણ મારે ગ્રામ કે શહેરમાં જવું પડતું નહિ; માત્ર અરણ્યમાંનાં ફળ અને જળથી જ હું સંતોષ માનતી. સમયે અરણ્યથી છેટે આવેલા કોઈ તીર્થ કે શહેરમાં આપને શોધવા માટે જવાનું થતું, તો ત્યાં ફળાદિક નહિ મળે, માટે તેવે પ્રસંગે ઘણીકવાર મને અપવાસ પણ થતા હતા. એ પ્રમાણે ઘેરથી નિકળીને, મેં ભરતખંડનાં પ્રત્યેક તીર્થો, ક્ષેત્રો, મહાત્માઓનાં સ્થાનો, ઋષિ મુનિઓના આશ્રમો ને પર્વતોમાં આવેલાં અરણ્યો તથા ગુહાઓમાં ફરી ફરીને બહુ જ સૂક્ષ્મ-

પણાંથી આપનો શોધ કર્યો. કોઈ કોઈ નગરોમાં ને તીર્થોમાં પર્વણીને ટાંકણે, જ્યાં જ્યાં મનુષ્યોનો સમૂહ મળવાનો હોય ત્યાં ત્યાં પણ અવશ્ય હું જતી, ને સર્વત્ર ફરી ફરીને હું આપને શોધતી. પણ ત્યાં આપનું દર્શન થતું નહિ, એટલે બહુ જ નિરાશ થઈ જતી. વારંવાર હૃદય ભરાઈ આવતું, ને એકાંતમાં જઇને પછી પુષ્કળ રુદન કરતી. આવે પ્રસંગે કોઇની દૃષ્ટિએ પડી જવાનો ભય રહેવાથી, હું મારા હૃદયને ઘણીક રીતે દાબવાનો પ્રયત્ન કરતી, પણ તેમાં નિષ્ફળ થઈ જતી. લોકો મને તેમ કરવાનું કારણ પૂછતા ત્યારે તેઓના સમાધાન માટે એમ જણાવતી કે, 'મારા ગુરુવર્ય મારો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે, તે હવે ક્યાંય મળતા નથી, માટે મને દુઃખ થાય છે.' એમ કહેવામાં હું અસત્ય સમજતી નહિં. કેમ કે पतिरेव गुरुः स्त्रीणां पतिरेव गतिः शुभा। પતિ એ જ સ્ત્રીનો ગુરુ અને પતિ એ જ સ્ત્રીની ઉત્તમ ગતિ છે, એ શાસ્ત્રોક્ત વચન પ્રમાણે આપ મારા પૂજ્ય ગુરુવર્ય જ છો. એવી જ રીતે ઠારેઠાર મારે યુક્તિપૂર્વક બોલીને અસત્યથી બચવું પડ્યું હતું. જનસમૂહમાં ફરતી વેળા હું જ્યારે જ્યારે પતિપત્નીનાં યુગ્મો આનંદે ફરતાં જોતી, ત્યારે ત્યારે આપના વિરહને લીધે મારી બહુ જ દુર્દશા થઈ જતી. એકવાર કાશીક્ષેત્રમાં મારી તેવી દુર્દશા થઈ હતી. ત્યાં ભાગીરથીના ઘાટપર મારા જ સરખી એક દુઃખિયારી પતિવિયોગિનીનો મને સમાગમ થયો હતો. ઠારેઠાર લોકો અદ્ભુત યોગિવેશ જોઇને તે જોવાને બહુ એકઠા થઈ જતા, તે વેળાએ આપનો શોધ કરવાનું મારે સ્વાભાવિક બની આવતું. આ તો કોઈ મહાત્મા અદ્ભુત બાળયોગી છે એમ જાણીને, પેલી પતિવિયોગિની સ્ત્રી પોતાના પતિને માટે પ્રશ્ન કરવા આવી. તે વેળાએ મારા સમાન દુઃખવાળી તે સ્ત્રીને જોઇને મને આપનો અત્યંત વિરહ થઈ આવ્યો; તેથી મારા મનની જે દુઃખદ અવસ્થા થઈ પડી, તેનું હું વર્ણન કરી શકતી નથી. પણ તે અવસ્થા જોઇને, તેણે મને તેનું કારણ પૂછ્યું, ત્યારે તેના અને મારા બંનેના મનના સમાધાન માટે, મેં મારો આપના વિયોગરૂપ ઈતિહાસ કહી બતાવ્યો. તેમાં પણ અસત્યથી બચવાને માટે મારે બહુ યુક્તિ રચવી પડી હતી. 'મારા એક પ્રાણવલ્લભ મિત્ર, કે જેમને હું ગુરુરૂપ માનું છું, તેઓ પોતાની સ્ત્રીનો, એક સામાન્ય અપરાધને માટે ત્યાગ કરીને ચાલ્યા ગયા છે; ને તેમના શોધને અર્થે હું યોગધારણ કરીને નિકળ્યો

છું,' એમ મેં તે સ્ત્રીને કહ્યું હતું. કારણ કે આપ મારા પ્રાણવલ્લભ મિત્ર છો, ને ગુરુ પણ છો."

આ વાતચિત ઉપરથી જિજ્ઞાસુના સમજવામાં આવ્યું જ હશે, કે કાશીપૂરીમાં ભાગીરથીના મણિકર્ણિકાના ઘાટપર દેખાયેલો પેલો અદ્દભુત બાલયોગી તે કોણ હતો ? એ યોગી નહિ, પણ મહાસાધ્વી યોગિની પ્રગટપ્રજ્ઞા હતી ! તેનું વાક્ચાતુર્ય અદ્દભુત છતાં કેવું સત્યમય હતું, તે સર્વના સમજવામાં આવ્યું હશે જ ! ગુપ્તવેશ ધારણ કરીને તે સ્ત્રીએ અસંખ્ય પ્રસંગોમાં બોલતાં પોતાની વાણીને અસત્યના વાયુનો સ્પર્શ પણ થવા દીધો નથી ! અર્થાત્ પોતે પુરુષવેશમાં છતાં કોઇની સાથે કશું પણ બોલવાને પ્રસંગે, પોતાને પોતે સ્ત્રીરૂપે જણાવ્યું નથી ! તેમ તેના બોલવામાં તેનાં જાતિચિહ્ન માટે પણ કોઇને કશો સંશય ઉપજે એવું પણ બન્યું નથી ! અસ્તુઃ હવે પછી તેનું શું થયું ? તે તેના મુખથી જ તને સંભળાવું છું.

પછી છદ્મલિંગ બોલ્યો; "કૃપાનાથ ! બહુ શોધ કર્યા છતાં પણ કયાંય જ્યારે આપનાં દર્શન ન થયાં, એટલે હું નિરાશ થઈ ગઈ. અતિ દુઃખી થવાથી એક જ ઠેકાણે બેસીને આપનું સ્મરણ કરતાં કરતાં દેહનો અંત આણવાનો મેં નિશ્ચય કર્યો. પછી ગંગાના ઉત્તર તટપર ફરતાં ફરતાં એક એકાંત સ્થળ આવ્યું. ત્યાં હું ગંગાસ્નાન કરીને બેઠી, અને આપની પ્રાપ્તિને માટે પ્રભુનું એકાગ્ર મનથી નામ સ્મરણ કરવા લાગી. પણ ત્યાંએ મારું મન થોડી થોડીવારે એટલું બધું તો વિહ્વલ અને શોકાવિષ્ટ થઈ જતું, કે મારાથી મુક્તકણ્ઠે રુદન કર્યા વિના રહેવાતું જ નહિ. આવી દશામાં બે ત્રણ દિવસો તો મેં જેમ તેમ કરીને કાઢી નાંખ્યા ! એ સ્થાન ગમે તેવું ઉજ્જડ હતું, છતાં અંધારી રાત્રે પણ મને વાઘ વરુ સુદ્ધાંતનો ભય લાગતો નહિ. આપના વિયોગથી તો મારી ક્ષુધા, તૃષા, તૃષ્ણા, નિદ્રા, શાંતિ, ભીતિ ને સર્વ પદાર્થ ઉપરની પ્રીતિ, મારો ત્યાગ કરીને ચાલ્યાં ગયાં હતાં. છેવટે મને કંટાળો આવ્યો કે, આવું નિરર્થક અને દુઃખમય જીવિત ક્યાં સૂધી ધારણ કરી રાખવું ? માટે હવે ફળાહાર પણ કરવો નહિ, તેમ અહીંથી ઉઠવું પણ નહિ; તેમ શ્રીમતી ભાગીરથીનો પવિત્ર તટ પણ છોડવો નહિ. વૃથા ભટકીને જીવન ગાળવા કરતાં ગંગાને તટે જ પ્રાણ છૂટી જાય એ શ્રેયસ્કર છે, આવા નિશ્ચયથી મેં ત્રણ અહોરાત્ર ગાળી કાઢ્યા ને ચોથો દિવસ, પવિત્ર પર્વણીનો હતો, તેથી ઉષઃકાલ થતાં અસંખ્ય મહાત્મા જનો આસ-

પાસના અરણ્યોમાંથી એ એકાંત અને પુણ્યરૂપ તટપર સ્નાન કરવા આવ્યા. "જય જય ગંગે, હર હર ગંગે, પાપહારિણિ, અઘમોદ્ધારિણિ," ઇત્યાદિ શબ્દની ગર્જનાઓ સાંભળીને, મને પણ ઉમળકો થઈ આવ્યો. લાગટ ત્રણ ઉપોષણ થવાથી મારામાં તે વેળા આય તો રહી જ નહોતી, તોપણ શ્રદ્ધાથી ધીમે ધીમે ઉઠીને મેં પ્રવાહમાં ઉતરી ગંગાસ્નાન કર્યું; અને પતિતપાવિનીને કર જોડીને પ્રાર્થના કરી કે, "હે માતા! સર્વ પ્રાણીઓનાં પાપ હરણ કરવાં, એવું આપનું બિરદ છે, ત્યારે હું, કે જે એક અપરાધિણ અબળા છું, બાળા છું, વળી પશ્ચાત્તાપ કરવાવાળી છું, ને મારાં પાપથી જ આ મહા દુઃખ અનુભવી રહી છું, છતાં આપ પતિતપાવિની મારાં દુઃખનો અંત કેમ આણતાં નથી? હે દેવિ! કૃપા કરો! કૃપા કરો! મને તારો. હું તમારે શરણે છું! તમે જગજ્જનની છો, તો આ દીન બાળકીનું રક્ષણ કરો."

એટલું કહીને, છદ્મલિંગ પાછો બોલ્યો, "કૃપાનાથ! મારી એ પ્રાર્થના દેવી ભાગીરથીએ સફળ કરી. જેવી હું સ્નાન કરીને તટપર આવી અને ઉદાસ ચિત્તે મારા આસનપર બેઠી, તેવામાં જ ઉત્તર દિશાના અરણ્યમાંથી એક ઘણા જ વૃદ્ધવયના મહાત્માને મેં તટ ભણી આવતા નિરખ્યા! તેમની આકૃતિ, પ્રભાવશ્રી અને તેજ જોઇને, મને નિશ્ચય થયો કે, એ કોઈ ઇશ્વરી પુરુષ છે. મેં ઉઠીને એમનાં ચરણમાં મસ્તક મૂકી વંદન કર્યું. તેઓ મને પોતાની દિવ્ય દૃષ્ટિવડે ઓળખી લઇને બોલ્યા; 'બાળે! તારું કલ્યાણ થાઓ! પુત્રિ! તું સ્ત્રી જાતિ છતાં આ એકાંત અને ઘનઘોર અરણ્યમાં એકલી કેમ આવી છે?' સ્વામિનાથ! આજ પર્યંત મને કોઇએ જ ઓળખી નહોતી, તેથી એ મહાત્માનું એવું અંતર્યામિત્વ તથા ઈશ્વરી પ્રભાવ જોઈ, મને બહુ આશ્ચર્ય થયું. જેવી એમણે મને પુત્રી કહી, તેવો જ એમને વિષે મને પિતૃભાવ પણ ઉત્પન્ન થયો. તેમનું પ્રશ્ન સાંભળતાં જ, કોઈ મહાદુખિયારી દીકરીની, પોતાના પ્રેમાળુ પિતાને મળતાં જેવી દશા થાય, તેવી જ દશા મારી થઈ ગઈ. મારું હૃદય ભરાઈ આવ્યું, મ્હોં સુકાઈ ગયું. પછી નેત્રનાં ઉષ્ણ જળથી મેં તેમનાં બન્ને ચરણારવિંદનું પ્રક્ષાલન કર્યું. તેમના પ્રશ્નના ઉત્તરમાં હું કશું પણ તેમને કહી શકી નહિ. થોડીવારમાં તેઓ પોતે જ પોતાના ધ્યાનયોગવડે સઘળું જાણી લઇને બોલ્યા, 'પુત્રી! ચિન્તા કરીશ નહિ. ભગવત્કૃપાવડે તારું સંકટ મારા જાણવામાં આવ્યું છે. પરમાત્મા તે

ટાળવા સમર્થ છે! હમણાં તું અહીં સ્વસ્થપણે બેસ; આ પર્વણીનો પુણ્યકાળ વીતી જાય છે, માટે તે પૂર્વે મને ગંગાસ્નાન કરી આવવા દે.'

સ્વામિનાથ! એ દયાળુ મહાત્મા સ્નાન કરીને પાછા વળતાં, મને પોતાની સાથે એક અતિ ગુપ્ત અને દિવ્ય સ્થાન પ્રત્યે લઈ ગયા. ત્યાંની ભૂમિ, તૃણાંકુરો, વૃક્ષો, લતાઓ, વેલીઓ, જળાશયો ને પક્ષીઆદિક સર્વ અદ્ભુત અને દિવ્ય હતું. તેઓ મને પોતાના આશ્રમે લઈ ગયા પછી પોતાની સામે બેસારીને કહ્યું, 'પુત્રિ! તારો પતિ બહુ સુપાત્ર અને મુમુક્ષુ છે. તેને તેં તુચ્છ એવા વિષયસુખની લાલસાથી કેટલોક ત્રાસ આપ્યો હતો, નહિ વારુ? તેથી જ તેણે તારો ત્યાગ કર્યો છે. હવે તેનો મેળાપ થવો, એ તારી માનુષી શક્તિની બહાર છે. સંસાર થકી ને તેમાં વિશેષતઃ તારા ક્લેશથી ત્રાસેલો તે, પોતાના એક મહા-સમર્થ ગુરુને શરણે જઈ પડયો છે. તે સ્થાન એવું તો દુર્ગમ છે, કે ત્યાં યોગીઓ વિના બીજું કોઈ જઈ શકતું નથી. પણ તારી વિશુદ્ધ વૃત્તિ, તારું પાતિવ્રત અને પતિપ્રાપ્ત્યર્થ સહેલું અપાર કષ્ટ જોઇને મને બહુ કરુણા ઉત્પન્ન થઈ છે; માટે હું તને ત્યાં જવાનું એક સાધન આપું છું. પણ ત્યાં તારા સ્વામીના મોક્ષમાર્ગમાં અંતરાય પડાવનારું કશું આચરણ કરીશ નહિ!' પછી તેમણે મને આ મારા અંબોડામાં છે, તે ગુટિકા આપીને કહ્યું, 'લે આ એક દિવ્ય વસ્તુ હું તુને આપું છું. તેને તું યત્નપૂર્વક સાચવજે. અહર્નિશ તારા મસ્તકમાં ગુપ્તપણે રાખજે. એનામાં અનેક અમૂલ્ય સિદ્ધિઓ છે. એનાવડે તું ઇચ્છીશ, તે દુર્ગમ-સ્થાન પ્રત્યે પણ, વિના પ્રયાસે જઈ શકીશ. તારામાં કશી અપવિત્રતાનો પ્રવેશ થશે નહિ, તને કોઈ ઓળખી શકશે નહિ. તારો કંઠસ્વર બદલાઈ જશે તથા તારી બુદ્ધિ બહુ નિર્મળ અને ભગવત્પરાયણ રહેશે. એ ગુટિકાને તું તારી પાસેથી કોરે મૂકીશ ત્યારે જ મૂળ રૂપ પ્રકટ થઈ શકશે. એ લઇને તું તારા સ્વામી પાસે જા. ત્યાં એક પવિત્ર આશ્રમમાં પોતાના ગુરુવર્યની સેવામાં તે રહ્યો છે, ને મોક્ષપ્રદ એવા જ્ઞાન-યોગનું શ્રવણ કરે છે. પણ ત્યાં જઇને તું તારા સ્ત્રીભાવને અનુસરીશ નહિ; તારી પોતાની ઓળખાણ આપીને તેના આત્મસાધનમાં વિઘ્ન કરીશ નહિ; પરન્તુ તું તે મહાત્મા ગુરુના શિષ્યરૂપે થઇને શુદ્ધચિત્તે તારા સ્વામીની સાથે એ પરમપાવન જ્ઞાનયોગનું શ્રવણ કરજે. તે મહાત્મા ગુરુ તો તને જોતાં જ ઓળખશે, પણ તમારો જ્ઞાનયોગ પૂરો

થતાં સૂધીમાં કહી તમારો સંબંધ પ્રકટ કરવો નહિ. જા, તે મહાત્માને મારા ઘણા પ્રેમથી પ્રણામ કહેજે.' એ પ્રમાણે કહીને તેઓ આશ્રમની બહાર મારી સાથે આવ્યા; ને મને માર્ગસ્થ કરીને, 'એ જ સીધે માર્ગે તું તારા સ્વામી પાસે જઈ પહોંચીશ,' એમ કહી પાછા વળી ગયા. તે જ દિવસે હું અતિ ચમત્કાર ભરેલી ત્વરાથી, માર્ગમાંની અનેક ચમત્કૃતિ અને શોભા નિરખતી નિરખતી આપનાં ચરણમાં આવી પહોંચી છું, ને આપની તથા સમર્થ ગુરુદેવની સેવા કરવાને ભાગ્યવતી થઈ છું." એમ કહીને તે સ્ત્રી તેનાં ચરણમાં નમી પડી.

આ સર્વ વૃત્તાંત સાંભળી, અતિ વિસ્મય અને પ્રસન્ન થયેલા દ્વિજપુત્ર સુવિચારશર્માએ તેની દૃઢતા, પતિભક્તિ ને અપ્રતિમ પ્રેમ જોઈ, તેને માટે તેને બહુ ધન્યવાદ આપવા માંડ્યો. તેની એક એક કૃતિ સંભારીને તેણે, મનમાં ને મનમાં જ, આશ્ચર્યમાં ને પ્રેમમાં મગ્ન થઈ જવા માંડ્યું. થોડીકવાર શાંતપણે વિચાર કરીને તે બોલ્યો, "વારુ, સતિ! તારું અદ્ભુત કાર્ય જોઈને મારું મન જેવું વિસ્મય પામે છે, તેવું જ મને એક પ્રશ્ન પણ થાય છે, જે તારે ને મારે બહુ વિચાર કરવા જેવો છે. ઓ સાધ્વિ! તારા આટલા બધા પરિશ્રમને અંતે તને હવે યથાર્થ અનુભવ થયો છે જ, કે જે સંસારને માટે મનુષ્યો સદા તલખી મરે છે, તેમાં કેટલું સુખ છે?" છદ્મે કહ્યું, "કૃપાનાથ! સુખ શાનું? સંસારમાં સુખ તો ક્યાંય દૃષ્ટિગોચર થતું નથી. સૌ વાતે ઉલટું દુઃખ, દુઃખ અને દુઃખ જ દૃષ્ટિએ પડે છે. આ લોકનો જીવ, બુદ્ધિમાન્, પંડિત, ચતુર, અને અત્યંત સૂક્ષ્મ વિષયનો જાણનાર છતાં, તથા ઘણી રીતે સમજાવ્યા છતાં પણ જ્યાંસૂધી સંસારી વિષયમાં ઘેરાયલો હોય છે, ત્યાંસૂધી સત્ય સમજી શકતો નથી. પણ ભ્રાન્તિથી માનેલી વાતને સત્ય ગણે છે તથા તેના ગુણોને વળગી રહે છે. એ મોટી ને પ્રબળ આવરણશક્તિ દુઃખની–તમોગુણની છે. પણ એ દુઃખ, સુખાશારૂપ આવરણથી ઢંકાયલું હોવાને લીધે જ, અજ્ઞ જનો તેને પ્રાપ્ત કરવાને મિથ્યા પ્રયાસ કર્યા કરે છે. એ આપણા ગુરુ મહારાજે કહ્યો હતો તેવો, સમર્થ માયાપતિની અદ્ભુત માયાનો ખેલ છે." સુવિચાર બોલ્યો; "એમ જ છે. તારા મનમાં પણ યોગ્ય રીતે એ વિચાર સ્થિર થયેલો છે, એટલે હવે કંઈ વધારે કહેવું પડે તેમ નથી. પુનઃ કહેવાનું એટલું છે કે, તારો પરિશ્રમ સફળ થયો, મારી ભ્રાંતિ મટી, આપણો વિયોગ

દૂર થયો, ને મેં તને અંગીકૃત પણ કરી. વળી તેં ને મેં આવા વિવિક્ત સ્થાનમાં સાથે જ રહીને પરમદુર્લભ એવું તત્ત્વજ્ઞાન, એક જ ગુરુવર્ય પાસેથી શ્રવણ કર્યું; અને તે શ્રવણ પ્રમાણે યથાર્થ અનુભવ પણ આપણને ગુરુકૃપાવડે થયેલો હોવાથી, વિજ્ઞાન પણ થયું. આવો મોટો અલભ્ય લાભ આપણને મળ્યો છે, કે જેનાથી અન્ય પ્રાપ્ત કરવા જેવું જગતમાં કાંઈજ નથી; તો પછી આપણે શી આશાને માટે આવું પુણ્યરૂપ સ્થાન તથા પરમેશ્વરતુલ્ય ગુરુદેવનાં ચરણારવિંદની પવિત્ર સેવા મૂકીને, સંસારમાં વા સ્વર્ગમાં પણ જવાની ઇચ્છા કરીએ?" છત્રે કહ્યું; "કૃપાનાથ! હવે આશા શી ને તૃષ્ણા શી? આપને તો આશા મૂળથી જ હતી નહિ, ને આપના તથા ગુરુદેવના સેવનથી મારી આશા પણ નિરંતરનો ત્યાગ કરી વિદાય થઈ ગઈ છે. મારી આશા અહીંથી ક્યાંય જવાની નથી, તેમ અહીં આપનાં ચરણમાં રહીને વિષયરૂપ સંસારસુખ ભોગવવાની પણ નથી. મારી સર્વ મનઃકામના તૃપ્ત થઈ ગઈ છે! માત્ર શુદ્ધ નિર્દોષ પ્રેમથી હું તો સદા આપનાં ચરણની પુણ્યરૂપ સેવા જ કરીને કૃતાર્થ થવા ઇચ્છું છું. અરે! આવું પરમાનંદઘન બ્રહ્મસુખ મૂકીને, તુચ્છ–નાશવંત–પરિણામે દુઃખપ્રદ એવા વિષયસુખની કોણ લાલસા કરે? પણ કહ્યા વિના ચાલતું નથી, કે આ પામર જીવને, આ બ્રહ્મસુખની પ્રાપ્તિ કરાવનાર તો મારી એ વિષયસુખની લાલસા જ છે." સુવિચાર બોલ્યા; "વિષયસુખની લાલસા બ્રહ્મસુખને પ્રાપ્ત કરાવે, એમ કહેવાય જ નહિ; પણ તારા સંબંધમાં એ વાત અપવાદરૂપ છે. તારી વિષયલાલસા બીજાના સંબંધમાં નહિ, પણ તારા પતિના સંબંધમાં હતી ને પતિની પાસેથી પત્નીએ મળી શકે તેટલાં સુખની લાલસા કરવી, એમાં કંઈ ધર્મવિરુદ્ધ કે અપરાધ નથી–જો વિષયસુખની જ ઇચ્છા હોય, પણ તે જો ધર્મને અનુસરીને કરવામાં આવે તો તેનું પરિણામ કલ્યાણકારક જ આવે છે. એટલા જ માટે વિષયમાંથી મનુષ્યોની કામના દૂર કરવાને, તેમ જ પરિણામે કલ્યાણરૂપ નિવડવાને, ભગવત્પ્રેરણાથી જ્ઞાનયોગ રચાયો છે. ઈશ્વરી આજ્ઞા છેઃ–મનુષ્યે અવશ્ય ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જ આચરણ કરવું. ધર્મશાસ્ત્રની આજ્ઞા ઉલ્લંઘન કરીને, જે પોતાની ઇચ્છા પ્રમાણે વર્તન કરે છે, તેને આલોક કે પરલોકમાં સુખ મળતું નથી, ને સદ્ગતિ પણ મળતી નથી." આ પ્રમાણે તેઓ વાતચિત કરતા હતા, એટલામાં પર્ણ-

શાળામાંથી "નારાયણ, નારાયણ," એવો શાંત ને ગંભીર ધ્વનિ સંભળાયો. "અહો! શું ગુરુદેવની સમાધિ ઉતરી?" એમ બોલતા આનંદપૂર્વક, તત્કાળ બંને શિષ્યો તેમની પાસે દોડી ગયા ને વંદન કરીને તેમની સેવાવિષે તત્પર થઈ ગયા.

બીજે દિવસે, તે મહાત્મા યોગીશ્વરે બંને શિષ્યોને પાસે બેસારીને સુવિચાર પ્રત્યે કહ્યું; "પુત્ર! તમારી બંનેની સ્થિતિ પ્રમાણે તમને જે જ્ઞાન કહેવું જોઇએ, તે સારી રીતે હું કહી ચૂક્યો છું. તમોને અહીં આવ્યાને કાળ પણ ઘણો વ્યતીત થઈ ગયો છે. હવે તમે બંને સુખેથી પોતાના આશ્રમ પ્રતિ જાઓ. તમારી સેવાથી હું બહુ પ્રસન્ન થયો છું ને આશીર્વાદ આપું છું કે, તમારું કલ્યાણ થાઓ. આ છદ્મલિંગની સહનશીલતા, ધૈર્ય ને પરાકાષ્ઠાનું પ્રેમનિષ્ઠપણું જોઇને તો મને પરમ આનંદ થાય છે. કેમ સુવિચાર, તું એને ઓળખે છે કે એ કોણ છે?" સુવિચારશર્મા તેનું ઉત્તર દેવા જતો હતો, તેટલામાં તો ગુરુવર્યે છદ્મને આજ્ઞા કરી કે; "પુત્રિ! હવે તને છૂટ છે. ઘણા કાળનું તારું ભીષણ છદ્મવ્રત સમાપ્ત કરીને આજે તારા મૂળ રૂપને પ્રકટ કર!" આજ્ઞા થતાં જ તેણે પોતાની જટાનો બંધ છોડી નાંખ્યો; તેમાંની ગુટિકા ગુરુદેવનાં પાદારવિંદમાં મૂકી દીધી, ને તે સાથે જ, તે છદ્મ મટીને સુંદરી બની ગઈ. પછી મંજુલ સુસ્વર કંઠવડે, "પિતાજી! પિતાજી!" કરતી તેમનાં ચરણારવિંદમાં જઈ પડી. તેને આશ્વાસનપૂર્વક અનેક આશીર્વાદ આપીને ગુરુદેવ બોલ્યા; "પુત્રિ! તારા અદ્દભુત પ્રેમ અને દૃઢ પાતિવ્રત્યને માટે તને અવશ્ય ધન્યવાદ જ છે. સીતા, દમયંતી, તારા, અરુન્ધતી ને અહલ્યાના જેવી જ તું પણ સતી છે! તારી વિચિત્ર કૃતિને માટે તો મોટું આશ્ચર્ય થાય છે, કે અબલા જાતિ છતાં તારા સ્વામીને અર્થે તેં અપાર કષ્ટ સહન કરીને, તેને મળવા માટે અસંખ્ય પ્રયત્ન કર્યાં છે. એ તારી શુદ્ધ-પવિત્ર નિષ્ઠાનું શ્રેષ્ઠ ફળ, તને કૃપાળુ પ્રભુએ આપ્યું છે. તારા સરખી પતિવ્રતાઓનાં જગતમાં દર્શન પણ દુર્લભ છે. પુત્રિ! પાતિવ્રત્યનું બળ તો સ્ત્રીઓને સર્વ કરતાં શ્રેષ્ઠ છે. પતિવ્રત એ સ્ત્રીઓનું મોક્ષસાધન છે. પોતે તો શું, પણ પોતાના સ્વામી સુદ્ધાંને પતિવ્રતાઓ પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી ઉત્તમ ગતિએ લઈ ગઈ છે ને જાય છે. ભક્તજનોને જેવી ભગવદ્દભક્તિ છે, તેવી જ પતિવ્રતાઓને પતિભક્તિ છે. તેં જે કંઈ કર્યું

છે, તે સર્વ લોકમાં અનુકરણીય છે. પતિની પૂર્ણ ભક્તિ કરનારી એવી તું, તેના ઉપર ભક્તોના પતિ એવા ભગવાન્ પ્રસન્ન થયા છે; ને તેણે તને તારા સ્વામી સહિત ભવદુ:ખથી સદાને માટે મુક્ત કરી છે. પ્રિય-પુત્ર સુવિચારશર્મા! ભગવત્કૃપાથી મેં પૂર્વે જ જાણ્યું હતું કે, તારી સ્ત્રીનો તું સદાને માટે ત્યાગ કરવાનો હતો. પણ હવે તું સમજ્યો હોઇશ કે, પતિવ્રતાઓના ચૂડામણિરૂપ આવી ધર્મપત્નીનો મૂર્ખતાથી ત્યાગ કરનાર પુરુષ ઘોર નરકમાંથી કોઈ કાળે પણ ઊંચો આવી શકે નહિ! માટે પુત્ર! તમારું આ પવિત્ર જોડું અખંડિત રહો, ને તમે પુણ્યરૂપ ગૃહ-સ્થાશ્રમનાં શ્રેષ્ઠ સુખ ભોગવી, ધર્મે વર્તી, નિષ્કામ, અકામ, વાસના રહિત શુદ્ધ બની, પરમપદને પામો!”

ગુરુવર્યનાં એ વાક્યો સાંભળી, સુવિચાર હાથ જોડીને બોલ્યો; “કૃપાનાથ! આપને શરણે આવીને હવે પાછું તુચ્છ એવા ગૃહસ્થા-શ્રમમાં જવું, એ તો અમૃતનો સમુદ્ર મળ્યા છતાં, વાડકી છાશ શોધવા જેવું, કિંવા સ્પર્શમણિ મળવા છતાં તેને ત્યાગી કાચનો મણકો લેવા જવા જેવું છે. ભગવન્! કૃપા કરી, હવે તો આપનાં પવિત્ર ચરણમાંથી અમને તરછોડશો મા. આપ આ સ્ત્રીના વિયોગપરિહાર માટે અમને ગૃહસ્થાશ્રમની આજ્ઞા કરતા હશો, પરંતુ તેને પણ આપના કૃપાપ્રસા-દવડે, હવે સંસારસુખની કિંચિત્ માત્ર પણ કામના રહી નથી. આપનું શરણ અને આ સ્થાન છોડીને જવું, એ તો તેને પણ હવે ઇંદ્રપદનો ત્યાગ કરીને, ઉકરડા ભણી જવા સરખું જ થઈ પડ્યું છે.” એટલામાં હાથ જોડીને પ્રકટપ્રજ્ઞાએ પણ એવી જ પ્રાર્થના કરી; “ભગવન્! આપ તો અંતર્યામી છો, એટલે આપને કશું કહી બતાવવાની આવશ્યકતા નથી; છતાં અમને નહિ રુચતી એવી અહીંથી જવાની આજ્ઞા કરો છો, માટે પ્રણામપૂર્વક વિદિત કરવું પડે છે કે, હવે અમને—આપનાં શરણાગત બાળકોને અહીંથી તરછોડશો નહિ. અમે હવે સંસારસુખથી સર્વથા ભયભીત થયાં છિયે. મારામાં પૂર્વે જે કંઈ પ્રાકૃતભાવ, મારા ઓછા પુણ્યને લીધે હતો, તે સારી પેઠે કસાવાથી ને આપનાં પવિત્ર દર્શનથી સમૂળો નષ્ટ થઈ ગયો છે. હવે અહીં રહીને અમને જન્મપર્યંત આપનાં, ભવસાગરતરણરૂપ પવિત્ર ચરણારવિંદની અખણ્ડ સેવા જ કરવા ઘો.”

બંને પતિપત્નીનાં આવાં શુદ્ધ અંતઃકરણ, શુદ્ધ ગુરુભક્તિ અને સંસારપર થયેલો શુદ્ધ વૈરાગ્ય જોઇને, તે કૃપાળુ મહાત્મા બહુ પ્રસન્ન થઇને બોલ્યા, "મારાં પ્રિય સંતાનો! સંસારમાંથી કેવળ વિરક્ત થઇને, અસંગ રહેવાની ઇચ્છાથી હું અહીં, આ એકાંતસ્થાનમાં આવી રહેલો છું; ત્યાં પણ તમારો પ્રેમી જોડાનો સંગ મને વીંટી વળ્યો છે. છતાં જે સંગ પવિત્ર પ્રેમમય હોવાથી, મને ખેદ થવા જેવો, અથવા મારા મોક્ષમાર્ગનો રોધ કરવા જેવો નથી, અર્થાત્ તમે ગૃહસ્થાશ્રમ ન કરતાં અહીં રહો, તો તમને કિંવા મને કોઈ વાતે હાનિ નથી; તોપણ આગ્રહપૂર્વક તમને સંસારમાં જઇને ગૃહસ્થાશ્રમ કરવાની આજ્ઞા હું કરું છું, તેનો હેતુ એ છે કે, ગૃહસ્થાશ્રમ ત્રણે આશ્રમોનું રક્ષણ કરે છે. અન્નદાન અને જ્ઞાનદાનનો આધાર ગૃહસ્થના ઉપર છે. એટલાજ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે, ज्येष्ठाश्रमो गृही। ગૃહસ્થાશ્રમ સૌ કરતાં શ્રેષ્ઠ છે. પ્રત્યેક પ્રાણીએ પોતાથી બનતો કંઇક પણ પરોપકાર કરવો જોઇએ. પરોપકાર સરખું બીજું કંઈ પરમાત્માને પ્રિય નથી. સઘળા પરોપકારોમાં પ્રાણીનું જીવિત બચાવવું અર્થાત્ તેનો નાશ ન થવા દેવો, એ ઉપકાર બહુ મોટો છે. વળી દેહનો નાશ થવાથી કંઈ પ્રાણી નાશ પામતો નથી, ને આત્માનો તો નાશ કોઇથી થઈ શકતો નથી, તો પછી તેને શો બચાવવો હતો? પણ એમ નથી. આત્મા સત્કર્મ કરી, ભક્તિપ્રપૂરિત અને જ્ઞાની થવાથી, પોતામાં ને પરબ્રહ્મમાં ભેદ નથી એમ સમજી તથા અનુભવીને, ઉર્ધ્વગતિ—મોક્ષ—પામે છે. તેનું નામ જ ખરું જીવવું તથા અમર થવું છે. કુકર્મ કરી ઉત્તરોત્તર અધોગતિએ—નરકે જઈ પડવું, કે જ્યાંથી ફરી ઉદ્ધાર થવા વેળા જ ન આવે, તેનું નામ નાશ છે. જ્ઞાનદ્વારા તેવા નાશથી પ્રાણીને બચાવવો, તે સૌથી મોટામાં મોટો પરોપકાર છે. અનધિકારી આસુરી પ્રાણી તો પોતાની મેળે જ નાશ પામે છે; તેમાંથી તેને બચાવવા જનારો પણ છેવટે થાકીને નિષ્ફળ થાય છે. પરંતુ દૈવી અધિકારી જીવને ઊર્ધ્વગતિએ જવાના સન્માર્ગો બતાવીને નાશ પામતો અટકાવી શકાય છે. એવા પરોપકારથી પૂર્ણ પરમાત્મા બહુ પ્રસન્ન થાય છે. એ માટે પૂર્વે તેમણે સ્વતઃ શ્રીમુખથી કહેલું છે કે—'મારા જ્ઞાનરૂપ પરમ ગુહ્ય તત્ત્વને જે મનુષ્ય જાણીને, મારે વિષે પ્રીતિવાળા અધિકારી મનુષ્યોને જણાવે છે, તે મારી પરા ભક્તિ પામીને, નિશ્ચય મારે વિષે જ આવી મળે છે અને તેવા પરોપકારી મનુષ્ય કરતાં આ

લોકમાં મારું પ્રિય કરનાર બીજો કોઈ નથી; તેમ જ તેના કરતાં અધિક પ્રિય મને બીજું કોઈ થનાર પણ નથી.'*

"પ્રિય વત્સો! તમને મેં આપેલું જ્ઞાન, તે માત્ર તમારા એકલાંના કલ્યાણાર્થે જ નહિ, પણ જગતમાંના સર્વ અધિકારી જીવોના કલ્યાણાર્થે છે. તેથી ગૃહસ્થાશ્રમનિમિત્તે સંસારમાં જઈને તમારે તે જ્ઞાનનો સર્વત્ર પ્રકાશ કરવાનો છે. સંસારમાં રહેવા છતાં આત્મકલ્યાણ કેમ થઈ શકે છે, ને તે માટે પ્રત્યેક મનુષ્યે કેવો પુરુષાર્થ વા કેવું આચરણ આચરવું જોઈએ, તે સઘળું તમારે કરી દેખાડવાનું છે. માત્ર જ્ઞાનનો વા સદાચરણનો ઉપદેશ જ કરવાથી મનુષ્યો જ્ઞાની કે સદાચરણી થતા નથી, પણ તે પ્રમાણે યથાર્થ આચરણ કરી દેખાડવાથી, જીવ સન્માર્ગી થઈ જાય છે. એ માટે તે પરમાત્માએ, પૂર્વે પોતાના એક પ્રિયતમ સેવક પ્રત્યે કહેલું પણ છે કે, 'હે તાત, તું જો કે કેવળ નિરાશ અને નિષ્કર્મ થયેલો છે, છતાં લોકોને સારે માર્ગે વાળવા માટે પણ તારે સત્કર્મ કરવાં જોઈએ: "लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि ।" માટે જ હું તમને મુક્તિના દ્વાર પાસે જઈ ઉભેલાં છતાં; પાછાં સંસારમાં ગૃહસ્થાશ્રમ ભોગવવાને મોકલું છું; એમ કરવામાં અસંખ્ય મનુષ્યોનું કલ્યાણ સમાયલું છે. તમે જાઓ, સુખી થાઓ, ફૂલો, ફળો, ને વૃદ્ધિ પામો. સમર્થ પ્રભુ તમને પોતાની સમીપમાં જ બોલાવી લ્યો! ચિંતા નહિ કરો! તમારી અવર્ણ્ય ગુરુભક્તિને લીધે જ્યારે જ્યારે તમને મારાં દર્શનની ઇચ્છા થાય, ત્યારે ત્યારે મહાત્મા સર્વાર્થ પૂર્ણની આપેલી આ અદ્દભુત ગુટિકાના પ્રભાવથી તમે અહીં આવી શકશો."

એમ કહી તેમણે તે ગુટિકા તથા એક દિવ્ય મણિ આપીને સુવિચારને કહ્યું; "પુત્ર! આ તારો પેલો શિવજીએ આપેલો સ્પર્શમણિ છે; તે પણ તું તારી સાથે લઈ જા! એવડે તમે અનેક સત્કર્મો અને પરોપકારો કરી શકશો; ગૃહસ્થાશ્રમમાં એ તમને બહુ સહાયભૂત થશે. ચૈતન્યરૂપ સ્પર્શમણિ, કે જે તમારી ચિદ્દગુહામાં ગુપ્ત હતો, તે તો પૂર્વે જ તમને સ્પષ્ટપણે દેખાડી આપ્યો છે; તેનાં સ્પર્શન ઘર્ષણાદિકની રીતિ પણ આજ પર્યંતમાં અનેક પ્રકારથી મેં તમને બતાવી

---

* य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति । भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥ न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः । भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥ गीता.

છે; માટે તેવડે પણ તમે સંસારમાંનાં અનેક પ્રાણીઓનાં કટાઈ ગયેલાં લોહરૂપ અંતઃકરણોને ઘસી ઘસીને સુવર્ણમય કરી શકશો. તમારે સંસારથી ડરવાનું નથી. જે જે વસ્તુનો તમને સંસારમાં ભય હતો, તે તે ભયને દૂર કરી, સૌ વાતે નિર્ભય રહેવાનાં સાધનો તમને પ્રાપ્ત થયાં છે. સંસારમાં સૌથી મોટો ભય માયાનો છે. તે ગમે તેને ગમે તેમ કરીને પણ ભોળવી, પોતાના ફાંસામાં ફસાવી દે છે: તેના આગળ કોઇનું પણ બળ ચાલતું નથી. તથાપિ તે સ્વતંત્ર નથી. તે આપણા કૃપાળુ પ્રભુની દાસી છે, એટલે તે પ્રભુને શરણે પડેલાઓને તે કશો ઉપદ્રવ કરી શકતી નથી. પરમ પ્રભુએ પોતે પૂર્વે શ્રીમુખથી પોતાના એક પ્રિયતમ સેવક પ્રત્યે કહેલું છે કે, 'જેઓ મારે શરણે રહે છે, તેઓ મારી એ પ્રબળ માયાને તરી જાય છે.' **मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते।** માટે તમે કે જે આપણા મહારાજ સર્વ સમર્થ માયાપતિને શરણે છો, તેમને તે, કશી પીડા કરી શકવાની નથી. પ્રિયપુત્ર સુવિચાર! જેવું તને મહાત્મા સર્વાર્થપૂર્ણવાળી ગુટિકાનું સાધન મળ્યું છે, તેવું જ કિંવા તેના કરતાં પણ અધિક ચમત્કૃતિવાળું એક બીજું અદ્ભુત સાધન મેં તને આપેલું છે. તે આ તારી પાસેનું, પેલા અરણ્યમાં તારાપર ઓઢાડવામાં આવેલું વ્યાઘ્રાંબર છે. એને પણ તમે ભલે સાથે લઈ જાઓ."

એટલું કહીને ક્ષણવાર શાંત થઈ પાછા ગુરુવર્ય બોલ્યા, "પ્રિય વત્સો! ચાલો, તત્પર થઈ જાઓ; હું તમને અહીંથી શીઘ્ર ભૂમિપર ઉતરી જવાનો એક ગુપ્ત માર્ગ દેખાડું!" એ સાંભળી ગદ્‌ગદ્ થઈ ગયેલાં તે બંને પતિપત્નીનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી, તેઓ જડ જેવાં, મુંગા જેવાં, પ્રેમથી બંધાયલા મૂઢ જેવાં થઈ ગયાં. ક્ષણ પછી હાથ જોડી નમી રહેલાં તેઓ ઘણીકવાર સૂધી કશું બોલી શક્યાં નહિ. ગુરુવર્યે જાણી લીધું કે, મારો વિયોગ એ તેઓને દુઃખરૂપ છે, તેઓનાં અંતઃકરણ શુદ્ધ છે, જેથી મારો વિયોગ તેઓ સહન કરી શકતાં નથી. ચાલ તેમને સમજાવું. આમ મન સાથે વિચારીને તેઓને સમજાવતાં કહ્યું કે, "તમારા હૃદયમાંના અપાર પ્રેમને લીધે તમે ગમે ત્યાં ગયાં હશો, છતાં મારાથી દૂર નથી જ, હું સદા તમારી પાસે, ને તમે સદા મારી પાસે જ છો. દૂરતા તો માત્ર અજ્ઞાનીઓમાં છે. આપણે તો ચિન્મણિ એવા સમર્થ માયાપતિના ચરણમાં છીએ, ને માયાપતિ સર્વત્ર વ્યાપક છે, તો આપણે પણ સર્વત્ર તેનાં ચરણમાં જ છીએ. પછી આપણો

સંયોગ ક્યાં? જ્યાં ભેદ હોય, દ્વૈત હોય, હું ને મારું, તું ને તારું હોય, ત્યાં વિયોગ છે; પણ જ્યાં અભેદાત્મા અનુભવાય છે, સમાન વૃત્તિનો યોગ સેવાય છે, હું એ નથી ને તું એ નથી, અદ્વૈત જ છે, ત્યાં વિયોગ જ નથી. સર્વત્ર અનુસંધાન છે. આમ તમે બંનો જાણો છો, તેથી ખેદ ન ધરતાં, સુખેથી ઘેર જાઓ." એ સાંભળી સુવિચાર કંઈક કહેવા જતો હતો, એટલામાં તેના મનનો ભાવ જાણી લઈ પાછા ગુરુ બોલ્યા; "પુત્ર! હું સમજ્યો કે, તું મને તારી પાસેથી ગુરુદક્ષિણા માગી લેવાનું કહેવા ઇચ્છે છે. પણ બાપ! હું તો આટલી જ દક્ષિણા ઇચ્છું છું કે, મેં તમને પરમાત્મતત્ત્વ સંબંધી જે અણમોલ ચંદ્રકાન્તમણિ આપ્યો છે, તેનો સંસારમાં સર્વત્ર પ્રકાશ અને પ્રચાર કરવા માટે અહર્નિશ, તન-મન-ધન-બળથી તમારે પ્રયત્ન કર્યા કરવો. હું એનાથી જ સદા સુપ્રસન્ન રહીશ." એમ કહી હાથ ઝાલીને તેમણે બન્નેને ઉભાં કર્યાં ને હૃદય સાથે ચાંપી મસ્તક સુંઘી અનેક આશીર્વચનો કહીને, પોતાની સાથે લઈ ચાલ્યા. આશ્રમરક્ષક સિંહ પણ ઉદાસ મુખે તેઓની સાથે સાથે ચાલ્યો. આશ્રમથી થોડેક દૂર આવ્યા પછી, કદી નહિ જોયેલો સુંદર માર્ગ તેઓને દેખાડીને ગુરુદેવ બોલ્યા; "પ્રિયવત્સો! આ માર્ગેથી સુખરૂપ તમે તમારે આશ્રમસ્થાને જઈ પહોંચશો; જાઓ! પ્રભુનું સ્મરણ કરતાં નિશ્ચિંતપણે ચાલ્યાં જાઓ."

અપાર પ્રેમથી તેમનાં ચરણારવિંદમાં પ્રણામ કરી બંનો શિષ્યો પાદારવિંદમાં પડ્યાં; પ્રેમાશ્રુથી બંને ચરણ પલાળી દઈ અચેત સરખાં થઈ ગયાં. પુનઃ ગુરુવર્યે બહુ આશ્વાસન આપી તેમને હૃદય સરસાં ચાંપ્યાં; પછી શુભાશીષપૂર્વક માર્ગસ્થ કરીને પાછા વળ્યા. તેમને અને બંધુ સમાન થઈ રહેલા પેલા સિંહને પણ, નમન કરીને તે પતિપત્ની મન્દ મન્દ પગે ચાલી નિકળ્યાં. થોડા જ સમયમાં વિના પરિશ્રમે હિમગિરિપરથી નીચે ઉતરીને, પોતાના ગ્રામ પ્રત્યે જઈ પહોંચ્યાં. ત્યાં તે દંપતીને ઘણે સમયે ઘેર આવેલાં જોઈ, ગ્રામવાસીઓ બહુ આનંદ પામ્યાં; અને તેમને મળેલા ગુરુપ્રસાદનો બહુ પ્રેમથી લાભ લેવા માંડ્યો. ગૃહસ્થાશ્રમ ચાલુ કર્યા પછી તેઓએ ઘણાક દુઃખી જનોનાં દુઃખ અને અજ્ઞાનીઓનાં અજ્ઞાન દૂર કર્યાં. સુવિચારે સર્વત્ર સુવિચાર-સારાસાર વિચાર વિસ્તારી દીધો, પ્રકટપ્રજ્ઞાએ સઘળે પ્રજ્ઞા-તત્ત્વપ્રજ્ઞાને પ્રકટ કરી દીધી. અહર્નિશ તેઓ ગુરુમહારાજનું સ્મરણ કરતાં, તથા વિરહ વ્યાપતો

ત્યારે તેમનાં દર્શન કરવાને જતાં હતાં. એ પ્રમાણે તેમનું પુણ્યરૂપ જીવન પૂરું થયું, ત્યાં સૂધીમાં તેઓ અસંખ્ય આત્માનો ઉદ્ધાર કરીને પરિણામે પરમ પદારૂઢ થઈ ગયાં. પોતાની પછવાડે પોતાના જ સદૃશ ગુણવાળો એક પુત્ર તેઓ મૂકતાં ગયાં. તેણે પણ પોતાના 'નિજબોધ' નામ પ્રમાણે સર્વત્ર આત્મતત્ત્વનોજ પ્રકાશ કર્યો છે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥
समत्वं योग उच्यते ॥

શ્રદ્ધાવાન્, તત્પર અને ઇંદ્રિયોને સંયમ કરનાર જ્ઞાન પામે છે; જ્ઞાન પામતાંજ થોડા સમયમાં પરા શાંતિ કહેતાં મોક્ષ પ્રાપ્ત કરે છે. સમાનવૃત્તિનેજ યોગ કહેવામાં આવે છે.

इति श्रीनंदनंदनपादारविंदमिलिंदेन देशाईकुलोत्पन्नेन सूर्यरामसुतेन इच्छारामेण विरचिते चंद्रकान्ते पणकुटीरस्ये नाम्नि चतुर्थप्रवाहे गुरुणा शिष्यस्य स्ववर्णाश्रमधर्मे योजनं नाम प्रथमः खंडः ॥

# तत्त्वानुसंधान

# तत्त्वमंगलम्

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोऽस्म्यहम् ॥

અર્થ–સામાન્ય રીતે જાણી શકાય નહિ તેવા, પરન્તુ વેદાંતના સર્વ સિદ્ધાંતોથી જાણવા યોગ્ય, વેદવાણીનું રક્ષણ કરનારા, પરમ આનન્દમૂર્તિ એવા સદ્ગુરુને હું પ્રણામ કરું છું.

श्रुतिमपरे स्मृतिमपरे भारतमपरे भजन्तु भवभीताः ।
अहमिह नन्दं वंदे यस्यालिन्दे परं ब्रह्म ॥

અર્થ–સંસારથી ભય પામેલા કેટલાએક વેદને, કેટલાએક ધર્મશાસ્ત્રને અને કેટલાએક ભારતને ભલે ભજે (શ્રવણ કરે), પરન્તુ હું તો એક નન્દરાયને નમું છું, કે જેના ઓટલાપર પરબ્રહ્મ બિરાજે છે.

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥

અર્થ–તમે ચરાચર લોકના પિતા છો, તમે તેના પૂજ્ય છો, મહાગુરુ છો, ત્રણે લોકમાં તમારા સમાન જ કોઈ નથી, તો પછી હે અપ્રતિમ પ્રભાવ ! તમારાથી અધિક અન્ય તો હોય જ ક્યાંથી ?

आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-
रर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः ॥
कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत्प्रियाभिः प्रणीतं
ब्रह्मण्यासक्तचेता भवत भवभयाम्भोधिपारं तरीतुम् ॥

અર્થ-આયુષ્ય પાણીના મોઝાના જેવું ચંચળ છે, યૌવનશોભા પણ કેટલાએક દિવસ સુધી રહેનારી છે, અર્થો (ધનો) પણ સંકલ્પના જેવા છે, વૈભવોના સમૂહો પણ વર્ષાઋતુની વિજળીના ચમકારા જેવા ક્ષણિક છે અને સ્ત્રીઓથી કરાતું કાણ્ઠાલિંગન પણ લાંબો વખત સુધી રહેવાનું નથી, માટે હે મનુષ્યો! તમે ભયંકર ભવસાગર તરવા માટે પરબ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા થાઓ.

अद्यैव हसितं गीतं पठितं यैः शरीरिभिः ।
अद्यैव ते न दृश्यन्ते कष्टं कालस्य चेष्टितम् ॥

અર્થ-આપણે આજે જ જે દેહધારીઓની સાથે હસીએ છીએ, ગીતો ગાઇએ છીએ અને વાતચિત કરીએ છીએ, તેઓ આજે જ મરણ પામે છે. ખરેખર કાળનું ચરિત્ર દુઃખદાયક છે.

हितमिदमुपदेशमाद्रियन्तां विहितनिरस्तसमस्तचित्तदोषाः ।
भवसुखविरताः प्रशांतचित्ताः श्रुतिरसिका यतयो मुमुक्षवो ये ॥

અર્થ-જેમણે શાસ્ત્રોક્ત કર્મથી ચિત્તના સઘળા દોષો ટાળ્યા હોય, સંસાર-સુખમાં વિરાગવૃત્તિવાળા હોય, પ્રશાન્તચિત્ત હોય, શ્રુતિ ઉપર પ્રેમવાળા હોય, મુમુક્ષુ હોય, અને ઇન્દ્રિયોનું સંયમન કરવાવાળા હોય, તેઓ, આ હિતકારી ઉપદેશપર પ્રેમ ધરો.

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

અર્થ–જે પરમેશ્વરથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે; જે પરમેશ્વર ઘડામાં કારણરૂપે જેમ માટી વ્યાપી રહેલી છે અને કડાં, કુણ્ડળ વગેરેમાં કારણરૂપે જેમ સુવર્ણ વ્યાપી રહેલું છે તેમ, કાર્યરૂપ આ પ્રપંચમાં કારણરૂપે વ્યાપી રહેલા છે; જે મિથ્યા કાર્યથી જૂદા છે; જે પરમેશ્વર જ્ઞાનરૂપે અને સ્વયંપ્રકાશ છે તથા મોટમોટા પણ્ડિતો પણ જે વેદનું રહસ્ય જાણવાને મુંઝાય છે, તેવા વેદનો પરમાત્મા, આદિ કવિ એવા બ્રહ્માના મનમાં અંતર્યામીપણાથી વિસ્તાર કરે છે; વળી સૂર્યનાં કિરણોથી જેમ ઝાંઝવાનાં જળની ભ્રાન્તિ થાય છે તે મિથ્યા છતાં સૂર્યનાં કિરણોની સત્તાથી સત્ય ભાસે છે; સ્થિર પાણીમાં ભ્રાંતિથી જેમ આ કાચ છે, આવું ભાન થાય છે, તે મિથ્યા છતાં પાણીની સત્તાથી સત્ય ભાસે છે; અને કાચમાં જેમ ભ્રાન્તિથી આ પાણી છે, એવું ભાન થાય છે, તે મિથ્યા છતાં કાચની સત્તાથી સત્ય ભાસે છે; તેમ અધિષ્ઠાનરૂપ જે પરમાત્મામાં તમોગુણના કાર્યરૂપ પંચમહાભૂતની સૃષ્ટિ, રજોગુણના કાર્યરૂપ ઇન્દ્રિયોની સૃષ્ટિ અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ પણ કલ્પિત અને અસત્ય છે—તથાપિ, પરમાત્માની સત્તાથી સત્ય હોય તેવી ભાસે છે; વળી જે પરમાત્માએ પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી માયાનો નાશ કર્યો છે, જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં વિદ્યમાન છે, એવા સર્વશ્રેષ્ઠ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.

# तत्त्वानुसंधान

## पीठिका

संसारदावपावकसंतप्तः सकलसाधनोपेतः ।
स्वात्मनिरूपणनिपुणैर्वाक्यैः शिष्यः प्रबोध्यते गुरुणा ॥

અર્થ-સંસારરૂપી દાવાનલથી સંતપ્ત, સર્વ સાધનો સહિત અધિકારી શિષ્યને બ્રહ્મનિષ્ઠ શ્રીસદ્ગુરુવડે, આત્મ નિરૂપણવિષે શ્રેષ્ઠ વાક્યોવડે અર્થાત્ જીવ બ્રહ્મની એકતાને પ્રતિપાદન કરનારાં ઉપનિષદ્વચનોથી ઉપદેશ કરાય છે.

પ્રિય વાચક! અહીં આગળ હવે એ દંપતીનો પાવન ઇતિહાસ પૂરો થાય છે. એમના ચરિત્રપરથી તેં ઘણું ઘણું જાણ્યું છે; તથાપિ ગુરુવર્ય પાસેથી એમને જે અણમોલ મણિ–પેલો સ્પર્શમાત્રથી સુવર્ણ કરી દેનારો સ્પર્શમણિ–ચન્દ્રકાન્તમણિ–પ્રાપ્ત થયો હતો, તેનો ચમત્કાર તો તારે હજુ જોવો બાકી જ છે. એ ચૈતન્યરૂપ ચન્દ્રકાન્તમણિ બતાવીને, તેના ગુણનું વર્ણન કરવા સાથે, તેનો કેમ અને કેવી રીતે ઉપયોગ કરવો, એ સઘળું ગુરુમહારાજે તેઓને બતાવ્યું હતું. તેનો સ્પર્શ તથા ઘર્ષણ થવાથી તે જેવી રીતે સામેના પદાર્થને સુવર્ણરૂપ કરી દે છે, એ સૌ વાતનો પૂર્ણ અનુભવ પણ કરાવ્યો હતો. તેના વારંવારના સ્પર્શથી જ તેઓ સુવર્ણરૂપ તો શું, પણ સ્પર્શમણિરૂપ થઈ ગયાં હતાં. વાચક! ચાલ, સાવધ થાઃ આપણે પણ તે સમર્થ અને ઉદાર ગુરુવર્યનું સ્મરણ કરીએ; ને તેઓએ આપ સર્વના કલ્યાણાર્થે પ્રકટ કરેલો તે ચૈતન્ય ચિંતામણિ, કે જે આપણી ચિદ્ગુહામાં જ અતિ એકાંતે વિરાજેલો છે, તેનો લાભ લઇએ. એ કૃપાળુ ગુરુવર્યે પોતાના તે બંને શિષ્યોને જે જે પ્રસંગે, જેમ અને જેટલીવાર, તે મણિનું સ્પર્શ–ઘર્ષણાદિ કરી બતાવ્યું છે, તે જ પ્રમાણે હું પણ તને કહેતો જઇશ. પ્રથમ તો આપણે

તે ચિન્મણિરૂપ સર્વ સમર્થ સર્વેશ્વર એવા માયાપતિનો બહુ પ્રેમથી જય બોલીએ. બોલો જય જય જય!!!

હિમગિરિની એકાન્ત ગુહામાં બિરાજેલા મહાત્માની સમીપમાં ચાલો. આરંભમાં શ્રીમાન્ પ્રભુ માયાપતિનાં મંગલમય ચરણારવિન્દનું સ્મરણ–વંદન કરી, યથાર્થ અધિકારી એવા પોતાના બંને શિષ્યોને, સાવધાન કરતા તે સમર્થ યોગીશ્વર બોલ્યા; "વત્સો! તમારાં હૃદયરૂપ અંતર્ગુહામાં તમે જે ચૈતન્યરૂપ મહામણિનાં દર્શન કર્યાં, તે, પ્રાણીને પ્રત્યક્ષ પ્રાપ્ત થઈ શકે, ને પુનઃ કદી ખોવાઈ જાય નહિ, તેના ઉપાયો તમે સાંભળો." એમ કહીને પછી તેમણે તે બંનેમાં મુખ્ય એવા દ્વિજપુત્ર સુવિચારશર્માને સંબોધીને સઘળું કહેવા માંડ્યું. તે બોલ્યા; "પ્રિય પુત્ર સુવિચાર! આપણે જે વસ્તુને પ્રાપ્ત કરવા ઇચ્છા રાખીએ, તેને પ્રથમ તો સારી પેઠે જાણવી જોઇએ, કે તે વસ્તુ આવી, આવડી અને આવા ગુણવાળી છે. ત્યારપછી તેને યથાર્થપણે ઓળખવી જોઇએ, કે અમુક અમુક પ્રકારની આપણે સાંભળી હતી, તે વસ્તુ તે આ; અને તેમ નિશ્ચયપૂર્વક ઓળખ્યા પછી જ તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરાય તો તે સફળ થાય. તેજ પ્રમાણે પરમ ચૈતન્ય મણિરૂપ સર્વેશ્વર સર્વાન્તર્યામી ભગવાનની પ્રાપ્તિ પણ, અનુક્રમે તેવા પ્રકારોથી પ્રયત્ન કરવામાં આવે તો જ થાય છે. ભગવાન્ કોણ, કેવા, કેવડા, ક્યાં છે, જગતમાં છે કે બીજે છે એ યથાર્થ જાણવું, અને તે પ્રમાણે જાણી લઈને પછી તે જ્યાં જ્યાં ને જેવા જેવા હોય, ત્યાં ત્યાંથી તેમને યથાર્થ રીતે ઓળખવા, કે આ જ ભગવાન્ પરમાત્મા–પ્રભુ–પરબ્રહ્મ–સચ્ચિદાનન્દ–છે. એમ ઓળખ્યા પછી જ તેમને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સફળ થાય છે. જગતમાં અવતરીને મનુષ્ય પ્રાણીનું જીવનસાફલ્ય માત્ર એ ભગવાનની પ્રાપ્તિ કરવામાં જ છે. તેટલા માટે જ સઘળાં શાસ્ત્રો તથા વિદ્યાઓનું પ્રાકટ્ય છે; અર્થાત્ તેની પ્રાપ્તિ કેમ કરી શકાય, તે માટે જ સર્વ શાસ્ત્રોનો યત્ન છે, ને તે શાસ્ત્રો, ઉપર જણાવેલા ત્રણ પ્રકારોમાં વહેંચાયલાં છે. કેટલાંક ભગવાન્ કેવા છે ઇત્યાદિ જણાવવામાં–તેમના ગુણ પ્રકટ કરવામાં; કેટલાંક તેમને યથાર્થ રીતે ઓળખાવવામાં અને કેટલાંક, તેને પ્રાપ્ત કરાવી આપવામાં સાધનભૂત છે. હું પણ તને તેવા જ અનુક્રમે ભગવત્સંબંધી તત્ત્વ કહું છું, તે ચિત્ત દઈ તું સાંભળ.



# પ્રથમ બિન્દુ—હું કોણ?

महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥
नोत्पद्यते विना ज्ञानं विचारेणान्यसाधनैः ।
यथा पदार्थज्ञानं हि प्रकाशेन विना क्वचित् ॥

મહાપુણ્યરૂપી ધનના બદલામાં તેં કાયારૂપી નાવ, દુઃખરૂપી સંસાર તરવા માટે ખરીધું છે. તે ભાંગી ન જાય ત્યાં સુધીમાં તરી લે. વિચાર વિના અન્ય કોઈ સાધનોથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી; પ્રકાશ વિના કદી પણ પદાર્થજ્ઞાન થતું નથી.

## ભગવદ્દનું વૈચિત્ર્ય

કૃપાળુ ગુરુવર્ય બોલ્યા, "વત્સ સુવિચાર! પૂર્વે કોઇએક નગરનો રાજા પોતાના કિશોરવયના પુત્રને સાથે લઈ નગરથી છેટે આવેલા આરામ-બાગને વિષે ફરવા ગયો હતો. ત્યાં અનેક જાતિનાં પુષ્પિત અને ફલિત વૃક્ષો, તેપર બેઠેલાં તથા મધુર શબ્દો કરી રહેલાં વિવિધ જાતિનાં પક્ષીઓ, બાગમાંનાં સુંદર અને સ્વચ્છ જળવાળાં નાનાં નાનાં સરોવરો, બહુ વિચિત્ર પ્રકારે રચેલા પુષ્પસ્તબકો તથા તેમાં સર્વત્ર ફરવા હરવા માટે કરેલા સુંદર માર્ગોને જોતાં જોતાં, તે પિતાપુત્ર, એક નવીન ક્યારા આગળ આવી પહોંચ્યા. તે ક્યારો જોતાં જ રાજપુત્ર બોલ્યો; "પિતાજી! આ શું આશ્ચર્ય કે, બે ત્રણ દિવસ ઉપર હું મારી માતા સાથે અહીં આવ્યો હતો, ત્યારે તો આ ક્યારામાં કંઈ જ નહોતું! સપાટ જમીન હતી! આજે તેમાં આ લાલ લાલ ફણગા ને આંકડિયો ક્યાંથી? એ કોણે બનાવી હશે?" રાજાએ કહ્યું; "તું જ કહે, એ કોણે બનાવી હશે?" રાજપુત્ર; "હું ધારું છું કે, તે આપણા માળીએ જ બનાવી હશે, નહિ વારુ? કેમકે તે દિવસે તે તેમાં કંઇક ખોદતો ને

દેખાવતો હતો." રાજા; "કુંવરજી! એમ નથી. એનો બનાવનાર તો બીજો જ છે. માળી તો બિચારો જમીન ખોદી જાણે, બી વાવી જાણે ને ઘણું તો પાણી પાઈ જાણે. એનાથી બીજું વધારે શું બને?" રાજપુત્ર; "ત્યારે આ સુંદર ફૂલગા કોણ બનાવી ગયું હશે?" રાજા; "એ બનાવનારને તો તું ઓળખી શકીશ નહિ. એ ફૂલગા તો શું, પણ આખી આ વાડી, ને તેમાંનાં સઘળા વૃક્ષવેલા પણ તેણેજ બનાવ્યા છે." રાજપુત્ર; "આપણા દરબારમાંના પ્રધાનથી માંડીને સઘળા કામદારો ને નોકર ચાકરોને હું ઓળખું છું, તો પછી એને કેમ નહિ ઓળખું? શું તે આપણા દરબારમાં સઘળા કામદારોની પેઠે આપને સાંજ સવાર નમન કરવા આવતો નથી?" રાજા કિંચિત્ હસી, પુત્રપ્રતિ પુનઃ બોલ્યો; "પુત્ર! એ પુરુષોત્તમ આપણા દરબારમાં જ છે. પણ સાંજ સવાર બપોર, ઉલટો હું તેને નમી નમીને પ્રણામ કરું છું. એ આપણો નોકર નથી, ચાકર નથી, પ્રધાને નથી ને વજીરે નથી. પણ આપણે સૌ તેના નોકર ચાકર ને બાળબચ્ચાં છીએ." રાજપુત્ર; "એ શું આપણા દાદાજી છે? આપણા દાદાજી તો મરી ગયા છે." રાજા; "એ દાદાજી મરી ગયા, પણ આ દાદાજી તો કદી મરવાના નથી. તે અજર અમર વિશ્વવ્યાપી અનન્ત અપાર છે. આપણે સૌ મરી જવા છતાં પણ તે કદી પણ મરવાના નથી." પુત્ર આશ્ચર્ય પામીને બોલ્યો; "પિતાજી, ત્યારે શું તે આપણા દરબારમાં છે? ચાલો ત્યારે, મને દેખાડો." રાજા; "ભાઈ, હું તને કેમ કરીને દેખાડું? એને તો કોઈજ દેખતું નથી, કેમકે તે બહુ ગુપ્ત રહે છે." રાજપુત્ર; "ગમે તેમ હો, પણ તેઓ આ ફૂલગા બનાવવા માટે તો આવતા હશે કે નહિ? તેઓ અહીં કેઈ વેળાએ આવે છે? તે જ વેળાએ લાગ સાધીને હું તેમને જોઈશ." રાજા; "એ ક્યાંય આવતા પણ નથી, ને જતા પણ નથી. તે સઘળે છે, તેના વગર કોઈ પણ સ્થળ ખાલી નથી. તે સભરો છે—વિશ્વવ્યાપી છે! જોનારા તેને જોય છે; ન જોનારાને તે જણાતો નથી." રાજપુત્ર; "આપ જ કહો છો કે, એ આપણા દરબારમાં છે; ને ક્યાંય જતા કે આવતા નથી, ત્યારે અહીં આવ્યા વગર આ ફૂલગા તેમણે શી રીતે બનાવ્યા?" રાજા; "આ બાગમાં પણ તેઓ છે, એટલે તેમને આવવું જવું શાનું પડે?" રાજપુત્ર; "અહો! અહીં જ હોય તો મને ગમે તેમ કરીને હમણાં જ દેખાડો! ચાલો આપણે તેમની પાસે જઈએ." રાજા; "પણ

ભાઈ, શું તું ભૂલી ગયો? મેં તને પહેલાં જ કહ્યું છે કે, એ કોઈથી દેખાતા નથી?" રાજપુત્ર; "ત્યારે આપ કેમ કરીને તેને પ્રણામ કરો છો? શું આપને પણ તે દેખાતા નથી?" રાજા; "ના; આ બહારની આંખે તો મને પણ તે દેખાતા નથી. પણ આ હૃદયમાં રહેલી બીજી આંખવડે હું તેમને જોઈ શકું છું, ને પ્રેમથી તેમને પ્રણામ કરું છું." રાજપુત્ર; "શું આ હૈયામાં વળી બીજી આંખો છે? તે હૈયાની આંખો-વડે આપ બહાર શી રીતે જોઈ શકો છો?" રાજા; "બેટા, એ હૃદયની આંખોવડે બહારનું પણ જોઈ શકાય છે; પરંતુ આ ફુણગા ને બાગના બનાવનાર દાદાજીને તો મારે બહાર જોવા પડતા નથી; એ તો મને માંહે જ દેખાય છે." રાજપુત્ર; "કેવી આશ્ચર્યની વાત? ઘડીકમાં તમે કહો છો કે એ દરબારમાં છે, ઘડીકમાં કહો છો કે તે બાગમાં છે, ને અત્યારે કહો છો કે તે તમારા હૈયામાં જ દેખાય છે! બધે ઠેકાણે એ એક જ જણ કેવી રીતે હોઈ શકે? આપણે જ્યારે અહીં બાગમાં છીએ ત્યારે દરબારમાં ક્યાંથી હોઇએ? પિતાજી, એ તો આપ મને છેતરો છો, રમાડો છો!" રાજા; "બેટા, તેમ નથી. હું તને સત્ય કહું છું. એ મહાત્મા–પુરુષોત્તમ દરબારમાં પણ છે, બાગમાં પણ છે, મારામાં પણ છે, ને એથી વધીને કહું છું કે, તારામાં પણ છે." રાજપુત્ર; "શું મારા હૈયામાં પણ છે? ત્યારે હું તેમને કેમ જોઈ શકતો નથી? મને તો ખબર પણ નથી, કે કોઈ મારા હૈયામાં છે. ત્યારે આપની પેઠે મારા હૈયામાં બીજી આંખો કેમ નથી?" રાજા; "તારે પણ તેવી આંખો તો છે; પણ તે મીંચેલી છે; તે ઊઘડશે ત્યારે તું જોઈ શકીશ કે તારામાં પણ આપણા ને સર્વના દાદાજી બિરાજી રહ્યા છે!" રાજપુત્ર; "પિતાજી, આજે તો આપ મને કંઈ અવનવી વાત કહો છો. દાદાજી કોણ, ને તે વળી એક જ વેળાએ દરબારમાં, બાગમાં ને મારા તમારા સર્વમાં હોઈ શકે, એ તો મને કંઈ સમજાતું નથી. મને તે કૃપા કરીને કહેશો કે એવું તે કોણ છે?" રાજા; "પુત્ર, આપણે નિત્ય સ્નાન કરીને પ્રાતઃ-કાળે ને સાયંકાળે સંધ્યાવંદન કરી હાથ જોડીને જેની પ્રભુ, ભગવાન, ઈશ્વર, સવિતાદેવ, પરમેશ્વર, પરમાત્મા, બ્રહ્મ ઇત્યાદિ નામોથી પ્રાર્થના કરીએ છીએ; બંને વેળાએ અગ્નિકુંડમાં હોમ કરીને જેની પ્રાર્થના અને જેને પ્રણામ કરીએ છીએ, તે જ એ આપણા અને સૌના દાદાજી છે. એ કંઈ મનુષ્ય નથી, આપણા જેવા નથી. પરંતુ તે અવયવી અને નિર-

વયવી છે. ઘટઘટ વ્યાપી છે, સભરો વિસ્તર્યો છે. એમનું સત્ય સ્વરૂપ શું છે, એ તો કોઇના જાણવામાં નથી. પણ એ એવા છે કે, એક જ વેળાએ દરબારમાં, બાગમાં, મારામાં, તારામાં, ક્યારામાં ફણગામાં, છોડવામાં, ઝાડવામાં, પંખીમાં, સરોવરના જળમાં, તેમાંના કમળમાં, કમળના પરાગમાં, અને તે જ પ્રમાણે જે જે મનુષ્યો, પ્રાણીઓ ને બીજું કંઈ આપણે જોઇએ છીએ તે સઘળામાં, તે છે. બેટા! આ ફણગો તો તેં આજ નવો જોયો, તેથી તને આશ્ચર્ય સાથે પ્રશ્ન થયું કે, એ કોણે બનાવ્યો હશે. પણ જેને તું નિત્ય જુએ છે, એવો અનેક ઝાડ-બીડથી ભરેલો આ આખો બાગ, તું, હું, બીજા સૌ દેખાય છે તે, સઘળાં મનુષ્યો, સઘળાં પશુઓ, સઘળાં પક્ષીઓ, પેલા સામે દેખાય છે તે ડુંગરો, જેના અજવાળામાં આપણે સઘળું જોઈ શકીએ છીએ તે આ સૂર્યદેવ, રાત્રે દેખાય છે તે ચંદ્રમા તથા અસંખ્ય ચકચકતા તારાઓ, આપણે જેનાપર રહીને હરીએ ફરીએ છીએ તે આ પૃથ્વી, આપણને પીવા તથા સ્નાનાર્થે મળે છે તે જળ, કુંડમાં આપણે હોમ કરીએ છીએ તથા જેનાવડે અનાજ રાંધીએ છીએ તે અગ્નિ, આપણે જેનાવડે શ્વાસ લઇએ છીએ તથા જે વાઇને આપણા શરીરને અથ-ડાય છે તે વાયુ, આ ઉંચે તથા આસપાસ સઘળું ખુલ્લું પોકળ દેખાય છે તે આકાશ; એ સર્વે આ ફણગાના બનાવનારે જ રચેલાં છે. એટલા જ માટે એ સહુનો પિતા, પિતામહ એટલે દાદો, ને પ્રપિતામહ એટલે પરદાદો કહેવાય છે. વળી એ સર્વ વસ્તુને રચીને એનું પોષણ પણ એ પોતે જ કરે છે, માટે સહુની માતા પણ એ જ છે.'

એટલું કહીને ગુરુવર્ય બોલ્યા, "સુવિચાર! રાજાનું પોતાના પુત્ર પ્રત્યેનું એ કહેવું યથાર્થ છે–જો કે એણે ભાષા તો તે બાળક સમજી શકે તેવી જ વાપરી છે, તથાપિ તેમાંનો સિદ્ધાંત મોટા મુમુક્ષુ જનને પણ ઉપયોગી છે. પ્રભુએ પોતે પોતાના પ્રિયતમ સેવકપ્રત્યે કહેલું છે કે; **पिताहमस्य जगतो माता धाता पितामहः ॥** 'આ જગતનો પિતા, માતા, ધાતા કહેતાં પોષણ કરનાર, ને પિતામહ–દાદો પણ હું છું."

પિતાનાં વચન સાંભળી, પુનઃ તે રાજપુત્રે પૂછ્યું કે; 'પિતાજી, અહો! આ બધું એ નામાભિધાનવાળા પ્રભુએ એકલાએ જ ઉત્પન્ન કર્યું? આપણે સહુ એકેક કામ એકેક જણ કરી શકીએ છીએ; આપણા દરબા-રમાં પણ પ્રત્યેક નોકર ચાકરોને કરવાનું એકેક જ કામ નિયત હોય છે;

પણ આપે ગણાવ્યાં, તે સઘળાં કામ એકલા એક જ પરમેશ્વરે કર્યાં, એ તો મને બહુ આશ્ચર્યકારક લાગે છે. અહો! એ તેમણે કેવી રીતે કર્યાં હશે?" રાજાએ કહ્યું; "પુત્ર! કેવી રીતે કર્યાં, એ આપણે કહી શકીએ, તેમ જ જાણી શકીએ, એવું આપણું ગજું નથી. એ તેમની અદ્ભુત શક્તિ છે. પ્રથમ તો આપણે જ કેમ અને કેવી રીતે ઉત્પન્ન થયા છીએ, એની જ આપણને ખબર નથી, તો પછી બીજું તે શું જાણીએ? વળી આપણે કેમ વધીએ છીએ, ખાધેલું પીધેલું કેમ પચાવીએ છીએ, ને ભૂખ તરસ કેમ લાગે છે, એ પણ તેમની અદ્ભુત કૃતિનો ચમત્કાર છે. એ જ પ્રમાણે આ ફણગા દિનપ્રતિદિન મોટા થશે, તેમને પાંદડાં આવશે, ડાળાં આવશે, કળીઓ આવશે, ફૂલ ખીલશે ને પછી ફળ પણ આવશે-એ સઘળું કૃપાળુ પ્રભુની વિચિત્ર શક્તિથી જ બને છે. એ જ પ્રમાણે આખા જગતમાંનું જે જે આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ, તે તે સર્વ તે કૃપાળુ પ્રભુની વિચિત્ર શક્તિથી જ ઉત્પન્ન થાય છે, ને તેનાથી જ પોષણ પામે છે. એની પ્રત્યેક કૃતિ ઘણી જ વિચિત્રતા ભરેલી છે. આપણે જે જે પદાર્થોને નિત્ય પ્રતિ જોઇએ ને અનુભવીએ છીએ, તે માટે આપણને જો કે આશ્ચર્ય લાગતું નથી; તથાપિ તે સઘળામાં એટલું બધું આશ્ચર્ય ભરેલું છે, કે જે આપણે વર્ણવી શકીએ તેમ નથી. વધારે તો શું, પણ આપણા શરીરમાંનું એક રુંવાટું જોઇને જ આપણને આશ્ચર્યનો પાર રહે તેવું નથી. અહા! તે શું છે, શાનું છે, કેમ બન્યું છે, કેમ વધે છે, ને કેમ નષ્ટ થાય છે, એમાંનું કશું આપણે વાસ્તવિક રીતે કહી કે જાણી શકીશું નહિ; તો પછી બીજી વસ્તુનું શું જ પૂછવું? હે પુત્ર! એવો એ આપણો સમર્થ પિતા, કે જેના પ્રત્યેક ગુણો વિચિત્રતાથી જ પરિપૂર્ણ છે, તે સદા સર્વદા તારાપર પ્રસન્ન રહે, એ માટે તારે પ્રયત્ન કરવાનો છે; કેમકે આપણે સૌ એનામાં જ છીએ, એણે જ ઉત્પન્ન કરેલા છે, એનાવડે જ જીવીએ છીએ, એની પ્રસન્નતાથી જ સુખી રહીએ છીએ, ને એની પ્રસન્નતાથી જ સઘળે નિર્ભયતાથી વિચરી શકીએ છીએ."

પોતાના પિતાની પાસેથી આવું અદ્ભુત પરમાત્માનું ગુણવર્ણન સાંભળી, રાજપુત્ર બહુ આશ્ચર્ય પામીને બોલ્યો; "અહો પિતાજી, દાદાજી દાદાજી કહીને તમે જેમને વર્ણવ્યા, તે પ્રભુ શું સૌનામાં એકે સમયે રહેનારા, ને સૌને ઉત્પન્ન કરનારા છે? અહા! ત્યારે તે કેવા હશે,

કેવડા હશે, કે જેથી સૌનામાં રહી શકતા હશે? મને તો આપ હવે ગમે તેમ કરીને તેમનાં દર્શન કરાવો. એવા અદ્ભુત ને અપ્રતિમ સામર્થ્યવાળા પ્રભુને, તેઓ જ્યાં હોય ત્યાંથી હું કેવી રીતે ઓળખીને જોઈ શકું, તે મને કૃપા કરી કહો! એ માટે હવે તો મારા તનમાં એટલી બધી તાલાવેલી લાગી છે કે, એ કૃપાળુને હું ક્યારે જોઉં, ને એમનાં એ વિચિત્ર સ્વરૂપને પ્રત્યક્ષ ક્યારે અનુભવું! આપણા દરબારમાં જેમ કોઈ કોઈ વેળા આપ પ્રધાનજીની સાથે કંઈ વાત કરો છો, તે વેળા મને સમજણ ન પડી હોય તે વાત માટે હું કદાચ આપને પૂછું છું, ત્યારે આપ એમ કહો છો કે, 'ભાઈ, તું જ્યારે ભણીગણીને મોટો થઇશ, ત્યારે તને સઘળી સમજણ પડશે; અત્યારે તારે તે વાતનું કામ નથી.' પરંતુ આ વાત માટે મને એમ કહી ઉડાવશો નહિ. આપ જેમ કહેશો તેમ બરાબર ખંત રાખીને હું આપણા પ્રભુનાં દર્શન કરીશ."

રાજપુત્રનું આ રીતનું વચન સાંભળી, રાજા બહુ જ પ્રસન્ન થઇને બોલ્યો; "અહા! પ્યારા પુત્ર, ધન્ય છે તને, અને તારે લીધે મને પણ! જે પ્રાણીને પ્રભુનાં દર્શનની કિંચિત્ ઇચ્છા માત્ર જ થાય છે, તે મોટા દેવતાઓ કરતાં પણ ભાગ્યવાન્ તથા ઉત્તમોત્તમ લોકમાં જઈ વસવાનો અધિકારી બને છે. એવો પુણ્યાત્મા પ્રાણી જેને ત્યાં સંતતિરૂપે હોય, તેના ભાગ્યનું તો કહેવું જ શું? એવો પ્રાણી તો જે કુટુંબમાં હોય તે આખું કુટુંબ, અને જે ગ્રામમાં કે દેશમાં હોય તે ગ્રામ વા દેશ પણ મહાભાગ્યશાળી સમજવો. પુત્ર! તને ભગવદ્દર્શનની આવી ઉગ્ર કામના થઈ છે, એ જોઈ હું બહુ જ પ્રસન્ન છું. હવે તને તારા અધિકાર પ્રમાણે તે કૃપાળુનાં-અરે! તે કૃપાસાગરનાં-તે પ્રેમરૂપ-યજ્ઞપતિ સર્વાત્મા-સર્વેશ્વરનાં સરળ રીતિએ દર્શન થવાની યુક્તિ બતાવીશ." એ સાંભળી રાજપુત્ર બોલ્યો; "અહા, પિતાજી! એ પ્રભુને આપે કૃપાળુ કહીને, પુનઃ કૃપાસાગર કહ્યા, અને એ જ પ્રમાણે બીજાં પણ અનેક નામ કહ્યાં, તે કેવી રીતે?" રાજા; "પુત્ર! એ પ્રભુ કૃપાળુ છે; પણ તેટલેથી મને સંતોષ થયો નહિ, કેમકે તેની કૃપાનો પાર નથી; તેમ તેની કૃપા બીજા કોઇની સાથે સરખાવી શકાય તેવી પણ નથી; એટલે મેં તેમને કૃપાના સાગર કહ્યા. સાગર જેમ અપાર છે, તેમ તે કૃપાળુની કૃપા પણ અપાર છે. એમનો એ ગુણ અવર્ણનીય-અદ્વિતીય, સંભારતાં મારા મનમાં બહુ જ પ્રેમ ઉત્પન્ન થયો; તેથી તે કૃપાળુનાં મને

મારાં હૃદયચક્ષુવડે દર્શન પણ થયાં. તે આનંદના આવેશમાં મેં તેમને પ્રેમરૂપ કહ્યા. વળી આપણે જે પ્રભુને ઉદ્દેશી નિત્ય યજ્ઞસેવા—અગ્નિહોત્ર કરીએ છીએ, તે યજ્ઞના સ્વામી એ પોતે જ છે. એ ઉપરથી તેમને યજ્ઞપતિ, સર્વના આત્મા હોવાથી સર્વાત્મા, ને સર્વ ચરાચર જગતના ઈશ્વર—પ્રભુ હોવાથી સર્વેશ્વર કહીને મેં વર્ણવ્યા. ચાલ, સમય થઈ ગયો છે, તને ક્ષુધા પણ લાગી હશે, માટે બાકીની વાત હવે આપણે પછીથી કરીશું." એટલામાં સંજ્ઞા કરતાં જ સૂતે* અશ્વો જોડેલો રથ લાવીને તેમની આગળ ઉભો કર્યો; ત્યારે તુરત જ તે બન્ને જણ તેમાં બેસીને નગર પ્રત્યે ચાલ્યા ગયા.

## પ્રભુને ઓળખવાની કુંચી

બીજે દિવસે પાછો સ્નાનસંધ્યાદિ પ્રાતઃકર્મથી નિવૃત્ત થઈ રાજપુત્ર પોતાના પિતા પાસે ગયો. વિધિવત્ દંડવત્ પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યો કે; "પિતાજી, હવે મને કૃપા કરી આપ કાલે કહેતા હતા, તે પ્રમાણે કૃપાળુ પ્રભુનાં દર્શન કરાવો." રાજાએ થોડીકવાર વિચાર કરીને કહ્યું, "ઠીક; પણ બેટા, આજે પર્વ દિવસ હોવાથી તે કૃપાળુ પ્રભુનો આપણે આનંદોત્સવ કરવો જોઇએ; ને તે નિમિત્તે આપણા મહેલમાં, યજ્ઞશાળામાં, દરબારમાં ને બીજાં દેવાલયાદિકમાં ઉત્તમ પ્રકારની શોભા કરવામાં આવી છે, તેમ તારે પણ સારા વસ્ત્રાલંકારો ધારણ કરવા જોઇએ. પ્રભુના ઉત્સવમાં જે ઉમંગી થતો નથી, તે મનુષ્ય પાપી છે. માટે તું આપણા ભંડારમાંથી ઉત્સવના શૃંગારો પહેરી આવ." એ સાંભળી રાજપુત્રે કહ્યું; "પિતાજી, હું અત્યારે ભંડાર આગળ થઇને આવ્યો; તે તો બંધ કરેલો છે, ને તેના દ્વારપર મોટું સાચવણું† વાસેલું છે." રાજા બોલ્યો; "તેથી શું થયું? ઉઘાડીને લઈ આવ." રાજપુત્રે કહ્યું; "પણ પિતાજી, એ મારાથી શી રીતે ઉઘડે? એની કુંચી મારી પાસે ક્યાં છે?" રાજાએ તુરત પાસે ઉભેલા સેવક ભણી જોયું, એટલે તે રાજપુત્રને તેડી ગયો; અને ભંડાર ઉઘાડી તેમાંથી તેને જેવા જોઇતા હતા, તેવા અલંકારો કાઢી આપીને તેને પાછો રાજા પાસે તેડી લાવ્યો. પછી પૂજન અર્ચનાદિ કરીને બંને પિતાપુત્ર ‡યજ્ઞશિષ્ટાન્નરૂપ અમૃતનું ભોજન કરવા બેઠા. આરંભમાં આપોશન કરતાં

* સૂતે—સારથિએ; રથનાં વાહક; હાંકનારે. † તાળું.

‡ ટીકા—યજ્ઞશિષ્ટાન્ન: એટલે યજ્ઞ કરતાં વધેલું જે અન્ન તે. એ અન્ન પાપર હિત પવિત્ર થયેલું હોવાથી અમૃતરૂપ છે. પ્રત્યેક ગૃહીએ—ગૃહસ્થાશ્રમી મનુષ્યે પોતાના ઘરમાં પોતાને

રાજા હાથમાં જળ લઈ મન્ત્ર બોલ્યો, પછી આપોશન કરી, પંચપ્રાણાહુતિ આપી. તે જોઈ રાજપુત્રે પૂછ્યું; "પિતાજી! આપણે પ્રતિદિન ભોજન વેળાએ જે આ આપોશન મન્ત્ર બોલીએ છીએ, તેમાં શો હેતુ છે?" તે સાંભળી રાજાએ કહ્યું, "પુત્ર! એમાં હેતુ બહુ ઊંડો છે; અધિકાર થયેથી તું તે જાણીશ. પરંતુ જ્યારે તું પૂછે છે, ત્યારે તારે જાણવું જોઈએ કે, જે સર્વેશ્વર એવા પરમાત્માના સંબંધમાં કાલે આપણે વાત કરતા હતા, તે અનંત શક્તિમાન્ પ્રભુનું સર્વત્ર વ્યાપકપણું એમ મંત્રમાં દેખાડ્યું છે. એમાં એમ કહ્યું છે કે, જે પવિત્ર અન્ન આપણી આગળ ભોજનાર્થે–એટલે આપણા દેહપોષણાર્થે પ્રાપ્ત થયું છે તે, અને જમનાર, એ બધું બ્રહ્મરૂપ છે. પરમાત્માને વિષેથી સૃષ્ટિના આરંભમાં રજ, સત્વ ને તમ એ ત્રણ ગુણમય ત્રણ સ્વરૂપ ઉત્પન્ન થયાં છેઃ રજોગુણમય બ્રહ્મા, સત્વગુણમય વિષ્ણુ, ને તમોગુણમય શિવ. રજોગુણનો ઉત્પત્તિ કરવાનો સ્વભાવ છે, સત્વનો પોષણની વૃદ્ધિ કરવાનો સ્વભાવ છે તથા તમનો સંહાર કરવાનો સ્વભાવ છે. તે પ્રમાણે ઉત્પત્તિ કરવાના રજોગુણરૂપે આ અન્ન છે. તે બ્રહ્મરૂપ છે. તેમાં મળેલા મધુર, ક્ષાર, તિક્ત અને જળ આદિક રસ એ વિષ્ણુરૂપ તથા ભોજન કરનાર એ આ અન્નનું ભક્ષણ કરવારૂપે સંહારક હોવાથી શિવરૂપ છે. એવી રીતે સઘળું પરબ્રહ્મમય છે. એ સદા સ્મરણ રહેવા સારુ, એટલે એ સર્વવ્યાપક પરમાત્માને મનુષ્ય વિસરી ન જાય ને તેનું સર્વવ્યાપીપણું સદા અનુભવ્યા કરે તે સારુ, આવા મંત્રો આપણાં પ્રત્યેક કર્મોને અંગે ધર્મશાસ્ત્રકારોએ યોજેલા છે."

એ સાંભળી બહુ પ્રસન્ન થયેલો રાજપુત્ર બોલ્યો; "વહાલા પિતાજી! શું એ પરમાત્મા એવો સર્વવ્યાપક છે? આપ મને તે કૃપાળુની ઓળખાણ ક્યારે કરાવશો?" રાજાએ કહ્યું; "વત્સ! સર્વવ્યાપી પ્રભુ જેમ સર્વત્ર છે, તેમ તારામાં પણ છે; અને એને ઓળ-

---

નિમિત્તે નહિ, પણ યજ્ઞને ઉદ્દેશીને અન્ન રાંધવાનું છે; ને તે રંધાયેલાં અન્નમાંથી પંચમહાયજ્ઞરૂપ વૈશ્વદેવ કર્મવડે દેવાદિકનું યજન કરીને, પછી બાકી વધે તે અન્ન, પવિત્ર અને જમવા યોગ્ય થાય છે. એવું પવિત્ર યજ્ઞશિષ્ટાન્ન નિત્ય જમનાર મનુષ્ય પરમગતિને પામે છે. કહ્યું છે કે यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ॥ પણ જે માત્ર પોતાને અર્થે જ રાંધે છે; અર્થાત્ પોતાને ભગવત્કૃપાથી મળેલાં અન્નવડે તે પ્રભુની પ્રસન્નતાને અર્થે યજ્ઞાદિક આવશ્ય કર્મ ન કરતાં માત્ર પોતાના ઉદરનું જ જે પોષણ કરે છે, તે પાપી કેવળ પાપનું જ ભક્ષણ કરે છે. भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥

ખવાને કે જોવાને બીજે ક્યાંય જવું પડે તેમ નથી, એમ મેં તને કાલેજ કહેલું છે." રાજપુત્ર બોલ્યો; "તે હું સમજ્યો, તે મારા પોતાનામાંજ છે; પણ મને દેખાતો નથી. તેને મારે કેવી રીતે જોવો કે ઓળખવો તે, હે તાત! મને કૃપા કરી કહો." રાજા; "બેટા! એ એમ ને એમ તો નજ દેખાય; કેમકે તે તારા હૃદયરૂપ ભંડારની ઊંડી ગુહામાં ગુપ્તમાં ગુપ્ત સ્થાન વિષે એકાન્તમાં વિરાજે છે. તેને જોવાને કુંચી જોઇએ; પણ થોભ. મને કહે કે તારા પોતાના હાથથીજ મૂકેલા તારા અલંકારો બંધ કરેલા ભંડારમાંથી તું કેમ ન લાવી શકયો?" રાજપુત્ર; "તે તો ભંડારને મોટું તાળું વાસેલું હતું, ને તેની કુંચી મારી પાસે નહોતી, એટલે હું કેમ કરીને ઉઘાડી શકું? સેવક કુંચી લઇને આવ્યો, એટલે તુર્ત ઉઘાડીને જોઇતું હતું, તે સર્વ લઈ લીધું!" રાજા; "ઠીક, એ જ પ્રમાણે આ તારા હૃદયરૂપ ભંડારની પણ જો કુંચી તને આપવામાં આવે, તો તુર્ત તેમાંથી તું સર્વેશ્વર એવા પરમાત્માને જોઈ શકે!" રાજપુત્રે કહ્યું; "એમ! તો તે કુંચી મને ક્યારે આપશો?" રાજા કિંચિત્ હસીને બોલ્યો; "પ્રિય પુત્ર! એ કુંચી કંઈ લોહની કે સુવર્ણની નથી; તેમ કોઈ ઠેકાણે લેવા પણ જવી પડતી નથી. એ તો તારી પોતાની પાસેજ છે. તું સારી પેઠે લક્ષમાં લે કે, પોતે પોતાને ઓળખવો, એ જ પરમાત્માને ઓળખવાની કુંચી છે!"

આ સાંભળી બહુ આશ્ચર્યચકિત થઈ અતિ જિજ્ઞાસુપણે પાછો રાજપુત્ર બોલ્યો; "પિતાજી! એ શું? પોતે પોતાને ઓળખવો એટલે? પોતે પોતાને તો સૌ કોઈ ઓળખે જ છે. પણ એ પ્રમાણે પ્રભુને સૌ કોઈ ઓળખતા હોવા જોઇએ. હું મને પોતાને તો સારી પેઠે ઓળખું છું, છતાં પ્રભુને હજું હું કેમ ઓળખતો નથી? આ તો મને બહુ આશ્ચર્ય લાગે છે. શું વળી એવું પણ કોઈ હશે, કે જે પોતાને પણ નહિ ઓળખતું હોય?" પુત્રના એ બાળ ભાષણપર રાજાએ કિંચિત્ હસીને કહ્યું; "જગતમાં ઘણાએ એવા પડ્યા છે. અસંખ્ય જીવ એવા છે કે, જે પોતે-પોતાને જ ઓળખતા નથી. સત્ય કહું છું કે, તું પણ તને પોતાને ઓળખતો નથી! પોતે પોતાને સારી પેઠે ઓળખનારા તો આ જગતમાં વિરલા જ છે—તે મહાત્મા છે ને તે સૌ વંદવા યોગ્ય છે. તેવા મહા પુરુષોનું તો દર્શન પણ મોટાં ભાગ્ય હોય તો જ થાય!" આ વાક્ય સાંભળીને તો રાજપુત્ર દિંગ જ થઈ ગયો. તે ઊંડા વિચારવમળમાં

પડી ગંચો, અને વાતના સમાધાન સારુ પોતે પિતાને કંઇક પ્રશ્ન કરવાં જતો હતો, એટલામાં રાજાએ કહ્યું; "બાપ! હવે બહુ થયું. તારા મનમાં શંકા થઈ છે, એ હું સમજી ગયો છું; પણ એ કંઈ નાનીશી ને જેવી તેવી વાત નથી, કે તને ઝટ સમજાવી શકાય. સંક્ષિપ્તમાંજ નિશ્ચયપૂર્વક સમજ, કે તું તને પોતાને ઓળખતો નથી. હવે પ્રાણાહુતિ લીધાને બહુવાર થઈ ગઈ, માટે એકાગ્રતાથી ભોજન કર! ભોજન વેળા કવચિત્ કવચિત્ પ્રસંગાનુરૂપ વાર્તાવિનોદ કરવો, એ સુખપ્રદ છે, પણ અતિવાર્તાલાપ, અતિહાસ્ય, ક્રોધ, ભય, ચિંતા ઇત્યાદિ બહુ હાનિકારક છે." પછી બંને જણા મૌનથી ભોજન કરવા લાગ્યા.

## હું કોણ?

એ રાજાનું નામ આત્મસિંહ હતું. તે સદા આત્મવિચારમાં તલ્લીન રહેતો હતો; તે આત્મદર્શનમાં મગ્નમસ્ત હતો. બીજે દિવસે આત્મસિંહને રાજ્ય ખટપટ સંબંધી કંઈ કામ આવી પડ્યું. તે કામમાં કેટલાક દિવસો સૂધી તેને અવકાશ મળ્યો નહિ. એ અરસામાં રાજપુત્રનું અંતઃકરણ તો આશ્ચર્યમાં ને વિચારના વમળમાં ડૂબી જ ગયેલું રહ્યું. તેને તો રાત દિવસ પ્રતિક્ષણે એ જ વિચારો આવવા માંડ્યા ને વારંવાર એ જ પ્રશ્ન થવા માંડ્યો, કે શું હું મને પોતાને ઓળખતો નથી? અઁઃ એ તે કેમ કહેવાય? વળી મને પોતાને તે હું કદી સ્વપ્નમાં પણ ભૂલી જાઉં એમ બને? નહિ, નહિ; એ કંઈ માનવા જેવી વાત નથી. પણ આ વાતનો નિર્ણય હું કોને પૂછું? પિતાજી તો તે દહાડા પછી મને મળતા પણ નથી. ભોજન વેળાએ પણ સાથે બેસવાનો પ્રસંગ આવતો નથી, ત્યારે કોને પૂછું? લાવની મારી માતાને પૂછું? તે શું એ વાત નહિ જાણતી હોય? આમ વિચારીને તે અંતઃપુરમાં ગયો. તેની માતા સેંકડો દાસીઓ વચ્ચે બેઠેલી હતી. તેને વંદન કરી હાથ જોડીને તે ઉભો રહ્યો. રાણીએ તેને પ્રેમથી પોતાના ખોળામાં બેસારી હૃદય સાથે ચાંપીને કહ્યું; "કુમાર! તું ક્યાંથી આવ્યો? તારા પિતાજી શું કરે છે? તું ગભરાયલા સરખો કેમ લાગે છે!" રાજપુત્ર બોલ્યો, "માતુશ્રી! મારા પિતાજી તો કેટલાક દિવસથી મને મળ્યા પણ નથી; તે તો રાજદરબારમાં વિરાજતા હશે. હું ગુરુજી પાસેથી પાઠ લઇને સીધો અહીં આવ્યો છું." માતાએ પૂછ્યું; "શું ગુરુજીએ તને કંઈ ઠપકો આપ્યો છે; વા તારા કોઈ સહાધ્યાયી સાથે કશી ખટપટ થઈ છે?" કુંવર બોલ્યો; "ના, માતુશ્રી! તેવું તો કશું બન્યું

નથી. પણ મારા પિતાજીએ, કેટલાક દિવસો ઉપર મને એક આશ્ચર્ય સરખી વાત કહી છે, તેના ગુંચવાડામાં હું પડી ગયો છું, તેથી મને ચેન પડતું નથી, ને તેથી તમે મને ગભરાયલા સરખો જુવો છો. એ વાતનો નિર્ણય હું મારા ગુરુજી આગળ તો કેમ કરીને પૂછી શકું; અને મારા સહાધ્યાયી વિદ્યાર્થીઓને પૂછતાં, તેઓ સઘળા મને ગાંડો જ ગણી કાઢે. તે વાતના વિચારમાં જ મને કશું ચેન ન પડવાથી હું તમારી પાસે આવ્યો છું." રાણીએ પૂછ્યું; "પુત્ર! એવી તે શી વાત છે કે, જેમાં તું એટલો બધો ગુંચવાઈ ગયો છે?" રાજપુત્ર હાથ જોડીને બોલ્યો; "માતુશ્રી! મનુષ્ય શું પોતે પોતાને ઓળખી શકતો નહિ હોય? મારા પિતાશ્રીએ તો મને 'તું પોતે પોતાને ઓળખી શકયો નથી' એમ કહી શંકામાં નાંખી દીધો છે. હું ઘણો ઘણો વિચાર કરી થાકયો, પણ મારી એ ગુંચવણ મટતી નથી. પોતે પોતાને પણ ભૂલી જાય ને ઓળખી શકે નહિ, એ શું તમને સત્ય લાગે છે?" એ સાંભળીને તે મહાસાધ્વી રાજપત્ની, કે જે મોટા ધાર્મિક અને યશસ્વી કુળમાં અવતરી હતી, ને જેનાં માતાપિતા મહાન્ યોગીશ્વરની કૃપાથી આત્મતત્ત્વને અનુભવીને કૈવલ્યપદ પામી ગયાં હતાં, તેણે વિચાર કીધો કે, એના પિતાએ જે કંઈ કહ્યું છે, તે કંઈ કારણ વગરનું તો નથી જ. પણ એ બાળક છે, તેથી એને કોઈ રીતનો અનુભવ નથી. એ એની બાળબુદ્ધિ અનુસાર પોતાના આત્મતત્ત્વનું શોધન કરવાનો પ્રયત્ન કરી શકે, તે માટે જ સ્વામીનાથે એને આ તત્ત્વભેદના ભંડારની કુંચી કહી જણાવી છે. પછી તેણે તેને એક પ્રેમ-ચુંબન કરીને તથા "પ્યારા પુત્ર, તને તે કૃપાળુની કૃપાથી પરમતત્ત્વ પ્રાપ્ત થાઓ!" એવો આશીર્વાદ દઈને કહ્યું; "તારા પિતાશ્રીએ કહ્યું છે, તે કિંચિત્ પણ ખોટું નથી. મને કહે, કે તું પોતે પોતાને ઓળખે છે?" રાજપુત્ર બોલ્યો; "હા, હા! કાં નહિ? હું તે હું જ! હું પોતે જ! આ તમારા ખોળામાં બેઠો છું તે જ હું! શું હું મને પોતાને ન ઓળખું એમ તે હોય?" રાણી બોલી; "ના ભાઈ ના; તું પોતાને નથી જ ઓળખતો, એ હું સત્ય કહું છું. જો ઓળખતો હોય તો મને બતાવ, કે તું કોણ છો?" અતિ ઉત્સાહભેર કુંવર બોલ્યો; "માતા, હું હવે કંઈ નાનો છું, કે મને ખબર નહિ હોય કે, હું કોણ છું. વધારે તો શું, પણ જ્યારથી મને યજ્ઞોપવીત આપીને મારા ગુરુ મહારાજે સંધ્યોપા-સન શિખવ્યું છે, ત્યારથી પ્રતિદિન સાંજ સવારે ને બપોરે સંધ્યાસમાપ્તિ

વેળાએ હું તમને વંદન કરવા આવું છું, ત્યારે મારી પૂરેપૂરી ઓળખાણ આપીને નમું છું, તે શું તમારા લક્ષમાં નથી? ભારતવર્ષાંતર્ગત સપ્તસંગ* દેશસ્થ ચૈતન્ય કુળના વંશજ આત્મસિંહ રાજર્ષિનો ઔરસપુત્ર હું જીવનસિંહ છું!" એ સાંભળી રાણી બોલી; "બાપ, એ તો બધું ઠીક; પણ તારી એ ઓળખાણ કંઈ જોઇએ તેવી ન કહેવાય. વારુ, તું મને બતાવ, કે એ જીવનસિંહ કયો?" રાજપુત્ર પોતાની છાતીએ હાથ ઠોકીને બોલ્યો કે; "કેમ? આ હું પોતે જીવનસિંહ નહિ?" જીવનસિંહની છાતી તરફ આંગળી કરી રાણી બોલી, "પુત્ર, ઠીક ત્યારે; એનું નામ જ જીવનસિંહ કે?" પછી જે હાથવડે તેણે છાતી ઠોકી હતી, તેને પકડીને રાણીએ પૂછ્યું; "વારુ, ત્યારે બેટા, આ કોણ?" રાજપુત્ર બોલ્યો; "મા! એ તો મારો હાથ!" રાણી પુનઃ બીજો હાથ પકડીને બોલી; "ભાઈ, ત્યારે આ કોણ?" રાજપુત્રે કહ્યું; "એ મારો બીજો હાથ!" પછી રાણીએ એક પછી એક તેના શરીરના કાન, નાક, મુખ, કંઠ, બાહુ, ઉદર, આદિક પ્રત્યેક અવયવો દેખાડીને તેના મુખથી જ તે સઘળાનાં જૂદાં જૂદાં નામ સ્પષ્ટ કરાવ્યાં. પછી કિંચિત્ હસીને તે બોલી; "વત્સ! આ સઘળા શરીરમાં તો મને જીવનસિંહ કયાંય દેખાયો નહિ! કહે હવે એ જીવનસિંહ તે કયો?" પુનઃ પણ છાતીપર હાથ ઠોકીને રાજપુત્ર બોલ્યો; "આ હું પોતે જીવનસિંહ! તારી સમક્ષ ઉભો છું તે!" રાણી બોલી; "પુત્ર, એ તો તારું હૃદય! આ તારા બન્ને હાથ! આ તારું મોઢું! આ તારું મસ્તક! આ તારાં નેત્ર! આ તારા કર્ણ! આ તારું પેટ! આ તારી કટિ! આ તારો વાંસો! આ તારા ઘુંટણ! ને આ તારા પગ! અને એમાં પણ જેમ જેમ વધારે તું શોધતો જશે, તેમ તેમ એક એક અંગમાં બીજાં અનેક પ્રત્યંગોની તને પ્રતીતિ થશે; પણ જીવનસિંહ એવી વસ્તુ તો મને દેખાતી જ નથી, માટે એમાં જીવનસિંહ કયો, એ મને સ્પષ્ટ દેખાડ."

રાજપુત્ર જરા વિચારમાં પડી ગયોઃ પણ થોડીક વારે પાછો બોલી ઉઠયો; "માતા! પણ એ બધું શરીર તો મારું પોતાનું કેની?

---

* ટીકા-સપ્તસંગ દેશસ્થ-એટલે સપ્તસંગ દેશમાં રહેનારો. સપ્તસંગ એટલે સાત વસ્તુનો એકઠો મળેલો સમૂહઃ પંચ જ્ઞાનેન્દ્રિય, છઠું મન અને સાતમો જીવાત્મા; એ સાતનો સમૂહ એકઠો મળીને થયેલો જે સૂક્ષ્મદેહ, એને સપ્તસંગ નામના દેશનું રૂપક આપ્યું છે. એ ઉપરથી ચૈતન્ય કુળ, આત્મસિંહ રાજર્ષિ, ને જીવનસિંહ આદિ સર્વે નામોનો અર્થ સમજી શકાય છે.

માટે એ બધું મળીને હું જીવનસિંહ!" રાણી હસીને બોલી; "એ પણ ઠીક કહ્યું; પણ એમ કેમ થાય? એ બધું તારું છે, એ વાત તો ખરી; પણ એ બધું મળીને તું કેવી રીતે બની શકે? તારી એ વસ્તુ તારાથી જૂદી, અને તુંએ તારી વસ્તુઓથી જૂદો જ હોવો જોઇએ. જો કે, તું મારો પુત્ર છે, એટલે આપોઆપ જ તું મારાથી જૂદો છે. તું છે, તે કંઈ હું કહેવાઉં નહિ, તેમ જ હું તારી માતા છું, એટલે હું તે કંઈ તું કહેવાઇશ નહિ. તેમ જ આ તારા માથાપર પહેરેલો કિરીટ છે, એ તારો છે, પણ એ કિરીટને કંઈ તારે નામે બોલાવાશે નહિ; અર્થાત્ જેમ કિરીટ એ કંઈ જીવનસિંહ નથી, એજ પ્રમાણે આ તારો જામો, કટિ-વસ્ત્ર, પિછોડી, કટિમેખલા, સુવર્ણના તોડા, મુક્તામાળા, કુણ્ડળ, હાથ-સાંકળાં, કવચ ઇત્યાદિ સર્વ વસ્ત્રાલંકારો તારા છે, પણ તે બધાય ભલે એકઠા મળે, તોપણ તે કંઈ કુમાર કહેવાશે નહિ. એજ પ્રમાણે આ તારું આખું શરીર, જેને તું પોતાનું કહે છે, તે કંઈ તું પોતે નથી. માટે વિચાર કર કે, એમાં તું કીયો ને ક્યાં છે?" આ વાણી સાંભળી કુંવર સ્તબ્ધ બનીને ઘણીકવાર સુધી બેસી જ રહ્યો: તે કશું ઉત્તર આપી શક્યો નહિ. પછી રાણી બોલી; "કેમ શો વિચાર કરે છે? તારા મનને નિશ્ચય થયો કે તું પોતાને ઓળખતો નથી? વત્સ! પોતે પોતાને ઓળખવું ઘણું કઠિન છે. પોતે પોતાને ઓળખવું-જાણવું, એનું નામ આત્મજ્ઞાન કહે-વાય છે; અને તે આત્મજ્ઞાન પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. પરમાત્માની કૃપા, તે સર્વેશ્વરને વિષે અનન્ય ભક્તિ થવાથી થાય છે. પરમાત્માની અનન્ય ભક્તિ, મહાત્મા સદ્ગુરુના સમાગમ તથા સેવનથકી પ્રાપ્ત થાય છે. માટે હે બાપ! એવું મોંઘામાં મોંઘું જે આત્મ-જ્ઞાન-પોતાની ખરી ઓળખાણ, તે તું બાળકને એકાએક ક્યાંથી પ્રાપ્ત થાય? પણ હવે તને તે પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા થઈ; એટલું જ નહિ, પણ અતિ પ્રબળ જિજ્ઞાસા, વય નાનું છતાં થઈ છે, તેથી તું હવે તે અમૂલ્ય અને અલભ્ય વસ્તુનો અધિકારી થઈ ચૂક્યો છે. આત્મજ્ઞાન-પરમ તત્ત્વજ્ઞાન-પરમાત્માની પિછાન-માટે જિજ્ઞાસા થવી, એ અસંખ્ય જન્મોનાં સુકૃત ફળનો ઉદય છે. દેહધારીઓનું સેંકડો જન્મનું કરેલું પુણ્ય ઉદય થાય છે, ત્યારે આત્મજ્ઞાનસંપ્રાપ્તિની શુભ જિજ્ઞાસા તેઓને ઉત્પન્ન થાય છે. તું તેવો પુણ્યવાન હોવાથી જ તને આવી જિજ્ઞાસા થઈ છે. તું શુદ્ધ સંસ્કારી ને અધિકારી છે. અધિકા-

રીને વસ્તુ મળતાં વિલંબ થતો નથી. પ્યારા પુત્ર! હવે તારું અંતઃકરણ શુદ્ધ થતાં જ અંધારા ઘરમાં જેમ દીપકનો પ્રકાશ કરવામાં આવે છે ને ઝળઝળાટ થઈ રહે છે, તેમ તે હૃદયાકાશમાં પવિત્ર જ્ઞાનનો પ્રાદુર્ભાવ થશે. તું જેને જેને તારી શંકા પૂછતો, તે તે તને ગાંડો ગણી કાઢતા, પણ હવે તારા સમજવામાં આવશે કે, તું જ નહીં, પણ પોતે પોતાને ઓળખવાનો દાવો કરનારા એવા અનેક ભ્રમિત ચિત્તવાળા આ જગતમાં છે–તેઓ પોતે પોતાને જ ઓળખતા નથી, છતાં અજ્ઞાનવડે પોતાના શરીરને જ 'હું પોતે' કરીને માને છે. તેવા અજ્ઞાનને લીધે ચિરકાળ પર્યંત ભોગવવાનાં એવાં અનેક શુભાશુભ કર્મોથી બંધાઈ, આવર્જન વિસર્જન થયા કરે છે. પણ જેઓએ પોતાને અને પરમાત્માને જાણ્યો છે, જોયો છે, તેઓ શુભ કે અશુભ કશાંય કર્મથી બંધાતા નથી. માટે તેવાં શુભાશુભ કર્મોથી છોડવનારા આત્મજ્ઞાનની, તને જે શુભ જિજ્ઞાસા થઈ છે, તે, તે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી પૂર્ણ થાઓ!" આ સઘળું સાંભળી લઇને પછી થોડીકવારે રાજકુમાર કંઈક બોલવા જતો હતો, એટલામાં પાઠશાળામાં જવાનો સમય થવાથી રાજસેવક તેડવા આવ્યો. માતુશ્રીને વન્દન કરીને કુમાર ત્યાંથી ચાલી નિકળ્યો.

પણ હું કોણ? એ પ્રશ્ન તેના હૃદયમાં સ્વાભાવિક રીતે જ મોટા આવેશથી સળવળવા લાગ્યો. તેના મનનમાં જ તેનું અંતઃકરણ પરિપૂર્ણ વ્યાપ્ત બની ગયું. પાઠશાળામાં જઇને તે દિઙ્મૂઢ સરખો બેસી રહ્યો. ભણે શું ને વિચારે શું? પરંતુ એ વેળા તેના અંતઃકરણમાં હર્ષ અને વિષાદ બન્નેને અવકાશ મળ્યો હતો. હર્ષ એથી કે, "પોતે પોતાને ઓળખે છે?" એવું પ્રશ્ન સાંભળીને તેને સૌ વિદ્યાર્થીઓ ઘેલો ગણી કાઢતા હતા, તેઓ હવે તદ્દન અજ્ઞાત છે–ઘેલા છે, એવું પોતાના મનને સ્પષ્ટ સમજાયું; અને વિષાદ એથી કે, "ત્યારે હું કોણ છું?" એ પ્રશ્નનું એને કશું ઉત્તર મળી શક્યું નહિ. શાળામાં સર્વ વિદ્યાર્થીઓનું પઠન ચાલતું હતું તે વેળા, એ કેવળ પોતાના મનોગત પ્રશ્નમાં જ નિમગ્ન હોવાથી સ્તબ્ધની પેઠે બેસી રહ્યો. ઘણીકવાર સૂધી એની એવી સ્થિતિ જોઈ, ત્યારે તેના મહાત્મા ગુરુ, જે ઋષિધર્મ પાળનારા પવિત્ર બ્રાહ્મણ હતા, તેમણે તેને પોતાની સમીપ બોલાવીને પૂછ્યું; "પ્રિયપુત્ર જીવનસિંહ! તું આજે કેમ આમ ઉદાસની પેઠે બેસી રહ્યો છે? શું આજે

તારા શરીરને કંઈ સારું નથી ? અથવા કોઈ વિદ્યાર્થીએ કે બીજાએ તને કશું અપમાન આપ્યું છે ? આજના સરખું તારું ઉદાસ મન મેં પૂર્વે કદી જોયું નથી." એ સાંભળી રાજપુત્ર ઉભો ઉભો બે હાથ જોડીને બોલ્યો; "કૃપાનાથ ! એમાંનું તો કશું નથી; પણ મારા મનને ઉદાસીનતા થવાનું એક જૂદું જ કારણ મળ્યું છે, જે માત્ર લજ્જા આવવાને લીધે જ હું આપને કહી શકતો નથી." તે સાંભળી ગુરુ બોલ્યા; "વિદ્યાર્થીએ ગુરુની લજ્જા દુરાચરણમાં, અવિનયમાં ને અયોગ્ય વાણી ઉચ્ચારવા આદિમાં રાખવાની છે. પરંતુ જે વાત પોતાના હિતની હોય, વિવેકયુક્ત હોય, તે માટે કશી ગ્લાનિ કરવાની આવશ્યકતા નથી." એ ઉપરથી રાજપુત્ર બોલ્યો; "પ્રભો ! ગ્લાનિ એટલા માટે કે, સૌ કોઈ જે વાતને સામાન્ય રીતે જાણતું હોય, તે આ વાતને પણ તે કરતાં ઉલટી રીતે જાણવામાં કે પૂછવામાં મને રખે કોઈ મૂર્ખ કહે, એવા ભયથી મારાથી કશું બોલી શકાતું નથી. પણ હવે આપના આશીર્વાદથી મને એવી ગ્લાનિ આવવાનું કારણ નથી; કેમકે મને ઘણે અંશે નિશ્ચય થયો છે કે, જે વાત સૌ કોઈ સામાન્ય રીતે જાણે છે, તેમાં તેઓની અંધપરંપરા જ છે— તેઓ ભૂલે છે—ઠગાય છે—ભ્રમમાં પડેલા છે. તેઓ કરતાં ઉલટો વિચાર ધરાવવામાં હું કંઈ ઠગાતો નથી. હમણાં સૂધી હું પણ સૌના સરખા સામાન્ય વિચારવાળો જ હતો; પણ એક દિવસ મારા પિતાશ્રીની સાથે વાતચિત કરતાં મારા તે સામાન્ય વિચારો ફેરવવાનો પ્રસંગ આવ્યો: મારી ભૂલ જાણવામાં આવી અને મેં તેમને પૂછ્યું કે, 'મને સર્વના પિતા અને પ્રભુ એવા પરમાત્માને ઓળખાવો.' તેમણે જણાવ્યું કે, 'પ્રથમ તું પોતાને ઓળખ, એટલે તે કૃપાળુ પ્રભુને ઓળખવાનો માર્ગ સરળ થશે.' એ પ્રસંગ સૂધી તો મને કશી શંકા જ ન હોતી કે, હું મને પોતાને નથી ઓળખતો; પણ પછી મારાં માતુશ્રીએ મને ઉદાહરણ સહિત સ્પષ્ટ કરી સમજાવ્યું કે, તું તને પોતાને નથી જ ઓળખતો; અને બીજાઓ પણ, જેઓ પોતે પોતાને ઓળખતા હોય એમ દૃઢપણે માને છે, તેઓ પણ પોતે પોતાને નથી જ ઓળખતા. હે કૃપાળુ ! એટલું તો મેં સારી રીતે જાણ્યું કે, હું મને પોતાને નથી ઓળખતો. પણ એ કારણથી મારા મનમાં ઘડભાંજ થાય છે કે, હું કોણ ? એ માટે મારું મન ઘણુંય ફાંફાં મારે છે, પણ મને કશી સમજણ પડતી નથી, ને તેના જ વિચારમાં હું ઉદાસ થઈ ગયો છું." ગુરુજી

પ્રસન્ન થઇને બોલ્યા; "બાપ! તને ધન્ય છે! તારા સરખી અવસ્થામાં મનુષ્યને આવી જિજ્ઞાસા થવી, એ મોટા આશ્ચર્યની, તેમ જ મોટા ભાગ્યની વાત છે. આટલી અવસ્થામાં તો બાળકોને પૂરું વ્યવહારજ્ઞાન પણ હોતું નથી, તેને ઠેકાણે તને આવી આત્મદર્શનની શુભ ઇચ્છા થઇ છે, એ કંઈ સહજ વાત નથી. પણ એક રીતે જોતાં એ માટે કંઈ વિશેષ આશ્ચર્ય થવા જેવુંએ નથી–રત્નની ખાણમાંથી રત્ન જ નીપજે–તારા ધર્માત્મા માતપિતાને પેટે તારા સરખું જ સંતાન થાય."

ગુરુ શિષ્યની આ વાતચિત સાંભળીને શાળાના બીજા સર્વે વિદ્યાર્થીઓ શાંત બની ગયા. તેઓ સાંભળતાં પાછા ગુરુજી બોલ્યા; "અરે, બાપ જીવન! તેં તો આ જગતનું ખરેખરું જીવન શોધી કાઢવાનો પ્રયત્ન કરવા માંડ્યો છે અને તે તને ભગવત્કૃપાથી પ્રાપ્ત થશે. જીવન! આખા જગતનું–અરે આવા અસંખ્ય જગતોનું જીવન તારે શોધી કાઢવું છે. પણ અહો! તે તો તારા શરીરને વિશે જ છે. એને શોધવાને માટે ક્યાંય બહાર દોડાદોડી કરવાની જરૂર નથી. કુમાર! તારા પિતાએ તને કહ્યું કે, 'સમગ્ર વિશ્વનું જીવન ભગવાન્ પરમાત્મા, તેને ઓળખવાની કુંચી તે પોતે પોતાને ઓળખવો, એ જ છે,' એનો હેતુ એ છે કે, તે પરમાત્મા પ્રાણી માત્રના શરીરમાં જ છે–પ્રાણીની સાથે જ વિરાજે છે, તેને સારી રીતે જોવો! પરંતુ એ જગતનું જીવન દેહધારી જીવના સરખી સ્થિતિમાં ન હોઇને, તેના કરતાં બહુ ગૂઢપણે વસે છે, તેથી તે બીજાના તો શું, પણ સ્વયં તે જીવના પણ જોવામાં કે જાણવામાં આવતો નથી. પરંતુ જ્યારે સારા પરિશ્રમથી તે પ્રાણી પોતાને ઓળખે છે, ત્યારે પછી પોતાની નજીકમાં રહેલા તે વ્યાપક પરમાત્માને ઓળખતાં તેને વાર લાગતી નથી. પણ ભાઈ! પ્રથમ તો પોતે પોતાને ઓળખવું, એના જેવું મહાભારત દુષ્કર કાર્ય બીજું એકે નથી."

## એક ઋષિપુત્રની કથા

"હે બાપ! તારી જ પેઠે પૂર્વે એક ભાગ્યવાન્ ઋષિપુત્રને પોતાના લાંબા કાળના કઠિન તપને અંતે જ્યારે પોતાનાં અનેક જન્માર્જિત પાપ બળી ગયાં ત્યારે પોતાનાં નિર્મળ થયેલાં અંતઃકરણવિષે સ્વાભાવિક રીતે ચાર પ્રશ્નો ઉપજ્યા હતાઃ–"હું કોણ છું?" "ક્યાંથી આવ્યો છું?" "કયા કયા સ્થાન પ્રત્યે જવાનો છું?" "અહીં આવવાનું કારણ શું?" આ પ્રશ્નોનું જોઇએ તેવું સમાધાન પોતાની મેળે તેને થયું

નહિ, તેથી તે ઉદાસ ચિત્તે અને વિચારોના વમળોમાં ગોથાં ખાતો ફરતો હતો. એવામાં એક ભગવદ્દર્શન પામેલા મહાત્માએ તેને જોયો. તપશ્ચર્યાથી તેની મુખાકૃતિ તેજઃપુંજરૂપ થયેલી હતી, છતાં તેનાપર ભારી ઉદાસીનતાનું આવરણ પથરાઈ ગયું હતું તે જોઈ, તે મહાત્માએ પરીક્ષા કરી લીધી કે, આ કોઈ ખરો તત્ત્વજિજ્ઞાસુ પાત્ર છે. એ પાત્ર મંજાઈ શોધાઇને શુદ્ધ થઈ ગયેલું છે, પણ એમાં વસ્તુનો અલાભ હોવાથી ખાલી પડી રહેલું છે–એમાં યોગ્ય વસ્તુ મૂકવાની અપેક્ષા છે. જો તેમ ન થતાં ઘણીકવાર સુધી એ શુદ્ધ થયેલું પાત્ર ખાલી જ રહેશે, તો અવશ્ય તે પોતાની મેળે સમય જતાં પાછું મલીન અને ભ્રષ્ટ થઈ જશે; કિંવા કોઈ અયોગ્ય વસ્તુ તેમાં આવી પડીને તેનો પરિણામે નાશ કરી નાંખશે. આવા વિચારથી તે પરોપકારી મહાત્માએ તેને પોતાની પાસે બોલાવીને તેની ઉદાસીનતાનું કારણ પૂછ્યું, ત્યારે પ્રેમપૂર્વક વંદન કરીને તે બ્રાહ્મણપુત્રે પોતાનું ઇત્થંભૂત વૃત્તાંત મહાત્માને નિવેદન કરીને કહ્યું; "કૃપાનાથ! મારા પોતાના સમગ્ર જીવનનું સંપૂર્ણ તત્ત્વ મારા મનને થયેલા ચાર પ્રશ્નો હોય, એમ મને લાગે છે. એ પ્રશ્નોનું યથાર્થ સમાધાન થવાની આશાથી હું આપ સરખા સમર્થ ગુરુદેવને શોધતો હતો, એટલામાં તો આપ દયાળુ મને મળ્યાઃ મારું ભાગ્ય ફળ્યુંઃ હવે આ સેવકને શરણે રાખો, કલ્યાણને અર્થે સેવા બતાવો. આપની કરુણા ને પરોપકારીપણું જોઈ મને નિશ્ચય થયો છે કે, મારું કલ્યાણ આપના ચરણારવિન્દની સેવામાં જ છે." એ સાંભળી આશીર્વાદ દઇને તે સન્તજન તેને ગંગાતીરે આવેલા પોતાના આશ્રમ–પ્રત્યે લઈ ગયા ને ત્યાં ફલ મૂળ જળ આદિકથી તેની ક્ષુધાતૃષા શાંત કરીને પોતાની પાસે રાખ્યો.

એક દિવસે એ મહાત્મા પોતાના આશ્રમમાં એક વૃક્ષતળે બેઠા હતા, ત્યારે પાસેના અરણ્યમાં ફરવા જવાની ઇચ્છાથી તે ઋષિપુત્ર પ્રત્યે બોલ્યા; 'બાપ સુમનશર્મા!* આપણી પર્ણકુટીના છાપરા નીચેના ભાગમાં મારો પલાશદંડ ખોસેલો છે તે લઈ આવ, પછી વનમાં જઇએ. ત્યાં હું તને નિત્ય લઈ આવવા માટેનાં પુષ્પો, સમિધો, દર્ભો તથા ફળ મૂળાદિકનો સમૂહ દેખાડીશ, જેથી તને સદા સુગમ પડશે. જા, ને સત્વર પાછો આવ; કેમકે વિલંબ કરીશું તો દિવસ અસ્ત

---

*એ તે ઋષિપુત્રનું નામ.

થવા આવ્યો છે, માટે આપણને માર્ગમાંના ઋષ્યાશ્રમો* પ્રત્યે થઈને આવતાં સાયંહોમ† વેળા વટી જશે." ગુરુની આજ્ઞા થતાં જ સુમનશર્મા એકદમ દોડ્યો. તે ઉતાવળો ઉતાવળો પર્ણશાળામાં જઈ છાપરામાં દંડ ખોળવા મંડ્યો. દંડ એવી રીતે ખોસેલો હતો, કે જો સાચવીને ધીમે ધીમે ખેંચી લેવામાં આવે તો જ નિકળે. સુમનને તો બહુ ઉતાવળ હતી. તેણે દૃષ્ટિએ પડતાં જ ઝડપથી ઝાલીને એવી રીતે ખેંચ્યો કે, મોટા જોરના આંચકાથી તુરત આખી પર્ણકુટી, કે જે ઘણાક સમયની જૂની હોવાથી પડુ પડુ થઈ રહી હતી, તે એકદમ ભોંયપર તુટી પડી. સુમન ભય પામી ત્વરાથી બહાર ખસી ગયો; અને ધડકતી છાતીએ ને શ્વાસ ભરાયલે મોઢે, ગુરુ મહારાજ આગળ જઈ દંડ આપીને હાથ જોડી ઉભો રહ્યો: તે કશું બોલી શક્યો નહિ. એ જોઈ મહાત્મા બોલ્યા; "બાપ! કોઈ મોટા ભયમાં આવી પડેલાની પેઠે તું ગભરાયલો કેમ દેખાય છે?" સુમને ઓશિયાળે મોઢે કહ્યું; "કૃપાનાથ! દંડને ખેંચી લેતાં આંચકાથી પર્ણકુટી પડી ગઈ, એ મારો અપરાધ થયો છે." મહાત્મા બોલ્યા; "શું પર્ણકુટી પડી ગઈ? ચાલ, જોઈએ, કેમ થયું?" એમ કહી તેને સાથે લઈને તેઓ પર્ણશાળા આગળ ગયા, તો ત્યાં લાકડાં, પાંદડાં, ઘાસ ઇત્યાદિનો મોટો ઢગલો પડેલો હતો. એ જોઈ તેઓ બોલ્યા; "કાં, ભાઈ સુમન! પર્ણકુટી ક્યાં પડી ગઈ? અહીં પર્ણકુટી એવું નામ જ ક્યાં છે?" સુમને કહ્યું; "પિતાજી! આ આપની સામે પડેલો ઢગલો જ પર્ણકુટીનો છે." ગુરુજી બોલ્યા; "બાપ, આમાં પર્ણકુટી ક્યાં છે? આ કેટલાંક લાકડાં પડ્યાં છે. તેને તું પર્ણકુટી કહે છે? વાહ! કિંવા પાંદડાંના ઢગલાનું, કે પેલા તૃણસમૂહનું પર્ણકુટી એવું નામ છે? અથવા માંહે કેટલાંક દર્ભનાં ને મુંજનાં દોરડાં દેખાય છે, તેનું નામ પર્ણકુટી?" સુમન બોલ્યો; "ના કૃપાનાથ! એ બધાંય-વડે જે કુટી-કોટડી બનાવી હતી, તે પર્ણકુટી!" ગુરુજી બોલ્યા; "ઠીક બોલ્યો, પણ એમાં "કુટી" એવી વસ્તુ ક્યાંય દેખાય છે ખરી?" સુમને નમન કરી કહ્યું; "ના કૃપાનાથ!" ગુરુજી બોલ્યા; "હવે તું સમજ્યો હોઈશ, કે અનેક વસ્તુઓનો સંઘાત થયો હોય, તેને અમુક પદાર્થ કે વસ્તુરૂપે નામ આપીને ઓળખવામાં આવે છે, પણ સૂક્ષ્મ-

---

* ઋષિઓના આશ્રમો. † સાયં હોમ-અગ્નિહોત્રવિષે નિત્ય સાંજ સવાર હોમ કરવામાં આવે છે, તેમાંનો સાયંકાળ વેળાનો હોમ તે.

દૃષ્ટિથી જોતાં તે વસ્તુ જ નથી, પણ તે અનેક વસ્તુઓનો સમૂહ છે. પર્ણકુટી એ માત્ર કલ્પિત નામ જ છે, ને તેમાં ઘણી વસ્તુઓ એકઠી કરીને તેનો અમુક પ્રકારનો આકાર કલ્પવામાં આવ્યો હતો. તે જ પ્રમાણે, હે સુમન!. તારે સમજવાનું છે કે, જેવી એ પર્ણ એટલે પાંદડાં આદિકની બનાવેલી કુટી તે પર્ણકુટી, તેવી જ આ (તેના શરીર ભણી હાથ કરી કહ્યું,) મુખ્ય પાંચ વસ્તુઓ એકઠી કરીને બનાવેલી કુટી, તે પંચકુટી છે. હે સુમન! જેને તું પોતાનું શરીર કહે છે, તે તારે સદા સર્વદા વસવાની એક કુટી કહેતાં કોટડી જ છે. જેમ આ પર્ણકુટીવિષે મુખ્ય ભાગ પર્ણ એટલે પાંદડાંનો વિશેષ હોવાથી તેનું નામ પર્ણકુટી કલ્પ્યું છે, તેમ આ શરીરરૂપ કુટીમાં પણ મુખ્ય પાંચ વસ્તુ વિશેષ હોવાથી તેનું નામ પંચકુટી કલ્પ્યું છે; બાકી તો તેમાં તે ઉપરાંત બીજી વસ્તુઓ અનેક છે."

એ સાંભળી સુમન બોલ્યો; "પ્રભો! શું આ શરીર જૂદી જૂદી પાંચ વસ્તુઓનું બનેલું છે? તે પાંચ વસ્તુઓ કયી?" ગુરુજી બોલ્યા; "ભાઈ, એમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ, એ પાંચ મુખ્ય વસ્તુઓ છે." સુમને પૂછ્યું; "પિતાજી! એ પાંચ ઉપરાંત બીજી કયી કયી વસ્તુઓ એમાં મળી છે?" ગુરુજીએ ઉત્તર દીધું; "બાપ! એ પાંચ વસ્તુઓ તો સ્થૂલ એટલે દૃષ્ટિથી દેખાય તેવી છે; પણ તે ઉપરાંત જે બીજી ત્રણ વસ્તુઓ ઘણી ચમત્કારિક છે, તે સૂક્ષ્મ એટલે કોઇના જોવામાં નહિ આવી શકે તેવી છે. તે મન, બુદ્ધિ ને અહંકાર છે. મનના પેટામાંથી એક બીજી વસ્તુ 'ચિત્ત' એ નામે પ્રસવે છે, ને તેથી એના સહિત તેઓ ચાર ગણાય છે. એ ચાર તથા પ્રથમ ગણાવેલી પાંચ મળી, નવે વસ્તુમાંથી ઉપજેલી બીજી પેટા વસ્તુઓ ઘણી છે. તે સઘળું મળીને આ તારી શરીરરૂપી પંચકુટી બની છે." સુમન બોલ્યો; "કૃપાનાથ! એ નવ વસ્તુમાં મારી તો ગણના આવી જ નહિ, ત્યારે શું હું તેઓ કરતાં ન્યારો જ છું?" ગુરુજીએ કહ્યું; "હા, પુત્ર! તું તેઓ કરતાં તદ્દન જ ન્યારો જ છે. જેમકે, આ પર્ણકુટી સાજી હતી, ત્યારે તેમાં આપણે વસતા હતા અને તે આપણી પર્ણકુટી છે, એમ અભિમાન ધરતા હતા; પણ ખરું જોતાં આપણે તેનાથી જૂદા જ હતા; કેમકે, તે ભાંગીને છિન્ન ભિન્ન થઈ ગઈ, છતાં આપણે ભાંગ્યા કે તૂટ્યા નથી; તે પ્રમાણે આ શરીરરૂપ પર્ણકુટી પણ ભાંગે, તૂટે વા નાશ પામે, તોપણ તેની અંદર

વસનારને કશો બાધ આવતો નથી કે નાશ થતો નથી. તું તે શરીર નહિ, પણ તેમાં વસનારો હોવાથી, તેના કરતાં તદ્દન નિરાળો છે. હે બાપ! એ નવે વસ્તુ જો કે બહુ ચમત્કારિક છે, તથાપિ તે સ્વાત્મબળવાળી નથી; તેઓ જડ છે—પર પ્રકાશથી પ્રકાશનારી છે, ચન્દ્રરૂપિણી છે. જેમ ચંદ્ર, સૂર્યના તેજવડે પ્રકાશિત થાય છે તેમ આ જડ પદાર્થ પણ આત્માની—ચૈતન્યની સત્તાથી પ્રકાશે છે. એ સઘળી એકઠી મળીને આ શરીરરૂપ પંચકુટી તૈયાર થાય છે. પરંતુ તે ચૈતન્ય વિનાની હોવાથી હાલીચાલી કે વૃદ્ધિ પામી શકતી નથી. જડ હોય તે શું કરી શકે? જડ એટલે જીવન-તત્ત્વ-ચૈતન્ય-વિનાનું. જ્યારે તેમાં ચૈતન્ય આવી ભળે છે, ત્યારે તે સજીવન અર્થાત્ જીવતી થાય છે. હે સુમન! એ ચૈતન્ય તે જ તું છે, એમ સમજ."

સંત મહાત્માએ એ પ્રમાણે પંચકુટીનું વર્ણન કહી સંભળાવ્યું, તે પછી સુમનશર્મા ઘણીકવાર સૂધી વિચારમાં જ ઉભો થઈ રહ્યો! તેનું મન હવે ચોમેરથી એકત્ર થઈને અંદર પેઠું ને પોતાને ઓળખવાનો પ્રયત્ન કરવા લાગ્યું. તેણે જાણ્યું કે, પોતે પોતામાં જ છે. પણ ક્યાં છે, કેવો છે, તે તે જાણી શક્યો નહિ. પુષ્કળ શોધ કરવા છતાં એનો ગુંચવાડો મટ્યો નહિ. તે પાછો હાથ જોડીને ગુરુ પ્રત્યે બોલ્યો; "કૃપાનાથ! આપે પૃથ્વી, જળ ઈત્યાદિ વસ્તુઓનો આ શરીરકુટીમાં સંઘાત ગણાવ્યો; પણ તે સઘળી વસ્તુઓ તેમાં રૂપાંતર પામેલી હોવાથી ઓળખી શકાતી નથી." મહાત્માએ કહ્યું; "ભાઈ! એ સત્ય છે; રૂપાંતર થયા પછી વસ્તુને ઓળખવી કઠણ તો પડે જ; પણ તારા સરખાને બહુ કઠણ નથી. સાંભળ: આ શરીરમાં અસ્થિ, માંસ, ચર્મ, રોમ, નખ, એ વસ્તુઓ પૃથ્વીનો ભાગ છે; રુધિર, લાળ, થુંક, પરુ, ઈત્યાદિ જળનો ભાગ છે; જઠરરૂપ આહાર પચાવવાની શક્તિ, આંખમાં જોવાની શક્તિ ઇત્યાદિ તેજનો ભાગ છે; શ્વાસોચ્છ્વાસ, અન્નપાનાદિકને યથાસ્થાને પહોંચાડવાં, મળમૂત્રાદિકનો ત્યાગ કરવો, ઈત્યાદિક ક્રિયારૂપ સર્વત્ર વ્યાપી રહેલો વાયુનો ભાગ છે; હૃદયાદિથી લઈને આખા શરીરમાં જેટલો ભાગ પોકળ છે, તે આકાશનો ભાગ છે. આ પાંચે તત્ત્વો તથા તેઓના ભાગો, સ્થૂલ એટલે આપણી દૃષ્ટિએ દેખાય તેવા છે. પણ તે ઉપરાંત મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ વસ્તુઓ કહી, તે હૃદયપોકળમાં વસે છે ખરી, પણ દૃષ્ટિગોચર થાય તેવી નથી. એ સર્વ જડ વસ્તુઓના સમૂહમાં જે ચેતનરૂપ પદાર્થ વસે છે, તે જ તું. એને જ જીવ એવી સંજ્ઞા છે."

## જીવ કેવો છે?

આ સાંભળી સુમનશર્મા બોલ્યો; "કૃપાનાથ! એ જીવ કેવો છે?" તેના ઉત્તરમાં મહાત્મા ગુરુ બોલ્યા; "બાપ! આ જગતમાં મુખ્યમાં મુખ્ય બે વસ્તુ છે: એક જડ અને બીજું ચૈતન્ય. તારા, મારા અને સર્વ પ્રાણીઓના દેહ તથા બીજું પણ જે કંઈ દૃશ્ય છે તથા અદૃશ્ય છે, તે સઘળું જગત્–એ જડ પદાર્થમાંથી જ થયેલું છે, અને તે સઘળાને જીવન આપનાર તે પરમ ચૈતન્ય છે. જડ પદાર્થ વિકારવાળો અને પરિણામી–નાશવંત છે, પણ ચૈતન્ય અવિકારી અને અવિનાશી છે. જડ વિકારવાળો, એટલે તેના અનેક આકાર અને અવસ્થા અને અનેક રૂપાંતર થાય છે; પણ અવિકારી એવા ચૈતન્યનો કશો આકાર, કશી અવસ્થા કે કશું રૂપાંતર થતું નથી. એ અગ્નિથી બળતો નથી, પાણીથી સડતો નથી, વાયુથી શોષાતો નથી, શસ્ત્રથી કપાતો નથી, ને કાળાંતરે પણ ક્ષય–લય પામતો નથી, તે વધતો કે ઘટતો પણ નથી. એ, સર્વને વિષે જીવનરૂપ હોવાથી જીવ એવી સંજ્ઞા પામેલો છે. એ જ પરબ્રહ્મ, પરમાત્મા–પરમેશ્વર. પ્રભુ–પરબ્રહ્મ–પરમ બ્રહ્મનો અંશ હોવાથી તેને ઓળખ્યો, એટલે પરમાત્માને ઓળખવાનું દ્વાર ખુલ્લું થાય છે. એનું યથાર્થ સ્વરૂપ કેવું છે, એ માટે કેટલાક જિજ્ઞાસુ લોકોએ પૂર્વે એક મહા પુરુષને પૂછ્યું, ત્યારે તેમણે ટુંકમાં માત્ર એટલું જ કહ્યું કે; 'જીવ એ અખંડાનંદ પરમાત્માની સત્તા માત્ર છે. તમારા સર્વના ઉપર વ્યાપી રહેલી તમારા રાજ્યકર્તાની સત્તા, કે જેને અનુસરીને તમે સૌ સન્માર્ગે વર્તો છો, તે સત્તા શું તમારા જોવામાં આવે છે? એનું સ્વરૂપ કેવું છે? તે તમે કહી શકશો? એ સત્તા શું કાળી, ધોળી, લાંબી, ટુંકી, ઊંચી, નીચી, ઇત્યાદિ કોઈ પણ પ્રકારની કહી શકાશે? નહિ જ. એ જ પ્રમાણે જેનું સ્વરૂપ કળી કે કથી ન શકાય, એવો ઈશ્વરી સત્તારૂપ જીવ છે. તે શુદ્ધ છે, સનાતન છે, અખંડ છે, અલેપ છે ને વ્યાપક છે. એનું યથાર્થ રૂપ જાણવું જોવું બહુ દુર્લભ છે ને તે આ ચર્મચક્ષુથી દેખાય તેવું નથી જ, તેમ જ શિવ–પરબ્રહ્મ–પરાત્પર–પરમાત્માનું સ્વરૂપ પણ ચર્મચક્ષુથી દૃશ્યમાન થાય તેવું નથી, તેમ જ સહજમાં કળી પણ શકાય તેવું નથી. એ તો બુદ્ધિરૂપ નેત્રથી જોવાનું છે. વાણીવડે એનું યથાર્થ વર્ણન પણ થઈ શકે તેવું નથી. એનું યથાર્થ સ્વરૂપ જાણવા માટે ઘણા પ્રબળ પુરુષાર્થની જરૂર છે. પણ જિજ્ઞાસુ–મુમુક્ષુ જ્યારે

વિધિસંયુક્ત દૃઢ અભ્યાસરૂપ પુરુષાર્થ કરે છે, ને તે પુરુષાર્થ પરિપક્વ થાય છે, ત્યારે ભગવાનની કૃપાથી આપોઆપ જ એ સ્વરૂપનું જ્ઞાન તેના હૃદયમાં પ્રકટ થાય છે; અને જ્ઞાન પ્રકટ થયા પછી, નિત્યના અભ્યાસથી એ પરમપુરુષનો સાક્ષાત્કાર થાય છે; અને ત્યારે આ જીવ નિર્બંધ–મુક્ત થાય છે. એ માટે પરમાત્માએ પોતાના પ્રિયતમ સેવકો પ્રત્યે કહેલું પણ છે કે, 'મનુષ્ય જ્યારે પ્રેમ અને ભક્તિપૂર્વક મારા માર્ગવિષે મન લગાડીને અભ્યાસ કરે છે, ત્યારે તેના હૃદયમાં જ્ઞાનરૂપ દીપકવડે હું પ્રકાશ કરું છું, જેથી તે પોતાની મેળે સ્વસ્વરૂપને જાણી લે છે."

વળી પરમાત્માએ કહ્યું છે કે, "ચિત્ત અને પ્રાણને પણ મારેવિષે લગાડીને જેઓ પરસ્પર મારો બોધ કરે છે, નિત્ય મારું કથન કરે છે, ને તેમાં જ સંતુષ્ટ થઈ રમણ કરે છે, એવા સતત અભ્યાસથી મને પ્રીતિપૂર્વક ભજનારાઓને હું એવો બુદ્ધિયોગ આપું છું કે, જેવડે તેઓ મને પ્રાપ્ત થાય છે. તેઓનાપરની અનુકંપા–દયાને અર્થે હું તેઓના હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપ અંધારાને જ્ઞાનરૂપ દીપકવડે પ્રકાશ કરીને નાશ કરી દઉં છું." હે વત્સ! એટલા માટે જે પુરુષ ભક્તિ રહિત હોઈને એ પ્રમાણે પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનારો ન હોય, તેને એ આત્મસ્વરૂપનું જ્ઞાન કહેવું પણ યોગ્ય નથી; કેમકે એ અપાત્ર હોવાથી તેને કહેલું સર્વ વ્યર્થ જાય છે. એવા અભક્ત અને પુરુષાર્થ નહિ કરનાર મનુષ્યનો જીવ સ્વતંત્ર નથીઃ તે પ્રકૃતિને વશ થઈ ગયેલા હોય છે અને એ પ્રકૃતિ સ્વભાવથી જ જડ તથા અધોમાર્ગે ઉતરી જનારી હોય છે, એટલે તેને વશ થઈ ગયેલો પ્રાણી ઉત્તમ આચરણ શી રીતે કરી શકે? તેથી જીવને ઓળખવાનો અભ્યાસ કરનારા મનુષ્યે પ્રથમ જીવની પ્રકૃતિ, એટલે જે જડ સમુદાયની અંદર જીવ રહેલો છે એ સમુદાયરૂપ વસ્તુઓને, સારી પેઠે ઓળખવી તથા વશ કરવી જોઇએ."

## જીવની સેના

એ સાંભળી સુમન બોલ્યો; "કૃપાનાથ! એ પ્રકૃતિ કેઈ? તેને કેવી રીતે વશ કરવી જોઇએ?" મહાત્મા ગુરુએ કહ્યું "પ્યારા સુમન! સુમન પેરે સુગંધ પ્રસરાવવા જે પ્રશ્ન તું પૂછે છે, તેથી હું સંતુષ્ટ છું. સાંભળઃ લક્ષ દે. જેમ કોઈ એક રાજ્યનો રાજા છે, તે આખા રાજ્યનો ધણી છે, ને સર્વના ઉપર તેની સત્તા છે, તથાપિ

રાજ્યનું સઘળું કાર્ય કંઈ તે પોતાના હાથથી કરી શકતો નથી; માટે તે રાજ્યના કાર્યભાર સારુ તેને અનેક કારભારીઓની જરૂર પડે છે, ને તેઓને હાથે કામ કરાવવું પડે છે; તેમાં જો તે કારભારીઓ નીચ સ્વભાવના, કુટિલ, વાચાળ તથા સ્વાર્થી હોય તો તેઓ પોતાના સ્વભાવને અનુસરીને રાજાને પણ અનેક ઉલટી વાતો સમજાવી, છળકપટથી પોતાને વશ કરી લે છે, ને પોતાના એક રમકડા સરખો પરતંત્ર કરી લઈ, ગમે તેવે નીચ માર્ગે ઉતારી પાડે છે; તે જ પ્રમાણે આ જીવને પણ એક રાજારૂપે જોઇએ તો તેના કારભારીઓ પણ એવા જ કુટિલ, સ્વાર્થી, અને નીચ સ્વભાવના છે; તે છળબળ કરીને તેને પોતાને વશ કરી લઇને નીચ--અધમ માર્ગે ઉતારી પાડતાં વાર લગાડતા નથી. તેથી તેઓના હાથમાં પરતંત્ર થઈ ગયેલા જીવને, આ લોકના કે પરલોકના સુખની આશા જ રહેતી નથી: તો પછી સર્વ સુખનું મૂળ એવું પોતાનું સ્વરૂપ જાણવાની તો આશા શાની જ હોય? આટલા માટે પ્રથમ જીવના સૈન્યને મનુષ્યે સારી પેઠે ઓળખીને તાબે કરવાની આવશ્યકતા છે."

આટલું કહીને મહાત્મા મુનિ પાછા બોલ્યા; "આપણે એવી કલ્પના કરીએ કે, જીવ એ એક સમર્થ રાજા છે, અને આ શરીર તે એનું રાજ્યસ્થાન છે. એને વિષે એની સેના ભિન્નભિન્ન સ્થાને વસે છે. આ દેહરાજ્યનું યથાર્થ વર્ણન તો બહુ વિસ્તારવાળું છે, પણ સમજવા માટે કંઇક વર્ણન હું કરું છું. આ શરીરરૂપ જે જીવનું રાજનગર છે, તેમાં બુદ્ધિ, તે રાજાનો મંત્રી છે; કામ એટલે સર્વ પ્રકારની ભોગાભિલાષારૂપ માયા, તે પ્રધાન છે; ક્રોધ સેનાપતિ છે; ચક્ષુ તથા શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયો, તેના કાર્યભારીઓ; ને હસ્તપાદાદિક કર્મેન્દ્રિયો તે તેના અનુચરો છે; સદ્વાસનાઓ તથા દુર્વાસનાઓ અને અસંખ્ય પ્રકારની મનોવૃત્તિઓરૂપ તેની પ્રજા છે. કામ જે તેનો પ્રધાન છે, તે બહુ જૂઠો, પાખણ્ડી અને સર્વ અધમતાનું મૂળ છે; ક્રોધ સેનાપતિ, કે જેના હાથમાં કોટવાલનું પણ કામ છે, તે મહા ક્રૂર અને તીક્ષ્ણ છે--એ સર્વદા જીવોનો ઘાત જ ઇચ્છે છે. કામરૂપ પ્રધાન એમ જ ઇચ્છે છે કે, રાજાનો સર્વ વૈભવ હું જ ભોગવું ને તેનું દ્રવ્ય ખર્ચી નાંખું; તેથી બુદ્ધિરૂપ મંત્રીની સાથે એકતા તથા એકવિચાર ન રાખતાં, કેવળ સ્વેચ્છાચારી બની જાય છે. આવાં કારણથી જીવરાજનું નગર બહુ દુઃખી રહે છે. આમ થતાં પણ જો સાવધ અને દૃઢ રહી, જીવરાજ પોતાના ડાહ્યા મંત્રી બુદ્ધિની સાથે એકમત થઇને શાંતપણે એકાંતમાં વિચાર ચલાવે, ને

ઉન્મત્ત થયેલા પ્રધાનરૂપ કામની સત્તા નિર્બળ કરી, તેને પોતાને વશ કરી લઈને, ડાહ્યા મંત્રીના વિચારથી કિંચિત્ પણ વિરુદ્ધ ન ચાલવાનો ઠરાવ રાખે, તો પછી ક્રોધરૂપ કોટવાલ પોતાની મેળે જ તેને આધીન થઈ જાય છે; અને તે જીવરાજના રાજ્યમાં કોઈ જાતનો ઉત્પાત કરી શકતો નથી. આમ થવાથી જીવરાજનું રાજ્ય તેને સ્વાધીન થઈ, પરમ સુખરૂપ થાય છે. કામ અને ક્રોધ મહા નટખટ છે ખરા, પણ તે શરીરની રક્ષાને જ માટે ઉત્પન્ન કરેલા છે, નહિ કે શરીરના નાશને માટે. પરન્તુ જો જીવ તેઓને વશ થઈ જઇને દુરાચારી બની જાય, તો તેનું આખું રાજ્ય નાશ પામે છે. કામક્રોધાદિ પ્રધાન મંત્રીઓ પણ, ઇન્દ્રિયાદિક કારભારી અને સેવકવર્ગદ્વારા પોતાનું કામ કરે છે. એ ઇન્દ્રિયોને પણ જો સ્વચ્છંદતાથી, પોતાને ઇચ્છિત માર્ગે ચાલવા દેવામાં આવે તો તેથીએ મોટો અનર્થ થાય છે. માટે તે ઇન્દ્રિયાદિક સેવકવર્ગને બુદ્ધિરૂપ મંત્રીદ્વારા, જીવરાજ પોતાના વશમાં જ રાખે, સર્વને પોતપોતાની ઇચ્છાનુસાર ચાલવા ન દે, તો જ જીવરાજનું રાજ્ય સુખરૂપ ચાલે. પણ વળી જાણ કે, કામ, ક્રોધ, ઇન્દ્રિયો ઇત્યાદિ વિના દેહરૂપી રાજ્યનો નિભાવ પણ થતો નથી, તેમ તેઓ પ્રબળ ને ઉન્મત્ત થઈ જાય તો તેથી અનર્થ પણ થાય છે. માટે પ્રત્યેક સમયે બુદ્ધિરૂપ મંત્રીએ તેઓને પ્રબળ ન થવા દેતાં, હંમેશાં દબાયલા જ રાખ્યા કરવા જોઇએ. તેઓ પોતાને વશ રહે, એટલે જીવરાજ સદા સાવધ રહી, પોતાપણાંને વિસરી જતો નથી, અને પોતાના મહારાજાધિરાજ પરમાત્મા કે જેઓનું આપેલું રાજ્ય ભોગવે છે, તેનાથી વિમુખ ન થતાં, તેની કૃપાનું પાત્ર બની જાય છે. મહારાજાધિરાજની કૃપા સંપાદન કરવી, એ જ તેનું ખરું કર્તવ્ય છે. કેમકે તે કૃપાળુનો પોતે અંશ છતાં તેમનાથી વિખૂટો પડી ગયો છે. તે તેમની કૃપા વિના તેમનાં દર્શન પામવાનો નથી, તો પછી તેમને જઈ મળવાની તો આશા જ ક્યાંથી રાખે ?"

આ પ્રમાણે વાતચિત કરતાં કરતાં સમય વીતી ગયો. સાયંકાળનો હોમ કરવા વેળા થઈ. તે મહાત્મા ગુરુદેવ તત્કાળ ગંગામાં સ્નાન કરવા પધાર્યા. સુમનશર્મા પણ સ્નાનથી શુદ્ધ થઈ યજ્ઞસેવામાં સહાયભૂત થઈ ગયો.

અહીં સૂધીનો ઇતિહાસ સાંભળીને, રાજપુત્ર જીવનસિંહ પોતાના ગુરુદેવને વંદન કરી બોલ્યો; "કૃપાનાથ ! હવે તો હું શું, પણ આ સઘળા વિદ્યાર્થીઓ સુદ્ધાં સમજ્યા હશે કે, પોતાને ઓળખવું, એ કેટલું

બધું વિકટ છે. વારુ, કૃપાનાથ! એવી રીતના કુટિલ કારભારીઓ અને નીચ સેવકોના સમૂહ વચ્ચે રહેલો જીવ પોતે સ્વભાવે કેવો છે તે કહો."

## જીવનો સ્વભાવ

એ પ્રશ્ન સાંભળી તેના વિદ્યાધ્યાપક ગુરુજી આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- "બાપ જીવન! મૂળ સ્વરૂપે જીવ તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માનો અંશ હોવાથી કેવળ શુદ્ધ, સનાતન અને સત્વમય છે; પરમ ચૈતન્યરૂપ છે; મહાપવિત્ર અને નિર્લેપ છે; અવિનાશી છે; અપ્રમેય છે; અજન્મા છે; નિત્ય છે; શાશ્વત છે; અદ્વૈત છે ને સૌથી પ્રથમ છે. વળી એ અવ્યય તથા અવિકારી છે, અચિંત્ય છે ને અચળ છે; સર્વગત અને અવ્યક્ત છે; છતાં સ્વભાવથી જ જડ, વિકારી તથા પરિણામવાળી એવી પ્રકૃતિ કહેતાં માયાનો સંગી હોવાથી તેનામાં અનેક પ્રકારના વિલક્ષણ સ્વભાવોનો, કુતર્ક—અસત્તાનો પ્રવેશ થવા પામે છે. તેવા વિલક્ષણ સ્વભાવો જો કે અસંખ્ય છે, તથાપિ જૂદા જૂદા ચાર પ્રકારોમાં તેઓની વેહેંચણી કરીએ તો તે સમજવા સરળ થઈ પડે. એક તો પશુવત્ સ્વભાવ, બીજો રાક્ષસી સ્વભાવ, ત્રીજો પ્રેતાદિક સ્વભાવ ને ચોથો દૈવી સ્વભાવ. એમાં દૈવી સંપતનો જો જીવને સંગ થાય તો તેથી તે ઉત્તમ અવસ્થાને પામે છે ને આસુરીસંપતનો સંગ થાય તો નાશ પામે છે."

એ સાંભળી જીવનસિંહ બોલ્યો; "કૃપાનાથ! આપે પ્રથમ તો કહ્યું કે, જીવ અવિનાશી છે, તે કોઇથી કે કશાથી નાશ પામતો નથી; અને વળી કહો છો કે, અશુભ કહેતાં આસુરી સંપતનો સંગ થવાથી જીવ નાશ પામે છે, એ તો વિરોધવાળી વાત થઈ!" મહાત્મા અધ્યાપક તેને ધન્યવાદ આપી બોલ્યા; "બાપ જીવનસિંહ! તારું પ્રશ્ન અતિ ઉત્તમ છે. મેં જે પૂર્વે કહ્યું છે કે, જીવાત્મા અજર, અમર તથા અવિનાશી છે, એ વાત જ યથાર્થ છે. તે શુદ્ધાત્મા છે. તો પણ આસુરી સંપતને વશ પડવાથી તે નાશ પામે છે, એમ કહેવાનો હેતુ એવો છે કે, યોનિમાં જન્મવાથી જીવને અજ્ઞાનરૂપ અંધકારમાં જ પડી રહેવું પડે છે ને પ્રકૃતિના સંગથી અસંખ્ય દુઃખો જ ભોગવવાં પડે છે તથા ઉત્તરોત્તર તેના કરતાં વિશેષ અધમાધમ યોનિઓમાં અવતાર ધરીને સદાને માટે રીબાયા કરવું પડે છે, અને તેમાંથી ઉદ્ધાર થવાનો પ્રસંગ બહુ જ અલભ્ય થઇને દૂર જતો રહે છે. આનું જ નામ આત્માનો નાશ કહેવાય છે. આ સંસારમાં વારંવાર જન્મવું ને મરવું—એક બાહ્ય-

માંથી નિકળી બીજામાં પડવું-એ જ આત્માનો નાશ માનવાનો છે. આત્મા પંડે તો અજન્મા છે, છતાં પ્રકૃતિના સંગથી તેને વારંવાર અનેક પ્રકારના દેહ ધરવા તથા મૂકવા પડે ને તે વેળાનું એટલે કે દેહ ધરવાનું તથા મૂકવાનું એટલે જન્મનું ને મરણનું જે અપાર કષ્ટ છે, તે તેને દેહરૂપે નિરુપાયે ભોગવવું પડે છે. પુરુષ એવો જે જીવ, તે પ્રકૃતિને સંગે રહીને પ્રકૃતિ થકી ઉત્પન્ન થયેલા ગુણોને ભોગવે છે અને સારી તથા નરતી યોનિમાં તેને જન્મ લેવો પડે છે. એનું કારણ એટલું જ કે, તે પ્રકૃતિના ગુણોનો સંગી છેઃ પ્રકૃતિના ગુણોમાં લેપાઈ જવાથી પોતે પોતાપણું તદ્દન જ ભૂલી જાય છે, એટલે હું કોણ અને શી વસ્તુ છું, એનું તેને કેવળ જ વિસ્મરણ થાય છે. એવી રીતે પોતાપણાને વિસરી ગયેલા પ્રાણીને, સદ્અસદ્ વસ્તુનું કે આચરણનું, કે દૈવી આસુરી સંપતના સુખદુઃખનું ક્યાંથી ભાન રહે? મેં પૂર્વે કહી બતાવેલી ચાર પ્રકારની સંપત્તિ તેનામાં પ્રવિષ્ટ થવા પામે છે. પશુઓ, રાક્ષસો, પ્રેતો ને દેવો, એ ચારેમાંથી ગમે તે સંપત્તિને વશ થઈ ગયેલો તે પ્રાણી, તેવાં જ કર્મ કરે છે, ને અંતે તે તે કર્મનું તેવું જ-ઉત્તમ કે અધમ-ફળ ભોગવવા માટે મનુષ્યપણાથી ભ્રષ્ટ થઈને, અધમાધમ યોનિમાં અવતરે છે."

એટલું કહી જીવનસિંહના વિદ્યાગુરુ બોલ્યા; "બાપ જીવન! તું કદાચ કહીશ કે, મનુષ્ય પ્રાણીમાં વળી પશુવત્ સ્વભાવ કેમ કરીને પ્રવિષ્ટ થઈ શકે? તેના સમાધાનમાં સમજવાનું છે કે, મનુષ્યમાં જે નાના પ્રકારના ભોગો ભોગવવાની અભિલાષા તથા તૃષ્ણા, ક્ષુધા, ભય, નિદ્રાદિક ગુણો છે, તે પશુઓના છે. પશુઓમાં એટલા ગુણો તો સ્વાભાવિક જ હોય છે, ને એમાં જ તેઓનું કૃતકૃત્યપણું પણ છે. પશુમાં જે ગુણો છે, તે મનુષ્યમાં પણ છે જ અને એના કરતાં અધિક સારા ગુણ જેનામાં હોય નહિ, તે મનુષ્ય પશુ સંપતનો સ્વામી જાણવો! બીજો જે ક્રોધમય સ્વભાવ છે, કે જેવડે પારકી ઈર્ષા, કઠોર વચન, નિર્દયતા અને હિંસકપણું ઈત્યાદિ દુર્ગુણો ઉપજે છે, તે રાક્ષસોનો સ્વભાવ છે. રાક્ષસોમાં અનેક પ્રકારનાં છળ કપટ કરવાં, દંભ કરવો, દાવપેચ રમવા, મિથ્યા ઉપાધિઓ વહોરવી ને છેવટે જેનું ફળ પાપ વિના કે દુઃખ વિના બીજું કંઈ જ મળતું નથી તેવાં કર્મો કરવાં, ધર્મનો તથા પરલોકનો સદાનો ત્યાગ કરવો, ગુણમાં પણ દોષારોપ કરવો, એ સર્વ આસુરી સ્વભાવ છે. ત્રીજો પ્રેત સ્વભાવ છે. ભૂતો તથા પ્રેતો

અદૃશ્યપણે રહીને મનુષ્ય પ્રાણીઓને અનેક છળકપટ વગેરે કરી ભય પમાડે છે, દુઃખ દે છે, પણ તેથી તેઓને પોતાને યત્કિંચિત્ પણ સુખ થતું નથી; ઉલટો પરિશ્રમ અને દુઃખ જ તેઓને કર્મે તો વહેવાનાં છે. તેવા ગુણવાળા મનુષ્યો પ્રેતસ્વભાવની ગણતીમાં છે. આ ત્રણે ગુણવાળાને શ્રીકૃષ્ણે આસુરી સંપતમાં ગણ્યા છે. ચોથો સ્વભાવ દેવતાનો છે—એ દૈવી સંપત છે. દેવતાઓ જેમ સૌ વાતે પવિત્ર રહી, અનેક પ્રકારની સંજીવની આદિક દિવ્ય વિદ્યાઓનો આશ્રય કરે છે, પરોપકાર કરે છે, સત્વગુણને અનુસરી અનેક સત્કાર્યો તથા પુણ્યરૂપ કર્મો કરે છે, સદ્વસ્તુનો સંગ અને અસદ્વસ્તુ પ્રત્યે વિરાગ ધારણ કરે છે, નિંદ્ય કર્મોનો સર્વથા ત્યાગ કરી, સર્વ જીવોના સુખ માટે પ્રયત્ન કરે છે, અને સર્વદા કલ્યાણને જ માર્ગે પ્રવર્તે છે એવા ગુણવાળા મનુષ્યો દૈવી સંપત છે. દૈવી સંપત, ત્યાગ, તિતિક્ષા તથા તપનું અહોકાળ સેવન કરે છે.”

“હે જીવન! એ ચારેમાંથી પ્રાણી જે જે સ્વભાવને વશ થાય છે, તેવો તેવો થઈને તેવા તેવા સ્થળને પામે છે. એ ચારેમાં પણ માત્ર દૈવી સંપતને માટે જ દેવયાન માર્ગ નિર્માણ કર્યો છે. દૈવી સંપત એ જ, સ્વાત્મસ્વરૂપ–સ્વાત્મજ્ઞાન–બ્રહ્મજ્ઞાન–કરાવવામાં સહાય થનાર છે અને પરિણામે પરમ સુખને આપનાર છે. તે વિનાના અન્ય ત્રણે તો અધોમાર્ગે–નરકે લઈ જનારા છે. એટલા માટે તું દૈવી સંપતનો આશ્રય કર. હે બાપ! એ સ્વભાવો કંઈ મનુષ્યના શરીર સાથે સંબંધ ધરાવતા નથી, પણ તેના હૃદય–આંતર સાથે સંબંધ રાખે છે, ને તેથી જેવા સ્વભાવનો સંબંધ થાય તેવું તદ્રૂપ હૃદય થઈ જાય છે. આ સંબંધમાં તને એક દૃષ્ટાંત કહું છું તે તું સાંભળ.”

### સ્વપ્નથી સ્વભાવપરીક્ષા

“કોઈ એક અતિ તૃષ્ણાળુ મનુષ્યને એકવાર એવું સ્વપ્ન આવ્યું કે, જાણે પોતે એક શ્વાનરૂપ બન્યો છે: તે બહુ ભૂખ્યો, તેમ જ તરસ્યો છે, ને નગરમાં ઘેરઘેર ભટકે છે, પણ તેને કોઈ પણ સ્થળેથી કટકો રોટલો મળતો નથી. એવામાં એક બાળક હાથમાં પૂરી લઈને ઘરના આંગણા આગળ રમે છે, તેને જોઈ અસહ્ય ક્ષુધાના ત્રાસને લીધે તે તેની પાસે દોડી જાય છે, અને પેલી પૂરી ઝુંટાવી લઈને નાસવા જાય છે, તેવો જ તે બાળકનો પિતા, પછવાડે જોઈ રહ્યો હતો, તે એક મોટો ધોકો લઈને તેની પૂઠે પડે છે; જોરથી બે ચાર લાકડીના સપાટા ખેંચી કાઢે છે, ને તે

શ્વાન મૂર્ચ્છાગત થાય છે. પેલી પૂરી તો ક્યાંય પડી ગઈ, પણ તેના બદલામાં મોંઢે ધૂળ ભરાઈ જઇને, તેનાથી મોટેથી ભસાઈ જવાય છે. આ સઘળું જો કે સ્વપ્નમાં થયું હતું, પણ એ મારના ભયથી બૂમ તો સ્વપ્નસ્થ પુરુષથી સાચેસાચ જ પડાઈ ગઈ. શ્વાન જેમ રોતો હતો, તેમ જ તે નિદ્રાવશ પુરુષ પણ શય્યામાં સૂતો સૂતો રડવા લાગ્યો, ને તે સાથે જાણે ખરેખરો જ લાકડીનો માર પોતાને વાગ્યો હોય, તેમ તેના ત્રાસથી તે જાગી પણ ઉઠ્યો. એ જોઈ જોડે સૂતેલી તેની સ્ત્રી, કે જે તેના રડવાના શબ્દથી જાગી ઉઠી હતી, તે તેને આશ્વાસન આપી હૃદય સાથે ચાંપીને પૂછવા લાગી કે; 'હે સ્વામીનાથ! તમને એકાએક આ શું થઈ આવ્યું, તમારું હૃદય આમ અતિશય શ્વાસથી ભરાઈ કેમ ગયું છે? શા સારુ રુદન કરો છો? શું કોઈ વીંછી કે સર્પાદિક ઝેરી જીવે દંશ કર્યો? વા કાંઈ અગમ્ય વ્યાધિ તમારા શરીરમાં ઉત્પન્ન થયો છે?' એ સાંભળી લજ્જિત થઈને, તેમ જ બળે કરીને પોતાના રુદનને તથા શ્વાસને આવરીને તે પુરુષ બોલ્યો, 'અહો! મને એ શું થયું? સાચે, મને આમ કેમ થઈ ગયું? અરર! એ તો બધું ખોટું, આળપંપાળ! લાકડી શી ને કૂતરો શો! શિવ! શિવ! મારો જીવ ક્યાં ભટકવા ગયો હતો? કંઈ નહિ, એ તો બધું મિથ્યા છે!' એ સાંભળી સ્ત્રીએ પૂછ્યું; 'કૃપાનાથ! લાકડી શાની? કૂતરો શો? આ બધું તમે શું બોલો છો, તે મને સમજાવો.' તે પુરુષ બોલ્યો; 'પ્રિયે! એ તો મને કંઇક સ્વપ્ન થયું હતું, તેમાંના વિલક્ષણ દેખાવથી મારો આત્મા ગભરાયો હતો!' એ સાંભળી સ્ત્રીએ તે સંબંધી સઘળી વિગત જાણવા આગ્રહ કરવાથી તેણે પોતાના સ્વપ્નનો અથેતિ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને સ્ત્રીને પ્રથમ તો આશ્ચર્યને લીધે એટલું બધું હસવું આવ્યું, કે જે કેમે કર્યું અટકે જ નહિ. પણ પછી ધૈર્યવડે પોતાના હાસ્યને આવરીને, હાથ જોડી બોલી; 'કૃપાનાથ! આ દાસીનો જો કે અધિકાર તો આપને કહેવાનો નથી જ, તથાપિ વિજ્ઞાપન તરિકે કહેલું હિતવચન કંઈ અયોગ્ય ગણાશે નહિ. આપ સૌ વાતે યોગ્ય અને જ્ઞાતા છો અને ઇતર મનુષ્યોને સુદ્ધાં બોધવડે સન્માર્ગે લગાડનારા છો, તદપિ આપના અંતઃકરણને વિષે જઇને ભરાઈ બેઠેલો એક મહા પ્રબળ શત્રુ છે, તેને જાણવા છતાં કેમ કાઢી મૂક્તા નથી? હું ધારું છું કે, તમોને સ્વપ્નમાં પણ આવું લજ્જાસ્પદ સંકટ આપનાર એ દુષ્ટ શત્રુ જ છે. એ શત્રુ છે, છતાં

એને આપ પરમ મિત્ર કરતાં પણ અધિક પ્રિય ગણી તેની સંગે સદા લાડ કરો છો, એ જ આ ભગવાનની મહામાયાનું વિલક્ષણ બળ છે. ભગવાનની માયા ગમે તેવો પંડિત પણ જો હરિવિમુખ હોય તો તેનો સહજમાં સપડાવી દે છે. આપ સુજ્ઞ છતાં પોતાનું અહિત કરનાર શત્રુને વશ થઈ રહ્યા છો, એટલે સુધી આપનાપર હરિની માયાનું પ્રાબલ્ય ચાલ્યું છે, તેનું કારણ માત્ર હરિની વિમુખતા જ છે. આપ સંસારમાં તો સૌ વાતે વિચક્ષણ છો; પણ એ સંસારની સન્મુખતા જ પ્રાણીને શ્રીહરિથી વિમુખ કરી નાંખે છે અને આ સંસારની સન્મુખ છો, માટે જ શત્રુને મિત્ર ગણો છો એ આપ જાણતા નથી એ મહદાશ્ચર્ય મને તો ભાસે છે; અને આપનો એ હિતશત્રુ પોતાને ફાવે તે રીતે આપને મદારીના મર્કટની પેઠે રમાડે છે, નચાવે છે, હસાવે છે, રડાવે છે. એ આપનો હિતશત્રુ કોણ છે, તે આપે ઓળખ્યો? આવશ્યક ને અનાવશ્યક એવાં સર્વ દ્રવ્યોનો અતિ લોભ, એ જ આપને અંગે અંગે વ્યાપેલી તૃષ્ણાનો પુત્ર આપનો શત્રુ છે. એ માતાપુત્ર બંનેને આપે સારી રીતે આશ્રય આપેલો છે. સ્વામિનાથ! પૂર્વે એ માતાપુત્રે કિંવા એકલી માતાએ, વા એકલા પુત્રે જ, કેવા કેવા મહાન્ અનર્થો કરેલા છે, તે પર લક્ષ દ્યો. એને આશ્રય આપનારા મહાસમર્થ વીરોનો પણ એણે કેવી નિર્દયતાથી ક્ષય કરી નાંખેલો છે તે વિચારો. એઓના જેવી દુષ્ટતા કોઇનામાં, હું જાણું છું કે, નહિ હોય. સ્વામિનાથ! મારા પિતાશ્રી પૌરાણિક હોવાથી તેઓ રાજાના દરબારમાં નિત્ય કથા કરવા જતા હતા. ત્યાં જે જે રમ્ય ઇતિહાસો તેઓ કથન કરતા, તે હું બાળપણમાં તેમની સાથે જતી તેથી એકચિત્તે શ્રવણ કરતી હતી. ત્યાં સાંભળેલું મને સ્મરણમાં છે કે, તૃષ્ણા અને લોભાદિકે, મોટા મોટા રાજર્ષિઓ ને મહર્ષિઓને પણ દુઃખમાં ડુબાડી દીધા છે, ને અસંખ્ય વિટંબણાઓમાં નાંખેલા છે. મહાત્મા જનો પણ લોભ ને તૃષ્ણામાં ડુબેલા હોવાથી તરી શક્યા નથી તો પછી આપણું સામાન્ય જનોનું શું ગજું? વળી સ્વામિનાથ! કદાચ આપ એમ કહેશો કે, હું એવો લોભી છું એવું તું શા ઉપરથી કહે છે? મેં શ્રવણ કરેલું છે કે, જે મનુષ્ય જેવી પ્રકૃતિવાળો તથા જેવી અભિલાષાવાળો હોય છે, તેનું અંતઃકરણ સદાસર્વદા તે તે વસ્તુની પ્રાપ્તિના વિચારોમાં જ નિમગ્ન રહ્યા કરે છે; અને જાગ્રતપણામાં કરેલા વિચારો તથા અભિલાષાઓનું તેને સ્વપ્નાવસ્થામાં પણ

જેવું ને તેવું જ—આશા સફળ થવારૂપે કે નિષ્ફળ થવારૂપે—દર્શન થાય છે; અને તેથી જ હું ધારું છું કે, આપનો અતિ લોભ—અતિ તૃષ્ણાનું આ દિગ્દર્શન થયું છે. વળી મેં એમ પણ સાંભળેલું છે કે, અતિ તૃષ્ણા એ ભટકતા શ્વાન સરખી છે. શ્વાનની ક્ષુધા તૃષા કદી પૂર્ણ થતી નથી; કેમકે ક્યાંયથી એને પેટપૂર અન્ન કે જળ મળતું નથી. તે અન્ન મેળવવાને ઘરઘર ને આંગણે આંગણે ભટક્યા જ કરે છે. કોઈ ઠેકાણેથી કદી ટુકડો મળે છે, તો કોઈ ઠેકાણેથી વગર આપ્યે લેવા જાય કે ઘરમાં પેશી જાય છે, ત્યારે તેને લાકડીના સપાટા સહેવા પડે છે. એવી રીતે અતિ તૃષ્ણાવાળું મનુષ્યનું મન પણ સદા જ ભટક્યું રહે છે. તે અનેક અનર્થો કરે છે, તેથી પરિણામે તેને તેવી નીચ શ્વાનાદિકની યોનિ પ્રાપ્ત થાય છે. એ આપને થયેલા આ સ્વપ્ન ઉપરથી યથાર્થ છે, એમ મારું માનવું છે. માટે આપ કૃપા કરીને હવે એવી અકલ્યાણકારિણી તૃષ્ણાનો ત્યાગ કરો."

"એ પછી તે જીવ, પોતાના મનમાં સારી પેઠે સમજ્યો કે, મારી અતિ તૃષ્ણા, ખરે જ મને નીચ યોનિમાં લઈ જશે, ને ત્યાંથી અંતે મારે નરકમાં પડવું પડશે. તે દિવસથી તેણે મનને સારી પેઠે સાવધ કરીને, વધી પડેલી સમગ્ર તૃષ્ણાનો ધીમે ધીમે ત્યાગ કરવા માંડ્યો. હે જીવનસિંહ! જેમ બને તેમ મનુષ્યે પોતાના સ્વભાવને ઉત્તમ અને દૈવી સંપતથી સંપૂર્ણ સંસ્કારી કરવા માટે સદા પ્રયત્ન કરતા રહેવું; તથા નીચ સ્વભાવનો કિંચિત્ પટ પણ હૃદયને લાગવા દેવો નહિ."

## મનુષ્યની ઉત્તમતા

આટલા બધા લાંબા પ્રસંગની કથા ઉપરથી કદાચ વાંચકને વિસ્મૃત થયું હશે, કે આ કથા પ્રસંગ કયે સ્થળે કહેવાયો છે. એનું મારે સ્મરણ કરાવવું જોઇએ. પેલાં બાષ્પથી ઢંકાયલાં ને મેઘમંડળને ભેદી ગયેલાં હિમગિરિનાં ઉન્નત શિખરો વચ્ચે આવેલી ખીણમાંનો પવિત્ર આશ્રમ, ત્યાંની ચિદ્‌ગુહા, ત્યાં વસતા સદ્‌ગુરુ મહાત્મા, સુવિચાર અને છદ્મલિંગ એ નામના પરમ અધિકારી તેમના શિષ્યો, ઇત્યાદિ વાત સદા સંભારી રાખવાની છે. એ સદ્‌ગુરુ—યોગીશ્વરનાં વચનામૃતનું પૂર્ણ પ્રેમથી પાન કરનારા તે બંને શિષ્યોની આગળ આ કથાપ્રસંગ ચાલે છે. અહીં સૂધીનું આખ્યાન સાંભળીને પ્રસન્ન થયેલા તેઓમાંનો નાનો છદ્મલિંગ કર જોડીને બોલ્યો કે; "કૃપાળુ ગુરુદેવ!

પોતે પોતાને ઓળખવા માટે વિદ્યાગુરુએ જે કંઈ કહ્યું, એટલાથી શું તે બાળવયનો જીવનસિંહ સારી રીતે સમજી શકયો ?" યોગીશ્વર બોલ્યા; "ના, એમ ક્ષણવારમાં પોતે પોતાને ઓળખી લેવો, એ બને એવું નથી. આ તો તમોને મેં સંક્ષેપથી કહ્યું. જીવનસિંહને પણ આટલેથી સંતોષ ન થવાને લીધે તેના વિદ્યાગુરુએ પુનઃ સારી રીતે વિસ્તારપૂર્વક એ વાતનું કથન કરી સંભળાવ્યું હતું. શિષ્યો ! કોઈ પણ વાર્તા શ્રવણ કરીને મૂકી દઇએ તો તે સમય જતાં વિસ્મૃત થઈ જાય છે, ને તેનું તાત્પર્ય અંતરમાં ઠસતું નથી. માટે તે પછી શ્રવણ કરેલી વસ્તુનું પોતાના હૃદયના ઉંડાણમાં સારી રીતે મનન થવું જોઇએ. મનન થવાથી તે વસ્તુનું તત્ત્વ અંતરમાં ઉતરે છે; પછી તેનો અનુભવ લેવાનું બની આવે છે; અનુભવથી દૃઢ થયેલી વાત મનુષ્યના હૃદયમાંથી કદી ખસતી નથી. એટલા માટે જીવનસિંહને સંભળાવેલાં તત્ત્વનું તેના ગુરુજીએ કેટલાક દિવસ સૂધી સારી રીતે મનન થવા દીધું. એકવાર વળી શાળામાં સર્વ વિદ્યાર્થીઓ પોતપોતાના પાઠ ભણી રહ્યા હોવાથી શાંતપણે જીવન, પૂર્વવાતનું મનન કરતો હતો, એવામાં કંઇક શંકાથી તે ચમક્યો ને ગુરુદેવને વંદન કરીને પૂછ્યું; "ગુરુવર્ય ! આપે તે દિવસે મને મનુષ્યના જૂદા જૂદા સ્વભાવોવિષે કહ્યું, તે સાથે તે સઘળા સ્વભાવોમાંથી શ્રેષ્ઠ દૈવી સ્વભાવનું જ ગ્રહણ કરવાવિષે કહ્યું, તે હું સમજ્યો; અને તે સ્વભાવો પણ મનુષ્યના દેહ સાથે નહિ, પણ તેના અંતઃકરણ સાથે સંબંધ રાખે છે, તો તેથી તેણે પોતાના અંતઃકરણને શ્રેષ્ઠ બનાવવા અભ્યાસ કરવો, એ પણ ઠીક કહ્યું. કૃપાનાથ! મનુષ્યનું અંતઃકરણ એવું તે કેવું બળવાન્ છે, કે જે દૈવાદિક શ્રેષ્ઠ સ્વભાવનો પણ સંગ્રહ કરી શકે છે?" એ પ્રશ્ન સાંભળી તેના ગુરુજી બોલ્યા; "બાપ, જીવનસિંહ! મનુષ્ય એ એવું ઉત્તમ રત્ન પ્રભુએ ઘડ્યું છે, ને તેનું અંતઃકરણ એટલું બધું ચમત્કારિક છે, કે એ માટે હું તારી આગળ કેટલું કહી શકું? પૃથ્વીપર ઉત્પન્ન થયેલા સમસ્ત પ્રાણીઓ કરતાં મનુષ્ય પ્રાણી સૌ વાતે શ્રેષ્ઠ છે. જળમાં વસનારા જળચર પ્રાણીઓ, જેવાં કે ઝીણા પોરા, મોટી નાની માછલીઓ, દેડકાં, કાચબા, મોટા મત્સ્યો, મગરો, ઝુંડો અને મોટ મોટા સમુદ્ર અશ્વો ને ગજો તથા મોટા વહાણોને પણ ગળી જાય એવા મગરમત્સ્યો છે; પણ એ સર્વ કરતાં મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. પૃથ્વીપર અને પૃથ્વીમાં

વસનારા ભૂચર પ્રાણીઓ, જેવાં કે ઝીણામાં ઝીણા જંતુઓ, કીડીઓ, મંકોડાઓ, ઉંદરો, સર્પો, માર્જારો, શ્વાનો, શૃગાલો, હરણો, વાનરો, ગાયો, મહિષો, અજાઓ, ગર્દભો, અશ્વો, ઉષ્ટ્રો, ગેંડાઓ, હસ્તીઓ, વ્યાઘ્રો, રીંછો ને સમગ્ર વનચરોના રાજા સિંહો, ઇત્યાદિ સર્વ કરતાં પણ મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. આકાશમાં ઉડનારી મક્ષિકા, પતંગાદિકથી લઇને ચકુવાકો, તિત્તિરો, પોપટો, કપોતો, કાકપક્ષીઓ, મયૂરો, સારસો, હંસો, બાજો, ગીધો ને ગરુડાદિક સમસ્ત પક્ષીગણના પ્રાણીઓ કરતાં પણ મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. અદૃશ્યરૂપે ફરનારાં ભૂતો, પ્રેતો, પિશાચો, વેતાલો અને વીરો, એ આદિક પિશાચ વર્ગના પ્રાણીઓ કરતાં પણ મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. તેમજ યક્ષો, રાક્ષસો, દાનવો, દૈત્યો ઇત્યાદિ મહાબળવાન્ અને માયાવી પ્રાણીઓ કરતાં પણ મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે. વળી પોતાના કરતાં શ્રેષ્ઠ ગણાતા એવા દેવતાઓ, કે જેઓના ઉત્તમોત્તમ સ્વભાવો પોતાનામાં પ્રાપ્ત કરવાને સારુ તેઓને બહુ બહુ સાવધપણાથી અનુકરણ કરવાનું છે, તે દેવતાઓ પણ કોઈ કોઈ વાર મનુષ્ય પ્રાણીને બહુ અભિનંદન આપે છે તથા મનુષ્યપણાની અભિલાષા ધરે છે."

એટલું કહીને તે મહાત્મા ક્ષણભર સ્થંભી, પછી બોલ્યા; "પ્યારા જીવન! તારા મનને કદાચ શંકા થશે કે, સમસ્ત પ્રાણીઓ કરતાં મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ કેવી રીતે? તું સ્વસ્થ થઇને સાંભળ: સમસ્ત જળચરો, ભૂચરો અને ખેચરાદિક એટલે આકાશગામી પક્ષ્યાદિક પ્રાણીઓ ગમે તેવાં મોટાં છે, અતુલિત બળવાળાં અને અતિશય ભયંકર છે, તેઓ મનુષ્યને તેની અસાવધ અવસ્થામાં ભલે આખો ને આખો ગળી જાય છે, ખાઈ જાય છે, મારી નાંખે છે ને ત્રાસ પમાડે છે, તથાપિ સાવધપણે રહી, પોતાના પરમ બુદ્ધિબળનો જો મનુષ્ય ઉપયોગ કરે, તો અવશ્ય તે સર્વ વર્ગોના મહાભયંકર પ્રાણીઓને પણ, પોતાને વશ કરી શકે છે. તેજ મનુષ્ય પ્રાણી વળી પિશાચવર્ગના, વાયુરૂપે રહીને ગમે તેવા છળબળ કરનારા, ભૂત પ્રેતાદિક પ્રાણીઓને પણ પોતાના બુદ્ધિબળવડે, મલીન મંત્રોની સાધનાઓ કરીને, એક ચાકર સરખા વશ કરી લે છે, ને તેઓની પાસે ઇચ્છિત કાર્ય કરાવે છે. એટલુંજ નહિ, પણ જો તેઓ ઇચ્છે ને પ્રયત્ન કરે તો અધોગતિને પામેલા અને મહાન્ દુ:ખાનુભવ કરતા પિશાચાદિક પ્રાણીઓને પોતાનાં બુદ્ધિબળવડે તથા અનેક શ્રાદ્ધાદિક સત્ક્રિયાઓ કરીને, સદ્ગતિ

પણ અપાવી શકે છે.* તે જ પ્રમાણે યક્ષ રાક્ષસાદિકને પણ મનુષ્ય પોતાનાં બુદ્ધિબળવડે તથા અનેક તપ, સંયમ, યોગ, ઉપાસના આદિક દૈવી શક્તિઓવડે, તેઓની માયામાં ન ફસાતાં, ઉલટા તેઓને આધીન કરી લે છે. એટલા માટે સર્વ પ્રાણીઓના કરતાં મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ છે."

એ સાંભળી જીવન, હાથ જોડીને બોલ્યો; "કૃપાનાથ! એ બધું તો યથાર્થ; પણ અહુણાં આપે સૂચવ્યું કે, સૌ મનુષ્યથી પણ શ્રેષ્ઠ એવા દેવતાઓ, મનુષ્ય પ્રાણીને અભિનન્દન આપે છે તથા મનુષ્યપણાની અભિલાષા કરે છે, એ શું સત્ય ને શાસ્ત્રસંમત છે? એમ હોય તો દેવતાપણું, મનુષ્યપણાથી ઉતરતું ગણાય!" ગુરુજી બોલ્યા; "ના ભાઈ, ના, તેમ નથી. પરંતુ એમાં એક સમજવા જેવું કારણ છે. દેવો મનુષ્ય કરતાં સૌ વાતે શ્રેષ્ઠ છે. તેઓનાં શરીર મનુષ્યના જેવાં મલીન અને નિસ્તેજ હોતાં નથી, પણ ઘણાં પવિત્ર, નિર્મળ અને દિવ્ય તેજવાળાં હોય છે. તેમને ધારણ કરવાના વસ્ત્રાલંકારો પણ ઘણા તેજસ્વી, શોભાયમાન અને પવિત્ર છે; તેઓનાં ભક્ષ્યભોજ્યાદિક પણ ઘણાં સુંદર અને અલૌકિક સ્વાદવાળાં છે; તથા સર્વ સ્વાદોના તત્ત્વરૂપ અને અમર કરનાર એવા અમૃતરસનું તેઓ નિત્ય પાન કર્યા કરે છે. તેઓના વસવાનાં ભવનો પણ પરમ દિવ્ય છે, વાહનો પણ દિવ્ય, આસનો પણ દિવ્ય, શય્યાઓ પણ દિવ્ય અને એ પ્રમાણે તેઓને ઉપયોગમાં લેવાની તથા ક્રીડા કરવાની સર્વ વસ્તુઓ, તેમ જ તેમની ભૂમિ આદિક સઘળું જ પરમ દિવ્ય, પવિત્ર અને મનુષ્ય લોક ધારે તેના કરતાં અતિ દિવ્ય છે. મનુષ્યની પેઠે તેઓને અનેક પ્રકારનાં દુઃખો ને કલેશો હોતા નથીઃ તેમ ભોગવવા પણ પડતા નથી. મુખ્યત્વે કરીને તેઓ સૌ કરતાં શ્રેષ્ઠ અને નિર્મળ એવા સત્વગુણનો આશ્રય કરનારા હોવાથી, તેમનામાં છળ, કપટ, દંભ, ઈર્ષા, ક્રોધ, ભય, મોહ ઇત્યાદિક દુર્ગુણો પણ હોતા નથી. એમ સર્વ પ્રકારે મનુષ્યો કરતાં દેવો શ્રેષ્ઠ છે, પરમ સુખી છે અને મનુષ્યોને પણ સુખના આપનારા છે. છતાં પણ તેઓ મનુષ્ય પ્રાણીને અભિનન્દન શા માટે આપે છે ને મનુષ્યપણાની અભિલાષા શા માટે રાખે છે, તેનું આશ્ચર્યમય કારણ તું સાંભળ."

એમ કહી થોડીકવાર પછી તે મહાત્મા બોલ્યા; "આપ જીવન!

---

* આ વિષય યથાર્થ સમજવા માટે શ્રીમદ્ભાગવત તથા ગીતા માહાત્મ્ય વાંચવું, અધિકારી જીવ માટે આવશ્યક કર્મ છે.

દેવો સ્વર્ગમાં વસે છે ને આપણે મનુષ્યો મૃત્યુલોકમાં એટલે પૃથ્વીપર વસીએ છીએ. પૃથ્વી કરતાં સ્વર્ગ એ વિવિધ પ્રકારનાં સુખનું સ્થાન છે. આ પૃથ્વી અને તેમાં પણ વિશેષે કરીને જમ્બૂદ્વીપવિષે આવેલો આપણો આ ભારતવર્ષ, એ કર્મભૂમિ છે. સ્વર્ગ એ ભોગભૂમિ છે. કર્મભૂમિમાં વસતા મનુષ્યોથી સર્વ પ્રકારનાં કર્મો કરી શકાય છે, અને સ્વર્ગમાં એટલે ભોગભૂમિમાં વસનારાઓ માત્ર વિવિધ ભોગો જ ભોગવે છે; ત્યાં કશું નવું કર્મ બની શકતું નથી. હવે સર્વ નિયંતા વિશ્વેશ્વરનો એવો નિયમ છે કે, મનુષ્ય પ્રાણી જેવાં જેવાં–સારાં કે નરતાં–કર્મ કરે છે, તેવાં તેવાં સારાં કે નરતાં ફળ તેના બદલામાં તેને અવશ્ય ભોગવવાં પડે છે. સારાં કર્મનું ફળ સુખભોગ છે, નરતાં કર્મનું ફળ દુઃખભોગ છે. સુખભોગ સ્વર્ગમાં જઈ ભોગવાય છે, દુઃખભોગ નરકમાં જઈ ભોગવાય છે. સ્વર્ગ જેમ સારાં કર્મોનું ફળ ભોગવવાની ભોગભૂમિકા છે, તેમ જ નરક, નરતાં કર્મોનું ફળ ભોગવવાની ભોગભૂમિકા છે; માટે સ્વર્ગમાં કે નકરમાં ગયા પછી પ્રાણીને પોતાનાં પૂર્વનાં કરેલાં કર્મો માત્ર ભોગવીને જ છૂટવાનું છે, પણ ત્યાં સારું નરતું એવું નવું કર્મ, કંઈ પણ બની શકતું નથી. સ્વર્ગવાસી કે નરકવાસી પોતાનો ભોગ ભોગવી રહીને ત્યાંથી પાછો પૃથ્વીપર પડે છે; અને પાછો નવા કર્મમાં જોડાય છે. શાસ્ત્ર વચન છે કેઃ–

**ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं ।**
**क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ॥**

પુણ્યવાન્ મનુષ્ય પોતાનાં પુણ્યનું ફળ ભોગવાઈ રહ્યું, એટલે સ્વર્ગમાંથી પાછો મૃત્યુલોકમાં પડે છે. એટલા માટે સ્વર્ગમાં વસનાર દેવો, મનુષ્ય પ્રાણીને વારંવાર વખાણે છે કે, 'હે મનુષ્ય, તું મહાભાગ્યવાન્ છે, કે જેથી તારો એ પવિત્ર કર્મભૂમિમાં જન્મ છે. ત્યાં રહીને તું અનેક પુણ્ય કર્મો કરીને આ અમારા સ્વર્ગભુવનને પણ મેળવી શકીશ, અથવા વધારે પુણ્યબળ મેળવીને અમારા કરતાં પણ અધિક સુખવાળા ઊર્ધ્વલોકને પણ મેળવી શકીશ, અને કદાચ ભગવત્કૃપાથી કોઈ સદ્ગુરુ મહાત્માનો સમાગમ મળશે, ને તેમના દ્વારા ભગવદ્ભક્તિરૂપ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીશ, તો આ અમારા તથા બીજા સઘળા નાશવંત સ્વર્ગો કરતાં શ્રેષ્ઠ અને જેનો કદી પણ નાશ થતો નથી એવા ભગવત્પદરૂપ પરમધામને પણ તું મેળવી શકીશ! માટે હે મનુષ્ય, તને ધન્ય છે.' વળી હે જીવન! આ જ કારણથી તે દેવો વારંવાર વિચાર કરે

છે કે, જો કે આપણે આ સ્વર્ગમાં આવીને ભલે વસ્યા છીએ, ને તે ભલે પરમ સુખમય છે; તથાપિ તે સુખ ભોગવવાનો આપણે માટે અમુક અવધિ તો છેજ. વળી કદાચ આપણે માટે અવધિ ન હોય, એટલે કે જ્યાં સૂધી સ્વર્ગ રહે ત્યાં સૂધી આપણને અહીં રહી સુખ-ભોગ ભોગવવાના મળ્યા છે, તથાપિ તે ક્યાં સૂધી ટકી રહેશે? સત્પુરુષો કહી ગયા છે કે, આહે તો ઘણે જ લાંબે કાળે પણ અંતે આપણાં આ સ્વર્ગોનો પણ નાશ તો થવાનો જ છે, તો તે વેળાએ પણ આપણું અહીંથી પતન તો થવાનું જ છે! માટે એવું અધુરું સ્વર્ગસુખ એ કંઈ પરમસુખ ગણાય નહિ. તેથી હવે જો પ્રભુ કૃપા કરે તો આ વેળાનું સ્વર્ગસુખ ભોગવીને, જ્યારે મૃત્યુ લોકમાં જઈએ, ત્યારે એવું સદાચરણ કરીએ, કે જેથી, જ્યાંથી કદી પાછું ફરવું ન પડે એવું ઉત્તમોત્તમ અને નિર્ભય ભગવત્પદ–પરમપદ પ્રાપ્ત થાય–એવી કામના પૂર્ણ થાય તેવું કર્મ કરીએ. આ કારણથી તેઓ મનુષ્યપણાની અભિલાષા કરે છે. એવી રીતે મનુષ્યપણું અને મનુષ્ય પ્રાણી સૌ કરતાં અતિ ઉત્તમ ને અભિનંદનીય છે.”

એ પછી વળી થોડીક વિશ્રાંતિ લઇને; “પ્રિયપુત્ર જીવન!” તેના ગુરુજી બોલ્યા; “કદાચ તને એમ શંકા થશે કે, મનુષ્ય સત્કર્મ કરીને ઉત્તમ લોક અને ઉત્તમ પદ મેળવી શકે છે, તે પ્રમાણે બીજા પ્રાણીઓ નહિ મેળવી શકતા હોય? વિચારથી સિદ્ધ થયું છે કે, ના; અન્ય પ્રાણીથી તેમ થઈ શકતું નથી. મનુષ્ય વિના બીજાં સર્વ પ્રાણીઓ, જેવા કે પૂર્વે ગણાવેલા જળના જીવો, પૃથ્વીપર વસનારા પશુ આદિક જીવો, આકાશમાં ફરનારાં પક્ષીઓ અને વસનારાં ભૂતો, પ્રેતો, પિશાચો, ઇત્યાદિ સર્વ કેવળ આસુરી સંપત્તવાળા જીવો છે. એમાંના કેટલાક વાચા વિનાના છે, એટલે તેઓનાથી કશું સાધન કે સત્કર્મ કેવી રીતે થઈ શકે? વળી રાક્ષસાદિક જીવો, વાચા બોલી શકનાર અને કિંચિત્ જ્ઞાનવાળા છે, તથાપિ તેઓનું તે જ્ઞાન, અનિવાર્ય કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, નિર્દયતા ઇત્યાદિ મહા દુર્ગુણોથી તદ્દન ઢંકાયલું હોય છે, એટલે તેઓથી પણ કોઈ જાતનું સત્કર્મ બની શકતું નથી.”

આ સાંભળી બુદ્ધિવાન્ એવો જીવનસિંહ કર જોડી બોલ્યો; “કૃપાનાથ! આપે કહ્યું તે પ્રમાણે મનુષ્યો સત્કર્મ કરીને દેવાદિકનાં સ્થાનો જે સ્વર્ગો, તેને પ્રાપ્ત કરી શકે છે, ને તેથી તે દેવોને પણ તેઓ

શ્લાધ્ય છે એ ઠીક, પણ તે તે લોક અને તે તે દેવાદિકની પદવી કંઈ મનુષ્યને તેના મનુષ્યપણામાં જ મળી શકે છે? એને માટે તો તેને પોતાનો મનુષ્યદેહ તજીને, દેવો સરખો દિવ્ય દેહ ધારણ કરવો પડે છે, એમ આપના શ્રીમુખથી મેં અનેકવાર સાંભળ્યું છે, તો પછી આ મનુષ્યપણાંની શી મહત્તા?" ત્યારે ગુરુજી બોલ્યા; "બાપ! એ તો પ્રભુના ઘરનો–સર્વેશ્વરના સામ્રાજ્યનો સામાન્ય નિયમ જ છે, કે મનુષ્યાદિ કોઈ પણ પ્રાણીને દેહાંતર કે રૂપાંતર વિના લોકાંતરની પ્રાપ્તિ થતી નથી, ને તેમ થવાથી કંઈ મનુષ્ય પ્રાણીની મનુષ્ય દેહની કે મહત્તા–ઉત્તમતામાં કંઈ ક્ષતિ થતી નથી. છતાં એવું પણ ઘણીવાર બનેલું છે કે, મનુષ્ય પ્રાણી, પ્રભુએ તેનામાં મૂકેલા અદ્ભુત બુદ્ધિબળ અને જ્ઞાન બળને લીધે-પરમ પુરુષાર્થનું સેવન કરી, સર્વેશ્વરના સર્વ સામાન્ય સૃષ્ટિનિયમને પણ ઉલ્લંઘીને પેલીમેર જવા જેટલો શક્તિમાન્ થાય છે. અહા! કેવી પ્રભુની તેનાપર કૃપા છે! તેમ જ અહો! તે કૃપાળુએ આખી સૃષ્ટિની રચનામાં મનુષ્યરૂપ મૂર્ત્તિ કેવી સૌથી અદ્ભુત અને ઉત્તમોત્તમ ઘડી છે. ધન્ય તે કૃતિને અને ધન્ય તેના કર્તાને." આ સાંભળી જીવનસિંહ પૂછવાનો વિચાર કરતો હતો કે, 'એવું તે કેવું શક્તિમાન્ મનુષ્ય પ્રાણી થઈ શકે છે!' તે પૂર્વે જ, તેજ પ્રશ્નના સમાધાનરૂપે તે મહાત્મા બોલ્યા; "બાપ જીવન! તું હજુ બાળક છે, તેથી મનુષ્યની અદ્ભુત શક્તિનું તને જોઇએ તેવું જ્ઞાન નથી, માટે મારે તને કહેવું જોઇએ કે તેની શક્તિની પરિસીમા ક્યાંસૂધી છે, તે હવે શ્રવણ કર.

## મનુષ્ય શું શું કરી શકે છે?

પ્યારા જીવન! મનુષ્યની ઉત્તમતા હું તને જણાવું છું ને તેની અદ્ભુત શક્તિનું વર્ણન કરું છું, તે પરથી તારે એમ સમજવાનું નથી કે જગતમાંના સર્વે મનુષ્યો તેવા શક્તિમાન્ છે. પણ મનુષ્યમાં પ્રભુએ અર્પેલું જે બુદ્ધિતત્ત્વ છે, તેનાપર ઉત્તમ પ્રકારના સંસ્કાર પામીને જે મનુષ્યનું હૃદય–આંતર સંસ્કારી બન્યું હોય, તે મનુષ્ય અસંસ્કારી કરતાં વધારે શક્તિમાન્ થાય છે અને તેમાં પણ જેવા જેવા પ્રકારના સંસ્કાર મળ્યા હોય છે, તેવું તેવું વધારે કે ઓછું બુદ્ધિબળ તેનામાં પ્રકાશે છે. જેમકે આપણા શહેરમાંના પ્રજાવર્ગના મનુષ્યોને ત્યાં પણ અશ્વો છે, ને તારે ત્યાં પણ અશ્વો છે, પરન્તુ તે બધાય કંઈ સરખા ચપલ કે સરખા બળવાન્ નથી. પ્રજાવર્ગના અશ્વો કરતાં તારા સૈન્યના

અશ્વો વધારે તેજી છે, તેઓના કરતાં પણ પ્રધાનોના અશ્વો ઘણુ તેજવાળા છે, અને તારા પિતાનો પેલો નીલ અશ્વ તો વળી સર્વ અશ્વોનો શિરોમણિ છે. જાતે તો તે સઘળા અશ્વો સરખા જ છે, તથાપિ તેનાપર ઘણા ઉત્તમ સંસ્કારો કરવામાં આવેલા હોવાથી, તે સર્વ અશ્વો કરતાં ઘણો બળવાન, ચપળ અને મનુષ્યની પેઠે પોતાના સ્વામીની સેવામાં ને આજ્ઞામાં તત્પર રહેનારો થયો છેઃ યુદ્ધાદિ કઠિન પ્રસંગે પોતાનામાં જ્યાંસુધી પ્રાણ હોય ત્યાંસુધી પોતાના સ્વામીને જરા આળ પણ ન આવવા દે, એવા કેટલાક ઉત્તમ અશ્વો સંસ્કાર પામીને થાય છે. તેજ પ્રમાણે મનુષ્યોનું પણ સમજવું."

"વળી મનુષ્ય કશો પણ ઉત્તમ સંસ્કાર ન પામેલો હોય, તોપણ બીજાં પશ્વાદિક પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે. તે જન્મે છે ત્યારથી માંડીને ઇતર મનુષ્યોના સહવાસથી તેઓનાં અંતઃકરણને સામાન્ય સંસ્કારો તો સ્વાભાવિક જ થાય છે. એવાં મનુષ્યો પણ બીજા ઉત્તમ સંસ્કારી મનુષ્યોની સેવામાં ઉપયોગી થઈ શકે છે ને એમ સહવાસ થતાં વધારે સંસ્કારી બનતાં જાય છે. મનુષ્યો ભૂમિમાંથી અન્ન ઉત્પન્ન કરે છે; તે અન્નમાંથી અનેકાનેક ભિન્ન ભિન્ન સ્વાદોવાળા ખાદ્ય પદાર્થો બનાવીને તેનું સેવન કરે છે; પશ્વાદિકની સહાય લઇને, એકલાથી ન બની શકે એવાં ઘણાં બળનાં કાર્યો કરે છે; અશ્વો, હસ્તીઓ આદિ મહા ઉન્મત્ત અને અતુલ બળવાળા પ્રાણીઓને વશ કરી લઈ, તેઓપર સ્વારી કરે છે—તેઓની પાસે ભારવહનાદિક કાર્યો કરાવે છે; મનુષ્યો પશુઓના થાનમાંથી અમૃતરૂપ દૂધ દૂહે છે, ને તે દૂધમાંથી વળી દહી, માખણ ને ઘૃત સરખાં આશ્ચર્યકારક પદાર્થો, બુદ્ધિવડે શોધી કાઢે છે, મનુષ્યો માટીમાંથી સુવર્ણ શોધી કાઢે છે, પાષાણમય પર્વતોમાંથી અમૂલ્ય રત્નો શોધી કહાડે છે. પુત્ર જીવન! તેં કદી સમુદ્ર જોયો છે?" "ના પિતાજી," જીવને કહ્યું. "મેં તેના અપાર વિસ્તાર તથા ઊંડાઈ વિષે ને તેમાં વસતાં ભયંકર પ્રાણીઓ વિષે સાંભળ્યું તો છે, પણ સમુદ્ર જોયો નથી." "ત્યારે જો તેવા અગાધ સમુદ્રજળને તળિયે રહેલો અમૂલ્ય રત્ન અને મૌક્તિક ભંડાર, મનુષ્ય અંદર જઇને શોધી લાવે છે. સેંકડો અને હજારો યોજનના વિસ્તારમાં મહા અગાધ અને ઉન્મત્ત જળથી ભરેલા તે સમુદ્રને મનુષ્ય દૃઢ નૌકા આદિક સાધનોથી તરીને પેલે પાર જઈ શકે છે. મનુષ્ય અનેક વિદ્યાઓ અને શાસ્ત્રોનાં તત્ત્વને જાણી શકે છે. તે સૃષ્ટિની ઉત્પત્તિ,

સ્થિતિ અને લય આદિ તત્ત્વોને પણ જાણે છે; તેમ જ સૃષ્ટિના સઘળા વ્યવહાર તત્ત્વને તેમ જ ધર્મના તત્ત્વને પણ સારી રીતે જાણે છે. વળી તે વિદ્યાઓવડે તથા શાસ્ત્રોવડે આ સૃષ્ટિમાંનાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશાદિક તત્ત્વોને, તથા તેઓના ગુણોને જાણે છે, ને તેવડે તેઓને વશ કરી, સૃષ્ટિને ઉપયોગી થાય એવાં અનેક કાર્યો કરી શકે છે. વળી તે અનેક યાંત્રિક શક્તિઓ ઉત્પન્ન કરી શકે છે. વિદ્યાઓવડે મનુષ્ય જેમ પૃથ્વીના પડમાંની સર્વ વસ્તુને જાણે છે તથા મેળવે છે, તેમ જ આકાશમાંના અનેક ચમત્કારોને પણ તે સારી રીતે જાણી શકે છે ને ઉપયોગમાં લઈ શકે છે. આકાશમાં એક બીજાથી લાખો યોજનને અંતરે રહેલા ગ્રહો, નક્ષત્ર, ગણો, રાશિગણો ને બીજા અનેક તારાઓની વિચિત્ર ગતિને, તેઓના પરસ્પરનાં સંબંધને અને તેવડે આકાશમાં, તેમ જ પૃથ્વીપર થતા અનેક ચમત્કારોને વિદ્યાઓવડે જાણનાર ને જોનાર મનુષ્ય જ છે. વળી વિદ્યાના બળથી વિવિધ વનસ્પતિઓના તથા ઔષધિઓના ગુણ દોષ જાણીને તેવડે મનુષ્યોના, તેમ જ પશુ પક્ષ્યાદિકના મહાન્ રોગોને મટાડી શકે છે, ને રસાયનાદિકથી બીજા પણ કેટલાક ચમત્કારો સ્વાધીન કરીને, તેવડે લોકોપકાર કરી શકે છે. તેમ જ વિષયાદિકના સમૂહમાં ઉત્પન્ન થયેલો છતાં તે વિષયોપર તીવ્ર વિરાગ ધારણ કરી, મનોનિગ્રહવડે પરમ દુર્લભ એવો યોગ સંપાદન કરી શકે છે, ને તેના પ્રભાવથી સ્વાધીન થયેલી સિદ્ધિઓવડે, જેગતમાં અદ્દભુત કાર્યો કરી શકે છે. તે સિદ્ધિના બળથી પ્રસંગ આવ્યે નાનામાં નાનો કે ઝીણામાં ઝીણો થઈ શકે છે, મોટાથી મોટો ને જાડાથી જાડો થઈ શકે છે, ફોરો-હલકાથી હલકો ને ભારેથી ભારે થઈ શકે છે, પારકી તેમ જ પોતાની ઈચ્છિત કામના પૂર્ણ કરી શકે છે, સર્વનાપર આધિપત્ય મેળવી શકે છે, સર્વ જગતને પોતાને વશ કરી શકે છે, પારકા મનની વાત જાણી શકે છે, એક ઠેકાણે બેઠાં બેઠાં ઘણા સ્થળની વાત જાણી તથા સાંભળી શકે છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે વગર વિલંબે ને વગર વાહને જઈ શકે છે, સ્વર્ગાદિક સઘળા ઉર્ધ્વલોકોમાં ને પાતાળાદિકમાં પણ તે યથેચ્છપણે વિચરી શકે છે, ને એવા ઘણા ઘણા ચમત્કારો કરી શકે છે. એનાથીયે પણ વધારે સંસ્કાર પામેલો મનુષ્ય એ સિદ્ધિ આદિકનાં ઐશ્વર્યને તુચ્છ ગણી, સ્વાધીન થયેલાં મનને પરવશ અને ઉન્મત્ત કરી નાંખનારું ગણીને, તેનો અનાદર કરે છે,

અને તે સિદ્ધિઓનો કિંચિત્ પણ સ્પર્શ ન થાય, તેને માટે બહુ સાવધ રહી, તેઓની પણ પેલીમેરનું ઐશ્વર્ય જે આત્મદર્શન-પરમાત્મ-દર્શન-બ્રહ્મદર્શન-પરમ પ્રેમનું સ્થાન-અચળ-અક્ષરસ્થાન-સત્ ચિત્ આનંદઘનનું પરમ સ્થાન-તેની જ માત્ર અભિલાષા ધરીને, પોતાની પવિત્ર યોગશક્તિ પરિપક્વ કરે છે; અને અંતે તે પરમ પુરુષના-સચ્ચિદાનંદના ધામનું અનંત સુખ ભોગવવા ભાગ્યશાળી થાય છે. એવી રીતે અસંખ્ય ઉત્તમોત્તમ સાધનો અને વિદ્યાઓદ્વારા પોતાનાં અંતઃકરણને અપ્રતિમ બળ અને અદ્ભુત શક્તિવાળું કરી, મનુષ્ય પ્રાણી સકલ સૃષ્ટિમાં પ્રપૂર્ણ મનાય છે, સર્વનો આશ્રયદાતા થાય છે, સર્વથી શ્રેષ્ઠ થાય છે, સર્વનો સ્વામી થાય છે, સર્વનો સ્રષ્ટા થાય છે અને શિવોઽહં! શિવોઽહં! નો જાપ જપતાં જપતાં સ્વયં જીવ મટીને શિવ થાય છે!!"

આ સર્વ એક ચિત્તે શ્રવણ કરી રહેલો રાજપુત્ર જીવનસિંહ, નમન કરીને બોલ્યો; "હે કૃપાળુ ગુરુદેવ! અહા! ધન્ય છે, ધન્ય છે! ત્યારે તો મનુષ્ય પ્રાણી સમાન જગતમાં બીજું કોઈજ પ્રાણી ન ગણાય. અહો! તે પ્રાણી માત્રમાં શ્રેષ્ઠ જ. જે પોતે એક કાળે કોઇનો સરજેલો છે, તે વળી બીજાઓનો બીજે કાળે સ્રષ્ટા થઈ શકે છે એ કેવું આશ્ચર્ય! આપે પૂર્વે એમ પણ કહ્યું હતું કે, સર્વેશ્વરની સૃષ્ટિના સર્વ સામાન્ય નિયમોને પણ કદાચિત્ ઉલ્લંઘીને પેલી મેર જવા જેટલો શક્તિમાન્, મનુષ્ય પ્રાણી થાય છે, તો તે પણ કેટલું બધું આશ્ચર્યમય! અહા! કૃપાનાથ! શું એવો મનુષ્ય પ્રાણી કોઈ થયો હશે?" એ પ્રશ્નના ઉત્તરમાં તે મહાત્મા ઋષિ આ પ્રમાણે કહેવા લાગ્યા.

## વિશ્વામિત્ર ચરિત્ર

"પ્યારા જીવન!" તેના ગુરુદેવ બોલ્યા; "પૂર્વે કુશિક વંશમાં ઉત્પન્ન થયેલા વિશ્વામિત્ર નામે એક ઋષિ હતા. એ મહાપુરુષનો એટલે એ વિશ્વામિત્ર મહર્ષિનો ઇતિહાસ આપણા આ પ્રસ્તુત વિષયને સર્વ રીતે ઉદાહરણરૂપ છે. પ્રથમ તો એ મહાત્માએ મનુષ્ય શું શું કરી શકે છે, એના સંબંધમાં જનસમૂહને સ્પષ્ટ દેખાડી આપ્યું છે કે, સ્વયં રાજકુળમાં જન્મેલા એક ક્ષત્રિય પુત્ર છતાં, સ્વાત્મ પુરુષાર્થવડે બ્રાહ્મણ થયા, એટલું જ નહિ, પણ વળી સમસ્ત બ્રાહ્મણકુળમાં શ્રેષ્ઠ એવા ઋષિકુળથી વધી મહર્ષિ પદને પામ્યા. હે બાપ! સર્વ વર્ણોમાં બ્રહ્મને જાણનાર બ્રાહ્મણ એ શ્રેષ્ઠ અને સર્વને પૂજ્ય છે; કારણ કે તે તત્ત્વનો

ઉપદેશ કરી સમસ્ત પ્રજાઓને સન્માર્ગે-ધર્મમાર્ગે વાળે છે, ને તેઓનું કલ્યાણ કરે છે. એટલા માટે તે બ્રાહ્મણપદ પ્રાપ્ત થવું પણ દુર્લભ છે. વિશ્વામિત્ર રાજર્ષિએ તે બ્રાહ્મણપદ પ્રાપ્ત કરવા માટે એટલો મોટો પ્રયત્ન કર્યો, કે જે કોઇપણ સામાન્ય મનુષ્યથી અશક્ય જ હતો ને આજે પણ છે જ.

કુશિક રાજાના વંશજ ગાધિ રાજાના તે પુત્ર હતા. પિતાએ તેમને રાજ્યાભિષેક કર્યા પછી, ઘણાક કાળપર્યંત સુખરૂપ રાજ્ય કરતાં કરતાં એકવાર પોતાની મોટી સેના સહિત વિશ્વામિત્ર રાજા અરણ્યમાં મૃગયા કરવા સારુ ગયા. માર્ગમાં વસિષ્ઠ મુનિનો આશ્રમ આવ્યો. વસિષ્ઠ સરખા મહર્ષિ, કે જેમનું દર્શન થવું દુર્લભ, તે દર્શનીય મહાત્માનો આશ્રમ અનાયાસે માર્ગમાં આવ્યો, માટે તેમને વંદન કર્યા વિના આગળ કેમ ચલાય, એવું ધારી, વિશ્વામિત્રે આશ્રમમાં જઇને તે મહર્ષિનાં દર્શન કર્યાં. વસિષ્ઠ મુનિએ કુશળ સમાચાર પૂછી બહુ આદર આપ્યો, ને પોતાના આશ્રમમાં એક દિવસ વિશ્વામિત્રને અતિથિ તરીકે રહેવા સારુ આગ્રહ કર્યો. વિશ્વામિત્રે કહ્યું; "મુનિવર! હું એકલો હોઉં તો આપનું આતિથ્ય માન્ય કરું; પણ અત્યારે તો મારી સાથે મોટું સૈન્ય છે, માટે વનમાં વસનારા આપને હું મારા આતિથ્ય નિમિત્તે દુઃખી કરું, એ ઠીક નહિ." વસિષ્ઠ મુનિ બોલ્યા; "રાજા તેમ કંઈ નથી; તારી સાથે ગમે તેવું મોટું સૈન્ય હશે તો પણ શું થયું. ભગવત્કૃપાથી સર્વ વસ્તુ મળી રહેશે." આ વચન સાંભળી વિશ્વામિત્ર સૈન્ય સાથે તે દિવસે ત્યાં રહ્યા. સૈન્યને તે વનમાં પડાવ કરાવીને વિશ્વામિત્ર પોતે મુનિના આશ્રમની તથા વનની શોભા નિરખતા ચોમેર ફરવા લાગ્યા; અને મનમાં વિચાર કરવા લાગ્યા કે, 'જોઇએ વારુ, મુનિએ આપણને આતિથ્યનું તો કહ્યું. તથાપિ આશ્રમમાં તો સીધા સામાન આદિ કશી વસ્તુનો સંગ્રહ જોવામાં આવતો નથી, તો પછી તેઓ આટલાં બધાં મનુષ્યોને માટે અને વાહનો માટે ભોજન સાહિત્ય કેમ કરીને પૂરું પાડે છે.' એટલામાં તો થોડીક વારે મુનિના આશ્રમમાંથી નિમંત્રણ આવ્યું કે, "રાજાજી, ચાલો; સમય થયો હોવાથી મુનિ મહારાજ આપને સેના સહિત ભોજન કરવા સારુ બોલાવે છે." મુનિવર વસિષ્ઠજીના શિષ્યોનું એ બોલવું સાંભળી, રાજાને તો પરમ આશ્ચર્ય હવું કે, એટલી વારમાં ભોજનની તૈયારી! એ કેમ બની શકે! તુરત સજ્જ થઈ સૈનિકો સહિત

તે મુનિવરના આશ્રમ આગળ આવ્યા. ત્યાં તો વળી ઘણું આશ્ચર્ય થયું. પોતાના રાજ્યસ્થાનમાં પણ કદી નહિ થતી હોય તેવી રીતની સઘળી તૈયારીઓ, રાજા તથા સૈનિકના અધિકાર પ્રમાણે, અનુક્રમે કરી રાખેલી હતી! સર્વજનો માટે બેસવાનાં દિવ્ય આસનો, કનકપાત્રો અને તેમાં પીરસેલી અનેક પકવાન્નાદિક દિવ્ય ભોજનસામગ્રીઓ જોઈ, સાનંદાશ્ચર્ય પામતા સર્વ સૈનિકો સહિત વિશ્વામિત્ર રાજા ભોજન કરવા બેઠા. ભોજનના સ્વાદનું તો પૂછવું જ શું! અહીં જેવી તૈયારી તેઓને માટે હતી, તેવી જ તેમના સૈન્યમાંનાં હસ્તી અશ્વાદિક પશુઓના ખાદ્યને માટે પણ કરવામાં આવી હતી. સૌ કોઈ આતૃપ્તિપર્યંત જમીને પૂર્ણ આનંદમગ્ન થઈ ગયા. મુખવાસ તાંબૂલ આદિ ગ્રહણ કરીને આશ્ચર્યમય વાતો કરતા, સૈનિકો સહિત રાજા વિશ્વામિત્ર સેનામાં આવ્યા. તે અતિશય વિચારમાં પડી ગયા, કે ક્ષણ માત્રમાં આ સઘળી તૈયારી ને વળી આવી ઉત્તમોત્તમ દૈવીસમૃદ્ધિવાળી તૈયારી કેમ કરી થઈ હશે! આશ્રમમાં તો કંઈ જ દેખાતું નથી, ત્યારે આ સર્વ આવ્યું ક્યાંથી? ક્ષણમાત્રમાં આટઆટલાં ઉત્તમ ભોજનો રંધાયાં શી રીતે! આમાં તો કંઈ અદ્દભુત કારણ હોવું જોઈએ, માટે એની યોગ્ય તપાસ હું કરીશ! એવા વિચારથી વિશ્વામિત્રે પોતાના છુપા ચાર લોકોને તે વાતની તપાસ કરવાને મોકલ્યા. તેઓ આશ્રમમાં ખૂણેખોચરે ચોમેર ફરીવળીને પાછા આવ્યા ને કહેવા લાગ્યા કે; “રાજાજી, આશ્રમમાં તો કોઈ પણ સ્થળે કશી સામગ્રીનો સંચય કરી રાખેલો જણાતો નથી, તેમ ક્યાંય સુરંગ, ભોયરું કે એવી કશી ગુપ્ત જગ્યા, તે સામગ્રીઓ આવવા જવાને અર્થે પણ દેખાતી નથી. વળી વધુ આશ્ચર્યમય તો એ છે કે, આપણે ત્યાં જે પાત્રો અને સાહિત્યો સાથે જમ્યા, તેમાંનું પણ કશુંય ત્યાં આગળ હવે દેખાતું નથી. એ સર્વ સાહિત્યો અને ભોજનસામગ્રીઓ એ આશ્રમમાંના જે સ્થળમાંથી, વિશેષે કરીને લાવવામાં આવતી હતી, તે સ્થળ પણ અમે વારંવાર ધારીધારીને જોયું; પણ ત્યાંએ સર્વ સામગ્રી ભરાઈ સમાઈ રહે એવું ચિહ્ન જણાતું નથી; કેમકે એ સ્થળ તો એક નાની પણ અતિ સુંદર પર્ણકુટી છે; અને તે પણ વળી કંઈ ખાલી નથીઃ તેમાં તો એક ઘણી જ સુંદર, સુશીલ અને દર્શનીય ધેનુ બાંધેલી છે; જેનાપર એ મહામુનીશ્વર વસિષ્ઠજી ઉભા ઉભા હાથ ફેરવે છે, અને લાડ કરે છે.” આ સઘળી વાતપરથી મહારાજા વિશ્વામિત્ર સમજી ગયા કે અવશ્ય, જે કંઈ ચમત્કાર

છે, તે એ સુંદર ધેનુમાં જ છેઃ અનુમાન થાય છે કે, એ ધેનુ તે સ્વર્ગમાંની કામધેનુ જ હશે. પછી બીજી પણ કેટલીક તપાસ કરાવતાં ને છેવટે વસિષ્ઠ મુનિને પૂછતાં, રાજાને નક્કી થયું કે, એ સર્વેનું કારણ કામધેનુ જ છે; તેથી 'એવું સ્વર્ગીય રત્ન આપણા દરબારમાં જ શોભે' એવી તેમને લાલસા ઉત્પન્ન થઈ."

વિદ્યાગુરુ બોલ્યા; "જીવનસિંહ! રજોગુણને વશ થયેલા મહારાજા વિશ્વામિત્રે પછી શું કરયું તે સાંભળ. આવા પ્રકારનું ઉત્તમોત્તમ અવર્ણનીય આતિથ્ય મુનિએ કરયું તેથી પ્રસન્ન થઈને, તેના બદલામાં મુનિને અરણ્યમાં પડતી કેટલીક અડચણો દૂર કરી આપવી, વા અન્ય કંઈ તેમનું પ્રિય કરી આપીને તેમની સેવા કરવી, એ રાજાનો સાધારણ ધર્મ છે, ને ધર્મશીલ રાજાનો તો તે પ્રથમ ધર્મ છે, તેમાં જેનું અન્નાદિ ગ્રહણ કીધું તેનું ઉચિત કરવું એ પરમ ધર્મ છે. એમાંનું કંઈ પણ ન કરતાં વિશ્વામિત્રે તો ઉલટું તે ધેનુને પોતાને ત્યાં લઈ જવાનું ધારયું. અરણ્યમાંથી સેના સહિત ઉપડતી વેળાએ પોતે મુનિવરને મળવા ગયાઃ ત્યારે તે મહામુનિની આગળ તેમણે ધેનુની માંગણી કરી. મુનિવર વસિષ્ઠજીએ કહ્યું; "રાજા! એ ધેનુ તો તને અથવા બીજા કોઇને પણ અમારાથી આપી શકાય તેમ નથી. એ તો અમારું સર્વસ્વ છે. એનાવડે જ અમે આવા ઘોર અરણ્યમાં આનંદે વસીએ છીએ, ને એનાવડે જ ચતુર્વર્ગને* સુખેથી સાધીએ છીએ. એ વિના બીજું કંઈ તારે જોઇએ, તે સુખેથી માંગી લે!" વિશ્વામિત્રે કહ્યું; "મહારાજ! આપને અરણ્યવાસીને આવી સમૃદ્ધિ શામાટે જોઇએ? મુનિઓ તો અકિંચનત્વ† પાળનારા કહેવાય છે. આવું ગોરત્ન‡ તો અમારા રાજદરબારમાં જ શોભે, માટે અમને આપવું, એ તમારા જેવાનો ધર્મ છે!" એ સાંભળી મુનિવર બોલ્યા; "રાજા, તું જાણતો નથી, કે એ અમૂલ્ય રત્ન અમે અકિંચન અરણ્યવાસી હોવાથી અમારે ત્યાં જ જોઇએ. એની સહાયથી અમારો તપોધર્મ સુખથી ચાલે છે. તારે તો રાજ્યમાં ધનાદિક જે જે જોઇએ તે સર્વ છે, એટલે તને તેની અપેક્ષા નથી. વળી એ ધેનુ તારે ત્યાં સચવાય જ નહિ, ને તારાથી તેની સેવા પણ થઈ શકે નહિ. તું એને દ્રવ્ય, સમૃદ્ધિ ઇત્યાદિ રૂપે જાણે છે, પણ તે કંઈ દ્રવ્ય વા જડ સંપત્તિ

---

* ચતુર્વર્ગ=ચાર પુરુષાર્થ=ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. † અકિંચનત્વ એટલે કશા પણ દ્રવ્યનો સંચય નહિ કરવારૂપ આચરણ. ‡ ગાયરૂપ રત્ન તે ગોરત્ન

નથી, પણ અમારું પરમ દૈવત અને પૂજ્ય તત્ત્વ છે. સમુદ્રમંથન સરખા મહાન્ પ્રયત્નને અંતે પણ તેમાંથી પ્રાપ્ત થયેલું એ તત્ત્વ તેના અધિકારી વિના, અરે, મથન કરવાના પ્રયત્નમાં ભાગ લેનારા મોટા દેવતાઓને સુદ્ધાં આપવામાં આવ્યું નહોતું, તે તને કેમ આપી શકાય?" આ ઉપરથી રાજા વિશ્વામિત્રને નિશ્ચય થયો કે, મુનિ આપણને એ કામધેનુ એમ ને એમ તો આપશે નહિ જ; માટે આપણે તેને હરણ કરીને લઈ જવી."

"જીવનસિંહ, જોયું!" તેના ગુરુએ કહ્યું; "સંપત્તિમાં મદમાતા થઈ ગયેલા રાજાની વૃત્તિ કેટલી બધી અવિચારી ને કેટલી લોભી! હર હર! ગુણના ભાઈ હોય એવો ધર્મશીલ સત્યયુગ રાજાનો ન્યાય! કોઈ દુષ્ટ રાક્ષસાદિક વા ચૌરાદિક મુનિ પાસેથી તે ધેનુનું હરણ કરી જતા હોય તો પોતે ભારી પ્રયત્ન કરીને પણ અટકાવવી ને સતત તેનું રક્ષણ કરવારૂપ મુનિની સેવા બજાવવી, એ ધર્મશીલનો ધર્મ છે, તેના બદલામાં વિશ્વામિત્ર પોતેજ તેને હરણ કરવા ઇચ્છે, એ કેટલું બધું નિંદાપાત્ર ને રાજાના ધર્મથી વિપરીત વર્તન! બાપ, એ કેવળ ઉગ્ર રજોગુણનું જ પરિબળ! અસ્તુ. હવે તેનું શું ફળ નિકળે છે તે જો. એમ વારંવાર માગવા છતાં વસિષ્ઠ મુનિએ જ્યારે કામધેનુ ન જ આપી, ત્યારે ક્રોધે ભરાયલા વિશ્વામિત્રે વસિષ્ઠ મુનિને કહ્યું; 'મહારાજ! જો આ ધેનુ મને નહિ આપો તો હું બળાત્કારથી તેનું હરણ કરી જઇશ.' મુનિએ કહ્યું; 'ભલે, તારી ઇચ્છા એમ જ હોય તો એમ કર!' એમાં અમારા વનવાસી મુનિએ આગ્રહ ધરવો, એ તેના તપને હાનિકારક જ ગણાય. મહર્ષિનું આવું વચન સાંભળી, તુરત વિશ્વામિત્રે પોતાના સૈનિકોદ્વારા ધેનુનું હરણ કર્યું: સેવકો તેને દોરીને માર્ગે પડ્યા. કામધેનુએ પાછી વળવા ઘણોય પ્રયત્ન કર્યો, પણ રાજાના આજ્ઞાપાલક નિર્દય સૈનિકો તેને બળવડે આગળ ખેંચવા મંડ્યા, અને તે આગળ ન ખસી એટલે અવિચારીપણે તેના કોમળ અંગ-અરે વંદનીય-પૂજનીય અંગપર પ્રહારો કરવા લાગ્યા. તેનું અતુલ બળ જોઇને આખું સૈન્ય તેની આસપાસ ફરી વળ્યું. પછી તો પૂછવું જ શું! મહા ગંભીર સેનાની વચ્ચે ઉભાં ઉભાં અત્યંત સકોમલ અને સુંદર દેખાતી કામધેનુએ પોતાનું શરીર ધ્રુજાવ્યું, એટલે તેનાં રોમેરોમ ખડાં થઈ ગયાં! તેની આકૃતિ એવી તો કરાલ બની ગઈ કે, જેને જોતાં જ યોધાઓ ભય પામીને કોરે ખસવા માંડ્યા, એટલું જ નહિ, પણ વળી જેમ જેમ તેણે પોતાનું શરીર ધ્રુજાવવા માંડ્યું, તેમ તેમ તેમાંથી અસંખ્ય

વિકરાળ અને પ્રચંડ શરીરવાળા તથા નાશકારક શસ્ત્રો ધારણ કરનારા યોધાઓ પ્રકટ થવા માંડ્યા. એ યોધા વિશ્વામિત્રના સૈન્યપર તૂટી પડ્યા. જોતજોતામાં તેઓએ રાજાના આખા સૈન્યનો નાશ કરી નાંખ્યો ને રહ્યા સહ્યા યોધાઓ નાશી છૂટ્યા. તેઓ સહિત વિશ્વામિત્રે ભયભીત થઈને પોતાના નગર પ્રતિ ગમન કર્યું. ઘણીક વારે શાંત થયેલી કામધેનુ પાછી પોતાના આશ્રમ સ્થાનમાં આવીને ઉભી રહી.

આ ચમત્કાર-કામધેનુનું આવું અદ્‌ભુત બળ જોઈ, તેમ જ પોતાનો પરાભવ થયો જોઈ, મહારાજા વિશ્વામિત્રને ઘણો જ ખેદ અને આશ્ચર્ય થયું. તેમને એવો વિચાર આવ્યો કે, 'શું મારા ક્ષત્રિયના કરતાં એ વનવાસી બ્રાહ્મણનું બળ વધારે? ચિંતા નહિ. હું કંઈ યુદ્ધની તૈયારી કરીને ગયો નહોતો. એ વેળા તો મારી પાસે માત્ર મૃગયા કરવાનાં જ સાધનો હતાં, પણ હવે હું યુદ્ધે જઇશ અને કામધેનુને હરી લાવીશ!' એવો નિશ્ચય કરીને તેણે ઘણું મોટું સૈન્ય સજ્જ કર્યું. પોતાના સોએ પુત્રોને સાથે લઈ મહર્ષિ વસિષ્ઠના ઉપર ચઢાઈ કરી. ત્યાં જઈ આશ્રમને ઘેરો ઘાલીને અસ્ત્રવૃષ્ટિ કરવા માંડી. મહાત્મા વસિષ્ઠ બહાર આવ્યા ને વિશ્વામિત્રના આવા અન્યાયથી બહુ ક્રોધાયમાન થઈ, તેમણે એક હુંકાર માત્ર કર્યો, જે કરતાં જ નવ્વાણું પુત્રો સહિત વિશ્વામિત્રની સમગ્ર સેના નાશ પામી; અને માત્ર એક જ પુત્ર સાથે વિશ્વામિત્ર બચી ગયા. આમ થવાથી વિશ્વામિત્રના મનમાં એટલો બધો તો ખેદ થયો, ને બ્રહ્મબળ આગળ પોતાનાં ક્ષત્રિયબળ ઉપર એટલો બધો તિરસ્કાર આવ્યો કે, તેમણે તુરત નગરમાં જઈ પોતાના એ બચેલા પુત્રને રાજ્યાસન આપી તપશ્ચર્યા માટે વનમાં પ્રયાણ કર્યું. હિમવાન્ પર્વતપર જઈ તેમણે મહાઘોર તપ આરંભ્યું. તેની સિદ્ધિ થતાં કેટલેક કાળે તેમને ઘણાંક દિવ્ય અને અતુલ પરાક્રમવાળાં શસ્ત્રાસ્ત્રો પ્રાપ્ત થયાં. તે લઈ પોતે પાછા મહર્ષિ વસિષ્ઠજીના આશ્રમે આવ્યા ને તેમનાપર તે શસ્ત્રાસ્ત્રોની વૃષ્ટિ કરવા માંડી. વસિષ્ઠ મુનિ પોતાનો બ્રહ્મદંડ હાથમાં ગ્રહણ કરીને તત્કાળ બહાર આવ્યા ને વિશ્વામિત્રનાં મૂકેલાં સઘળાં શસ્ત્રાસ્ત્રોનો ગ્રાસ કરવા માંડ્યા. એ વેળા એ મહામુનિનું સ્વરૂપ એવું પ્રચંડ બની ગયું હતું કે, આકાશમાં ઉડતાં પક્ષીઓ જેમ કોઈ મોટી ગુફાના દ્વારમાં પેસી જાય, તેમ વિશ્વામિત્રના યોજેલાં સઘળાં અસ્ત્રો તેમના ફાડેલા વિશાળ મુખમાં પ્રવિષ્ટ થઈ જતાં હતાં.

એવી રીતે પોતાનાં મૂકેલાં સર્વ દિવ્ય અસ્રો વ્યર્થ ગયાં તે જોઈ, તેમ જ એ બ્રહ્મર્ષિના બ્રહ્મબળનો પ્રભાવ જોઈ તેની આગળ પોતાનાં ક્ષાત્રબળ માટે વિશ્વામિત્રને બહુ જ ધિક્કાર આવ્યો. પણ એથી કંઈ તે થાકીને બેઠા નહિ. તેણે પોતાના અતિ ઉગ્ર પુરુષાર્થને આગળ વધવા દીધો. તેણે એવો નિશ્ચય કર્યો કે, જ્યારે સર્વ કરતાં બ્રહ્મબળ શ્રેષ્ઠ છે, અને તેના વિના બીજી સર્વ વસ્તુ વ્યર્થ છે; ત્યારે મારે હવે સર્વથી શ્રેષ્ઠ એવું બ્રહ્મત્વ જ સંપાદન કરવું: તે માટે હવે હું પુનઃ તપાચરણ જ કરીશ. હું ક્ષત્રિય મટીને બ્રાહ્મણ થાઉં તો જ મારું જીવિત સફળ! તે જ્યાંસુધી પ્રાપ્ત થશે નહિ, ત્યાંસુધી હું તપ જ કરીશ. આવા દૃઢ નિશ્ચયપૂર્વક રાજર્ષિ વિશ્વામિત્ર પાછા વનમાં ગયા, ને મહાતીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા."

એટલું કહી પાછા જીવનસિંહના ગુરુજી બોલ્યા; "પ્રિય પુત્ર જીવન! એવી તીવ્ર તપશ્ચર્યા વિશ્વામિત્રે એટલાં બધાં હજારો વર્ષો પર્યંત કરી, કે જેની તુલના કોઇથી થઈ શકે નહિ. ઘણા લાંબા કાળના તપથી અત્યંત પ્રસન્ન થઈ બ્રહ્માદિ દેવતાઓ તેમની આગળ આવ્યા, ને તેમને વરદાન આપ્યું કે, "હે વિશ્વામિત્ર! તમોને ધન્ય છે. તમારા પવિત્ર તપથી અમે બહુ સંતોષ પામ્યા છીએ; માટે તમે હવે તપથી વિરામ પામો. તમે આજથી રાજર્ષિ મટીને બ્રહ્મર્ષિ થયા છો!!" વિશ્વામિત્ર બોલ્યા; "મને તમે બ્રહ્મર્ષિ કહ્યો એ ઠીક: તથાપિ વસિષ્ઠાદિ બ્રહ્મર્ષિઓ મને બ્રહ્મર્ષિ કહે, ત્યારે જ હું બ્રહ્મર્ષિ સત્ય!" તેના ઉત્તરમાં; "કાળે કરીને એમ પણ થશે," એવું કહી સર્વ દેવતાઓ અંતર્ધાન થઈ ગયા. પછી પ્રસન્ન થયેલા વિશ્વામિત્ર ઋષિએ વનમાં આશ્રમ બાંધ્યો, ને ત્યાં નિવાસ કરી સ્રીસહવર્તમાન ઋષિધર્મ આચરવા માંડ્યો. ઉત્તરોત્તર ઋષિપંક્તિમાં એમની ગણના થવા માંડી; ઋષિઓની સભાઓમાં એમને નિમંત્રણ પણ આવવા માંડ્યાં; યજ્ઞ યાગાદિકમાં એમનું ઉત્તમ સ્થાને વરણ પણ થવા માંડ્યું; તથાપિ વસિષ્ઠ મુનિએ એમને હજુ બ્રહ્મર્ષિ કહ્યા નહિ. એ તો જ્યારે મળે ત્યારે, "પધારો રાજર્ષિ" એમ કહીને જ માન આપતા. પણ એ સાંભળી વિશ્વામિત્રના હૃદયમાં મહાખેદાગ્નિની જ્વાળા થતી હતી. આવું વારંવાર થતું જોઈ વિશ્વામિત્રે માન્યું કે, વસિષ્ઠ મુનિ અવશ્ય મારું પાછલું વૈર સંભારીને મારાપરની ઇર્ષાને લીધે જ મને રાજર્ષિ કહી, મારા માનની હાનિ કરે છે પણ તેમ નહોતું. વસિષ્ઠ મુનિ તો સ્પષ્ટ અને સત્ય જ

બોલનાર હતા. પછવાડે તો ઋષિઓની સભા આદિકમાં જ્યાં જ્યાં પ્રસંગ આવે ત્યાં ત્યાં તેમની વારંવાર પ્રશંસા કરતા કે, "અહા! શું વિશ્વામિત્રનું તપ! ધન્ય છે એમને! વિશ્વામિત્ર સરખો તપસ્વી તો વિશ્વામિત્ર જ છે! આ લોકમાં જ નહિ, પણ સર્વ લોકમાં એમની જોડી મળવી દુર્લભ છે!" પરંતુ વિશ્વામિત્રના સમક્ષમાં તેને રાજર્ષિ જ કહેતા હતા. એનું કારણ પાછલા વૈરની ઈર્ષા નહિ, પણ બીજુંજ હતું. પરંતુ તે સમજવામાં ન આવવાથી વિશ્વામિત્રે તેમની સાથે ભારે દ્વેષ ચલાવવા માંડ્યો. સ્થળે સ્થળે અને પ્રસંગે પ્રસંગે તે વસિષ્ઠનાં છિદ્ર શોધવા મંડ્યા, વિરુદ્ધ પડવા માંડ્યા, ને બની શકે તેટલો તેમને દુઃખી કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એક રાક્ષસપણું પામેલા રાજા પાસે વસિષ્ઠના સો પુત્ર મરાવી નાંખ્યા, ને એવી બીજી ઘણીક વિડંબના કરી તે બ્રહ્મર્ષિની પજવણી કરવા માંડી."

આ સાંભળી રાજપુત્ર જીવન કર જોડીને બોલ્યો, "કૃપાળુ ગુરુવર્ય! વસિષ્ઠ મુનિએ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ નહિ કહેવાનું ખરું કારણ જે આપે હમણાં કહ્યું કે બીજુંજ હતું, તે કીયું? એટલી બધી તીવ્ર તપશ્ચર્યા કરવા છતાં તેમને વસિષ્ઠ મુનિ બ્રહ્મર્ષિ શા માટે કહેતા નહોતા?" તેના ઉત્તરમાં તેના વિદ્યાગુરુ બોલ્યા; "પુત્ર, તારો પ્રશ્ન બહુ ઉત્તમ છે. તારી શોધક બુદ્ધિ જોવાને માટે જ મેં એ કારણ પ્રથમથી કહ્યું ન હતું. સાંભળ. બ્રહ્મત્વ પ્રાપ્ત થાય ત્યારે મનુષ્ય બ્રાહ્મણ કહેવાય અને તે બ્રાહ્મણપણાનું યથાર્થ રીતે આચરણ કરવામાં આવે છે ત્યારે જ બ્રહ્મર્ષિપણું પ્રાપ્ત છે. વિચાર કર કે, એ સઘળાનું મૂળ જે બ્રહ્મત્વ, તે કોને કહે છે? ટુંકામાં એટલું સમજવાનું છે કે, બ્રહ્મ એટલે જે પરમાત્મસ્વરૂપ, તેને પ્રાપ્ત કરવા માટેના જે ઉત્તમોત્તમ ગુણ અને સ્વભાવ તે બ્રહ્મત્વ; અને એ સ્વભાવગુણો જેનામાં પરિપૂર્ણ હોય તે બ્રહ્મર્ષિ! સ્વભાવ અને ગુણો પ્રમાણે બ્રાહ્મણનું સ્વાભાવિક આચરણ કેવું હોવું જોઇએ, તે માટે શાસ્ત્રવચન છે કે,-

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजं ॥

મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, તપ, પવિત્રતા, સહનશીલતા, સરલતા, શાસ્ત્ર સંબંધી જ્ઞાન, અનુભવયુક્ત જ્ઞાન અને આસ્તિકપણું, એ બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મો છે. મનનો નિગ્રહ કરવો, એટલે ચપળ અને

કદી પણ એક સરખી સ્થિતિમાં નહિ રહી શકનારા મનને પોતાને સ્વાધીન કરવું. એ બહુ દુષ્કર કર્મ છે, પણ બ્રાહ્મણમાં તો સ્વભાવથી જ પોતાના મનને વશ રાખવારૂપ આચરણ હોવું જોઇએ. બીજું સ્વાભાવિક લક્ષણ દમ એટલે પોતાની ઇન્દ્રિયોને દમન-વશ કરવી. મન ઘણું ચપળ છે ખરું, પણ તે સઘળા વ્યાપાર ઇન્દ્રિયોદ્વારા કરે છે, માટે જો તે ઇન્દ્રિયો સ્વાધીન થઈ હોય તો પછી મનને ભટકવાને માર્ગ મળતો નથી. બ્રાહ્મણનો સ્વભાવ તપસ્વી એટલે તપ કરવાનો હોવો જોઇએ. અનેક પ્રકારે શરીરથી, મનથી તથા વાણીથી પણ કષ્ટ વેઠીને, સ્વધર્મનું રક્ષણ કરવું તથા દુરાચરણથી બચવું તે તપ. શૌચ એટલે સદા સર્વદા શરીરને પવિત્ર રાખવું: મલીનતા ને ભ્રષ્ટતાથી શરીરને દૂર રાખવું તે. શરીર પવિત્ર રહેવાથી તેને વિષે રહેલું મન સ્વાભાવિક જ પવિત્ર રહે છે. ક્ષાંતિ એટલે સહનશીલતા; અર્થાત્ સુખ, દુઃખ, માન, અપમાન, સ્તુતિ, નિંદા, લાભ, હાનિ ઇત્યાદિ જે પ્રાપ્ત થાય, તેથી ન અકળાતાં કે ન છલકાતાં સઘળું સહન કરી-ખમી લેવું તે. સરળપણું તેમ જ ખરાપણું તે આર્જવ. મનમાં કોઈ જાતની આંટી ઘુંટી ન રાખતાં તેની માત્ર સીધે સીધી સ્થિતિ હોવી તે આર્જવ. વેદશાસ્ત્રનું પરિપૂર્ણ જ્ઞાન એટલે વેદશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પરમાત્મ સ્વરૂપને-જીવશિવના અભેદને, માયાને, તેની કૃતિને જાણવી તે, અને તે જાણ્યા પ્રમાણે જગતમાં રહી, પરિપૂર્ણ અનુભવ કરવો તે વિજ્ઞાન; તથા વેદશાસ્ત્ર, ધર્મ, ઈશ્વર, પરલોક ઇત્યાદિ વસ્તુઓ સત્ય છે, એમ નિશ્ચયપૂર્વક માની, તેપર શ્રદ્ધા રાખવી તે આસ્તિક્ય. એ આસ્તિક્ય તો બ્રાહ્મણમાં સૌથી પહેલે અંશે જોઇએ. સમસ્ત ધર્મોનો પાયો આસ્તિક્ય છે. હે જીવન! આમાંથી એક પણ ગુણ ન્યૂન હોય તો તેટલી બ્રાહ્મણપણામાં ઉણપ જ સમજવી. એ પ્રમાણે આપણા નવા થયેલા બ્રહ્મર્ષિ વિશ્વામિત્રમાં પણ તેવી કેટલીક ઉણપ હોવાને લીધે જ, તેમને વસિષ્ઠ મુનિ બ્રહ્મર્ષિ કહીને બોલાવતા નહોતા. એમણે તપ તો અલૌકિક કર્યું હતું, ને તેટલા પૂરતો જ દમ-ઇન્દ્રિય નિગ્રહ-પણ તેમણે સંપાદન કર્યો હતો; તથાપિ મનોનિગ્રહ તેમનાથી થઈ શકયો નહોતો. તેમ જ ક્ષાંતિ-સહનશીલતા-અને આર્જવ પણ તેમનામાં આવ્યાં નહોતાં. ઇચ્છાનુરૂપ કાર્ય ન થતાં સરળપણું મૂકી દઇને તેમનામાં વારંવાર અપાર ક્રોધ વ્યાપી જતો. તેમનું મન વૈર વાળવાના પ્રયત્નોમાં મગ્ન રહેતું. 'અરે! હું વિશ્વામિત્ર!' એવું

અભિમાન તેમનું ગયું નહોતું, ને મૂળના ક્ષત્રિય સ્વભાવને લીધે તે અહિંસા ધર્મ પણ જોઇએ તેવો સાચવી શકતા નહોતા.

વસિષ્ઠ પોતાને બ્રહ્મર્ષિ કહેતા નથી, એ દ્વેષથી વિશ્વામિત્ર તેમની હીનતા કરવાનો વારંવાર લાગ શોધ્યા કરતા. એવામાં ત્રિશંકુ નામનો એક રાજા, કે જે વસિષ્ઠ મુનિનો યજમાન હતો, ને જેને વસિષ્ઠ મુનિના પુત્રોએ તેના મનસ્વીપણા, તેમ જ તરંગીપણાને લીધે શાપ દઇને ત્યાગ કર્યો હતો, તે વિશ્વામિત્રને શરણે ગયો! એ રાજાને પોતાના માનુષી દેહ સહિત સ્વર્ગે જઇને ત્યાંના સુખ ભોગવવાની ઊર્મિ થઈ આવી હતી, ને તેમ થાય તે સારુ તેવો યજ્ઞ કરાવવા સારુ તેણે પોતાના કુળગુરુ વસિષ્ઠને પ્રાર્થના કરી. પરંતુ વસિષ્ઠ મુનિએ ના કહેવાથી, તેમના પુત્રોની પાસે જઇને પ્રાર્થના કરી. વસિષ્ઠ મુનિના પુત્રોએ કહ્યું કે, "અહિંયાં—આ લોકમાં—અનેક યજ્ઞો સ્વર્ગ સુખની ઇચ્છાથી કરે, તે મરણ પામ્યા પછી સ્વર્ગે જઈ, ત્યાં દિવ્ય દેહયુક્ત સ્વર્ગનાં ઉત્તમ સુખ ભોગવે, એવો સનાતન માર્ગ છે; પણ આ મનુષ્ય દેહવડે સ્વર્ગે જઇને રહેવાય, એવો સૃષ્ટિનિયમ નથી, તો પછી એવો યજ્ઞ કેમ કરાવાય?" એ સાંભળીને તરંગી મનના ત્રિશંકુ રાજાએ કહ્યું; "તમે તેવો યજ્ઞ ન કરાવો તો મારા પુરોહિતના પુત્રો શાના? માટે હું તો તેવો યજ્ઞ કરાવે તેવો કોઈ બીજો પુરોહિત કરીશ!" આવું અન્યાયયુક્ત વાકય સાંભળી તેને શાસન કરવાની ઇચ્છાથી વસિષ્ઠ મુનિના પુત્રો બોલ્યા; "અરે એ મૂર્ખ! ચાંડાલ! જા, ગુરુનું અપમાન કરવાથી તું ચાંડાલ છે!" મુનિ પુત્રોના મુખથી એવાં વચન નિકળતાં વેંત જ તેનું સદેહે સ્વર્ગે જવું તો ક્યાંય રહ્યું, પણ તે તત્કાળ કાળો મેશ જેવો કુરૂપ અને દુષ્ટ એવો ચાંડાલ બની ગયો! આથી બહુ ગ્લાનિ પામી, તેમ જ ક્રોધે ભરાઈ, ત્રિશંકુ ત્યાંથી અરણ્યમાં ચાલી નિકળ્યો ને ભટકવા લાગ્યો. ત્યાં તેને વિશ્વામિત્ર મળ્યા. તે તેને આશ્વાસન આપવા લાગ્યા કે, "રાજા, કંઈ ચિંતા નહિ; તું ધીરજ રાખ; હું તને સદેહે સ્વર્ગે મોકલીશ."

વસિષ્ઠની વિરુદ્ધ પડવાનું આ ખરેખરું સાધન પોતાના હાથમાં આવ્યું જોઈ, વિશ્વામિત્ર બહુ સંતોષ પામીને, ત્વરાથી યજ્ઞની તૈયારીઓ કરવા માંડ્યા. પોતાના સેંકડો શિષ્યોને મુનિઓના આશ્રમો પ્રત્યે નિમંત્રણ સારુ મોકલ્યા; બીજાઓ યજ્ઞ સામગ્રીઓ એકઠી કરવા લાગ્યા. વિશ્વામિત્ર ઋષિ મહાક્રોધી છે, માટે જો તેમના નિમંત્રણથી યજ્ઞમાં

નહિ જઇએ, તો આપણને શાપ દેશે, એવા ભયથી સઘળા ઋષિઓ એક પછી એક આવવા માંડ્યા. પણ વસિષ્ઠે તો કહ્યું કે; "યજ્ઞકર્તા યજમાન જેમાં ચાંડાલ છે ને જેમાં યજ્ઞ કરાવનાર આચાર્ય ક્ષત્રિય છે, તેવા યજ્ઞમાં હું આવીશ નહિ." શિષ્યોના મુખથી વસિષ્ઠનાં એ વચનો સાંભળી, વિશ્વામિત્ર અત્યંત ક્રોધે ભરાયા, ને ઘણી ત્વરાથી યજ્ઞ આરંભ્યો! યજ્ઞ સદોષ હોવાથી, તેમાં યજ્ઞ ભાગ લેવા સારુ દેવતાઓ પણ આવ્યા નહિ ત્યારે, ક્રોધવડે લાલ થઈ ગયેલાં નેત્રવાળા વિશ્વામિત્ર બોલ્યા; "અરે ત્રિશંકુ! વસિષ્ઠની પેઠે દેવતાઓ પણ મારી સાથે વેરભાવ રાખવા ઇચ્છતા જણાય છે, તો ચિંતા નહિ. યજ્ઞ ભલે રહ્યો! મારા પોતાના તપોબળવડે જ હું તુંને સ્વર્ગે મોકલું છું;" એમ કહી હાથમાં જળ લઇને તે બોલ્યા; "મારા પોતાના પુણ્યવડે આ ત્રિશંકુ રાજા સદેહે સ્વર્ગે જાઓ!" એમ બોલીને સંકલ્પનું જળ હેઠું મૂકતાં જ, ત્રિશંકુ રાજા, જેમ પક્ષી ઉડે તેમ ઉભો હતો ત્યાંથી સડસડાટ આકાશમાં ચાલ્યો, અને નીચે જોનારા ઋષ્યાદિકને 'એ જાય' એમ કહેતાં કહેતાં તો તે છેક સ્વર્ગ પ્રત્યે પહોંચી ગયો! મુનિનું આ પરમ દૈવત નિહાળી સૌ કોઈ મોટું આશ્ચર્ય પામ્યા. પણ થોડીક વારમાં તો ત્રિશંકુ પાછો નીચે આવવા લાગ્યો! કેમકે સ્વર્ગપતિ ઇંદ્રે તેને, ચાંડાલ દેહથી સ્વર્ગમાં વસવાને અનધિકારી જણાવીને, સ્વર્ગમાં પેસવા દીધો નહિ. એવું જોઈ બહુ ક્ષોભ પામેલા વિશ્વામિત્રે તેને "तिष्ठ तिष्ठ (ઉભો રહે, ઉભો રહે)" એમ કહી અંતરિક્ષમાં જ અટકાવી દીધો. પછી સર્વ ઋષિમંડળની વચમાં દક્ષિણ દિશા ભણી મુખ કરીને, પોતે વૃદ્ધિ પામેલા ક્રોધાગ્નિની જ્વાળાઓથી ધમધમવા–કંપવા લાગ્યા, અને હાથમાં જળ લઇને બોલ્યા, "હે ઋષિવરો! મેં આ ત્રિશંકુ રાજાને સદેહે સ્વર્ગે મોકલવાની પ્રતિજ્ઞા કરી છે, તેને સ્વર્ગપતિ ઇંદ્ર મિથ્યા કરવા ઇચ્છે છે, તો તે કેમ થશે? મારી પ્રતિજ્ઞા ખોટી થાય નહિ, માટે હું મારા પોતાના તપના પુણ્યબળવડે બીજું નવું સ્વર્ગ રચીને તેમાં આ ત્રિશંકુને સ્થાપીશ." એમ કહીને વળી તેમણે આકાશ ભણી જોઇને કહ્યું; "જેમ ઉત્તર ભણી ઇન્દ્રને માટે ઉત્તર ધ્રુવ મંડળ અને તેની આસપાસ પ્રદક્ષિણા કરનારું સપ્તર્ષિ મંડળ તથા બીજાં મંડળો છે, તેમ આ દક્ષિણ દિશામાં મારા તપના પુણ્યથી દક્ષિણ ધ્રુવ અને તેની આસપાસ ભ્રમણ કરનારાં સપ્તર્ષિ મંડળો ઉત્પન્ન થાઓ, ને તેઓને વિષે જઈ આ ત્રિશંકુ રાજા તેઓનો અધિપતિ ઇન્દ્ર થાઓ!"

ભાઈ જીવન! તપસ્વીઓના મુકુટમણિ મહર્ષિ વિશ્વામિત્રના તપનો પ્રભાવ કેટલો બધો છે, એ તું જો. એમણે "મંડળો ઉત્પન્ન થાઓ" એ શબ્દો બોલતાની સાથે જ, તેમના અથાગ તપોબળવડે દક્ષિણ ભણીના આકાશમાં મોટાંમોટાં તેજસ્વી ધ્રુવાદિક મંડળો પ્રકટ થવા માંડ્યાં, ને તેવડે દક્ષિણ દિશા પ્રકાશિત થવા લાગી. આવું જોઈ તત્કાળ ઇંદ્રાદિક દેવતાઓએ આવી તેમની ઘણીક પ્રાર્થના કરીને સમાધાન કર્યું કે, "મહારાજ! આપનું તપોબળ અપાર છે! અને તેવડે આપ ઇચ્છો, તે કરી શકવા સમર્થ છો; તથાપિ આપ સરખા મહાપુરુષોનાં ચરિત્ર સર્વ પ્રજાને અનુકરણ કરવા યોગ્ય હોય છે, માટે જગતમાં ધર્મનો યથાર્થ માર્ગ દૃઢ કરવા સારુ તેવા પુરુષો સઘળું કરવાને સમર્થ છતાં પણ શ્રુતિના આધારે પિતામહ બ્રહ્મદેવે સ્થાપેલા સૃષ્ટિનિયમોથી વિરુદ્ધ ચાલતા જ નથી. શ્રેષ્ઠ પુરુષો જેવું આચરણ કરે, તેને અનુસરીને ઇતર લોકો પણ આચરણ કરે છે. यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ॥ માટે આપ માત્ર એક ત્રિશંકુ રાજાને અર્થે બ્રહ્મદેવનો સ્થાપેલો વેદવિહિત સૃષ્ટિનિયમ ઉલ્લંઘવાને યોગ્ય નથી. વળી હે મુનિવર! એમ કરવાથી આપના પોતાના સ્વાર્થમાં પણ મોટી ક્ષતિ થવા સંભવ છે. આપનું ઘણા લાંબા કાળનું મહા કષ્ટાર્જિત* તપ, એ અપુણ્યવાન્ રાજાના નિમિત્તે વ્યર્થ હણાઈ જશે. વળી આપ ઋષિપણાને પામેલા હોવાથી સર્વ રીતે સનાતન ધર્મનું જ રક્ષણ કરવા યોગ્ય છો; તેથી એ રાજાને અકારણ આટલું બધું સાહ્ય આપવાને યોગ્ય નથી; કેમકે એનું ચરિત્ર જો આપને વિદિત હોય તો એના આખા આયુષ્યમાં, એવું કિંચિત્ જ કર્મ હશે, કે જે તેને ઉત્તમ ગતિ આપનારું હોય." આવાં ઇંદ્રનાં વચન સાંભળી, કંઈક શાંત થયેલા વિશ્વામિત્ર મુનિ બોલ્યા; "હે મઘવા! એ બધું ઠીક, પણ મારી પ્રતિજ્ઞા છે, તે સફળ થવી જોઈએ." ઇંદ્રે કહ્યું; "તે વાત ઠીક છે; પરંતુ શું એવા ચાંડાલદેહથી જ એને આપ સ્વર્ગે મોકલશો? એથી વધારે ફળ શું થશે? કદાચ એ દેહે તે સ્વર્ગમાં જઈ વસે તો પણ તેથી સ્વર્ગનાં સુખને લીધે તેને તો ત્યાં ઉલટું મહા કષ્ટ જ થશે! આપ વિચાર કરો, કે જે મનુષ્ય આ મૃત્યુલોકમાં સૌથી નીચી એટલે ચાંડાલની પંક્તિમાં છે, ને સૌથી બહિષ્કૃત ગણાયલો છે તે સ્વર્ગ, જ્યાં ઉત્તમમાં ઉત્તમ મનુષ્યો પણ, જો દિવ્ય દેહધારી નહિ

* કષ્ટાર્જિત–કષ્ટે કરીને–દુઃખે કરીને મેળવેલું.

હોય અર્થાત્ મનુષ્યદેહમાં હોય તો, નીચામાં નીચી પંક્તિના સ્વર્ગવાસીની સાથે રહી શકવાને પણ યોગ્ય ગણાતા નથી તો એ કોની સાથે રહી શકે ? સ્વર્ગમાં એ સૌથી નીચમાં નીચ અને તુચ્છમાં તુચ્છ ગણાય ને તેથી તેને ત્યાં સૌથી દૂર અને નીચે મોંઢે છૂપાતાં, સદા મહાકષ્ટરૂપે જ રહેવું પડશે અને તે તો અહીંના કરતાં પણ મહા નરક સરખું એને દુઃખદ થઈ પડશે. ઋષિદેવ, મને તો આશ્ચર્ય થાય છે કે, એ રાજા એવો કેવા તરંગી વિચારનો છે, કે જે અધમ દેહથી જ સ્વર્ગે જવા ઇચ્છે છે ? એનું નામ ત્રિશંકુ છે, એ પરથી જ આપ વિચાર કરો કે, એ પાપી છે. ત્રિ એટલે ત્રણ અને શંકુ એટલે પાપ. એને વિષે ત્રણ પાપ છે. બ્રાહ્મણની સ્ત્રીઓનું હરણ, પિતાનો ક્રોધ અને ધેનુનો નાશ, એવાં કર્મો એને હાથે થયાં છે ! એ ત્રણ મહાપાપને લીધે અવશ્ય એ ચાંડાલપણાને જ યોગ્ય છે. તથાપિ આપ સરખા સમર્થ પુરુષનું એણે શરણ ગ્રહણ કર્યું છે, તો આપના મહત્પુણ્યવડે આપ એને નિષ્પાપ, તેમ જ દિવ્ય દેહવાળો કરીને સ્વર્ગે મોકલો, કે જેથી એ ત્યાં જઈ સુખેથી નિવાસ કરે, ને આપનું સદા યશોગાન કરે." આ પ્રમાણે ઘણીક રીતે સમજાવતાં, વિશ્વામિત્રે તે પ્રમાણે દિવ્ય દેહવાળો કરીને, ત્રિશંકુને સ્વર્ગે મોકલી પોતાની મહાકઠિન પ્રતિજ્ઞા સત્ય કરી હતી."

"પુત્ર જીવન," એના ગુરુજીએ કહ્યું, "આ ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે, એક મનુષ્ય દેહધારી પ્રાણીનું બળ કેટલે સૂધી ચાલ્યું છે, તે જો ! મનુષ્યપણું એટલું બધું શ્રેષ્ઠ છે, તો પછી દેવતાઓ તેને ઇચ્છે; એમાં શું આશ્ચર્ય ?" જીવને પ્રાર્થના કરી કે; "કૃપાનાથ ! આપની કૃપાથી મારા સમજવામાં પૂરેપૂરું આવ્યું કે, મનુષ્યની મહત્તા બહુ મહત્વવાળી છે. પણ એ પછી વિશ્વામિત્ર મુનિનું શું થયું, તે સાંભળવાની મને જિજ્ઞાસા છે; કેમકે આટલી બધી સત્તા તેમનામાં આવી ત્યાં સૂધી પણ બ્રહ્મર્ષિપણું તો એમને મળ્યું નહોતું જ; તો તે તેમને કયારે ને કેવી રીતે મળ્યું ? વસિષ્ઠ મુનિએ તેમને બ્રહ્મર્ષિ કહ્યા કે નહિ ?"

ગુરુજી વિશ્વામિત્રનું એ પછીનું ચરિત્ર કહેવા મંડ્યા. તે બોલ્યા; "જીવન ! ઇન્દ્રે આવીને વિશ્વામિત્રને સમજાવ્યા, તે વેળાનું તેનું કહેવું તારા લક્ષમાં હશે જ. ધર્મથી વિરુદ્ધ વર્તવાથી તપસ્વીના તપમાં પણ હાનિ થાય છે. તે પ્રમાણે ત્રિશંકુને સ્વર્ગે મોકલવાના સંબંધમાં તેમનું ઘણુંક તપ ક્ષીણ થઈ ગયું. ક્રોધ કરવાથી, પાપ કે દુરાચરણ કરવાથી

ને પુણ્ય ભોગવવાથી તપ ક્ષીણ થાય છે. જેમ ભંડારમાં રળીને એકઠું કરી રાખેલું દ્રવ્ય જો વિવેક વિના આડે માર્ગે ખર્ચવા જ માંડ્યું, તો તે થોડા સમયમાં ખૂટી જાય છે; પણ તેનો વિવેક સાથે સદુપયોગ કરવામાં આવે તો ખૂટવાને બદલે ઉલટું વધે છે, એમ જ તપરૂપ ધનનું પણ સમજવું. તપ ક્ષીણ થવાથી વિશ્વામિત્રને ખેદ થયો. તે પોતાનો આશ્રમ મૂકી દઇને, ઉત્તર દિશા ભણી ચાલ્યા ને પવિત્ર એવા પુષ્કરક્ષેત્ર પ્રત્યે જઇને ત્યાં પાછા ઉગ્ર તપ કરવા લાગ્યા. એમ ઘણાક કાળ પછી વળી તેમણે તપરૂપ ધન પાછું એકઠું કર્યું. એ અતુલ તપના પ્રભાવને લીધે તેમની કીર્તિ પણ દિગંત પર્યંત પ્રસરી ગઈ. યજ્ઞાદિક સર્વ કર્મોમાં અને બ્રહ્મસભાઓમાં તેમને સઘળે સ્થળેથી અગ્ર* નિમંત્રણ આવતાં હતાં. ને સૌ કોઈ તેમને બ્રહ્મર્ષિ તરીકે જ ઓળખતા હતા. પરંતુ વસિષ્ઠ મુનિ તો હજુ પણ તેમને જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે રાજર્ષિ કહીને જ બોલાવતા. આ કારણથી તેમના હૃદયમાં મોટી જ્વાળા ઉઠી આવતી. વસિષ્ઠ મુનિનું આ કર્મ હવે ન જ સહન થયું. તેમનો ક્રોધ પ્રલયાગ્નિની પેઠે વૃદ્ધિ પામ્યો ને તેના આવેશમાં છેવટે તેમણે પોતાના રિપુ† અને દ્વેષ્ટા‡ રૂપે જ ગણેલા વસિષ્ઠ મુનિનો ઘાત કરી નાંખવાનો નિશ્ચય કર્યો. એ માટે તે લાગ શોધવા માંડ્યા; કેમકે સાવધપણામાં તો એ મહામુનિનો ઘાત કોઈ ઉપાયે તેમનાથી થઈ શકે એમ ન હતું, પૂર્વે અનેકવાર મોટી સેનાઓ લઇને તે યુદ્ધ સારુ ગયા હતા, તેમ જ તપશ્ચર્યાવડે સંપાદન કરેલાં સર્વ શસ્ત્રાસ્ત્રોનો પણ ઉપયોગ કર્યો હતો, પણ તે સર્વે વ્યર્થ ગયું હતું, માટે એ અજિત§ મહાત્માનો અસાવધપણામાં ઘાત કરી નાંખવાનો તે લાગ જોતા હતા.

ક્રોધ એ દુષ્ટ રાક્ષસ છેઃ ક્રોધ એ મોટો ક્રૂર અને પાપી શત્રુ છે. તે વૃદ્ધિ પામે છે ત્યારે મોટો અનર્થ કરવા તત્પર થઈ જાય છે. પૂર્વે મેં તને જીવની સેનાનું વર્ણન કરી બતાવતાં કહ્યું છે, તે તો તારા સ્મરણમાં હશે જ, કે જીવરૂપ રાજા જો પોતાના કામ, ક્રોધાદિક કારભારીઓને વશ થઈ જાય છે, તો પછી તે સ્વતંત્ર થઈ ગયેલા દુષ્ટ કારભારીઓ અંતે તેનો નાશ કરી નાંખે છે. તેનું આ ઉદાહરણ છે. આ વેળાએ મુનિપણાને પામેલા અને મહાતપસ્વી છતાં વિશ્વામિત્રનો

---

* અગ્ર નિમંત્રણ–મુખ્ય નિમંત્રણ. † રિપુ–શત્રુ. ‡ દ્વેષ્ટા–દ્વેષી, દ્વેષ કરનાર.
§ અજિત–નહિ જિતી શકાય તેવા.

જીવાત્મા, સારાસાર વિવેકરૂપ સત્સભાસદના વિચારને અધીન ન રહેતાં, ક્રોધ દ્વેષાદિ સૈનિકોને વશ થઈ જઈ, કેવો અનર્થ કરવા તત્પર થયો છે તે તું જો. જે બ્રહ્મત્વ—જે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થવાને એવા મહા સમર્થ વિશ્વામિત્ર સરખા પુરુષને પણ હજુ કેટકેટલાક લાંબા કાળ વીતી જવા છતાં પણ વળખાં જ મારવાં પડે છે, તે બ્રહ્મજ્ઞાન કેટલું મોઘું હશે, તેનો તું વિચાર કર. એવું અમૂલ્ય બ્રહ્મજ્ઞાન, જેણે અનંત જન્મોના અપાર પુણ્યસંચયથી સંપાદન કર્યું હશે, તે પવિત્ર પ્રાણી, એ સર્વેશ્વર પરબ્રહ્મ પરમાત્માને કેટલો બધો પ્રિય હશે, તેનું અનુમાન કરી જો. એવા બ્રહ્મપ્રિય—પરમાત્મપ્રિય બ્રાહ્મણનો ઘાત કરનાર પ્રાણી કેવો પાપી ગણાય! તે એ સ્વયં પરબ્રહ્મ પરમાત્માનો જ મોટામાં મોટો દ્વેષી થાય, ને તેથી તે કૃપાળુના કઠિનમાં કઠિન શાસનને પાત્ર થાય. એવો બ્રહ્મઘાતક તો આ લોકમાં ને પરલોકમાં, સર્વત્ર નીચ અને ત્યાગ કરવા યોગ્ય ગણાય છે. અરે! એવા સર્વાંગે બ્રહ્મત્વને પામેલા બ્રાહ્મણનો ઘાત કરવારૂપ દુષ્ટ કર્મ, તે જ બ્રહ્મહત્યારૂપે આ જગતમાં ઓળખાય છે, ને તેનાથી મનુષ્ય પ્રાણીઓ તો શું, પણ મોટા ઇંદ્રાદિક દેવો અને વિષ્ણુ રુદ્રાદિકો પણ ભય પામી, દૂર નાસતા ફરે છે. એવી ઘોર બ્રહ્મહત્યા કરવાનો આપણા વિશ્વામિત્ર મુનિરાજે, ક્રોધ અને દ્વેષને વશ થઇને નિશ્ચય કર્યો. ક્રૂર રાક્ષસક્રોધ, ક્રૂરમાં ક્રૂર છે—તેમાં વળી ઇર્ષા વા દ્વેષ મિત્રો થાય ત્યારે વિપરીત ગતિને પમાડે છે!

ઘણાક દિવસ લાગ જોતાં જોતાં, એકવાર રાત્રે એ મહામુનિના આશ્રમમાં પેશી જવાનું વિશ્વામિત્રને ફાવ્યું. અતિશય સુંદર અને સુઘટ્ટ એવા નવપલ્લવિત અનેક જાતિના વૃક્ષોથી સુશોભિત એવો તે આશ્રમ, અતિ વિશાળ અને પરમ આનંદનું સ્થાન હતું. જગતમાંના સારામાં સારા અને આરામશાસ્ત્રના* જ્ઞાતા એવા માળીઓને હાથે બનાવેલા તથા સમરાવેલા મોટા ભૂપતિઓના આરામો, બાગો ને સુંદર વાટિકાઓ, કે જેમાં અતીવ સુંદર રચનાઓ કરેલી હોય, તે સર્વ કરતાં આ મહામુનિના આશ્રમની શોભા કંઈ અદ્ભુત જ હતી. દેવોનું નંદનવન પણ એના આગળ ઝાંખું જણાતું હતું. એનું કારણ એ કે, એ સઘળાં વનો ને આરામોમાં માત્ર સૃષ્ટિલીલાની ઉત્તમોત્તમ શોભા જ

---

* આરામશાસ્ત્ર—વાડીઓ, બગીચા આદિક બનાવવા સંબંધી વિદ્યા—તેના જાણનારા તે આરામશાસ્ત્રના જ્ઞાતા.

હોય છે, પરંતુ આ આશ્રમમાં તો એ સઘળી શોભા ઉપરાંત અદ્‌ભુત બ્રહ્મપ્રભાની છટા સર્વત્ર વ્યાપી રહી હતી; અને તેથી તે કેવળ પરમાનન્દના ધામરૂપ હતો! તેમાંનાં સર્વ વૃક્ષો, લતાઓ, કુંજો, સ્તબકો, વલ્લરીઓ આદિ સર્વ જાણે આવનાર જ્ઞાની મનુષ્યના જ્ઞાનપ્રકાશમાં વૃદ્ધિ અને અજ્ઞાન મનુષ્યના અજ્ઞાનાધિકારનો નાશ કરનારાં હતાં. એવા પવિત્ર આશ્રમની મધ્યમાં મહામુનિ વસિષ્ઠની પર્ણશાળાઓ હતી. સઘળી પર્ણશાળાઓ કરતાં યજ્ઞશાળા બહુ વિશાળ હતી. તેમાં ગાર્હપત્યાદિ ત્રણ અગ્નિઓ, પૃથક્ પૃથક્ કુંડોમાં વિરાજતા હતા. પૂર્વમાં શ્રીમતી કામદુધાનું સ્થાન હતું, પશ્ચિમમાં જળસ્થાન હતું, દક્ષિણ દિશાએ દર્ભ સમિધાદિના સંચયની શાળા હતી, તેની સમીપમાં બીજી એક પર્ણશાળા શયનસ્થાન માટે હતી; અગ્નિ દિશામાં પાકસ્થાન હતું, ઉત્તર દિશામાં વિદ્યાશાળા હતી, ને બીજી દિશાઓમાં ચોમેર બેસવા ઉઠવા તથા વિદ્યાર્થીઓને પઠન પાઠન મનન આદિકની પર્ણશાળાઓ નિર્મેલી હતી. તે ઉપરાંત એ મહામુનિના અસંખ્ય શિષ્યાદિકોને માટે પણ આશ્રમમાં જ જૂદે જૂદે સ્થાને અનેક પર્ણશાળાઓ બાંધેલી હતી. મોડી રાત જવા સૂધી ઘણાક શિષ્યો પોતાના ગુરુ મહામુનિ વસિષ્ઠજીની પરિચર્યામાં રહેતા, ને સમય થતાં ગુરુજી આજ્ઞા આપે, એટલે વંદન કરી કરીને, પોતપોતાની પર્ણશાળા પ્રત્યે સૂવા સારુ ચાલ્યા જતા, ત્યારે મહામુનિ વસિષ્ઠજી પણ પોતાના શયનસ્થાન પ્રત્યે આવીને ધ્યાનસ્થ અવસ્થામાં બ્રહ્માનંદનું સુખ અનુભવતા હતા.

આવા બ્રહ્મધામરૂપ આશ્રમને વિષે ગુપ્ત રીતે, રાત્રિને સમયે, સઘળું શાંત થતાં પ્રવિષ્ટ થઈ ગયેલા આપણા ક્રોધાવિષ્ટ કૃપણ વિશ્વામિત્ર મુનિ ફરતા ફરતા, છેક વસિષ્ઠ મુનિની શયનશાળા સમીપ આવી પહોંચ્યા. અંદર થતી બોલચાલ ઉપરથી તેમણે નિશ્ચયપૂર્વક જાણી લીધું કે, આ જ વસિષ્ઠજીનું શયનસ્થાન છે, અને એમાં શયન માટે તેઓ આવ્યા પણ છે. તેઓ ભરનિદ્રાવશ થાય એટલે આપણું કૃપણ કાર્ય સાધવું, એવા વિચારથી એ શયનશાળાની પછવાડે પોતે શસ્ત્ર સહિત ઉંચે શ્વાસે બેઠા. ઋતુ શરદ્ હતી, દિવસ પૂર્ણિમાનો હોવાથી મધ્યરાત્રિનો ચન્દ્ર લગભગ મસ્તકપર આવવા લાગ્યો હતો; તેથી રખેને કોઈ મને જોઈ જશે, એ શંકાથી તેમને પર્ણશાળાની પાસે ઉભેલા એક ઘટ્ટ સ્તબકમાં સંતાવું પડ્યું. થોડીકવાર તે બેઠા એટલામાં અંદરથી કંઈ વાતચિત થતી

હોય, એમ તેમના સાંભળવામાં આવ્યું. તેમનું મન ખિન્ન થયું કે, મારો પરિશ્રમ વ્યર્થ જાય એમ લાગે છે; કેમકે અંદર કોઈ બીજું પણ મનુષ્ય વસિષ્ઠજીની સાથે છે, ને તેથી મારું કાર્ય સાધી શકાશે નહિ. હશે, જોઉં વારુ, શું થાય છે. એમ ધારી એકાગ્ર થઈ કાન માંડીને બેઠા. શયન-મંદિરમાંથી કંઈક મંદ પણ મધુર અને સકોમળ શબ્દ સંભળાયો કે, "કૃપાનાથ! હવે એક ક્ષણવાર આ દાસીને ચરણસંવાહનની આજ્ઞા આપશો?" તેના ઉત્તરરૂપે એવું વાક્ય સંભળાયું કે; "સાધ્વી! હવે બહુ થયું. તેં બહુ કાળ મારી સેવા કરી છે. ને તેથી હું અત્યંત પ્રસન્ન છું. તારું કલ્યાણ થાઓ. તારા સરખી સ્ત્રીઓ તો આખા જગતમાં કલ્યાણરૂપ છે. તારી પણ ઉત્તર અવસ્થા છે, હવે તને ચરણસેવાનું શું પ્રયોજન છે?" આ સંવાદ સાંભળી વિશ્વામિત્ર સમજ્યા કે, આ તો મહાસતી અરુંધતી છે. પણ અહો! આટલી વૃદ્ધવયે પહોંચ્યા છતાં પણ, તે સાધ્વી હજુ પોતાના સ્વામીના ચરણસેવનની અભિલાષા રાખે છે, એ કેટલું પ્રશંસનીય અને જગતની સ્ત્રીઓને શિક્ષણીય છે! ધન્ય છે આવી સતીઓને. એટલામાં પાછાં તે મહાસતી મંજુલ સ્વરે બોલ્યાં; "સ્વામીનાથ, એમ કેમ? આ દાસીને તો આપના ચરણારવિંદની સેવાથકી બીજું કંઈજ અધિક કલ્યાણકારી નથી. પ્રભો! આપ મને જે સાધ્વી, સતી, ઇત્યાદિ સંબોધનોથી બોલાવો છો, તે સર્વ પ્રતાપ આપની ચરણસેવાનો જ છે. કૃપાનાથ! સ્ત્રી સ્વભાવથીજ મહા ભ્રષ્ટ, નીચ અને માયામયી અજ્ઞાનમૂર્તિ છે. તેને આવી બ્રહ્મમયી સ્થિતિએ પહોંચાડનાર તો એક આપ કૃપાળુના પુણ્યરૂપ ચરણારવિંદની પવિત્ર સેવા જ છે. કૃપાનાથ! આપે મને પૂર્વે કહેલું છે કે, જ્યાં સૂધી મનુષ્ય પ્રાણીને અન્નપાનાદિક ગ્રહણ કરવા જેટલી પણ શરીરની ક્રિયાઓ ચાલુ હોય, ત્યાંસૂધી તેણે શારીરધર્મો પણ અવશ્ય પાળવા જોઇએ. મારી તે ક્રિયાઓ કંઈ અટકી નથી, ત્યાંસૂધી આપની સેવારૂપ કર્મ મારે અત્યાવશ્યક છે. સેવક પોતાના સેવ્યની સેવા કરે છે ત્યારે તે તેમની પાસેથી પ્રસાદ પામે છે. તેમ હું પણ યથાશક્તિ આપની સેવા કરીશ, એટલે મને કંઈક કલ્યાણ વાર્ત્તારૂપે આપની પાસેથી પ્રસાદ મળશે." આ વાર્ત્તાવિનોદથી પ્રસન્ન થઈ, વસિષ્ઠ મુનિએ આજ્ઞા આપતાં સતી અરુંધતી પ્રેમથી ચરણસેવા કરવા લાગ્યાં. થોડીકવારે મુનિવર બોલ્યા; "હે શ્રેષ્ઠ તપસ્વિની! હવે બહુ થયું, તું થાકી ગઈ હોઈશ, માટે સમાપ્ત

કર." સતીએ કહ્યું; "પ્રભો! હું એવું શું તપ કરું છું, કે આપે મને તપસ્વિની કહી? અને તે પણ વળી શ્રેષ્ઠ તપસ્વિની!" મુનિવર બોલ્યા; "અહો! કેમ નહિ? સ્ત્રીને પોતાના સ્વામીની સેવા કરતાં બીજું અધિક તપ કીયું છે? જે શિષ્યો પોતાના ગુરુની અંતઃકરણપૂર્વક સેવા કરે છે, જે પુત્રો પોતાનાં માતપિતાની સત્સંકલ્પપૂર્વક પ્રેમથી સેવા કરે છે, અને જે સ્ત્રીઓ પોતાના સ્વામીની પ્રેમથી પરિચર્યા કરે છે, તેઓ મોટી તપસ્વિનીઓજ છે. આ વર્તમાન સમયમાં તો સ્વામીસેવન કરનારી સર્વ સ્ત્રીઓમાં તું શ્રેષ્ઠ હોવાથી, મેં તને શ્રેષ્ઠ તપસ્વિની કહી છે. આ કાળમાં મને માત્ર બેજ શ્રેષ્ઠ તપસ્વી જણાય છે. સ્ત્રીઓમાં તું અને પુરુષોમાં મુનિવર વિશ્વામિત્ર!! તેં મારી પરિચર્યારૂપ તપ કર્યું છે; અને વિશ્વામિત્રે તો, જેની તુલનાજ ન થઈ શકે એવું મહાતીવ્ર તપ, બ્રહ્મત્વ પ્રાપ્ત્યર્થે કર્યું છે. વિશ્વામિત્ર સરખો તપસ્વી તો વિશ્વામિત્રજ!!" એ સાંભળી અરુંધતી બોલ્યાં; "કૃપાનાથ! પૂર્વે આપણા જે અતિથિ થયા હતા, ને પછી આપણી કામધેનુને હરણ કરી ગયા હતા, તેજ વિશ્વામિત્ર! અહો! એમની તો મેં આપને મુખે અનેક પ્રસંગે પ્રશંસા સાંભળી છે. પણ મુનિ સ્વામીનાથ! એ મુનિવરનું નામ સાંભળતાં મારા હૃદયમાં મોટો દાહ થાય છે, કે અરે! એ એવા મોટા તપસ્વી અને બ્રહ્મત્વ પ્રાપ્તિ માટે મહાન્ પ્રયત્ન કરી રહેલા છતાં, એમણે મુજ અબળાના ભાગ્યપર મોટો ક્રૂર પ્રહાર કરેલો છે. કિંચિત્ પણ દયા ન લાવતાં મારા સોએ પુત્રોનો એ મુનિએ, પેલા દુષ્ટ રાક્ષસ પાસે નાશ કરાવી નાંખ્યો છે. કૃપાનાથ! એક સત્કર્મ કરનાર બ્રાહ્મણના સો સો પુત્રો મારીને સમૂળો વંશચ્છેદ કરવો, એ કર્મ શું એવા મહાતપસ્વીને છાજતું છે? નાથ! આ વાર્તાનું સ્મરણ થતાં મારાં હૃદયને અપાર ક્લેશ થાય છે!" એમ કહેતાં કહેતાં સતીનો કંઠાવરોધ થઈ ગયો ને નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. તે જોઈ મુનિવર વસિષ્ઠ તેમનું આશ્વાસન કરતા બોલ્યા; "સતિ! આ શું કરો છો? તમારાં સરખાંને આમ કરવું યોગ્ય નથી. કોના પુત્ર ને કોનો પિતા **जातस्य हि ध्रुवो मृत्युः** એટલે જન્મેલાનું અવશ્ય મૃત્યુ થાય છે. જગતમાં જન્મેલો કોઈપણ પ્રાણી સદા કાળ રહેતો નથી. જન્મેલા પ્રાણીઓ જો મરતાજ ન હોય તો પછી આ ભૂમિતલ, જે પચાસ કોટિ યોજન વિસ્તારનું છે, તેનાપર સમાયજ ક્યાંથી? આ સૃષ્ટિનો નિયમજ એવો છે કે, તેમાં નવનવા પદાર્થો અને નવનવાં પ્રાણીઓ

ઉત્પન્ન થતાં જાય છે ને જૂનાઓનો લય થતો જાય છે. બીજ પડે છે, ઉગે છે, વૃક્ષ થાય છે, ફૂલે છે, ફળે છે, અને તેમાંથી પાછાં નવાં બીજ ઉત્પન્ન થાય છે, એટલે જૂનાં થયેલાં વૃક્ષને લય થવાનો સમય આવે છે. સતિ! વળી એ જ વૃક્ષનાં ફળ તથા બીજનો પણ સમયે પોતાનાં માતપિતારૂપ વૃક્ષના પહેલો જ નાશ થઈ જાય છે. કેટલાંક ફળો કાચાં ને કાચાં જ રોગ લાગવાથી ખરી પડે છે, કેટલાંક કરમાઈ જાય છે, કેટલાંકને પક્ષીઓ ખાઈ જાય છે, કેટલાંકને મનુષ્યો તોડી લે છે અને એમ કરતાં બચીને જે પાકાવ પામ્યાં, તેઓનો પણ અંતે તો મનુષ્યાદિકના ભક્ષણદ્વારા નાશ જ થાય છે. કદાચ કોઇનાં ભક્ષણમાં ન આવતાં બચી ગયાં હોય તો પાછાં ભૂમિમાં વવાઇને પણ તેમનો નાશ જ થાય છે; અથવા તો ત્યાંથી પાછા ઉગી નિકળવારૂપે પુનર્જન્મ ધારણ કરે છે. સતિ! એ જ પ્રમાણે મનુષ્ય પ્રાણીઓને પણ મૃત્યુ થયા પછી પાછો પુનર્જન્મ થવારૂપે ઉગી નિકળવાનું નિયત જ હોય છે; કેમ કે ध्रुवं जन्म मृतस्य च એટલે કે મૂએલાંને અવશ્ય જન્મ લેવો પડે છે, એવો સ્રષ્ટાનો ને સૃષ્ટિનો નિયમ છે. આ સૃષ્ટિનિયમ અનિવાર્ય છે. કોઇથી ટળે નહિ તેવો અટલ છે, તો પછી તારા જેવા જ્ઞાની મનુષ્યોને-અનુભવ સહિત આવા પ્રકારના જાણનારા જનને-એ વિષે કલેશ કે શોક થવો કેમ જ સંભવે?" એ સાંભળી સતી અરુન્ધતી વિનયસહ બોલ્યાં; "કૃપાનાથ! આપે જે જે કહ્યું, તે સર્વ યથાર્થ છે. પૂર્વે પણ મેં આપની પાસેથી એ જ શ્રવણ કરેલું છે; તથાપિ તેમાં કલેશ થવાનું સબળ કારણ જે છે, તે કંઈ આપથી અજાણ્યું નથી. પ્રભો! આપે જેમ કહ્યું કે, આ જગતમાં જન્મેલાને અવશ્ય મૃત્યુ અને મુવેલાને અવશ્ય પુનર્જન્મ છે જ- जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ॥ તેમ એ પણ આપે જ કહ્યું છે કે; गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः એટલે કે જ્ઞાનવડે કરીને ધોવાઈ ગયેલાં છે પાપો જેમના એવા પવિત્ર પુરુષો જ્યાંથી કદી પાછું ન જ ફરવું પડે એવે સ્થાને જાય છે. સ્વામીનાથ! આ સંસાર આપે પરમ કલેશકારી-દુઃખમય કહ્યો છે, અને તેટલા માટે તેમાં વારંવાર જન્મીને તેમાંનાં દુઃખોનો ફરીફરીને અનુભવ ન જ લેવો પડે એ સારુ, મનુષ્ય પ્રાણીએ જન્મભર મહાન્ યત્નવડે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. તે જ્ઞાન પણ અધિકાર થયા વિના પ્રાપ્ત થતું નથી. ઘણાક જન્મોના કરેલા પુરુષાર્થનો પુંજ વધે ત્યારે ઉત્તમ અધિકાર પ્રાપ્ત થાય છે. તેવો અધિકાર પામેલો મનુષ્ય

પ્રાણી, આપ સરખા સદ્‌ગુરુના સદુપદેશદ્વારા પરમાત્મસ્વરૂપનાં યથાર્થ જ્ઞાનનો અલભ્ય લાભ મેળવી શકે છે. હે નાથ! એવા દુર્લભ જ્ઞાનની પ્રાપ્તિ માટે, બીજાં સર્વ મનુષ્યો કરતાં બ્રહ્મતેજસ્વી જીવ તો જન્મથી જ અધિકારસંપન્ન છે. તેમાં પણ આપ સરખા મહાત્માને ત્યાં જન્મ, એ તો જ્ઞાનપ્રાપ્તિની સાક્ષાત્ અભિસંધિનો જ સમય છે. હે કૃપાળુ! આપને ત્યાં જન્મવાથી ઉત્તમોત્તમ અધિકાર પામેલા અને બ્રહ્મપ્રાપ્તિની અભિસંધિપર આવી પહોંચેલા એવા એ મારા પુત્રો, ઘણેક જન્મે અને ઘણે ઘણે પુરુષાર્થે પોતાને પ્રાપ્ત થનારો સર્વોત્તમ તથા અલભ્ય લાભ ગુમાવી, મહાદુઃખયુક્ત અંધકારરૂપ મરણને વશ થયા, એથી શું મને કલેશ ન થાય? તેઓ મરણ પામ્યા એટલું જ નહિ, પણ અકાળે અને અપવિત્ર એવા રાક્ષસને હાથે મરણ પામ્યા, એથી મને અપાર શોક અને દાહ થાય છે; કેમકે એવું મૃત્યુ તે અપમૃત્યુ–અધોગતિ આપનારું મૃત્યુ છે. આપ સરખા મહાન્ પુરુષને ત્યાં જન્મેલા પ્રાણીઓની અધોગતિ થવી, એ શું ઓછું ખેદકારક છે? એવું કૃપણકર્મ અને તે વળી બુદ્ધિપૂર્વક કરનાર વા કરાવનારની ત્યારે શી ગતિ? ભલે, આપ એ વિશ્વામિત્ર મુનિના અથાગ તપની પુનઃપુનઃ પ્રશંસા કરો-અવશ્ય એ વીર રત્ન પ્રશંસા યોગ્ય પણ છે; તથાપિ આવું ગર્હિત કર્મ એમના ચરિત્રમાં મોટાં દૂષણરૂપ જ છે ને કાળના કાળ પર્યંત તેવુંજ દૂષિત રહેશે. વળી આપ સૌ વાતે સમર્થ છતાં એમના એવડા મોટા અપરાધના બદલામાં આપે એમને કશું પણ શાસન કર્યું નહિ, કે શિષ્યાદિકદ્વારા કરાવ્યું નહિ, એ પણ મને રુચતું નથી!"

સતીનું આવું પ્રમાણયુક્ત વચન સાંભળી, મહામુનિ બોલ્યા; "પ્રિયે! તું ખેદ કરીશ નહિ. કલ્યાણને માર્ગે લાગેલા અને સત્કર્માચરણ કરનારા પ્રાણીની કદી દુર્ગતિ થતી નથી. તારા પુત્રો જો કે અકાલમૃત્યુ પામ્યા છે, તથાપિ તેઓ કર્મયોગના અભ્યાસી હોવાથી, યોગભ્રષ્ટોની ગતિને પામશે, એમાં લેશ માત્ર મને શંકા થઈ નથી! યોગભ્રષ્ટ આત્મા પવિત્ર એવા શ્રીમાનને ત્યાં અથવા મહાબુદ્ધિમાન્ એવા યોગીને ત્યાં જન્મે છે; અને ત્યાં પોતાના પૂર્વના અભ્યાસનું સ્ફુરણ પામી, અધુરો યોગ પૂરો કરવા માટે પ્રયત્ન કરે છે. માટે, હે સતિ! કહેવાતા એવા એ તારા પુત્રોના સંબંધમાં તો આપણે ખેદ કરવાનું કારણ જ નથી; પરંતુ એથી અતિશય ખેદ તો મને તે મુનિવર વિશ્વામિત્રના સંબંધમાં થાય છે-કેમકે અનંતકાળ સૂધી અથાગ પરિશ્રમ વેઠીને એકઠું કરેલું

મહાન્ તપ, એ મુનિશ્રેષ્ઠ આવાં આવાં દૂષિતકર્મથી સહજમાં ક્ષીણ કરી નાંખે છે. સતિ! બ્રહ્મતેજસ્વી પુરુષનો ઘાત કરવો વા કરાવવો, એના જેવું બીજું એકે મહાપાતક નથી. તેમણે મિથ્યા દ્વેષથી સો સો બ્રહ્મતેજસ્વી-બ્રહ્મપરાયણ જીવોનો નાશ કરાવ્યો, એ પાપની તો ગણના જ થઈ શકે એમ નથી. એ મહાપાપથી એમનું ઘણા લાંબા કાળનું દુર્ઘટ તપ નાશ પામ્યું છે, તો હે સુવ્રતે! એથી વધુ બીજું શાસન કયું હોય? કોણ કોને શાસન કે શિક્ષા કરવા સમર્થ છે તે મને કહે! પોતપોતાનાં કર્મ જ પ્રાણીને તેનાં ફળરૂપે શાસન કરે છે. મુનીશ્વર વિશ્વામિત્રે જેમ દ્વેષને લીધે ઉન્મત્ત થઇને એવો અનર્થ કર્યો, તેના બદલામાં એમના પોતાના જ અપાર પુણ્યની હાનિ થઈ, તો શું એ પ્રમાણે એમણે શાસન કરવારૂપ ઉદ્યોગ આચરી આપણે પણ પાછી મોટી હાનિ જ વ્હોરી લેવી? આપણા પુત્રો નાશ પામ્યા, એ આ દેહરૂપ જીવને મોટામાં મોટી હાનિ થઈ છે, તે ઉપરાંત વળી વિશેષ હાનિ આપણા જ સ્વાર્થમાં કરવાની મૂર્ખતા આપણે શા માટે કરવી? બ્રહ્મપરાયણ જીવનો ધર્મ તો ક્ષમા છે! એવા બ્રહ્મભાવને પામેલો જીવ, અન્યને શાસન કરવા જતાં ક્ષમાનો ત્યાગ અને કટકરૂપ ક્રોધનો અંગીકાર કરે છે, એ ઉચિત કર્મ છે? પોતાને હાનિ કરનારાની સામી હાનિ કરવા જનાર મનુષ્ય બેવડો મૂર્ખ છે. એક તો પોતાની હાનિ થઈ છે, તેને સુધારી શકતો નથી, ને સામાની હાનિ કરવા જાય છે, તેથી પોતાનું ને સામાનું બંનેનું બગાડે છે, એ વાત તેના લક્ષમાં આવતી નથી."

એટલું કહીને મહામુનિ પાછા બોલ્યા; "હે સુશીલે! સાંભળ. મુનીશ્વરનું ચરિત્ર ને ચારિત્ર્ય! ત્રિશંકુ નામના અનધિકારી રાજાને સ્વર્ગે મોકલવામાં પણ મુનિશ્રેષ્ઠે તપઃપુણ્યરૂપ કુસુમ કચડી નાંખ્યું છે; મારા પ્રતિના દ્વેષને લીધે પુણ્યવાન્ હરિશ્ચન્દ્ર રાજાનું સત્ય ચૂકાવવામાં પણ તેમનું ઘણું તપ ચગદાઈ ગયું છે; મેનકા અપ્સરા સાથેના વિહારમાં પણ હજારો વર્ષનું તપ નષ્ટ કીધું છે. એ સઘળું અજ્ઞાનનું અને ક્ષત્રિય-પણાની રાજસી પ્રકૃતિનું જ લક્ષણ છે. બ્રહ્મત્વપ્રાપ્તિને માટે એમણે અથાગ તપ કર્યું છે; દેવતાઓએ પણ એમના મહાન્ પરિશ્રમ સામું જોઇને બ્રહ્મર્ષિ કહ્યા છે ખરા, તથાપિ હજુ એમને સત્યસિદ્ધ બ્રહ્મત્વ મળ્યું નથી, એમ હું જે કહું છું, તેનું કારણ એ જ કે, એમની રાજસી પ્રકૃતિ બદલાઇને, શુદ્ધ સાત્વિકભાવ હજી પ્રકટ થયો નથી. અક્રોધ,

વૈરાગ્ય, જિતેંદ્રિયપણું, નમ્રતા, ક્ષમા, દયા, ક્ષાંતિ, સમતા, અમાત્સર્ય,* ઇત્યાદિ બ્રહ્મત્વનાં ભૂષણો હજુ જો કે તેમનામાં પ્રકટવાને પ્રકાશ્યાં નથી, છતાં તેની ચિંતા નહિ; પણ એમની અભિલાષા ઉચ્ચતર છે. અન્ય કશી પણ કામના વિના માત્ર બ્રહ્મત્વપ્રાપ્તિની જ કામનાથી તેમણે અથાગ તપોધન† સંચિત કર્યું છે, એટલે પરિણામે એ શ્રેષ્ઠ જીવનું અંતઃકરણ શુદ્ધ સાત્વિક અને અધિકારી થતાં તેમને સત્ય વસ્તુની પ્રાપ્તિ અવશ્ય થશે. ચાલો સમાપ્ત કરો, સતિ! હવે રાત્રિ બહુ વ્યતીત થઈ છે; ઉષઃકાળ થવા પૂર્વે ઊઠાશે નહિ, તો પ્રાતર્હોમનો સમય ચૂકાશે."

એમ કહી સતી શિરોમણિને સૂવાની આજ્ઞા આપીને, રાત્રિ કેટલી ગઈ છે, તે જોવા સારુ મહામુનિ વસિષ્ઠ પર્ણશાળાની બહાર આવ્યા. પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્રમા સ્વચ્છ નિરભ્ર આકાશમાં બરાબર મસ્તકે આવેલો હતો. આખા વનમાં, આશ્રમમાં, ભૂમિપર ને આકાશમાં સર્વત્ર સ્વચ્છ, શુભ્ર અને શીતળ પ્રકાશ છવાઈ રહ્યો હતો. પશુ, પક્ષી, મનુષ્યાદિ સર્વ પ્રાણી નિદ્રાવશ હોવાને લીધે, સઘળે શાંતિ પ્રસરી રહેલી હતી. આવે સમયે એકાંતિક સ્થિતિના પ્રેમીલા અને નિવૃત્તિ માર્ગના અનુયાયી મહાત્માને તો અનાયાસે જ બ્રહ્મસુખનો અનુભવ થાય તેવું હતું. બ્રહ્મપુત્ર મહાત્મા વસિષ્ઠમુનિ, આવી સર્વત્ર સુપ્રકાશિતપણે વ્યાપી રહેલી રૌપ્યમયી ચંદ્ર છટા જોતાં બહુ જ આનંદ પામ્યા-તેના આવેશમાં બોલી ઉઠ્યા; "અહા સતિ! આજની રાત્રિ શી ખીલી રહી છે! પણ એના સુપ્રકાશિતપણાંને હું કોની ઉપમા આપું? ખરેખર, બીજું કંઈ જ નહિ, પણ મુનિવર વિશ્વામિત્ર અને તેમનું અપ્રતિમ તપ જ એની તુલનાએ આવી શકે. જેવી એ મુનિવરના અતુલ તપની વિમળ કીર્તિ સર્વત્ર પ્રકાશી રહી છે, તેવી જ આજની મનોહર શરદ્ રાત્રિ પણ પ્રકાશી રહી છે. સુશીલે! આ ચંદ્રમંડળના અધિપતિ મહાત્મા સોમને વિષે પણ આવી સુપ્રભા, એ મુનિવર વિશ્વામિત્રની પેઠે તેણે કરેલા અથાગ તપનો જ મહિમા છે. દેવતાઓનાં કોટ્યવધિ વર્ષોપર્યંત પરબ્રહ્મ નારાયણની આરાધના કરવારૂપ એના મહાન્ તપથી એ આ ચન્દ્રમંડળનો પતિ અને સર્વ નક્ષત્રગણોનો, તેમ જ પિતરોનો રાજા થયો છે; તેમ જ મહાન્ તપરૂપે પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના કરનાર મુનિ વિશ્વામિત્ર પણ પરિણામે આકાશને વિષે પ્રકાશી રહેલા સપ્તર્ષિ મણ્ડળમાં જઇને વિરાજશે."

---

* અમાત્સર્ય-મત્સર રહિતપણું, દ્વેષ રહિતપણું. † તપોધન-તપરૂપ ધન.

"પ્યારા જીવન!" તેના ગુરુજી બોલ્યા; "બ્રાહ્મણપણાના ઉત્તમોત્તમ ગુણોનું નિરીક્ષણ કર! આવા અદ્ભુત ગુણોવડે આખું ત્રૈલોક્ય વશ કાં ન થાય? જેણે પોતાનું ઉત્તમોત્તમ આતિથ્ય કરવાના બદલામાં બની શકે તેટલી સેવા કરી છૂટવાને ઠેકાણે ઉલટું કામધેનુનું હરણ કરવું, ત્યાંથી પરાજય પામતાં જેમણે પાછો અથાગ સૈન્ય સમૂહ લાવી, યુદ્ધે આવીને પોતાને અપાર વિટંબણાઓ આપી, જેણે અનેકવાર આવીને શસ્ત્રોની અને અસ્ત્રોની અસહ્ય વૃષ્ટિ કરી, જેણે સો સો પુત્રોનો ઘાત કરાવીને છેક નિર્વંશ કરી નાંખવા સરખું કરવું; પોતે આખા જગતમાં કોઇના જ દ્વેષી નહિ અને જગતમાં કોઈ પણ પોતાનું દ્વેષી નહિ, એવા સર્વભૂતના પરમ અદ્વેષ્ટા છતાં તેમની સાથે જેણે મહાન કલેશકારક દ્વેષ પ્રવર્તાવ્યો અને એવી અસંખ્ય વિટંબણાઓ આપવા ઉપરાંત, છેવટે તેમનો પોતાનો પણ ઘાત કરવાને જે જીવ સંધિ જોયા કરતો હતો, તેના સંબંધમાં પણ એ મહામુનિવર વસિષ્ઠજીના મનની કશા પણ દ્વેષ વગરની કેવી શુદ્ધ ભાવના હતી, તે તેં જોઈ. એ શુદ્ધ ભાવના પણ પુંઠ પછવાડે, પરોક્ષપણે, નહિ કે કોઇની આગળ, કે કોઇને સારું લગાડવાને માટે દર્શાવી હતી. એવા અદ્ભુત અને મહાન્ ગુણોવડે તે મહાત્મા સમગ્ર જગતના સુહૃદ્, મિત્ર અને કલ્યાણ કરનારા છે. એવા પુણ્ય પુરુષના સહજ સંબંધમાં આવનાર પ્રાણી પણ જો કે મહાક્રૂર ને ભયંકર હોય, છતાં સૌમ્ય ને શાંત થઈ જાય છે; નિર્દય ને ઘાતકી હોય છતાં પરમ દયાળુ ને અહિંસક થઈ જાય છે; ક્રોધી હોય તે અક્રોધી બની જાય છે; પાપી હોય તે પવિત્ર થઈ જાય છે; શત્રુ હોય તે સખા થઈ જાય છે; અજ્ઞાની જ્ઞાની થઈ જાય છે; જડ સચેતન બને છે; શાસક સેવક બની સેવા કરે છે. એવું જ મુનિ વિશ્વામિત્રના સંબંધમાં પણ બન્યું. તેઓ પર્ણશાળાની પછવાડે જઇને સંતાયા, તે વેળાથી આ બ્રહ્મૈવ દંપતીનો પુણ્યરૂપ સંવાદ એકાગ્રચિત્તે શ્રવણ કરી, જડ જેવા ઉભા રહ્યા હતા. એ સંવાદ સાંભળતાં સાંભળતાં જ જેમ દીપક પ્રકટ થવાથી, અંધારા ઓરડાનો અંધકાર નાશ પામે છે અને તેમાં ભરાઈ રહેલો મહા વિષધર સર્પ ફુંફાડા મારતો અને જીભ લપકાવતો પ્રત્યક્ષ દેખાય છે, તેમ તેમના હૃદયનાં અજ્ઞાનાદિક આવરણો તત્કાળ દૂર થઈ જઈ, તેમાં ભરાઈ રહેલા અકારણ ક્રોધ અને દ્વેષરૂપ બે મુખવાળા ફણિધરને તેમણે જોયો. તેમને મોટા આશ્ચર્ય સાથે સ્પષ્ટપણે

દેખાયું કે, 'આ દુષ્ટ જ મારું મહાઅનિષ્ટ કરી રહ્યો છે. હર હર! એ કૃપણે જ મારે હાથે અકારણ અનેક અનર્થો કરાવ્યા છે. શિવ! શિવ! એણે જ મને બ્રહ્મત્વરૂપ અલભ્ય લાભથી આજ પર્યંત અતિદૂર રાખ્યો છે, ને ફાંફાં મરાવ્યાં છે. અરેરે! આવા બ્રહ્મરૂપ, સચરાચરના સખા અને સર્વના કલ્યાણદાતા વિશ્વહિતૈષી મહર્ષિવરની સાથે મિથ્યા દ્વેષ!– અરે મહા અકલ્યાણકારક અધમ દ્વેષ!–આ ગુપ્ત ઘર કરી વસેલા દુષ્ટે જ કરાવ્યો છે. રે! મિત્રવત્ થઈ ઘરમાં આવીને રહેલા શત્રુની પેઠે આ દુષ્ટે તો મારા હૃદયમાં ભરાઈને, મારી સાથે મોટામાં મોટા શત્રુનું કામ કર્યું છે; અને અહો! આ મહર્ષિવર્યના આટલા પરોક્ષ ને ક્ષણવારના સમાગમથી મારું હૃદય ઊઘડ્યું, ખીલ્યું, પ્રકાશ્યું; અને તે દુષ્ટ મને પ્રત્યક્ષ દેખાયો! એ અહોભાગ્ય તથા સત્સમાગમનો મહાપ્રતાપ જ છે. નહિ તો એ દુષ્ટ, પ્રબળ થઈ જતાં પરિણામે મારો અવશ્ય નાશ જ કરત.'

આ પ્રમાણે, જેમ કોઈ ભરઊંઘમાં પડેલો મનુષ્ય પોતાના કોઈ હિતેચ્છુની, સમયની સૂચનાથી એકાએક જાગ્રત થઈ જાય, અને પોતે ચોક્કસ ભયંકર સ્થિતિમાં છે એવું જાણીને તત્કાળ સાવધ બની જઈ, તેમાંથી અતિ ત્વરિતપણે કોરે ખસી જાય, તેમ વિશ્વામિત્ર મુનિ, પોતાના અજ્ઞાનાંધકારપણામાંથી જાગ્રત થઈ ગયા. પોતે કેવડો મોટો અનર્થ કરવાને તત્પર થયા હતા, ને જેમની પાસેથી પ્રસાદ મેળવવો યોગ્ય, તે મહાપુરુષની સાથે પોતે કેવું અયોગ્ય વર્તન ચલાવ્યું હતું, એ સઘળું પ્રત્યક્ષ દેખાઈ આવતાં, તેને ઘણી જ લજ્જા અને ગ્લાનિ ઉત્પન્ન થઈ. મુનિ ધર્મથી વિપરીત, બ્રહ્મર્ષિપદની પ્રાપ્તિના જિજ્ઞાસુ જીવની અતિ કલેશકારિણી અધોગતિને પમાડનારી સ્થિતિનું પ્રત્યક્ષ દર્શન થતાં, પોતાના અવિચારીપણાને મન સાથે અતિશય ધિક્કાર આપતાં, તે તત્કાળ પેલા વૃક્ષગુચ્છમાંથી બહાર નિકળી પડ્યા; અને દ્રવિત હૃદયે, ગદ્‌ગદ્ કંઠે, સજલ નયને પ્રબળ પ્રેમે અને વિશુદ્ધ મને, દોડી જઈ, મહર્ષિ વસિષ્ઠજીના નિર્મળ ચરણારવિંદમાં નમી પડ્યા. આ વેળાના અદ્‌ભુત પ્રસંગનું હું શું વર્ણન કરું! આવી એકાંત ને શાંત રાત્રે એકાએક આ કોણ? એવા આશ્ચર્ય સાથે વસિષ્ઠ મુનિએ નીચે નમીને જોયું તો, હમણાં જેની પોતે પ્રશંસા કરતા હતા, તે જ વિશ્વામિત્ર મુનિ, પરમ નમ્ર, નિર્માની, નિર્દ્વન્દ્વ અને શરણાગત થઇને પોતાના ચરણમાં પડેલા છે. પછી બહુ સાનંદાશ્ચર્યથી તે મહર્ષિ બોલ્યા; "અહો! મુનિ

વિશ્વામિત્રજી! આ વેળા તમે અહીં ક્યાંથી ? ઊઠો, બેઠા થાઓ. તમારું શુભાગમન અકસ્માત્ કિમર્થે થયું છે? ખેદ મા કરો; તમે મને બહુ પ્રિય છો; તમારું કલ્યાણ થાઓ." પણ વિશ્વામિત્ર તો બંને ભુજાઓવડે વસિષ્ઠના ચરણારવિંદને દૃઢ આલિંગન કરીને પડેલા હતા. તેમનાં નેત્રોમાંથી અસ્ખલિત વહી રહેલા અશ્રુપ્રવાહવડે બંને ચરણોનું પ્રક્ષાલન થઈ રહ્યું હતું; ઘણીકવાર બોલાવ્યા છતાં મુખેથી એક શબ્દ પણ બોલી શકતા નહોતા. છેવટે ગદ્‌ગદ્ કંઠે અતિ નમ્રપણે તે બોલ્યા; "હે બ્રહ્મન્! આ અપરાધી આપની સાથે ભાષણ કરવા યોગ્ય નથી; હે ક્ષમામૂર્તે! મેં નહિ ક્ષમા થાય એવા આપના ઘણા ઘણા અપરાધો કરવા છતાં આપે તેને તૃણવત્ પણ ગણ્યા નથી; ધન્ય છે આપની સર્વોત્તમ ક્ષાંતિને. હે ભગવન્! આટઆટલું છતાં પણ આપના અતુલ પ્રભાવને મેં મૂર્ખે ન જાણતાં વારંવાર આપની ઇર્ષા ને આપને વિડંબણા જ કર્યા કીધી છે; એટલું જ નહિ, પણ એ ઉપરાંત વળી હું મહાદુષ્ટ આજે એક એવો મોટો અન્યાય કરવા ઉદ્યુક્ત થયો હતો, કે જે આપની આગળ પ્રકટ કરતાં મને અતિશય લજ્જા ઉત્પન્ન થાય છે. હે પ્રભો! દ્વેષાદિક દુર્ગુણોને લીધે અધમતાને વળગી રહેલો આ નરાધમ, આપને શું મુખ દેખાડે? આપના પ્રતાપથી બ્રહ્મત્વનું ખરું તત્ત્વ હવે મારા સમજવામાં આવ્યું, ને તે કેવળ તપ માત્રથી જ નહિ, પણ આપના સરખા અદ્‌ભુત સૌજન્યાદિક ઇશ્વિરી ગુણોથી જ પ્રાપ્ત થાય છે, એ પણ હું આપની કૃપાથી સમજ્યો છું. હે મુનીશ્વર! આપ સરખા પુરુષ તો વિરલ જ છે; આપની તુલનામાં મૂકવા યોગ્ય બ્રહ્મર્ષિ ત્રણે લોકમાં કોઈ નથી. મેં કરેલા આપના અસંખ્ય અને અસહ્ય અપરાધોને સંભારીને, હવે મને જે અપાર ખેદ થાય છે, તેનું મારાથી વર્ણન પણ થઈ શકે તેમ નથી; ક્ષમા! ક્ષમા! હે ઋષીશ્વર! આ અપરાધી પ્રાણી મન, વાણી અને શરીરવડે કરીને આપને શરણે છે, તેને યોગ્ય લાગે તેવું શાસન કરવા આપ સમર્થ છો."

એ સાંભળી બહુ પ્રસન્ન થયેલા વસિષ્ઠમુનિ, વિશ્વામિત્રને બેઠા કરી, અતિ સ્નેહથી હૃદય સાથે ચાંપી, આશ્વાસન દઇને બોલ્યા; "બાપ વિશ્વામિત્ર, ચિંતા મા કરો; તમે નિષ્પાપ છો: તમારું ચિરકાળનું તપ આજે સફળ થયું છે: આજે તમે યોગ્ય થયા: આજે તમને યથાર્થ બ્રહ્મર્ષિપણું પ્રાપ્ત થયું. તમારા સંબંધમાં મને કોઈ જાતનો દ્વેષાંકુર નહોતો અને નથી જ. તમને પ્રાપ્ત થયેલા અલભ્ય બ્રહ્મત્વવડે જ તમારા

સકલ અપરાધો ભસ્મ થયા છે; અર્થાત્ 'હું અપરાધી છું ને અરે, એ મેં બહુ જ ખોટું કર્યું છે,' એવા જ્ઞાનપૂર્વક બોધથી, કૃતકર્મ માટે અનિવાર્ય પશ્ચાત્તાપ કરવો, એ જ કૃતકર્મ પાપનું પ્રાયશ્ચિત્ત છે."

આ પ્રસંગ ચાલતાં સતી શિરોમણિ અરુન્ધતી પણ પર્ણશાળામાંથી બહાર આવ્યાં. તેમને જોઈ વિશ્વામિત્રે પ્રેમથી વંદન કર્યું; ક્ષમા માંગી. ત્યારે વસિષ્ઠજી બોલ્યા; "કૌશિક!* આ સદ્ગુણરૂપા સતી, આકાશમાં પ્રકાશી રહેલા ચંદ્રદેવ, ધ્રુવ, સપ્તર્ષિઓ અને નક્ષત્રગણો, તમારો અને મારો સમાગમ અંતરિક્ષમાં જોઈ રહેલા વિમાનસ્થ દેવતાઓ, આ જગન્માતા પૃથ્વી દેવી, આ પવિત્ર આશ્રમ અને તેમાંનાં તરુવરો તથા તમોને ક્ષાત્રપણાપર તિરસ્કાર કરાવી, બ્રહ્મત્વ માટે અથાગ પ્રયત્ન કરાવનાર આ શ્રીમતી કામધેનુ, એ સઘળાં તમારાપર બહુ પ્રસન્ન થયેલાં છે અને તમારા અપ્રતિમ તપની પ્રશંસા કરે છે. હે બ્રહ્મર્ષિ! આજે તમે બ્રહ્મર્ષિ થયા એટલું જ નહિ, પણ બ્રહ્મર્ષિઓમાં શ્રેષ્ઠ થયા છોઃ તમારું કલ્યાણ થાઓઃ તમારું તપસ્તેજ ચિરકાળ અખંડ પ્રકાશો." આ શબ્દો વસિષ્ઠજીના મુખમાંથી નિકળતાં જ, અંતરિક્ષમાંથી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ સાથે જયજયકારની ગર્જનાઓ થવા લાગી.

"પ્રિયપુત્ર જીવનસિંહ! આ પ્રમાણે ઘણાક કાળનો દુર્ધર દ્વેષ મટી, વસિષ્ઠમુનિ સાથે વિશ્વામિત્રનું પરમ સખ્ય થયું, તે અદ્યાપિ સૂધી જેવું ને તેવું જ છે. એ જ વિશ્વામિત્ર મહર્ષિ હમણાં વસિષ્ઠમુનિ સાથે સપ્તર્ષિ મંડળને વિષે સુપ્રકાશિતપણે વિરાજે છે. એમનાં સંક્ષિપ્ત પવિત્ર ચરિત્રપરથી તારા જાણવામાં આવ્યું હશે કે, મનુષ્યપણું કેટલું અમૂલ્ય અને દેવોને પણ કેટલું શ્લાઘ્ય છે. એવું અદ્ભુત તત્ત્વ મનુષ્યપણામાં છે. પોતે પોતાને જાણવો, જોવો, અનુભવવો, એમાં જ મનુષ્યપણાની શ્રેષ્ઠતા છે."

## મનુષ્ય શાથી ઉત્તમ છે?

હિમાલયપરના એકાંત આશ્રમમાં મહાત્મા યોગીશ્વરની પ્રથમ પરિચર્યા કરતા બંને શિષ્યોપ્રત્યે, તે યોગીશ્વરે કહ્યું; "વત્સો! વયમાં બાળ, પણ પૂર્વનો મોટો સંસ્કારી રાજપુત્ર જીવન, હવે વ્યવહારિક ભણવું ગણવું મૂકી દઈ, વારંવાર પોતાના વિદ્યાગુરુ પાસે એવી બ્રહ્મકથા જ શ્રવણ કરવામાં તત્પર થઈ ગયો. વેદાધ્યયન અને ધનુર્વેદનું

* કુશિક વંશમાં ઉત્પન્ન થયેલા માટે કૌશિક-વિશ્વામિત્ર.

અધ્યયન ચાલતું હતું, તે પણ બ્રહ્મકથા આગળ એણે શિથિલ કરી દીધું; અને પ્રતિદિન આત્મવિદ્યાના જ પ્રશ્નો ગુરુજીને પૂછવા લાગ્યો. ગુરુજી પણ તેને જો કે ક્ષત્રિયપુત્રને આવશ્યક એવી ધનુર્વિદ્યા ભણાવતા, તથાપિ તેનો અધિકાર ઉત્તમ જાણીને, પ્રસંગ મળતાં તેના ઉત્તમોત્તમ પ્રશ્નોનું પ્રેમપૂર્વક સમાધાન કરતા. તેના સહાધ્યાયીઓનો તેના જેટલો ઉત્તમ અધિકાર ન હોવાથી તે અધ્યાત્મ કથાને માટે ગુરુજીએ સમય પણ તેને એકલાને અનુકૂળ આવે એવો જૂદો જ રાખ્યો હતો. મનુષ્યપણું એટલું બધું ઉત્તમ છે, એ મહર્ષિ વિશ્વામિત્રના ચરિત્રપરથી જાણી, એણે ઘણાક મનન પછી પોતાના ગુરુજીને પ્રશ્ન કર્યો કે, 'હે કૃપાનાથ! મનુષ્યનામાં ઇતર સર્વ પ્રાણીઓ કરતાં એટલી બધી ઉત્તમતા શાથી છે? કયા તત્ત્વને લીધે મનુષ્ય એવું ઉત્તમ થઈ શકે છે?' આ પ્રમાણેના તેના પ્રશ્નોનું ગુરુજી સમાધાન કરવા લાગ્યા:-

તે બોલ્યા; "હે રાજપુત્ર! જગતમાંનાં પ્રત્યેક પ્રાણીનો જે દેહ આપણી દૃષ્ટિએ પ્રત્યક્ષ દેખાય છે તે, તેવો જ અને તેવડો જ કંઈ નથી. તેમાં તો બહુ બહુ ભેદ છે. જેને આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ તેને તત્ત્વવેત્તાઓ સ્થૂલ એટલે મોટું-જાડું દેખાય તેવું શરીર કહે છે. એ શરીર તો પ્રાણીને રહેવાના એક ઘર સરખું છે. જળમાં ઉત્પન્ન થતા નાના મોટા શંખલા નામના જંતુઓ તો તેં જોયા હશે. એ શંખલાનું ઘર તે શંખ, એ શંખ શંખલાના શરીર કરતાં વાસ્તવિક રીતે જૂદો હોય છે, તથાપિ શરીર સાથે જોડાયલો હોવાથી શંખલો જ્યાં જ્યાં ભૂમિપર કે પાણીમાં હરે ફરે છે, ત્યાં ત્યાં તે તેની સાથે જ ફરે છે. એ જ પ્રમાણે પ્રાણીનું સ્થૂલ શરીર, એ તેનું હરતું ફરતું ઘર છે. પણ શંખલો, જેમ શંખને જ પોતાનું શરીર માને છે, તેમ પ્રાણીમાત્ર પોતાના સ્થૂલદેહને જ પોતાનું મુખ્ય શરીર માને છેઃ વાસ્તવિકપણે જોતાં એમાં વિશેષ જાણવા જેવું એ છે કે, એ શરીર તો માત્ર માટીના પૂતળા સરખું છે અને એને જાગ્રત કરીને હલાવનાર ચલાવનાર તો તેની માંહે રહેલું બીજું શરીર છે. એને તત્ત્વવેત્તાઓ સૂક્ષ્મ શરીર કહે છે. સૂક્ષ્મ એટલે ઝીણું. એ શરીર સૂક્ષ્મ તત્ત્વોનું બનેલું છે અને સત્તારૂપ છે. સ્થૂલ શરીરને વિષે એ સર્વત્ર વ્યાપેલું હોવાથી તેના જેવડું જ તે થઈ રહેલું છે; તથાપિ મુખ્ય સ્થાન તેનું હૃદય વા અંતઃકરણ છે. સઘળી સત્તા, એ અંતઃકરણમાં રહેલી છે અને સઘળા વ્યવહાર, સ્થૂલદેહદ્વારા, તે અંદર

રહ્યું રહ્યું કર્યાં કરે છે, વા કરાવે છે. એ અંતઃકરણ જેટલું શુદ્ધ, જેટલું પવિત્ર, જેટલું સ્થિર, જેટલું દૃઢ અને જેટલું નિરુદ્ધ હોય છે, તેટલો જ તે પ્રાણી યોગ્યતાવાળો હોય છે. પ્રાણી માત્રના અંતઃકરણપર અજ્ઞાનરૂપ અંધારાનું પટળ હોય છે, તેથી તે અજ્ઞાનમાં જ ઢંકાયલું અંતઃકરણ કેવળ અજ્ઞાનમય જ બનીને, સાવ અશક્તપણે પડ્યું રહે છે, અને તેની ઉન્નતિ થઈ શકતી નથી. મનુષ્ય વિના બીજાં સર્વ પ્રાણીઓનાં હૃદય એવી રીતે અજ્ઞાનપણાથી ઢંકાયલાં હોય છે તેથી, અન્ય શરીરી પ્રાણી કરતાં મનુષ્ય પ્રાણી વધારે શ્રેષ્ઠ છે. જેટલું જેટલું સૂર્યની આસપાસ વાદળાનું પટલ આછું વા ઓછું, તેટલો તેટલો તેનો પ્રકાશ વધારે પડે છે, તે જ પ્રમાણે જે પ્રાણીના હૃદયપરનું-અજ્ઞાનપટલ જેટલું આછું વા ઓછું, તેટલો તે, પ્રકાશિત એવી ઉન્નત અને જ્ઞાનવાળી સ્થિતિમાં હોય છે. જ્ઞાન અને અજ્ઞાન એ બંનેની વચલી સ્થિતિમાં મનુષ્યનું હૃદય હોય છે; પણ તેને સંસ્કાર થતાં થતાં જેમ જેમ તેનાપરનું અજ્ઞાનપટલ આછું આછું થતું જાય છે, તેમ તેમ તેનો પ્રકાશ વધે છે; અને પ્રકાશના વધવા સાથે તેની સત્તા પણ વધે છે. મનુષ્યમાં જે કંઈ સત્તા, તે સઘળી કેવળ તેના અંતઃકરણની જ છે. પ્રાણીનાં સ્થૂલ અને સૂક્ષ્મ-એ બંને શરીરો તેના અંતઃકરણને આધીન છે. અંતઃકરણ જેમ પ્રેરે તેમ તેઓની પ્રવૃત્તિ હોય છે. અનુમાન કરવું, સારાસારનો વિચાર કરીને વસ્તુને જાણવી, ઓળખવી, ચિંતવન કરવું, અને પોતાપણાનું-હુંપણાનું અભિમાન ધરવું, એ અંતઃકરણના મુખ્ય ગુણો છે. એપરથી તત્વજ્ઞો તેના ચાર વિભાગ કલ્પે છે. તને પોતાને અને તે પછી પરમાત્માને ઓળખવાની શક્તિ, એ અંતઃકરણમાં જ છે. માટે તે સારુ તું પ્રથમ તારા અંતઃકરણને સંસ્કારવાળું કર.

### અંતઃકરણનું આવરણ-પવિત્રતાનું જ કારણ

પોતાના ગુરુજીનું એ વ્યાખ્યાન સાંભળી, વિચારશીલ જીવનસિંહ બોલ્યો; "કૃપાનાથ! મનુષ્યનું મહત્વ તથા ઉત્તમતા તેના હૃદયને અનુસરીને છે, તો તેનાપર જે પટલ કિંવા આવરણ હોય છે, તે શાને લીધે છે ને તે કેવી રીતે દૂર કરી શકાય? એ પટલ આપણી દૃષ્ટિએ દેખાતું નથી." ગુરુજી કહેવા લાગ્યા; "એ અંતઃકરણ વા હૃદયને નામે આપણે જેને ઓળખીએ છીએ, તે શું છે ને કયે સ્થળે છે તે પ્રથમ જાણવું જોઇએ. પ્રાણીનું શરીર, જે અસ્થિ, માંસ, મજ્જા, મેદ,

રુધિર, નાડીઓ, ત્વચા, રોમ ઇત્યાદિ વસ્તુઓનું બનેલું છે, તેને વિષે તેવી જ વસ્તુઓનું તેનું હૃદય પણ બનેલું છે. ઉદરથી ઉપર, કંઠથી નીચે અને બંને સ્તનોના મધ્યમાં, મનુષ્યનું હૃદયસ્થાન છે. જે ઉઘાડું કરીને જોવામાં આવે તો મનને કમકમી ઉપજે એવા આળા ને કુમળા માંસની એક નહાની સરખી કોથળી સરખું તે જણાશે. એ પોલી કોથળીની સાથે આખા શરીરની સઘળી રુધિરવાહિની* તથા વાયુવાહિની† અને બીજી નાડીઓનો મુખ્ય સંબંધ છે. એ પોલાણમાં વળી વચ્ચે કોઈ એવા અદ્ભુત પદાર્થનો પડદો છે, કે જેથી તેના બીજા ભાગ થયેલા છે. તેમાંનો એક ભાગ અંદર છેક વચ્ચે, અને બીજો તેની આસપાસ છે. એ બહારનો ભાગ, તે અંતઃકરણનું સ્થાન. એની અંદર પોતાના ચારે વિભાગો સહિત અંતઃકરણ સ્થિતિ કરે છે; અને ત્યાં રહી આખા શરીરરૂપી દેશપર રાજ્ય કરે છે. જેમ એક રાજ્યકર્તાની રાજ્યગાદી એક ઠેકાણે હોય, અને ન્યાયાદિક સઘળાં રાજકાજને અર્થે કચેરીઓ વળી એક કોરે-જ્યાં સર્વને વધારે અનુકૂળ પડે ને સર્વનાપર દેખરેખ રહે તેવે સ્થાને-રાજ્યમાંના કોઈ પર્વતાદિક ઉંચે સ્થાને રાખવામાં આવી હોય છે, તે પ્રમાણે આ શરીરદેશમાં પણ અંતઃકરણરૂપ રાજદરબારની ન્યાયાદિક વિચારણીય કચેરીઓ, શિરપ્રદેશમાં ઉંચે સ્થળે રહેલી છે. ત્યાં બેસી, અંતઃકરણમાંના સર્વ કારભારીઓની સભા વિચારાદિકનો નિશ્ચય કરે છે. નીચ વસ્તુઓના બનેલા હૃદયપ્રદેશમાં એ અંતઃકરણ રહે છે, તેથી તેને મલીન થતાં પણ વાર લાગતી નથી. મલીન થવું, એનાપર મળ-મેલ ચઢવો, એ જ તેનાપરનું આવરણ વા પટલ છે. એ મલરૂપ આવરણથી હૃદયસ્થાન ઢંકાઈ જાય છે અને તેને યોગે અંતઃકરણ અર્થાત્-પરમ પવિત્ર આત્મા પળમાં દબાઈ જવાથી, એટલે અજ્ઞાની બની જઈ, સત્યસ્વરૂપે પ્રકાશી શકતો નથી; અને અજ્ઞાનના સંગમાં રહેવાથી, તે પોતાનું મૂળ સ્વરૂપ, દહાડે દહાડે વિસરી જઈ, લાંબે કાળે કેવળ મલમય બની જાય છે. આત્મપ્રદેશપરના એ આવરણ બે પ્રકારનાં છેઃ એક સ્થૂલ અને બીજું સૂક્ષ્મ. સ્થૂલ આવરણ શારીરિક મળનું થાય છે; અને સૂક્ષ્મ આવરણ પાપરૂપ મળનું થાય છે. સ્થૂલ આવરણ હૃદયસ્થાનપર અને સૂક્ષ્મ આવરણ અંતઃકરણપર થાય છે. હૃદય અને અંતઃકરણના પરસ્પર ગાઢ સંબંધને લીધે, ઐક્ય હોવાથી,

* રુધિરને વહન કરનારી. † વાયુ શ્વાસાદિકને વહન કરનારી.

એ બેમાંનું કંઈપણ આવરણ એક બીજાને મહાન્ હાનિકારક અને આચ્છાદક* છે. એટલા માટે એ બંને આવરણોને દૂર કરવાને મનુષ્યોએ સદા શરીરથી અને ઇંદ્રિયોથી પવિત્ર રહેવું જોઇએ. હસ્ત, પાદ, મુખ, ગુદા,† અને ઉપસ્થ‡ એ પાંચે કર્મેન્દ્રિયોને તેમની પ્રત્યેક સ્વાભાવિક ક્રિયાઓ કરીને, શાસ્ત્રવિધિ પ્રમાણે જળ, મૃત્તિકા વગેરેથી ધોઇને શુદ્ધ કરવી, સ્નાન કરવું, તે શારીરશુદ્ધિ કહેવાય; અને નેત્ર, કર્ણ, નાસિકા, જિહ્વા, ત્વચા, એ જ્ઞાનેંદ્રિયોને દુષ્ટ વાસનાઓથી એટલે કે—માયાથી બચાવવાથી આંતર શુદ્ધિ થાય છે.

એ કર્મેન્દ્રિયોને તથા જ્ઞાનેંદ્રિયોને સદાસર્વદા શુદ્ધ રાખવામાં ન આવે તો અનુક્રમે શરીર અશુદ્ધ થતાં અંતઃકરણપરનું અજ્ઞાનાવરણ ઘટ્ટ થતું જાય છે અને સંપૂર્ણ ઘટ્ટ થતાં તેનામાં સારાસાર વિચાર કરવાની શક્તિ જતી રહીને તે ઉત્તરોત્તર અધમ દશાએ પહોંચી જાય છે.

આ મેં તને સામાન્ય શુદ્ધિ કહી; એ ક્રિયાકર્મથી અંતઃકરણ સામાન્યપણે શુદ્ધ રહે છે; અર્થાત્ મનુષ્યપણામાં તેને પ્રાપ્ત થયેલું અંતઃકરણ એ શુદ્ધિવડે વધુ અશુદ્ધ થવા ન પામતાં, માનુષી સ્થિતિ કરતાં નીચા પ્રકારનું થઈ જતું નથી; પણ એ અંતઃકરણ ઉપર પૂર્વના ઘણાક જન્મોનું પાપરૂપ મળનું આવરણ તો હોય જ છે. તેને દૂર કરવા માટે, ત્હને બતાવેલી એ નિત્યની શારીરાદિકની શુદ્ધિ ઉપરાંત વળી પોતપોતાના વર્ણાશ્રમ પ્રમાણે મનુષ્યે બીજાં નિત્ય કર્મો પણ કરવાનાં છે. તે જો વિધિવત્ કરવામાં આવે છે તો અવશ્ય તેના અંતઃકરણનું પાપરૂપ આવરણ મટી જાય છે. એ નિત્ય કર્મો તે આપણે નિત્ય ત્રિકાળે કરવામાં આવતું સંધ્યાવંદન, અગ્નિહોત્ર, સ્વાધ્યાય, દેવપૂજન ઈત્યાદિ છે. એ નિત્યકર્મો અંતઃકરણના પાપરૂપ મળને દૂર કરવા સારુજ ધર્મશાસ્ત્ર ઉપદેશરૂપ છે. માટે તે કદી પણ ન ચૂકવાં જોઇએ. સંધ્યાવંદન ગાયત્રી જપ તું કરે છે જ."

જીવનસિંહ બોલ્યો; "ગુરુદેવ! સંધ્યાવંદન તો નિત્ય ત્રિકાળે હું કદી ભૂલતો નથીઃ આપે બતાવ્યા પ્રમાણે સૂર્ય મંડળસ્થ પરમાત્માના તેજોમય સ્વરૂપનું ધ્યાન પણ નિત્ય ધરું છું; તથાપિ હું કોણ? એ શંકા જ્યારથી મારા મનમાં ઉભી થઈ છે, ત્યારથી તો અધ્યયન વેળાએ,

---

* આચ્છાદક—ઢાંકી નાંખનારું. † મલ ત્યાગ કરવાની ઇંદ્રિય.

‡ મૂત્ર ત્યાગ કરવાની ઇંદ્રિય—મૂત્રેંદ્રિય તે ઉપસ્થ.

સંધ્યાવંદન વેળાએ, ને ભોજનાદિક સર્વ કર્મો વેળાએ, મને એ જ વાતનું મનન થયા કરે છે. એ સંબંધી આપે કહેલા સિદ્ધાંતો વારંવાર મારી દૃષ્ટિ આગળ ઉભા થાય છે ને સમજવામાં ન આવી હોય તેવી વાત માટે અનેક પ્રશ્નો પણ ઉભા થાય છે–જે, વારંવાર હું આપને પૂછીને કંટાળો આપું છું. કૃપાનાથ! એવો એક પ્રશ્ન પાછો મને ઉપજ્યો છે, આજ્ઞા હોય તો નિવેદન કરું.” ગુરુજી બોલ્યા; “પુત્ર! પ્રસન્ન થઈને કહે; મને કંટાળો આવે છે, એવું તું સમજીશ નહિ. તું ભાગ્યશાળી છે જ, પણ તારે લીધે હું મોટો ભાગ્યાશાળી થાઉં છું; કેમ કે અધ્યાત્મવિદ્યા–બ્રહ્મવિદ્યા–ભગવત્પ્રાપ્તિ સંબંધી પ્રશ્ન કરનાર કરતાં જેને એ પ્રશ્ન કરવામાં આવે, તે મનુષ્ય વધારે ભાગ્યશાળી છે. એ પ્રશ્ન કરનારને તો અમુક એક વિષય સંબંધી શંકા હોય છે, તેના સમાધાન માટે જ તે પૂછે છે; પણ તેના ઉત્તરદાતાને તો તે શંકાના સમાધાન સારુ બ્રહ્મવિદ્યા સંબંધી ઘણાક સિદ્ધાંતોનું સ્મરણ–મનન ને શોધન કરવાને મથન કરવું પડે છે; ઘણાં ઘણાં દૃષ્ટાંતો તેને માટે યોજવાં પડે છે; અને એનું અંતઃકરણ તેટલો સમય કેવળ બ્રહ્મના વિચારમાં લીન થઈ જાય છે. અંતઃકરણનું સદોદિત બ્રહ્મ વિચારમાં નિમગ્ન રહેવું, એ મોટા ભાગ્યની વાત છે. માટે સુખેથી તું તારા મનમાં ઉપજેલો પ્રશ્ન કર.” એ સાંભળી જીવનસિંહ બોલ્યો; “કૃપાનાથ! પૂર્વે કથેલા કથાપ્રસંગમાં સુમનશર્મા નામના દ્વિજપુત્રના ઈતિહાસમાં આપે શરીર પંચકુટીનું વર્ણન કરતાં કહ્યું હતું કે, ‘મનુષ્યનું શરીર પૃથ્વી આદિક પાંચ તત્ત્વોનું બનેલું છે ને તેમાં ચાર વિભાગવાળું અંતઃકરણ મળવાથી નવ તત્ત્વો થાય છે.’ આજે અંતઃકરણનું સ્થાન વર્ણવતાં આપ કહો છો કે, મનુષ્યનું શરીર અસ્થિ, માંસ, રુધિરાદિક વસ્તુઓનું બનેલું છે, તે શી રીતે?” એ પ્રશ્નના ઉત્તરમાં ગુરુજી આ પ્રમાણે તત્ત્વોની વ્યવસ્થા કહેવા લાગ્યાઃ–

“હે વત્સ! એ પાંચ તત્ત્વમાંનાં પ્રથમ તત્ત્વપર આપણે વિચાર કરીએ. પ્રથમ તત્ત્વ પૃથ્વી છે. એ પૃથ્વીતત્ત્વનો ભાગ શરીરમાં કયો કયો છે, તે તું જાણે છે? નહિ. તો તેને તું જાણ. રોમ એટલે રુઆંટાં, શરીર ઉપરની ત્વચા, તેની અંદરના ભાગમાં રહેલી નાડીઓ, તેની અંદરના ભાગમાં રહેલું માંસ અને તેની અંદર રહેલાં હાડકાં–એ સઘળા પૃથ્વીના તત્ત્વમાંથી બનેલા પદાર્થો છે. બીજું તત્ત્વ જળ છે. શરીરના ઉપરથી જે પરસેવો નિકળે છે તે સ્વેદ, મૂત્ર, લાળ, અંદરના ભાગમાં રહેલું

રુધિર અને શુક્ર એટલે વીર્ય–એ પદાર્થો જળતત્ત્વના ભાગથી બનેલા છે. તેજ એ ત્રીજું તત્ત્વ છે. શરીરની કાંતિ, તેને આવતી નિદ્રા, આળસ, તૃષા, ક્ષુધાદિ વિકારો–એ સર્વ તેજતત્ત્વના ભાગમાંથી થાય છે. ચોથું તત્ત્વ વાયુ છે. શરીર જે સંકોચાય છે, પ્રસરે છે, ઉતાવળી ગતિ કરે છે, દોડે છે, વળે છે ને હાલેચાલે છે તથા શ્વાસોચ્છ્વાસ કરે છે, એ સર્વ પ્રકારો શરીરમાં રહેલા વાયુતત્ત્વથી થાય છે. પાંચમું તત્ત્વ આકાશ છે. શરીરને જે ભય લાગે છે, મોહ અથવા ભૂલાવો–ભ્રમ થાય છે, શોક થાય છે, ક્રોધ અને કામ વ્યાપે છે, એ પ્રકારો શરીરમાં રહેલા પોલાણુરૂપ આકાશતત્ત્વના વિકાર છે.

"તને કદાચ શંકા થશે કે, એક જ પૃથ્વીતત્ત્વમાંથી રોમ, નાડી, ત્વચા, માંસ અને અસ્થિ જેવા એક બીજાથી તદ્દન જૂદા લાગતા પદાર્થો કેમ બન્યા હશે. પણ જાણ કે, એ પ્રત્યેક પદાર્થો એકલા પૃથ્વીતત્ત્વથી જ નહિ, પરંતુ તેઓ સાથે બીજાં બીજાં તત્ત્વોનું થોડું ઘણું મિશ્રણ થવાથી જૂદે જૂદે રૂપે ઉત્પન્ન થયેલા છે. પૃથ્વીતત્ત્વમાં મુખ્ય ભાગ પૃથ્વીતત્ત્વનો છે અને બાકીનાં તત્ત્વોનું થોડું ઘણું મિશ્રણ હોવાથી અસ્થિ બન્યાં છે; જળતત્ત્વનું મિશ્રણ થવાથી માંસ બન્યું છે; વાયુતત્ત્વનું મિશ્રણ થવાથી ત્વચા બની છે; તેજતત્ત્વનું મિશ્રણ થવાથી નાડીઓ બની છે ને આકાશતત્ત્વ મળવાથી રુઆંટાં થયાં છે. એ જ પ્રમાણે જળતત્ત્વમાં મુખ્ય જળતત્ત્વનો ભાગ વિશેષ હોવાથી શુક્ર બને છે; પૃથ્વીતત્ત્વનો ભાગ મળવાથી શોણિત અથવા રુધિર બને છે; આકાશનો ભાગ મળવાથી લાળ બને છે; તેજનો ભાગ મળવાથી મૂત્ર બને છે ને વાયુનો ભાગ મળવાથી સ્વેદ બને છે. એવી જ રીતે તેજતત્ત્વમાં મુખ્ય તેજનો ભાગ હોવાથી ક્ષુધા ઉપજે છે; વાયુના મિશ્રણથી તૃષા ઉપજે છે; પૃથ્વીતત્ત્વના મિશ્રણથી આળસ ઉપજે છે; આકાશતત્ત્વનું મિશ્રણ થવાથી નિદ્રા ઉપજે છે ને જળનું મિશ્રણ થવાથી કાંતિ ઉપજે છે. વાયુતત્ત્વમાં મુખ્ય વાયુનું પ્રમાણ વિશેષ હોવાથી, શ્વાસોચ્છ્વાસ તથા દોડવાની ક્રિયા બને છે; આકાશનો ભાગ મળવાથી શરીરનું પ્રસારણ થાય છે; પૃથ્વીતત્ત્વનો ભાગ મળવાથી આકુંચન એટલે સંકોચ થાય છે; તેજનો ભાગ મળવાથી વલન એટલે અંગોનું વળવું થાય છે અને જળનો ભાગ મળવાથી ચાલવાની ક્રિયા થાય છે. આકાશતત્ત્વમાં મુખ્ય આકાશતત્ત્વનું પ્રમાણ વિશેષ હોવાથી શોક થાય છે; તેજ મળ-

વાથી ક્રોધ થાય છે; વાયુ મળવાથી કામ વ્યાપે છે; પૃથ્વી મળવાથી ભય વ્યાપે છે; ને જળતત્ત્વ મળવાથી મોહ ઉત્પન્ન થયા કરે છે.

"એવી રીતે એ પાંચે તત્ત્વોના મિશ્રણથી પ્રથમ જન્મ, પછી અસ્તિત્વ, પછી વૃદ્ધિ, પછી વિપરિણામ, પછી અપક્ષય, ને અંતે વિનાશ, એમ છ વિકારવાળા આ પ્રત્યક્ષ દેખાતા સ્થૂલ દેહની વ્યવસ્થા છે. એની માંહે રહેલો જે સૂક્ષ્મદેહ, તે પણ એ જ તત્ત્વોના સૂક્ષ્મ અંશોથી બનેલો છે, અને એ સૂક્ષ્મતત્ત્વોનું એક બીજા સાથે ઓછું વધતું મિશ્રણ થવાથી, દેહમાં અનેક પ્રકારની વસ્તુઓ ને ક્રિયાવિક્રિયાઓ થઈ જાય છે. એ સૂક્ષ્મતત્ત્વોમાં રહેલું તત્ત્વ આકાશ છે. તેનું મુખ્ય સ્વરૂપ પોલાણ અને તે શરીરના હૃદયસ્થાનમાં મુખ્યત્વે કરીને વ્યાપી રહ્યું છે–એમાં જ અંતઃકરણ છે. એમાં અનુક્રમે બીજાં સૂક્ષ્મતત્ત્વો મળવાથી વિભાગો પડે છે, ને જૂદી જૂદી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. આકાશરૂપ અંતઃકરણમાં પ્રથમ કોઈ પણ વાતનું સ્ફુરણ થાય છે અને તેમાં સૂક્ષ્મ વાયુતત્ત્વનું મિશ્રણ થવાથી મન ઉપન્યું છે. એ મન અંતઃકરણમાં સ્ફુરેલી વૃત્તિ સંબંધે સંકલ્પ વિકલ્પ કરે છે. આકાશતત્ત્વમાં તેજનું સૂક્ષ્મતત્ત્વ મળતાં બુદ્ધિ બની છે. એ બુદ્ધિ મનના કરેલા સંકલ્પ વિકલ્પ સંબંધે નિશ્ચય કરે છે. આકાશરૂપ અંતઃકરણમાં અપનું સૂક્ષ્મતત્ત્વ મળતાં ચિત્ત ઉપજેલું છે, જે બુદ્ધિએ નિશ્ચય કરેલા સંકલ્પ વિકલ્પ ઉપર ચિંતવન સ્મરણ કરે છે. આકાશતત્ત્વરૂપ અંતઃકરણમાં પૃથ્વીનું સૂક્ષ્મતત્ત્વ મળતાં અહંકાર ઉપન્યો છે. એ અહંકાર તે હુંપણું. એવડે જીવને હુંપણાંનું સ્ફુરણ–અભિમાન થાય છે.

"હવે બીજું સૂક્ષ્મતત્ત્વ વાયુ છે. તેમાં બીજાં તત્ત્વોના ભળવાથી જૂદી જૂદી ક્રિયા કરનારા પંચપ્રાણ, જે શરીરના વહન કરનારા વાહન સરખા છે, તે ઉત્પન્ન થયા છે. સૂક્ષ્મ વાયુતત્ત્વમાં આકાશતત્ત્વ મળવાથી વ્યાન નામનો પ્રાણ ઉપજ્યો છે; જે શરીરના સર્વે અંગોમાં વ્યાપીને રહે છે ને તેઓની સંધિઓને વાળવાની ક્રિયા તેનાથી થાય છે; વાયુમાં જ વાયુતત્ત્વનો ભાગ મળવાથી સમાન નામે પ્રાણ ઉપજ્યો છે–જે શરીરના નાભિસ્થાનમાં રહે છે, ને ત્યાંથી અન્નરસ સર્વે નાડીઓદ્વારા આખા શરીરમાં રોમ રોમપ્રત્યે પહોંચાડે છે; તેજતત્ત્વનો ભાગ મળવાથી ઉદાન નામનો પ્રાણ ઉપજ્યો છે–એ દેહમાં કંઠસ્થાન વિષે રહે છે, ને કંઠમાં થઇને ઉદરમાં એક સાથે ઉતરતાં અન્ન તથા જળને વિભાગ

કરી જૂદાં પાડે છે, તથા વિકાર પામતાં સ્વભાવિક દેખાડે છે; અપતત્ત્વનો ભાગ મળવાથી પ્રાણ નામે પ્રાણ ઉત્પન્ન થયેલો છે, જે હૃદયમાં રહી શ્વાસોચ્છ્વાસ કરાવાનું કાર્ય કરે છે, અને પૃથ્વીતત્ત્વનો ભાગ મળવાથી અપાન નામનો પ્રાણ ઉત્પન્ન થયો છે, જે ગુદાસ્થાનમાં રહે છે, અને મળનો ઉત્સર્ગ–ત્યાગ–કરાવે છે.

"ત્રીજું સૂક્ષ્મતત્ત્વ તેજ. તેમાં બીજાં તત્ત્વોનાં મિશ્રણ થવાથી પાંચ જ્ઞાનેંદ્રિયો ઉપની છે. એ જ્ઞાનેંદ્રિયો શરીરરૂપ નગરમાં દ્વાર સરખી છે. તેજમાં આકાશતત્ત્વ મળવાથી શ્રોત્ર એટલે કર્ણેન્દ્રિય ઉત્પન્ન થઈ છે–તે શબ્દનું શ્રવણ કરાવે છે; વાયુતત્ત્વ મળવાથી સ્પર્શેન્દ્રિય ઉપની છે–એ શરીરની ત્વચાને વિષે રહે છે, ને સ્પર્શ કરતાં શીત, ઉષ્ણ, મૃદુ, કઠિન ઇત્યાદિ પ્રકારોને જણાવે છે; તેમાં તેજતત્ત્વ મુખ્યત્વે મળવાથી ચક્ષુ ઇંદ્રિય ઉત્પન્ન થયેલી છે–તે બંને નેત્રોમાં સમ ભાગે રહીને સ્વરૂપ ગ્રહણ કરવાનું એટલે જોવાનું કાર્ય કરાવે છે; અપતત્ત્વ મળવાથી રસના ઇંદ્રિય ઉત્પન્ન થઈ છે–તે જિહ્વાને વિષે રહીને મધુર, ક્ષાર, કટુ ઇત્યાદિ રસને ઓળખાવે છે, ને પૃથ્વીતત્ત્વ મળવાથી ઘ્રાણેંદ્રિય ઉત્પન્ન થઈ છે–તે નાસિકાને વિષે રહીને ગંધને–સુગંધ દુર્ગંધાદિકનું પરીક્ષણ–ગ્રહણ કરાવે છે.

"ચોથું તત્ત્વ અપ છે. તેમાં બીજાં તત્ત્વોનું મિશ્રણ થતાં પાંચ કર્મેન્દ્રિયો, કે જે સૂક્ષ્મશરીરના સેવક સરખી છે, તે ઉત્પન્ન થઈને, સઘળી બહિઃક્રિયાઓ કરાવે છે. અપમાં આકાશતત્ત્વ મળવાથી વાક્ અથવા વાચા ઇંદ્રિય ઉત્પન્ન થઈ છે–તે મુખમાં રહીને વાણી–બોલવાનું કાર્ય કરાવે છે; અપમાં વાયુતત્ત્વ મળવાથી પાણી અથવા હસ્તેંદ્રિય ઉપજી છે–તે બંને હાથમાં રહીને લેવા દેવાનું, ઝાલવાનું, ફેંકવાનું ઇત્યાદિ કાર્ય કરાવે છે; તેજતત્ત્વ મળવાથી પાદેંદ્રિ ઉત્પન્ન થઈ છે–તે બન્ને પાદ એટલે પગમાં રહીને જવા, આવવા, બેસવા, ઉઠવાની ક્રિયા કરાવે છે; અપતત્ત્વ મળવાથી શિશ્ન ઇંદ્રિય ઉત્પન્ન થઈ છે–તે મૂત્રદ્વારને વિષે રહીને મૂત્રોત્સર્ગ ને રતિભોગ કરાવે છે; તથા પૃથ્વીતત્ત્વ મળવાથી ગુદા ઇંદ્રિય ઉત્પન્ન થઈ છે–તે મળદ્વાર વિષે રહીને મળનો ત્યાગ કરવાનું કાર્ય બજાવે છે.

"પૃથ્વીરૂપ સૂક્ષ્મતત્ત્વમાં બીજાં તત્ત્વોનું ન્યૂનાધિક મિશ્રણ થવાથી ઇંદ્રિયોને ગ્રહણ કરવાના અર્થાત્–ભોગવવાના વિષયો ઉત્પન્ન થયેલા છે.

આકાશતત્ત્વ મળવાથી શબ્દ નામનો વિષય ઉત્પન્ન થાય છે; વાયુતત્ત્વ મળવાથી સ્પર્શ નામનો વિષય ઉપજે છે; તેજતત્ત્વના મિશ્રણથી રૂપ; અપતત્ત્વના મિશ્રણથી રસ અને પૃથ્વીતત્ત્વના મિશ્રણથી ગંધ નામનો વિષય ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સૂક્ષ્મતત્ત્વોની વ્યવસ્થા છે ને તેનાવડે સૂક્ષ્મ દેહ ઉત્પન્ન થાય છે. આ સિવાય દેહમાં બીજી કેટલીક સૂક્ષ્મ ક્રિયાઓ નિરંતર થયા કરે છે, તે પણ તે તે તત્ત્વોના મિશ્રણ થકીજ સમજવી. મેં ત્હને પૂર્વે જે જીવસેના કહી હતી, તે સઘળી આ જીવની સેનાને હવે તું સારી રીતે ઓળખી લે."

## તત્ત્વોના અધિષ્ઠાતા

ગુરુજીના મુખથી સ્થૂલદેહ તથા સૂક્ષ્મદેહ અને તેઓના વિભાગોરૂપે તેઓમાં વ્યાપેલાં સ્થૂલ સૂક્ષ્મ તત્ત્વોનું વિવેચન સાંભળી, જીવન પાછો કર જોડીને બોલ્યો; "હે કૃપાનાથ! આપે મને મારી ઓળખાણના સંબંધમાં પ્રથમ દેખાડી આપ્યું હતું કે, હસ્ત, પાદ, શિર, ઉદર આદિક અંગોવાળું મારું સ્થૂલ શરીર તે હું નથી. તેજ પ્રમાણે હવે મારા જાણવામાં આવ્યું કે, સ્થૂલ શરીરમાં રહેલો સૂક્ષ્મદેહ પણ હું નથી; હું તો તે બંને શરીરોથી ન્યારોજ છું. પણ, હે સ્વામિન્! સ્થૂલ સૂક્ષ્મદેહોમાંની સઘળી ક્રિયાઓને એક બીજા સાથે મિશ્રિત થયેલાં એ તત્ત્વોજ સ્વતંત્રપણે કરાવ્યા કરે છે; અને એમ છતાં તેઓમાં કશો ગુંચવાડો થવા પામતો નહિ હોય શું?" ગુરુજી બોલ્યા; "વત્સ! સઘળી ક્રિયાઓ એ તત્ત્વો કરે છે ખરાં, તથાપિ તે સ્વતંત્રપણે કરે છે એમ તો નહિજ; કેમકે તે સઘળાં જડ છે-તેમનાથી સ્વતંત્રપણે તો કોઈ પણ કાર્ય વ્યવસ્થાપૂર્વક થઈ શકે તેમ નથી. વિશેષતઃ તેઓનામાં અમુક અમુક પ્રકારના નિયત ગુણો અને બળ તો છેજ, તથાપિ તેઓના કોઈ પણ નિયંતા વિના તે વ્યવસ્થામા રહી શકતાં કે નિયત કાર્ય કરી શકતાં નથી. ઉદાહરણ કે, જગતના વ્યવહારમાં વપરાતો અગ્નિ, એ તેજતત્ત્વનું સ્થૂલ સ્વરૂપ છે-તેનામાં દહન કરવાનો, પ્રકાશ કરવાનો, ઉષ્ણતા આદિ ગુણો છે, તથાપિ તેને નિયમમાં લીધા વગર જોઇએ તેવું કાર્ય થઈ શકતું નથી. ચૂલામાં અગ્નિને સળગાવી, તેપર અન્ન સીજવવાને મૂક્યું હોય, પણ જો તેની બરાબર વ્યવસ્થા સાથે કોઈ સંભાળ રાખનાર ન હોય, તો તે અગ્નિ તેને કાચું રાખે છે, વા બાળી મૂકે છે. એજ પ્રમાણે બીજાં સઘળાં તત્ત્વોનું પણ સમજવું.

એટલા જ માટે તેઓને નિયમમાં રાખવાને દેહ વિષેના તેઓના પ્રત્યેક સ્થાનપર તેના અધિષ્ઠાતા દેવતાઓને સ્થાપીને, સચરાચરના પ્રભુએ–જગદીશ્વરે ઉત્તમોત્તમ વ્યવસ્થા કરેલી છે.

"હે વત્સ! હવે આપણે સ્થૂલ શરીરનાં અંગોને જોઇએ. એ સ્થૂલ શરીરના આધારરૂપ જે કર્મેન્દ્રિયો છે, તેમાંની વાચા ઇંદ્રિયમાં બોલવાની જો કે શક્તિ છે, તથાપિ તેને નિયમમાં રાખનાર દેવતા અગ્નિ છે. તેની સત્તાવડે વાણી બોલવાનો વ્યવહાર વાગિન્દ્રિય કરી શકે છે. બીજી કર્મેન્દ્રિય પાણિ એટલે હાથ છે, તેના દેવતા ઇંદ્ર છે. એની સત્તાવડે હાથ, લેવા આપવાનું કર્મ કરી શકે છે. ત્રીજી કર્મેન્દ્રિય પાદ છે, ને તેના દેવતા ઉપેન્દ્ર છે. તેની સત્તાવડે જવા આવવારૂપ ક્રિયા પગથકી થઈ શકે છે. ચોથી કર્મેન્દ્રિય શિશ્ન છે. એના દેવતા પ્રજાપતિ છે. એની સત્તાવડે રતિ તથા મૂત્રોત્સર્ગાદિ ક્રિયા શિશ્નવડે થઈ શકે છે. પાંચમી કર્મેન્દ્રિય ગુદા છે. એના દેવતા નિર્ઋતિ–યમ છે. એની સત્તાવડે ગુદા મલોત્સર્ગ કરી શકે છે. એ જ પ્રમાણે પાંચ જ્ઞાનેંદ્રિયના પણ અધિષ્ઠાતા દેવો છે."

"શ્રોત્ર અથવા કર્ણરૂપ જ્ઞાનેંદ્રિયના દેવતા દિશાઓ છે. તેઓની સત્તાવડે કર્ણથી શબ્દ સાંભળી શકાય છે. બીજી જ્ઞાનેન્દ્રિય ત્વચા છે. એના દેવ વાયુ છે. સ્પર્શાદિ જાણવાની જે ક્રિયા છે તે વાયુદેવની સત્તાથી થાય છે. ત્રીજું જ્ઞાનેંદ્રિય ચક્ષુ છે ને એના દેવ સૂર્ય ભગવાન્ છે. તેની સત્તાવડે સ્વરૂપ ગ્રહણ કરવા–જોવાની ક્રિયા થાય છે. ચોથી રસનેંદ્રિય છે. એના દેવતા વરુણ છે. તેની સત્તાવડે તે સ્વાદ જાણી શકે છે. પાંચમી ઘ્રાણેંદ્રિય છે. એના દેવ અશ્વિનીકુમારો છે. તેની સત્તાવડે એ ગંધ ગ્રહણ કરી શકે છે."

વળી ગુરુવર્ય બોલ્યા, "એ કર્મેન્દ્રિયાદિકનું પ્રેરક જે અંતઃકરણ છે, તેના પણ પ્રત્યેક વિભાગોપર પૃથક્ પૃથક્ દેવતાનું અધિષ્ઠાન છે. આકાશના પોલાણરૂપ જે અંતઃકરણ, તેના દેવતા વિષ્ણુ છે–તેમની સત્તાથી તેમાં સ્ફુરણ થાય છે. તેમાંના ચાર વિભાગોમાં પ્રથમ મન છે. તેના દેવતા ચંદ્રમા છે. તેની સત્તાવડે મનમાં સંકલ્પ વિકલ્પ ઉઠે છે. બીજું બુદ્ધિ છે. તેના દેવતા બ્રહ્મા છે. તેની સત્તાવડે બુદ્ધિ નિશ્ચય કરી શકે છે. ત્રીજું ચિત્ત છે. તેના દેવતા નારાયણ છે ને તેની સત્તાથી ચિત્ત ચિંતન કરે છે. ચોથો વિભાગ અહંકાર છે. તેના દેવતા રુદ્ર છે.

તેમની સત્તાથી હુંપણાનું અભિમાન થાય છે. આવી રીતે એ અધિષ્ઠાતા દેવો પોત પોતાની સત્તારૂપે શરીરના તે તે ઇંદ્રિયાદિક સ્થાનોમાં રહીને, શરીરધારી અથવા શરીરના રાજા જીવની અસ્ખલિત સેવા બજાવે છે. એવી ઉત્તમોત્તમ વ્યવસ્વા સર્વનિયંતા જગદીશ્વરે કરેલી છે ને પોતાના અંશરૂપ એવા જીવ ઉપર તે પરમ કૃપાળુ પરમેશ્વરની કેટલી બધી કૃપા ને કેટલી બધી પ્રીતિ છે તે જો. આટલું છતાં પણ જીવ, કે જે એ પરમેશ્વરથી વિખૂટો પડી ગયો છે, તે પોતાના મૂળ પુરુષને મળવાની ઇચ્છા ન કરે, વા તેના આધાર ઉપકારની ગણના ન કરે, તો તેના જેવો અપરાધી અને કૃતઘ્ન કોણ કહેવાય? તું તેવો કૃતઘ્ન* નહિ, પણ કૃતજ્ઞ† અને કૃતાત્મા છે, એથી હું પ્રસન્ન છું. પોતાના અંશી એવા પરમ પુરુષ પરમાત્માને મળવાની તારી ઉત્કટ ઇચ્છા છે, તે તો બહુ સ્તુતિપાત્ર છે; અને તે માટે તે પરમેશ્વરરૂપ તત્ત્વની પ્રાપ્તિનું તું પાત્ર છે. તારું કલ્યાણ થાઓ. હે પુત્ર! આ જે મેં તને સ્થૂલ અને સૂક્ષ્મ દેહનાં તત્ત્વોનું વર્ણન સંભળાવ્યું, તે ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે એ બન્ને દેહો કરતાં તું ન્યારો જ છે.” જીવનસિંહ બોલ્યો; “હે કૃપાનાથ! હું આપની કૃપાથી સારી રીતે સમજ્યો કે, સ્થૂલ સૂક્ષ્મ દેહો તે હું નથી. પણ તેઓનું વર્ણન સાંભળતાં તો મોટું આશ્ચર્ય થાય છે કે, અહો! ઉપરથી સાધારણ દેખાતો, અને સુંદર સ્વચ્છ એવો મનુષ્ય દેહ, માંહેથી આવો વિચિત્ર અને એક નાના સરખા રાજ્ય-સ્થાન સરખો વિસ્તીર્ણ છે. પ્રભો! શું બધા મનુષ્યોના દેહો એ જ પ્રકારના હશે? અહોહો! સર્વ શક્તિમાન્ પ્રભુની કેવી અદ્‌ભુત કૃતિ છે?” એ સાંભળી ઋષિવર્ય-તેના ગુરુદેવ બોલ્યા; “પુત્ર! એમ જ છે. એ સર્વ શક્તિમાન્ સર્વેશ્વરની કૃતિ એવી જ અદ્‌ભુત છે! પણ તું કહે છે તેવો માત્ર એક રાજ્યસ્થાન કે દેશ જેવડો જ વિસ્તીર્ણ મનુષ્ય દેહ નથી, પણ તે તો એક આખા બ્રહ્માંડ જેવો છે. મેં જે તારી આગળ તેનું વર્ણન કર્યું, તે વિસ્તારપૂર્વક નહિ, પણ તારા બાળપણાના અનુભવથી સમજી શકાય એમ ટુંકામાં જ કરેલું છે. તથાપિ તેનો વિસ્તાર બહુ મોટો છે.”

---

* કૃતઘ્ન-કરેલાનો નાશ કરનાર-કરેલા ઉપકારનો બદલો ન સમજનાર.

† કૃતજ્ઞ-કરેલા ઉપકારને જાણનાર.

## પિંડ કે બ્રહ્માંડ?

"જેવો વિસ્તાર આ સમગ્ર સૃષ્ટિના સ્થાનરૂપ બ્રહ્માંડનો છે, તેવો જ વિસ્તાર આ પિંડનો એટલે શરીરનો છે. તેટલા માટે પિંડને બ્રહ્માંડની ઉપમા આપવામાં આવે છે. બ્રહ્મરૂપ અંડ એટલે ઇંડુ જેમ લંબગોળ આકૃતિમાં હોય છે, તેમ જ ગર્ભસ્થાનમાં પ્રાણીનો દેહ ઇંડાના આકારમાં હોય છે. તે ત્યાંથી બહાર નિકળીને છૂટો થયા પછી લાંબો પહોળો થાય છે. તે જ પ્રમાણે બ્રહ્માંડનું વિરાટ્‌રૂપ ઉત્પન્ન થયેલું છે. બ્રહ્માંડમાં જેમ મધ્યમાં આકાશ અને નીચે ભૂમિથી માંડીને પાતાળ સૂધીના સાત લોકો તથા અંતરિક્ષથી માંડીને બ્રહ્મલોક સૂધીના સાત લોકો છે, તેમ જ પિંડમાં પણ છે. પિંડમાં મધ્યે આકાશનો ભાગ, નાભિથી હૃદય સૂધીનો અને નાભિથી નીચે પેડુ, ઉપસ્થ, ગુદા, ઉરુ, જંઘા, પાદ અને પાદતળ, એ સાત અંગો સાત પાતાળના લોક છે. નાભિની ઉપર હૃદય, કંઠ, મુખ, નાસિકા, નેત્ર, શ્રોત્ર ને શિર, એ સાત ઊર્ધ્વ લોક છે. પૃથ્વીથી ઉપરના સ્વર્ગાદિક ઊર્ધ્વ લોકો જેમ ઉત્તરોત્તર એક બીજાથી અધિકાધિક તેજસ્વી અને પવિત્ર છે; તેમ શરીરનાં ઉત્તરોત્તર ઉપરનાં અંગો વધારે તેજસ્વી અને પવિત્ર છે. બ્રહ્માંડમાં જેમ નાની મોટી અસંખ્ય સરિતાઓ જળવહન કર્યા જ કરે છે, તેમ પિંડમાં શોણિતરૂપ જળવહન કરનારી અસંખ્ય નાની મોટી નાડીઓ છે. બ્રહ્માંડમાં જેમ ભૂમિપર મોટ મોટા પર્વતો છે, તેમ પિંડમાં મોટ મોટાં અસ્થિઓ છે. બ્રહ્માંડમાં જેમ વૃક્ષો, લતાઓ તથા અસંખ્ય વનસ્પતિઓ છે, તેમ પિંડમાં પણ અસંખ્ય કેશ અને રોમાવલિ છે. બ્રહ્માંડમાં જેમ સમુદ્રો અને જલાશયો છે, તેમ પિંડમાં પણ જળનાં સ્થાનરૂપ મધ્યમાં મહાસમુદ્ર છે. બ્રહ્માંડમાં જેમ નરક અને સ્વર્ગ છે, તેમ પિંડમાં મળમૂત્રાશયરૂપ નરક અને મસ્તકમાંનાં હૃદયાદિકથી ઉપરનાં અંગો એક એક કરતાં ચઢિયાતાં સ્વર્ગ જેવાં છે. બ્રહ્માંડમાં જેમ પ્રચંડ વાયુ વાય છે, તેમ પિંડમાં નિરંતર શ્વાસોચ્છ્વાસરૂપ વાયુ વાયા કરે છે. બ્રહ્માંડમાં જેમ સૂર્ય ચંદ્ર પ્રકાશ કરે છે, તેમ પિંડમાં બે નેત્રો શરીરનો પ્રકાશ કરે છે. બ્રહ્માંડમાં જેમ ઇંદ્રાદિક લોકપાળો અને દિક્‌પાળોને, તે તે લોકોનું તથા દિશાઓનું પાલન કરવાને અધિકાર સોંપાયલા છે અને તેઓ નિયમ પ્રમાણે પોતપોતાનું કર્તવ્ય કર્યા કરે છે, તે જ રીતે પિંડમાં પણ ઇંદ્રિયો તથા અંગોરૂપ દિશાઓ અને લોકોનું

પરિપાલન તેના તેના આધપતિ ઇંદ્રાદિક દેવો કરયા જાય છે. બ્રહ્માંડમાં જેમ આ સઘળાં અસંખ્ય પ્રાણીઓ છે-તેઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તથા નિર્વાહ તેમાં જ થાય છે, તે પ્રમાણે પિંડમાં પણ કૃમિ, કીટ આદિક જંતુઓ ઉપજે છે, સ્થિતિ ભોગવે છે ને મરે છે. આવી રીતે આખા બ્રહ્માંડની સાથે પ્રાણીના પિંડની સરખામણી કરી શકાય છે."

### અનંત સૃષ્ટિ–જગદુદુંબર

એટલું કહીને વળી તે ઋષિવરે જીવનસિંહને કહ્યું;–"હે વત્સ જીવન! તું પૂછે છે કે, શું સઘળાં મનુષ્યોનાં શરીર એવાં જ હશે? સાંભળ; જે રચના બહારથી અને માંહેથી તારા શરીરની આપણે પૂર્વે વર્ણવી, તેવી જ રચના જગતમાંના પ્રત્યેક મનુષ્યની છે અને મનુષ્ય વિના બીજાં પણ સઘળાં પ્રાણીઓનાં શરીરની રચના પણ તેવા જ અનુક્રમથી રચાયલી છે. તથાપિ તેમનાં અંગો ઓછાં વધતાં હોવાથી તેઓમાં તેટલો–ઓછો વધતો–ફેરફાર છે. વિચાર કર, કે આ બ્રહ્માંડસૃષ્ટિમાંનાં મનુષ્ય પ્રાણીઓ તથા બીજાં સર્વે પશુ પક્ષ્યાદિક અને જળચર ભૂચરાદિક પ્રાણીઓ કેટલાં બધાં અસંખ્ય–અગણિત છે? એ પ્રત્યેક પ્રાણીના પિંડની રચના બ્રહ્માંડની રચનાને અનુસારે થયેલી છે. જાણ કે, એ નાના મોટા અસંખ્ય પિંડો, તે અસંખ્ય બ્રહ્માંડો છે; કેમકે, તેઓની અંદર રહેલા કૃમિ કીટાદિક પ્રાણીઓને તો તે પોતાના આશ્રયસ્થાનરૂપમાંથી પડતાં જ, એક બ્રહ્માંડ સરખા ભાસે છે. એનું બ્રહ્માંડ તે એ જ. તેં આપણા બાગમાં પેલું ઉદુંબર વૃક્ષ જોયું છે? ચાલ, આપણે તે જોવાને જઇએ. એને જોતાં જ તારા લક્ષમાં આવશે કે, પ્રત્યેક પ્રાણીનો પિંડ તે તેના પ્રમાણમાં એક બ્રહ્માંડરૂપ જ છે."

એમ કહી, તે મહાત્મા ઋષિ તત્કાળ પોતાના આસન ઉપરથી ઉભા થયા. પછી પરમ અધિકારી તથા અતિપ્રિય એવા શિષ્ય જીવનસિંહને સાથે લઈ, રથમાં બેસીને, રાજવાટિકામાં ગયા. એ સુંદર વાટિકાના મધ્ય ભાગમાં એક મોટું, વિશાળ, ઊંચું અને ચોમેર શાખા પ્રશાખાઓથી બહુ મોટી ઘટામાં વિસ્તાર પામેલું ઉદુંબર* વૃક્ષ ઉભેલું હતું. એને જોતાં જ જીવનસિંહ બોલ્યો;–"પ્રભો! જુઓ, આ ઉદુંબર! અહો! એ કેટલું મોટું–વિશાળ ને ગંભીર છે! હે ગુરુજી!

* ઉદુંબર એટલે ઉંબરો. ઉદુંબર શબ્દનો અપભ્રંશ થઇને ઉંબરો નામ થયું છે. એના ફળને ઉંબરાં અથવા ગુલર કહે છે.

બીજાં બધાં વૃક્ષો કરતાં આમાં એક મોટું આશ્ચર્ય દેખાય છે, કે બીજાં વૃક્ષોને જ્યારે છેલ્લી ડાળીઓની ટોંચે ફુલ ફળ આવે છે, ત્યારે આને તો છેક થડથી માંડીને ટોંચ સૂધી ઉપરા ઉપરી અસંખ્ય ફળો વળગેલાં છે." ગુરુજી બોલ્યાઃ-"એ દ્વારા જ મારે તને ઉપદેશ આપવો છે. એમાં અદ્‌ભુત ચમત્કાર છે તે તું જો. જા, એના થડમાં વળગેલું પેલું મોટું અને પાકું ફળ તોડી લાવ." જીવને ફળ લાવીને ગુરુના હાથમાં મૂક્યું કે, ગુરુ બોલ્યા;-"જો આપણી દૃષ્ટિએ અત્યારે તો આ એક નાનું ફળ જણાય છે, પણ ના, તે તેવું નથી. વિચારપૂર્વક જોતાં એ એક મોટું બ્રહ્માંડ છે. બ્રહ્માંડમાં આપણે વર્ણવી ગયા કે, અસંખ્ય જીવોનો સમૂહ હોય છે, તેમ આમાં પણ અસંખ્ય જીવો છે." એમ કહેતાં કહેતાં ગુરુએ જેવું એ ફળને ધીમે રહીને ફોડ્યું, તેવાં જ તેમાંથી અસંખ્ય પ્રાણીઓ ગણગણાટ કરતાં ઉડવા લાગ્યાં અને પુનઃ માંહે પેસવા લાગ્યાં. "અહો ! આ શું?" જીવન બોલ્યો; "કૃપાનાથ! એક નાના સરખા ફળમાં કેટલા બધા જીવ? શું આ બધાં ફળોમાં એવા જીવો હશે?" ગુરુજી બોલ્યા; "હા. જેમ ફળ મોટું ને પાકું તેમ જીવો વધારે. ઇચ્છા હોય તો તપાસી જો." જીવને, જૂદી જૂદી ડાળીઓથી કેટલાંક ફળો ઉતારીને તપાસી જોતાં, તેમાંના અસંખ્ય જીવો જોઈને તે બહુ જ આશ્ચર્ય પામ્યો. પછી ગુરુજી બોલ્યા; "પુત્ર! જોયું! એ અકેક ફળમાં કેટલા બધા જીવો છે?" જીવન બોલ્યો; "પ્રભો! અસંખ્ય!" ગુરુજીએ કહ્યું; "વારુ ત્યારે તેવાં ફળ આ વૃક્ષને કેટલાં વળગેલાં હશે?" જીવને કહ્યું; "પિતાજી! અસંખ્ય! એની ગણના કેમ થઈ શકે?" ગુરુજી બોલ્યા; "જ્યાંસૂધી એ પ્રત્યેક ફળમાંનો પ્રાણી તે ફળમાં જ હોય છે, ત્યાંસૂધી તે જાણતો પણ નહિ હશે, કે હું જેમ મારા જેવા ઘણાક જીવોની સાથે અહીં આ ફળમાં છું, તેમ આવાં બીજાં ફળોમાં બીજા જીવો હશે. ના; તે તો આખું જગત્ તેટલામાં જ માની બેઠેલો હોય છે. તે જ પ્રમાણે આ જગતરૂપ મોટા બ્રહ્માંડમાં રહેલો મનુષ્ય પ્રાણી પણ અજ્ઞાનવશાત્ જ્યાં રહે છે, તેટલાને જ આખું વિશ્વ માને છે. પણ તેમ નથી. જેમ આ એક ઉદુંબર વૃક્ષ છે, તેવું જ પરમાત્માનું વિશ્વવ્યાપી વિરાટ્‌રૂપ પણ છે. અસંખ્ય જીવોથી ભરેલાં અસંખ્ય ફળો જેમ આ વૃક્ષને થડથી તે ટોંચ સૂધી વળગેલાં છે, તેમ આવાં અસંખ્ય બ્રહ્માંડો પણ પરમપુરુષ પરમાત્માના

વિરાટ્રૂપ શરીરમાં વસે છે. આ ઉદુંબર ઓણુ એકવાર ફળ્યો છે. તેનાં સઘળાં ફળો પાકીને ઉતરી ગયા પછી તે પાછો કેવળ નિષ્કિંચન જેવો, અર્થાત્ ફળ, ફૂલ ને પાંદડાં વિનાનો થઈ જશે; પણ તેની ઋતુ આવતાં જેવો તે આજે જણાય છે, તેવો ને તેવો જ પાછો ફાલી ફૂલીને નવપલ્લવ થશે. બ્રહ્માંડની રચના પણ તેવી જ છે. જે જગતને તું આજે જુવે છે, તે જગત્ જ નહિ, પણ કલ્પાંતે આખું વિશ્વમંડળ, બ્રહ્માંડમાં ભરેલા અનેક જીવો સહિત, જીવો વગરનું થઈ જશે—માત્ર એક નિરંજન નિરાકાર શેષશાયી ભગવાન્ નારાયણ બાલમુકુંદ સ્વરૂપે પોતાના કરારવિંદથી પાદારવિંદને મુખારવિંદમાં મૂકીને જેનું ગુણગાન મહાત્મા પુરુષો કરી રહ્યા છે એવા પવિત્ર અને અમૃતથી પણ અધિક સ્વાદવાળા રસનું પાન કરતા અક્ષયવટ ઉપર વિરાજમાન રહેશે. જેમ ઉદુંબરનાં ફળો અને જૂદા જૂદા ફળોમાં રહેલા જીવોનું જૂદું જૂદું બ્રહ્માંડ છે; પરંતુ તે સર્વનું મૂળસ્થાન જેમ એક ઉદુંબર વૃક્ષ જ છે; તેમ અનેક બ્રહ્માંડોનું મૂળસ્થાન એક પરમાત્મા જ છે. વળી ઉદુંબર વૃક્ષમાંથી જૂદે જૂદે કાળે નવાં નવાં ફળો ને જીવો ઉત્પન્ન થાય છે; તેમ પરમાત્મારૂપી ઉદુંબરમાંથી પણ અનેક બ્રહ્માંડો પુનઃ પુનઃ કલ્પના પ્રારંભે ઉત્પન્ન થાય છે. જેમ ઉદુંબરવૃક્ષના ફળોમાં અનેક જીવો રચાય–સમાય છે, તેમ પરમાત્માના અનેક બ્રહ્માંડમાં અનેક પ્રકારના જીવો રચાય-સમાય છે. આ જગત્ પણ તેમાંનું જ એક બ્રહ્માંડ છે. એ બ્રહ્માંડમાં મારા અને તારા જેવા અનેક જીવો છે. તેઓ સ્થૂલ દેહથી કરેલાં કર્મનાં બંધનના પાશમાં જકડાયલા છે, તેથી જ તેઓ મૂળ સ્થાનને ભૂલી ગયા છે. પણ તેઓનું નિત્યનું આશ્રયસ્થાન તો એક નિરાકાર, નિરંજન ને સર્વવ્યાપક એવા પરમાત્મા જ છે. તું પૂછશે કે, આ સર્વ પ્રાણી માત્ર તેને કેમ જાણી શકતા નથી? તેનું ઉત્તર એટલું જ છે કે, આ લોકના જીવને, કર્મ જ અજ્ઞાનનું કારણ થઈ પડે છે. કર્મથી દેહની પ્રાપ્તિ, દેહપ્રાપ્તિથી પ્રિયાપ્રિય, તેથી રાગદ્વેષ અને પુનઃ કર્મબંધન થાય છે. એ કર્મ ભોગવવાને પુનઃ પુનઃ જન્મ ધારણ કરવો પડે છે. આમ જ આખા જગતનું ચક્ર ચાલ્યા કરે છે; અને તે સર્વનું કારણ અજ્ઞાન-માયા છે. એ માયાના પાશમાં બંધાયલો જીવ સત્‌ને ન જાણવાથી અહંકારમાં અટવાયા કરે છે ને આવર્જન વિસર્જનનો ભાગી બને છે. આ માયાથી મોહિત જીવ, હું ને મારું, એવી અસત્ બુદ્ધિમાં ઘેરાઈ કર્મમાર્ગોમાં ભમે છે;

અને સ્વપ્નની પેઠે અહંતા મમતામાં જકડાઈ પુત્ર, સ્ત્રી, ધન, કુટુંબમાં સત્ય બુદ્ધિ રાખી ભમે છે; અને તમોગુણથી ભરમાઈ-ભચડાઈ કચડાઈ, અનિત્ય ને અનાત્મ દુ:ખોમાં વિપરીત નિત્ય ને આત્મ બુદ્ધિવાળો બની, દ્વૈતમાં આનંદ માની આત્મા પરમાત્માને ઓળખવાથી દૂરનો દૂર રહે છે. એમાંથી મુક્ત થવા માટે, જીવે માયાપતિની નિર્મેલી માયાનો નાશ આગ્રહથી-પરમ પુરુષાર્થ કરવો જોઇએ. એ માયાનો નાશ 'જ્ઞાન' પ્રાપ્તિથી થાય છે. અજ્ઞાનના નાશ વિના રાગદ્વેષ મટતા નથી, રાગદ્વેષના નાશ વિના કર્મ મટતાં નથી; કર્મના ત્યાગ વગર જ્ઞાનપ્રાપ્તિ નથી ને જ્ઞાનપ્રાપ્તિ વગર સંસારની નિવૃત્તિ થતી નથી ને પરમ પદાર્થનું દર્શને થતું નથી. જીવને પરમાત્માનું જ્ઞાન ન થવાથી જ, અનેક પ્રકારની ઘટમાળમાં પડીને ઉપર અને નીચે ચક્રાવો લેવો પડે છે. પરંતુ જ્યારે તેને સત્ય પદાર્થની પ્રાપ્તિ થાય છે-તે આત્મસ્વરૂપને સમજે છે, ત્યારે તેના બાહ્ય અર્ચન, પૂજન તથા પૂજ્ય પૂજક ભાવ નાશ પામે છે ને અંતરંગમાં એકાકાર વૃત્તિને પ્રાપ્ત થાય છે.''

આ પ્રમાણે અનેક રીતે, રાજપુત્ર જીવનસિંહને, જીવ તથા બ્રહ્માંડની એકતાનું સ્વરૂપ, મહાત્મા ગુરુદેવે બહુ દિવસ સૂધી સમજાવ્યું; તેપરથી, જીવનસિંહની વૃત્તિ ધીમે ધીમે પરમાત્માના સ્વરૂપની સાથે એકતાર થવા લાગી.

### કરોળિયાનું જાળું-નૂતન બ્રહ્માંડ

એક દિવસે ગુરુદેવ, શિષ્ય જીવનસિંહના મહેલમાં બેઠા હતા. ગુરુદેવે જીવનસિંહને ઉદ્દેશીને કહ્યું; "હે વત્સ જીવન! પરમાત્માની માયા એટલી તો અદ્દભુત ને વિશાળ છે કે, તે સામાન્ય મનુષ્યના લક્ષમાં આવી શકે તેવી નથી. પરમાત્માથીજ આ સર્વ જગત્ વિંટાયલું છે અને જે કંઈ ભાસે છે તે તેની માયાનો જ પ્રકાશ છે. એ માયાને લીધે અનેક જીવો, અનેક બ્રહ્માંડો ને અનેક પ્રકારનું વૈચિત્ર્ય જોવામાં આવે છે. એ માત્ર દૃષ્ટિથીજ જોવાય છે-પરન્તુ ખરી રીતે પરમાત્માથી કંઈ પણ ભિન્ન નથી. હે શિષ્ય જીવનસિંહ! આ સામી ભીંતપર દેખાતા કરોળિયાના જાળાપર તું દૃષ્ટિ કર! એ જાળાના મધ્યમાં તને શું દેખાય છે?''

જીવનસિંહે કહ્યું; "ગુરુદેવ! એ તો એક જીવડો છે."

ગુરુદેવે પુનઃ પૂછ્યું; "એના બીજા ભાગોપર દૃષ્ટિ કર. ત્યાં શું જોવામાં આવે છે તે જો અને તેનું લક્ષપૂર્વક અવલોકન કર!"

જીવનસિંહે સંપૂર્ણ લક્ષ દઈને કરોળિયાના જાળાનું અવલોકન કર્યું અને પછી બોલ્યો;–"હે મહારાજ! મધ્યમાં રહેલા કરોળિયાના મુખમાંથી નિકળેલા અનેક તંતુઓ તેની આસપાસ ફેલાઈ ગયા છે; એ તંતુઓમાંથી પણ બીજા અનેક તંતુઓને નિકળેલા હું જોઉં છું; સર્વે તંતુઓના પણ અનેક વિભાગો થઈ ગયા છે. બારીક દૃષ્ટિ કરતાં તે તંતુઓમાં નરી આંખે દેખાય નહિ એવા જંતુઓ રમી રહ્યા છે. એમાંના કોઈ કોઈ જંતુઓ મૂળસ્થાન પ્રતિ જવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાએક સંભાળપૂર્વક જનારા જંતુઓ, મૂળસ્થાનની બહુજ સમીપ જઈ ચઢ્યા છે; કેટલાએક જંતુઓ ચઢે છે અને પાછા પડે છે; કેટલાએક જંતુઓનું આશ્રયસ્થાન તૂટી જાય છે, તેથી તેઓ નીચે પડે છે. રે! આ સીમાડાપરના જંતુઓ તો જરાએ ઉંચે ચઢવાનો પ્રયત્નજ કરતા નથી. તેઓ તો બીજા જંતુઓની સાથે જાળામાં એવા તો સજ્જડ બંધાઈ ગયા છે કે, તેમનાથી તો કષ્ટે પણ છૂટી શકાય તેમ નથી; ત્યારે તેઓ ઊંચે તો કેમજ ચઢી શકે? હે ગુરુદેવ! જુવો, જુવો! આ એક જંતુ, મૂળ જંતુની પાસે પહોંચી ગયું! અહોહો! એ તેમાં મળી ગયું–ભળી ગયું–વિલીન થઈ ગયું! હવે તે બીલકુલ દૃષ્ટિએ પણ પડતું નથી. તે ક્યાં ગયું? વળી જુઓ! મૂળ જંતુ કરોળિયો પોતાની એક પાસની જાળને સંકુચિત કરીને બીજી પાસની જાળને વધારે છે; ત્યાં નવા જન્તુ દૃષ્ટે પડે છે. એ કરોળિયાની આસપાસના પ્રદેશનું સ્થાન બહુ દૃઢ હોવા છતાં, ત્યાં તો કોઈ જંતુઓ જોવામાં આવતાંજ નથી. સર્વે જંતુઓ, જે મોટાં મોટાં કાણાં છે તેમાં દેખાય છે અને ત્યાંને ત્યાંજ ભટક્યા કરે છે." ક્ષણવાર પછી આશ્ચર્યચકિત થતો જીવનસિંહ બોલ્યો:–"અરે! આ શું? આ જાળું તો નાનું નાનું થવા માંડ્યું. કરોળિયો પોતાને વિષે સર્વ જાળાને સમેટી લે છે! અહો હો! જંતુઓ પણ ઓછાં થઈ ગયાં. રે! હવે જાળું બીલકુલ દેખાતું નથી–કેવળ આ એક કરોળિયોજ છે, તેની સમીપ હવે જંતુએ નથી ને જાળુંએ નથી."

જીવનસિંહ, કરોળિયાની આ અદ્ભુત લીલા જોઈ, ગુરુની સમીપ બેસી, પ્રણામ કરીને બોલ્યો; "હે ગુરુદેવ! આ કરોળિયાની લીલા તો અદ્ભુત જણાય છે." ગુરુદેવ બોલ્યા; "હે પરમ ભાગ્યશાળી શિષ્ય! આ કરોળિયો અવ્યાકૃત છે, પણ તે વ્યાકૃત થતાં, આ નામે તથા આ રૂપે જણાયો. વ્યાકૃતમાંથી અવ્યાકૃત થયે સતે, અદ્યાપિ નામ

રૂપથી તે વ્યાકૃતજ છે. તેમજ પરમાત્મા અવ્યાકૃત–વ્યાકૃત છે. ચિત્ત જેમ પોતાના સ્વરૂપને જાણતું નથી, ભેદ જેમ ભેદનો નિર્વાહ કરી શકતું નથી, તેમજ પોતાને અને પરને ભૂલાવો ખવાડવામાં, સંભાવનાથી પણ પરની ઘટના–નૂતન નૂતન લીલા ઉપજાવવામાં કુશળ પરમાત્માની માયા, વિભ્રમથી મોહ ઉપજાવી, જે સત્ નથી તેને સત્ મનાવે છે અને તેથી આ જીવે જગત્–સંસારને સત્ માન્યો છે. પણ એ સત્ નથી, એ આ કરોળિયાની અવ્યાકૃત વ્યાકૃત લીલાથી બરાબર તને સમજાયું હશે. આ કરોળિયો તથા તેના જાળા જેવી જ આ બ્રહ્માંડની લીલા–રચના છે. જેમ કરોળિયો મૂળ છે અને તેની લાળમાંથી આખું જાળું બંધાય છે; તેમજ પરમાત્મા એકજ ને સનાતન છે અને આ સર્વ જગત્ જોવામાં આવે છે તે તેની માયાનું જાળું છે. કરોળિયાને જ્યારે જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે ત્યારે તે જાળું બાંધે છે, તેમ પરમાત્માને પણ જ્યારે જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે ત્યારે તે જગતને રચે છે. તેને કામના થઈ, કે હું બહુ થાઉં–જન્મું–ઉપનું. તપ તપ્યું; તપ તપીને આ જગત્ સર્જ્યું; સર્જીને આ કરોળિયાની લીલાપેરે, સર્વમાં અનુપ્રવેશ કીધો; અને તે સત્ તથા અસત્ બંને રૂપે રહ્યો. પણ અસત્ તે નાશવંત રહ્યું ને સત્ તે સત્જ! જેમ આ કરોળિયાના જાળામાં નાના, મોટા, જાડા, પાતળા ખંડો જોવામાં આવે છે, તેમ પરમાત્માની સૃષ્ટિમાં નાનાં મોટાં અનેક બ્રહ્માંડો છે; કરોળિયાના જાળાના ખંડોમાં પણ જેમ ઝીણા ઝીણા ખંડો છે અને તેમાં અનેક જંતુઓ વસે છે, તેમ આ બ્રહ્માંડમાં અનેક ખંડો અને પ્રતિખંડો છે, જેમાં અનેક જંતુઓ વસે છે; જેમ કરોળિયામાંથી આ જંતુઓ ઉત્પન્ન થયેલા છે; તેમ બ્રહ્માંડના જીવો પણ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થયલા છે. જેમ કરોળિયાના જાળામાં જોવાયલા કોઈ કોઈ જીવો ઊંચે ચઢવાનો પ્રયત્ન કરે છે; તેમ બ્રહ્માંડના જીવો પણ પોતાના સત્કર્મને યોગે–આત્મજ્ઞાન સંપાદન કરીને, ઊંચે ઊંચે ચઢે છે. જાળામાંના કેટલાએક જંતુઓને તેં પાછા પડતા જોયા છે, કારણ કે તેઓનું આશ્રયસ્થાન દૃઢ ન હતું; તેમ જે જીવોના કર્મ–વાસનાના બંધ તૂટ્યા નથી, ભાવના ઉત્તમ ને દૃઢ થઈ નથી, સદ્ગુરુનો સમાગમ થયો નથી; સત્સંગનો રંગ પાકો ચઢ્યો નથી; હરિરસમાં લદબદ્યો નથી, તે જીવો ઊંચે ચઢ્યા છતાં પણ, પાછા એમના એમ જ નીચે ઢળી પડે છે. જાળાના સીમાડા-

પર બંધાઈ ગયેલા જીવો, માયામાં રચ્યા પચ્યા રહેનારા જગજ્જગરના જીવો છે. કરોળિયાની સમીપનો પ્રદેશ બહુ જ સુદૃઢ છે. એ સ્થાનમાં રહેનારા જીવો ધીમે ધીમે આગળ વધીને, થોડા સમયમાં લીન થઈ જાય છે; તેમ સંસારી જીવ, કર્મ કરતાં કરતાં, ભક્તિનું પોષણ કરી, ધીમે ધીમે સ્વસ્વરૂપની દૃઢ ભૂમિમાં પહોંચી, જ્ઞાની બની સર્વ માયાનો ત્યાગ કરી, નિરંજન થઈને, પરમાત્મામાં વિલીન થઈ જાય છે. પરમાત્મામાં એક તાર થયેલા જીવોને પડવાનો ભય બહુ જ થોડો છે–જરાએ નથી; અને પડે છે તો પરમાત્મપદને સત્વર પ્રાપ્ત થાય છે. એ જ મુક્ત! મુક્તિ! છૂટકો! સાયુજ્યતા! કૈવલ્ય! નિર્વાણ! જેમ કરોળિયામાં વિલીન થયેલો જીવ, તારા બારીક અવલોકનમાં, પાછો નિકળતો દેખાયો નથી; તેમ જ પરમાત્મામાં વિલીન થયેલા જીવને પાછું જન્મમરણ છે જ નહિ. એ જાળામાં કેટલાક જંતુઓને તેં ઊંચી ભૂમિકામાં પણ જોયા છે–તે અધિકારી છે; પરંતુ અનન્યતા પ્રાપ્ત કરવાની તેઓની શક્તિમાં કાચપ હોવાથી–વાસનાથી મુક્ત ન થવાથી, સપ્તમી ભૂમિકામાં પહોંચવાને શક્તિમાન્ થયા નથી, તેથી તેઓ નીચેની ભૂમિકામાં જ અટવાયા કરે છે. જ્યાંસુધી જીવ, નિર્વાસન, નિષ્કામ, નિર્લેપ, અસંગ, ક્રિયારહિત, અહંતા મમતાથી રહિત બની, અચ્યુત સ્થાનનો પ્રવાસી થતો નથી, ત્યાંસુધી તે દાન, તપ, પુણ્ય, પરમાર્થ, યજન, યાજન, સેવન, પૂજન, અર્ચન કરનાર રહે છે ને તે પાંચમી છઠ્ઠી ભૂમિકા સૂધી જ પહોંચવાની ગતિ ધરાવે છે! જેમ કરોળિયાએ છેવટે પોતાની આખી જાળને પોતાને વિષે સમાવી દીધી છે; તેમ જ પોતાનામાંથી ઉત્પન્ન થયેલા આ જગતને, પોતાને વિષે પરમાત્મા સમાવી દે છે–ઇચ્છા થાય છે ત્યારે પોતાની માયાને પોતામાં સમેટી લે છે. આ માયાને ભેદીને, એ જ કલ્પમાં જે જીવ પરમપદને પ્રાપ્ત કરે છે, તેનો જીવનમરણનો ફેરો ટળી જાય છે. પુનઃ પરમાત્માની જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે પોતાની માયાજાળને વિસ્તારી દે છે. મુક્ત જીવ વિના અન્ય સર્વેને એ માયાના જાળામાં લપટાવાનું–રમણ ભ્રમણ કરવાનું–કલેશ ભોગવવાનું–સર્જિત હોય છે.

"હે જીવનસિંહ! આ લોકના જીવે પરમાત્માથી ઉત્પન્ન થઇને પરમાત્મામાં જ સમાવાનું છે. તે જ મનુષ્યદેહનું સફળ કર્તવ્ય છે. પણ એ કંઈ સહેલું કે સટ નથી. જગતનો જીવડો વાસનાનો–મોહનો–અહંતા મમતાનો કીડો જ બની રહે છે; તેથી તે ચાર ખાણો પરમા-

ત્માએ ઉત્પન્ન કરી છે, તેમાં જ પોતપોતાના કર્માનુસાર તેનું રમણ ભ્રમણ થયા કરે છે. એમાં મનુષ્યાદેહ મળવો, એ અતિ દુર્લભ છે અને તેમાં પણ જ્ઞાનની પ્રાપ્તિ થવી, એ અતિ કઠિન છે. પરમાત્માના માયિક જાળાની લીલા જ એવી અલૌકિક છે કે, જ્યાંસૂધી જીવ શુદ્ધ સાત્વિક વૃત્તિને પ્રાપ્ત થતો નથી, ત્યાંસુધી તે જીવના સર્વે પ્રયત્નો, માયામાં વધારે ને વધારે લપટાતા રહે છે."

## મનુષ્યદેહ સાર્થક કરનારો છે

"પ્રિય વત્સ! જેમ કોઈ જન્માંધને નિર્મળ નેત્ર પ્રાપ્ત થાય, કિંવા જન્મરોગીને સુખદાયી અમૃત પ્રાપ્ત થાય; નિર્ધનને ધનનો ભંડાર પ્રાપ્ત થાય, કે મોટા વૈભવ સુખાસન ઉપર બિરાજે ને તેથી તેને જે આનંદ પ્રાપ્ત થાય, તેવો આનંદ, પૂર્વ જન્મના સંસ્કારી જીવને મનુષ્યદેહ પ્રાપ્ત થતાં થાય છે. પણ આ મનુષ્યદેહ પ્રાપ્ત થતાં કેટલાએકને હર્ષવાયુ થાય છે અને તેમાં ને તેમાં જ તે જીવ કંઈ પણ સત્કર્મ કર્યા વગર કે નવું સંપાદન કર્યા વગર પ્રાણમુક્ત થાય છે, અને પાછો ચોરાશીની રેંટમાળમાં પડે છે. જગતની માયા નિરખી, તેમાં જ મોહાંધ બની, કેટલાએક જીવો તો વિક્ષિપ્ત મનના બની જાય છે-તેઓ લાડી, વાડી ને ગાડી-કનક, કાંતા અને કીર્તિ-ધંધો, રોજગાર ને વ્યવહારમાં જ લીન બની જાય છે. પરંતુ જેઓ આત્મશોધનમાં ઉત્સુક છે, પૂર્વ જન્મના સુકર્મના પાશથી કંઈક અંશે બંધાયલા છે, તેઓ જ આ મનુષ્યાદેહને સાર્થક કરવાને પ્રયત્નશીલ રહે છે. તેઓ જગતની માયાથી સરતા ને સરતા રહે છે, તેમની વૃત્તિનું સ્થાન ઉચ્ચતમ જ રહે છે, તેમનો મોહ-જો એને મોહ કહીએ તો-પરમ પવિત્ર પુરુષોત્તમના પાદારવિંદપર જ રહે છે. પ્રસંગે તેઓને માયા બાધ કરે છે, તો તેની સાથે સંપૂર્ણ યુદ્ધ કરે છે ને એમ યુદ્ધ કરતાં કરતાં, કોઈ પ્રસંગે માયાપર વિજય મેળવ્યા પૂર્વે તે પંચત્ત્વને પામે છે, તો બીજે જન્મે, પુનઃ મનુષ્યદેહને પ્રાપ્ત કરીને, પોતાના જન્મનું-દેહનું સાર્થક કરવા સમર્થ થાય છે. જેણે પૂર્વ જન્મમાં માયાની ઉપેક્ષા કરી છે, નિર્બાધિતપણે માયાપર વિજય મેળવવાનો શ્રમ કીધો છે, તે આ જન્મમાં વિજય જ મેળવે છે ને અનંત જન્મના અજ્ઞાનનો નાશ કરે છે તથા બહુ જ સંભાળથી મનુષ્યદેહને વ્યતીત કરે છે. એવામાં જ્યારે તેને સદ્ગુરુનો સમાગમ થાય છે, ત્યારે તે પોતાના મનુષ્યદેહને સિદ્ધ કરે છે. એ ઉપર તને એક દૃષ્ટાંત કહું છું, તે તું શ્રવણ કર!"

## જન્મ દરિદ્રીને થયેલી પારસપ્રાપ્તિ

"એક અત્યંત દરિદ્રી ને મહાકૃપણ જીવ હતો. તે દમડી દમડીનો સંગ્રહ કરતો હતો. કોઇએક પ્રસંગે તે ગિરિરાજ સમીપ જઈ પહોંચ્યો. તેના પૂર્વ જન્મના સત્કર્મ ને સુદૈવથી અકસ્માત્ એક દેદીપ્યમાન ઉજ્જ્વળ ગિરિકંદરામાંથી મોટો હીરામણિ તેને પ્રાપ્ત થયો. આથી તે દરિદ્રીના આનંદનો પાર રહ્યો નહિ. તે હીરાને પેટ સાથે તેણે દાબી રાખ્યો, પછી ગળે લગાડ્યો, આંખે લગાડ્યો, હર્ષથી નાચવા લાગ્યો અને તેના પ્રકાશને ક્ષણે ક્ષણે જોવા લાગ્યો. તેનો આનંદ એટલો મોટો હતો કે, ત્રિભુવનમાં પણ માય નહિ. એ આનંદમાં તેની ભૂખ તરસ પણ ઉડી ગઈ. ગિરિકંદરામાંથી તેને જે હીરક મળ્યો હતો, તે કોઈ લઈ લેશે એવા ભયથી, કેટલોક વખત તો તે ગિરિકંદરામાં જ ભરાઈ રહ્યો.

એક વખતે છૂપાતો ભરાતો તે ગિરિકંદરામાંથી બહાર નિકળ્યો. પણ ચિત્તમાં ઘણો ગભરાયો. કોઈ નિર્ભયસ્થાનમાં જઈ, જે હીરકમણિ પ્રાપ્ત થયો હતો, તેનું સુખ–આનંદ ભોગવવાને વિચાર કરવા લાગ્યો. તે આવરા બાવરાની પેઠે ચોમેર જોતો હતો કે, રખેને તેનો હીરો કોઈ ઝુટાવી લે! આવો ભય છતાં પણ તે સંભાળ રાખીને આગળ જતો હતો, તેવામાં માર્ગમાં તેને એક પુરુષનાં દર્શન થયાં. તેને જોતાં તો તે ઘણો ગભરાયો. આ પુરુષ પરમ કલ્યાણકર્ત્તા સંત હતો. તે તો ઉદાસીન હતો, પણ તે દરિદ્રીને એમ થયું કે, રખેને આ પુરુષ મારો હીરો છીનવી લે–એવા ભયથી તે ત્યાંથી મુઠીઓ વાળી એવો નાઠો, કે તેને આસપાસનું જરા પણ ભાન રહ્યું નહિ. એમ નાસતાં તે રસ્તામાં એક અવાવર કુવામાં પડી ગયો.

દૈવયોગે આ બનાવ ઉક્ત સંતે જોયાથી, તે તેની પાછળ ગયો અને તે દરિદ્રીને કુવામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કીધો. પણ દુર્દૈવના મુખમાં લપટાયલા આ કૃપણ મનુષ્યનાં નેત્ર ઉઘડ્યાં નહિ–જાણ્યું નહિ કે, આ સંત તો પરગજુ છે–તારનાર છે. તેણે તો ઉલટું એમ જ જાણ્યું કે, આ સંત નિઃશંક મારો હીરો છીનવી લેશે. આ ભયથી તે દરિદ્રી પોકેપોક મૂકીને રડવા લાગ્યો. એ જોઇને સંતને મોટું આશ્ચર્ય લાગ્યું. સંજોગાસંજોગથી તે દરિદ્રી પાસેનો હીરકમણિ તે સંતના જોવામાં આવ્યો. તે જોઈને સંતને વિચાર આવ્યો કે, આ મૂર્ખના હાથમાં આ રત્ન સાંપડ્યું છે ને તેથી એને હર્ષઘેલાપણું પ્રાપ્ત થયું

છે, તો એને મહામણિ પ્રાપ્ત થયો હોય તો એની શી દશા થાય? પછી સંતે તેને કહ્યું, "હે હીરકમણિ પ્રાપ્ત કરનાર જીવ! સારું થયું કે હું તને મળ્યો; પણ જો કોઈ લુચ્ચો લફંગો તને મળ્યો હોત તો તારા આ હીરાને છીનવી લીધો હોત ને તું હતો તેવોને તેવો જ દરિદ્રી થઈ બેસત. પણ હવે નિર્ભય થા, મજપર વિશ્વાસ કર, શ્રદ્ધા રાખ, અને જેમ હું કહીશ તેમ તું કરીશ તો આ હીરાથી તારું સર્વ દારિદ્રય નાશ પામશે ને એ મણિપ્રતાપે તું પરમ આનંદનો ભોક્તા થઇશ. અહુણા તો તું મારી સાથે ચાલ અને મારો વૈભવ શું છે, તે તું જો!" આટલું કહીને, સંત મહાત્મા પોતાનો વૈભવ દેખાડવા, તે જન્મ દરિદ્રીને કુવામાંથી કહાડી, સ્વાશ્રમપ્રતિ તેડી ગયા.

જન્મથી જ દરિદ્રી એવા એ જીવને, સંત મહાત્માનું ઐશ્વર્ય વળી કેવું હશે, તેની કલ્પનાએ ન હતી. જે એક તુચ્છ હીરાના લાભથી પોતાને અહોભાગ્ય માનતો હતો, તે જીવને દિવ્ય મણિના પ્રકાશની કલ્પના ક્યાંથી હોય? પછી સંત મહાત્મા તેને પોતાની સંગે પોતાના આશ્રમમાં લઈ ગયા. ત્યાં તે શું જુએ છે? મોટા મોટા હીરાના પર્વતો, હીરાની નદીઓ, હીરાનાં વૃક્ષો, હીરાની ભૂમિઓ, હીરાની છતો, એમ સર્વ હીરાનું જ દૃષ્ટે પડ્યું. જ્યાં દૃષ્ટિ કરે, જ્યાં પગ મૂકે, જ્યાં સ્પર્શ કરે, ત્યાં સર્વ ઠેકાણે હીરાનો જ પ્રકાશ હતો. આ જોતાં જ તે જન્મ દરિદ્રીને હર્ષની મૂર્છા આવી ગઈ. જ્યારે તે સત્પુરુષની શુશ્રૂષાથી, તે જન્મ દરિદ્રીની મૂર્છા વળી ત્યારે, તે નાચવા, કુદવા ને હર્ષનાં આંસુ વર્ષાવવા લાગ્યો. તેના મનને જે આનંદ જણાવા લાગ્યો, તે તેનું મન જ જાણે– એ આનંદનું વર્ણન કરવા હું શક્તિમાન્ નથી. ઘડીમાં તે હીરાની નદીના ઘાટપર જઈ બેસે, વળી ત્યાંથી ઉઠીને હીરાના પર્વતપર જઇને બેસે, બીજે ક્ષણે હીરાના વૃક્ષને જઈ ભેટે, અને ક્ષણ પછી હીરાની શૈયા જઈ સૂએ કે હીરાના હિંદોલાપર બેસી ઝુલે! આવી તેની સ્થિતિ થઈ પડી.

આ મહાત્મા સંતની અલૌકિક ગતિ હતી. પછી તેણે તે જન્મ દરિદ્રીને તેની નિદ્રામાંથી જાગ્રત કરી, તેના સ્વયં અંગપર દૃષ્ટિ કરાવી. આશ્ચર્ય! તે પંડે પણ હીરામય જ! અહોહો! હું પોતે પણ હીરો! મણિ! માણેક! આહાહા!! મારા જેવું તે કોણ ભાગ્યશાળી હશે? એમ તે વિચારવા લાગ્યો.

પણ એટલામાં, આ જન્મદરિદ્રીનો ગિરિકંદરામાંથી જડેલો પેલો અલ્પ હીરો, ક્યાંક પડી ગયો; અને હીરાની સૃષ્ટિમાં રહેલો જન્મદરિદ્રી

પુરુષ, તે હીરાની કણિકા માટે, પોકેપોક મૂકીને રડવા લાગ્યો. વત્સ જીવન! જો કૌતુક! તે હીરક ભૂમિમાં રહ્યો છે; પૃથ્વી, પાણી, પર્વત, વૃક્ષ, પ્રાણી, પદાર્થ માત્ર હીરાના જ છે; જ્યાં જોય ત્યાં હીરા જ હીરા છે; પંડે હીરો છે; છતાં આ જન્મ દરિદ્રી, આ હીરક ભૂમિમાં, તે હીરાના એક કટકાને શોધવા લાગ્યો. તે જોઇને તે સંત મહાત્માને બહુ હસવું આવ્યું. તેણે કહ્યું; "અરે ઓ ગાંડા ! આ હીરક ભૂમિમાં રહ્યા છતાં, સ્વતઃ સ્વયંપ્રકાશ હીરો હોવા છતાં, આ પરિચ્છિન્ન હીરાને માટે તું ખેદ કાં કરે છે? જેવો તારો હીરો હતો તેવા તો અનેક હીરા આ તારા પગ નીચે અથડાય છે; અને આ હીરામય પથ્થરમાંથી હીરાની એક શિલા તારાપર પડે તો તું ચગદાઇને મરણ પામે એવા મોટા મોટા હીરાઓ સર્વત્ર પડેલા છે; છતાં તું એક હીરાની કણિકા માટે શોક કરે છે? ખરેખર! તું ભાગ્યહીન દરિદ્રી તે દરિદ્રી જ રહ્યો! જો કોઈ ભાગ્યવાન્ દરિદ્રી એકવાર આ ભૂમિમાં પગ મૂકે છે, તો તે કદાપિ પણ અભાગી રહી શકતો નથી; કેમકે સ્વયં શ્રીમાન્ બનતાં અહિંઆં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નથી; છતાં એક હીરાની કણિકા માટે રડે છે, એ તું કેવો ભાગ્યહીન! આ સર્વ તારું છે; તારી ઇચ્છા હોય તેટલા હીરા લે, તને કોઈ જાતનો પ્રતિબંધ નથી!" આમ બોલતાં તે મહાત્મા અંતર્ધાન થઈ ગયા.

પછી તે દરિદ્રી આનંદથી તે હીરક પ્રદેશમાં વિહાર કરવા લાગ્યો, અને આ હીરક ભૂમિનો પોતે જ સ્વામી છે, તેથી વધારે ને વધારે આનંદથી તે હીરક ભૂમિનું સુખ ભોગવવા લાગ્યો. તેનો આનંદ મસ્ત હતો. આ ક્ષણે તે પોતાના પૂર્વના દરિદ્રીપણા માટે શરમાવા લાગ્યો ને સ્વયં નિઃસીમ અખંડ શ્રીમાન્ માનવા લાગ્યો. હવે તેને દારિદ્રય તો સ્વપ્નામાં પણ દર્શન દેતું ન હતું. એક સમયે આ અસંખ્ય અને અમૂલ્ય એવા મણિમય પ્રદેશનો વિસ્તાર કેટલો હશે, તે જોવાને તે તત્પર થયો. તે સ્વસ્થાનમાંથી નિકળ્યો. ચોમેર ફરવા લાગ્યો. ચાલી ચાલીને થાકી ગયો, પણ આ હીરક પ્રદેશની સીમા દેખાઈ નહીં. ઉપર, નીચે, સામે, પુઠે, ડાબી જમણી બાજુએ, જ્યાં દૃષ્ટિ ફેંકે ત્યાં અપૂર્વ મણિમય પ્રદેશ જ તે જોતો હતો. આ જોઇને તેને મોટું આશ્ચર્ય, અત્યંત પ્રમોદ, નિરતિશયાનંદ પ્રાપ્ત થયો. પુનઃ ફરતો ફરતો તે મૂળસ્થાન આગળ આવી પહોંચ્યો. ત્યાં ગિરિકંદરામાંથી પ્રાપ્ત થયેલી હીરકકણિકાનું તેને સ્મરણ થઈ આવ્યું. એટલામાં તે હીરો તેની દૃષ્ટિએ પડ્યો. અહુણા તે જન્મ દરિદ્રી પૂર્વનો

ભીખારી ન હતો, તેથી ઉક્ત હીરાને હાથમાં લઈ, હસીને તે કહેવા લાગ્યો; "મારી દરિદ્રાવસ્થામાં પ્રાપ્ત થયેલા આ હીરાને હવે શું કરું? એને ગળામાં ઘાલું, માથાપર મૂકું, હાથે બાંધું કે પગે પહેરું, પણ એથી મને શો આનંદ થાય તેમ છે? હું દરિદ્રી હતો ત્યારે એ હીરક અમૂલ્ય હતો, ત્યારે એની મને કંઈક કિંમત પણ હતી. પણ આજે હું સ્વયં મણિમય છું, દિશાઓ પણ મણિમય છે, ભૂમિ પણ મણિમય છે, આકાશ પણ મણિમય છે, વસ્તુ માત્ર મણિમય છે, હું જ્યાં જોઉં છું ત્યાં બધે હીરા, મોતી, માણેક, પન્નાં વગેરે દૃષ્ટિએ પડે છે, ત્યાં આ ટુકડાની શી ગણત્રી? શી કિંમત? શી શોભા? એનાથી શો આનંદ? આજે હું આ હીરક પ્રદેશનો સ્વામી છું; ચાહું તેટલા હીરા લઉં તો કોઈ અટકાવનાર નથી. છ:! ટુકડો–તુચ્છ! અલ્પ! એને શું કરું?" એમ કહી તે હીરો ફેંકી દીધો, કેમકે આજે તે શ્રીમાનનો શ્રીમાન્ હતો, આજે તેની શ્રીમન્તાઇની સીમાનો પાર ન હતો, જગતના સર્વ જીવથી તે શ્રેષ્ઠ હતો; આ ક્ષણે તેના વૈભવનો પાર ન હતો, આજે તેનું દારિદ્ર્ય નાશ પામ્યું હતું; આજે તે નિરિચ્છ અને શાંત બની ગયો હતો; તેની ઉદાસીનતા હમેશને માટે નાશ પામી હતી."

મહાત્મા ગુરુદેવે, જીવનને કહ્યું; "હે રાજપુત્ર! મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી સત્‌ગુરુના સમાગમથી જે અવસ્થા પ્રાપ્ત થાય છે, તે આવી જ છે. બાપ જીવનસિંહ! દૃષ્ટાંતનું રહસ્ય તું સમજ્યો હશે. ન સમજ્યો હોય તો સાંભળ. જીવન આત્મજ્ઞાન–વિદ્વત્સંન્યાસ વગર, પરમ સ્થાનને પામતો નથી. આ લોકનો જીવ, એ જ્ઞાન વગર–तत्त्वमसिના જ્ઞાન વગર–જન્મનો જ દરિદ્રી છે. એવા જીવને કર્મ–યજ્ઞ, તપ, દાનાદિ–કે ઉપાસના–પ્રભુભજન, સેવન, સ્મરણ, પૂજાદિક હીરો પ્રાપ્ત થયો છે. એ કણિકા જ માત્ર છે. तत्त्वमसि સમજાવનાર ગુરુ તે સંત. સંત સમાગમથી તે જીવે જાણ્યું કે, ઉપાસ્ય ને ઉપાસક હું જ છું; અર્થાત્ સર્વનો ત્યાગ કરી, જે પરમાત્મામાં વિલીન થવાનું છે, તે પરમાત્મારૂપ જ હું છું–એમ જાણવું, એ તેની હીરક ભૂમિ છે. એ ભૂમિમાં પહોંચ્યા પછી તેને અન્ય હીરાની–કર્મપર કે બાહ્ય ઉપાસનાપર પ્રેમ રહેતો નથી ને આનંદે થતો નથી. હીરાની જે કણિકા જીવને પ્રાપ્ત થયેલી, તે બાહેરનાં કર્મ ને ઉપાસનાઓ છે. એ કર્મ–ઉપાસનાઓમાં અનેક જન્મદરિદ્રી જીવો, પોતાને કૃતકાર્ય માની આનંદે છે; પણ સદ્‌ગુરુના સમાગમથી જે મણિમય પ્રદેશ પ્રાપ્ત

થાય છે, તે પ્રાપ્ત થતાં-પિંડ બ્રહ્માંડની એકતા થતાં-જીવશિવનો ભેદ તૂટી જતાં-જેમ જન્મદરિદ્રીને મહા તેજસ્વી હીરો પ્રાપ્ત થતાં હીરકકણિકા તુચ્છ જણાય છે-તેમ જ બાહ્યની પ્રાપંચિક સેવા પૂજામાં, માયાના વિહારનારને-પરમ તત્ત્વના જાણનારા જીવને-આત્મદર્શીને-લેશ પણ આનંદ થતો નથી. એ આનંદ સ્વલ્પ છે, કાળે કરી નાશ પામનાર છે. પરંતુ અવિચ્છિન્ન પરબ્રહ્મની લીલામાં જ એકતાર બનીને શુદ્ધ આત્મદર્શી-સાત્વિક ભાવનામાં મસ્ત જીવ-જે અખંડ આનંદ ભોગવે છે, તેનું [illegible]ર્શન થઈ શકે તેમ નથી. એ સ્થિતિને પ્રાપ્ત થનારો જીવ, હું કોણ? [illegible] આવ્યો? કેમ આવ્યો? તે વિચાર કરવાને ભાગ્યશાળી બને છે- [illegible] દોષિતનો ત્યાગ કરી, નિર્મળ-અમળને ગ્રહણ કરી, શુદ્ધ સાત્વિક [illegible] થઈ, સંસાર સાગર તરી જઈ, મુક્તદશાનું સુખ અનુભવે છે." [illegible] આ સ્થિતિ પ્રાપ્ત કરવાને, હે શિષ્ય! જે જ્ઞાન-જીવશિવનો [illegible]બ્રહ્માંડની રચનાનું રહસ્ય, મેં તને સમજાવ્યું છે, તેનો તું વિચાર [illegible] તારાં નેત્રને એકલક્ષી કરી, તેની સીમપર જો. તને શું પ્રત્યક્ષ થાય છે? તારી દૃષ્ટિને આવરણ અને વિક્ષેપશક્તિથી રહિત બનાવીને પછી તું જો કે, તું કોણ છે! એમાં જે દૃષ્ટિગોચર થશે, તેથી તારાં નેત્રપટલ ખુલી જશે ને સ્વસ્વરૂપનું યથાર્થ દર્શન થશે." આ પ્રમાણે કહીને ગુરુદેવે શિષ્યનો વાંસો થાબડીને જીવનસિંહને નિજાનંદના સ્વરૂપમાં એકતાર થવાની આજ્ઞા આપી.

## જીવનસિંહનો વિદ્વત્‌સંન્યાસ

પછી જીવનસિંહ નાહી ધોઈ સ્વચ્છ થઈ, ગુરુની આજ્ઞા પ્રમાણે પદ્માસન વાળી, નેત્રને નાસાગ્ર સાથે સ્થિર કરી, ગુરુ સમીપ બેઠો. ગુરુએ કહ્યું; "હે શિષ્ય! હવે તારી બહિર્વૃત્તિને અંતર્મુખી કર અને વૃત્તિરૂપથી જે વ્યષ્ટિ તને પ્રકટ દેખાય છે, તેને સંકુચિત કરી, સ્થૂલ દેહનું ભાન ભૂલી જઇને તેનો સમષ્ટિમાં વિલય કર. પછી અંતઃકરણને દૃઢ કર અને સર્વ ભૂમિપ્રદેશનો લય થઈ ગયો હોય એવી વૃત્તિ કરી, નેત્ર મીંચીને તને શું દેખાય છે, તે તું જો."

ગુરુની આજ્ઞા પ્રમાણે, જીવનસિંહે સર્વ વૃત્તિઓને સંકુચિત કરીને સમષ્ટિના વિલાસમાં પોતાની સાત્વિક વૃત્તિઓને આરોપી દીધી. તે ધીમે ધીમે સર્વ જગતને જળમય જોવા લાગ્યો. પછી ધીમે ધીમે સર્વ વિષયોને જળમાં ડૂબતા જોવા લાગ્યો. જળના મોજાંઓ દોડતાં હોય

તેમ તેની અંતર્દૃષ્ટિમાં દેખાવા લાગ્યું. એ સમે અનેક તરંગો ઉદય પામીને લય પામતા હતા. એ વિશાળ જળપ્રદેશની મધ્યના અવકાશમાં એક દિવ્ય જ્યોતિ તેને જણાવા લાગી. એ જ્યોતિ ક્ષણમાં જળથી જૂદી દેખાતી અને ક્ષણમાં જળમાં તિરોહિત દેખાતી હતી. તે સર્વત્ર વ્યાપ્ત હતી. એ જ્યોતિ ક્ષણમાં અણુથી પણ પરમ અણુ હતી; તેમ જ બ્રહ્માંડના એકત્રની મોટાઇથી પણ મોટી જણાતી હતી. એ જળના તરંગો, જળમાંથી ઉપજી, જળમાં જ સમાતા હતા, પણ જળની બહાર જતા ન હતા. એ જળપ્રદેશના મધ્યમાં અધિષ્ઠાનરૂપ જે જ્યોતિ દેખાતી હતી, તે જેવી દેખાઈ કે તુરત જ ગુરુએ સમાધિનિષ્ઠ જીવનસિંહને કહ્યું; "હે શિષ્ય! એ અધિષ્ઠાનના મધ્યમાં દૃષ્ટિ પરોવ." તુરત જીવનસિંહે દૃષ્ટિ પરોવી. પછી તે બોલ્યો; "હે ગુરુદેવ! આ અધિષ્ઠાન તો વિશ્વાકાર જણાય છે." ગુરુએ કહ્યું; "દૃશ્ય, દર્શન અને દ્રષ્ટા અહિં ભિન્ન નથી. તું જ તને પોતાને જોનારો છે. સાક્ષી, વૃત્તિ, ભાવના, સંવેદના, ક્રિયા, વિશ્વ, એ સર્વ તારાં પોતાનાં જ નામ ને રૂપ છે. જો, સ્થિર થઇને જો, તે તું જ છે!" સ્થિર થઇને જીવનસિંહે એક તાર થઈ, તે ચિદ્વિલાસ અધિષ્ઠાનમાં પોતાની દૃષ્ટિ પરોવી, શું જોયું? સ્વસ્વરૂપ જોનાર અને જોવાનું ભિન્ન ન હતું-બન્ને એક જ હતા. પોતાના સૂક્ષ્મદેહપ્રતિ દૃષ્ટિ કરી તો તે પોતે, જ્યોતિના મધ્યમાં જોયું તો તે પોતે; જ્યાં જુવે ત્યાં તે પોતે જ. એ જોઇને તે પરમાનંદમાં વિલીન થતો ગયો.

તેને સમાધિમાંથી મુક્ત કરવાને ગુરુદેવે જાગ્રત કર્યો. આ દેહની તેની દૃષ્ટિ ખુલ્લી થઈ, પણ રાજપુત્ર અંતર સ્થિતિમાં પૂર્વવત્ હતો; તેથી ક્ષણભર તો તેની દૃષ્ટિમાં આ લોક જ જણાયો નહિ. તેની વૃત્તિ વ્યષ્ટિ પરિચ્છિન્નને ભૂલીને અપાર વ્યાપી રહી હતી. તે સ્વતઃ બોલ્યો, "હું અલ્પ-પરિચ્છિન્ન નથી, હું સર્વાધાર, સર્વસ્વરૂપ, સર્વાત્મા, સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ ને લયનો કર્ત્તા છું; માયા, એ મારી અંશભૂત શક્તિ છે; મારી ઇચ્છા પ્રમાણે એ લીલા વિસ્તરે છે; ત્રિમૂર્ત્તિ પણ મારો અંશ છે; મારી આજ્ઞાનુસાર સૃષ્ટિની વ્યવસ્થા થઈ જાય છે; આ મારા નિમેષોન્મેષમાં કેટલી સૃષ્ટિ થઈ ને કેટલી ગઈ, તે જણાતું પણ નથી. હે દેવ! હું અનાદ્યનંત છું. જેમ ઉદુંબરમાં અનેક ફળો છે, તે પ્રત્યેક ફળોમાં અનેક પ્રકારના જીવો છે, જીવોમાં અનેક પ્રકારના જીવોનો અંતર્વાસ છે; તેમ જ મારાથી પરોવાયલાં અનંત બ્રહ્માંડો, મારામ

પરમાણુવત્ આંદોલન કરી રહ્યાં છે; મારા સ્વરૂપની વૈભવલીલામાં હું મૌજ કરું છું. મને બંધ શો, મોક્ષ શો ? હું ત્રિકાલાબાધિત અખંડ એકરસ છું, સર્વવ્યાપી છું, સર્વમાં હું છું–શબ્દ પણ હું છું, શબ્દાતીત પણ હું છું."

## પરમપ્રાપ્તિથી પરમ સ્વરૂપ

આટલું બોલતાં બોલતાં, ગુરુની દૃષ્ટિ જીવનસિંહના પ્રતિ છતાં, ક્ષણે ક્ષણે જીવનની દૃષ્ટિ મિંચાવા લાગી. પુનઃ તે અપાર પરમાનંદસાગરમાં તરવા લાગ્યો. સુવિચારશીલ! આ જ દશા તે બ્રહ્માનુભવની ઉન્મત્ત દશા છે. વ્યાપકાનુભૂતિને વ્યાપકની સાથે તન્મયતા થઈ–તેના સર્વ સંસ્કારો છૂટી ગયા–પ્રારબ્ધકર્મરૂપી ચરખામાં રહેલી પુમડીઓ, જ્ઞાનાગ્નિથી ભસ્મ થઈ ગઈ. પુનઃ, જીવનસિંહ જાગ્રત થયો અને સાવધાન થઈને બોલ્યો; "હે ભગવન્! મને શી દશા પ્રાપ્ત થઈ છે, તે હું જાણતો નથી; તે દશામાં હું શું બબડ્યો, તે કહેવા મને સંકોચ થાય છે." ગુરુએ કહ્યું; "હે વત્સ! હું કૃતકાર્ય થયો છું. હવે તું નિર્ભય અને નિઃશંક થા. એ સ્થિતિમાં તું જે કંઈ બોલ્યો, તે શક્તિ જ કંઈ નિરાળી હતી. સન્નિપાતમાં જે શક્તિ આવે છે અને તેમાં જીવ ભડકી ભડકીને ઉઠે છે, તે જાતની આ શક્તિ ન હતી, પરંતુ તેથી વિલક્ષણ હતી–એ દિવ્ય શક્તિ છે. 'તે તું છે' અને 'તે હું નથી,' એ બે વચ્ચેનો ભેદાભેદ હવે તને સ્વપ્નરૂપે જ રહેશે. તું હવે યથેચ્છ સ્વછંદપણે વિહાર કર. હવે તેં જાણ્યું કે તું કોણ?"

જીવનસિંહ ગુરુનાં ચરણકમળમાં માથું મૂકીને બોલ્યો; "હે નાથ! હે ગુરુદેવ! હું શું બોલું? ખરેખર હું તમારો છું; તમે મારા નથી. તરંગ સમુદ્રનો છે, સમુદ્ર તરંગનો નથી. હે પ્રભુ! આપની પૂર્ણ કૃપાપ્રસાદીથી મેં સત્ જાણ્યું છે; અને મને મારા શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થયું છે. હે મહારાજ! વિશ્વરૂપમાં ઓતપ્રોત થયેલી મારી વ્યાપ્તિને મેં સંપૂર્ણ રીતે જોઈ છે. આ સર્વમાં હું છું એ સત્ય છે; તથાપિ હે ભગવન્! વ્યષ્ટિના વ્યવહારથી મને જે ભાન થાય છે તે પ્રમાણે, હું તમારો દાસ ને તમે મારા ઉપાસ્ય છો; માટે હે ગુરુદેવ! તમે મને તમારી ઉપાસના કરવા દો!" તપસ્વી ગુરુદેવે કહ્યું; "તારી આત્મનિષ્ઠા પૂર્ણ છે, તારી ઇચ્છામાં આવે તે કર. તું જે કરીશ, તેનું ફળ તારે પોતાને જ ભોગવવાનું છે. ઈશ્વરના પરમ ભક્તની જે સાત્વિક–અનન્ય ભક્તિ, તે

એ જ આત્મનિષ્ઠા છે. પરમ આત્મનિષ્ઠ ભક્તપ્રતિ પોતાનો અત્યંત પ્રેમ દર્શાવતાં પરમાત્માએ અભય વર આપ્યો કે; ज्ञानी त्वात्मैव मे मतं– 'જ્ઞાની તો મારો આત્મા જ છે.' પરમાત્માનું આ અમૃત વચન છે. જેણે પરમાત્માનું શુદ્ધ સાત્વિક સ્વરૂપ ઓળખ્યું છે, તે જ ખરેખરો ભક્ત છે, તે જ નિત્ય સુખરૂપ છે અને તે જ નિત્ય મુક્ત છે. ગુણાતીત તુરીયાવસ્થાનું શુદ્ધ સાત્વિક સ્વરૂપ આજે તારે વિષે જાગૃત થયું છે, તેથી જ તું આજે 'દાસોહં,' 'દાસોહં' કરી મને પૂજે છે. પરન્તુ 'દાસોહં' અને 'શિવોહં' એ બેમાં કંઈ પણ અંતર નથી. દાસોહં એ જગત્ નાટક છે; પરંતુ તેનો સૂત્રધાર વળી તું જ છે. દાસોહં કે શિવોહં એ બેમાં કોઈ પ્રકારનો ભેદ નથી; તથાપિ એ ભેદ જીવમાં અલ્પતા છે ત્યાં સૂધી જણાય છે. હજી તારું સપ્તમ પટલ ખુલવાનું અવશેષ છે, તેનું આ ચિહ્ન છે–જગભગરમાં દેખાતા પ્રત્યક્ષ નાટકોનું એ સ્વરૂપ છે. તું પંડે શિવરૂપ છે અને આ જગત્ પણ શિવરૂપ છે. ભેદ જે જણાય છે, તે માત્ર અજ્ઞાનની લીલા છે. શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાના સાક્ષાત્ સ્વરૂપનું દર્શન કૌરવોની સભામાં અને મહાભારતના યુદ્ધમાં અર્જુનને કરાવ્યું છે, તે પરથી હે વત્સ! તું જોઈ શકશે કે, આ જગતના સર્વ જીવોનું કેંદ્રસ્થાન તે જ પરબ્રહ્મ પરમાત્મા છે. શુદ્ધાધિકારીને જ એ આત્મરૂપનો સાક્ષાત્કાર થાય છે. આત્મસાક્ષાત્કારવાળો નિર્ગુણમાં લીન થાય છે. એ પદનો અધિકાર પ્રાપ્ત થવા, જીવ સર્વ કર્મત્યાગી ને સંકલ્પસંન્યાસી બનવો જોઈએ. સર્વ કર્મનો ત્યાગ, એટલે જગન્માત્રમાં જે જે કર્મ કરવામાં આવે છે, તે તે કર્મમાં દોષારોપ કરવો, અને તે ત્યાગવાને કર્મ ન કરતાં, કરવાની આવશ્યકતા હોય તો સર્વ કર્મ પરમાત્માને અર્પણ કરવાં; અને સર્વ સંકલ્પનો ત્યાગ કરવો, એ જ વિચક્ષણનો મોક્ષ. જેણે ફળાભિસન્ધિનો ત્યાગ કીધો છે, તે જ સાયુજ્યમુક્તિને પ્રાપ્ત કરે છે. ફળાભિસન્ધિપૂર્વક ત્યાગથી જે જીવ-ભક્ત–અનન્ય ભક્ત–જગતમાં વિચરે છે, તે જ ભક્ત ખરેખરો જ્ઞાની છે, તે જ ભક્ત સાયુજ્યમુક્તિને પામીને પરમાત્માની અનન્ત શક્તિનું ભજન કરતો, તેનામાં જ નિત્યનો વાસ કરી રહે છે. હે શિષ્ય! મેં તને કહ્યું કે; 'તે તું છે,' એમાંના 'તું શબ્દનો લક્ષ્યાર્થ તું પોતે જ છે.' તું 'દાસોહં' ભલે માન, પણ 'શિવોહં' જ તારું નિત્ય શુદ્ધસ્વરૂપ છે. એ રૂપમાં દાસોહં છતે, શિવોહં છે ને શિવોહં છતે દાસોહં રહેશે. હે શિષ્ય! એ સ્થિતિથી પૂર્ણ થયેલો જીવ, પોતે જ બ્રહ્મ છે–

સ્વયં સચ્ચિદાનન્દ બ્રહ્મ છે. પછી ભલે તે આ વિશ્વમાં રહીને તેની મોજ ભોગવે ને માયાની વૃત્તિને અથવા તો તેમાં વૃત્તિલીન ન થતાં માત્ર તટસ્થ સાક્ષીરૂપે જોઈ, તે માત્ર નિજાનંદનો ભોક્તા જ બને છે.

વૃત્તિ-વાસનાનો લય, એ જ સંપૂર્ણ મુક્તિનું સાધન છે. એ સાધનની કોઈ પણ કાળે ને કોઈ પણ સ્થિતિમાં ઉપેક્ષા કરવાની નથી. હે શીલસમ્પન્ન! તારી સ્થિતિ નૂતન થઈ ગઈ છે. તું કોણ છે, તે તેં જાણ્યું છે. તારા પિતાએ જે ભણાવવા મને સોંપ્યો હતો, તે મેં તને ભણાવ્યું; મારો તને સંપૂર્ણ આશીર્વાદ છે કે, તું પરમાત્માની અખણ્ડ લીલાના સ્થાનનો નિવાસી થશે. પુનઃ તું જો કે તું કોણ છે?"

## જીવન્મુક્તની દશા

પોતાની આંતર ને બાહ્ય દૃષ્ટિમાં એકચિત્તે જોતજોતામાં જીવનસિંહને પાછી સમાધિ થઈ ગઈ. પુનઃ તેને અખંડ અવિનાશી જ્યોતિનાં દર્શન થયાં. નિમેષ માત્ર જોતાં તે જ્યોતિ સ્વમય જણાઈ. જ્યોતિ તે જીવન, ને જીવન તે જ્યોતિ! જ્યોતિ જ જ્યોતિ! સર્વત્ર વાસુદેવમય, અન્ય કંઈ જ નહિ. એક પરમ પુરુષ પરમેશ્વર-પુરુષોત્તમ-જગદીશ-પરમાત્મા! અન્ય કંઈ નહિ. આ સ્થિતિને પ્રાપ્ત થયેલો જીવનસિંહ, સમાધિમાંથી મુક્ત થતાં જ બોલ્યો, "હે ભગવન્! આજે મારી વૃત્તિ અનિર્વચનીય થઇ પડી છે; તેને વ્યક્ત કરવાનું મારામાં સામર્થ્ય નથી. હું જ સચ્ચિદાનંદમય સ્વરૂપે રહેલો, સ્વસત્તાથી સર્વમાં ઓતપ્રોત છું. મારી વ્યાવહારિક વૃત્તિનો લય થઈ ગયો છે. જ્યાં વૃત્તિ નથી, ત્યાં વિષયાભાસ પણ ક્યાંથી હોય? જ્યાં વૃત્તિ અને વિષયોનો મારા સ્વરૂપમાં લય થયો છે, ત્યાં સ્વસત્તા પણ ક્યાં હોય? જ્યાં સ્વસત્તાનો લય થયો છે, ત્યાં દ્રષ્ટા, દર્શન ને દૃશ્ય પણ ક્યાંથી હોય? હું સાક્ષી કોનો અને પ્રકાશક કોનો? હું તો કેવળ સ્વસ્વરૂપે છું, નિજાત્મા-નિજાનંદ છું. હું અમુક છું-એવું હું જોતો નથી. હે ગુરુદેવ! આ ક્ષણે મારામાં શું થાય છે, તે હું શબ્દથી જણાવી શકતો નથી."

ગુરુએ કહ્યું: "હે વત્સ! બસ! આ જે ઉદ્ગાર તારા મુખમાંથી નિકળે છે, એ જ તારી અવસ્થા છે. જેમ સાકરનો સ્વાદ સાકર જાણતી નથી; સાકરના સ્વાદનું મનુષ્ય ગમે તે પ્રમાણે વર્ણન કરે, પણ સાકરનો સ્વાદ-મીઠાશ-વર્ણનથી વર્ણવી શકાતો નથી. તેવી જ સ્થિતિ કૈવલ્યપદને પ્રાપ્ત કરનારાની છે. આવું છે કે તેવું છે, એમ કૈવલ્ય સ્થિતિ

વર્ણન કરી શકતી નથી. જે જાણે છે. તે જ જાણે છે. જે જાણતો નથી તે જ બકે છે, વર્ણવે છે, પણ જાણનારને તો શબ્દ જ જડતા નથી, તો વર્ણવે શું, કહે શું, દર્શાવે શું? હે શિષ્ય! મારું બોલવું, કહેવું, અને તારું સાંભળવું, અહિં સંપૂર્ણ થાય છે. હે સચ્છિષ્ય! જે જ્ઞાનલાભ તને થયો છે, તેથી તું કૃતકૃત્ય છે. એકવાર મને તારું ગાઢ આલિંગન કરવા દે." એમ કહી ગુરુદેવે, જીવનસિંહને આલિંગન દીધું. શિષ્યે ગુરુચરણકમળનું પ્રેમાશ્રુથી પ્રક્ષાલન કીધું. પછી ગુરુદેવ શિષ્યને પ્રેમપૂર્વક આશીર્વાદ દઈને ત્યાંથી વિદાય થયા.

જે જીવનસિંહે, ગુરુના મુખથી જ્ઞાન શ્રવણ કીધું હતું–મનન કીધું હતું અને જે કૈવલ્યદશાને પ્રાપ્ત થયો હતો, તે જીવનસિંહ જીવન્મુક્ત થયો થકો, પોતાના પિતાનું આપેલું રાજ્ય ભોગવી, અન્તે સ્વસ્વરૂપમાં વિલીન થઈ કાળક્રમે પરમોત્તમ અક્ષય એવા કૈવલ્યધામવાસી થયો."

આ લાંબો ઇતિહાસ કહીને હિમગિરિના મહાત્માએ, સુવિચારને કહ્યું; "હે સુવિચાર! જીવ પંડે કોણ છે ને તેનું શુદ્ધ સાત્ત્વિક સ્વરૂપ શું છે, તેનું તને સંપૂર્ણ જ્ઞાન થયું હશે. એ વિચારનું શ્રવણ મનન કરીને, એ સ્થિતિને હમેશાં લક્ષમાં રાખીને, તે સ્થિતિ તને પ્રાપ્ત થાય, એ જ મારો તને પણ આશીર્વાદ છે." આટલું કહીને હિમગિરિના મહાત્મા સમાધિસ્થ થઈ ગયા. પછી મહાત્માને સાષ્ટાંગ પ્રણામ કરી સુવિચાર પોતાની સ્ત્રી સાથે વિદાય થયો.

જે અદ્ભુત કથા મહાત્માએ કહી હતી, તેનું એ જ ક્ષણથી તે મનન કરવા લાગ્યો. તેણે ધીમે ધીમે પોતાના શુદ્ધ સ્વરૂપને જોવાનો અભ્યાસ આરંભ્યો; તથા સર્વ માનસિક વૃત્તિઓને સંકુચિત કરીને, જે સ્વરૂપનું દર્શન જીવનસિંહે કીધું હતું, તેને પ્રાપ્ત કરવા માટે અથાગ શ્રમ કીધો. પ્રથમ તો તે સ્વસ્વરૂપ જોવાને સમર્થ જ થયો નહિ, પણ ધીમે ધીમે શુદ્ધ સાત્વિક ભાવને પામીને તે શ્રીકૃષ્ણચંદ્રના ધ્યાનમાં એકતાર થઈ ગયો અને છેવટ સ્વયં શ્રીકૃષ્ણરૂપ જ બની ગયો. જળમાં, સ્થળમાં, વનસ્પતિમાં, આકાશમાં અને પોતાના સ્વરૂપમાં પણ તેને શ્રીકૃષ્ણનું સ્વરૂપ જોવામાં આવ્યું. આ તેની સ્થિતિ લાંબો કાળ ટકી શકી નહિ; પરંતુ જે ક્ષણે તે 'શ્રીકૃષ્ણોઽહં'ની સ્થિતિને પ્રાપ્ત થયો હતો, તે ક્ષણને તે અહોભાગ્ય માનવા લાગ્યો. હજી સૂધી તેના સંસ્કારો પૂર્ણ થયા ન હોવાથી તે સ્થિતિનો તે સંપૂર્ણ અનુભવ લઈ શક્યો

નહિ, પણ જે માર્ગ પોતાને દર્શાવવામાં આવ્યો છે, તેનો ક્ષણેક અનુભવ થવાથી પણ તે પોતાનું અહોભાગ્ય માનીને આનંદમાં કલ્લોલ કરવા લાગ્યો ! જે ક્ષણે સુવિચારશર્મા આ સ્થિતિને અનુભવતો હતો, તે સમયે તેની સ્ત્રી છદ્મલિંગ પણ, તે સ્વરૂપમાં રમણ કરતી જોવામાં આવી. દ્વૈત નાશ પામ્યું–અદ્વૈતનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપી ગયું; અને સમાધિને અંતે, “અહો ગુરુદેવ! આપની કૃપાથી હું ભાગ્યશાળી બન્યો છું.” એમ બોલતો તે હર્ષની મૂર્છામાં એવો તો પડ્યો કે, પ્રભાત થતાં સૂધી પણ તેને તુરીયાવસ્થાનું ઘેન ઉતર્યું નહિ.

# દ્વિતીય બિંદુ

## કામ જિત્યો તેણે જગત્ જિત્યું

**પરાઞ્ચિ ખાનિ વ્યતૃણત્સ્વયંભૂસ્તસ્માત્પરાઙ્પશ્યતિ નાન્તરાત્મન્ ।**
**કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષદાવૃત્તચક્ષુરમૃતત્વમિચ્છન્ ॥**

અર્થ–પરમાત્માએ ઇન્દ્રિયોને બાહ્ય વિષયોનો પ્રકાશ કરનારી બનાવી છે, એટલે તેનાં આંતર વિષયોને પ્રકાશ કરનારાં સામર્થ્યનો નાશ કર્યો છે; માટે ઇન્દ્રિયો બાહ્ય વિષયોને જોઈ શકે છે, અંતરાત્માને જોઈ શકતી નથી; પરંતુ કોઈ ધીર (વિવેકી) પુરુષ અમૃતપણા (મોક્ષ)ની ઇચ્છાથી નેત્રને મીંચીને (નેત્રાદિક ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળીને) પરમાત્માનાં દર્શન કરે છે.

શ્રી ભગવાન્ સૂર્ય નારાયણ પૂર્વ દિશામાં ઉદય પામે તે પૂર્વે, તે દંપતી સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મથી પરવારી, સૂર્યને અર્ઘ્યપ્રદાન કરીને, ગુરુના આશ્રમ તરફ સીધાવ્યાં. ગગનભેદી હિમાલયનું સૌંદર્ય સંપૂર્ણ દીપી રહ્યું હતું; દિવ્ય ફળ ફૂલવાળાં વૃક્ષોની ઘટા ચોતરફ છવાઈ રહી હતી; પતિતપાવિની ગંગાનો પ્રવાહ ખળખળ અવાજ કરતો વહેતો હતો; આકાશ નિર્મળું હતું; હિમગિરિના બરફથી ઢંકાયલાં શિખરો દૃષ્ટિને આનંદ આપતાં હતાં; દૂર દૂરની ગુફાઓમાં ઋષિ મુનિઓ પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન થયેલા હતા; તેઓના પ્રભુભજનનો ઘોષ કર્ણને પરમાનંદમાં લીન કરતો હતો; ગુરુસેવામાં પરાયણ શિષ્યો ઋષિ મુનિની હોમસામગ્રી એકઠી કરવામાં ગુંથાયલા હતા; આકાશમાંથી દિવ્ય ગાનનો મધુરો મધુરો સ્વર સંભળાતો હતો, તેથી હૃદય પરમ ઉલ્લાસ પામતું હતું; માયિક મનના મનુષ્યોનું મન મોહરહિત બનતું હતું; યક્ષ, કિન્નર, ગંધર્વ, વિદ્યાધરાદિ દિવ્ય પુરુષોએ શંકર સમાન તે મહાત્માની પર્ણકુટિની આસપાસ મધુર સ્વરથી ગાન આરંભ્યું હતું; દશે દિશામાં એવું તો અલૌકિક સૌંદર્ય દીપી રહ્યું હતું કે, તે જોઇને દંપતીએ ધાર્યું કે, આ કોઈ દેવભૂમિ જ છે.

આવી અલૌકિક શોભા નિરખતાં નિરખતાં, તે દંપતી માર્ગમાં આવતાં દિવ્ય વૃક્ષોનાં દિવ્ય સુગંધી પુષ્પો, પત્રો અને મીઠાં ફળો લઇને, ગુરુના આશ્રમ તરફ ચાલ્યાં. ગુરુદેવ હજી સમાધિસ્થ હતા. તેમનાં ચરણકમળમાં

પ્રણામ કરીને દંપતી ચરણ સમીપ બેઠાં અને ગુરુ સમાધિમાંથી જાગૃત થાય, તે પહેલાં સુગંધી પુષ્પની માળા ગુંથીને, ગુરુના કંઠમાં આરોપવાની આતુરતાથી, ગુરુના મુખકમળનું એક દૃષ્ટિએ પાન કરવા લાગ્યાં.

પૂર્વ દિવસના ઉપદેશથી દંપતીનું હૃદય કેવળ નિર્મળ થયું હતું. કોઈ પણ જાતની સંસારકામનાનું તેમના હૃદયમાં સ્થાન રહ્યું ન હતું. તેમનાં મનમાં માત્ર એક જ કામના હતી—એક જ ઇચ્છા હતી—એક જ મનોરથ હતો—એક જ ભાવના હતી, અને તે ગુરુદર્શન અને ગુરુવચનપર પ્રેમ—પરમ શ્રદ્ધા—સ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિ! એ જ વાસના હતી. એ જ માયા હતી. એ માયા નહિ, પણ શુદ્ધ સાત્વિક ભાવના હતી. નવો નવો આત્માનું કલ્યાણ કરનારો ઉપદેશ સાંભળવાને અને તેનું મનન કરવાને બંને જણાં અતિ આતુર હતાં. બંને જણાં, ગુરુજી સમાધિમાંથી જાગૃત થઇને ક્યારે ઉપદેશ કરે, તેને માટે અત્યંત ઉત્કંઠિત થઈ રહ્યાં હતાં.

ઘડી ગઈ, બે ઘડી ગઈ, ગુરુદેવ સમાધિમાંથી જાગૃત થયા. નારાયણ, નારાયણ તથા ૐ તત્સત્નો શબ્દોચ્ચાર કરવા લાગ્યા. તુરત જ દંપતીએ ઉઠીને ગુરુચરણમાં પ્રણામ કીધા. ગુરુદેવે ઊંચા હાથ કરીને બંનેને આશીષ આપી, બેસવા માટે સંજ્ઞા કરી. દંપતી બેઠાં. ત્યાર પછી ગુરુદેવ નિત્ય કર્મમાં ગુંથાયા.

### બ્રહ્મવિત્ કોણ?

થોડાક સમય સૂધી તો યોગેશ્વર ભગવાન્ ધ્યાનસ્થ રહ્યા. પછી નેત્ર ઉઘાડીને શિષ્યનું નિરંતર કલ્યાણ ઇચ્છનારા ગુરુદેવ બોલ્યા; "હે વત્સ! તું કોણ છે, તે તેં જાણ્યું? જોયું? વિચાર્યું? અનુભવ્યું? હા, તેં જાણ્યું કે, દેહગેહમાં ગુપ્ત વાસ કરનાર જીવ સાક્ષાત્ નિજરૂપનો અંશી છે—રે તેજ છે; છતાં આ જગતમાં રહેનારો અલ્પ પ્રાણી, આ દેહ તથા ગેહને જ સર્વસ્વ માની તેનો અંશી થઈ બેઠો છે. તે કુટુંબપરિવારમાં હમેશાં રચ્યો પચ્યો રહે છે; મારું મારું કહી અનેક ઝગડામાં પડી, અનેક કષ્ટ સહન કરે છે; અહંતામાં ને મમતામાં લીન રહે છે અને છાતી પર હાથ મૂકી, 'મેં કીધું,' 'હું જ કરીશ,' 'આ મારું,' 'આ તારું,' 'અમુક નહિ જ આપું,' 'ફલાણું લઇશ,' એવા અભિમાનમાં તદાકાર થઈ મસ્ત બની, મધુ પીધેલા મર્કટની પેઠે ડોલી રહ્યો છે; પણ કાળ—મૃત્યુ—જન્મ મરણ—આવર્જન ને વિસર્જન—પરમ પદાર્થ—પરમકલ્યાણરૂપ પરમાત્માનો ક્ષણભર પણ

વિચાર કરતો નથી, તેમ ભય પણ ધરતો નથી. અવિદ્યા, જે માયા તેના તુચ્છદાસની એ લીલા છે. જગતમાં જણાતા માયિક પદાર્થો કેટલા નાશવંત છે, સ્ત્રી પુત્ર ધન કીર્તિમાં શા શા દોષો છે, તેનો તેને ક્ષણભર પણ વિચાર થતો નથી–ઉગતી, પ્રફુલ્લ થતી, શોભતી ને કરમાતી કુસુમકલિને જોઈને, જન્મ, વૃદ્ધિ–જીવન ને મરણથી ચેતવાને સમર્થ થતો નથી. પરન્તુ જે નાશવન્ત છે, તે જ ગ્રહવાને દોડાદોડી–મારામારી–પ્રયાસ કર્યો જાય છે. આનું કારણ શું? જ્યાં સૂધી પુરુષમાંથી અહંવૃત્તિનો નાશ થયો નથી, ત્યાં સૂધી અવિદ્યાથી માની લીધેલા પદાર્થોપર તેની મમતા રહે છે, અને તેજ આ અહંતા મમતાનું કારણ છે. એ મમતા–પ્રીતિ–વાસના અકલ્યાણમાં આગળ કરે છે. એ જ માયા છે. પરંતુ જેમ સર્પ કાંચળીનો ત્યાગ કરીને પુનઃ તે કાંચળીનો સ્પર્શ કરતો નથી–તેપર દૃષ્ટિ પણ નાંખતો નથી, તેમ જ સંસારમાં રચ્યો પચ્યો પુરુષ પણ, વિદ્યાને ઉપાસી, માયારૂપ કાંચળીનો ત્યાગ કરી, દેહના અભિમાનને છોડી દઈ, પદાર્થમાત્રમાં સમાયલા દોષો જોતો નથી, ત્યાં સૂધી બ્રહ્માકારવૃત્તિને ધારણ કરી શકતો નથી અને તે કદી બ્રહ્મપદનો–અનન્યપદનો અધિકારી પણ થઈ શકતો નથી–મોક્ષના માર્ગને પેખતો પણ નથી. કેવળ બ્રહ્મવેત્તા પુરુષ જ આ નાશવન્ત પદાર્થોમાં સમાયલા દોષો જોઈને–વિચારીને, તેનો ત્યાગ કરે છે ને સંસારની લેહ–મોહમાંથી નિર્લેપ રહે છે. તે દેહી રહે છે ખરો, પણ સંસારમાં રહી જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કીધું છે–પરમાનંદને નિરખ્યા છે, તે ભલે દેહ ધારણ કરી રહે, કર્મયોગે સ્વર્ગના કે વૈકુંઠના ભોગ ભોગવે, પરંતુ તે આત્મસ્વરૂપને જ જોઈ, તેમાં જ લીન રહેશે ને તેમાં જ વિલીન થશે. કારણ કે, **श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः । ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥** શ્રદ્ધાવાન્, તત્પર ને ઇંદ્રિયોનો સંયમ કરનાર જ્ઞાન પામે છે, અને જ્ઞાન પામી તુરત જ મોક્ષ–પરાશાંતિ મેળવે છે, એવું ભગવાનનું વચન છે. છતાં જ્યાં સૂધી કાળ આવતો નથી, ત્યાં સૂધી તે દેહમાં રહે છે ખરો, પણ બ્રહ્મવેત્તાનો દેહ, દેહ છેએ ખરો ને નથીએ ખરો. જ્યારે જગન્નગરના જીવો માયા, મમતા ને અજ્ઞાથી ચલન વલન કરી સંસારને ભોગવે છે, ત્યારે બ્રહ્મવેત્તાનો દેહ માત્ર પ્રાણવાયુથી જ હાલન ચાલન કરી શકે છે અને જેમ નદીનો પ્રવાહ, પ્રવાહમાં પડેલા લાકડાને, પ્રવાહના વેગ પ્રમાણે ઊંચા નીચા, સારા નરતા સ્થળમાં લઈ

જાય છે, તેમ કર્મ; બ્રહ્મવેત્તાના દેહને, પ્રારબ્ધ કર્માનુસાર પ્રાપ્ત થવા ચોગ્ય ફળો ભોગવવાને ઘસડી જાય છે; પણ તે કર્મમાં તેને બન્ધન થતું નથી-ભોગવવાની કામના થતી નથી. પ્રાપ્ત થયાં તો ભોગવે, ને પ્રાપ્ત ન થયાં તો નહિ, એવી સ્થિતિથી દેહી સતે વિદેહી રહી વિચરે છે. એ પ્રારબ્ધ કર્મે કલ્પેલી વાસનાના યોગે સંસારમાં રહીને, ભોગો ભોગવતો થકો, તે બ્રહ્મવેત્તા સંસારી પેઠે વિચરે છે, પરંતુ તેના દેહમાં રહેલો જે મુક્ત પુરુષ–જીવ, તે તો કેવળ સાક્ષી રૂપ જ રહે છે. તે સંકલ્પ વિકલ્પ રહિત છે; સ્વરૂપાનંદનો ઘાડો રસ પીવાથી પરમ ચિત્તવાળો બની જાય છે; પણ તે, ઇંદ્રિયોને વિષયોમાં જોડતોએ નથી, તેમ વિષયોથી ખસેડાતો પણ નથી; તેમ કર્મના ફળપર ક્ષણભર પણ સંકલ્પ વિકલ્પ કરતો નથી, તેમ આસક્તિએ રાખતો નથી. એ બ્રહ્મવેત્તા, સ્થૂલ સૂક્ષ્મના અભિમાનનો ત્યાગ કરી, કૈવલ્ય જ બની રહે છે. એ રૂપ જ ખરેખરું શિવસ્વરૂપ, પરબ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્મવેત્તા–પુરુષ મહેશ્વરનો જ્ઞાતા છે. તે સંપૂર્ણ ઉપાધિનો નાશ કરી નાંખે છે અને જેમ નટ અનેક પ્રકારના વેશ પહેરીને દ્રષ્ટાઓને અનેક જાતના તમાસાઓ બતાવે છે, તેમ જ બ્રહ્મવેત્તા પણ સંસારમાં રહીને, પોતાનાં સ્વરૂપને ઓળખ્યા પછી-બ્રહ્મરૂપ બન્યા પછી–નટ પેઠે જ જગતમાં વિચરે છે. પરંતુ જેમ નટ, રાજા, રાણા, સિપાઈ કે શૂરવીરના વેશો ભજવતી વખતે તે વેશ યથાર્થ રીતે ભજવે છે, તથાપિ સ્વસ્વરૂપને જરા પણ વિસરતો નથી; તેમ જ્ઞાની પણ વ્યવહારમાં પોતાનો વેશ ભજવાયા પછી, તેનો ત્યાગ કરી, અસલરૂપે જ બની રહે છે. તેને સુખ કે દુઃખ, સારું કે નરતું, લાભ કે હાનિ, માન કે અપમાન, એમાંનું કશું પણ વળગતું નથી; તે તો સમય પ્રાપ્ત થતાં જ સ્વસ્વરૂપ જાણવા માટે–પૂર્ણ આત્મજ્ઞાન સંપાદનાર્થે, ઘરબારનો ત્યાગ, કુટુંબનો ત્યાગ, દંડ કમળનો ત્યાગ કરી, સ્વરૂપાનુસંધાનમાં જ લાગી જાય છે. કેમકે ધન, ધામ, ગ્રામ, પુત્ર, કલત્ર, ભગવાં વસ્ત્ર કે આશ્રમ કોઈ પણ મોક્ષનાં સાધન નથી; મોક્ષનું સાધન તો સર્વ ઉપાધિનો ત્યાગ, સર્વ કામનાનો ત્યાગ ને ઉત્તમ ભાવનાનો સંગ્રહ છે. જગન્નગરના જીવોનું એ જ સર્વ કરતાં શ્રેષ્ઠ ને પ્રથમ કર્તવ્ય છે. જેમ શિવનું બીલ્વપત્ર, નદીમાં, ઘરોમાં કે શિવાલયમાં પડવાથી તેનું શુભાશુભ કંઈ પણ થતું નથી; તેમ જ બ્રહ્મવેત્તાનું પણ ગમે ત્યાં જવાનું કે પડવાનું થાય,

તથાપિ તેના સ્વરૂપાનુસંધાનમાં જરા પણ ફેર પડતો નથી. જીવ-શિવની એકતાનો અનુભવી સંચિતને પ્રારબ્ધમાર્ગે ફરી ભોગવે છે, પણ પોતાનું ક્રિયમાણ એવું શુદ્ધ ને સાત્વિક રાખે છે કે, ભાવીમાં તેને માટે સંચિત રહેતું નથી. પ્રારબ્ધ ભોગવાઈ રહે છે, એટલે સ્વરૂપાનુસંધાન સાધીને વિશુદ્ધ સ્થિતિને પામે છે. એ સ્થિતિને પહોંચેલો પુરુષ, હું કોણ છું, ક્યાંથી આવ્યો છું અને મારે ક્યાં જવું છે, તે સમ્યક્ પ્રકારે જાણી શકે છે. હે વત્સ! આ જે દુર્ઘટ જ્ઞાન તમને સમજાવ્યું છે, તેનું તમે યથાર્થ મનન કીધું હશે. એ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે તમે પ્રયત્નશીલ છો?"

"ગુરુદેવ!" સુવિચારશર્માએ કહ્યું; "આપ મહાત્માના મુખારવિંદમાંથી, જે અમૃતજ્ઞાનનો નિર્મળ ઝરો વહ્યો છે, તેમાં સ્નાન કરવાથી અમે અમૃત જ છિયે. હે દેવ! જે જ્ઞાન ગઈ કાલે આપે કથ્યું છે ને અમને અમૂલ્ય લાભ આપ્યો છે, તેનું મનન તથા નિદિધ્યાસન ચાલુ જ છે. પરંતુ હે ગુરુદેવ! આપે અમને પુનઃ સંસારમાં વિચરવાની આજ્ઞા કીધી છે, તો આપનાં મુખકમળમાંથી સંસારમાં રહ્યા છતાં અમે અમારા સ્વરૂપને ભૂલી ન જઇએ, તેને માટે વિશેષ જ્ઞાન સાંભળવાની અપેક્ષાવાળા છિયે. આ પ્રપંચ, માયાથી એટલો લદબદ છે, કે એમાં રહેલો જીવ, સ્વરૂપાનુસંધાનને પ્રાપ્ત થયા છતાં પણ, તેને પડવાનો ક્ષણે ક્ષણે ભય છે. હે કૃપાસિંધુ! હે કરુણાસાગર! હે ભક્તવત્સલ! હે અધમોદ્ધારક પ્રભુ! આપ કૃપા કરીને અમને સંસારમાં પુનઃ વિચરવાની આજ્ઞા મા આપો! આપ જેવા સાક્ષાત્ યોગીશ્વરના ચરણની પ્રાપ્તિ થયા પછી, વિષ્ઠારૂપ સંસાર વિશે પડવામાં અમને ભય છે, કે એથી અમારું આત્મજ્ઞાન નષ્ટ થઈ, અમે પુનઃ ચોરાશીની રેંટમાળામાં પડીશું. આપનાં ચરણકમળની સેવા કરવાને, તેમજ આપનાં વચનામૃતનું પાન કરવાને, આપ અમારાપર અનુગ્રહ કરો! સંસાર કેવો પાપમય, કેવો દુઃખમય છે, તેનું અમને બરાબર ભાન થયું છે ને તેથી જ અમે એવા થરથરી ગયા છિયે કે, એ પાપરૂપ પ્રપંચમાં હવે પડવાને અમને યત્કિંચિત્ પણ કામના થતી નથી. હે તથાપિ હે ગુરુદેવ! ગુરુઆજ્ઞા ઉલ્લંઘનનો અમારો દોષ આપ ક્ષમા કરશો. આપે અમને ગૃહસ્થ ધર્મ પુનઃ ધારણ કરી સ્વધર્મમાં પ્રવર્તવાની જે આજ્ઞા આપી છે, તે અમને શિરસાવંદ્ય છે. શિષ્યોનું નિરંતર કલ્યાણ

ઇચ્છનારા આપે જે આજ્ઞા કરી છે, તે વિચારીને જ કરી છે એ નિઃશંક છે. બહારથી સુંદર જણાતા સર્વ અંગની સંપૂર્ણતાથી ભરેલા પરધર્મનું પાલન કરવા કરતાં, કંઇક અમુક દૃષ્ટિએ વિગુણી જણાતા સ્વધર્મનું પાલન જ અત્યંત શ્રેયસ્કર છે, અને તેમાં કદાચ મૃત્યુ થાય, તોપણ તે વિશેષ શ્રેયસ્કર છે, પણ તેથી ઉલટું પરધર્મગ્રહણ સર્વથા ભયાનક છે, એમ આપ, અમને જ્યારે જણાવો છો, ત્યારે આ સંસારમાં મનુષ્ય પાપકર્મ કરવાથી કેમ બચે, તેનો માર્ગ અમને કૃપા કરીને દર્શાવો. હે કૃપાસાગર! આપ અમને જે ગૃહસ્થ ધર્મ ધારણ કરી સંસારવ્યવહાર ચલાવવાની આજ્ઞા આપો છો, અને એ દુઃખમય વિવિધ પ્રકારે લલચાવનારા સંસારમાં સરસા રહ્યા છતાં તેના એક અંશથી પણ મુદ્દલ ન લેપાતાં સર્વદા પરબ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્રમાં મન પરોવવાનું કહો છો, એ બે પ્રતિકૂળ આચરણ અમારાથી કેમ બનશે, તેનો અમને હર ઘડીએ વિચાર થયા કરે છે. આ સંસારમાં કોઈ પણ પુરુષ પોતે પાપકર્મ કરવાની ઇચ્છા કરતો નથી, તોપણ જાણે કોઈ જોર જુલમથી પાપકર્મ કરવાની પ્રેરણા કરતું હોય, તેમ બળાત્કારે તે પાપકર્મ કરતો જોવામાં આવે છે, તેનું કારણ શું? અને પરમ પુરુષાર્થના સાધનરૂપ આપે કહેલા અમુલ્ય ઉપદેશ પ્રમાણે સત્કર્મ કરવાની ઈચ્છા કરવા છતાં પણ, તે પુરુષ તે કર્મ કરી શકતો નથી, એમ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, પુરુષ એ બાબતમાં પરતન્ત્ર છે, પણ સ્વતન્ત્ર નથી; કારણ કે પરતન્ત્ર હોયા વિના એ વાર્તા બનવી સંભવતી નથી. જેમ કોઈ રાજા કોઈ કાર્યમાં બળાત્કારથી પોતાના ભૃત્યને પ્રેરણા કરે છે, અને તે ભૃત્યની તે કાર્ય કરવાથી ઇચ્છા ન હોવા છતાં પણ તે કાર્ય અવશ્ય કરે છે, તેમ કોઇક બળવાન્ કારણથી પ્રવૃત્ત થયેલો પુરુષ, આપના મતથી વિરોધી એવું પાપ કર્મ, સર્વ અનર્થનું મૂળ જાણવા છતાં પણ કરે છે. માટે, હે કૃપાળુ ગુરુદેવ! એ અનર્થમાં પ્રવૃત્તિ કરાવનારા કારણનું સ્વરૂપ આપ અમને યથાર્થ કહો, કે જે કારણનું સ્વરૂપ જાણીને અમે તે કારણનો નાશ કરવાને અને આપના ઉપદેશ પ્રમાણે વર્તવાને પ્રવૃત્તિમાન થઇએ. હે દયાસાગર! પાપનું મૂળ શું છે, તે જો અમને યથાર્થ સમજાશે, તો તેનાથી દૂર રહીને આપે આજ્ઞા કરેલા સ્વધર્મનું પાલન અમે સાવધાનતાથી કરવાને શક્તિમાન્ થઇશું."

## અત્રિ ઋષિના શિષ્યોની કથા

ગુરુદેવ બોલ્યાઃ "હે વત્સ! હે તાત! ગભરા નહિ! ધીરવીર બન! હું કહું તે શ્રવણ કર! જ્યાંસૂધી આ લોકનાં તમારાં કર્મ નાશ પામ્યાં નથી, ત્યાં સૂધી તમારે સંસાર ભોગવવો સર્જિત જ છે. પૂર્વ જન્મ ને જન્માંતરનાં સંચિત કર્મો ભોગવ્યા વિના, તમને મુક્તિ પ્રાપ્ત થઈ શકે નહીં. તમારાં સંચિત કર્મ ભોગવાઈને પૂર્ણ થયાં નથી, એટલે તે ભોગવ્યા વિના, પરમપદના અધિકારી થવાવાનું જ નથી. કુન્દન જ શુદ્ધ સુવર્ણ છે, તેમ જે જીવ, સર્વ સંચિત કર્મભોગ ભોગવી, પરમ સત્વશીલ બની જાય છે ને ક્રિયમાણ જેનાં શુદ્ધ છે, તે જ જીવ પરમેશ્વરધામનો અધિકારી બને છે. સંસારમાં રહીને જે જીવ શુદ્ધ ક્રિયમાણથી પાર ઉતરે છે, તે કલ્પાંતે પણ પુનઃ સંસાર ભોગવવાને સર્જાતો નથી. પણ જ્યાં સૂધી સંચિત કર્મનાં ફળ અવશેષ રહે છે, ત્યાં સૂધી જીવને તે ભોગવવાં જ પડે છે. કર્મ તો ભોગવે જ છૂટકો છે. જે પુરુષ સંસારમાં રહીને કર્મને ભોગવતો સતો, પોતાના સ્વરૂપને વિસરી જતો નથી, તે જ પુરુષ ક્ષરથી પર અક્ષર, એવું જે પરમાત્માનું અનંત લીલામય સ્થાન છે, તેમાં નિવાસ કરવાને અધિકારી છે. સંસારમાં રહ્યો સતો પુરુષ, સંસારી માયાથી જેટલો વિશેષ સાવધ, તેટલો તે સત્વર તરી પાર જાય છે. જેમ કુન્દન થવા માટે સુવર્ણને અનેકવાર ધમણમાં ધમાવું પડે છે, કેમકે જ્યાં સૂધી એ સુવર્ણમાંની મલિનતાનો નાશ થતો નથી, ત્યાં સૂધી તે કુન્દન થતું નથી; તેમ જ્યાં સૂધી કર્મનાં ફલ ભોગવવાનાં હોય છે તે ભોગવાઈ, સર્વ મલિનતા ભસ્મ થઈ નથી—આત્મતત્ત્વની શુદ્ધિ થઈ નથી, ત્યાંસૂધી જેમ સુવર્ણ અધમ હલકું ગણાય છે, તેમ જ જીવ પણ નિર્લેપ—વાસના—કામના માયાથી જ્યાં સૂધી શુદ્ધ થતો નથી, ત્યાં સૂધી તે અધમ ગણાય છેઃ તેનું કોઈ કાળે પણ પતન જ છે. શુદ્ધતા—અનન્યતા વગર પરમ ધામની પ્રાપ્તિ થતી નથી. હવે સંસારમાં મોટામાં મોટું દુઃખરૂપ, પુરુષને પાપ કર્મમાં બળાત્કારે પ્રવૃત્ત કરનારું, આત્મજ્ઞાન નાશ કરનારું, સર્વ ઉપાધિ ઉત્પન્ન કરનારું, સઘળી માયાનું મૂળ મંડાણ, કામ છે. દુષ્કૃતિ, મૂઢ, નરાધમ અને માયાવડે આવૃત થયલા જીવો, ગમે તેટલા કામના દોષો જાણવાવાળા હોય છે, ગમે તેવા સંસારડાહ્યા હોય છે, તથાપિ તેઓ, જ્યાંસૂધી કામના બાણથી સુરક્ષિત રહેવા નિર્લેપતાનું કવચ ધારણ કરી શકયા નથી, ત્યાં સૂધી

અનન્ય થઈ શકતા નથી અને અનન્યતા વિના પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકતા નથી. જે જીવો આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની છે, તેઓ જ નિત્ય પરમાત્માની ભક્તિમાં લીન રહે છે, અને જગતની ઉપાધિમાં નહિ લપટાતાં, કામને જિતે છે, તે જ ખરેખરા પરબ્રહ્મને પ્રાપ્ત થનારા સંસ્કારીઓમાં પ્રમુખ છે. જગન્નગરની લીલા-માયા જિતવી-તરવી સહેલ છે, પણ રજોગુણથી ઉત્પન્ન થયેલો, મોટા આહારવાળો, અને અત્યંત ઉગ્ર કામરૂપી મહાશત્રુ જિતવો એ કઠીન છે. તે દુસ્તર-પ્રબળ-અજિત અને શૂરો પૂરો છે. તેને જિતવાને મોટા મોટા જ્ઞાની પુરુષો પણ અસમર્થ થઈ પડ્યા છે. જેમ ધૂમાડો અગ્નિને ઢાંકી દે છે, જેમ રજરૂપ મળ દર્પણને આચ્છાદી નાંખે છે, જેમ જરાયુ ચર્મ ગર્ભને આવૃત કરી નાંખે છે, તેમ આ દુષ્ટ કામ જ્ઞાનને આવૃત કરે છે. એ કામ જ્ઞાની પુરુષોનો નિત્ય વૈરી છે. તે તૃષ્ણા તથા ઇચ્છારૂપ છે, અને અગ્નિની માફક તૃપ્તિ રહિત છે. જેમ અગ્નિ ઘૃત-કાષ્ઠાદિ વડે તૃપ્ત થતો નથી, તેમ એ કામ અનેક પ્રકારના ભોગોવડે તૃપ્ત થતો નથી. આ કામરૂપ શત્રુ કોનું આલંબન કરીને રહ્યો છે, અને સર્વ પાપનું મૂળ કેવી રીતે છે, તથા તેને કેમ જિતી શકાય, અને અનિચ્છિત પાપ કર્મ કરવાથી કેમ બચી શકાય, તેમ જ સ્વધર્મ કેમ પાળી શકાય, તે હું તમને સારી રીતે સમજાવીશ. પણ તે સર્વ યથાર્થ રીતે ધ્યાનમાં આવે, તે માટે પહેલાં તમને હું એક દૃષ્ટાંત કહું છું, તે એક નિષ્ઠાથી શ્રવણ કરો.

પૂર્વકાળમાં પતિતપાવિની ભાગીરથીના તટપર, એક પર્ણકુટીમાં, અત્રિ નામના એક પવિત્ર ઋષિ રહેતા હતા. સાંસારિક પદાર્થપ્રતિ તેમને જરા પણ મોહ ન હતો. તે ઋષિ મહાન્ બ્રહ્મવેત્તા હતા. એ મુનિ પ્રજાપતિ અત્રિના વંશજ હતા. એ વંશને કૃષ્ણાદિક મહાત્માઓએ પવિત્ર કર્યો છે. એ મુનિ અહંકારથી રહિત હતા; તેમની બુદ્ધિ ભેદવાદથી મુક્ત હતી; તેઓ ઈષ્ટ અથવા તો અનિષ્ટ પદાર્થ પ્રાપ્ત થતાં, સમદૃષ્ટિથી રહેતા હતા; ગુણ દોષથી ભરેલા આ વિલક્ષણ સંસાર તરફ તેમની ક્ષણભર પણ દૃષ્ટિ ન હતી; માન તથા અપમાનને તે સમાન ગણતા હતા; સમુદ્રને મળતી અનેક નદીઓ જેમ એકરૂપ થઈ જાય છે ને તે નદીઓના સંગથી જેમ સમુદ્રને કોઈ પણ જાતની વિક્રિયા ઉત્પન્ન થતી નથી તેમ જ, એ મુનિને સંસારીઓનો સહવાસ થતાં પણ, કોઈ જાતનો વિકાર ઉત્પન્ન થતો નહતો. સમદર્શી, નિર્વિકારી ને જીવન્મુક્ત પેરે આ જગતમાં તે મુનિ વિચરતા હતા.

એ મુનિની સેવામાં પરમ પવિત્ર, સત્‌ના જ્ઞાતા, ગુરુવચનપર પરમ આસ્થાવાન્ ને ગુરુ પેરે જ વિકારરહિત એવા ચાર શિષ્યો હતા. તેમનાં નામ કંદર્પહર, મન્યુહર, મોહહર અને ભયહર હતાં. એ ચારે શિષ્યો સદા ગુરુશુશ્રૂષામાં તત્પર રહેતા હતા. જેવા મુનિ આત્મનિષ્ઠ હતા, તેવા જ શિષ્યો પણ પોતપોતાના બળ પ્રમાણે આત્મનિષ્ઠ હતા. એ ચારેમાંથી એક પણ શિષ્યને સંસારની માયાનો વળગાડ નહતો; ચારે બાળબ્રહ્મચારી હતા; ગુરુભક્તિમાં ચારેય શિષ્યો એક બીજાની સ્પર્ધા કરતા હતા; ગુરુવચનમાં એક એકથી વિશેષ શ્રદ્ધાવાન્ હતા; ગુરુ આજ્ઞાનુસાર ચારેય શિષ્યો, અરુણોદય થયા પૂર્વે શય્યામાંથી ઉઠીને ગુરુસેવામાં પ્રવૃત્ત થઈ જતા હતા, ને અનેક પ્રકારની સાંસારિક માયાનો તેઓએ નાશ-ત્યાગ કર્યો હતો. અત્રિ મુનિની પણ એ ચારેય શિષ્યોપર સમાન પ્રીતિ હતી.

## શિષ્યોની કસોટી

મુનિને એક સમયે ઇચ્છા થઈ કે, આ ચારેય શિષ્યોમાં શ્રેષ્ઠ કોણ છે, તેની પરીક્ષા કરવી. એ પરીક્ષા કરવા માટે એક ચાતુર્માસના પ્રારંભ પૂર્વે, મુનિદેવ પોતાની પર્ણકુટિમાંથી કોઈ સ્થળે વિશ્રામ કરવા માટે યાત્રાર્થે નિકળી પડ્યા. ફરતા ફરતા તેઓ જનકરાજાની વિદેહ-નગરીમાં જઈ પહોંચ્યા. ચાતુર્માસનો પ્રારંભ થતાં, મુનિએ ચારે શિષ્યોને બોલાવી કહ્યું કે; "હે પરમ પવિત્ર નૈષ્ઠિક જ્ઞાની શિષ્યો! આ ચાતુર્માસ અત્રે જ ગાળવાનો મેં નિશ્ચય કીધો છે, તેથી આપ સર્વે કોઈ બીજે સ્થળે જઇને નિવાસ કરો!" પટશિષ્યે કહ્યું; "હે દેવ! આપ જ્યાં જવાની આજ્ઞા કરશો, ત્યાં જઇને અમે નિવાસ કરીશું." ક્ષણભર વિચાર કર્યા પછી, મુનિ મહારાજે ભયહરને કહ્યું, "વત્સ ભય-હર! તું આ નગરની પૂર્વ દિશામાં આવેલા પર્વતપર જા. એ પર્વતની બીજી શ્રેણિપર જે વાઘની બોડ છે, તેના મુખ આગળ તારે ચાર માસ બેસી રહેવું; ચાતુર્માસ પૂર્ણ થયા પછી પાછો આવજે."

પછી બીજા શિષ્ય મોહહરને આજ્ઞા કરી; "તારે નગરના મુખ્ય પનઘટપર જઇને ચાર મહિના બેસી રહેવું." ત્રીજા શિષ્ય મન્યુહરને કહ્યું; "આ નગરની પશ્ચિમ દિશાએ આવેલા અરણ્યમાં એક પીપળાના થડ પાસે, સર્પનો રાફડો છે, ત્યાં જઇને તારે બેસવું." ચોથા શિષ્ય કંદર્પહરને આજ્ઞા કરી કે; "તારે વિદેહનગરીની પરમ રૂપવતી, લાવણ્યની મૂર્તિ, મોહમદથી ભરેલી રાજગુણિકા પિંગલાને ઘેર જઇને રહેવું."

## વાઘની બોડમાં વાસ

"આ પ્રમાણે ગુરુએ આજ્ઞા કરી, એટલે ચારે શિષ્યો, આજ્ઞા કરેલા સ્થાન તરફ વિદાય થયા. ભયહર પર્વતપર આવેલી વાઘની બોડ આગળ જઈને બેઠો. એ ગુફામાં રહેનારો વાઘ મનુષ્યભક્ષક હતો. મનુષ્યની ગંધ આવતાં તે વાઘ બોડમાંથી બહાર આવ્યો; ચોમેર દૃષ્ટિ કરીને ભયહરને જોતાં જ એકદમ તડુકી ઉઠ્યો; અને ખાંઉ ખાંઉ કરતો ગુફાની બહાર આવી, ભયહરના તરફ વિકરાળ દૃષ્ટિ કરીને તરાપ મારવાને તૈયાર થઈ ગયો, પણ ભયહર તો ભયને જિતનારો હતો, એટલે વાઘની વિકરાળ ગર્જના સાંભળ્યા છતાં તેને જરાપણ ક્ષોભ થયો નહિ. ઉલટો વાઘને પીઠ બતાવી અડગપણે ઉભો રહ્યો. ભયહર તે ભયહર જ હતો–ભયને તે જાણતો જ ન હતો–તેની આત્મનિષ્ઠા પ્રબળ હતી, તેથી તેણે ભયને જિત્યો હતો. તેણે વિચાર્યું કે; "આત્મા અજર–અમર છે, અવિનાશી છે, તે વાઘથી ખવાતો નથી, તરવારથી કપાતો નથી, અગ્નિથી બળાતો નથી, વાયુથી સોસાતો નથી, જળથી ડુબાવાતો કે સડાવાતો નથી, તો આ હિંસક પ્રાણી કોને ખાશે?"

હિંસક પ્રાણીનો નિયમ છે કે, બનતાં સૂધી તે પીઠનો ઘા કરે છે, કેમકે તેમ કરતાં તેને શ્રમ પડતો નથી અને શિકાર સહેલથી વશ થાય છે. પણ જ્યારે સામે ઉભેલા ભયહરને પીઠ કરી ઉભેલો જોયો, ત્યારે એ વાઘ આશ્ચર્યચકિત બની, ક્ષણભર સ્થંભ્યો. તે પણ મર્દ હતો, તેથી પીઠિથી ઘા ન કરતાં સામો ગયો. પુનઃ ભયહર ફરી ગયો. વાઘ તે દિશામાં જઈ ઉભો. એમ ચારે દિશામાં ભયહર ફર્યો ને ચારે દિશામાં વાઘ પણ ફર્યો, પછી તે ભયને હરનાર ઉભો રહ્યો ત્યારે વાઘે ઉભો રહ્યો. તેવામાં વાઘણ આવી. બન્ને તલપ મારવા તલપી રહ્યાં.

પણ ગુરુપ્રતાપે પ્રાપ્ત થયેલી યોગવિદ્યાના પ્રતાપથી, ભયહરે શાંતથી, ધીમે ધીમે એ માંસાહારી વાઘ ઉપર એક સરખી દૃષ્ટિ કરવા માંડી. જેમ જેમ ભયહરની દૃષ્ટિ તે વાઘ વાઘણની દૃષ્ટિ સાથે એકતાર થતી ગઈ, તેમ તેમ વાઘ વાઘણ પોતાની વિકરાળ વૃત્તિમાંથી મંદ પડતાં ગયાં. થોડીક ક્ષણમાં જે વાઘ વાઘણ મનુષ્યને જોતાં જ તેના પ્રાણ લેવાને વિકરાળ થઈ ગયાં હતાં, તે ભયહરની દૃષ્ટિથી શાંત થઈને, તે મહાત્મા પુરુષને પ્રણામ કરતાં તેમનાં ચરણકમળની સમીપમાં આવી ઉભાં–પોતાના મસ્તકને તેમનાં ચરણમાં અરાડ્યાં. થોડીવારમાં તો વાઘ વાઘણ

અને ભયહર મિત્ર થઈ પડ્યા. પછી ભયહરે પશુવાણીમાં વાઘ વાઘણને ઉપદેશ કરવા માંડ્યો; "હે શાર્દૂલો! તમોએ જે અઘોર પાપો કીધાં છે, તેનું તમને કંઈ પણ ભાન-જ્ઞાન છે? વિચાર છે? સ્મરણ છે? આ સર્વ કર્મનાં ફળ તમારે ભોગવવાનાંજ છે; છતાં નવીન કર્મબંધમાં પડવાની વૃત્તિ કીયા કારણથી કરો છો? હવે પ્રાયશ્ચિત્ત કરો ને પશુદેહમાંથી મુક્ત થાઓ. તમારી હિંસકવૃત્તિ કે જે તમારા જન્મની સાથે જ જન્મી છે, તેનો નાશ કરો; શુદ્ધ થાઓ; અનેક પ્રકારે મનુષ્ય પ્રાણી ઉપકારક છે, તેનો નાશ કરવાને તમે પ્રવૃત્ત થયાં છો, તે વૃત્તિને જિતો. હે શાર્દૂલો! તમારા દુષ્ટ કૃત્યથી અનેક સ્ત્રીઓ વિધવા થઈ છે; તેનાં જીવિતનાં સાધનો નાશ પામવાથી તે જે દુઃખો ભોગવે છે ને શાપ દે છે, તેનું ફળ ભોગવતાં તમે ક્યારે છૂટશો? એકવારની તમારી ક્ષુધા તૃપ્ત કરવામાં, અનેક પિતાઓને તમે નિર્વંશ કીધા છે; અનેક બાળકોને માતાપિતા વિનાનાં કીધાં છે; પ્રાણી માત્રનું કલ્યાણ કરનારા ધર્મવીર, દાનવીર, વિદ્યાવીર, પરમાર્થવીરનો તમે સંહાર કીધો છે. એ મહાપાપમાંથી તમારી મુક્તિ થશે, એમ તમે માનો છો ખરાં? હે અલ્પ પ્રાણીઓ! તમને એનું લેશ માત્ર પણ જ્ઞાન નથી-ભવિષ્યના ભયનું ભાન પણ નથી. પણ હવે જાગૃત થાઓ અને તમારું શેષ આયુષ્ય પૂર્ણ થતાં પૂર્વે તમારા પાપનું પ્રાયશ્ચિત્ત કરી પવિત્ર થાઓ." ભયહરનું આ મધુર ભાષણ એકચિત્તે તે વાઘ વાઘણ શ્રવણ કરતાં હતાં. તેમની હિંસક વૃત્તિ ધીમે ધીમે શમવા લાગી. થોડીકવાર બેસી, પછી ઉભાં થઈ, ભયહરના ચરણમાં પુનઃ પ્રણામ કરીને એ વાઘ વાઘણ પોતાની બોડમાં ચાલ્યાં ગયાં; અને ભયહર તે બોડના મુખપર જ નિર્ભયપણે, પ્રણવમંત્ર જપતો બેસી રહ્યો.

બીજે દિવસે ક્ષુધાતુર વાઘ વાઘણ ખોરાક શોધવાને ગુફાની બહાર જેવાં નિકળ્યાં, કે તુરત તેમની દૃષ્ટિ પુનઃ ભયહરનાપર પડી. પૂર્વ દિવસનું સર્વ જ્ઞાન નાશ પામ્યું હોય તેમ, પુનઃ મનુષ્યને જોતાંજ તેના ઉપર તરાપ મારવાને તેઓ તૈયાર થઈ ગયાં, પણ પ્રથમ દિવસની પેઠે જ, ભયહરે ગુરુપ્રતાપ અને ગુરુવચનનું સ્મરણ કરીને, તે વાઘ વાઘણને સત્વરહિત કરી દીધાં.

આ પ્રમાણે ત્રણ ચાર દિવસ વાઘને પોતાની નિત્ય વૃત્તિમાંથી પાછો વાળી, તેના હિંસક સ્વભાવને અંકુશમાં આણવાનો ભયહરે પૂરતો પ્રયત્ન કીધો. ભયહરનાં વચન સાંભળીને વાઘ ગુફામાં ચાલ્યો

જતો હતો, પરંતુ તેની ક્ષુધા એટલી તો પ્રદીપ્ત થઈ ગઈ હતી કે, એક દિવસે અકસ્માત્ ગુફામાંથી નિકળી આવી, તેણે ભયહરપર તરાપ મારી. જરા પણ ભય નહિ પામતાં, પોતાના નામ પ્રમાણે જ ભયહરે ગુણ બતાવ્યો. વાઘના મુખમાં પોતાનો હાથ આપી દીધો અને એટલુંજ વચન કહ્યું કે; "હે દુષ્ટ શાર્દૂલ! આટઆટલા ઉપદેશો છતાં પણ તારો જાતિસ્વભાવ ન ગયો. તો લે આ હાથ ને તારું પેટ તૃપ્ત કર. મનુષ્યોમાં પણ તારા જેવા અનેક છે. પાપવૃત્તિવાળા જીવો, અનેક પ્રકારનું સુશ્રાવ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે, ક્ષણભર પાપકર્મમાંથી પાછા ફરવાનો દૃઢ નિશ્ચય કરે છે, પરંતુ જ્યાં થોડો અવકાશ મળે છે કે, પોતાની પૂર્વવૃત્તિને પુનઃ પ્રાપ્ત થાય છે. આવાં અધમ પ્રાણીઓ, જેમ કોઈ કાળે પણ પોતાનું કલ્યાણ વહોરી શકતાં નથી, તેવી જ દશા તારી પણ છે. તારી ક્ષણભરની ક્ષુધા તૃપ્ત કરવાને તું જે મનુષ્યોનો આહાર કરે છે, તે તારું અધમ કૃત્ય તારા શ્રેયમાં કેટલું હાનિરૂપ છે, તેનો તને વિચાર ન હોવાથી જ, હે વ્યાઘ્ર! તેમાં તું પ્રવૃત્ત થાય છે. પણ એ અધમ કર્મથી તારા પૂર્વ જન્મનાં પાપકર્મમાં વૃદ્ધિ કરીને, આથી પણ વધારે નીચ સ્થાનમાં ઉતરવાનો અધિકારી બને છે, તે તું જાણતો નથી—એ તારું અજ્ઞાન છે. જો તારી હંમેશની ક્ષુધા તૃપ્ત થતી હોય તો આ મારો દેહ, કે જે કેવળ નિરુપયોગી છે, તેને ખાઇને તારી ક્ષુધાને શાંત કર! પરંતુ એક દિવસની ક્ષુધાની નિવૃત્તિ માટે પરમાત્માની સૃષ્ટિમાંના એક સુંદર પ્રાણીનો નાશ કરવાને તને પરમાત્માએ ઉત્પન્ન કીધો નથી."

ભયહરનાં ઉક્ત વચનો તે વ્યાઘ્ર ઉભો ઉભો સાંભળતો હતો. તેનાથી તેનો હાથ ચવડાવ્યા છતાં ચવાઈ શકાયો નહિ. તેના મુખમાં મનુષ્યનો હાથ હતો, પણ વાઘ તેને કરડવાને સશક્ત ન હતો. જેમ જેમ ભયહરનાં વચનો તેનાં કર્ણમાં પ્રવેશ કરતાં ગયાં, તેમ તેમ ભયહરના હાથને મુખમાંથી બહાર કાઢવા માંડ્યો અને ભયહરનાં વચનો પૂર્ણ થતાં તેના આખા હાથને મુખમાંથી બહાર કાઢી નાંખી, ધીમે પગલે પોતાના સ્થાન પ્રતિ ચાલ્યો ગયો. વાઘણ પણ તે જ પ્રમાણે વિદાય થઈ ગઈ.

આ પ્રમાણે ભયહરનો નિત્યનો ક્રમ ચાલુ હતો. દિવસે દિવસે પોતાની ક્ષુધાને તૃપ્ત કરવાને વ્યાઘ્ર જ્યારે અસમર્થ થઈ પડ્યો, ત્યારે તે

પોતાની વાણીથી બોલ્યો; "હે માનવી! મારી ક્ષુધાને કેવી રીતે શાંત કરવી?" "તું વનસ્પતિનો આહાર કર," આમ ભયહરે કહ્યું. વ્યાઘ્રને તે ઘણું વિષમ લાગ્યું. પર્વત ઉપર આવેલાં ફળફુલાદિ વનસ્પતિ ખાવાનો પ્રયત્ન કીધો, પરંતુ જરાય ભાવ્યું નહિ. તો પણ તે ઘણા દહાડા થયા ક્ષુધાથી પીડાતો હતો, તેથી થોડાંક ફળફુલવડે પોતાની ક્ષુધાને તૃપ્ત કરી.

હવેથી રાત્રિના વ્યાઘ્ર અને ભયહર એક જ ગુફામાં સુતા હતા. સમયે સમયે વાઘના મનમાં મનુષ્યાહાર કરવાની ઇચ્છા થતી હતી. નિદ્રાજિત ભયહર અહોનિશ જાગૃત રહેવાથી, વાઘ પોતાની ઇચ્છાને પૂર્ણ કરી શકતો ન હતો. ભયહર નિત્ય વાઘને ઉપદેશ આપ્યો જતો હતો. ગુરુકૃપાવડે ચાર માસમાં ભયહરે મનુષ્યાહારી વાઘ વાઘણને એવાં તો વશ કરી દીધાં કે, ચાતુર્માસની પૂર્ણાહુતિ ટાંણે, ભયહરે તેના મુખ આગળ માંસ લાવીને મૂક્યું, તેના તરફ તેણે દૃષ્ટિ સુદ્ધાં કીધી નહિ. આ સમયમાં ભયહરને વાઘ વાઘણે, ઘણીવાર ભય ઉપજાવ્યો હતો, પરંતુ ભયહરને ક્ષણ માત્ર પણ ભય વ્યાપ્યો નહોતો."

### સર્પની ફેણપર નૃત્ય

યોગીન્દ્ર મુનિએ કહ્યું, "વત્સ! ભયહરે પોતાનું જે માનસિક ને આત્મિક બળ બતાવીને વ્યાઘ્ર જેવા ક્રૂર પ્રાણીને, તેના હિંસક સ્વભાવમાંથી પાછો વાળીને જે મૃદુ પ્રકૃતિવાળો બનાવ્યો, તે કંઈ ઓછું આશ્ચર્યકારક નથી. સામાન્ય પ્રાણી તો વ્યાઘ્રને જોતાંજ ગભરાઈ જાય,—ગાત્ર શિથિલ થઈ જાય—જીવતાં મુડદાં જેવો થઈ રહે—તો પછી તેને વશ કરવો અને તેને તેની અસલ પ્રકૃતિમાંથી પાછો વાળવો—માંસ ખાતાં અટકાવવો—એ તો બહુ જ કઠિન ને વિષમ કાર્ય છે. વત્સ સુવિચાર! જે અદ્ભુત બળ અને મનની સ્થિરતા ભયહરે દર્શાવી છે, એનાથી પણ વિશેષ દૃઢતા ને મનોબળ મન્યુહરે દર્શાવ્યું છે. ગુરુની આજ્ઞા પ્રમાણે મન્યુહર પશ્ચિમના અરણ્યમાં ગયો અને જે દિશા તરફ વટવૃક્ષ હતું, તે દિશા તરફ ચાલવા લાગ્યો. માર્ગમાં મળતાં સ્ત્રી પુરુષોએ એ સાધુ પુરુષને કહ્યું; "હે મહારાજ! એ તરફ એક અતિ વિકરાળ, ઝેરની જ્વાળા વરસાવતો મોટો સર્પ રહે છે; કોઈ પણ મનુષ્યની ગંધ આવતાં તે પોતાની ફેણામાંથી એવી તો ઝેરી જ્વાળાઓ વરસાવે છે કે, એ ઝેરી જ્વાળાઓથી અનેક પુરુષો બળીને ભસ્મ થઈ ગયા છે. માટે હે સાધુ મહારાજ! તમે એ માર્ગે જશો નહિ.

કદાચ કોઈ ત્યાં જાય છે તો તે સર્પ ક્રોધથી તેને ડંખી, તેનો નાશ કરે છે." લોકોના મુખથી આ વર્તમાન જાણી તેઓને આશ્વાસન આપીને, તે શિષ્ય ધીમે ધીમે આગળ વધ્યો. ગુરુસ્મરણ કરતો કરતો, અને પ્રણવજાપ જપતો જેમ જેમ તે આગળ વધ્યો, તેમ તેમ ચોતરફથી ગુંગળાવી નાંખે તેવી ઝેરી જ્વાળાઓ વરસવા લાગી. ગુરુવચન ઉપર પરમ શ્રદ્ધાળુ શિષ્ય, તેની પીડાને નહિ ગણકારતાં, પેલા વૃક્ષની પાસે આવી પહોંચ્યો. સર્પે પોતાની ફણાઓના ફૂત્કારાઓ મારવા માંડ્યા; આસપાસની સઘળી હવા વિષમય થઈ ગઈ; છતાં મન્યુહરે તેની કિંચિત્ પણ દરકાર કીધી નહિ. પોતાના તપોબળને યોગે, સર્પના રાફડા સમીપ જઈને તે ઉભો રહ્યો અને સર્પને ઉદ્દેશી બોલ્યો, "હે કદ્રુકુમાર! તમારામાં જેટલું બળ હોય, તેટલું મારાપર અજમાવો. તમારી લીલા જોવાને હું ઉત્સુક છઉં!" ક્રોધની સાક્ષાત્ મૂર્તિરૂપ તે સર્પરાજ, રાફડામાંથી બહાર આવ્યો. મન્યુહરે તેની ફણાપર પગ મૂક્યો કે, સર્પે વિષમય ડંશ કીધો, પરંતુ તે જરાય કોપાયમાન થયો નહિ. પછી તે તે સર્પને પંપાળવા લાગ્યો. સર્પરાજે પોતાના પૂછડાવડે તેના શરીરપર ઝપાટા લગાવવા માંડ્યા ને દોટ મૂકી તેના અંગપર ચ્હડી ગયો તથા આખા શરીરપર ડંશના પુષ્કળ ઘા કીધા. પ્રથમ હાથપર ચૂડ ભરાવી ત્યારે મન્યુહરે બીજો ઘણો કુમળો ને હલકો હાથ તેના અંગપર ફેરવ્યો. પણ જેમ જેમ મન્યુહર તેનું આશ્વાસન કરવા લાગ્યો, તેમ તેમ તે સર્પ વધારે ને વધારે ક્રોધાંધ થતો ગયો. તેણે આખાં અંગપર ચૂડ ભરાવી; મોઢા તરફ પોતાની ફણા લાવી, મન્યુહરના મોઢામાં ઝેર નાંખ્યું; કાન, નાક ને આંખપર ડંશ કીધા; પણ મન્યુહર તો તેને પંપાળ્યો જ ગયો. તેની જબરી ચૂડ છતાં, જ્યારે મન્યુહરને કાંઈ ન થયું-તે ક્રોધાવિષ્ટ પણ ન થયો-તેને ઝેરે ન વ્યાપ્યું-ત્યારે આશ્ચર્ય પામતો તે સર્પ, સામો થઈ, ફણાના ફૂત્કાર કરવા લાગ્યો. સર્પને વિશેષ છંછેડવાને, મન્યુહરે તેની ફણાપર પુનઃ પગ મૂક્યો, ક્રોધાંધ સર્પ ક્ષણવારમાં પુનઃ મન્યુહરને વિંટી વળ્યો; પરંતુ તેથી મન્યુહરને જરાયે ક્રોધ કે ભય થયો નહિ. પછી મન્યુહરે સર્પને પોતાના તુંબડામાંથી દૂધ પાયું; પણ સર્પે તે દૂધ પીને પાછું તેના શરીરપર ને તેના મોઢામાં ઓકી કહાડ્યું ને પોતાની ફણા સહિત પોતાનું વિષ તેના મોંમાં ઘાલ્યું ને ગળે ઘણી મજબૂત ચૂડ ભેરવી.

એ વખતે મન્યુહર બેભાન થઈ પડ્યો, છતાં જરાએ ક્રોધ ન કરતાં, સાવધ થતાં, સર્પને પંપાળ્યો જ ગયો. સર્પરાજે તેને ઘણો ઘણો ગભરાવ્યો, તથાપિ સર્પને પાછો વાળવાનો રંચ જેટલો પણ પ્રયત્ન તેણે કીધો નહિ. અંતે થાકીને સર્પે ચૂડ છોડી, ત્યારે મન્યુહરે, પોતાની ઝોળીમાંથી પુષ્પો કાઢી, તે સર્પપર વેર્યાં ને સર્પને શાંત પાડવાનો જ પ્રયત્ન કીધો. પણ જેમ જેમ મન્યુહર સર્પનું આશ્વાસન કરતો ગયો, તેમ તેમ સર્પ વધારે ને વધારે ખીજવાઈ મન્યુહરને પીડવા લાગ્યો—તથાપિ તે તો શાંત જ રહ્યો. ઉલટું સર્પરાજનો ક્રોધ સમાવવાને તેના શરીરપર હાથ ફેરવવા લાગ્યો. એથી શાંત ન થતાં, સર્પ વધારે ને વધારે ડંશ દેવા લાગ્યો. મનુષ્યનો સાધારણ સ્વભાવ છે કે, તે કોઇનું કલ્યાણ કરવા જાય કે ઉપકાર કરે ને સામો મનુષ્ય અપકાર કરે તો તેને સહજ ગુસ્સો ચ્હડે છે—ક્ષણભર તે તેના અજ્ઞાનની અવગણના કરે છે; પણ ઉપકાર—કલ્યાણ—આશ્વાસનના બદલામાં વારંવાર તુચ્છકાર—તિરસ્કાર થાય, કૃતઘ્નપણું જોવામાં આવે, ત્યારે તે સહજ જ ક્રોધવશ બની, પોતાનો ક્રોધ પ્રકટ કરે છે-કરડવું નહિ તોએ ફુંફાડો તો મારવો, તેમ કૃત્રિમ ક્રોધ પણ દર્શાવે છે. પરંતુ મન્યુહર, સર્પપ્રતિથી અનેક પ્રકારના તુચ્છકાર—તિરસ્કાર, વૈરના ડંશ ને કૃતઘ્નતા જોયા છતાં, જરા પણ ક્રોધી બન્યો નહિ—તે શાંતચિત્ત જ રહ્યો.

ઘણીવારે સર્પ ક્રોધથી ધુંધવાતો, ઝેરની જ્વાળા વરસાવતો, દૂર જઈને ઉભો રહ્યો. ત્યારે મન્યુહરે તેની ફણાને પગ અડાડ્યો. પુનઃ સર્પે અનેક ડંશ દીધા, ચૂડ ભેરવી, પણ તે તો તેનું પુનઃ પુનઃ આશ્વાસન જ કર્યો ગયો. આથી સર્પરાજનો ગર્વ ગળી ગયો. તે ધીમે ધીમે મન્યુહરના દીલપરથી છૂટી ગયો અને જેવો તેણે પગ ઉપાડી લીધો કે, તે સર્પ તુરત પોતાના રાફડામાં પેસી ગયો.

ક્રોધથી ને મન્યુહરને મારવાના શ્રમથી થાકીને લોથપોથ થઈ ગયેલો સર્પરાજ, માંડમાંડ ફુંફાડા મારી શકતો હતો. તેની વિષમય જ્વાળા આ મનુષ્યના ઉપર કેમ કાંઈ પણ અસર કરી શકી નહિ, તેના વિચારમાં તે સ્તબ્ધ બની ગયો હતો. એ મનુષ્યને મારા અનેક ડંશ દીધાં છતાં કેમ ક્રોધ ચ્હડ્યો નહિ, મને ખીજવ્યા છતાં કેમ તે ખીજવાયો નહિ, તેના વિચારમાં તે ગુંચવાઈ ગયો.

બીજે દિવસે તે કૃષ્ણસર્પ પોતાના રાફડામાંથી બહાર નિકળ્યો અને

સડસડાટ જ્યાં મન્યુહર બેઠો હતો, ત્યાં જઈ તેને શરીરે વિંટી વળીને તેણે વિષજ્વાળાવાળા એવા તો ફુંફાડાઓ માર્યા કે, તેની વિષજ્વાળાથી કોઈ પણ પ્રાણી બળીને ભસ્મ થઈ જાય! પૂર્વ દિવસના ઉપકારને વિસરી, સર્પ પોતાની જાતિપર ગયો છે તે વિચારથી, સ્વાભાવિક કોઇને પણ ક્રોધ છૂટે; પરંતુ મન્યુહરને તેમાંનું કંઈ પણ થયું નહિ. પૂર્વ દિવસની પેઠે જ તે સર્પ વિષજ્વાળા વરસાવતાં થાકી ગયો ત્યાં સુધી મન્યુહરે તેનું આશ્વાસન જ કીધું. પછી જેવો તે સર્પરાજ થાકી રાફડામાં પ્રવેશ કરવા જાય છે, કે તુરત જ મન્યુહરે તેને પૂછડેથી પકડીને પાછો ખેંચી કાઢ્યો, તેને દૂધ પાયું ને તેના શરીરપર ફુલ વેર્યાં. પરંતુ આથી તે કૃષ્ણસર્પ વધારે છંછેડાયો ને મન્યુહરના અંગપર ઘણા જબરા ડંશ કીધા. પણ જ્યારે તે અટકે ત્યારે મન્યુહર જરાક તેની ફણાપર પગ અડાડે, અને સર્પ અનેક ડંશ કરે. એમ ઘણીવાર થયા છતાં મન્યુહરને જરા પણ ક્રોધ ન ચ્હડે ત્યારે આશ્ચર્યથી તે સર્પ રાફડામાં ચાલ્યો જાય.

આવો ક્રમ કેટલાક દિવસ ચાલ્યા કર્યો. સર્પ ડંશે ને મન્યુહર તેને સુખ આપે, અને તેમ તેમ સર્પરાજ વધુ વધુ ડંશ કરવામાં પોતાનું સર્વ સામર્થ્ય વાપરે. એક દિવસે આખો દહાડો સર્પરાજ મન્યુહરને વિંટાઈ, તેનો શ્વાસ રોકી, મોં, નાક ને આંખપર ફણા પ્રસારી બેસી રહ્યો, છતાં પણ મન્યુહરને ક્રોધ ચ્હડ્યો નહિ. સર્પ પણ આખા દિવસના શ્રમથી થાકી ગયો હતો, તેથી પોતાની ચૂડ છોડવી તે રાફડામાં જવા તૈયાર થયો, ત્યારે મન્યુહરે, તેની ફણાપર પુનઃ પગ અડાડ્યો, પણ તે નિઃસત્વ બનેલો સર્પરાજ, વિષજ્વાળા વરસાવવાને અસમર્થ થઈ પડ્યો હતો; તેથી; નિરુપાયે પોતાની ફણાને પહોળી કરી ઉભો રહ્યો અને મન્યુહરને પ્રણામ કરતો હોય તેમ સ્થિર થઈ ગયો. મન્યુહર તેની ફણાપર ઉભો રહ્યો, સર્પની ફણા ધ્રુજવા લાગી અને મન્યુહર તે જાણે કાળિ નાગની ફણાપર શ્રીકૃષ્ણ નૃત્ય કરતા હોય તેવો શોભી રહ્યો. તેણે ક્રોધ ઉપર વિજય મેળવ્યો અને મહાક્રોધી તથા દ્વેષી એવા કૃષ્ણસર્પને પણ અક્રોધી કીધો. એ દિવસથી સર્પરાજ નિત્ય પોતાના રાફડામાંથી બહાર આવીને મન્યુહરના ચરણમાં પ્રણામ કરતો હતો. મન્યુહર પૂર્વ પ્રમાણે જ તેની ફણાપર ઉભો રહીને નૃત્ય કરતો હતો. ગુરુવચન તથા તપોબળને પ્રતાપે તે કદી પણ ગર્વી બન્યો નહિ. ચાતુર્માસ પર્યંત મન્યુહરે સર્પની ફણા ઉપર નૃત્ય કરવાનો નિયમ રાખ્યો હતો ને મન્યુહરને

ક્રોધી કરવા સમયે સમયે સર્પ તેને દંશ કરતો, પણ તે જરા પણ ક્રોધ કરતો નહિ, ઉલટો તેને પંપાળતો, દૂધ આંતો ને પાસે બેસાડતો. આ પ્રમાણે ક્રોધ જિતાવાથી તે શિષ્ય પોતાના ગુરુપ્રતાપની અહર્નિશ પ્રશંસા કરતો હતો.

## પનઘટનો મોહ

ત્રીજો શિષ્ય મોહહર, ગુરુ આજ્ઞાનુસાર પનઘટપર જઈને બેઠો. નગર અને ગામના પનઘટો હમેશાં નવી નવી લીલાઓથી ભરપૂર હોય છે. સ્ત્રીઓ અને પુરુષોનાં ટોળેટોળાં ત્યાં એકઠાં મળે છે, અવનવી વાતોના વિનોદો ચાલે છે, છેલબટાઉઓ અનેક પ્રકારની દુષ્ટવૃત્તિથી ત્યાં આવીને ઉભા રહે છે, પોતાના ઘરની સુખ દુઃખની વાતો સ્ત્રીઓ અન્યોન્ય-સખી સાહેલિયોમાં કરે છે, નાગી ઉઘાડી વાતો કરતાં કંઇકને છંદમાં નાંખે છે; સ્ત્રીઓ અર્ધ નગ્નાવસ્થામાં સ્નાન કરે છે ત્યારે સાધુનું ચિત્ત પણ ચળી જાય છે, તો સંસારીનો આશરો શો. પનઘટપર આવતી કેટલીક નફ્ફટ સ્ત્રીઓ તો અમર્યાદ પણ બની જાય છે અને તેના અંગ પ્રત્યંગપર સર્વની દૃષ્ટિ પડે છે; શીળવંતને પણ મોહ ઊપજાવે તેવાં નખરાં તેમનામાં જોવામાં આવે છે અને કામીજનો ત્યાં અમર્યાદાથી વર્ત્તે છે. પનઘટ એવું સ્થાન છે કે, ત્યાં ભલા ભલા સંતોએ પણ પોતાનું સ્વરૂપ ભૂલી જઈ, શબ્દમાં કે કર્મમાં નહિ તો, મનસા પણ કુસંકલ્પ કરેલા છે. પનઘટ ઉપર ધર્મશીલ, તેમ જ અધર્મશીલ બંને જાતની સ્ત્રીઓ આવે છે. તે સર્વના રહસ્યને જાણવાથી મોટા સમર્થ સાધુ પુરુષોનાં ચિત્ત ચલાયમાન થઈ ગયાં છે. એવા સ્થળ ઉપર મોહહર જઈને બેઠો છે. તેનું લાવણ્ય અદ્‌ભુત છે. કુટિલ કામિનીઓ તેનાપ્રતિ કુટિલતાથી દૃષ્ટિ કરે છે; ધર્મશીલ સ્ત્રીઓ મહાત્મા તરીકે ભક્તિભાવથી દર્શન કરે છે. નવી નવી યૌવનાઓ સાધુ પુરુષોને લલચાવવાની પેરવીઓ કરે છે; નિત્ય નિત્ય શરીરને હૃષ્ટપુષ્ટ બનાવનારાં અને કામોત્પાદક-વીર્ય વધારનારાં ભોજનો તેની સેવામાં તેઓ ધરવા આવે છે. વિષયલુબ્ધ સ્ત્રીઓ મોહહરને લલચાવવાને અનેક પ્રકારના હાવભાવ તથા નખરાંઓ કરે છે; તથાપિ મોહહરનું મન જરા પણ ચલાયમાન થતું નથી; તેના કર્ણને કોઇની પણ વાણીનો સ્પર્શ થતો નથી; તેની દૃષ્ટિ નાસાગ્રથી દૂર થતી નથી; એકનિષ્ઠ પુરુષની પેઠે દૃઢ આસન વાળીને તે બેસી રહે છે; પ્રભાતથી તે સંધ્યાકાળ સૂધી, ગુરુઆજ્ઞા પ્રમાણે તે પનઘટની લીલા જોયા કરે છે;

તે અનેક પદાર્થોને જુવે છે, છતાં આંધળો છે; અનેક શબ્દો શ્રવણ કરે છે, છતાં બહેરો છે; ખવરાવે છે તો ખાય છે અને પીવરાવે છે તો પીએ છે, છતાં કશામાં મોહ કરતો નથી; કપટકુશળ સ્ત્રીઓ નવ નવા પ્રકારના તેના ઉપર આરોપ મૂકે છે, છતાં તે કોઈની પણ પરવા કરતો નથી; તેમ કોઇના બોલવાપર લક્ષ આપતો પણ નથી; પોતાના મનોવિકાર ઉપર તેણે એવો તો અંકોશ મૂકી દીધો છે કે, કોઈ પણ પ્રકારની ઇંદ્રિયોમાં વિક્રિયા, થવા દેતો નથી. પરબ્રહ્મના જિજ્ઞાસુને, અનેક લોકોના સમાગમથી, વાણીથી અને દૃષ્ટિથી એટલું બધું જાગ્રત રહેવું પડે છે કે, કોઈ સમે કુસંકલ્પ કરી જવાયાથી, પોતાના તપોબળમાં મોળા પડવાનો પણ તેને ભય વ્યાપે છે. આવી સ્થિતિમાં મોહહરે ચાતુર્માસ ગાળવા માંડ્યો. દૃઢ શિક્ષા-નિગ્રહી શિષ્ય-ગુરુવચન ઉપર શ્રદ્ધા રાખનાર, મોહને મારનાર-ચાર માસ સૂધી પનઘટ ઉપર જ બેસી રહ્યો. તેને શંકા થતી કે, આવા વિષમ સ્થાનકપર મને મોકલવાનું ગુરુને શું પ્રયોજન હશે? ક્વચિત્ તેને શંકા થતી હતી કે, "વાસના તેના હૃદયમાં સ્ફુરી આવે તો કેમ? વાસના વધવાથી વિષયો વધે છે, વિષયો વધવાથી વાસના વધે છે, અને તેને પરિણામે જીવને ચોરાશીના હિંદોળામાં હિંચકા ખાવા પડે છે. ખરી રીતે તો સાધુ પુરુષે સંસારી વાસનાઓમાંથી મુક્ત થવા માટે, વિષયો અને વાસનાઓને બાળી નાંખવાં જોઇએ; પણ પનઘટપર આવતા અવનવા જીવોની અવનવી વાતો સાંભળવાથી, વાસના અને વિષયો વધવાનો જ સંભવ છે; કેમકે મોહક પદાર્થોના દર્શનથી અને ચિંતનથી વાસના જાગ્રત થાય છે અને તેથી માનસિક સંસાર પ્રથમ જન્મે છે, અને પછી સત્ય સંસાર ભોગવવાની લાલસા થાય છે; એટલે અન્તે સંસારભોગમાં લપટાય છે. માટે સાધુ પુરુષે તો, ચિંતનક્રિયા તથા વાસનાને જેમ બને તેમ બાળી મૂકવી જોઇએ-હું વાસનાને જ ભસ્મ કરીશ, તો જ સુરક્ષિત રહીશ," એમ વિચારી તેણે નવ નાડી ને દશ ઇંદ્રિયોને સંયમમાં રાખી, વાસનાનો નિત્ય પ્રણવજાપથી હોમ કરવા માંડ્યો. "મારામાં કંઈ અપૂર્ણતા જોઈ, ગુરુદેવે મને આ સ્થાનપર, મારા જ કલ્યાણ માટે મોકલ્યો હોવો જોઇએ; મારામાં મોહનું કંઈ પણ બળ હશે, તેનું શમન કરવાને જ આ માર્ગ ગ્રહ્યો હશે-હવે મારે મોહ ત્યજી, કાંચનપેરે શુદ્ધ થવું જોઇએ;" આ વિચાર તેના હૃદયાકાશમાં ઉત્પન્ન થતાં, મોહ મારવાને, તેણે બ્રહ્મભાવની વાસનાને

દૃઢ સ્થાન આપ્યું. તેણે ક્રિયાનો જ નાશ કર્યો; ક્રિયાના નાશવડે ચિંતનનો નાશ થયો; ચિંતનના નાશથી વાસનાનો નાશ કીધો; રગેરગમાંથી અહંકારનો નાશ કરી દીધો; અને જેમ સૂર્યના પ્રકાશથી અંધારાનો નાશ થાય છે, તેમ સંસારના સર્વ મોહનો નાશ બ્રહ્મભાવની વાસનાથી લય પામી ગયો."

હિમગિરિના મહાત્મા કહે છે, "હે વત્સ સુવિચાર! જે જીવ બ્રહ્મનિષ્ઠામાં પ્રમાદ કરે છે, તે જીવ અંતે નાશ પામે છે; તેથી જ્ઞાની પુરુષે સ્વસ્વરૂપમાં કદી પણ પ્રમાદ કરવો નહિ; કેમકે પ્રમાદથી મોહ, મોહથી અહંકાર, અહંકારથી બંધ અને બંધથી વ્યથા થાય છે. મોહહરે પનઘટપર બેસતાં છતાં, ક્ષણભર પણ સ્વસ્વરૂપ જાણવામાં પ્રમાદ કીધો નહિ ને ગુરુપ્રતાપે ચાતુર્માસને તે સુખરૂપે તરી ગયો.

### પિંગળાભુવનમાં કંદર્પહર

ચોથો શિષ્ય કંદર્પહર, ગુરુ આજ્ઞાનુસાર રાજગણિકા પિંગલાના ઘર તરફ ચાલ્યો. રાજગણિકા સર્વ ઐશ્વર્યસંપન્ન હતી—રાજપુરુષોની પરમ માનીતી હતી; તેના ઐશ્વર્યમાં જરા પણ ન્યૂનતા ન હતી; તેના દ્વારપર હાથીઓ ઝુલી રહ્યા હતા; ખમા ખમા કહેનારા હજારો દાસ દાસીઓ તેની આસપાસ ફરી વળતાં હતાં; તેની પાસે ધનનો ભંડાર તો એવો ભરપૂર રહેતો કે, મુઠ્ઠે મુઠ્ઠે અહોકાળ ઉરાડવામાં આવે, તોપણ તે ખૂટે નહિ; તેની સખી સાહેલીઓ રૂપરૂપની અંબાર હતી; સાધારણ પુરુષોનો તો શું, પરંતુ મોટા મોટા શ્રીમાન્ પુરુષોનો પણ તેના ઘરમાં પ્રવેશ થવો દુર્ઘટ હતો—માત્ર શ્રીમાનોની જ તે માનીતી હતી—સૌંદર્યચૂડામણિ પિંગલા માત્ર તેમની જ સેવા કરતી હતી. આવા સ્થળમાં કંદર્પહરનો પ્રવેશ થવો, એ મહા કઠિન કામ હતું. પોતે સાધુ હતો, છતાં ગુરુચરણપર ધ્યાન રાખી, નીચી દૃષ્ટિએ, કંદર્પહર ગણિકાના ઘર તરફ ચાલ્યો. તેના દ્વારપર જઈને 'નારાયણ હરે' નો પોકાર પાડીને ઉભો રહ્યો. સાધુનું સ્વરૂપ અદ્‌ભુત તેજસ્વી હતું; શરીર હૃષ્ટપુષ્ટ હતું; મુખનો લખલખાટ સામા મનુષ્યના હૃદયપર છાપ પાડે તેવો હતો; વય તરુણ હતું; આછી આછી મૂછનો હજી તો દોરો ફૂટેલો હતો; વાસ્તવિક કહીએ તો તેનું સર્વાંગ દિવ્ય હતું. એ પુરુષને જોતાં જ ગણિકાની દેવડીએ બેઠેલા ચોપદારો આશ્ચર્યચકિત થતા નમન કરવા ઉભા થઈ ગયા. પ્રત્યેક જણ બે હાથ જોડીને કંદર્પહરને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

ગણિકાના ઘરમાં સેવક સેવકીઓ, પણ તે દિવ્ય પુરુષનાં દર્શનાર્થે દોડી આવ્યાં. પ્રત્યેક જણ અન્યોન્ય વાત કરવા લાગ્યાં કે, આવી અદ્ભુત કાંતિવાન્ મૂર્તિને, અમે આ જન્મારામાં તો દીઠી નથી. દ્વારની દેવડીના બાજુના પગથીઆપર પદ્માસન વાળીને કંદર્પહર બેઠો અને પોતાના મધુર ને મંજુલ કંઠથી પરબ્રહ્મનું ગાન કરવા લાગ્યો.

"દિલદાર યાર પ્યારે, ગલિયોંમેં મેરે આ જા;
આંખે તરસ રહી હૈં, સુરત ઇન્હે દિખા જા.
ચેરી હું તેરી પ્યારે, ઇતના તો મત સતારે;
લાખો હી દુઃખ સહારે, ટુક અબતો રહમ ખા જા.
તેરે હી હેત મોહન, છાની હૈ ખાક બન બન;
દુઃખ ઝીલે સરવ અનગન, અબ તો ગલે લગા જા.
મનકો રહૂ મે મારે, કબ તક બતાદે પ્યારે;
સુખે બિરહમેં તારે, પાની ઇન્હે પીલા જા.
સબલોક લાજ ખોઈ, દિન રૈન બૈઠ રોઇ;
જિસકા કહી ન કોઈ, ઉસકા તો તૂ બચા જા.
મુઝકો ન યો ભુલાવો, કુછ શર્મ જીમે લાવો;
અપનોંકો મત સતાઓ, એ પ્રાન પ્યારે રાજા.
કંદર્પહર હૈ ચેરી તેરી, રખોજી લજ્જા મેરી;
જલતી હૈ આશક તેરી, આકર ઉસકો ઉઠા જા.*

આજે આષાઢ માસની દ્વાદશી હતી. ગણિકા પિંગલા જો કે કર્મથી ધર્મશીલ ન હતી; તેણે ગુણવાન્ બુદ્ધિવાન્ શ્રીમાનોને પોતાનું અંગ અર્પણ કરી દીધું હતું; તથાપિ કોઇક જન્મ જન્માંતરના સુકર્મને યોગે, તેના હૃદયના કોઇક ગુપ્ત સ્થાનમાં, આત્મજ્ઞાનનું બીજ ઢંકાઈ રહ્યું હતું. તે વાર પર્વે અનેક સાધુ સંતોનો, અનાથ રંક રોગિષ્ટોનો, પંડિત અને બ્રાહ્મણોનો સત્કાર કરતી, વસ્ત્ર આપતી, દાન દેતી. બ્રહ્મવેત્તા ષટ્સંપત્તિવાન્ પુરુષોને શોધી શોધીને પ્રેમથી પોતાને ભુવન પધરાવતી, ભોજન કરાવતી; કોઇને વિદ્યાભ્યાસ કરવા માટે ધનની સહાયતા આપતી; સંતોને બોલાવી કથા શ્રવણ કરતી; અતિથિ મહાત્માના સેવનમાં તત્પર રહેતી; તીર્થાટણ પણ કરતી. એટલું છતાં તેનામાં આ જ પાપ વૃત્તિ હતી કે, તે ઘણાને ભ્રષ્ટ કરતી. આજે તેનું પૂર્વ જન્મનું પુણ્ય ફળીભૂત થવાનું હોવાથી, કંદર્પહર તેના દ્વારપર આવ્યો છે. તે ગણિકા હતી, એટલે

* આ પદમાં જીવશિવની વિરહવ્યથાનું વર્ણન છે. એ એક હિન્દી કવિની કૃતિ છે.

ગુણને જાણનારી હતી;* કેમકે અનેક રાજસ પુરુષો તેને ત્યાં પધારતા હતા, તેમાંથી ગુણવાન્ વિદ્વાન્ વિના તે અન્યનો અંગીકાર કરતી ન હતી. તેના ગુણને જાણનારની તે ગ્રાહક હતી. પોતાના મંદિરે આવનારા અગુણજ્ઞ સર્વને હસાવી રમાડી વિદાય કરતી ને વિષયથી દૂર રાખતી હતી-અંગ તો ગુણીજનને જ અર્પતી હતી. એવા અનેકોનો ભોગ લીધા છતાં તેના હૃદયમાંથી વિષયવાસના દૂર થઈ ન હતી. રાજપુરુષોની તે માનીતી હતી, છતાં તેનાથી તે સુખવતી છે, એમ તે માનતી ન હતી. મોટા પુરુષોને, અનેક પત્નીઓ ને ઉપપત્નીઓ હોય છે, અનેક પ્રકારના રાજકાર્યમાં ગુંથાવાનું હોય છે, તેઓ પત્ની અને ઉપપત્નીને મૂકીને બીજીઓને સંતોષ આપવાને સમર્થ હોતા નથી; તેવા જ કારણથી પિંગલાને રાજપુરુષથી સંતોષ ન હતો. તે કોઈ ગુણી પુરુષની મનમાં કામના કર્યા કરતી હતી.

કંદર્પહરે ધીમે ધીમે પરબ્રહ્મ પ્રેમનું ગાન કરવા માંડ્યું. તેનો સુસ્વર, પિંગલાની ખાસદારીના કાનપર જઈને અથડાયો. તે વહેલી વહેલી બારીએ આવી ને એ ગાનાર કોણ છે, તેપર દૃષ્ટિ નાંખી. કંદર્પહરની કાંતિ જોઈને, તે ખાસદારી-સાહેલી છક્ક થઈ ગઈ. એક સાધુ પુરુષ, વળી કાંતિમાન્, વળી ઉત્તમ ગાયક અને વળી પરમ ધર્મશીલ નૈષ્ઠિક છે, એમ જોઈને તે સહચરીના હૃદયમાં કંઈક જૂદો જ ભાવ સંચાર થવા લાગ્યો. તે પોતાની શેઠાણી પાસે જઈને બોલી;-"બાઈ! આજે ચાતુર્માસની પ્રથમ દ્વાદશી છે, કોઈ સંત પુરુષને ભોજન કરાવવાની ગઈ કાલે આપે ઇચ્છા દર્શાવી હતી. એવો સંત પુરુષ આપણા દ્વારપર આવેલો છે, તેના તરફ તમે દૃષ્ટિ કરો! જો તે યોગ્ય જણાય તો તેને તૃપ્ત કરી, તમારા જન્મનું સાર્થક કરો!" દાસીનાં તે દ્વિઅર્થી વચન સાંભળીને, પિંગલા એકદમ બારીએ આવી-કંદર્પહરનાં દર્શન કીધાં. તેનું લાવણ્યયુક્ત અલૌકિક સ્વરૂપ જોઈને, તેનું હૃદય વિંધાઈ ગયું અને

---

* ગણિકા, કંચની, રામજણી ને વેશ્યામાં મોટો ભેદ છે એમ મને જણાવવામાં આવ્યું છે. ગુણ જોઈ દેહાર્પણ કરનાર ગણિકા-એ એકનું જ સેવન કરે છે; કંચન લેઈ દેહાર્પણ કરનાર કંચની-તેનો સ્વામી ધન છે; રામનું-ઈશ્વરનું ભજન કરનાર રામજણી-પણ વિષયીજન તેના મોહપાશમાં, તેની ધર્મવૃત્તિ જોઈ ફસાય છે તે રામજણી અને ન રૂપ, ન ગુણ કે ન ધન કંઈ પણ જોયા વગર, માત્ર વિષયને અધીન થનારી તે વેશ્યા. કુલટા તેથી પણ અધમ છે.

તત્ક્ષણે તેણે સહચરીને કહ્યું, "અલિ નિપૂણિકા! એ સાધુ પુરુષને આજે ભોજન કરાવવા માટે આપણા મંદિરીયામાં પધરાવ! એને હું તૃપ્ત કરીશ ને હું પણ પૂર્ણ તૃપ્ત થઇશ!" દાસી તુરત જ આજ્ઞા પ્રમાણે નીચે ઉતરી દ્વારપર આવી અને બોલી; "હે સાધુ! મારી શેઠાણીની મનઃકામના તમે તૃપ્ત કરો તો ભલે ભિક્ષા લેવા પધારો!" કંદર્પહરે કહ્યું; "તારી બાઇની મનઃકામના પૂર્ણ કર્યા વગર હું અત્રથી વિદાય થઇશ જ નહિ!" પછી દાસી હસતી કંદર્પહરને મંદિરમાં તેડી ગઈ.

પિંગલાએ ભાત ભાતનાં ભોજનો તૈયાર કરાવવાની આજ્ઞા કરી દીધી. ભોજનનો સમય થતાં કંદર્પહરને ભોજનને માટે વિનતિ કીધી. કંદર્પહરે ઉત્તર આપ્યું; "હે મૈયા! હું એક સંન્યાસી છું. હું એકવાર જ ભોજન કરું છું, બીજીવાર ભોજન કરતો નથી; માટે આજે હું ભોજન લઇશ નહિ." સાધુ પુરુષનાં તે વચન સાંભળીને પિંગલાને ખેદ થયો, પણ પોતાની મનઃકામનાને, સાધુના અત્ર રહેવા વિના સંતોષ મળશે નહિ એમ વિચારી, તે બોલી; "આપ આ દાસીના ભોજનનો અંગીકાર કરતા નથી, એ હું મારું દુર્ભાગ્ય સમજું છું." કંદર્પહરે કહ્યું; "હે મૈયા! એમાં દુર્ભાગ્ય કંઈ પણ નથી. મેં તારી દાસીને કહ્યું છે કે, તારી શેઠાણીની જે જે કામના હશે, તે તે હું પૂર્ણ કરીશ, અને જ્યાં સૂધી તે પૂર્ણ કરીશ નહિ, ત્યાં સૂધી અહિંથી વિદાય થઇશ નહિ. આજે નહિ તો કાલથી હું તારું ભોજન લઇશ—એમાં તારે જરાય ખેદ પામવાનું કારણ નથી!" સાધુ પુરુષનાં તે વચન સાંભળીને, ગણિકાએ મનમાં વિચાર કીધો કે, જો હું આ ક્ષણે એમને આગ્રહ કરીશ તો મારો દેહ ગેહ પાવન કીધા વગર, એ મહાત્મા ચાલ્યા જશે ને મારી મનઃકામના વ્યર્થ થશે. એ ક્યાં જવાનો હતો આ મહેલમાંથી. એ જોગટો છે ઘણો પાકો ઉસ્તાદ! ભાવ ખાતાં ઠીક આવડે છે. પણ આપણે ક્યાં કાચાં છિયે! એવા જોગટા ઘણા જોઈ લીધા છે! આ પિંગલાના સપાટામાંથી કોણ છટક્યું છે કે એ છટકવાનો હતો? આમ વિચાર કરતી ગણિકાએ કંદર્પહરને તે દિવસે ઝાઝો આગ્રહ કીધો નહિ.

પછી તેણે પોતાની દાસીને મોકલી બીજા ઓરડામાં સાધુ મહારાજને બિરાજવાની ગોઠવણ કરી આપી. આ ઓરડો વિલાસવૈભવની વિભૂતિ જેવો હતો, રતિને રહેવાના સ્થાનરૂપ હતો, મદનને મોજ મારવાનું મંદિર હતું, ગમે તેવા બ્રહ્મવિદ્‌ને ચલાયમાન કરવાનું એ ચરિત્ર-

સ્થાન હતું. ગણિકાએ એ ઓરડો ખાસ રાજપુરુષોના દ્રવ્યથી શણુ-ગાર્યો હતો. એમાં જ કંદર્પહરને રહેવાનું હતું.

કંદર્પહરે, તે ઓરડામાં પ્રવેશ કરતાં જ સૂક્ષ્મદૃષ્ટિપાતથી આસ-પાસની લીલાનું અવલોકન કરી લીધું. સુંદર છત્રપલંગ, અનેક ચૌરંગો, સુખાસનો, સુવર્ણના મંચો, ઘુઘરિયાળા હિંડોળાઓ ને મનને ઇશ્કમાં લીન કરાવે તેવાં ચિત્રોથી તે ભરપૂર હતો. એમાંના કોઈ પણ સુંદર આસનપર નહિ બેસતાં, તેણે એક ખૂણામાં વ્યાઘ્રાંબર બીછાવી આસન કીધું. દાસીએ સુખાસનપર બેસવા માટે બહુએ આગ્રહ કીધો, પણ કંદર્પહરે કહ્યું; "અયે અંબે! અમારા જેવા સાધુ પુરુષોને એવાં સુખાસનો યોગ્ય નથી, એ તો ઇશ્કીઓ માટે રહેવા દે!" આ સાંભળી દાસી ત્યાંથી વિદાય થઈ ગઈ ને કંદર્પહર પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન થયો.

દાસી પોતાની બાઈ પાસે આવીને બેઠી. તે સમયે પિંગલા વિચા-રમાં લીન થઈ ગઈ હતી. મહાન્ તેજસ્વી સાધુ પુરુષને જોઇને તેના મનના વિકારો શાન્ત થવાને બદલે પ્રદીપ્ત થયા! તે નૂતન નૂતન તરંગોમાં રમતી હતી. જે ચિત્તને એકલો વિવેક જ પ્રાપ્ત થયો છે, તે ચિત્ત કોઈ પણ કાળે ભોગ ત્યાગ કરી શકતું નથી. વિવેક સાથે વિરા-ગની પ્રાપ્તિ થાય છે, સત્યાસત્યનો ભેદ જાણવામાં આવે છે, તો જ ચિત્ત સંસારી ભોગનો વિષ્ઠાપેરે ત્યાગ કરે છે. પિંગલાને વિવેક પ્રાપ્ત થયો હતો ખરો, તથાપિ તેની વાસનાનો ક્ષય થયો ન હતો અને વિરાગનો તો અંકુરે ફૂટયો ન હતો. તેણે પાસે બેઠેલી દાસીને કહ્યું; "અલિ નિપુણિકા! હું જેવા પુરુષની ઘણા કાળ થયા કામના કરતી હતી, તેવો જ પુરુષ આજે મને પ્રાપ્ત થયો છે. તું ઘણી ચતુર છે, તેથી મારો મનોભાવ જાણીને જ તું એ સંત પુરુષની પાસેથી વચન લઈ આવી છે કે, તે જ્યાં સૂધી મારી મનઃકામના તૃપ્ત કરશે નહિ, ત્યાં સૂધી અત્રથી વિદાય થશે નહિ. દેખીતો તો એ સાધુ ઠીક છે; પરંતુ ચાલાક ને બોલવે જબરો વાચાળ છે. જોની, મને મૈયા મૈયા કહે છે! પણ પોતાની ઇચ્છાથી એ આ પાપના ભવનમાં આવ્યો છે; વળી અત્ર રહેવાની વાતો કરે છે; તેથી જાણું છું કે, એ જોગટો ડાઘોડમરો હોઈ શકે નહિ—એ પુરુષ જો મને પ્રાપ્ત થાય તો હું ખરેખર કૃતાર્થ થાઉં! જોગી પુરુષોનો ભોગ જગરોગનો નાશ કરે છે. પણ એ સહજમાં સમજે તેવો નથી, હાંકે!" દાસી પોતાની શેઠાણીનો મનોભાવ જાણીને તેને અનુસરતું જ બોલી;

"બાઈ! તમે એની જરાય ચિંતા રાખો મા. બધાય સાધુ બાવા એવા જ! દામ ને કામથી કોણ ઠગ્યા નથી? ઇન્દ્ર ઠગ્યો, બ્રહ્મા ઠગ્યા, વિશ્વામિત્ર જેવા મુનિ ઠગ્યા, કૃષ્ણ પરમાત્મા ઠગ્યા, તો એ જોગટો શી બિસાતમાં છે! હું માનું છું કે, એ તમારું રૂપ જોઈને છક્ક થઈ ગયો છે; અને તેથી જ તેને ખાવાનું ભાવ્યું નથી. જો એમ ન હોય તો આવાં સુંદર પક્વાન્નોને ઠેલીને કોણ ઉઠી જાય? જુઓ તો ખરાં, એને હું ચપટીમાં કેવો ઠેકાણે લાવી મૂકું છું! મોંઘો સોંઘો થાય નહિ, તો પછી સાધુ શેનો? પણ બાઈ છે તો કામદેવનો જ અવતાર!"

આમ વાર્તાચિત કરતાં સંધ્યાકાળ થયો. મુખ્ય દાસીએ કંદર્પહરનું સ્થાનક ઝંઝાંઝળાં કરવાની બીજી દાસીઓને આજ્ઞા આપી દીધી. આખા મહેલમાં ચોમેર સૌગંધિક દીવા પ્રકટ થઈ ગયા; અત્તર આદિકે સુગંધી પદાર્થોનો બેહેકાટ ચોમેર પથરાઈ ગયો; ઉત્તમ ઉત્તમ સૌગંધિક પુષ્પોની અને વાળાઓની જાળીઓ બારીઓપર બંધાઈ ગઈ—કંદર્પહરના મનને કોઈ પણ પ્રકારે પ્રસન્ન કરવાના પ્રયત્નો આરંભાયા; સાથે કામને વધારવાના મંગળ નાદ થવા લાગ્યા. થોડીવારમાં દાસી ને પિંગલા રૂપાના થાળમાં કેસર કસ્તુરી નાંખેલા દૂધના પ્યાલા ને કામની વૃદ્ધિ કરે તેવાં સુંદર પક્વાન્ન લઈને, કંદર્પહરની સમીપ આવ્યાં અને તે ખાવાની તેને પ્રાર્થના કીધી. કંદર્પહરે કહ્યું; "મૈયા!"—આ શબ્દ સાંભળતાં જ પિંગલાને રુંવેરુંવે જ્વાળા પ્રકટ થઈ. પિંગલાના મનની કામના જૂદી જ હતી અને તેને સાધુએ મૈયા કહીને બોલાવી, તેથી તેને ક્રોધ અને ખેદ બન્ને સાથે જ વ્યાપી ગયાં. જે દેહી છે, તેને દેહવાસનાનો જ વિચાર છે; તેઓ સંત પુરુષની ગતિને જાણી શકતા નથી. રૂપમાં, યૌવનમાં, ધનમાં, અબુધોને મોહ ઉપજે છે; પરંતુ જ્ઞાનીઓ ધૈર્યથી તે મોહનો ત્યાગ કરે છે. આ સાધુનું મન તો બ્રહ્મ સાથે એક લીન થયું હતું; તેના હૃદયપ્રદેશમાં કોઈ પણ સ્થળે વિકારનું સ્થાન જ ન હતું; પિંગલાના હાવભાવ, નખરાં, વક્રદૃષ્ટિ—એ કશું પણ તેના હૃદયપર અસર કરી શકે તેમ ન હતું; તેને મન તો પિંગલા જ નહિ, પણ જગતની સ્ત્રી માત્ર મૈયા હતી, અને તે જ સંબોધનથી ગણિકાને સંબોધીને પુનઃ કહ્યું કે; 'હે મૈયા! સંતના વિધિનિષેધને તું જાણતી નથી, તેથી જ આ થાળ પુનઃ તું લાવી છે! પણ અમ વિરક્ત પુરુષોને બીજીવાર ભોજન લેવાનો નિષેધ છે. માયિક—સાંસારિક જીવો જ, આ કામોત્પાદક ભોજ-

નનું સેવન કરે છે—સાધુ પુરુષોને તો એ ભોજન વિષ સમાન છે, તો શું તું એ જમાડી મારો ઘાત ઇચ્છે છે? હે મૈયા! જ્ઞાની પુરુષોનો દેહ ભોગને માટે નથી, પરંતુ અનંત મોક્ષને માટે છે; ક્ષુદ્ર કામનાને માટે નથી, પરંતુ તપશ્ચરણને માટે છે. આ શરીરરૂપી મહાનગરી પ્રાપ્ત કરીને, જે જીવ પોતાનું જીવન, વિલાસ વૈભવમાં ઉરાડી દે છે, તે જીવ પરમાત્માનો અપરાધી બને છે. આ તારાં મિષ્ટાન્નો, અમ જેવા સાધુ પુરુષોને માટે અનેક પ્રકારે દુઃખ પ્રાપ્ત કરાવનારાં છે, તેથી કૃપા કરી પાછાં લઈ જા. વળી સુણ મૈયા! આ બધો ઠઠારો શાને માટે જોઇએ? આ વૈભવો કોને માટે કીધા છે? ચોમેર બહેકાટ મારતા આ સૌગંધિક પદાર્થના કરતાં, આ અંતરાત્માને આનંદ પમાડતો જે સુગંધ પ્રસરે છે, તે શું આના કરતાં શ્રેષ્ઠ નથી? તારા અંતરાત્માને સ્થિર કરીને, તારા પ્રપંચી ચક્ષુઓને નિર્મળ કરીને, મારી દૃષ્ટિ સામે તારી દૃષ્ટિ મેળવ! મને ધર્મમાંથી ભ્રષ્ટ કરવાના તારા મનના, વિચારોને દૂર કર અને આ તામસી ભોજનને અહિંથી પાછું લઈ જા!" પિંગલાએ કહ્યું; "મહારાજ! તમારા જેવા સત્પાત્રો તો અનેક જીવોનું કલ્યાણ કરનાર છે; ગુણિજનો જેના દ્વારપર ચરણ ધરે છે, તેનું કલ્યાણ નિમેષ માત્રમાં થઈ જાય છે. મારી મનઃકામના તૃપ્ત કરવાની—મારા કલ્યાણની આપે પ્રતિજ્ઞા લીધી છે, તેને શું આપ નિષ્ફળ કરશો?" સાધુ પુરુષે કહ્યું; "હે મૈયા! જે પ્રતિજ્ઞા મેં લીધી છે, તેને હું સફળ જ કરીશ—મારી પ્રતિજ્ઞા સફળ કર્યાં વિના હું અહિંથી ચરણ પણ બહાર ધરીશ નહિ. તેને માટે તારે નિશ્ચિન્ત રહેવું. પણ આ વૈભવથી તારી કામના તૃપ્ત થશે? ના. તેનો પ્રકાર તો નિરાળો જ છે. તેથી જ તું તૃપ્ત થશે!" સાધુનાં એ માર્મિક વચનો સાંભળીને, પિંગલાને ઘણું જ માઠું લાગ્યું. પરંતુ તે શું કરી શકે? તેણે મનમાં વિચાર કર્યો કે; "અંહં! આવા દંભના વિચારો તો ઘણાએ સાધુઓ બતાવે છે; પરંતુ એ બધાએ સ્ત્રીના છળ-કપટમાં લપટાઈ મૂવા છે. બ્રહ્મા, શિવ ને વિષ્ણુ પણ સ્ત્રીઓનાં ચરિત્રોમાં ભોળવાઈ ગયા છે, તો પછી તણખલા જેવા આ સાધુડાના શા ભાર? ઈશ્વરને ઓળખવો, માયાનો ત્યાગ કરવો, આસુરી સંપત્તિને તજવી, લોભનો ત્યાગ કરવો, ક્રોધને વશ રાખવો, સાત્વિક વ્રતે રહેવું, આવી આવી વાતો તો મનેય મોઢે બોલતાં આવડે છે. બોલ બચ્ચા શુકડા, અચરે અચરે રામ, તો કહે રામ! રામ! રામ! એમ બોલ્યા

તેમાં શું? બાવાઓ અને સાધુઓ નિત્ય આવું આવું બોલ્યા જ કરે છે કે, સ્ત્રીઓ નરકનું દ્વાર છે, ત્યજવા જેવી છે, પરંતુ ક્યા સાધુ, બાવા, જતિ, જંગમ, યોગી સ્ત્રીના મોહમાં ફસી મૂવા નથી? હું પણ ખરી કે, એ સાધુ મહારાજના વિકાર ને અવિકાર બધું ભૂલાવી દઉં અને એના અધમ તથા પાપિષ્ઠ શબ્દપ્રહારને પાછા એના જ મોંમાં ઘાલી દઉં! એમ કરું ત્યારે જ મારું નામ પિંગલા! આજે નહિ તો કાલે, ખાશે નહિ તો જશે ક્યાં ચૂલામાં? ખાધા વગર કોણ જીવે છે? હવા ખાઈને જીવશે તો નહિ! નારી નરકની ખાણ છે, નારી સંસારમાંથી પાડનારી છે, એવી એવી વાતો તો મેં ઘણીએ સાંભળી છે, અને એવું એવું બોલનારા અનેક આવ્યા ને અનેક ગડગપટ ક્યાં ગયા, તેના પત્તાએ લાગ્યા નથી, તો પછી આ જોગટાના તે શા ભાર?" આવા પોતાના મનમાં સંકલ્પ વિકલ્પોને જોરથી દબાવીને, તે બોલી; "સાધુ મહારાજ! આ જગતમાં મેં તો કોઈ પણ જીવ એવો જોયો નથી કે, જે મારા હાથનાં આવાં ઉત્તમ કઢેલાં દૂધ, સુંદર પકવાન્ન અને બહેક મારતા મુખવાસને ઠોકર મારવાને તત્પર થાય! આ મારા હાથની એક પાનની બીડીની શી કિમ્મત છે, તેની તમને ખબર નથી, તેથી જ તે લેવા તમે ના પાડો છો! પણ આ વિદેહાનગરીના અનેક ધનવાન્, ગુણવાન્, વિદ્વાન્ ને તમારા જેવા ધર્મશીલ ને બ્રહ્મા ને બ્રહ્માના દાદાઓના હાથમાં એ બીડી આપું તો તેઓ પણ પોતાને અહોભાગ્ય માને, અહોભાગ્ય! પણ ફીકર નહિ, કાલે તમારી ઇચ્છામાં આવે ત્યારે ભોજન કરજો."

આટલું બોલીને દાસી અને પિંગલા ત્યાંથી વિદાય થવાને તૈયાર થયાં, ત્યારે કંદર્પહરે કહ્યું; "હે મૈયા!! આ દીવાનો ઝગઝગાટ, અત્તરનો બહેકાટ, પુષ્પોની શય્યાઓ, આ સાધુ પુરુષને માટે ન હોય, એને તું સત્વર દૂર કર! જો મારા દેહને સુખ ઉપજાવવાની તારી ઇચ્છા હોય તો આ સઘળી વિલાસ સામગ્રીને દૂર રાખી, તેથી તૃપ્ત થા!" પિંગલાએ સાધુની ઇચ્છા પ્રમાણે, સઘળા દીવાઓ હોલવાવી નાંખ્યા, માત્ર એક જ દીવો રહેવા દીધો. ફુલની ને વાળાની જાળીઓને છોડાવી નંખાવી. જ્યારે દાસી ને પિંગલા પોતાના મંદિરમાં જઈ બેઠાં, ત્યારે દાસી બોલી; "બાઈ! આ તો મૂવો ખરેખરો અબૂઝ જ દેખાય છે, એને તો કંઈ કદર જ નથી. એવા મૂવાને અહિં રાખીને તમે શું કરશો? મારો લાત

ને ક્હાડો બહાર. તમારો મનોભાવ એ પૂરણ કરે, એની મને જરાય આશા નથી." પિંગલા બોલી; "છોકરી! હજુ તું નાહાન છે. એને હું મારી ચપેટીમાંથી જવા દઇશ કે? અરે, જાનેજા, મારા મનનું નબળાપણું જાણ્યા પછી એ કીયા ચૂલામાં જવાનો હતો?"

મોડી રાતના પિંગલા થનથનાટ કરતી કંદર્પહરના ઓરડામાં ગઈ અને કંદર્પહરની સામા બેસી અનેક પ્રકારના ચાળાચસ્કા ને નાચનખરાં કરવા લાગી. પરંતુ જેના સર્વ સંકલ્પોનો નાશ થયો છે, જેનામાં વિષયનો ગંધ નથી, એવા યોગી પુરુષના ચિત્ત ઉપર તેની જરા પણ અસર થઈ નહિ. પિંગલાએ સાધુના ચરણ તલાંસવાની માગણી કરી, ત્યારે સાધુએ કહ્યું; "આ સમય અમારે સાધુને ધ્યાન ધરવાનો છે. એ ધ્યાનમાંથી પરવાર્યા પછી, તારી જે ઇચ્છા હોય તે પૂર્ણ કરજે!" પિંગલાએ મનમાં વિચાર કીધો કે; "ઠીક છે, હમણાં સાધુ મહારાજ ભલે ધ્યાન ધરે. ક્યાં સૂધી ધ્યાન ધરશે? કોનું ધ્યાન ધરશે? દેવીનું કે દેવાનું? પરમેશનું કે પિંગલાનું? હું બેઠી ત્યાં બીજાનું ધ્યાન ધરવાની કોની શક્તિ છે?"

પિંગલા સાધુની સમીપમાં લાંબો સમય બેસી રહી. હમણાં ધ્યાનમાંથી સાધુજી મુક્ત થશે, ઘડી પછી મુક્ત થશે–એવી આશામાં ને આશામાં, મોડીરાત થતાં સૂધી બેસી રહી–પછી ડોલા ખાવા લાગી–પરંતુ સાધુ મહારાજ સમાધિમાંથી ઉઠ્યાજ નહિ. પાછલી રાત થઈ, તોપણ મુનિ મહારાજ ધ્યાનમાંથી ચળ્યા નહિ. આખરે કંટાળીને પિંગલા ત્યાંથી વિદાય થઈ. જતાં જતાં તે મનમાં બોલવા લાગી કે, આજે નહિ તો કાલે સમજશે, જશે ક્યાં?

મદનવશ થયલી પિંગલાની આંખ પાછલી રાતના ઉઘડી તે ઉઘડી. ક્યારે સવાર પડે ને ઋષિરાજને મળીને તેનું મન ડોલાયમાન કરું, તેની તે માળા જપવા લાગી. એ ઋષિદેવ મારા દેહને સાર્થક કરશે કે નહિ? કહ્યું છે તેમ મારી મનઃકામનાને તે પૂર્ણ કરશે કે નહિ? મારા પ્રેમને ભજશે કે નહિ? એના હૃદયમાં પ્રેમ છે કે નહિ? આમ નવા નવા અનેક તર્ક વિતર્કથી તેની ઉંઘ ઉડી ગઈ. કામદેવનાં બાણ તેના અંતઃકરણની આરપાર નિકળી ગયાં હતાં; તે બળુજળુ થઈ રહી. "ઓ તુચ્છ મદન! તું મને માર નહિ. આ સાધુમાં મને ફસાવીને દુઃખ દે નહિ. અલિ સખિ! તું કંઈ મારું ઔષધ નહિ કરે? મારી વિરહવેદના નહિ

સમે? એ સાધુપર મને આવડો મોહ શો? હું અંધ કેમ બની ગઈ? ખરેખર એ સાક્ષાત્ કામદેવ છે, તેથીજ હું રતિ તેની કામના કરું છું!" આવા હવાતિયા–હાંતિયા–સંતાપ પરિતાપ વચ્ચે પ્રભાત થયું. દાસીએ ઉઠી પિંગલાને ધીરજ આપી કહ્યું; "જરા તમે તમાસો તો જુઓ! આજે તમે આમ અધીરાં કેમ બની ગયાં છો: એવા જોગટાઓ આવો દંભ ન રાખે તો પછી તમારા જેવાં પંખેરાં સપડાય કેમ?" પછી તે હાથમાં પાણીનો લોટો, મટોડી ને દાતણ લઇને ઋષિદેવ સમક્ષ આવી. ધૂર્ત દાસીએ પ્રેમપૂર્વક પ્રણામ કીધા ને કંદર્પહર સમક્ષ દંતધાવનનું સાહિત્ય મૂકયું. આશીર્વાદ દઇને કંદર્પહરે નિયમ પુરઃસર દંતધાવન કીધું. પછી દિશા જંગલ વગેરે કાર્યથી પરવારી, સ્નાન સંધ્યા કરી, કંદર્પહર આસનવાળીને બેઠો કે તુરતજ દાસી, કેસર, કસ્તુરી બદામ, પિસ્તાં, એલચી સાકરાદિ નાંખેલું દૂધ લઈ આવી: ઋષિરાજને પ્રણામ કરીને પ્રાશન કરવાની પ્રાર્થના કીધી. કંદર્પહરે કહ્યું; "બેટા! આ સાધુ પુરુષોને જેથી મદ ચઢે, જ્ઞાનનો વિનાશ થાય, સુસ્ત થવાય, સુજ્ઞ પુરુષો જેના કૃત્યની નિંદા કરે, શરીરમાં પડેલા એ કેફી પદાર્થો સાત્વિક વૃત્તિનો નાશ કરીને તેની આત્મિક સ્થિતિમાંથી ઢાળી પાડવાનાં કારણભૂત થઈ પડે, તેવા પદાર્થનું સેવન કરાવીને, તું શું મહાકષ્ટે પ્રાપ્ત થયેલા મારા શુદ્ધ જ્ઞાનનો નાશ કરાવવાને ઇચ્છે છે? જે પદાર્થ તું લઈ આવી છે, તે કોઈ પણ સંત પુરુષને વિષયવાસના તરફ દોરી જઇને, મન્મથના મોહમાં નાંખનાર છે; માટે મારે એ નકામા છે: જે એના ભોગી હોય, તેને એ આપ. સત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક અહંકારનું, આ દેહમાં પૂર્ણ જોશથી વિચરવું, એ સત્ બુદ્ધિને ડોલાવી નાંખે છે; અભેદનો ત્યાગ કરાવીને ભેદને જાગ્રત કરે છે; મનને અવ્યવસ્થિત સ્થિતિમાં મૂકી દે છે. આ સર્વે પદાર્થો અમારા જેવા સંત પુરુષોને ભ્રષ્ટ કરવાનાં પ્રબલ સાધન છે. મૈયા! એ દૂધનો કટોરો તેને આપ, કે જેની ઇચ્છા છે, જે માયામાં તલ્લીન છે, જેને ભેદાભેદનું જ્ઞાન નથી, સત્ય વસ્તુને જે સમજતો નથી."

દાસી ઘણા ગુસ્સાથી બોલી–"ત્યારે મહારાજ! તમે શું ખાશો? દૂધ નહિ, ઘી નહિ, પકવાન્ન નહિ, શાક તરકારી નહિ, દૂધપાક નહિ, શીખંડ નહિ, પુરી નહિ, ત્યારે ખાશો શું ધૂળ?" કંદર્પહર જો સાધારણ સંતના જેવો હોત તો તે દાસીના મુખથી આવાં કૂર વચનો સાંભ-

ળતાંજ, ક્રોધને વશ થઈ જાત; મન્યુહર પણ આ દાસીના તિરસ્કારનાં વચન સાંભળીને છછણી પડત; પરંતુ કંદર્પહર એ સર્વેના કરતાં પણ શ્રેષ્ઠ હતો. તેણે સ્મિત કરતાં દાસીને કહ્યું; "બેટા! ધૂળ ખાનેકી હી મેરી ઇચ્છા હૈ. મેરે બાસ્તે બજરી કી એક બડી રોટી, ઔર જરાસી મુગકી દાળ લાના! હમેરે બાસ્તે વોહી ભોજન અચ્છા હૈ." દાસી તો ઋષિરાજનાં વચન સાંભળતાં, મનમાં ને મનમાં હજારો ગાળો દેતી, ત્યાંથી ચાલી ગઈ ને વિચારવા લાગી કે; "આ મુવા બુડથલ સાથે મારી બાઇને કેમ ફાવશે? મુવું જંગલના ઢોર જેવું ઢોરજ. રે ઢોરે સારું કે તે પણ આ પકવાન્નો ચવડ ચવડ ચાવી જાય, પણ આ મુવો તો તેથીએ નપાતર! પકવાન્નો તો આ ઢોરને ભાવતાં નથી, દૂધ તો ગળામાં ખૂંચે છે, પાન તો કઠણ પડે છે ને અત્તરની સુગંધથી તો બેશુદ્ધ થાય છે! રે સુગંધીથી તો નાકને ફેફરું આવે છે! રડ્યા ભૂતને તે વળી શાનું ભાન હોય? મુવાં જંગલનાં ઢોર તે ઢોર જ!" આમ બબડતાં ફફડતાં અરધી કાચી પાકી મગની દાળનું તબડકું અને ચાર ઢાકળાં ભેગાં કરવાથી જાડો થાય તેવડો જાડો રોટલો અને તે પણ શેકીને એવો તો લાકડાના જેવો બનાવ્યો હતો કે ભીંત સાથે અફાળ્યો હોય તો ભીંત ભાંગે, પણ રોટલાની કોરને ખાંપણ ન આવે, એવો રોટલો થાળીમાં ઝીંકીને, ઋષિદેવના મુખ આગળ લાવી મૂક્યો. પ્રસન્ન મુદ્રાથી ઋષિરાજે કહ્યું; "અરે મૈયા! હમારે ઢોર કે લીયે ઐસાહી ભોજન ચાહીએ. એ બડી અચ્છી રોટી હૈ! એસીહી રોટી ખાનેકા હમકુ અભ્યાસ હૈ!" એટલામાં ગણિકા પિંગલા ત્યાં આવી પહોંચી. ઋષિદેવને પૂર્ણ પ્રેમથી બાજરાનો રોટલો ને મગની દાળ ખાતાં જોઇને, તેના પેટમાં તો આકુળવ્યાકુળ થઈ ગયું. આ વખતે ઋષિદેવ એવા પ્રેમથી તે રોટલાનું પ્રાશન કરતા હતા ને રોટલાની સ્તુતિ કરતા હતા કે, તે જોઇને પિંગલાને તો પગથી તે માથા લગી ઝાળ ચઢી ગઈ અને દાસીને જોડે લઇને એકદમ ત્યાંથી ચાલી ગઈ.

પછી પિંગલા બોલી; "અલિ મનોહરિ નિપુણિકા! આ મુવા બુડથલને લાવીને તેં શું મારું કલ્યાણ કરવા ધાર્યું છે કે? જાણે મુવું જંગલનું રોઝ. નથી આવડતું ખાતાં, નથી આવડતું પીતાં, નથી આવડતું બોલતાં, નથી આવડતું બેસતાં, નથી ગમતું સુતાં ને નથી આવડતું વાર્તાચિત કરતાં! અલિ જોની! ઘડી ઘડી મૈયા શાનો કહી મરે છે?

મેં તો જાણ્યું કે, મારો ઘણા દિવસનો મનોરથ એનાથી પૂર્ણ થશે ને આ જીંદગીને સાર્થક કરીશ; પરંતુ એ મુવા ઢોરે તો મને છક્ક જ કરી નાંખી છે. એનાથી કંઈ મારો શુક્રવાર વળે એમ મને લાગતું નથી."

દાસી બોલી; "બાઈ સાહેબ! તમે જરાય ગભરાતાં નહિ. આ મંદિરમાં તમારાં દર્શને પધારેલો એવો કયો માઈનો પૂત છે કે, જે સાંગોપાંગ તમારાં ચરણકમળનો પ્રસાદ ચાખ્યા વિના જઈ શકયો હોય? તમારાં નેનબાણ એવાં તો વજ્રબાણ છે કે, તેનાથી ભલભલા સાધુ-ઓનાં અને મુનિઓનાં મન ડોલાયમાન થઈ ગયાં છે; તેમનાં સાધુ-પણાનાં ગૌરવ ગળી ગયાં છે-તો આ સાધુડો તે કયા હિસાબમાં! એ શું જાણતો નહિ હોય કે, આ ગણિકાનું મંદિર છે? એટલું છતાં એ ચાહી ચાલીને આ મંદિરમાં આવ્યો છે, તે શું તમારી મનઃકામના સિદ્ધ કર્યા વગર અહિંથી એક પણ ડગલું પાછું ભરશે? નહિ જ. વળી મેં એને મુખે કપટી પ્રતિજ્ઞા કરાવી છે. રાત વાસો રહ્યો છે;-રહેવાની પૂર્ણ કાળજી બતાવી છે, તે અકસ્માત્ અહિંથી છટકી જાય, એ ન ભૂતો ન ભવિષ્યતિ જ જાણો. એ જોગટાઓ તો મૈયા મૈયા કહેતાં મૈયાનાં પાદકમળનું સેવન કરનારા બની જાય છે! કઢૈયા દૂધનું પાન નહિ કરે, પણ અધરામૃતનું પાન કરશે. મત્સ્યેન્દ્ર જેવા યોગી, સ્ત્રીના અધરામૃતના પાનમાં લીન થઈ ગયા હતા તો એ તે કોણ દેહરામાંનો દેવ! જુઓ તો ખરાં, ચાર દહાડામાં એને હું ઠેકાણે લાવી નાંખીશ. પરંતુ તમે પણ જરા ઠઠારો ઠીક રાખો. તમારો છમછમાટ બતાવો ને ધીરજથી પીગળાવો."

હિમગિરિના મહાત્માએ સુવિચારને સંબોધીને કહ્યું; "હે વત્સ સુવિ-ચાર! આ જગતની નૈસર્ગિક બુદ્ધિ જ એવી છે કે, ગમે તેવા મહા-ત્માને પણ તે જગતના પ્રાકૃત પુરુષોના જેવો જ સમજે છે. નિર્વિકલ્પ સમાધિથી અદ્વૈતનું જ્ઞાન પ્રાપ્ત કરેલા સૌજન્યશીલ પુરુષના હૃદયમાં પણ અજ્ઞાનની ગાંઠ દૃઢ બંધાયલી છે એમ માનીને, જગતના પ્રાકૃત પુરુષના જેવો ગણી, તેને વ્રતભંગ કરવા ક્ષુલ્લક પ્રાણી પ્રયત્નશીલ થાય છે, પરંતુ શાંત, જિતેન્દ્રિય, ઉપરામ પામેલો, ક્ષમાશીલ, નિત્ય પરબ્રહ્મના ધ્યાનમાં લીન થયેલો અને બ્રહ્મભાવને પામેલો બ્રહ્મવેત્તા, પોતાના બ્રહ્મભાવના નિશ્ચયમાંથી ક્ષણભર પણ ચલાયમાન થતો નથી-જગતની નાશવંત લીલાને તે જ્ઞાનદીપકના પ્રકાશથી હાંકી કાઢે છે; તે ક્રિયારહિત ને વિકલ્પરહિત બનીને બ્રહ્માકારવૃત્તિમાં જ સ્થિર રહે છે;

તેનાં નેત્ર, શ્રોત્ર, જિહ્વાદિ ઇન્દ્રિયો,–મૃતવત્ કાર્ય કરે છે ને સર્વ દૃશ્ય પદાર્થોનો ચિદાત્મામાં લય કરી, પોતે જગતને તરી જાય છે. એટલું જ નહિ; પરંતુ માયામાં લદબદ થયેલા જીવને તારીને, તેને પણ સન્માર્ગે ચઢાવે છે. હે વત્સો! જગતમાં વિચરી તમારે પણ એવા જ અદ્વૈતરસના આનંદનો અનુભવ કરી કરાવીને જીવન્મુક્ત રહી, અનાદિ અવિદ્યાએ કરેલા અંધકારનો, સ્વસ્વરૂપની એકતા જોઇને, એમ જ નાશ કરવો. જગત્ તરવાનું એ જ સૌથી શ્રેષ્ઠ સાધન છે.

પિંગલા પોતાના મનમાં અનેક પ્રકારના મનોરથો ઘડ્યા કરતી હતી. તેટલામાં સંધ્યાકાળ થયો. કંદર્પહરે સાયંસંધ્યા કીધી કે તુરત જ પુનઃ એક સુવર્ણના થાળમાં જાત જાતનાં મધુર ફળ ફળાદિક તથા દૂધ લઇને દાસી આવી અને કંદર્પહરને સ્વીકારવા માટે વિનતિ કીધી. કંદર્પહરે પુનઃ તેનો અનાદર કીધો. એટલામાં પિંગલા ત્યાં આગળ આવી પહોંચી. આ સમયનું પિંગલાનું સ્વરૂપ દેવદાનવને છળનારી–વિસ્મૃતિ કરાવનારી મોહિનીને પણ પાણી ભરાવે તેવું હતું. તેણે ઊંચા ઊંચા શૃંગારો શરીરપર ધારણ કીધા હતા, કપાળમાં ઝીણી બીનકી શોભી રહી હતી, ચિત્તને આકર્ષણ કરે તેવો હીરાનો હાર કંઠમાં ઝગઝગી રહ્યો હતો, પગમાં ઝણઝણાટ કરતાં નૂપુરો પહેર્યાં હતાં, નાકમાં પાણીદાર મોતીની વાળી દોલાયમાન થઈ રહી હતી, રંગ બેરંગી તસતસતી ચોળી પહેરી હતી, શરીરપર અંગ પ્રત્યંગ દેખાય એવું બારીક ગુલાબી અંબર પહેર્યું હતું, આંખમાં ઝીણું અંજન આંજ્યું હતું, અધરોષ્ઠ લાલ બિમ્બ જેવા દીપી રહ્યા હતા, સેંથાના મધ્ય ભાગમાં સિંદુરની ઝીણી રેખા કરેલી હતી, નેત્ર હરિણીના નેત્રોની પેઠે ચંચળ હતાં, સ્તનોનો ભાગ હાથીના કુંભસ્થળની માફક ઉન્નતપણાંથી યૌવનના અભિમાનને દર્શાવી રહ્યો હતો. તે કટાક્ષથી ઘણાંજ તીવ્ર બાણ મારતી, કંદર્પહરની સન્મુખ આવીને ઉભી રહી અને પરમ ભક્તિભાવને દર્શાવતી હોય તેમ કંદર્પહરને પ્રણામ કરતી સન્મુખ જઇને બેઠી. "મહારાજ! દેવ! આપ જેવા મહાત્મા પુરુષનાં મારે ત્યાં પગલાં થયાં, એ હું મારું અહોભાગ્ય સમજું છું, પરંતુ મારા પૂર્વજન્મના કોઈ કુસંસ્કારને યોગે, આપ મારી અલ્પ ભેટનો અસ્વીકાર કરો છો, તેનું કારણ હું સમજી શકતી નથી. હે કૃપાનિધે! મારા પ્રતિ દયા કરીને આ થાળમાંથી આપ ઇચ્છામાં આવે તે વસ્તુને ગ્રહણ કરીને મને પાવન કરો!" વગેરે

લવલવાટ કરવા લાગી. કંદર્પહરે કહ્યું; "હે મૈયા! મેં તને પ્રથમ જ કહ્યું છે કે, અમારા જેવા સંત પુરુષોને આવાં મિષ્ટ પદાર્થો ઝેર સમાન છે. એ પદાર્થો ખવરાવીને તું મારું મૃત્યુ કરવાને ઈચ્છે છે, તો તારી મનઃકામના હું કેમ તૃપ્ત કરી શકીશ? અમે તો જંગલના રહેનારા, ઝાડપાનપર નિર્વાહ કરનારા છિયે. કંઈક કર્મના યોગે તારા મંદિરમાં આવ્યા છિયે, ત્યારે અમારા નિત્યના નિયમમાં વિક્ષેપ કરાવી-વિઘ્ન લાવીને તું પાપની ભાગિણી મા થા!" કંદર્પહરનાં વચન સાંભળીને, નેત્રથી દાસીને થાળ પાછો લઈ જવાની પિંગલાએ સંજ્ઞા કરી. દાસી તુરત થાળ લઈને ચાલી ગઈ. પ્રસંગ કટાકટીનો હતો. પિંગલાનું યૌવન પુર મસ્તીમાં આવી રહ્યું હતું, મન્મથનો થનથનાટ મચી રહ્યો હતો. થોડો કાળ બન્ને એક બીજાના મુખ સામુ ટગર ટગર જોઈ રહ્યાં. પછી કંદર્પહર મુખથી પ્રણવનો જાપ જપવા લાગ્યો. પરમેશનું સ્વરૂપ થનથનાટ કરતું તેની સામે આવી ઉભું રહ્યું. પિંગલાનું સ્વરૂપ દિગંતમાંથી નાશી ગયું. તેની દૃષ્ટિમાં પિંગલા ન હતી, એક બ્રહ્મના સ્વરૂપમાં તે એક્તાર થયો હતો. પિંગલાની દૃષ્ટિ નિર્મળ ન હતી; તેની દૃષ્ટિમાં જ નહિ, પરંતુ તેના અંગોઅંગ, મન, ચિત્ત, બુદ્ધિ એ સર્વ સ્થળે કંદર્પહર રમણ કરી રહ્યો હતો–રગેરગમાં કંદર્પહર વ્યાપેલો હતો. ભવનમાં, પદાર્થમાં, પ્રકાશમાં, અવકાશમાં, અંધકારમાં, સર્વત્ર કંદર્પહરનું જ રૂપ દૃષ્ટે પડતું હતું. તે પંડે પણ કંદર્પહરરૂપ બની ગઈ હતી. તારામૈત્રક ચલાવવાનો પ્રયત્ન થયો, પણ વ્યર્થ. ધીમે ધીમે કંદર્પહરના મુખની નિઃસ્પૃહતા જોઈ તે શિથિલ થતી ગઈ. હવે તેનું હૃદય ધડક ધડક થતું હતું; તેના પગ ને હાથ ગુપ્ત રીતે કંપતા હતા; શરીર ઉપર પ્રસ્વેદ વળ્યો હતો; તેના મનમાં ચટપટી લાગી રહી હતી કે, એકદમ દોડીને કંદર્પહરને વળગી પડું! આવો તેનો ભાવ જાણતાં જ, કંદર્પહરના અંગોઅંગમાંથી એક જાતનો દિવ્ય પ્રકાશ તેની દૃષ્ટિએ પડ્યો કે પિંગલા દિંગ થઈ ગઈ–ઠરી જ ગઈ–તેનો પગ ઉપડ્યો નહિ, નૂપુરનો મંદ છછણાટ પણ સંભળાયો નહિ! આ પ્રકાશથી તેનાં નેત્ર અંજાઈ ગયાં. તે મહાત્મા પુરુષના ઐશ્વર્યમાં તલ્લીન થઈ ગઈ. એક ક્ષણ એવો પણ વિચાર આવ્યો કે, મારા મનની પાપવૃત્તિને દૂર કરું; ક્ષણમાં એવો પણ વિચાર આવી ચાલી ગયો કે, આ કોઈ દિવ્ય મહાત્મા પુરુષ મને શાપ દેશે તો મારા સર્વ ઐશ્વર્યનો નાશ થશે. આવા વિચારથી તે દિઙ્મૂઢ બની ગઈ. તેની

ઇંદ્રિયો નિઃસત્વ થઈ ગઈ. પરંતુ વત્સ સુવિચાર! પ્રાકૃત મનુષ્યના સદ્વિચાર, તપેલી લોઢીપર પડેલા જળના કણ જેવા છે–તે કણને ઉડી જતાં વિલંબ લાગતો નથી, તેમ સદ્વિચારને નાશી જતાં વિલંબ થતો નથી. તેમજ પિંગલાની શુભ વૃત્તિઓ ક્ષણમાં આવી, ક્ષણમાં ક્ષીણ થઈ ગઈ, અને જેમ ઇંધન વિનાનો અગ્નિ, પોતાના સ્થાનમાં ને સ્થાનમાં સમી જાય છે, તેમ જ તેની શુભ ચિત્તવૃત્તિ પોતાના અધિષ્ઠાનમાં જ શમી ગઈ. તે પુનઃ માયામાં લપટાઈ જાજ્વલ્યમાન બની ગઈ. સમુદ્રનું પાન કરવું સહેલું છે, મેરુને ઉખેડીને મહાસાગરના તળીઆમાં ડૂબાડી દેવો સહેલ છે, દાવાનળને પ્રાશન કરવાને પણ જીવ સમર્થ થઈ શકે છે, પણ વત્સ સુવિચાર! ચિત્તનો નિગ્રહ કરવો, એ બહુ જ વિષમ છે. એટલા માટે પ્રત્યેક જીવે, તપશ્ચરણ કરી, શ્રીહરિના રૂપમાં લીન બની, પ્રાપ્ત થયેલાં બળને નિર્ગુણ કરી, વૈરાગ્ય આદિક સાધનો પ્રાપ્ત કરવામાં મચ્યા રહેવું ને ચિત્તજય કરવો. પ્રાકૃત જ નહિ, પણ જ્ઞાનશીલ જીવે પણ, માતા, બેન, પુત્રી, કે બીજી કોઈ સ્ત્રીની સાથે એક શય્યા કે એક આસન ઉપર બેસવું નહિ; તેમ એકાન્ત પણ કરવી નહિ. ઇંદ્રિયો એવી તો બળવાન્ છે કે, તે ગમે તેવા વિદ્વાન્ કે સંતને પણ અસન્માર્ગ તરફ ઘસડી જાય છે. જે જીવ પરદારાપર માતા જેવી, પરદ્રવ્યપર મૃત્તિકા જેવી અને પ્રાણીમાત્રપર પોતાના જેવી દૃષ્ટિ રાખે છે, તે જ જીવ આ લોક અને પરલોકને જિતી શકે છે અને યથાર્થ બ્રહ્મભાવને પામીને નિર્વિકલ્પનિજાનંદના સ્થાનને પ્રાપ્ત થાય છે ને એ જ જીવ જીવન્મુક્ત બને છે. મૃગ, હાથી, પતંગ, માછલાં ને ભમરાને એક એક ઇંદ્રિયો છે, ને એકેકથી એકેક વિષયનો સ્વાદ લે છે; છતાં એકથી જ વિનાશ પામીને પોતાનું અકલ્યાણ વહોરી લે છે, તો પાંચ ઇંદ્રિયોથી ઘેરાયલો પુરુષ, કેમ સુરક્ષિત રહી શકે? નિશ્ચય તે વિનાશને જ પામે. સુગંધભોગી ભમરો, નાસા ઇંદ્રિયનો સ્વાદ લેતાં કમળમાં બંધાઈ જાય છે; સ્વાદભોગી મીન, જિહ્વારસને લીધે ગળ ગળવા જતાં મૃત્યુને પામે છે; રૂપપર મોહી પડેલું પતંગ, દીપકની જ્યોતિમાં ઝંપાપાત કરીને મૃત્યુને પામે છે; હાથી જેવું મહાન્ પ્રાણી પણ, કામાતુર થવાથી હંમેશાંના અંકુશોના પ્રહારો સહન કરવાનો ભોગી બને છે; સંગીતભોગી મૃગ, સંગીત ઉપર લોભાઈ જઇને મરણશરણ થાય છે. આ પ્રમાણે એક એક ઇંદ્રિયના ભોગી પ્રાણીઓ પણ જ્યારે મરણ પામે છે; ત્યારે જે પુરુષો

પાંચ ઇંદ્રિયોથી ઘેરાઈ ગયા છે, તેમના મોક્ષનો તો માર્ગ જ ક્યાં છે?

કંદર્પહરની સમીપ પિંગલા પોતાનાં નખરાં બતાવતી ને નેણુ બાણુ મારતી બેઠી છે. તેણે ધીમે ધીમે કામોદ્દીપન સંગીતનો આલાપ કરવા માંડ્યો; બહુ મધુર ગાન આરંભ્યું. ગાનના પ્રત્યેક શબ્દો શૃંગારથી ભરપૂર હતા. વિરહની વ્યથાનું તેમાં સ્વરૂપ દર્શાવ્યું હતું. શબ્દે શબ્દે મદનને મસ્ત કરાવ્યો હતો. જે ગાનના આલાપથી શંકર જેવા એકનિષ્ઠ બ્રહ્મવેત્તા લીન થઈ ગયા હતા ને ભીલડીના ભોગી બન્યા હતા, તેવા ગાનથી, કંદર્પહરના હૃદયનો વિંધવાને પિંગલાએ પ્રયત્ન આરંભ્યો. પણ કંદર્પહર તે કંદર્પહર જ હતો. પિંગલાના ગાનની તેને કંઈ પણ અસર થઈ નહિ. તે પદ્માસનવાળી નવ નાડી ને દશ ઇંદ્રિયોનું સંયમન કરી એવી તો આનંદજનક સમાધિમાં પડ્યો હતો કે, તેના હૃદય પ્રદેશના કોઈ પણ સ્થાનમાં ગાનને માન મળ્યું નહિ. પિંગલાની ચેષ્ટા અકારથ ગઈ. તેનું હૃદય તુટી પડ્યું; કેમકે કંદર્પહરની સમાધિ શ્રેષ્ઠ હતી–તેની દૃષ્ટિ કેવળ બ્રહ્મમય હતી; તેના કર્ણ પણ બ્રહ્મમય હતા, તેનું હૃદય સંકલ્પ વિકલ્પરહિત હતું, તેની ઇંદ્રિયો તેને જ વશ હતી. તે જરા પણ ચલાયમાન થયો નહિ. ધીરે ધીરે પિંગલાને નદ્રાદેવીએ ઘેરવા માંડી, નેત્રો ભારે થઈ ગયાં. આખરે તે કંટાળીને ત્યાંથી ઉઠી ચાલી ગઈ. મનમાં બબડતી ગઈ કે, "જોઉં તો ખરી, એ જોગટો ક્યાં સૂધી આવા ઢોંગ ચલાવ્યા કરે છે!"

આ પ્રમાણે પાંચ સાત દિવસ પિંગલાએ બ્રહ્મવેત્તા–કામજિતને મોહિત કરવાનો પ્રયત્ન કર્યો. પણ કંદર્પહરને મોહિત કરવામાં તે સફળ થઈ નહિ. એક દિવસ તેના મનમાં વિચાર થયો કે, "મેં નૂતન નૂતન નાચ નખરાં કીધાં, નેણુ બાણુ પણ સચોટ માર્યાં, અંગ પ્રત્યંગો બતાવી, પંઢને તેજી આવે તેવો મોહ કીધો, પણ એ જોગટો વશ થતો નથી. મારી ગતિ એ જાણી ગયો. મેં વેશ્યાપણું દાખવ્યું, પણ નિષ્ફળ. મારા મનની નિર્બળતા જાણી ગયા પછી, એ પોતાનું માહાત્મ્ય ગાશે. સૌ મને ફીટ ફીટ કરશે–એ વંદાશે ને હું નિંદાઇશ, એ મને હસશે લોકોમાં ને એના પોતાના ટોળામાં મને નિંદશે! પણ હું એને ફાવવા દઇશ નહિ. આ પિંગલાના રૂપપર અનેક પુરુષો પ્રાણ પાથરે છે; અનેક પુરુષો આ પિંગલાના હાથની પાનની બીડી લેવા માટે હજારો ને લાખો રૂપિયા ઓવારી નાંખે છે; મુજ સંગે એક શય્યાપર ક્ષણભર રમણ

કરવાને, ખુદ રાજપુરુષો પણ પોતાનાં રાજકાર્યો ભૂલી જઈને, દિવસોના દિવસો સૂધી મારા કેદખાનામાં પડ્યા પાથર્યા રહે છે, તેવી પરમ સુંદરીની આ જોગટો દરકાર કરતો નથી! એ પોતાના મનમાં મારો ઉપહાસ કરે, એ હું સહન કરી શકતી નથી. આજ રાત્રિના એ મારી ઇચ્છા તૃપ્ત કરશે નહિ, તો એને હું ધૂળ ચાટતો જ કરીશ!"

હવે પિંગલાનો પ્રેમ ક્રોધના રૂપમાં બદલાઈ ગયો. રે! વેશ્યાનો તે પ્રેમ શો? તેનું તે વહાલ શું? તે તો વિષયની લોંડી છે; દ્રવ્યની દાસી છે. જો કે પિંગલા આવી કામની લાલસાવાળી પૂર્વે કદી પણ બની ન હતી, પણ જ્યારથી તેની દૃષ્ટિ કંદર્પહરપર પડી, ત્યારથી તે 'માન' શબ્દ જ ભૂલી ગઈ હતી. જેનું માન નષ્ટ થયું હોય છે, તે પ્રતિષ્ઠાનું સ્વરૂપ પણ ભૂલી જાય છે. પિંગલાની પણ તે જ દશા બની ગઈ છે. તે કામની દાસી બની ગઈ છે. એના મનમાં, તનમાં, સર્વત્ર કામ વ્યાપી ગયો છે. કામ એટલે દૂર રહેલા વિષયોની તૃષ્ણા અને વશ એટલે સંગાદિકની અભિલાષા. કામવશ જીવની સ્થિતિ એક સરખી રહેતી નથી. તૃષ્ણા ને અભિલાષા નાશ પામવાનો સમય આવે છે, ત્યારે તે જીવ મૂઢ બનીને ક્રોધને આધીન થઈ જાય છે. એ જ સ્થિતિ અહુણાં પિંગલાની બની ગઈ છે. તેનો પ્રેમ એ પ્રેમ જ ન હતો. તે માત્ર વિષય સેવનની જ દાસી હતી. જેની ઇચ્છા વિષયથી તૃપ્ત થવાની જ હતી, તેના હૃદયમાં વિશુદ્ધ પ્રેમ જેવું હોય જ ક્યાંથી? અને એવી અબળાને કંદર્પહરના વિશુદ્ધ સ્વરૂપનું જ્ઞાન તે ક્યાંથી હોઈ શકે?

આજે પિંગલા કામ–ક્રોધથી આંધળી બની ગઈ છે. જેમ જેમ રાત્રિનો સમય સમીપ આવતો ગયો, તેમ તેમ તે વધારે અધીરી બનતી જાય છે. આજે જો કંદર્પહર તેની ઇચ્છાને આધીન ન થાય તો તેના પ્રાણ લેવાનો એ ગણિકાએ નિશ્ચય કીધો છે. એક તીક્ષ્ણ ખંજર પોતાની પાસે છૂપાવી રાખ્યું છે. તે આખા દિવસમાં તેને ખાવું પીવું પણ ભાવ્યું નહિ, જંપીને બેઠી પણ નહિ, આવરીબાવરી–આકુલવ્યાકુલ બની ગઈ છે. તે વિહ્વળ થઈ ગઈ છે! તેને કંદર્પહરની જ લેહ લાગી છે. રાત પડી, અંધકાર વ્યાપી ગયો. પિંગલાના હૃદયમાંએ અંધકાર વ્યાપ્યો. મહાત્મા કંદર્પહરના મંદિરમાં તેની આજ્ઞા પ્રમાણે એક જ ઝાંખો દીવો બળે છે, ત્યાં પિંગલા પોતાનું મોહકપણું દર્શાવતી ગઈ. કંદર્પહર ઓંકારના જાપમાં જ એકતાર હતો. પિંગલાના નૂપુરનો ઝણઝણાટ તેણે

સાંભળ્યો નહિ, તેના પ્રતિ દૃષ્ટિ જ કીધી નહિ તો તેના સૌંદર્યપર તો લક્ષ જ શાનું આપે? પિંગલા રોષમાં–ક્રોધમાં હતી, બળતી જળતી હતી, તે ઠમકારો કરતી આવી. કંદર્પહર અડગ જ બેસી રહ્યો. પિંગલા પ્રણામ કરીને ઋષિદેવની સન્મુખ બેઠી. તેના હૃદયનો ભાવ મહાત્માથી ગુપ્ત ન હતો. પોતાના તરફ વિષયથી મસ્ત આંખે પિંગલાને નિહાળતી જોઈને, મહાત્માએ કહ્યું; "મૈયા! તારું કલ્યાણ થાવ!" પિંગલાને આ શબ્દો વજ્રસમાન લાગ્યા. તે ક્રોધ કરીને બોલી;–"અલ્યા એ જોગટા! આજે મૈયા બૈયાની વાત દૂર મૂકી દે. તું મોટો મહાત્મા છે તે મેં તને જાણ્યો છે! આ ઘરમાં તું આવ્યો, ત્યારે તેં શી શરત કીધી હતી, તેનું સ્મરણ થાય છે કે?" મહાત્માએ કહ્યું; "મૈયા, હૈ!" પિંગલા બોલી;–"ચાલ! આજે તે પ્રતિજ્ઞા પૂર્ણ કરી મારી ઈચ્છા તૃપ્ત કર!" મહાત્મા બોલ્યા; "મૈયા! તારી ઇચ્છા તૃપ્ત થઈ ચૂકી છે, તું શા માટે આવરીબાવરી બની જાય છે?" આ સમયે પિંગલાને રગે રગે કામ વ્યાપી ગયો હતો. તેણે એકદમ ઉભી થઈને ઋષિરાજનો હાથ પકડ્યો ને કહ્યું; "હે મહારાજ! મારા વહાલા! મારા પ્રાણ! આપ ચાલો પલંગપર! મારા જીવને તૃપ્ત કરો! ને ચાવડાવેડા મૂકી દો!" એમ કહીને સંતનો હાથ ખેંચ્યો. ઋષિએ કહ્યું; "મૈયા! ધીરજ ધર! તારી ઇચ્છા તૃપ્ત થશે જ! તું શા માટે ઉતાવળી બને છે. આજે ઉતાવળ શી છે?" ઋષિરાજનાં આ વચન સાંભળતાં પિંગલા ક્રોધાંધ થઈ ગઈ. ક્રોધથી સંમોહ થઈ ગયો. કર્મેન્દ્રિયોને ઉદ્ધત બનાવી દીધી, મનથી જ વિષયોમાં લદબદ થતી ગઈ, તેનું મન સાવ મૂઢ બની ગયું, તે મિથ્યાચારી બની ગઈ. તે પોતાના, તેમજ ઋષિના રૂપને ભૂલી ગઈ, અને ખંજર કાઢી ઋષિને હડસેલો મારી પાડી નાંખ્યા, અને પછી કહ્યું; "અલ્યા સાધુડા! આજે કેટલા દહાડા થયાં મને છેતર્યા કરે છે, પરંતુ આજે હું છેતરાવાની નથી. તું આજે જો મારી ઇચ્છા તૃપ્ત કરીશ નહિ, તો હું તને આ ખંજરથી મારી નાંખીશ!"

સંતે જોયું કે સમય કટાકટીનો છે. આ દુષ્ટ અબળા, સબળા થઈને મારો ઘાત કરતાં ક્ષણભર પણ વિચાર કરશે નહિ; અને ઘાત થયો કે ગુરુવર્યે જે આજ્ઞા કરી છે તે પૂર્ણ થશે નહિ. તેણે સામોપચારની શરુઆત કરી. "હે વિવેકી અબળા! આ એક સંત પુરુષના પ્રાણની હાનિ કરવાથી તારી કામના પૂર્ણ થતી હોય તો તેમ ભલે કર! પણ

આવી એક વાત યાદ રાખજે. તું જે ઘોર પાપ કરવાને તૈયાર થઈ છે, તેથી તારી કામના પૂર્ણ થશે નહિ, પણ ઉલટી તું પાપભાગિણી થઈ, આ જન્મે, પૂર્વ જન્મના કુસંસ્કારને યોગે તને ગણિકાપણું પ્રાપ્ત થયું છે ને કોઈ સુસંસ્કારને યોગે મોટું ઐશ્વર્ય પ્રાપ્ત કીધું છે તેને બદલે, ઉત્તર જન્મમાં તારે નરકમાં જ પડવાનું રહેશે!" પૂર્ણ તિરસ્કાર દર્શાવતી પિંગલા બોલી; "અલ્યા સાધુડા! મને નરક બરકનો જરાયે ભય નથી, તારી સાથે ક્રીડા કરવાથી નરકપ્રાપ્તિ થતી હોય તો ભલે થાય–એ નરકનું દુઃખ મને સ્વર્ગના સુખ સમાન થશે! તારી અનુપમ કાંતિ જોઈનેજ મેં મારા બંને મંદિરિયામાં તને નિવાસ આપ્યો છે, ત્યાંથી તું કેમે કર્યો ખસતો નથી, ને મારી કામનાએ પૂર્ણ કરતો નથી; તો કાં તો આજે મને તૃપ્ત કરી, તારી પ્રતિજ્ઞા પાળ, નહિ તો જમલોકમાં જા! જે સ્ત્રી હજાર કે લાખની દોલત આપવા છતાં પણ અપ્રાપ્ય છે, તે તારી સેવામાં તૈયાર છે, તે તારી કીસ ગણતીમાં જ નથી કે? તેં વચન આપ્યું છે કે, મારી કામના પૂર્ણ કર્યા વગર હું અહિંથી જઇશ નહિ. તે મારી કામના ક્યારે પૂર્ણ કરશે? આજ આઠ આઠ દહાડા થયાં હું તારી શુશ્રૂષા કરું છું, પ્રાર્થના કરું છું, વિનવણી કરું છું, પગે પડું છું, તે કશાની પણ સ્પૃહા કર્યા વિના, તું બગભક્તની માફક મૈયા મૈયા બક્યા કરે છે, તો શું તારા બાપનું બોડાવવાને અહિં આવ્યો છે? ચાલ પલંગપર, નહિતર હમણાં મારી નાંખીશ!" એ સમયે પિંગલાનું લાવણ્ય નાશી ગયું હતું. તે રાક્ષસીનું રૂપ ધરીને હાથમાં ખંજર પકડી ઉભી હતી, તેની આંખો લાલ હિંગળોક વર્ણી થઈ ગઈ હતી, જમણા હાથથી સંતની ગરદન ઝાલેલી હતી અને બોલતી હતી કે, "જો આ ક્ષણે પલંગપર નહિ ચાલશે, તો મારી જ નાંખીશ!" ઋષિએ જોયું કે, પિંગલા સમજે એમ નથી. કામાતુર મનુષ્યને ભય કે લજ્જા હોતી નથી; અર્થીને ભાઈ કે ભાઇબંધ હોતો નથી. અહો! આ જગતમાં મોટા મોટાને પણ ચલાયમાન કરનાર સ્ત્રી છે; તેનું શસ્ત્ર અનિવાર્ય છે; તે છતાં મૂઢ મતિઓ તેને અબળા કહે છે.

પિંગલાનું સબળપણું જોઈ, અબળ બની, કંદર્પહર ઉભો થયો. પલંગ તરફ ચાલ્યો. પિંગલા આનંદ પામી. તેનો ક્રોધ ધીમે ધીમે ઉતરવા માંડ્યો; શાન્ત બની, હસી, પ્રસન્નવદની જણાઈ, એટલે ઋષિ બોલ્યા,–"હે પિંગલા! હું ગુરુદેવની પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, તારી

ઇચ્છા પૂર્ણ કર્યા વગર હું અહિંથી જઇશ નહિ!" પિંગલાએ કહ્યું; "સ્વામીનાથ! પ્રાણથી પણ અધિક પ્યારા! મારાથી જો કંઈ અપશબ્દ બોલાયા હોય તો ક્ષમા કરજો!" પછી પિંગલા તુરત પલંગપર જઇને સુતી; ત્યારે ઋષિરાજ પલંગ સમીપ ઉભા રહી બોલ્યા; "પિંગલા! મારી એક વાત સાંભળ! આજથી આપણે નિત્ય એકજ પલંગપર શયન કરીશું; પણ જ્યાંસૂધી હું અહીં રહું ત્યાંસૂધી તારે અન્ય પુરુષની સાથે સંભાષણ પણ કરવું નહિ અને હું સુતાં સુતાં જે કથા તને કહું, તે કથા તારે સાંભળવી અને તે પછી તારી કામકેલિની ઇચ્છા અક્ષય રહે તો તેને હું પૂર્ણ કરીશ-પરંતુ તારે મારા અંગને અડકવું નહિ અને હું પણ તારા અંગને અડકીશ નહિ. જો તું મારા અંગને અડશે તો તત્ક્ષણે જ બળીને ભસ્મ થશે. માત્ર તારે મારી કથાનું જ લક્ષ્યપૂર્વક શ્રવણ કરવું."

પિંગલાએ મનમાં વિચાર કર્યો કે, બાવાજી ફસાયા તો છે; પણ જરાક ભાવ ખાય છે. પણ શી હરકત છે! ભલેને એ ગમે તેવી કથા કહે; પિંગલા તેમાં ફસાય ત્યારે તો થઈજ રહ્યું તો. એવી જ્ઞાનગોષ્ઠિઓ મેં બહુ સાંભળી છે. એક શય્યામાં સુતા પછી કોણ એવો મહાત્મા છે કે, જે પોતાનું બ્રહ્મચર્ય સાચવી શકશે? આજે એક શય્યાએ સુવાનું તો કબૂલ કીધું! એટલો તો ફસ્યો! કાલે લટ્ટુજી ન બનાવું તો પછી મારું નામ પિંગલા જ નહિ. કાલે નહિ તો ચાર દહાડા પછી પણ બાવાજી વિલાસ ભોગવવાને તૈયાર થઈ જશે. વિશ્વામિત્ર અને પરાશર જેવા સ્ત્રીના સૌંદર્યમાં લુબ્ધ થઈ ગયા છે, તો એના તે શા ભાર? અહુણાં તો જેમ કહે તેમ હા હા કહો; કેમકે જો વધારે ભય બતાવીશ તો એ કદાચ એકાદ દહાડો સુખ ભોગવાવી ચાલ્યો પણ જાય. એમ વિચાર કરીને તે બોલી; "મહારાજ! તમારી એમ ઇચ્છા છે, તો હું તેમ વર્ત્તીશ. આજથી અન્ય પુરુષ સાથે ભાષણ કરીશ નહિ, તમારી આજ્ઞા વિના તમારાં અંગનો સ્પર્શ કરીશ નહિ, તમારી કથાને લક્ષપૂર્વક સાંભળીશ. કેમ હવે તો રાજી છો ને?" કંદર્પહરે કહ્યું; "મૈયા, હું તારા ઉપર પ્રસન્ન છું ને મારી પ્રાર્થના છે કે, તારી કામના પૂર્ણ થાવ!" આમ કહીને કંદર્પહર અને પિંગલા એક શય્યામાં, એક બીજાના અંગનો સ્પર્શ ન થાય તેમ સુતાં.

## ડાહ્યું કોણ?

શય્યામાં સુતેલા કંદર્પહરે, ક્ષણભર વિચાર કરી, પિંગલાને કહ્યું;

હે સૌંદર્ય અને ડહાપણમાં શ્રેષ્ઠ પિંગલા! હું તને એક કથા કહું છું તે સાંભળી, તને યોગ્ય લાગે તો મારા પ્રશ્નનું ઉત્તર આપજે. એ ઉત્તરથી, લોકો તને ડાહી, ચતુર, કાર્યકુશળ કહે છે તેને તું યોગ્ય છે કે નહિ, તેનો નિશ્ચય કરી, તારી મનઃકામના પૂર્ણ કરીશ.

વિશ્વપુરી નામની અનેક વૈભવથી પ્રપૂર્ણ એક અલૌકિક નગરી છે. એ નગરીનો સ્વામી મહાસમર્થ, સકળકળા–વૈભવ–વિભૂતિ ઐશ્વર્યનું પરિમનિધાન છે. એ સ્વામીનું નામ પુરાણપુરુષ છે. તેના વૈભવમાં કશી ન્યૂનતા નથી. તેની શક્તિ એટલી અગાધ છે, કે તે ચાહે તે કરી શકે છે. એ નગરીના સ્વામીને બે પુત્ર છેઃ એકનું નામ રાજસલાલ ને બીજાનું નામ સાત્વિકલાલ. એક સમે પુરાણપુરુષે પોતાના તે પુત્રોને સમીપ બોલાવીને કહ્યું; "તમે પુખ્ત ઉમરે પહોંચ્યા છો માટે, મારા રાજ્યમાંની બે નગરીના તમને વહીવટદાર બનાવવા ઇચ્છું છું. બે નગરીમાંની એક નગરી અતિ અદ્‌ભુત છે, પણ ત્યાંની પ્રજા પોતાના સ્વામીના સ્વામી થવાનો સતત ઉદ્યોગ કરનારી ને ઉદ્ધત છે. જો તે પ્રજાનો સ્વામી જરા પણ ગાફલ રહે છે તો એ પ્રજા તેને પોતાનો દાસ બનાવી, બાજીગરના વાંદરાપેરે નચાવે છે ને છેવટે કેદમાં પણ પૂરે છે. પણ એ નગરીનો દેખાવ અતિ રમણીય છે, ત્યાં સદા થૈથૈકાર સંભળાય છે; લોકો હસતા રમતા ને સ્વચ્છંદી છે ને ભવનો સુશોભિત ને રળિયામણાં છે; પણ એ ભવનોવાળા નગરમાં જે ઝાઝો કાળ વસે છે, તે સ્વસ્વરૂપને વિસરી જાય છે ને તેથી મારી અવકૃપાને પાત્ર બને છે. બીજી નગરીનો દેખાવ, કંઈ પણ ઠાઠમાઠ વગરનો છે; તેમાંનાં ઘરો ખડખડ પાંચમ જેવાં છે; રહેનારી પ્રજા પણ ઠાઠમાઠ રહિત ને દેખાવે ઉદાસ છે ને તેને જોતાં જ પ્રથમ તો નિરાશા ઉત્પન્ન થાય છે. એ પ્રજા પૈસા ટકા વગરની, મૌજ કે આનંદ વિનાની, વાડી વિસ્તાર વિનાની, શૃંગાર વિનાની, પણ ડાહી, ઠાવકી, બુદ્ધિમાન્, હિતાહિત જાણનારી, તેની ઇચ્છા પ્રમાણે વર્તવામાં આવે તો પરમસુખ આપનારી ને મારી પ્રીતિ વધે તેવે માર્ગે પ્રવર્તનારી છે. તે પ્રજા પાસે મૌજનાં સાહિત્ય નથી. પ્રથમ તો તેનો સંગ કરતાં દુઃખ જ દેખાય તેવી તે પ્રજા છે. પ્રથમ નગરીની પ્રજા પૈસે ટકે ગબ્બર, રંગ રાગમાં ગુલતાન–મસ્તાન, વિલાસ વૈભવ ભોગવવામાં શૂરી પૂરી, પ્રથમ તો પોતાના સ્વામીની સેવક, પણ પછી સ્વામીની સ્વામી થઈ બેસવાની કામના કરનારી છે ને મારા પ્રત્યે

જેની ભક્તિ ન્યૂન, તેના સર્વ મનોરથ પૂરનારી છે. પણ તેને જે વશ થયા, તેને તે સંકટમાં નાંખનારી ને અનિવાર્ય દુઃખ દેનારી છે. તે ઘણી મોહક છે, રાજાને અનેક પ્રકારે લાડ લડાવનારી છે, આનંદનો દેખાવ દેનારી છે ને સદા થનથન કરનારી છે, પણ જ્યારે વિફરે છે ત્યારે રાજાને પણ કેદમાં નાંખે તેવી છે. બીજી નગરીનું નામ દૈવીસંપત છે; અને પહેલીનું નામ આસુરીસંપત છે. એ બે નગરીમાંથી જે ગમે તે તમારે સ્વાધીન લઈ સુખરૂપ રાજ કરો."

પુરાણ પુરુષનો નાનો પુત્ર લાલાજી હતો; મૌજી હતો; વિલાસી હતો. તેણે વિચાર કીધો કે, આપણે તો જ્યાં આનંદોત્સવ હોય ત્યાં જ રહેવું. આસુરીસંપતપુરીમાં જે આનંદધ્વનિ સંભળાય છે, તેવો દૈવીસંપતપુરીમાં નથી એમ પિતાજીજ કહે છે, તો પછી ત્યાં જવામાં લાભ શો? મોટા ભાઈ આસુરીસંપતપુરી માગે તો પણ આપણે તેને તે નગરીનું રાજ્ય આપવાના નથી, આપણેજ તે તો લેવાના. રાજસલાલે આસુરીસંપતપુરીનું રાજ સ્વેચ્છાથી સ્વાધીન કરી લીધું. બીજા પુત્ર સાત્વિકલાલ–મોટા બન્ધુએ દૈવીસંપતપુરીનું રાજ ઇચ્છ્યું હતું ને તે મળવાથી તે અતિ આનંદ પામ્યો. રાજસલાલને તેની ચતુરંગી પ્રજાએ થોડા વર્ષ તો એવો મૌજમાં મસ્ત કીધો, કે તે સર્વ આનંદનો ભોક્તા બની ગયો–એ પુરીને જ સર્વ આનંદનું સ્થાન ગણવા લાગ્યો; અનેક પ્રકારની મૌજ ભોગવવા લાગ્યો; પ્રજા પણ તેના કહેવાને 'જીહુક્મ' કરી જતી હતી. ધીમે ધીમે તે પ્રજાનો પૂર્ણ પ્રેમપાત્ર બની ગયો ને પછી તો પ્રજા જેમ કહે તેમ રાજ્ય કરવા લાગ્યો. તે નગરીના તુચ્છ આનંદમાં તે લદ-બદ થઈ ગયો ને ધીમે ધીમે પોતાને હાથેજ કેદની બેડીઓ તૈયાર કરવા લાગ્યો. છેવટે તે પ્રજાનો એવો તો દાસ બની ગયો કે, એક દિવસે પોતાની જ તૈયાર કરેલી બેડીમાં, તેની પ્રજાએ તેને જકડી લીધો ને પછી કહ્યું, 'તારા ભાવીમાં દુઃખ, હાનિ, આવર્જન વિસર્જન, ક્ષણિક આનંદ ને અનિવાર્ય દુઃખ જ છે તો તે ભોગવ'! એમ કહી, તેની પ્રજાએ એવા અંધકારમાં પૂરી દીધો કે, તેનો હજી સૂધી પત્તો જ લાગતો નથી, ને પોતાના પિતાશ્રી પુરાણ પુરુષનાં દર્શનનો તે ભાગી જ થઈ શક્તો નથી.

સાત્વિકલાલ, દૈવિસંપતપુરીની પ્રજાપર રાજ્ય કરવા લાગ્યો. એ પ્રજા નહિ હોંસીલી, નહિ વિનોદી, નહિ કોડીલી–કંઈજ નહિ. ત્યાં નાટ્યારંભે નહિ, ગીતગાને નહિ, આનંદે નહિ ને ઉત્સવે નહિ–ગ્રેગ્રી

લીલાએ નહિ ને ઝાઝાનો સમાગમે નહિ. તેની પ્રજા પણ ચતુરંગી હતી. પણ વિરાગી, દૃશ્યપર પ્રેમ રહિત, સત્ અસત્‌ના વિચારવાળી, સર્વને અભેદ દૃષ્ટિએ જોનારી હતી. છતાં તેના મનમાં-ચિત્તમાં-આત્મામાં જે આનંદ થતો, તે અલૌકિક હતો. જ્યાં પ્રેમ નહિ ત્યાં ભય કોનો? પ્રેમ જ ભય! ત્યાં પ્રેમ હતો, પણ નિર્ગુણ પ્રેમ હતો. નિર્ગુણ પ્રેમ એ અલૌકિક જ પ્રેમ છે. એવા અપ્રેમી-અભોગી દેખાતા, પણ ખરેખરા આનંદના સ્થાનમાં રહેલો સાત્ત્વિકલાલ પૂર્ણ આનંદથી એ પ્રજાનું પાલન પોષણ કરવા લાગ્યો ને જેમ જેમ તેને પાળતો ગયો, તેમ તેમ તેનું સામર્થ્ય વધતું ગયું. પ્રજા તાબે થતી ગઈ, તેમ તેમ તે બીજા મોટા રાજ્યનો સ્વામી થતો ગયો. એ રાજ્યો જિતતાં સાત્ત્વિકલાલને ઘણો શ્રમ વેઠવો પડ્યો ને તત્કાળ તો લાભ કશો જણાયો નહિ, પણ કાળ જતાં ને સમગ્ર પ્રજા સ્વાધીન થતાં, તે એટલો તો બળવાન્ થયો કે, તેનો પિતા પ્રસન્ન થયો ને તેને પોતાના રાજ્યપર સ્થાપી દીધો.

કંદર્પહરે પૂછ્યું; "હે પિંગલા! એ બે બન્ધુમાં બુદ્ધિમાન્ કોણ, ક્ષણિક આનંદનો ભોગી કે નિત્યાનંદનો ભોગી?"

પિંગલાએ કહ્યું; "એમાં તે વળી પ્રશ્ન શો? બુદ્ધિમાન્ સાત્ત્વિકલાલ જ તો! જે આનંદ હંમેશનો હોય, તે જ સાચો આનંદ છે. અહુણાં આનંદ જેવું જણાય ને ઘડી પછી ઉદાસ થવાય તે તે વળી આનંદ કહેવાય કે? એ તો મૂર્ખની ઘડીભરની મૌજ!" કંદર્પહરે કહ્યું; "તારું કલ્યાણ થાઓ! તેં યોગ્ય કહ્યું." થોડી ક્ષણ મૌન ધરી, પુનઃ સંતે કહ્યું; "પિંગલા! લોકો તને બુદ્ધિમતી ને શાણી કહે છે, પણ મને તો તું મૂર્ખની શિરોમણિ જણાય છે!" પિંગલા બોલી; "કેમ મહારાજ! તમારી ઇચ્છા હોય તો કહો તેને મારે વશ કરી, વાંદરા પેરે નચાવું, એટલું મારામાં સામર્થ્ય છે, તો હું મૂર્ખી કેમ?" "મૂર્ખી એટલા જ માટે કે ડહાપણમાં અનુપમ ગણાતા રાજા રાણા, જે લાખોને વશ કરનારા છે તે તારે વશ થાય છે, તેટલું છતાં એક ભીખારડા જોગટા, ઘેર ઘેર ને બારણે બારણે ભીખ માગી જેમ તેમ પેટ ભરનારા છે, વન વગડામાં રહેનારા ઢોર જેવા છે તેનાપર તું મોહી પડી છે! મને તો તારું ડહાપણ ધૂળમાં ગયલું જણાય છે, ને તને બુદ્ધિમતી ને શાણી કહેનારને મૂર્ખ શિરોમણિ હું માનું છું. તે વગર તું પેલા રાજસલાલ પેરે, ક્ષણિક સુખ ભોગવીને, સ્વહસ્તે જ કેદખાનામાં પડવા તૈયાર થાય નહિ. એ કેદખાનું

તે લગ્નબંધન નથી, પણ અનંત નર્કનું કેદખાનું છે; ત્યાં જવાની તું કેમ કામના કરે છે, જો ડાહી છે તો?" પિંગલા અબોલ રહી, ત્યારે સંતે કહ્યું; "તારી ઇચ્છા વિલાસ રમવાની છે તે રમ્યા પૂર્વે, હું જે કહું તે તું પુનઃ સાંભળ! તું રાજા રાણીની માનીતી છે, કોઇને પણ લેખામાં ગણતી નથી, ત્યારે મારાપર તું કેમ તુષ્ટમાન થઈ છે તે કહે. તને શાના ઉપર મોહ થયો છે? તને મારા રૂપપર મોહ થયો છે કે મારા મુખ-પર, નેત્રપર, અંગપર, હાથપર, કાનપર, નાકપર, શાના ઉપર તને મોહ થયો છે તે તું મને કહે, એટલે હું તેનાં સૌંદર્યનું તને ભાન કરાવું. જો તને મારા મુખપર મોહ થયો હોય તો આ મુખ કેવું છે તે જો! એમાંના દાંત કેવળ હાડકાના છે; એક દાંત પડ્યો તો તુરત ફેંકી દે છે. એ દાંત ઉપર તને મોહ થતો હોય તો લે આ દાંત; જીભ ઉપર મોહ થતો હોય તો આ જીભ પણ તારી સમીપમાં જ છે; નેત્ર ઉપર મોહ થતો હોય તો નેત્ર પણ તારી સમીપમાં છે. (આમ કહેતાં કહેતાં પોતાના યોગ બળવડે દાંત, જીભ, નેત્રની ગોખલી, પિંગલાને હાથમાં લઈ બતાવ્યાં.) તારી ઇચ્છામાં આવે ત્યાં સૂધી આને ભોગવ! આ હાડકાં, ચામડાં, માંસ, મજ્જા ને લોહીથી ભરેલાં, યંત્રની પેઠે ચાલતાં શરીરરૂપી પિંજરામાં તને શું સુંદર દેખાય છે? તેં આજ દિન પર્યંત સર્વ પદાર્થો ભોગવ્યા છે; તારા દેહ અને ઇંદ્રિયો નીરોગી રહ્યાં છે; રાજ અને વૈભવની તું ધણીરણી છે; આ રાજ્યમાં તારા જેવી બુદ્ધિમતી કોઈ પણ સ્ત્રી ગણાતી નથી, તેવી તું, કિયા પદાર્થ ઉપર મોહ પામી છે, તે મને કહે."

## દેહ મળમૂત્રનો ભંડાર!

પિંગલાએ કહ્યું; "હે સાધો! હું તમારી કાન્તિપર મોહિત થઈ છું." કંદર્પહરે કહ્યું; "જો કાન્તિપર તને મોહ થયો છે તો (શરીર બતાવી) કાંતિને ભોગવી તૃપ્ત થા." પિંગલા બોલી; "કાન્તિને શી રીતે ભોગ-વાય? રતિકેલિનું સ્થાન તો જૂદું જ છે, તેને ભોગવવાથી જ આનંદ પમાય છે-તૃપ્ત થવાય છે." સાધુએ કહ્યું; "તે ભોગવવાને તારે જોઇયે છે? લે તેને ભોગવ." પિંગલા બોલી; "એ તો જેમ ભોગવાતું હોય તેમ જ ભોગવાય. પુરુષો અને સ્ત્રીઓને એક બીજાના રતિકેલિના સ્થાનપર જ મોહ છે ને મને પણ એ જ ભોગ જોઇએ છે." કંદર્પહરે કહ્યું; "હે ચતુરા! એમાં મોહ પામવા યોગ્ય શું છે? તું અજ્ઞાત છે

તેથી જ આવું બકે છે, પણ જગદીશે, જ્યારે મનુષ્યને ઘડ્યો ત્યારે જે સુંદર પદાર્થો છે, તે પ્રકટ રાખ્યા છે ને જે નજીસ-કંટાળા ભરેલા પદાર્થો છે તે ગુપ્ત રાખ્યા છે. એવા ગુપ્ત રહેલા એટલે નજીસ સ્થાનપર તને મોહ વ્યાપે છે, એ કેવી તારી મૂર્ખાઈ! ખરેખર, તારી ચતુરાઈ, હું તો ચૂલે પડેલી જોઉં છું. મોં, કાન, નેત્ર, નાસિકાદિ જે સુંદર છે, તે સર્વ પ્રકટ છે, તેપર તને મોહ થતો નથી ને જે માંસનો કટકો છે, તેપર તું મોહ પામી છે, તેથી મને તારી બુદ્ધિપર ગ્લાનિ થાય છે. તને લોકો ફોકટમાં જ ચતુર, ગુણવાન્ ને ડાહી માને છે, પણ ખરેખરી તું તો મૂર્ખ જ છે. જેપર તું મોહી પડી છે, તેમાંથી મૂત્ર અને ચિકાશવાળો પદાર્થ ઝર્યા કરે છે, અને તેની સામા, તે પૃથ્વીપર પડ્યા પછી દૃષ્ટિ પણ કરવી ગમતી નથી. એવા અપવિત્ર અને ગંધાતી મોરી જેવા, ક્ષુદ્રસ્થાનપર બુદ્ધિમાનને મોહ થાય ખરો? એ ગંધાતા સ્થાન પ્રતિ કોઈ પણ સજ્જન પુરુષની તો ક્ષણભર પણ પ્રીતિ થતી નથી, તો પછી તેનાપર તને મોહ થયો છે, તેથી તારી બુદ્ધિપર મને હાસ્ય આવે છે!"

પિંગલા બોલી; "હે સાધુ! હું કંઈ તમારા એકલા એ સ્થાનપર મોહિત થઈ નથી, પણ મને તમારા સર્વાંગપર મોહ છે. એ ગુપ્ત સ્થાન તો માત્ર એનો એક વિભાગ છે, અને સ્ત્રીપુરુષના પરમ પ્રેમનું સર્વાંગનું મોહક સ્થાન રમણસ્થળ છે. એનાપર જ સર્વ મરી ફીટે છે. વિશ્વામિત્ર, પરાશર, ઇન્દ્ર, રાવણાદિને પણ એપર જ મોહ થયો હતો!" સાધુએ કહ્યું; "જેનાપર સર્વ મરી ફીટે છે, તે લઈ તું આનંદે કલ્લોલ કરવા કેમ તત્પર થતી નથી?" ગણિકાએ કહ્યું; "મહારાજ! મને તમારા સર્વાંગનું સુખ આપો-એ અંગ મારું કરો!" "ઠીક, ઠીક, એ અંગ તારું જ છે. લે, તને શું આપું?" કંદર્પહરે કહ્યું. "અંગ!" પિંગલા બોલી. "તું કોને અંગ કહે છે! અંગ જેવું આમાં કીયું છે? આ ગળું આપું કે હાથ આપું, પગ આપું કે માથું, મોં, ગાલ, નેત્ર, કર્ણ કે નાસિકા, જીભ કે દાંત, પેટ કે પીઠ, ગુદા કે ઉપસ્થ ઇંદ્રિય! શું આપું, બોલ?" કંદર્પહરે એમ પ્રત્યેક અંગ બતાવીને કહ્યું. "મહારાજ! એ કંઈ નહિ; પણ જેપર મને મોહ છે, જે સુંદર છે, જે આનંદ આપે છે, તે અંગ આપો!" પિંગલા બોલી. સાધુએ કહ્યું; "ભલે, જે અંગ તને સુંદર ને આનંદ આપનારું જણાતું હોય, તે ઉઠાવી લે ને સુખેથી ભોગવીને આનંદ પામ."

પિંગલા ગભરાઈને વિચારમાં પડી ગઈ. તે અબોલ જ રહી. થોડી-વારે વિચાર કરીને તે બોલી; "હું શું ઉઠાવું?" "તારું માનેલું સુંદર અંગ!" "એ કેમ ઉઠાવાય?" પિંગલાએ કહ્યું. કંદર્પહરે કહ્યું; "જો અંગ ઉઠાવાશે નહિ, તો ભોગવાશે કેમ?" પિંગલાએ કહ્યું; "મહારાજ! હું કંઈ સમજતી નથી, પણ આ જે સુંદર, કાંતિમાન્ દેખાય છે-સર્વ પ્રકારે સુંદર છે, ભરેલું-હ્રષ્ટ પુષ્ટ દેખાય છે, તે અંગથી હું ને તમે એકરસ થઈએ તેવો ભોગ મારે જોઈએ છે." સંતે કહ્યું; "હે વિચક્ષણ! મને તો આ નાશવંત માટીના દેહમાં કંઈ પણ સુંદર દેખાતું નથી. આ જે અંગ તને સુંદર દેખાય છે તે તો કેવળ જ નરકની ખાણ છે. એ ખાણમાં તે શી સુંદરતા દેખાય છે? અહોનિશ એમાંથી નરક ઝર્યા કરે છે, એના-પર તને મોહ થાય છે? થૂંક, લાળ, ચીપડા, પરું, રુધિર, માંસ મજ્જા, હાડકાં તથા મળમૂત્રથી ભરેલા દેહના કયા ભાગ ઉપર તને મોહ ઉત્પન્ન થયો છે, તે કહે? કેમકે જેને તું ઉત્તમ-સુંદર-તારા પ્રેમ-આનંદને પાત્ર માનતી હોય તે આપીને, મારી પ્રતિજ્ઞા સફળ કરવા હું આતુર છું."

### પરમ આનંદનું સ્થાન

પુનઃ પિંગલા વિચારાગારમાં પડી ગઈ. તેને કંઈ સૂઝયું નહિ. થોડી-વારે તે બોલી; "હે સાધુ! હે મહાત્મા! જો તમારો મારાપર પ્રેમ હોય અને મને આપેલું વચન પાળવું હોય તો, મને જેથી આનંદ થાય તે આપો!" સંતે કહ્યું; "તેં યોગ્ય કહ્યું. આ વિદેહાનગરીમાં સર્વ તને વિચક્ષણ ગણે છે તે સત્ય છે. સત્ય-શુદ્ધ-પરમ-આનંદ ભોગવવા તું પાત્ર છે-પૂર્વ જન્મના અનેક સુસંસ્કારથી વિશુદ્ધ સંસ્કારી છે. અધિ-કારી છે! હું તને પરમ આનંદ આપીશ. અયે પિંગલે! સાંભળ. મનુષ્ય જેવો આ ઉત્તમ દેહ પ્રભુએ તને આપ્યો છે, તે ક્ષણિક આનંદ ભોગવ-વાને આપ્યો નથી, પણ પરમ આનંદ ભોગવવા આપ્યો છે. એ આનંદ તે કયો? આ દેહના સર્વ આનંદ તો તુચ્છ છે; કેમકે તે ક્ષણિક છે. દેહના ક્ષણિક સુખ કે આનંદ, સુખે નથી ને આનંદે નથી, પણ એ માત્ર બુદ્ધિનો ભ્રમ જ છે. ક્ષણભર વિચાર કરી, જગતનો વ્યવહાર-ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ પ્રતિ લક્ષ દેશે તો, તને સ્પષ્ટ જણાશે કે, આ દેહમાં કશી સુંદરતા નથી. એ દેહ-અંગ અનેક જાતનાં સત્કર્મો કરવાને માટે છે; ક્ષણિક સુખ ભોગવવાને પાપ કર્મ માટે નથી. મોહ તો એનાપર કરવો, કે જેમાંથી નિત્યનો આનંદ પ્રાપ્ત થાય. મને કહે, જે

આનંદ ભોગવવા તું તૈયાર થઈ છે, તે ક્રીડાનો આનંદ કેટલો કાળ રહેશે? વર્ષ, બે વર્ષ કે હમ્મેશ રહેશે? તને ક્ષણિક આનંદ આપું કે અખંડ આનંદ આપું?" પુનઃ તે મુગી રહી. કન્દર્પહરે કહ્યું; "ઉત્તર દે, કેમકે મારે તારી મનઃકામના તૃપ્ત કરવી છે. લૌકિક આનંદ કેટલો કાળ રહેશે, તે તું જાણે છે? વરસ, બે વરસ કે જીવે ત્યાં સૂધી રહેશે!" "રે વર્ષ બે વર્ષ શાનાં?" પિંગલા બોલી; "હમણાં ખાધું ને હમણાં ભુખ્યાં. ક્ષણભરનો જ એ આનંદ! ભોગવે ત્યાં સૂધી સુખ! પ્રથમ મીઠું તે પછી ખાટું અંબટ!" "અહો! એમ છે કે? અને એને માટે આટલી ઉત્કંઠા, આટલા ધમપછાડા, આટલો વલોપાત, પીડા અને વ્યાકુલતા ને તે માટે આ ખંજરથી, જેણે આ જગતની સ્ત્રી માત્રને મૈયા માની, જરા પણ અવિરક્તતા ધારણ કરી નથી, તેવા એક સંતનો ઘાત! હું તો ધારતો હતો કે, આ આનંદ નિત્યનો હશે; પણ તું તો કહે છે કે, વિષયસુખનો આનંદ તો ક્ષણભરનો જ છે ને તે ત્હારે ભોગવવો છે! રે મૂઢ! રે પામર! જાણ કે, મજ સંગે વિષય રમવાની તારી ઇચ્છા આ ક્ષણે તૃપ્ત થયા પછી, પાછી વિશેષ જાગૃત થશે ને એ પાપરૂપ આનંદ માટે તને વધારે વધારે તાલાવેલી થયા કરશે, ત્યારે તું શું કરશે? ક્ષણ પછી નાશ પામે એવું સુખ—એવો આનંદ ભોગવવાથી કોઈ પણ મનુષ્યનું જીવન સાર્થક થતું નથી—સુખે મળતું નથી ને આનંદે મળતો નથી. આહાર એવો કરવો કે, જે શરીરને અમર કરે; સુખ એવું ભોગવવું કે, જેની તુલનાને કોઈ પણ પહોંચે નહિ; વિલાસ એવો રમવો કે, જે સર્વોત્કૃષ્ટ હોય; આનંદ એવો લેવો કે, જે પરમ આનંદ જ હોય ને તૃપ્તિ એવી થવી જોઇએ કે, કામનાનો જ લય થાય. હે પિંગલા! અપવિત્ર, ધર્મનો ભંગ કરનારા ને નિત્ય નરકમાં નાંખનારા વિષયોથી કોઈ પણ જીવ, કોઈ પણ કાળે, પરમ સુખી કે પરમ આનંદી થયો નથી ને થશે પણ નહિ. તેમ તને પણ મારી સંગે વિલાસ કરવાથી તૃપ્તિએ થવાની નથી, સુખે મળવાનું નથી ને આનંદે થવાનો નથી. ક્ષણની તૃપ્તિ, ક્ષણનું સુખ, ક્ષણનો આનંદ, એ તે શું આનંદ ગણાય? આટલું સમજવા છતાં તને મોહ થાય છે, એ તારી મૂઢતા—અજ્ઞાન જ છે. તેં આટલા દિવસો થયાં વિષયો ભોગવ્યા છે, તો પણ તને તૃપ્તિ થઈ નથી, પણ ઉલટી વિશેષ લાલસા થવા લાગી છે અને પુનઃ પુનઃ વિષય ભોગવવા ઇચ્છે છે, તેનું કારણ એ

કે, આ જગતનો મિથ્યા આનંદ ભોગવવાથી તૃપ્તિ થતી નથી; પરન્તુ તે મિથ્યા છે, તેથી વધારે ને વધારે અતૃપ્ત બનાવી, તે ભોગવવાને વધારે ને વધારે ઉશ્કેરે છે. તને પૂર્વે થયેલો આનંદ, જો સત્ય આનંદ હતો તો તે આજે ક્યાં લુપ્ત થઈ ગયો? જો તને પરમ આનંદ થયો હત-નિત્યનો આનંદ હત-તો નવા આનંદની અપેક્ષા જ ન રહેત; સુખી બની હોત તો, મારાથી વિશેષ સુખ પ્રાપ્ત થશે, એવા નિશ્ચય વગર મૂઢ બની જાત નહિ. પણ તે પરમ આનંદ ન હતો, પણ મિથ્યા આનંદ હતો. મિથ્યા આનંદથી તૃપ્તિ નહિ થાય, એ સ્વાભાવિક છે અને તેમ તું અતૃપ્ત રહી છે ને પુનઃ આનંદ માટે વલખાં મારે છે, ભોગ ભોગવવા યોગ્ય તો એક જ દુર્ગંધીવાળું સ્થાન છે-અને તે સર્વત્ર સમાન છે; એમાં વિશેષતા કોઈ પણ સ્થાનમાં નથી. માત્ર શરીર-બાહ્યાકૃતિ જ જૂદી જૂદી છે, ને તે બાહ્યાકૃતિપર જ અવિદ્યાથી ઘેરાયલા અલ્પ પ્રાણીને મોહ થાય છે-તેવો જ મોહ તને થયો છે. તને શરીરની સુંદરતાપર મોહ છે, પણ મારા શરીરનાં સૌંદર્યપર મોહ થયો હોય, તો જાણ કે, આ શરીર, નાશ થઇને માટી ભેળું માટી થઈ જવાનું છે. તેનાપર મૂઢ જ મોહ કરે છે અને જે ત્હેં ભોગવેલા અનેક શરીરો જે જે પદાર્થમાંથી બનેલા છે, તે તે પદાર્થોનું જ આ શરીર પણ ઘડાયું છે. સર્વત્ર માટી જ છે ને તે એક જ છે ને એક જ થનારી છે. એ માટીપર-હાડકાં, ચામડાં ને માંસના આ પિંડપર-જ્ઞાનીને મોહ થતો નથી. રે પિંગલા! અગણિત મનુષ્યો, જુવાનીના બહારમાં મદમસ્ત જોવામાં આવે છે; છેલછબીલા બની જઈ-ન તો પાપકર્મનો-ન તો નીતિધર્મનો-ન તો સદાચરણનો-વિચાર કરે છે ને ગધેડાની માફક બૈકલ બની, ઇચ્છિત ભોગ ભોગવીને પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે; એક પાપાચરણમાં મસ્ત બની, અનેક પ્રકારનાં પાપાચરણ કરે છે. એ સર્વની અધમ ગતિ થાય છે. તે તું જાણતી નથી, તેથી જ તને આ મળમૂત્રથી ભરેલા ગંધાતા અંગપર-રે તારે મને સૌંદર્યવાળા-કાંતિવાળા અંગપર, મોહ ઉત્પન્ન થયો છે! તારો એ મોહ કાઢી નાંખ અને સૂક્ષ્મ વિચારી બની, સૂક્ષ્મ દૃષ્ટિથી જો કે, તું શાના ઉપર મોહિત થઈ છે! મોહ કરવો હોય તો અવિનાશીપર કર, કે તેને ભોગવતાં નિત્યનો આનંદ થાય, સદાની તૃપ્તિ થાય, પરમ સુખી થવાય; વિલાસ રમવો હોય તો ચિદ્વિલાસ રમ, કે જેનું સુખ-આનંદ સદા કાળ ભોગવ્યા જ કરાય. પરમ આનં-

દનું સ્થાન પરમ પુરુષનાં ચરણમાં વિલીનતા છે. આ મનુષ્ય દેહ ધરીને જે જીવે પોતાના આત્માનું કલ્યાણ કર્યું નથી, પરમ પુરુષની સિદ્ધિ કરી નથી, અવિનાશીનું તત્ત્વ જાણ્યું નથી, તેનો મનખો એળે જ ગયો છે. મનુષ્ય જાતિમાં જન્મ થવો, મહાત્માઓનો સમાગમ થવો અને મોક્ષેચ્છા થવી, એ જન્મ્યાનું સાર્થક ગણાય છે. ચોરાશી લાખ યોનિમાં મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે; તેમાં પણ પાપ પુણ્યનો વિચાર, આત્માનાત્મના વિવેકનો નિર્ણય, પરમાનંદની ઉત્કંઠા ને પરમ સુખની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. વળી સ્વસ્વરૂપનો અનુભવ થવો, એ તો તેથી પણ વિશેષ દુર્લભ છે. હે પિંગલા! જે મળમૂત્રથી ભરેલા નાશવંત દેહપર તને પ્રીતિ થઈ છે, તેના સ્વરૂપને તું નિરખીને જો, કે તેમાં મોહ કરવા યોગ્ય શું છે!"

## પરમ પુરુષનું સેવન જ પરમાનંદરૂપ છે

આ પ્રમાણે કંદર્પહરે પિંગલાને શાંતપણે કહ્યું. પિંગલા આ જ્ઞાનોપદેશ લક્ષપૂર્વક સાંભળતી હતી. તેનું હૃદય પિગળ્યું. કોઈક જન્મની સદસદ્ વિવેક બુદ્ધિ ખીલી નિકળી. તે વિચારવમળમાં ગોથાં ખાવા લાગી. સાંભળતાં સાંભળતાં તેને નિદ્રા આવી ગઈ. બીજી રાત્રિના પણ કંદર્પહરે એ જ પ્રમાણે પોતાનો ઉપદેશ આગળ ચલાવ્યો. કંદર્પહરે કહ્યું; "હે પિંગલા! આ જીવને આ સૃષ્ટિમાં મોકલવામાં આવ્યો છે. તે સંસારના નાશવંત ભોગો ભોગવવાને માટે નહિ; પરંતુ આત્માના કલ્યાણને માટે, પરમાત્માને પિછાણવા-તેની સેવામાં વિલીન થવા–તેનાં અંગ પ્રત્યંગનું મનન કરવાને મોકલ્યો છે. આ સંસારાત્મક શરીરમાં, જીવની જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, અંતઃકરણ ને પ્રાણ એ સર્વ, પરમાનંદ માટે તલસે છે. પણ પરમાનંદ પ્રાપ્તિના માર્ગમાં અવિદ્યાથી ઘેરાયલો જીવ, વિવેક વૈરાગ્ય વગરનો હોવાથી સંસાર અટવીના દાવાનળવાળા માર્ગમાં જ ભટક્યા કરે છે. પણ જે સંસ્કારી છે, તે પરમ સત્‌ને ઇચ્છે છે–પરમાનંદ માટે તલસે છે–સત્ય પ્રેમનો જ લક્ષી રહે છે. પરમાનંદ પ્રાપ્તિ પરમતત્ત્વના સેવનથી થાય છે. એ પરમતત્ત્વનું સેવન, તેના ચિંતન–શોધન–વિના થઈ શકતું નથી. પરમતત્ત્વના દર્શનથી, પરમપુરુષનું દર્શન થાય છે. એ પરમપુરુષનું દર્શન જ પરમાનંદ છે, પરમસુખ છે, અવધિની તૃપ્તિ છે. જેમને પરમપુરુષનાં દર્શન થયાં નથી તેવા જીવો, પુણ્યકર્મથી દેવલોકમાં જાય છે ખરા, પણ દેવલોકમાં

વસેલા એ, અલ્પ પુણ્યવાળાં છે; તેથી અલ્પ સુખ ભોગવીને પુણ્યનો ક્ષય થયા પછી, આ લોકમાં પાછા અવતરે છે, મરે છે ને આ જગતના પ્રાણીમાત્રની સ્થિતિ, ગર્ભમાંથી તે મૃત્યુપર્યંત જે એક સરખી જ દુઃખદાયક છે, તે ભોગવે છે. સ્ત્રીના ઋતુકાળે તથા સંભોગસમયે જીવ ગર્ભરૂપે કષ્ટનો પ્રારંભ કરે છે એ ગર્ભસ્થાનમાં જીવ ઉંધે મસ્તકે, મળમૂત્રની વચ્ચે, બસેં ને એંસી દિવસ પર્યંત પડ્યા કરે છે. માતાના ઉદરમાં રહેલો એ ગર્ભ, માતાનાં સારાં નરસાં કર્મથી, ગર્ભસ્થાનમાં એટલો બધો દુઃખી થાય છે કે, તેનું વર્ણન કરવાને શેષ પણ સમર્થ નથી. માતાના ક્રોધની, કામની, મદની તથા મત્સરની અસર, ગર્ભ ઉપર ક્ષણે ક્ષણે થયા કરે છે. હે પિંગલા! એ ગર્ભની કષ્ટાત્મક સ્થિતિનો હું જ્યારે વિચાર કરું છું, ત્યારે તને થયલા મોહને માટે મને અત્યંત શોક થાય છે. એવા મલીન સ્થાનમાં રહેલા ગર્ભસ્થ જીવનું જીવન કેવળ તેની માતાએ ભક્ષણ કરેલા અન્નના રસ ઉપર જ રહે છે. તેની માતાએ ખાધેલા ખાટા, ખારા, તીખા, કડવા વગેરે રસવાળા પદાર્થોના સેવનથી, ગર્ભસ્થ બાળકની અત્યંત સુકુમાર ત્વચાપર કેવી કેવી પીડા થાય છે, તેનો તું વિચાર કરી જો! આવી દુઃખદ અવસ્થામાંથી પરમાત્મા, કોઈ પણ પુણ્યયોગે, મનુષ્ય જન્મ આપે છે. મનુષ્ય દેહ સર્વોત્તમ છે. એ જ દેહથી જીવ કષ્ટસાગરને તરી શકે છે. તે તરવાનું સાધન, પરમ પુરુષનું જ્ઞાન છે. તેનો પરિત્યાગ કરી, સંસારનો વા ખાતો અજ્ઞાની મનુષ્ય, ગર્ભપ્રસવ સ્થાનને સર્વ સુખનું કારણ સમજે છે, એમાં જ સઘળો આનંદ માને છે અને ઇન્દ્રિયોના પરસ્પર ઘર્ષણથી જ પોતાને અલૌકિક સુખ મળ્યું સમજે છે, એ તેની મૂઢતા માટે શું કહું? કેવો ધિક્કાર કરું? પરંતુ પ્રાણીમાત્ર કેવા સ્થાનમાંથી જન્મે છે, તેનો વિચાર કરતાં, જ્ઞાની મનુષ્ય સમજી શકે છે કે, ગર્ભવાસના જેવું એક પણ સંકટ આ જગતમાં નથી. એવા ગર્ભવાસમાંથી મનુષ્ય પ્રાણીનો છૂટકો થયા પછી, એ ગર્ભવાસમાં જ પાછો પ્રવેશ ન થાય, એવાં કર્મો જ્ઞાની જીવે કરવાં જોઇએ. તેણે પોતાના મનમાં ઉત્પન્ન થતી વિપરીત ભાવનાઓને, અથાગ પરિશ્રમથી મારવી-સમાવવી જોઇએ. તે સમાવવાને બદલે, જ્યારે મનુષ્ય તેની વૃદ્ધિના ઉપાયો યોજે છે, ત્યારે અખિલ વિશ્વના સ્વામી તેના ઉપર અત્યંત ક્રોધાયમાન થાય છે. કહે, એવા સંસારમાં તે સુખ છે? એથી તૃપ્તિ પણ છે? ના.

તારું સ્વરૂપ જો. આ જન્મમાં, તેં અનેક પુરુષોને ભોગવ્યા છે છતાં, તું તૃપ્ત થઈ નથી, અને એ નાશવંત દેહનું તેં જે સુખ ભોગવ્યું છે, તે સુખ આજે રહ્યું નથી. એ સુખ ભોગવતાં જે આનંદ તને થયો હતો, તે આનંદ પણ આજે નથી. આનંદ, સુખ, તૃપ્તિનું સ્થાન જ ભિન્ન છે. એ સ્થાન તે પરમાત્મામાં વિલય! તે વિના અન્ય સ્થળે નથી જ. મનુષ્યના પતનનું મુખ્ય કારણ કામ છે. આ કામ અજિત છે. એને જે જિતે છે તે પુરુષાર્થી છે; કેમકે અનેક અનેક રીતે કામવિલાસમાં મસ્ત થયેલા જીવોને, કામે અનંત કાળ કામભોગ ભોગવ્યા છતાં, અન્તકાળ પર્યંત તૃપ્તિ થઈ નથી. એવા કામને સેવન કરવાની તને જે ઇચ્છા થાય છે, તે ખરેખર તારાં દુર્ભાગ્યની જ નિશાની છે. એ પરમ કષ્ટદાયી કામભોગનો આનંદ અલ્પ જ છે. તને મારાં રૂપસૌન્દર્ય ઉપર મોહ થતો હોય તો એ રૂપ કેવું છે, તેનું હું યથાર્થ દર્શન કરાવું છું, તે તું જોઈ લે. પછી આ અંગના જે ભાગ–રૂપાળા ભાગપર તને મોહ થતો હોય અથવા તો તે વહાલું લાગતું હોય, તે અંગ તારી પાસે રાખજે. પણ તેથી તારી ઇચ્છા તૃપ્ત થશે? ના. ઉલટી દિવસે દિવસે તે વૃદ્ધિગત થશે. જો તારે નિત્યની તૃપ્તિ, નિત્યનું સુખ, નિત્યનો આનન્દ ભોગવવો હોય તો તે પરમ પુરુષનું સેવન કરવા તત્પર બની જા. પરમ પુરુષના સેવનથી જે આનન્દ પ્રાપ્ત થાય છે, તે જ અવિનાશી છે, બાકી સર્વ વિનાશી જ છે."

## પિંગલાનો પશ્ચાત્તાપ!

આ પ્રમાણે કન્દર્પહર નિત્ય નિત્ય ગણિકા પિંગલાને દેહના વિનાશીપણાનું, કામની ક્રૂરતાનું, ભોગના ભયનું, પરમ તૃપ્તિની તૃપ્તિનું, પરમ સુખનું, પરમાનન્દનું, દિવસે દિવસે વધતી જતી કામનાથી થતાં દુઃખોનું વર્ણન કરી, ઉપદેશ કરતો હતો. થોડા સમયમાં ગણિકા એવી તો શિથિલ થઈ ગઈ કે, કન્દર્પહરની સાથે વિલાસ રમવાનો વિચાર તેના હૃદયપટમાંથી સમૂળગો નષ્ટ થઈ ગયો! તે કન્દર્પહરને પરમ સંતરૂપે પૂજવા લાગી. વત્સ સુવિચાર! લાવણ્યની મૂર્ત્તિનું અહોકાળ દૃષ્ટિ સમીપ રહેવું, વિલાસભવનમાં બેસવું, નૂપુરનો ઠમકો સાંભળવો અને એક શય્યામાં સાથે સુવા છતાં, સ્ત્રી કે પુરુષને જો કામ બાધ કરે નહિ, તો તે સાક્ષાત્ યોગીન્દ્ર ચક્ર ચૂડામણિ જ છે. દિવસે દિવસે પિંગલા, સંતના ઉપદેશમાં લીન બનતી હતી અને સંત બ્રહ્મચર્યમાં દૃઢ બનતા

હતા. પિંગલાને કદી કદી વિકાર થતો, પણ જ્ઞાનામૃતની વૃષ્ટિ થતાં તે શાંત પડી જતી હતી. તે આખો દિવસ કન્દર્પહરની સેવામાં હાજર રહેતી હતી ને આ કોઈ દિવ્ય મહાત્મા પુરુષ મારા કલ્યાણ માટે પધાર્યા છે, એવું માનવા લાગી. પોતાનાં પાપ કર્મને માટે તેના હૃદયમાં અનેક પ્રકારે પશ્ચાત્તાપ થવા લાગ્યો; રાજપુરુષ સાથના વિલાસને પણ તે હવે ધિક્કારવા લાગી. તેને વિચાર થયો; "અરેરે! આ લોકમાં જન્મીને મેં જે ઘોર પાપ કર્મ કીધાં છે, તેની મને શું શિક્ષા થશે? પુરુષ અને પૈસામાં જ હું લીન હતી. મેં કદી પણ ધર્મ કે અધર્મનો વિચાર જ કીધો નથી. આ ગંદા દેહનું મારા મનમાં ગુમાન ધરીને મેં અનેક પુરુષો સાથે, મારા અજ્ઞાનમાં–અવિદ્યાના ધ્યાનમાં પાપના ભય રહિત બની–યથેષ્ટ વિહાર કીધો છે, અનેક મનુષ્યોનાં દ્રવ્ય હરણ કીધાં છે, છતાં મારા મનને કામભોગથી કેમ તૃપ્તિ થતી નથી? રાજપુરુષોએ પોતાની પત્ની કરતાં પણ મને શ્રેષ્ઠ માની છે, અનેક કાળ મેં તેમની સંગે વિહાર કીધો છે, છતાં પણ હું કામથી કેમ શાંત થઈ નથી? રે દુષ્ટ કામ! તેં શિવ બ્રહ્માને પણ ડોલાવ્યા છે, પતિવ્રતા સ્ત્રીઓને પણ ચલાયમાન કીધી છે, તો તને શંકરે હમેશાંને માટે બાળીને ભસ્મ શા માટે ન કીધો?" આમ વિચાર કરતાં તે મહત્ વિચારમાં ગુંથાઈ ગઈ. ક્ષણ પછી તે પુનઃ વિચારવા લાગી; "રે મને શાના ઉપર મોહ થાય છે? જેમાંથી ગંધ મારતું મૂત્ર અને હાથમાં લેવું ન ગમે કે દૃષ્ટિ કરવી ન ગમે, તેવા વીર્યપર મોહ થાય છે? અન્યકાળે જેપર દૃષ્ટિ કરવી ગમતી નથી, તેવી ગુહ્ય ઈંદ્રિય ઉપર મોહ થાય છે? ના. ત્યારે શાપર મોહ થાય છે? રૂપપર? હા, હા, રૂપપર. એ રૂપ તો આજે ખીલતું ને કાલે કરમાઈ જતું છે. જે આજે જોબનવંતો, મદમાતો છેલ છે, તે કાળ વીતતાં, જર્જરિત, કરચલિયા દેહવાળો, લીંટ, લાળ પાડતો, શરીરે અશક્ત બને છે—એવા રૂપ ઉપર મોહ શા માટે? જો મારે કામ શાંત જ કરવાનો છે, તો મને બીજાથી કેમ શાંતિ ન થઈ? આ શરીર, હાડકાં, માંસ, રુધિર વગેરેથી બનેલું છે; રાય, રંક સર્વનાં અંગ સરખાં જ છે; રૂપ તો ઘડી ઘડીએ બદલાતું છે; અતિ રૂપવાળો, કોઢીયો, રક્તપિત્તી, શિતળાના ચાંદાથી ભરેલો, તાવથી તડફડતો, ગ્રંથિથી ઘવાયલો એ સર્વે આખરે કાષ્ઠની ચિતામાં બળીને ભસ્મ થતા જોવામાં આવે છે. આવા રૂપમાં મને મોહ થાય છે, તેવા રૂપપર

પ્રેમ છૂટે છે, છતાં મને લોકો ડાહી કેમ કહે છે? ખરેખર એ મારી મૂઢતા છે—લોકની મૂર્ખતા છે. મૂઢતાએ મારું યૌવન, પાપાગ્નિથી ભરપૂર 'વન' બનાવ્યું છે! પૂર્વ જન્મનાં પાપ કર્મનું જ એ ફળ છે. એ રૂપનો મોહ છોડી દઈશ તો વ્યષ્ટિ અને સમષ્ટિ સમાન જ છે. આજથી મારે મારાં પાપકર્મનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; આ મળ મૂત્રથી ભરેલા દેહની આસક્તિ છોડી દેવી જોઈએ; આ જ દેહે મારા જન્મનું સાર્થક કરવું જોઈએ. જેમ સૈન્યમાં રાજા છે, તેમ દેહાદિકમાં જ્ઞાન છે, તેનો જ આશ્રય કરીને જગતની વાસનાનો મારે નાશ કરવો જોઈએ."

## મનનું સ્વરૂપ

આવા વિચારો પિંગલાને નિત્ય થયા કરતા હતા. હવેથી તે શુદ્ધ ચિત્તથી કન્દર્પહરનું સેવન કરતી હતી. કન્દર્પહર અને પિંગલા એક જ શય્યામાં શયન કરતાં હતાં, છતાં એકે વિકારને વશ ન હતાં. પિંગલાના આત્મજ્ઞાનના વિચાર જેમ જેમ વિસ્તાર પામવા લાગ્યા, તેમ તેમ તે પોતાના મનનો વિશેષ બળથી નિગ્રહ કરવા લાગી. છતાં તેના સ્વભાવ પ્રમાણે, કદી કદી તેનું મન સંકલ્પ વિકલ્પવાળું બની જતું હતું. મનમાં જ બધા દોષો સમાયલા છે. જેનું મન પોતાને વશ નથી, જેણે મનને સ્વાધીન કીધું નથી, જેણે મનને પગ નિચે દબાવ્યું નથી, તે જીવ કોઈ કાળે પણ જગતપર વિજય મેળવી શકતો નથી. જીવમાત્રને અભય પ્રાપ્તિનો આધાર મનનો નિગ્રહ છે. મન જ દુઃખ, ક્ષય, પ્રબોધ તથા અક્ષય શાંતિનું કારણ છે. મન એ જ બંધ અને મોક્ષનું પણ કારણ છે. વિષયનું મનન તે બંધ અને નિર્વિષય તે મોક્ષ. મન બે પ્રકારનાં છેઃ શુદ્ધ અને અશુદ્ધ. વિષયોની અભિલાષાવાળું મન તે અશુદ્ધ અને વિષયોની અભિલાષા રહિત તે શુદ્ધ. એથી મુમુક્ષુ જીવે, પોતાના અંતઃકરણને—મનને નિર્વિષય કરવાનો નિત્ય ને નિત્ય પ્રબળ પ્રયાસ કરવો જોઈએ; કારણ કે મન એવી કારમી માયાના રજકણોથી ઘડાયલું છે કે, તે ક્ષણમાં હાથીપર બેસાડે છે ને ક્ષણમાં ગધેડે ચહડાવે છે; ક્ષણમાં નિર્વિકારી બની જાય છે ને ક્ષણમાં વિકારના શિખરપર ચહડી બેસે છે. દેહીના જ મનમાં કલ્પેલાં, સુખ ને દુઃખ, આનંદ ને વૈભવ છે. માટે જીવે સર્વ પ્રયત્નથી મનપર અંકુશ મૂકી તેને વશ કરવું, પણ વશ ન થવું. વિષયોની અભિલાષાથી મુક્તિ પામેલું અને બ્રહ્મનાં ઐકયને પામેલું મન જ પરમ પદને પમાડે છે; તેથી અલ્પ જીવે જેમ બને તેમ મનને

વશ કરવાનો મહત્ પ્રયાસ કરવો. પિંગલાનું મન હજી સંપૂર્ણ વશ થયું નહતું: તેના મનપ્રદેશના ગુપ્તસ્થાનમાં કદી કદી વિષયવાસના જાગૃત થઈ આવતી હતી, જે કન્દર્પહર બહુ સારી રીતે જોઈ શકતો હતો.

હવે મુનિએ તેનાં મનની સ્થિતિને સુધારવાનું ચિત્તપર લીધું. તેની મનોવાસનાનો નાશ કરવાનો પ્રયત્ન આરંભ્યો. એક દિવસે રાત્રિના સુતાં સુતાં કન્દર્પહરે કહ્યું; "હે પિંગલા! તું ખરેખરી ભાગ્યવતી અને વિચારશીલ છે; કેમકે તને આત્માનું કલ્યાણ કરવાની ને આત્માને ઉન્નતિના સ્થાનમાં લઈ જવાની અને પરમાનંદપદ પ્રાપ્ત કરવાની કામના–વાસના–ભાવના છે. હે મૈયા! એ ઇચ્છા તૃપ્ત કરવા તારી વિષયવાસનાને મોળી પાડ. જો, હમણાં તારા હૃદયપ્રદેશમાં શું રમણ કરે છે? કોણ રમણ કરે છે? તારી વિષયવાસના હજી મંદ પડી નથી, તેથી મને પ્રત્યક્ષ થાય છે કે, જ્યાં પુરાણ પુરુષને વસવાનું સ્થાન છે, ત્યાં પણ મારા જેવો અલ્પ જીવ વસે છે; કેમકે હજી તને મોહ છે. એ મોહનો તું નાશ કર. વિષયસેવનમાં અનેક રોગ, અનેક પીડા, અનેક પ્રકારનાં દુઃખો જણાયા છતાં પણ, વિષયપ્રતિ ઘસડાવવાને તારું મન તને ઉશ્કેરે છે. ખરેખર, હવે તો હું તને મૂઢ જાણું છું ને તારા વિવેકમાં મોટી ખામી જોઉં છું; કેમકે તેં અનેક પુરુષો જિત્યા છે, અનેકને દાસ બનાવીને રમાડ્યા છે, પણ તે સર્વ કરતાં વધારે મોટાની તું દાસી છે ને તેણે જ તને જિતી છે, રે પગવડે દાબી દીધી છે. એ જિતનાર તારું મન છે. તું મનની લોંડી છે. તે જેમ આજ્ઞા કરે છે, તેમ વાંદરી પેઠે તું નાચે છે, કુદે છે, રમે છે. એ મનને તું જિત્તે ત્યારે તું સબળા, નહિતર અબળા તે અબળા જ! એ મન જ તને અધમ માર્ગે પ્રેરે છે, છતાં ડાહી ને નિપુણતાનું ગુમાન કાં રાખે છે? આ જગતમાં અલ્પ જીવો પ્રતિ તું દૃષ્ટિ નાંખશે તો તને જણાશે કે, વિષયસેવનમાં અંધ બનેલાં અનેક સ્ત્રીપુરુષો, પોતાનાં રૂપ અને યૌવનનો નાશ કરીને, વયે પહોંચતાં દેહથી, મનથી, ગુણથી, જર્જરિત થઈ જાય છે; અનેક પ્રકારે વિષયોનું સેવન કરનાર સ્ત્રીપુરુષ વૃદ્ધાવસ્થામાં એટલાં નિર્બળ ને નિસ્તેજ થઈ જાય છે કે, તેઓ જીવતાં મુવા સમાન છે. તેમનું યૌવન વન બન્યું કે, પ્રાણી માત્ર તેને ધિક્કારે છે; સૌન્દર્યનો નાશ થતાં તેના પ્રતિ કોઈ દૃષ્ટિ પણ કરતું નથી. હે નિપુણા! કહે મને કે તારું પ્રથમનું સૌન્દર્ય આજે છે? ના. પુનઃ કહે મને કે આજે છે તેવું તારું

સૌન્દર્ય ભવિષ્યમાં રહેવાનું છે? ના. છતાં હજી, જેની તારાપર આજ્ઞા વર્તે છે તે મન, તને કામવાસનામાં પ્રેરે છે અને મારા જેવા પુરુષનું સમાગમસુખ ભોગવવાને તારી ઇચ્છાને હજી તેજસ્વી બનાવે છે. એવા મનની એ લોંડી! મારા રૂપનો તને મો · છે, તો જો, એ રૂપમાં શું બળ્યું છે?"

આટલું કહીને કંદર્પહર, પલંગપરથી નિચે ઉતરીને સામી બાજુ ઉભો રહ્યો. ચોમેર અંધકાર ફેલાયલો હતો, તે ક્ષણમાત્રમાં દૂર થઈ ગયો. આખા મંદિરમાં અકસ્માત્ પ્રકાશ થઈ ગયો. સંતે પોતાની કૌપીન કાઢીને ફેંકી દીધી, તે કેવળ દિગંબર બની ગયો. પછી બોલ્યો, "પિંગલા! આમાં તને શાનાપર મોહ થાય છે? જે અંગપર તને મોહ હોય, તેને તું ગ્રહણ કરી લેજે-વિલંબ કરતી ના. પણ જો! આ અંગોમાંનું કયું અંગ સુંદર છે!"

તુરત જ મુનિ દેવે યોગબળવડે આખા શરીરના અંદરના ભાગનું પિંગલાને દર્શન કરાવ્યું. અતિ ભયંકર! ગ્લાનિ ઉત્પન્ન કરનારું! મુનિદેવનું સૌન્દર્ય તો બાજુએ રહ્યું, પણ એક ભયંકર હાડપિંજર! રક્ત, માંસ, મળ, મૂત્રની ખાણ! મુનિદેવે કહ્યું; "પિંગલા! આમાંનો કીયો પદાર્થ તને સુંદર દેખાય છે? તે મને બતાવ કે, તે તારે સ્વાધીન કરી દઉં. રે મૂઢ! આ દેહનું આ જ સ્વરૂપ છે. આપરનો મોહ છોડી દઈને, જે મને, વાંદરવેડા કરવા માંડી તને ભ્રમિત કીધી છે, તેના બન્ધનમાંથી-કારાગૃહમાંથી મુક્ત થઈ, તેને તારું દાસ બનાવી તારા આત્માનું કલ્યાણ કરી, શુદ્ધ સાત્વિક પ્રભુ પરમાત્મા-સત્ ચિત્ આનંદઘન બ્રહ્મ, જે આખા વિશ્વમાં લીલા વિસ્તરી રહ્યું છે, તેનાં દર્શન કરી પરમાનંદને ભોગવ; એ પરમ સ્વરૂપ પણ જો!" કંદર્પહરે પોતાનું ગ્લાનિ ઉપજાવનારું સ્વરૂપ બતાવ્યું તે જોતાં જ, પિંગલાને ચિતળી ચ્હડી-વધારે સમય જોતાં તમ્મર આવી ગયા; હાથ અડાડ્યા વગર જ, કંદર્પહરે તેને સાવધ કીધી. પછી તુરત જ એક બીજું અતિ તેજસ્વી સ્વરૂપ પિંગલાને નિમેષમાત્ર દૃષ્ટિએ પડ્યું, કેમકે તેને જોવાને તે હજી અનધિકારી હતી. તે તેની સામા જોઈ શકી નહિ. નેત્ર ઝંખાઈ ગયાં. તે મૂર્છા ખાઇને એકદમ ધરણીપર ઢળી પડી. જ્યારે પિંગલા જાગૃત થઈ ત્યારે તેના હૃદયપ્રદેશમાં એક નૂતન વાસના જન્મેલી જણાઈ. તેની વિષયવાસના કેવળ જ નિર્બળ થઈ ગઈ. કન્દર્પહરપરનો મોહ મટી ગયો; કામ બળી ભસ્મ થયો!

## કન્દર્પહરનો જય

આ પ્રમાણે ઉપદેશ કરતાં કરતાં કંદર્પહરે ચાતુર્માસ વ્યતીત કીધો. ચાતુર્માસની પૂર્ણાહુતિને દિવસે પિંગલાને કહ્યું; "અબ મૈયા! હમ જાયંગે. જો કુછ જ્ઞાન હમને દીયા હૈ, ઇસકુ છોડના મત!" એ સાંભળીને પિંગલા સ્વામીનાં ચરણમાં પડી, અશ્રુ ઢાળતી બોલી; "હે દેવ! હે મહાપુરુષ! હે તારણકર્તા! હે અદ્વિતીય પુરુષ! આ પાપાચરણી અબલા, જે અનેક પાપમાં લચી પચી રહી છે, તેનો ઉદ્ધાર કરો! મારું કલ્યાણ આપ ઉપર અવશેષ રહેલું છે. આ પાપિણીપર આપે જે મહાન્ કૃપા કીધી છે, તેના બદલા તરિકે આપનાં ચરણનું મને સેવન કરવા દો!" મુનિએ કહ્યું; "હે વિવેકી! જે જ્ઞાન મેં તને આપ્યું છે, તેનું સતત મનન કરશે તો તેમાં જ તારું કલ્યાણ છે. મારા ગુરુની આજ્ઞા પ્રમાણે આ ચાતુર્માસનું વ્રત તારે ત્યાં પૂર્ણ કીધું છે; હવે હું ક્ષણભર પણ રહી શકીશ નહિ; તારું કલ્યાણ થાવ!"

પ્રાતઃકાળ થયો હતો. કન્દર્પહરે ગુરુની આજ્ઞા પ્રમાણે તેમના નિવાસસ્થાન પ્રતિ પ્રયાણ કર્યું. ચૈતન્યરૂપી ભ્રમર જેમ દેહરૂપી કમળકોશમાં બંદીવાન થઈ પડે છે અને સૂર્યનારાયણના ઉદયથી જેમ મુક્તિ પામે છે, તેવી જ સ્થિતિ કંદર્પહરની હતી. જ્ઞાનનિષ્ઠ કંદર્પહર, વિવેકરૂપ કિરણની સંગતિથી, સૂર્યકાંતિના જેવો પ્રદીપ્ત બની ગયો હતો. તેણે પોતાના તેજઃપુંજથી સંસારારણ્યને ભસ્મ કરી દીધું હતું. તે ખરેખરો આત્મસ્વરૂપ હતો. આજનું તેનું પ્રભાત નિરાળું જ હતું. જે અતિ વિકટ કસોટીમાંથી તેને પસાર થવું પડ્યું હતું તેને માટે, માર્ગે ચાલતાં, જગતના પ્રકાશિત દેવ સૂર્યનારાયણને પુનઃ પુનઃ નમસ્કાર કરતો હતો. તેનાં સર્વ કર્મમાં ગુરુભક્તિ શ્રેષ્ઠ સ્થાન ભોગવતી હતી.

ધીમે ધીમે ચાલતાં તે ગુરુના આશ્રમમાં જઈ પહોંચ્યો. બીજા ત્રણ શિષ્યો પણ તુરતના જ ત્યાં આવી પહોંચ્યા હતા. ચારેય શિષ્યોનું ચરિત્ર ગુરુજી યોગદ્વારા જાણી શક્યા હતા, એટલે ગુરુદેવને કંઈ નવીન જાણવાનું ન હતું. શિષ્યોએ આવીને સાષ્ટાંગ પ્રણામ કીધા. ગુરુએ સર્વને આશીર્વાદ આપ્યો, સર્વેનાં કાર્યોની પ્રશંસા કીધી અને વિશેષમાં જણાવ્યું કે, તમે પ્રત્યેક શિષ્યે જે આત્મબળ પ્રાપ્ત કીધું છે, તેનાવડે ઉત્તરોત્તર ઉત્તમ ગતિને સંપાદન કરશો.

## મન્યુહરનો ગર્વ

ગુરુદેવે ચારેય શિષ્યોની એક સરખી પ્રશંસા કરવાથી, મન્યુહરને કંઈક ખોટું લાગ્યું. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, ગુરુદેવને કાર્યાકાર્યની તથા યોગ્યાયોગ્યની ખરેખરી પરીક્ષા જ નથી. મેં જે તપ તપ્યું છે, જે પ્રકારે ક્રોધનો પરાજય કીધો છે, તેવું બીજા કોઇથી થઈ શકે તેમ નથી. સર્પના ડંસ, મુખમાં ઝેરનો સ્પર્શ ને પુછડાંના સપાટા સહન કરવા છતાં, ક્રોધનો ઉદ્ભવ ન થવા દેવો, તેનાપર જય મેળવવો, સર્પની ફેણુ ઉપર પગ મૂકીને તેને વશ કરવો, એ તપ કંઈ થોડું કઠિન નથી. ઘણાએ બ્રહ્મચર્યને ખંડિત થવા દીધું નથી. પનઘટપર બેસવું એમાં શું? વાઘની બોડમાં રહેવું તેમાંએ શું? વાઘને તો ઘણાએ વશ કરે છે. બાજીગરના માકડાની પેઠે નચાવે છે, કુદાવે છે; એમાં કંઈ મોટું પરાક્રમ કે મોટું તપોબળ નથી. સ્રીની શય્યાપર શયન કરીને કામેચ્છા ન કરવી, એ પણ કંઈ પરમ તપ નથી. પણ સર્પ જેવા ઝેરી પ્રાણીને વશ કરવો, તેના ડંસ ને સપાટા છતાં ક્રોધાધીન ન બનવું, એમાં કેટલા ધૈર્યની ને કેટલા આત્મસંયમની જરૂર છે, તે જો ગુરુજી જાણુતા હત તો, કદી પણ મને આ ત્રણ શિષ્યના સમાન ગણુત નહિ. આ ક્ષણે મન્યુહરના અંગમાં અભિમાને વાસ કીધો. તેનું અભિમાન જાગૃત થઈ ગયું ને પ્રજ્ઞા ઝાંખી પડી ગઈ. તે ગુરુપરીક્ષાને નિર્જીવ ગણવા લાગ્યો. કામ કેવો બળવાન્ છે, પરમાત્માની માયાનું કેન્દ્રસ્થાન ક્યાં છે, તેનું તેને હજુ જ્ઞાન થયું ન હતું અથવા થયું હતું તો તેનું અહુણાં વિસ્મરણ થયું હતું. આ અસાર સંસારમાં સૌથી વિશેષ કષ્ટકારી—અપરાજિત માયા કઈ છે, તેનું સ્વરૂપ તે જાણતો નહતો. તે સમજતો નહતો કે, માયા સર્વ જીવને ભ્રષ્ટ કરનારી છે ને એ માયા, મૂર્ત્તિમાન્ સ્રીમાં વસે છે. આ અજ્ઞાનપણાંથી તેણે માયાનો—સ્રીનો—કામનો—ઉપહાસ કીધો.

## માયાની પ્રતિકૃતિ

પછી તે ગુરુને સંબોધીને બોલ્યો; "હે ગુરુદેવ! અમે ચારે શિષ્યોમાં શ્રેષ્ઠ કોણુ?" ગુરુએ કહ્યું; "જે આત્મા શોક, કામ, ક્રોધ, મોહ, ક્ષુધા તથા તૃષા રહિત છે, સત્યકામ ને સત્યસંકલ્પ છે, ધીર ને વીર છે, તે જ શ્રેષ્ઠ છે. તે જ પરમ પદાર્થને પ્રાપ્ત કરી શકે છે, ઉત્તમ સ્થાનને પામે છે અને તે જ પુરુષ આત્માના શુદ્ધ સાત્વિક સ્વરૂપને યથાર્થ જાણી શકે છે. એ જીવ સંસારને વશ થતો નથી.

પરંતુ તેનો વિજય કરે છે અને તે ત્રણે લોકને ભેદીને ઉપરના લોકમાં જઈ વસે છે. તમે ચારેય શિષ્યોમાં જેણે માયાનું સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યું છે, જેણે માયાનો યથાર્થ ઉપહાસ કીધો છે, જે માયાના પાશમાં લપટાયો નથી, તે જ સર્વ કરતાં શ્રેષ્ઠ છે!"

મન્યુહરે પૂછ્યું; "કૃપાળુ ભૂદેવ! આપ સ્પષ્ટ સમજાવો. આપનાં ચરણની સેવા કરનારા ચારે શિષ્યો સમાન હોઈ શકે નહિ–ન્યૂનાધિક તો હોય જ. આપ કહેશો કે ન્યૂન કોણ અને અધિક કોણ?" આ સંવાદ બીજા ત્રણે શિષ્યો મૌન ધરીને સાંભળી રહ્યા હતા. ગુરુદેવ શો ઉત્તર આપે છે, તે જાણવાને આતુર થઈ રહ્યા હતા. ગુરુએ કહ્યું; "તમે ચારે શિષ્યોમાં કંદર્પહર શ્રેષ્ઠ છે!" મન્યુહર, એ ઉત્તર સાંભળતાં જ અતિ ખેદ પામ્યો. તેણે પ્રશ્ન કીધો; "હે કૃપાળુ ગુરુદેવ! આપ કંદર્પહરને શ્રેષ્ઠ ગણો છો, તેનું કારણ હું સમજી શકતો નથી. એક સ્ત્રીને જિતવી, એમાં કંઈ મોટું પરાક્રમ નથી. એમાં મોટાં તપનુંએ કામ નથી, મોટા યોગનુંએ કામ નથી, મોટી આત્મનિષ્ઠાનુંએ કામ નથી ને પરબ્રહ્મને જાણવાનુંએ કામ નથી." ગુરુદેવ, મન્યુહરનું બોલવું સાંભળીને સમજી ગયા કે, તેને પોતાનાં કર્મને માટે ભારે અભિમાન છે. કંદર્પહરે જે મહાકષ્ટે માયાને જિતી છે, તે માયાને જિતવાનું બળ મન્યુહરમાં નથી; તથાપિ એ પોતાનાં કર્મની પ્રશંસા કરાવવા ઇચ્છે છે. અહો! જે જ્ઞાન મેં એને આપ્યું છે, તેની યથાર્થ કિંમત કરવામાં એ અસમર્થ નિવડ્યો છે, માટે મારે એની બુદ્ધિ ઠેકાણે લાવવી જોઇએ.

આવો વિચાર કરીને ગુરુદેવે કહ્યું; "હે વત્સ મન્યુહર! જે કસોટીમાંથી મોટ મોટા ઋષિ મુનિઓ તરીને પાર ઉતર્યા નથી તથા પરમાત્માની માયાની પ્રતિકૃતિ જિતી શકયા નથી, તેવું મહાપરાક્રમ કંદર્પહરે કીધું છે. તેની કિંમત તું શું ઓછી આંકે છે? સ્ત્રીરૂપ પિશાચિણીના પાશમાં બંધાયલો કયો એવો સમર્થ જીવ છે, કે જે તેને જિતવાને સમર્થ છે? માયાનું સ્વરૂપ મોટા મોટા યોગી યતિઓ પણ સમજી શકયા નથી, તો જિતી તો કેમ જ શકે? અનેક જીવો અનેક રૂપે માયાપર મોહી પડ્યા છે, તેમાં લપટાયા છે ને સ્વર્ગાદિથી પણ ભ્રષ્ટ થઈ પડ્યા છે. અનેક મુનિઓએ લાખો વર્ષના તપનો, એ માયાની પ્રતિકૃતિના લટકામાં જ ક્ષય કીધો છે ને માયાનું બલિદાન થઈ પડ્યા છે. રે તેઓ માયાને હોમવાને બદલે, માયામાં જ હોમાયા

છે. એ માયા જેનું સ્થાનક સ્ત્રી છે, તેને જિતનાર શ્રેષ્ઠ નહિ એમ તું શું કહે છે? માયા બે અક્ષરનો શબ્દ છે. "મા" અને "યા." 'મા' એટલે 'મિથ્યા' અને 'યા' એટલે 'જે છે તે.' 'જે મિથ્યા છે તે' માયા અર્થાત્ અજ્ઞાન–ભ્રમ–નાશવંતમાં પ્રેમ તે માયા. સામાન્ય જીવ, જે મિથ્યા છે તેમાં લપટાઇને એવો તો જકડબંધ થઈ જાય છે, કે તેમાંથી મહા મહા પરિશ્રમે પણ છૂટી શકતો નથી તેવી માયાને, કંદર્પહરે આત્મ-તપના પ્રતાપે જિતી છે. એ માયા કેવી છે? બ્રહ્મદેવે માયાની રચના કરી ત્યારે જ કહ્યું છે કે, તેનું યથાર્થ સ્વરૂપ કોઇથી પણ જાણી શકાશે નહિ ને તે સદાય અનિર્વર્ણનીય ને અનિર્વચનીય જ રહેશે. હવે એ માયાની પ્રતીતિ ભ્રમકાળમાં જ થાય છે. જે જીવ એ ભ્રમમાંથી નિવૃત્તિ પામે છે, તે જ એ મિથ્યાત્વમાંથી નિવૃત્ત થાય છે. ભ્રમ અથવા અજ્ઞાન, એ માયાનું અનિર્વચનીય સ્વરૂપ છે. પણ જે ભ્રમને અસત્ય માને છે, તે માયાને તરી જાય છે અને જે નાશવંત છે, તે પરનો સ્નેહ તજે છે, અને તે જ અવિનાશીના પ્રેમને ભજે છે. વસ્તુનું જ્યાં સૂધી યથાર્થ સ્વરૂપ જાણવામાં કે જોવામાં આવતું નથી, ત્યાં સૂધી તે વસ્તુ ભ્રમમૂલક છે કે સત્ય છે, તે સમજવું અવિદ્યાબાધિત જીવને અશક્ય થઈ પડે છે. એ યથાર્થ જ્ઞાન સંપાદન કરવા માટે વસ્તુનું ખુલ્લે ખુલ્લું સ્વરૂપ જાણવાની જરૂર છે. હવે જે જીવ બ્રહ્મને યથાર્થ જાણે છે, તે જ બ્રહ્મનું–અદ્વિતીય પુરુષનું–યથાર્થ સ્વરૂપ જાણી શકે છે, ને જાણ્યા પછી, માયાનો પરાભવ કરે છે. એ માયાનો અંત અજ્ઞાનની નિવૃત્તિથી આવે છે; અને જ્યારે બ્રહ્મજ્ઞાનનો યથાર્થ બોધ થાય છે ત્યારે અજ્ઞાનનો નાશ થાય છે. અજ્ઞાનના નાશથી સત્યાસત્ય વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે; અને સત્યાસત્યનું જ્ઞાન થવાથી જીવ માયાના સ્વ-રૂપમાં ભેળાતો, ભોળવાતો, લપટાતો ને છળાતો બચી શકે છે. આ પરથી તને સમજાયું હશે કે, અજ્ઞાન, ભ્રમ, પ્રકૃતિ એ જ માયા છે ને એવી માયાનો કન્દર્પહરે વિજય કીધો છે. વત્સ મન્યુહર! એ અજ્ઞા-નને તરી જવું, જ્ઞાનને જાણવું અને જે મિથ્યા છે તેમાં લુબ્ધ ન થવું, એ આ સંસારમાં થોડું કઠિન કાર્ય નથી. પરમાત્માની પ્રેરેલી માયા સદ્ અસદ્રૂપ છે; તેમ વ્યક્તાવ્યક્તારૂપ પણ છે. ભ્રમકાળમાં માયાની પ્રતીતિ થવી, એ માયાનું વ્યક્ત સ્વરૂપ છે, એટલે ભ્રમકાળમાં જગ-તના અવિનાશી પદાર્થની પ્રતીતિ થવી, કે એ જ સત્ય છે–એ જ માયાનું

વ્યક્ત સ્વરૂપ છે. ભ્રમ નિવૃત્ત થવો, એ માયાનું અવ્યક્ત સ્વરૂપ છે. હવે જે જીવ નામરૂપાત્મક સૃષ્ટિના વિકારી પદાર્થોમાં પ્રેમ કરીને તેમાં લુબ્ધ થાય છે, તે માયાને તરી શકતો નથી; પણ જે જીવ માયાની અપેક્ષિત વ્યાપકતાનું ને બ્રહ્મની નિરપેક્ષિત વ્યાપકતાનું સારી રીતે પૃથક્કરણ કરે છે, તે જ માયાને તરી શકે છે અને જે માયાને તરે છે, તેજ પુરુષ પરમ શ્રેષ્ઠ, પરમ તપસ્વી, પરમ પુરુષના વિશુદ્ધ સ્વરૂપનો જ્ઞાતા છે.

## માયાની પ્રકૃતિ સ્ત્રી છે

અસત્‌માં સત્ બુદ્ધિ કરવી, એ જેમ માયાનું વ્યક્ત સ્વરૂપ છે, તેમ એ માયાની પ્રતિકૃતિ પણ છે. એ પ્રતિકૃતિનું મુખ્ય સ્થાપન પરમાત્માએ સ્ત્રીમાં કર્યું છે અને તેથી જ તેને મૃગનયના, કમળલોચના, ગજગામિની, હંસગામિની, સુંદરી, સુલોચના, કદલીજંઘા, સિંહલંકી આદિ અનેક નામથી ઓળખવામાં આવે છે. માયામાં લપટાવાનું પ્રારંભ સ્થાન સ્ત્રી છે. જે એના પાશમાં બંધાયો તે ધર્મ, કર્મ, યોગ, જ્ઞાન, ધ્યાન, નીતિ, તત્ત્વ સર્વથી ભ્રષ્ટ થાય છે. એ સંસારી માયારૂપી સમુદ્રનો વેગ-મોહ-સંકટ અતર્ક્ય ને મહાન્ છે. પણ આત્મ ભૂગોળપર તો તે એક નાના સરોવર જેવો છે. આત્મનિષ્ઠ જીવ તે સરોવરને અતિ વિકટ છતાં પણ સહજમાં તરી જાય છે. વળી માયાનું વ્યક્ત સ્વરૂપ આ લોકના જીવ માટે સ્ત્રી, પુત્ર, ધન ઈત્યાદિ છે. તેમાં પણ અતિ ભયંકર અને જેના પાશમાં બંધાયલો જીવ કોઈ પણ કાળે છૂટી શકે નહિ, તેવું સ્વરૂપ તો સ્ત્રી જ છે. જન્મરૂપી તળાવમાં પડેલાં અને ચિત્તરૂપી કાદવમાં રઝળતાં, મનુષ્યરૂપ મત્સ્યોને પકડવાને દુર્વાસના એજ દોરી છે, અને નારી એ તેને બાંધેલો માંસ પિંડવાળો ગલ છે. સ્ત્રીના સંગથી પુરુષ એવી અધોગતિને પામે છે કે, કાળના કાળ ને જન્મનો જન્મ તે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા છતાં પણ તેને મુક્તિના માર્ગનાં દર્શન થતાં નથી. વત્સ મન્યુહર! તું કહેશે કે, શાસ્ત્રકારોનાં એ સર્વ ગપાટા છે; કેમકે જેટલો પુરુષ પાપિષ્ઠ છે, તેથી વિશેષ પાપિષ્ઠ સ્ત્રી નથી. પણ તેમ નથી. પુરુષનાં સર્વ સત્વનું હરણ કરનારી એ જ માયારૂપ સર્પિણી છે. તેમજ યોગભ્રષ્ટ કરનારી, જ્ઞાન ભૂલાવનારી, ધર્મ ત્યજાવનારી એજ સર્પિણી છે ને સ્વર્ગાદિ લોકમાંથી ઢાળી પાડનારી પણ એજ માયાની પ્રતિકૃતિ-સાક્ષાત્ માયા જ છે. મત્સ્યેન્દ્રને ભ્રષ્ટ કરનાર કોણ હતું? શૃંગીનું જ્ઞાન ભૂલાવનાર કોણ હતું? અજામિલનો ધર્મ તજાવનાર પણ એજ માયા

હતી, નહુષને સ્વર્ગમાંથી પાડનાર પણ એ જ માયા હતી. સ્ત્રીના મુખ ઉપર સવામણનું તાળું કહેવાય છે, પણ એ જ તાળું તેનાં નેત્રથી જે કમાન ચઢાવવવામાં આવે છે, તેની પણછના અગ્ર ભાગપર મૂકીને મારે છે, ત્યારે પુરુષ કેવળ નિઃસત્વ બની જઈ, વિધિ-નિષેધનું જ્ઞાન ભૂલી જઈ તે માયારૂપ સર્પિણીના ચરણમાં ધૂળ ચાટતો પડે છે. માયાની મોહિનીનું બાણ સ્ત્રીની પાસે એવું તો સચોટ છે, કે તેનું નિશાન કોઈ પણ કાળે, કોઈ પણ સ્થળે ચૂકતું નથી. એવી માયારૂપ સ્ત્રીના મોહમાંથી અસંગ, નિર્લેપ, નિર્વિકાર રહીને જે પુરુષ મુક્તિ મેળવે છે, તે જીવ શ્રેષ્ઠ હોય એમાં અશક્ય શું છે? આ કંદર્પહર એ સ્થિતિમાંથી અસંગ, નિર્વિકારી, અક્ષત, નિર્લેપ રહી તરી આવ્યો છે, માયાને પગ નીચે દાબવાનું એ બળ ધરાવે છે, માટે જ એ શ્રેષ્ઠ છે. જેને સ્ત્રી છે તેને ભોગની ઇચ્છા છે, પણ જેને સ્ત્રી નથી તેને ભોગની ભૂમિકા જ ક્યાં? સ્ત્રીનો ત્યાગ કરતાં જગત્ ત્યાગ થાય છે, અને જગત્‌નો ત્યાગ થતાં સુખ માત્ર પ્રાપ્ત થાય છે. એક પ્રાચીન વચન છે કે માતા, બ્હેન પુત્રી કે કોઈ પણ સ્ત્રીની સાથે એક શય્યા કે એક આસન રાખવું નહિ. કારણ કે ઇન્દ્રિયગ્રામ એવો બલવાન્ છે કે, તે ગમે તેવા વિદ્વાનને પણ તાણી જાય છે. એ પ્રાચીન વચન વિરુદ્ધ વર્તીને માત્ર ગુરુઆજ્ઞા ઉઠાવવા ખાતર, એક પરમ લાવ-ણ્યમયી, પીનસ્તની, કોમળ, ચંદનચર્ચિતાંગી મદભરી ગણિકા માનિની જ્યારે એકાંતમાં સંપૂર્ણ કામોદ્દીપક સામગ્રી સાથે સમાગમોત્સુક બની પ્રાર્થના કરતી આવી, ત્યારે તેની સાથે એક શૈય્યાસન ઉપર નગ્નાવસ્થામાં રહી, ઉત્કૃષ્ટ વૈરાગ્યનો બોધ કરી, સંપૂર્ણ અલિપ્તતાથી કંદર્પહર સુખરૂપ પસાર થઈ આવ્યો, એ શું તું સહેલું સમજે છે? વિશ્વામિત્ર જેવા મહાન્ તપસ્વીઓ જ્યાં ચ્યુત થયા ત્યાં કંદર્પહર સ્ત્રી વિષયક સુખના ભરસમુદ્રમાં ખડકની પેઠે અડગ ટકી રહ્યો, એ કંઈ નાની સુની વાત છે? તને મિથ્યાભિમાન ચઢયું છે, તેનો તું ત્યાગ કર. જોગી જતિ, ઋષિ, મુનિ ને તપોધનો એવા અનેક જીવો એ માયાના મોહમાં એવા તો ચગદાઈને કુચો થઈ ગયા છે કે, તેમનું લાખો વર્ષનું જ્ઞાન ક્ષણવારમાં રસાતળમાં પહોંચી ગયું છે!

### માયાવશ વિશ્વામિત્રની કથા

પૂર્વકાળમાં ગંગા નદીના તટપર આવેલા એક સુંદર નગરમાં ગાધી રાજાના વંશજ રાજાઓ રાજ્ય કરતા હતા. એ વંશમાં વિશ્વા-

મિત્ર નામનો મહાન પ્રખ્યાત રાજા થયો હતો. ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ જાતિ શ્રેષ્ઠ છે, એમ વેદ અને શાસ્ત્રોમાં વર્ણવેલું હોવાથી તેણે બ્રાહ્મણપણું પ્રાપ્ત કરવા માટે હિમગિરિના પ્રદેશમાં ઉગ્ર તપશ્ચરણ આરંભ્યું. સર્વ પ્રકારની માયાનો ત્યાગ કરીને એક નિષ્ઠાથી જ તે તપ કરતો હતો. ખાવામાં વાયુ, પીવામાં વાયુ, સૂવામાં ભૂમિ ને છાયામાં આકાશ જ હતું. પરબ્રહ્મની પ્રાપ્તિ માટે તેણે એવું તો ઉગ્ર તપ કીધું હતું કે, તેના જેવું બીજું કોઇનું તપ ગણાયું નથી. રાજકુળદીપક વિશ્વામિત્રે સાઠ હજાર વર્ષ પર્યંત અનેક સંકટમાં અને અનેક પ્રકારનાં કષ્ટમાં પોતાનું તપ જારી રાખ્યું હતું.

તેના તપથી ગભરાઈને ઇન્દ્રે અનેક અપ્સરાઓને તે તપનો ભંગ કરવા માટે મોકલી. આ અપ્સરાઓમાં મેનકા નામની અપ્સરા પ્રમુખ હતી. તેનું લાવણ્ય અનિર્વચનીય હતું; ખીલતી જુવાનીમાં તે મદમત્ત હતી; તેનાં નેત્રમાં મનુષ્યને લોટપોટ કરનારાં અનેક સચોટ શસ્ત્રો ભરેલાં હતાં; તેનું મુખમંડળ, ચંદ્રને પણ ચલાયમાન કરે તેવું હતું; રાગતાનના આલાપ લેવામાં તેના કરતાં શ્રેષ્ઠ બીજી કોઈ પણ અપ્સરા ન હતી; ઇન્દ્રની તે પ્રિયા હતી. ઇન્દ્રની આજ્ઞાથી મેનકા જે વનમાં વિશ્વામિત્ર તપ કરતા હતા ત્યાં આવી. સમય સાધી પોતાના મધુર કણ્ઠથી મેનકા એવો ઉત્તમ આલાપ કરવા મંડી કે, જે આલાપનો ધ્વનિ વિશ્વામિત્રના હૃદયની પેલી પાર–સપ્તમી સમાધિમાં સોંસરો પેસી ગયો. ધીમે ધીમે રાજર્ષિનાં નેત્રો વિક્ષિપ્ત થવા લાગ્યાં અને જેવી મેનકા ઉપર દૃષ્ટિ પડી, તેવા જ તેઓ વિહ્વળ થઈ ગયા. મન્યુહરં! એક બાજુએ સાઠ હજાર વર્ષનું તપોધન અને બીજી બાજુએ એક ક્ષુદ્ર સ્ત્રીના કંઠનો સુસ્વર ને દર્શન, એ બેની તુલના કેમ થઈ શકે? જે બ્રહ્મની પ્રાપ્તિ માટે વિશ્વામિત્રે અનેક કષ્ટો સહન કીધાં હતાં, તાઢ, તડકો ને વરસાદની જેણે લેશ માત્ર પણ ગણના કીધી ન હતી, જેનાં અંગની આસપાસ ધુળોના ઢગલાઓ ને ઉધાઇઓનાં ઘરો બંધાઈ ગયાં હતાં, નાગના અને સાપના રાફડાઓ જેની આસપાસ જથૂકનો જમાવ કરીને પડેલા હતા, વાઘ અને સિંહથી જેને ક્ષણભર પણ ક્ષોભ થયો ન હતો, એવા વિશ્વામિત્ર રાજર્ષિ, ક્ષણભર જ સ્ત્રીના સ્વરનો ધ્વનિ પોતાના કર્ણપ્રદેશમાં પ્રસાર થઈ જવા હેવાથી એકદમ ક્ષોભ પામી ગયા. વિક્ષિપ્ત થતી તેમની દૃષ્ટિ ધીમે ધીમે મેનકાપર

ચોંટવા લાગી. સર્વ ઇન્દ્રિયો પોતાનું કાર્ય કરવાને સ્વાભાવિક ધર્મને આશ્રયે જઈ પડી! મેનકાને તો જે જોઈતું હતું, તે જ મળી ગયું. તેણે ધીમે ધીમે પોતાની કળા વિસ્તારવા માંડી. તિરછી દૃષ્ટિથી તેણે એક પછી એક એવાં તો સચોટ બાણ મારવા માંડ્યાં કે, વિશ્વામિત્ર તે સહન કરી શક્યા નહિ. કામદેવ પોતાના બાણની પણછ ચઢાવીને સન્મુખ જ ઉભો હતો—તે ઋષિરાજનું મન ડોલાયમાન કરાવતો હતો. એ મકરધ્વજ, સ્ત્રીઓની આજ્ઞા ઉઠાવનાર સેવક છે. કારણ કે તે સ્ત્રીના કટાક્ષે સૂચવેલા પુરુષપર આજ્ઞા પ્રવર્તાવે છે. વિશ્વામિત્રની દૃષ્ટિ મેનકા ઉપર ધીમે ધીમે ઠરવા લાગી. મન જે સર્વ કષ્ટનું—પતનનું કારણ છે, તેમાં અનેક સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. એટલામાં ઇન્દ્રપ્રેરિત વાયુ આવી, મેનકાએ પહેરેલાં સુંદર વસ્ત્રમાં ભરાયો ને વાયુદેવે એકદમ તેનાં વસ્ત્રને એવું તો ઊંચું ઉરાડ્યું કે, મેનકાના નાભિપ્રદેશપર ઋષિની આબાદ દૃષ્ટિ પડી અને તે જ ક્ષણે કામે પોતાનું બાણ મારીને, વિશ્વામિત્રને માયાની મોહિનીમાં લટ્ટુજી બનાવી દીધા. મુનિરાજે પોતાનું પદ્માસન વિખેરી નાંખ્યું, તપને ઉરાડી મૂક્યું, તેમનું મન વિહ્વળ થઈ ગયું. તે એકદમ ઉઠીને ઉભા થયા, ને જ્યાં મેનકા ઉભી હતી, ત્યાં એકદમ ચાલ્યા. થયું!! ઇન્દ્રને જે ભાવતું હતું તે થયું. કામે પોતાનો પ્રતાપ બતાવ્યો ને મેનકાનું કાર્ય સિદ્ધ થયું. મુનિદેવે એક વર્ષ સુધી મેનકા સંગે વિલાસ કર્યો અને તેમનું સાઠ હજાર વર્ષનું તપ ક્ષણિક સુખમાં નાશ પામ્યું.

આનું નામ તે માયા! તાત મન્યુહર! વિશ્વામિત્ર જેવા મહાન્ ઋષિરાજ સ્ત્રીની મોહિનીમાં મોહ પામીને, પોતાના અગાધ તપોબળને ગુમાવી બેઠા હતા ને એ માયામાં ફસાઈ પડ્યા હતા, તો પછી સાધારણ ઋષિ મુનિની તો ગણત્રી જ શી? દેવ, દાનવ ને માનવ, સાધુ સન્ત ને તપસ્વી, જ્ઞાની, અજ્ઞાની ને મૂઢમતિ, માયાની પ્રતિકૃતિ સ્ત્રીના દાસ છે. પિંગલા જેવી રૂપયૌવનમસ્ત સુન્દરી, સુન્દર ભોજન, વિલાસભવન, કામોદ્દીપક વાયુ, સર્વકળાનું નિધાન એકાંત સ્થળ, પ્રાર્થના કરનાર અબળા, મૃત્યુનો ભય, ત્યાં આગળ વિશુદ્ધ આત્મનિષ્ઠ વિના બીજો કોઈ પણ જીવ કોઈ કાળે ટકી શકે નહિ. જેણે પ્રાણવાયુનો નિરોધ કીધો છે, જે આત્મનિષ્ઠ છે, જેણે પરમતત્ત્વ જાણ્યું છે, જેણે પરમરસનું પાન કીધું છે, તે જ આવા સંકટમાં તરી શકે છે. જેણે સંકલ્પનો સંન્યાસ કર્યો છે

તે જ યોગી છે, તે જ પરમ છે, તેનો જ જય છે. જે કર્મફળનો આશ્રય કર્યા વિના કર્મ કરે છે, તે જ સંન્યાસી છે-અગ્નિનો ત્યાગ કરનારો કે ભગવા ધરનારો યોગી-ત્યાગી કે સંન્યાસી નથી. જે કર્મના ફળનો ત્યાગી છે, તે જ ખરો ત્યાગી છે; જેણે માયાના મસ્તકપર પગ મૂક્યો છે ને નૃત્ય કર્યું છે, તે જ સમર્થ સંન્યાસી છે; જેનું મન પૂર્ણ છે, એટલે જેને જગત્ માત્રના પદાર્થોપર મોહ થતો નથી, તે જ પુરુષ બ્રહ્મના અમૃત-રસથી, માયાની મોહિનીની સમીપ રહી, માયામાં લેપાતો નથી અને તે જ પૂર્ણ છે. જે જીવનાં કર્તૃત્વ અને ભોકતૃત્વ શાંત થયાં છે, એવો જ જીવ એ પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે. જે સંકલ્પ વિકલ્પ રહિત છે, દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, પારુષ્યાદિ આસુરી સંપત્તિનો જેણે ત્યાગ કીધો છે અને દૈવી સંપત્તિને જેણે ઉત્તમ પ્રકારે સેવી છે, તે જ જીવ આ બ્રહ્મની માયાને તરી પૂર્ણતાને પામે છે. અયુક્તને બુદ્ધિ હોતી નથી, તે સદાનંદાત્મરૂપ જ્યોતિને જોઈ શકતો નથી, તેને ભાવના પણ હોતી નથી અને જેને ભાવના હોતી નથી, તેને શાંતિએ નથી, સુખે નથી પણ તે માયાનો દાસ છે, તે બ્રહ્મથી વિમુખ રહે છે અને તે માયાને તરી શકતો નથી. જે આ જગતને કેવળ અવિદ્યાએ ઉત્પન્ન કરેલું અને સ્વપ્નવત્ મિથ્યા જુવે છે, તે અવિદ્યાથી ઉત્પન્ન થયેલી માયાને સહેલથી તરી જાય છે. આવી માયાને કંદર્પહર તરી ગયો છે, માટે તે શ્રેષ્ઠ છે."

## ક્રોધનાં દૃષ્ટાંત

ગુરુદેવનાં એ વચનનું સત્ય રહસ્ય મન્યુહરના હૃદયમાં ઠરી શક્યું નહિ. તે બોલ્યો; "ગુરુદેવ! આપે જે જે કહ્યું છે તે તે સત્ય છે; તથાપિ ક્રોધને જિતવો, એ કંઈ હાંસીખેલ વાત નથી. રામ અને કૃષ્ણ જેવા મહાત્મા પુરુષો પણ કામને વશ કરી શક્યા છે; જનકે પણ કામ જિત્યો છે-તેવી શક્તિ કોઈ પણ જીવ બતાવી શકે છે. પણ ક્રોધને જિતવો, એ અતિ દુષ્કર કર્મ છે. દુર્વાસા જેવા મોટા મુનિરાજ પણ ક્રોધને જિતી શક્યા નથી-જો કે તેઓ કામને જિતી શક્યા હતા, મોહને મારી શક્યા હતા, લોભને વારી શક્યા હતા, મદને ચૂર્ણ કર્યો હતો, મત્સરને નસાડી મૂક્યો હતો, આશારહિત હતા, તૃષ્ણાથી વિમુખ હતા, સંકલ્પ રહિત હતા, પરમતત્ત્વને પામેલા હતા-એ સર્વે શત્રુઓ ઉપર જો કે તેઓએ દિગ્વિજય મેળવ્યો હતો, પણ તેઓ ક્રોધને જિતી

શક્યા ન હતા. એ મુનિ, રાજા અંબરીષનું વ્રતભંગ કરાવવા માટે ગયા અને દ્વાદશીના પારણાને દિવસે, રાજા અંબરીષે જળનું પ્રાશન કર્યું; તેટલાથી જ મુનિદેવ ક્રોધે ભરાયા ને ભગવદ્‌ભક્ત મહાત્મા અંબરીષને શાપ દેવાને તત્પર થઈ ગયા હતા!

હે દેવ! રાજા યુધિષ્ઠિર જેવા પણ ક્રોધને પગ નિચે દબાવી શક્યા ન હતા. વૈરાટ રાજાની સભામાં યુધિષ્ઠિર અને વૈરાટ રાજાને વિવાદ થયો ત્યારે, વૈરાટ રાજાએ તેના નાકપર પાસો માર્યો. તે વખતે તેની નાસિકામાંથી જે રક્ત વહ્યું, તે ક્રોધથી ધગધગતું હતું! જો તે રક્ત પૃથ્વીપર પડત તો લાંબા કાળ પર્યંત તે દેશમાં દુકાળ પડત, એવું એમનું રુધિર ક્રોધથી ભરપૂર હતું. પરશુરામ જેવા દેવાંશી મહાત્મા–પરમાત્માના દશાવતારમાંના છઠ્ઠા અવતારી પુરુષ–ક્રોધની મૂર્તિ હતા. પોતાના પિતાનો એક ક્ષત્રિયે ઘાત કર્યો, તે ઉપરથી ક્રોધાવિષ્ટ થઈને, તેણે એકવીસવાર આ પૃથ્વીને નક્ષત્રી કરી, ઘોર સંહાર કીધો હતો. રામે જ્યારે તેમનું ત્ર્યંબકી ધનુષ્ય તોડ્યું, ત્યારે તેમની સાથે યુદ્ધ કરવા દોડી આવ્યા, કે શું હજી ક્ષત્રિય જીવે છે! શમીક ઋષિએ, કલિને વશ થયલા રાજા પરીક્ષિતે તેના પિતાના કંઠમાં મરણ પામેલો સર્પ નાંખ્યો, તેટલાથી જ ક્રોધાવિષ્ટ થઈને, પરીક્ષિત જેવા પ્રજાપાલક ધર્મનિષ્ઠ રાજાને, સાત દિવસમાં મૃત્યુ પામવાનો શાપ આપ્યો હતો.

હે ગુરુદેવ! ખરેખર, ક્રોધ વશ કરવો, એ અતિ કઠિન કાર્ય છે. એના જેવું વિષમ અને દુર્ઘટ કાર્ય એક પણ નથી. આ લોકના જીવની સામાન્યવૃત્તિ એવી છે કે, અપકાર કરનારપર ક્ષણે ક્ષણે ક્રોધ થાય છે. એ ક્રોધથી મોહ થાય છે, મોહથી સ્મૃતિનો ભ્રંશ થાય છે, સ્મૃતિના ભ્રંશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી આત્માનો વિનાશ થાય છે. આવો ક્રોધ બળવાન્ છે. એવા બળવાન્ ક્રોધને આપ કામજિતથી ઉતરતી કક્ષામાં મૂકો છો, એ મને મોટું આશ્ચર્ય થાય છે."

## દ્રૌપદી ક્રોધને જિતી છે

અત્રિ મુનિએ કહ્યું; "હે વત્સ મન્યુહર! તું કહે છે તે સત્ય છે. ક્રોધ પણ અજિત ને બળવાન છે; તથાપિ કામને જિતવું જેટલું કઠિન કર્મ છે, તેને શતાંશે પણ ક્રોધને જિતવું કઠિન કર્મ નથી. દ્રૌપદી જેવી અબળા પણ ક્રોધને જિતી શકી હતી. મહાભારતના યુદ્ધપ્રસંગમાં દ્રોણા-

ચાર્યના ચિરંજીવી પુત્ર અશ્વત્થામાએ, રાત્રિસંહારમાં દ્રૌપદીના પાંચે પુત્રોનો શિરચ્છેદ કીધો, ત્યારે ભીમે પ્રતિજ્ઞા કરી હતી કે, તારા પુત્રના વધ કરનારના માથાપર તને બેસારીને જ્યારે સ્નાન કરાવું, ત્યારે જ મારું નામ ભીમ સાર્થક સમજજે! પુત્રોના મરણથી દ્રૌપદી અવિશ્રાંત કલ્પાંત કરતી હતી. તેણે ભીમની આ પ્રતિજ્ઞાનું કંઈ પણ ઉત્તર આપ્યું નહિ. પછી શ્રીકૃષ્ણ પરમાત્માને સાથે લઇને, ભીમ અશ્વત્થામાને પકડવા માટે ગયા અને તે બંને વચ્ચે મહાન્ યુદ્ધ થયા પછી, તેને પકડીને દ્રૌપદી સમક્ષ લઈ આવ્યા. અશ્વત્થામાનો શિરચ્છેદ કરવાનો ભીમે વિચાર દર્શાવ્યો. તે સમયે ખેદમાં ડૂબેલી દ્રૌપદીએ કહ્યું; "હે મહારાજ! શ્રીકૃષ્ણ! હે સ્વામિ ભીમ! આપ અશ્વત્થામાને છોડી દ્યો. એ તમારા ગુરુપુત્ર છે. મારા પુત્રોનો શિરચ્છેદ કરવાનું બ્રાહ્મણને નહિ ઘટે તેવું કૃત્ય તેમણે કીધું છે ખરું, પરંતુ મારા પુત્રના મરણથી જેવો મને શોક ને ખેદ થાય છે તથા મારાં નેત્રોમાંથી જેવા અશ્રુના ઓઘ વહે છે, તેવો જ શોક અને ખેદ, ગુરુપત્ની કૃપીને કરાવવા હું ઈચ્છતી નથી. તમારા ગુરુપુત્રના વધથી મારા પુત્રો પાછા આવવાના નથી. તેનું આયુષ્ય પૂર્ણ થયું હતું ને તે ગયા, તેમાં મારે ક્રોધ કરવો ને અશ્વત્થામાને હરણાવવા એ નિર્બળ જીવનું કર્તવ્ય હું સમજું છું."

## ક્રોધજિત્ કાશીરાજ

"વત્સ મન્યુહર! એક બીજી કથા સાંભળ. ક્રોધનો વિજય કરનાર અતિ પ્રાચીન કાળમાં કાશીપુરમાં એક રાજા રહેતો હતો. તેણે સિંહાસનના પાયા નિચે ક્રોધને એવી તો સખતાઇથી દાબી દીધો હતો કે, તે કદી પણ સજીવન થવા પામ્યો નહિ. એ રાજા ગમે તેવા સંકટમાં અને ગમે તેવા અપમાનમાં પણ ક્રોધી થતો નહિ. ક્રોધ ઉપજવાના અનેક પ્રસંગો એને પ્રાપ્ત થયા હતા, પણ એ રાજા કેવળ ધાડા ધૈર્ય ને અદ્ભૂત શાંતિથી તે ક્રોધનો વિજય કરતો હતો. તેના આ અપ્રતિમ ગુણથી દેવલોકમાં પણ તેની સ્તુતિ થવા લાગી. એક સમયે ઇંદ્રની રાજસભામાં ભગવાન્ નારદે પધારીને, તે રાજાના યશનું બહુ જ રુડી રીતે કીર્તન કર્યું. ઇંદ્ર અને દેવસભા ચકિત થઈ. પછી એ રાજાની પરીક્ષા કરવાનો ઇંદ્રે ઠરાવ કીધો. ઇંદ્રે નૂતન રૂપ ધારણ કીધું. તેનું મુખ માર્જાર જેવું થયું, તેના શરીરમાંથી અનેક પ્રકારના રક્તનો સ્રાવ થતો હતો અને દુર્ગંધ એવી નિકળતી હતી કે, કોઈ પ્રાણી તેની સમીપ ઉભું

રહી શકે નહિ. એવું રૂપ ધારણ કરી, હાથમાં દંડ કમળ લઈ, ભિક્ષાંદેહિ કરતો, તે કાશીરાજના દરબારમાં આવ્યો. રાજાએ તેના કુત્સિત રૂપથી જરા પણ સંકોચ ન પામતાં, ઉત્સાહ ભર્યા હૃદયે, સંન્યાસીરૂપ ઇંદ્રનો પ્રેમપૂર્વક સત્કાર કીધો અને એ દિવસે પોતાના મંદિરમાં ભિક્ષા લેવાની પ્રાર્થના કીધી. સંન્યાસીએ કુત્સિત–અવિવેકી વેણથી કહ્યું; 'અલ્યા સાંઢીયા! રોઝડા! જો તારી ભોજન કરાવવાની ઈચ્છા હોય તો હું માગું તે ભોજન મને આપ.' 'અસ્તુ' કહીને રાજાએ તેની આજ્ઞા સ્વીકારી. સંન્યાસીએ તે રાજાના એકના એક પુત્રના મસ્તકના માંસનું ભોજન માગ્યું. રાજાએ જરા પણ સંકોચ નહિ પામતાં, સંન્યાસીની આજ્ઞાને શિરસાવંદ્ય કરી. પછી ઇંદ્ર સ્નાન કરવા નદીના તટપર ગયો અને રાજા પોતાના પુત્રનું મસ્તક કપાવી, તેનું ભોજન તૈયાર કરાવી, સંન્યાસીની વાટ જોતો બેઠો. એટલામાં પ્રધાને આવીને કહ્યું; 'હે મહારાજ! જે સંન્યાસીએ આપણા યુવરાજ કુંવરનું મસ્તક કપાવીને ભોજન કરવાની આજ્ઞા કરી છે, તે સંન્યાસીએ આપણી અશ્વશાળામાં આગ લગાડી છે, હજારો ઘોડાઓ બળીને ભસ્મ થઈ ગયા છે, અશ્વશાળા પણ સાથે જ ફુંકાઈ ગઈ છે; રે એટલું જ નહિ, પણ રાવત, ચરવાદાર અને તેના કુટુંબી પણ ભસ્મીભૂત થયાં છે. એ માર્જારમુખા સંન્યાસીને આપે આટલો બધો સત્કાર કીધો, તેના બદલામાં તેણે જે અપકાર કીધો છે, તે અનિર્વચનીય જ છે!' આ વાર્તા હજી પૂરી થઈ નથી, એટલામાં જ રણવાસમાંથી એક દાસી દોડતી દોડતી આવી ને કાશીરાજને દંડવત્ પ્રણામ કરીને બોલી; 'મહારાજ! ક–ક–ક–કહેવાથી જીભ ઉપડતી નથી, પણ પેલો ચંડાળ સંન્યાસી, આપણી લાડકી રાજકન્યાનું, રડતી કકળતી અવસ્થામાં, હરણ કરી ગયો છે. તે કન્યાને લઈ જતી અટકાવવાને જે દાસ દાસીઓ સામાં થયાં, તેને પોતાના દંડથી તેણે એવો તો સખત માર માર્યો છે કે, તેઓ ઉઠી પણ શકે તેમ નથી.' પુત્રનું મરણ, હયશાળાનો નાશ, કુમારી રાજકુંવરીનું હરણ, સેવકોનો નાશ, એ ઉપરા ઉપરી બનેલા બનાવથી, કોઈ પણ મનુષ્યને ક્રોધ છૂટ્યા વગર રહે નહિ. પણ કાશીરાજનું મુખ જરા પણ મ્લાન થયા વગર, જેવું ને તેવું જ તગતગતું રહ્યું. એટલામાં સંન્યાસીરૂપ ઇંદ્રિ, ભોજનગૃહમાં ધીમે ધીમે પગલે ચાલતો ને મુખે હરિ નામ જપતો આવ્યો! મંત્રીઓ અને સેવકો તો ધારતા હતા કે, રાજા ક્રોધ કરીને એ સંન્યાસીને

અહુણાં જ મારી નાંખશે. પરંતુ રાજાની સૌમ્યવૃત્તિમાં જરા પણ ફરક પડ્યો નહિ. સંન્યાસીને આવતો જોઈને, બે હાથ જોડી તે ઉભો થયો. તેનાં બે ચરણ પકડીને તે બોલ્યો, 'મહારાજ! આ દાસથી કંઈ પણ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો!' રાજાનું આ ધૈર્ય અને ક્રોધ-જિતપણું જોઈને, ઇંદ્ર ચકિત થયો. પછી ઇન્દ્રે પોતાનું સ્વરૂપ ધારણ કરી, રાજાને પ્રેમથી ભેટી કહ્યું; "હે રાજન્! તને ધન્ય છે! તેં જ ખરે-ખરો ક્રોધને જિત્યો છે ને તારી રાજકન્યા રાજભવનમાં કલ્લોલ કરે છે. હું ફક્ત તારા ક્રોધની પરીક્ષા કરવાને જ આવ્યો છું-તેં ક્રોધને પગ-તળે ખરેખરો દબાવ્યો છેઃ તારા જીવનમાં તેનું પુનરુજ્જીવન કદી પણ થશે નહિ, એવો મારો નિશ્ચય છે!" આમ કહી આશીર્વાદ આપી, ઇંદ્ર પોતાના મંદિરપ્રતિ વિદાય થયો."

ગુરુ બોલ્યા;-'હે મન્યુહર! એમ ક્રોધને જિતવામાં પુરુષાર્થ છે ખરો, પણ કામને જિતવો, એ પરમ પુરુષાર્થ છે. જ્ઞાનીઓ પણ કામને જિતવામાં ગોથાં ખાઈ ગયા છે; અને બળવત્તર પ્રારબ્ધવડે, કર્મના ભોગ ભોગવી, અજ્ઞાનરૂપ કામાગ્નિમાં લય પામી ગયા છે, તો જેઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી અને નિર્ગુણ અવિનાશી બ્રહ્મ રૂપને જેઓ જાણતા નથી તથા દેહના ભોગ ભોગવવામાં અહોનિશ જાગૃત રહે છે-રે તેનું જ ચિંતન કર્યા કરે છે, તેવા અજ્ઞ નિર્બળ પુરુષના પુરુ-ષાર્થની તો વાત જ શી કરવી? ક્રોધને જિતવામાં જે પરાક્રમ, જે દૃઢતા, જે શક્તિની આવશ્યકતા છે, તેનાથી વિશેષ આત્મજ્ઞાનની દૃઢતા તથા આવશ્યકતા, કામને જિતવામાં છે. ઇંદ્રિયોદ્વારા પ્રાપ્ત થતા અનિત્ય વિષય સુખમાં સંડોવનાર મોહ-માયાના પ્રબળ પ્રતાપાગ્નિની તીક્ષ્ણ જ્વાળામાં ભસ્મીભૂત કરાવનાર, આત્મસુખમાંથી પતન કરાવનાર એ કામ, મહાબળવાન્ રાજાનો રાજા છે. તેની સેના વિશાળ છે; તેનાં આયુધો અત્યંત તીક્ષ્ણ છે; તેના પાસવાનો અતિ ચપળ છે; તે પોતાનું બાણ ફેંકે છે, ત્યાં સચોટ જ ઘા કરે છે; બાળક કે તરુણ, વૃદ્ધ કે રોગિષ્ઠ, શક્ત કે અશક્ત, સ્ત્રી કે પુરુષ, નીચ કે ઉંચ, વિદ્વાન્ કે અવિદ્વાન્, જ્ઞાની કે અજ્ઞાની-સઘળા જ એની માયામાં એવા તો લીન થઈ ગયા છે કે, તેઓ અત્યંત તેજોમય પરમાત્માની વિભૂતિની સ્વલ્પ કાળ પણ ઝાંખી કરી શકતા નથી! એટલું જ નહિ, પણ ભેદબુદ્ધિને યોગે, પાપ માત્રના જ પૂજારી બનીને, સઘળા ધર્મોથી રહિત થઈ, મનઃકલ્પિત વિવિધ

પ્રકારનાં સાધનો સાધવામાં તત્પર બની જાય છે. તેઓનું પડવું ક્યાં થાય છે તે પણ, આકાશમાં ઉડતા પ્રાણીની ગતિ જેમ જાણી શકાતી નથી, તેમ જાણી શકાતું નથી. આવા મોહમય કામસાગરમાંથી કંદર્પહર તરી આવ્યો છે, તેને માટે તે શ્રેષ્ઠ છે, અને ફરીથી હું કહું છું, કે તે જ શ્રેષ્ઠ છે."

મન્યુહર, ગુરુનાં આ સપ્રમાણ વચન સહન કરી શક્યો નહિ. કામનું બળ કેવું અનિવાર્ય છે, તેનું તેને ભાન જ નહતું. આજે તે મન્યુહરનું સ્વરૂપ ભૂલીને, મન્યુદાસ બની ગયો હતો! તેને એમ જ ક્રોધ વ્યાપ્યો કે, ગુરુજી મારા સ્વરૂપને–બળને નહિ જાણવાથી, કંદર્પહરની સ્તુતિ કરી, મારું માનભંગ કરે છે. તેના મનમાં વિચાર થયો કે, ગુરુજીને હું નિશ્ચય કરાવું કે, મારા જેવો પુરુષ પણ કામને જિતી શકે છે, પણ ક્રોધને જિતવો, એ ખરેખર જ દુષ્કર છે. અહંભાવમાં મૂઢ બનેલા મન્યુહરે, ગુરુજીને પ્રણામ કરીને કહ્યું કે; "હે ગુરુદેવ! આપ ભલે ક્રોધને જિતાય એવો માનો; પણ હું તો માનું છું કે, ક્રોધ જિતવો, એ આ લોકનું જ નહિ, પરંતુ સ્વર્ગલોકના દેવોને પણ દુષ્કર કર્મ છે. કામને જિતવો, એને હું એટલું કઠિન કર્મ સમજતો નથી. આપની ઇચ્છા હોય તો મારી પરીક્ષા લેજો!"

## મન્યુહર પિંગલાના મંદિરમાં

ગુરુજી મૌન ધારણ કરી રહ્યા. મન્યુહરનો અહંભાવ સમજી ગયા. વાત વિસારે પડી. આઠ મહિના વીતી ગયા. પુનઃ ચાતુર્માસ આવ્યો. ચારે શિષ્યોને સમીપ તેડાવી, ચાર સ્થાને જઈ રહેવાની મુનિએ આજ્ઞા કરી. મન્યુહરને પિંગલાને ઘેર જઈ રહેવાની આજ્ઞા કરી. તે પોતાના મનમાં અતિ પ્રસન્ન થયો. તેણે નિશ્ચયપૂર્વક માન્યું કે, હું કામને ચપટીમાં ચપેટી લેઇશ. તે પોતાના ડોળદમામ સાથે પિંગલાની દેવડીપર ગયો. કંદર્પહરના જેવું જ તેનું રૂપ પણ સુંદર હતું, કપાળમાં ત્રિપુંડ્ર શોભી રહ્યું હતું, કંઠમાં રુદ્રાક્ષની માળા ધારણ કરેલી હતી, મુખથી પ્રણવનો જપ જપ્યો જતો હતો. ધીમે ધીમે પગલાં ભરતો, પણ આડી તેડી દૃષ્ટિ કરતો, તે પિંગલાની દેવડીપર જઈ પહોંચ્યો ને 'નારાયણ હરે,' કહીને ઉભો રહ્યો. ગયા ચાતુર્માસમાં, એ જ દિવસે, કંદર્પહરે 'નારાયણ હરે'નો ધ્વનિ કીધો હતો, એવો જ પોકાર આજે પણ સાંભળીને, પિંગલાની દાસી દોડતી દોડતી દ્વાર પાસે આવીને ઉભી રહી. તે મન્યુહરની કાંતિ જોઇને છક થઈ ગઈ. પછી મંદિરમાં

જઈ પોતાની બાઈને કહ્યું; "બાઈ! હું માનું છું કે, તમારા પુણ્યનો જ ઉદય થયો છે. જે મહાત્મા પુરુષ, ગયે વર્ષે આપણા મંદિર ને મંદિરિયાંને પાવન કરી ગયો છે, તેના ગુરુબંધુ જેવો કોઈ બીજો સંન્યાસી આજે દ્વાદશીની પુણ્યતિથિએ, આપના દ્વારપર આવીને ઉભો છે!"

પિંગલા સંસ્કારી બની હતી; તે જ્ઞાનની અપેક્ષાવાળી થઈ રહી હતી; દેહ ને આત્માનું સાર્થક કરવાને જિજ્ઞાસુ બનતી જતી હતી: સદ્‌રૂપ, ચિદ્‌રૂપ, આનન્દરૂપ તથા નિત્ય સ્વરૂપનાં દર્શનની અભિલાષિણી બનતી હતી. કંદર્પહરના વિદાય થયા પછી, પરમતત્ત્વરૂપ આનંદઘન આત્માના સ્વરૂપનો, તે નિત્ય વિચાર કરતી હતી. આઠ માસમાં પરપુરુષના સમાગમનો તો શું, પણ તે સાથે વાતનો પણ સંકલ્પ કીધો ન હતો. મને કલ્પેલા મોહને દાબી નાંખવાને જ તે પ્રયત્નશીલ હતી. તેને જાણે વૈરાગ્ય ધારણ કરવો હોય, તેવું આચરણ માંડ્યું હતું અને નિત્ય જ સંત પુરુષના સમાગમની આકાંક્ષા રાખતી હતી. દાસીએ પૂર્વના મહાત્માના ગુરુબંધુનું નામ દીધું કે, તત્ક્ષણે તે જાગૃત થઈ ગઈ અને બોલી; "અલિ દાસી! તે સંત પુરુષની ચરણરજથી આ મંદિરને પાવન કર. તેમને નમન કરીને ઉપર તેડી લાવ અને પૂજનની સામગ્રી તૈયાર કર." તુરત દાસી તે સંત પુરુષને પિંગલાના મંદિરમાં તેડી લાવી, પિંગલાનું સ્વરૂપ જોતાં જ મન્યુહર તો આભો જ બની ગયો ને તેને આશીર્વાદ દેતાં, એકીટસે તેના પ્રતિ જોવા લાગ્યો. પિંગલાએ પ્રણામ કરીને તેમનાં ચરણનું પ્રક્ષાલન કીધું ને તેનાં ચરણામૃતને મસ્તક ઉપર ધારણ કીધું. તેણે માન્યું કે, જેવો કંદર્પહર ગુપ્ત મહાત્મા હતો—વિષય સુખથી રહિત હતો, તેવો જ તેનો ગુરુબંધુ પણ હોવો જોઇએ. પણ એ તેવો છે કે નહિ, તે વિષે પરીક્ષા કરવાનો તેને વિચાર થયો. તેણે દાસીને કહ્યું; "નિપુણિકા! આ મહાત્મા પુરુષ વનવગડાથી કંટાળીને આપણું મંદિર પાવન કરવાને પધાર્યા છે, તો તેમની યથાર્થ રીતે શુશ્રૂષા કર! દિવસનો મુકામ આપણા વૈભવમંદિરમાં રાખજે ને રાત્રે વિલાસભુવનમાં શયનસ્થાન રાખજે. એમની સેવામાં જરાએ કચાશ રાખીશ નહિ. આપણાં એવાં ભાગ્ય ક્યાંથી, કે એમના જેવા મહાત્મા પુરુષનાં પગલાં આપણે ઘેર થાય! પૂર્વજન્મના મહાપુણ્યથી આ કાયારૂપી નાવ મળ્યું છે અને આ સંસારાર્ણવ તો દુઃખરૂપ જ છે, તો આ નાવ ભાંગી ન જાય તેટલામાં, આવા મહાત્મારૂપી નાવિકદ્વારા, આ દુઃખોદધિ તરી જવાને

તત્પર થા!" આમ કહીને મન્યુહરને બે હાથ જોડીને કહ્યું; "હે દેવ! હે સત્પુરુષ! હે સન્ત! આપ વૈભવમંદિરમાં પધારો. હું પણ આપની પરિચર્યા કરવાને તત્પર છું." મન્યુહર પ્રસન્નવદને, વૈભવમંદિરમાં ગયો. ત્યાંનો ઠાઠમાઠ જોઈને તે મનમાં ને મનમાં જ બોલ્યો; "ઠીક! કંદર્પહરે પણ ફક્કડ મોજ ભોગવી છે! અને ગુરુદેવની સમક્ષમાં આવીને તડાકા પણ ઠીક જ માર્યા છે! હવે આપણે પણ કેવી લીલા બતાવીએ છિયે, તે ગુરુદેવ બરાબર જોશે! કંદર્પહરે ગમે તેમ કીધું હોય, પણ હું તો મારું સ્વરૂપ યથાર્થ જ બતાવીશ ને ક્રોધજિત સાથે કામને પણ જીતીશ અને બાળી મૂકીશ!" એમ વિચાર કરતો કરતો, અત્રિ મુનિનો શિષ્ય, સુંદર મખમલથી જડેલા ચૌરંગપર જઈને બેઠો. પોતાનો દંડ તથા કમંડળ એક બાજુએ મૂકી દીધાં! મંગળાચરણમાં જ મન્યુહરનું આ ચરિત્ર જોઈને દાસીને કંઈક શંકા થઈ ખરી; પણ મનમાં તે એમ વિચાર કરવા લાગી કે, કદાચ આ મહાત્મા પુરુષ કોઈ બીજા હેતુથી આવ્યા હશે ને એ કોઈ બીજો જ ઉપદેશ કરશે.

યોગી પુરુષને ત્યાં બેસારીને, દાસી પુનઃ સ્વમંદિરમાં આવી અને યોગીરાજને પારણાં કરાવવા માટે, ઉત્તમોત્તમ ભોજનો રૂપાના થાળમાં પીરસીને લઈ આવી. મન્યુહરે કહ્યું; "અલિ દાસી! તારી બાઇને મારે માટે બહુ શ્રમ લેવો પડે છે. ભોજનગૃહમાં આવવામાં મને કંઈ પણ બાધ ન હતો. ભોજનશાળામાં જ ભોજન કરવાથી વિશેષ રસ પડે છે; માટે હવેથી ત્યાં જ ભોજનનું રાખજે. સાધુઓને મિષ્ટાન્નનો પ્રતિબંધ છે, તેથી આ મિષ્ટાન્નો શિવાય દૂધપુરી બસ છે!" દાસી તો સંતનું આ વાક્ય શ્રવણ કરતાં ચકિત થઈ ગઈ. તે પોતાની બાઈ પાસે જઈને બોલી; "બાઈ સાહેબ! કહો ન કહો, પણ કંઈ કૌતુક જેવું મને ભાસે છે! સાધુ મહારાજ તો કંઈ જૂદા જ છે. તે કહે છે, કે મને ભોજનશાળામાં ભોજન લેવાનો જરાએ પ્રતિબંધ નથી. એનું ચારિત્ર્ય મને તો કંઈ નવું જ દેખાય છે." પિંગલા કે જે અધિકારના માર્ગ ઉપર ચઢતી હતી ને સંત પુરુષના સમાગમથી સત્ અસત્‌ને જાણવાના માર્ગમાં હતી, તે એટલું જ બોલી કે; "ફિકર નહિ, આપણે એનું પણ ચારિત્ર્ય જોઇશું." મન્યુહર કંઈ છેક જ મૂર્ખ ન હતો. હજી સૂધી તે કામાંધ બન્યો ન હતો. પણ તે એમ માનતો હતો કે, કંદર્પહર પોતાની ઇચ્છાથી નહિ, પણ ગણિકાની ઇચ્છાથી તેને વશ થયો

હશે. જેમ તેની સેવામાં ગણિકા હાજર રહેતી હતી, તેમ મારા ઉપર પણ પ્રસન્ન થઇને હાજર થશે, ત્યારે હું તેનો અનાદર કરી, મારું જિતેન્દ્રિયપણું બતાવીશ. સ્ત્રી દૂર રહે ને મળે નહિ, તો પછી કામ જિતવામાં પરાક્રમ શું? અશક્તિવાન્ ભવેત્ સાધુ! એવા તો ઘણાએ હોય છે. પણ સ્ત્રી–દ્રવ્ય સમીપ હોય ને પછી તિરસ્કાર કરવામાં જ મહત્વ છે. જેઓ સ્ત્રીથી દૂરના દૂર રહે છે તે ભલે પવિત્ર રહે, પણ જે મહાત્મા સ્ત્રીસંગે રહી, પવિત્ર રહે છે તે જ ખરો પવિત્ર–તે જ સત્ય કામજિત! હું સ્ત્રીસંગે રહીશ ને કેવો છું, તે હવે ગુરુદેવ સારી રીતે જોશે. આવો વિચાર કરી, જ્યારે જ્યારે પિંગલા કે તેની દાસી પાસે આવતી, ત્યારે ત્યારે તે ઘૃણાથી જ જોતો હતો–નીચીથી ઉંચી દૃષ્ટિ સરખો પણ કરતો નહિ. પણ તેની બિલાડાં જેવી નીચી દૃષ્ટિ પિંગલાથી અજાણી રહી શકતી નહોતી. જ્યાં સૂધી શરીરમાં જરાએ કાચા પારાના ઝેરનું જોર હોય છે, ત્યાં સૂધી આરોગ્ય થતું નથી; તેમ જ્યાં સૂધી મનમાં થોડો પણ અહંકાર હોય છે, ત્યાં સૂધી ગમે તેવા યોગીને પણ, સત્વ–શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થતું નથી.

અહિયાં તો નૂતન જ બનાવ બનવા લાગ્યો. ગણિકાઓ હંમેશાં ઘણી ચતુર હોય છે. તે ઉડતાં પંખીની પણ ગતિ જાણે છે, તો મન્યુહરની ગતિ કેમ ન જાણે? તેને પણ મન્યુહરની કસોટી કરવાની હતી. બે પાંચ દિવસ સૂધી તો, પિંગલા મન્યુહરની સેવામાં ઘડી ચપકો આવી વિદાય થતી હતી, પણ જ્યારે મન્યુહરનું હૃદય જોયું તો જણાયું કે, એની ઘૃણા નિરર્થક છે, ત્યારે તેણે પોતાની ચતુરાઈ બતાવવાની તજવીજ કીધી. એક દિવસ તે સહેજસાજ ઠઠારી મઠારી આવી. તેને જોઈ મન્યુહરે ધાર્યું કે, આજે તે મને ફસાવવા આવી છે, તેથી શાંત મુદ્રાને બદલી, તે બોલ્યો; "ક્યું બે રંડી! અમકુ ફસાનેકું આઈ હૈ કે ક્યા! અમેરા પ્રતકા ભંગ કરનેકી તેરી ઇચ્છા પૂર્ણ ન હોયગી, ચલી જા! અમ યોગી લોકકી સામને દેખના મત! હં! હમ ભસ્મ કર દેયગા!" પિંગલાનું મન નિર્દોષ હતું, તેના મનમાં એ સમે જરાએ પાપ ન હતું, છતાં મન્યુહરનાં વચન સાંભળી તે ચમકી–મનમાં સહજ હસી ને સ્વગત જ બોલી; "બાવાજી તો ઉસ્તાદ છે! દમ તો ઠીક રાખે છે, પણ પાણી મરેલાં છે, તેનું જરાએ ભાન નથી!" પછી તે મન્યુહર પ્રતિ નમન કરતી કે બોલી; "મહારાજ! મારા મનમાં તો કાંઈ નથી, છતાં કંઈ

ભૂલ થઈ હોય તો કૃપા રાખજો! મેં તો આપકી ચેલી હું. આપની પાસ નહિં આવું;" આમ બોલતી બોલતી વિજળીની ઝડપથી, મન્ચુહર કંઈ બોલે તે પૂર્વે તે ચાલી ગઈ.

મન્ચુહર મનમાં મગ્ન થયો. "રંડી ફસાને આઇથી, ઉસકા નિકાલ હો ગયા!" એમ મનમાં બડબડવા લાગ્યો. પણ પિંગલા જતી વખત જે નેણબાણ મારતી ગઈ, તે તેના કાળજા સોંસરું નિકળી ગયું હતું. દશ પંદર દિવસ પિંગલા તેની તરફ ફરકી જ નહિ. મન્ચુહર પણ ચકિત થયો કે, પિંગલા કેમ ફરકતી નથી. એક દિવસ તેણે દાસીને પૂછ્યું; "કેમ તારાં બાઈ દર્શને પધારતાં નથી.! કુછ જ્ઞાનકી બાત સુનતી હૈ વા નહિ?" ચતુર દાસીએ કહ્યું; "તેઓ કંઈ હંમેશાં નવરાં નથી કે તમારાં દર્શન જ લેયા કરે! રાજાજીનાં માનીતાં છે, લાડકાં છે, તેને તમે રંડી કહી, તેથી આવતાં નથી!" "હં હં! એસા મત કરના, બોલના કે સાધુકા દર્શન તો લેના જ ચાઇએ. સાધુકુ ગુસ્સા કયા ઔર પ્રેમ કયા?"

આ પ્રમાણે બે ચાર વાર કહેવા પછી, એક રાત્રિના દાસીએ વિલાસભવનને અચ્છી રીતે શણગારી દીધો, દીવાઓ સળગાવ્યા, પુષ્પોની માળા ને ચાદરો સર્વત્ર લટકાવી દીધી, સુગંધી ચોમેર બહેકાવી દીધી. વાદળ ઘેરાયું હતું, ઝરમર ઝરમર મેહુલો વરસતો હતો, મન્ચુહરને પણ નિત્ય નિત્ય પુષ્કળ તેજાનાવાળાં ભોજન કરાવ્યાં હતાં, ને કામદેવના સ્વાગતની સઘળી તૈયારી, એવી તો સુઘડતાથી કીધી હતી કે, મોટા યોગીનાં મન પણ ડોલાયમાન થાય તો મન્ચુહરનું શું ગજું? પડોશના ઓરડામાં રાગ આલાપાયો. મન્ચુહર લીન થતો ગયો. તેવામાં આ શબ્દ તેના શ્રવણમાં પેસી ગયા.

"મેરે ગલે સો લગ જાઓ પ્યારે; ઘિરિઆઈ બદરિયા ઘોર
"બડી બડી બુંદન બરસન લાગી, બોલત દાદુર મોર."

મહલાવી મહલાવી આલાપ એવો લીધો કે, પિંગલાના જ વિચારમાં મન્ચુહર ઘેરાઈ ગયો. તે માનવા લાગ્યો કે, આ આલાપ મને જ ઉદ્દેશીને છે, પણ એનાથી આપણું ચિત્ત ચળે એમ નથી. પુનઃ પિંગળાએ રાગ આલાપ્યો;-

"બિજુરી ચમક દેખી, હિય ડર પૈ, પવન ચલક ઝકઓર;
"હરિ પિઉ સંત પિય કણ્ઠ લગાઓ, રાખો મનકી કોર."

"હં, રંડી કૈસી ફસી હૈ! કણ્ઠ તો બડા અચ્છા હૈ દિદાર અચ્છા હૈ! ઔર પિય પિય રોતી હૈ. કોન પિય! સંત પિય? કોનસા સંત!

મન્યુહર! અછા, રંડી દિવાની બન ગૈ હૈ!" આમ મન્યુહર મનમાં બડબડવા લાગ્યો, એટલામાં બીજા રાગમાં પિંગલાએ પ્રેમ પત્રિકા મોકલી.

"તેરી સૂરત મુઝે ભાઈ, મેરા જી જાનતા હૈ;
"જો ઝલક તૂને દેખાઈ, મેરા જી જાનતા હૈ.
"અરે જાલિમ તેરે દેસ, તીરે નિગહસે હમને;
"ઔરે જૈસીકિ હૈ ભાઈ, મેરા જી જાનતા હૈ.
"ખાયંગે ઝહર નહિ, ડૂબ મરેંગે જાકર;
"જો હૈ કુછ જીમે સમાઈ, મેરા જી જાનતા હૈ.
"કતલ કરકે ન ખબર લી, મેરે કાતિલ અફ્સોસ;
"જીઇસી દુઃખમે ગમાઈ, મેરા જી જાનતા હૈ."

આ શબ્દની સાથે જ, ખુલ્લી બારીમાંથી પિંગલાના મુખપર મન્યુહરની દૃષ્ટિ પડી. થઈ ચૂક્યું! લેવાઈ ગયો!! ગુરુ આગળ જે જ્ઞાનની બડાઈ મારી હતી, તે હમણાં તે ભૂલી ગયો. મુખે તે પ્રણવનો જાપ કરે છે, પણ તેના હૃદયમાં પિંગલા ઠણઠણાટ કરી રહી છે; તેને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ થાય છે; તેનું આત્મજ્ઞાન શિથિલ પડતું જાય છે; કંદર્પહરને તે જૂઠો માને છે; લાવણ્યની સાક્ષાત્ મૂર્તિરૂપ પિંગળા સમક્ષ કંદર્પહર નિર્લેપ રહ્યો હોય, તે ઉપર તે અનેક શંકાઓ કરે છે; ગુરુજી ભોળા છે, તે તેનું કપટ સમજી શક્યા નથી, તેથી જ તેને શ્રેષ્ઠ કહે છે; ક્રોધ જિતવામાં જ સર્વ યોગનું ફળ છે; કામ જિતવો, એમાં કંઈ પુરુષાર્થ નથી અને જેમાં પુરુષાર્થ નથી, જેમાં ફળ નથી, તેને માટે મિથ્યા કષ્ટ સહન કરવું, એનું કાંઈ કારણ નથી, એવો તે પોતાના મનમાં નિશ્ચય કરે છે; કામ જિતવો એટલે સ્ત્રીનો સંગ ન કરવો એમ કંઈ નથી, પણ જે ઉર્ધ્વરેતા રહે છે તે જ ખરેખરો કામજિત કહેવાય છે. કામનું પરિણામ શું? રેતનું સ્ખલિત થવું. જેને રેત સ્ખલિત થતું નથી, તે જ ખરેખરો, કામજિત છે; તે જ ખરેખરો નૈષ્ઠિક બ્રહ્મચારી છે. શ્રીકૃષ્ણ જેવા મહાત્મા પુરુષે અનેક ગોપીઓની સાથે વિહાર કીધો હતો, છતાં ઉર્ધ્વરેતા ને બાળ બ્રહ્મચારી કહેવાયા છે, તેનું કારણ શું? ઉર્ધ્વરેતા! હું જો ઉર્ધ્વરેતા રહીશ તો મારું બ્રહ્મચર્ય ખંડિત થશે નહિ ને કંદર્પહરના કરતાં પણ શ્રેષ્ઠ કહેવાઇશ, એવી ઘડભાંજ તેના મનમાં ચાલી રહી છે.

એ ત્રણ દિવસ સૂધી મન્યુહરના મનમાં આવી ઘોળાઘોળ થયા કીધી. નિત્ય નિત્ય ઉત્તમ પ્રકારનો આહાર, વિલાસભવનમાં સુખશય્યાપર વાસ, કામોદ્દીપક પદાર્થનું સેવન, સ્ત્રીને નિરખવાની આતુરતા, કસોટી કરવાની કામના, હૃદયમાં ઈર્ષા, એવા સંતનું સન્તપણું ઝાઝો કાળ ટકતું નથી. મન્યુહરના હૃદયમાં પિંગલાનું જ ચિંતન થતું હતું, પિંગલાને જોતાં તેનું આત્મજ્ઞાન પલાયનમઃ થતું હતું. વીર્યવર્ધક આહારે તથા અત્તર ફુલેલના બહેકાટે, સુખાસનોમાં પોઢવા વગેરેએથી તેના મને કામને જાગૃત કરી દીધો. મનથી તે વ્યભિચારી બન્યો. મન્યુહરના ચરિત્રની સમીક્ષા કરવા માટે નિત્ય નિત્ય પિંગલા, મહારાજનાં દૂરથી જ દર્શન કરીને પાછી ફરતી હતી.

કેટલાક દિવસ એમને એમ જ વહી ગયા. મન્યુહર મનમાં વિચાર કરવા લાગ્યો કે, રાંડ વળી ભાવ ખાય છે ને સતીપણું દર્શાવે છે. એક દિવસ તેણે દાસીને કહ્યું; "એ ધર્મશીલ! તું ધર્મને યથાર્થ રીતે જાણે છે. અતિથિ ઘેર પધારે ત્યારે સેવા કેમ કરવી, તે શું વિસરી ગઈ કે? ગયે વરસે અમારો ગુરુબંધુ અહિ આવીને ચાતુર્માસ ગાળી ગયો હતો, તેની તારી શેઠાણીએ સારી રીતે શુશ્રૂષા કરી હતી, તેવી જ સેવા મારી ન કરવામાં તું ને તારી શેઠાણી પાપભાગિની થાવ છો." જેનું આત્મબળ મંદ પડવા માંડયું હોય છે, તેને યોગ્યાયોગ્યનો વિચાર જ થતો નથી. અખંડ આનંદરસમાં લોટનારો ને બ્રહ્મવેત્તા પદનો જિજ્ઞાસુ, વિષયોથી કંટાળેલો અને કામને જિતવાનું બીડું ઝડપી આવેલો, સ્વસ્વરૂપને ભૂલી જઈને, જેમ બાળક, ભુખ તથા દૈહિક પીડાને ભૂલી જઈ, રમકડાં સાથે રમીને પોતાને આનંદ મળેલો માને છે, તેવી ક્રીડા કરવાને, આ ક્રોધજિત્ મન્યુહર, એક સ્ત્રીના હાવભાવમાં, લટાછટામાં, ઠણઠણાટમાં, નાશવંત ગૌરાંગમાં, લીંટ, લાળ ને મળથી ભરેલા દેહમાં, ધીમે ધીમે એવો તો લટ્ટુ બનવા માંડ્યો કે, તેનું સર્વ આત્મજ્ઞાન વિનાશ પામી ગયું. તે દાસીને અયોગ્ય પ્રાર્થના કરવા લાગ્યો અને છેવટે બોલી ઉઠયો કે; 'હું કંદર્પહરના કરતાં રૂપગુણમાં ઓછો નથી–અમે ગુરુબંધુ જ છિયે, તેનામાં ને મારામાં ભેદભાવ ગણવો, એ જ્ઞાનીને યોગ્ય નથી!' ગણિકાની દાસીઓ હંમેશાં ચતુર હોય છે. ગણિકાગૃહ જ ચતુરાઈનું સ્થાન છે. તે સંત પુરુષનો હૃદયભાવ દાસી સમજી ગઈ. તે બોલી; "મહારાજ! આપની ઇચ્છા પૂર્ણ થશે, આપ ગભરાવ નહિ. હું મારી

બાઇને સમજાવીને આપની સેવા માટે તત્પર કરીશ!" આ સર્વ વૃત્તાંત દાસીએ પોતાની બાઇને નિવેદન કીધો. પિંગલા ચતુર હતી. કંદર્પહરે જે જ્ઞાન તેને આપ્યું હતું, ભોગના ભય સમજાવ્યા હતા, વિષયસુખનાં દુઃખો દર્શાવ્યાં હતાં, તેની તેને હજી સૂધી વિસ્મૃતિ થઈ ન હતી. કંદર્પહરે તેને ઉપદેશ કરી, પરમાત્માનું સ્વરૂપ જાણવાને પ્રેરી હતી; આજે તેણે કંદર્પહરના ગુરુબંધુને ઉપદેશ કરવાનું પણ લીધું. તે ધીમે ધીમે મન્યુહરની પાસે વધારે ને વધારે બેસવા લાગી. વિકારી બનેલો મન્યુહર એક દિવસે બોલ્યો; "હે પિંગલા! ઘેર આવેલા અતિથિની જે યોગ્ય પ્રકારે સેવાપૂજા કરે છે, તેને જ અખંડ આનંદ-એકરસ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. સંતોને જે પોતાનું તન મન ધન અર્પણ કરે છે, તેને જ મુક્તિ મળે છે. મારા ગુરુબંધુ કંદર્પહરે જે ઉપદેશ આપ્યો છે, તેનો એ જ હેતુ છે. વ્યક્તિ વ્યક્તિમાં ભેદ ગણવો, એ ક્ષુલ્લક જીવોનું કર્તવ્ય છે. સંગથી કંઈ દોષ નથી. એ સંગથી તો અનેક મહાત્માઓ તરી ગયા છે. તું પણ સત્સંગ કર અને સંત પુરુષની સેવા કરીને તેઓને તૃપ્ત કર! તેમાં જ તારું કલ્યાણ સમાયલું છે." ચતુર ગણિકા બોલી; "મહારાજ! આપની સેવામાં હું તો સદાય હાજર જ છું. આપ જે આજ્ઞા કરો, તે મને માન્ય છે. કહો જોઇએ, હું આપને કેઈ રીતે સંતોષ પમાડી શકું?" મન્યુહરે પોતાનો હૃદયભાવ પ્રકાશિત કર્યો. ગણિકાએ કહ્યું; "મહારાજ! મારો નિયમ છે કે, સંત પુરુષોનો સમાગમ ક્ષુલ્લક પ્રાણીના જેવો હોવો જોઇએ નહિ. આપ મહાત્મા છો, હું આપની કામનાને તૃપ્ત કરીશ; તેમ આપ મારી કામનાને પણ તૃપ્ત કરો. કંદર્પહરે મારી કામનાને સંપૂર્ણ રીતે તૃપ્ત કરી હતી, તેથી હું તેની ચેલી બની છું!" મન્યુહરે કહ્યું; "તારી કામના શી રીતે તૃપ્ત થાય?" ગણિકા બોલી; "આપ જેવાના સમાગમ સમયે ધારણ કરવાનું વસ્ત્ર દિવ્ય હોવું જોઇએ. મને ઘણા કાળ થયાં કામના થઈ છે કે, કામરુદેશની રાણી મત્સેન્દ્ર શિષ્યા સવાલાખ રૂપિયાનું અંબર પહેરે છે, તે આપ લઈ આવો. તે પહેરીને હું આપની ઇચ્છા તૃપ્ત કરીશ ત્યારે મને સંપૂર્ણ આનંદ, સુખ ને તૃપ્તિ થશે અને તમને પણ આનન્દ, સુખ ને તૃપ્તિ પમાડી શકીશ." મન્યુહર બોલ્યો; "એહી! ઇસિમે ક્યા બડી બીસાત હૈ!" તુરત જ મહારાજ ટટાર થઈ ગયા અને પોતાનું દંડ કમંડળ હાથમાં લઈ કામરુદેશ પ્રતિ પ્રયાણ કીધું.

અનેક પ્રકારની ઉપાધિ વેઠતો, કેટલેક કાળે મન્યુહર કામરુદેશમાં જઈ પહોંચ્યો. એ દેશમાં સંત પુરુષોને જવાનો પ્રતિબંધ ન હતો. પ્રણ-વનો જાપ જપતાં જપતાં ઋષિશિષ્ય, કામરુદેશની રાણીના દરબારમાં મહા મહેનતે જઈને ઉભો રહ્યો. તેણે રાણીને આશીર્વાદ આપ્યો ને કહ્યું, "હે ધર્મશીલ દેવિ! મારા ગુરુરાજ કંઈક કષ્ટથી પીડાય છે, તેની શાંતિનું ઔષધ તારી પાસે છે, તે તું મને આપ!" રાણી બોલી; "હે મહારાજ! આપ આજ્ઞા કરો, તે આપવાને હું તત્પર છું. મારા આ દેહના દાનથી પણ જો આપના ગુરુનું શ્રેય થતું હોય, તો તે પણ આપીને, આપના ગુરુનું શ્રેય કરીશ!" મન્યુહર બોલ્યો; "હે દેવિ! એટલું કંઈ મહત્વનું કાર્ય નથી. અમારા ગુરુએ ગુરુદક્ષિણામાં તારું અણમોલ વસ્ત્ર માગ્યું છે, તે તું આપ. હે વિશાળ નેત્રવાળી! એ વસ્ત્ર મારા ગુરુને આપીને હું ગુરુઋણમાંથી મુક્ત થઇશ ને તારું કલ્યાણ થાવ!" તુરત જ રાણીએ પોતાનું જે અત્યંત કિંમતી વસ્ત્ર હતું, તે મન્યુહરના ચરણમાં મૂકીને પ્રણામ કર્યા.

મન્યુહર, તે વસ્ત્ર લઇને ઘણો જ પરિશ્રમ વેઠતો, ચાતુર્માસની પૂર્ણાહુતિની લગભગ, ગણિકા પિંગલાને મંદિરે આવી પહોંચ્યો. મન્યુહર થોડા વખતમાં જ ફેરવાઈ ગયો હતો—તેની કાંતિ ઝાંખી પડી ગઈ હતી, તેનું ભાષણ મંદ પડી ગયું હતું, ખાધાપીધાની અવ્યવસ્થા, માર્ગનો પરિશ્રમ, દિવસના તાપ તથા રાતના ઠારમાં પ્રવાસ, નદી નાળાં ઉલ્લં-ઘવાં, ઝાડનાં ફળફળાદિપર જ નિર્વાહ કરવો, એ સર્વ સંકટથી તેનું શરીર સુકાઈ ગયું હતું—તે શરીરથી શિથિલ થઈ ગયો હતો. પણ તેની મનોવૃત્તિ શિથિલ થઈ નહતી; તે તો વધારે જાગૃત બની હતી.

ઋષિશિષ્યને પ્રણામ કરીને પિંગલાએ, કામરુદેશની રાણીનું આપેલું અણમોલ વસ્ત્ર પોતાના હાથમાં લઈ, પ્રસન્ન મુદ્રાથી કહ્યું; "મહારાજ! આપને બહુ પરિશ્રમ પડ્યો. આ દાસીનો અલ્પ મનોરથ પૂર્ણ કરવા માટે આપ જેવા સત્પુરુષ, ધર્મના જ્ઞાતા, નીતિના તત્ત્વવેત્તાએ, જે અતિ પરિશ્રમ વેઠ્યો છે, તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. હે મહાત્મા! આજથી આ દેહ, ગેહ ને સર્વ સંપત્તિ આપની જ છે! આપ જેમ આજ્ઞા કરશો, તે પ્રમાણે જ હું વર્તીશ. હું તો આપની ચેલી છું! આપની સેવામાં સદા તત્પર છું." મન્યુહરે કહ્યું; "હે સૌંદર્યની પુતલિ! જે રીતે તેં મારા ગુરુબંધુ કંદર્પહરને પ્રસન્ન કીધો છે, તે રીતે

જ મને પ્રસન્ન કર. એટલે હું કૃતાર્થ થયો!" ગણિકા બોલી; "આપની ઇચ્છા ક્યારે હું તૃપ્ત કરું તે કહો." જેનું શરીર શિથિલ થઈ ગયું છે, જેના અંગમાં બહુ જ થોડું વિત્ત રહ્યું છે, પણ જે કામનો દાસ બની ગયો છે, તેવો-ક્રોધને પગતળે દાબનારો-મન્યુહર બોલ્યો; "હે દેવિ! હે સુભગે! આજ રાતના જ આ સંત મહાત્માની કામનાને પૂર્ણ કરીને તું કૃતાર્થ થા."

અસ્તુ કહીને પિંગલા ત્યાંથી વિદાય થઈ ગઈ. દાસીઓએ ઋષિ-શિષ્યને સારી રીતે અંગોળ કરાવી, ઉત્તમ પ્રકારનાં ભોજનો કરાવ્યાં. થાકેલા પાકેલા ઋષિશિષ્ય તો થોડીક વાર પોઢી ગયા. સંધ્યાકાળનો સમય થયો ત્યારે મન્યુહરની પધરામણી પિંગલાના વિલાસભવનમાં કરાવવામાં આવી. મંદિરમાં ચોમેર બેહેકાટ પ્રસરી રહ્યો હતો, સૌગં-ધિક દીવાઓ પ્રકાશી રહ્યા હતા, સુખશય્યા છટાથી બિછાવી દીધી હતી, ઉપર દૂધના ફેણ જેવી ઉજળી ચાદર પાથરી હતી, એક સુખા-સનપર મન્યુહર પિંગલાની રાહ જોતો બેઠો હતો. એવામાં કામરુદેશની રાણીનું સવા લાખનું અંબર પહેરીને, ઠમઠમાટ કરતી પિંગલા, ઋષિશિષ્ય સમીપ આવી ઉભી રહી. તેનું સૌન્દર્ય જોઇને મહારાજ તો લટ્ટુજી જ બની ગયા. દાસીએ લાવી મૂકેલો કઢેલ દૂધનો પ્યાલો ગણિકાએ મન્યુ-હરના હાથમાં આપ્યો. ગણિકાના રૂપથી છક થઈ જતા ઋષિશિષ્યે તે દૂધ પીધું. પછી સુગંધીદાર પદાર્થોથી ભરેલી પાનની બીડી લીધી. પિંગ-લાનું સૌંદર્ય એવું તો ઉત્તમ હતું કે, તે ઋષિશિષ્યને તેના સમાગમસુખ વિના બીજા કશામાં આનંદ લાગ્યો જ નહિ. થોડીક ક્ષણ, ગણિકા સાથે આડી તેડી વાત કરતાં, ઋષિશિષ્યે તેનો હાથ પકડીને તેને પલંગ તરફ ખેંચી, એટલે પિંગલાએ તેના હાથમાંથી પોતાના હાથને સડાક દેતો કે છોડાવી, એકદમ અંગપરનું સવા લાખનું વસ્ત્ર કાઢી નાંખીને, મળમૂત્રનો જે ખાળ હતો, તેમાં નાંખી દીધું!! યંત્રથી પ્રકટેલા દીવા ઝાંખા પડી ગયા-ઓલાઈ ગયા-માત્ર એક જ ઝાંખો દીવો બળતો જણાયો. પિંગલા એક ખૂણામાં દિગમ્બરરૂપે ઉભી રહી!

ઋષિશિષ્ય તો તે જોઇને વિસ્મય થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે, જે વસ્ત્ર માટે મોટો શ્રમ કીધો, તે વસ્ત્ર મળમૂત્રના સ્થાનમાં! તે બોલ્યો; "અરે પિંગલા! આ તેં શું કર્યું? અથાગ પરિશ્રમથી મેળવેલા અંબરને તેં ગંધાતી ગટરમાં નાંખી દીધું!" પિંગલા ધીમેશથી બોલી; "મહારાજ!

અથાગ શ્રમથી પ્રાપ્ત કરેલું આપનું તપોબળ, જેમાં મળમૂત્ર ભરેલાં છે, નિત્ય જેમાંથી દુર્ગંધ નિકળ્યા કરે છે, મહિને મહિને જેમાંથી રુધિરનો પ્રવાહ વહે છે, એવાં ક્ષણિક સુખ લાગતા સ્થાનમાં, ફંગોટી દેવાને, આપ જેવા મહાત્મા તત્પર બન્યા છો, તેની તુલનામાં આ સવા લાખનું વસ્ત્ર તે શી બીસાતમાં? કાળના કાળ પર્યંત ગુરુસેવનના પ્રયત્નથી, અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને જે આત્મજ્ઞાન આપે પ્રાપ્ત કીધું છે, તે આત્મ-જ્ઞાનનું ફળ જો નિર્જીવ વિષય સુખ જ હોય, તેમાં જ જો આનંદ તથા તૃપ્તિ હોય, તો અનેક પરિશ્રમે પ્રાપ્ત કરેલું આ વસ્ત્ર મને આનંદ આપી શકે! આપના બહુ કાળના તપોબળને મુકાબલે, આ વસ્ત્ર મેળવતાં પડેલો શ્રમ કંઈ જ નથી. આપ છો તો એવાં ઘણાંએ વસ્ત્રો મળશે. પણ હે દેવ! આપ એમ ધારો છો કે, આપનું ગયેલું તપોબળ પુનઃ પ્રાપ્ત થઈ શકશે? વળી આપનું યોગબળ પણ પરમ છે. ગંધાતી ગટરરૂપ આ દેહના સંગથી તે યોગબળ પુનઃ પ્રાપ્ત થાય તેમ છે? આ દેહમાં શું બળેલું છે કે, જેનાપર આપ મોહિત થયા છો ને પરમ તપને ભસ્મ કરવા તૈયાર બન્યા છો? એ અનેક પ્રકારની ગંદકીથી ભરેલું છે, અનેક પ્રકારના રોગનું સ્થાન છે, જે દેહને આપે લાવણ્યની મૂર્તિરૂપ જોયું છે, મોહની પ્રતિમારૂપ માન્યું છે, સર્વ સુખનું સ્થાન ગણ્યું છે, તે દેહનું શુદ્ધ સ્વરૂપ, જે સ્થિતિમાં હું ઉભી છું ને દેખાય છે, તે જ છે. એ દેહ એક કાળે બળીને ભસ્મ થનારો છે. એવા દેહ સાથના સંગના ક્ષણિક સુખમાં આપ આપનું બહુ કાળનું સંચિત કરેલું તપોબળ તથા કષ્ટે પ્રાપ્ત કરેલું યોગબળ હોમવાને તત્પર થયા છો, તો આપે આણેલું કામ-રુદેશની રાણીનું વસ્ત્ર તે ઉપર હું વારી જાઉં છું! હે મહારાજ! આપને આ મોહ શાનો? શાનાપર થયો છે? આ મુખપર, આંખપર, નાકપર, નિતંબપર કે શાનાપર આટલો બધો મોહ થયો છે? આ સ્વરૂપ તમે જુઓ. હું એક ડાકિણી, પિશાચિણી ને નરકની ખાણરૂપ વેશ્યા છું, કે જે ધીરપુરુષોનું ચિત્ત દર્શન માત્રથી, બળ સ્પર્શ માત્રથી અને અમોઘ વીર્ય સમાગમ માત્રથી હરી લે છે. એનાપર આપ જેવા જ્ઞાનીને મોહ! પુરુષની કાન્તિનો નાશ કરનાર, બળને હરનાર, ભ્રાંતિ ઉત્પન્ન કરનાર, સંગ પછી પશ્ચાત્તાપ કરાવનાર, માયાવી સ્ત્રીના નાશ-વન્ત દેહપર, સત્પુરુષોને કદી પણ મોહ થતો નથી!"

ગણીકાનાં વચનો સાંભળતાં જ, ગુરુપ્રતાપે, મન્યુહરને સ્વસ્વ-

રૂપનું ભાન થયું. એ ક્ષણે તેને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે, 'આ અબળા, વળી ગણિકા, કે જેને કોઈ પણ જાતનો જ્ઞાનાધિકાર નથી, તે મને ઉપદેશ કરે છે; મારા સ્વરૂપનું મને ભાન કરાવે છે! વાહ! ખરેખર! એણે મને તારણ આપ્યું છે, દુર્ગતિના માર્ગમાં પડતાં પડતાં બચાવ્યો છે. હરિ! હરિ!' એમ માની, તુરત તે ગણિકાને પગે પડ્યો ને કહ્યું-"હે મૈય્યા! મને ક્ષમા કર. કામવાસના એ ઘણી જ ખરાબ છે. ગમે તેવા જ્ઞાની મહાત્મા પુરુષને તે સતાવ્યા વિના રહેતી નથી. બળવાન્ એવો ઇન્દ્રિયગ્રામ જ્ઞાની વિદ્વાનને પણ તાણી જાય છે, એ ગુરુદેવની વાત નહોતો માનતો, અને શાસ્ત્રને ગપ્પાં સમજતો હતો; પણ આજે મારી ખાત્રી થઈ છે, કે એ કથન સત્ય છે અને કંદર્પહરની શ્રેષ્ઠતા ધ્યાનમાં આવે છે. તું આ વિષયસુખના અભિલાષી અને પતનના માર્ગ ઉપર ચઢેલા અલ્પ જીવની ગુરુ છે! ખરેખર, તેં મને જે બોધ આપ્યો છે તે, મારા ગુરુએ આપેલા બોધ કરતાં પણ વિશેષ છે. કામજ અજિત્ છે. તેને જે જિતે, તે જ શુદ્ધ સાધુ-સત્ય મહાત્મા છે; તે જ સર્વ માયાને તરી ગયો છે. સ્ત્રીના સૌંદર્યમાં મુગ્ધ ન થનારો જ યોગી છે; ખરે-ખરો આત્મજ્ઞાની છે. હૃદયને આશ્રિત જે જે કામના છે, તેથી જે મુક્ત છે, તે જ મુક્ત થાય છે; અને તે જ મનુષ્ય અમરત્વને પામે છે. જે સન્મતિવાળાની ભોગલાલસા મૃત્યુપ્રાય થઈ છે, તેનું જ જીવિત આ અસાર-નિઃસાર સંસારને તરવા સમર્થ છે. હું કોણ? મારા ગુરુ કોણ? મારી સ્થિતિ શી? એ સર્વનું ભાન માત્ર એક તારા સૌંદર્યમાં ભૂલી ગયો હતો; એક ક્ષણભરની વિષયસુખમાં લુબ્ધ બન્યો હતો; મોહને હું વશ થયો હતો; માયામાં જ મરી ગયો હતો. એ મોહમાંથી-માયા-માંથી જે યુક્તિવડે તેં બોધ આપીને મારું તારણ કર્યું છે અને વ્રતભંગમાંથી મને બચાવ્યો છે તેથી હું ઉપકૃત થયો છું. હે મૈય્યા! તારી ઉત્તમ લોકમાં જ ગતિ થશે!" મન્યુહર શાંત થયો, તેનો અહંકાર મટી ગયો, કંદ-ર્પહરની શ્રેષ્ઠતા તે જોઈ શકયો. પિંગલાએ વસ્ત્ર પહેરી લેતાં ઉત્તર આપ્યો કે, "મહારાજ! દોષને તો સર્વ કોઈ પાત્ર છે. પણ તેમાંથી આપ જેવા કોઇક વિરલા જ અલ્પ સમયમાં સમજી જઈ તેનો ત્યાગ કરે છે. માટે આપને ધન્ય છે. સ્ત્રીની બાહ્ય સુંદરતા ઉપર મોહીને જે પુરુષ તેમાં ફસાય છે, તેને હજારવાર ધિક્કાર છે. તે કોઈ દિવસ પણ જ્ઞાનનો કે મોક્ષનો અધિકારી બનતો નથી. મહારાજ! આપના ગુરુ-

બંધુ કંદર્પહરની કૃપાએજ તમે અને હું આજે પાપકર્મથી બચ્યા છીએ. નહિ તો વિષયલંપટ એવી જે હું, તેની એવી શી શક્તિ છે કે, તમ જેવા કામદેવસ્વરૂપી પુરુષની માંગણીનો અસ્વીકાર કરે. એ માટે આપના મહાન્ ગુરુદેવનોજ ઉપકાર માનો.” એ પછી બન્ને જણા નિવૃત્ત થયા. ચાતુર્માસના જે દિવસો બાકી હતા તે, તેણે પૂર્ણ ઇન્દ્રિય-નિગ્રહથી વ્યતીત કીધા–પાપવિચારનું પ્રકટ પ્રાયશ્ચિત્ત કરવા માંડ્યું–એ દિવસથી તેણે પોતાની ચિત્તવૃત્તિનો ઉગ્ર નિરોધ કરવા માંડ્યો; આહાર વ્યવહારનો ત્યાગ કરી દીધો; સંયમનું પરમ પુરુષાર્થથી સેવન કરવા માંડ્યું.

પાંચ દશ દિવસમાં ચાતુર્માસ પૂર્ણ થયો. સર્પ જેમ પોતાના અંગની કાંચળી ઉતારી નાંખી, ઉપાધિ–રાગ ને મોહથી મુક્ત થઈ, સરળતાથી વિચરે છે, તેમ પોતાના મનમાં જે વિષયસુખની લાલસાના ને અહં-વૃત્તિના રજકણો ભરાયા હતા, તેનો ત્યાગ કરીને, તે ગુરુના આશ્રમમાં ગયો. તેનું મુખ મ્લાન જોઇને ગુરુએ કંઈ પણ પ્રશ્ન કીધો નહિ, પણ મન્યુહર બોલ્યો; “હે ગુરુદેવ! વાઘની બોડમાં રહેવું એ સુલભ છે; સર્પની ફેણપર નૃત્ય કરવું એ પણ સુલભ છે; પનઘટપર અનેક વિકારી સ્ત્રી પુરુષના વચન સાંભળીને તેની અવગણના કરવી એ પણ સુલભ છે; પરંતુ માયાની પ્રતિકૃતિ, માયાવી નારીના મોહપાશમાંથી સુરક્ષિત રહેવું અને તે પણ વળી એકાંતમાં જ્યાં ઇન્દ્રિયોને બહેકાવી મૂકે તેવાં સર્વ સાધન છે ત્યાં, નૈષ્ઠિક રહેવું–એ અતિ કઠિન કર્મ છે. કામ, ખરેખર અજિત જ છે; તે કોઇનાથી પણ જિતી શકાય તેવો નથી. હે ગુરુદેવ! કંદર્પહર અમારા ત્રણેનો ગુરુ છે અને પ્રણામ કરવા યોગ્ય છે!” પરમ સંતોષ પામી ગુરુદેવ મૌન જ ધરી રહ્યા. મન્યુહરની યથાર્થ કસોટી થઈ, તેનું અભિમાન ગળી ગયું, તે શુદ્ધ કાંચનરૂપ થયો, તે જોઇને તેને આશીર્વાદ આપ્યો ને છેવટે કહ્યું કે; “હે પરમ વિવેકી શિષ્ય! આ જગતની મોહજાળમાં ફસાવાનું મુખ્ય સ્થાન કામ જ છે અને કામ જ સકળ માયાની કળાનું નિધાન છે. જે કામને જિતે છે, તે જ જિતે-ન્દ્રિય છે. રણમાં મહાન્ વિજય કરનારા તથા અનેકનો સંહાર કરનારા વિજેતા નથી; પણ એકલો, નિરાકાર, જેની પાસે કુસુમનું શસ્ત્ર છે, એવા કામનો જે પરાજય કરે છે, તે જ વિજેતા છે–તેને જ ત્રણેય લોકોને તરીને તેની પણ ઉપર જવાનો અધિકાર છે.”

આટલી કથા કહીને, હિમગિરિના મહાત્માએ, સુવિચારને કહ્યું;

"હે વત્સ સુવિચાર! તમે ભલે સંસારમાં જાવ! મારી આજ્ઞા છે કે, તમે સંસારમાં જઇને વિદેહમુક્ત પેરે વિચરો. સંસારમાં ઉત્તમ પુરુષોનો નાશ કરનાર, પરમાત્માની રચેલી માયાનું સાક્ષાત્ સ્વરૂપ સ્ત્રી છે, તેનાથી તમારું રક્ષણ કરવાનું સામર્થ્ય, જે જ્ઞાન મેં તમને આપ્યું છે, તેનું નિત્ય મનન તથા નિદિધ્યાસન કરવાથી જ પ્રાપ્ત થશે. પ્રિય વત્સો! તમે સંસારમાં પડી ગૃહસ્થાશ્રમ સુખરૂપે ચલાવવા માટે ડરતા હોવ તેમ લાગો છો; તેમાં માણસને આડે માર્ગે લઈ જવામાં અગણિત કારણો છે એમ માનો છો, અને ન ઇચ્છતા છતાં પણ કુમાર્ગે ચઢી જઈ મનુષ્ય પાપ કરે છે તો તેમાં એને એમ બલાત્કારે કોણ દોરી જતું હશે, એવો પ્રશ્ન કર્યો છે; અને જાણવા માંગ્યું છે કે, શું એકાદ મુખ્ય એવું કારણ નહિ હોય કે જેનો નાશ કરતાં બધાનો નાશ થઈ જાય. અર્થાત્ પાપનું મૂળ શું, અને તે નિવારવાનો ઉપાયો જાણવાની તમારી તીવ્ર ઇચ્છા છે. મેં તમને તે માટે અત્રિ ઋષિના શિષ્યોનું દૃષ્ટાંત આપ્યું છે, તે ઉપરથી સહજ સમજી શકશો કે, સર્વ અનર્થનું મૂળ રજોગુણના કાર્યરૂપ કામ છે; અને એ કામ એજ રૂપાંતરે ક્રોધ પણ છે; કારણ કે પ્રતિહત થયેલા કામનું ક્રોધ એ રૂપાંતર છે. એમ મનુષ્યને અવળી પ્રવૃત્તિ કરાવનાર વૃત્તિમાત્રનું બીજ, કામ છે. માટે એ કામને જ મુખ્ય શત્રુ જાણો. સામાન્ય પ્રાકૃત અર્થ ઉપરાંત કામ એટલે રાગ, અભિલાષ, ઇચ્છા, વાસના ઇત્યાદિ સમજવાં. એ મહાશત્રુ છે, માટે દુર્જય છે. સ્વાર્થ અને પરમાર્થ સાધવા માટે એને જિતીને માર્યા વિના છૂટકો નથી, કેમકે એ મહા ભક્ષ કરનાર કોઈ પણ પ્રકારના સાધનને તાબે ન થતાં સર્વને ગળી જનાર મહા પાપી છે. એને ગમે તે કરીને જિતીને હણવો જોઇએ. પ્રાણી માત્ર કામસહિત જ છે. વિષયોનો ઉપભોગ કરવા જતાં તે કામ ખરો જાગૃત થાય છે અને વકરી જાય છે. તે ધીમે ધીમે મનુષ્યોપર પોતાનો કબજો કરતો જાય છે, અને કદાપિ છૂટી ન શકે તેમ જામી જાય છે. એ કામ અજ્ઞાનીનો વૈરી છે એટલું જ નહિ પણ જ્ઞાનીઓનો પણ નિત્ય વૈરી છે; તેમનામાં પણ પ્રારબ્ધવશાત્ ઉદય પામે છે, ને તેમને વિષયોમાં પાડે છે. જ્ઞાનનું સ્થાન જે અંતઃકરણ, તેને એ દુષ્ટ કામ ઢાંકી નાંખે છે, અને જ્ઞાનનો ઉદય એ થવા દેતો નથી. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ એનાં અધિષ્ઠાન છે, અને તેને સાધન બનાવી આત્માને એ જ્ઞાન પામવા

હેતો નથી, પણ મોહમાં નાંખી ભમાવે છે અને પાપમાં દોરી જાય છે. એટલા માટે તમે પહેલાં ઇન્દ્રિયોને અંકુશમાં રાખજો અને સાથે મન બુદ્ધિ આદિને પણ નિયમમાં રાખજો, નહિ તો એકલો ઇન્દ્રિયનિગ્રહ વ્યર્થ થઈ પડશે. આ પ્રમાણે તેઓને કબજામાં રાખીને પરોક્ષ જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન ઉભયનો નાશ કરનાર આ કામરૂપી શત્રુને આત્મજ્ઞાનવડે જિતીને મારી નાંખજો. આત્મજ્ઞાન બુદ્ધિથી પણ પર છે. માટે આ સર્વભાસક આત્માનો આશ્રય કરી અર્થાત્ આ સર્વ આત્મમય છે એવો અપરોક્ષ સાક્ષાત્કાર કરીને કામને જિતવો, એ મનુષ્યનું કર્તવ્ય છે. આમ બુદ્ધિના નિર્વાહક-ભાસક આત્માવડે કામના સ્થાન અંતઃકરણને સ્થિર કરીને ચંચળતાથી મુક્ત કરશો તો કામને જિતશો. આ પ્રમાણે વર્તશો તો તમારા ગૃહસ્થાશ્રમમાં કોઈ પણ જાતનું વિઘ્ન આવશે નહિ, અને તમને બળાત્કારથી કોઈ પણ પાપ કરવાને પ્રવૃત્ત કરશે નહિ. તમારું સદા કલ્યાણ થાવ!"

આટલો ઉપદેશ કરીને મુનિ મૌન ધરી રહ્યા. તેઓએ સમાધિમાં બેસવાની ઇચ્છા દર્શાવી, એટલે યોગિરાજને પ્રણામ કરીને, સુવિચાર, પોતાની પત્ની છદ્મલિંગ સાથે, પોતાના આશ્રમ પ્રતિ ગયો; અને ગુરુદેવના નિજબોધનું તે દંપતી મનન કરવા લાગ્યાં.

---

કોટાવાસી સાધુ રામચરણદાસ મારે ઘેર ભિક્ષાર્થે એકવાર પધાર્યા હતા. તેમણે આ પુસ્તક ભેટ આપતાં, અને તૃતીય બિન્દુ વાંચતાં, મને પ્રશ્ન કર્યો કે, 'કામ જિત્યો એટલે જગત્ કેમ જિતાયું?' મેં ઉત્તર આપ્યું કે, 'કામમાંથી સર્વ ઉપાધિઓનો જન્મ થાય છે, તેથી જો કામ જિતાયો તો ષડ્અરિ પણ જિતાય છે. વળી કામને વશ થવાથી નવી નવી વાસનાઓનો-સ્નેહ-સ્વાર્થ-મારું તારું-અસત્ય-અપ્રામાણિકપણું-મોહ-ક્લેશ-આદિનો પણ જન્મ થાય છે. એટલા માટે, જે પુરુષ કામનો પરાજય કરે છે અને જિતે છે, તે આખા જગતને એટલે સંસારને જિતવા-તરવા સમર્થ થાય છે. બીજું કામપર વિજય કરનારને આ સંસારની સર્વ વાસનાઓ બાધ કરી શકતી નથી' રામચરણદાસે કહ્યું કે, 'એ કથન સત્ય છે, પણ કામને જિતવાથી એના કરતાં વિશેષ પરમાર્થ સાધન સધાય છે; અને તેટલા માટે કામ જિતવાનો પ્રત્યેક શાસ્ત્રકારોએ બોધ કીધો છે. રેતનિરોધપૂર્વક જે લોક બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેની અનેક લોકમાં કીર્તિ થાય છે અને રેતના નિરોધથી ઊર્ધ્વરેતા કે બ્રહ્મચર્યનિષ્ઠ રહેવાથી અને અષ્ટ પ્રકારના મૈથુનના ત્યાગથી, તેઓ સંપૂર્ણ યોગી બને છે અને આકાશગમનનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે, અને તેઓને અણિમા આદિ અષ્ટ પ્રકારનું ઐશ્વર્ય પણ પ્રાપ્ત થાય છે. વળી તેના યોગમાં જરાએ ખામી આવતી નથી, તેની વાસનાઓ બીલકુલ ભસ્મ થઈ જાય છે, અને તેવો જીવ નવીન સ્વરૂપ ધારણ કરે છે, અને તે દ્વારાએ તે ત્રણલોકનેજ નહિ, પણ ચૌદ બ્રહ્માં-

ડને ભેદીને અર્ચિમાર્ગે પરમાત્મામાં પ્રવેશ કરવાને અથવા તો સ્વરૂપાનુસંધાન કરવાને શક્તિમાન્ થાય છે. કામ જિતેલો નૈષ્ઠિક બ્રહ્મચારી બીજો પણ ઉપકાર કરે છે. રેતોરૂપ ગર્ભધારી જીવ કામાસક્ત પુરુષના રેતરૂપથી સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવેશ કરીને, તે પોતે જ નૂતન જીવન-જન્મ ધારણ કરાવે છે. (કેટલાકનું કહેવું એમ પણ છે કે, તે સ્વયંજ નવો જન્મ ધારણ કરે છે.) એ નવા જન્મથી મૂળ ગર્ભ ધારણ કરાવનાર પુરુષ નવા જન્મનારા પુરુષને (જીવને) આ સંસારના અનેક વમળમાં મોકલે છે. હવે તે પુરુષજીવને ગર્ભસ્થિતિમાં, સંસારમાં ને મૃત્યુ ટાંણે, અને તે પછી પણ-ક્રિયમાણ ભોગવાવતાં, અનેક પ્રકારનાં કષ્ટો ભોગવાવે છે. રેતરૂપે સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવેશ કીધા પછી, પ્રારંભમાં જ વિષ્ઠા, મૂત્રાદિની વચ્ચે સ્થિતિ કરીને એ નૂતન જીવને અત્યંત દુ:ખ અનુભવવું પડે છે. મનુષ્યને મરણ સમયે કે નરકમાં પડવાથી જે દુ:ખ થાય છે, તેનાથી અનેક ગણું વધારે દુ:ખ ગર્ભકાળમાં તે જીવને થાય છે. યોનિયંત્રદ્વારા જીવનો પ્રવેશ અને છૂટકો, એ બન્ને સમયે પણ મરણકાળની પીડાથી અધિક દુ:ખ જીવને થાય છે, અને માતાના ઉદરમાં નરકવાસથી પણ વિશેષ ક્લેશ થાય છે. જનનીનું ઉદર વિષ્ઠા અને મૂત્રનું આવાસ-સ્થાન છે, ને પિત્ત અને રક્તથી તે ગર્ભ ઘેરાઈ જાય છે; અનેક પ્રકારના કફાદિ ધાતુઓથી વ્યાપ્ત બને છે; કૃમિરૂપ નાગપાશના બંધનમાં પડે છે; માતાના પ્રાણવાયુદ્વારા તથા નાડીરૂપ રજ્જુઓથી ચાલનાર અને વાયુ અને અગ્નિજનિત તાપથી ઉત્પન્ન થતા કષ્ટોનો અનુભવ કરનાર એ જીવ છે, તેથી અપરિમિત દુ:ખ જ ગર્ભસ્થ જીવને થાય છે. કેવળ જાતિસ્મરણવાળો યોગી જ એ કષ્ટનું સ્મરણ રાખવાને સમર્થ છે. એ દુ:ખ આવું છે કે તેવું છે એમ કહી શકાય એમ નથી. તેથી જે પુરુષે પોતાના રેતને ખરેખરા બંધનમાં રાખ્યું છે, તે અનેક જન્મ પામતાં નૂતન જીવોને આ અપરિમિત કષ્ટ અને સંસારના ક્લેશથી પ્રથમ તો બચાવે છે; અને બીજું, પોતાના યોગબળથી ગર્ભધારી પુરુષ પોતાના અંગમાં રહેલા રેતને અને તેમાં રહેલા અનેક જીવોને પોતાનામાં સમાવી દઇને, તેમનું પણ પોતાના યોગબળથી જ પોતાની સાથે કલ્યાણ કરે છે. એ કેવળ પરાર્થ છે-કામને જિતનાર પરાર્થે જ સંકટ સહન કરે છે-માટે જ જે કામને જિતે છે, તે જગતને નહિ પણ વિશ્વને જિતે છે, અને એટલા માટે પરમતત્ત્વ પ્રાપ્ત કરવાવાળા યોગી, સંત અને મહાત્માઓએ કહ્યું છે કે, કામને જિતનાર પોતાના કલ્યાણ સાથે બીજા અનેકનું પણ કલ્યાણ કરનાર છે, અને કામને વશ કરનારની કીર્તિ બ્રહ્મલોકમાં પણ ગવાય છે, અને જ્યાં કીર્તિ ગવાય, ત્યાં તેને પ્રથમ સ્થાન મળે. તેટલા માટે જ, જે કામને જિતે છે-પછી ચાહે તો તે સ્ત્રી હો કે પુરુષ હો-તો તે સર્વત્ર પ્રબળ પ્રતાપી ગણાય છે. નૈષ્ઠિક બ્રહ્મચારીનો પરાર્થ તથા પરમાર્થ (પારકાને માટે જ, કશા પણ લાભ વગર, સ્વયંકષ્ટ ભોગવવું ને ઉપકાર કરવો તે પરાર્થ અને પરમ એટલે મોટા લાભની આશાથી કષ્ટ વેઠી કોઇનું હિત કરવું તે પરમાર્થ) કામ-નારહિત છે; એટલું જ નહિ, પરંતુ તે કામેચ્છાની તૃપ્તિના સુખનો ભોગ, સ્વદેહમાં ઉત્પન્ન થયેલા સ્વબન્ધુરૂપ જીવના કલ્યાણાર્થે સદાને માટે ત્યજી, આનંદથી કષ્ટનો સ્વીકાર કરે છે. મતલબ કે ગર્ભધારી પુરુષના રેતદ્વારા યોનિયંત્રમાં જે નૂતન જીવ પ્રવેશ કરે છે, તેને ગર્ભસ્થાનના કષ્ટ ને ક્લેશથી સુરક્ષિત રાખવાને વ્યાવહારિક આનંદનો ત્યાગ કષ્ટ સહી પ્રેમથી કરે છે, અને સ્વયંના આનંદના (એ આનંદ છે તો સ્વલ્પકાલીન-પણ આનંદ છે ખરો) ભોગે તે નૂતન જીવોનું કલ્યાણ કરનારો છે. રેતદ્વારા પ્રવેશ કરતો ગર્ભસ્થિત જીવ

પ્રથમ રાત્રિએ શુક્રશોણિત મિશ્ર છે; સાતમી રાત્રિએ તે બુદ્બુદાકાર ધરે છે; પંદરમી રાત્રિએ પિત્તાકાર; અને એક માસે ગાંઠને આકારે થાય છે. બીજે માસે મસ્તક બંધાય છે; ત્રિજે માસે હાથ ને પગ; ચોથે માસે આંગળિયો, પેટ, ને કેડ; પાંચમે માસે કરોડ જેને મેરુદંડ કહે છે તે; છઠ્ઠે માસે મ્હોં, નાક, કાન ને આંખ બને છે. અત્યાર સુધી ગર્ભસ્થ જીવ સર્વ દુઃખકર અજ્ઞાનરૂપ મૂર્છામાં રહે છે. માતાને લીધે ક્ષુધા પિપાસાજનિત અને શરીરના અસામર્થ્યજનિત અનેક કષ્ટ ને ક્લેશ તે પોતે અનુભવે છે. સાતમે માસે જીવનો સંયોગ પ્રત્યક્ષ થયો હોય એમ થાય છે; અને આઠમે માસે સર્વાંગ પૂર્ણ રચાય છે; અને નવમે માસે સમ્પૂર્ણ જ્ઞાનહેતુક પૂર્વજન્મનું સ્મરણ થાય છે ત્યારે, જરાયુરૂપ પટને ભેદી, દેડકાની માફક, પેટના અંધકારમાં હ્યાં ત્યાં ચાલેહાલે છે–કૂદકા મારે છે; પીઠ ને ગર્દનને કુણ્ડલાકાર કરી, હાથ પગ સંકુચિત કરી, કુક્ષિસ્થાનમાં મસ્તક અફાળતો ગર્ભસ્થાનનો પરિત્યાગ કરતો કરતો, હાથ પગ ને આખા શરીરથી, જનનીનું પેટ ભેદવા–ફાડવા–ઉદ્યોગી બની ગર્ભસ્થ જીવ, કદી માતાના કુક્ષિ ભાગમાં, કદી વાંદરા પેરે હૃદયમાં ને કદી પોતાના છૂટકા માટે, યોનિયંત્રની વચ્ચે દોટ મૂકે છે; મસ્તક નિચે લટકાવે છે ને અનેક પ્રકારના ક્લેશ ભોગવે છે. છેવટે સર્પે ગ્રહેલો દેડકો અત્યંત આક્રોશ કરે છે અને અંતે સર્પમુખરૂપ યંત્રમાંથી તે દેડકો છૂટી, સુરક્ષિત થાય છે, તેમ વાયુથી ધકેલાયલો તે બહાર પડે છે ત્યારે જ મહાકષ્ટમાંથી એકવાર નૂતન જીવ બચે છે! તેને ખાવાને વિષ્ઠા ને પીવાને મૂત્રનું પાણી છે, અને છૂટવાનો માર્ગ ઘણો કષ્ટદાયી છે. એ અને તે પછીના જગતમાં ભોગવવાના ક્લેશ, શોક, કષ્ટરૂપી હજારો ધારવાળા ચક્રમાંથી જીવને કદી પણ વીર્યને સ્ખલિત ન થવા દેનાર નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રાણીને છોડવે છે અને કામને જિતેલો બ્રહ્મચારી ગર્ભધારી પુરુષને રક્ષે છે, એટલું જ નહિ, પણ પોતા સંગે તારે છે–માટે જ કામને જિતનાર પરમ શ્રેષ્ઠ છે અને કામ જિત્યો તેણે જગત્ જિત્યું–એ સત્ય ઠરે છે.'

# તૃતીય બિન્દુ

## ધર્મ જ ધર્મનું રક્ષણ કરે છે

**धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।**
**तस्माद्धर्मो न हन्तव्यो * * * ***

અર્થ-ધર્મનો ત્યાગ કરવાથી તે આપણો નાશ કરે છે, ધર્મનું સંરક્ષણ કરવાથી તે આપણું સંરક્ષણ કરે છે; તેટલા માટે ધર્મનો ત્યાગ કરવો નહિ. **મનુ.**

**શ્રી** ભગવાન્ સૂર્યનારાયણ દેવ, ક્ષિતિજમાં પ્રકાશ કરીને પ્રકટ થવાની તૈયારીમાં છે; યોગીન્દ્ર મુનિ પોતાનું આહ્નિક કર્મ સમાપ્ત કરીને શિષ્યોની વાટ જોતા બેઠા છે; આકાશ નિર્મળ છે; મંદ મંદ વાયુ વાહી રહ્યો છે; નિર્દોષ પક્ષીઓ ઉડાઉડ કરી રહ્યાં છે; વન ઉપવનમાં કાળાં મૃગો નિર્ભય અવિચ્છિન્ન રીતે વિચરી રહ્યાં છે; સૃષ્ટિસૌંદર્ય લીલા એવી સુંદર વિસ્તરી રહી છે કે, ગમે તેવા અહંકારી પુરુષનો અહંકાર પણ ગળી જઇને, તે પરબ્રહ્મના તાનમાં એક તારો થવાનો પ્રયત્ન કર્યાવિના રહે નહિ.

એ સમયે સુવિચાર અને છદ્મલિંગ ગુરુદેવના આશ્રમમાં આવી પહોંચ્યા. માર્ગમાંથી આવતાં જે સૌગંધિક પુષ્પો જોવામાં આવ્યાં તે વીણી લઇને, તેની સુંદર સુંદર માળા, જે છદ્મલિંગે ગુંથી હતી તે, પ્રણામપૂર્વક ગુરુકંઠમાં આરોપી દીધી. પછી દંપતી, ગુરુને સાષ્ટાંગ દણ્ડવત્ પ્રણામ કરી, તેમની સમીપ જઈ બેઠાં. થોડીવાર ગુરુજી મૌન ધારણ કરી રહ્યા.

### જ્ઞાનીએ પણ કર્મ કરવાં

ક્ષણભર પરમાત્માનું ધ્યાન ધરી મહાત્મા બોલ્યા; "હે તાત સુવિ-

-ચાર! હે વત્સ છદ્મલિંગ! આ અપાર દુઃખમય સંસારમાં રહી, જ્ઞાન સંપાદન કર્યાં પછી પણ, પરમાત્માનું જે જીવ ક્ષણભર પણ સેવન કરવાથી બહિર્મુખ થઈ, તે પ્રતિ તિરસ્કાર બતાવે છે, તો તે પરિણામે, હમેશાંને માટે, પોતાના શ્રેયમાંથી ભ્રષ્ટ થઈ, ઉત્તરોત્તર એવી તો અધમ ગતિએ પહોંચે છે કે, ત્યાંથી પુનઃ તેનો ઉદ્ધાર થતાં બહુ કાળ વ્યતીત થાય છે. આ માટે મહાત્મા પુરુષે—જ્ઞાનીએ—સંસારમાં રહેતો હોય ત્યાંસૂધી, ઋષિએ નિર્માણ કરેલા ધર્મો, બહુ કષ્ટથી પણ સેવવા આવશ્યક છે. તેમાં જરાપણ પ્રમાદ કરવાથી—તિરસ્કાર કરવાથી, તે અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થઈ—ધોબીનો બળદ નહિ ઘરનો ને નહિ ઘાટનો, તેવી ગતિને પામે છે. શ્રીપરમાત્માએ સ્વમુખે કહ્યું છે કે,

न मे पार्थास्ति कर्त्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

(હે પાર્થ! જો કે મને ત્રણે લોકમાં કંઈ કર્તવ્ય નથી; તેમ કંઈ અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવાનું નથી, છતાં હું કર્મ કરું છું.) આવું ભગવાનનું વચન છે, તેમાં મોટો મર્મ છે. જો જ્ઞાની પણ કર્મનો ત્યાગી અને તો તેનું જોઇને બીજા પણ તેમ જ શીખે. તેથી સંસારમાં રહેલા જીવે સદા જ કર્મ કરવાં. એ કર્મ નિષ્કામ બુદ્ધિથી કરવાં. નિષ્કામ બુદ્ધિએ કરેલાં કર્મ બંધન કરતાં નથી, પણ ગમે તેવો જ્ઞાની હોય, અને જો સકામ બુદ્ધિએ કર્મ કરે છે તો તે બંધનકર્તા થઈ પડે છે. પણ નિષ્કામ બુદ્ધિએ કરેલાં કર્મ સદા જ્ઞાનીને નિર્લેપ જ રાખે છે. તેમ જ વળી જગતમાં રહેલો જ્ઞાની કર્મત્યાગ કરવાથી ભ્રષ્ટ પણ ઝટ થાય છે! હવે જીવને પતન કરાવનાર, સકળ કળારૂપ માયાનો રાજા અહંકાર છે. જે જીવના મનોપ્રદેશમાં અહંકારે વાસ કીધો હોય, તે જીવ અહંકાર વશવર્તી સ્વયંસાધુ બની જઈ કર્મનો ત્યાગ કરે છે; અને જે સંસારમાં કે સંસાર સમીપ રહેતો હોય, તે જીવનું તો એથી અવશ્ય અશુભ થયા વગર રહેતું નથી. માટે સંસારી જીવે, કોઈ કાળે પણ, ગમે તેટલું જ્ઞાન મળ્યાં છતાં, તત્ત્વશાસ્ત્રને યથાર્થ રીતે જાણ્યા છતાં, જ્યાંસૂધી દેહી રહી, આ જગતમાં વ્યવહારાદિ ભોગ ભોગવવાને સજાયલો રહે છે ત્યાંસૂધી, જ્ઞાનથી પ્રમત્ત થઇને, કદી પણ કર્મનો ત્યાગ કરવો નહિ. કર્મનો ત્યાગી, ધર્મની શરમને વિસરી જઈ, પરમ પદને મેળવવાના માર્ગથી ભ્રષ્ટ થાય છે. માટે શાસ્ત્રો, સંતો, જ્ઞાનીઓ, યોગીઓ,

ડીંડીમ વગાડી કહે છે કે-જગતના જીવે વર્ણાશ્રમધર્મનું એક પણ પગથિયું-સુખમાં કે સંકટમાં-ચૂકવું નહિ; પરન્તુ વર્ણાશ્રમધર્મને નિશ્ચળ મને સેવવામાં અહોનિશ જાગૃત રહેવું. જેમ ઉંચે ચહડનાર, ક્ષણની ભૂલથી-જાગૃત રહેવાની ચૂકથી-નીચે ગબડી પડે છે, કદાચ ખાટલો પણ સેવે છે, કદાચ તેના દેહનો પણ નાશ થાય છે, તેમજ ધર્મકર્મનું એક પગથિયું ચૂકવાથી ઉત્તમસ્થાનને પામવાને પાત્ર જીવ અધોગતિનો અધિકારી બની જાય છે.

## ત્યાગી બ્રાહ્મણ

પ્રિય વત્સો! આ અપાર સંસારના દુઃખથી કંટાળી ગયેલો કોઈ એક બ્રાહ્મણ હતો. તે સંસારનો ત્યાગ કરી, તત્ત્વજ્ઞાન સંપાદન કરવાર્થે એક મુનિની સમીપ જઇને રહ્યો. કુમાર્ગગામી ને વ્યવહારમાં લચીપચી રહેલા પુરુષોના કુકર્તવ્યથી તેનું મન અત્યંત ઉદાસીન થઈ રહેલું હતું. અલપ ઝલપ જ્ઞાનની પણ ચટકી લાગી હતી ને તેથી સંસારને તે દુઃખરૂપ ને નિસ્સાર માનતો હતો. તેના મનમાં નિશ્ચય થતો હતો કે, જેઓ આ નિઃસાર સંસારમાંથી તરવાનો પ્રયત્ન કરતા નથી, તેઓ હંમેશને માટે આવર્જન વિસર્જન-જન્મ મરણ-ના રોગી રહે છે. ઘણા સત્પુરુષના સમાગમથી તેની ભાવનાઓ રુડી થતી જતી હતી, પણ દૃઢ થઈ નહોતી. વૈરાગ્યના સાત પગથિયાંમાંના માત્ર ચાર પગથિયાં તે સુખરૂપ ચહડી ગયો હતો. તેની વ્યાવહારિક વૃત્તિઓ મંદ થઈ ગઈ હતી ને પૂજન અર્ચન ધ્યાનાદિ કર્મમાં તે પૂર્ણ બન્યો હતો. ભગવત્પરિચર્યા કરવામાં સદા તત્પર રહેતો હતો. તે અત્યંત પ્રેમાસક્તિથી ભગવત્પ્રાર્થના કરતાં ગદ્ગદિત થતો હતો. જ્યારે તે એકાગ્રપણે ધ્યાન ધરતો ત્યારે તેની સર્વ ઇંદ્રિયો સંયમમાં વર્તતી હતી. સંસારના સર્વ રંગનો તે ત્યાગી થયો હતો ને સર્વેશ્વર સર્વવ્યાપક સર્વાત્મા પરમાત્માને શુદ્ધ સંસ્કારી ભાવનાથી સેવતો હતો. ભક્તિજ્ઞાનમાં તેને એવી સુંદર ચટકી લાગી હતી કે, તે સદાકાળ પરમાત્માની સેવામાં જ સ્વકલ્યાણ માનતો હતો.

## જગતની રચના

આ સ્થિતિને પ્રાપ્ત થયેલો બ્રાહ્મણ સદ્ગુરુને શરણે જઇને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા રહ્યો. પ્રથમ તો તે પૂર્ણ ભક્તિથી સદ્ગુરુનાં ચરણનું સેવન કરતો અને પ્રસંગોપાત્ત ગુરુદેવ તેને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ

આપતા હતા. ગુરુ કહેતા કે, આ દુઃખરૂપ સંસારમાંથી તારનાર અન્ય કોઈજ નથી, માત્ર પરમપુરુષ–પરમાનંદરૂપ પરમ પ્રતાપી અવિનાશી પરમાત્મા જ છે. તેનાં દર્શન સેવનથી જ સ્વાત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે. એ માટે જીવે પુરુષોત્તમનું, સુખમાં કે દુઃખમાં, જાગૃતમાં કે સ્વપ્નમાં, ધ્યાન ધરવું, તેનું સેવન નિષ્કામપણે, વિષયથી મુક્ત બની કરવું. હે શિષ્ય! હે તાત! આ જગત્ પૂર્વે એક આત્મરૂપ જ હતું. પરમાત્માની ઇચ્છા–માયાથી આ જગત્ રચાયું છે. જેમ અગ્નિ એક છે, પણ તેમાંથી અનેક તણખા ઉત્પન્ન થઈને, અનેક અગ્નિ દૃષ્ટિગોચર થાય છે, તેમ જ પરમાત્માના એક અંશમાંથી આ સર્વ જગત્ વિસ્તાર પામ્યું છે ને તે અનેક રૂપે જણાય છે; બાકી છે તો એકનું એક જ. સર્વત્ર અદ્વિતીય જ છે; દ્વૈતનો તો ભાસ જ છે–રે ભ્રમ જ છે. પરમાત્માની ઇચ્છાનુસાર વિવેકસંપન્ન જીવની ઉત્પત્તિ કરવામાં આવી છે. એ જીવના સ્થૂલ સ્વરૂપમાં, પરમાત્માની ઇચ્છાથી, અગ્નિએ વાણીરૂપ થઇ મુખમાં, વાયુએ નાસિકામાં, આદિત્યે ચક્ષુમાં, દિશાઓએ શ્રોત્રમાં અને ઔષધિ તથા વનસ્પતિઓએ રોમ અને ત્વચામાં પ્રવેશ કીધો છે. મનુષ્યનું મન ચંદ્રમા છે, મૃત્યુ એ ગુદેંદ્રિય તથા નાભિ છે, પ્રજાપતિ ઉપસ્થ ઇંદ્રિય છે ને હૃદયમાં પરમેશનો વાસ છે. એ પરમાત્માએ જીવને ભોગવવા યોગ્ય અનેક પદાર્થો નિર્માણ કર્યાં છે અને તે તે પદાર્થો પરમાત્માએ નિર્માણ કરેલી ઇંદ્રિયોદ્વારા જીવ ભોગવે છે. તથાપિ એ જીવ કેવળ સાક્ષીભૂત જ છે. પણ તે ભૂલી જઈ, માયાએ કલ્પિત જગતને, મનુષ્ય પ્રાણી સત્ય માને છે, એ તેની અવિદ્યાનું આવરણ પડળ છે. વસ્તુતાએ આ જગત્ છે જ નહિ, સર્વત્ર બ્રહ્મ જ છે. બ્રહ્મથી ભિન્ન કંઈ પણ નથી. જે જીવ, બ્રહ્મના એ સત્યને જોઈ શકતો નથી, તે અંધકારવડે માયામાં લુબ્ધ થઈને 'મેં કર્યું, મેં કર્યું' એમ માની, મોહ મમતામાં પડી જાય છે અને ચોરાસીના રેંટિયામાં ચક્કર ખાયા કરે છે. જે પરમાત્માએ સર્વ સર્જ્યું છે, જે સર્વનો સ્વામી છે, તે પરમાત્માની આજ્ઞા છે કે, મારું સત્ય સ્વરૂપ જે જાણશે, તે વિષયથી મુક્ત રહેશે તથા તે જીવ મારા પ્રેમનું પાત્ર છે–હું ને તે એક જ છીએ એમ માને છે તેનો સદ્ય જ મારા સ્થાનમાં વિલય થાય છે. પણ માયાના પાશમાં બંધાયલો, એ જીવ, પરમેશનો આદેશ વિસરી જઈ, વિષયનો દાસ બની, બહિર્મુખ થઈ, નીચે ને નીચે જ ગબડતો જાય છે. માતાના ગર્ભમાં બીજરૂપે સ્થિત

છતાં, જીવ પરમાત્માનાં સ્વરૂપને જેવું જાણે છે, તેવું માયાના વાતાવરણથી વેષ્ટિત જીવ, ગર્ભમાંથી બહાર પડ્યા પછી, તેનો અલ્પ મહિમા પણ જાણી શકતો નથી; કારણ કે જે આત્મજ્ઞાનના સામર્થ્યવડે માયાનું બંધન તોડવાનો ગર્ભમાં જ તે જીવ જેવો સમર્થ હતો અને ત્યાં રહેવાથી જે આત્મજ્ઞાન ધરાવી શકતો હતો, તે જ આત્મજ્ઞાનનો, જગતના માયારૂપી વાતાવરણનો સ્પર્શ થતાં, લોપ થઈ જાય છે અને તેના યોગે તે પોતાનું નિત્ય, શુદ્ધ, અપરિમિત જ્ઞાન વિસરી જાય છે. ગર્ભસ્થ જીવને જ્ઞાન છે કે, તે કેવળ પરમાત્માનો અંશી આત્મા છે; પણ જગતના વાયુનો સ્પર્શ થતાં, એ આત્મસ્વરૂપ ભૂલી જાય છે; અને જગતમાં પ્રવેશ કરતાં જ 'ઉંહાંઉંહાં', 'તુંહાંતુંહાં' એટલે હું તો અહીં આવ્યો ને તું તો ત્યાં રહ્યો, હવે મારે ને તારે શો સંબંધ, એમ વિપરીત મતિનો થઈ, વિપરીત ગતિ ને પ્રીતિમાં પરોવાય છે. ધીમે ધીમે તે જીવ હું સુખી, હું દુઃખી, આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ ધન, આ માન, આ મારું, આ તારું, હું મોટો, તે તુચ્છ, એમ માનીને અહંકારમાં લપેટાય છે. એમ સોપાધિકને સત્ય ને શુદ્ધ માનીને, નિરુપાધિ સ્વસ્વરૂપનું તેને જ્ઞાન ન રહેવાથી, માયાની જાળમાં ફસાઈ જાય છે. પ્રિય વત્સ! જે જીવમાં, આ જગતના અહંકારની વાસનાનો વાયુ સંચાર કરી રહ્યો છે તે જીવ, પોતાના નિર્મળ, વાસનારહિત, નિરુપાધિક સ્વરૂપને વિસરી જાય છે, તેમાં લેશ પણ સંશય નથી. પછી શનૈઃશનૈઃ તેની પૂર્વની પ્રજ્ઞા, મેધા, દૃષ્ટિ, ધૈર્ય, મતિ, મનીષા, સ્મૃતિ, નિશ્ચય, એ સર્વનો નાશ થઈ જાય છે; અને જેમ જેમ તેનો નાશ થતો જાય છે, તેમ તેમ તે માયાના પાશમાં વધારે ને વધારે જકડાતો જાય છે. આ માયાને મારી, તેના ઉપર જે પગ મૂકે છે, તે જ જીવ સંસારના બંધનમાંથી મુક્ત થઈને, પરમ ધામનો અધિકારી બને છે. માયાને મારનાર નિર્વાસનામય સ્થિતિને પામે છે. કામના–સંકલ્પ–ભાવનારહિત નિર્વાસનામય સ્થિતિને પ્રાપ્ત થવું, એ જ મોક્ષ.

## આત્મા–પરમાત્માનું સ્વરૂપ

જગતમાં રહેલા જીવને, એ મોક્ષના માર્ગમાં અવરોધ કરનારી દુષ્ટ માયા છે. માયા અનેક પ્રકારે ક્લેશ કરાવનારી છે. એ માયા, આત્માનાં ત્રણે સ્વરૂપને ભૂલાવી દે છે. આત્માના પ્રકાર ત્રણ છેઃ–બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. દશ ઇંદ્રિયોવાળું, ત્વચા, રક્ત,

માંસ, નાડીઓ, અસ્થિ, મેદ, મજ્જા ને વીર્યાદિકથી ભરેલું જે આ સ્થૂલ સ્વરૂપ છે, જે જન્મે છે, સ્થિતિ કરીને આ વ્યવહારમાં વિચરે છે અને મરણ પામે છે; જે બાળ, તરુણ ને વૃદ્ધ તરિકે દેખાય છે; જે સુખ, દુઃખ, આનંદ, ઉત્સાહ, મારું તથા તારું એમ જૂદી જૂદી કળા ભોગવે છે, તે બાહ્યાત્મા છે. શુભાશુભ કર્મનો કર્ત્તા ને તેમનાં સુખ દુઃખનો ભોક્તા, સત્ય અને અસત્યનો વિચાર કરવાની શક્તિ ધરાવનાર, સારાં નરસાં, પાપ પુણ્ય, કર્તવ્ય અકર્તવ્ય, નીતિ અનીતિ, જગત્ ઈશ્વર, હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, કેમ આવ્યો છું, એ સર્વનો વિચાર કરાવનાર જે આત્મા છે તે અંતરાત્મા છે. ચિદાત્મા સજીવ છે. તે ચિદાભાસરૂપી આત્મા, દશ ઇંદ્રિયો, પાંચ પ્રાણ ને ચાર અંતઃકરણના ધર્મોની સાથે એકતાને પામ્યો છે. એ ચિદાત્મા શુદ્ધ, અવિનાશી ને ચૈતન્ય છે. એ જ પરમાત્મા છે. તે પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિવડે ચિંતન કરનારાથી અનુભવાય છે. એ પરમાત્મા અત્યંત સૂક્ષ્મ છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે અને તેથી પણ સૂક્ષ્મ છે. તે દૃશ્ય પદાર્થની માફક પ્રત્યક્ષ જણાય તેવો નથી. જે પરમાત્મા વસ્તુની સાથે તુલના કરી શકાય તેવો પરોક્ષ પણ નથી; તે ‘આના જેવો છે’ એવો પ્રત્યક્ષે નથી; તેમ તે અનુમાનનો પણ વિષય નથી; તેમ આટલો કે તેટલો પણ કહી શકાતો નથી. એ જ પરમાત્માનું સ્વરૂપ છે. તેને જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી, તે સૂકાતો નથી, બળતો નથી, કપાતો નથી, ભેદાતો નથી, છેદાતો નથી. તે ગુણરહિત છે તેમજ ગુણસહિત છે. તે આદ્યદ્રષ્ટા છે, અનાદિસિદ્ધ છે, સ્વાભાવિક મલરહિત છે, નિરવયવી છે, દેશ કાળ તથા વસ્તુ પરિચ્છેદથી રહિત છે, સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદથી રહિત છે, અહંકારથી રહિત છે અને ઇન્દ્રિયરહિત છતાં તે સર્વ કરી શકે છે. એ પરમાત્મા સર્વવ્યાપી, અચિંત્ય, અવર્ણ્ય, નિષ્ક્રિય, સદા પવિત્ર અને સંસ્કારરહિત છે. એ જ્યાં હોય ત્યાં ત્યમનો ત્યમજ છે; એ વધતોએ નથી ને ઘટતોએ નથી; એ સર્વને પ્રિયતમ છે, જેને માટે આ સર્વ પ્રિય લાગે છે; એ આવતોએ નથી, ને જતોએ નથી; એ ભર્યોએ નથી ને ઠાલોએ નથી; એ પૂર્ણ છે; આ પણ પૂર્ણ છે; પૂર્ણમાંથી પૂર્ણ બહાર નીકળે છે, છતાં એ પૂર્ણ રહે છે–ઓછું થતું નથી; પૂર્ણમાં પૂર્ણ ઉમેરાય છે છતાં, એ પૂર્ણ રહે છે–ઘટતું નથી; તે એક જ છે, તેનાથી મોટું કોઈ નથી, તેમ સમાન

કે નાનું પણ કોઈ નથી, માટે અદ્વિતીય છે; સત્‌-ચિત્‌ આનંદ છે; એ પદ ક્ષર અક્ષરની ઉપર છે; એ પુરુષોત્તમ છે; ત્યાં હું તું નથી; કોઈ જાતની બાધા નથી; કોઈ જાતનો ભય નથી. જે જીવ બાહ્યાત્માને તથા અંતરાત્માને ભૂલી જઈ, કેવળ શુદ્ધાત્મા-ચિદાત્માને-પરમાત્માને જોવા જાણવાને પ્રયત્નશીલ છે અને તેમાં વિજય પામે છે, તે જ જીવ સંસારની નિઃસાર દુઃખરૂપ માયાને તરવા સમર્થ થાય છે. પણ સંસારી માયા ભલા ભલાને ભૂલાવી દે તેવી છે. તેની મોહિની એવી તો મોહ ઉપજાવનારી છે કે દેવ, દાનવ અને માનવ, સઘળા તેમાં ભોળવાઈને ભ્રષ્ટ થયા છે.

## માયાની શક્તિ

એ જ માયાએ, ત્રણે કાળમાં જે 'નથી' તેને 'છે' એમ મનાવ્યું છે, જે અસત્ય છે તેને સત્ય ગણાવ્યું છે, જે વિનાશી છે-જે ગંધર્વનગર જેવું છે તેને અવિનાશી ઠસાવ્યું છે. એણે અતિ સ્થૂલથી તે રજકણ પર્યંત સર્વમાં અનેક પ્રકારની 'સત્ય'ની ભાવનાઓ ઉત્પન્ન કીધી છે. એનું જે જીવ પૃથક્કરણ કરી શકતો નથી, તે એ માયાની શક્તિના પાશમાં એવો જકડાઈ જાય છે કે, પરિણામે તે વિવેકરહિત થઈને, તેનામાં રહેલાં સામર્થ્ય, પરાક્રમ, પ્રતાપ ને પ્રજ્ઞાથી કેવળ હણાઈ જાય છે. અગ્નિમધ્યે જેમ સ્વાભાવિક ગુણ દાહકશક્તિનો છે અને તે જેમ પ્રબળ છે, તેમ જ માયાની પ્રબળ શક્તિ, મોહપાશમાં તાણી જવામાં પ્રચંડ પ્રતાપી છે; પરંતુ અગ્નિમાં જેમ બીજી શ્રેષ્ઠ શક્તિ પ્રકાશ કરવાની છે, તેમ જ માયામાં પણ આત્મજ્ઞાનને માર્ગે વાળવાની અતિ અદ્‌ભુત શક્તિ છે. અગ્નિમાં પ્રકાશ કરવાની જે શક્તિ છે, તે તેનું શુદ્ધ સ્વરૂપ છે-દાહ કરવાની તો માત્ર તેની શક્તિ જ છે. પણ જે પુરુષ અગ્નિની પ્રકાશક શક્તિનું યથાર્થ શુદ્ધ સ્વરૂપ જાણી શકે છે, તે જેમ અગ્નિથી પરમ લાભ પામે છે ને તેનાદ્વારા અનેક કાર્યો સિદ્ધ કરી શકે છે; તેમ જે માયાને તેના વિશુદ્ધ સ્વરૂપમાં જોઈને, તેનો વિજય કરે છે, તે જગતના નિઃસારપણાને જાણી, સર્વમાંથી દૂર થઈ, ત્યાગી બની જાય છે ને અસારને સત્વર તરી જાય છે. અગ્નિની દાહક શક્તિની છાયા જે લે છે, તે જેમ બળીને ભસ્મ થાય છે; તેમ જ માયાની પ્રાપંચિક છાયામાં જે જીવ જઈ પડે છે, તેની પણ તેવી જ ગતિ થાય છે. તે પરમાત્માના સ્વરૂપને વિસરી જઈને બાહ્યા-

ત્માનો હ્રાસ બને છે, ઈશ્વરે બાધક ગણેલા એવા પ્રપંચમાં લેપાઈ જાય છે ને એ પ્રપંચ–સંસારને સત્ય માનીને તેમાં તલ્લીન બની જતાં, આત્માનું સ્વરૂપ ભૂલી જઈ પોતે આત્મહત્યારો બને છે. એથી આ જીવને તરણોપાય–મોક્ષનો માર્ગ–પરબ્રહ્મધામની પ્રાપ્તિ–અચ્યુત ધામમાં પ્રવેશની કુંચી–સ્વસ્વરૂપને ઓળખી, પરમાત્માના સ્વરૂપમાં વિલીનતા વિના અન્ય કોઈ પણ નથી. જ્યારે જીવની સર્વ વાસના ભસ્મ થાય છે, અહંભાવનો નાશ થાય છે, કેવળ દ્રષ્ટા બની રહે છે-સાક્ષીરૂપ બનીને સંસારને જળ કમળવત્ ભોગવતો, કૃષ્ણાપણ, શિવાર્પણ, આત્માર્પણ કર્મ કર્યો જાય છે, તે જીવ પરમાત્માના શુદ્ધ, નિત્ય, અવિનાશી, અચિંત્ય સ્વરૂપને જાણીને, કાળાંતરે પણ અચ્યુતપદ પામી–અચ્યુત સ્વરૂપમાં ભળી જઈ, અચ્યુત જ બની શકે છે; અર્થાત્ પરમાત્માનો અનન્ય ભક્ત થઈ તે જ રૂપ બની, તેનામાં જ રહે છે. જીવ જ શિવ છે. જીવશિવમાં વાળના સહસ્રાંશ જેટલો પણ ભેદ નથી. વળી સર્વત્ર અદ્વિતીય જ છે, અન્ય કંઈ જ નથી. હું નથી, તું નથી, સંસારે નથી ને વિશ્વે નથી. એક અખંડ અવિનાશી બ્રહ્મ જ છે–જે કાંઈ બીજું દેખાય છે, તે અજ્ઞાનનું કારણ છે. હવે જીવ માત્ર ઈશ્વરાંશ છે, ઈશ્વરમાંથી તેની ઉત્પત્તિ છે, ઈશ્વરમાં જ વિલીનતા છે. એ વિલીનતાને પ્રાપ્ત કરવાની સ્થિતિમાં, જ્યાં સૂધી જીવ મૂકાય નહિ, ત્યાં સૂધી તેણે ધર્મનું ને કર્મનું સેવન કરવું જોઇએ. ધર્મ–કર્મ વિમુખ જીવ અધોગતિને જ પામે છે. તેના જ્ઞાન, જપ, તપ, ધ્યાન, દાન કંઈ પણ કામ આવતાં નથી. જગતમાં રહેલો જીવ, ગમે તેવો જ્ઞાનને પામ્યો હોય, તથાપિ જ્યાં સૂધી આ અનિત્ય દેહને અન્નની જરૂર છે, ત્યાં સૂધી મહાત્માઓએ ઠરાવેલા ધર્મ–કર્મના નીમનો કદી પણ ત્યાગ કરવો નહિ. ધર્મ જ પરમ બળ છે. એ ધર્મને સેવનાર જ પરમાત્માને પામવાને અધિકારી છે; માટે ધર્મનું ખન્તથી સેવન કરવું. ધર્મનું એક પણ કર્મ ચૂકવાથી, ધીમે ધીમે અનેક કર્મ ચૂકી તે જીવ કેવળ ભ્રષ્ટતાને પામે છે.”

## મિથ્યા અહંબ્રહ્માસ્મિ !

તે મહાત્મા પુરુષના મુખથી આ પ્રકારનો નિત્યનો ઉપદેશ સાંભળતાં-ગુરુ ઉપદેશનો મર્મ ન સમજતાં, ક્ષુલ્લક જ્ઞાની પેરે હું જ બ્રહ્મ છું, એવો વિચાર એ જીવના હૃદયમાં ઠસી ગયો. તેને ધીમે ધીમે ભગવદ્પૂજન, અર્ચન, સેવન, ધ્યાન ધારણાનો અભાવ થતો ગયો.

તેના મનમાં ધીમે ધીમે એવો અહંકાર થયો કે, આપણે તો હવે પૂર્ણ પરબ્રહ્મને પામી ગયા. વાતે વાતે તેને शिवोहम, शिवोहम, कृष्णोहम, कृष्णोहम, अहं ब्रह्मास्मि, अयमात्मा ब्रह्मનો જ વિચાર થવા લાગ્યો. કોઈ સમયે તેને શંકા પડતી તો તે મહાત્માને પૂછીને સમાધાન કરી લેતો. પણ 'ઓછું પાત્ર ને અદકું ભણ્યો' તેમ દહાડે દહાડે તેને જ્ઞાનનો ગર્વ થવા લાગ્યો. એ જીવ ભણ્યો ગણ્યો તથા વિચારવાન્ છતાં અલ્પ પ્રાણી હતો. કર્મ કેમ ઇષ્ટ છે, તેનું તેને લેશ પણ જ્ઞાન ન હતું. ધર્મ જ ધર્મનું સંરક્ષણ કરે છે, 'તેથી તે અજ્ઞાત હતો. સ્વયંબ્રહ્મ થઈ પડેલો તે જીવ બહારથી શુદ્ધ દેખાતો હતો, પણ તેની આંતરવૃત્તિ જગતની લીલા કળાથી ધીમે ધીમે છણછણાટ કરી રહી. વત્સ સુવિચાર! શરીરને નીરોગી કરવામાં, જેમ ઉત્તમ વૈદ્ય રોગગ્રસ્ત જીવને પ્રથમ રેચ આપીને શરીર શુદ્ધ કરે છે; પછી રોગને સ્તંભન કરવાનું ઔષધ આપે છે; એ પછી નિર્મળ કરવાનું ને અંતે શક્તિ આવવાનું પૌષ્ટિક ઔષધ આપે છે; તેમ જ જીવને પરમાત્મપદની પ્રાપ્તિનાં ચાર સાધન છે. પ્રથમ કર્મરૂપી રેચ લઈને શરીર શુદ્ધ કરવું જોઈએ. કર્મ કરતાં કરતાં જ્યારે તેથી ઉંચી સ્થિતિને પ્રાપ્ત થવાય ત્યારે જ ભગવત્સેવન આદિ ઉપાસના કરવાને ને તે પછી માનસિક પૂજા અર્ચા કરવાને પ્રવૃત્ત થવું જોઈએ. એ ક્રિયા તે રોગસ્તંભન ક્રિયા છે. રોગસ્તંભન થયા પછી, એટલે પરમાત્માના જ્ઞાનના માર્ગપર ચઢ્યા પછી, માનસિક શક્તિ દઢ થયા પછી, જીવે રોગથી નિર્મળ થવું જોઈએ. નિર્મળ થવાનો પ્રકાર તે જ્ઞાન છે અને શરીર નિર્મળ ને સુદૃઢ થવાનો માર્ગ, તે જ્ઞાનપૂર્વક પરમાત્માની અનન્યભક્તિ છે. એ સ્થિતિને પ્રાપ્ત થયેલો જીવ જ अहं ब्रह्मास्मि ને शिवोहम બનવાને ભાગ્યશાળી ગણાય છે. પણ જે જીવો ક્ષુદ્ર વાસનામાં ઘણી સહેલાઈથી લપેટાઈ જાય તેવા છે, જેનું મન મરણ પામ્યું નથી, જેની આસપાસ માયા રસળ્યા કરે છે અને તેના પાશમાંથી મુક્ત થવાને અસમર્થ છે, એવો જીવ, 'शिवोहम' પદને પ્રાપ્ત થવાને અનધિકારી જ છે.

બ્રાહ્મણભાઈ તો 'शिवोहम' ના તાનમાં દિનપ્રતિદિન મસ્ત થતા ગયા. દેવપૂજન, અર્ચન, ભગવદ્ભક્તિ આદિ તેને વૃથા ઠઠારો લાગ્યો. ઉપાસના ને માનસિક ક્રિયા પણ ત્યજી દીધી. સ્વયંબ્રહ્મ! તેને કર્મ શું ને ધર્મ શો? તેણે વિચાર કર્યો કે, આ આત્મા તો કેવળ દ્રષ્ટા છે, કર્મનો કરનાર અને કરાવનાર તો અન્ય જ છે. વળી (पुरुष एवेदं सर्वं)

વૈરાટ પુરુષરૂપ સર્વ જગત્ છે ને (असंगो ह्ययं पुरुषः) તે પુરુષ સંગ રહિત છે. જેને સંગ જ નથી તેને ભય શો? ભેદ શો? હું તો કેવળ બાજીગરના પુતળાની પેઠે તેને પ્રેર્યો પ્રેરાઉં છું; મારે કર્મની સાથે શું લેવા દેવા છે? ધર્મે શો કરવાનો છે? (इंद्रियाणींद्रियार्थेषु इति मत्वा) ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયો ભોગવે, તેમાં મારે શું? હું તો અવાક્ છું, અશ્રોત્ર છું, અપાણિપાદ છું; મને નેત્ર નથી, મન નથી, તો પછી મને વિષયોનું મનનજ ક્યાંથી હોય? એ સ્થિતિને પામેલો જે હું, તે મને કર્મની કડાકૂટ શાને માટે જોઇએ?

પરંતુ એ મૂર્ખ બ્રાહ્મણભાઈ સમજતો ન હતો કે, કર્મેન્દ્રિયને પ્રવૃત્તિથી વિમુખ રાખીને, મનથી કર્મેન્દ્રિયોના વિષયોનું સ્મરણ કરવું, તે મૂઢાત્માનું મિથ્યાચારીપણું જ છે. અહંકારથી પિંડને સમ્પૂર્ણ માની, કર્મનો અભાવ થવો, એ પણ એક પ્રકારે મિથ્યાચારીપણું છે. પણ બ્રાહ્મણભાઇના મનમાં તો એમજ ઠસી ગયું હતું કે, હું બ્રહ્મ છું, હું કર્ત્તા છું, વિશ્વવ્યાપી છું, મારે હવે કંઈ પણ કરવાનું શેષ રહ્યું નથી–એમ માની સર્વ કર્મનો ત્યાગ કીધો. છતાં તેના અન્નમય, મનોમય કોષોનો ત્યાગ થયો નહિ–તેના ત્યાગ વગર તે મનથી શનૈઃશનૈઃ અકર્મી બનતો ગયો–અકર્મી થતાં અધર્મ પ્રતિ પ્રવૃત્તિના વિચાર ધસતા ગયા! સામાન્ય જીવ-તત્ત્વ પ્રાપ્તિ વગરનો જીવ-અધિકાર પ્રાપ્ત થયા પૂર્વે, વેદાન્તના ઉત્તમ વિચારનું રહસ્ય સમજ્યા પૂર્વે, બ્રહ્મ થઈ બેસે તો પછી આવુંજ પરિણામ આવે છે. મનુષ્યને કર્મનો ત્યાગ–એ જ્ઞાન નથી, પણ ભ્રષ્ટ કરનારું નાસ્તિકપણું છે. આ બ્રહ્મબંધુને વેદાન્તનાં જ્ઞાનામૃતથી ભરપૂર સરોવરનું દર્શન પણ થયું ન હતું. તેનો સંસારપર વ્યાપેલો વૈરાગ્ય, સંસારના મિથ્યાપણાને જાણવાથી નહિ, પણ સંસારના સુખ-ભોગના અભાવે હતો–કલેશથી–ખટરાગથી હતો. તે સહેજે બાવો બ્રહ્મ-ચારી બન્યો હતો. હજી તેના હૃદયની વાસનાઓ નષ્ટ થઈ ન હતી, ઇંદ્રિયોવડે ઇંદ્રિયોને છેદવાનું–જિતવાનું તેનામાં સામર્થ્ય ન હતું, મનથી મનને ભેદવાને તે સમર્થ ન હતો, અહંવૃત્તિથી અહંકૃતિને મારવાનો તેને સ્વપ્નમાં પણ વિચાર થયો ન હતો, તો મનોનાશ તો ક્યાંથી જ થાય? કર્મનો અભાવ, એ તેની ભ્રષ્ટતાની–પતનની નિશાની હતી.

શિષ્ય મહારાજને કર્મની કડાકુટ ગમતી નથી ને પંડે 'शिवोहम' થઈ પડ્યા છે, એ વિચાર ગુરુદેવના લક્ષમાં આવ્યો. પ્રસંગોપાત્ત

કર્મની કેટલી આવશ્યકતા છે અને સંસારમાં રહેલો કર્મભ્રષ્ટ કેવી રીતે પતિત થાય છે, શ્રેય અને પ્રેય શું છે, તેનાં નાનાં પ્રકારનાં દૃષ્ટાંતો આપીને તેનું સારી રીતે ભાન કરાવવાનો, ગુરુએ પુનઃ પ્રયત્ન કીધો અને છેવટે કહ્યું કે; "જેમ પાન વગર ઔષધના શબ્દ માત્રથી વ્યાધિ જતો નથી, તેમજ અપરોક્ષ અનુભવ વગર શબ્દના માત્ર ઉચ્ચારણથી કે 'शिवोहम' 'शिवोहम' ના બકવાદથી જ્ઞાન થતું નથી, તેમ શિવરૂપે પણ થવાતું નથી. આત્મતત્ત્વનું ચિંતન કર્યા વિના કે દૃશ્યનો વિષય સાધ્યા વિના, માત્ર બ્રહ્મ શબ્દથીજ મુક્તિ મળતી હોય તો, હે તાત! હજારો જીવો મુક્તિ પામીને પરમ ધામને પ્રાપ્ત થયા હોત. શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે, 'હજારો જીવ મને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ મારાં યથાર્થ સ્વરૂપને તો કોઇકજ જાણી શકે છે.' હે વત્સ! જો 'शिवोहम' બનવું સહેલું હત તો, શ્રીકૃષ્ણ પરમાત્મા આ વચન વદત જ નહિ. આ વિષયમાં આંબાનું એક દૃષ્ટાંત આપું છું, તે તું લક્ષપૂર્વક સાંભળ! આંબાના વાવનારને, વેચનારને અને ખાનારને જેમ જૂદી જૂદી ફળપ્રાપ્તિ થાય છે અને શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ તો માત્ર ખાનારનેજ થાય છે, તેમજ વિવેકી, શમદમાદિ ગુણસંપન્ન, અહંવૃત્તિથી રહિત, મનોનાશવાળો, નિરિચ્છ, નિર્વાસનિક જીવજ, 'शिवोहम' પદનો અધિકારી છે. આંબાના વાવનારને કેવળ ધનનો જ લાભ થાય છે–કેરી રૂપે રંગે કેવી છે તેજ તે જાણી શકે છે; વેચનારો કેવળ રૂપ જોઈ શકે છે ને સુગંધજ લઈ શકે છે, પણ ખરો સ્વાદ તો માત્ર ખાનારોજ જાણે છે. તેમ 'अहं ब्रह्मास्मि,–'शिवोहम'"નો તેજ અધિકારી છે કે, જેને અંગે અંગે પરમાત્માનું સ્વરૂપ વ્યાપી રહ્યું છે; સંસારનો રસાસ્વાદ વિષતુલ્ય થયો છે; સર્વ અહંકાર નષ્ટ થયો છે અને વિશ્વમાં પરમાત્માનેજ જોઈ રહ્યો છે. એવું સત્ય શુદ્ધ સ્વરૂપ જાણ્યા પૂર્વે, પ્રપંચને જિત્યા પૂર્વે, માયાને માર્યા પૂર્વે, વાસનાને સત્વ રહિત કર્યા પૂર્વે, જીવને અંગે ધર્મ ને કર્મ ચોંટેલાંજ છે; કેમકે જ્યાં સૂધી અભ્યાસયોગથી જીવની ચંચળ બુદ્ધિ વિરામ પામી નથી, ત્યાં સૂધી અતદ્રૂપ બુદ્ધિ, પરમેશનું દર્શન કરી શકતી નથી. પરમ પુરુષનાં દર્શન માટે સંસારી જીવે ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા સત્ય ને અક્રોધ એ ધર્મનાં અંગોનું સેવન કરવું જરૂરનું છે. એ કર્મ કરીને ચિત્તશુદ્ધિ કરવી; પછી કર્મજિત્ બનવું અને અન્તે સમતા,

વિચાર, સાધુસમાગમ, મનોનાશ, નિર્વાસનાનો બહુ જ રુડી રીતે અભ્યાસ કરી, ભોગેચ્છાનો ત્યાગ કરી, હૃદયગ્રન્થિને ભેદવી જોઇએ. હૃદયાશ્રિત કામનાથી સમ્પૂર્ણ મુક્ત થનારજ પરમરૂપના દર્શનનો અધિકારી છે. આવી સ્થિતિ પ્રાપ્ત કર્યા પૂર્વે, જીવને ગમે તેવી જ્ઞાનવાન્ સ્થિતિમાં પણ કર્મ કરવાનાં જ છે. જનક, યાજ્ઞવલ્ક્ય, શ્રીરામ, વસિષ્ઠ, શ્રીકૃષ્ણ જ્ઞાની હતા, શુદ્ધ હતા, ભેદ રહિત હતા, છતાં પણ સંસારમાં રહીને કર્મ કરતા હતાઃ તેઓએ કર્મનો ને ધર્મનો કદી પણ લોપ કીધો નથી. શ્રી પરમાત્માએ પોતાના સખાને પણ કહ્યું છે કે-

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥

"જનક જેવા વિદેહ મુક્ત પણ કર્મથી જ સિદ્ધિ-મોક્ષ પામ્યા છે, તો આપણા જેવા અલ્પ જીવે તો કર્મની ક્ષણભર પણ ઉપેક્ષા કરવી નહિ."

આ પ્રકારે ગુરુએ કર્મથી ભ્રષ્ટ થતા શિષ્યને બહુ બહુ રીતે ઉપદેશ આપ્યો, પણ તેના હૃદયમાં જરાય ચટકી લાગી નહિ. ગુરુના સમ્યક્ બોધનો તેણે ઉલટો જ અર્થ લીધો. તેની અહંકારવૃત્તિ વિશેષ પ્રદીપ્ત થવા લાગી. તે વિચારવા લાગ્યો કે, ગુરુજી મરતાં સૂધી કર્મકૂટમાં પડ્યા રહેવાના ને મને પણ હજી તેનો તે જ બોધ કરે છે. કાં ન કરે? તે જાણે છે કે, મારાં કર્મ છૂટી જશે તો મારા જેવો વગર પૈસાનો ચાકર ક્યાંથી મળશે? અહોહો! ગુરુજી પણ પાકા પંડિત છે ને એથી જ કર્મની કડાકૂટમાં મને પડી રહેવાનો ઉપદેશ કર્યા કરે છે. હે સુવિચાર! બોધ્યા છતાં પણ જે મનુષ્યને બોધનો રંગ લાગતો નથી, એવા નરપશુઓ મટોડાના બાવાજી જેવા જ છે-એને બોધ કરો કે ન કરો, બન્ને સરખું જ છે. ઉક્ત શિષ્યને કર્મની કડાકૂટપર નિત્ય નિત્ય અભાવ વધતો ગયો, ધર્મની શરમ નાસી ગઈ, ગુરુ કોણ ને શિષ્ય કોણ, પાપ શું ને વળી પુણ્ય શું, ભજન શાં ને ભક્તિ શી, જીવે જૂદો નથી ને શિવે જૂદો નથી, એમ દહાડે દહાડે નિશ્ચય કરતો ગયો. ધીમે ધીમે ધર્મની મર્યાદા ચૂકતો ગયો ને નીચે નીચે ગબડવા લાગ્યો. सोहमના માર્ગની અજ્ઞાનતા છતાં सोहम બની બેઠો. નવાં નવાં બીજો તેના હૃદયમાં ઉત્પન્ન થવા માંડ્યાં. ગુરુજી છે તો ઠીક, પણ બડા કડાકૂટીઆ કર્મી છે. જો થોડુંક દ્રવ્ય મળે તો ગુરુજીને આપી, પછી

કહ્યું કે, હવે તમારે જોઇએ તેવાં કર્મ કર્યા કરો, એમ તે વિચારવા લાગ્યો. અહંકારમાં તે દિનપ્રતિદિન બંધાતો ગયો. તે મોઢે સોહમ કરતો હતો, પણ તેનું હૃદય વિશુદ્ધ ન હતું-તેણે મનને માર્યું ન હતું-નવી નવી કામના કર્યા કરતો હતો. જે કામનાવાળો છે તે જીવ સદા દેહી જ છે, કેમકે જે દેહને ને આત્માને જૂદા માને છે, તેમાં કામના બીજનું મૂળ જ ક્યાંથી હોય? સંસારબંધનના નાશ માટે પરબ્રહ્મના ઉપાસી જીવે કામને જ નહિ, પણ સકલ કામનાને ભસ્મ કરવી જોઇએ, મનને મારવું જોઇએ, ચિત્તને ચપેટીમાં લઈ દબાયલું રાખવું જોઇએ.

એક પ્રસંગે ગુરુએ તેને કહ્યું, "હે શિષ્ય! આવતી કાલે ચાતુર્માસની પૂર્ણાહુતિ છે. તે પ્રસંગે મહાત્મા પુરુષો અહિં પધારશે. તેમનું પૂજન અર્ચન કરવાને ફૂલ ફુલાદિકની આવશ્યકતા છે. અહીંથી થોડેક, દૂર આવેલી પર્વતની તળેટીમાં સુંદર ને મધુરાં ફળફૂલ પુષ્કળ છે, તે તું લઈ આવ. આપણે જ્યાંસૂધી સંસારની માયાને સંપૂર્ણ રીતે મારવાને સમર્થ થયા નથી ને નિર્વાસનિક ભાવને પામ્યા નથી, ત્યાં સૂધી ધર્મપર પ્રેમ ધરીને, આ વિધિ ચાલુ રાખવો જોઇએ. તેમાં પ્રમાદ કરવાથી આ લોક ને પરલોક બગડવાનો ભય રહે છે."

મહાત્માનાં એ વચન સાંભળતાં શિષ્યને પારાવાર કષ્ટ થયું. તે મનમાં બબડવા લાગ્યો કે, ગુરુજીને કર્મે તો હજી સંધ્યા પૂજા ને ગુરુબંધુના પૂજન ને અતિથિને સત્કાર ને સંતનો સમાગમ ને તેમની સેવા ને વળી પૂજાની મોટી કડાકૂટ વળગેલી જ છે. ગુરુજી આવા ઉત્તમ જ્ઞાની છતાં, હજી બાહ્યોપચારને વળગી રહ્યા છે, એ આશ્ચર્ય છે. આવો વિચાર થયા છતાં, તેના મનમાં કંઇક ગુરુ પ્રત્યે ભક્તિભાવ હોવાથી, ગુરુને પ્રણામ કરી ફળફૂલાદિ લેવાને ચાલ્યો. પર્વત ઘણો દૂર હતો, તેથી ચાલતાં ચાલતાં શિષ્ય કંટાળી ગયો. શરદૃઋતુના તાપથી લોથપોથ બની ગયો ને થાકી જવાથી તે એક વૃક્ષની નિચે બેસીને, મનમાં સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો કે, મારી પાસે જો થોડું ઘણું દ્રવ્યનું સાધન હોત તો ગુરુજી જે મંગાવત તે ઘેર બેઠાં આપત. પણ દ્રવ્યના સાંસાં હોવાથી, આખરે મધ્યાહ્ને મરવાને નિકળવું પડ્યું છે. ખરે! જગતમાં દ્રવ્ય જ શ્રેષ્ઠ છે. તે મળે તો બધીએ સેવા પૂજા થાય.

આવા વિચારમાં ને વિચારમાં તે વૃક્ષની નિચેથી ઉઠીને આગળ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં એક ઘાડા વનમાં જઈ ચઢયો. એ

વનની મધ્યમાં રામ વિનાનો એક સુંદર આરામ તેની દૃષ્ટિએ પડ્યો. આસપાસ કોઈ મનુષ્ય તેની દૃષ્ટિએ ન પડવાથી, તેણે તે આરામના એક દ્વારમાં પ્રવેશ કીધો.

## અધર્મનું પ્રથમ પગથીયું—પરદ્રવ્ય હરણ

ચોમાસુ તુરતજ સમાપ્ત થયેલું હોવાથી, વનવૃક્ષ ને વનલતાઓ લીલીકુંજાર જણાતી હતી; બહેકાટ મારતાં સુંદર પુષ્પો દરેક ઝાડપર શોભી રહ્યાં હતાં; ફલફૂલાદિથી અનેક વૃક્ષો લચી રહ્યાં હતાં; પક્ષીઓ ચોમેર કલ્લોલ કરી રહ્યાં હતાં. એવા શોભાયમાન બગીચામાં ફરતો ફરતો તે બ્રાહ્મણ મધ્યસ્થળમાં આવી પહોંચ્યો. ત્યાં ઘુમટાકૃતિની એક વિશાળ વેદીના મધ્યમાં જ્વાળા પ્રકટ થતી તેના જોવામાં આવી. તે વેદીના મધ્યમણ્ડળમાં એક કુણ્ડ હતો. તેની આસપાસ સુવર્ણની મોહોરોથી ભરેલા અનેક ચરુઓ તેની દૃષ્ટિએ પડ્યા. જે હજુ આત્મરત થયો નથી, જે હજી માયાથી મુક્ત થયો નથી, જેની વાસનાઓ ક્ષીણ થઈ નથી, જેને કર્મ કર્યા પછી તેમાં દોષ જોયા નથી, તિરસ્કાર થયો નથી ને વૈરાગ્યે વ્યાપ્યો નથી, છતાં જેને સંન્યાસીનો માર્ગ ગ્રહણ કીધો છે, એવા બ્રાહ્મણભાઇના મનની વૃત્તિ, તે મોહોરો જોતાંજ બદલાઈ ગઈ. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, જો આમાંથી થોડુંક દ્રવ્ય લઈ જવામાં આવે તો એનાથી ગુરુજીની કર્મની કડાકૂટ બહુ સારી રીતે પૂર્ણ કરવામાં આવે. આ મોહોરોનો કોઈ સ્વામી જણાતો નથી, તેમ કોઈ રક્ષકે નથી, તેથી એ લેવામાં પ્રત્યવાય પણ શો છે? ગુરુ બ્રહ્મ છે, હું બ્રહ્મ છું, મોહોરો પણ બ્રહ્મ છે, બ્રહ્મની સેવા માટે બ્રહ્મ બ્રહ્મને ગ્રહણ કરે, તેમાં અધર્મે નથી ને ધર્મે નથી; પાપે નથી ને પુણ્યે નથી; તો પછી આ મોહોરો લેવામાં શી અડચણ છે? બ્રહ્મ બ્રહ્મને ભલે સ્પર્શ કરે, મારે તો કંઈ લેવા દેવા નથી. કદાચ હું નહિ લઉં, તો કોઈ તો લેશેજ, તો મારે લેવામાં શો બાધ છે? એવો વિચાર કરીને પોતાની પાસેના એક વસ્ત્રમાં ઉપાડી શકાય તેટલી મોહોરોની એક ગાંસડી બાંધી પલાયન કરવાને તે તૈયાર થયો.

પણ અહિંયાં એક કૌતુક હતું. જ્યારે તે આરામમાં આવ્યો ત્યારે માર્ગ સીધો ને સરળ હતો, પણ પરદ્રવ્યનું હરણ કરીને તે જવાને તત્પર થયો ત્યારે તેની દૃષ્ટિએ એક પણ માર્ગ પડ્યો નહિ. આડો અવળો તે બહુ અથડાયો, પણ તેને સીધો માર્ગ પ્રાપ્ત થયો નહિ.

એથી નિરાશ થઈને પુનઃ તે વેદીની સમીપ આવ્યો ને આસપાસ કોઈ ઠેકાણેથી સીધો માર્ગ મળી આવે એટલા માટે, દૂર દૃષ્ટિ કરવા લાગ્યો. એવામાં એજ બાગની પૂર્વ દિશાએ આવેલા એક મંદિરપર તેની દૃષ્ટિ પડી. એ મંદિરની બારીમાંથી સીધો માર્ગ શોધવા, તે કાખમાં સુવર્ણ મુદ્રાનું પોટલું લઈને, રખેને કોઈ જુએ એવા વિચારથી ધ્રુજતો, કાંપતો, ચોરની માફક સંતાતો, દબાતો, તે આવાસ પાસે આવી પહોંચ્યો. એ સાત મજલાની ગગન સાથે સ્પર્શ કરતી હવેલી હતી. આસપાસ ફરીને કોઈ મનુષ્ય છે કે નહિ, તેની તેણે તપાસ કીધી, પગરવ પણ જોયો, દ્વારપર કાને દીધા કે કોઈનો સ્વર સંભળાય છે, પરંતુ એક પણ શબ્દ એના સાંભળવામાં આવ્યો નહિ. સર્વત્ર સુનકાર હતું. તે ધીરે ધીરે દાદરપર ચઢયો. દાદરને છેડે એક સુંદર દિવાનખાનું હતું. આ દિવાનખાનાના મધ્ય ભાગમાં એક હિંચોળો હાલતો હતો. એના ઉપર એક લાવણ્યમયી તરુણ સ્ત્રી સુતી સુતી હિંચકા ખાયા કરતી હતી. તેને જોતાંજ બ્રાહ્મણભાઈ ચમકીને પાછા દાદરપર ઉતર્યા. પણ તેના પગનો સંચાર સાંભળીને, કોઈ મનુષ્ય આવ્યું છે એમ જાણી, તે સ્ત્રી ઉઠીને દાદર પાસે આવી અને ‘નિચે કોણ ઉતર્યું, ઉપર પધારો! આ મંદિર અતિથિઓના સત્કાર માટે જ છે’, એમ મોટેથી સાદ કીધો. પરદ્રવ્ય હરણ કરેલું હતું તેથી, બ્રાહ્મણભાઈ તે સ્ત્રીનો સ્વર સાંભળતાં જ, હાવરા-બાવરા બની ગયા ને તેમાં તેના નિમંત્રણથી વિશેષ ગભરાયા. પછી મન સાથે વિચારવા લાગ્યા કે આ દ્રવ્ય પારકું છે, તેથી કંઈ સંકટ તો નહિ આવે? ક્ષણભર થંભીને તે મનમાંજ બોલ્યો, પણ આપણે વેદાન્તીને તો પારકું ને પોતાનું કશુંએ નથી, તથાપિ આ જગતની જાળમાં ફસાયલાં દુષ્ટ મનુષ્યો, ‘મારું મારું’ કહીને મને કોઈ અપાયમાં નાંખે તો અત્ર મારો બેલી કોણ? હું જો નાસીશ ને એ સ્ત્રી ચોર ચોર કહીને બૂમ પાડશે તો મારી પૂરી ફજેતી થશે. પણ ઉપર જઈ એને બે શબ્દો કહી, એના મનનું સાંત્વન કરીને હું ચાલ્યો જઇશ, તો કંઈ હરકત થશે નહિ.

આવો વિચાર કરીને દ્રવ્યની પોટલીને બગલમાં સંતાડી, ઉપર અંગવસ્ત્ર ઢાંકી, બ્રાહ્મણભાઈ માળપર આવ્યા. આવતાં જ તે સ્ત્રીએ પ્રણામ કરીને કહ્યું, ‘હે બ્રહ્મદેવ! અત્ર પધારીને મને પાવન કરો! આ મંદિરને પવિત્ર કરો. અમારા અલ્પ પ્રાણીઓનું આપ સર્વસ્વ છો,

આપના પધારવાથી આ દેહગેહ સર્વ પવિત્ર થશે! શું અત્ર નિર્જન જોઇને આપ પાછા ફરતા હતા? હે બ્રહ્મદેવ! આ દાસી આપની સેવામાં તત્પર છે, તેને આ આજ્ઞા કરો. તે આપની ઇચ્છા પૂર્ણ કરશે.'

## અધર્મનું બીજું પગથીયું-પરસ્ત્રી સાથે એકાન્ત

સંસારને અસાર જાણી, મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તેનો ત્યાગ કરી, વનમાં વસેલા બ્રહ્મદેવે-સંન્યાસી મહારાજે-અધિકાર પ્રાપ્ત થવા પૂર્વે મુખથી **शिवोहम्** પદ ધારણ કરી લેઈ, મંગળાચરણમાં જ કર્મને કડાકૂટ ગણી, ગુરુવચનને ખટરાગનાં ગણ્યાં ને પરદ્રવ્યને હાથ લગાડ્યો: એમ જે ઉત્તરોત્તર ધર્મ કર્મથી ભ્રષ્ટ થતો ગયો છે તે, તે સ્ત્રીનાં નખરાં, હાવભાવ, આદરવાળાં મધુર વચનોથી લોભાઇને દિવાનખાનામાં દાખલ થયો ને એક સુંદર આસનપર બેઠો. ક્ષણવારમાં બ્રાહ્મણને આવવાનું કારણ જાણીને તે સ્ત્રીએ કહ્યું; 'હે બ્રહ્મદેવ! આપ જરા પણ ચિંતા કરો મા. આપની સેવાથી હું પરમ ભાગ્યવતી બનીશ. હમણાં જ મારાં મનુષ્ય આવશે, તેની પાસે ઉત્તમ ફળફૂલ મંગાવી આપીશ, તે લઇને આપ વિદાય થજો. પણ હમણાં આપ અહિં બિરાજો, શી ઉતાવળ છે? આપને તો આવતી કાલે ફળફૂલની જરૂર છે, તેથી આજે લઈ જશો તો તે કરમાઈ જશે-બગડી જશે.' બ્રાહ્મણની ઇચ્છા તો જેમ બને તેમ, દ્રવ્યની ગાંસડી લઇને પલાયન કરી જવાની હતી; પરન્તુ તે સ્ત્રીનું મોહક રૂપ, ચિત્તવેધક શબ્દ, સંપૂર્ણ વિનય જોઇને તે મુગ્ધ જ થઈ ગયો; અને વિકારીદૃષ્ટિથી તે સ્ત્રીની સામા જોવા લાગ્યો. આ વખતે તે યુવતી એક વિંઝણો લઇને, શ્રમિત થયેલા બ્રાહ્મણને, દૂરથી પવન ઢાળતી હતી. હજી બ્રાહ્મણ છેક જ ભ્રષ્ટ થયો ન હતો, તેથી તેના મનમાં વિચાર થયો કે, 'એકાંત હોય, સુંદર સ્ત્રી હોય કે કુરૂપ હોય, તોપણ ઘણો વખત તેની પાસે બેસવું નહિ, આવી ગુરુજીની આજ્ઞા છે, તેથી હું ઉઠી જાઉં તો ઠીક.' પણ તે સ્ત્રીના હાવભાવ જોઇને ને નૂપુરનો રણકો સાંભળીને, તે ઉઠી શક્યો નહિ. સદ્બુદ્ધિ ઉઠવાની આજ્ઞા કરવા લાગી, ત્યારે અસદ્બુદ્ધિ ના પાડી અટકાવવા લાગી કે, શું એમ થોડીવાર બેઠાથી ભ્રષ્ટ થવાય છે! એમ મનમાં ઘોળાઘોળ ચાલી રહી. ક્ષણે ને પ્રતિક્ષણે અસદ્બુદ્ધિનું બળ વધવા લાગ્યું-કેમકે તેને સ્થાન મળી ગયું હતું. તેના મને કહ્યું; આ કંઈ એકાંત નથી; એનાં મનુષ્યો હમણાં જ આવી પહોંચશે, તેટલો

વખત બેસવામાં જરાએ અડચણ નથી. એકાંતમાં બેસવાથી કંઈ મોટું પાપ થતું નથી–એક દિવસ ઉપવાસ કીધો તો બસ!

મંદ મંદ મધુરો પવન આવે છે; ખણખણાટ કરતા કંકણવાળા હાથે તે સ્ત્રી પવન ઢાળે છે; બ્રાહ્મણભાઈ તેના મુખચંદ્રને જોઈ રહ્યા છે; ક્ષણે ક્ષણે તેની સાડીનો છેડો ઉડવાથી નાભિ અને શરીરના બીજા અવયવોપર બ્રાહ્મણભાઇની દૃષ્ટિ પડે છે; તે સ્ત્રી બ્રાહ્મણની દૃષ્ટિ પડતાં મિથ્યા લજ્જા દર્શાવે છે, છતાં તેની ભ્રુકુટિની કમાનમાંથી સરર કરતું કામબાણ છૂટે છે, તેથી બ્રાહ્મણ મોહવશ થઇને ભાન ભૂલી જાય છે; ધીમે ધીમે ઇંદ્રિયોને આધીન થતો જાય છે; ગુરુ અને શાસ્ત્રનાં વચનો ભૂલતો જાય છે; એમ ધર્માધર્મનું જ્ઞાન નાશ પામતાં મનમાં વિચાર કરે છે કે, પરમાત્માએ સરજેલા સર્વ પદાર્થ ભોગવવા યોગ્ય જ છે. એ ભોગવવાથી પાપ પણ નથી, તેમ ન ભોગવવાથી પુણ્ય પણ નથી. આત્મા તો નિર્લેપ છે, ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવર્તે, તેમાં આત્માને શું લેવા દેવા! જે આત્મનિષ્ઠ છે, તેને પાપ પુણ્ય બાધ જ કરતાં નથી; ને આત્માને ભોગ સાથે કંઈ પણ લેવા દેવા નથી–ભલે ઇંદ્રિયો ઇંદ્રિયોના ભોગ ભોગવે–આવો વિચાર થતાં, આસુરી અસદ્ બુદ્ધિનું વધુ જોર રગેરગમાં વ્યાપી ગયું. બ્રાહ્મણભાઈ તો એકદમ ગુરુવચનને ઠોકર મારીને ઉભો થઈ ગયો ને તે સ્ત્રીનો હાથ ઝાલીને બોલ્યો; 'આપ આ શ્રમ શા અર્થે ઉઠાવો છો? આ હિંચોળાપર બેસો!' તે સ્ત્રીએ હાં હાં કરતાં હાથને છોડાવવાનો સહજ પ્રયત્ન કર્યો અને બોલી; "આ શું? આપ તો પૂર્ણ જ્ઞાની છો; તેને પરસ્ત્રીનો સ્પર્શ શો? આપ મારા અતિથિ છો, હું આપની પૂજા અર્ચા કરવાને પાત્ર છું, મારે તમારો સત્કાર કરવો જોઇએ; છતાં આપ અધર્મનો માર્ગ કેમ ગ્રહણ કરો છો? તમારે મને ધર્મોપદેશ કરવો જોઇએ; છતાં આપ અધર્મના પગથિયા ઉપર ચઢો છો, તે આપને યોગ્ય નથી. પરસ્ત્રી અને પરધનને માટે આપના જેવા તપસ્વી મુનિ મહાત્માને પણ મોહ થયો, ત્યારે અમ જેવા અલ્પ પ્રાણીની તો ગતિ જ શી? ધર્મશાસ્ત્રનું વચન છે કે, સ્ત્રી માત્ર જ નરકમાં નાંખનારી છે, તેમાં પણ હું સર્વ જનની ધિક્કારપાત્ર વેશ્યા છું, વળી શૂદ્ર જાતિની છું, વળી રજસ્વલા છું, તેનો સ્પર્શ કરવો, એ તો નરકમાં પડવાનું પહેલું પગથિયું છે! મહારાજ! આપ મારો હાથ છોડો ને સ્વધર્મે રહી વિવેકથી વર્તો! જો હું રજસ્વલા ન

હોત તો, આપનું હમણાં જ પૂજન કરીને આપને વિદાય કરત. હવે તો આપ અપવિત્ર થયા છો, માટે સ્નાન કરીને શુદ્ધ થાઓ! એટલામાં મારાં મનુષ્યો આવશે, તે આપની આગતા સ્વાગતા કરશે. આપને મારે માટે જે મોહ થયો છે, તેને માટે આપ મનમાંથી તે કુબુદ્ધિને કાઢી નાંખીને, આપના ધર્મનું યથાર્થ રીતે પાલન કરો!"

તે સ્ત્રીનાં આવાં બોધક વચન સાંભળ્યા છતાં, જેના હૃદયમાંથી વિષયવાસના નષ્ટ થઈ નથી, જે ઇંદ્રિયોનો દાસ છે, જેને પૂર્વાપરનો વિચાર કર્યા વિના કર્મનો ત્યાગ કર્યો છે, તેના હૃદયની વિષયવાસના જેવી ને તેવી જ પ્રબળ રહી. વિષયનું બળ જેની રગેરગમાં વ્યાપી ગયું છે, જેની ઇંદ્રિયો અત્યંત બળવાન્ છે, જેની કામનારૂપી ઘોડી ઉન્મત્તપણે ક્ષણે ક્ષણે દોડ્યા કરે છે, એવા બ્રાહ્મણભાઇના હૃદયમાં મોહે એવો તો સજ્જડ વાસ કર્યો હતો કે, તે વિષયની જાળમાં સંપૂર્ણ જકડાઈ ગયો! જે ચિત્તને અર્ધ વિવેક પ્રાપ્ત થયો છે ને જેને અમરપદનો સરળ માર્ગ દેખાયો પણ નથી, તેને વિષયાસક્તિનો ત્યાગ કરતાં બહુ બહુ પરિતાપ થાય છે. થોડો કાળ તે વિષયથી દૂર રહે છે–રહેવાનો પ્રયત્ન કરે છે ખરો; પણ ભોગવસ્તુ પ્રાપ્ત થતાં જ–તેનો સંગ થતાં, તેની શબવત્ જણાતી વાસના એટલા જોસથી કૂદકો મારી બહાર નિકળી આવે છે કે, તેના વિવેક, વિચાર, જ્ઞાન, જેમ પવનના સપાટામાં રુની પુમડીઓ ઉડી, જોતજોતામાં અદૃશ્ય થઈ જાય છે, તેવી અર્ધજ્ઞાનીની સ્થિતિ થઈ જાય છે. આલોકના જીવને દુઃખરૂપ સંગ છે, સંગથી કામેચ્છા થાય છે, ને કામ જીવની સર્વ સદ્બુદ્ધિનો નાશ કરે છે. આ બ્રહ્મબંધુની પણ અહુણાં તેવી જ સ્થિતિ થઈ ગઈ હતી.

તે સ્ત્રીનાં ધર્મવાળાં વચન સાંભળ્યા છતાં, ગરમ લોઢાપર જેમ જળનો કણ ક્ષણભર પણ ટકી શકતો નથી, તેમ તે બ્રાહ્મણની દૈવીબુદ્ધિ ક્ષણભર પણ ટકી શકી નહિ. મૂઢ થયેલા મનુષ્યની પેઠે જે સ્ત્રી, જેનાં ચરણકમળ સેવવાને તત્પર હતી, તેનાં ચરણપર પડી, અતિ દીન વાણીથી તે બ્રાહ્મણ બોલ્યો; "હે દેવી! હે સુંદરી! હે મોહિની! આ બળતા જળતા જીવને તમારા અંગસંગનું સુખ આપીને શાંત કરો! હું તમારો અણમૂલે વેચાયલો દાસ છું. જો તમે મારો અનાદર કરશો તો તમે જેને અતિથિ માનો છો એવા, અને વળી બ્રાહ્મણ, વળી તપસ્વી, તેના પ્રાણ ક્ષણમાં ચાલ્યા જશે. તમને બ્રહ્મહત્યા ચોંટશે ને

મહાપાતક લાગશે! તમે મારા પ્રાણનું રક્ષણ કરો!" બ્રાહ્મણની અવિનયી વાણી સાંભળીને, તે વેશ્યા-જે છદ્મવેશે બ્રાહ્મણને છળવાને અહુણા જ કટિબદ્ધ થઈ હતી, તે પણ કામાધીન થઈ ગયલી જણાઈ. "બ્રહ્મહત્યા! એ મહાપાતક છે? પણ બ્રહ્મદેવ! પરસ્ત્રીગમન તેથી પણ વધારે મોટું પાતક છે એમ શાસ્ત્ર કહે છે!" એમ કટાક્ષ કીધો, ત્યારે બ્રાહ્મણભાઈ બોલ્યા; "એ તો ગપાટા છે શાસ્ત્રના," તે છદ્માએ કહ્યું; "ત્યારે બ્રહ્મહત્યાનું પાતક પણ ગપાટા જ શાસ્ત્રના! પણ હશે, એ શાસ્ત્રબાસ્ત્રનું અમારે શું કામ છે? અતિથિનો સત્કાર કરવો, એ અમારો ધર્મ છે!" એમ બોલી, હસતે મુખડે તે બ્રાહ્મણનો હાથ પકડીને પોતાની સંગે હિંડોળાપર બેસાર્યો. બન્ને જણાં એકબીજાના ગળાપર હાથ નાંખીને બેઠાં અને જે મુખે ભગવાનનાં ચરણકમળનાં પ્રક્ષાલનનું અમૃતપાન કરતો હતો, તે મુખે શૂદ્ર જાતિની વેશ્યા અને રજસ્વલાના અધરામૃતનું તે પાન કરવા લાગ્યો.

અન્યોન્ય એક બીજાના અંગપર હાથ નાંખીને બેઠાં છે, બ્રાહ્મણ આતુર થઈ ગયો છે, તેને લેશમાત્ર પણ ધર્માધર્મનો વિચાર જ રહ્યો નહિ; તે મૃગનયણીના કેશકલાપને પકડીને પોતાના મુખ સમીપ લાવવાનો પ્રયત્ન કરે છે, અને હાવરોબાવરો બની, પશુવત્ ક્રીડા કરવા મંડ્યો છે. તે જોઇને વેશ્યા બોલી; "મહારાજ! આપ જરાક તો વિવેક રાખો. તપસ્વીઓનો આ ધર્મ ગણાય નહિ. આ તો ક્ષુલ્લક પ્રાણીની રીતિ છે." વનવાસી બ્રાહ્મણે કહ્યું; "હે સુંદરિ! આ બળતાને બાળો નહિ અને મરતાને મારો નહિ, હું તો આપનો દાસ છું. આ મરતા જીવને આપના અધરામૃતનું પાન કરાવીને અમર કરો! આપ જે જે આજ્ઞા કરશો, તે તે બજાવવાને આ દાસ તત્પર છે." તે સ્ત્રી બોલી; "મહારાજ! લગાર ધીરા પડો! રતિવિલાસ રમવામાં તેનાં સર્વ સાહિત્ય પાસે ન હોય તો ગમત પડતી નથી. આ વખત તો એક મદ્યનો પ્યાલો લીધો હોય તો પછી રંગ જામે!"

### અધર્મનું ત્રીજું પગથીયું-મદ્ય-માંસનું સેવન

તુરત જ તે સ્ત્રીએ પેલા બ્રાહ્મણને સુવર્ણનો પ્યાલો આપીને કહ્યું; "હે બ્રહ્મદેવ! જો આપની ઇચ્છા હોય તો આપ આ પડોસમાં આવેલી કલાલની દુકાનપર પધારો. ત્યાંનું મનુષ્ય, મારું નામ દેશો કે ઉત્તમ મદ્ય આપશે, તે લઈ આવો. દુકાન કંઈ ઘણી દૂર નથી! પૂર્વ દિશામાં

સીધા ચાલ્યા જાઓ, નાકાપરજ દુકાન છે." બ્રાહ્મણ પ્રથમ તો શંકામાં પડ્યો, પણ વળી તેને વિચાર થયો કે; "મદ્ય લાવવામાં શી હરકત છે! ચાલો, લઈ આવીએ. હાથ અપવિત્ર થશે તો બે વાર માટીથી ધોઈ નાંખીશું," આમ વિચાર કરતો તે કલાલની દુકાન તરફ ચાલ્યો. આશરે એક કોશ ચાલ્યો ત્યારે દુકાનપર પહોંચ્યો.

ત્યાં વળી નવીજ લીલા હતી. એક કાળો કોલસા જેવો બિહામણો મનુષ્ય દુકાનપર બેઠો હતો. તેના મુખમાંથી ને નાકમાંથી લાળ ને લીટ પડ્યા કરતાં હતાં. તેની પાસે ભાઇશ્રીની પધરામણી થતાં તે ડોળા ફાડીને બ્રહ્મદેવની સામા ટગરટગર પાંચ દશ ક્ષણ જોઈ જ રહ્યો. પછી કહ્યું, "અરે એ હરામખોર! મોટા લુચ્ચા! અહિં શા માટે આવ્યો છે? આ કંઈ બ્રહ્મશાળા કે વેદશાળા નથી કે તું અહિં ભણવા આવ્યો હોય! આ તો મદ્યની દુકાન છે, તારે પીવી હોય તો આ પાત્રમાંથી જોઇએ તેટલી લે ને ૐકાર ભણ!" બ્રાહ્મણે વિવેકથી તે અનાર્યને કહ્યું; "અરે ભાઈ! મારી શેઠાણીને ઉત્તમ મદ્ય જોઇએ છે તે આપ!" પેલા અનાર્ય પુરુષે કહ્યું; "પાત્ર ભરાય એટલા સુવર્ણ વગર ઉત્તમ મદ્ય મળી શકશે નહિ." બ્રાહ્મણે વિચાર કર્યો કે; "આ તો દુઃખ આવી પડ્યું. ચૌર્યવૃત્તિથી મેળવેલું આ ધન પણ હરાઈ જશે એમ લાગે છે! પણ ફીકર નહિ, વેદીપર પુષ્કળ ધન છે, તેમાંથી બીજું લઇશું તો કોણ પૂછનાર છે! ત્યાં ધનના ક્યાં ટોટા છે! ત્યાં તો તેના ચરુના ચરુ ભરેલા છે!" પછી પોતાની પોટલી છોડીને તે અનાર્ય પુરુષને તેની ઇચ્છા પ્રમાણે ધન આપી, ઉત્તમ મદ્ય લઇને, તે નવયૌવનાની સમીપ શ્વાસભેર હાજર થયો.

બ્રાહ્મણને એકે શ્વાસે આવતો જોઇને તે બોલી; "હે મહારાજ! આપને બહુ શ્રમ પડ્યો! આ દાસીની સેવા કરતાં આપને જે શ્રમ પડે છે, તે માટે ક્ષમા કરશો!" આમ કહી પ્રેમથી તેનો થરથરતો હાથ પકડી, પાસે બેસાડી, મદ્યનો કટોરો લીધો અને નજીકના ચૌરંગપર મૂકીને, જાણે કંઈ બીજી સ્મૃતિ થઈ આવી હોય તેમ, હોઠ ઉપર આંગળી મૂકીને તે ઉભી રહી. તે જોઈ અહંબ્રહ્માસ્મિ ભાઇએ પૂછ્યું; "કેમ, શો વિચાર કરો છો!" તે સ્ત્રી બોલી; "એકલા મદ્યથી જ કંઈ ખરેખરી મોજ પડવાની નથી; તેની સાથે માંસ પણ જોઇએ. પણ હવે આપને શ્રમ આપતાં મને લજ્જા આવે છે, તેથી માંસને માટે શું

કરવું, તેના વિચારમાં હું પડી ગઈ છું. આપ કૃપા કરશો?" બ્રાહ્મણભાઈ પુનઃ વિચારમાં પડી ગયા. મદ્ય લાવતાં તો માંસ કપાળે ચોંટ્યું! તેને વિચારમાં પડેલો જોઈ તે સ્ત્રી ભ્રુકુટિ બાણુ ચલાવીને એવાં તો નખરાંથી બોલી કે, બ્રાહ્મણભાઈ તો શિથિલ જ બની ગયા. તે બોલી, "પ્રિય પ્રાણનાથ! આપને શું શંકા થાય છે? આપ કહો! આપ કેમ વિચારમાં પડી ગયા છો. જો આપને શંકા થતી હોય તો આપ જતા નહિ. હું એના વગર ચલાવી લઇશ. આપ યત્કિંચિત્ પણ મારે માટે ખેદ કરતા નહિ. ના, ના, બેસો, મારા પ્રાણના સમ, આપને એ કાર્ય કરવાને માટે કહ્યું, તેને માટે મને મોટો ખેદ થાય છે."

બ્રાહ્મણ બોલ્યો; "ના રે, એનું તો કંઈ નહિ, પણ માંસ વેચનારની દુકાન ક્યાં છે, તેની મને ખબર ન હોવાથી, તેના વિચારમાં હું પડી ગયો છું. આપના સર્વે મનોરથ પૂર્ણ કરવા માટે આ દાસને જરા પણ મહેનત પડે એમ તમે માનશો નહિ; આપની સેવામાં હું સદા તત્પર જ છું." તે ચંદ્રવદની બોલી; "મહારાજ! તમે જ્યાંથી મદ્ય લઈ આવ્યા, તેની પડોસમાં જ માંસ વેચનારાની દુકાન છે. જો મારા મનુષ્યો હાજર હત, તો તમને જરા પણ મહેનત આપત નહિ, પણ શું કરું? ચાકર તે ચાકર, ગયા છે તે પાછા મુવા જ નથી. પણ માંસની દુકાનમાંથી તૈયાર કરેલું માંસ લઈ આવતાં આપને કંઈ પણ મહેનત પડશે નહિ; મારું નામ દેશો કે ઉત્તમ માંસ મળશે."

તુરત જ બ્રાહ્મણભાઈ માંસ લેવાને ચાલ્યા. કામાતુર થયેલા બ્રાહ્મણને આસપાસનું કશુંએ ભાન રહ્યું નહિ. તેને વિચારે થયો નહિ, કે હું આવ્યો ત્યારે કોઈ સ્થળે ગામ કે માણસ જોવામાં આવ્યું ન હતું, અને અહિંયાં તો જૂદી જ લીલા જોવામાં આવે છે તેનું કારણ શું? કામાન્ધ મનુષ્યને મધ્યાહ્ન પણ મધ્યરાત્રિ થઈ પડે છે. પૂર્વ પેરે પુષ્કળ ધન આપીને પવનપાવડી પેરે તે બ્રાહ્મણ ચાંડાળની દુકાનેથી માંસ લઈ આવ્યો. જે અધર્મના માર્ગ ઉપર પ્રથમ પગલું મૂક્યું હતું, કર્મનો ત્યાગ કીધો હતો, ને બ્રહ્મ બની પરદ્રવ્ય લઈ પાપ વહોર્યું હતું, તે દ્રવ્ય અહુણા ખલાસ થઈ ગયું!

### અધર્મનું ચોથું પગથીયું-પશુહત્યા

માંસ વેચનારની દુકાનમાં બે ચાર ખળ પુરુષો બેઠા હતા. તેઓએ તે બ્રાહ્મણની પાસેથી વધેલું ધન પડાવી લીધું એટલું જ નહિ, પરંતુ

માંસ વેચનારાએ જણાવ્યું કે, ઉત્તમ ને તાજું માંસ તારે જોઇતું હોય તો પાસેના વાડામાં મૃગલાં, સસલાં, બકરાં બાંધ્યાં છે, તેમાંથી એકને મારીને માંસ લઈ આવે તો હું તને તે પકાવીને સ્વાદિષ્ઠ કરી આપીશ. જે બાઇને માટે તું માંસ લેવા આવ્યો છે, તે તો ઘણું જ ઉત્તમ પ્રતિનું ને સ્વાદિષ્ઠ માંસ ખાનારી છે, તેને સાધારણ માંસ ચાલશે નહિ. મારી પાસે જે માંસ છે તે વાસી છે, તે લઈ જશે તો તારી બાઈ અપ્રસન્ન થશે: લે આ ખડ્ગ ને જા વાડામાં." એમ કહેતાંની સાથે જ તેના હાથમાં એક ધારદાર ખડ્ગ આપીને બ્રહ્મદેવને પશુના વાડા તરફ મોકલ્યો. કામાંધ થયેલો તે બ્રાહ્મણ આ મહા પાપ કરતાં પ્રથમ તો થરથર્યો. તેને એમ પણ લાગ્યું કે અહિંથી નાસી છૂટું, પણ તે જ ક્ષણે તેની સામા તે મોહિનીરૂપ અબળાની મૂર્તિ, સબળા કે ખરી બળા ખડી થઈ ગઈ. તેનાં નેત્ર, કટાક્ષ ને તેનાં લાવણ્યનું સ્મરણ થયું કે તે પોતાના સદ્‌વિચારને વિસરી ગયો; ભાનને ભૂલી ગયો; ધર્મને ચૂકી ગયો. સુંદર સ્ત્રી, પુષ્કળ ધન, તેની દૃષ્ટિ સમીપ તરવરી રહ્યું. આંખ મીચીને તેણે ચાંડાળ કર્મ શરુ કર્યું. એક ઉત્તમ પશુને મારી નાંખીને તેની ચામડી ઉતરડી કાઢી; અને જે હાથમાં ભગવત્ પૂજનનાં સાહિત્ય ધરતો હતો, તે હાથમાં મરેલાં પશુને લઈ, કરાળ કાળ જેવો વિકરાળ બનીને, માંસ વેચનારની દુકાનમાં આવીને ઉભો રહ્યો. ઉત્તમ જુક્તિથી તે માંસને પકાવીને, માંસ વેચનારાએ તેનું પાત્ર ભરી આપ્યું. તે લઇને બ્રહ્મ જેવો બ્રાહ્મણ, જાણે તેના મુખ ઉપર મેશ ચોપડેલી હોય તેવો વેશ ધરી, પસીને ગરકાવ થઈ, તે વેશ્યાની સમીપ આવીને ઉભો રહ્યો.

મહાઘોર પાતક કર્યા છતાં તેના મનમાં આમોદ પ્રમોદ થતો હતો. તે સ્ત્રીને જોતાં ખેદ–ગુરુવચન તો પલાયન કરી ગયાં હતાં, ધર્મનો ભય જતો રહ્યો હતો. તે માનતો હતો કે મારાં આ કૃત્યથી તે સ્ત્રી બહુ જ પ્રસન્ન થશે અને તેના ઉપર મારો અવિચ્છિન્ન પ્રેમ છે, એમ તે માનશે. બ્રાહ્મણભાઈની આવવાની રાહ જોતી તે શૂદ્ર સ્ત્રી હિંચોળાખાટ ઉપર ઝુલતી હતી. દાદરે ચહડતા બ્રાહ્મણના પગનો સંચાર સાંભળીને તે કુટિલકામિનીએ ઢોંગ આરમ્ભ્યો. તે સ્વયં બોલતી હોય તેમ બોલવા લાગી; "રે રે! મેં પાપિણીએ એ મહાત્મા પુરુષને આવું અધમ કામ કેમ સોપ્યું? મારા જેવી નિર્દય તે કોણ હશે? તે ચાલ્યા તો ગયા

નહિ હોય? મારો તિરસ્કાર તો કીધો નહિ હોય?" આવા ઢોંગમાં તેની છાતીપરનો છેડો ખસી ગયો; વેણીની લટ છૂટીને તેના ગાલપર સરી પડી; નાજુક ગોરા ગાલપર અશ્રુનાં બિન્દુઓ વહેવાનાં ચિહ્ન જણાયાં. તે પુતળી જેવી સ્થિર થઈને બેસી રહી.

આવી તેની મધુરીમુરત જોઈ, બ્રાહ્મણભાઈ તેની મોહજાળમાં સમ્પૂર્ણ ફસાઈ પડ્યા. છેવટે તે સ્ત્રી બોલી; "હે પ્રાણનાથ! તમે ક્યાં ગયા છો?" તેવો જ તે બ્રાહ્મણ ધસારાભેર તે સુંદરીની પાસે જઈને બોલ્યો; "હે સુંદરિ, ગભરા નહિ! આ તારો દાસ તારી તહેનાતમાં જ ખડો છે?" તેને અચાનક જોતાં જ તે સ્ત્રીએ એકદમ મુગ્ધભાવ વરી શરમાઈ જવાનો ઢોંગ કર્યો.

બ્રાહ્મણે માંસનું પાત્ર તેને સોંપ્યું. તે એક ઉંચાં ચવરંગપર મૂકીને તે નવયૌવના, બ્રાહ્મણના ચરણ તળાસવા બેસી ગઈ અને બોલી– 'આપને બહુ શ્રમ પડ્યો! આપ પૂજ્યપાદને બહુ શ્રમ પડ્યો!" બ્રાહ્મણે પગપરથી તેનો હાથ ખસેડીને કહ્યું; "પ્રિયે! તમારા સુકોમળ હાથને શ્રમ નહિ આપો! આપની સેવા કરવાથી મને પરમ આનંદ થાય છે!" આમ કહી પાસે બેસાડી તેના અધરોષ્ઠનું પાન કરવાનો પ્રયત્ન કીધો, એટલે તે નવયૌવના મદ્યનો પ્યાલો લઈ આવીને બ્રહ્મદેવને ઉદ્દેશી બોલી; "આપ જરા પ્રાશન કરીને આપની પ્રસાદી મને આપો! ઋષિ મુનિઓ પણ સોમવલ્લીનું પાન કરતા હતા, એમાં શો દોષ?" બ્રાહ્મણે કહ્યું; "પણ શાસ્ત્રોમાં મધુપાન કરવાનું મહાપાપ કહ્યું છે. અમારા જેવા મહાત્મા પુરુષોને તો એ સદાયનું વર્જ્ય જ છે!" "અહો બ્રહ્મદેવ!" તે સ્ત્રી બોલી;–"ગુરુના કાર્યને રખડતું મૂકવું; પરાયું દ્રવ્ય તેના સ્વામીની આજ્ઞા વિના લેવું; પરાયી સ્ત્રી સાથે એકાંતમાં બેસવું; તેપર કુદૃષ્ટિ કરવી; તેના મોંહમાં મોંહ ઘાલવું; મધુનું પાત્ર લઈ વગર શરમે આવવું; પશુવધ કરી માંસ લાવવું–એ સર્વ તો શાસ્ત્રવચન હશે! રે રે! શાસ્ત્રો તો બ્રાહ્મણોનાં બનાવેલાં છે, ને ગપ્પાનાં ભરેલાં છે, તેને મૂકો ચૂલામાં ને જુઓ આ મદ્યની મઝા!" બ્રાહ્મણ શરમાઈ ગયો ને નિચું મુખ કરીને બોલ્યો; "ત્યારે તમે પ્રથમ પીઓ, હું તમારી પ્રસાદી લઇશ!" તે તરુણી બોલી; "એ તો મહાપાતક થાય! આપ બ્રહ્મદેવ, મારા અતિથિ, માટે આપનું ઉચ્છિષ્ટ મારે પાન કરવું જોઇએ. તેમાં જ મને ઇન્દ્રલોકની પ્રાપ્તિ થશે!" એમ કેટલી-

એક ક્ષણો હોંસાતોંસીમાં વીત્યા પછી, જે મુખથી ભગવાનના ગુણાનુવાદ ગાતો હતો, ભગવાનનું ચરણામૃત પાન કરતો હતો, તે મુખથી શૂદ્ર જાતિની વેશ્યાના મુખથી ઉચ્છિષ્ટ થયેલા મદ્યનું પ્રાશન કીધું ને પછી ભુજેલા માંસનું ભોજન કીધું.

બ્રહ્મદેવે જેવા વેશ્યા સ્ત્રીના ઉચ્છિષ્ટ મદ્યના બે ઘુંટડા ગળામાં રેડ્યા ન રેડ્યા ને માંસનો એક કોળીયો ખાધો કે તે સ્ત્રી બોલી; "અરેરે! આમાં તો કંઈજ મઝા નથી. રસની સાથે જેમ ઢોકળાં વગર લહેજત આવતી નથી, તેમ આ મધુની સાથે ભજીયાં વગર લહેજત આવે નહિ." બ્રાહ્મણે પૂછયું; "આપની આજ્ઞા હોય તો તે પણ હાજર કરું. પ્રથમથી કહ્યું હત તો માર્ગમાં પુષ્કળ ભજીયાં મળે છે, તે લેતો આવત!" તે કુટિલ સ્ત્રી બોલી; "તે ભજીયાંને શું કરે? જો ખરી લહેજત લેવી હોય તો થોડાંક તાજાં મીન લઈ આવો–આ પાસે જ નાનો વોકળો છે, તેમાંથી લાવતાં વિલંબ લાગશે નહિ." મદ્ય પીવાથી ભ્રષ્ટબુદ્ધિ થયેલો બ્રાહ્મણ, તે સ્ત્રીએ એક જાળ આપી તે લઈને, ધીવરનું આચરણ કરવાને તત્પર થયો ને નિર્વિલંબે વોકળામાંથી તાજા મીનનું વાસણ ભરી લઈ આવ્યો.

જે જીવ ધર્મનું એક પણ પગથીયું ચૂકે છે, તેને ઉત્તરોત્તર અનેક પગથીયાં ચૂકતાં સંકોચ થતો નથી. સર્વ કુકર્મોનું મૂળ સ્ત્રીનો સંગ છે; ધર્મથી ભ્રષ્ટ કરનાર સ્ત્રીનો સંગ છે; જ્ઞાનનો નાશ કરનાર સ્ત્રીનો સંગ છે. એવી તે સબળા છે, છતાં તેને મૂર્ખ મનુષ્યો જ અબળા ગણે છે. સ્ત્રીનો સંગ–પ્રસંગ–સમાગમ આનંદરૂપી મૃગને બાળનારો દાવાનળ છે; બ્રહ્મચર્યરૂપી વૃક્ષને ઉન્મૂલન કરવામાં મદમસ્ત હાથી છે; જ્ઞાનરૂપી દીપકને બુઝવવામાં પ્રલયકાળનો મહાવાયુ છે. સ્ત્રીના સંગથી અજામીલ જેવો બ્રાહ્મણ ઘોર પાતકમાં પડ્યો હતો; સ્ત્રીના સંગથી જ ઋષ્યશૃંગ ભ્રષ્ટ થયો હતો; સ્ત્રીના સંગથી સ્વર્ગના અધિપતિ ઇન્દ્રના શરીરમાં સહસ્ર છિદ્રો પડ્યાં હતાં; સ્ત્રીના સંગથી હજારો ઋષિમુનિ ભ્રષ્ટ થયા છે. એવી સ્ત્રીનો સંગ રાખનાર મહાનરકનો જ અધિકારી થાય છે.*

---

* સ્વધર્મમાં વર્તનાર, જે પુરુષ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક લગ્ન કરી પોતાનો ગૃહસ્થાશ્રમી સંસાર ભોગવે છે તેને માટે આ વચન નથી; પણ પરસ્ત્રીગામી પુરુષ માટે છે. સ્વસ્ત્રીસંગે ધર્મવિધિયુક્ત સંસાર ભોગવનાર પાતકી થતો નથી, પરન્તુ બ્રહ્મચારી ગણાય છે. ધર્મનો ત્યાગ કરી ભોગવેલો સંસાર પણ આત્મોન્નતિમાં બાધક જ છે. बलं बलवतामस्मि कामरागविवर्जितम् । धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥ (गीता)

## અધર્મનું પાંચમું પગથીયું-પરસ્ત્રીગમન

પછી એક ચૌરંગપર તે સ્ત્રી અને બ્રાહ્મણભાઈ બેઠાં. પરસ્પર મુખ મલકાવતાં જાય છે, મધુપાન કરતાં જાય છે, વઘારેલાં મીનનો સ્વાદ લેતાં જાય છે અને સાથે માંસનું પણ ભોજન કરતાં જાય છે. આ પાપ કર્મ જોઈને સૂર્યદેવતા પણ અસ્તાચળમાં સંતાઈ ગયા. થોડીવારે બંને ખાનપાનથી પરવારી ગયાં. સંધ્યાનો સમય થયો ને અહિં પણ ધર્મ-સૂર્યનો સંધ્યાકાળ થઈ રહ્યો! બ્રાહ્મણ અને તે સ્ત્રી એક શય્યાપર પોઢી ગયાં. જેમ તે બ્રહ્મદેવના હૃદયમાં અંધકાર વ્યાપી ગયો હતો, તેમજ ચોતરફ પણ અંધકાર વ્યાપી ગયો. ગુરુ ગુરુને ઠેકાણે રહ્યા, જ્ઞાન જ્ઞાનને ઠેકાણે રહ્યું અને ધર્માધર્મના વિવેકથી રહિત થઈ પડેલો બ્રાહ્મણ, મદમત્ત થઈને વિષયનરકમાં ઝબકોળિયાં ખાવા લાગ્યો. આકાશમાં ઉડતાં પક્ષીના ચલન વલનની, જળમાં રહેલા જળચરના પગલાંની ને ભાગ્યની ગતિ જેમ જાણી શકાતી નથી; તેમજ મંદમતિની ગતિ પણ જાણી શકાતી નથી. જેમ ચક્ષુષ્ ઇંદ્રિય શબ્દને જોઈ શકતી નથી, કેમકે તેમનો સમાન સ્વભાવ નથી; તેમજ વિષયી મન ધર્માધર્મને, કાર્યાકાર્યને કે પાપ પુણ્યને જોઈ શકતું નથી; કેમકે બંનેનો સમાન સ્વભાવ નથી. વિષયમાં લુબ્ધ થયેલાં મનની સ્થિતિ વિષયનો ત્યાગ કરવામાં હમેશાં નિર્બળ રહે છે.

નિર્બળ મનનો પેલો બ્રાહ્મણ ધર્મનું પ્રથમ પગથીયું ચૂકવાથી ઉત્તરોત્તર પતિતપણાને પામતો ગયો. તેને કાર્યાકાર્યનું યત્કિંચિત્ પણ ભાન રહ્યું નહિ. સંધ્યાકાળના સંધ્યાવંદનાદિક તથા હોમાદિક ધર્મ કર્મ તજી દઈને તે પૈશાચિક કર્મ કરવા લાગ્યો. રતિક્રીડાને અંતે તે કામિનીના હૃદયને ભીડીને બ્રાહ્મણભાઈ પોઢી ગયા હતા ને મદ્યની નિશામાં ન બોલવાનું પણ બોલતા હતા! આસપાસ ખીલેલા બગીચાની મંદ મંદ શીતળ લહેરમાં બંને એવી તો ગાઢ નિદ્રાને અધીન થઈ ગયાં હતાં કે, મધ્ય-રાત્રિ સૂધી બંનેમાંથી એક પણ જાગૃત થયાં નહિ; અને જાગૃત થયા પછી પણ આત્મજ્ઞાનના માર્ગના દ્વારપર ચઢેલા તપસ્વી બ્રાહ્મણને પોતાના કુકર્મને માટે ક્ષણભર પણ પશ્ચાત્તાપ થયો નહિ, તેમ લજ્જાએ નિચું મસ્તક પણ કરાવ્યું નહિ. મૂઢ મદોન્મત્ત હાથીની માફક, તેની કામેચ્છા શાંત થવાને બદલે, વિશેષ પ્રદીપ્ત થઈ. એ કામવશવર્ત્તીએ જે પાશવ ક્રીડા કીધી, તેને માટે એટલું જ કહેવું બસ છે કે, તે નરપશુ

બન્યો હતો. જેઓ ધર્મને અને પરમેશ્વરના મહિમાને જાણતા નથી; અવિદ્યા, વિષય ને માયાના પાશથી બંધાયલા છે–તેઓના હૃદયની આસુરી સંપત્તિની દૃઢ ગાંઠ, ગમે તેવા જ્ઞાનશસ્ત્રથી કાપી શકાતી નથી. જેઓ પોતાના મનમાં અહંકારથી એમ માને કે, 'अहं ब्रह्मास्मि'–'હું બ્રહ્મ છું,' મારે કંઈ કર્ત્તવ્ય નથી, કંઈ ભોક્તવ્ય નથી, હું તો પરમગતિને પામેલો છું, એવા જીવનું વાસનાનું બળ શિથિલ થયું ન હોય, ત્યાં સૂધી તેનું શ્રવણ, તપશ્ચરણ ને સાધન નિરર્થકજ છે. ભોગેચ્છાના તૃષાળુ જીવની–મલિન જળનું પાન કરવાની કામનાને અટકાવવાને બ્રહ્મા પણ સમર્થ નથી, તો પછી બીજો કોણ સમર્થ હોય? જીવ પોતેજ જો ભાગ્યશાળી ને કૃતાર્થ હોય છે, તોજ જીવ શિવ–નિત્ય અનિત્ય–સત અસત્–ધર્મ અધર્મ–પાપ પુણ્યનું સ્વરૂપ સમજીને, સ્વબળથી, મલિન–પાપમય–દુ:ખમય–ક્લેશમય–જેમાં સારરૂપ કંઈજ નથી એવો સંસાર તરી શકે છે. જેમ અનેક શત્રુથી વિંટાયલો રાજા, પોતાનાંજ બળથી શત્રુનો સંહાર કરી, સર્વ પૃથ્વીને મેળવવાને ભાગ્યશાળી થાય છે; તેમજ કામ, ક્રોધ, મોહ, મદાદિ શત્રુથી ઘેરાયલા જીવરાજના અજ્ઞાનાંધકારનો નાશ થવામાં, તેનો પોતાનોજ પુરુષાર્થ સહાયતા કરે તો તે જ્ઞાનપ્રદેશ ને પરમેશ પ્રદેશનો રાજા થવાને ભાગ્યશાળી બને છે. તેવા પુરુષાર્થ વિના કોઈ પણ જીવ વિષયવાસનારૂપ શત્રુનાં કેદખાનામાંથી મુક્ત થઈ શકતો નથી. કોઈને માથે કરજ હોય તો તેમાંથી પુત્રાદિક મુક્તિ અપાવે છે; મજુરના માથાપર બોજો મૂકયો હોય તો તે દુ:ખમાંથી પણ કોઈ મુક્તિ આપી શકે છે; પરંતુ ભૂખનું કે રોગનું દુ:ખ કોઈ પણ ટાળી શકતું નથી–ભુખ લાગે ત્યારે પોતેજ ખાવાથી ભુખ ટળે છે; રોગી પોતેજ ઔષધ ખાય અને પથ્ય પાળે તો રોગમાંથી મુક્ત થાય છે; તેમજ વિષયવાસનામાંથી મુક્તિ મેળવવાનું સાધન, પોતાનાં સત્કર્મ, ધર્મમાં અવિચળ શ્રદ્ધા, અચ્યુત પ્રભુપર પરમ આસક્તિરૂપ પુરુષાર્થજ છે. તે પદાર્થ માત્રપરથી પ્રીતિ ટાળીને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.

પ્રભાત થયું. પશુ પક્ષીઓ કિલકિલારવ કરી રહ્યાં. જે બ્રાહ્મણ પ્રાત:કાળમાં સૂર્યોદય પૂર્વે ઉઠીને નિત્યનું આહ્નિક કરવામાં પ્રવૃત્ત થઈને ગુરુના ચરણની સેવામાં તત્પર રહેતો હતો, ગુરુના આશ્રમને ઝાડી-ઝુડીને સાફ કરતો હતો, તે આજે સૂર્યનારાયણ આકાશમાં પૂર્ણ પ્રકાશમાન થયા છતાં જાગૃત થયો નથી. પાપના પુતળાંઓ, હૃદય

સાથે હૃદય ભીડીને પડ્યાં રહ્યાં હતાં. અંધકારમાં આથડીયાં ખાતો પુરુષ, અસાવધતાથી ઠોકર ખાતો અઠડાઈ મૂર્છા ખાઇને પડે છે, તેમજ આ જીવો પણ પડ્યાં રહ્યાં હતાં. થોડીવારે જાગૃત થઈ વેશ્યાએ કહ્યું; "હે બ્રહ્મદેવ! આપ શુદ્ધ પવિત્ર બ્રહ્મદેવ છો, આપનો પ્રભાતનો સંધ્યાસમય વીતી ગયો છે, તેનું આપને ભાન પણ રહ્યું નથી; ઉઠો!" બ્રાહ્મણ આંખ ચોળતો ચોળતો ઉઠ્યો; અને પેલી વેશ્યાના હાથનું પાણી લઇને મુખમાર્જન કીધું. થોડીવારે તે વેશ્યાનો એક દાસ ભોજનનું કહેવા આવ્યો ત્યારે બ્રહ્મદેવે મુશળસ્નાન કરી લીધું. કોઈ પણ જાતની પવિત્રતાનો વિચાર કર્યા વિના તે સ્ત્રી સાથે એક જ પાત્રમાં, નહિ કરવા જેવું ભોજન કરવા બેઠો. અહો! જે ધર્મની ગતિને જાણતો નથી, મોહ, માયા ને મમતા ક્યાં વસે છે તેના સ્થાનની જેને ખબર નથી, ભોગેચ્છા માત્રનો જે અનુચર છે, તેની શી ગતિ થાય છે તે, હે વત્સો! તમે જુવો! આ નાશવંત જગતમાં સર્પથી પણ વધારે ડંશીલી-ઝેરીલી સ્ત્રી છે. સર્પ કવચિત્ ડંશે છે, સ્ત્રી સદાય; સર્પના મુખમાં ઝેર છે, સ્ત્રીના સર્વાંગમાં; સર્પ ક્રોધી થવાથી ડંશે છે-જે જાણવાથી મનુષ્ય સાવધાન રહે છે, સ્ત્રી મધુરાં હાસ્યમાં ડંશે છે ને ભૂલમાં જ મનુષ્ય મરણ પામે છે. આ નિસ્સાર સંસારમાં મોહનાં અનેક સ્થાનો છે; તેમાંથી જે સાવધ રહીને વિજય મેળવે છે, તે જ જીવ પરમાત્માના અવિચળ સામ્રાજ્યનું સુખ-આનંદ ભોગવવાને ભાગ્યશાળી થાય છે.

ભોજન લીધા પછી અન્યોઅન્યે મુખવાસ લીધો. બ્રાહ્મણ, અનેક પ્રકારે કુચેષ્ટા કરતો હતો ને તે સ્ત્રી ક્ષણે ક્ષણે તેનો તિરસ્કાર કરી પાછો હડસેલતી હતી. એવી ક્રીડા કરતાં તે વિલાસ મંદિરના ઓરડામાં ઘૂમવા લાગ્યો. બગીચાનું સૌન્દર્ય તે ધીમે ધીમે નિહાળે છે, એવામાં ગુરુએ લાવવા માટે કહેલાં ફળ ફૂલાદિનું તેને સ્મરણ થઈ આવ્યું. તે સ્વતઃ બોલ્યોઃ "અરે રે! ગુરુજીનાં ફૂલ તો ફૂલની જગ્યાએ જ રહ્યાં ને ફળ તો ઝાડે જ લટકતાં છે. અનેક વર્ષનું સંપાદન કરેલું મારું તપરૂપી ધન મેં ક્ષણમાં ગુમાવી દીધું; ગુરુજી શું કહેશે?" આ વિચાર એના મનમાંથી હજી તો પસાર થયો નથી, એટલામાં વેશ્યાએ આવીને તેના ખભાપર હાથ મૂકીને કહ્યુંઃ "હે પ્રાણેશ! આપ શા વિચારમાં લીન થઈ ગયા છો?" બ્રાહ્મણ બોલ્યોઃ "હે રમણી! નિર્ભય થઇને હું તને સેવું છું; તારાં સૌન્દર્યપર મોહિત થયો છું; પણ એ મોહમાં તપરૂપી મારું

અમૂલ્ય ધન હું ગુમાવી બેઠો છું; તેને માટે મારા ગુરુદેવ મને શું કહેશે, તેનો હું વિચાર કરું છું." તે સ્ત્રી બોલી; "બ્રાહ્મણને પછમ બુદ્ધિયા કહે છે તે ખોટું નથી. ગરથ ગયા પછી તમને જ્ઞાન આવ્યું અને રાંડ્યા પછી મને ડહાપણ આવ્યું કે આ બહુ ખોટું થયું! પાપ થયું! તપરૂપી ધન ગયું! કેમ, એમ જ કે કંઈ બીજું? મારો મનખો ખરાબ કરતાં તમને વિચાર ન આવ્યો, ને હવે ગુરુ ગુરુ કૂટો છો? ગુરુદેવને નાંખો ખાડામાં અને આ કામલીલામાં કૃતાર્થ થઇને જીવનનું સાર્થક કરો! જંગલમાં રહેવું, પશુની માફક ભટકવું, ઢોરની માફક ગમે તે ચારો ચરવો, દહાડામાં દશવાર પાણીના ઘડા ઢોળવા કે નદીમાં માછલાની માફક ડૂબકીઓ મારવી, એમાં તે શી સાર્થકતા છે! આ વિલાસમંદિરમાં જોઇએ તે છે! વગર મહેનતે ઉત્તમમાં ઉત્તમ પકવાન્નો ભોજનમાં મળે છે, મનને મસ્ત કરનાર મદ્ય મળે છે, ધન ધાન્યની કોઈ પણ જાતની અપૂર્ણતા નથી; હવે તો અહિં રહીને મઝા કરો!" આમ કહેતી કહેતી, બ્રાહ્મણનો હાથ પકડી તેને દીવાનખાનાના મધ્ય ભાગમાં ઘસડી લાવી અને બન્ને જણાં હિંચોળાખાટપર હાથ સાથે હાથ ને ખભા સાથે ખભો મેળવીને બેઠાં. નીતિવચન છે કે;

उपनिषदः परिपीता गीतापि च हंत मतिपथं नीता ।
तदपि न हा विधुवदना मानससदनाद्वहिर्याति ॥

અર્થ-ઉપનિષદનું પાન કર્યું છે અને ભગવદ્ગીતાનો પણ મનમાં વિચાર કર્યો પણ જ્યાં સુધી હૃદયમાંથી સ્ત્રી ખસી નથી, ત્યાં સુધી તેનું જ્ઞાન, તપ, કર્મ, ઉપાસના સર્વ મિથ્યા છે.

સ્ત્રી એ અબળા કહેવાય છે, પરન્તુ જેણે ઇંદ્રિાદિક દેવોને પણ પોતાના પગ નિચે ચાંપ્યા છે, તે અબળા નથી, પણ સબળા છે. એવી સ્ત્રીને અબળા કોણ કહેશે? સ્ત્રી સંસારતારણ છે, તેમ મારણ પણ છે; પણ સર્વનું કલ્યાણકારક તે જ છે કે જેના હૃદયમાં સત્સંગનું ધારણ છે. મહાત્મા પુરુષો કથી ગયા છે કે, 'સત્સંગ સબનકો સાર હૈ.' સત્સંગથી મૂર્ખ પુરુષ પણ પંડિત થઈ જાય છે, સત્સંગથી દુર્જન સજ્જનતાને મેળવે છે, સત્સંગ બુદ્ધિની જડતાને હરે છે, વાણીમાં સત્યતાનું સિંચન કરે છે, ઉન્નતિ અપાવે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, કીર્તિ અપાવે છે, કુમતિનો નાશ કરે છે ને સર્વ પ્રાણીઓનો પ્રેમપાત્ર બનાવે છે. અહો! સત્સંગ શું શું નથી કરતો? અને કુસંગ! સર્વ સજ્જનતાનો નાશ કરે છે, પાપકર્મમાં પ્રેરે છે, જન્મોજન્મ માટે

અધોગતિના માર્ગપર ચહડાવે છે. દુર્જનના સંગથી જેમ ગાયનમાં રાગી થયલો મૃગ, અકસ્માત્ નાશ પામે છે, તેમ ગુણગ્રાહી પુરુષ પણ વિષયમાં લુબ્ધ થઈ જાય છે. કુસંગ સર્વ ધર્મનો નાશ કરનાર, સર્વ આપત્તિનો ભંડાર તથા સર્વ મનોરથોનો ભંગ કરનાર છે. જેને સત્સંગમાં વિક્ષેપબુદ્ધિ સૂઝે છે, જે સત્સંગની મહત્તાને ગૌણ માને છે, તે ધર્મથી ભ્રષ્ટ થઇને ડગલે ડગલે અધર્મના દ્વાર તરફ પણ પ્રયાણ કરે છે; અને ત્યાંથી નરકના એવા ઉંડાગારમાં પડે છે કે, તેને તરી ઉપર આવવાનો સંભવ જ જણાતો નથી. આ મૂઢ બ્રાહ્મણને હજી જ્ઞાનીની સ્થિતિમાં આવવાને પણ વિલંબ હતો, એટલામાં તો તેણે ગુરુનાં વચનોનો પણ અનાદર કરી, સત્સંગ દૂર કરી, કર્મકાંડનો ત્યાગ કરી, મહા દુષ્ટ કુસંગને સેવ્યો, તેનાંજ ફળ તરિકે તે ખરેખરી અધોગતિને પામ્યો છે.

## અધર્મનું છઠું પગથીયું–દ્યૂત

બેચાર દિવસ આમ વીતી ગયા. એક સમયે હિંડોળે બેસીને, બન્ને જણાં આનંદગોષ્ટિ ચલાવતાં હતાં, એટલામાં ચૌરંગ ઉપર મૂકેલી ચોપટપર બ્રાહ્મણભાઇની દૃષ્ટિ પડી કે તે બોલ્યો; "પ્રિયે! ચાલો આપણે ચોપટ ખેલીએ." તે સ્ત્રી બોલી; "મહારાજ! તમે જાણો છો કે, હું પ્રતિજ્ઞાવગર ચોપટ ખેલતી નથી! જો આપ પ્રતિજ્ઞા કરવાને તૈયાર હો તો હું ચોપટ ખેલવાને પણ તૈયાર છું." બ્રાહ્મણે કહ્યું; "આપની શી પ્રતિજ્ઞા છે તે કહો, હું તે પૂર્ણ કરવાને તૈયાર છું." તે નારી બોલી; "પ્રિય! હું આપની જ છું, પણ જો મારી સાથે ચોપટ રમવામાં તમને આનંદ હોય તથા તમે જો મારા હો તો મારી પ્રતિજ્ઞા આપ સાંભળોઃ જો દ્યૂતમાં હું હારું તો તમારી હમેશાંની દાસી થઇને રહું ને તમે હારો તો તમે મારા દાસ થઇને રહો ને પછી હું જે કામ સોંપું તે તમારે સફળ કરવું; તે સફળ થયા પછી તમે મુક્ત થશો." આ પ્રતિજ્ઞા સાંભળી ક્ષણભર બ્રાહ્મણને કંઇક ગભરાટ થયો. તે મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો કે, પ્રતિજ્ઞા તો કપરી છે. મને દ્યૂત રમતાં સારું આવડે છે, પણ આજે વર્ષો થયાં તેનો અભ્યાસ છૂટી ગયો છે, તેથી આપણને તો દાસ બનવાનો જ સમય આવે! એમ વિચારસાગરમાં ગોથાં ખાતા બ્રાહ્મણને જોઇને ગળાપર હાથ નાંખતી તે સ્ત્રી બોલી; "કેમ મુંઝાઈ ગયા? આ પ્રતિજ્ઞા કંઈ તમને ભારે લાગે છે? ના, મારા ગળાના સમ; તમને એમાં શું કઠિન દેખાય છે?" બ્રાહ્મણે

કહ્યું; "હે મનોરમા! શાસ્ત્રમાં દ્યૂત નિષેધ કર્યું છે અને તેને મહાપાપમાં ગણેલું છે. દ્યૂત રમવાથી કોઇનું પણ શ્રેય થયું નથી. નળ જેવા સત્યવાદી રાજાને દ્યૂત રમવાથી ત્રણ વર્ષપર્યંત કુબડું રૂપ ધારણ કરવું પડ્યું હતું; યુધિષ્ઠિર જેવા સત્યવાદી મહાત્માને બાર વર્ષ સૂધી વનવાસ ભોગવવો પડ્યો છે. રે કામિની! શાસ્ત્રો કહે છે કે, દ્યૂત રમનારાનો કોઈ પણ કાળે ઉદય થતો નથી. એ મહાન્ અધર્માચરણ છે ને તેનો ત્યાગ કરવો, એ જ શિષ્ટ પુરુષોને ઇષ્ટ છે!" તે સ્ત્રી બોલી; "હે બ્રહ્મદેવ! શાસ્ત્રને તો આપે ક્યારનું ખાડામાં નાંખી દીધું છે ને તેનો ચોળીને એવો તો તમે ચૂરો કરી નાંખ્યો છે કે, તેનો જરા અંશ પણ દેખાતો નથી. બ્રાહ્મણે મદ્ય પીવું, માંસ ખાવું, પરસ્ત્રી સાથે ગમન કરવું, ધીમરનું આચરણ કરવું, રજસ્વલાનો અને તે પણ વળી શૂદ્રીનો સંગ કરવો, સંધ્યાકાળે–સૂર્યની સાખે–વિષય રમવો અને તેમાં લુબ્ધ થઇને ધર્માધર્મનો ક્ષણભર પણ વિચાર ન કરવો, એ બધું તો શાસ્ત્રમાં કહ્યું હશે!! હે શાસ્ત્રજ્ઞ! શાસ્ત્ર બાજુને તો આપ ક્યારનીએ તિલાંજલિ આપી બેઠા છો, હવે શાસ્ત્રની વાત શી કરવી? પણ હું ધારું છું કે, તમને મારા પ્રેમમાં જ સંશય છે, તેથી જ શાસ્ત્રની વાતોનો ગડબડાધ્યાય ચલાવો છો." એમ બોલતાં બોલતાં તે સ્ત્રીએ એવી સુંદર છટાથી લટકો કીધો કે, બ્રાહ્મણભાઇનું કાળજું ફડફડવા લાગ્યું. પશુને બાંધી વશ કરવાને દોરડાં દોરડીની જરૂર પડે છે, પણ નરપશુને બાંધવાને તો સ્ત્રીનાં કટાક્ષ–લટકાં જ એવાં દૃઢ છે કે, તેમાંથી ભલભલા શૂરાથી પણ છૂટાતું નથી, તો આ કામાન્ધ બ્રહ્મબંધુના શા આશરા? તે ગાવડીમુખો નરપશુ બોલ્યો; "જો તમારી આજ્ઞા દ્યૂત રમવાની છે, તો આ દાસને ખાસ પ્રયાસ કરવામાં કંઇએ બાધ નથી. આપનાવડે આ જીવન છે. આ ચૈતન્ય છે, સર્વસ્વ છે. ચાલો, આપણે રમીએ." હે વત્સ! જે ધર્મનું એક પણ પગથીયું ચૂકે છે તેને વધુ ચૂકતાં શો વિલંબ?

ચોપટ ચાલુ થઈ. ઉપરાઉપરી પાશા પડવા લાગ્યા અને ચોપટને અંતે બ્રાહ્મણભાઈ તે શૂદ્ર વેશ્યાનો દાસ બની ગયો. પછી જેના હૃદયમાં કોઈ પણ જાતનો સ્નેહ નથી એવી વેશ્યા, બળબળતા અંગારાની માફક તેજસ્વી બનીને બોલી; "અલ્યા બ્રાહ્મણ! મારી એક કથા સાંભળ! અને તેમાં જે આજ્ઞા તને હું આપું, તે કાર્યને તું સિદ્ધ કર; પછી તું મારો દાસ નહિ–પણ તારી ઇચ્છા હોય તો મિત્ર થઇને

રહેજે. આ બગીચાની પૂર્વ દિશામાં આવેલા જીવિતપુરના રાજા માયારાજની એક કાળે હું પ્રેમપાત્ર પટ્ટરાણી હતી. રાજાનો મારાપર એવો તો અગાધ પ્રેમ હતો કે, તે સદોદિત મારી જ સેવામાં હાજરનો હાજર રહેતો હતો. રાજ્યમાં સર્વે-નોકર કે ચાકર, શેઠ કે શાહ, દીવાન કે પટાવાળો, સર્વે મારી આજ્ઞા ઉઠાવવામાં તત્પર હતા. એ રાજાથી મને સૌન્દર્યવાન્ એકજ એવો પુત્ર જન્મ્યો. પ્રેમઘેલા રાજાએ મારી ઇચ્છા પૂર્ણ કરવાને, તે પુત્રને યુવરાજપદે સ્થાપ્યો. એ રાજાને સદ્ગુણમતી નામની પરણેતર પટ્ટરાણી હતી. પણ મારા પ્રેમમાં લુબ્ધ માયારાજ તેની સામા દૃષ્ટિ પણ કરતો નહિ. તે રાણીને પણ એક પુત્ર હતો. જો કે રાજ્યનો ખરો વારસ તે હતો, પણ મારા પ્રેમને આધીન રાજા, મારા વિના કોઇને પણ પોતાનું માનતો નહિ, તેથી મારા પુત્રને યુવરાજપદે સ્થાપ્યો હતો. આ વૃત્તાંત પટ્ટરાણીએ જાણ્યો, ત્યારે ઘણી ગભરાઈ ને પોતાના પુત્રને રાજપાટથી ભ્રષ્ટ થયો જોઈ, મારા પુત્રના નાશનો ઉદ્યોગ આરંભ્યો. મારા પુત્રના રક્ષણ માટે મેં અને માયારાજે, જોઇએ તેવો પાકો બંદોબસ્ત રાખ્યો હતો, તેથી સદ્ગુણમતી પોતાના પ્રપંચમાં ઘણા કાળ સૂધી ફાવી શકી નહિ. અંતે મારી દાસીને પૈસાની લાલચથી ફસાવી, એક સમયે અમે વસંતક્રીડા કરવાને વનઉપવનમાં ખેલતાં હતાં, તે સંધિનો લાભ લઇને, સદ્ગુણમતીનો ભાઈ નીતિનિપુણસેન એ પુત્રનું હરણ કરી ગયો. જ્યારે અમને પુત્રહરણની ખબર પડી ત્યારે અમે અત્યંત આક્રંદ કીધું અને મેં પ્રતિજ્ઞા લીધી કે, જ્યાં સૂધી સદ્ગુણમતીના પુત્રના સેરવાનું હું પાન કરું નહિ, ત્યાં સૂધી મારે રાજાનું મુખ જોવું નહિ. અલ્યા બ્રાહ્મણ! આજે તું મારો દાસ થયો છે, તો મારી આજ્ઞાથી સદ્ગુણમતીના પુત્રને અહિં લાવી, તેને મારી નાંખ અને તેના માંસનો સેરવો બનાવીને મને પાન કરાવ! તે પછી તું સ્વતંત્ર છે; મારો ખરેખરો પ્રિય છે, પ્રાણ છે. અહુણાં રાજા માયારાજ મૃત્યુ પામ્યો છે, ને તેના સ્થાનપર તેનો એ જ પુત્ર સદ્ગુણસેન રાજ કરે છે. એ સદ્ગુણસેનનું વય તો નાનું છે, તોપણ તે સકળ સદ્ગુણનો ભંડાર છે. મારું નામ મોહજાલી છે; હું જ્ઞાતે ચાંડાળ છું; પણ મારું સૌન્દર્ય પરમ હોવાથી, એકવાર હું રાજમાં સર્વ ઐશ્વર્યની સ્વામિની હતી. આજે હું રાજપાટથી ભ્રષ્ટ થઈ છું, પણ મારું વૈર ભૂલી ગઈ નથી. મારા પુત્રનું જ્યાં સૂધી હું વૈર લઉં નહિ, ત્યાં સૂધી મને

કદી પણ શાંતિ વળે એમ નથી. આ કાર્ય તારે બહુ સાવધાનપણે કરવાનું છે. પૂર્વ દિશામાં સીધો રાજમાર્ગ છે ત્યાં જઈ તું તે કાર્ય સિદ્ધ કરીને સત્વર પાછો આવ." સ્ત્રીનું હૃદય કેટલું ક્રૂર અને અધમ છે તે, હે બાળકો! તમે જુઓ. એક શબ્દે બ્રાહ્મણનો તિરસ્કાર કરે છે અને એક શબ્દે તેની શુશ્રૂષા કરે છે. મનમાં ચાલતા સંકલ્પના પગલાં જેમ જણાતાં નથી, તેમ જ સ્ત્રીનું ચરિત્ર પણ જણાતું નથી. હૃદયમાં તો હળાહળ ને મુખ ઉપર મધ લપટાવેલી સ્ત્રીથી બચનારા પુરુષો વીરલા જ છે.

મોહજાલીનાં આ વચન સાંભળતાં બ્રાહ્મણ તો આભો જ બની ગયો. તેને એકે દિશા સૂઝી નહિ. પણ જેણે સ્વહસ્તે પશુહિંસા કીધી છે, તેને મનુષ્યહિંસા કરવાનો ખટકો શો? ભય શો? એક ખોટું કાર્ય કરનારો બીજું પણ ખોટું કાર્ય કરે છે.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥

ચિત્તને સ્થિર નહિ કરનારાની બુદ્ધિ સ્થિર રહેતી નથી, અર્થાત્ મનોનિગ્રહ નહિ કરનારાને શુદ્ધ બુદ્ધિ પ્રાપ્ત થતી નથી ને ધર્માધર્મનો વિચારે રહેતો નથી. શુદ્ધ બુદ્ધિ ન હોવાથી ચિત્તની સ્થિરતા થતી નથી ને શુદ્ધ ભાવનાએ પ્રાપ્ત થતી નથી. વિશુદ્ધ ભાવના જેને થઈ નથી, તેને શાંતિ પણ મળતી નથી અને જેને શાંતિ નથી તેને સુખ પણ ક્યાંથી હોય? જેમ કાચબો જ્યારે ઇચ્છે છે ત્યારે પોતાના અંગોને સંકોચીને નિર્ભય સ્થાનમાં બેસી જાય છે, તેમ જેની ઇંદ્રિયો વિષયમાત્રથી પાછી વળી, આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણે છે અને પરબ્રહ્મરૂપ નિર્ભય કોટલામાં ભરાઈ બેસે છે, તે જ જીવને અભયની– અનંત સુખની પ્રાપ્તિ થાય છે. આ સંસારનાં સુખો ક્ષણિક વિજળીના ચમત્કારની પેઠે આવર્જન વિસર્જન થનારાં છે. તે ક્ષણમાં પ્રકાશિત દેખાય છે અને ક્ષણમાં ઘોર અંધકારમાં હડસેલી દે છે. માટે અનેક કાળપર્યંત ગુરુમુખથી આત્મા પરમાત્માના સ્વરૂપનો વિચાર કરીને, નિત્ય કર્મના ઉપાસક એવા જીવને, અહંકારવૃત્તિના ઉદ્ભવથી ને ધર્મના પ્રથમ પગથીયાનું ઉલ્લંઘન કરવાથી એવી તો નીચ સ્થિતિને પામવું પડે છે કે, તે ઉત્તરોત્તર નીચે ને નીચે પડ્યો જાય અને તેનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ આ તપસ્વી અંધારાગારમાં પડેલા

બ્રાહ્મણભાઈ છે! ગમે તેવી જ્ઞાનપ્રાપ્તિ થઈ હોય તો પણ–'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः'–જીવ પોતપોતાના કર્મમાં પરાયણ રહે છે તો તે પરિણામે મુક્તિને પામે છે. તેમ જ જ્ઞાતા જીવનું પરમ કલ્યાણકારી એ જ છે કે 'सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।' સ્વભાવપ્રાપ્ત કર્મમાં પ્રવૃત્ત રહેવું. કર્મ દોષવાળાં હોય, ફળપ્રાપ્તિ ન આપનારાં હોય તોપણ તે કરવાનાં જ છે. જ્યાંસૂધી પુરુષમાં સર્વ કર્મત્યાગની શક્તિ ન પ્રાપ્ત થાય ત્યાંસૂધી, સ્વભાવથી નિર્માણ થયેલાં કર્મ, મુમુક્ષુએ ત્યજવાનાં નથી, તો જેના ચિત્તમાં અહંકારનો વાસ છે તેને તો ત્યજવાનાં હોય જ કેમ? કર્મનો ત્યાગ ને અહમ્‌નો જન્મ, એ જ આ બ્રહ્મબન્ધુના પતનનું કારણ છે. જો તેને પોતાનાં નિત્ય કર્મ ઉપર અરુચિ થઈ ન હોત, સત્ય શુદ્ધ જ્ઞાનનું સેવન કરવામાં નિર્મત્સરી ને નિર્માનીપણું દર્શાવ્યું હત, 'અહમ્'ને માર્યું હોત, તો આજની પતિત સ્થિતિને તે પ્રાપ્ત થાત નહિ–તે સદા જ બ્રહ્મભાવને ભૂલી, તે પદ સંપૂર્ણ પ્રાપ્ત કરતાં સૂધી, શાસ્ત્રને અનુસરત, ને ભ્રષ્ટતાથી સુરક્ષિત રહેત.

બ્રાહ્મણને જડભરત જેવો, નિર્બળ જેવો, નિસ્તેજ જેવો, ચિત્તભ્રમ જેવો, પાષાણની પ્રતિમા જેવો, વિચારગ્રસ્ત ઉભેલો જોઈને, તે ક્રૂર કપટી કામિની, અગ્નિ જેવા નેત્રની ભ્રમર ચઢાવીને બોલી; "કેમ રે, મારી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાને તૈયાર છે કે નહિ?" આ સમયનું તેનું વિકરાળ સ્વરૂપ જોઇને બ્રાહ્મણ થરથર ધ્રુજવા લાગ્યો. તે બે હાથ જોડીને બોલ્યો; "મોહાંધ બનેલા આ દાસ ઉપર કૃપા કરો! અને ધર્મથી બહિષ્કૃત કરનારું અધર્મનું પગલું ભરવાને બળાત્કાર ન કરો. તમે કહો તે બીજું કામ કરવાને હું તૈયાર છું; આ અલ્પમતિએ તમારું માહાત્મ્ય ન જાણ્યું, ને તમારી મોહજાળમાં ફસાઈ, ન કરવાનું કીધું, ન ખાવાનું ખાધું, કોઈ પુણ્યલેશથી ન પીવાનું પીધું, એટલેથી જ તમે સંતુષ્ટ થાઓ!" તે સ્ત્રીએ જોયું કે, બ્રાહ્મણ હજી તેના પાશમાંથી છૂટો નથી. તેના હૃદયને મદનાનળથી બાળીશ અને પ્રેમપાશ તેના કંઠની આસપાસ વિંટાળીશ, એટલે આપોઆપ શબવત્ થઈ પડશે. પછી વિચારાગારમાં લીન થયેલા ને નિરાધાર વૃક્ષપેરે થરથર ધ્રુજતા બ્રાહ્મણના કંઠની આસપાસ કરાળ કાળની પાશ જેવા બે કર ભેરવીને, તેના મુખ સાથે મુખ મેળવીને તે બોલી; "હે પ્રિય! આપને ખેદ થતો હોય તો ભલે એ કાર્ય આપ ન કરો! પણ મારા હૃદયને જિતવાને

તો મારી એ પ્રતિજ્ઞા જ પ્રધાન છે." એમ કહી હીંડોળા ખાટપર બેસારીને તેની શુશ્રૂષા કરવા મંડી પડી; અને અનેક પ્રકારનાં નખરાંથી તેને પુનઃ એવો તો વશ કરી લીધો કે, તે બાજીગરના પુતળા માફક તેના હાથનું રમકડું બની ગયો. ધર્મત્યાગી વિષયાંધની એ જ ગતિ છે. થોડીવારે બ્રાહ્મણ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને તત્પર થયો-ઉભો થયો અને બોલ્યો; "તમારાં હૃદયને જેથી શાતા વળે, તે કૃત્યમાં ગમે તેવું જોખમ હશે તોપણ હું તે પૂર્ણ કરીશ." પછી તે સ્ત્રીએ કપટકળા વિશેષ કરવા માંડી; "ના, ના, આપ એ જોખમમાં નહિ જાવ; આપના જીવને જો કંઈ થયું તો હું તો સદાયની રખડી જઈશ. ના, મારા સમ, તમે બેસો; મારું કાર્ય તો હું કોઈથી પણ કરી લઈશ; પણ તમારા જીવને કંઈ થાય તો મારે કપાળે બ્રહ્મહત્યા ચોંટશે, તેમાંથી કયે જન્મે મારો છૂટકારો થશે? આપના જેવા અતિથિ બ્રહ્મદેવ મારે બારણે પધાર્યા છે, તે હું જાણું છું કે મારું તારણ કરવાને જ પધાર્યા છે! માટે હું તમને જવા દઈશ નહિ."

### અધર્મનું સાતમું પગથીયું રાજ-બાળવધ.

આમ પુષ્કળ ખેંચતાણ થવા માંડી. એકની ના ને બીજાની હા. એમ ખેંચાખેંચી કરતાં બ્રાહ્મણે તે સ્ત્રીનો મૃદુ હાથ છોડાવી ચાલવા માંડ્યું. તે સીધો જ રાજધાનીમાં ગયો ને દરબારમાં કેમ પેસી શકાય તેની યુક્તિ શોધી કાઢી. બે ત્રણ દિવસ તેને લાગ મળ્યો નહિ. એક દિવસે રાત્રિના ચોરની પેઠે ખાતર પાડી, તે સદ્‌ગુણસેનના ઓરડામાં દાખલ થયો ને તેની બેભાન અવસ્થામાં ખભે ઉંચકી લઈ, ઝપાટાભેર તે સ્ત્રીના અવાસમાં શ્વાસભેર દાખલ થયો. સદ્‌ગુણસેનને જોઈને તે વેશ્યાને કલેજે પુષ્કળ ટાઢક વળી અને તે બાળક જાગી ઉઠે, તે પૂર્વે તેના હાથ પગ જકડી લીધા. પછી તે સ્ત્રીની આજ્ઞાનુસાર ચાંડાળની માફક હાથમાં શસ્ત્ર લઈને, તે બ્રાહ્મણ રાજહત્યા, વળી બાળહત્યા કરવાને તૈયાર થઈને ઉભો.

પણ જેને રામ રાખે તેને કોણ ચાખે! તે સ્ત્રી અતિ દુષ્ટા હતી: તેનું નામ જ મોહજાલી હતું; પણ આ સમયે તે પોતાની જ મોહજાલમાં બંધાઈ ગઈ! જેના મસ્તકપર હાથ મૂકે તે તાત્કાલ ભસ્મ થશે, એવા શંકરે આપેલા વરદાનને, વિષ્ણુની માયાથી મોહ પામી, ભસ્માસુરે પોતાના જ મસ્તકપર હાથ મૂકયો હતો ને તત્કાલ ભસ્મનો ઢગલો થઈ

પડ્યો હતો; તેમજ અનેકને મોહજાલમાં પકડવાને બળવાન્ એવી મોહજાલી અહુણાં મોહજાલમાં પડી. તેના હૃદયમાં કંઇક એવો ભાવ ઉદય થયો કે, આ બાળક કેદ છે, મારા હાથમાં છે, તેને હમણાં નહિ ને પછી મારીશું તો તેમાં કંઈ પણ હરકત નથી. આમ ધારીને તે બ્રાહ્મણને કહ્યું; "અહુણાં રહેવા દે, એને આવતી કાલે પ્રભાતમાં મારજે." બ્રાહ્મણની પણ તેવી જ ઇચ્છા હતી, તે પૂર્ણ થઈ. બાળકુંવર બચ્યો. તે બાળકુમારને એક ઓરડીમાં પૂરીને બન્ને ઘસઘસાટ ઉંઘી ગયાં.

બીજે દિવસે પ્રભાતના દરબારમાં કુમારના હરણની વાત ચર્ચાઈ ગઈ. ચોકીદારો પગલું કાઢતા મોહજાલીના મંદિરમાં પેઠા ને બંને પાપાત્મા નિશ્ચિતપણે ઘોરતાં હતાં તેવાં જ તે બંનેને ચતુર્ભુજ બનાવી દીધાં. પછી સદ્ગુણસેનનો પત્તો મેળવ્યો. તેના કહેવાથી ચોકીદારોએ જાણ્યું કે, અપરાધી બ્રાહ્મણ છે, પણ રાજાની પૂર્વની પટ્ટરાણી અપરાધી નથી, તેથી તેને એકલાને જ રાજધાનીમાં લઈ ગયા. બ્રાહ્મણનો ન્યાય કરવાને દરબાર ભરાયો. આખું નગર એ ન્યાય જોવા એકઠું મળ્યું. આ પ્રસંગે તે બ્રાહ્મણના ગુરુદેવ પણ દરબારમાં બિરાજ્યા હતા. પાંચ દશ દિવસમાં જ, બ્રાહ્મણનું મુખ શ્યામ રંગનું થઈ ગયું હતું, તેથી તે ઓળખી શકાય તેવો ન હતો–ગુરુજી પણ તેને ઓળખી શક્યા નહિ. લોકોના તિરસ્કાર વચ્ચે, ગુરુદેવ એક આસન ઉપર જઇને બેઠા ને આ નવીન સંન્યાસી બાવાજીનો શો ન્યાય થાય છે, તે જોવા લાગ્યા.

બ્રાહ્મણ નીચી નજરે પોતાના સ્વરૂપનો–પોતાના જ્ઞાનનો–સાથે સાથે પાપકર્મનો–વિચાર કરતો, આંખમાંથી ડળકડળક આંસુ પાડતો ઉભો છે. મહારાજા સદ્ગુણસેન સિંહાસન ઉપર બિરાજ્યા છે. તેની એક બાજુએ મુખ્ય મન્ત્રી અને બીજી બાજુએ મુખ્ય ન્યાયાધીશ બેઠા છે. ન્યાયાધીશના પૂછવાથી બ્રાહ્મણભાઇએ પોતાનો ઈતિહાસ ઇત્થંભૂત વર્ણવી બતાવ્યો. તે સાંભળીને સર્વ પ્રજા તેને ધિક્કારવા લાગી. બ્રાહ્મણનો શિરચ્છેદ કરવાની શાસ્ત્રમાં મના હોવાથી આ અપરાધીને શી શિક્ષા કરવી તેનો વિચાર ન્યાયાધીશ કરતો હતો, એટલામાં ગુરુદેવ ઉભા થઇને બોલ્યા; "હે રાજન્! હે પ્રજાજનો! હે ન્યાયાધીશ! તમે સાંભળો." આ પ્રસંગે ગુરુદેવ, પોતાના શિષ્યનું જ આ દુશ્ચરિત છે તે યથાર્થ જાણી ગયા તથા બહુ ખેદ પામ્યા. ગુરુદેવ શું કહે છે, તે સાંભળવાને સર્વ પ્રજા તત્પર થઈ. પછી ગુરુદેવ બોલ્યા; "આ મારો શિષ્ય

છે. એ કુમાર્ગગામીએ જે મહાભયંકર અપરાધ કર્યો છે, તેને માટે તે કર્મત્યાગી જેટલો દોષપાત્ર હોય, તેના કરતાં વિશેષ અપરાધિની તેની કર્મત્યાગવૃત્તિ ને અહંકારમતિ છે. એની અહંકારમતિનો નાશ કરવાને માટે મેં તેને અનેક પ્રકારે ઉપદેશ કર્યો હતો, પરંતુ એણે પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણ્યા વિના, 'હું જ પરબ્રહ્મ છું,' અને મારે પોતાને કોઈ પણ જાતનાં કર્મની સાથે સંબંધ નથી–હું તો કેવળ સાક્ષીભૂત છું–દેહ પોતાનાં કર્મ ભલે કર્યા કરે, તે સાથે આત્માને લેશ પણ લેપન નથી–એવી અહંકારવૃત્તિ જાગૃત થવાથી, નિત્ય કર્મમાં એ પ્રમાદી થઈ ગયો ને સર્વ નિત્ય નૈમિત્તિક કર્મોનો ત્યાગ કરી યથેચ્છ વિચરવાથી હાલનું ફળ તે ભોગવે છે. ધીમે ધીમે એ પરમાત્મા ને જીવનું સ્વરૂપ નૂતન પ્રકારે જ જોવા લાગ્યો; અને અલ્પજ્ઞાન તે અતિહાણ, એવી એની સ્થિતિ થઈ પડી છે, તે તમે જુઓ! જે સ્થિતિ વાસ્તવિક રીતે આ લોકના અનેક 'अहं ब्रह्मास्मि' થઈ બેઠેલા અલ્પ જીવની છે, તે જ આજે એની થઈ છે. બ્રહ્મવેત્તાને સર્વ ઉપાધિઓનો ત્યાગ કરવાની આવશ્યકતા છે ખરી, પણ કોને? જેને ધર્મથી, તપથી ને વૈરાગ્યથી સાધનચતુષ્ટય સિદ્ધ છે; આચરણથી ચિત્તશુદ્ધિ થઈ છે; ઉપાસનાથી વૃત્તિનિરોધ સિદ્ધ થયો છે; વૃત્તિનિરોધથી યોગ સિદ્ધ થયો છે ને પરમ સાક્ષાત્કાર અનુભવાય છે, તેને સર્વકર્મત્યાગ સંભવે છે. એવી નિરોધવૃત્તિ માટે એકાંતમાં રહીને ઇંદ્રિયોને ઉપરામવાની જરૂર છે. તેનું સ્મરણ આ મૂઢને જતું રહ્યું હતું. એ આત્મસ્વરૂપને વિસરી જઈને, અનાત્મપદાર્થનું સદા જ ચિંતન કરતો અને એ જ એને ધર્મમાંથી ભ્રષ્ટ થવાનું કારણ થઈ પડ્યું છે ને આજે ચાંડાળકર્મી બની, સર્વ સમક્ષ ઉભો છે. કર્મયોગ એ જ્ઞાનયોગના પ્રથમ પ્રવેશકને માટે સર્વમાન્ય ગ્રાહ્ય વિષય છે; કારણ કે જ્યાંસૂધી જગતનો જીવડો, સમ્પૂર્ણ કર્મના ભોગ ભોગવી, તેનાપ્રતિ તિરસ્કાર બુદ્ધિ ધરાવતો નથી, ત્યાંસૂધી તેના કર્મના ભોગ ભોગવાઈ ચૂકેલા ગણાતા નથી. જ્યારે ભોગેચ્છાને તૃપ્તિ મળે છે, ત્યારે જ તેમાં દોષ જણાય છે ને જેમાં દોષ જણાય છે તેનો પ્રતિકાર–સ્વીકાર જ થતો નથી, પણ તેથી જેમ ભૂતના ભયથી નાસે તેમ, જ્ઞાનયોગી નાસી દૂરનો દૂર રહે છે. પણ જે જીવનું ચિત્ત ધનમાં, કામેચ્છામાં, કીર્તિમાં, કલત્રમાં, વૈભવના ભોગમાં, જગતના વ્યવહારના અનેક ભોગમાં ચ્હોંટેલું હોય છે, તેમાં દોષ નહિ, પણ તોષનાં સાધન જોય છે; પણ

તેની પ્રાપ્તિમાં અસમર્થ છે-મ્હોડે ધન, માન, સ્ત્રી વૈભવનો તિરસ્કાર કરે છે, પણ ચિત્ત તો તેનો જ જાપ જપ્યું જાય છે, છતાં સંન્યાસનો ઢોંગ કરે છે, જંગલમાં જઈ રહે છે, અને અનેક લોકોને જ નહિ, પણ પોતાના આત્માને છેતરે છે કે મેં સર્વનો ત્યાગ કીધો છે, ને હવે હું '**शिवोहम्**' ને પ્રાપ્ત થયો છું! એવા જીવના પરમ હેતુની સિદ્ધિ ત્રણે-કાળમાં થઈ શકતી નથી. એટલું જ નહિ પણ તે પોતાના આશ્રમમાંથી ભ્રષ્ટ થઈને, તેનાથી પણ વધારે નિકૃષ્ટ આશ્રમનો ભોગી બને છે. પણ જે જીવ વિશ્વરૂપ સાગરમાં યાહોમ ડૂબકી મારી, વિશ્વના સર્વ પદાર્થોની નિઃસારતા જોઈ, પછી તરી આવે છે તે જ જીવ, સર્વને નિઃસાર જોયા પછી, તેના પ્રતિ, ક્ષણ પણ દૃષ્ટિ કરતો નથી. તેના મનમાં પ્રથમ ત્યાગની ને તે પછી સત્‌ની ભાવના જન્મે છે; તેમાં ખંતે મંડ્યો રહે છે, એટલે ધીમે ધીમે તેનાં વ્યાવહારિક કર્મો છૂટી જાય છે ને નૂતન નૂતન ભાવનાના ઉદ્‌ભવ પછી, તે પ્રાપ્ત કરી, શાંતિ ને સંતોષ પામી, જેમ ત્યાગ કરેલી વિષ્ઠા પ્રતિ કોઈ પણ કાળે લક્ષ્ય જ જતું નથી, તેમ તે અલક્ષી બનીને અલક્ષ્યમાં લીન થાય છે. પણ જ્યાંસુધી સર્વ ઇચ્છા–કામનાની તૃપ્તિ નહિ થઈ હોય, સર્વ કર્મમાંથી વિરામ પામવાની સ્થિતિમાં ન મૂકાયો હોય ત્યાંસૂધી, કર્મનો ત્યાગ એ બહુ અકલ્યાણકર્તા થઈ પડે છે ને પરમપદની પ્રાપ્તિના માર્ગથી ઉલટો પાછો પડે છે. '**सोहम्**'ની વાતો તો ઘણી સ્હેલ છે, પણ તેવા બનવું મુશ્કેલ છે. જ્યાં સૂધી મનુષ્યની સદ્‌ભાવનાએ વૈરાગ્ય ધારણ કર્યો નથી ત્યાંસૂધી ત્યાગનો વેશ એ અધોગતિનું જ સ્થાન છે. આટલા માટે, જીવને વ્યાવહારિક ને પારમાર્થિક કર્મોની ભાવનાનો વૈરાગ્ય થયો નથી, ત્યાં સૂધી વ્યવહાર ત્યાગ કરવાનો નથી. આ લોકનો જીવ જ્યાં સૂધી પરમતત્ત્વના શુદ્ધ સ્વરૂપનો જ્ઞાતા બન્યો નથી, ત્યાં સૂધી તેને કપાળે કર્મોપાસના ચોંટેલી જ છે અને તેમાં જ તેનું કલ્યાણ છે. પણ એ વિચારના ત્યાગથી ને વ્યાવહારિક કે પારમાર્થિક નિત્યના કર્મમાં પાછા પડવાથી એ પતિત થયો છે. પતિત થતાં ધર્મનાં પગલાં ઉત્તરોત્તર કેમ ચૂકી ગયો છે, તેનું ઈત્થંભૂત વૃત્તાંત અહુણાં જ આપ સજ્જનો સમક્ષ, તેણે સ્વમુખથી વર્ણવી બતાવ્યું છે. ધર્મનું પ્રથમ પગથીયું જ ચૂકવાથી એ કેમ ગબડતો ગયો છે, તે જુઓ! હેતુની સિદ્ધિ ક્યાં છે, તેના સંપૂર્ણ જ્ઞાન પૂર્વે જ, વ્યવહાર અને તેનાં કર્મનો ત્યાગ કીધો, અધિકારી ન છતાં,

જ્ઞાન સંપાદન કરવા ગયો–નિત્ય કર્મનો ત્યાગ કીધો અને અહંકારના સેવનથી એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ; બુદ્ધિ ભ્રષ્ટ થતાં ધર્મસેવન અને ગુરુ-સેવા પૂર્ણ કરવા માટે પરદ્રવ્યની લાલસા થઈ; પરદ્રવ્યના હરણથી સ્રીનો પ્રસંગ પ્રાપ્ત થયો; તે પ્રસંગ મળતાં ભોગેચ્છાની જાગૃતિ થઈ; કામવશ થતાં બ્રાહ્મણે અયોગ્ય મધુ પીધો; પશુહત્યા કીધી; માંસ ખાધું; પરસ્રી–રજસ્વલા–ચંડાળણી–શૂદ્રીનું સેવન કીધું; તેને રંજન કરવા ધીમરનું આચરણ કરીને મત્સ્યાહાર કીધો; દ્યૂતમાં હારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને તસ્કરની માફક રાજભવનમાં પ્રવેશ કરીને રાજા–જે ઈશ્વરાંશ છે–તેનું હરણ કરી, તેનો ઘાત કરવાને પણ તે તત્પર થયો. અહો! ધર્મનાં એક પગથીયાનું ઉલ્લંઘન કરનારની શી ગતિ! આ સંસારનો કોઈ પણ જીવ ધર્મનું એક પણ પગથીયું ચૂકે છે, તેની એ જ ગતિ છે. મહાત્મા પુરુષોનું વચન છે કે, नास्ति भ्रष्टे विचारः જે ભ્રષ્ટ થવા બેસે છે, તેને વિચાર જ હોતો નથી. विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः જુઓ, અહુણાં એને સંપૂર્ણ પરિતાપ થાય છે; અહંકારથી ઉત્પન્ન થનારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને એ અહુણાં તત્પર છે; પતિતપણાના તાપરૂપી દાવાનળની જ્વાળાઓથી એ અહુણાં તપી ગયો છે. આ ક્ષણે જ એને મૃત્યુથી પણ વિશેષ દુઃખ થાય છે; છતાં પણ એ જ્વાળાઓમાં ભસ્મ થવાને એ પરમ સુખ માને છે. સત્યત્યાગી સંન્યાસીના જીવન કરતાં, સત્યકર્મમય ગૃહસ્થ જીવનને એ શ્રેષ્ઠ ગણે છે! એને અધિકાર ન હોતો તે અધિકારી થઈ બેઠો, એને માટે સંતપે છે! હે રાજન્! એનો અપરાધ મોટો છે; પરંતુ જે પ્રાયશ્ચિત્ત એ અહુણાં કરે છે, તે હું પ્રત્યક્ષ જોઉં છું. એ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ ઘોર અપરાધી હોય તોપણ તેને દેહાંત દંડની શિક્ષા કરવાની શાસ્ત્રમાં આજ્ઞા નથી તેથી, આ મહાપાપનું પ્રાયશ્ચિત્ત ભોગવવાને એને દ્વાદશ વર્ષ પર્યંત વનચર માફક વનમાં વિચરવાની આજ્ઞા કરવી, એ યોગ્ય શિક્ષા છે.”

ગુરુદેવ પ્રતિ આખા નગરનો ને રાજસભાનો પૂર્ણ ભાવ હોવાથી, તેમની આજ્ઞા પ્રમાણે તે બ્રાહ્મણને તેનાં પાપ કર્મનું પ્રાયશ્ચિત્ત ભોગ-વવાને વનમાં મોકલી દીધો. સર્વ પ્રજાએ ગુરુ મહારાજની અને તેમના જ્ઞાનની અત્યંત પ્રશંસા કીધી અને સર્વને આશીર્વાદ આપતા ગુરુદેવ પોતાના આશ્રમે પધાર્યા.

“હે વત્સો!” શંકરસ્વરૂપ, કૈલાસની સમીપ બિરાજમાન મહા-

ત્માએ સુવિચારને કહ્યું; "પછી તે શિષ્ય વનમાં ગયો ને પોતાનાં મહા પાપનું દ્વાદશવર્ષ પર્યંત પ્રાયશ્ચિત્ત કરીને ઘોર તપવડે નિષ્કામ, અકામ, નિષ્ક્રિય, જીવ શિવની એકતાનું જ્ઞાન પ્રાપ્ત કરી, ગુરુદેવને શરણે આવ્યો. અહુણાં તે અકામ હતો, પૂર્ણ તૃપ્ત હતો, અસંગ હતો, દેહાભિમાન રહિત હતો, શાંત નિર્વિકાર, ક્રિયારહિત હતો. તેનું આવું સ્વરૂપ જોઈને ગુરુ પરમ પ્રસન્ન થયા અને શિષ્યને આશીર્વાદ આપી, પોતાની પાસે રાખીને, તેનામાં કંઈ ઉણપ હતી તે પૂર્ણ કરી, શુદ્ધ કાંચન જેવો બનાવ્યો. અવસાન આવતાં ગુરુ અને શિષ્ય બન્ને પોતપોતાની ગતિને પામ્યા.*

હિમગિરિના મહાત્માએ સુવિચાર અને છદ્મલિંગને સંબોધીને કહ્યું; "હે વત્સો! સંસારમાં રહેતા મનુષ્યોને ધર્માચરણ કરતાં કેટલી સાવધાનતાથી રહેવાની જરૂર છે, તે સંન્યાસી બ્રાહ્મણની ઉક્ત કથાથી તમે યથાર્થ રીતે સમજ્યા હશો. ધર્મશાસ્ત્રનાં-મહાપુરુષોનાં વચનની કદી પણ ઉપેક્ષા કરવી નહિ. મૃત્યુ પર્યંત કયારે ધર્મનું વચન-ક્રિયા ન ચૂકાય તેથી સાવધ રહી, ધર્મથી ધર્મનું સંરક્ષણ કરવું. જેણે સંપૂર્ણ વ્યવહાર ભોગવ્યો છે ને તેમાં દોષ જોયો છે, અને સંસારને અસાર જાણ્યો છે, તેજ સંપૂર્ણ વ્યવહારનો ત્યાગી બની શકે છે. ભોગ ભોગવ્યા વગરનો ત્યાગી, ત્યાગી નથી, પણ બેરાગી છે!, તે કદી પણ જિતાત્મા બની શકતો નથી. કામના-વાસના ભાવનારહિત બનતો નથી, બ્રહ્મસાક્ષાત્કાર યોગ્ય અંતઃકરણશુદ્ધિ કરી શકતો નથી ને અનન્યતાને પામતો નથી. જે બેરાગી છે તે ધર્મનું એક પણ પગથીયું ચૂકવાથી અવધિરહિત પતનને પામે છે. સંસારમાં રહેનાર જીવે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણાનો સંપૂર્ણ વિજય કરવો જોઈએ ને ધર્મમાં ક્ષણભર પણ પ્રમાદ કરવો નહિ; તેમ જે ભાવી નથી તે થવાનું નથી તથા જે ભાવી છે તે મટવાનું નથી, એવા વિચારને નહિ અનુસરતાં, ભાવીને મટાડવાનો પુરુષાર્થ કરીને ભદ્રપણાને પામવાનો પ્રયત્ન કરવો આવશ્યક છે. ધર્મસ્વરૂપના જ્ઞાતા જીવે વિવેક, વિરક્તતા, શમાદિક ગુણો સંપાદન કરવા, અદ્વૈતનો વિચાર કરવો, ચિત્તવૃત્તિનો નિરોધ કરવો, વાણીનો નિરોધ

---

* સ્મરણ બહાર ન થવું જોઇએ કે એ સ્થિતિ જન્માંતરે, અનેક પ્રકારે જ્ઞાનયજ્ઞ પૂર્ણ થવાથી થાય છે.

કરવો, નિરાશામાં* નહિ રહેતાં નિરિચ્છ રહેવું, નિત્ય એકાંતમાં રહીને ક્ષણે ક્ષણે સ્વસ્વરૂપનો વિચાર કર્યા કરવો, વાસનાનો ક્ષય કરવો, મનનો નાશ કરવો ને તત્ત્વજ્ઞાન માટે સતત પ્રયત્ન કર્યા કરવો—પછી ગૃહસ્થાશ્રમ ત્યજવો. જે વિવેકી છે; મન, વાણી ને કાયાને નિયમમાં રાખે છે, કર્મયોગ સિદ્ધ કરી ધ્યાનયોગમાં પરાયણ છે, કામ વાસનાનો નાશ કરનારો છે, વૈરાગ્યનો આશ્રયી છે, અહંકારને દળી નાંખનારો છે; તે જ શાંત અને નિત્યમુક્ત છે; તે ત્યાગનો અધિકારી છે; અને તે જ પરમ પુરુષને જુવે છે કે જે

मातृवत् परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥*

---

* જેની વૃત્તિ પરસ્ત્રીમાં માતા સમાન છે, જે પરદ્રવ્યને માટીના ઢેફા સમાન માને છે; તથા ભૂતમાત્રને પોતાના તુલ્ય જુવે છે, તે જ ખરેખરો જોનાર છે.

# ચતુર્થ બિન્દુ

## માયાપતિની માયા !

सम्भाव्येतरघटनापटीयसी सा ।
सम्मोहं जनयति विभ्रमेण माया ॥

અર્થ—અસંભવિત પદાર્થને ઉત્પન્ન કરવામાં ઘણી કુશળ એવી માયા વિભ્રમણ ઉપજાવીને જીવને મોહિત કરે છે.

પ્રભાત થતાં મુનિચક્ર ચૂડામણિ યોગીન્દ્રદેવ, આ દેહના કર્ત્તવ્ય-કર્મથી પરવારી, આસન ઉપર બિરાજમાન થયા છે. બે હાથ જોડી, સુવિચાર અને છદ્મલિંગ, મહાત્માનાં મુખચંદ્રમાંથી ઝરતા અમૃતનું પાન કરવાને અત્યંત જિજ્ઞાસુપણે સન્મુખમાં બેઠા છે, તેમની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે—એ મુમુક્ષુ જીવોને પરમપદ પ્રાપ્ત કરાવવા માટે—મહાત્માએ ઉપદેશનો આરંભ કર્યો.

મહાત્મા બોલ્યા; "પ્રિય વત્સો ! આ જગતના જીવોને પરમપદ—ચૈતન્ય સ્વરૂપ—આનંદસ્વરૂપ—અવિનાશી સ્વરૂપ પ્રાપ્ત કરવામાં અવરોધ કરનારી પરમાત્માએ પ્રેરેલી માયા છે. માયાનો મોહ એવો દૃઢ છે કે, તેમાંથી મહાન્ પ્રયત્ને પણ આ લોકના લાલચુ જીવથી છૂટી શકાતું નથી. એ મહામાયા એવી સમર્થ છે કે, જ્ઞાનીના ચિત્તને પણ બળાત્કારે આકર્ષણ કરી મહા મોહમાં હડસેલી દે છે. તે એવી અપાર છે કે, તેનું શુદ્ધ સ્વરૂપ દેવતાઓ તથા તેના દેવતાઓ પણ જાણી શકતા નથી ! તે અવ્યાકૃત પરમ પ્રકૃતિરૂપ છે, અવિદ્યારૂપી જે તિમિર અંતરમાં વ્યાપેલું છે, તેની તે ક્ષણે ક્ષણે વૃદ્ધિ કરે છે. એ માયાના સામર્થ્યનું વર્ણન કરવાને શેષ પણ શક્તિમાન્ નથી. તે અનેક રૂપે

જગતમાં વિસ્તરેલી છે. જ્યાં સૂધી જીવ અવિદ્યાને વશ રહે છે, અજ્ઞાન કાળના અંધકારમાં ગોથાં ખાય છે, અસત્‌માં સત્‌ને પેખે છે અને તેથી એ અસત્‌ને પ્રેમથી સેવવાને ઉત્સુક રહે છે, ત્યાંસૂધી એ મોહિની–માયા, સંસારના વમળમય સાગરમાંથી છૂટા પાડી, સુખદભૂમિમાં જઈ બેસવાને સમર્થ બનવા દેઈ શકતી નથી–મુક્તિના દ્વારપ્રતિ દૃષ્ટિ પણ કરાવવા દેતી નથી. સ્વસ્વરૂપનું અજ્ઞાન એ જ માયાનું સ્વરૂપ છે. જેને પરમેશ્વરનો બ્રહ્મનો, જીવ અને શિવના અભેદત્વનો, સંસારની અનિત્યતાનો સ્વયં બોધ થાય છે, તે જ એ માયાના પારને પહોંચવાને પ્રયત્નશીલ બની શકે છે. આત્મારૂપી અતકર્ય મોટા મહાસાગરમાં માયારૂપી એક નાનું સરોવર છે, તથાપિ તેની બલસત્તા પ્રગાઢ–અગાધ છે. એ માયાના પાશમાં બંધાયલો જીવડો, આ પ્રગાઢ–અગાધ સરોવરમાં સૂક્ષ્મ મચ્છરૂપ છે. પણ સરોવર પ્રગાઢ છે, તેથી તે તરીને પરમાત્મરૂપ પૃથ્વીપર આવીને શાંતિ પામી શકતો નથી; કેમકેઃ—

अग्रे वह्निः पृष्ठे भानू रात्रौ चिबुकसमर्पितजानुः ।
करतलभिक्षा तरुतलवासस्तदपि न मुञ्चत्याशापाशः ॥

"આગળ અગ્નિ બળે છે, પાછળ ભાનુ તપે છે, રાત્રે ચિબુક-હડપચી તથા ઘુંટણ પેટમાં ચાંપીને સૂઈ રહેવું પડે છે, ભિક્ષા માંગવા માટે હાથ શિવાય બીજું પાત્ર પણ નથી, અને વૃક્ષની છાયા નીચે સુવાનું છે, તોપણ જીવ આશાના પાશને છોડતો નથી,' એવી એ પ્રપંચકુશળ માયાની પ્રબળ શક્તિને લીધે પુરુષ અવિદ્યાના પાશમાંથી છૂટી શકતો નથી. ઉલટું એ પુરુષરૂપી મત્સ્ય, ધીમે ને ધીમે–અજ્ઞાતપણે–માયારૂપી એ મહાસરોવરના કળણમાં એવો તો ખુંપી બેસે છે કે, ગુરુરૂપી સમર્થ તારો તેને કાઢવાનો પ્રયત્ન કરે છે તોપણ, તે નિકળી શકતો નથી–પ્રસંગે તો અનેક માયાની મોહિનીમાં લીન થયેલા એ પુરુષને, સંસારરૂપી કાદવમાં ખુંપી બેસવામાં જ આનંદ રહે છે! માયારૂપી મહાસરોવરમાંથી બહાર નિકળીને રત્નાકરરૂપી વ્યાપક પરમાત્મભૂપ્રદેશમાં શો આનંદ છે, તેનું તો તેને જ્ઞાન જ થતું નથી; રે, જ્ઞાન કરાવનારાના વચનને તે મિથ્યા માને છે અને સચ્ચિદાનંદાત્મક ભૂમિવાસી પુરુષની ભેદભાવના નષ્ટ થવાથી, કેવી સ્થિતિ બની જાય છે, તેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હોવાથી, માયાએ કલ્પેલી સૃષ્ટિમાં સર્વ આનંદ છે, સર્વ સુખ છે એમ તે સમજે છે. સ્વપ્ન જેવી અજ્ઞાના-

વૃત કલ્પિત અહંતા મમતા, પોતાનાં પુત્ર, ઘર, સ્રી, ધન, કીર્તિ અને સગાંસહોદરમાં તેની બુદ્ધિ–સત્ય માની લેઈ–મૂઢની પેઠે તે જ્યાં ત્યાં ભમે છે; તમોગુણથી ઘેરાયલો રહી, અનિત્યને નિત્ય ને અનાત્માને આત્માતારક માની વિપરીત-ભ્રમિત બુદ્ધિથી ઘેરાઈ જઈ, દ્વૈતમાંજ આનંદ માની લે છે. તે એવો ભટકે છે કે, પ્રિય આત્મા–પરમ આત્મા કેવો અખંડાનંદવાળો છે, તેનું ભાન પણ, એ માયા કરાવવા દેતી નથી. અજ્ઞાનાવૃત માયાના મહાસમુદ્રમાં લચીપચી રહેલા એવા પુરુષને, આત્મ ભૂમિપર–પરમાત્માના સાક્ષાત્કારની ભૂમિપર–જે અદ્વિતીય આનંદ વ્યાપી રહેલો છે, જે સકળ સુખનું ધામ છે, જે સુખનો કોઈપણ કાળે અવધિ નથી, તેવા અવિનાશી નિત્યાનંદ સુખનો ભોક્તા થવાને, અને દેહ અને પ્રારબ્ધના યોગે, નૌતમ નિજ ભૂમિપર એ માયા શક્તિ, આવવાજ દેતી નથી. પણ જે પુરુષ એ માયાના મહાસમુદ્રને તરી, નિજ ભૂમિપર આવે છે તેને, સર્વ અદ્વિતીય, અનિર્વચનીય, પરમ પ્રકાશક, એવા પરમાત્મા–પરમ પુરુષ પુરુષોત્તમનાં દર્શન થાય છે ને પછી તેમાંજ વિલયને પામે છે. એ પરમાત્માનાં દર્શન, તેજ માયાનું અવ્યક્ત સ્વરૂપ છે ને વિલય તે તેજ રૂપ થવું તે. એ સ્થિતિને પ્રાપ્ત થવા માટે દ્વૈતનો વિનાશ થવો જોઈએ–જે વિનાશ માયાપતિની પ્રેરેલી અવિદ્યાવેષ્ટિત માયા થવા દેતી નથી. પણ જ્યાં દ્વૈતનો નાશ થાય છે, ત્યાં માયાપતિની પ્રેરેલી માયાની શક્તિ આવરણ કરી શકતી નથી. માયા એ મિથ્યા છે, એવો જ્યારે પુરુષને સાક્ષાત્કાર થાય છે, ત્યારેજ તે પોતાના અજ્ઞાન કાળમાં વ્યક્તરૂપી માયાને પ્રત્યક્ષ રીતે જૂવે છે. આ માયાનુંજ અવ્યક્ત સ્વરૂપ જોઈને, જે આનંદને પામે છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથીજ. જગતના આનંદ માત્ર તેના આનંદનો છાંટો પણ નથી. એ આનંદની મહાપવિત્ર સરિતા છળાછળ ભરેલી છતાં શાંત, નિર્મળ, મધુરી, આહ્લાદજનક છે. એ આનંદને જે ભોગવે છે, તેજ ભોગવી જાણે છે; છતાં જાણનાર જણાવી શકતો નથી, ભોગવનાર ભોગવાવી શકતો નથી, લેનાર આપી શકતો નથી કે લેવડાવી શકતો નથી. એ આનંદ-પ્રેમમાં જે મસ્ત થઈ રમે છે, તેને તો 'નિમ સર્વ નાશે રે, જ્યારે પ્રેમ તો વ્યાપે; નિદ્રા જેને આવેરે, તે ઉત્તર કેમ આપે'–એવી ગતિ બની રહે છે. એ આનંદરસ ઝીલનારા જીવ બહુજ થોડા હોય છે; કેમકે પરમાત્મા પ્રેરિત માયા દુર્લંઘ્ય છે. પણ જે પર-

આત્માના શુદ્ધ સ્વરૂપને, ભક્તિથી–યોગથી–જ્ઞાનથી જાણે છે, તેજ માયાને ઉલ્લંઘી જઈ, આ આનંદરસ ઝીલવા જાય છે.

વિદ્વાન, ગુણવાન, નીતિવાન જીવને પણ વિષયાભિમુખ જોતાં જ, નિજાનંદની વિસ્મૃતિ કરાવનાર એ માયા છે. બુદ્ધિનો સ્વલ્પ દોષ થયો કે, તે દ્વારા એ માયા સંસારના અધમ આગારમાં ઘસડી જઈને વિક્ષેપ પમાડે છે. જેમ વ્યભિચારિણી સ્ત્રી જ્યારે ઈશ્વરભજન કરે છે, તેનું સેવન કરે છે, અર્ચન કરે છે, વંદન ને દર્શન કરે છે, તે કાળે તે ક્રીડામાં ગમે તેટલી લુબ્ધ થાય છે તોપણ, પોતાના પ્રિયતમનું સ્મરણ થતાં તેના ભણી જ તેની વૃત્તિ જડાઈ રહે છે, તેવીજ માયાલુબ્ધ પુરુષની પણ શ્થતિ છે. અજ્ઞાની જીવ પ્રભુપ્રેમમાં સારો દિવસ લપટાઈ રહે છે, પણ એકાંત મળતાં, પ્રભુસ્મરણ ક્ષણભર દૂર થતાં–વિસરી જતાં, ક્ષણભર વિષયની વાસના પ્રકટી નિકળી કે, તાત્કાળ તેનાપર આવરણશક્તિ એવો તો ગાઢો અંધકાર પાથરી દે છે, કે જે આનંદ સ્વરૂપનું અલપ ઝલપ દર્શન થયું હોય તેની વિસ્મૃતિ કરાવી દઈ, માયામાં તેને દબાવી દે છે. દૂર કરેલો તળાવનો શેવાળ જેમ ક્ષણ માત્ર પણ દૂર રહેતો નથી, પણ પાછો પ્રસરી આવરણ પાથરે છે, તેમ જે પ્રાજ્ઞ જીવો સંસારના વિષયથી પરાઙ્‌મુખ થયા છે, તેઓ માયાની ભુરકીમાં ભોળવાઈ જઈ લાકડાને ભરોંસે મોટા મગર ઉપર બેસીને નદીને સામે પાર જવાની ઇચ્છા કરનારા જીવની પેઠે, વિષયાભિમુખ થતાં જ ડૂબી જાય છે. જગતના જીવોને એ માયાએ બહુ બહુ ભૂલાવ્યા છે–અનેક પ્રકારના ક્લેશો વેઠવા છતાં પણ એ માયામાંથી તેમનાથી મુક્ત થવાયું નથી. હવે એ માયાનાં અનેક સ્વરૂપો છે–સ્ત્રી, પુત્ર, ધન, દેહ, કીર્તિ, વિષયસુખ ઇત્યાદિ અનેક છે. પણ જે જીવની વૃત્તિવાસના, પુત્રપ્રેમ, સ્ત્રીપ્રેમ, ધનપ્રેમ, કીર્તિપ્રેમ–એવાં એવાં કર્મના વિલાસ–ભોગૈશ્વર્યથી પરાઙ્‌મુખ થાય છે, તે જ વૈરાગ્યને પ્રાપ્ત કરીને એ માયાનો નાશ કરવા સમર્થ બને છે; કેમકે વૈરાગ્યસંપન્ન પુરુષ, પ્રપંચનો ત્યાગ કરવાને સદાય ઉત્સાહી રહે છે; તે પોતાની સહાયતામાં શમ, દમ, ક્ષમા, આદિ ષડ્ગુણોને સશસ્ત્ર ને સુસજ્જિત રાખે છે, અને તેનાવડે માયાના સૈન્યનો પરાજય કરે છે. પણ અજાણ્યો જીવ, લીલથી ઢંકાયલા ખરા જળને ત્યજીને, મૃગતૃષ્ણા–ઝાંઝવાના જળને પીવાની ઇચ્છા કરે છે, તેમ પરમાત્માના સત્ય સ્વરૂપથી પરાઙ્‌મુખ થયેલો જીવ, ન જ્ઞાન, ન

વૈરાગ્ય, ન ભક્તિ, કશાનું સેવન ન કરી, માયામાં લુબ્ધ થઈ, તેનો પ્રેરાયલો પ્રેરાઈ, બાજીગરના નટવા પેરે, નૃત્ય કર્યો જાય છે.

માયા કેવી બળવાન્ છે; એ ઉપર પરમાત્મા અને શ્રી નારદની કથા બહુ જ જાણવા જોગ છે. એક સમયે દેવર્ષિ નારદજી પરમાત્માના ગુણગાનના આનંદમાં મસ્ત થયેલા નિજમંદિરમાં પધાર્યા. વાતના પ્રસંગમાં નારદજીએ કહ્યું; "હે ભગવન્! હે અવિનાશી! હે જગન્માત્રની લીલા વિસ્તારનાર! આપ કહેો છો કે 'મારી માયા અજિત છે;'—दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया। 'આ મારી ગુણમયી દૈવી માયા દુરત્યય છે;' અને આ આખું જગત્ એ ત્રિગુણી માયાની લટાછટાથી મોહ પામેલું છે, તેથી પરમાત્માના સ્વરૂપને જાણવાને સમર્થ થતું નથી; તો કહેો, આપની એ માયા કેવી છે? હું તે જાણી શકયો નથી. હે કૃપાસિંધુ! આપની માયાના સ્વરૂપનું મને દર્શન કરાવો!"

પરમાત્માએ કહ્યું; "હે નારદ! મારી માયાનો વિસ્તાર બહુ મોટો છે. દુષ્કૃતિ, મૂઢ, નરાધમ જીવો મારી માયાથી આવૃત થઈને એવા આસુરી ભાવમાં પડેલા છે, કે તેઓને એ માયાના પાશમાંથી છૂટવા સુદ્ધાંતનો સંકલ્પ પણ થતો નથી. એ માયા બે પ્રકારની છેઃ શુદ્ધસત્વા અને મલિનસત્વા—શુદ્ધસત્વા એ માયા અને મલિનસત્વા એ અવિદ્યા. શુદ્ધસત્વા માયાવેષ્ટિતના ચિત્તમાં એનું પ્રતિબિંબ પડવાથી જે દર્શન થાય છે, તે પરમ તોષ—પરમ આનંદ—પરમસુખ—પરમપદની પ્રાપ્તિ કરાવે છે; અને સત્વા તે પરબ્રહ્મના જ્ઞાનથી રહિત કરાવીને જીવને સંસારની જાળમાં વિંટાયલો—જેમ ગર્ભ વિંટાયલો રહે છે તેમ—રાખે છે. એ માયા મહાદુરત્યય—દુસ્તર છે. એમાંથી તારનારો તરાવવાનો પ્રયત્ન કરે છે—છોડવનારો છોડાવવાનો પ્રયત્ન કરે છે—તોપણ માયાની લટાછટાથી મોહિત થયલા પુરુષથી તેનો ત્યાગ કરી શકાતો નથી ને મને પ્રસન્ન કરી શકતો નથી. પણ જેણે અવિદ્યાનો તિરસ્કાર કરી, મારા સ્વરૂપને શોધ્યું છે—જાણ્યું છે, જોયું છે; એવો જ્ઞાની જ મને પ્રસન્ન કરે છે. નિત્ય દુષ્ટ કર્મ કરનારા, પાપાચારમાં મચી રહેલા, સાધુજનની ઉપેક્ષા કરનારા, ધર્મસાધનથી પરાઙ્મુખ, પ્રેમભક્તિથી રહિત, મારા ગુણગાન કરવાથી ભ્રષ્ટ, મોહમાં ભટકનારા મૂઢ જીવો, મારી પ્રેરેલી એ માયાનું સ્વરૂપ ન સમજવાથી જગતની જાળમાં લટ્ટુપટ્ટુ બની, અનેક જન્મે પણ છૂટી શકતા નથી. તેઓ તો ક્ષણિક સંસારસુખમાં, ધન, પુત્ર, દારા, પ્રપંચ,

અસત્ય ને કીર્તિમાં જ આનંદનો પ્રભાવ સમજી, જગતને સંસારને જ સત્ય માને છે અને તેમાં જ સર્વ આનંદનું–શ્રેષ્ઠ આનંદનું રહસ્ય સમજે છે, અને તેથી જ નિજાનંદનો આનંદ ભોગવવાને ક્ષણ માત્ર પણ ઇચ્છા કરી શકતા નથી, પણ તેમાં ને તેમાં જ ગુંચવાઈ રહેવાને પ્રસન્નચિત્તે ઉત્સુક રહે છે. એ જ મારી માયાનું પ્રગાઢ–અગાધ સ્વરૂપ છે.

"એ માયાનું સ્પષ્ટ સ્વરૂપ કામના છે–વાસના છે–અશુદ્ધ સંકલ્પ છે. એ કામનામાં લુબ્ધ થયેલો જીવ શમ, દમ, ઉપરામ, તિતિક્ષા, શ્રદ્ધા આદિ સાધનોની ક્ષણભર પણ જિજ્ઞાસા કરતો નથી; તેમ તેને અકામ, નિર્વાસનામય બનવાની ભાવના પણ થતી નથી. તેને શ્રેય અને પ્રેયનો વિચાર જ નથી. પણ જેને શ્રેય અને પ્રેય ભિન્ન છે, તે જ જગતની (સંસારની) વાસનાથી મુક્ત થઈ, પરમ આનંદનો ભોગી થાય છે. હે વત્સ નારદ! માયાનું સ્વરૂપ કેવું છે, માયાની મોહિનીમાં લોટપોટ થયેલો પુરુષ માયાને કેવી રીતે ઉપાસે છે, તેનું યથાર્થ દર્શન કરવું હોય તો, જંબુદ્વીપમાં આવેલા ભરતખંડમાં જા! તેની દક્ષિણ દિશામાં પ્રતિષ્ઠાન નામનું એક સુંદર નગર છે. તે નગરમાં માયાશંકર નામનો ગુણવાન્, વિદ્વાન્ ને નીતિમાન્, સર્વશાસ્ત્રનો જ્ઞાતા, છતાં માયાલુબ્ધ એક બ્રાહ્મણ વસે છે. તેને ત્યાં જઈને, મારી માયાનું સ્વરૂપ તું જો! એ માયાલુબ્ધ જીવને તેની સ્વેચ્છાથી માયાથી મુક્ત કરાવીને અત્ર લઈ આવવામાં તારું પરાક્રમ હું સમજીશ; અને ત્યારે જ તારા લક્ષમાં આવશે કે, મારી માયા કેવી દુરત્યય છે."

પરમાત્માની આજ્ઞા થતાં જ નારદજી પ્રતિષ્ઠાનપુર તરફ ચાલ્યા. માર્ગમાં આવતાં આવતાં તેમણે પોતાનું સ્વરૂપ બદલીને સંતનું સ્વરૂપ ધારણ કીધું. પછી માયાશંકરને ઘેર જઈ 'ભવતિ ભિક્ષાં દેહિ,' 'નારાયણ હરે'નો આશીર્વાદ આપી ઉભા રહ્યા. માયાશંકરના હૃદયપ્રદેશના કોઇક ખૂણાખોચરામાં જરાતરા શ્રદ્ધા હતી. અતિથિનો સત્કાર એ ગૃહસ્થનું કર્તવ્ય છે એનું જ્ઞાન હતું. પ્રભુ જ સર્વનું જીવન છે, તે એક, અદ્વિતીય ને નિત્યમુક્ત છે, તેનું જ સેવન, ભજન, પૂજન તારે છે, એવો વિચાર તેને નિત્ય થતો હતો. છતાં માયાપતિની માયાથી તે પરાઙ્મુખ નહતો; અને તે જ તેને મુક્તિના માર્ગ પ્રતિ પ્રયાણ કરતો અટકાવતી હતી. 'નારાયણ હરે' એવો શબ્દ સાંભળતાં જ, માયાશંકરે દ્વાર ઉપર આવીને, નારદજીને પ્રણામ કરી ભિક્ષા માટે નિમંત્રણ કીધું.

નારદજી ઘરમાં પધાર્યા. એટલામાં માયાશંકરની દુર્મુખી નામક સ્ત્રી ત્યાં આવી અને ક્રોધ કરીને બોલી; "અરે એ ડોસલા! વળી આ સાધુડા બાધુડાને ક્યાં તારા દાદાના ઘરમાં લાવીને નાંખ્યો; એ જોગટાનું હોઝરું ભરવાને દોઢ શેરનું બાફણું કોણ બાફશે? આ હું તો મહાદેવજીનાં દર્શન કરવા જાઉં છું ને કથા સાંભળ્યા વગર હમણાં આવવાની નથી- તારે ખવડાવવું હોય તો ખવડાવજે!" આમ બોલતી, દુર્મુખી સડસડાટ ઘરમાંથી બહાર ચાલી ગઈ ને નારદજી તો મંગળાચરણમાં જ, જે ગણેશ પૂજા થઈ, તેથી આભા જ બની ગયા. તે મનમાં વિચાર કરવા લાગ્યા કે; 'પરમાત્માએ મને માયાનું સ્વરૂપ જોવાને તો ઠીક મોકલ્યો!'

ક્ષણ પછી નારદજી મનમાં વિચાર કરવા લાગ્યા કે; "અહોહો! આ જગતની માયા કેવી દુસ્તર છે, તેનું સ્વરૂપ હું આજે જ જોઉં છું. સ્ત્રીઓને યજ્ઞ, દેવદર્શન, વ્રત, ઉપવાસ કે પરમુખથી કથા શ્રવણ કરવી; સાંસારિક કે ત્યાગી ગુરુની સેવા કરવી, એમાંનું કશુંએ ફળ આપતાં નથી; અને તેનું કલ્યાણે કરતા નથી. સ્ત્રી તો પતિસેવાથી જ સત્યલોકને પ્રાપ્ત કરી શકે છે. સ્ત્રીઓનો સત્ય ધર્મ તો પતિસેવા જ છે. સર્વ દેવમાં પરમદૈવતરૂપ સ્ત્રીને એકલો પતિ જ છે. એવા ધર્મની વિસ્મૃતિ કરીને, જે સ્ત્રી દેવદર્શન, ઈશ્વરપૂજન, કથાશ્રવણ વગેરેમાં બારણે બારણે ભટક્યા કરે છે, તેનું કોઈ પણ કાળે કલ્યાણ થતું નથી એવું વેદવચન છે, છતાં આ સ્ત્રી પોતાના પતિને નહિ કહેવા યોગ્ય વચનો કહી, ન કરવા યોગ્ય તિરસ્કાર કરી, કયા મહત્ફળને માટે ભગવાન્ શંકરનાં દર્શન ને કથાશ્રવણે જાય છે? પરમાત્માએ મને કહ્યું છે કે, આ બ્રાહ્મણ વિદ્વાન્ ને ગુણસંપન્ન છે, તો એની પાસેથી કથા શ્રવણ કરી, આત્માનું કલ્યાણ કરવાની એ સ્ત્રીએ ઇચ્છા કરવી જોઇએ, તેને બદલે, ભવભટકણના હવાતીયાં મારવાને એ ક્યાં દોડે છે? ખરેખર, પાદરનું તીર્થ, ઘરનો કર્માંતર કરાવનાર ગુરુ, ગામનો આચાર્ય, ઘરનું માણસ, એની કોઈ ગણના જ કરતું નથી. હરદ્વારમાં વસનાર, નિર્મળ ગંગાનાં સ્નાનને સ્વલ્પ ગણીને મણિકર્ણિકાના ઘાટને કલ્યાણકારી માને છે; ઘરનો ગુરુ ગમે તેવી ઉત્તમ ક્રિયા કર્માંતર કરાવતો હોય, છતાં અન્ય ગુરુની જ પ્રશંસા કરવામાં આવે છે; ગામનો આચાર્ય તત્ત્વજ્ઞાનની પરમ કથા કહે છે, તોપણ શ્રવણ કરવાને કોઈ જતું નથી, અને વિદેશથી આવતા સ્વાર્થી રામાનન્દ, ભીમાનન્દ, કે જે ગામના આચાર્ય સમાન

નથી, અલ્પ છે–લોભી છે, તેને શ્રવણ કરવા માટે લોકો દોડાદોડી કરે છે, અને વળી કહે છે કે, 'વાહ! શી મધુરી કથા કરે છે; જાણે એ સાંભળ્યા જ કરીએ!' જે મનુષ્ય અનેક જનોને સલાહ આપે છે, અનેકને ઉત્તમ માર્ગ દર્શાવે છે, અનેકનાં ક્લેશ દૂર કરાવી મૈત્રી કરાવે છે, તે પુરુષને તેનાં સ્ત્રી પુત્રાદિ કહે છે કે, 'જાઓ! જાઓ! તમારામાં કંઈ અક્કલ જ બળી નથી; તમારી અક્કલ હવે ઘરડી થઈ છે; તમે હવે બેઠા બેઠા માળા જપ્યા કરો!' વિદ્યા મેળવીને પ્રભુને જાણ્યા નહિ, શિષ્ય થઇને ગુરુને તોષ્યા નહિ, ને પત્ની થઇને પતિઆજ્ઞાનું પાલન કીધું નહિ, તેની વિદ્યા, શિષ્યપણું ને પત્નીપણું વૃથા જ છે."

આવો વિચાર કરતાં નારદજીને માયાશંકરે આસન આપ્યું. નારદજી બિરાજમાન થયા. માયાશંકર પોતાના નિત્ય કર્મમાં પ્રવૃત્ત થયો. નિત્ય કર્મ આટોપ્યા પછી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે, "હે દીનદયાળુ! હે ભક્તપ્રતિપાલક! આ દાસના ઉપર દયા કરીને આ સ્ત્રીથી હવે મને છોડવો. મારા કોઈ જન્મ જન્માંતરનાં પાપકર્મ ભોગવતાં હવે હું ત્રાસી ગયો છું. મારાથી હવે આ દુઃખ સહન થતું નથી. હે પ્રભુ! હું હવે તમારે શરણે છું. હે કૃપાસિંધુ! મને આ ભવસંકટમાંથી ઉગારો!' આવી તેની શુદ્ધ હૃદયની પ્રાર્થના સાંભળી નારદજી સમજ્યા કે, આ બ્રાહ્મણ તો સંસારથી કંટાળી ગયલો જણાય છે–એ કંઈ માયાલુબ્ધ જણાતો નથી–રે એનામાં તે માયાનું સ્વરૂપ શું જોવાનું હતું? તત્ક્ષણે નારદજીના કર્ણ પ્રદેશમાં શબ્દ સંચાર થયો કે, 'હે નારદ! ધીરજ ધર અને જે લીલા થાય તે જો, અધીરો ન બન.' પછી નારદજી નારાયણના નામનું રટણ કરતા આસનપર સ્વસ્થપણે બિરાજમાન થઈ રહ્યા.

મધ્યાહ્ન થતાં દુર્મુખી રઝળી રખડીને ઘરમાં આવી; માયાશંકરની પુત્રવધૂએ રસોઈ તૈયાર કીધી હતી, તેમાંથી એક થાળ પૂરી ધણીના મ્હોં આગળ મૂકી, ને બીજી થાળ નારદજીના મુખ આગળ પછાડી–તે એટલા જોરમાં પછાડી કે, નારદજીના વાટકાની દાળના છાંટાથી માયાશંકરનું શરીર ખરડાઈ ગયું. તે નમ્રપણે બોલ્યો, "કંઈ નહિ! બીજી દાળ મૂકો, તમને તો કંઈ પીડા થઈ નથી ને!" પણ કર્મ ધર્મ-યોગે પાછી દાળ લાવતાં, તે દાળનો ઉનો ઉનો વાટકો દુર્મુખીના પગપર પડ્યો ને ઓ ઓ કરતાં દુર્મુખીબાઈ બેસી ગયાં. તુરત જ માયાશંકરે ઉઠી તેનો પગ ધોવાને પાણી આણ્યું; પણ જેવું પાણી

પગપર થૂંક્યું કે, "રડ્યા! મને મારી બારી નાંખવી છે કે શું?" એમ બોલતી કે તે સ્ત્રીએ માયાશંકરને એવી લાત મારી કે, ડોસો ભીંતપર જઈને પડ્યો ને માથું ફુટી લોહી વહેવા લાગ્યું–દુર્મુખીએ તેની જરા-પણ દરકાર કીધી નહી–તે તો ડોસાને સરસ્વતી સંભળાવતી જ ગઈ. માયાશંકરે, જરાપણ ગુસ્સો કે ખેદ કર્યા વગર, પોતાને હાથે માથામાં ઘા બાજરીયું બાંધી, દુર્મુખીને પગે તેલ ચોપડી, પથારી પાથરી તેને તેપર સુવાડીને પછી પગપર બીજા ઉપચાર કરવા લાગ્યો. માયાશંકર ક્ષણે ક્ષણે દુર્મુખીથી છૂટવાની ઈશ્વરને પ્રાર્થના કર્યા કરતો હતો, અને એ જ સમે ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી હતી. તેની સ્ત્રી દુર્મુખી, આ દાઝ્યામાંથી વધારે માંદી પડી, એટલે માયાશંકર નારદજીની સેવા અર્ચા ભૂલી જઈ, સ્ત્રીની સેવા અર્ચા પૂજનમાં આખો દહાડો રોકાયલો ને રોકાયલો રહેવા લાગ્યો. દુર્મુખી ગાળ દે, મારવા ઉઠે, મ્હોંપર થુંકે, તેની માયાશંકર દરકાર કરતો ન હતો. માયાશંકર તે માયાશંકરજ હતો! બહારનો દેખાવ માયાત્યાગીના જેવો હતો, પરંતુ અંદરથી તો તે માયાનો રાગી હતો. દહાડે દહાડે સ્ત્રીનો મંદવાડ વધતો ગયો, અને માયાશંકર માયાનો વશ થઈને રડવા લાગ્યો: "અરે! મારું ઘર ભાંગી જવાને તૈયાર થયું. હાય! હાય! મારો સંસાર પડી ભાંગ્યો. રે રે! હું ઘડપણમાં રઝળી મુવો. ઓ મારા બાપ! હવે હું રખડી મુવો, મારૂં હવે શું થશે?" આમ બોલતાં બોલતાં ચોધાર આસું પાડી તે રડવા લાગ્યો. નારદજીએ કહ્યું; "બ્રહ્મદેવ! તમે તો નિત્ય નિત્ય પરમાત્માની પ્રાર્થના કરતા હતા કે, 'આ સ્ત્રીથી મારો છૂટકારો કરો!' તે તમારી પ્રાર્થના પરમાત્માએ સાંભળી છે–આજે તે તમારું કલ્યાણ કરે છે, તેમાં તમે શોક શાનો કરો છો? જે જન્મ્યું તે જવાનું જ છે. જન્મવાનો પર્યાય જ મૃત્યુ છે. હે બ્રહ્મદેવ! પ્રકૃતિ એ તો મરણ છે, અને જે વિકૃતિ છે તેને જ ડાહ્યા પુરુષો જીવિત ગણે છે. મહાત્મા વસિષ્ઠ મુનિએ શ્રીરામ-ભદ્રને ઉપદેશ કરતાં કહ્યું હતું કે, 'દોષરૂપી મુક્તાફળની માયાનો જેણે ત્યાગ કીધો છે, વડવાનળરૂપ કોપનો ત્યાગ કરીને જેણે વિવેકરૂપી શસ્ત્ર ધારણ કીધું છે, અનંગની પીડાથી જે જીવન્મુક્ત થયો છે, તેવા જ જીવને મૃત્યુ હણતો નથી; બાકીના સર્વે તો મૃત્યુથી હણાયલા જ છે. એવા મૃત્યુને માટે તમે શા માટે શોક કરો છો! તમે અને તમારી સ્ત્રી એક કાળે, એક સ્થળે, એક ગૃહે, જન્મેલાં નથી; અને તમારું મૃત્યુ

પણ નિરનિરાળુંજ નિર્માણ છે, તેમાં શોચ શો! જગતમાં એવી પણ કહેતી છે કે, બે કરા સાથે પડતા નથીઃ કાં તો તમે પ્રથમ મૃત્યુને શરણ થશો, કાં તો તે પ્રથમ મૃત્યુને શરણ થશે, એવું આદિ અનાદિનું નિર્માણ છે, તેને મિથ્યા કોણ કરી શકે એમ છે? હે ભૂદેવ! તમારા જેવા વિદ્વાન્ પુરુષે તો સંકટમાં શોક ન કરવો જોઇએ; તમારે તો સંસારથી ઉદાસીન રહેવું જોઇએ; કેમકે સંસારમાં પ્રીતિ કરવા યોગ્ય કોઈ સુખ તમને છે, એવું મને દેખાતું નથી. જે સંકટ તમને એ સ્ત્રી આપે છે, કુટુંબી સમક્ષ અયોગ્ય વચન ઉચ્ચારી તમારી માનહાનિ કરે છે; આ પુત્ર વધૂ સમક્ષ તમને હળવા પાડે છે; પતિ એ તો પરમેશ્વર તુલ્ય છે, તેને આ સ્ત્રી અનેક કુવચનોથી તિરસ્કારે છે, એવી સ્ત્રી ને એવા સંસારમાંથી મુક્ત થવાનો પરમાત્માએ તમને જે શુભ યોગ આપ્યો છે, તે સમયને માટે તમારે શોકને ત્યજી, હર્ષભેર તમારા આત્માનું કલ્યાણ કરી લેવાનો આ શુભ યોગ ઝડપી લો!" માયાશંકરે રડતાં રડતાં કહ્યું; "હે મહારાજ! તમારું બ્રહ્મજ્ઞાન અત્યારે રહેવા દો, ને મારું ઘર ભાંગી જાય છે તેને માટે કંઈ કરો. જો મારી સ્ત્રી આ મંદવાડમાંથી ઉઠશે તો હું સો બ્રહ્મભોજન કરાવીશ. સહસ્ર ગૌદાન આપીશ, લક્ષ ગાયત્રી જપીશ! ઓ મહાત્મા! આપની પાસે જો કંઈ જડીબુટ્ટિ હોય તો તે આપીને મારી સ્ત્રીને મૃત્યુના મુખમાંથી ઉગારો." નારદજીએ કહ્યું; "અરે ઓ મૂઢ! જ્યાં મૃત્યુ નિશ્ચિત છે, તેનું વારણ કરવાને કોણ સમર્થ છે? મૂઢ મનુષ્યજ જપતપને મૃત્યુના વારણનું કારણ કલ્પે છે. જો એમ મૃત્યુનું વારણ થતું હત તો કોઈ જીવ કાલપાશમાં પડતેજ નહિ." આ પ્રમાણે નારદજીએ ઘણો ઘણો ઉપદેશ આપ્યો, પણ માયામાં લુબ્ધ માયાશંકરના હૃદયમાં તેની જરાપણ ચટકી લાગી નહિ. જ્યારે તેની સ્ત્રી મરણ પામી ત્યારે તે ગાંડાની પેઠે યદ્વાતદ્વા બકવા લાગ્યો–'ઓ ઓ! મારું ઘર ભાંગી ગયું; મારું ઘડપણ રઝળી ગયું; રે મારી માંદગીમાં કોણ સાહેતા આપશે'–એમ અજ્ઞાનીપેરે આક્રંદ કરવા લાગ્યો; સ્ત્રીની ઠાઠડીને વળગી પડી ઉંચકતી અટકાવવા લાગ્યો; તેની પાછળ દોડવા લાગ્યો ને ચિતામાં ઝંપાપાત કરવાને પણ તૈયાર થયો! અહાહા! શી માયાની કૃતિ છે! આખી જીંદગીમાં એક પણ દિવસે તેના હૃદયને આનંદ પમાડે તેવો એક પણ શબ્દ જે સ્ત્રીના મુખમાંથી નિકળવા પામ્યો ન હતો, તે સ્ત્રીના ગુણો સંભારી

સંભારી ગાંડાપેરે માથું કૂટવા માંડ્યું! બે ચાર દિવસ તો ખાવાનું પણ ત્યાગ કીધું. નારદજી નારદજીને ઠેકાણે રહ્યા, ને માયાશંકર પ્રભુભજન ને નિત્યકર્મનો ત્યાગ કરી, દુર્મુખીના ગુણગાન કરી રડવા ને માથાં કૂટવામાં નિમગ્ન થઈ ગયો.

સ્ત્રીના મરણને એકાદ માસ થયા પછી નારદજીએ તેને કહ્યું; "હે બ્રાહ્મણ! આ અસારસંસારમાંથી મુક્તિ પામવાની પરમાત્માએ તારા ઉપર કૃપા કરી છે, તેનો તું લાભ લે. એ અલભ્ય લાભ માગ્યો મળતો નથી: તું સંન્યસ્ત ધારણ કર અને ઘરબારનો ત્યાગ કરી, આત્મ-સેવન કર. હવે તને કંઈ સુખ નથી, તારું વય પણ થયું છે, માટે સંસાર ત્યજી પ્રભુ ભજ ને આત્માનું કલ્યાણ કર!" માયાશંકરે કહ્યું; "મહારાજ! તમે બહુ સારું કહ્યું. મારા કલ્યાણ માટે આપના જેવા સંતનો સમાગમ એ અહોભાગ્ય છે! પણ જુઓની મહારાજ! આ મોટો પુત્ર તો રસ્તાસર પડ્યો છે; પણ આ બે નાના નાના બાળુડાઓ કોને આશ્રયે રહે! તેની કોણ સંભાળ લે! પુત્રની સ્ત્રી પણ હજી હલેતી છે, તેને ઘરના કાર્યભારની કંઈ પણ ગતાગમ્ય નથી; પૈસો કેમ ખર્ચવો, તેનું પણ જરાયે ભાન નથી; ઘરમાં બગાડ તો એટલો થાય છે કે, ન પૂછો વાત; તે જોઈ મારો જીવડો બળીજળી જાય છે, પણ શું કરું, મહારાજ! હજી હું છું તે કંઈક સંભાળું છું, પણ ન હઉં તો પૈસાના કાંકરા જ કરે. એવી સ્થિતિમાં તે કંઈ સંન્યાસ લેવાય મહારાજ! સંન્યાસને માટે તો હજી ઘણીવાર છે. પુત્રનો પુત્ર પણ હજી બાળક છે, તેની સંભાળ કેમ રાખવી, તે એની માને જરાએ ખબર નથી. હું જાઉં તો એ બધું કોણ કરે?" નારદજી બોલ્યા; "અલ્યા મૂર્ખાનંદ! જે જીવ કર્મેન્દ્રિયને વશ રહીને મનથી પણ ઇંદ્રિયોના વિષયોનું સેવન કરે છે, તે મૂઢાત્મા કોઈ પણ દિવસે પોતાના આત્માનું કલ્યાણ કરી શકતો નથી. તું એ બાળકોની ને બીજાઓની શું સંભાળ લેવાનો હતો! તારી પોતાની જ સંભાળ લેવાને તું અશક્ત છે તો બીજાની સંભાળ લેવાની વાતો કરવી, એ અજ્ઞાનતા જ છે. તારી સંભાળ કોણ લે છે તે તું જાણે છે? જે અનંતનો અનંત છે, સમર્થનો સમર્થ છે તે જ સર્વની સંભાળ લેવાને સમર્થ છે, ને તે જ સર્વની સંભાળ લેશે. એ ચિંતા તું રાખ નહિ. કોણ કોની સંભાળ લે છે ને તું શું સંભાળ લેવાનો હતો! માટે મુર્ખાઈ તજ ને પરમાત્માને શરણે ચાલ. રે અનાત્મ! કોણ કોને સંભાળે છે? તને જ

કોઈ સંભાળે છે કે? આ સુત, વિત્ત, તારા જીવનું કલ્યાણ કરનારાં નથી, પણ તને અધોગતિએ પહોંચાડનારાં છે. તેનો મોહ ત્યજી દે. અનેક શાસ્ત્ર ભણેલો હોય, આ દેહ નાશવંત છે એમ જાણનારો હોય, આત્મા અનાત્માના ભેદને સમજતો હોય, પણ એવા જીવના હૃદયમાં હેય અને ઉપાદેય ઠરીઠામ કરીને પડ્યું હોય, તેનું કોઈ પણ કાળે કલ્યાણ થતું નથી–પરમાત્માએ તેને ઓકારી કાઢી નાંખેલો છે, તેમાંથી તું બચ. આ નિ:સારની ચિંતા મૂકી દે–સૌ સૌનું લાગ્યું ફોડશે; અને તું તારું જ કલ્યાણ કર! આ લોકનું કોઈ પણ સાથે આવવાનું નથી–જેનું તે અહિં જ રહી જવાનું છે. માટે ચાલ, હું તને વૈકુંઠમાં લઈ જાઉં અને હમણાં ને હમણાં તારું કલ્યાણ કરું!"

બ્રાહ્મણે કહ્યું; "મહારાજ! એ તો બધું ખરું, પણ કહો, વૈકુંઠમાં શું સુખ છે? જે સુખ આ લોકમાં છે તે સુખ વૈકુંઠમાં છે ખરું! વૈકુંઠમાં તો એક દિવસ જવાના જ છીએ તો. આ પુત્રોને લાડ લડાવવાં, તેનાં લાડ જોવાં, પૌત્રોનાં કિલકિલાટ સાંભળવાં, લોકોને મુખે 'હું અહોભાગ્ય છું' એ કીર્તિ સાંભળવી, એ શું વૈકુંઠમાં છે? મહારાજ! સ્વર્ગમાં તો મટામટ છે! જે સર્વ છે તે અહિઆં જ છે. છતાં તમોજેવા સંત કહો છો તો વખત આવશે ત્યારે વૈકુંઠમાં પણ જવાશે!" એટલામાં પુત્રના પુત્રે આવીને દૂરથી જ ડોસાપર લાડ કરતાં કરતાં, છૂટો વાટકો ફેંક્યો, તેથી ડોસાનું નાક છુંદાવાઈ ગયું! નસકોરી ફૂટી ને ધડ ધડાટ કરતું લોહી વહેવા લાગ્યું. નારદજીએ કહ્યું; "ઓ બ્રાહ્મણ! આ જ તારાં છોકરાનાં લાડ કે! ખરેખર આવું સુખ તો વૈકુંઠમાં નથી જ–એ વાત ખરી." બ્રાહ્મણ બોલ્યો; "મહારાજ! તમને સંસારનો અનુભવ નહિ તેથી એમ કહો છો! દાદા, દાદા, કહી એ બોલાવે છે તે કેવું આનંદ ઉપજાવનારું છે! હજી બાળક છે, તેથી એને સમજણ નથી, પણ સમજશે ત્યારે ઘણો જ ડાહ્યો થશે! એની મા એને કેવી ડાહી ડાહી વાતો કહી સમજાવે છે, એ તમે જુઓ તો ચકિત જ થાઓ!" આ વાક્ય હજી પૂરું થયું નથી એટલામાં છોકરાની વહુએ આવીને કહ્યું; "ડોસા! ખાવાનું ઠંડું પડી ગયું, હવે તો મરો! હું ક્યાં સૂધી રોજ રોજ તમારી પીડા વેઠ્યા કરીશ. હું તો તમારાથી થાકી ગઈ–હવે તો તમે મરો તોએ સારા! તમારાં વૈતરાં તે હું ક્યાં સૂધી કર્યા કરું? બે વાર થાળ ભરી ઓરું છું, તો પણ ઇંચતાંએ આળસ આવે છે! મરો એટલે પીરસીને અમે નિરાંતે

ઘડીપળ જંપીએ. આવા જોગટાઓ જોડે રોજ ને રોજ વાત શી કરવાની છે કે, વેળા કવેળાએ જોતા નથી?" આમ બોલતી તથા અઘટિત ગાળો વરસાવતી છોકરાની વહુ ચાલી ગઈ. બ્રાહ્મણના નાકમાંથી લોહી વહે છે, તમ્મર આવે છે, લોહીથી મુખ બધું ખરડાઈ ગયું છે, તેને માટે તો એક પણ શબ્દ વહુજીએ પૂછયો નહિ ને નારદજી જોડે વાત કરવા બેઠો ને દીકરાએ લાડમાં છૂટો વાટકો માર્યો ને નસકોરી ફૂટી, તેથી ભોજનનો થાળ ઠંડો પડી ગયો ને વહુજીને વિલંબ થયો તે માટે, આ પુષ્પાંજલિ આપી. એ સર્વ નારદજી તો જોઈજ રહ્યા. તેણે કહ્યું; "હે બ્રહ્મદેવ! આ જ લાડકોડ જોવાને માટે તમે અહીંઆં જીવવા ચાહો છો ને આ જ સુખ તમને ઓવાઇનું લાગે છે કે? અને એજ સુખ ભોગવવાને, આ વહુ ને આ પૌત્રનાં સુખ જોવા માટે વૈકુંઠ તમને ગમતું નથી કે? હે મહારાજ! તમારા અજ્ઞાનને તે શું કહું! વૃદ્ધિને અંતે ક્ષય, ઉન્નતિને અંતે પતન, સંયોગને અંતે વિયોગ, પ્રેમને અંતે તિરસ્કાર અને જન્મને અંતે મરણ, એ જ આ સંસારની વ્યવસ્થા છે, તેમ જ રાગને અંતે વિરાગ જ છે. એ વિરાગ હજી તમને કેમ વ્યાપ્યો નથી? એ બધા પેલી કર્કશા માયાના જ પ્રતાપ છે! આ ઝાંસા લપકા પછી તમને અહિં રહેવું કેમ ગમે છે તે મને કહો! પણ તે જ પુરુષ ભાગ્યવાન્ છે કે, જેની ભોગલાલસા નાશ પામી છે. માટે હવે મારું માનીને, આ દુઃખાત્મક સંસારને છોડી મારી સાથે ચાલો." બ્રાહ્મણે કહ્યું; "ઓ સંત મહાત્મા! સંસારના રગડા તો એવા જ હોય. વહુ છે તો ઘણી ડાહી, પણ આ છોકરાએ કંઈ તોફાન કીધું હશે, તેથી ખીજવાઇને ગમે તે બોલી ગઈ. પણ એમાં શું? 'કુપુત્ર તો કદી હોય, કુમાતા કદાપિ નવ થાએ,' એમજ એના જેવા આપણે થઇએ ત્યારે એના મે આપણામાં ફેર શો? આપણી અધિકતા ને જ્ઞાન કામનાં શું? આપણો અનુભવ ને ઘડપણ શા કામનાં? સાધુ મહારાજ! મારું ઘડપણ ને એની જુવાની વચ્ચે ફરક હોય જ! જુવાની તે દિવાની છે ને જુવાનીનો જુસ્સો એવો જ હોય છે. દિવાનો માણસ ગમે તેમ બકે, તેને જેમ આપણે ગણકારતા નથી તેથી ગુસ્સોએ ચહડતો નથી, તેમ જુવાનના બોલ્યા સામા પણ જોવું નહિ. એ વહુના જેવી શાણી ને ડાહી તો અમારી આખી ન્યાતમાં કોઈ નથી. આડોશીપાડોશી તેનાં વખાણ કરે છે, તે તમે સાંભળ્યાં નથી, તેથી જ એ તમને ન્યાળજી જણાય છે. બાકી તમને

જો એનો અનુભવ થાય તો એનાં વખાણ કર્યાં વગર રહો નહિ." પછી નારદજીએ તેને ઘણી ઘણી રીતે બોધ્યો, પણ પત્થરપર પાણી! માયાના પાશમાં બંધાયલાને કંઈ પણ અસર થઈ નહિ.

કર્મસંયોગે નાકપર જે ઘા પડ્યો હતો, તેની બરાબર સંભાળ ન લેવાવાથી તે પાક્યો. તેમાં કીડા પડ્યા. ત્યારે નારદજીએ કહ્યું; "અલ્યા ભાઈ! હવે કંઈ વિચાર થાય છે ખરો? ચાલ, હું તને વૈકુણ્ઠમાં લઈ જાઉં." બ્રાહ્મણ બોલ્યો; "પણ મહારાજ! આ ઘરબાર, વાડી, ખેતર વગેરેની સંભાળ કોણ લેશે? તમે જોતા નથી કે, આ બધાં હજી બાળક છે. આ નાકે તો બે દહાડામાં સારું થઈ જશે, પછી આપણે વિચાર કરીશું, કે ક્યારે વૈકુણ્ઠમાં જવું."

આ જગતના જીવની અજ્ઞાનરૂપ હૃદયગ્રન્થિનો વિનાશ થયો નથી, ત્યાં સૂધી તત્ત્વવેત્તાનો ઉપદેશ ફળદાયી થતો નથી. જ્ઞાની મનુષ્ય જ ઝાંઝવાના જળ જેવા, ક્ષણમાં સત્ય ને ક્ષણમાં અસત્ય જણાતા સંસારમાં પ્રવૃત્તિ કરતો નથી, અજ્ઞાની તો સ્વપ્નવત્ જગત્-સંસારને સત્ય માની, તેમાં જ લીન રહે છે. અસત્ય પદાર્થમાંથી નિવૃત્તિ થવી, એ શુદ્ધ સાત્વિક વિદ્યાનું ફળ છે. અસત્ય પદાર્થમાં પ્રવૃત્તિ થવી, એ અવિદ્યારૂપ માયાનું ફળ છે. માયાશંકર અસત્ય પદાર્થમાં જ પ્રવૃત્તિ કરતો હતો, અસત્ય પદાર્થ ઉપર જ તેને પ્રીતિ હતી, અસત્ય પદાર્થને જ તે સત્ય માની બેઠો હતો. પણ ભ્રાંતિ પામેલા મનુષ્યને ભ્રમથી જે કંઈ પ્રતીત થાય છે, તે અધિષ્ઠાનથી જૂદું નથી. જેમ છીપમાં પ્રતીત થતું રૂપું છીપથી ભિન્ન નથી—સત્ય કહીએ તો આ સર્વ ભ્રાંતિથી જ જણાય છે ને આરોપિત થયેલું રૂપનામ માત્ર જ છે, સત્યરૂપ નથી. એ સત્યાસત્યનો વિચાર કરવાની શક્તિ, જે જીવની સર્વ વાસનાઓ નષ્ટ પામેલી છે, જેણે માયાનો પરાજય કીધો છે, તેમાં જ હોય છે. માયાશંકરે માયાનો વિજય કીધો નથી, તેના કર્મભોગ હજી પૂરા થયા નથી, સાત્વિક વાસનાનો જન્મ થયો નથી, શુદ્ધ સાત્વિક ભાવના બંધાઈ નથી, તો તે નાશવંત જગતનાં સુખ તથા અવિનાશી ધામના સુખની તુલના કેમ કરી શકે? હજી તે માયામાં લુબ્ધ છે. પુત્ર, સ્નુષા, પુત્રનાં બાળક, પોતાનાં બાળક, પૈસો ને કીર્તિમાં મોહિત છે. તેની મોહિનીમાંથી છૂટવાને તે આતુર જ ન હતો, પરમતત્ત્વનો જિજ્ઞાસુ જ ન હતો. આવા અજ્ઞાનીને નારદજી પણ શો બોધ કરી શકે? એ મટોડાના બાવાજીને તો શેષ

પણ ઉપદેશ કરવાને સમર્થ નથી, તેમ જ બ્રહ્મા, વિષ્ણુ, સનકાદિક ઋષિઓ પણ સમર્થ નથી, તો નારદ તે કોણ? માયામાં લુબ્ધ રહેનારા જીવની ગતિ માયામાં જ લુબ્ધ રહેવાની છે. વિષના કીડાને વિષમાં જ રહેવું ગમે છે.

માયાશંકરનું ઘાતું દુઃખ વધી પડ્યું. ખાવું પીવું બંધ પડ્યું. તેનો કાળ આવી પહોંચ્યો, પણ તેની માયાનો કાળ આવ્યો નહિ. આ દેહથી તે મૃત્યુ પામ્યો, પણ તેની માયા મૃત્યુ પામી નહિ. તે માયાને સાથે જ લઈને ગયો. ખરેખર આ સંસાર અત્યંત વિચિત્ર છે.

**कुरुते गंगासागरगमनं व्रतपरिपालनमथवा दानम् ।**
**ज्ञानविहीने सर्वमनेन मुक्तिर्न भवति जन्मशतेन.***

ઈશ્વરી લીલા અગાધ છે. પુત્ર, વિત્ત, દારા ઉપર માયાના જીવની લાલસા હોવાથી પોતાના પુત્રને ત્યાં જ તેનો મહિષરૂપે જન્મ થયો. તે જોઈને નારદજી ખેદ પામ્યા ને બોલ્યા; "અહો દુર્મતિની શી અવગતિ છે! ક્યાં આની વિદ્વત્તા, ક્યાં એનું માન, ને ક્યાં એનો ધનલોભ ને પુત્ર પરિવારપર મલિન પ્રીતિ! આ બધાનું ફળ આજે એ મહિષરૂપે ભોગવે છે. એ મહિષને તેનાપર ભાર ભરીને ભાડે ફેરવવામાં આવે છે. જ્યારે તે ઘરમાં રહે છે ત્યારે પોતાના પુત્ર, અને પૌત્રને પોતાના ઉપર બેસારે છે, મોંઢા આગળ આવવા દે છે, બાળકો માર મારતાં તે સહન કરે છે, છાંડ્યું છુંડ્યું જે કંઈ તેના મ્હોં આગળ નાંખવામાં આવે છે તે ખાય છે, ને કોઈ દહાડો ચારાના વાખા પડતા તો ભુખ્યો પણ ઠોકાય છે." તેની આવી કરુણાજનક સ્થિતિ જોઈને નારદજી તેની પાસે તેનું કલ્યાણ કરવાના હેતુથી પુનઃ પધાર્યા. તેના વાંસાપર હાથ ફેરવી બોલ્યા; "હે મહિષરાજ! કેમ કંઈ ઓળખ છે કે? હજીએ તમારું પોતાનું કલ્યાણ કરવાને વૈકુણ્ઠમાં આવવાની ઇચ્છા થાય છે ખરી? થતી હોય તો ચાલો મારી સંગે. હમણાજ તમને તેડી જઈ વૈકુણ્ઠનું સુખ બતાવું!" નારદના હસ્તસ્પર્શથી તે મહિષને વાચા થઈ. તે બોલ્યો; "હે

---

* "ગંગાસાગરમાં ગમન કરવાથી, વ્રતનું પરિપાલન થવાથી કે દાન દેવાથી, અથવા એ સર્વ કરવાથી પણ સો જન્મે જ્ઞાન વિના મુક્તિ થતી નથી." આ શ્રી શંકર ભગવાનનું વચન છે. એવું જ વચન એક ગુજરાતી કવિએ કહ્યું છે;—

"જ્ઞાન વિના મુક્તિ નહિ, નરદેહ વિના નવ હોય;
સદ્‌ગુરુ વિના વ્યાપે નહિ, કોટી કલ્પ સુધી જાય."

ભગવન્! આપ કોણ છો, તે મને પ્રથમ કહો." નારદે પોતાનું નામ નિર્દેશ કર્યું. મહિષરૂપમાં રહેલો બ્રાહ્મણ બોલ્યો; "અહો નારદમુનિ! બહુ સારું થયું કે તમારાં દર્શન થયાં. પણ એક વાતની મને ક્ષમા કરશો. તમે તો સદાય કુંવારા છો, તેથી સ્ત્રીનું, બાળ બચ્ચાનું ને પરિવારનું સુખ કેવું હોય છે, તેનું તમને કંઈ ભાન નથી. હું ને આ મારી ધણીઆણી (પતિને અનેક ન કહેવાનાં વચનો કહેવાથી દુર્મુખી પણ મહિષીના અવતારમાં જન્મી હતી ને તે મહિષની સાથે જ રહેતી હતી.) મહિષી સાથે આ પુત્રો, પુત્રના પુત્રો જે ગેલ કરે છે, તેમાં અમને જે આનંદ થાય છે, તેમાં તમો શું જાણો? એ સુખ મને થોડો કાળ ભોગવવા દ્યો, પછી હું વૈકુણ્ઠમાં આવવાનો વિચાર કરીશ." એટલામાં તો ધસમસતી ત મહિષી ત્યાં આવી ને મહિષને એવા તો જોરથી શિંગડું માર્યું કે, જે તેના પેટમાં સોંસરું પેસી ગયું ને તેમાંથી લોહી વહેવા માંડ્યું. અધુરામાં પૂરું એટલામાં તેના પુત્રો અને પૌત્રો આવી પહોંચ્યા. તેઓએ રમત રમતાં તેના ઘામાં લાકડી ઘાલીને તેને ખૂબ કુદાવ્યો ને તે જોઈને બાળકો ખૂબ હસવા લાગ્યાં. કરુણાસિંધુ નારદે મહિષનું આ દુઃખ જોઈને કહ્યું; "અરે ઓ મૂઢ! હવે આ સુખમાં તને કેમ આનંદ થાય છે? આને તું સુખ માને છે કે? આ સુખ ભોગવવાને હજી તને જીવવું ગમે છે? હજી તું માયાના પાશમાંથી મુક્ત થવાને ઇચ્છતો નથી? ઓ અનાત્મવિત્! તને ક્યારે આત્મજ્ઞાન થશે?" બ્રાહ્મણે કહ્યું; "મહારાજ! એ તો બધાં દેહનાં દુઃખો છે, આત્માને શું છે? આ બાળકોને જોઈને, આ મહિષી સાથે વિહાર કરીને, મારા આત્માને પરમ આનંદ થતો તમે જોવ છો, પણ આ આત્માને તો આમાંનું કશુંએ દુઃખ કે સુખ જણાતું નથી." માયાશંકર મહિષનું આવું શુષ્ક જ્ઞાન જોઈને, નારદજીને હોઠમાં હસવું આવ્યું, તેટલામાં મહિષરૂપી માયાશંકર બોલ્યો; "હું તો બ્રહ્મ છું! મને આ દુઃખની સાથે કંઈ પણ લેવા દેવા નથી. જીવ પોતે જ બ્રહ્મરૂપ છે. બ્રહ્મ ક્રિયા રહિત છે, સુખદુઃખ વિનાનું છે; એને દુઃખે શાનું ને સુખે શાનું?" એ વચન સાંભળીને અને તેનું 'અહં બ્રહ્માસ્મિ'પણું જોઈને, નારદજી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા; "આ તારા આત્મજ્ઞાનનો ઉપદેશ તો બહુ સારો! એવા આત્મજ્ઞાનને બાળી મૂક, ભસ્મ કર. આ નર્કની યાતનાને તું ભલે સુખ માન, પણ હે મૂઢમતિ! એ સુખ નથી. એ તારી મૂર્ખતા છે."

પછી ક્રોધ કરીને કહ્યું; "હે માયાશંકર! આ તારા આત્મજ્ઞાનને તથા આ તારા સુખને પાતાળમાં ચાંપ ને મારી સાથે વૈકુંઠમાં ચાલ, ને ત્યાંનું સુખ જો." માયાશંકરે કહ્યું; "મહારાજ! આ સુખ હવે મને થોડો વખત તો ભોગવવા દ્યો, પછી તમે કહેશો તેમ કરીશ."

માયામાં લદબદ થયેલા માયાશંકરની માયા, આટલું દુઃખ થતાં પણ છૂટી ન હતી—છૂટવાની ભાવનાએ થતી ન હતી. જેને સાત્વિક આત્મજ્ઞાન થયું નથી, તેની એ જ અવસ્થા થાય છે. આત્માનો નાશ કરનાર મલિન વાસના, કામ અને લોભ છે. એ કામ ને લોભનો જ્યાં સૂધી ત્યાગ થયો નથી ને સાત્વિક ભાવના દૃઢ થઈ નથી, ત્યાં સૂધી આત્મા નિર્વિકારી થતો નથી. હવે માયિક જીવને બુદ્ધિ હોતી નથી, તેમ સાત્વિક ભાવના પણ હોતી નથી; જેને સાત્વિક ભાવના નથી તેને શાંતિ નથી, જેને શાંતિ નથી તેને પરમ સુખે નથી, પણ પરમ દુઃખ જ ભોગવવાનું છે. મહિષને જે ઘા થયો હતો, તેની પીડાથી તે થોડે કાળે મરણ પામ્યો.

માયાશંકર મહિષનો ત્રીજો જન્મ શ્વાન યોનીમાં થયો. તે શ્વાન પોતાના પુત્રના ઘરની ચોકી કરવા લાગ્યો. બારણાપર બેસી રહી, છોકરાની વહુ જે કકડો ટુકડો નાંખે તે ખાઇને તે નિર્વાહ કરતો હતો. વખત બે વખત ઘરમાં તે જતો ત્યારે પુત્ર પૌત્રો કે સ્નુષા લાકડીથી તેનું એવું તો આદરાતિથ્ય કરતાં હતાં કે, તે ભોંભોંની બૂમ પાડીને નાસી જતો હતો પણ પુનઃ થોડીવારે પાછો આવીને ત્યાંનો ત્યાં જ બેસતો હતો. નાનાં બાળકો તેને મારતાં છતાં તે તેઓની સાથે ગેલ કરતો હતો; તેનું પૂછડું આમળતાં તોપણ ક્રોધ કરતો નહિ; તેના ઉપર બેસતાં, તોપણ તે ખુશી થતો હતો. આવી સ્થિતિમાં તે આનંદ માનતો હતો! ત્યાં પુનઃ નારદ મુનિ, તેની પાસે આવ્યા. તેને કહ્યું; "અરે ઓ માયાશંકર શ્વાન! તને હજુ વૈકુંઠમાં આવવાની ઇચ્છા થાય છે ખરી?" શ્વાને ક્રોધ કરીને કહ્યું કે; "હે નારદજી! હવે તમે પધારો મહારાજ! રોજ રોજ વૈકુંઠની શું વાત કરો છો? વૈકુંઠમાં તે એવું શું બળ્યું છે કે, મને ત્યાં આવવાનું કહો છો? આ પાંચ દશ શુની સાથે રમવું, તેમાં પ્રમુખ થઈને ચાલવું, તેના ઉપર હુકમ કરવો, વાંકી ચુંકી ચાલે તો તેને બટકાં ભરવાં, એ સુખની મઝા તમે કંઈ જાણો છો ખરા? એ તો જે જાણે તે જ જાણે. અજાણ્યાને એનું જ્ઞાન ત્રિકાળે પણ થાય એમ નથી. હું તમારી સાથે આવું તો આ મારા પુત્રના ઘરનું રક્ષણ કોણ કરે? તમને

ખબર નથી મહારાજ! પણ ગઈ કાલે તો ગજબ થયો હતો. ચાર ચોર મારા પુત્રનું ધન હરણ કરવાને આવ્યા હતા. હું જો ન હોત તો તેઓ મારા પુત્રને બાવો બનાવીને ચાલ્યા જાત. મેં જેવા ચોરને જોયા તેવી જ મારી શુનીઓને* જાગૃત કરી દીધી ને અક્કેકે જઇને એકએકના પગે એવું તો બચકું ભર્યું કે, ચારે ચોર બરાડા પાડતા નાસી ગયા. મહારાજ! હું તમારી સાથે આવ્યો હત, તો મારા પુત્રની શી હાલત થાત? તેના ધનની કોણ સંભાળ લેત? આઠમા દહાડાપર પેલી નાની છોકરી, જે મને પ્રાણ સમાન વહાલી છે, તે પાસેના તળાવમાં પડી ગઈ હતી. જો હું ન હોત તો તે બિચારી ડૂબીને મરણ જ પામત. જેવી તે પાણીમાં પડી કે મેં ભુસકો માર્યો; અને જરા પણ ઇજા આવ્યા વગર તેને કંદોરા આગળથી પકડીને હું ઉપર તરી આવ્યો ને તેના પ્રાણનું રક્ષણ કીધું હતું."

નારદે કહ્યું; "અલ્યા! કોના પુત્ર ને કોની પુત્રી! તું શ્વાન ને એ મનુષ્ય! તારે ને એને શો સંબંધ? તારા અનેક જન્મ થઈ ચૂક્યા છે, તેનાએ અનેક જન્મ થઈ ચૂક્યા છે. ઋણાનુબંધે તું ને એ ગત જન્મમાં ભેગાં થયાં; તારું ને એનું ઋણ પૂરું થયું, હવે તારે અને એને શો સંબંધ, કે મારો પુત્ર, મારી વહુ, મારા પૌત્રો, મારું ધન, એમ બક્યા કરે છે? જો તારો ને એનો સંબંધ હોય તો, આ તારો પુત્ર તને પિતા માને છે ખરો? અને પૌત્રો તને દાદો માને છે ખરા? અને સ્નુષા તારો આદર સત્કાર કરે છે ખરી? જો, જો, તે તો ઘરમાં બેઠાં બેઠાં મધુરાં ભોજનોનો આહાર કરે છે અને તને તો પેલું છાંડ્યું છુંડ્યું નાંખ્યું છે. જો, તારું શ્રાદ્ધ કરે છે, પણ તને ખાવાનુંએ આપતાં નથી. 'મારા પિતાજી બહુ સારા હતા' એમ બોલી તારો પુત્ર તારી પ્રશંસા કરે છે અને તે જ ક્ષણે તને લાકડીનો સપાટો પણ મારે છે! બોલ, તારે ને એને સંબંધ શો? તું જે ધનનું રક્ષણ કરે છે, તેમાંથી એક દમડી સુદ્ધાંત તને આપતા નથી, તો તારું ધન ક્યાં છે? જે ઘરની તું ચોકી કરે છે તેમાં તને પ્રવેશ કરવાનો પણ અધિકાર નથી, તો પછી તારું ઘર ક્યાં? ઓ અનાત્મવિત્! તારી વિદ્યા ક્યાં બળી ગઈ? તું લોકોને ઉપદેશ કરતો હતો, તે તારો ઉપદેશ તને તો કંઈ પણ ફળદાયક થઈ પડ્યો નથી. તેં અનેકને ઉપદેશ કર્યો હતો કે, પરમા-

* શુની-કુતરી.

ત્માને જાણો, ભજો, તેને વંદન કરો, તેજ સર્વ સુખનો દાતા છે, તેજ આ સર્વ લોકને તારવાને સમર્થ છે. આ સંસાર દુઃખરૂપ છે, તેની મમતા ત્યજો, તેનાપર મોહ ન રાખો. એ મોહથી નર્કમાં જવાનાં સાધન સધાય છે, તમે એક અદ્વિતીયને ભજો, સર્વ ધર્મનો પરિત્યાગ કરીને એક તેનેજ શરણે જાવ—એજ સર્વ પાપમાંથી નિવૃત્તિ આપનાર છે! એ તારો ઉપદેશ તને કંઈ પણ ફળદાયક થઈ પડ્યો નથી, એ શું? તુંજ શ્રુતિ વચન બોલતો હતો કે, 'જેવું જે કરે છે, જેવું જે આચરે છે, તેવોજ તે થાય છે;' તે વચનને તેં કંઈ પણ સાર્થક કીધું નથી. રે મૂર્ખ! તારી અવગતિ થયા છતાં પણ હજી તું માયાથી મુક્ત થઈ શકતો નથી. ખરેખર! ચક્ષુ જેમ શબ્દને જોઈ શકતું નથી, કર્ણ જેમ નાસિકાના વિષયને ગ્રહણ કરી શકતી નથી, એમજ ભૌતિક દૃષ્ટિ—પરમાત્માને જોઈ શકતી નથી. ખરેખરા અજ્ઞાની, અશ્રદ્ધાવાન્ ને માયામાં લુબ્ધ જીવ વિનાશનેજ પામે છે. આ લોકમાં તે સુખ પામતો નથી અને પરલોક તો તેને માટે છેજ નહિ—તેવું તેનું પ્રારબ્ધ નથી, પુરુષાર્થ નથી—ક્રિયમાણે નથી. હે અધમ! હે માયાના પાશમાં બંધાયલા! આ દુઃખોદધિ તરાવવાને માટે હું આવ્યો છું, હું પાછો જાઉં નહિ, એટલામાં તું મારી સાથે આવવાને તૈયાર થા ને મારા સમાગમનું ફળ પ્રાપ્ત કરી લે!" માયાશંકર શ્વાન બોલ્યો; "મહારાજ! તમે કહ્યું તે તો ઠીક છે, પણ મેં કહ્યું તેનો તો તમે જરાય વિચાર કર્યો નહિ! હું આવું તો મારા પુત્રના ઘરનું રક્ષણ કોણ કરે? કોઈ લુંટી જાય તો હું શું કરું?"

નારદજીએ કહ્યું; "અલ્યા તારો પુત્ર ક્યાં ને તારું કુટુંબ ક્યાં? તારા પુત્રો ને તારું કુટુંબ તો આ શ્વાન અને શુનીઓ છે!" માયાશંકર બોલ્યો; "પણ પૂર્વજન્મના તો મારા પુત્રો ને સગાસહોદર ખરા કે નહિ?" નારદજીએ કહ્યું; "પણ આ જન્મમાં તારે ને તેને શો સંબંધ છે? એવો તો અનેક જન્મમાં તારો પુત્રપરિવાર હતો, તેનું તને આજે સ્મરણ નથી, અને આ પુત્ર પરિવારને ક્યાં સંભારે છે! પુનામક નરકમાંથી તારે તે પુત્ર. તારા પુત્રે તો તને પુનામક નરકમાંથી તારવાનો યત્ન કીધો નથી, પણ તું પંડે આજે તારી મલિન વાસનાને યોગે નર્કમાંજ પડ્યો છે, ને એ નરકનું સુખ તને આનંદ આપે છે!" માયાશંકર બોલ્યો; "મહારાજ! હજી તમને આ જગતની લીલાની ખબર નથી. સ્નેહ

અને સગપણ તો થુવેરીઆના જેવું છે. નિર્જળ સ્થળમાં પણ પડ્યું પડ્યું તે પલ્લવિત થાય છે. સ્નેહની સાંકળ કંઈ તોડી તોડાતી નથી, ને છોડી છોડાતી નથી. હું આ પૌત્રનો પિતામહ નથી; પરંતુ તે મારા પુત્રના પુત્ર તો છે જ! તેનો સ્નેહ હું ત્યાગ કરી શકતો નથી. હમણાં તો મહારાજ માફ કરો; મારી વૈકુંઠ આવવાની ઇચ્છા નથી; અગાડી જોઈ લઈશું."

માયાની આવી પ્રબળતા જોઇને નારદજી ચકિત થઈ ગયા. પછી તે શ્વાનને અને તેના કુટુંબને તજી દઇને આકાશમાં ગમન કરતા કરતા વિચાર કરવા લાગ્યા કે; "ઓહોહો, પરમાત્માની માયાનું બળ કેટલું પ્રબળ છે! માયાના પાશમાં જકડાયલો જીવ, મારા જેવાનો સમાગમ થયા છતાં પણ, સત્સંગ પ્રાપ્ત કરી શકતો નથી; માયામાંથી છૂટવાનો સંકલ્પ કરતો નથી. જે શાસ્ત્રવિધિ છોડી સ્વચ્છંદપણાથી વર્તે છે તે સિદ્ધિને પામતો નથી, સુખને પામતો નથી અને પરમગતિને પણ પામતો નથી, એવું માયાનું આવરણ ગાઢ પ્રગાઢ છે.* અહો, પરમ પરમાત્મા! તારી માયાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ!"

કેટલેક કાળે માયાશંકર નામક જીવ, શ્વાન દેહમાંથી મુક્ત થયો. તે જરાયુજ યોનિ ત્યાગ કરીને અંડજ યોનિમાં નરકના કીડારૂપે અવતર્યો! એ દેહમાં તે જીવ અનેક કીડા સંગે રહીને આનંદ ભોગવતો હતો. પુનઃ નારદજી તેની પાસે પધાર્યા અને તેના ઉપર નિર્મળ જળ છાંટી કરુણાદૃષ્ટિથી કહ્યું; "હે દુરાત્મા! હે અજ્ઞાનાંધકારમાં ડૂબી ગયેલા માયાશંકર! કેમ હવે તારા સુખની કંઈ સીમા છે ખરી? આ સુખમાંથી મુક્ત થવા માટે હજીએ તારી આત્મદૃષ્ટિ ખુલશે કે નહિ? તારા મનની સ્થિતિ સુધરશે કે નહિ? આ નરકમાં પડવામાં અને રહેવામાં તને હજી પણ આનંદ આવે છે? હવે તું ગમે તેમ બોલ, પણ મેં નિશ્ચય કીધો છે કે, આ વખત તો હું તને બળાત્કારે પણ વૈકુંઠમાં ઘસડી જઈશ ને તારી અનાત્મબુદ્ધિનો વિનાશ કરીશ ને મારાં દર્શનનું યથાર્થ ફળ આપીશ. આ સ્થિતિમાં વધુ કાળ તને રહેવા દઈશ નહિ."

કીડાના રૂપમાં રહેલા માયાશંકરે કહ્યું; "હં! હં! મહારાજ! જો જો, કંઈ એવું ઉંધુંચત્તુ કરતા નહિ. અહિં મને એવું શું દુઃખ છે કે,

* શ્રી ગીતા.

તમે મને વૈકુંઠમાં લઈ જવાને ઇચ્છો છો? આ વિષ્ઠાના કીડારૂપે રહેલો હું, મારા પુત્રના ખેતરના ખાતરરૂપે પૂરાઇને, તેને ફળ આપવાને ચાહું છું. એ કામ મને પૂર્ણ કરવા દો!" નરકના દુઃખથી પણ વિશેષ કષ્ટદાયી કીડાના દેહમાં પણ તેની માયિકવાસના જોઈને, નારદજીને ભારે ખેદ થયો. છતાં તેના આક્રંદ અને કલ્પાંતનો કંઈ પણ વિચાર કર્યા વિના, પોતાની યોગસિદ્ધિવડે ઉપાડીને, ગંગાના દિવ્ય જળમાં તે જીવને પધરાવ્યો ને ગંગાજળનો સ્પર્શ થતાં જ, માયાલુબ્ધ જીવ, માયાશંકરની માયાનો વિનાશ થઈ ગયો. પછી તેને પોતાની સંગે લઇને પરમાત્માનાં દર્શને પધાર્યા. નારદજીએ પરમાત્માને પ્રણામ કરીને કહ્યું; "હે જગદીશ્વર! હે મહાપ્રભુ! હે ચક્રને ચલાવનારા! આપ ખરેખરા માયાપતિ છો! મેં આપની માયાનું યથાર્થ દર્શન કર્યું! એ માયા દુસ્તર જ છે! જે આપને પ્રાપ્ત કરે છે, તેજ એ માયાને તરી જાય છે! આપની નિર્મિત એ માયાની શક્તિ એટલી અગાધ છે કે, તેના પાશમાં જે જકડાયો, તે છૂટવાને અશક્ત જ બની જાય છે. ચિત્ત જેમ પોતાના ભાનના નિર્વાહને માટે સમર્થ છે, ભેદ જેમ ભેદના નિર્વાહને માટે સમર્થ છે, તેમ પોતાના અને અન્યના નિર્વાહને માટે સમર્થ અને સંભાવનાથી પણ પેલીપારની ઘટના ઉપજાવવામાં કુશળ એવી માયા વિભ્રમ થકી મોહ ઉપજાવે છે. સ્વસ્વરૂપના સહજાનંદમાં સદા વિહરતા નિઃસંગ યોગીઓ જ એ માયાના પારને પહોંચી શકે છે. જગતના જીવની માયા તરવાની ગતિ સ્વસ્વરૂપના જ્ઞાન વગર અશક્ય જ છે." તે પછી નારદજી પરમાત્માનું ભજન કરતા કરતા અને વીણા વગાડતા વગાડતા, વિશ્વમાં વિહરવા માટે ત્યાંથી પ્રયાણ કરી ગયા."

યોગીન્દ્ર મુનિએ માયાનું પ્રાબલ્ય અને શક્તિની આ સુંદર કથા કહ્યા પછી, સુવિચારે પૂછ્યું; "મહારાજ! આ જીવ તો માયામાં ઠેઠના ઠેઠ સૂધી લુબ્ધ જ રહ્યો હતો; છતાં તે પરમ ગતિને કેમ પામ્યો?" યોગીન્દ્ર મુનિ બોલ્યા; "હે વત્સ સુવિચાર! એ દેવર્ષિ નારદના સત્સંગનું ફળ છે. કુટુંબ પરિવારની માયા સિવાય બીજાં તેનાં કર્મ શુદ્ધ હતાં, તેથી જ તેને વૈકુંઠ લેઈ જવાની શ્રીનારદજીને ઇચ્છા થઇ હતી ને લેઈ ગયા હતા. એ કંઈ મુક્તિ નહોતી, પણ ત્યાં રહી તે જીવ કાળે કરી મુક્તિને પામ્યો હતો. જેમ અજામિલ, માત્ર નારાયણના નામસ્મરણથી જ તરી ગયો છે, તેમ જ માયાશંકર પણ મહર્ષિ નારદનાં દર્શન

તથા ઉપદેશશ્રવણના પ્રતાપથી જ તરી ગયો છે. જે મોક્ષનો જિજ્ઞાસુ છે તેવા આ લોકના જીવે, માયાની સપ્ત ભૂમિકાનો વિજય કરવા માટે, નિત્ય મથન કર્યા કરવું જોઇએ. પ્રથમ ભૂમિકા કીર્તિ, બીજી ભૂમિકા શ્રી, ત્રીજી ભૂમિકા વાણીવિલાસ, ચોથી ભૂમિકા સ્મૃતિ, પાંચમી ભૂમિકા મેધા, છઠ્ઠી ભૂમિકા ધૃતિ અને સાતમી ભૂમિકા ક્ષમા છે. જેને મુક્તિની કામના છે તેણે કીર્તિ ને ધનનો ત્યાગ કરવો, વાણી વિલાસમાં નિઃસ્પૃહ રહેવું, ભોગવેલા વિષયની સ્મૃતિ કરવી નહિ, બુદ્ધિથી પરમાત્માને જાણવાનો પ્રયત્ન કરવો, પરમાત્માના સ્વરૂપને આત્મામાં ઠસાવીને આત્મા પરમાત્માનું પરિશોધન કરવું અને ક્ષમાવૃત્તિથી જગતને જોવું. વળી તેણે દ્વૈતનો ત્યાગ કરી અદ્વૈતરૂપે રહેવાનો પ્રયત્ન કરવો—એ જ માયાનો વિજય છે. જે જીવ એ માયાનો વિજય કરે છે, તે જીવને આ લોકની માયા—અવિદ્યા પરાજય કરી શકતી નથી; પણ શુદ્ધ સાત્વિક માયામાં પરમાત્માનાં ચરણકમળનું સતત સેવન કરવાને સમર્થ બનાવે છે. માયાનાં અનેક સ્વરૂપો છે, તે સર્વથી સુરક્ષિત બનવામાં પુરુષાર્થ પરમ છે. માયાની એવી તો પ્રગાઢ શક્તિ છે કે, ગમે તેવા જ્ઞાનીને પણ તે મોહ ઉપજાવીને પોતામાં લટ્ટુ બનાવી દે છે, તે જ્ઞાન વિજ્ઞાન સર્વનો નાશ કરી નાંખે છે. મહાન્ વિજયી ભલે હો, પણ જે માયાને જિત્યો તે જ જિત્યો, તે જ જીવ્યો, તે જ તર્યો ને તેણે જ પરમ પદ પ્રાપ્ત કીધું, અન્ય તો જીવતાં છતાં મુવા સમાન છે; જિત્યા છતાં જિતાયલા સમાન છે; તેના જ્ઞાનનો લોપ થયેલો સમજવો અને અજ્ઞાનમાં જ તે આથડિયાં ખાનારા છે. તેનું દર્શન, પૂજન, સાધુ સંતનું સેવન, દાન, ધર્મ સઘળું નિષ્ફળ નિવડે છે. જેને આત્મજ્ઞાન હોતું નથી, જે વાસનાત્યાગી નથી, જે પરમ પ્રેમમાં લટ્ટુ નથી, તેનો મોક્ષ જ નથી. પરમ પ્રેમ જ સર્વ સિદ્ધિ—કામનાનો દાતા છે; મુક્તિનું મંદિર છે.



# પંચમ બિન્દુ

## જનક વિદેહીનું આત્મશોધન

**संसारः स्वप्नतुल्यो हि रागद्वेषादिसंकुलः ।**
**स्वकाले सत्यवद्भाति प्रबोधेऽसत्यवद्भवेत् ॥**

અર્થ–રાગ દ્વેષાદિથી ભરપૂર સંસાર સ્વપ્નતુલ્ય છે; નિદ્રામાં જેમ સ્વપ્ન સત્ય જેવું ભાસે છે, પણ જાગ્રતમાં મિથ્યા થાય છે, તેમ અજ્ઞાનાવસ્થામાં સત્ય ભાસે છે અને પ્રબોધ થતાં સંસાર પણ અસત્ય–મિથ્યા થઈ જાય છે. **આત્મબોધ.**

### યોગભ્રષ્ટ જનક

ગુરુ મુખેથી નિત્ય નિત્ય ઉપદેશામૃતનું પાન કરતાં કરતાં, હિમગિરિના શીતળ સુવાસિત પ્રદેશમાં ફરતાં ફરતાં, ગુરુએ આપેલા ઉપદેશનું મનન કરતાં કરતાં, સમયે સમયે છદ્મલિંગને એવો પ્રશ્ન ઉદ્ભવતો હતો કે, પૂર્વ જન્મમાં હું કોણ હોઇશ? મારાં એવાં તે પુણ્ય કેવાં હશે કે, આ પુણ્ય પરાયણ પતિનો પાણિગ્રહણ કરવામાં હું ભાગ્યશાળી નિવડી છું. કોઈ કોઈ પ્રસંગે તે પતિને કેટલાએક પ્રશ્નો પણ પૂછતી હતી અને તેનું યોગ્ય રીતે સુવિચાર સમાધાન કરતો હતો. પણ પૂર્વ જન્મમાં આપણે કોણ હઇશું, આ જન્મમાં કયા પુણ્યના ઉદયથી સદ્ગુરુનો સમાગમ થયો છે ને પરબ્રહ્મનું જ્ઞાન સંપાદન કરવાની સંધિ મળી છે, તેના વિચારમાં બંનેનું મન ગુંચવાયા કરતું હતું.

નિત્ય નિયમ પ્રમાણે નિત્ય કર્મથી પરવારી દંપતી, ગુરુના આશ્રમમાં ગયાં. યોગીન્દ્ર મુનિ તેમની જ માર્ગપ્રતીક્ષા કરતા હતા. સાષ્ટાંગ પ્રણામ કરી બંને શિષ્યો કુશાસનપર બેઠા. તેમનાં હૃદયનો અભિપ્રાય જાણીને મુનિએ તેવો જ ઉપદેશ આરંભ્યો. તે બોલ્યા; “હે પુત્રો, મનુષ્યને કોઈ જન્મના કર્મવિપાક શેષ રહ્યા હોય છે, તે ભોગ-

વવાને જ પરમાત્મા તે જીવને આ લોકમાં ઉત્તમ સ્થાનમાં જન્મ આપે છે. શ્રદ્ધાવાન્ અને પરબ્રહ્મપ્રાપ્તિ માટે મથન કરવા છતાં પણ, જે જીવ આત્મા અને બ્રહ્મની એકતાની પ્રાપ્તિના કાર્યમાં અપૂર્ણ રહે છે, જેની વૈરાગ્યવાસના તીવ્ર થઈ નથી ને જેની ભોગવાસનાનો સર્વાંશે લય થયો નથી, એવા જીવો, યોગમાંથી ભ્રષ્ટ થવા છતાં પણ દુર્ગતિને તો પામતા જ નથી; પરંતુ પોતાનાં પુણ્યે કરીને પ્રાપ્ત કરેલા લોકોમાં જઇને, જે ભોગવાસનાનાં બીજ તેના અંગમાં રહેલાં છે, તે ભોગવાસના ભોગવવાને આ લોકમાં જન્મ ધારણ કરે છે. પણ તેમને, ભોગવાસના-ભાવનાનું ફળ ભોગવતાં ભોગવતાં, અચાનક વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, સત્અસત્ની ભિન્નતા જણાય છે ત્યારે તે સંસારને તુચ્છ ગણીને ત્યજી દે છે અથવા તેમાં નિર્લેપ રહીને વિચરે છે; અને અન્તે પોતાના જન્મનું સાર્થક કરી લે છે. ભ્રષ્ટયોગી કોઈ ધર્મશીલ વિદ્વાનને ત્યાં, પવિત્ર શ્રીમાનને ત્યાં કે યોગસંપન્ન પુરુષને ત્યાં જન્મ ધરે છે. પ્રથમ તો તે ભોગ ભોગવવામાં જ લીન રહે છે, પણ આકસ્મિક તેની ભોગેચ્છાની તૃપ્તિ થઈ જાય છે અને જ્ઞાન પ્રાપ્ત કરી તે જ્ઞાનયોગ સાંધીને જીવન્મુક્ત બની, વિદેહમુક્ત થાય છે.

વિખ્યાત થયેલો જનક પણ વિદેહી દશા પ્રાપ્ત થયા પૂર્વે આવો જ યોગભ્રષ્ટ જીવ હતો. તેના રાજ્યમાં સર્વ પ્રજા સુખી અને સંતોષી હતી; બ્રહ્મનિષ્ઠ પંડિતોનો તે નિત્ય સમાગમ કરતો હતો; પોતાના નિત્ય કર્મમાં અબાધિત તત્પર રહેતો હતો, તેનું મન-જે બંધનું કારણ છે, તે સદાય બ્રહ્મની જિજ્ઞાસા કર્યા કરતું હતું અને તેના આહાર, વિહાર અને ચેષ્ટા નિષ્કામ વૃત્તિવાળા હતા. જે કર્મ તે કરતો, તે બ્રહ્માર્પણ જ કરતો; છતાં તેના પુણ્યનો વિપાક પૂર્ણ થયો નહતો ત્યાં સૂધી સત્સમાગમ ન થયો ને સત્સમાગમ થયો નહિ ત્યાં સૂધી તે પરમતત્ત્વને જાણવાને સમર્થ થયો નહતો.

### જનકની નગરચર્યા

એક પ્રાતઃકાળના એ રાજા છૂપા વેષે નગરચર્યા જોવાને નિકળ્યો. નગરની ગલી કુંચીઓ, પરાંઓ, બજારો, કિલ્લાઓ અને છાવણીઓ જોતો જોતો, રાજમાર્ગપર તે આવી ચઢયો. તે પ્રસંગે રાજાની નજર એક શ્રીમાન્ ગૃહસ્થના જરુખાપર પડી. ત્યાં એક દંપતી-સ્ત્રી અને પુરુષ-બેઠાં બેઠાં આનંદમાં કલ્લોલ કરતાં હતાં. રાજા તે શ્રીમાનનો પોતાની

સ્ત્રી સાથેનો વિનોદપ્રસંગ નિહાળતો હતો, એ જ ક્ષણે એ નગરના મહાજન શેઠની સ્ત્રી નદીતટે પાણી ભરવા જતી હતી, તેની દૃષ્ટિ પણ ઉક્ત જરુખાની ક્રીડાપર પડી. પ્રથમ ગૃહસ્થની વિનોદલીલા જોઇને, તે સ્ત્રીએ સ્મિત કર્યું; રાજાએ તે જોયું; તેને વિચાર થયો કે, આ ગૃહસ્થની સ્ત્રી શા કારણથી હસી? હસવાનો પ્રસંગ છે ખરો, પણ એવા પ્રસંગો તો ઘણાએ આવે છે; પણ મારે એ સ્ત્રીનાં હસવાનું કારણ જાણવું જોઇએ. પછી શંકાશીલ રાજા, ધીમે ધીમે તે સ્ત્રીની પાછળ પાછળ ગયો. તે સ્ત્રી નદીના ઘાટપર જઈ બેડું માંજવા બેઠી. ત્યાં સમીપમાં જઈ રાજાએ પૂછ્યું; "હે અંબે! કૃપા કરીને મારી શંકાનું સમાધાન કર. તું શા હેતુથી હસી?" રાજાને ઓળખી જઇને તે સ્ત્રી બોલી; "હે રાજન્! આપ નગરચર્ચા જોવાને નિકળ્યા છો, તે નગરચર્ચા જ જુવો. આ પ્રપંચિક જગતમાં આવા તો અનેક પ્રસંગો મારા જોવામાં આવે છે, તેવો એક પ્રસંગ જોઇને હસી, એમાં આપને આશ્ચર્ય શાનું થયું? એનું કારણ જાણવાથી આપને શો આનંદ થવાનો છે? સંસાર છે, અનેક પ્રકારનાં કૌતુકો થાય છે ને થશે; તેમાં મારે શું ને તમારે પણ શું સ્વાર્થ છે? મહારાજ! આપ રાજપાટ સંભાળીને પ્રજાના સુખમાં વૃદ્ધિ થાય તેમ કરો, એટલે કૃતકાર્ય થશો. ક્ષુલ્લક પ્રાણીઓની અમાનુષિક ચેષ્ટાઓના ગર્ભના હેતુ જાણવામાં આપને કોઈ પણ રીતે આનંદ થશે નહિ!"

તે સ્ત્રીનાં આવાં ગૂઢ વચન સાંભળી, તેની ગંભીર મુદ્રા જોઈ, રાજાને વિશેષ સંશય ઉત્પન્ન થયો. જનક રાજા બોલ્યો; "હે સચ્ચરિતશાલી સાધ્વી! તમે મારી શંકાનું જ્યાં સૂધી સમાધાન કરશો નહિ, ત્યાં સૂધી મને બીજા કશાથી આનંદ થવાનો નથી." તે સચ્ચરિત્રશાલી સાધ્વીએ કહ્યું; "મહારાજ! હે દેવ! આપ બહુ જ ઉતાવળા છો ને પુખ્ત વિચાર કર્યા વિના જ બોલો છો! નિઃસંશયપણે માનજો કે, એ ભેદ હું તમને કહીશ, તે દિવસથી જ તમારા આ લોકનો આનંદ, સદાને માટે વિનાશ પામશે; માટે હે રાજા! એ જાણવામાં કાંઈ પણ સાર નથી. જાણવાનું છે તે જ જાણો, ન જાણવાનું જાણેલાઓનો પત્તો જ નથી! પરન્તુ હું જાણું છું કે, આપ રાજા છો, ગુણવાન્ છો, વિદ્વાન્ છો, બ્રહ્મના જિજ્ઞાસુ છો, આપે લીધેલી હઠ આપ છોડશો નહિઃ સ્ત્રીહઠ, બાળહઠ ને રાજહઠને કોઈ પૂરું પડી શકતું નથી. સાંભળો! જો આપને

મારા હસવાનું કારણ જાણવાની અપેક્ષા જ હોય તો સાંભળો! આજથી છ મહિને આપના બગીચાના ફુવારાની સમીપમાં આવી, એક મેનાને બોલાવીને પૂછશો તો તે તમને આ ભેદનું રહસ્ય કહેશે. હમણાં તો આપને પ્રણામ! વળી વધુ સાંભળોઃ હે રાજન્! આજે જ મારું મૃત્યુ છે! આ પાણીનું બેડું ભરીને જેવી હું મારા ઘરના જરુખા નીચે જઇશ કે તત્ક્ષણે તે જરુખો તૂટી પડશે ને હું મરણ પામીશ!" તે સ્ત્રીના મુખથી આવાં ચકિત કરનારાં વચનો સાંભળીને, રાજા તો તેની સામે ટગર ટગર જોઈ જ રહ્યો-દંગ-ચિત્તભ્રમ થઈ ગયો. તે પછી ગંભીરતાથી બોલ્યો; "હે બહેન! એ મૃત્યુનું વારણ નહિ થઈ શકે?" "મહારાજ! તમે તો ઘેલા છો, નિયતિના નિર્માણને ફેરવવા કોણ સમર્થ છે? ત્રણ લોકમાં એવો કોઈ પણ સમર્થ નથી કે, જે નિયતિના નિર્માણને ફેરવી શકે. એ ઉપર પુરાણપ્રસિદ્ધ એક કથા હું તમને કહું છું, તે તમે લક્ષમાં લ્યો."

## નિર્માણ તે નિર્માણ જ છે

પછી તે સચ્ચરિત્રશાલી સાધ્વી સતીએ રાજાને કહ્યું; 'હે મહારાજ! લંકાનો રાજા રાવણ અતિ મહાન્ પ્રતાપી હતો. તેની રાજસભામાં બ્રહ્મા વેદ ભણતા, વાયુ પવન ઢાળતો, અગ્નિ પાકક્રિયા કરતો, મેઘ પાણી ભરતો, લક્ષ્મી ધન આપતી, કુબેર ધનનું રક્ષણ કરતો ને ઇંદ્રાદિક તેના સામંતોતરિકે તેના દરબારમાં નિત્ય પહેરો ભરતા હતા. એવો સમર્થ રાજા પણ નિયતિના નિર્માણને-વિધાતાના લેખને-મિથ્યા કરી શક્યો નથી, તો મનુષ્યનું શું ગજું? આવો સમર્થ રાવણરાય પોતાના પ્રતાપથી ત્રણ લોકને પણ તુચ્છ ગણતો હતો. એક સમયે તે દરબાર ભરીને બેઠો છે, ત્યાં બ્રહ્માએ વાર્તાપ્રસંગમાં કહ્યું, "હે મહારાજ દશાનન! વિધાતાના લેખને મિથ્યા કરવાને કોઈ પણ સમર્થ નથી; લલાટમાં લખાયલા છઠ્ઠીના લેખને કોઈ પણ ટાળી શકતું નથી." બ્રહ્માનાં આવાં વચન સાંભળીને, મૂછપર હાથ દઈને દશાનને કહ્યું; "અલ્યા બ્રહ્મા! વિધાતા તે તારી એવી કોણ છે કે, જેના લખેલા લેખને ફેરવવા રાવણ પણ સમર્થ ન હોય?" બ્રહ્માએ કહ્યું; "જીવ-આત્રના કર્ત્તવ્યનું નિર્માણ કરનાર એ જ અધિષ્ઠાત્રી મહાદેવી છે; એના લખેલા લેખને કોઈ પણ ફેરવી શકે એમ નથી. રે! એકવાર લખેલા લેખને એ પંડે પણ ફેરવી શકવા અસમર્થ છે. તે એવી તો શક્તિ-

વાળી છે કે, નિર્માણ તેને હાથે સ્વયં લખાઈ જાય છે!" રાવણે મૂછ-પર હાથ રાખીને પુનઃ કહ્યું; "ઠીક, ઠીક! એ રાંડ વિધાતાના લેખને હું જો મિથ્યા ન કરું તો મારું નામ રાવણ નહિ. અલ્યા બ્રહ્મા! હજી તારા મનમાં વિધાતાનું અભિમાન છે કે, તે મારા કરતાં પણ જબરી છે; તો હું તને થોડા દિવસમાં જ બતાવીશ કે, તે વિધાતા પણ મારા મ્હોડા આગળ કેમ પાણી ભરે છે! બોલ, એ વિધાતા કયે દહાડે મનુષ્યોનાં કર્મનો ઉલ્લેખ કરે છે?" રાવણનો ઉગ્ર કોપ જોઈને, બ્રહ્મા તો થરથર ધ્રુજવા લાગ્યા, પણ પછી શાંતપણે બોલ્યા; "હે મહારાજ રાવણ! એ વિધાતા જીવના જન્મની છઠ્ઠી રાત્રિએ, મધ્યરાત્રિના, જીવનના સુકૃત દુષ્કૃતના લેખ લખે છે!"

તુરત જ સભા વિસર્જન થઈ. રાવણના મનમાં એવો ખોપ ભરાયો કે, એ વિધાતાના લેખને હું મિથ્યા કરું ત્યારે જ મારું નામ દશાનન! એ સમયે રાવણની રાણી મંદોદરીને ગર્ભ હતો. થોડા કાળમાં રાણીને પ્રસવ થયો ને રાવણે વિધાતાના લેખને મિથ્યા કરવાનો પ્રયત્ન કીધો. રાણી મંદોદરીને પુત્રી અવતરી હતી. છઠ્ઠી રાત્રિએ મંદોદરીના પ્રસૂતિ-ગૃહના દ્વાર ઉપર જઈને રાવણ બેઠો ને વિધાતાના-નિયતિના નિર્મા-ણને મિથ્યા કરવાને તેની વાટ જોવા લાગ્યો. મધ્યરાત્રિ થઈ કે, છમછમ કરતી દૈવી માયારૂપ વિધાતા દેવી ત્યાં આગળ આવી ઉભી રહી. તેનું સૌંદર્ય જોતાં જ પ્રથમ તો રાવણ ઝંખવાણો પડી ગયો; પણ તે વીર પુરુષે, ગાઢા ધૈર્યથી એકદમ ઉભા થઈ, વિધાતાનો હાથ પકડી પૂછયું; "આ કાલિમાઝમ રાત્રે, ત્રિલોકને ધ્રુજાવનાર, દેવ ને અસુર સર્વના સ્વામી રાજા રાવણની આજ્ઞા વગર, અત્ર તું કેમ આવી? તું કોણ છે? કયાં જાય છે?" વિધાતાએ કહ્યું; "હે રાજા રાવણ! હું પરમા-ત્માની માયાવી શક્તિ છું! રાવણની રાણી મંદોદરીએ કુંવરીને જન્મ આપ્યો છે, તેના જીવનનો લેખ લખવા જાઉં છું." રાવણે પૂછયું; "તું શું લેખ લખવાની છે?" દેવી વિધાતા બોલી; "હે દશાનન! શો લેખ લખવાની છું, તે હું પંડે જાણતી નથી; લેખ લખતી વખતે હું અવળે મુખે ઉભી રહું છું ને પાછલે હાથે લખું છું, તેથી મને ખબર નથી પડતી કે હું શું લખું છું. તે લેખનો નિર્માણકર્તા તો વિશ્વનો સર્જનહાર નિયામક જ છે, કે જેને તું ઓળખતો નથી!" રાવણે કહ્યું; "ઠીક, ઠીક, તારી એ લવારી બાજુએ મૂક! લેખ લખીને પાછી જાય ત્યારે

મને મળ્યા વગર જઈશ તો તને સખતમાં સખત શાસન કરીશ! જા! તારું કામ પૂર્ણ કરીને અહીં પાછી આવ, હું બેઠો છું." વિધાતા પ્રસૂતિગૃહમાં ગઈ અને ઈશ્વરની ઇચ્છાથી તેનું દિવ્ય સ્વરૂપ રાવણ વિના અન્ય કોઈ પણ જોઈ શક્યું નહિ.

વિધાતા, કન્યાનું નિર્માણ અવળે મુખે લખીને પાછી ફરી ત્યારે રાવણે પૂછ્યું; "તેં શું લખ્યું?" વિધાતા બોલી; "તે મેં જોયુંએ નથી ને જોવાની મને આજ્ઞાએ નથી. જે ચિદ્દશક્તિએ એનો જન્મ નિર્માણ કીધો છે, તે જ ચિદ્દશક્તિ પ્રેરિત મારાથી જે લખાયું, તે જ મેં લખ્યું છે!" રાવણે આજ્ઞા કીધી; "જા, વાંચીને પાછી આવી મને એ નિર્માણ જણાવ." વિધાતા પાછી પ્રસૂતિગૃહમાં ગઈ ને રાજકન્યાનું નિર્માણ વાંચીને રાવણ પાસે આવીને તેને કન્યાનું સંપૂર્ણ જીવનચરિત્ર જણાવ્યું, અને છેવટે કહ્યું; "હે રાજા! એ તારી કન્યાનું નામ પદારથ છે, એનું લગ્ન તારા દ્વારપર હોનારત નામનો જે ચંડાળ ઝાડૂ કાઢે છે, તેની સાથે થશે!"

એ શબ્દ સાંભળતાં જ રાવણના પગની જવાળા શિરપર જઈને બેઠી. તે રાતો પીળો થઈ ગયો, ને વિધાતાને મારવા ખડ્ગ ખેંચવા તત્પર થયો, પણ એટલામાં વિધાત્રી અદૃશ્ય થઈ ગઈ; અને વિચાર-ગ્રસ્ત રાવણે રાજભવનમાં જઈને દરબાર ભર્યો. તેણે બ્રહ્માને કહ્યું; "અલ્યા બોડા માથાના બ્રહ્મા! આજે તારી વિધાતાનો લેખ હું મિથ્યા કરું ત્યારે તું જાણીશ કે રાવણ કેવો સમર્થ છે." બ્રહ્માએ નમ્રપણે કહ્યું; "મહારાજ! આપ તો સર્વ સમર્થ છોઃ જે ચાહો તે કરો તેવા છો; પણ મહારાજ! વિધાતાના લેખને તો કોઈ ફેરવી શકે તેમ નથી."

પછી રાવણે પોતાના દુષ્ટ મંત્રીઓની સાથે મંત્ર કરીને તે નિર્દોષ ચંડાળનો વધ કરવાનો વિચાર કર્યો. ઈશ્વરની લીલા અકલિત છે, તેનો કોઈપણ પાર પામી શકે તેમ નથી. રાવણ મહાઅહંકારી ને મહોન્મત્ત હતો, તેના અહંકારનો નાશ કરવાની ગર્વગંજનની જ ઇચ્છા હતી, તેથી અન્ય મંત્રીની મતિ ફેરવી. રાવણ તો અવિદ્યાનો ઉપાસક હતો અને પરમેશ્વરની શક્તિની ઉપેક્ષા કરતો હતો, તેથી ગર્વગંજને, તેના ગર્વનો નાશ કરવાને જ તેના મંત્રીમાં બુદ્ધિ પ્રેરી. અન્યના સુખ કે દુઃખનો કોઈ પણ દાતા છે, એમ રાવણ માનતો ન હતો; સત્ અસત્ કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે, એવું તેના જાણવામાં ન હતું; હું સર્વ

કરવાને સમર્થ છું, એવું તેને મિથ્યા અભિમાન હતું. પણ હે મહારાજ જનક! જે જીવ કર્મ વિશે અકર્મ અને અકર્મ વિશે કર્મને દેખે છે, તે જ વિશેષ બુદ્ધિમાન્ છે; બાકીના તો બાપડા જ છે! ત્રણ લોકને જિતનાર અને સમર્થ રાજ્યનો સ્વામી બુદ્ધિમાન્ નથી. એ રાવણ ભોગેચ્છા માત્રનો ઉપાસક હતો ને તેમાં જ તે બંધાયલો હતો. તે પરમાત્માને ભૂલી ગયો હતો; લોકવાસના ને દેહવાસનામાં જકડબંધ હતો; પુરુષાર્થને જ પરમ શ્રેષ્ઠ માનતો હતો; નિયતિનું તેને સ્મરણ થતું નહતું ને પૌરુષનો તે પોષક હતો; પણ તે જાણતો નહતો કે, નિયતિ પૌરુષરૂપે જ નિયામક છે. આવા મહોન્મત્ત રાજાના મદનો નાશ કરવાને એક સર્વેશ્વર મહેશ્વર જ સમર્થ છે. વિધાતાના લેખ, એ જ સર્વેશ્વર મહેશ્વરના લેખ છે. તેને નિષ્ફળ કરવાનું ક્ષુલ્લક જીવનું સામર્થ્ય જ નથી.

રાવણે ચંડાલનો નાશ કરવાનો સંકલ્પ કીધો, ત્યારે મંત્રસભામાં બેઠેલા એક મંત્રીએ કહ્યું; "મહારાજ! મારો તો દૃઢ નિશ્ચય છે કે, વિધાતા જુઠ્ઠી જ છે. આપના દ્વારપર ઝાડૂ કાઢતો ચંડાળ ક્યાં ને આપની સમર્થ રાજપુત્રી ક્યાં! જો એ રાંડ વિધાતામાં જરાએ અક્કલ હોત તો, આ લેખ લખતે જ નહિ—જરા વિચાર કરતે. પણ મહારાજ! એ ચંડાળને મારી નાંખ્યા પછી, વિધાતાનો લેખ ખરો થયો છે કે ખોટો, એ કંઈ આપણે જાણી શકીશું નહિ; અને આ કુબુદ્ધિઓ બ્રહ્મા, પછી અનેક તર્કવિતર્ક લડાવશે ને પોતાનો જ મમત પકડી રહેશે. મારો તો એવો મત છે કે, એ ચંડાળને એવી કોઈ એકાંત જગ્યામાં દેશવટો દ્યો, કે જ્યાં મનુષ્યનું બીજ જ ન હોય. ત્યાં પડ્યો પડ્યો એ મરી જશે ને વિધાતાનો લેખ આપો આપ જ જુઠ્ઠો થશે." વિધાતાનો લેખ સત્ય છે કે અસત્ય છે, તેનો નિશ્ચય કરવા માટે, રાવણે પણ એ સલાહ માન્ય કરી. પછી તે નિર્દોષ ચંડાળને પકડી મંગાવી, તેના પગનો એક અંગુઠો કાપીને, સમુદ્રના મધ્યમાં આવેલા એક એકાંત દ્વીપમાં મૂકી દીધો; અને પછી બ્રહ્માને કહ્યું; "અલ્યા બ્રહ્મા! હવે તારી વિધાતાનો લેખ કેમ સાચો પડે છે તે બતાવજે!" બ્રહ્માએ એટલું જ કહ્યું; "મહારાજ! વિધાતાનો લેખ કોઈ પણ કાળે મિથ્યા થઈ શકે તેમ નથી. સ્વયં ચિદ્દ્ઘન પણ તે મિથ્યા કરવા સમર્થ નથી." ક્રોધાંધ થઈને રાવણે કહ્યું; "હજી પણ તું તારો મમત છોડતો નથી?

ઠીક છે; પરંતુ જ્યારે મારી પુત્રીનાં બીજા રાજપુત્ર સાથે લગ્ન થશે ત્યારે, તારા ચાર માથામાંથી એક માથું કાપી નાંખ્યા વગર હું રહીશ નહિ."

હવે બેટમાં છોડી મૂકેલા ચંડાલનું શું થયું તે સાંભળો. હે રાજાધિરાજ જનક! જે ચંડાળને એકાંતદ્વીપમાં દેશવટો દીધો હતો, તે ચંડાળ પોતાના હતભાગ્યને માટે એ પ્રસંગે બહુ બહુ રુદન કરવા લાગ્યો. તેણે વિધાતાને અનેક પ્રકારની ગાળો દીધી; બ્રહ્માને પણ પાંચ પંદર ચોપડી કહાડી. જ્યારે આ એકાંત બેટમાંથી છૂટવાનો તેને કોઈ પણ માર્ગ જણાયો નહિ ત્યારે તેણે સમુદ્રમાં પડી મરવાનો નિશ્ચય કીધો, પણ તેનાથી મરી શકાયું નહિ! કેમકે તે નિર્માણ નહતું.

દૈવેચ્છાથી એ બેટમાં નિર્મળ પાણીનાં ઝરણાં પુષ્કળ હતાં, ને અનેક પ્રકારની વનસ્પતિઓ ઉગી રહી હતી. એ વનસ્પતિના ફળ ફળાદિકનો આહાર કરીને, તે પોતાનું જીવન ગાળવા લાગ્યો. થોડે દહાડે તાપ અને વરસાદમાંથી બચવા માટે પડેલા ઝાડના સ્તંભો બનાવી, ઝાડના રેસાઓમાંથી દોરીઓ કરીને, એક ઝુંપડી બાંધી, ને તે પોતાનું આયુષ્ય ઈશ્વરનું સ્તવન કરી ગાળવા લાગ્યો. પૂર્વજન્મના કોઈ કુસંસ્કારને લીધે તેને ચંડાળપણું પ્રાપ્ત થયું હતું, પણ જીવ ઉત્તમ હતો, તેથી તેણે ઈશ્વરને વિસર્યા નહિ. જેનો કોઈ બેલી નહિ, તેનો ઈશ્વર બેલી છે. રાવણે તજ્યો પણ ઈશ્વરે તજ્યો નહિ. બાર વર્ષ સૂધી તે બેટમાં એકાંતમાં રહી વનફળનો આહાર કરી, તેણે માનસિક તપ તપવા માંડ્યું ને પૂર્વ જન્મનાં પોતાનાં પાપકર્મનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કીધું. તે નિર્મળ થયો, તેની કાંતિ પણ ફરી ગઈ. ઈશ્વરકૃપાથી તેના જ્ઞાનમાં–બુદ્ધિમાં પણ ફેર પડી ગયો. તે એક મહાન્ ભાગ્યશાળી પુરુષ બની ગયો. પરમાત્માનો પરમ ઉપાસક બન્યો ને તેનું નિત્ય ભજન કીર્તન કરવા લાગ્યો. દ્વાદશ વર્ષ એ પ્રમાણે વીત્યા પછી તે ચંડાળને તે બેટ છોડવાની ઇચ્છા થઈ. અરણ્યમાં પડેલાં ઝાડોનાં લાકડાં લાવી, ઝાડના રેસાઓમાંથી દોરડાંઓ બનાવી, તેને એક બીજાની સાથે સાંકળી લીધાં; તેનાપર અનેક જાતનાં ઝાડની ડાંખળી ને પાંદડાં નાંખીને એક સુંદર ત્રાપો બનાવ્યો ને તેનાપર બેસીને, ઈશ્વર ઉપર આધાર રાખી, તે ત્રાપાને પાણીમાં તરતો છોડી દીધો.

દૈવની કૃપા આગળ મનુષ્યની દુર્બુદ્ધિના અનેક ઉપાયો કોઈપણ

કાળે કારગત થતા નથી. તે ત્રાપો તણાતો તણાતો ભરતખંડના પશ્ચિમ કિનારાપર આવી પહોંચ્યો. દુષ્ટબુદ્ધિ રાવણે જે ચંડાળની અન્ન પાણી વગર મરી જવાની કલ્પના કીધી હતી, તે જ પુરુષ, કર્મના ભોગ ભોગવી, શુદ્ધ કાંચનરૂપ બનીને, પાછો કર્મભૂમિપર આવી પહોંચ્યો.

જે દિવસે તે ચંડાળે ભરતભૂમિપર પગ મૂકચો, તે જ દિવસે ઋષ્યમૂકપુરીના રાજાનું મરણ થયું હતું. તેથી પ્રભાતમાં જે પુરુષ નગરદ્વારમાં પ્રથમ પ્રવેશ કરે, તેને પ્રજા ને મંત્રિમંડળે રાજા કરવાનો ઠરાવ ક્યોં હતો. દૈવેચ્છાથી તે ચંડાળ ઋષ્યમૂકપુરીના રાજ્યના પદને પ્રાપ્ત થયો અને લોકોએ દૈવગતિરાજના નામનો જયજય પોકાર્યો.

થોડા કાળમાં રાવણની રાજપુત્રી વરવા યોગ્ય થઈ. તેનો સ્વયંવરમંડપ રાવણે રચ્યો. એ વિધિમાં અનેક રાજાઓ ઉપરાજાઓ રાવણની કુંમકુંમપત્રિકાથી એકઠા મળ્યા. દૈવગતિરાજ પણ એ સ્વયંવરમાં, રાવણના નિમંત્રણથી પધાર્યો હતો. સ્વયંવરમંડપમાં ફરતી રાવણરાજકન્યા પદારથે, દૈવગતિરાજની તેજસ્વી મનમોહન મૂર્ત્તિ જોઈને, તેને વરમાળા આરોપણ કીધી અને ત્રિલોકવિજેતા રાવણે પોતાના મનમાં સિદ્ધ કીધું કે, વિધાતાના લેખને નિષ્ફળ કરવાને હું સમર્થ થયો છું!

રીતિ પ્રમાણે વરકન્યાના લગ્ન થયાં અને જમાઈરાજને દશૈયા ચરાવવાને રાવણને મંદિરે રાખ્યો. એક દિવસે રાવણે રાજસભામાં મૂછપર તાવ દેતાં બ્રહ્માને કહ્યું; "અલ્યા બ્રહ્મા! તારી વિધાતાનો લેખ મિથ્યા કરવાને હું સફળ થયો છું કે નહિ તે હવે કહે." બ્રહ્માએ નિશ્ચિત ને નિધડકપણે ઉત્તર આપ્યું: "મહારાજ! વિધાતાના લેખને નિષ્ફળ કરવાને કોઈ પણ સમર્થ અવતર્યો નથી ને આ સૃષ્ટિના પ્રલયપર્યંત અવતરશે પણ નહિ! હોનારત આગળ પદારથ મિથ્યા જ છે!" બ્રહ્માનાં તે વચન સાંભળીને રાવણની રાજસભા ખડખડાટ હસી પડી. રાવણે કહ્યું; "તે ચંડાળ બહારણિયો ક્યાં ને આ રાજેન્દ્ર જેવો ઋષ્યમૂકપુરીનો દૈવગતિરાજ ક્યાં? અલ્યા બ્રહ્મા! હજી તું તારી હઠ મૂકતો નથી?" બ્રહ્માએ ઉત્તર આપ્યું; "મહારાજ! હું અસત્ય બોલ્યો નથી ને બોલીશ પણ નહિ. આપ ગમે તે કહો, પણ મારો તો નિશ્ચય જ છે કે, વિધાતાના લેખ કોઈ પણ મિથ્યા કરવાને સમર્થ નથી." આ પ્રમાણે બે ચાર વાર બ્રહ્માનું કથન સાંભળીને રાવણને ભારે શંકા થઈ. તેણે પોતાના મંત્રિમંડળ સાથે પુનઃ વિચાર કીધો અને રખેને આ દૈવગતિરાજ તે જ

ચંડાળપુત્ર હોનારત હોય, એવી શંકા બતાવી. પછી રાવણે તે ચંડાળનો જે અંગુઠો કાપી નાંખ્યો હતો, તેની નિશાની જોવાને વિચાર કર્યો. પણ તે તક સહજ હાથમાં આવી નહિ. દૈવગતિરાજ હમેશાં જ હાથે ને પગે મોજાં પહેરી રાખતો હતો, તેથી રાવણ તેનો પગ જોઈ શકતો નહતો. કર્મસંજોગે એક દિવસે, દૈવગતિરાજ એકાંતમાં સ્નાન કરતો હતો ત્યારે, ગુપ્તદ્વારમાંથી રાવણે નજર કીધી તો દૈવગતિરાજના જમણા પગનો અંગુઠો ન હતો. તે જોઈને તે બૂમ પાડી ઉઠયો કે; "નિઃસંશય, વિધાતાના લેખને મિથ્યા કરવાને કોઈ પણ સમર્થ નથી. હું આવો પ્રબળ પ્રતાપી રાજાછું, છતાં પણ વિધાતાના લેખને ફેરવી શકયો નથી, ત્યારે આ જગતમાં એવું કોઈ પણ પ્રાણી સમર્થ નહિ કે, જે વિધાતાના લેખ ફેરવી શકે? નિઃશંક હોનારત પાસે પદારથ મિથ્યા જ છે!"

જનકની મિથિલા નગરીની નદીના તટપર ઉભેલી સતી સ્ત્રીએ, જનકરાજને સંબોધીને કહ્યું; "હે મહારાજ! આજેજ મારું મૃત્યુ નિર્માણ છે, તેને ફેરવવાને કોઈપણ સમર્થ નથી ને તમે જે કાંઈ પ્રયાસ કરશો તે મિથ્યાજ છે. આ જગતમાં આવર્જન અને વિસર્જન થયા જ કરે છે. નિર્માણકાળે મૃત્યુ થાય છે ને પુનઃ જન્મ પણ ધરાય છે. મૃત્યુ એ તો પ્રકૃતિ જ છે. હવે સાંભળો! છ મહિના પછી, આપણા બાગના કુવારા નજીક આવીને આપે હમણાં જે હઠ લીધી છે, તે પૂર્ણ કરવાની ઇચ્છા થઈ હોય તો મને પૂછજો, એટલે હું આપના મનનો ભેદ ભાંગીશ."

આ વચન કહ્યા પછી તે સ્ત્રી પાણીના બહેડા સાથે ધમધમાટ કરતી ચાલવા લાગી. રાજા આગળ આગળ ચાલ્યો. તેના મંદિર પાસે જઈ ઉભા રહી તપાસ કરી તો તે ઘરનો જરુખો અતિ ઘણો દૃઢ જણાયો. એટલામાં તે સ્ત્રી પાણી ભરીને તે જરુખાની નીચે આવી. એક પગલું આગળ-જરા વધુ આગળ, બરાબર જરુખા નીચે જેવું તે પતિવ્રતા પગલું મૂકેછે, એટલામાં ધર્તીકંપનો આંચકો થયો ને દૃઢ જરુખો તૂટી પડ્યો. તે પતિવ્રતા ચગદાઈ મરણ પામી.

તે સતીનું વચન સત્ય થયું; અને રાજા અતિ ઉદાસીન બની રાજભવન પ્રતિ પાછો ફર્યો. પ્રથમનાં સ્ત્રી પુરુષો વિનોદ કરતાં હતાં, તેઓને જોઇને આ સ્ત્રી હસી હતી, તેથી જનકરાયને મોટી શંકા ઉભી થઈ હતી. તેમાં આ સતીનું ભવિષ્યજ્ઞાન જોઇને તે વધારે વ્યાકુળ

થયો. એ ભેદ કોણ ભાંગે? વિચારમાં ને વિચારમાં દહાડાપર દહાડા વીતવા લાગ્યા; છ માસ કયારે પૂરા થાય તેની, તે અત્યંત આતુરતાથી વાટ જોવા લાગ્યો. છ માસ પૂરા થયા. દક્ષિણાયનનો સૂર્ય ઉત્તરાયણમાં આવ્યો. પ્રભાત થતાંજ, રાજા જનક પોતાના બગીચામાં ગયો અને ફુવારાની સમીપમાં જઇને બોલ્યો; "હે મધુરી મેના! તું કયાં છે! અહીં આવી તું મારો સંદેહ નિવારણ કર." તત્ક્ષણે એક વૃક્ષપરથી મેનાએ મનુષ્યવાણીથી કહ્યું; "હે જનકરાજ! હજી પણ તમારી એજ લઘુતા છે. તે સ્રીપુરુષના હસવાનું કારણ જાણવું છે? જરા વિચાર કરો. એ જાણ્યા પછી તમને આ લોકમાં સુખ કે આનંદ જણાશે નહિ. હજી પણ તમને બીજી તક આપું છું ત્યાં સૂધી થોભો! આજથી ત્રણ વર્ષે, આજ દિવસે તમારી પ્રજામાંથી તમને જે બોલાવવા આવે તેને ત્યાં જજો; ત્યાં તમારા મનનું સંપૂર્ણ સમાધાન એક બાળકી કરશે." એમ બોલતી તે મેના આકાશપંથે ચાલી ગઈ ને રાજાની શંકા જેવી ને તેવીજ ઉભી રહી. છ મહિના તો રાજાએ જેમ તેમ કરીને વીતાડ્યા હતા, પણ હવે તો ત્રણ વર્ષ વીતાડવાનાં હતાં. મહાકથાવટીએ, ત્રણ વર્ષ પૂર્ણ થવા આવ્યાં ને રાજા તે મુકરર કરેલી તિથિની વાટ જોતો બેઠો.

## મા દિકરો તેજ પતિપત્ની

તે મુકરર તિથિએ પ્રભાતમાં રાજાને નગરશેઠને ત્યાંથી નિમંત્રણ આવ્યું. નગરશેઠે કહાવ્યું હતું કે, આજે અમારી પુત્રીનું વેવિશાળ કરવાનું છે, તે પ્રસંગે આપ પધારી અમને શોભા આપો. પેલી મેનારૂપી સ્રી નગરશેઠના પુત્રને ત્યાં કન્યારૂપે અવતરી હતી. એ કન્યા ચતુર અને કારમી હતી. જ્યારે જ્યારે તેને પૂછવામાં આવતું કે, 'બહેન! તારો વિવાહ કરીએ?' ત્યારે ત્યારે તે ભૂત ભવિષ્યની જ્ઞાતા બાળકી, એટલુંજ કહેતી હતી કે, 'મારા વિવાહ વખતે રાજાને બોલાવજો!' અને તેજ પ્રમાણે રાજાને આજે નિમંત્રણ કરવામાં આવ્યું હતું. જનકરાજ, નગરશેઠને ત્યાં ગયા. તુરતજ જ્ઞાતિ રીતિ અનુસાર નારિયેળ, ગોળધાણા વહેંચવામાં આવ્યા અને કન્યાનું વેવિશાળ થયું. કન્યાનાં માબાપ ને વરનાં માબાપ સારો સંબંધ જોડાયાથી રાજી રાજી થઈ ગયાં. ઉભયના કુટુંબમાં આનંદ ઉત્સવ છવાઈ ગયો.

એટલામાં પેલી કન્યા દોડતી દોડતી આવી, રાજાના ખોળામાં બેસી ગઈ ને રાજાની સામે એકદૃષ્ટે જોઈજ રહી. રાજા પણ તેનું મુખ

જોઈ રહ્યો. ક્ષણ પછી ખડખડાટ હસીને તે બાળા બોલી; "કેમ, રાજાધિરાજ જનકરાય! કંઈ યાદ છે કે? હું કોણ છું ને મારું વેવિશાળ કીધું તે કોણ?" રાજાની દૃષ્ટિ સમીપ સર્વ દેખાવ તરવરી રહ્યો. પૂર્વ જન્મમાં જે મા દીકરો હતાં તેજ આ જન્મમાં ધણીધણિયાણીના સંબંધમાં જોડાય! તે બાળકીનાં વચન સાંભળી રાજા તો વિમાસણમાં એવો પડી ગયો કે, શું બોલવું તેની તેને સમજ જ પડી નહિ. પછી તે કન્યા બોલી; "મહારાજાધિરાજ; શું વિચારમાં પડ્યા છો? આ જ પ્રમાણે સંસારની રેંટમાળ ચાલી જાય છે. એક જન્મમાં જે મા દિકરો હોય છે, તે બીજા જન્મમાં ધણીધણિયાણી થઇને રહે છે, ને ત્રીજે જન્મે ભાઈ બહેન કે એવાજ કોઈ સંબંધથી જગતમાં વિચરે છે. એક જન્મમાં મનુષ્ય કે પશુ હોય છે, તે બીજે જન્મે પંખી બને છે, ત્રીજે જન્મે ઉદ્ભિજ્જ પણ બને છે ને કોઈ જન્મે સ્વેદથી ઉત્પન્ન થતા માંકડ આદિ યોનિમાં પણ અવતરે છે. જેવી જેની વાસના હોય છે, તેવો તેવો તે જન્મ ધારણ કરે છે. જે સ્ત્રીપુરુષોને તમે જરુખામાં જોયાં હતાં, તેમને જોઇને મારા હસવાનું કારણ પણ એજ હતું કે, પૂર્વ જન્મમાં જે મા દીકરો હતાં, જેનાં પયોધરના પાનથી તૃપ્તિ થતી હતી, તે આજે પયોધરના મર્દનથી તૃપ્ત થાય છે!! પૂર્વ જન્મનાં માતા ને પુત્ર આ જન્મમાં ધણીધણિયાણી થઇને વિલાસ ભોગવતાં હતાં. તે જોઈને મને હસવું આવ્યું કે, અહો! નિયન્તાની કેવી અટપટી લીલા છે! તમને શંકા થઈ ને મેં તેનું તમારી પાસે આજે સમાધાન કર્યું. હે રાજન્! આ સંસારના જીવ પોતપોતાના કર્માનુસાર અનેક પ્રકારના જન્મ ધારણ કરે છે, પણ જે જીવ બુદ્ધિમાન્, પંડિત, ચતુર અને અત્યંત સૂક્ષ્મ વિષયનો જાણનારો હોય છે, તેજ જીવ રજોતમોગુણમાંથી મુક્ત થઈ, પ્રબળ આવરણશક્તિનો નાશ કરીને, જન્મ મરણના ફેરામાંથી છૂટી શકે છે. બીજા સર્વની તો આ જ ગતિ છે—આવે છે ને જાય છે, ને પાછા આવે છે; મરે છે, જન્મે છે ને પાછા મરે છે; નવ નવા કર્મના ગાંસડા વહોરે છે, પીઠે નવો ભાર લાધે છે ને તે ભારતળે—નવા નવા જન્મમાં નવાં નવાં કર્મના ગાંસડા નીચે ચગદાયા જ જાય છે. જેઓ આવરણશક્તિના ઉપાસકો છે તેવા જીવો, અનાસ્થાવાળા, પ્રતિકૂળ નિશ્ચયવાળા અને ભ્રમિત મનવાળા છે. તેઓ સંસારમાં એવા લદબદ થઈ જાય છે કે, એ વિક્ષેપશકિતની મોહજાળમાં સપડાઇને, અનંત

દુઃખનોજ ભોગ કરે છે. આ જગતમાં તે જ જીવ જન્મ મરણથી રાહત થઇ જાય છે કે, જેઓ વિશુદ્ધ શ્રદ્ધાથી ભક્તિનું સેવન કરી, નિર્માનીપણે સંસારમાં વિચરી, દૈવી સંપત્તિને પ્રાપ્ત કરવા મથે છે, સર્વ વાસનાઓનો વિનાશ કરે છે, સ્વસ્વરૂપનો અનુભવ લે છે, પરમાત્મામાં એકનિષ્ઠ બને છે, અને તેને જ પરમ શાંતિ અને આનંદરસની પ્રાપ્તિ થાય છે. મહારાજ ! એ ગહન વિષય આ બાળકીને મુખે ન શોભે; કોઈ મહાત્માની પાસે તે તત્ત્વસાર ગ્રહણ કરી જગતમાં વિચરો ! !"

રાજા જનક આ બાળકીના મુખથી આ અદ્ભુત વૃત્તાંત સાંભળી, પ્રેમથી તેને ચુંબન કરી, તેનાં સગાંસ્નેહીઓને તેમાંનું કંઈ પણ નહિ જણાવતાં ત્યાંથી વિદાય થઈ ગયો. બાળકીએ રાજા સાથે શી વાત કીધી, તેનો યત્કિંચિત્ પણ સંશય કોઇને આવ્યો નહિ. બાળકી પણ નૈસર્ગિકપણે પોતાના જેવી સખીઓમાં વિહરવા લાગી. નગરશેઠના પુત્રની પુત્રીનો, તેના જેવા જ ધનાઢ્ય પુરુષના પુત્ર વેરે વિવાહસંબંધ થયો હતો, તેથી આખું નગર વ્યાવહારિક આનંદમાં તરવા લાગ્યું.

### જનકની ઉદાસીનતા

એમ સર્વત્ર આનંદ ફેલાઈ ગયો હતો; પણ એક જ પુરુષ ઉદાસીન હતો. તેનું ચિત્ત આવરું બાવરું બન્યું હતું. તે જ એકલો પોતાના મંદિરમાં શોકાતુર મુદ્રાથી આંટા માર્યા કરતો હતો. તેને ખાવા પીવામાં, રાજકાજમાં, સંસારસુખમાં, ધન કે કીર્તિમાં, પુત્ર કે કલત્રમાં કશામાં પ્રીતિ થતી ન હતી. માત્ર એકાંત જ પ્રિય હતું. એ રાજા જનક હતો. પૂર્વ જન્મમાં હું કોણ હોઈશ અને ઉત્તર જન્મમાં હું કોણ થઇશ, એ વિચારે તેનાં મનને ઘેરી લીધું હતું. મનની ગતિ જ વિલક્ષણ છે. તે નવરું બેઠું કે ભૂત પેરે અનેક ચાળા કરવા માંડે છે. તેને કામ આપો તો ઠામ પડશે-ચાળા કરતાં ડરશે. કોઈ મહાત્માએ કહ્યું છે કે,

यह मन भूत समान है, दौरे दांत पसारि;
बांश गांठि उतरे चढे, सब बल जावे हारि.

જો વિજળી એક સ્થળે રહે, દીપકની જ્યોત સ્થિર રહે તો જ મન સ્થિર રહે. એવું રાજાનું મન ખૂબ ચકડોલે ચઢ્યું હતું. તેની ઉદાસીનતા અપાર હતી. સંશયો અનેક હતા, તે જાગૃત છતાં ઉંઘાખલા જેવો બેસી રહેતો હતો, કોઈ પણ કાર્યમાં તેનું ચિત્ત ચોંટતું નહતું, તેના મનમાં અનેક પ્રકારની પીડા થતી હતી, પૂર્વ જન્મનું

વૃત્તાંત જાણવાને તે ઉત્સુક બની ગયો હતો, કોઈ પણ યોગીમહાત્મા તેના મનનું સમાધાન કરે, તેની શોધમાં તે લાગ્યો હતો. પછી રાજસભાના પંડિતોને પણ તે નૂતન નૂતન પ્રશ્નો કરવા લાગ્યો. આ લોકના પંડિતો લોકના મનનું રંજન કરવાને જન્મેલા છે; વાદવિવાદની મધુરતા જણાવવાને સમર્થ છે; શાસ્ત્રનું વ્યાખ્યાન કરવામાં કુશળ છે; શબ્દચાતુર્ય દર્શાવવામાં નિપુણ છે; રાજ્ય ને સામ્રાજ્યના વિચાર કરવામાં નિપુણ છે; પણ પરમતત્ત્વને જાણવામાં તેઓ બાળક કરતાં પણ નપાવટ છે. શ્રેય નિરાળું છે અને પ્રેય નિરાળું છે. પુરુષ માત્રને પ્રેય બંધનકર્ત્તા છે; તથાપિ જે પ્રેયને ગ્રહણ કરે છે, તે જીવ દૈવી સંપત્તિથી હીન થાય છે અને જે શ્રેયનું ગ્રહણ કરે છે તે જ શ્રેયના માર્ગનો ગામી થાય છે–શ્રેય એ બ્રહ્મવિદ્યા છે અને પ્રેય તે અવિદ્યા છે. જે વિદ્યાને ઇચ્છે છે, તે જ પરમતત્ત્વને જાણી શકે છે; અવિદ્યાને સેવે છે તે લોકમાં ધીર અને પંડિત મનાનારો છતાં મૂઢ અને આંધળાને દોરનાર આંધળા જેવો જ છે–તે સ્વયં જ આ જગતમાં આંધળાપેરે આમ તેમ અથડાયા કરે તો અન્યને તો માર્ગ ક્યાંથી બતાવી શકે ? વિચક્ષણ, બુદ્ધિમાન્, શમદમાદિ લક્ષણયુક્ત, સંસ્કારી, વિચારી વિવેકી, વિરક્ત પુરુષ જ આત્મવિદ્યાનો અધિકારી છે; તે જ ગતજન્મને જાણી શકે છે ને પુનર્જન્મથી બચી શકે છે–એ જ મુમુક્ષુ છે. એને જ હું કોણ છું, હું ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ, તેની જિજ્ઞાસા થાય છે. જેમ નિર્મળ આરસામાં સ્પષ્ટપણે મુખ દેખાય છે, તેમ સંકલ્પરહિત, વાસનારહિત, કર્મ ને અકર્મનો ભેદ જાણનાર, આત્મા પરમાત્માના જિજ્ઞાસુને જ હૃદયાકાશમાં જીવ અને શિવના સ્વરૂપનું દર્શન થાય છે. જનકરાજાની રાજસભામાં અનેક વિદ્વાન્ ને ગુણવાન્, શાસ્ત્રના વાદવિવાદમાં નિપુણ ને લોકને સમજાવનારા પંડિતો હતા, પણ બ્રહ્મની જિજ્ઞાસાવાળો એક પણ જીવ નહોતો. તેવા યોગી વગર જનકરાજાનો પૂર્વજન્મનો વૃત્તાંત કોણ કહી શકે ? ઉત્તર જન્મમાં શું થવાનું છે, તે કોણ સમજાવી શકે?

રાજા દિનપ્રતિદિન પોતાની જિજ્ઞાસામાં અધિકાધિક આગળ વધવા લાગ્યો; પૂર્વજન્મનું વૃત્તાંત જાણવાને તેની વાસના દિનપ્રતિદિન વિશેષ પ્રબળ થવા લાગી.

રાજાની ઉદાસીનતાની વાર્તા પ્રજામાં ઠામ ઠામ ચર્ચાવા લાગી.

કેટલાએક એમ પણ કહેવા લાગ્યા કે, રાજાને કંઈ રોગ લાગુ પડ્યો છે. એથી અનેક વૈદ્યો તેનો ઉપચાર કરવાને આવવા લાગ્યા. પણ રાજાએ સર્વના મનનું સમાધાન કીધું કે, જેવા તમે નીરોગી છો, તેના કરતાં હું વિશેષ નીરોગી છું. હા, મને રોગ છે, પણ મારા રોગનું ઔષધ તમારી પાસે નથી ને તેની ચિકિત્સા કરવાને તમે અધિકારી પણ નથી; તો દવા શું આપવાના હતા? આમ રાજાની ઉદાસીનતાનું હાર્દ કોઈ પણ સમજી શક્યા નહિ. દિવસે દિવસે સંસાર પ્રતિની તેની વાસના ઓછી થવા લાગી. તેની ભોગવાસના કેવળ શિથિલ થઈ ગઈ. દિવસે દિવસે વૈરાગ્યવાસના બહાર પડતી દેખાવા લાગી. સંસારના તાપરૂપી દાવાનળની જ્વાળાઓથી તે તપી ગયો. પૂર્વજન્મ ને ઉત્તરજન્મનું ચરિત્ર જાણવાને તે ઉત્સુક બની ગયો; અને પરમાત્માની અનન્ય ભાવથી ભક્તિ કરવા લાગ્યો; નમ્રતા અને વિનયથી સાધુ સંતોનું સેવન કરવા લાગ્યો; સંસારને તે વિષ્ઠાતુલ્ય જોવા લાગ્યો.

### યોગીન્દ્રમુનિ

આવી તેની સ્થિતિ બની જતાં એક સમયે યોગીન્દ્ર યાજ્ઞવલ્ક્ય નામના મુનિ તેની રાજસભામાં પધાર્યા. આ મુનિની પ્રભાવશ્રી જોતાં જ રાજાના મનમાં સહજ વિચાર સ્ફુરી આવ્યો કે, મારા કોઈક ભાગ્યને યોગે જ આ મુનિ દેવ પધાર્યા છે; તેઓ મારી શંકાનું યથાર્થ સમાધાન કરશે; મને તારશે—અભય કરશે.

પછી રાજાએ પરમભક્તિથી મુનિની અર્ઘ્યપાદ્યથી પૂજા કરી ને ઉત્તમ સિંહાસન ઉપર બેસારી પ્રાર્થના કીધી; "હે મહાત્મન્! આપ આ જીવમાં વ્યાપેલી ઉદાસીનતાનું સમાધાન કરવાને સમર્થ છો. હે મુનીશ્વર! કૃપા કરીને મારી શંકાનું સમાધાન કરો. હે દેવ! હું પૂર્વ જન્મમાં કોણ હતો, એ જાણવાની મને મોટી જિજ્ઞાસા થઈ છે; માટે, હે કૃપાસિંધુ! મને જણાવો કે, હું પૂર્વજન્મમાં કોણ હતો ને હવે પછી મારું શું થશે?"

યોગીન્દ્ર મુનિએ કહ્યું; "હે જિજ્ઞાસુ જનક! તને જે જિજ્ઞાસા થઈ છે, તે પરમ કલ્યાણરૂપ છે. મનુષ્ય જીવનની એમાં જ સાફલ્યતા છે. હું કોણ છું, ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ, આ બધું શી રીતે થયું, કર્તા કોણ, ઉપાદાન કારણ શું, એ વિચાર થવો ને તે વિચારવું, એ કોઈક જન્મના સુકૃત્યનું પરિણામ જ સમજવું. જેમ પ્રકાશ વિના અન્યથી

પદાર્થનું જ્ઞાન થતું નથી, તેમ વિચાર વિના અન્ય સાધનથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી. પૂર્વ જન્મનું જ્ઞાન માત્ર યોગી-સિદ્ધ યોગીને જ હોય છે-અન્ય તે જાણી શકતું નથી. તારે તે જાણવાની જિજ્ઞાસા છે, ને તારા કર્મનો વિપાક થયેલો હોવાથી તું તે જાણવાનો અધિકારી છે. પણ પૂર્વ જન્મનું ચરિત્ર ને ચારિત્ર્ય જાણ્યા પછી તને નવી નવી ચટપટી થશે-શંકા થશે-ને ભયે થશે. માટે એ વિચાર તારા મનમાંથી કાઢી નાંખી પ્રફુલ્લિત મને અને નીતિ ધર્મે રહી રાજકાજ સંભાળ, જે ક્ષાત્ર કુલોત્પન્નનો પરમ ધર્મ છે. પ્રત્યેક જીવે પોતાના જ ધર્મનું સેવન કરવું જોઇએ. જે જીવ પરધર્મનું સેવન કરે છે, તે અનર્થને જ પ્રાપ્ત કરે છે!! તું ક્ષત્રિય છે, તારો ધર્મ પ્રજાપાલનનો છે, તે જ કર્તવ્ય તું પૂર્ણ કર ને તેથી જ તારી સદ્ગતિ થશે. પૂર્વજન્મમાં તું કોણ હતો, તે જાણવાથી તને વિશેષ અર્થસિદ્ધિ કેમ થશે?" રાજા જનકે કહ્યું; "મહારાજ! હવે આ રાજપાટપર કે સંસારપર મને જરા પણ પ્રીતિ નથી. જ્યાંસૂધી હું પૂર્વજન્મમાં કોણ હતો ને ઉત્તરજન્મમાં મારી શી ગતિ થશે; અને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવાને મારે શું કરવું શ્રેયસ્કર છે, એ હું જાણીશ નહિ, ત્યાંસૂધી આ સર્વ પદાર્થ, પ્રાણી, રાજપાટ ને વૈભવ મને તુચ્છ જ છે. આ લોકના વૈભવવિલાસ, એની રિદ્ધિસિદ્ધિ, સુખસંપત્તિ, ભલે ક્ષુલ્લક પ્રાણીઓના મનને શાંતિ આપો; પણ મને તો એ દાવાનળ માફક જવાળા વરસાવનારાં થઈ પડ્યાં છે. રાજપાટપર મને પ્રીતિ નથી; રાણી ને રાજપુત્રપર પણ પ્રીતિ નથી; આ દેહ, આ ગેહ અને ઐશ્વર્ય ઉપર પણ મને પ્રીતિ નથી; એ સર્વ પદાર્થ મને દિનપ્રતિદિન વધારે ને વધારે દુઃખ-શોક-ક્લેશ ઉત્પન્ન કરે છે. હે દેવ! સુકૃત કે દુષ્કૃત કરવામાં મારી પ્રવૃત્તિ થતી નથી; કર્તૃત્વ ભોક્તૃત્વાદિકપર મારી ઉદાસીનતા વ્યાપી ગઈ છે; મને આ સર્વ જગત્ માયાથી મોહ પામેલું જ જણાય છે. હે મહારાજ! મને પ્રકટ થયેલી શંકામાંથી તારનાર આપ એક જ છો. આ જિજ્ઞાસુ જીવની પ્રાર્થનાને આપ સંપૂર્ણ કરો."

ક્ષણભર વિચાર કરી, યોગીન્દ્રમુનિએ કહ્યું; "હે રાજન્! તારા પૂર્વજન્મનું વૃત્તાંત તારે જાણવું હોય તો વિદર્ભા નગરીના સુવિચારશીલ બ્રાહ્મણની કન્યાને જઇને પૂછ; તે તારા મનનું સમાધાન કરશે. જ્યાં સૂધી તું પાછો આવશે નહિ, ત્યાં સૂધી હું આ પાસેના તપોવનમાં રહીશ."

## શોધન–પર્યટન

યોગીન્દ્ર મુનિની આજ્ઞાનુસાર પોતાનો રાજ્યકાર્યભાર મંત્રીને સોંપી, રાજા જનક છડી સ્વારીએ વિદર્ભાનગરી જવાને નિકળ્યો. થોડેક કાળે રાજા જનક સુવિચારશીલ બ્રાહ્મણને મંદિરે જઈ પહોંચ્યો. એ બ્રહ્મદેવ ગુણવાન્, સકળશાસ્ત્રના પરમ જાણકર, ધર્મપર પરમપ્રીતિવાળા, અતિથિનો સત્કાર કરવામાં સદા જાગૃત, નિત્યકર્મમાં પરાયણ, ૐકારનો ત્રણે કાળમાં જપ કરનારા ને પરમ જ્ઞાતા હતા. કોઈ મહાન્ પુરુષ ધારી, સુવિચારશીલે રાજાને પોતાને ત્યાં ઉતારો આપ્યો. ઓછા પુણ્યના પ્રભાવથી અને પ્રારબ્ધને યોગે તેની પુત્રી વિધવાપણાને પામી હતી. આથી તેની સાથે વાત કરવાનો પ્રસંગ સહજમાં રાજાને પ્રાપ્ત થયો નહિ. એ ત્રણ દિવસ પંડિતજીને ઘેર વિશ્રામ કર્યા પછી, એક દિવસે સુવિચારશીલની કન્યા શરમાતી શરમાતી રાજાની પાસે આવીને બોલી; "હે પિતાજી! હે રાજા જનક! આપ યોગીન્દ્ર ઋષિની પ્રેરણાથી તમારું પૂર્વજન્મનું વૃત્તાંત જાણવાને પધાર્યા છો; પરંતુ આપની તે ઇચ્છાને હું પૂર્ણ કરી શકું તેમ નથી. હું વિધવા ધર્મે રહું છું, અન્ય પુરુષ સાથે એકાંતમાં વાત કરવી, એ વિધવાને દૂષણરૂપ છે. મહારાજ! આપ જાણો છો કે, વિધવાના ધર્મ અતિ કઠિન છે; પણ આપ મારા પિતા તુલ્ય છો; વળી ધર્મશીલ છો; પ્રજાના પણ પિતા છો; તેથી જ થોડીક ક્ષણ આપની સાથે વાત કરું છું. આપને હું એટલું જ કહું છું કે, આપને જો પૂર્વજન્મનો વૃત્તાંત જાણવો જ હોય તો, કાશીપુરીના નગરશેઠની સ્ત્રીને જઇને મળો. તે આપની શંકાનું સમાધાન કરશે."

રાજાને તો પોતાના પૂર્વજન્મનું વૃત્તાંત જાણવાની એટલી બધી ઉત્કંઠા થઈ હતી કે, જનકનગરીથી વિદર્ભાનગરી સૂધીનો અથાગ પરિશ્રમ ભૂલી જઈને, તે પંડિતબાળાને પ્રણામ કરી, બીજે દિવસે ત્યાંથી કાશી તરફ વિદાય થયો. લાંબો પ્રવાસ ખેડીને રાજા જનકે પ્રભાતમાં કાશીપુરીમાં પ્રવેશ કીધો. એ નગરમાં તેનું કોઈ ઓળખીતું પાળખીતું ન હતું. ક્યાં મુકામ કરવો, તેનો વિચાર કરતાં તે ધીમે ધીમે ચાલ્યો જતો હતો; એટલામાં રાજમાર્ગ ઉપરના એક વિશાળ ભવનના ઓટલા પર ઉભેલી એક નવયૌવનાએ કહ્યું; "મહારાજ જનક! પધારો! હું આપનાં જ દર્શનની અભિલાષા કરતી ઉભી હતી. આપ સુવિચારશીલની વિધવા કન્યાને મળીને આવો છો; તેણે મારે ત્યાં જ પધારવાની

વિનતિ કરી છે, તે પૂર્ણ કરો! આ ભવન આપનું જ છે; હું પણ આપની જ છું; આપ અત્ર પધારો."

રાજા જનક–એક અજાણી–અપરિચિત તરુણ સ્ત્રીના મુખથી આ વચન સાંભળીને ચકિત થઈ ગયો. તે આ નગરથી અજ્ઞાત હતો; અને નગરની પ્રજામાંથી એક પણ મનુષ્ય તેને ઓળખતું ન હતું; સાથે છદ્મવેશમાં હતો; છતાં નગરશેઠની સ્ત્રીએ તેનો આ પ્રમાણે આદર સત્કાર કર્યો, તેથી તેને મોટું આશ્ચર્ય થયું. એટલું જ નહિ, પણ પંડિતરાજ સુવિચારશીલની વિધવા કન્યાએ તેને મોકલ્યો છે, તે વૃત્તાંત, નગરશેઠની ધણિયાણીએ કોનાદ્વારા જાણ્યો, એ પણ તેને અતિ આશ્ચર્યમય થઈ પડ્યું. વિચારમાં નિમગ્ન થયેલો રાજા નગરશેઠના મંદિરમાં પેઠો. નગરશેઠની ધણિઆણી આખા ઘરની સ્વામિની હતી; સર્વ ઐશ્વર્યસંપન્ન હતી; તેની આજ્ઞા ઉઠાવનારાં અનેક દાસદાસીઓ હાજરનાં હાજર જ રહેતાં હતાં; તે પરમ સાધ્વી હતી; અનેક લોકોને અનેક કારણોથી સ્ત્રીના ચરિત્ર ઉપર શંકા ઉત્પન્ન થાય છે, તેવી શંકાનું એક પણ કારણ તેના સંબંધમાં ઉત્પન્ન થયું નહોતું. તેવી તે સુશીલ, દક્ષ, સંસ્કારી ને જ્ઞાનની અધિકારી, અતિથિનો સત્કાર કરવાવાળી, ધર્મ-પરાયણા, સતી સાધ્વી અને સર્વ પ્રતિ સમાન ભાવથી વર્તનારી હતી.

તેની આજ્ઞા થતાં જ નોકર ચાકર રાજાની સેવામાં હાજર થઈ ગયા. સુંદર મંદિરમાંના સુંદર ચૌરંગપર રાજાને આસન આપ્યું, જ્યાં તે આનંદથી બેઠો. રાજા શ્રમિત થયો હતો, તેથી ઉનાં પાણી મૂકાવી દેવામાં આવ્યાં. પછી સ્નાન કરી નિત્યનાં ષટ્કર્મથી પરવારી તે ભોજન કરવા બેઠો. ભોજન સમયે જે ઉત્તમ ભોજન તૈયાર કરવામાં આવ્યું હતું, તેનો પ્રસાદ લઈને થોડો સમય રાજા એકાંતમાં પોઢી ગયો. ભોજ-નકાળે તેણે જે ભોજન લીધું, તે ભોજનનો સ્વાદ લેતાં તેને એવી શંકા ઉત્પન્ન થઈ કે, આવાં જ મિષ્ટ ભોજનનો આહાર, કોઈ કાળમાં મેં કીધો છે, પણ ક્યારે અને કોના હાથે કીધો છે, તેનું તેને સ્મરણ થયું નથી. તથાપિ એના એ જ વિચારમાં તેને શાંત એવી નિદ્રા આવી ગઈ કે, આ જગત્ ક્યાં છે? પોતે ક્યાં છે? તેનું તેને ભાન પણ રહ્યું નહિ. જેમ સારી રીતે પ્રજ્વલિત કરેલો અગ્નિ ઇંધનમાત્રનો નાશ કરે છે, તેમજ ગાઢ નિદ્રા પણ જગતના વ્યવહાર માત્રને વિસરાવી દે છે. એમાં અહમ્ એવી આત્મબુદ્ધિનો નાશ થઈ જાય છે, સ્વાનુભવ જતો રહે છે,

કેવળ એક જાતની નિર્વિકલ્પ સમાધિજ પ્રાપ્ત થાય છે. જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિમાં જે નૂતન નૂતન આનંદ થાય છે, તેના વિના અન્ય જ્ઞાન, જનકરાયને આ ગાઢ નિદ્રામાં રહ્યું નહતું. થોડીવારે એનો શુદ્ધાત્મા કોઇક દિવ્ય સ્થાનમાં જઇને ઉભો રહ્યો. તેમાં તેણે એવું જોયું કે, તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે, મુંડ મુંડાવી પોતાની સ્ત્રી પાસે ભિક્ષા માંગવાને જઇને ઉભો રહ્યો છે, અને તેની રાણી ક્રોધાયમાન દૃષ્ટિ કરીને, તેને ઉપદેશ કરે છે. તે ઉપદેશનો પોતે અનાદર કરે છે; પણ પાછળથી રાણીના વજ્ર જેવા તીક્ષ્ણ ઉપદેશથી તે પોતાના સત્ય જ્ઞાનને પ્રાપ્ત થઇને, अहं ब्रह्मास्मिની સ્થિતિને પામે છે. તેનું કર્ત્તા ભોક્તાપણું મટી જાય છે; તે સર્વ ઉપાધિને ભસ્મ કરે છે; સર્વત્ર સમભાવની દૃષ્ટિ કરે છે; ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થની પ્રાપ્તિ થતાં, સમદૃષ્ટિપણાને યોગે નિર્વિકારી જ થઈ રહે છે; બ્રહ્માનંદનો અમૃત જેવો રસ પીવામાં તેનું ચિત્ત આસક્ત થઈ જાય છે; અંદરના અને બહારના વિષયોનું અનુસંધાન ચૂકી જાય છે; તે દેહ તથા ઇંદ્રિયાદિની અહંતા મમતા રહિત બની, મુક્ત દશા ભોગવતો જગતમાં વિચરે છે; તેનો ઇદંભાવ નાશ પામી જાય છે; જીવ તથા બ્રહ્મના ભેદને તથા બ્રહ્મ અને જગતના ભેદને તે તુચ્છ ગણે છે; પ્રજાજન ને મંત્રીઓ, પુત્રો ને રાણી તેની પૂજા કરે છે, તેનું તેને સુખે નથી; તેમ કોઈ અપમાન કરે છે, તો તેનું તેને દુઃખ પણ થતું નથી. આવી સ્થિતિ અનુભવતો વિદેહ નગરનો સદેહી રાજા જનક, લાંબો સમય સુધી ગાઢ નિદ્રામાં, ચિદાનંદના સ્વરૂપમાં લીન થઈ ગયો હતો. રાજા જનક, જ્યારે નિદ્રામાં હતો, ત્યારે નિદ્રાવસ્થાનો આ આનંદ અતિ આશ્ચર્ય થતો ભોગવતો હતો.

આ આનંદનું સુખ તે ઝાઝો કાળ ભોગવી શકયો નહિ. નગરશેઠના સેવકો રાજાને ઉઠેલો જાણતાંજ મુખપ્રક્ષાલન માટે પાણી લઈ આવી ઉભા રહ્યા. હાથ પગ ધોઈ, શરીરની તંદ્રાનો ત્યાગ કરીને, રાજા પોતાના આસન ઉપર બેઠો. એટલામાં નગરશેઠની ધણિયાણી તેની સેવામાં હાજર થઈ ને ક્ષણભર અતિઘણા ઘાડા સ્નેહથી તેનું મુખ જોઈ રહી; પછી બે હાથ જોડીને બોલી; "મહારાજ! સુવિચારશીલની વિધવા કન્યાના મોકલેલા આપ અત્ર ભલે પધાર્યા. આપ પૂર્વજન્મમાં કોણ હતા અને ઉત્તર જન્મમાં આપનું શું થશે, એ જાણવાની મહારાજને જે જિજ્ઞાસા થઈ છે, એ આપનું એક ગાંડપણ જ છે. એ વિચાર

આપના હૃદયમાંથી કાઢી નાંખો. પૂર્વજન્મનું ચરિત્ર જાણવાથી આપને વિશેષ સુખ શું મળવાનું છે? શો આનંદ થવાનો છે? જે સત્કર્મને યોગે આપને ચક્રવર્તીના પદની પ્રાપ્તિ થઈ છે, તે ભોગવીને તેમાંજ આનંદ કરો. પૂર્વજન્મનું ઇતિવૃત્ત જાણવાથી, આપને વિશેષ ફળ પ્રાપ્ત થવાનું નથી; ઉલટો આપ જે હમણાં આનંદ ભોગવો છો, તે નષ્ટ થઈ જશે, એ જ ફળ પ્રાપ્ત થશે!"

રાજા જનકે કહ્યું; "હે દેવિ! હે કલ્યાણિ! મારા પૂર્વજન્મનો વૃત્તાંત જાણવાથી મને આનંદ થાઓ કે ઉદાસીનતા વ્યાપો, સુખ થાઓ કે દુઃખ થાઓ, તેની મને યત્કિંચિત્ પણ પરવા નથી. જે જીવ ભૂતથી અજ્ઞાત છે, વર્તમાનને સંભાળતો નથી, ભવિષ્યનું અનુસંધાન કરતો નથી, પૂર્વજન્મનાં ફળ જાણી પાપમય કૃત્યનો ત્યાગ કરવાનો શ્રમ કરતો નથી, તે જીવ વિશ્રાંતિનું સ્થાન મેળવવાને અપાત્રજ છે; જેમ પરખાઈ ગયેલો ચોર ચોરી કરતો નથી, પણ મૈત્રી કરે છે અને સદાકાળ બ્હીતો અને ધ્રુજતો રહે છે, તેમ પરિજ્ઞાન મેળવ્યા પછી આ જગતના ભોગો આનંદજ આપે છે, પણ દુઃખ આપતા નથી. જો હું પૂર્વજન્મનું મારું વૃત્તાંત જાણું તો હું શુદ્ધ અંતઃકરણવાળો બની, મન ઉપર કેવી રીતે સંયમ રાખવો, કીયા સુકૃત્યનું ફળ રાજભોગ છે અને કીયાં સુકૃત્ય પરમ સ્થાનની પ્રાપ્તિ ભાવીમાં કરાવવાવાળાં છે, તેનો બહુજ સારી રીતે ઉપયોગ કરતો થઇશ. જેમ અવ્યભિચારિણી પતિવ્રતા સ્ત્રી ઘરના કામકાજમાં પ્રવૃત્ત થયા છતાં પણ અંતરમાં પતિસંગનું રસાયન ચાખ્યા કરે છે, તેમજ સતજ્ઞાન પ્રાપ્ત થતાંજ મારી વૃત્તિ તે દશાને પ્રાપ્ત થશે, એ મારો દૃઢ સંકલ્પ છે. હે કલ્યાણિ! મારો દૃઢ સંકલ્પ સિદ્ધ ન થાય, ત્યાં સૂધી હું સુખ કે આનંદથી રહિત જ છું. જ્યારથી મારા મનમાં પૂર્વજન્મનું વૃત્તાંત જાણવાની જિજ્ઞાસા થઈ છે, ત્યારથી વિશ્રાંતિ, ધૈર્ય ને આનંદ ચાલ્યાં ગયાં છે; એક ક્ષણ પણ મારું અંતઃકરણ તેનો આસ્વાદ ચાખવામાં લક્ષ્યવાન્ નથી. હે દેવિ! મારી એ જિજ્ઞાસા પૂર્ણ થવા માટે હું આપની પાસે આવ્યો છું. એ જિજ્ઞાસા પૂર્ણ કરવાને તમે સમર્થ છો, એમ હું માનું છું. જ્યાંસૂધી મારી એ જિજ્ઞાસા પૂર્ણ થશે નહિ, ત્યાંસૂધી મારા ચિત્તની શાંતિ થશે નહિ."

નગરશેઠની ધણિયાણીએ કહ્યું; "હે મહારાજ જનક! બુદ્ધિમાન્ પુરુષ ભૂતનો વિચાર કરતા નથી, ભાવીનોજ વિચાર કર્યા કરે છે ને

ભાવીના સુખ માટે મથન કરે છે. ગયું એ તો ગયું; ગયાને વિસારી દ્યો; આવતાને સંભાળો." જનકરાયે કહ્યું; "હે અંબે! ભૂતનું જ્ઞાન ભાવીના કાર્યમાં સહાયતા દેનારું છેઃ ભૂત એ માર્ગદર્શક છે, ભૂતકાળમાં થયેલાં કર્મમાં જ્યાં જ્યાં જીવે ખત્તા ખાધી છે અને તેનાં ફળો ભોગવ્યાં છે, તેનું જ્ઞાન જો જીવ ધરાવતો હોય તો, ભવિષ્યમાં તે પોતાનો માર્ગ બહુ જ સરળતાથી પસાર કરી શકે છે. પરમાત્માની સૃષ્ટિના જીવોમાં, ભૂતકાળના જ્ઞાનના અભાવે જ ભવિષ્યમાં અનેક પ્રકારની ઠોકરો ખાવામાં આવે છે. જો પુરુષને ભૂતકાળનું જ્ઞાન હોય તો, જે માર્ગથી તે અધોગતિને પામ્યો છે, તે માર્ગનો સ્વરૂપ પણ સંગ બુદ્ધિ ધરાવનારો પુરુષ, કરતો નથી, પણ ત્યાગ કરે છે. જીવને અધોગતિનું મૂળ કારણ ભૂતકાળના જ્ઞાનનો અભાવ જ છે. આ અધોગતિમાંથી તરવા માટે મને ભૂતકાળનું મારું ચારિત્ર્ય જાણવાની જિજ્ઞાસા થઈ છે." નગરશેઠની ધણિયાણીએ કહ્યું; "હે રાજન્! જે ઐશ્વર્ય આપને આ જન્મમાં પ્રાપ્ત થયું છે, તે ઉપરથી જ આપ માનો કે, આપનું ભૂતકાળનું ચારિત્ર્ય અતિ ઉત્તમ હોવું જોઈએ. ભૂતકાળમાં કરેલાં શુભ કર્મવડે આ જન્મમાં તમને ઉત્તમ ફળ મળ્યું છે ને મળશે. જેમ અંધારામાં દેખાયલો સર્પ, અજવાળામાં જોતાં રજ્જુ જણાય છે, પણ સર્પના ભયથી ઉત્પન્ન થયેલો કંપાદિક તો ધીમે ધીમે શમે છે; તેમ તમારા પ્રારબ્ધના ભોગ પણ, ભોગવ્યા પછી જ ધીરે ધીરે શમશે; હઠ કરવાથી કંઈ તે શમી જવાના નથી. જે પ્રાપ્તિ તમને આ જન્મે થઈ છે, તેમાં જ તમે તમારું આત્મજ્ઞાન સતેજ રાખીને વિચરશો, તો તેથી જ તમને ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ થશે; પણ પૂર્વજન્મના જ્ઞાનથી જ, તમને ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ થાય, એમ માનતા નહિ. પ્રારબ્ધ તો ભોગવવા જ જોઈશે; પણ ક્રિયમાણ વિશુદ્ધ હશે તો ભવિષ્યના ક્લેશમાંથી સુરક્ષિત રહેશો.

"અસ્તુ! હે રાજેન્દ્ર! આપની ઈચ્છા પૂર્વજન્મનું જીવનવૃત્ત જાણવાની છે, તો તે પૂર્ણ કરો. આપ શ્રી અહિંથી ચંપાવતી નગરીમાં પધારો. જેવા આપ તે નગરીમાં પ્રવેશ કરશો કે, તે નગરીના વૃદ્ધ રાજા વિવેકસિંહને પુત્રપ્રાપ્તિ થશે. એ રાજા જન્મજન્મનો વાંઝીયો છેઃ એના કર્મમાં પુત્રનું સુખ નથી; છતાં આપની જ જિજ્ઞાસા પૂર્ણ કરવાને તેને ત્યાં પુત્રનો જન્મ થશે. રાજાને ત્યાં પુત્રજન્મ થયો, એ વર્તમાન જાણતાં રાજમહેલ અને નગરમાં આનંદ આનંદ વ્યાપી જશે.

જેમ આ દેહ, ગેહ અને જગત્ પણ ક્ષણભંગુર છે, તેમ તેનો આનંદ પણ ક્ષણભંગુર છે; કેમકે ત્રણ ઘડીનું આયુષ્ય ભોગવીને એ રાજકુમાર મૃત્યુને શરણે જશે. નગરજનો ઉદાસીનપણે તે રાજકુમારને સ્મશાનમાં લઈ જશે. હે રાજન્! સ્મશાનમાં જે સ્થળે તે બાળકને ડાટવામાં આવે, તે જગ્યા તમે ધ્યાનમાં રાખજો. મધ્યરાત્રિના તે સ્થળે જઇને, પવિત્રપણે એ શબને ખાડામાંથી બહાર કાઢી, સ્નાન કરાવી, ત્રિપુંડ્ર કરીને, ખોળામાં સુવરાવજો; કંઠમાં પુષ્પની માળા ધારણ કરાવજો. પછી તે શબરૂપી બાળક આપની ઇચ્છા તૃપ્ત કરશે! પણ તે પછી, હે રાજન્! હું નિશ્ચયપૂર્વક આપને નિવેદન કરું છું કે, આપનો આ લોકનો આનંદ હમેશાને માટે નષ્ટ થશે. પણ આપનું ભાવી પ્રબળ છે, તેને યોગે બીજાં અનેક સુખોની પ્રાપ્તિ પણ થશે." આટલું કહીને તે સ્ત્રી વિરામ પામી.

તે સ્ત્રીનું આવું ગૂઢ વચન સાંભળીને રાજા વિસ્મિત થયો. નગરશેઠની ધણિયાણીની પ્રાર્થનાથી તે ત્યાં બે દિવસ રહ્યો, પણ તેના હૃદયમાં તો ઉથલપાથલ થઈ રહી હતી. પછી તે સ્ત્રીને પ્રણામ કરી તેના ભવિષ્ય જ્ઞાનની પ્રશંસા કરતો કરતો તે ત્યાંથી વિદાય થયો. કેટલેક કાળે તે ચંપાવતીમાં દાખલ થયો. નગરમાં પ્રવેશ કરવાની સાથેજ નગરશેઠની સ્ત્રીના કહેવા પ્રમાણે, રાજાને ત્યાં પુત્રજન્મ થયો. બારણે બારણે તોરણો બંધાઈ ગયાં; રાજમહેલ, કિલ્લા અને કોટપર ધ્વજાઓ ઉડવા લાગી; પ્રજાજન અન્યોન્ય શાકરો વહેંચવા મંડી પડ્યાં; અનેક બંદીવાનોને છોડી દેવામાં આવ્યા; ભાટ, ચારણ ને માગણો રાજાનો જયજયકાર પોકારવા લાગ્યા; બ્રાહ્મણોને પુષ્કળ દાન દેવામાં આવ્યાં—એમ પ્રજામાં આનંદ આનંદ છવાઈ રહ્યો છે. આ મહોત્સવદર્શન કરતો કરતો રાજા નગરના રાજમાર્ગમાં ફરે છે. એવામાં એકદમ આ આનંદ બંધ પડી ગયો; રાજપુત્ર મરણ પામ્યો. જ્યાં એક ક્ષણ પૂર્વે આનંદધ્વનિ ઉભરાઈ રહ્યો હતો, ત્યાં સર્વત્ર શોક વ્યાપી રહ્યો. ઢોલ દદામા બંધ પડી ગયાં; હાથમાં લીધેલી શાકરો હાથમાં જ રહી ગઈ; ધ્વજા પતાકા તોરણો ઉતારી લેવામાં આવ્યા અને રાજાના અહોભાગ્યની પ્રશંસા કરનારાઓની આંખમાંથી ખળખળ આંસુ વહેવા લાગ્યાં. થોડીવાર પછી રાજપુત્રને એક સુંદર જરીના વસ્ત્રમાં લપેટીને સ્મશાનમાં લઈ ગયા. સૌ સંગે રાજા પણ સ્મશાનિયાના ટોળામાં દાખલ થઈ ગયો. વિવેકસિંહ રાજાના સેવકોએ રાજકુમારને એક ખાડામાં પધરાવી દીધો.

માટીમાં માટી મળી ગઈ. ઉદાસ મુખે સ્નાન કરી સઘળા સ્મશાનિયા પોતપોતાને ઘેર વિદાય થઈ ગયા. રાજા પણ એક ધર્મશાળામાં જઈ ઉતર્યો.

જે ગઈ કાલે હતો નહિ, આજે છે નહિ, જે વિજળીની માફક ક્ષણભર જ દર્શન દઈને હતો ન હતો થઈ ગયો છે, તે રાજપુત્રને માટે રાજા અને રાણી, ચાકર નોકર દાસીઓ, અત્યંત આક્રંદ કરે છે અને સંબંધીજનો તેનું સાંત્વન કરે છે. જગતની લીલા એવી જ વિચિત્ર છે, પણ તે કોણ સમજે છે? સમજનાર પણ સમજ્યા નથી, જાણનાર પણ જાણી શકયા નથી. તો અન્યનું શું ગજું? આ સંસાર જ એવો છે. વૃદ્ધિને અંતે ક્ષય, ઉન્નતિને અંતે પતન, સંયોગને અંતે વિયોગ, એવી સંસારની રેંટમાળા છે; છતાં જીવની એવી ક્ષુલ્લકતા છે કે, તે જે ભૂતમાં ન હતું, ભાવીમાં નથી અને વર્તમાનમાં વિજળીપેરે અલપ જલપ ચમકારો દેખાડી ક્યાં ગયું તે જણાતું નથી કે જાણી શકતા નથી, તેને સત્ય માનીને મોહાંધ બની જાય છે. સૃષ્ટિનું નિર્માણ છે કે, જે જન્મ્યું તે મરવાનું! તથાપિ 'હું' ને 'મારું' એ બે અક્ષરના સંબંધથી બંધાઈ પુરુષ મિથ્યા સંતાપ કર્યા કરે છે. વિષયો–સગું કે સ્નેહી, ધન કે કીર્તિ–ચિરકાળ રહેનારા નથી–એક કાળે જનારા જ છે; છતાં મનુષ્ય એટલો બધો નિર્બળ છે કે, તેને ત્યાગ કરવાને અસમર્થ છે. એટલું જ નહિ, પણ એ વિષયોમાંથી જ્યારે આપોઆપ બંધનમુક્ત થવાય છે, ત્યારે તે અતુલિત પરિતાપને પામે છે. જીવની પ્રકૃતિ જ છે કે, તે અશોચ્યનો શોચ કરે છે, તથાપિ બ્રહ્મવેત્તાની માફક પ્રસંગે પ્રસંગે વાદ વદે છે. પણ શુદ્ધ સત્વગુણી પંડિતો, જીવતાનો કે મુવાનો કોઈનો પણ શોચ કરતા નથી.

**अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत।**
**अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना॥**

**અર્થ**–ભૂતમાત્રનું આદિ અવ્યક્ત છે, અંત પણ અવ્યક્ત છે, માત્ર મધ્ય જ વ્યક્ત છે, તો પછી તેનો ખેદ શાનો?

પરંતુ આ જગતના જીવ મોહપાશમાં બંધાયલા હોવાથી, સત્યાસત્યનો–ભેદાભેદ ન સમજવાને યોગે જ ખેદ પામે છે, દુઃખી થાય છે અને ક્ષણભરનો વૈરાગ્ય ધારણ કરીને ત્યાગી બની જાય છે.

### શબનું સજીવન થવું

મધ્યરાત્રિના રાજા જનક સ્મશાનમાં ગયો. ભાગીરથીના નિર્મળ

જળમાં સ્નાન કર્યું અને ભીનાં વસ્ત્ર સાથે જ્યાં રાજકુમારને ડાટચો હતો ત્યાં આવ્યો. કોદાળીવડે ઉપરની માટી કાઢી નાંખી. પછી રાજકુમારને ખાડામાંથી બહાર કાઢચો. તેના શરીરપરના ધૂળ અને જંતુ ખંખેરી નાંખ્યાં. બાળકુમારનું સર્વાંગ જરા પણ કરમાયું ન હતું; પૂર્વના જેવું જ તેનું અંગ તેજસ્વી હતું. રાજાએ તે બાળકને પવિત્ર જળથી સ્નાન કરાવ્યું; લલાટમાં ત્રિપુંડ્ર કીધું; અને ખોળામાં સુવારી જેવી ગળામાં પુષ્પની માળા નાંખી, તેવાં જ તે બાળકનાં નેત્રો ખુલી ગયાં; અને તે ખડખડાટ હસીને બોલ્યો; "અહો પિતાજી! આપ અહિં ક્યાંથી પધાર્યા છો? ઘણે જન્મે આજ આપના દર્શનનો મને લાભ થયો, એને હું મારું પરમ ભાગ્ય સમજું છું. આપ મારી માતાના મોકલેલા અહીં પધાર્યા છો કે? તમે મિથિલા નગરીના અધિપતિ છો, સકળ સુખૈશ્વર્ય ભોગવો છો, પ્રજા આપ ઉપર તુષ્ટમાન છે, આપ ધર્મને જાણો છો અને ધર્મ પ્રમાણે રાજયકાર્યભાર ચલાવો છો; તેને વળી આ શું હવાતીયું લાગ્યું કે, હું પૂર્વજન્મમાં કોણ હતો તે જાણું?"

સચકિત ચિત્તે દૃઢપ્રતિજ્ઞ રાજા જનકે કહ્યું; "હે બાળકુમાર! તું કોણ? તારી માતા કોણ? તારો પિતા કોણ? જે ચમત્કૃતિથી ભરેલા શબ્દો તારા મુખમાંથી નિકળ્યા છે, તે એક રીતે મારા આનંદમાં વૃદ્ધિ કરે છે; અને બીજી રીતે મને આશ્ચર્યમાં લીન કરે છે! મને તું પિતાના નામાભિધાનથી ઓળખાવે છે? નગરશેઠની ધણિયાણીને તું તારી માતા કહે છે? એનો ખુલાસો કર અને હું પૂર્વજન્મમાં કોણ હતો તે કહે."

### જનકની પૂર્વજન્મની કથા

બાળકુમાર બોલ્યો; "હે મહારાજ! આપ મારા પૂર્વજન્મના પિતા છો. આપનું નામ પ્રજ્ઞાનદેવ હતું અને આપ વિશ્વપુરીના મહાસમર્થ રાજા હતા. આપની સ્ત્રી ને મારી માતુશ્રીનું નામ સુમતિદેવી હતું. મારું નામ મોહાંધસેન અને સુવિચારશર્માની વિધવા પુત્રી મારી સ્ત્રી, તેનું નામ શીલવતી હતું. જન્મ જન્માંતરનાં કર્મોની શ્રેષ્ઠતાને યોગે આપને વિજ્ઞાન પ્રાપ્ત થયું હતું, તેથી આપ સાધુ સંતનું સદા સેવન કરતા હતા, અને અહોકાળ વિક્ષેપ તથા આવરણશક્તિનો પરાજય કરવામાં મંડ્યા રહેતા હતા. રાજ્યનું તંત્ર યથાસ્થિત ચાલ્યું જતું હતું. આપને પ્રતાપે આપના મંત્રી ન્યાય પ્રમાણે વર્તતા હતા, પ્રજા સુખ શાંતિમાં વર્તતી હતી; પૂર્ણ જ્ઞાની છતાં પણ દેવસેવાના કર્મનો

આપે ત્યાગ કીધો ન હતો. સમદૃષ્ટિપણાથી આપ પ્રજા ઉપર રાજ્ય કરતા હતા અને આપનો નિશ્ચય હતો કે, નિત્ય હજાર અતિથિઓને ભોજન કરાવ્યા પછી અને એ અતિથિમાંના બ્રહ્મેચ્છુ મહાત્માઓને મુખેથી જીવ અને બ્રહ્મની એકતાની કથા સાંભળ્યા પૂર્વે કદી પણ ભોજન લેવું નહિ. સંત મહાત્માના મુખથી જે જ્ઞાન આપ પ્રાપ્ત કરતા હતા, તે જ્ઞાન મારી માતા સુમતિને નિત્ય રાત્રિના સંભળાવતા હતા અને તે સાધ્વી એકચિત્તે હૃદયમાં ધારણ કરતી હતી. આપના સત્સંગથી એ પણ આ જગતને મિથ્યા જાણતી હતી, સંસારના મોહમાંથી વિરક્ત હતી અને આપની પેઠે સાધુઓની સેવા પૂજા કરવામાં સદાય તત્પર રહેતી હતી. આપના સંતસેવનનાં ને જ્ઞાન સંપાદનનાં કાર્યમાં, મારી સ્ત્રી શીલવતી હંમેશાં આપને સહાયતા આપતી હતી. ધીમે ધીમે શીલવતી પણ પુણ્યવતી બનતી ગઈ. મહાત્માઓના મુખથી અનેક વાતો સાંભળવાની તેના મનમાં શુભ ભાવના ઉત્પન્ન થવા લાગી. પરન્તુ આપની અને મારી માતુશ્રીની આ રીતિપ્રતિ મારી જરાય પ્રીતિ હતી નહિ. સાધુસંતના સેવન પૂજન તથા અર્ચનને હું એક ઢોંગ માનતો હતો; અનેક અતિથિ અભ્યાગતોનો આપ સત્કાર કરતા હતા, તેને હું સંસારમસ્ત જીવોના દોઝરા ભરવાનાં વ્યર્થ વેવલાં જ ગણતો અને પરલોક ને આત્મજ્ઞાનને હું ગાંડપણ ગણતો હતો. કદી કદી આ મારો મનોભાવ શીલવતી આગળ વ્યક્ત કરતો; પરંતુ આપ અને મારી માતુશ્રી પ્રતિ મારી પૂર્ણ ભક્તિ હોવાથી, આપનાં એ સત્કર્મ સંબંધે મેં આપને એક પણ શબ્દ કહ્યો ન હતો. હે રાજા જનક! આપ તો સદાય સંતની સેવામાં એવા નિમગ્ન થઈ ગયા હતા કે, એ મહાત્માઓના પ્રતાપથી આ મિથ્યા સંસારપરનો સર્વ મોહ નષ્ટ થઈ ગયો હતો. જગતના આધારરૂપ, સર્વ વસ્તુઓના પ્રકાશક, સર્વ વ્યાપક, સર્વાકાર, નિત્ય શુદ્ધ, નિર્વિકલ્પ, ચૈતન્ય બ્રહ્મનું યથાર્થ જ્ઞાન થવાને, આપ પાત્ર થતા જતા હતા અને તેથી ક્રિયારહિત બનીને, જેમ બને તેમ અહંકારરૂપી વાઘને નસાડવાનો પ્રયત્ન કરતા હતા. ધીમે ધીમે આપનો અંતરાત્મા બ્રહ્મના જ્ઞાનમાં નિમગ્ન થવા લાગ્યો; તથાપિ મુક્તિના ઉંચા શિખર ઉપર પહોંચવાની જે બે પાંખ–વૈરાગ્ય અને બોધ છે, તેમાંની શુદ્ધ સંકલ્પવડે થતી દૃઢતાપૂર્વક નિષ્કામકર્મરૂપી વૈરાગ્યની પાંખ આપને હજી પ્રાપ્ત થઈ ન હતી.

બે પાંખવાળો પક્ષી જ આકાશના પારને પહોંચી શકે છે. શુદ્ધ સંકલ્પવડે થતી દૃઢતાપૂર્વક નિષ્કામકર્મરૂપી વૈરાગ્ય ને બોધની પાંખોવાળો પુરુષ જ બ્રહ્મની નિર્વિકલ્પ સમાધિને પામી શકે છે; વૈરાગ્યવાન જીવથી જ અંદરના અને બહારના વિષયોનો ત્યાગ થઈ શકે છે. આપને મોક્ષની ઇચ્છા હતી, તેથી અંદરના સર્વ વિષયોનો આપે ત્યાગ કીધો હતો; પણ બાહ્યાચારનો આપે ત્યાગ કીધો ન હતો. જેની તીવ્ર વૈરાગ્યવૃત્તિ જાગૃત થઈ હોય, તે જ જીવ સમાધિને પ્રાપ્ત થાય છે; સમાધિનિષ્ઠ જીવને બોધ દૃઢ થાય છે; દૃઢ બોધવાળો જીવ બંધનમાંથી મુક્ત થાય છે; બંધનમુક્ત જીવ નિત્ય સુખનો આનંદ પ્રાપ્ત કરે છે. મુમુક્ષુને વૈરાગ્યથી વિશેષ આનંદ આપનાર બીજું કંઈ પણ નથી. પ્રેમપુરઃસર પરમેશ્વરને સેવતો અને તેમાં જ સર્વસ્વ અર્પણ કરતો પુરુષ, સંસારને વિષસમ ગણી તેના રસાસ્વાદની, જાગ્રત કે સ્વપ્નમાં પણ ઇચ્છા કરતો નથી. તે જ પુરુષ આત્મનિષ્ઠ થાય છે; તે જ અહંતા મમતારૂપી જગતની જંજાળને ત્યજી દઈ, આશાના બંધને કાપી નાંખી, કુળનું તથા માન અપમાનનું અભિમાન છોડી, ક્રિયાને દૂરથી જ નમસ્કાર કરી, શુદ્ધ સત્‌ના દર્શનનો ભાગી બને છે. એવો પુરુષ અનાત્મ પદાર્થનું ચિંતન કરતો નથી કે દુઃખના કારણરૂપ મોહને વશ થતો નથી. આ સ્થિતિના આપ અપેક્ષિત હતા; પરંતુ બાહ્ય વ્યવહારનો ત્યાગ કરવાને આપ સમર્થ થયા નહતા, તેથી આપને પુનઃ જન્મ ધારણ કરવો પડ્યો છે.

પૂર્ણ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાને, હે પિતા જનક! તમારો ઉદ્યોગ સતત ચાલુ હતો; પરંતુ તમારું પ્રારબ્ધ–તમારા સત્‌ની કસોટી કરવાને બીજી દિશા તરફ ફરતું જણાતું હતું. અતિથિ અભ્યાગતોની સેવા કરવામાં આપ એકનિષ્ઠ હતા. તેની કસોટી કરવાનો, જાણે કે તે પરમ પરમાત્માએ નિશ્ચય કીધો હોય તેમ, તમારા રાજ્યમાં મહાભયંકર દુષ્કાળ પડ્યોઃ બાર વર્ષ સૂધી વૃષ્ટિનું બિંદુ પણ ન પડ્યું. આપ અટલટેકી હોવાથી સર્વ રિદ્ધિસિદ્ધિ આપી દઇને પણ અતિથિ અભ્યાગતોને વિમુખ કાઢતા નહિ. પણ નગરની સર્વ પ્રજા દુષ્કાળના ભયથી રાજ્ય છોડી દઇને નાશી ગઈ. તમે અતિથિ અભ્યાગતની સેવા સારી રીતે કરતા અને તેમાં જ મગ્ન રહેતા, પણ પ્રજાને જે કષ્ટ પડતું, તે જાણ્યા છતાં પણ તેનું રક્ષણ કર્યું નહિ. ક્ષત્રિયનો ધર્મ છે કે, પ્રજાપાલનમાં સદા તત્પર રહેવું; તેનું તમને વિસ્મરણ જ રહ્યું; અને તે જ

તમને પુનઃ જન્મમરણનું કારણ થઈ પડ્યું છે. હે પિતા! પ્રત્યેક આત્મનિષ્ઠ પુરુષે સત્ય જાણવું કે, તેણે સ્વધર્મ બળાત્કારે પણ ત્યજવાનો નથી; કષ્ટમાં કે ક્લેશ કારણે પણ ત્યજવાનો નથી. જે સ્વધર્મ ત્યજી દે છે અને ઉત્તમ પણ પરધર્મનું સેવન કરે છે, તે તેને ભયકારી જ થઈ પડે છે. ક્ષત્રિયનો ધર્મ પ્રજાસંરક્ષણનો છે. તેના ત્યાગથી જ આજે તમે આ લોકમાં વિચરો છો–નહિ તો તમારે માટે શ્રેષ્ઠસ્થાન નિર્માણ જ હતું.

પાછળથી આપણ સર્વને પણ રાજ્ય છોડવાનો પ્રસંગ આવી પહોંચ્યો. તમે, મારી માતા, હું અને મારી સ્ત્રી–આ ચારે જણાઓ અરણ્યમાં ચાલ્યાં ગયાં. બાર દિવસના ઉપવાસ થયા, ત્યાંસૂધી અન્નનો દાણો સરખો પણ મળી શક્યો નહિ. પડતાં આખડતાં–ઉપર આભ ને નિચે ધરતીને આશરે–વરસતી લૂ વચ્ચે, વિંધ્યાચળના અરણ્યમાં આપણે જઈ પહોંચ્યા. ત્યાં એક યોગીનો આશ્રમ દૃષ્ટે પડ્યો. સર્વ સ્થળે સુક્કું ટાટ હતું, પણ ત્યાં નવપલ્લવિત જણાયું. તે આશ્રમમાં કોઈ મહાન્ સંત પુરુષ રહેતા હતા. એ યોગી કોઈ દેવાંશી મહાત્મા હતા. તેના આશ્રમપર આપણે જઈને થોડીવાર વિશ્રામ કીધો, તે યોગીના પ્રતાપથી કે કોઈ અદૃશ્ય કારણથી, મધ્યાહ્ને તેની પર્ણકુટીની સમીપના એક વૃક્ષપર, ભોજનથી ભરપૂર ચાર પાત્ર જોવામાં આવ્યાં. તે પાત્ર અન્યનાં હોવાના વિચારથી આપે તે ગ્રહણ કરવાનો સંકલ્પ સરખો કીધો નહિ–જો કે મારું મન તો તે પાત્રમાંના ભોજનનું ભક્ષણ કરવા માટે તલપાપડ થઈ રહ્યું હતું; પરંતુ પરાયી વસ્તુ તેના સ્વામીની આજ્ઞા વગર ગ્રહણ કરી શકાય નહિ–આજ્ઞા વગર ગ્રહણ કરવું, એ એક પ્રકારની ચોરી છે–એવા આપના આદેશે, મારાં મનને મહામહાકષ્ટે મેં વારી રાખ્યું. પણ તે અગાધ સર્વશક્તિમાનની અકળગતિ અનુસાર, તે ચારે પાત્રો, આપણે જે વૃક્ષ નિચે બેઠા હતા ત્યાં ઉતરી આવી, આપોઆપ ગોઠવાઈ ગયાં. તુરત જ આકાશવાણી થઈ કે, 'હે પ્રજ્ઞાનદેવ! આ ભોજન તારે માટે છે, તું તેનો સ્વીકાર કર!' બાર દિવસના ઉપવાસ થયા હતા, અમારા સર્વનાં ગાત્ર શિથિળ થઈ ગયાં હતાં ને તમારાં ગાત્ર પણ શિથિળ થઈ ગયાં હતાં; પણ કેવળ તમારા સત્‌ને આધારે જ અમારા ત્રણમાંનો પ્રાણવાયુ સર્વને ટકાવી રહ્યો હતો; છતાં બે કોશપર આવેલી નદીમાં આપ સ્નાન કરવા ગયા. જતી વખતે આપ આજ્ઞા કરતા ગયા હતા કે, 'હું જ્યાં સૂધી આવું નહિ ત્યાં સૂધી તમે આ ભોજ-

નનાં પાત્રને હાથ લગાડતા નહિ.' આપની આજ્ઞાને અનુસરીને અમે ત્રણે બેસી જ રહ્યાં; પરંતુ જે નિયમને અનુસરીને આપે સ્નાન સંધ્યાદિક કર્મ કરવાનો વિચાર કીધો, તે વિચાર અમને આવ્યો નહિ–અમે તો તે ભોજન ખાવાને તત્પર થઈ રહ્યાં ને તમે ક્યારે આવો, તે માટે આતુર થઈ ગયાં. થોડીવારે સ્નાનસંધ્યાથી પરવારીને આપ આવ્યા. ભોજનનાં ચારે પાત્રોને ચારે સમીપ ગોઠવ્યાં. બ્રહ્માર્પણ કરીને આપ ગ્રાસ લેવા પૂર્વે જ વિચાર કરવા લાગ્યા કે, 'મારા કરતાં વિશેષ દુઃખી અતિથિ અભ્યાગત કોઈ હોય તો તેને જમાડ્યા પછી હું જમું!' એમ વિચાર કરતાં દૂરપંથે કોઈ મનુષ્યને તમે જોવા લાગ્યા. થોડીકવાર તો કોઈ પણ દેખાયું નહિ; પણ જેવા આપણે ચારે જણાએ હાથમાં પ્રથમ ગ્રાસ લીધો કે, તુરત જ દૂરથી શબ્દ સંભળાયો; 'અરેરે! હું એક માસથી ભુખ્યો છું, મારા પ્રાણ જાય છે, મને ભોજન આપો!' એમ બોલતો બોલતો એક સંત–કારમો સંત–શ્વાસભેર દોડતો દોડતો ત્યાં આવી પહોંચ્યો! આપે પ્રેમપૂર્વક ઈશ્વર પ્રીત્યર્થે તમારો પોતાનો થાળ તે સંતને ધરી દીધો ને પરમ આનંદ દર્શાવ્યો. આપના સતની એ પરિસીમા હતી.

**सुखमें तो सब कोई भजै, दुखमें भजे न कोई;**
**जो दुःखमें हरिकु भजै, तो दुख काहे को होई?**

પણ અહિંયા તો કૌતક બન્યું. તે ભુખાળવા–કારમા સંતે સપાટાભેર તમારા થાળને ખાલી કરી નાંખ્યો ને પુનઃ તમારા સામું જોઈને કહ્યું; 'હે પ્રભુ પુરુષ! હું હજીપણ ભુખ્યો છું, મને બહુ ભોજન આપ!' તુરત જ યત્કિંચિત્ પણ શંકા વગર, મારી માતુશ્રીને તમે કહ્યું, 'હે સૌભાગ્યવતિ! અતિથિનો સત્કાર કરવા જેવું બીજું કોઈ પણ પુણ્ય નથી, તારો થાળ બ્રહ્માર્પણ કરી દે!' મારી માતુશ્રીને આ વચન બહુ જ વસમાં લાગ્યાં; પણ તે સદા જ આપની આજ્ઞાને અનુસરનારી હતી, તેથી મુખ મચકોડીને, મનમાં સંકોચ પામતાં પામતાં, તે થાળ એ કારમા સંત પુરુષને અર્પણ કીધો! આ કારમો યોગીરાજ તે થાળ પણ સ્વાહા કરી ગયો. તે પછી આપે મારી સ્ત્રી પાસેથી થાળ માંગ્યો. મારી સ્ત્રીએ તે થાળમાંથી ગુપ્ત રીતે બે ગ્રાસ ખાધા પછી, પોતાનો થાળ તે યોગીને મનમાં અનેક શાપો દેતાં અર્પણ કીધો! યોગી તો તે થાળ પણ સ્વાહા કરી ગયો. હવે મને પુષ્કળ ચિંતા થવા લાગી. હું બ્રહ્માર્પણ કૃષ્ણાર્પણની વાત જ સમજતો ન હતો. આ

કારમો યોગી મારો થાળ પણ સ્વાહા કરી જશે તો હું ભુખ્યો રહી જઈશ, આવો વિચાર કરી તમારા કહેવાને પણ નહિ ગણકારતાં, તે થાળમાંથી લૂટારા પેરે આહાર કરવા લાગ્યો. પેલો કારમો યોગી તે જોઈને મારા ભાણામાં ખાવા બેસી ગયો ને મોટા મોટા કોળીઆ ભરવા લાગ્યો, એટલે મેં તેના હાથમાંથી ઝુંટાઝુંટ કરવા માંડી અને તે યોગીનું અત્યંત અઘટિત રીતે અપમાન કીધું. હું જમ્યો હતો, તેના જોરમાં તેને લાતો મારી. તમે ઘણો વાર્યો, પણ મોહાંધ જેનું નામ તે સાંભળે જ શાનો!

પણ તુરતજ તે કારમો યોગી અદૃશ્ય થઈ ગયો; ભોજનનાં પાત્રો પણ અદૃશ્ય થઈ ગયાં; મહાત્માની પર્ણકુટી પણ અદૃશ્ય થઈ ગઈ. આપે આપના મનમાં માન્યું કે, આ કોઈ દૈવી લીલા જ થઈ છે. એ લીલાપર વિચાર કરતાં, બ્રહ્માર્પણ કરીને આપે સપ્રેમ ઉત્સાહપૂર્વક થાળ તે સંત સમક્ષ ધર્યો હતો, તેથી આપને અતિ આનંદ થતો દેખાયો. ઈશ્વર ઇચ્છાથી એ થાળના અર્પણથી આપનાં, મારી માતુશ્રીનાં ને મારી પત્નીનાં શરીરમાં જોઈએ તે કરતાં કંઈક વિશેષ શક્તિ આવી; અને સર્વનું પેટ ભરાઈ ગયું હોય એમ જણાયું. રે! વગર ભોજને ઓટકાર આવ્યા! પણ મારામાં તો થોડું ઘણું ખાધા છતાં પણ ચાલવાની શક્તિ રહી નહિ. પરંતુ કોઈ પૂર્વ સુકૃતના યોગે તે સ્થળ ઉપર વેરાયલા અન્નના કેટલાએક કણના ભક્ષણથી આપની સાથે ચાલવાને હું પણ શક્તિમાન્ થયો હતો.

હે પિતા પ્રજ્ઞાનદેવ! થોડેક કાળે દુષ્કાળ મટી ગયો; આપણે સર્વ પુનઃ આપણા વિશ્વપુરમાં પાછાં આવ્યાં. ધીમે ધીમે પ્રજા પણ આવીને વસવા લાગી. રાજ્ય પાછું સમૃદ્ધિવાળું થઈ ગયું. નિત્ય પ્રમાણે કાર્યભાર ચાલવા લાગ્યો. પણ એ પ્રસંગથી આપની બ્રહ્મજિજ્ઞાસા વધતી ગઈ, પણ જીવશિવની એકતાનું સંપૂર્ણ જ્ઞાનપૂર્વક સમાધાન થયા પૂર્વે આપનું અવસાન થઈ ગયું. આપના પછી ક્રમવાર મારી માતા સુમતિ, મારી સ્ત્રી શીલવતી અને છેલ્લે હું, એમ ઉત્તરોત્તર સૌ મરણ પામ્યાં હતાં. તમે બ્રહ્મજિજ્ઞાસુ હતા અને પ્રત્યેક પદાર્થનું સેવન બ્રહ્માર્પણ કર્યા વિના કરતા ન હતા. તેનું ફળ અત્યારે કેવી રીતે ભોગવો છો, તે પ્રત્યક્ષ જ છે. પરમાત્માનાં વચન પ્રમાણે આપનો યોગ અધુરો હતો, તે કારણે આપ એક મહારાજાને ઘેર જન્મીને મહારાજા થયા છો. આ

વિશ્વમાં એવો જન્મ થવો, એ દુર્લભ છે. પૂર્વ જન્મનો વૃત્તાંત જાણવાની આપને જે જિજ્ઞાસા થઈ છે, તે પૂર્વ જન્મના સુકૃતને યોગે જ થઈ છે. આપ પૂર્વ જન્મને જાણી શકયા નહિ, તેનું કારણ માત્ર આપના યોગમાં જે ન્યૂનતા હતી તે જ છે. આ જન્મમાં પુનરપિ સિદ્ધિની પ્રાપ્તિને માટે આપ સમર્થ છો; પૂર્વનો જે યોગાભ્યાસ અપૂર્ણ છે, તે આપ આ જન્મે પૂર્ણ કરો છો. તે પૂર્ણ થતાં જ આપ સદા વિદેહમુક્ત જ થશો."

## સંતપ્રસાદ સર્વ આપે છે

"હે બાળકુંવર! હે પરમ જ્ઞાની!" રાજા જનકે પોતાના બાળકુમારને ઉદ્દેશીને કહ્યું; "તારા કહેવા પ્રમાણે મારા પૂર્વ જન્મના ઉંચા ધર્મનું, ઉંચા આચારનું ને સત્કર્મનું મને સ્મરણ થાય છે; છતાં મને પૂર્વની દેહિસ્થિતિનું અદ્યાપિપર્યંત જ્ઞાન ન હોતું; અને તું આજે આ સ્થિતિમાં પડ્યા છતાં, તને પૂર્વ જન્મનું જ્ઞાન છે, તેનું કારણ શું?"

બાળકુંવરે કહ્યું; "હે પિતાજી! અરણ્યમાં જે યોગીનાં આપણ સર્વને દર્શન થયાં હતાં, તે યોગી સાક્ષાત્ પરમાત્માના અંશાવતારી હતા. મારી ક્ષુધાને તૃપ્ત કરવાને, તેમનાં મુખમાંથી ભૂમિપર પડેલા કણનું મેં પ્રાશન કર્યું હતું. એ કણ તે મહાત્માના મુખની કૃપાપ્રસાદી હતી. તે વળી મજના કલ્યાણાર્થ ભૂમિપર પાડવામાં આવી હતી. પરમાત્મા શ્રી કૃષ્ણની સંગે, રંગે ને ઉમંગે રમતા ગોપબાળકો તેમના મુખની પ્રસાદી આરોગતાં પરમગતિને પામ્યા છે, તેમ જ મજસંગે પણ તે પ્રભુએ તેવી જ ક્રીડા કરી હતી–મેં તેમના મુખમાંથી પણ પ્રસાદી ખેંચી લીધી હતી ને તે પ્રભુએ મારા હાથમાંથી ઝૂંટવી લીધું હતું. તમને પ્રશ્ન થશે કે, ત્યારે મારો મોક્ષ કેમ નહિ? કારણ કે, મેં ક્રોધવશ થઇને પ્રસાદી મુખમાંથી ઝૂંટવી હતી–પ્રેમથી નહિ; તેમ જ્ઞાનપૂર્વકે નહિ. એ મારો અપરાધ તો મોટો હતો, પણ તે કૃપાળુ પ્રભુ સદા ભક્તવત્સલ છે; મેં જે અજ્ઞાનતામાં કર્મ કીધું, તે તે પ્રભુએ મનુષ્યનો ક્ષુધાપીડિત ધર્મ માની લીધો ને મને ગોપબાળની પદવી આપી છે. છતાં અજ્ઞાનતામાં થયેલા ક્રિયમાણનું ફળ તો ભોગવવું જ જોઇએ, જે ભોગવું છું. આપની પેઠે મેં પ્રેમપુરઃસર થાળ અર્પણ કીધો હત ને પ્રસાદી પ્રાશન કીધી હત તો અહોભાગ્ય ગણાત! અને આપની પૂર્વે તે દિવ્યધામનો નિવાસી બની જાત. એ પ્રસાદીના પ્રાશનથી આજે મારો આત્મા કૃતાર્થ છેઃ હું ત્રણે

કાળનું જ્ઞાન ધરાવવાને સમર્થ છું. એ પ્રસાદીને યોગે મારા કૃતકર્મનો વિપાક થયા પછી, જે ગતિને તમે પ્રાપ્ત થનારા છો, તે જ ગતિને હું પ્રાપ્ત થઇશ. મહાત્માની–રે પૂર્ણ પરમેશ્વરના અંશની કૃપાપ્રસાદીનું ફળ મળ્યા વગર રહેતું નથી.

અજ્ઞાનતામાં થયેલા અપરાધને યોગે આજ કાલ તો મારું આવર્જન ને વિસર્જન જ થયા કરશે–એક ખાડામાંથી નિકળીને બીજા ખાડામાં પડવાનું નિયામકે મારે માટે નિર્માણ કીધું છે. આપનું ઐશ્વર્ય તો પરમ છે; કેમકે નિષ્કામપણે–ઈશ્વર પ્રીત્યર્થે–આપે સર્વ કર્મ કર્યાં છે, કોઈ પણ કર્મ આપે બ્રહ્માર્પણ વિના કીધું જ નથી; એટલે આપ કર્મથી નિર્લેપ છો; નિર્બાધિત છો. આપના યોગમાં ને વૈરાગ્યમાં જે કિંચિત્ ઉણપ છે, તે જ હવે આપને સિદ્ધ કરવાની છે. જે જીવ સંસારમાં સરસો રહ્યા છતાં, બ્રહ્માર્પણ કર્મ કરે છે, તેને કોઈ પણ કર્મનો પ્રત્યવાય લાગતો નથી. બ્રહ્માર્પણ કર્મનું માહાત્મ્ય કેટલું છે ને શું ફળ આપે છે, તે ઉપર આ એક કથા તમને કહું છું, તે તમે સાંભળો.

## દુર્વાસાનું બ્રહ્માર્પણ

ગોપીઓના મનોરથોને પૂરનારા, આધિ વ્યાધિ ઉપાધિરૂપ ભુજંગવડે દંશેલા જીવનો ઉદ્ધાર કરનારા, સંસારસાગરમાં ડુબેલાને તારનારા બંસીના નાદમાં વેદો ગાઇને ગોપીજનના મનનું હરણ કરનારા, અકુંઠિત બુદ્ધિવાળા, લક્ષ્મીના મનરૂપી સરોવરમાં હંસરૂપે રમણ કરનારા, પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પરમાત્મા, એક સમયે યમુનાના તટપર વિરાજમાન હતા. બંસીની ધૂન મચી રહી હતી, પશુ પક્ષી તે ધૂનમાં લવલીન હતાં, વૃક્ષો પણ તેના શ્રવણમાં જડવત્ થઈ રહ્યાં હતાં. એવા પ્રભુની સેવા કરવાને વૃંદાવનની ગોપીઓને નિત્ય તાલાવેલી લાગી રહેતી હતી. જો શ્રીકૃષ્ણને ગોપીઓ ક્ષણભર જોતી નહિ, તો તેમનું કાળજું કોરાઈ જતું હતું. તેની બંસીનો નાદ સાંભળીને ગોકુળની ગોપીઓ વિહ્વળ થઈ ગઈ હતી; કેમકે ગોપીઓ શ્રીકૃષ્ણની અનન્ય ભક્ત હતી. પોતાના પતિ પુત્રાદિ સગાં સંબંધીઓના સ્નેહરૂપી શૃંખલાને તોડીને, તેઓ એક કૃષ્ણમાં જ લીન હતી. ગોકુળ વૃંદાવનની ગોપીઓ પોતાના પ્રાણથી પણ અધિક માનેલા શ્રીકૃષ્ણને, પોતાના ઘરમાં જે ઉત્તમમાં ઉત્તમ પદાર્થ હોય, તેનું ભોજન કરાવવામાં, અનેક પ્રકારનાં લાડ લડાવવામાં, તેનાં દર્શનનું ચાતકપેરે પાન કરવામાં, પોતાનું તનમન અર્પણ કરવામાં, કેવળ

પ્રેમઘેલી હતી. પ્રેમ જ સર્વોત્તમસ્થાન અપાવનાર છે, સર્વ કલ્યાણનો દાતા છે. તેવી પ્રેમઘેલી ગોપીઓ હતી.

એક સમયે ગોકુળ વૃંદાવનની ગોપીઓએ પોતપોતામાં એવો ઠરાવ કીધો કે, આજે શ્રીકૃષ્ણને માટે ઉત્તમમાં ઉત્તમ ભોજન બનાવીને આપણે હાથે પ્રાશન કરાવવું. આ સંકેતને અનુસરીને સર્વ ગોપીઓએ અનેક પ્રકારનાં ભોજનો તૈયાર કીધાં અને યમુનાના તટ ઉપર જ્યાં શ્રીકૃષ્ણ બેઠા હતા ત્યાં આવી; અને શ્રીકૃષ્ણને કહ્યું; 'હે નંદલાલ! હે કનૈયા! તું ઉત્તમ પ્રતિનાં ભોજનોનો અમારા હાથે આસ્વાદ લે અને અમારાં મનને સંતોષ પમાડ.' શ્રીકૃષ્ણે કહ્યું; 'હે ગોપીઓ! આજે તો હું પિતા નંદની સાથે ભોજન કરીને આવ્યો છું, માટે મને ઇચ્છા નથી. મારા પેટમાં તલ જેટલી પણ જગા નથી, તેથી એ ભોજન હું નહિ જમીશ! પણ જો તમે મને સંતોષ પમાડવા ઇચ્છતી હો તો, કોઈ ઉત્તમ બ્રાહ્મણને આ ભોજન કરાવો તો હું પ્રસન્ન થઇશ!' ગોપીઓ શ્રીકૃષ્ણના પ્રેમમાં એવી તો લુબ્ધ બની ગઈ હતી કે, શ્રીકૃષ્ણનો એક પણ શબ્દ ઉત્થાપવાને તેઓ શક્તિમાન્ ન હતી. તેનો પ્રાણ, તેનું મન, તેનું જીવન, તેનો પતિ, તેની સખી, તેનો સ્નેહી, તેના પ્રેમનું પરમસ્થાન, કેવળ શ્રીકૃષ્ણ જ હતા–તેની જ આજ્ઞાને તે અનુસરનારી હતી. જો કે શ્રીકૃષ્ણના વચનથી તે પરમપુરુષના પુરુષાર્થથી અજ્ઞાત ક્ષુદ્ર ગોપબાળાના મનમાં ક્ષણભર પરિતાપ થયો, પણ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને કોઈ પણ ગોપી સશક્ત થઈ નહિ. તે વ્રજબાળાઓ હસતે મુખડે બોલી; 'હે કૃષ્ણ! અમે કયા બ્રાહ્મણને આ અન્નનું પ્રાશન કરાવીએ? અમે સર્વ આપની દાસીઓ છિયે, આપ જેને કહેશો તેને અમે આ ઉત્તમ ભોજન જમાડીશું.' પોતાની આજ્ઞાનું આવી સરસ રીતે પાલન કરનારી ગોપીઓના પ્રેમથી સંતોષિત બની શ્રીકૃષ્ણે કહ્યું; 'હે ગોપીઓ! યમુનાને સામે તીરે ભગવાન્ દુર્વાસા મુનિ બિરાજેલા છે, તેને આ ભોજન કરાવો.' વ્રજસુંદરીઓએ પૂછ્યું; 'હે નન્દનન્દન! યમુના છલાછલ ભરેલી છે: અહીં કોઈ નાવ પણ નથી, કે જેમાં બેસીને અમે સામે તીરે જઇને દુર્વાસાને જમાડીએ. યમુનાજળનો સ્પર્શ કર્યા વિના, અમે કેવી રીતે જઈ શકીએ?' શ્રીકૃષ્ણ બોલ્યા; 'અયિ ગોપીઓ! તમને એટલું પણ જ્ઞાન નથી કે, જળનો સ્પર્શ કર્યા વિના પણ સામે પાર સહજ જઈ

શકાય. યમુનાને જઈને કહો કે, શ્રીકૃષ્ણ જો સદાય બાળબ્રહ્મચારી હોય, તો તું અમને જવાનો માર્ગ આપ. આટલી પ્રાર્થના કરતાં જ તમારું કાર્ય સરળ થઈ જશે, એમાં કઠિણ શું છે?' જે શ્રીકૃષ્ણે અનેક ગોપીઓની સાથે ક્રીડા કીધી છે, રાસ રમ્યા છે, અનેકોના આત્માને સંતુષ્ટ કીધા છે; જે શ્રીકૃષ્ણે અનેક ગોપીઓની છાતી ઉપર રમણ કીધું છે એમ ગોપાંગનાઓની માનનીયતા છે, તે શ્રીકૃષ્ણ 'સદાય બાળબ્રહ્મચારી છે' એ વચન સાંભળીને ગોપીઓ ખડખડાટ હસી પડી. તથાપિ શ્રીકૃષ્ણ ઉપર પ્રીતિવાળી ગોપીઓએ તેની આજ્ઞાને અનુસરી, યમુનાના તટપર ઉભાં રહીને પ્રાર્થના કીધી કે, તુરત યમુનાજળ બે બાજુએ સ્થિર થઈ ગયું ને મધ્યમાં કોરો સ્વચ્છ માર્ગ જણાયો! સડસડાટ કરતી ગોપીઓ સામે પાર ચાલી ગઈ અને પાછું ફરીને સર્વ ગોપીઓએ જોયું તો, યમુનાજળ પૂર્વ પ્રમાણે વહન કરતું હતું.

સર્વ ગોપાંગના મુનિ દુર્વાસાના આશ્રમમાં ગઈ ને શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે પ્રત્યેકે પોતપોતાના થાળ મુનિને સપ્રેમ પ્રાશન કરાવ્યા. હજારો નહિ, પરંતુ લાખો ગોપીઓના થાળોને દુર્વાસા મુનિ ક્ષણવારમાં આરોગી ગયા. એ જોઈને સર્વ ગોપીઓ આશ્ચર્યચકિત બની ગઈ. પછી દુર્વાસા મુનિએ સર્વ ગોપીઓને આશીર્વાદ આપીને જવાની આજ્ઞા આપી. યમુનાજળ તો પૂર્વ પ્રમાણે વહન કરતું હતું, તેથી જળનો સ્પર્શ કર્યા વિના સામે પાર કોઈ રીતે જવાશે નહિ, માટે ગોપાંગના ચિન્તા કરવા લાગી. ત્યારે મુનિ દુર્વાસાએ પૂછ્યું; 'હે ગોપાંગનાઓ! તમે કેમ ઉભી છો? તમે શાની ચિન્તા કરો છો?' ગોપીઓ બોલી; 'હે ભગવન્! આ યમુનાના જળનો સ્પર્શ કર્યા વિના અમે સામે પાર જઈએ, એવો કોઈ માર્ગ બતાવો.' ક્ષણભર મૌન ધરીને મુનિ દુર્વાસાએ કહ્યું; 'હે દેવીઓ! જે રીતિએ તમે આવી, તે રીતિએ જાઓ! યમુનાને જઈને કહો કે, મુનિ દુર્વાસા જો સદાય ઉપવાસી હોય, તો તું અમને માર્ગ આપ!' અનેક પ્રકારની ક્રીડા કરનારા શ્રીકૃષ્ણ 'સદાય બાળબ્રહ્મચારી!' ઘટિકા પૂર્વે લાખો ગોપીઓના થાળોનો આહાર કરી જનારા દુર્વાસા 'સદાય ઉપવાસી!' આ આશ્ચર્ય જોઈને સર્વ ગોપીઓ બોલી; 'અમ સંગે રંગે રમનારા શ્રીકૃષ્ણ બાળબ્રહ્મચારી કેમ હોય? તેમ જ ઘટિકાપર ભોજન કરનારા તમે ઉપવાસી કેમ થયા?' મુનિ દુર્વાસાએ કહ્યું; 'હે ગોપીઓ! હું શબ્દાદિક ગુણોથી તથા આકાશાદિક

પંચમહાભૂતોથી ભિન્ન પણ છું અને તેઓની અંદર પણ છું. તેઓ મને જાણતા નથી, તેઓ મારા અંતરમાં પણ નથી–હું સર્વ સંગરહિત આત્મા છું, તે કેવી રીતે ભોક્તા હોઈ શકું? વ્યવહારદશામાં જ મન વિષયોને ગ્રહણ કરે છે; પણ પરમાર્થ દશામાં જ્યારે સર્વત્ર આત્મા છે, ત્યારે કયા વિષયનું મન મનન કરે? કયા વિષયમાં મન લેપાય? શ્રીકૃષ્ણ પણ બન્ને શરીરના કારણ રહિત છે. જે ઇચ્છાથી વિષયને સેવે છે તે કામી છે, જે નિરિચ્છાથી અથવા તો ઇચ્છાના પૂર્ણ અભાવે વિષયને સેવે છે તે સદાય અકામી છે, સદાય નિષ્કામી છે, સદાય બ્રહ્મચારી છે, સદાય ઉપવાસી છે. જે પરમાત્માને અર્પણ કરીને વિષયોને ક્ષુદ્રવત્ જાણી અભાવવડે ભોગવે છે, અભાવવડે જ ભોજન કરે છે, તે સદાય બ્રહ્મચારી છે, સદાય ઉપવાસી છે.'

દુર્વાસા મુનિનાં આ વચનથી ગોપીઓના મનનું સમાધાન થયું. જે પ્રમાણે શ્રીકૃષ્ણ પાસેથી જળનો સ્પર્શ કર્યા વિના દુર્વાસા પાસે ગોપીઓ આવી હતી, તે જ પ્રમાણે જળનો સ્પર્શ કર્યા વિના શ્રીકૃષ્ણ પાસે પાછી ગઈ; અને શ્રીકૃષ્ણનું બાળબ્રહ્મચર્યવ્રત જાણી, તેમના પ્રેમમાં પૂર્વના પ્રેમ કરતાં પણ વિશેષ બળવાન્ પ્રેમને સ્થાન મળ્યું."

બાળ શબે કહ્યું; "હે પિતાજી! હે જનક! એ જ પ્રમાણે આપ સદાય બ્રહ્માર્પણ કરીને વ્યવહારના વિષયમાં કુશળ રહેતા હતા, અને તેથી જ આપ સંસારના સર્વ પદાર્થોથી નિર્લેપ હતા. સ્ત્રી પુત્રાદિક, ધન યૌવનાદિકનો આપને સંગ નહતો; કેવળ અભાવવડે જ આપ સંસારમાં પ્રવૃત્ત થતા હતા; કર્તા ભોક્તાપણું આપના હૃદયપ્રદેશમાંથી પલાયનમઃ કરી ગયું હતું. એ સુસંસ્કારને યોગે આપ ઉત્તમપદના ભોક્તા થયા છો અને જે આત્મજ્ઞાનની ઉણપ છે, તેના જિજ્ઞાસુ બન્યા છો. આપનો અપૂર્ણ યોગ પૂર્ણ કરો, પછી વિદેહમુક્ત બનીને સંસારમાં વિચરો."

## સુખ અને દુઃખનો પ્રેરક કોઈ નથી

રાજા જનકે તે બાળકુંવરને પૂછ્યું; "હે વત્સ! તારી માતા પણ મને જ સદા અનુસરનારી હતી. છતાં તે મારા જેવા ઉચ્ચપદને પ્રાપ્ત ન થતાં, આ સ્થિતિને કેમ પ્રાપ્ત થઈ? તેમ જ તારી ભાર્યા શીલવતીની જે અધમ અવસ્થા મેં જોઈ છે, તે અવસ્થાને પ્રાપ્ત થવાને તે સર્જાયલી ન હતી. આ જગતમાં મનુષ્યાવતાર દુર્લભ છે; મનુષ્યાવ-

તારમાં સ્ત્રીની સ્થિતિ પુરુષ કરતાં ઉતરતી ગણાય છે; તેમાં પણ સ્ત્રીને વિધવાપણું પ્રાપ્ત થવું, એ મહાન્ કષ્ટનું કારણ છે. વિધવાપણામાં સ્ત્રીને જે જે સંકટો ભોગવવાં પડે છે તે અવર્ણનીય છે. મૂળે સ્ત્રીને સ્વતંત્રપણું જ નથી અને વિધવા તો માતા, પિતા, પુત્ર, સાસુ, સસરા કે ભાઈ ભોજાઈની ઓશિયાળી રહે છે. કુબુદ્ધિવાળા દુર્જનો સૌભાગ્વતી સ્ત્રીના ઉપર આરોપ મૂકતાં સંકોચ પામતાં નથી, તો પછી વિધવાઓનું દુર્જન મુખથી રક્ષણ થવું કઠિન જ હોય. ન સહન થાય તેવો દોષારોપ કુમાર્ગગામી દુર્જનો વિધવાપર કરે છે. પવિત્ર મનવાળી સુશીલ વિધવાને આ સર્વ સંકટમાંથી રક્ષણ આપનાર કેવળ પરમાત્મા જ છે. છતાં સામ્પ્રત સ્થિતિને પ્રાપ્ત થવાનું તારી ભાર્યાને શું કારણ મળ્યું છે તે કહે!"

"આ જગતના જીવો પોતપોતાનાં કર્માનુસાર સુખદુઃખને પ્રાપ્ત થાય છે." યોગી મહાત્માની પ્રસાદીથી જ્ઞાની બનેલા તે બાળકુંવરે કહ્યું–"કોઈ દુઃખ મોકલે છે કે સુખ ભોગવાવે છે, એ નિર્બળનું વચન છે. સુખ અને દુઃખનો પ્રેરક કોઈ પણ નથી. જીવ સુખ અથવા દુઃખ પોતપોતાનાં કર્માનુસાર ભોગવે છે. માત્ર બળહીન–અજ્ઞાન–અપુરુષાર્થી જીવ જ સુખદુઃખ ભોગવવામાં પરમાત્માને દોષભાગી કરે છે. જ્યાં સૂધી આ લિંગ શરીરમાંથી પ્રિયાપ્રિયનો નાશ થતો નથી, દેહઉપર અભિમાન રહે છે, પરમાત્માપરની શ્રદ્ધામાં સંશય રહે છે અને કામનાથી કર્મનું સેવન કરે છે, ત્યાં સૂધી કર્મ બળ છૂટતાં નથી; એ જ કર્મ જીવને બળાત્કારે આકર્ષણ કરી મહા મોહમાં ઘસડી જાય છે અને પુરુષ મોહને લીધે કર્મને અકર્મ અને અકર્મને કર્મ જુવે છે; તેજ પુરુષને બંધનમાં નાંખે છે. વાસ્તવિક રીતે તો, કર્મ ચિત્તની શુદ્ધિને અર્થે છે, વસ્તુની પ્રાપ્તિને અર્થે નથી: વસ્તુસિદ્ધિ તો નિષ્કામપણાંથી, તત્ત્વના વિચારથી ને સ્વધર્મના સેવનથી જ થાય છે. વ્યવહારમાં રહેલો પુરુષ બહારનાં કર્મની જે ઉપાસના કરે છે, તે તો કેવળ બંધનમાં નાંખીને અધોગતિએ જ પમાડનાર છે. જેવાં જેનાં કર્મ, તેને અનુસાર તે આ લોકના ભોગ ભોગવે છે. મારી માતા સંપૂર્ણ સ્ત્રીધર્મની ઉપાસક હતી; અહોકાળ પતિની જ સેવાપરાણ રહેતી હતી; આપની આજ્ઞા તેને વેદાજ્ઞા તુલ્ય હતી; તેથી એ વધારે–બ્રહ્મ–પરમ પ્રભુની આજ્ઞા પણ તેના મનથી તુચ્છ હતી–આપની ઇચ્છાને પૂર્ણ કરવાને તે સદાય તત્પર

રહેતી હતી; પતિ જ તેનું સર્વસ્વ હતું. કોઈપણ કાર્યથી આપનું મન દુઃખી થાય, તે કરવાને તે પરમ દુઃખી થતી હતી; મનસા, વાચા, કર્મણા તે પતિપરાયણા હતી. તથાપિ, જે જ્ઞાનથી, પ્રેમથી, શ્રીહરિ પ્રતિની શ્રદ્ધાથી આપ અભેદરૂપે સંત પુરુષોનું સેવન કરતા હતા; જે શુદ્ધ શ્રદ્ધાથી અતિથિ અભ્યાગતોને દાન દેવામાં તત્પર રહેતા હતા, તે પ્રેમ, તે શ્રદ્ધા તથા તે જ્ઞાન મારી માતુશ્રીમાં ન હોવાને કારણે, તે આજે કાશીપુરના નગરશેઠની ધણિયાણી છતાં, રાજરાણીથી ઉતરતી પદવીને પ્રાપ્ત થઈ છે. સ્ત્રી અને પુરુષનું જે જોડલું છે, તે આ લોકમાં કે પરલોકમાં જોડે જ વિચરે છે. મહાત્મા પુરુષો કહી ગયા છે કે, અનેક જન્મ સૂધી સ્ત્રી અને પુરુષો પતિપત્નીના સંબંધથી સાથેનાં સાથે જ–સર્વ સ્થાને વિચરે છે; પણ જેનું સત્કર્મ ઓછું, તેને કેટલોક કાળ એક બીજાનો વિયોગ સહન કરવો પડે છે; અને પોતાના પૂર્વ જન્મનાં કર્મને મહામહાકષ્ટે ભોગવવાં પડે છે. જૂદાં જૂદાં કર્મનાં ફળ ભોગવ્યા પછી પાછાં તે જોડલાં–યુગ્મરૂપે રહે છે; અને યુગ્મ–દ્વૈતમાંથી અદ્વૈતભાવને પામ્યા પછી નિર્વાણને પામે છે. સ્ત્રીને પોતાના પતિની ઇચ્છાથી વિરુદ્ધ અન્ય પ્રાણી પદાર્થની ઇચ્છા કરવાની જ નથી. જે સ્ત્રી પતિની ઇચ્છાને જ અનુસરનારી છે, અહોકાળ–જાગૃત, સ્વપ્ન કે સુષુપ્તિમાં પણ પતિ વિના અન્યનું સ્મરણ દર્શન કરતી નથી, તે જ સદાય સતી છે–અગ્નિમાં બળનારી કે પતિવિરહથી એકાએક મરણ પામનારી સતી નથી.* જે પતિની આજ્ઞાથી પરમ પુરુષના સેવનમાં અનુરક્ત છે, તે જ સદાકાળ પતિ સંગે રહીને પરમાત્માની પરમ લીલાનો રસાસ્વાદ લેવાને ભાગ્યશાળી બને છે. એપર આ પુરાણપ્રસિદ્ધ કથા છે, તે સાંભળો.

### સ્ત્રીનું પરમ દૈવત પતિ જ છે†

પૂર્વે કૌશિક નામનો કોઈ એક બ્રાહ્મણ હતો. તે અનેક તપરૂપી ધન મેળવીને, 'ભવતિ ભિક્ષાં દેહિ' કરતો કરતો, કોઈ એક પતિવ્રતાને દ્વારે જઇને ઉભો રહ્યો. આ કૌશિક બ્રાહ્મણના તપનું બળ, એવું તો

---

* આ સત્ય છે. અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા, મંદોદરી એ પાંચ પરમ સતી ગણાય છે. તે વિના અન્ય પણ છે. એ સર્વે પતિ પાછળ અગ્નિમાં પડી, પોતાનો દેહોત્સર્ગ કીધો હોય તેવો કોઈ ઉલ્લેખ ધર્મ ગ્રંથમાંથી મળતો નથી.

† શ્રીમહાભારતના વનપર્વમાં આ કથા વિસ્તારથી વર્ણવી છે.

ઉગ્ર હતું કે, એક વખત એક ઝાડ તળે તેઓ બેઠા હતા તેવામાં ઉપરથી એક બગલી તેમનાપર ચરખી, એટલે તેણે તે બગલીની સામા ક્રોધ-દૃષ્ટિ કરી કે, તરત જ તે બળીને ભસ્મ થઈ ગઈ હતી. કૌશિક બ્રાહ્મણ જેને ઘેર ભિક્ષાં દેહિ કરીને ઉભો રહ્યો હતો, તે ગૃહસ્થની સ્ત્રીએ કહ્યું; 'મહારાજ! જરા ઉભા રહો, હું ભિક્ષા આપું છું!' પણ દૈવેચ્છાથી એ જ ક્ષણમાં–તે તપોધનને બોધ થવા માટે જ, તે સ્ત્રીનો પતિ આવીને ઉભો રહ્યો ને પોતાની સ્ત્રીને કહ્યું; 'હે સાધ્વી, જલદી રસોઈ કર, મને ક્ષુધા લાગી છે.' આ આજ્ઞા થતાંજ, તે સ્ત્રી, પોતાના પતિની સેવામાં ગુંથાઈ ગઈ; અને બ્રાહ્મણને ભિક્ષા આપવી ભૂલી ગઈ. જ્યારે તે સ્ત્રીને ભિક્ષા આપવાનું સ્મરણ થયું, ત્યારે તે વિપ્રર્ષિને ભિક્ષા આપવાને આવી. પણ વિપ્રર્ષિ તો કોપાયમાન થઇને બોલ્યા; 'હે સ્ત્રી! તું બ્રાહ્મણને આશા આપી ઉભો રાખીને, તારા પતિની સેવામાં પ્રવૃત્ત થઈ, એ તેં મહા પાપ-કર્મ કીધું છે!' એમ કહી લાલ ચોળ આંખ કરીને, તે સ્ત્રીની સામે જોવા લાગ્યો. તપોધનની આ ચેષ્ટા જોઇને, સ્ત્રીએ નિડરપણે કહ્યું; 'હે મહારાજ! હું તમારા ક્રોધની યત્કિંચિત્ પણ દરકાર કરતી નથી. મારે માટે, દાન, ધર્મ, કર્મ, અતિથિસેવન, બ્રહ્મપૂજન, દેવસેવા, ભક્તિ, જ્ઞાન, એ સર્વ મારા પતિ જ છે. જે સ્ત્રી પતિસેવાપરાયણ રહેવામાં મોળી છે; પતિની આજ્ઞાને અનુસરવામાં ગાફેલ છે; પતિને કટુવચન કહેનારી છે; પતિના પ્રેમ અને કોપને એક સરખો ગણનારી છે; પતિના સુખદુઃખમાં ભાગ લેવાથી વિદૂર છે; તે સ્ત્રી ત્રિકાળે પણ પરમપદની પ્રાપ્તિ કરી શકતી નથી. અતિથિનો સત્કાર કરવો, એ ગૃહસ્થનો ધર્મ છે; આશાબંધને આતૂર રાખવો એ મહા કષ્ટ છે–એમ આપ મને ઇષ્ટ છો, પૂજ્ય છો, પણ આપનાથી વિશેષ ઇષ્ટ, પૂજ્ય, સર્વોપરી, જીવિત, પ્રાણ એ સર્વ-મનસા-વાચા-કર્મણા-મને મારા પતિ જ છે. હું કંઈ અરણ્યની બગલી નથી કે, આપનાં કોપવાળાં નેત્ર જોતાં જ બળીને ભસ્મ થઇશ!' જેણે અટલ તપરૂપી ધન પ્રાપ્ત કીધું છે, એવો કૌશિક બ્રાહ્મણ, અરણ્યના નિર્જન પ્રદેશમાં બનેલા પ્રસંગનું વર્ણન તે સ્ત્રીના મુખથી સાંભળીને, પોતાના તપના ગર્વને વિસરી ગયો."

બાળકુંવરે કહ્યું; "હે મહારાજ! પતિસેવાનું આ માહાત્મ્ય જે સચ્ચરિત્રશાળી સ્ત્રી જાણે છે, પતિને જ અનુસરે છે તથા પતિમાં જ અનુરક્ત છે, તે જ સ્ત્રી પતિના જેવાં જ, બલ્કે તેનાથી શ્રેષ્ઠ સુખને

પામે છે. મારી માતા સદાય આપનાં વચનને અનુસરનારી છતાં પણ બાર વર્ષના દુષ્કાળમાં, જ્યારે આપે કહ્યું કે, તે કારમા યોગીને તારા થાળ આપ, ત્યારે શુદ્ધ સાત્વિક ભાવથી આપની આજ્ઞાને ઈશ્વરતુલ્ય આજ્ઞા માનીને નહિ, પણ કમોઢાતે મ્હોડે-મનમાં સંતાપ પામતાં-પોતાનો થાળ તે કારમા યોગીને અર્પણ કીધો હતો, તેથી જ તેનું કર્મ ઉતરતું હતું. તે કર્મને યોગે આજે તે જે ફળ ભોગવે છે, તે યોગ્ય જ છે. તમારા પ્રતિની અગાધ પ્રીતિ અને સચ્ચરિત્રને યોગે તે આજે સર્વ સંપત્તિ ભોગવે છે ખરી, પણ એ સંપત્તિ રાજરાણીનું ઉચ્છિષ્ટ છે. તમારા પ્રતિની નિર્મળ ભક્તિના પ્રતાપથી જ, તે પોતાના પૂર્વજન્મના ઈતિવૃત્તથી જ્ઞાતા છે; તથાપિ તેની સ્થિતિ રાજરાણીથી ઉતરતી અને કંઈક અંશે પરાધીન પણ છે.

## બ્રહ્માર્પણ વગરનાં કર્મ બન્ધનરૂપ છે

હવે મારી ભાર્યાના કર્મની કથા સાંભળો. તે સદા મને અનુસરનારી હતી. પરંતુ જે મોહાંધપણાથી હું વર્તતો હતો, તે મોહાંધપણામાંથી તારવાને એક પણ સમયે મને સદ્બોધ આપવાનો તેણે વિચાર કીધો ન હતો. આપના સુશિક્ષાનાં વચનને તે પૂર્ણ પ્રેમથી સાંભળતી હતી, પણ તે પ્રમાણે વર્તવાનો આદેશ તેણે મને કદી કીધો નથી અને તે પ્રમાણે વર્તવાની કામના પણ કીધી નથી. તેના કર્ણ જ માત્ર પવિત્ર થયા છે-તેનો આત્મા પવિત્ર થયો ન હતો. તેમ જ કારમાં યોગીને તમારી આજ્ઞાથી ભોજનનું પાત્ર અર્પણ કરવા પૂર્વે, તેણે તે પાત્ર ઉચ્છિષ્ટ કીધું હતું. વળી તે બ્રહ્માર્પણ કર્યા પૂર્વે જ તે પ્રત્યેક પદાર્થનું સેવન કરતી હતી. શીલવતી સદાય મમપરાયણા હતી ખરી, પણ મનુષ્યા દેહના સદ્ધર્મથી કે આ લોક કરતાં કોઈ પરમ શ્રેષ્ઠ સ્થાન છે, તે પામવાનો પુરુષાર્થ કરવાને જ આ મનુષ્યા દેહ આપ્યો છે, તેના જ્ઞાનથી બહિર્મુખ હતી. તેના કર્ણમાં બ્રહ્માનંદના શબ્દોનો જ પ્રવેશ થવા માંડ્યો હતો, તેથી તે બ્રાહ્મણના ઉત્તમ કુળમાં અવતરી છે; ભૂત ભવિષ્યત્ જ્ઞાનથી સંપન્ન છે; છતાં પણ બ્રહ્માર્પણ કર્યા વગર પ્રત્યેક પદાર્થના સેવનને યોગે ને પતિની ઉન્નતિના સાધન સાધવામાં પછાત હોવાથી, વળી કામના સેવનમાં અનુરક્ત રહેવાથી, ધર્મનું ઉલ્લંઘન થવાથી, યુવાવસ્થામાં જ વૈધવ્ય અવસ્થાના મહાન્ દુઃખને ભોગવનારી બની છે. જે સ્ત્રી-સતી સાધ્વી પતિવ્રતા સચ્ચરિત્રશાળી સ્ત્રી,

પોતે જાણ્યા છતાં, પતિની પ્રસન્નતાર્થે, માત્ર તેને અનુરક્ત રહી, ધર્મને માર્ગે વળવાની મનીષા કરતી નથી, તે સ્ત્રી ગુપ્તપણે પતિનો દ્રોહ જ કરે છે; અને સ્વધર્મમાં મન્દ્રા જ છે. આ કારણથી તેને પણ પતિની અર્ધાંગના-રૂપે પાપકર્મની ફળભાગિણી ગણી છે, અને પુનર્જન્મમાં તેને પરાધીનપણાનાં સંકટ શોષવાં પડે છેઃ તે સંતાન રહિત રહે છે; યુવાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થાય છે ને પરાધીન બને છે. એવી સ્ત્રીને પતિપરાયણા રહેવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે એ સત્ય છે, પણ પોતાનો જે ધર્મ-કે પતિને ઉન્નત સ્થાનમાં રાખવો, તેની અવગણનાનું ફળ પણ ભોગવવું પડે છે.

હે પિતાજી! મારી સ્થિતિ તો તમે જુવો છો જ! કોઈ કોઈ જન્મના ઋણાનુબંધને યોગે, હું મોટે મોટે ઘેર અવતરું છું અને લહેણું દેણું અપાવી, એક ખાડમાંથી નિકળીને બીજી ખાડમાં પડું છું-એમ મારાં કર્મ પૂરાં થાય છે ને નવા કર્મના બંધથી મુક્ત રહ્યો છું. આજ સૂધીમાં એવા મારા અનેક જન્મો થઈ ગયા છે. ઋણાનુબંધથી કોઈ પણ મુક્ત નથી. જે દ્વારે ઋણાનુબંધ બંધાયો હોય, તે દ્વારે તે આપવો લેવો પડે છે જ.

### ઋણાનુબન્ધ જ સર્વનું કારણ છે

કોઈ એક નગરમાં શશિશેખર નામે એક સચ્ચરિત્રશાળી બ્રાહ્મણ રહેતો હતો. તેણે અયાચક વૃત્તિથી રહેવાનો નિશ્ચય કર્યો હતો. પરમાત્માના વચનપર તેની પૂર્ણ શ્રદ્ધા હતી કે, જે પરમાત્માએ આ જગતને ઉત્પન્ન કીધું છે, તે જ તેના યોગક્ષેમનો નિર્વાહ કરશે.

હે તાત સુવિચારશર્મા! જે જીવ પરમાત્મા ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખે છે, તે ભક્તને પરમાત્મા કદી પણ ઓછું પડવા દેતો નથી. છતાં જીવનો લપુડો-વલકુડો સ્વભાવ, તેને ક્ષણે ક્ષણે ભૂલાવો અવાડે છે. ક્ષણમાં તે ઈશ્વરપર સંપૂર્ણ શ્રદ્ધા મૂકે છે, મન વચન કાયાથી પરમાત્માને પ્રેમથી પૂજે છે, ક્ષણમાં પોતાના પ્રારબ્ધને નિંદે છે ને ત્રીજી ક્ષણે સંસારના પુરુષાર્થને સબળ માને છે. પણ જે જીવ ઈશ્વરનો છે-ઈશ્વરનો બની રહે છે-ઈશ્વરને ક્ષણભર પણ દૂર કરતો નથી, સંસારમાં રહેલા તે જીવનું સર્વે જ ઈશ્વર પૂરે છે; તે તેને કદી પણ ઓછું પડવા દેતો નથી, પણ નિભાવી લે છે.

શશિશેખર પણ તેવા જ નિશ્ચયવાળો હોવાથી કશા પણ ઉદ્યોગ વગર બેઠો હતો. તે પરમ શ્રદ્ધાળુ, આત્મનિષ્ઠ અને પરમાત્માની ઉપા-

સનામાં સદા પરાયણ હતો. પોતાના ભક્તના યોગક્ષેમનો તે નિર્વાહ કરે છે જ, એવાં પરમાત્માનાં વચન ઉપર તેની દૃઢ શ્રદ્ધા હતી; છતાં તેના મનમાં કંઇક સંશય પણ હતો કે, પરમાત્મા પોતાના ભક્તના યોગક્ષેમનો કેવી રીતે નિર્વાહ કરતો હશે? જે પૂર્ણ શ્રદ્ધાળુ છે, તેને આધીન ભગવાન્ છે, પણ જે સંશયાત્મા છે, તેનો તો નિત્ય વિનાશ જ છે. આ બ્રાહ્મણ પણ સહજ સંશયાત્મા હતો. એને પરિણામે તે ડગલે ડગલે દુઃખી થતો હતો. કોઈ પ્રસંગે તો ઘરમાં ખાવાનાએ સાંસા પડતા, બાળકો ટળવળતાં અને તેનો આક્રોશ સાંભળી, તેની સ્ત્રી સંસારથી કંટાળી ગમે તેવાં પણ મધુરાં નમ્ર વચન કહેતી. જેવો શશિશેખર સુશીલ હતો, તેવી તેની સ્ત્રી પણ પતિધર્મપરાયણા હતી; પરંતુ પુરુષ જેટલો સહનશીલ ને ગંભીર છે, તેટલી સ્ત્રી નથી.

દુઃખથી દાઝેલી, બાળકના આક્રંદથી કંટાળેલી તે સ્ત્રીએ એક સમે સ્વામીને કહ્યું; "સ્વામિન્! उद्यमेन तु सिध्यंति कार्याणि न मनोरथैः । नहि सुप्तस्य सिंहस्य प्रविशंति मुखे मृगाः ॥ ઉદ્યોગ કરવાથી જ સર્વ સિદ્ધ થાય છે, પરંતુ મનોરથથી કાર્ય સિદ્ધ થતાં નથી; સુતેલા સિંહના મુખમાં મૃગ પ્રવેશ કરતાં નથી. તમે તો ઈશ્વર ઉપર જ આધાર રાખીને બેસી રહ્યા છો, પણ આ બાળકોની શી સ્થિતિ થાય છે તેના સામું જુઓ તો ખરા! ઘરમાં એક અન્નનો દાણો સરખોએ નથી! આપણા હાલ તો સુદામાથી પણ ભુંડા છે. હું લોકોની સેવા કરીને ઘર જેમ તેમ નિભાવું છું, પણ બૈરું તે શું રળે? બેચાર પૈસા! તેમાંથી આ સંસાર કેમ નિભાવાય? મારું અને તમારું તો ગમે તેમ થાઓઃ આપણે અન્ન વગર બેચાર દહાડા ઉપવાસ પણ ખેંચી શકીએ, પણ આ બાળકોની અવસ્થા કેવી થાય છે, તેનો તમે જરા વિચાર કરો તો બહુ સારું. એમનો આક્રોશ મારાથી તો હવે સહન થઈ શકતો નથી. સંસાર નિભાવવા પુરુષે ધન ઉપાર્જન કરવું જોઇએ અને સ્ત્રીએ તેનો નીતિથી વ્યય કરવો જોઇએ. તમે લાવો ને હું ઉડાવતી હોઉં તો મારો અપરાધ છે; પણ આપ તો બેસી રહો છો, તો હું શું કરું? હે નાથ! જે પ્રયત્ન કરે છે, તેના જ સર્વ મનોરથો ઈશ્વર સફળ કરે છે; પરન્તુ જે પશુની માફક બેસી રહે છે, તેને ત્યાં ઈશ્વર પોટલા ને પોટલા રેડાવી દેતો નથી. હે સ્વામીનાથ! આ મારાં વચન તમને ઘણાં કઠિન લાગતાં હશે; સાધ્વી સ્ત્રીએ, ગમે તેવા સંકટમાં, પતિને કદી પણ અયુક્ત વચન ન બોલવાં—પતિને

જ પરમેશ્વર તુલ્ય ગણુવો ને સુખદુઃખ સહી લેવાં; પણ હું દુઃખની દાઝી જે વચન બોલી છું, તે માટે ક્ષમા કરશો. તમે વિદ્વાન્ છો, ગુણુવાન્ છો, કોઈ ગૃહસ્થની થોડી યાચના કરશો, તો આપણો નિર્વાહ સહેજે ચાલી રહેશે. પણ ઘરમાં બેસી રહેવાથી આપણો દિવસ કોઈ પણ કાળે સુધરવાનો નથી. હાથ હલાવ્યા વગર ખાવાનું મળતું નથી, તો પૈસા તો ક્યાંથી જ મળે? જેમ સ્ત્રી અને પુરુષ વિના સૃષ્ટિની વૃદ્ધિ નથી, તેમ પ્રારબ્ધ અને પુરુષાર્થનાં સંબંધ પણ જોડેલાં જ છે; પુરુષાર્થ વિના પ્રારબ્ધ ફળતું નથી; પ્રારબ્ધ વિના પુરુષાર્થ અફળ છે. એકને બળે બીજું ફળે છે, બીજાને બળે પહેલું ફળે છે. આ સંસારમાં સર્વ ધર્મ–કર્મ–પદાર્થ–યોગ્ય રીતે જ યોજાયલા છે ને તે પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. જેનો પુરુષાર્થ સતેજ છે, તેને જ પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે, એવું તમારું જ વચન છે; કેમકે પુરુષાર્થ વિના પરમેશ્વરની પ્રાપ્તિ, બેઠે બેઠે થતી હોય તો આ સાંઢિયાઓનો ઉદ્ધાર જ થઈ જાય. આપ વિચાર કરો, આપ ગૃહસ્થાશ્રમી છો ને આ ગૃહસંસાર નિભાવવાનો છે. સંસાર નિભાવવાને દ્રવ્યની આવશ્યકતા છે, તે દ્રવ્ય કોઈ સજ્જનને પ્રાર્થીને આપ લાવો તો ઘણું સારું."

તે સુશીલ બ્રાહ્મણ બોલ્યો; "હે ઉદ્યોગવાદિની! તને પરમાત્માનાં વચન ઉપર શ્રદ્ધા નથી, એ જ કારણથી તું ઉદ્યોગને પ્રાધાન્યપણું આપીને, કોઈ અયોગ્ય પુરુષની યાચના કરવાનો મને બોધ આપે છે અને મારાં અયાચકવ્રતને છોડાવવાનો પ્રયત્ન કરે છે. પણ હે સન્નારિ! તું નિશ્ચયપૂર્વક જાણ કે, તે હજાર હાથવાળો પોતાના ભક્તને કોઈ પણ કાળે છેહ દેતો નથી, તેની આશાનો ભંગ કરતો નથી, તો તે મને કેમ છેહ દેશે? પરમાત્માનું વચન જ છે કે, મારા ભક્તને કોઈ કાળે પણ હું ઓછું આવવા દઇશ નહિ. એ પરમાત્માનું વચન શું મિથ્યા જશે! આટલું છતાં, આ પરમાત્માના વચનપર પૂર્ણ શ્રદ્ધાથી એક વર્ષ મને બેસી રહેવા દે. જો પરમાત્મા પોતાનાં વચન પાળવામાં મોળા થશે તો પછી તારી ઇચ્છાને હું સાનુકૂળ થઇશ."

## ઈશ્વર જ યોગક્ષેમ વહન કરે છે

પૂર્વકાળમાં મારી જ સ્થિતિમાં આ અસાર સંસાર નિભાવતો બ્રહ્મનિષ્ઠ નિરંજન નામનો બ્રહ્મદેવ કાશીપુરીમાં રહેતો હતો. તેની સ્ત્રીએ

પણ તારીજ પેઠે પોતાના સ્વામીને ઉદ્યોગ કરવાની પ્રેરણા કીધી હતી. ત્યારે નિરંજને પોતાની સ્ત્રીને કહ્યું કે, 'હે સ્ત્રી! શ્રીમુખે કહ્યું છે કે:-

अनन्याश्चिन्तयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

જે પુરુષો અનન્યભાવથી મારું ચિંતન કરતા થકા મારી ઉપાસના કરે છે, તે નિત્ય આદરપૂર્વક મારું ચિંતન કરનારા પુરુષોનાં યોગક્ષેમને હું વહન કરું છું.

"આવાં શ્રીમુખનાં વચન છે, તે કદી પણ અસત્ય થવાનાં નથી, માટે મને એક વર્ષ પૂર્ણ શ્રદ્ધાથી પરમાત્માનું સેવન કરવા દે. તે સૌ રુડાં વાનાં કરશે." એમ અનેક પ્રકારે તે ધર્મજ્ઞ બ્રાહ્મણે પોતાની સ્ત્રીને સંતોષી વિદાય કીધી. જોતજોતામાં બાર મહિના પૂરા થવા આવ્યા ને પરમાત્માએ કંઈ લક્ષ દીધું નહિ. તે તો પુરુષને સમ્પૂર્ણ કસે છે; ભોળા સંશયાત્માનો તે સંગી નથી. બાર માસ પૂર્ણ થતાં તેની સ્ત્રી નિરાશ થઈ ગઈ. હવે બાર માસમાં એક જ દિવસ અવશેષ રહ્યો. ઘરમાં અન્નનો કણ નથી, ચારચાર ઉપવાસ દંપતીને થયા છે, બાળકોએ કીલિયાણુ કરી મૂક્યું છે, હવે કરવું શું? પરમાત્માએ ઉત્તમ કસોટી કરવા માંડી હતી. ત્રણસેં ને ઓગણસાઠ દિવસ પૂરા થયા છે; આજે ત્રણસેંને સાઠમો દિવસ છે. પણ પરમાત્માએ વહાર કરી નહિ. તે સુશીલ બ્રાહ્મણે સ્નાન સંધ્યાદિક વિધિથી પરવારીને વિચાર કરવા માંડ્યો કે, વર્ષ થયું. હું પરમાત્માનું એક નિષ્ઠાથી ભજન કર્યાં કરું છું, પરંતુ તે પરમાત્માએ મારા પ્રતિ દયાદૃષ્ટિ કીધી નહિ. પરમાત્માનું વચન મિથ્યા તો જાય નહિ! પણ જે વચનનો તેમને નામે બોધ કરવામાં આવે છે, તે વચન તેમનું હોય નહિ: કોઈ દંભીનું હશે! એ કદાચ ક્ષેપક તો ન હોય! એમ વિચારી, એ વચન ઉપર હડતાળ ફેરવી, તે ધર્મનિષ્ઠ સુશીલ બ્રાહ્મણ, ચપ્પુથી ઘસી પુરુષાર્થ કરવાને અથવા તો કોઈ ધનાઢ્યની પાસે યાચના કરવાને ગૃહ ત્યાગી બહાર નિકળી પડ્યો.

પણ થોડેક દૂર ગયા પછી તેનું શ્રદ્ધાળુ હૃદય કંપવા લાગ્યું. તે મનમાં બોલ્યો; "મારી પ્રતિજ્ઞા ત્રણસેં ને સાઠ દિવસ પૂર્ણ કરવાની હતી: ત્રણસેં સાઠ દિવસ પૂર્ણ થયા છે ક્યાં? મેં મૂર્ખે ત્રણસેં ઓગણ-સાઠ દિવસ સૂધી પરમાત્માનું સેવન કીધું અને એક દિવસને માટે ધીરજ ધરી નહિ! મેં શું કર્યું? ખરેખર, પરમાત્માનું વચન સત્ય જ છે, તે કોઈ કાળે અસત્ય હોયજ નહિ." આ પ્રમાણે વિચાર કરતો

તે બ્રાહ્મણ ચિત્તભ્રમ જેવો, મૂઢ જેવો, વૈકલ્ય જેવો બનીને પડોશમાં આવેલા એક પર્વતની કંદરામાં જઈ લાંબો થઈને સુતો.

પરમાત્માએ તેનાં ધૈર્ય અને શ્રદ્ધાની પરમ કસોટી કીધી હતી. એક સરખી શ્રદ્ધા રાખીને પરમાત્માને સેવવો, તેને જાણવો અને જોવો, એ કંઈ સાધારણ સંયમ નથી. પણ જેમ સુવર્ણ શુદ્ધ થયા વિના તેની પૂરેપૂરી કિંમત થતી નથી, તેમજ ભક્ત જ્યાં સૂધી એકનિષ્ઠ–જ્ઞાનવાન્ અનન્ય ભક્ત બનતો નથી, ત્યાં સૂધી પરમાત્માં તેની વહાર કરતો નથી. શુદ્ધ હૃદયથી પરમાત્માનું સતત, સુખમાં કે દુઃખમાં, ધ્યાન કરે છે, ક્ષણભર પણ તેનાથી વિમુખ થતો નથી, તે પુરુષનુંજ પરમાત્મા પોતાનો નિત્યમુક્ત ભક્ત ગણીને કલ્યાણ કરે છે; પછી ભલે તે જીવ સંસારની અનેક ખટપટમાં પડેલો હોય, પણ જે નીતિમાન્ હોય, નિષ્કામપણે પરમાત્માને સેવતો હોય, શુદ્ધ હૃદયથી પોતાના સર્વ કાર્યથી પરવારીને મનસા, વાચા, કર્મણા એના સ્વરૂપમાં જ લીન છે–સાયુજ્યતાનો અધિકારી બનવા પ્રયત્નશીલ છે, તેજ પરમાત્માનો પરમ-ભક્ત છે. હે પિતાજી! એ સંબંધે એક પુરાણોક્ત કથા છે, તે તમે સાંભળો!

### પરમાત્માનો પરમ ભક્ત

એક સમયે પરમાત્માના પરમ ભક્ત દેવર્ષિ નારદજી, વીણામાં પરમાત્માનું ગુણગાન કરતા કરતા વૈકુંઠલોકમાં જઈ પહોંચ્યા. શ્રીવિષ્ણુ ભગવાન્ અનેક મુક્ત જીવોની મધ્યે દિવ્યાસન ઉપર બિરાજમાન હતા; સનક સનકાદિક ઋષિઓ તેમનાં વચનામૃતનું પાન કરવામાં એકતાર થઈ ગયા હતા; જયવિજય પાર્ષદો તેની આજ્ઞા ઉઠાવવાને તત્પર ઉભા હતા; પરમાત્મા અનેક ઋષિ મુનિગણોથી આવૃત હતા. નારદજીના પધારવા સાથેજ સર્વે મુનિગણે અને ભક્તગણે તેમનું આદરાતિથ્ય કીધું. વિષ્ણુ ભગવાન્ પણ તેમને પ્રેમથી ભેટ્યા ને કહ્યું; "હે નારદ! તું કુશળ તો છે?" કેટલીક વાતચિત થતાં વિષ્ણુ ભગવાને કહ્યું; "હું જે પરમાત્મા તેનું, આ જગતનો જીવ એક ક્ષણ પણ નિર્મળ અંતઃકરણથી ધ્યાન ધરે છે, તે મારો પરમ–અનન્ય ભક્ત છે. એવા અનન્ય ભક્ત આ લોકમાં વિરલ છે. તેમનાં દર્શનથી મને જે આનંદ થાય છે, તેનું વર્ણન કરવાને હું અશક્ત છું. એ ભક્તજનોના ઐશ્વર્ય બળથી જ આ જગતની સર્વ વિભૂતિઓને પોષણ મળે છે. એવા ભકતો, તત્ત્વોનું તત્ત્વ, સારના સાર ને વેદના વેદ છે! મારું અન્ય સ્વરૂપ જ છે!" ભગવાનને

નારદ મુનિએ કહ્યું; "હે નિરંજન નિરાકાર પરમ પુરુષોત્તમ પરમાત્મા! આપના એવા ભક્તનાં દર્શન કરવાને હું ઉત્સુક છું. આપ મારી ઇચ્છાને પૂર્ણ કરવા સમર્થ છો!" વિષ્ણુ ભગવાને કહ્યું; "હે નારદ! અચળાપુરીમાં વસતા પરમતત્ત્વ નામના બ્રાહ્મણને ઘેર તું જા; ત્યાં તને મારા પરમ ભક્તનાં દર્શન થશે." પરમાત્માને પ્રણામ કરી, મનોવેગી નારદજી ક્ષણમાત્રમાં પરમતત્ત્વ બ્રાહ્મણને ઘેર આવીને ઉભા રહ્યા. આ બ્રાહ્મણ પ્રભાતમાં ઉઠતાં જ એક નિષ્ઠાથી શુદ્ધ મને પરમાત્માનું અકામનાથી ધ્યાન ધરતો અને પછી પોતાના સંસારના ખટલાને સંભાળતો હતો અને રાત્રિના સુતી વખતે એવાં જ પવિત્ર મને, એકનિષ્ઠાથી, પરમાત્માની પ્રાર્થના કરીને સુઈ જતો હતોઃ આખા દિવસમાં તે ત્રીજી વખત પરમાત્માને સંભારતો પણ નહિ. તેને જોઈને, નારદજીએ વિચાર્યું; 'અહો! પરમાત્માનો પરમ ભક્ત તે આ જ કે! ભગવાન્ પણ ભલા કે, આને પરમ ભક્ત કહે છે! હું ધારું છું કે, વિષ્ણુ ભગવાને મારી મશ્કરી કીધી છે.' આમ વિચારતા નારદજી પાછા વિષ્ણુલોકમાં પધાર્યા; અને પોતાના મનના ઉદ્ગારો પરમેશ્વર સમક્ષ કાઢીને બોલ્યા; "હે મહારાજ! આવા પરમ ભગવદ્ભક્તોથી તો આખું જગત જ ભરેલું છે! મને કોઈ સ્થળ ખાલી જ દેખાતું નથી. ખરેખર મહારાજ! તમારી ઠઠોળી કરવાની ટેવ છે, તેથી તમે મારી ઠઠોળી જ કરી છે અને આ ગોપગોપીજનની સમક્ષ મને હાસ્યને પાત્ર કર્યો છે!"

"હે પિતાજી! વિષ્ણુધામમાં જે ગોપ અને ગોપી રહે છે, તેનું સ્વરૂપ નિરાળું જ છે. ત્રણ લોકના પ્રાણીમાત્રનું, નરક અને મૃત્યુના ભયથી સારી રીતે રક્ષણ કરનાર શ્રુતિ તે ગોપી અને ઇંદ્રિયોને વ્યવહાર માર્ગમાંથી પાછી વાળીને અંતર્મુખી કરનાર જે શુદ્ધાત્મા તે ગોવાળ. એવા ગોપગોવાળથી વેષ્ટિત પરમાત્મા, નારદજીના હૃદયનું હાર્દ સમજી ગયા અને સ્વતઃ વિચાર્યું કે, નારદજી, હજી અનન્ય ભક્તના સ્વરૂપને ઓળખવા અસમર્થ છે.' પછી નારદજીને કહ્યું; "હે નારદજી! તમારી વીણાના અગ્ર ભાગપર આ એક જ રાઇનો દાણો મૂકીને, આ વૈકુંઠ લોકોની પ્રદક્ષિણા કરીને પાછા આવો. પણ જો જો; આ દાણો પડે નહિ!" નારદજીએ મનમાં વિચાર કર્યો કે, વળી ભગવાને મશ્કરી આરંભી! પણ હશે, જોઇએ વળી એમનાં કૌતુક શું છે. પછી નારદજી વીણાના અગ્ર ભાગ ઉપર રાઇનો દાણો મૂકીને વૈકુંઠપુરીની પ્રદ-

ક્ષિણા કરવાને નિકળ્યા. રાઈનો દાણો નારદજીના ચાલવાથી ગડબડવા લાગ્યો: આમ હાલે ને તેમ હાલે, હમણાં પડશે ને ગબડી જશે, એવી નારદજીને સજ્જડ ચિંતા થવા લાગી. એથી રાઇના દાણા પ્રતિજ દૃષ્ટિ રાખીને, એવી સંભાળથી ચાલતા હતા કે, છેક રાત્રિ પડી, ત્યાંસૂધી વૈકુંઠની પ્રદક્ષિણા પૂરી કરી રહ્યા નહિ. મોડી રાત્રિના નારદજી પ્રદક્ષિણા ફરીને, વિષ્ણુ ભગવાનની પાસે આવ્યા ને બોલ્યા કે, "લ્યો મહારાજ, તમારો આ દાણો! એણે કષ્ટ આપવામાં કંઈ પણ અવશેષ રાખ્યું નથી. છે તો ઝીણો સરખો, પણ મોટામાં મોટી ઉપાધિથી પણ વિશેષ કષ્ટદાયી છે." શ્રીવિષ્ણુ ભગવાને કહ્યું; "નારદજી! બેસો અને કહો, તમે આખા વૈકુંઠની પ્રદક્ષિણા કીધી, તેમાં મારું કેટલીવાર સ્મરણ કીધું હતું?" નારદજીએ કહ્યું:" મહારાજ! સ્મરણ શાનું કરે? મારું ચિત્ત–આત્મા સર્વે જ આ દાણામાં પરોવાઈ ગયાં હતાં, તે વખતે હું તમારું સ્મરણ કરવા બેસું તો આ દાણો સટક દેતો કે સટકી જાય, તેનું શું કરવું? તેમ દાણો ગબડી પડે તો તમારી આજ્ઞાનો ભંગ થાય, તેની પણ મને થોડી ચિંતા લાગી નહતી! એમાં તમારું સ્મરણ અને ધ્યાન કરવા ક્યાં બેસું?" શ્રીવિષ્ણુ ભગવાને કહ્યું; "હે નારદજી! જે પરમતત્ત્વ બ્રાહ્મણને તમે જોયો, તે તમારા કરતાં પરમ શ્રેષ્ઠ ભક્તજન છે, એવો હવે તમને નિશ્ચય થાય છે કે નહિ? એક ગોળ નજીવા દાણાની સંભાળ રાખવા માટે, આખા દિવસમાં તમે મારું ક્ષણભર પણ ધ્યાન ધરી શક્યા નથી, રે સ્મરણે થયું નહિ, તો આ સંસારી જીવ, જે અનેક ખટરાગોમાં રોકાઈ ગયેલો છે, મોટા કુટુંબનું પોષણ કરવાની દુગ્ધામાં ડૂબી ગયો છે, સંસારની અનેક ઉપાધિઓ તેને નિત્ય પીડે છે, તેટલું છતાં તે નિત્ય બેવાર, નિર્મળ હૃદયે, એક નિષ્ઠાથી, અકામપણાથી, મારું ધ્યાન ધરે છે–કદીપણ પોતાના નિત્યનિયમમાં ચૂકતો નથી, તે તમારા કરતાં વિશેષ શ્રેષ્ઠ નથી? તમે તો નિરંજન નિર્વિકારી છો, સંસાર અને માયાથી મુક્ત છો, એથી અહોકાળ મારા ધ્યાનમાં નિમગ્ન રહો, એમાં કાંઈ આશ્ચર્ય નથી; પણ જે જીવો, સંસારની ઉપાધિને પૂરી કરી, નીતિએ વર્તી પવિત્ર ને નિર્મળ ચિત્તે એકનિષ્ઠાથી મને બેવાર ભજે છે, તેના ઉપર હું સદાય પ્રસન્ન રહું છું: તે જ મારો અનન્ય ભક્ત છે."

શ્રીવિષ્ણુ ભગવાનનાં આ વચન સાંભળી, નારદજીને નિશ્ચય થયો

કે, જે સંસારની ખટરાગોમાં રોકાયા છતાં પણ, અવિકારીપણે, નિષ્કામ મને, પરમાત્માનું ધ્યાન ધરે છે, તે ભગવાનનાં પરમપદનો અધિકારી છે."

બાલકુંવરે પોતાના પિતા જનકને આ કથા સંભળાવીને કહ્યું; "હે મહારાજ! પરમાત્મા તો ક્ષણુભરના પણુ ભક્તના અડગ નિશ્ચયપર પ્રસન્ન રહેનારા છે અને તેનો નિર્વાહ તે પોતેજ કરે છે. જ્યારે ધર્માત્મા નિરંજન બ્રાહ્મણુ ગુફામાં જઈને સુતો, ત્યારે પરમેશ્વર ભક્તજનોને સાથે લઈને, વાણિયાનું સ્વરૂપ ધારણુ કરી કેટલાએક ગાડાઓમાં દ્રવ્ય ભરાવી તેને ઘેર ગયા; અને શેરીના લોકોને જગાડીને પૂછ્યું; 'નિરંજન બ્રાહ્મણુનું ઘર ક્યાં છે?' તુરતજ તે બ્રાહ્મણુની સ્ત્રી બારીએ દોડતી દોડતી આવીને ઉભી રહી અને પ્રશ્ન કીધો કે, 'કોને પૂછો છો? નિરંજનનું શું કામ છે?' પરમાત્માએ કહ્યું: 'હે સુશીલવતિ! તમારા સ્વામી, અમારા શેઠ નિરંજનનાથે, આ દ્રવ્ય મોકલ્યું છે, તે દ્વાર ઉઘાડીને લ્યો.' દ્રવ્યનાં નામની ચમત્કૃતિ જૂદી જ છે. તેના ગુણુનું વર્ણુન કરવાની શેષ કે સરસ્વતીમાં પણુ શક્તિ નથી. દ્રવ્યના નામથી જ મૃતપ્રાય જીવને નવું ચૈતન્ય આવી જાય છે, તો ચૈતન્યવાળા જીવની સ્થિતિનું વર્ણુન કેમ થઈ શકે? વિપ્રપત્નીએ છોકરાઓને ઉઠાડીને દોડાદોડ કરી મૂકી, મોહોલ્લાના લોકો પણુ જાગૃત થઈ ગયા. સૌ નિરંજનના ઘરમાં દ્રવ્ય મૂકાવવાની ત્રેવડ કરવા લાગ્યાં. સહસ્ર મ્હોરોથી ભરેલી સહસ્ર કોથળીઓ પરમાત્માએ પોતાના સેવકો પાસે ગોઠવાવી દીધી. પછી બ્રાહ્મણુપત્નીએ પૂછ્યું; 'શેઠજી! આપનું નામ શું? તમે ક્યાંથી આવ્યા?' પરમાત્માએ કહ્યું; 'મારું નામ યોગક્ષેમ નિર્વાહદાસ છે; અને હું આપના સ્વામીનાથે મોકલાવેલું દ્રવ્ય લઈને તેમની પાસેથી સિધો જ ચાલ્યો આવું છું.'

આટલા સમયમાં નાનકડા ગામમાં હો હો થઈ રહી; નિરંજનનાં સગાંઓ પણુ તેને આવો ધનાઢ્ય થયો જાણીને સફાળા ઉઠી દોડી આવ્યા; અને પરમાત્માને પૂછવા લાગ્યાં કે; 'નિરંજનભાઈ ક્યાં છે? આજ સવારના કંઈ જોવામાં આવ્યા નથી; કાલ સવારે તો ઘરમાં હતા!' યોગક્ષેમ નિર્વાહદાસરૂપી પરમાત્માએ કહ્યું; 'આ ગામની ઉત્તર દિશાએ આવેલી ગિરિકંદરામાં તેઓ પોઢેલા છે;–ઘણા થાકી ગયેલા હોવાથી આવી શક્યા નથી, પણુ પ્રભાત પહેલાં આવશે!' જ્યારે યોગક્ષેમ નિર્વાહદાસ પરમાત્મા, લોકોની સાથે વાત કરતા હતા, તે

વખતે લોકો તેની દિવ્ય કાંતિ જોઇને છક થઈ ગયા; પણ તેમના હોઠ કાપાવાળા અને પીળા જોઇને વધારે આશ્ચર્ય પામતા હતા. થોડીવારમાં પરમાત્મા ત્યાંથી વિદાય થઈ ગયા. પછી માંહોમાંહે વાત કરી, નિરંજનનાં સગાંઓ તેને ગિરિકંદરામાં શોધવાને મશાલો સળગાવીને નિકળી પડ્યાં.

હે પિતાજી! શું કહું? આ લોકમાં લક્ષ્મીનો મહિમા બહુ મોટો છે-એવો તેમના નાથનોએ નથી. પંડિતો, મહાજનો અને મહાત્માઓ કહે છે કે, લક્ષ્મીના પાશમાં જે બંધાય છે, તેની ઉત્તમ ગતિ નથી; એટલું છતાં લક્ષ્મીના સેવકોને લક્ષ્મીની ઉપાસના વિના અન્ય ઉપર શ્રદ્ધા ચોંટતી જ નથી. મહાત્માઓ કહે છે કે, લક્ષ્મી નહિ હોય તો પણ દુઃખ, આવે તોએ દુઃખ અને જાય તોએ દુઃખ; છતાં લક્ષ્મીની તૃષ્ણા પ્રાણીમાત્રમાં એટલી તો ઉત્કટ છે કે, નાનાં બાળકને પણ લક્ષ્મીનો ઝગઝગાટ જોઈ મોહ ઉત્પન્ન થાય છે. લક્ષ્મીના ભક્તોને અનેક અનર્થ પ્રાપ્ત થાય છે, રાજાઓએ દંડેલા છે, બંધુઓએ મારી નાંખેલા છે, ચોરો ચોરી ગયા છે, પુત્રોએ ત્યજી દીધા છે, છતાં લક્ષ્મીનું પ્રાબલ્ય એટલું મહાન્ છે કે, તેની પાશમાંથી છૂટવાની કોઇને ક્ષણ માત્ર પણ કામના થતી નથી. નિશ્ચય, આ લોકમાં તો લક્ષ્મી મૂર્ખને ડાહ્યા બનાવી દે છે, અને લક્ષ્મી વિનાનો પંડિત પણ મૂર્ખમાં ગણાય છે. લક્ષ્મી ઘેર પધારી કે મિત્ર, સ્નેહી, સગાં, વહાલાં, પત્ની, પુત્ર, નોકર, ચાકર સર્વે ખમાં ખમાં કરતાં, ભાઈ ભાઈ કહેતાં ને જીજી કરતાં, જેમ એક શબ ઉપર અનેક ગીધડાઓ વિંટળાઈ વળે છે, તેમ લક્ષ્મી-વાનની આસપાસ વિંટળાઈ વળે છે. પણ પિતાજી! લક્ષ્મી ચંચળ છે; તે કોઇની ઝાલી ઝલાતી નથી, રાખી રખાતી નથી, સાચવી સચ-વાતી નથી. તેની ચંચળતા એવી તીવ્ર છે કે, તે કેવે પ્રકારે જઈ શકે છે અને કેવી રીતે આવે છે, તે કોઈ પણ જાણી શકતું નથી. એવું છતાં તેને પકડવાને, રાખવાને તથા સંભાળવાને માયાવશ જીવડાઓ અથાગ પરિશ્રમ કરે છે.

નિરંજન બ્રાહ્મણ તેનો તેજ હતો. લક્ષ્મી આવ્યા પૂર્વે તેને એક માથું ને બે પગ હતા અને લક્ષ્મી આવ્યા પછી બે માથા ને ચાર પગ થયા નહોતા; તથાપિ તેનાં સગાંવહાલાંઓ જેઓ તેના દુઃખમાં એક દહાડો પણ સહાય થયાં નથી, જમ્યો છે કે ભૂખ્યો છે તે પૂછ્યું નથી, મુવો છે કે જીવતો છે તે જાણવાની પણ દરકાર કરી નથી; તે

સર્વે આજે નિરંજનભાઈ, નિરંજનભાઈ કરતાં, તેની શોધમાં, બે ચાર કોશ દૂર આવેલી પર્વતની કંદરાઓમાં, મહાઝમ રાતે માર માર પડતા વરસાદમાં, પડતાં આખડતાં, તેને શોધવાને નિકળી પડ્યાં છે. હે દેવી લક્ષ્મી! તારાં સૌભાગ્યને, તારાં સૌન્દર્યને, તારાં ચાપલ્યને, દુર્જનોને આલિંગન કરવાની તારી મૂર્ખતાને, પણ્ડિતોને દીન હીન રાખનારા તારા પ્રભાવને, નમસ્કાર છે! સુવ્યવસાયી, શૂરવીર, કલેશને સહન કરનાર, ધીરવીર પુરુષોથી તું દૂર નાસે છે; રત્નાકર તારો પિતા છે; કોમળ કમળમાં તારો નિવાસ છે; અમૃતવર્ષી ચન્દ્ર તારો બંધુ છે અને જગતના જીવન-પ્રાણ-પરમ પ્રભુ વિષ્ણુ તારા પતિ છે; તે છતાં તારી વક્રતાને, તારા નાથના દાસોએ દૂરથી જ પ્રણામ કરવામાં જ કલ્યાણ ધાર્યું છે. તારી ઉપાસનાથી સજ્જન પણ દુર્જન ગણાય છે; પણ્ડિત પણ મૂર્ખ મનાય છે; એક જ સ્થાનમાં ઉત્પન્ન થયેલા સહોદર, સહોદરની પ્રાણહાનિ કરે છે; હિંસકોની સાથે તને રમાડે છે; કૃપણ જીવડાઓના ઘરમાં તું નિત્ય નૃત્ય કરે છે. રે! તારા પ્રતાપથી વિવેકી પણ વિવેક વિસરી જઈને અવિવેકી બને છે. હે લક્ષ્મી! તારી લીલા વિચક્ષણતાથી જ ભરી છે! નિરંજનની શોધાશોધ ચાલી રહી છે, ધોધમાર પડતા વરસાદમાં પણ અથડાતા કૂટાતા તેની શોધમાં, લક્ષ્મીના સેવકો પર્વતોપર ચઢે છે; સંભાળજો, મશાલ બુઝાઈ નહિ જાય, પડ્યા તો સો વર્ષ પૂરાં થઈ જશે, એમ શ્હોરબકોર કરી મૂકયો છે. તે વખતે નિરંજન-આત્મનિષ્ઠ નિરંજન-પરમભક્ત નિરંજન, એકાંત ગુફામાં પરમાત્માના સ્વરૂપને હૃદયમાં ધારણ કરી ઘસઘસાટ નિદ્રા લે છે.

પાંચ પચાસ માણસો પર્વતપર ચઢી ગયાં. તેઓ નિરંજનભાઈ, નિરંજનભાઈની બૂમો પાડવા લાગ્યાં. નિરંજન જેવો નિરંજન જાગીને વિચાર કરવા લાગ્યો કે, વળી આ કષ્ટ પાછું અહિં ક્યાંથી આવ્યું? સવારથી ઘરમાંથી નિકળી ગયો છું, તેથી ચિન્તાતુર સ્ત્રીએ માણસોને શોધવા મોકલ્યાં હશે! પણ ઘેર જઈશ તો સ્ત્રી જંપવા દેવાની નથી. તે કહેશે કે, ખાલી હાથે પાછા શું મ્હોં લઇને આવ્યા? આમ વિચારી, પરમાત્માનું ધ્યાન ધરતો નિરંજન, સસળ્યા વસળ્યા વગર સુઈ રહ્યો. શોધનારા પુરુષોએ એકએક પછી એક એમ ગુફાઓ જોવા માંડી.

જોતાં જોતાં નિરંજનવાળી ગુફામાં દાખલ થયા. નિરંજન ઓઢી પોઢીને સુતો હતો, તેની પાસે જઇને કેટલાકે બૂમ પાડી કે; "ભાઈ

નિરંજન! અહીં કેમ સુતા છો? પેલા શેઠને ઘેર મોકલી તમે અહીં સુઈ રહ્યા, તે સારું કીધું નહિ. તમે નહિ આવ્યા તેથી ભાભીએ તો રહારોળ કરી મૂકી છે. ઉઠો, કંઈ જનજનાવર આવી પડશે તો ન લેવાના દેવા થશે. ચાલો, અમે ગાડી લઇને તમને તેડવા આવ્યા છીએ." એટલે બીજાએ કહ્યું; "નિરંજનભાઈ, તમેય બહુ જ ધીરજવાળા હોં. આટલા બધા પૈસા, અજાણ્યા માણસ સાથે મોકલતાં તમારી જબરી હિમ્મત ચાલી. એ શેઠીયો પોતાને ઘેર ગાડીઓ વાળી ગયો હોત તો તમે શું કરત? ઉઠો ભાઈ! ઘેર ચાલો ને તમારું તપાસી લ્યો. આ કાળમાં સગા બાપનો પણ વિશ્વાસ ન કરાય!" ત્રીજો બોલ્યો; "નિરંજનભાઈ! તમે ગુણવાન્, વિદ્વાન્, જગતના લોકોના હૃદયને જાણનારા છતાં, આવી ભૂલ કેમ કીધી?" આમ અનેક પ્રકારે લોકો બોલવા લાગ્યા. એકે કહ્યું; "નિરંજનભાઈ, આટલા બધા તમારી પાસે પૈસા છતાં, દુઃખ શા માટે ભોગવતા હતા? હવે આ ઝુંપડી બુપડી કાઢી નાંખો ને એક સારું જેવું મંદિર બંધાવો; તેમાં તમારા પ્રભુને પધરાવી, જરાક સારી રીતે ન્યાતમાં ઉજળાપણું બતાવો!" નિરંજનની ન્યાતનો એક બ્રાહ્મણ, જે આડે દહાડે નિરંજનની સામા દૃષ્ટિ પણ કરતો નહિ, પંડિતોની સભા ભરાય ત્યાં નિમંત્રણ પણ કરતો નહિ, તે આજે બોલવા લાગ્યો; "અમારી ન્યાતનું નિરંજનભાઈ ભૂષણ છે! એમની વિદ્યામાં પણ મણા નથી; ભલા પણ્ડિતનો પણ પરાજય કરે તેવા છે. એમનું ઘર પરાપૂર્વથી ગુણી અને કુલીન ગણાય છે; એમના છોકરાને કન્યા મળતાં કંઈ વિલંબ લાગે છે કે? હું તો કેટલા દહાડા થયાં નિરંજનભાઇના પુત્રને મારી કન્યા આપવા માટે પ્રાર્થના કર્યા કરું છું; પણ અમારા જેવા ગરીબ માણસની કન્યાને એ મ્હોટા ઘરના તે કેમ લે?" આવા આવા અનેક ગપાટા સપાટા, આશ્ચર્ય ચકિત થતો, નિરંજન સાંભળ્યા કરતો હતો. તે સૂતો જ રહ્યો, ત્યારે એકે તેણે ઓઢેલું પોતિયું તાણી લીધું. પછી તે બેઠો થયો. પણ પ્રશ્ન કરવાની તેની ઇચ્છા જ થઈ નહિ. તે મનમાં સમજી ગયો કે, અહો! પરમાત્માની મારા જેવા કૃતઘ્ન ઉપર કેવી અનહદ કૃપા! મેં મૂર્ખાએ જ પરમાત્માના વચન ઉપર જરા જેટલો સંશય રાખ્યો! રે અધમ જીવ! તારાં તે શાં એવાં સત્કર્મ છે કે, જેના યોગે તે મહાત્મા પ્રભુ તારા ઉપર કૃપા કરે? પછી એક પણ શબ્દ બોલ્યા વગર, સંતાત્મા નિરંજન, શોધવા આવેલા લોકોની સાથે ઘેર

આવ્યો. તેને જોઇને તુરત તેની સ્ત્રી બોલી; "આ અમને સર્વને એકલાં મૂકીને તમે ક્યાં ચાલ્યા ગયા હતા? મારા જીવમાં તો એવી ફાળ પડી હતી કે, તમે કોણ જાણે ક્યારે આવશો! તે શેઠજી સાથે પૈસા મોકલ્યા, તે તમારે જ લઇને આવવું હતું કેની?" આટલું છતાં નિરંજન તો મૌન ધારણ કરી રહ્યો. તે એટલું જ બોલ્યો કે, એ બધી વાતનું સ્પષ્ટીકરણ પછી થઈ રહેશે; હમણાં તો આ ભાઇઓને ઘેર જવા દે, તેમને ઘણો શ્રમ પડ્યો છે. ગામના લોકો થોડીવાર પછી વિદાય થઈ ગયા. પછી નિરંજને પોતાની સ્ત્રીને પૂછ્યું; "જે શેઠ દ્રવ્ય લઇને આવ્યા હતા, તેની કાંતિ કેવી હતી?" સ્ત્રી બોલી; "હે નાથ! તેનું સ્વરૂપ તો કોઈ મોટા શ્રીમાન્ શેઠના જેવું હતું. મુખનો લખલખાટ જોયો જોઈ શકાય નહિ તેવો હતો. વર્ણ શ્યામ હતો–ઘઉંવર્ણાથી ઉતરતો–આ જેવાં વાદળાં છે કેની તેવો; પણ તેમના હોઠ બધા પીળા પીળા હતા. વળી તે શેઠની સાથે પાંચ પંદર તો મહેતા મુત્સદ્દી પણ હતા." પછી નિરંજન પોતાને માથે હાથ મૂકી બોલ્યો; "રે! રે! મેં મૂર્ખે શ્રીમુખનાં વચનપર હડતાળ મારી, તે હડતાળવાળું શ્રીમુખનું સાક્ષાત્ દર્શન કરાવવા માટે જ તેઓ અહીં પધાર્યા હતા! રે પાપી જીવ, તેથી જ તેનાં દર્શનનો તું ભાગ્યશાળી થયો નહિ! જે પરમાત્માનાં વચન ઉપર દૃઢ નિશ્ચય રાખતો નથી, એવા જીવને તે પરમાત્મા શાનાં દર્શન દે? જે જીવ પરમાત્માનાં વચનપર અનન્ય શ્રદ્ધા રાખે છે, તે જીવનું યોગક્ષેમ તે જ પરમાત્મા નિભાવે છે, એ શ્રીમુખનું વચન સત્ય જ છે."

બાળકુંવરે રાજા જનકને, પૂર્વ કથાનું અનુસંધાન કરતાં કહ્યું; "હે રાજન્! નિરંજન જેવો વિચાર કરતો હતો, તેવો જ વિચાર શશિશેખરને પણ આવ્યો હતો. બાર માસ પૂર્ણ થયા. ઈશ્વરે સહાય કીધી નહિ. એટલે તેની સ્ત્રી કોઈ પણ પ્રકારનો ઉદ્યોગ કરવાનો બોધ કરવા લાગી. શશિશેખરે કહ્યું, "હે સ્ત્રી! ધંધોધાપો કરવાને પૈસા જોઇએ, તે ક્યાંથી લાવું? આપણા ઘરમાં તો ભૂત ભૂસકા મારે છે અને હનુમાનજી હડીયું કાઢે છે. પૈસા વગર ઉદ્યોગ પણ કેમ થઈ શકે?" સ્ત્રીએ કહ્યું; "આપણા પડોશના નગરમાં એક વૈશ્યવણિક રહે છે, તે સર્વને જોઇતાં નાણાં આપે છે; ત્યાંથી લઈ આવો." શશિશેખરે કહ્યું; "હે સ્ત્રી! તે વાણિયો સજ્જન છે, તેમ જ શઠ પણ છે. તે વાણિયાની પ્રતિજ્ઞા છે કે, કોઈ પણ મનુષ્યને એકથી એક હજાર રૂપિયા એવી શરતે

આપવા કે, તે બીજે જન્મે બમણા આપે. હે સ્ત્રી! એ સાધ્વી! જન્મ જન્માંતરના કોઈ અસત્કર્મને યોગે, આજે આપણે દુઃખમાં દહાડા ગાળીયે છિયે તો નવું કર્મ ક્યાં બંધાવે છે? પૂર્વનાં જે ઋણો છે, તે આ જન્મે મહાકષ્ટે આપવાને આપણે શક્તિમાન્ નથી, ત્યારે આ નવું ઋણ કરવાની તને કેમ કુમતિ થાય છે? આ નવું ઋણ કરવાને મારી ઇચ્છા થતી નથી. આ જન્મમાં લીધેલું દ્રવ્ય આપવું પણ જ્યારે કષ્ટદાયી થઈ પડે છે, ત્યારે બીજા જન્મમાં તે આપવું કેટલું કષ્ટદાયી થશે, તેનો તું વિચાર કર અને તારો આગ્રહ છોડી દે. ઈશ્વર પ્રાણીમાત્રને ભુખ્યા ઉઠાડે છે, પણ ભુખ્યા સુવડાવતો નથી. જેણે જન્મ્યા પૂર્વે માતાના સ્તનમાં દૂધ મૂકીને અજ્ઞાત બાળકનું રક્ષણ કરવાને ઘટના ઘડી છે, તે પરમાત્મા આપણો નિર્વાહ કરશેઃ પણ વાણિયાની આવી કઠણ શરતના રૂપિયા લઇને, ઉદ્યોગ કરવાનો મારો વિચાર થતો નથી–તે હઠ તું ત્યજી દે!" શશિશેખરની સ્ત્રી અજ્ઞાન હતી, તેને ધર્મકર્મનો કોઈ જાતનો પાશ લાગ્યો ન હતો, તે ઈશ્વરના અગાધ મહિમાને સમજી શકતી ન હતી, જન્મના અને કર્મના ભેદને સમજવાને અશક્ત હતી–તે કેવળ માયામયી મૂર્તિ હતી. એવી સ્ત્રીને પૂર્વ જન્મના અને ઉત્તર જન્મના ઋણાનુબંધ અને ઈશ્વરના મહિમાનો વિચાર જ ક્યાંથી હોય? તે બોલી;–"હે સ્વામિનાથ! આ તમારા જન્મ જન્માંતરના કુથલાઓ હવે તો બાજુએ મૂકો તો સારું! આપવું અને લેવું, એ થવાનું હશે તે થશે. કોણ જોવા ગયું છે કે મુવા પછી શું થાય છે? આ ભવમાંજ દુઃખે પાપે જીવન ગાળવું અને બીજા જન્મનાં દુઃખને રડવું, એ શું ડાહ્યા માણસોનું લક્ષણ છે? આજના દુઃખને જે ટાળતો નથી અને કાલના દુઃખને જે રડે છે, તે પંડિત છતાં પણ મૂર્ખ જેવો છે. હે સ્વામિનાથ! લોકમાં કહેતી છે કે, 'આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો? આ ભવમાં દુઃખ તો પરભવમાં શાનું સુખ?' આ તમારા શાસ્ત્રની જ વાતો કરોની! પૈસો હશે તો અનેક પુણ્ય કર્મ કરીને તે વાણિયાનાં દેવાને બીજે જન્મે અદા કરી દઇશું! દ્રવ્ય નહિ લેશો, તોપણ પેટમાં તો ઑસવાનું જોઈશે કેની, ને કોઇનું દેવું કરવું પડશે કે નહિ? એટલે આપણે તો હતાં તેવાં ને તેવાં જ! વાણિયાનું દેવું નહિ થશે તો બીજાનું દેવું થશે! માટે મારું કહ્યું માની, વાણિયાની પાસે એકના બમણા રૂપિયા દેવા લખી આપીને, દ્રવ્ય લઈ આવો; તેમાંથી સૌ સારાં વાનાં

થશે.” પોતાની સ્ત્રીનાં રોજનાં આવાં મહેણાં ટોણાં ને દાખલા દલીલોથી શશિશેખરનું મન ધીમે ધીમે ઢીલું થવા માંડ્યું. એક દિવસ તે પ્રભાતમાં પડોશના નગરમાં ગયો ને વાણિયાને ઘેર જઈ સો રૂપિયા વ્યાજુની માંગણી કરી. વાણિયાએ બ્રાહ્મણને ઉત્તમ આસનપર બેસાડીને કહ્યું; “મહારાજ! તમે એકથી હજાર સૂધી ભલે લઈ જાવ, પણ હું વ્યાજુકા નાણાં આપવા લેવાનો વ્યવહાર કરતો નથી; હું તો ઉછીનાં નાણાં આપું છું. પણ તેમ કરતાં તમારે મારી શરત પ્રમાણે ચાલવું પડશે. તમારે આ જન્મમાં મને એક પણ પૈ આપવાની નથી, પણ બીજે જન્મે બમણા રૂપિયા આપવાનો એક લેખ લખી આપવો જોઈશે. એ સરતે એકથી હજાર સૂધી જોઇએ તેટલાં નાણાં લો.” શશિશેખરે તે વણિકને બહુ બહુ રીતે સમજાવ્યો, વધુ વ્યાજ આપવાની લાલચ બતાવી, ઘણા કાલાવાલા કીધા, પણ વાણિયાભાઈ–કર્મનો કીડો–સ્વર્ગ સુખ–નાશવંત સુખનો લાલચુ, એકનો બે થયો નહિ. તે પોતાના નિશ્ચયમાંથી જરા પણ ડગ્યો નહિ. પછી તે વાણિયાની ઇચ્છાનુસાર લેખ લખી આપીને, શશિશેખરે સો રૂપિયા લીધા. અથાગ ચિંતામાં ડૂબેલો શશિશેખર, ધીમે ધીમે પોતાના ગામ તરફ ચાલ્યો. તે પોતાના મનમાં ઘણો જ ચિંતાતુર થઇને બોલવા લાગ્યો કે; “પ્રભુ કરે તે ખરું, તેની ઈચ્છાને અધીન થયા વિના આ ક્ષુલ્લક પ્રાણીઓનો છૂટકો જ નથી.”

શશિશેખરના ગામ અને પૂર્વ નગરની વચ્ચે એક નદી હતી, ત્યાં તે આવી પહોંચ્યો. તે સમયે સંધ્યાનો સમય થયો હતો. સાયંસંધ્યાનો પણ એ જ સમય હતો. તેણે પોતાની પાસેના સો રૂપિયાના પોટલાને નદીના ભાઠાની રેતીમાં ડાટયું ને અભિજ્ઞાન માટે, તેના ઉપર વાલુકાનું શિવલિંગ કીધું. પછી તે નદીમાં સ્નાન કરવા ગયો. એવામાં એક કૌતુક બન્યું.

પડોશના ગામની ગાયો અને ભેંસોનું ગોવારું, નદીમાં પાણી પીવા આવ્યું. ઢોરોનો સ્વભાવ છે કે, પાણી પીધા પૂર્વે પોદળા કરે છે, તેમ સર્વે ઢોરોએ પોદળા કર્યા ને તેમાં જે સ્થળે શશિશેખરે રૂપિયા ડાટ્યા હતા, તેનાપર પણ પોદળો પડ્યો ને અભિજ્ઞાન તરિકે કરેલું શિવલિંગ દબાઈ ગયું. થઈ રહ્યું. અનિચ્છાથી એકના બમણા બીજે જન્મે આપવાની સરતે, મહા કલેશથી આણેલા રૂપિયા પોદળા નીચે ડટાઈ ગયા.

નદીમાંથી સ્નાન કરી બહાર આવીને શશિશેખર જુવે છે તો અનેક પોહળા પડેલા છે, તેથી રૂપિયા દાટેલાનું ચિહ્ન ભૂસાઈ ગયું છે. શિવલિંગની શોધને માટે તેણે બહુએ ફાંફાં માર્યાં, પરંતુ તેનો ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ. પછી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, જો હું ખાલી હાથે ઘેર જઇશ, તો સ્ત્રી કઠણ વચન કહેશે, ને આપણે તો હતા તેવા ને તેવા જ ગણાઈશું. આવતા જન્મમાં સો રૂપિયા આપવાનું દેવું કીધું, તો ભલે બસો રૂપિયાનું દેવું થાય. ચાલ જીવ, બીજા સો રૂપિયા વાણિયાની પાસેથી લઈ આવું. આવો વિચાર કરીને તે પાછો વાણિયાને ઘેર ગયો; અને પોતાનું ઇત્થંભૂત વૃત્તાંત કહી બતાવ્યું. વાણિયાએ કહ્યું; "મહારાજ, એમાં શી ચિન્તા છે! બીજા સો રૂપિયા લઈ જાવ." પૂર્વની શરત પ્રમાણે શશિશેખરે બીજા સો રૂપિયા લીધા. હવે રાત્રી થઈ ગઈ હતી; શશિશેખરનું ગામ ચાર કોશને અંતરે હતું. આડી નદી હતી, લુચ્ચાઓનો ભય હતો, તેથી તેજ નગરમાં પોતાનો યજમાન એક ખેડુત રહેતો હતો, તેને ત્યાં તે બ્રહ્મદેવ રાતવાસો રહ્યા. ખેડુતે પણ તત્કાલ જે સેવા પોતાથી બની શકે તે કીધી. એ ખેડુતનું ઘર ઘણું નાનું હતું, તેથી ઢાર બાંધવાની કઢોડ પાસે, શશિશેખરને માટે ખાટલો ઢળાવી આપ્યો. થાકયો પાકયો શશિશેખર નિદ્રા લેવાની ઇચ્છાથી ખાટલાપર પડ્યો.

અહીંઆં વળી એક બીજું કૌતુક બન્યું. શશિશેખર જ્યાં સુતો હતો, તેની પડોશમાં ખેડુતના બે બળદો બાંધેલા હતા. જેઠ મહિનો હોવાથી તે આખો દિવસ, ખેડુતે બળદોને હળમાં સારી પેઠે તગડ્યા હતા. બળદો થાકીને લોથપોથ થઈ ગયા હતા. તે બે બળદોમાંથી એક બોલ્યો; "અરે ભાઈ! આજ તો હું બહુ થાકી ગયો છું!" બીજો બળદ બોલ્યો; "મને પણ તગડવામાં બાકી રાખી નથી; પણ ભાઈ! આપણે તો હવે પરવાર્યા! મારી લહેણાદેણીનો આજ છેલ્લો દહાડો છે. આ ખેડુત સાથે મારો જે ઋણાનુબંધ છે તે કાલે પૂર્ણ થશે. કાલે મધ્યાહ્ને ખેડુત જેવો મને હળમાંથી છોડશે કે તે જ ક્ષણે એક પણ તૃણ લીધા સિવાય, મારા પ્રાણ છૂટી જશે." પ્રથમ બળદ બોલ્યો; "તારો તો છૂટકો થઈ જશે, પણ મારો છૂટકો થવાનો આરોજ દેખાતો નથી. પૂર્વ જન્મનું આ ખેડુતનું મારે સવાલાખ રૂપિયાનું દેણું છે. એ ભરપાઈ થાય ત્યારે જ મારો છૂટકો થાય કેની? ખેડુતના

રૂપિયા લઇને મેં મારા ઉપયોગમાં વાપર્યા નથી; રાજાના મંત્રીને કંઇક કાર્ય હોવાથી મેં આપ્યા હતા. એ મંત્રી આ ગામના રાજાનો મકનો હાથી થઇને અવતર્યો છે. જો કોઈ મને એની પાસે લઈ જાય ને કુસ્તી લડાવે તો હું એ હાથીને જિતી જાઉં એમ છું; અને એની પાસેથી રૂપિયા વસુલ કરું.” શશિશેખર બળદોની આ વાત સાંભળ્યા કરતો હતો, તેને વિચાર થયો કે, જો ખેડુતની પાસેથી આ બળદ લીધો હોય તો મારા જન્મનું દરિદ્ર દૂર થાય.

બીજે દિવસે પ્રભાતમાં બ્રાહ્મણ ઉઠયો. સ્નાન સંધ્યા કીધી ને ખેડુતના આગ્રહથી તેને ઘેર જ રહ્યો. બપોર થતાં જ પૂર્વ દિવસે જેમ બળદે વાત કરી હતી, તેમ જ બીજો બળદ, હળમાંથી છૂટતાં જ મરણ પામ્યો. શશિશેખરને નિશ્ચય થયો કે, જીવતા બળદનું રાજાના મકના હાથી પાસે લહેણું છે જ. પછી તેણે યજમાનને કહ્યું; “હે ભાઈ! તારો આ એક બળદ મરી ગયો તો તારા આ બીજા બળદને પણ વેચી નાંખ. તેની શી કિંમત છે? વેચવા મરજી હોય તો એની કિમત કરતાં હું તને પાંચ રૂપિયા વધુ આપું.” ખેડુતે વિચાર કીધો કે, જો ગુરુદેવ આ બળદની સારી કિંમત આપે તો હું એક બીજી સારી જોડી ખરીદ કરી શકું. હા ના કરતાં સો રૂપિયે તે બળદ લેવાનો ઠરાવ થયો. શશિશેખરે ખેડુતની પાસે લખાવી લીધું કે, ‘આ બળદની પાસે મારે આ જન્મનું, કે જન્મજન્માંતરનું જે કંઈ લહેણુંદેહણું હોય, તે ચૂકતે કરીને આ બળદ આપું છું.’

પછી શશિશેખરે તે બળદને થોડા દિવસ રાખી ખૂબ પુષ્ટિકારક પદાર્થો ખવરાવી પીવડાવી માતેલો કર્યો અને પછી તેને લઇને રાજાને દરબાર ગયો અને બોલ્યો; ‘હે રાજન્! આ મારો બળદ એવો તો બળવાન્ છે કે, આપના મકના હાથીને પણ હરાવે!” બ્રાહ્મણના મુખથી આ વચન સાંભળીને રાજસભા હસી પડી; પણ પછી રાજાની ઇચ્છાથી બળદ અને હાથીની લડાઈ કરાવવાનો નિશ્ચય થયો. રાજાએ શશિશેખરને પૂછ્યું; “હે બ્રહ્મદેવ! તમારો બળદ હારે તો તમે શું આપશો?” શશિશેખરે કહ્યું; “રાજન્! હું તો ગરીબ બ્રાહ્મણ છું; મારી પાસે હોય શું કે હું આપ મહારાજાધિરાજને આપું! પણ જો મકના હાથી અને મારા બળદની સાઠમારીમાં તમારા મકના હાથીનો પરાજય થાય તો તમારે મને સવાલાખ રૂપિયા આપવા ને મારા બળદનો

પરાજય થાય તો હું આ બળદને મૂકીને ચાલ્યો જાઉં." રાજાએ તે સરત કબૂલ કીધી.

બીજે દિવસે અગડમાં હાથી અને બળદને ઉભા રાખવામાં આવ્યા. આ લડાઈ જોવાને રાજા પોતે પણ હાજર થયો હતો. હાથીને મસ્ત બનાવીને માવતે બળદ ઉપર દોડાવ્યો; પણ જેવો હાથી દોડતો દોડતો આવ્યો કે, બળદે કુંફાડો મારીને કહ્યું; "અલ્યા દેવાળીઆ! તું શું મ્હોંડું લઈને મારી પાસે આવે છે?" એમ કહીને જેવાં બે શિંગડાં તેની શૂંઢમાં ભોકયાં, કે હાથી સડસડાટ કરતો પાછો ફરી નાસી ગયો અને જોનારાઓ બૂમ પાડી ઉઠ્યા કે; 'હાથી નાઠો, હાથી નાઠો!' પણ રાજા ને મત્રી બોલી ઉઠ્યા કે, આ લડાઈ કંઈ બરાબર થઈ નથી, માટે ફરી લડાવો. પૂર્વ પ્રમાણે જ લડાઈ કરતાં બીજીવાર ને ત્રીજીવાર પણ હાથીનો પરાજય થયો ને બળદનો જય થયો. શરત પ્રમાણે રાજાએ તે બ્રાહ્મણને સવાલાખ રૂપિયા ગણી આપ્યા–બ્રાહ્મણે લીધા અને તે જ ક્ષણે બળદ અને હાથી મરણ પામ્યા. હાથીએ બળદની પાસેથી લીધેલા રૂપિયા રાજાને આપ્યા હતા, રાજા પાસેથી રૂપિયા અપાવીને તે પોતાના ઋણમાંથી મુક્ત થયો હતો. ખેડુતના દેવા રૂપિયા અપાવીને બળદ પણ મુક્ત થયો; બ્રાહ્મણ પૂર્વ જન્મમાં ખેડુતનો વારસ હતો, તેણે વારસો લીધો. ઋણાનુબંધ પૂરું થયું અને સૌ પોતપોતાને માર્ગે ચાલતા થયા."

સ્મશાનમાં રાજાના ખોળામાં સુતેલા બાળકુંવરે, ઋણાનુબંધની આ વિસ્તૃત કથા કહી સંભળાવીને કહ્યું; "પિતાજી! આ જગતની રચના ઋણાનુબંધથી જ રચાયલી છે. એને પ્રારબ્ધ કહો–કર્મ કહો–લહેણા દેણી કહો–પણ એ એ જ છે કે, જે એક બીજાને સંબંધથી સંકળાયલા રાખે છે. કર્મ–ઋણાનુબંધથી જ સ્ત્રી, પુત્ર, સગાંસહોદર, પૈસો-ટકો, રિદ્ધિસિદ્ધિ સૌ આવી મળે છે. એ ઋણાનુબંધ પૂર્ણ થયું કે, કોની સ્ત્રી ને કોનો પતિ ને કોનો પુત્ર ને કોનો પૈસો! સૌ પોત-પોતાને માર્ગે પડે છે. મેં જન્માંતરના જે દેવાલહેણાંનાં કર્મો કીધાં છે તે હું લઉં છું, ભોગવું છું, આપું છું, અનેક નિમિત્તે અપાવું છું અને આ ગતિને પામું છું. તમારા પ્રતાપથી જે આત્મજ્ઞાનના બે શબ્દો મારા કાનમાં પડ્યા છે; અને સ્વેચ્છાથી નહિ, પરંતુ તમારા વચનને માન આપીને બ્રહ્માર્પણ કૃષ્ણાર્પણ કરતાં જે વ્યવહાર મેં ભોગવ્યો

છે, તેથી હું ઉત્તમ કુળમાં-રાજા કે સંતને ત્યાં-જન્મું છું; અને દેવું લહેણું આપી અપાવી પછી મારે માર્ગે પડું છું. કરેલાં કર્મો તો ભોગવે જ છૂટકો છે. એ કર્મ પૂર્ણ ન થાય ત્યાં સૂધી જીવ માત્રની પણ આ.જ ગતિ છે. મારા પુણ્યનો લેશ ઓછો હોવાથી, એક ખાડમાંથી નિકળીને હું બીજી ખાડમાં તુરતજ પડું છું. આ જ યમયાતના છે, બસેં એંસી દિવસ અંધારાગારમાં-જ્યાં પવનનો પણ સંચાર નથી, પ્રકાશને પ્રવેશનું સ્થાન નથી, કારાગૃહમાં પડવાનું છે, ત્યાં નરકના ગારામાં વિંટળાઇને ઉંધે મસ્તકે લટકીને અપરિમિત યાતના ભોગવું છું! ત્યાંથી છૂટકો થાય છે, ઘડી બે ઘડી કે દિવસ બે દિવસ આ સંસારનો પવન ખાઉં છું, કે પાછો એનાથી વિશેષ કષ્ટકારી અંધારાગારમાં ડટાઉં છું. હે પિતા જનક! જે જીવ પરમાત્માને શોધવાને શ્રમ કરતો નથી, પરમાત્માની માયાને જાણીને તેનો ત્યાગ કરવાને પ્રયત્ન કરતો નથી, રાજસી, તામસી માયામાં બંધાયલો રહે છે, આવરણશક્તિથી વિંટળાયલો રહે છે અને વિક્ષેપશક્તિને ભોગે વાસનાનો ત્યાગ કરી શકતો નથી, તેની મારા જેવી જ ગતિ જાણવી. ભલે તે જીવ અનેક પુણ્ય દાન કરનારો હોય, પરાર્થ પરમાર્થમાં તત્પર રહેતો હોય, અનેકનો ઉપદેષ્ટા હોય, શાસ્ત્રનો જ્ઞાતા હોય, અનેક પ્રકારનો વૈભવ ભોગવનારો હોય, અનેકનું પાલન કરનારો હોય, પણ જ્યાંસૂધી શમદમાદિકના સેવનમાં ઉત્સાહી બન્યો નથી, પૂર્ણ વૈરાગ્યને પામ્યો નથી-તેની વાસનાનો લય થયો નથી-બ્રહ્મને જાણી બ્રહ્મૈવ બન્યો નથી-ત્યાંસૂધી તે જીવની મારા જેવી જ ગતિ જાણવી. જગતનો સ્નેહ મિથ્યા, નાશવંત, સ્વાર્થપરાયણતામય છે. તે અન્યોન્યના સ્વાર્થને માટે જ છે. પુત્રપર પિતાને પ્રેમ છે, તેથી પુત્ર પ્રિય લાગતો નથી, પરંતુ વૃદ્ધાવસ્થામાં પિતા માતાની તે રક્ષા-પોષણ-પાલન કરશે, એવી માયાજાળથી જ પિતાને પુત્ર પ્રિય લાગે છે; પિતાની સંપત્તિ ભોગવવા માટે પુત્રને પિતા પ્રિય લાગે છે; પતિની શૈયાનું સેવન કરે છે, તેથી પત્ની પતિને પ્રિય લાગે છે; પત્નીને પતિ અનેક પ્રકારે રંજન કરે છે, તેથી પતિ પ્રિય લાગે છે. આ જગતની ઘટના જ એવી છે. કોઈ કોઇને અર્થે પ્રિય લાગતું નથી; પણ પોતપોતાને અર્થે જ સૌ પ્રિય લાગે છે. સૌ સ્વાર્થનાં સગાં છે; અને આશા તૃષ્ણાથી ઘેરાઈ, મોહજાળમાં લપટાઈ, ઉભા ને આડા પછડાયા કરે છે. મોહજાળની આશા એવી સ્થિતિમાં

પુરુષને પલોટે છે કે, તેણે ઉત્પન્ન કરેલી આશામાંથી આ વિશ્વ મુક્ત થઈ શકતું નથી. પણ એ આશા મિથ્યા છે, ઝાંઝવાનું જળ છે. જગતની આશાથી મુક્ત હોય તે જ મુક્ત છે. બાકી કોઈ કોઇનું નથી. માબાપ, ભાઈ, ભાંડુ, સ્ત્રી, પુત્ર, પૈસો, કીર્તિ, કંઈ જ સત્ય નથી; સત્ય માત્ર 'શ્રીહરિ' એ ત્રણ વર્ણ જ છે.

આ સંસાર કેવો દુઃખદાયી છે તેનું જ્ઞાન, હે પિતાજી! તમે પ્રાપ્ત કરો. એમાંની આશા–તૃષ્ણા–ભોગ–વાસના ત્યજી દ્યો. તે ત્યાજ્ય જ્ઞાનથી જ આ સંસાર તરી જવાશે, અન્ય ઉપાયથી તરાવાનું નથી. જ્યાં સૂધી આ મનુષ્ય દેહ છે, ત્યાં સૂધીમાં તમે એ જ્ઞાન પ્રાપ્ત કરી લ્યો. સંસારનાં કલ્પિત સુખો પણ કષ્ટદાયી થઈ પડે છે, તો સંસારનાં સત્ય સુખ તો અતિ કષ્ટદાયી જ હોય, એમાં શંકા જ કરશો નહિ. એ ઉપર એક પુરાતન કથા કહું છું.

### કલ્પિત પુત્રો

કોઈ એક મોટા નગરમાં ધનપાળ નામનો એક શ્રીમાન્ ગૃહસ્થ રહેતો હતો. સાધુ સંત અને બ્રાહ્મણોનો તે સેવક હતો, શ્રી ભગવાનનો પૂજક હતો, ભક્ત હતો ને વ્યવહારિયો પણ હતો. દેવાલયો બંધાવવાં, સ્નાન ઘાટો રચાવવા, સદાવ્રતો આપવાં, પરબો મંડાવવી, તેમાં તેને પ્રીતિ હતી. તેમ જ યાત્રા પોખાત્રા જવાની પણ તેને હમેશાં ઇચ્છા થયા કરતી હતી. પણ તેનો ઉદ્યોગ બહુ મોટો હતો. ઘરમાં દ્રવ્ય અનરગળ હતું, તે છોડીને યાત્રા જવાની તેને ઇચ્છા પૂર્ણ થતી નહિ. એક સમયે કોઈ સન્તપુરુષના ઉપદેશથી યાત્રા જવાનો તેણે નિશ્ચય કીધો. ધંધા રોજગારની સુપ્રત મહેતા મુત્સદ્દીઓને કરી દીધી; પણ દ્રવ્ય કોને સોંપવું, તે માટે તે મોટા વિચારમાં પડી ગયો. તેના ઘરમાં એક ચૌદ પંદર વર્ષની કુંવારી કન્યા હતી, તે પિતાની મુંઝવણ જાણી બોલી; "હે પિતાજી! આ દ્રવ્યનું હું સંરક્ષણ કરીશ, તમે સુખેથી યાત્રા કરી આવો. આપણા મહેતા મુત્સદ્દી મારી રક્ષા કરશે ને હું દ્રવ્યની રક્ષા કરીશ." તે ગૃહસ્થનો જવાનો નિશ્ચય થઈ ગયો હતો, એટલે આ યોજનાને પસંદ કરી, પુત્રીને મહેતા મુત્સદ્દીને સોંપીને તે જાત્રાએ વિદાય થયો. હે પિતાજી! યાત્રા કરવામાં પણ મોટો ફેર છે. યાત્રા જવું, સંતસેવન કરવું, શાસ્ત્રશ્રવણ કરવું, પરબ્રહ્મની કીધેલી આ લોકની લીલાની પ્રતિકૃતિમાં લીન થવું, નિત્ય ધ્યાન ધરવું, એનો મૂળ ઉદ્દેશ એટલો જ

છે કે, આ પવિત્ર પદાર્થોના સેવન–સ્મરણુના લક્ષમાં જ અવસાન થાય, તો તે જીવની ઉત્તમ ગતિ થાય; અને ઉત્તરોત્તર ઉત્તમ ગતિ થતાં, કોઈ કાળે પરમપદની પ્રાપ્તિ થઈ જાય. યાત્રા એ તો એક નામ માત્ર છે, પણ ત્યાં જવાથી તે સ્થળોમાં વસતા મહાત્મા પુરુષોનાં દર્શન થાય છે; તેમની પાસે રહેવાથી અનેક જ્ઞાનની વાતોનું શ્રવણ કરવામાં આવે છે અને તેમ થતાં થતાં, આત્માનું શોધન કરવાની જિજ્ઞાસા પ્રાપ્ત થાય છે. જિજ્ઞાસાને અંતે, પરમાત્માને જાણી, જીવ શિવનો ભેદ-ભાવ ટળી જાય છે, અભેદને ઓળખે છે અને તેમાં જ તે પોતે લવ-લીન થતાં, સાયુજ્યતાને પામે છે. એ જ યાત્રાનો સત્ય ઉદ્દેશ છે. અનેક મહાત્માઓ તીર્થાટન કરતા કરતા જ, પૂર્વના મહાત્માઓના સમાગમમાં આવીને આત્મનિષ્ઠ થઈ ગયા છે; અનેક ભક્તજનો સંત પુરુષોના સમાગમથી જ ભગવદ્રૂપને પામી ગયા છે.

પણ હે પિતાજી! આ જગતના સર્વ જીવો એવા સંસ્કારી કે અધિકારી હોતા નથી, કે જેઓ ક્ષણભરના સમાગમમાં પોતાના આત્માનું સ્વરૂપ જાણી લે. તેઓ તો અનેક પ્રકારના કુતર્ક કરનારા હોય છે. અધિકારી અને સંસ્કારી જીવ, જે દૃષ્ટિએ સંત મહાત્માઓને, પ્રભુલીલાને અને યાત્રા સ્થળોને નિહાળે છે, તે દૃષ્ટિ કુતર્કવાદીઓની નથી. કમળાના રોગથી રોગિષ્ઠ થયેલો મનુષ્ય આખા જગતને પીળું જ જુવે છે; દિવસનું અંધ ઘુવડ દિવસ નથી એમ જ માને છે; તેમ જ કુતર્કવાદી મનુષ્ય પણ તીર્થાટનને અને સંતસમાગમને નિરર્થક માને છે. એ ઉપર એક દૃષ્ટાંત કહું, તે સાંભળો.

## પરમાત્મા સર્વવ્યાપક છે

તુંગભદ્રા નદીના તટપર આવેલા હરિહર નગરમાં કોઈ એક બે મિત્રો વસતા હતા. તેમાંનો એક પૂર્વ જન્મનો સંસ્કારી, બુદ્ધિમાન્, પરમાત્માના સ્વરૂપનું અહોકાળ સેવન કરનારો ને પરમાત્માની લીલા-પર વારી જનારો હતો. બીજો પરમાત્મા બરમાત્મા કોઈને પણ ઓળ-ખતો ન હતો; માત્ર બુદ્ધિવિલાસી અને કુતર્કવાદી હતો. તેના મનથી પરમાત્માની વિભૂતિ–મૂર્તિ આદિ સર્વ પાષાણ, સન્તાદિ મહાત્મા તે ઠગના શિરોમણિ, તીર્થાટન તે મનના ભામાં ને વેવલાં હતું. તે તો જગતની મોહજાળમાં વિંટાયલો હતો. સંસ્કારી મિત્ર પેલા અસંસ્કારીની આ પ્રવૃત્તિ જાણતો હતો, પણ તે તેના દેહ તથા આત્માની શુદ્ધિ માટે

સદા આતુર રહેતો હતો. સાધુ પુરુષોનું જીવિત અનેકના કલ્યાણ માટે જ છે. તે 'સ્વ'નો ત્યાગ કરી, 'પર'ના હિતમાંજ પ્રેરાયલો રહે છે. એક દિવસ ભક્તે પોતાના મિત્રને કહ્યું; "ભાઈ! તું જો સાથે આવે તો ચાલ, આપણે તીર્થાટન કરવા જઇએ. તીર્થાટનમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ પરમ પવિત્ર ગોકુળ વૃંદાવનની દૈવી ભૂમિપર ને શ્રીરામે મોક્ષપુરી અયોધ્યાની ભૂમિપર જે અનેક લીલાઓ કરી છે, તે સ્થળોની લીલાઓ જોઇશું, પતિતપાવિની ગંગા યમુનામાં સ્નાન કરીશું, રમણ રેતીમાં લોટીશું ને આપણા દેહનું ને સાથે આત્માનું સાર્થક કરીશું." અસંસ્કારી મિત્રે કહ્યું, "અરે ઓ ઓલિયા ભાઈ! તું ઓલિયો તે ઓલિયો જ રહ્યો! ગોકુળ, મથુરા અને વૃન્દાવનમાં તે વળી શું બળ્યું છે; અને રામભૂમિમાંએ શું જોવાનું છે? જેવી આ ભૂમિ તેવી તે; અહીં પણ માટી ને પત્થરા ને ત્યાં પણ તેના તેજ! જોગટા, આળસુ, હરામનું ખાનારાનાં ઝુંડ, એ જ તારા સંત ને જોગીદાસો કે કાંઈ બીજું? મનુષ્યનાં ઘડેલાં પથ્થરનાં પુતળાં, તે જ તારા રામ ને કૃષ્ણ કે કંઈ બીજું છે? પરંતુ તારી ઇચ્છા છે તો ચાલ, મુસાફરી તો કરીશું; બાકી પથરા ને પહાણકા તો ઘણા જોયા છે, તે મારે જોવા નથી. તું તારે જોયા કરજે. પણ દેશાંતરના મોટા મોટા શેઠિયાઓની મુલાકાત કરીશું—એ જ મારે મન યાત્રા ને પોખાત્રા!" ભક્ત મિત્રે તો પરમાત્માની લીલાનું અવલોકન કરવાની ઇચ્છાથી યાત્રાએ જવાનું ઠરાવ્યું. વ્યવહાર કુશળે દેશ પરદેશ જોવાની ને અનેક નામધારી માણસોના સમાગમ કરવાની ઇચ્છાથી યાત્રાએ જવાનું ઠરાવ્યું. એક પરમાત્માની લીલા નિરખવામાં મસ્તાન છે, બીજો મનુષ્યની લીલા જોવામાં ગુલતાન છે. બન્નેની દૃષ્ટિ નિરાળી છે. ઉભયના નિરખવામાં પણ નિરાળું જ છે. એક આત્મકલ્યાણ માટે તીર્થાટન કરવા નિકળ્યો છે, બીજો દૃષ્ટિકલ્યાણ માટે પ્રવાસે જાય છે. બંનેના અધિકારો નિરાળા છે. દૈવીભૂમિમાં બંને નિરાળું જ જુવે છે. દૈવીસંપન્ન ને આસુરીસંપન્નમાં આવી ભિન્નતા છે. આસુરીસંપન્ન કચ્છાવતારમાં કાચબો ને મત્સ્યાવતારમાં માછલું જુએ છે; દૈવીસંપન્ન સર્વત્ર બ્રહ્મનાં દર્શન કરે છે. જેનું હૃદય-મન-ચિત્ત-બુદ્ધિ વિશુદ્ધ છે, તેને સર્વત્ર-જગત્ માત્ર બ્રહ્મની લીલાથી સજાયેલ દૃષ્ટે પડે છે; જે વ્યાવહારિક-પ્રપંચકુશળ છે, તે પરોક્ષ કે અપરોક્ષ બ્રહ્મજ્ઞની સમીપમાં જશે તો પણ અંધકાર વ્યાપશે.

થોડે દિવસે બન્ને મિત્રો વૃન્દાવનની દૈવી ભૂમિમાં આવી પહોંચ્યા.

ભક્ત મિત્ર ત્યાંની અલૌકિક લીલા જોઈને પ્રસન્ન થયો. 'आत्मवत् सर्वभूतेषु'ની માફક સ્થળે સ્થળે પરમ પ્રભુને રમણ કરતા જોવા લાગ્યો, તેની લીલાનાં અપરોક્ષ દર્શન તેને થવા લાગ્યાં. ગોપ, ગ્વાલ બાલસંગે પરમ બ્રહ્મને રમણ કરતા નિરખવા લાગ્યો. તેનો આત્મા પ્રસન્ન પ્રસન્ન થઈ ગયો; વૃક્ષ ને તેના પત્રોમાં પરમાત્મા ને તેની વિભૂતિ ને નૂતન નૂતન લીલા વિના અન્યનાં દર્શન જ તેને થયાં નહિ. તેને આનંદી, સંતોષી, લીલા નિરખવામાં એક તાર જોઈ, અસંસ્કારી મિત્ર બોલ્યો; "અલ્યા ભાઈ, તારી આ જ જાત્રા ને પોખાત્રા કે? અહિં છે શું કે તું ગાંડો ઘેલો બની નાચવા કુદવા મંડી પડ્યો છે? 'જ્યાં દેખું ત્યાં પાણી પથરા, ને લોક કહે હમ કરતે જત્રા,' એ જ! શી મૂર્ખતા! આ તારી યાત્રા હોય તો પહોંચી! એક સંત મહાત્મા કહી ગયા છે, તે તને યાદ નથી, તેથી જ તું ઘેલાં કાઢ્યા કરે છે. 'પથ્થર પૂજે હર મીલે, તો મેં પૂજું સારા પહાડ; સબસે બચારી ચક્કી ભલી કે, પીસખાવે સંસાર;' તેમ જ આવા પથ્થરનાં પુતળાં પૂજવાથી, જળમાં માછલાંની માફક ડબકાં મારવાથી, પહાડ ને ઝાડને પગે લાગવાથી, જો કલ્યાણ થતું હોત તો સર્વે કયારનાએ સ્વર્ગમાં જઈ ચઢ્યા હોત. અલ્યા ઘેલા! સ્વર્ગ બર્ગ કંઈ નથી, હું ને તું બે જ! બાકી બધાં વેવલાં! 'સ્વર્ગમાં નથી સાવરણી ને સુતીયું;' એ તને ખબર નથી, તેથી જ તું ભોળા પેરે ભટકાયા કરે છે. સ્વર્ગ તો મટામટ છે, તેથી તારું ગાંડાપણું કહાડી નાંખ ને જરાક ડાહ્યો થા."

બાળકુંવરે કહ્યું; "રાજાજી! જોયું! જે સ્થળમાં વિચરતાં જ અનેકનાં મન શીતળ સુવાસિત આનંદી થાય છે, ત્યાં આ જડને પથ્થર, પહાડ, ઝાડ ને પાણીનાં બાઓચિયાં જ જણાય છે. કોઇક સંતે કહ્યું છે કે,

तुलसी तैरहसै वरष, यद्यपि लगी समाधि;
तदपि भांडकी नव गइ, दुष्ट वासना व्याधि;

તેવી જ આ જડ યાત્રાળુની મનોવૃત્તિ હતી; અને મહારાજ! આ જગતમાં પણ એવાના ભંડાર ભરેલા છે.

પછી ભક્ત મિત્રે કહ્યું; "અરે ઓ નાસ્તિક અને કુતર્કવાદી! તારા હૃદયમાં પરમાત્માની પરમ લીલાનું જ્ઞાન કદી પણ થશે નહિ. જ્યાંસૂધી તું પવિત્ર બની દૃષ્ટિ નહિ કરે, ત્યાંસૂધી આ પરમાત્માની સૌંદર્યલીલાનું દર્શન તને નહિ જ થાય. જે જીવનું હૃદય કોમળ છે, સંસ્કારી

છે, પરમશ્રદ્ધાળુ છે, શુદ્ધ પ્રેમી છે, પરમાત્માની લીલાનો ભાવ સમજી શકે છે, તેને જ પરમાત્મા પોતાની અદ્‌ભુત લીલાનું દર્શન કરાવે છે. બીજાથી તો તે લાખો કોશ વેગળો જ છે! તેનાં સ્વપ્નમાં પણ તેને દુર્લભ છે, તો દર્શન તો હોય જ ક્યાંથી? નિર્મળ દૃષ્ટિ કરી જોનાર તો જોય છે કે—

> "જાઈ જુઈ મેં કનૈયા બસે, ગુલ ક્યારી મેં રાધા પ્યારી બસે.
> "ચંપા મેં ચતુર્ભુજ, બીલા મેં બીહારી; કેવડા મેં ગિરિવર ધારી બસે;
> ગુલ ક્યારી મેં રાધા પ્યારી બસે.

"અહોહો! શી પરમ પ્રભુની લીલા વિસ્તરી રહી છે. આ પત્રે પત્રે પરમાત્મા બિરાજી રહ્યો છે; વૃક્ષે વૃક્ષે વિશ્વવિહારી વસેલો છે; જુઈમાં જનાર્દન બિરાજે છે; મોગરામાં મધુસૂદન બહેકી રહ્યો છે! આહાહા! જ્યાં જોઉં છું ત્યાં મારો વહાલો કનૈયો રમી રહ્યો છે. આ રમણરેતીમાં ગોપ ગોપાળ સંગે કેવી લીલા ખેલી રહ્યો છે. એ પરમાત્મા વિશ્વપતિને હું પ્રણામ કરું છું. અલ્યા મૂઢ! તારી અસંસ્કારી બુદ્ધિ સમીપમાંથી એ સર્વ લીલા દૂર જ છે. જેઓ અસંસ્કારી જીવન ગાળે છે, આસુરીસંપતના ઉપાસક છે, સત્‌ને જાણવાની જિજ્ઞાસા ધરતા નથી, તેઓથી આ પરમ લીલાનું રહસ્ય સમજી શકાય તેમ નથી; તેણે તો જન્મમરણના કષ્ટમાં, તેના અધ્યાસદ્વારા દુઃખની પરંપરા જ ભોગવવાની છે. જે અનન્યતાને પામે છે, તે જ આ લીલાનું દર્શન કરવાને ભાગ્યશાળી નિવડે છે. પરમ લીલાનાં દર્શનમાં, જેનો જેટલો વેગ, તેને તેવો ને તેટલો સાક્ષાત્કાર છે. તું મંદમતિ છે, તેથી તને એ સાક્ષાત્કાર નહિ થાય! સુરગણ કે મહર્ષિ કોઈ તેના પ્રભાવને જાણતા નથી, તો તું અલ્પ–આસુરીસંપતનો ઉપાસક કેમ જાણે? કેમ સાક્ષાત્કાર કરવાને ભાગ્યશાળી થાય? પ્રેમી જ તેને જોય છે, જાણે છે. પણ એ પ્રેમનો પંથ જ ન્યારો છે.

> **चाढिकर मैन तुरंगपर, चलिबो पावक माहि;**
> **प्रेम पंथ ऐसौ कठिन, सबकोउ न्यालत नाहि.**

"રે મૂઢમતિ મિત્ર! જો તારે ઉપાધિ–દુઃખના રગડાથી અચ્છતા સુરક્ષિત રહેવું હોય, આત્મકલ્યાણ કરવું હોય, પરમ પુરુષના સાક્ષાત્કારના અધિકારી બનવું હોય, તો તારા હૃદયમાંથી કુતર્ક કહાડી નાંખી, વિશુદ્ધિને પ્રાપ્ત કર; તારું હૃદય પ્રેમથી ભરપૂર કર; પ્રેમી બની

જા—અનન્ય પ્રેમી થઈ જા; પછી તને પણ મારી પેઠે સાક્ષાત્કાર તાત્કાલ થશે. નિર્મળ—માયા ઉપાધિરહિત પરમપ્રેમજ સર્વ સુખનું કારણ છે."

સ્મશાનના બાળકુમારે પોતાના પૂર્વ જન્મના પિતા જનકને ઉદ્દેશી કહ્યું, "હે તાત! તીર્થાટનમાં, સંતસમાગમમાં, પરમપુરુષના ઉપાસનમાં, જેની જેવી દૃષ્ટિ, તેવું તે જુવે છે; જેનો જેટલો મનોવેગ, તે પ્રમાણે તે સત્વર સામીપ્યતા પ્રાપ્ત કરે છે. તીર્થાટનનો મહિમા મોટો છે. પ્રેમનો કીડોજ તે જાણે છે. જે જાણે છે તેજ જાણે છે; જેણે જાણ્યું છે તેણે જણાવ્યું નથી. પણ જે અજાણ છે, તેજ બહુ બકવાદ કરે છે.

હે પિતાજી! જ્યારે તે ધનપાળ ગૃહસ્થ જાત્રાએ ગયો, ત્યારે તેની પુત્રી ને મહેતા મુત્સદ્દી તેના વેપાર ધંધાની અને ધનની સારી સાવચેતીથી સંભાળ કરવા લાગ્યાં. કન્યાને ઘરમાં એકલી ને આશ્રય વગરની ધારી, ચોકીદારોના મનમાં તેનું ધન લુંટી લેવાની પ્રબળ ઇચ્છા થઈ. તેઓએ કેટલાએક લુચ્ચાઓ સાથે સંકેત કરીને, એક રાત્રિના તે કન્યાને મારીને ધન લુંટી જવાનો નિશ્ચય કર્યો. ચોકીવાળાઓની સહાયતાથી, ત્રણ ચોર ધનપાળ શેઠના ઘરમાં દાખલ થયા. ધનપાળની કન્યા, જે ઓરડામાં ધન હતું ત્યાંજ નિત્ય સુતી હતી: તે સદા જાગ્રત હતી; જરા પણ પગસંચાર થતો કે તે બેઠી થઈ જતી. ચોરોએ તેના ઓરડા નજીક જઇને બારણાં હલાવ્યાં, પણ અંદરથી સાંકળ દીધી હતી, તેથી તે ઉઘાડી શકયા નહિ. દ્વાર હાલવાથી કન્યાને સંશય આવ્યો. તે વણિક યાત્રાએ ગયા પછી, કોઈ પણ સમે રાત્રિના બારણાં ખખડ્યાં ન હતાં; તેથી કોણ છે તે જાણવાને તેણે કાન માંડ્યા. કોઇનો હાલવાચાલવાનો ધ્વનિ સંભળાયો. પછી તે વિચાર કરવા લાગી કે; "મારા પિતાને ગયાને આજે છ મહિના થઈ ગયા, છતાં આ બારણું હાલ્યું નથી, કોઇનો પગસંચાર પણ થયો નથી; માન ન માન આજે કોઈ લુચ્ચાઓ આવેલા હોવા જોઇએ. જો હું સાવધ રહીશ નહિ તો મને મારીને ઘણે કષ્ટે મેળવેલું મારા પિતાનું ધન તે ચોટ્ટાઓ લુંટી જશે."

આવો વિચાર કરીને તેણે પોતાના મનમાં એક વાત ગોઠવી દીધી. પછી તે મોટો ઘાંટો પાડીને બોલી; "ઓ મા, ઓ મા! તું જાગે છે કે?" જાણે તેની મા ઉત્તર આપતી હોય, તેમ પ્રત્યુત્તર આપતાં તે પોતે જ બોલી; "હા બહેન, જાગું છું; શું કહે છે?" તે કન્યા બોલી; 'મા! તું હવે મારો વિવાહ કર. તું વિવાહ કરશે, એટલે હું પરણીને

સાસરે જઈશ; ત્યાં જઈને હું મારા પતિની બહુ સારી રીતે સેવા કરીશ; જ્યારે મારા પતિથી મને પ્રથમ પુત્ર થશે ત્યારે તેનું નામ જાગો પાડીશ; બીજા પુત્રનું નામ લોકો પાડીશ ને ત્રીજા પુત્રનું નામ ચોર પાડીશ. પછી મા! એ બાળકો જ્યારે બહાર રમવા જશે, ત્યારે તેઓને હું આ રીતે નામ દઈને બોલાવીશઃ તેથી લોકો બહુ આશ્ચર્ય પામશે ને મને હસશે પણ ખરા.” એમ બોલતી તે કન્યા એકદમ પથારીમાંથી ઉભી થઈ ગઈ. બીજી બાજુની બારી ઉઘાડીને અગાસીમાં ગઈ અને મોટે ઘાંટે બૂમ પાડવા માંડી કે; “ઓ લોકો, જાગો, ચોર! વહેલા આવો!” આ પ્રમાણે બે ચાર વાર બૂમ પાડવાથી, આડોશીપાડોશી જાગી ઉઠ્યા ને વહેલા વહેલા તે ઘર આગળ દોડી આવ્યા. બીજા માળપર ચોરી કરવાને ગયેલા ચોરો તો એમ જ સમજ્યા કે, આ કન્યા ઉંઘમાં બકે છે–તેને લવારો કરવાની ટેવ હશે, તેથી આવું ગાંડું ગાંડું બકતી હશે; પણ ક્ષણ પછી ઉંઘી જશે, એટલે એને મારી ધન લઈ જઇશું. આવો વિચાર કરી તે ચોરો ગુપચુપ બહારની બાજુએ નિર્ભયતાથી ઉભા જ રહ્યા. ધનપાળના ઘરની ચોકી કરતા ચોકીદારોએ, લોકોને ઘરમાં જતાં અટકાવવાનો ઘણો પ્રયત્ન કર્યો; પણ ધનપાળની દીકરીની બૂમથી લોકોએ જાણ્યું કે, કન્યાપર કંઈ મોટી આફ્ત આવી પડી છે, તેથી તેઓએ ચોકીદારોને મારમારી દૂર કીધા ને માળપર જઈ ચોરોને પકડી લીધા.

બીજે દિવસે આ ત્રણ ચોરોને ન્યાયદરબારમાં ઉભા કરવામાં આવ્યા. રાજા સમક્ષ સર્વ વૃત્તાંત સાંભળીને, ન્યાયાધીશે તે ચોરોને ભારે સજા કીધી. એ સજા સાંભળીને બે ચોરો તો પોકેપોક મૂકીને રડવા લાગ્યા, પણ ત્રીજો ચોર, ન્યાયસભાને આશ્ચર્યમાં ગરકાવ કરતો ખડખડાટ હસી પડ્યો. આ ચોર કોઈ કોઈ સમયે સંતસમાગમ કરતો હતો. એક દિવસે કથામાં એવો પ્રસંગ આવ્યો હતો કે, ‘આ લોકના જીવ, જે માયાજાળમાં બંધન પામેલા છે, તેઓને સ્વપ્નમાં જેવાં કલ્પિત સ્રી પુત્રાદિક અનેક પ્રકારે દુઃખ ઉપજાવે છે, તો સત્ય પદાર્થો–સ્રી, પુત્ર, પિતામાતા, ધન. ધામ, ઐશ્વર્ય, કીર્તિ કેટલો કલેશ કરાવે, તેનો જગતની માયામાં સપડાયલા જીવે વિચાર કરી, સર્વ માયાને દાબી દઈ, વાસનાબંધનથી મુક્ત થવા, સર્વનો ત્યાગ કરવો જોઇએ. કલેશમાંથી મુક્ત થવા માટે જીવે સદા સત્સંગ કરવો અને સત્સંગથી બુદ્ધિ

નિર્મળ થાય છે, નિર્મળ બુદ્ધિ થવાથી જ્ઞાનની ચટકી લાગે છે, સચોટ જ્ઞાનની જડ બેસવા પછી વૈરાગ્ય વ્યાપે છે, વૈરાગ્યવાનને જગતની આસક્તિ છૂટી જાય છે ને વાસના મૃતપ્રાય થાય છે. વાસનાનો લય થવાથી મુક્તિ પમાય છે.' ન્યાયાસન સમીપ ઉભેલા ત્રીજા ચોરને આ જ ક્ષણે તે સંત પુરુષનું ઉક્ત વાક્ય સ્મરણમાં આવ્યું, તેથી તે ખડખડાટ હસી પડ્યો. એ જોઈ ન્યાયાધીશે પૂછ્યું; "ઓ અપરાધી! જ્યારે આ બે ચોરો, જે સખ્ત શિક્ષા કરવામાં આવી છે તે માટે રડે છે, ત્યારે તું હસે છે તેનું શું કારણ?" ત્રીજા ચોરે ધનપાળની કન્યાએ જે યુક્તિ રચી હતી, તેનો ઇત્થંભૂત વૃત્તાંત ન્યાયાધીશને કહી સંભળાવ્યો. પછી કહ્યું; "હે મહારાજ! આજે મને પૂર્ણ જ્ઞાન થયું! આ સંસારના ક્ષુલ્લક જીવો, જે મોહાંધકારમાં દોડાદોડી કરી રહ્યા છે, ને નિત્ય નિત્ય સ્ત્રી, પુત્ર, ધન, ધામ ને કીર્તિ માટે હાય અફસોસ કરી રહ્યા છે ને જગતમાં વળી ડાહ્યા મનાય છે, પણ તેઓ ખરેખરા મૂર્ખ જ છે. જુઓ, આ ધનપાળની પુત્રીના કલ્પિત પુત્રોએ આજે અમને કારાગૃહના વાસી બનાવ્યા છે, તો સત્ય પુત્રો પોતાનાં માતપિતા અને બીજાને કેટલા ક્લેશનું કારણ થઈ પડતા હશે, તે દુઃખોનો વિચાર કરતાં જ, મને ખડખડાટ હસવું આવ્યું છે. હે ન્યાયના નેતા! કલ્પિત પુત્રો કેદખાને મોકલે તો પછી સત્ય પુત્રો નરકમાં મોકલે, એમાં શું તમને સંદેહ છે? હું પંડે અપુત્ર છું, એ મારું અહોભાગ્ય સમજું છું. ધનપાળની પુત્રીના કલ્પિત પુત્રોએ, આજે મને સખ્ત મજુરીની શિક્ષાનો અનુભવ કરાવ્યો છે, ત્યારે તેણે ખરા પુત્રો હોત તો મારી શી દશા થાત? ખરેખર, આ જગતમાં ધન સ્ત્રી પુત્રાદિક પદાર્થો જીવને મહાન્ કષ્ટ આપનારાં જ છે. તેની માયામાં, તેના સુખદુઃખમાં, જે જીવો આસક્ત રહ્યા છે, તેઓ હાથે કરીને કષ્ટને વહોરનારા મૂઢ મતિ જ છે."

તે ચોરનું આ અર્થવાળું બોલવું સાંભળીને ન્યાયાધીશ ચકિત થઈ ગયો. ન્યાયાનુસાર ચોરને શિક્ષા તો કરવામાં આવી, પણ શિક્ષાને અંતે તે ચોર, કોઈ સદ્ગુરુના પવિત્ર પદપંકજનું સેવન કરી, જ્ઞાનસંપન્ન બની, વૈરાગ્ય ધારણ કરીને લોકોમાં પૂજ્ય ગણાયો અને કેટલેક જન્મે પોતાના અસત્કર્મના ભોગો ભોગવીને, સત્કર્મથી તેજસ્વી કાંચન સમાન બની, પરમ ધામમાં ગયો."

આ દૃષ્ટાંત આપીને બાળકુમારે રાજા જનકને કહ્યું; "સ્ત્રી, પુત્ર,

રાજપાટ, ધન, કીર્તિ એ બધામાંથી તમારી વાસનાને કાઢી નાંખો. આ લોકમાં જીવોને વાસના, એ જ અનર્થનું મૂળ છે. પરમાત્માની પ્રાપ્તિ થવામાં જગતની વાસના જ બાધકર્ત્તા છે. આ નરદેહ કંઈ થોડાં સત્કર્મનું ફળ નથી, એ વારે વારે આવતો નથી, ગાંધર્વાદિ મહત્ લોક પણ એની અપેક્ષા કરે છે, કેમકે દેવોને પણ 'क्षीणे पुण्ये मृत्युलोके पतंति। 'પુણ્ય ક્ષીણ થતાં દેવોને પણ મૃત્યુલોકમાં પડવાનું છે,' તે લોકમાં જવાથી જન્મ મૃત્યુનો સદૈવનો ત્યાગ થતો નથી; જન્મ મૃત્યુનો ફેરો તો મનુષ્યા દેહથી જ મટે છે. મહારાજ!

આ નર કાયા સોનેકી, બાર બાર નહી આનેકી.
આયા જબ કયા લાયા હૈ, અપને કિસમત પાયા હૈ.
એક દિન જાવે લાખોકા, અલક પલકમેં કયા હોતા.*

માટે અલક ને પલક પણ મિથ્યા ન ગુમાવતાં, સત્માં જ મચ્યા રહો. સત્ જ સત્ છે, સત્ જ નિત્ય છે, સત્ જ મુક્તિદાતા છે. એ સત્ની પ્રાપ્તિ અસત્માં લીન રહેવાથી થશે નહિ. સત્થી જ સત્ પ્રાપ્ત થાય છે; હીરાથી જ હીરો વિંધાય છે; સ્વર્ણથી કે બીજાથી વિંધાતો નથી.

### મનુષ્યદેહ એ ગેહ છે

આ મનુષ્યદેહ પરમાત્માએ બાંધેલું એક નૂતન ઘર છે. ઘરમાં જેમ અનેક બારીઓ હોય છે, તેમ આ દેહગેહમાં નવ બારીઓ છેઃ–બે નેત્ર, બે નાસિકા, બે કર્ણ, મુખ, ગુદા અને ઉપસ્થ ઇન્દ્રિય. ઘરમાં જેમ સ્તંભો છે, તેમ શરીરમાં પણ નળારૂપી સ્તંભો છે; ઘર બાંધવામાં જેમ ઇંટ, ચૂનો ને પથ્થરાઓનો ઉપયોગ થાય છે, તેમ જ દેહરૂપી ઘરમાં રક્ત, માંસ, મેદ, મજ્જારૂપી કોલ, ચૂનો ને ઇંટનો ઉપયોગ કરવામાં આવ્યો છે; ઘરને સુશોભિત કરવા માટે જેમ નીરાનું લીપણ કરવામાં આવે છે, તેમ દેહગેહ ઉપર પણ ચામડીરૂપી લીપણ છે. ઘરની બારીઓદ્વારા ઘરનો કચરો પુંજો સાફ કરીને બહાર ફેંકી દેવામાં આવે છે, તેમ જ દેહગેહની બારીઓદ્વારા મળમૂત્ર, વીર્ય, લીંટ, લાળ, ચીપડા વગેરેને બહાર કાઢી નાંખવામાં આવે છે; ઘરને સુશોભિત કરવામાં અનેક પ્રકારના ચૌરંગો, દીપકો, આરસાઓ, બેઠકો, પુષ્પનાં પાત્રો, પડદાઓ વિગેરે ગોઠવવામાં આવે છે, અને તેથી ઘર અતિ સુંદર દેખાય છે, અને એવા ઘરનો સ્વામી મોટી પ્રતિષ્ઠાવાળો મનાય છે, તેમ જ દેહગેહ

---

* દત્ત દિગંબરકૃત.

શણુગારવામાં, કર્મરૂપી ચૌફગો, ભક્તિરૂપી આરસાઓ ને જ્ઞાનરૂપી દીપકો આવશ્યક છે. આવું સુસજ્જિત મંદિર જેના રાજ્યમાં હોય છે, ને તે નિહાળી, આ લોકનો રાજા પ્રસન્નચિત્ત થાય છે, તેમ પરમાત્મા કે જે જગતના સ્વામી છે, તે ભક્તિજ્ઞાનથી સુસજ્જિત પુરુષપર ઘણા જ પ્રસન્ન થાય છે. લૌકિક ઘરના સ્વામીની રિદ્ધિ સિદ્ધિથી, દ્રવ્યના વ્યયથી, લૌકિક રાજા પ્રસન્ન થઇને પોતાની સમીપ–સભામાં બેસવાનો તેને અધિકારી કરે છે–પાલખી, મ્યાના અને છત્રનું તુષ્ટિદાન આપે છે; તેમ જ ભક્તિ ને જ્ઞાનરૂપી ધન સંપાદન કરેલા ભક્ત કે જ્ઞાનીને, પરમાત્મા પોતાના દરબારમાં બેસવાનો અધિકારી કરે છે.

હે પિતા જનક! તમે મિથિલા નગરીના અધિપતિ છો, અનેક સામંતો તમારા દરબારમાં બિરાજવાને અધિકારી થયા છે, પણ રાજાઓનો રાજા પરમાત્મા, તેના દરબારમાં બિરાજવાને તમે અધિકારી થાઓ. તે માટે દેહગેહ સત્કર્મોથી સ્વચ્છ કરી, જ્યાંથી ફરીને પતન ન થાય તેવે સ્થાને નિત્ય બેસાય, એવી આત્મનિષ્ઠા પ્રાપ્ત કરવાનું જો સાધન કરશો નહિ તો, તમે જન્મ્યા ને ન જન્મ્યા સરખા જ છો! કાગડા પણ જન્મે છે, કુતરાં પણ જન્મે છે, પણ તેનું જન્મ્યું સાર્થક છે, કે જેને પુનર્જન્મ નથી. સંસારી ઐશ્વર્ય ઉપરની મોહિણી જ્યાંસૂધી ચિત્તના ગુહ્યાગારમાં રહેલી છે, ત્યાંસૂધી એ અધિકાર પ્રાપ્ત થતો નથી. એ અધિકાર તો તેને જ પ્રાપ્ત થાય છે કે, જેની સર્વ અહંતા મમતાનો નાશ થઈ ગયો છે; જે અસંગ છે; શાંત છે; નિર્મળ છે; વૈરાગ્યવાન્ છે; નિર્વિકારી છે; જેનું કર્તા ભોક્તાપણું નાશ પામ્યું છે; જે જોનાર, સાંભળનાર અને કરનારાથી નિરાળો જ બન્યો છે; જે દ્રષ્ટાનો પણ દ્રષ્ટા છે; જે શ્રવણ કરનારાનું શ્રવણ કરે છે; જેનાં મન–વાણી–ચિત્ત શુદ્ધ છે; તે જ જીવ એ અધિકારને પ્રાપ્ત થાય છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાને યથાર્થ રીતે પરમત્માસ્વરૂપને જાણવું જોઈએ; જે જાણવાથી આવરણ–મિથ્યા જ્ઞાન અને વિક્ષેપથી થયેલા દુઃખની પણ નિવૃત્તિ થાય છે. આ જ્ઞાન સંપાદન કરવાને બીજે કોઈ પણ ઠેકાણે જવાની જરૂર નથી. એ જ્ઞાન આ દેહથી જ સંપાદન કરી શકાય છે. સત્, ચિત્, આનંદઘનને ઉપાસો; જ્ઞાનપૂર્વક પરમાત્માની ભક્તિ–પ્રેમમાં લીન થાઓ; ભેદનો ત્યાગ કરો; અભેદ જુઓ. અદ્વૈત બનતાં જ **अहं ब्रह्मास्मि** પદ પ્રાપ્ત થાય છે. જો:–

તુઝે હૈ શોક મિલનેકા, તો હરદં લો લગાતા જા;
જલાકર ખુદ્દ નુંમાયીકો, ભસમ તનપર લગાતા જા.
પકડકર ઈશ્કકે ઝાડુ, સફા કર એજરે દિલકો;
દુઈ કી ધૂલ કો લેકર્, મુસલ્લેપર ઉડાતા જા.
મુસલ્લા ફાડ તસબે તોડ્, કિતાબા ડાલ પાણીમેં;
પકડ્ દસ્તમે પરસ્તોકા, ગુલામ ઉનકા કહાતા જા.
ન મર્ ભુખા ન રખ રોજા, ન જા મસ્જિદમે સિજદા કર;
વજૂકા તોડ દે કૂજા, શરાબો શોક પિતા જા.
ન હો મુલ્લા ન હો બંમન, દુઇકો છોડ કર પૂજા;
હુકં હૈ શાહ કલંદરકા, અનલ-હક તૂં કહાતા જા.*

---

* મને જ્યાંથી આ પદ પ્રાપ્ત થયું છે, તે ઉપર પ્રમાણેનું છે; પરંતુ સુફી (વેદાંત) ગ્રન્થના અભ્યાસી એક વિદ્વાને કહ્યું કે, એ પદ સુફી મહાત્મા **મનસૂર**ની કૃતિ છે. મેં જેવું છે તેવું જ કાયમ રહેવા દીધું છે. એ પદ-ગઝલની ઉત્પત્તિની કથા આ પ્રમાણે છે. સુરી **મનસૂર**ની પરમ ધાર્મિક, આત્મશોધનમાં મચેલી **અનલ** નામની પરમ પવિત્ર ભગિની હતી. તે સદા ધર્મગ્રન્થમાંનાં ઈશ્વરવચનનો પાઠ કરતી હતી. તેમાં ઈશ્વરનું એવું વચન આવ્યું કે, 'મને પ્રાપ્ત કરવો હોય તો મારા **બન્દા**નો સંગ કર!' આ વચનથી **અનલ**નાં નેત્ર ખુલી ગયાં; તેણે ધર્મશાસ્ત્ર ને ક્રિયાવિધિનો ત્યાગ કીધો ને ઈશ્વરના 'બંદા' ની શોધની પ્રવૃત્તિમાં પડી, કેટલેક કાળે '**હક**' નામધારી એક સાંઈ તેના નગરમાં જઈ ચઢયો. તેને **અનલ** મળી, ને તેની પાસથી આત્મતત્ત્વ પ્રાપ્ત કરી, સ્વસ્વરૂપ જાણી, **હક**ના સદ્બોધથી '**અનલ-હક**' **અહં** બ્રહ્માસ્મિ નો જાપ જપવા લાગી. આ વૃત્તાંત તે નગરના રાજાની જાણમાં, જેઓ ઈશ્વરના પ્રેમને અપાત્ર હતા તેઓ લાવ્યા. રાજા ક્રોધાયમાન થયો; અને સુફી **મનસૂર**ને કહ્યું કે, તારી બહેનને સમજાવી, એ પાપાચારી **હક**નો સંબંધ છોડાવ, એથી તારા કૂળની પ્રતિષ્ઠાનું સંરક્ષણ થશે; પછી **હક**ને પૂરતું શાસન આપીશ. **મનસૂર** પોતાની ભગિનીને સમજાવવા **હક**ના આશ્રમમાં ગયો; પણ **હક** ઉપદેશથી, ભગિનીને પાછું વાળવાનું ભૂલી, જ્ઞાન સંપાદન થવાથી, તે પણ **અનલહક**નો આદેશ કરવા લાગ્યો. આ **ચમત્કાર** રાજા સમજવે અસમર્થ હતો, ને **મનસૂર**ના બોધથી અનેક પુરુષો **અનલહક**નો જાપ જપવા લાગ્યા, તેથી રાજાએ **મનસૂર**ને ફાંસીની શિક્ષાની આજ્ઞા આપી. જ્યારે **મનસૂર**ને ફાંસી સમીપ લઈ ગયા ત્યારે પણ તે '**અનલહક**'નો જાપ જપતો હતો. એથી ક્રોધાવિષ્ટ થઈ રાજાએ પ્રજાજનને આજ્ઞા કીધી કે, 'એ પાપીને એકેક ખાસડું મારો!' **મનસૂર**ના અંગપર જેમ જેમ ખાસડાં પડતાં ગયાં, તેમ તેમ તે અતિ આનંદ પામવા લાગ્યો; પણ જ્યારે કોઈ સત્પુરુષે, તેનાપર પુષ્પવૃષ્ટિ કીધી, ત્યારે તેના નેત્રમાંથી અશ્રુપ્રવાહ વહેવા માંડ્યો! આ ચમત્કાર જોઈ રાજાએ પૂછયું, 'ખાસડાં પડતાં તું હસ્યો ને પુષ્પવૃષ્ટિ થતાં રડયો, તેનું કારણ કહે.' એ પ્રસંગે **મનસૂર** ઉક્ત વચન બોલ્યો હતો. એનો ભાવાર્થ આ પ્રમાણે છે:-

એ अहं ब्रह्मास्मि ની સ્થિતિ પ્રાપ્ત કરવામાં તેનામાંજ લીન થવાનું છે. એમાં આપવાનું કંઈ નથી, જવાનુંએ કંઈ નથી, પ્રાપ્ત જ કરવાનું છે. એ પ્રાપ્ત કરવામાં (પરમાર્થ, પ્રાપ્ત કરનાર જ બુદ્ધિમાન્ છે; વ્યવહારકુશળ નહિ) બુદ્ધિમાન્ પુરુષાર્થી પુરુષને ઝાઝો શ્રમ પડતો નથી. બુદ્ધિમાન્ તો તેજ છે કે, જે પુનર્જન્મ ન થાય તેવાં કર્મ કરે છે. એ સત્‌નું જ્ઞાન પ્રાપ્ત થયા પછી, પ્રારબ્ધ કર્મે કલ્પેલી વાસનાઓ ભલે ભોગવે અને સંસારીની પેઠે વિચરવાથી પણ તેને બાધ નથી. દેહથી તો તે કેવળ મુક્ત જ. તેવો જ જીવ જીવન્મુક્ત જ છે. તે સંકલ્પ વિકલ્પથી રહિત થઈ, દેહનાં કર્મોનો દ્રષ્ટા-સાક્ષીરૂપ રહી, સંસારમાં વિચરે છે. હે દેવ! જગતની જંજાળોનો તમે પરિત્યાગ કરો, ઉપાધિઓને ભસ્મ કરો, અહંભાવ દૂર કરો, તો તમે પણ તે જ છો. આજથી તમે જીવન્મુક્ત બનો છો. એ જીવન્મુક્ત દૃષ્ટિના દ્રષ્ટાને દેખતો નથી, શ્રવણના શ્રવણ કરનારનું શ્રવણ કરતો નથી, મનના માનનારાનો મનોવ્યાપાર મંદ કરે છે, મનથી જ તે સર્વેશ્વર સર્વાત્મા મહાદેવને જાણે છે-વિજ્ઞાનના જાણનારાને જાણે છે. એ જ જીવન્મુક્ત

---

હે રાજા! જો તને (તે પરમાત્માને) મળવાનો શોખ (ઇશ્ક-પ્રેમ) હોય તો, હરદમ (સદા) તેનામાં લો લગાતો (લવલીન થતો) જા. તુમાથી (અહંત્વમમત્વ) ને ભસ્મ કરી દે અને તારા અંગપર (વિરાગની) રાખ ચોળતો જા.

પરમાત્માનું પ્રેમરૂપી ઝાડુ ગ્રહણ કરી, તારા અંગને (અહંકાર, ઇર્ષા, મોહ, મમતા, મારું, તારું એ રૂપી જે અજ્ઞાનની જડ બેઠેલી છે તેને) સાફ કરી નાંખ, અર્થાત્ મનને ચોખ્ખું કર; દ્વૈતરૂપી જે ધૂળ તારામાં છે તેનો ત્યાગ કર; મુસલ્લો (પ્રાર્થનાનું આસન) (અર્થાત્ કર્મકાંડ કે બ્રાહ્મણે આમ કરવું, ક્ષત્રિયે આમ કરવું, વૈશ્યે આમ, મુસલમાને આમ ને શ્વપચે આમ ધર્મ પાળવો, તે દ્વૈતભાવને) પરો કરી દે. મુસલ્લાને ફાડી નાંખ (કર્મની ખટપટ છોડી દે), તસબ (માળા)ને તોડી નાંખ, કીતાબ (શાસ્ત્રનાં પોથાં)ને પાણીમાં ડૂબાવી દે; કેમકે તે કંઈ પરમપદના અધિકારી બનાવવાનાં યોગ્ય સાધન નથી, પણ સદ્ગુરુનો હાથ પકડ ને તેનો દાસ બની જા.

ઉપવાસ કરી ભૂખે મરવું કે રોજા (વ્રતાદિક) રાખવા, તે વ્યર્થ છે; (તેથી પરમાત્મા મળતો નથી); તેમ મસજીદમાં (દેવળે દેવળે) ભટકી સેજદો (નમન-પ્રાર્થના) કરવાની કંઈ જરૂર નથી; હાથ પગ ધોવા, સ્નાનાદિ બાહ્ય શુદ્ધિનાં કર્મો કરવાનું ક્રિયાનું ઠામ ભાંગી નાંખ; શરાબ (ભક્તિ) શોખથી પી (કર). હું મુલ્લા (બ્રાહ્મણ, આચાર્ય-ગુરુપણાનું ઘમંડ) છે એવો દ્વૈતભાવ ત્યજી દે. શાહ કલંદરની આજ્ઞા છે કે, એ સ્થિતિને પ્રાપ્ત પુરુષ જ 'અનલહક્ક' अहं ब्रह्मास्मि કહેવાનો અધિકારી છે.

રાજા **મનસૂર**નાં આ વચન સાંભળી શાંત પડ્યો ને તેની શિક્ષા માફ કીધી હતી.

છે. એ જ જાણ્યું તે સત્ય, બાકી આળપંપાળ છે. એથી અન્ય સર્વ અસત્ય છે. હે પિતાજી! આ સ્થિતિને પ્રાપ્ત કરશો કે, તમે જીવન્મુક્ત થઈ, પછી વિદેહમુક્ત બનશો અને પરમાત્માનો સાક્ષાત્કાર કરશો. મારો અને તમારો પુત્રપિતાનો સંબંધ, તેને સ્વપ્ન જ સમજજો. હું પુત્ર હોત તો તમારે ત્યાં હોત, તમે પિતા હોત તો આ ખાડમાં મને પધરાવશો નહિ. પણ હું તમારો પુત્ર નથી, તમે મારા પિતા નથી. હું તો અજર, અમર, નિર્વિકારી આત્મા છું. ભવિષ્યમાં મારા પ્રતિ માયા રાખતા નહિ; મારા પ્રેમનો વિચાર, કે મેં જ્ઞાન આપ્યું છે એવો વિચાર કરતા નહિ; માત્ર તત્ત્વનો જ વિચાર કરજો; કેમકે અંતકાળે કદાચિત્ મારું સ્મરણ તમારા પતનનું કારણ થઈ પડે. अंतकाले या मतिः सा गतिर्भवेत् અંતકાળની વાસના-ભાવનાએ ઘણાને ભમાવ્યા છે. જન્મ જન્માંતર સૂધી અનેક કષ્ટો ભોગવી આત્મનિષ્ઠ બન્યા છતાં પણ, અંતકાળે મૃગલીના ધ્યાનથી ભરત મુનિ જેવા મહાત્માને મૃગ યોનીમાં અવતરવું પડ્યું હતું, એ વિચાર મનમાં દૃઢ ઠસાવીને, સર્વ ઉપાધિનો- સર્વ અહંકારનો, સર્વ વાસનાનો, સર્વ વ્યાવહારિક ભાવનાનો-નિત્યને માટે આપ ત્યાગ કરી દેજો. હવે હું વિદાય થઇશ ને મારાં કર્મના ભોગો ભોગવવાને તે નિર્માણકર્તાની ઇચ્છાને અનુસરીશ."

## જીવન્મુક્ત અને વિદેહમુક્ત

રાજા જનકે, અતિત્વરાથી, પોતાના ખોળામાં સુતેલા બાળકુંવરને કહ્યું; "હે પુત્ર! હે પરમ જ્ઞાની! જરા થોભ ને મને કહે કે, જીવન્મુક્ત ને વિદેહમુક્તમાં ભેદ શો છે?"

"મહારાજ! જીવન્મુક્ત બહારથી વ્યાવૃત્ત ને અંતરથી નિવૃત્ત છે; વિદેહમુક્ત અંતર ને બહાર બંનેથી નિવૃત્ત છે. વિદેહમુક્તને ભેદદૃષ્ટિથી ભય વ્યાપે છે ને જગતનું સુખ, દુઃખરૂપ ભાસ્યું તેથી દૂર જ રહે છે. તે દુઃખરૂપ જગતને જાણી, તે પ્રતિ દૃષ્ટિ જ કરતો નથી, માત્ર અંતર્વૃત્તિએ જ રહે છે. જીવન્મુક્ત એમ જ જાણે છે કે, જગત્ ભ્રાન્તિથી વિલક્ષણ ભાસે છે, પણ તે મારું જ સ્વરૂપ છે-હું ને જગત્ કાંઈ જૂદાં નથી-તેથી આંખ મીંચી તોએ શું ને બંધ રાખી તોએ શું? જ્યાં મારું જ સ્વરૂપ છે, ત્યાં ભય શો? તે જ્યાં જોય છે ત્યાં પરમાત્મતત્ત્વ જ જોય છે-સ્વસ્વરૂપ જ જોય છે. તેથી તે જગતની મૌજ લે છે. વાસ્તવમાં તો તેને જે સુખ ભાસે છે, તે પોતાનું જ અનુસ્યૂત સુખ

ભાસે છે, જે માત્ર વિચિત્રતામાં જ ભાસે છે અને પોતાના માનેલા જગતના સુખને, જેમ અખૂટ દોલતવાળો કીડીને અલ્પ ગણે છે તેમ, જીવન્મુક્ત, તે સુખ-મૌજને અલ્પ ગણે છે. તેને એમ થાય છે કે, એ સુખ ભોગવવાથી લાભે શું ને ન ભોગવવાથી હાનિએ શી? એ વિચારથી, જીવન્મુક્ત બાહ્યવૃત્તિના વેગનું આકર્ષણ કરતો નથી, તેમ અંતરના નિશ્ચયને ડગાવતો પણ નથી; અર્થાત્, જીવન્મુક્ત કલ્પિત પ્રારબ્ધ પુરુષાર્થને અધીન, કલ્પિત પરમાણુજન્ય શરીરવર્તી, કલ્પિત સુખ લેવામાં નિઃસ્પૃહ રહે છે—જો કે સ્વસ્વરૂપમાં તો તે અડગ જ છે.

સ્વરૂપથી વિલક્ષણ અને જન્મ મરણની અનંત પ્રતીતિવાળી શંકાઓવડે ભયને પામેલો એવો કોઈ પુરુષ, વૈરાગ્ય પામી, યોગ કે સ્વરૂપાનુસંધાન નિમિત્ત કષ્ટ વેઠી, મન સહિત સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ કરવાની આતુરતાથી આકર્ષાઈ, ઉપસ્થાદિ સર્વ ઇંદ્રિયોને શિથિલ કરી, પછી સ્વરૂપાનુસંધાન સધાયું, તોપણ શિથિલ થયલા અવયવે કરી, કલ્પિત સુખના ભોગ ભોગવવામાં આસક્ત જ રહે છે ને બાહ્યદૃષ્ટિથી પ્રતીત થતું જગત્ તેને કોઇ પણ પ્રકારે આનંદદાયી જણાતું નથી, એટલે તેની જેવી અંતર્વૃત્તિ નિવૃત્ત થઈ છે, તેવી જ બાહ્યવૃત્તિ પણ નિવૃત્ત છે, અથવા કૃત્યાકૃત્ય થઈ જડવત્ વિચરે છે. એ વિદેહમુક્ત સ્વરૂપ છે.

જીવન્મુક્ત અને વિદેહમુક્તમાં ભેદ એટલો જ કે, એક અંતર વૃત્તિએ નિવૃત્ત છે ને બીજો અંતર ને બાહ્ય બંને વૃત્તિએ નિવૃત્ત છે. દૃશ્ય–કલ્પિત જગતની પ્રતીતિ બેઉને સમાન જ છે; તથાપિ સુખ લેવાનાં સાધનો જીવન્મુક્ત પાસે છે અને વિદેહમુક્ત પાસે નથી; વિદેહમુક્તે સાધન ગુમાવી સાધ્ય જ સિદ્ધ કીધું છે; અર્થાત્ દશ ઇંદ્રિય ને અંતઃકરણના સમુદાયવાળા નાશવંત શરીરરૂપ સાધનવડે, સ્વરૂપાનુસંધાન કરવા સમર્થ થવાય છે તે કલ્પિત સાધન, વિદેહમુક્તને નહિ જેવાં છે; અને જીવન્મુક્તનાં તે સાધનો અણછતાં કાયમ રહી, સ્વરૂપાનુસંધાન કરાવે છે; તેથી જ તે કલ્પિત સુખનો અણછતો ભોગ કરે છે. વિદેહમુક્ત હઠ–બળથી ને જીવન્મુક્ત કળથી પરમપદ પ્રાપ્ત કરે છે.

આ વિષય સ્પષ્ટ રીતે તમારા હૃદયમાં ઠસાવવા, હે પિતાજી! તમને એક દૃષ્ટાંત આપીશ. આંધળો ને દેખતો એક સ્થળે બેઠા છે. પાસે થતું સંગીત બંને સાંભળે છે; પણ નેત્રવાળો નેત્રથી જોઈ આનંદ લે

છે; આંધળો તે આનંદ નથી ભોગવતો, પણ અંતર્વૃત્તિએ અનુભવ જ લે છે. સુખ તો બેઉને સમાન છે; પણ આંધળો સંગીત કરનારના મોહકપણાંથી કે પાસે થતી ગડબડથી નિર્ભય છે–તેને ચોરાદિનો ભય નથી, મારનારાઓનો ભય નથી, સૌંદર્યના મોહકપણાંનો ભય નથી, કેમકે તે કંઈ દેખતો નથી, તેથી નિર્ભય છે. પણ દેખતાને સૌંદર્ય, ચોર તથા મારાને જોતાં તુરત ભય થશે; જો કે ભય અણછતો છે, તોપણ અણછતો ભય પણ છે, તે તેને તો થશે જ. એમ જેવો અણછતો આનંદ દેખતાને છે, તેવા અણછતાં ભયનો પણ સાધનવડે સંભવ છે. આંધળાને અણછતાં સુખનો કે આનંદનો સંભવ નથી, તેમ અણછતા ભયનો પણ સંભવ નથી.

આ દેખતો તે જીવન્મુક્ત ને આંધળો તે વિદેહમુક્ત છે. એ પરથી હે રાજા જનક! તમે તાત્પર્ય ગ્રહણ કરી શકશો કે, દેખતા કરતાં આંધળો શ્રેષ્ઠ છે. માટે મેં તમને પ્રથમ જીવન્મુક્તની દશા ભોગવવાનું કહી, પછી વિદેહમુક્ત થવાનું સૂચવ્યું છે; કેમકે જેણે એક વખત પણ જગતના અમુક સુખ–પદાર્થનો અનુભવ નથી કર્યો, ત્યાંસુધી તેને તે પ્રતિ આકર્ષણ થવાનો સંભવ–ભય છે. સ્ત્રી પુત્ર ઐશ્વર્યના ભોગ જો કે વિદેહમુક્ત ન ભોગવે, પણ તેની તેને કદાચ એષણા થઈ આવે, અર્થાત્, મિથ્યા જગતનું મિથ્યા સુખ કેવું હશે, એવી એષણા જ થઈ આવે છે, તો તેને ગબડી પડવાનો પૂરેપૂરો સંભવ છે. તેથી તે સંસારથી દૂર જ રહે છે. જીવન્મુક્તને તેવું કંઈ નથી. તેણે તો મિથ્યા સુખનો અનુભવ કરી, જગતના સર્વ સુખોને, જગત્ માત્રના સકળ પદાર્થોને, દેવતાદિના લોકોને મિથ્યા–નાશવન્ત માન્યા છે, એટલે તેને ભય નથી. તથાપિ સાધનસિદ્ધિમાં તે મોળો પડી જાય છે, તો જન્મ ભોગવવો પડે છે. વિદેહમુક્તની સાધના હઠમય હોવાથી તેને ગબડવાનો ભય જ આવતો નથી તે શ્રેષ્ઠ છે. હે રાજા! તમે પ્રથમ જીવન્મુક્તિ શનૈઃ શનૈઃ પ્રાપ્ત કરો ને વિદેહમુક્તિ હઠથી નહિં, પણ અનુભવથી સહજે પમાય તેમ કરશો તો તમે પરમ છો. જેમ શરદૃઋતુનું આકાશ, વરસાદ વર્ષ્યા પછી કેવળ નિર્મળ થાય છે, તેમ જે પુરુષ જ્ઞાન મૌજ સંગે સુખ ભોગવી નિર્મળ બને છે, તે નિજાનંદમય નિત્ય રહ્યો તો તે નિર્ભય–પરમ–અને વિદેહમુક્ત છે."

## મુક્તિ–મોક્ષનું લક્ષણ

રાજા જનકે, શબરૂપી મહાત્માને પૂછ્યું; "હે મહાત્મન્! તમે પૂર્વજન્મમાં ભલે મારા પુત્ર હો, પણ તમે મહત્‌પદના અધિકારી છો, ન જાણવા યોગ્ય પણ જાણો છો, તેથી મારા મનમાં જે શંકા છે, તેનું સમાધાન કરો. પરમ મોક્ષ કેમ પમાય? મોક્ષનું લક્ષણ શું? મુક્તાત્મા કેઈ ગતિને પામે છે? એ તમે મને કહો!"

શબરૂપ બાળકુંવરે કહ્યું; "હે પિતાજી! હું મહાત્મા નથી, જ્ઞાની નથી, પણ કર્મનાં ફળ ભોગવનારો અલ્પ પ્રાણી છું. મહાત્મા તો આપ છો! પરન્તુ જેમ કાદવમાં લપટાયલું રત્ન, સ્વચ્છ જળથી ધોવાયા વગર તેનો પ્રકાશ પ્રકટ આપતું નથી, તેમ જ તમે પણ ઉપાધિરૂપી કાદવમાં લપટાયલા હોવાથી, તમારું ચિદાનંદ સ્વરૂપ જોઈ શકતા નથી! આપનું પ્રારબ્ધ ને પુરુષાર્થ સફળ છે એમ હું માનું છું. તમે જે પ્રશ્ન પૂછ્યું તે અતિ ગૂઢ-ગૂઢનું પણ ગૂઢ–તત્ત્વના તત્ત્વરૂપ છે, અને એનું ઉત્તર આપવું, એ મારા જ્ઞાન બહાર છે. જ્યાં ઋષિમુનિની ગતિ પહોંચી શકી નથી, ત્યાં મારા જેવા તત્ત્વજ્ઞાનથી રહિત, અલ્પનું શું ગજું? તથાપિ તે પરમ યોગીની કૃપાપ્રસાદીથી, તમારો સ્વલ્પ સંશય છેદન કરીશ. સાંભળો. જે સૂક્ષ્મ, અવિજ્ઞેય, અવ્યક્ત, અચળ–ધ્રુવ, ઇન્દ્રિયોના સમૂહ વિષયમાત્ર ને ભૂતથી રહિત છે, તે જ સર્વ પ્રાણીનો અંતરાત્મા–પરમ પુરુષ પરમાત્મા–પુરાણ પુરુષ–પરમેશ છે. તેને ક્ષેત્રજ્ઞ કહે છે. તે જ ત્રિગુણથી મુક્ત પુરુષ પણ વદાય છે; અને તે કંઈ કારણરૂપે કલ્પાયલો નિષ્ક્રિયાત્મા સદ્‌સદાત્મક છે. એ જ પૂજન–વંદન–ઉપાસન–જાણવા–જોવા યોગ્ય છે. તદ્રૂપથી કોઈ શ્રેષ્ઠ નથી, તેનાથી કંઈ નોખું નથી. તેના રૂપમાં વિલીન થવું તે મોક્ષ. પંચ પ્રાણ, દશેન્દ્રિય, મન ને બુદ્ધિથી જે મુક્ત છે, સત્વાદિ ત્રણ ગુણથી જે મુક્ત છે, પાપકર્મ કે પુણ્યકર્મથી જે મુક્ત છે, વિરાટની ષોડશ કળાથી જે મુક્ત છે, તે જ પુરુષને મુક્તિ મળે છે ને તે જ મુક્ત છે. ચિદાત્મા જ મુકતોની ગતિ છે. એ આદ્યમૂર્તિમાં મુક્તાત્માનો પ્રવેશ થઈ, ભેદનો સર્વાંશે લય થઈ જવો, એ જ મુક્તાત્માની ગતિ છે. જે પુરુષે હાથ, પગ, ઉદર ને ઉપસ્થ ઇન્દ્રિયનું સંરક્ષણ કીધું છે, નિષિદ્ધ કર્મ આચર્યું નથી, નથી આચર્યું તેનું અભિમાન ધર્યું નથી, જે સમાન દૃષ્ટિવાળો છે–અંતઃકરણની સાત્વિક વૃત્તિ, જેને ચરમાવૃત્તિ કહે છે તેમાં મગ્ન છે, નિર્મળ બુદ્ધિનો

છે, ને સદા જ તે પરમાત્મા-અંતરાત્મા-નારાયણ-પરમ પુરુષને શરણે છે, તે જ એ ગતિને પામે છે. એ સ્વરૂપ શ્વેતદ્વીપમાં વસે છે. ત્યાંના મુક્તાત્મા, સ્થૂલ દેહરહિત છે, ઇન્દ્રિયભોગ રહિત છે, ચેષ્ટા રહિત છે, શુદ્ધ સત્વશીલ છે, તેજસ્વી છે, તેથી તેઓ, યત્કિંચિત્ પણ દ્વૈત ભાવવાળાની દૃષ્ટે પડતા નથી. એથી પણ શ્રેષ્ઠ તે પરમ ઘનશ્યામ મૂર્ત્તિ છે, જે આ મુક્તાત્માથી જ વેષ્ટિત છે ને તે મુક્તાત્મા વિના અન્યથી દર્શન કરાય એવી નથી. શ્વેતદ્વીપમાં રહેલો (રહેલી કહ્યું છે તે અસત્ય વચન છે, કેમકે તે તો સર્વમાં છે; પણ શ્વેતદ્વીપમાં તે સાક્ષાત્ છે તેથી જ રહેલી કહું છું) તે દિવ્ય મૂર્તિના પ્રકાશનું તેજ કોટાનકોટી સૂર્યના તેજથી પણ વિશેષ હોવાથી તે કેવી છે તે વર્ણી શકાય એમ નથી, પણ તમારી કલ્પનામાં આવે તેનાથી તેપર છે. એ પુંડરીકાક્ષ-જનાર્દન-જગદાત્મામાં વિલય થવું, તે જ મોક્ષ. એ મૂર્તિ મેં જોઈ નથી, જાણી નથી તો તે આવી છે એમ કહી કેમ અસત્ય ભાષણ કરું? જેને તેનું દર્શન થયું હોય, તે શું આ ખાડામાંથી નિકળી આ ખાડામાં પડે?

હે પિતાજી! હવે જય સચ્ચિદાનંદ! હું જઈશ. આ જગતનો મારો તમારો મેળો અહિંયાં જ પૂર્ણ થાય છે. હવે મારો તમારો મેળો નથી. જ્યાં અનંગ સુખ છે ત્યાં પણ નહિ. ત્યાં હુંએ નથી ને તુંએ નથી; તો મળવું શું, ભેટવું શું, રાજા શું, પુત્ર શું, બ્રાહ્મણ શું, ચાંડાળ શું? ત્યાં એક પરમ પ્રેમ-અદ્વૈત-પૂર્ણ પુરુષોત્તમ-બ્રહ્મ જ છે; ત્યાં સૌ એક જ છે-અદ્વૈત જ છે. ત્યાં હું ને તમે દ્વૈતમાંથી છૂટી અદ્વૈત જ થઇશું! તે રૂપે જ અનંતકાળ રહીશું!"

આટલું બોલ્યા પછી તે બાળકુંવર પૂર્વવત્ શબ થઈ ગયો, તેનાં નેત્રો મીંચાઈ ગયાં, તેની વાણી બંધ પડી ગઈ, ક્ષણમાં તો તેની ચામડી કરમાઈ ગઈ. રાજા જનક પરમ ઉદાસીન થઈ ગયો. તે બાળકુંવરને પુનઃ ખાડામાં પધરાવીને તેના ઉપર માટી નાંખી દીધી! મીટ્ટી ભેળી મીટ્ટી મળી ગઈ. રાજા જનક પુનઃ સ્નાન કરી, વસ્ત્ર પરિધાન કરી ઉત્તમ પ્રતિનું જ્ઞાન લઈ, પોતાની રાજધાનીમાં આવ્યો.

### જનકે ધારણ કરેલો ભેખ

હિમગિરિના યોગીન્દ્ર મહાત્મા, સુવિચારશીળ ને છદ્મલિંગને સંબોધી બોલ્યા; હે વત્સ! એ દિવસથી રાજા જનકની સ્થિતિ કેવળ બદલાઈ ગઈ હતી. નગર તજ્યું ત્યારે જે જનક હતો, તે જનક અત્યારે નહતો

પૂર્વનો જનક સંસારી જનક હતો, વ્યવહારી જનક હતો, લૌકિક જનક હતો; આજે જીવન્મુક્ત જનક છે–આત્મનિષ્ઠ જનક છે. તેની ચિત્તવૃત્તિ કેવળ શાંત થઈ ગઈ છે; તેના મનની અહંતા છૂટી ગઈ છે; તેની ભાવનાઓ નષ્ટ થઈ ગઈ છે; અસ્તિ ભાતિ નામ વગેરેના અંશોથી તે રહિત થઈ ગયો છે: કામ ક્રોધાદિક તેના દાસ બની ગયા છે; આખું જગત્ તેને ગંધર્વનગર સમાન ભાસે છે; જનકપુરી પણ તેને વરસાદથી ભુસાઈ ગયેલાં ચિત્રના જેવી જણાય છે; રાજ્યનો વ્યવહાર, તે માત્ર સાક્ષીરૂપે જ ચલાવે છે. તે કશામાં લેપાતો નથી.

**यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।**
**समः सिद्धावसिद्धौ वा कृत्वापि न निबध्यते ॥**

**અર્થ**–દૈવેચ્છાથી પ્રાપ્ત થયલી વસ્તુથી સંતોષ માનનારો, સુખ દુ:ખથી રહિત, મત્સર વિનાનો, કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિને સમાન માનનારો, અનેક કર્મ કર્યાં છતાં પણ બંધાતો નથી.

તેવી તેની સ્થિતિ બની ગઈ છે. આ નવીન અવસ્થા જોઈને રાણી મંત્રી વગેરે ચકિત થઈ ગયાં. સંસારપર રાજાને એવો તો દૃઢ વૈરાગ્ય વ્યાપી ગયો હતો કે, એક દિવસે રાત્રિના પોતાને હાથે માથું મુંડી નાંખી, ભગવાં વસ્ત્ર ધારણ કરીને, રાણીના રાજમહેલ પાસે, ‘નારાયણ હરે’ બોલતો જનકપુરીનો સ્વામી ઉભો રહ્યો. રાજાનું આ વિપરીત આચરણ જોઈને રાણી પરમ ખિન્ન થઈ ગઈ. તે રાજાની પાસે આવીને બોલી; “હે મહારાજ! આ તમે શું કર્યું? પરમાત્માના વચનનો લોપ કીધો? ઠીક. પણ તમે ક્ષત્રિય છો; પ્રજાપાલનાદિક કર્મ કરવાને જન્મેલા છો, કંઈ ભિક્ષુકની પેઠે ભીખ માગવાને જન્મેલા નથી; છતાં આ વિપરીત આચરણ શું? તમને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેથી તમારા આત્માને નવું ચૈતન્ય મળ્યું છે; સત્ શું ને અસત્ શું, તે તમે સારી રીતિએ જાણી શકયા છો; આશ્રમના ધર્મ પણ જાણો છો; પણ કર્મનો ત્યાગ કરવા માટે એ જ્ઞાન નથી, પરંતુ કર્મ કરતાં રહીને જે આત્મનિષ્ઠા પ્રાપ્ત થઈ છે, તે દ્વારા પરમ પદને પામવાના અધિકારી બનવા માટે છે. શું ભગવાં પહેરી ભિક્ષા માગવાથી, કે વનચરપેરે વનમાં ભટકવાથી જ પરમ તત્ત્વને પ્રાપ્ત કરી શકાય છે? નહિ જ. જેને શુદ્ધ આત્મનિષ્ઠા પ્રાપ્ત થઈ છે, તે કર્મ અને અકર્મને વિચારી સ્વભાવપ્રાપ્ત કર્મોનો ત્યાગ કરતો નથી, આશ્રમધર્મનો ત્યાગ

કરતો નથી, ને વેશ ટેકની આડી ગલીમાં પ્રવેશ કરી ગુંચવાઇને રઝળી જતો નથી. સ્વામિનાથ!

"જે વૈરાગ્ય દેખાડે કરી, તે તો મન કેરી મશ્કરી;
જો ઉપને સાચો વૈરાગ્ય, અંતર બહાર સર્વસ્વ ત્યાગ.

"મુજના સૌભાગ્ય રત્ન! તમારે તો નિત્યનાં ને આશ્રમનાં કર્મ કરવાંનાં જ છે; કેમકે કર્મનો ત્યાગ કરવા કરતાં કર્મ કરતાં રહી, તેમાં ન લેપાનાર જ શ્રેષ્ઠ છે. કર્મો નહિ કરવાથી તો તમારા શરીરનો પણ નિર્વાહ થઈ શકશે નહિ, ને ઉલટા ભ્રષ્ટ થશો. હે મહારાજ! શા માટે તમે એકદમ રાજ્યપાટ તજીને યોગીનો વેશ ધારણ કીધો છે? મુષ્ટિ મુષ્ટિ અન્ન ઘેર ઘેર બારણેથી માગીને તેપર નિર્વાહ કરવા માટે? તમે તે માટે જન્મેલા નથી જ, તેથી, હે પ્રભુ! આ તમારું કાર્ય તો ક્ષત્રિયોચિત ધર્મથી ને પ્રાપ્ત જ્ઞાનથી વિપરીત જ છે. હે રાજન્! આ ત્યાગ ગ્રહણ કરીને ઘેર ઘેર બારણે ભિક્ષા માગીને, ખપ્પરમાં પડેલા અન્નથી તમે સંતોષ માનવાનું ધારતા હશો; ભલે પ્રાપ્ત જ્ઞાનનો એ ઉપયોગ કરો, પણ રાજાનો ધર્મ તો પ્રજાનું પાલન પોષણ કરવામાં છે; તેણે–અતિથિ, દેવ, ઋષિ અને પિતૃઓ, એ સર્વનું યજન કરવાનું છે–એ બધું, થોડા ભીખી આણેલા અન્નથી શી રીતે પૂર્ણ કરી શકશો? તમે ત્રણ વિદ્યાના જાણનારા છો, કોટ્યવધિ બ્રાહ્મણોના ભરણ પોષણ કરનારા છો એવા, ઓ ભગવાં વસ્ત્રધારી રાજા! આ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી, શ્વાનની માફક પેટ ભરવામાં અને અધમ પુરુષોનું મુખ જોવામાં કેમ આનંદ માનો છો? તમે બીજાના અન્નથી પેટ ભરવાને સરજાયલા નથી જ, અન્યનું પોષણ કરવાને સરજાયલા છો. પણ ઓ દુર્દૈવ! ખરેખર, આજથી મારા પૂજ્ય સાસુજી વાંઝીઆં જ થયાં છે ને પિતૃઓને રડવાનું જ છે! ઓ ભેખધારી રાજા! તમે રાજા છો; માટે હજારો મનુષ્યો તમારી સન્મુખ બન્ને હાથ પહોળા કરીને ઉભા રહેશે, પણ જ્યારે તેઓને કંઈ પણ ફળ મળશે નહિ, ત્યારે તેઓ નિરાશ થશે, તે શું તમને આનંદ આપશે ને તેથી શું તમારું કલ્યાણ થશે? હે જ્ઞાનેચ્છુ! હે મુમુક્ષુ! આશાભંગનું પાપ તમે ક્યાં જઇને દૂર કરશો? ખરેખર તમારા જેવા આશ્રમત્યાગી માટે આ લોક પણ નથી, તેમ તમારે માટે પરલોક પણ નથી. ગૃહસ્થ થઈ, રાજા થઈ, જે પોતાના ધર્મનો ત્યાગ કરે છે, તેનો ઉભય લોક ભ્રષ્ટ થાય છે. તેમાં પણ તમે આવા

જ્ઞાની છતાં તમારી ધર્મપત્નીનો ત્યાગ કરીને, ઘેર ઘેર બારણે ભીખ માગીને જીવવાની ઇચ્છા કરો છો, એ વિપરીત કર્મનું પાપ તો અથાગ જ છે. સાધુપણું ધારણ કર્યા છતાં પણ, અને ત્યાગનો વેશ બતાવ્યા છતાં પણ, તમારું ખપ્પર, તમારો આ ત્રિદંડ, આ તમારાં ભગવાં વસ્ત્રનું કોઈ હરણ કરશે, ત્યારે તમને દુઃખ થયા વિના રહેશે નહિ; તેમ મુષ્ટિ અન્ન મેળવવાની પણ નિત્ય નિત્ય-સૂર્યના પ્રકાશ સાથે તમને અપેક્ષા પણ રહેશે જ. સાધુસંન્યાસી થાવ, જોગી, જતિ, જંગમ કે વેરાગી થાવ, સ્ત્રીને તજો, પુત્રને તજો, ધનવૈભવને તજો ને કીર્તિનો પણ ત્યાગ કરો-એ સર્વ હઠથી તજાશે, પરંતુ પેટનો ખાડો પૂરવાનું તજાશે નહિ. કોઇને અધિક ને કોઈને સ્વલ્પ, કીડીને કણ અને હાથીને હારો! પરંતુ પેટનો ખાડો પૂર્યા વિના કોઇને ચાલતું નથી. એ ખાડો પૂરવા માટે, દુર્જનોની સમક્ષ હાથ જોડીને ઉભા રહેતાં તમને ખેદ જ થશે! ચંદ્રની કાંતિનો નાશ કરનારા મેઘમાં જેમ અધિક કાળાશ છે, તેમ દુર્જનો ધર્મ કરે છે, તથાપિ તે બીજાઓના સત્‌ના નાશને માટે જ છે. જ્યારે કાગડાઓ સ્નાન કરે ત્યારે જાણવું કે, દુષ્કાળ સમીપમાં જ છે; અને જ્યારે કાગડાઓ ધોળા થાય, ત્યારે જાણવું કે અનર્થનું મૂળ લલાટલિખિત છે. દૈવયોગે, દુર્જનો દાન આપશે તોપણ નિશ્ચે જાણો કે, દુર્જનની સંપત્તિ કે દાન, સંતાપ, મોહ ને કંપનું કારણ થઈ પડ્યા વગર રહેતાં નથી. એવા દુષ્ટ દુર્જનોની પાસેથી પણ મુષ્ટિ અન્નની આશા કરવી, તે શું ત્યાગ ને સત્‌ની પ્રાપ્તિનું યોગ્ય સાધન ગણાશે? તમે દ્વૈતનો ત્યાગ કીધો હોય, રજ તમનો ત્યાગ કીધો હોય, આસુરી સંપતનો વિજય કીધો હોય, શુદ્ધ સત્વગુણી બન્યા હો, અભેદમાં લીન હો, તો પછી અમારા તમારામાં અને આ પ્રજામાં શો ભેદ છે? હું અને તમે એક જ છિયે, તો કોણ કોનો ત્યાગ કરે છે ને કરશે? તમે અનુગ્રહકર્તા કોણ અને અનુગ્રહપાત્ર હું કોણ? હે સ્વામિનાથ! જે જ્ઞાનના અભિમાનથી સતનું ભાન ભૂલીને નિદાન તમે જે કૃત્ય કરો છો, તે સત્ જ્ઞાનમાં-ચિદાભાસમાં-આપણે સર્વ સમાન જ છિયે-ચિદાભાસમાં ભેદનો લેશ પણ નથી. વળી હે રાજા! ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને જે ત્યાગી થયા છે, તેઓ વાસ્તવિક રીતે ગૃહસ્થાશ્રમીના આશ્રયથી જ જીવે છેઃ ગૃહાસ્થાશ્રમ જ મોટે ભાગે તેઓનું પોષણ કરનારો છે. સત્યત્યાગી તો તે જ છે કે, જે પોતાના આશ્રમધર્મ-

પરાયણ રહી, જળમાં રહેલા કમળની પેઠે નિર્લેપ રહી વ્યવહારમાં વિચરે છે; અનેકને જ્ઞાન, ધર્મ, દાન, સમાનતાથી, સત્ સમજી સમજાવી, અનેકનો પ્રાણદાતા બને છે અને સંસારની કોઈ પણ વાસના જેને બાધ કરી શકતી નથી, તે જ પુરુષ આલોક અને પરલોકમાં પરમાત્માના સાન્નિધ્યનો–મુક્તદશાનો અધિકારી છે. પણ જે મુંડીઆઓ, ભગવાં વસ્ત્ર ધારણ કરીને પોતાનું પેટ ભરવા માટે આચાર્ય કે ગુરુ, સદ્‌ગુરુબાવા કે સાધુની છાયા નીચે બેસી, દામ ને કામના બંધનમાં રહી, અનેક પુરુષોને તારવાનો સ્વયંને અધિકાર પ્રાપ્ત થયેલો માની, સંન્યાસનો સ્વાંગ ધારણ કરે છે, તે આ જગતને ઠગનારા બકભક્તો છે; પાશથી બંધાયલાં પશુ જ છે. તેઓ સ્વયંના અને અન્યના આ લોકને પરલોક બગાડનારા જ છે. કારણ કે, મઠ, શિષ્ય, પુસ્તક, ઉદર ભરવાની ચિંતા તથા ધનની લાલસાથી તેઓ મુક્ત નથી. હે મહારાજ! આ કાષાય વસ્ત્રોનો ત્યાગ કરો, ત્રિદંડનો ત્યાગ કરીને રાજદંડને ધારણ કરો, અગ્નિનું આરાધન કરીને જેમાં અનેક વિદ્વાનો ગુણવાનોને સંતોષ પમાડાય, પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરાય તેવા સત્‌ના જ્ઞાનવાળા પરમાર્થ યજ્ઞો કરો; ભેદ ત્યાગી અભેદ ગ્રહી વિશ્વ–કુટુંબી બની જગતમાં વિચરો; પરમ પુરુષાર્થ સિદ્ધ ન થાય ત્યાં સૂધી ધર્મમાં અનુરક્ત રહી, નિરંતર પ્રજાપાલન તથા તપશ્ચર્યા કરવાને તત્પર રહો. પરમાત્માનું સેવન, ભજન, પૂજન, દર્શન એ સૌ ભગવાં વસ્ત્ર ધારણ કરવાથી જ થાય છે એમ નથી: તમારા જેવા તો આ દેહે જ જીવન્મુક્તદશાને ભોગવે છે; તેથી આ ત્યાગ છોડી, ક્ષત્રિયોચિત ધર્મે વર્તો; અને દ્વૈતને ભેદી અદ્વૈતમાં પ્રવેશ કરો. જેઓ ભગવાં વસ્ત્રો ધારણ કર્યા વગર અંતઃકરણમાં રહેલા ચિદાનંદમાં લીન થઈ, સંકલ્પનો જ સંન્યાસ કરે છે, તેઓ જ વિશુદ્ધ સંન્યાસી છે, ને તે જ પરમપદને પ્રાપ્ત કરે છે.”

પટ્ટરાણીનાં આવાં સદ્‌બોધક વચન સાંભળીને, તત્ત્વવેત્તા મહાત્મા જનકરાયે પોતાના સ્વસ્વરૂપને ઓળખી, રાણીને આશીર્વાદ આપી પોતાનો ભેખ ઉતારી નાંખ્યો ને રાજભવનમાં પુનઃ પ્રવેશ કરી ઉત્તમ રીતિએ રાજકાજ ચલાવવા માંડ્યું. તે જ્ઞાની, આત્માનાત્માનો ભેદ સમજનારો, પરબ્રહ્મની લીલાવાળા બગીચામાં વિહાર કરનારો, સાંસારિક વિષયોથી વિમુખ થઈને, વૃદ્ધિ અને ક્ષયથી થતા હર્ષ ને શોકનો ત્યાગ કરનારો બ્રહ્માનંદનો ઉપાસક બન્યો હતો; તથાપિ જીવન્મુક્ત દશામાં તેને જે ઓછપ જણાતી હતી, તે પ્રાપ્ત કરવા માટે ઉક્ત

યોગીન્દ્ર મુનિની તેને રટણા લાગી રહી હતી. મુનિ થોડા કાળમાં પધાર્યા નહિ, ત્યારે તેણે પોતાના મનુષ્યોદ્વારા વન, ઉપવન, મઠો, મંદિરો ને ગિરિકન્દરામાં શોધ કરાવી, પણ મુનિનો પત્તો લાગ્યો નહિ–ત્યારે તે શોકાતુર થઈ ગયો.

## વિચિત્ર સ્વપ્ન

આવી સ્થિતિને પ્રાપ્ત થયેલા રાજા જનકે આ સંસારના પદાર્થ માત્રપરથી પ્રીતિ ઉઠાડી દીધી. તેને રોમેરોમ વૈરાગ્ય વ્યાપી રહ્યો. તે આ જગતને ઝાંઝવાના જળ જેવું, ગંધર્વનગર જેવું, આકાશમાં કે પાણીમાં આળખેલા ચિત્રામણ જેવું માનવા લાગ્યો. તેને સર્વ વ્યવહારો, બન્ધનના પાશ જેવા જણાવા લાગ્યા. ધીમે ધીમે આ લોકનો આનંદ અગ્નિની જ્વાળા જેવો દુઃખદ થઈ પડ્યો. જન્મને અંતે મરણ, ચઢ-ડતીને અંતે પડતી, ઉદયને અંતે અસ્ત, તેમ આનંદને અંતે શોક જ છે, એવો વિચાર તેને દહાડે દહાડે દૃઢ થવા લાગ્યો. તેના આમોદપ્રમોદ અસ્ત થઈ ગયા. આવી સ્થિતિમાં–વિચારગ્રસ્તાવસ્થામાં એક દિવસે તે બપોરના નિદ્રામાં પડ્યો. તે સમયે તેને નિચે પ્રમાણે સ્વપ્ન થયું.

જાણે કે રાજા જનક પોતે પ્રબળ સૈન્ય સાથે શિકારે ગયો છે. એક હરણ પાછળ પડતાં તે સેનાથી વિખૂટો પડી ગયો છે. તેનો તેજી અશ્વ હરણ પાછળ પૂરપાટ દોડ્યો જાય છે. હરણ પણ છલંગપર છલંગ મારતું આઘું ને આઘું ચાલ્યું જાય છે. હરણને પકડવાની ધૂનમાં રાજા એક ગીચ ઝાડીમાં પેસે છે. એક અવાવર–ઝાડીઝાંખરાથી ઢંકાયલા કૂવાપ-રથી એનો અશ્વ દોડવા જાય છે. એટલામાં અશ્વ ઠોકરાય છે ને રાજા તે કૂવામાં પડી જાય છે! આ ભયાનક પ્રસંગથી રાજા ગભરાટ ને આશ્ચર્યમાં પડ્યો છે. પડતાં પડતાં કૂવામાંની વડડાલને બાઝી પડે છે. ઘોડો તો રાજાને પડેલો જોઈ નાશી ગયો છે ને વડડાલ પકડીને રાજા લટકેલો છે. ઉગરવાનો એકે આરો તેને જણાતો નથી. આ ક્ષણે રાજા વિચાર કરે છે કે, કોઈ રીતે આ સંકટમાંથી ઉગરાય તો પ્રભુકૃપા! તે ગદ્‌-ગદિત કણ્ઠે પ્રભુને પ્રાર્થે છે. તત્ક્ષણે તેની દૃષ્ટિ ઉપરના ભાગમાં કચડ-કચડ કરતા સ્વર પ્રતિ જાય છે, અને જે વડડાલને પકડીને તે લટકે છે તેનાં મૂળિયાં, કેટલાક ઉંદરો, જે રંગે કાબરચિત્રા છે તે કાતરે છે. તે સમયે રાજા વિચારે છે કે, જો ડાળો કતરાઈ ગઈ તો નીચે કુવામાં પડતાં સોએ વર્ષ અહીં જ પૂરાં થઈ જશે! પણ તત્ક્ષણે નીચે દૃષ્ટિ

પડી જાય છે. ત્યાં એક વિકરાળ ભયંકર અજગર મ્હોડું ફાડી બેઠો છે. એ જોઈ રાજા વધુ ગભરાય છે. તેને કોઈ દિશા બચવાની સૂઝતી નથી, એટલે તે મોટે મોટે બુમો પાડે છે. એટલામાં એક સ્ત્રી તે કુવાના કાંઠાપર આવી ઉભી રહે છે. રાજાએ તેને કહ્યું; 'હે જગદંબે! મારું રક્ષણ કર, મને બચાવ. હું જનકપુરનો મહારાજા છું. તું મારું રક્ષણ કરશે તો તને અપરિમિત સંપત્તિ આપીશ;' તે સ્ત્રી બોલી! 'હે રાજા! મારે તારી ધનસંપત્તિની આવશ્યકતા નથી, પણ જો તું મને પરણવાનું સ્વીકારે તો હું તારું રક્ષણ કરું અને આ સંકટમાંથી તને ઉગારું.' તે સ્ત્રી કુરૂપા, વૃદ્ધા, પલીએલ, અંગે કુષ્ઠ રોગથી ભરપૂર, મ્હોડામાં એક પણ દાંત નહિ ને ઝુલી ગયેલા ચામડાંવાળી હતી, તેથી તેને પરણવાની રાજા ના પાડે છે. પણ ઘણા કાલાવાલા કરી, પુષ્કળ ધનની લાલચ બતાવી, રક્ષણ કરવા કહે છે. પણ વિરૂપા સ્ત્રી એકની બે થતી નથી. હવે ઉપર ઉંદરો તો વડવાઇનાં મૂળો કાતર્યા જ જતા હતા, તેથી ગભરાઈ ન છૂટકે રાજા તે વિરૂપાને પરણવાની હા પાડે છે! કે ડોસીએ નીચા વળી, રાજાના પગ પકડી બહાર કાઢી, જમીન-પર મૂકયો ને કહ્યું; 'હે રાજા! તારું વચન પૂર્ણ કર ને મારી સાથે લગ્ન કર!' રાજા બોલ્યો; 'હે ડોસી મા! જરા દયા કરો, હું તો તમારું બાળક–' આટલું બોલતાં તો ડોસી ક્રોધથી વિકરાળ બની, પોતાનું મ્હોં પહોળું કરી રાજાને ગળી જવા દોડે છે, ને ઉંઘતા રાજાથી ભયના માર્યા સત્ય બૂમ પડાઈ જાય છે–કે ઓં ઓં ઓં! એ બૂમમાં જ તે જાગ્રત થઈ ગયો; નેકીદારે નેકી પોકારી કે, 'જનકરાયને ઘણી ખમાં! અન્નદાતાને ઘણી ખમાં!'

રાજા જાગ્રત થઈ ગયો. પછી તે વિચારવા લાગ્યો કે, 'આ શું? હું અહીંયા રાજા છું, આ નેકીદારો રાજા જનકને ઘણી ખમાં કહે છે! ત્યાં એક સ્ત્રી મને ગળવાને દોડી ને ગભરાટથી મારાથી બૂમ પડાઈ ગઈ! હું રાજા જનક તે સત્ય કે જંગલમાં દોડતી ડોસીના વિકરાળ મુખમાં જતો પુરુષ તે સત્ય? એ બેમાં સત્ય શું? અહીંયાં હું રાજા સત્ય છું, ત્યાં કૂવામાં પડેલો પણ હું જ હતો–એ બેમાં સત્ય શું? મને તો આ બંને સત્ય અનુભવાયાં છે! અત્ર રાજા જનકરૂપે બેઠો છું, ત્યાં વિકરાળ વિરૂપાની કુચેષ્ટાથી ભય પામી બૂમ પાડી તે પણ હું જ છું, ત્યારે એ બેમાં સત્ય શું?'

## જગત્ સ્વપ્નતુલ્ય છે

રાજા આમ વિચારમાં ગુંચવાયો છે; તેની ચિત્તવૃત્તિ વિહ્વળ બની ગઈ છે; તે બાવરું બાવરું ચોમેર જુવે છે. તેટલામાં મન્ત્રીઓ રાજકાર્ય માટે તેની પાસે આવ્યા. રાજાની મુખમુદ્રા વિચારગ્રસ્ત જોઈ, તેઓ નમન કરી બાજુએ ઉભા રહ્યા. એટલામાં વિચિત્ર વેશ ધારણ કરી, હાથમાં શેરડીનો દંડ લેઈ, યોગીન્દ્ર મુનિ ત્યાં પધાર્યા! એ યોગીન્દ્ર મુનિ તે મહાત્મા યાજ્ઞવલ્ક્ય હતા. રાજાને ઉપદેશ કરવા માટે, યાજ્ઞવલ્ક્ય મુનિ, યોગથી પોતાનું મૂળરૂપ પલટાવી, વિકૃત વેષથી ત્યાં આવ્યા હતા. તેમનું વિચિત્ર અંગ જોઈ, મંત્રીમંડળ ખડખડાટ હસી પડ્યું. યોગીન્દ્ર મુનિ સર્વને હસતા જોઈ ચોગણા હસ્યા. પછી બે હાથ જોડી રાજા બોલ્યો; "હે મહાત્મન્! હે દેવ! આ અસભ્ય મંત્રીઓ તમારું વિચિત્ર અંગ ને વિચિત્ર ચેષ્ટા જોઈને હસ્યા, પણ આપ તેથી ચોગણા હસ્યા, તે મને અતિ આશ્ચર્ય લાગે છે! કહેશો, આપ કેમ હસ્યા?" મુનિ બોલ્યા; "રાજા! આ સર્વની મૂર્ખાઈ જોઈ મને હાસ્ય છૂટ્યું છે. તારા મનનો જે ગુંચવાડો છે, તે દૂર કરવા માટે મારું આગમન છે—તારે જ્ઞાન જોઇએ છે, તે મારા મુખથી સાંભળવાનું છે; તેમાં કુચેષ્ટા કે વિચિત્રતાને શો સંબંધ છે? જે તૃષાળુ છે તેને પાણી સાથે કામ છે, કાંઠા વાંકાચૂંકા છે કે ખરબચડા છે, તે સાથે શો સંબંધ છે? આ શેરડીનો જેને રસ ચુસવો છે, તેણે તે વાંકી છે કે સીધી, છોતરાં જાડાં છે કે પાતળાં, તે ક્યાં પાકી છે ને કોણે વાવી છે, તે જાણવા સાથે સંબંધ નથી; પણ તેના મધુરત્વ સાથે જ સંબંધ છે. મૂઢ પુરુષ જ અર્થ બહારની વાર્તા કરે છે!" મુનિનાં આ રીતનાં ચકિત કરનારાં, અર્થસૂચક, બોધક ને મર્મજ્ઞ વચનો સાંભળી જનકરાય ઉભો થઈ, તેમનાં ચરણમાં પડ્યો. પછી પૂછ્યું; "હે દેવ! કહો આપ કૃપાળુ થઈ, આ સત્ય કે તે સત્ય?" ત્રિકાળજ્ઞાની યોગીન્દ્રમુનિ બોલ્યા; "જેવું તે તેવું આ! કુવામાંનો અજગર, વડનાં મૂળ કાપતા કાળા ધોળા ઉંદર, ડાકેણ જેવી સ્ત્રી ને તેની પરણવાની માંગણી, એ જેમ અસત્ય છે, તેમજ આ રાજપાટ, આ મંત્રીમંડળ, આ પટ્ટરાણી, રાજકુંવરો, ધનસંપત્તિ, વિલાસવૈભવ અને આ વિશ્વ—સર્વ અસત્ય છે. જેમ જાગ્રત થતાં, તે સ્વપ્ન અસત્ય છે, તેમજ આત્મપદમાં જાગ્રત થતાં આ સર્વ—વિશ્વમાત્ર અસત્ય જ છે."

મુનિનાં ઉપદેશ વચન સાંભળી, જનક રાજા તેમને પુનઃ સાષ્ટાંગ પ્રણામ કરતાં બોલ્યો; "હે દેવ! મને આત્મપદમાં જાગ્રત કરો!" રાજા જમીનપર ઉંધો પડી જ રહ્યો, ઉઠ્યો જ નહિ. તેનો અહંભાવ મટી ગયો નહિ ત્યાં સૂધી મુનિએ ઉઠવાની સંજ્ઞા પણ કીધી નહિ. જ્યારે તે અહંતા મમતાથી મુક્ત થયો, ત્યારે મુનિ બોલ્યા; "જનક, ઉઠ!" રાજા ઉઠ્યો નહિ, પડી રહ્યો; કેમકે તે જનક ન હતો, તે કૈવલ્યરૂપ બન્યો હતો. પુનઃ મુનિએ કહ્યું; "રાજા ઉઠ!!" જનક નામધારી, રાજાની ઉપાધિથી વેષ્ટિત, ઉઠ્યો નહિ, ત્યારે મુનિ બોલ્યા; "હે આત્મરૂપ! ઉઠ; જે તને જોઇતું હતું તે મળ્યું છે; ઉઠ!" જનક ઉઠ્યો. પછી મુનિ બોલ્યા; "હે નામરૂપધારી જનક! सदेव सौम्येदमग्र आसीत्। હે શાંત-ગુણિ! સૃષ્ટિ થયા પૂર્વે આ જગત્ સત્‌રૂપ જ-બ્રહ્મરૂપ જ હતું. तत्त्वमसि। એ બ્રહ્મ તે તું છે. પણ જેઓના હૃદયપર ગુરુકૃપાકટાક્ષ પડ્યાં નથી, જેના ગુહ્યાગારમાં અદ્વૈત ઉદય પામ્યું નથી, તેવા હતભાગી જીવોને જ આ મિથ્યા જગત્ સત્ય ભાસે છે; ને તેનેજ મરણનો ભય વ્યાપે છે. જે બ્રહ્મ છે, તેને મરવું શું ને જન્મવું શું? રાજાપણું શું ને કુરૂપાને પરણવાનો ભય શો? કંઈજ નથી. બ્રહ્મરૂપી વિશાળ વ્યાપક વસ્ત્રમાં, બ્રહ્મે જ-પરમાત્માએ જ પોતાની ઇચ્છારૂપી રંગની પીંછીવડે નાનાવિધ રૂપવાળું આ જગત્ ચિતર્યું છે. એમાં સર્વત્ર બ્રહ્મજ છે, તેના વિના અન્ય કંઈજ નથી. જાગ્રત-જ્ઞાનીને જે ભાસે છે, તે સર્વ બ્રહ્મ-પરમાત્મા જ છે. હવે પરમાત્માથી ભિન્ન જે કંઈ ભાસે છે તે અવિદ્યા છે. અવિદ્યાને નસાડી, જે વિદ્યાસંપન્ન બન્યો છે, તેને પરમાત્માથી ભિન્ન કંઈજ ભાસતું નથી; અને એમ જે ત્રણે કાળમાં જોય છે, 'હું' અને 'આ' એ બેનો પ્રકાશિત બુદ્ધિથી ત્યાગ કરે છે, સર્વ અનાત્મ પદાર્થમાંથી અનાદિ કાળની વ્યાપેલી અજ્ઞાનતાને જે ખેંચી કહાડી, નિજસ્વરૂપમાં તદાકાર થાય છે, તેને આ વિશ્વમાં રહ્યા છતાં, દ્વૈતરહિત સર્વ દૃષ્ટે પડે છે, એટલે તેને કંઈ પણ વિક્ષેપ થતો નથી. સ્થૂલ દેહમાં વસતો જીવાત્મા, પંચમહાભૂત, પંચતત્ત્વ, પંચકોશ અને જ્ઞાનના વિષય-એ સર્વથી ભિન્ન છે. જે સર્વથી ભિન્ન છે, તેજ પરમાત્મા છે. જેમ નૃત્યશાળામાં રહેલો દીપ, સભ્ય, નર્તકી, પડદા, ગૃહ આદિને સમાનપણે દીપાવે છે, તેમ આખા બ્રહ્માંડને તેજ પ્રભુ દીપાવે છે. એ પરમાત્મા અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, રસરહિત, ગંધરહિત, નિત્ય, અનાદિ, અનંત

તથા અચળ છે; જેનાથી ભૂતમાત્ર જન્મે છે, જન્મ્યા પછી જીવે છે, જીવના ઘટઘટમાં જે છે, તે જ બ્રહ્મ છે ને તે બ્રહ્મ તું પોતે છે. તું જીવે નથી, જનકે નથી, મનુષ્યે નથી, રાજાએ નથી, પણ બ્રહ્મ છે. એ બ્રહ્મ ચૈતન્ય સ્વરૂપ, નિર્મળ, અવિનાશી, દ્વૈતરહિત, આનંદ સ્વરૂપ છે ને તે અનુભવવડે જ જાણી શકાય છે. જેને અદ્વૈતસિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે અદ્વૈત આત્મજ્ઞાનના સામર્થ્યવડે, જગતને મિથ્યા જાણી, લોકપ્રસિદ્ધ નામરૂપાત્મક દેહનું દેહીપણું ત્યજી, વ્યવહારમાં વિચરે છે. તેને ચરાચરમાં સચ્ચિદાનંદ સ્વરૂપ વિના અન્ય કાંઈ ભાસતું નથી. તે જ સદા જન્મ મરણથી મુક્ત થઈ, બ્રહ્મરૂપને પામે છે. તે જાણે છે કે, સંપૂર્ણ પ્રપંચ બ્રહ્મરૂપ છે, તત્ત્વનું તત્ત્વ બ્રહ્મ છે, ચિંતન કરવા યોગ્ય, વિચારવા યોગ્ય, કહેવા યોગ્ય–સર્વના સારભૂત બ્રહ્મ જ છે–તેને કંઈ જાણવાનું નથી, વિચારવાનું નથી, કહેવાનું નથી ને સાંભળવાનુંએ નથી. તું तत्त्वमसि ને જાણ, અને ભગવાન્ વસિષ્ઠે, રામચન્દ્રને કહ્યું છે તેનું સ્મરણ–ગ્રહણ–સેવન કર કે, या संक्षीयते चित्तमभावात्यन्तभावनात्। चित्सामान्यस्वरूपस्य सत्ता सामान्यता तदा॥ અભાવની એટલે આ જગતની સર્વ મોહ જાળ છૂટવાની અંતરની ભાવના થવાથી, જ્યારે ચિત્તવૃત્તિ પૂર્ણપણે ક્ષીણ થઈ જાય છે, ત્યારે ચિત્તની સર્વ વૃત્તિઓ, બાહ્યસ્વરૂપને વિસરી અંતરમાં પ્રવેશિત થઈ, તે ચિત્ત સામાન્યતા પ્રાપ્ત કરી, તદાકાર બની જાય છે ને ત્યારે આ જગત્ ઓગળી, ધ્વંસ થઈ કે લોપ થઈ કયાં જાય છે તે જણાતું જ નથી–એવી જે વૃત્તિ–વાસના–ભાવના તે જ બ્રહ્મ અને એ જ બ્રહ્મ જન્મ મરણથી મુક્ત કરનાર છે. જાણ કે अयमात्मा ब्रह्म सर्वानुभूः। સર્વાનુભવરૂપ આ આત્મા છે, તે જ બ્રહ્મ છે. તે બ્રહ્મ તું છે."

આ યોગીન્દ્ર મુનિએ, પછી જનકને બ્રહ્મનું બહુ ઉત્તમ પ્રકારે સ્વરૂપ સમજાવ્યું હતું. તે સ્વરૂપ હૃદયમાં ધારણ કરી, રાજા જનક જીવન્મુક્ત બની, રાજ્યપાટ સંભાળી રાજ્ય કરતો હતો. તે વ્યવહારકાળમાં દ્વૈતને જોતો, તથાપિ સર્વત્ર ચૈતન્યવ્યાપ્ત હોવાથી, જ્ઞાનરૂપ આત્માથી ભિન્ન કંઈ પણ જોતો નહોતો; સર્વત્ર અદ્વૈત, સમતા, પ્રેમ જ નિરખતો હતો. તેનો સકળ વ્યવહાર વિકારરહિત–અહંત્વમમત્વ રહિત હતો; તે આનંદ સ્વરૂપે જ વિહરતો હતો; આનંદરસ જ ગ્રહણ કરતો હતો.

આમ રાજા જનક જીવન્મુક્ત બન્યો. યોગીન્દ્રમુનિને તો તેને વિદેહમુક્ત કરવો હતો. પણ તે પ્રસંગની રાહ જોતા યોગીન્દ્રમુનિ જનક-

પુરીમાં રહેવા લાગ્યા, અને તેમની આજ્ઞાથી રાજાએ યજ્ઞ આરંભ્યો. એ યજ્ઞમાં મોટ મોટા પંડિતો પધાર્યા હતા; પણ એમાં ખરા આત્મનિષ્ઠ થોડા જ હતા. જનકનો યજ્ઞ ચાલતો હતો, તેવામાં પૂર્ણાહુતિને દિવસે, સકલ સમાજ ભરેલો છે તેની મધ્યમાં, ઋષિઓને પણ પાણી ભરાવે એવી સંન્યાસિની ગાર્ગી, વસ્ત્ર પરિધાન કીધા વિના-દિગંબર અવસ્થામાં-યજ્ઞમંડપમાં આવી ઉભી રહી.

## જનક સભામાં ગાર્ગી

સમ્પૂર્ણ બ્રહ્મરૂપ જાણવાવાળી, બ્રહ્મરૂપમાં વિલીન થયેલી સંન્યાસિનીએ, અનેક તત્ત્વવિદ્ મહાત્માના મુખથી સાંભળ્યું હતું કે, રાજા જનકને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેને તત્ત્વ-સત્ પદાર્થ પ્રાપ્ત થયો છે, તે સત્નો જ ઉપાસક છે, સત્ વિના અન્ય જાણતો નથી, સત્ વિના અન્ય જોતો નથી, અન્ય સાંભળતો નથી, અન્ય બોલતો નથી-માટે તેની પરીક્ષા કરવાને જનકની યજ્ઞસભામાં તે આવી હતી. તેનો વેશ વિચિત્ર-અદ્ભુત હતો. તે દિગમ્બર જ હતી. તેની કાંતિ મનહરણ કરનારી, જગતના જીવના મનપર પ્રતાપ-દિવ્યપણાની છાપ પાડનારી હતી. તેનું અંગવર્ણ ગૌર, સર્વાંગ લાંબા કેશથી આચ્છાદિત, કપાળપર ત્રિપુંડ્રની સ્વાભાવિક ત્રણ રેખા હતી. તેણે હાથમાં દંડ ને કમંડળુ ધારણ કીધાં હતાં. યત્કિંચિત્ સંકોચ વગર તે સભામાં આવી ઉભી રહી. તેને સભાના મધ્યમાં ઉભેલી જોતાં જ, જનક સાથે સર્વ સામન્ત વર્ગ વિધવિધ સંકલ્પથી વિચારગ્રસ્ત થઈ ગયો, અને ઋષિવર્ગ, નગરજન, ને ક્ષુલ્લક પ્રાણીમાંના કોઈ હાસ્યથી, કોઈ કૌતુકથી, કોઈ નિર્ભર્ત્સનાથી તેની સામા જોવા લાગ્યા. પણ ગાર્ગીના મુખમંડળમાંથી પ્રકાશતા પ્રકાશ સામે કોઈ પણ દૃષ્ટિ ઠેરવી, શક્યું નહિ; તેમ કોઈ પણ સ્થિતપ્રજ્ઞ રહી શક્યું નહિ. માત્ર મુનિચક્રચૂડામણિ યાજ્ઞવલ્કય જ સ્થિતપ્રજ્ઞ રહ્યા. એ ગાર્ગીનો સંકલ્પ હતો કે, મારો સ્વામી તે જ થવાને યોગ્ય છે કે જે સ્થિતપ્રજ્ઞ હોય; અને તે જ વસ્ત્ર પરિધાન કરાવે તે પહેરવું ને તેની જ માત્ર લજ્જા ધરવી; કેમકે જગતના જીવો તો પશુ છે. એ પશુની તે લજ્જા જ શી? તેથી તે સદા દિગમ્બરપણે આ લોકમાં વિચરતી હતી. યાજ્ઞવલ્કયને સ્થિતપ્રજ્ઞ જોઈ, તેણે તેની પાસે વસ્ત્ર માંગ્યું. યાજ્ઞવલ્કયે આપ્યું ને તેની લજ્જા ધરીને તે ઉભી રહી.

પછી રાજા જનક તેના પ્રતિ જોઈ બોલ્યો; "હે ભગવતિ! તું

મારા રાજભવનમાં આ વિચિત્ર વેશે (નગ્નાવસ્થામાં) ક્યાંથી આવી? તું કોણ છે? તું કોની છે? તે મને કહે. જો કે મેં આ છત્ર ચામરાદિ ધારણ કર્યાં છે; પણ હું મુક્ત છું, એમ તત્ત્વે કરીને તું જાણ. જ્ઞાનવડે મારું વાસનાબીજ ભસ્મ થયું છે. મને શત્રુના નાશમાં પ્રીતિ નથી; તેમ સ્ત્રીપુત્રાદિકના પરિગ્રહમાં પણ પ્રીતિ નથી. મને કોઈ ચંદનથી ચર્ચે કે વિંધણાથી વિંધે, એ સમાન જ છે; મને મીટ્ટી ને સોનું સમાન છે; જે દેહ તારી દૃષ્ટે પડે છે, તે દેહ સર્વ સંગથી મુક્ત છે; સર્વ કામથી મુક્ત છે; મને ત્રિદંડધારણ કે છત્રધારણ સમાન છે; મને બંધના કારણભૂત પદાર્થમાં આસક્તિ જ નથી. મને તો દિગમ્બર સામ્બર કે ચિદમ્બર સમાન જ છે. પણ આ સંન્યાસ દશામાં રહી, તેં નગ્નાવસ્થામાં આ રાજભવનમાં પ્રવેશ કીધો, વ્યાવહારિક જીવો સમક્ષ તું દિગમ્બરપણે લજ્જા વગર ઉભી રહી, એ સ્ત્રીધર્મથી વિપરીત વર્તન જ ગણાય છે. વળી તેં આ મારા ગુરુ પાસેથી વસ્ત્ર ગ્રહણ કરી પરિધાન કર્યું, અન્યને અંધ કે પશુવત્ ગણ્યા, તેનું કારણ જાણવાની મને ઇચ્છા છે.”

વિદેહ કહેવાતા રાજા જનકના મુખમાંથી આવું કર્કશ વચન સાંભળી, ગાર્ગી બોલી; “આ જગતમાં વિદેહી મનાતા ને પરિચારકોથી પૂજાતા, હે દેહદર્શી રાજા જનક! બુદ્ધિમાન્, તત્ત્વવિદ્ તે જ ગણાય છે કે, જે અક્ષર શબ્દ ને વાક્ય દોષરહિત બોલે છે. બુદ્ધિમાન્ નિષ્પ્રયોજન કે નિરર્થક વાક્યનો ઉચ્ચાર જ કરતો નથી; તેમ કઠોર, ગ્રામ્ય, ધર્મ અર્થ કામથી વિરુદ્ધ, અસંગત ને અસંસ્કૃત, તેમ ન્યૂન અધિક વાક્યોચ્ચાર પણ કરતો નથી. અનેક મહાત્માના મુખથી મેં સાંભળ્યું હતું કે, રાજા જનક વિદેહી છે; પણ આજે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થાય છે કે, તું વિદેહીએ નથી, આત્મદર્શીએ નથી, પણ દેહદર્શી અલ્પ પ્રાણી છે; અને સાથે મૂર્ખ પણ છે. વિદેહી–પરબ્રહ્મમાં રમણ કરનારો પુરુષ તો સદા સદ્રૂપે જ રહે છે. તે બ્રહ્મ વિના અન્ય પદાર્થ દેખતો જ નથી. નટ જેમ નટવાનો વેશ ધારણ કરે છે ત્યારે પણ પુરુષ છે, ને તે વેશનો ત્યાગ કરે છે ત્યારે પણ પુરુષ જ છે, તેમ બ્રહ્મવેત્તા, દિગમ્બર હોય કે સામ્બર હોય, ત્વગમ્બર હોય કે ચિદમ્બર હોય, તેમાં અધિક શું ને ન્યૂન શું, એ તારા જેવો વિદેહી ન જાણે ને તેમાં તને વિલક્ષણતા જણાય, તે તારું મૂર્ખપણું નહિ તો અન્ય શું! તારામાં

વિદેહપણું નથી; કેમકે જેનામાં અખંડિત સદ્રૂપતા હોય છે, તે જ વિદેહી છે; સદ્રૂપતાનો અભાવ એ જ સદેહીપણું ગણાય છે. તું સદેહી છે તેથી તેં મને નગ્ન જોઈ, પણ સદ્રૂપતા હોત તો બ્રહ્મરૂપ જ જોત. જે સ્થિતપ્રજ્ઞ છે તે જ વિદેહી છે. મારી પ્રતિજ્ઞા હતી કે, જે સ્થિતપ્રજ્ઞ હોય, તે જ મારો સ્વામી થવાને યોગ્ય છે; અન્ય તો પશુ છે, તેની હું લજ્જા ધરતી નથી. પશુની લજ્જા કોણ ધરે છે? આ મહામુનિ ઉંચ કોટીના, સ્થિતપ્રજ્ઞ બ્રહ્મરૂપ છે ને તેની જ મેં લજ્જા ધરી છે. તું સ્થિતપ્રજ્ઞ નથી, તે એપરથી જ પ્રત્યક્ષ થાય છે કે, તેં મને નગ્ન જોઈ, કૌતક થયું ને નગ્નાવસ્થાને દૂષણ ગણ્યું છે. તું પૂછે છે કે, હું કોણ છું? એ પ્રશ્ન તારી અજ્ઞાનતા સૂચવે છે. માટી ને પાણી જેમ સ્વભાવથી ભેળાં છે, તેમ આ દેહ જડ અને ચેતનથી ભેળો છે; અને એ જડ ચેતનના સંયોગથી હું નિર્માણ થયેલી છું. હવે એ જડ ને ચેતન સર્વમાં છે. જે જડ તારામાં છે તે મારામાં છે ને જે ચેતન તારામાં છે તે મારામાં છે. તું કોને પ્રશ્ન કરે છે કે હું કોણ છું? જડને પ્રશ્ન કરતો હોય તો, જે રેતીના કણ એક બીજા સાથે ભેળાયલા છતાં, એક બીજાને જાણતા નથી, તેમ જડ, જે નેત્ર શ્રોત્રાદિ છે, તે એક બીજાને જાણતાં નથી, તો તેઓ શું ઉત્તર આપશે? ચેતનને પ્રશ્ન કરતો હોય તો ચેતન એક જ છે, જે તારામાં છે તે જ મારામાં છે, તો પૂછ તારા ચેતનને કે હું કોણ છું? પ્રત્યેકમાં એક જ ચેતન ને એક જ જડ છે તો શું પ્રત્યેક વ્યક્તિને જૂદું જૂદું જ્ઞાન હોઈ શકે? નહિ જ.

"હે રાજા જનક! જાણ કે જે અવ્યક્ત પ્રકૃતિ ત્રીશ કળાથી* વ્યક્ત પામી છે, તે હું છું, તું છે ને જગત્ માત્ર છે. તું પ્રશ્ન કરે છે કે તું કોની છે ને મારા રાજભવનમાં ક્યાંથી આવી? એ પ્રશ્ન પણ મૂર્ખતા ભર્યો છે. જેની સ્થિતિ ક્રમે ક્રમે ને ક્ષણે ક્ષણે બદલાતી હોય, એક રૂપમાં ન હોય, જેનો તું છે તેના જ સર્વ છે, તો હું કોની કહેવાઉં? કેમકે સ્ત્રીના ગર્ભાશયમાં વીર્ય અને રુધિરના મિશ્રણથી આ દેહ બંધાય છે; તેમાંથી નવમે માસે જન્મ થાય છે; ચિહ્નથી સ્ત્રી પુરુષ કહેવાય છે; બાળપણમાંથી ક્રમાનુસાર વધી યુવાવસ્થાને પામે છે ને પછી

* પંચજ્ઞાનના હેતુ, પંચ ઇંદ્રિય, મન, બુદ્ધિ, સત્વ, અહંકાર, વાસનાત્મક જગત્, અવિદ્યા, પ્રકૃતિ, વ્યક્તિ, દ્વંદ્વ–સુખ દુઃખ–જન્મ મરણ–લાભ હાનિ–પ્રિય અપ્રિય, કાળ, પંચમહાભૂત ને સદ્ભાવ, અસદ્ભાવ, વિધિ, વીર્ય ને ત્રીશમું બળ.

વૃદ્ધ થાય છે, ને અંતે મરણ પામે છે. આમ ક્રમે ક્રમે પૂર્વ પૂર્વ રૂપો નાશ પામતાં જાય છે, ને દીવાની જ્યોતિપેરે નવાં નવાં રૂપોને, જીવાત્મા, ક્ષણે ક્ષણે ધારણ કરે છે. આમ રૂપાંતર ને સ્થિત્યંતર થતું જાય છે. આ સર્વ વિકારો દેહને ધારવા પડે છે, આત્માને તેની સાથે કંઈ પણ લેવા દેવા નથી–તે તો વિકાર રહિત છે. ત્યાં કોણ કોનું છે ને ક્યાંથી આવ્યું, એ પ્રશ્નનું ઉત્તર શું આપું? જ્ઞાનીને એ પ્રશ્ન કેવો? પ્રાણીને પોતાનાં હાડકાં ને ચામડાંની સાથે સંબંધ નથી, તો પછી બીજા સાથે તે શાનો સંબંધ હોય? જીવને એક સ્થિતિમાં ઠરવાનું નથી, તો હું જે આત્મરૂપ છું તેને કોની મનાઉં, અને હું કોણ છું ને કોની છું ને ક્યાંથી આવી, એ કેમ સમજાવી શકું? હે રાજા! જો તું સમાનપણાનો અનુભવી હત–અદ્વૈતમાં મગ્નમસ્ત હત તો, આ પ્રશ્ન જ ઉદ્ભવત નહિ; પણ તારામાં જ્ઞાનની ઉણપ છે, તે જ તને આવો પ્રશ્ન કરાવે છે. જ્ઞાની છે તે તો સર્વને દ્વંદ્વથી નિર્મુક્ત જ જોય છે. હવે જાણ કે, જ્યાંથી તું આવ્યો છે, ત્યાંથી જ હું પણ આવી છું. જે સ્થાન તારું ને સર્વનું છે તે જ સ્થાન મારું ને સર્વનું છે ને ત્યાંથી હું પણ આવી છું. વળી તું પૂછે છે કે, આ સભામાં કેમ આવી? કોની સભા ને કોનું મંદિર, એ તું જાણતો નથી, તેથી જ એવો અભિમાનવાળો તું પ્રશ્ન કરે છે. આ મંદીર ભૂતમાં તારું હતું નહિ ને ભવિષ્યમાં તારું રહેવાનું નથી ને વર્તમાનમાં પણ તું એનો સ્વામી નથી; કેમકે તું મંદિરના એક વિભાગમાં જ તારું સ્થળ છે. તે વિભાગનો પણ તું સ્વામી નથી, કેમકે એક પલંગપર જ તારી શય્યા છે; અને એ શય્યાનો પણ તું સ્વામી નથી, કેમકે તેના અર્ધની સ્વામિની, તારી અર્ધાંગના છે. તો તારી નગરી ક્યાં છે, તારું મંદિર ક્યાં છે? ને તારી સભા ક્યાં છે? પણ હે રાજા! તને હજી ઉપશમની પ્રાપ્તિ થઈ નથી ને પ્રાકૃત મનુષ્ય પેરે તું માત્ર વૃદ્ધ જ થયો છે, તેથી આવી અર્થ વગરની વાણી બોલે છે; તું જ્ઞાનવૃદ્ધ નથી, તેથી જ તને દ્વૈતપણું દૃષ્ટે પડે છે. તારું મન અને ઇન્દ્રિયો વિષયોન્મુખ છે; તેથી જ હું તારી દૃષ્ટિમાં નગ્ન દેખાઈ છું ને મને જોઈ તને કૌતુક થયું છે. હું તો બ્રહ્મરૂપ છું, તું પણ બ્રહ્મસ્વરૂપ છે, બ્રહ્મ બ્રહ્મને નગ્ન કીયે પ્રકારે જોઈ શકે છે? હે જનક! તું સ્થિતપ્રજ્ઞ હોત તો તને, હું કે જે સદા જ અંબરધારિણી છું, તેને તું નગ્નાવસ્થામાં છું, એમ દૃષ્ટે જ પડત નહિ.”

ગાર્ગીનાં આવાં અણમોલ, બોધક ને તત્ત્વથી ભરપૂર વચન સાંભળી, તે રાજા, જે પોતાને વિદેહમુક્ત થયલો નિરભિમાનપણે માનતો હતો તેનું રહેલું સહેલું અભિમાન ગળી ગયું. તે ગાર્ગીને પગે પડ્યો ને 'મને જ્ઞાન આપો,' એમ ભિક્ષા માંગી. ગાર્ગીએ કહ્યું; "હે રાજા! આ તારા સમર્થ ગુરુસમક્ષ હું જ્ઞાન આપવાને અધિકારિણી નથી. એને જ પૂછ. તને વિદેહમુક્ત કરવાને એ જ સમર્થ છે. પણ આ મારા સ્વામી ને તારા ગુરુને હું એક પ્રશ્ન પૂછું છું, તેનું ઉત્તર તું શ્રવણ કર, તેથી જ તારો અર્થ સરશે!" પછી ગાર્ગીએ ઉભય કરજોડી, પ્રણામ કરી, યાજ્ઞવલ્ક્યને પૂછ્યું; "હે ભગવન્! કહો, કનક અને કામિનીના ત્યાગથી કંઈ શ્રેષ્ઠ છે? જન્મ મૃત્યુથી કોણ મુક્ત છે?"

મુનિ ચક્રચૂડામણિએ ગંભીરપણે વિચાર કરી કહ્યું; "હા, છે! કનક ને કામિનીનો ત્યાગ હઠથી પણ થાય છે, ને એ સ્થૂલ ત્યાગ છે; એમાં વિશેષતા યત્કિંચિતે નથી. પણ જે સૂક્ષ્મ ને કારણનો ત્યાગ કરે છે, તે જ શ્રેષ્ઠ છે. કામનો ત્યાગ સરળપણે કરી શકાય છે; પણ 'સૂક્ષ્મ'નો ત્યાગ અતિ કઠિણ ને દુર્લભ જ છે. એક સ્ત્રી જન્મથી કુંવારી રહી હોય, તેણે સાઠ વર્ષનું આયુષ્ય બ્રહ્મચર્યમાં વીતાડ્યું હોય, પુરુષના સંગનો તો શું, પણ તેના અંગના રંગનો પણ સંકલ્પ થયો ન હોય, એવું ઉગ્ર બ્રહ્મચર્ય તે હઠથી પાળી શકી હોય, પણ તેનામાંથી 'સૂક્ષ્મ'નો ત્યાગ ન થયો હોય તો તેને પતનનો નિશ્ચય જ છે. કર્મયોગે તે માંદી પડી ને આસપાસના મનુષ્યો વૈદને લાવ્યા. તે બ્રહ્મચારિણી સ્ત્રી પુરુષનો સ્પર્શ કરતી ન હોવાથી તેને પડદામાં બેસાડી હાથે દોરી બાંધી. તે દોરીનો છેડો વૈદના હાથમાં આપ્યો, અને વૈદે દોરી ઝાલતાં જ, તે બ્રહ્મચારિણીના અંગને ઠંડક વળે એવી ભાવના કીધી ને તે ભાવના બ્રહ્મચારિણીને ફળીઃ તેને શાંતા વળી. પણ તે જ ક્ષણે તે સ્ત્રીના હૃદયાકાશમાં નૂતન ભાવના જન્મી કે હાથે બાંધેલી દોરીદ્વારા મને પુરુષનો સ્પર્શ થતાં જ આટલી શાંતિ વળી, તો જે સ્ત્રીઓ સદાકાળ પુરુષનો સ્પર્શ કરતી હશે, તેને કેટલી શાંતિ વળતી હશે? આ વિચારને અંતે તેનું અવસાન થયું ને તેને વેશ્યાનો જન્મ ધરવો પડે છે. તાત્પર્ય કે, હઠથી કનક કામિની તજાય છે, પણ જે 'સૂક્ષ્મ' છે તે જ્યાંસુધી તજાય નહિ ત્યાંસુધી, હઠનાં કર્મો નિરર્થક જ છે. સ્થૂલનો ત્યાગ હઠથી બને છે, તેથી તે શ્રેષ્ઠ નથી, પણ સૂક્ષ્મનો જે ત્યાગી છે તે જ ત્યાગી છે ને તે જ શ્રેષ્ઠ છે. હવે, હે સકળ

તત્ત્વના તત્ત્વને જાણવાવાળી વિદુષી ગાર્ગી! 'કારણ' કેમ ત્યાગવું, તેની કથા કહું છું તે સાંભળ. કોઈ એક અરણ્યમાં એક બ્રહ્મનિષ્ઠ મુનિ વસતા હતા. તેના અચળ–અટલ તપોબળથી પ્રસન્ન થઈ ઇંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, શંકર, દેવ ને દેવી સર્વે પધાર્યા. સર્વ તત્ત્વવિદ્ દેવોએ બ્રહ્મવેત્તાને આશીર્વાદ આપી કહ્યું; 'તમે અમારા લોકમાં પધારો.' મુનિએ પ્રશ્ન કીધો; 'હે દેવતાઓ! કહો મને, તમારા લોકમાં નિત્યનું–શમતા વિષમતા રહિત અખંડ સુખ છે?' સર્વ દેવોએ કહ્યું; 'ના, અખંડ સુખ અમારા લોકમાં નથી. અખંડ સુખ તો બ્રહ્મધામમાં જ છે!' તે બ્રહ્મવેત્તાએ કહ્યું; 'એમ છે તો આપ પધારો. જ્યાંનું સુખ નાશરૂપ હોય ત્યાં મારે આવવાની ઇચ્છા નથી; મારે તો અખંડ સુખના ભોગી થવું છે; કેમકે તેજ શ્રેષ્ઠ છે!' દેવતાઓના પધારી જવા પછી, કોઈ કાળે એ બ્રહ્મવેત્તાના હૃદયાકાશમાં અભિમાન સ્ફુર્યું કે, 'અહો! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર જેવાએ મને પોતાના લોકમાં લઈ જવાને સમજાવ્યો–પ્રાર્થ્યો, છતાં હું નિઃસ્પૃહ થયો થકો નહિ ગયો! મારી જગાએ અન્ય હત તો તત્ક્ષણે તૈયાર થાત.' આવું અભિમાન સ્ફુરી આવતાં તેનો દેહ છૂટી ગયો ને એ અભિમાન યોગે કેટલોક કાળ તેને આ લોકમાં રગડાવું પડયું. માટે હે ગાર્ગી! સૂક્ષ્મ ને કારણનો નાશ કરી, જે પુરુષ સમચિત્ત રહી વિચરે છે તેજ શ્રેષ્ઠ છે. કનક કામિનીત્યાગ શ્રેષ્ઠ નથી. અખંડિત બ્રહ્મચર્ય પાળ્યા છતાં દોરીના સ્પર્શથી પુરુષનો સ્પર્શ સુખદાયી વિચાર્યાથી વેશ્યાપણું પ્રાપ્ત થાય; નાશવંત લોકના સુખને તુચ્છ ગણવારૂપી દૃઢજ્ઞાન થયા છતાં, મુનિને તે નિઃસ્પૃહપણાનું પણ અભિમાન સ્ફુરે, એ એની અપૂર્ણતા છે ને તેથી પતન થાય છે. એટલા માટે, જ્ઞાનીએ, ગમે તેટલાં જ્ઞાન છતાં પણ, પુરુષાર્થ કરી, સ્થિતપ્રજ્ઞ રહેવા માટે 'સૂક્ષ્મ' ને 'કારણ' નો ત્યાગ કરવો. એ ત્યાગ તો જેને બ્રહ્માનંદનો અજર નિશો ચઢેલો છે, ને ગમે તેવી ખટાશથી પણ ઉતરતો નથી તેનાથી જ થાય છે; કેમકે તેને 'સૂક્ષ્મ' ને 'કારણ' બાધ કરતાં નથી. એવા બ્રહ્મનિષ્ઠની પ્રજ્ઞા ત્રણે કાળમાં દૃઢ–સમતાવાળી જ રહે છે. તેના સ્થાનમાંથી દ્વૈત ઓગળી જાય છે. જેનો કનક ને કામિનીનો ત્યાગ શ્રેષ્ઠ હોય, તેનાથી શ્રેષ્ઠ સૂક્ષ્મ ને કારણનો ત્યાગ છે. એ ત્યાગ ત્યારે જ થાય છે, હે જ્ઞાતા ગાર્ગી! કે જે એ 'વેદ્ય' નો જ્ઞાતા છે; અને તેજ સર્વરૂપ આત્માને જાણી, સર્વ પદાર્થોને આત્મારૂપ જોય છે ને તેજ સૂક્ષ્મ કારણનો

ત્યાગ કરવે સમર્થ છે ને તેજ જન્મમૃત્યુથી મુક્ત છે. અનેકાગ્રહ બુદ્ધિવાળો કે જેણે બ્રહ્મને આત્મારૂપે પીછાણ્યું નથી, અવ્યક્તનો જ્ઞાતા નથી, તે તપ, યોગ, દાનાદિક કરતો સતો, કાળ આવતાં દેહને જ પામે છે ને જન્મમરણથી મુક્ત થતો નથી."

આ પ્રમાણે ગાર્ગી સાથે અનેક પ્રકારે સંવાદ કરી મુનિચક્રચૂડામણિ યાજ્ઞવલ્કયે, જનકને 'વેદ્ય' (જાણવા યોગ્ય)નું પરમ વિશુદ્ધ તત્ત્વજ્ઞાન સમજાવ્યા પછી, તે વિદેહમુક્ત થયો હતો. એવા પરમજ્ઞાનના સંપાદનથી જ અર્થાત્ સૂક્ષ્મ કારણના નાશ પછી જ, જનક વિદેહી થઈને રાજ્ય કરતો હતો. જનક, યાજ્ઞવલ્કય, વસિષ્ઠાદિ જીવન્મુક્ત તેમ જ વિદેહમુક્ત હતા. તે સંસારમાં રહ્યા છતાં પણ નિર્લેપ હતા. એ તેમનું સામાન્ય પુરુષાર્થ નહતું–અપ્રતિમ–અલૌકિક પુરુષાર્થ હતું; તેમનું જ્ઞાન શુદ્ધ હતું.

રાજા જનક પરમ તત્ત્વને વિશે અખંડવૃત્તિનો પ્રવાહ વહેવરાવી, અંતકાળે ભગવદ્રૂપને યથાર્થ જાણીને, કૈવલ્ય ગતિને પામ્યો હતો. હે વત્સ સુવિચાર! પૂર્વ જન્મના ઋણાનુબંધની, પૂર્વ જન્મનાં કરેલાં કર્મની તથા વિદેહી જનકના આત્મશોધનની આ કથા, તમારું કલ્યાણ કરો. ગૃહસ્થાશ્રમમાં રહીને આ સ્થિતિને પ્રાપ્ત થયેલા જીવો દુર્લભ જ છે. દુર્લભ છે તેથી જ તેઓ કાળના કાળ વહી ગયા છતાં ત્રણે લોકમાં પૂજાય છે.

આ લાંબો ઇતિહાસ કહીને હિમગિરિના મહાત્મા મૌન થયા. પરમ સંતોષ પામેલા બન્ને શિષ્યો મહાત્માનાં ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકીને, આ અદ્ભુત ઇતિહાસના શ્રવણનું મનન કરતા કરતા પોતાના આશ્રમમાં ગયા.

# ષષ્ઠ બિન્દુ

## ઈશ્વરસિદ્ધિ

**पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया।**
**यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम्॥**

હે પાર્થ ! એ પરમપુરુષ, અનન્યભક્તિથી-અપરોક્ષાનુભવથી-લભ્ય છે-જાણી શકાય છે, જેને વિષે સર્વે ભૂત રહેલાં છે-જેણે આ સર્વ વિસ્તાર્યું છે.

પ્રભાતના શ્રી શંકરરૂપ મહાત્મા દર્ભાસન ઉપર બિરાજમાન હતા. બીજા દર્ભાસન ઉપર સુવિચાર બેઠો હતો. ભૂમિપર તેની સ્ત્રી છદ્મલિંગ બેઠી હતી. મહાત્માએ સમાધિમુક્ત થઈને બન્નેને આશીર્વાદ આપ્યો. તે પછી હાથ જોડીને સુવિચાર બોલ્યો; "હે ગુરુદેવ! ઈશ્વરનું સ્વરૂપ કેમ ઓળખી શકાય? એ વિષય સંબંધે મારા મનમાં ઘણી જ ભાંજઘડ થયા કરે છે. અનેક ઋષિ મુનિઓએ અનેક પ્રકારે ઈશ્વરનું સ્વરૂપ વર્ણવ્યું છે, પરન્તુ તે સ્વરૂપનો સાક્ષાત્કાર હૃદયાકાશમાં કે નેત્રદ્વારા થઈ શકતો નથી. એ કેમ થઈ શકે? શ્રુતિ કહે છે કે, ઈશ્વર વ્યાપક છે-જેમ વાયુ વિશ્વમાં વ્યાપી રહ્યો છે તેમ ઈશ્વર પરમાત્મા ચરાચરમાં વ્યાપીને રહ્યો છે. એ વ્યાપક ઈશ્વર એક સ્વરૂપે કેમ દૃષ્ટિગોચર થઈ શકે? જે ઈશ્વરને આ જગત્ જોવા તલશે છે, એ ઈશ્વરમાં વ્યાપ્ય વ્યાપક ભાવ જોઈને, તેની પ્રતિમા ચક્ષુ સમીપ ખડી થાય તો ઈશ્વરને સાકાર કહી શકાશે. પણ આપે અનેક પ્રસંગે કહ્યું છે કે, ઈશ્વર સાકાર નથી, પણ નિરાકાર છે, નિરવયવી છે, અજર છે, અમર છે, સર્વવ્યાપક, ચિદાત્મક, સર્વગુણસંપન્ન છે; તેને કર્તાપણું કે ભોક્તાપણું નથી. છતાં આપ એમ પણ કહો છો કે તે સાકાર છે; અને અનેક અવતાર ધારણ કરે છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ કહ્યું છે કે; यदा यदा हि

धर्मस्य ग्लानिर्भवति भारत। तदात्मानं सृजाम्यहम्। 'જ્યારે જ્યારે ધર્મ નાશ થાય છે, ત્યારે ત્યારે હું એટલે સચ્ચિદાનંદ, નિર્ગુણ, નિરવયવી, સર્વવ્યાપક એવો જે પરમાત્મા, તે આ જગતમાં અવતરું છું.' એ ઈશ્વરનું સાકાર સ્વરૂપ સિદ્ધ કરે છે. વળી વેદ, જે પરમાત્માની વાણી છે તે 'નેતિ નેતિ' શબ્દવડે–'એ નહિ, એ નહિ' એમ કહી, રૂપમાત્રનો અનાદર કરે છે. હવે ઈશ્વરને નિરાકાર કહીએ તો, પ્રાર્થના કરતાં, 'હે પ્રભુ! તું અમારા-પર દૃષ્ટિ કર!' એ શબ્દો વદીએ છીએ, તે અર્થ રહિત થઈ પડે; કેમકે જે નિરાકાર છે–જેને હાથ, પગ, મુખ, કર્ણાદિ ઈન્દ્રિયો નથી, તેને નેત્ર પણ હોય નહિ અને નેત્ર હોય તે સાકાર ગણાય; હવે નેત્ર વગર કૃપાની દૃષ્ટિ કેમ કરી શકે? વળી સાકાર સ્વરૂપ તો જીવને સાધ્ય છે, પણ નિરવયવી, નિર્ગુણ, નિરંજન, સચ્ચિદાનંદઘન સ્વરૂપ જીવની દૃષ્ટિમાં કેમ ઉતરી શકે? તેનો સાક્ષાત્કાર કેમ થાય? અભેદ, મુક્ત, અજર, સર્વવ્યાપી એવું સ્વરૂપ જાણવાનો સાક્ષાત્કાર થવાનો પ્રકાર, હે ગુરુ-દેવ! અમને બતાવો. શંકરરૂપ શ્રીશંકરે પણ 'ભજ ગોવિંદમ્' ગાયું છે, તેમ नंदप्राङ्गणरिंगणलोलमनायासं परमाकाशम्। नानाकल्पितनानाकारमनाकारं भुवनाकारं॥ (નંદનાં આંગણા વિશે મંદ મંદ ગતિ કરતા, શ્રમ વિનાના, પરમ આકાશરૂપ, અનેક પ્રકારનાં કલ્પિત આકારોને ધારણ કરનારા, નિરાકાર, ત્રણે ભુવનોરૂપ શ્રીકૃષ્ણ પરમાત્મા છે) વગેરે ગાઈને ઈશ્વ-રનાં સાકાર, તેમજ નિરાકાર બન્ને સ્વરૂપો દર્શાવ્યાં છે. તેમ જ ગીતા, ઉપનિષદ્ ને બીજે અનેક સ્થળે તેમને નિરાકાર, નિરવયવ માન્યા છે. એ પ્રમાણે મહાત્મા પુરુષો પણ પરમાત્માના સ્વરૂપનું નૂતન નૂતન પ્રકારે વર્ણન કરે છે. જે સ્વરૂપને શિવ બ્રહ્માદિ જાણી શકતા નથી; જેઓ જાણે છે તેઓ પણ 'નેતિ નેતિ'–'એ નહિ, એ નહિ'–એ શબ્દ-વડે તેનું વર્ણન કરે છે; તો પરમાત્માનું શુદ્ધ અને સાક્ષાત્સ્વરૂપ કેવું છે, તેનાં દર્શન અમને કરાવો. આપ મહાત્મા, સંગથી રહિત, સત્પુરુ-ષોમાં ઉત્તમ, નિત્ય તથા અદ્વિતીય આનંદ રસથી વ્યાપક ને દયાના સમુદ્ર છો, તે અમારા ઉપર કૃપા કરો! આપના અનુગ્રહથી અમારા અનેક પ્રકારના સંશયો છેદાઈ ગયા છે; અમે ભાગ્યશાળી થયાં છીએ; કૃતાર્થ થયાં છીએ; કામાદિક અગાધ જુડથી ભરેલા સંસારરૂપી સાગ-રથી મુક્ત થવાને જિજ્ઞાસુ બન્યાં છીએ; આપ કૃપા કરીને એ અવિ-નાશી, અવિકારી, કૈવલ્ય સ્વરૂપનાં દર્શન કરાવીને આ જીવને કૃતાર્થ કરો."

મહાત્મા ક્ષણભર મૌન ધારણ કરી નેત્ર મીંચીને બેસી રહ્યા. પછી બોલ્યા; "હે વત્સ! તારા જેવી જ જિજ્ઞાસા પૂર્વકાળમાં કોઈ એક રાજાને થઈ હતી, તેની કથા તું સાંભળ!"

આ વિશ્વમાં કોઇએક નગરમાં, સંપત્તિમાન્, વિદ્વાન્, ગુણજ્ઞ, શાસ્ત્રવેત્તા, સંસ્કારી, સત્પુરુષોને સેવનારો એક રાજા રાજ્ય કરતો હતો. તે પરમ પદાર્થનો જિજ્ઞાસુ હતો! પૂર્વ જન્મના સંસ્કારયોગથી એ રાજાને ઈશ્વરદર્શન–બ્રહ્મપ્રાપ્તિની જિજ્ઞાસા થઈ હતી. અનેક મહાત્મા, સંત પુરુષો, પંડિતો, તેના મનનું સમાધાન કરવા માટે તેની સભામાં આવતા હતા. પણ કોઈ તેના મનનું સમાધાન કરી શક્યા નહિ. એ રાજા સર્વ મહાત્મા પુરુષોને એક જ પ્રશ્ન કરતો, "તમે ઈશ્વરને જાણો છો? તે છે? કેવો છે? તે છે તો મને તે બતાવો. ન બતાવી શકતા હોય તો તે નથી જ એમ માનો. પછી પાપ કે પુણ્યે નથી. દાન, તપ, વ્રત પણ નકામાં છે. તેને માટે ભજન યજન પૂજન શા અર્થે?" રાજાનું પ્રશ્ન અતિ ગૂઢ-કૂટ હતું. વિશ્વનગરમાં રહેલા જીવો, પોતાનું જ સ્વરૂપ જાણતા ન હોતા, તો ઈશ્વર, પરમાત્મા, બ્રહ્મ, પરબ્રહ્મનું સ્વરૂપ ક્યાંથી જાણે અને બતાવે પણ કેમ? જાણવાનો અહંભાવ ધરાવે તે તેઓની ક્ષુલ્લકતા જ હતી. છતાં એ ક્ષુલ્લક જીવો, રાજાને કોઈ રીતનું ઉંધું ચત્તું સમજાવી, તેની પાસેથી દ્રવ્યપ્રાપ્તિની લાલસાથી કહેતા હતા કે, અમે ઈશ્વરને સંપૂર્ણ રીતે જાણીએ છીએ અને તેને બતાવવાને પણ સમર્થ છીએ. રાજા કહેતો કે–"મને બતાવો!" આત્મા–પરમાત્માના સ્વરૂપને નહિ જાણનારા અને દ્વૈત ને અદ્વૈતના રહસ્યથી બહિર્મુખ એવા જીવો રાજાના મનનું સમાધાન કરીને, તે દ્વારા, સત્, ચિત્, આનંદ, ઘન એવું પરમાત્માનું સત્ય તથા અસત્યથી વિલક્ષણ કોઈ અન્ય પદાર્થના જેવું, પણ દૃષ્ટિથી અગોચર સ્વરૂપ બતાવવાનો પ્રયત્ન કરતા હતા; પણ ભેદરહિત બ્રહ્મનું પ્રતિપાદન કરવું અને તેને માયિક દૃષ્ટિથી ગોચર થાય તેમ બતાવવામાં માયિક જીવો ફળીભૂત થતા નહતા; એટલે રાજા વધારે ને વધારે શંકાશીલ થતો હતો. તે સત્યાસત્યને બહુ સારી રીતે જાણનારો હતો, સંસારથી અત્યંત ઉદાસીન થયેલો હતો, પરંતુ સર્વ પદાર્થો સેવનારો ને પરમાત્માનું સત્ય સ્વરૂપ સંસારમાં રહી જાણવાને જિજ્ઞાસુ હતો. તેની વૃત્તિઓ ઉત્તમ સ્થાનમાં ઠસતી હતી, તે નિત્યાનિત્ય વસ્તુનો વિવેકી હતો, શમાદિક ષટ્સંપત્તિનો ઉપાસક

હતો, પણ શુદ્ધભાવનાથી વેષ્ટિત જીવને જે પરમદિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થતો, તે તેને ન થતો હોવાથી, નિત્ય જ પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની ઘડભાંજ કર્યા જ કરતો હતો. એવો અધિકારી જીવ, દુનિયાદારીના વાક્પંડિત તથા વાણીના વૈખરીવાળા ને ભોગોના ભોક્તાઓના વાક્ચાપલ્યથી છેતરાઈ જાય, એ અશક્ય જ હતું. તેના મનનું સમાધાન કરવાને આવેલા પંડિતો સાથે આત્મા અનાત્માનો, પંચકોષનો, જગત્જીવનો, દૃશ્યાદૃશ્યનો તે એવી તો સારી રીતે વિચાર કરતો કે, પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનારા પ્રપંચી જીવો તેની સાથના વાદમાં પરાજિત થતા. આવા પરાજિત થયેલા અનેક મહાત્માઓને તે રાજા, જેમ વરુણપુત્ર બંદી જનક વિદેહીની રાજસભામાં અનેક પંડિત સાથ વિવાદ કરી પરાજય કરતો ને પછી તેમને જળમાં પધરાવતો હતો, તેમ જ આ રાજા પણ, પરાજિત થયેલા મહાત્માઓને, કેદ કરતો હતો, તેમ તેના કેદખાનામાં હજારો વિદ્વાન્, ગુણવાન્, દ્વૈત અદ્વૈત શાસ્ત્ર ભણેલા ને કેટલાએક તો વળી 'બ્રહ્મને અમે યથાર્થ જાણ્યો છે' એવું કહેનારા વેદાન્તીઓ કેદ પડેલા હતા. એ વિદ્વાનો, ગુણવાન્ ને બ્રહ્મને જાણવાનું શાસ્ત્ર ભણેલા હતા ખરા, પણ પોતાની અહંવૃત્તિથી જગતની માયામાં લોલુપ હોવાથી બંધાયલા હતા. તેમને પોતાને ઈશ્વરના સાકાર કે નિરાકાર સ્વરૂપનો નિશ્ચય જ ન હતો, તો સાક્ષાત્કાર તો હોય જ શાનો? એવાઓ બીજાને કેમ જ સાક્ષાત્કાર કરાવી શકે? જેનું પોતાનું જ પેટ ખાલી છે, તે બીજાને કેવી રીતે તૃપ્ત કરી શકે? ભિક્ષુક ભિક્ષુકને કેમ સંતુષ્ટ કરી શકે? પૂર્ણમાંથી જ પૂર્ણ થઈ શકે છે, અપૂર્ણમાંથી પૂર્ણ કેમ થઈ શકે? આ કલિયુગનો પ્રતાપ એવો છે કે, સૌ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા અને કરાવવા તત્પર થાય છે; સર્વે જીવો બ્રહ્મ બ્રહ્મ, ઈશ્વર ઈશ્વર, પરમાત્મા પરમાત્માનો પોપટની પેઠે ઉચ્ચાર કર્યા કરે છે; પરંતુ જેમ જળમાં રહેલા કમળને શીતળ અને મધુરા જળનો સ્પર્શ થતો નથી, તેમ જ આ જીવોને પણ બ્રહ્મનો જરાએ સ્પર્શ થતો નથી. તેઓ લટપટ પંછી છે; માયામાં મુગ્ધ છે; ઉદરપરાયણ રહી, વિષયસેવનમાં પ્રવૃત્ત રહેનારા છે; બ્રહ્મને જાણવાને ત્યાગની જે આવશ્યકતા છે, તેનાથી તેઓ બહિર્મુખ છે. જેની પ્રજ્ઞા પ્રકટ નથી, જે જીવ જ્ઞાનામૃતનું પાન કરીને તૃપ્ત અને કૃતકૃત્ય થયો નથી, તે જીવ ભલે અનેક શાસ્ત્ર ભણ્યો

હોય, સમર્થ ગુરુમુખથી આત્મા પરમાત્માના ભેદ અને અભેદનું જ્ઞાન શ્રવણ કીધું હોય, તોપણ બાહ્ય ઇન્દ્રિયોને આંતરમાં વાળ્યા વગર, બ્રહ્મ-પરમેશ્વર-પરમાત્માનો સાક્ષાત્કાર કરી કે કરાવી શકતો નથી. રાજાએ કેદખાને મોકલેલા પુરુષોમાં એક પણ જીવ ખરો તત્ત્વવિત્ ન હતો; બ્રહ્મનો સાક્ષાત્કાર પામેલો ન હતો; માર્ગે પણ ચ્હડેલો ન હતો. સર્વ વ્યવહારચતુર હતા. તે સર્વ માયામાં મુગ્ધ જ હતા. તેમાંના કોઇની પણ અહંતા મમતા નાશ પામી ન હતી, તેમ અવિનાશી પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન કરવાના અધિકારને પણ પામ્યા ન હતા. વત્સ! જાણ કે જગતમાં જે જાણતો નથી તે જ જાણે છે; જે જાણે છે તે જ નથી જાણતો. જે કહે છે કે હું જાણું છું તે નથી જાણતો; જે નથી જાણતો તે જ પરમાત્માના સ્વરૂપને જાણે છે કે માર્ગે ચ્હડેલો છે. વેદનું અધ્યયન કરનાર, અનેક ધર્મશાસ્ત્રને જાણનાર, જગતના કાર્યમાં અતિ કુશળ, મોટાં મોટાં સૈન્યનો પરાજય કરનાર, મોટાં મોટાં રાજ્યોને આંગળીના ટેરવાપર નચાવનાર, અનેક પદાર્થના ગુણાવગુણ શોધનાર, દ્વીપાંતરોમાં કીર્તિ સંપાદન કરનાર જીવ બ્રહ્મતત્ત્વને જાણતો નથી. જેની ચોમેર જગતની લીલા તરવરી રહી છે, જે જગતને તેના ગોચર થતા સ્વરૂપમાં જ 'સત્ય' જુએ છે, તેવો જીવ ગમે તેવાં મહાન્ કાર્ય કરનારો હોય છે તોપણ, તે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકતો નથી. દુનિયાદારીના ડાહ્યા પુરુષો દુનિયામાં જ ડહાપણવાળા ગણાય છે; પણ તેનું ડહાપણ પરબ્રહ્મને જાણવામાં નિષ્ફળ જ છે. બ્રહ્મસૂત્ર, ઉપનિષદ્ ને ગીતા ગુરુમુખથી સારી રીતે શ્રવણ કીધાં હોય, તો પણ જ્યાંસૂધી આત્મા અનાત્માની અભેદ સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ નથી, ત્યાંસૂધી તે જીવને પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિએ પડતું નથી. જેમ ધાતુની કડછી દાળ શાક વગેરેના સ્વાદિષ્ઠ રસને જાણતી નથી, તેમ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરનારો જીવ બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકતો નથી.

રાજાએ અનેક સંત મહાત્માઓને કેદખાનામાં પૂરવાથી, લોકોમાં તેની અનેક પ્રકારે અપકીર્તિ થવા લાગી. દેશ દેશાંતરમાં તેની વાતો ચર્ચાઈ. તે નાસ્તિક ને અધર્મી-બ્રહ્મપીડક ગણાયો. થોડો કાળ જતાં કોઈ પણ પંડિત, ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવાને તેની સમીપ આવવાને હિંમત કરી શકયો નહિ. કિંવદંતી એવી ચાલી કે, જેઓને કેદખાને પૂરવામાં આવેલા છે, તેઓને રાજા અનેક પ્રકારે દુઃખ દે છે, કોઇને

ઘંટીએ બેસાડી દળાવે છે, કોઇને રેંટીએ કાંતવા બેસારે છે, કોઇને બળદની પેઠે કોશે જોડે છે અને કોઇની પાસે બીજાં અનેક અધર્મનાં કાર્યો કરાવે છે. આવી આવી અનેક ચર્ચા લોકોમાં ચર્ચાવા લાગી. સૌ રાજાને ફીટ ફીટ કરવા લાગ્યું. કોઈ કહેવા લાગ્યા કે, 'ઈશ્વર કંઈ રસ્તામાં બેઠો છે કે, આવા પાપી રાજાને દર્શન દે!' ત્યારે બીજા બોલ્યા કે, 'બહુરત્ના વસુંધરા'–'ભલા ભલી પૃથ્વી પડી છે; કોઈ ઈશ્વરનો લાલ, એનું માથું ભાંગવા નિકળી આવશે;' કોઇએ કહ્યું કે 'હિમાચળમાં ઘણા મહાત્મા છે, તે આવે તો રાજાનો નાદરો ઉતારે;' અને કોઇએ કહ્યું કે 'આ કળિકાળમાં મહાત્મા જ કેવા! એ તો હવે ગયા.' બીજા નાસ્તિકવાદી બોલ્યા કે, 'ઈશ્વર હોય તો કોઈ બતાવે કેની! ઇશ્વર બીશ્વર એ તો મનની કલ્પના છે, તે ફાંફાં અને ફુંફાં છે, ઠગારાઓની ઠગ વિદ્યા જ છે.: આમ અનેક રીતે રાજાની નિંદા ને ચર્ચા થવા લાગી. રાજાએ કેદખાનાનું વૃત્તાંત જગતથી એવું તો ગુપ્ત રાખ્યું હતું કે, ત્યાં શું બને છે તે કોઈ જાણતું ન હતું. એથી બહારની પ્રજા પોતાના મનમાં આવે એવી અનેક કલ્પના કરતી હતી. પણ રાજા શુદ્ધસત્વ ગુણી હતો; બ્રાહ્મણોનો પોષક હતો; ધર્મના પાશવડે બંધાયલો હતો; ભગવદ્ધર્મના અનુષ્ઠાનવડે સર્વેશ્વર વિષે અખંડ ભક્તિમાન્ હતો; દયા, લજ્જા, ને ભયથી ભરપૂર હતો; જ્ઞાનમાં તે કંઈક સહેજ અપૂર્ણ હતો ને તેની વૃત્તિઓ વિષયમાં પ્રવૃત્ત હતી–તેથી જ તે બ્રહ્મનું તત્ત્વ જાણવાથી બહિર્મુખ રહ્યો હતો. 'तत्' પદ અને 'त्वं' પદના અર્થનું તેને યથાર્થ જ્ઞાન થયું ન હતું, તેમ આ જગતના માયિક પંડિતોએ તેને એવું ઠસાવ્યું હતું કે, પરમાત્મા નામ રૂપાદિકથી રહિત નથી પણ સહિત છે. તેનો સાક્ષાત્કાર મહાત્મા પુરુષો જ કરાવી શકે છે. તેથી જ તેને આ ચેટક લાગ્યું હતું કે, જે મને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી આપે તેનો હું દાસ થઇને રહું અને આ રાજપદનો ત્યાગ કરી સદાકાળ તેની સેવા કરું. એ રાજા કંઈ વિવેક રહિત ન હતો, તો પછી ગુણસંપન્ન મહાત્માઓને દુ:ખ દે, એ બને જ કેમ? પણ મંદબુદ્ધિને યોગે અજ્ઞાની પુરુષની પેરે, વ્યાપક પરમાત્માને પ્રમાણવડે જાણવાની ઇચ્છા ન કરતાં, અથવા તે રૂપાતીતને દૃષ્ટિએ નિરખવાને જે શુદ્ધ સાત્વિક પ્રેમ–ભક્તિની દઢતા જોઇએ, તેવી દઢતા ન થવા છતાં તે માયિક દૃષ્ટિથી તેનો સાક્ષાત્કાર કરવાને ઇચ્છતો હતો. હે વત્સ! પ્રકાશક આત્માને પ્રમાણની અપેક્ષા જ નથી–તે સ્વયં પ્રકાશ જ

છે. પ્રકાશક સૂર્યને જેમ પ્રકાશ માટે અન્ય પ્રકાશની અપેક્ષા નથી, તેમ સત્-ચિત્-આનંદ-ઘનાત્મક પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં અન્યની અપેક્ષા નથી. શુદ્ધ સાત્વિક પ્રેમ જ દર્શન કરાવે છે. પરંતુ એ જ્ઞાનથી તે વિમુખ હતો.

એ રાજા બ્રાહ્મણ, મહાત્મા, સંત કે તપસ્વીનો દ્રોહી ન હતો. પણ માનતો હતો કે, એ દ્વારા કોઈ પરમ પુરુષ મારું કલ્યાણ કરશે. કારાગૃહમાં પૂરેલા સંત મહાત્માઓને તે સર્વ પ્રકારનું સુખ આપતો હતો. પ્રભાતમાં ઉઠીને તે સર્વનાં દર્શને જતો, તેમનું પૂજન, અર્ચન, પાદપ્રક્ષાલન આદિ કરીને તેમનાં ચરણામૃતનું પાન કરતો. કારાગૃહવાસી સંતો કોઈ પણ વાતે દુઃખ ન પામે, તેની સંપૂર્ણ રીતે તપાસ રાખતો. આ સર્વ કાર્ય તે એવી તો ગુપ્ત રીતે કરતો હતો કે, કારાગૃહની બહારની પ્રજા કેવળ જ અજ્ઞાત રહી હતી. સંતો નિત્ય તેને આશીર્વાદ આપતા હતા કે, "હે રાજન્! અમારી ઈશ્વર પ્રતિ સપ્રેમ એવી યાચના છે કે, તારા મનનું સમાધાન થાઓ." રાજા પ્રેમપૂર્વક પ્રણામ કરીને કહેતો કે; "હે મહાત્મા પુરુષો! હે કરુણાના સાગરો! આપની કૃપાથી જ મારી કામના પૂર્ણ થશે. હું જે ઉત્તમ ફળની પ્રાપ્તિ ઇચ્છું છું, તે કેવળ આપનાં ચરણની કૃપાવડેજ પ્રાપ્ત થશે. મારી કામનાની મુક્તિ સાથે આ કારાગૃહમાંથી આપ સર્વની પણ મુક્તિ થશે."

રાજાએ દેશ પરદેશ ઢંઢેરો પીટાવીને જગતને જાણ કીધું કે, જે કોઈ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવશે, તેના મનની વ્યાવહારિક સર્વ કામનાની તે તૃપ્તિ કરશે-તેને પોતાનું રાજપાટ સોંપી દેશે, તે તેનો દાસ બની રહેશે. પણ જે કોઈ તેને છળવા આવશે, તેનો કારાગૃહમાંજ વાસ થશે. દેશ દેશાંતરથી અનેક પંડિતો, માયાના જીવડા સાધુસંતો, મોટા મોટા આચાર્યો ધન ને કીતિની લાલચે તેની ઇચ્છા તૃપ્ત કરવાને આવતા હતા. પરંતુ તેઓ નિરંતરનો કારાગૃહનો વાસ સાંભળીને પુનઃ ચાલ્યા જતા હતા. આવનારા પુરુષોમાં એક પણ પુરુષ ચૌદ લોકનો સંન્યાસી કે વિશ્વસુખનો ત્યાગી ન હતો; પણ સર્વે કીર્તિ સુખાદિકના લાલચુ હતા. કોઇની પણ ભોગવાસના નિર્જીવ ન હતી, તેમ ઉત્કટ વૈરાગ્ય પણ વ્યાપેલો ન હતો. એવા પુરુષો તે રાજાની શંકાનું જો સમાધાન કરી શકે તેમ ન હતું, તો પરોક્ષનું અપરોક્ષ દર્શન તો કરાવીજ ક્યાંથી શકે?

પણ એક સમયે સાક્ષાત્ અપર અષ્ટાવક્ર યોગી-તપસ્વી-મુનિ સંતનું રૂપ લઈ એ રાજાની સભામાં આવી ચઢ્યા. તેનું તેજોબળ જોતાંજ રાજા દિઙ્મૂઢ થઈ ગયો, સંભ્રમમાં પડી ગયો અને તુરત પોતાના આસન ઉપરથી ઉઠીને તે ઋષિનાં ચરણમાં પડ્યો; પછી અર્ઘ્યપાદ્યથી તેમની પૂજા કરી બે હાથ જોડીને બોલ્યો; "હે મહાત્મા! હે દેવેશ! આપ ભલે પધાર્યા! કહો હું આપની શી સેવા કરું. આ દાસ આપનાં ચરણ તલાસવામાં પોતાનાં જન્મનું સાર્થક સમજે છે!" અપર અષ્ટાવક્રે કહ્યું; "હે રાજા! હું તને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવા આવ્યો છું!" રાજાએ કહ્યું; "હે મુનિ! આપ મારી પ્રતિજ્ઞા જાણો છો? જે કોઈ મને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવે, તેને મારું આખું રાજ્યપાટ અને સકળ વૈભવ વિભૂતિ સોંપી દેવાને હું તત્પર છું; પણ જે દંભથી કપટથી કે છળથી મને છેતરવાનો પ્રયત્ન કરે છે, તેને હું નિત્યને માટે કારાગૃહમાં મોકલું છું!" અપર અષ્ટાવક્રે કહ્યું-"હે રાજન્! તારું રાજપાટ તારી પાસે રહેવા દે, મારે તેની કામનાજ નથી; કારાગૃહવાસ કરાવવો એ તો તારે માટે અતિ કઠણ કર્મ છે! અમારે સંતને તો રાજમંદિર ને કારાગૃહ સરખાંજ છે! પણ પ્રથમ તું પ્રશ્ન પૂછ ને તારી કામનાને સફળ કર; અને સત્વર તેં મૂઢતાથી અનેક મહાત્મા પુરુષોને કારાગૃહમાં પૂર્યા છે તેઓને મુક્ત કર." રાજાએ બે હાથ જોડીને પૂછ્યું; "હે સંત પુરુષ! પરમાત્મા છે? તમે તેને જાણો છો?" અપર અષ્ટાવક્ર બોલ્યા; "હા, છે, અને તેને હું જાણું છું!" રાજા બોલ્યો; "હે કૃપાસિંધુ! જો આપ પરમાત્માને જાણો છો, તો મને દર્શન કરાવો!" અપર અષ્ટાવક્રે કહ્યું; "હે રાજન્! હું તને દર્શન કરાવીશ. પણ હું જે આજ્ઞા કરું તે તું સાંભળ! આજથી આઠમે દહાડે તારા નગરમાંના શિષ્ટ પુરુષોની એક સભા કર; જે સંત મહાત્મા પુરુષોને કારાગૃહમાં પૂર્યા છે, તેમને એ સભામાં આવવાનું નિમંત્રણ કર; એ સર્વની સમક્ષ હું તને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવીશ!" રાજાએ પ્રણામ કરીને તે મુનિની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને મુનિરાજ આઠમે દિવસે આવવાનો વાયદો કરી તાત્કાલ ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયા.

આઠમે દિવસે પ્રભાતમાં રાજાએ મોટી સભા કીધી. નગરના શેઠ શાહુકારો, પંડિતો, ઝવેરીઓ, અધિકારીઓ અને સામાન્ય લોકોથી આખું દરબાર મંડળ ભરાઈ ગયું. એક બાજુએ કારાગૃહમાં પૂરેલા સઘળા મહા-

ત્માઓ પણ બિરાજમાન થયા હતા; તેઓ પણ કારાગૃહમાંથી મુક્તિ મળે તેને માટે પ્રાર્થના કરતા હતા કે, તે પરમેશ આ મહાત્માને યશ અપાવે. સભામંડપના મધ્યમાં મૂકેલા ઉંચા સિંહાસનપર અપર અષ્ટાવક્ર બિરાજેલા હતા. તેમનાં મુખચંદ્રના પ્રકાશથી સભામંડળ ઝળહળી રહ્યું હતું; તેમની તેજસ્વી મૂર્તિ જોઇને સર્વે દિઙ્મૂઢ થઈ ગયા હતા, તેમનાં મુખમાંથી અસ્ફુટ ૐકારનો જાપ જપાતો જ જતો હતો. સાક્ષાત્ શંકર જ રાજાના મનનું સમાધાન કરવાને પધાર્યા હોય તેવી તેમની આકૃતિ શોભી રહી હતી.

સભા ભરાઈ ગઈ. મહાત્માના મુખમાંથી શો શબ્દોચ્ચાર થાય છે, તે સાંભળવાને જેમ ચકોર પક્ષી ચંદ્રની સામા એકીટસે જોઈ રહે, તેમ સર્વની દૃષ્ટિ તેનાપર જ ઠરી રહી હતી. ચોપદારે નેકી પોકારી. સર્વ સ્થળે શાંતિ વ્યાપી ગઈ. પછી રાજા બોલ્યો; "હે મહાપુરુષ! હે યોગીન્દ્ર! મને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવો!" યોગીન્દ્રે કહ્યું, "હે રાજા! જરા ધીરો થા. પ્રથમ આ સભામાં બેઠેલા, હીરા-મોતી-માણેક પન્નાના પરીક્ષક ઝવેરીઓને મારી સમીપ બેસાડ." તુરત જ ઝવેરીઓને આગળ લાવીને બેસાડવામાં આવ્યા. તે પછી મહાત્માએ, રાજાના કંઠમાં પહેરેલો હીરાનો હાર તથા બીજા સામંતો અને મન્ત્રીઓના કંઠમાં પહેરેલા માણેક, રત્ન, લીલમ, પન્નાના હાર લીધા; અને સમીપ બેઠેલા ઝવેરીઓને કહ્યું; "હે મહાજનો! તમે ઝવેરાતની પરીક્ષા કરી શકો છો ખરા કે?" ઝવેરીઓ બોલ્યા; "હા, મહારાજ!" પછી યોગીન્દ્રે સઘળા હારો કડાંઓ વગેરે તેમને આપી કહ્યું; "આની પરીક્ષા કરો." ઝવેરીઓએ એક એક હાર હાથમાં લઇને જણાવ્યું કે, આમાંનો અમુક અમુક હીરો લાખ લાખ રતિનો છે-તેની કિંમત પચીસ લાખની છે;. અમુક હીરાની કિંમત દશ લાખથી ઓછી અંકાશે નહિ; અમુક લાલ અણમોલ છે; અમુક લીલમ એવી છે કે, સો રૂપીએ પણ કોઈ લે નહિ. એમ જૂદા જૂદા હીરા, મોતી, માણેક, લાલ, લીલમની કિંમત જણાવી; તેમ જ તે જવાહીરોની ઉત્તમતા, મધ્યમતા અને કનિષ્ઠતાનું પણ કેટલુંક વિવેચન કીધું.

અપર અષ્ટાવક્રે ઝવેરીઓને કહ્યું; "આ લાલ લીલમની પરીક્ષા તમે બરાબર કરી જાણો છો કે?" ઝવેરી મહાજને કહ્યું; "હા મહારાજ!" યોગીન્દ્રે કહ્યું; "જબ હમકુ અભીકે અભી યહ પરીક્ષા શીખા દો!

તુમ નહિ શીખાયગા તો ચાંડાલકે હાથસેં તુમારા શિર કટવા ડાલેગા!” આમ બોલતાંની સાથેજ યોગીન્દ્રે એવી તો ભયંકર મુખમુદ્રા ધારણ કીધી કે, ઝવેરીઓ ગભરાઈ ગયા, સભા આશ્ચર્યમાં પડી ગઈ, રાજા વિચારમાં ગોથાં ખાવા લાગ્યો. ભૂદેવો મનમાં વિચાર કરવા લાગ્યા કે, આ યોગીરાજ રાજાને કેઈ રીતે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવશે. ઝવેરીઓ એક બીજાના મોંઢા સામું ટગર ટગર જોતા વિચાર કરવા લાગ્યા કે, હમણાં ને હમણાં ઝવેરાતની પરીક્ષા કરતાં કેમ શીખવી શકાય? એ બને કેમ? ઝવેરીઓને થોડીવાર અન્યોન્ય વાતચિત કરતા જોઈ, યોગીન્દ્રે ક્રોધમુદ્રા ધારણ કરીને કહ્યું કે; “અબે ઝવેરીઓ, હમકુ શીખાતા હૈ કે નહિ? અભીકા અભી હમકુ ઝવેરાતકી પરીક્ષા શીખાવ, નહિતર અભીકા અભી તુમારા શિર કટવા ડાલુંગા!” એમ કહીને પોતાની પાસેનો એક લઠ્ઠ ઉગામીને પુનઃ બોલ્યા કે; “શીખાતા હૈ કે નહિ!” બીજા ઝવેરીઓ તો થરથર કાંપવા લાગ્યા, પણ તેમાંનો એક વૃદ્ધ ને હિંમતવાન્ ઝવેરી બોલ્યો; “મહારાજ! તમારે જોઇએ તો અભી ને અભી માથું કપાવી નાંખો, પણ અભી ને અભી અમારાથી તમને એ પરીક્ષાશક્તિ શીખવી શકાય તેમ નથી. લાલ લીલમની પરીક્ષા કરતાં કરતાં અમારાં કાળાંનાં ધોળાં થયાં, પછી હજી પૂર્ણ પરીક્ષકશક્તિ અમારામાં આવી નથી, તો જેણે કોઈ દહાડો લાલ લીલમ જોયાં નથી, તેને એ પરીક્ષા કેમ શીખવી શકાય?” પણ મહારાજ તો હઠ જ લઈ બેઠા કે; “અભીકા અભી શીખાવ; અભીકા અભી ઈસ્કી જો ન્યૂનાધિક કિંમત હૈ ઇસકા કારણ બતાવ, નહિતર તુમેરા શિર કટવા ડાલેગા;” અને પોતાના હાથમાંનો વજ્રદંડ ઉગામી તે ઝવેરીના મસ્તક૫ર પ્રહાર કરવાને તત્પર થઈ ગયા.

મહારાજની આ યુક્તિનો ભેદ રાજા સમજી શકયો નહિ. તેમને અત્યંત ક્રોધાયમાન થયેલા જોઇને રાજા પણ થરથરી ગયો ને મનમાં ગભરાયો કે, રખેને બાવાજી એકાદનું માથું ફાડી નાંખે! પછી તે કર દ્વય જોડીને પ્રણામ કરતો બોલ્યો; “હે મહારાજ! અભીને અભી તો આપને હીરા મોતી માણેક લાલ લીલમના મૂલ્યનો ભેદ, ઉત્તમ ને અધમપણું કેમ શીખવી શકે? એની પરીક્ષાશક્તિ તમને કેવી રીતે શીખવી શકે? એ શીખવાને–એનો ભેદ જાણવાને બહુ વર્ષો જોઇએ! આ ઝવેરીઓનો બાપદાદાનો ઝવાહીર પારખવાનો ધંધો છે અને બાળ-

પણુથી તે પારખવાનું શિખે છે તોપણ, હજી તે પાકા પરીક્ષક થયા નથી; તો આપ, જેણે કદાચ જ ઝવાહીરો જોયલાં, તેમને અભીકા અભી કેમ શિખવી શકે?" યોગીન્દ્ર બોલ્યા; "હં, ઐસા હૈ! અચ્છા–એ જડ પદાર્થકી પરીક્ષા શીખનેકુ બહોત કાળ ચૈયે, અભીકા અભી ઉસકી વિદ્યા પઢી શકાતી નહિ હૈ! અબ કે અબ એ ભેદકા સાક્ષાત્કાર હો ન સકેગા, ઐસા?" રાજાએ કહ્યું; "હા, મહારાજ! એ ભેદ જોવા, જાણવા ને સમજવાને બહુકાળ જોઈએ. અનેક પ્રકારના ભારે હલકા, નાના મોટા, લાલ લીલમ જોતાં જોતાં એની પરીક્ષાશક્તિ પ્રાપ્ત થાય છે; તે પછી એની ઉંચી નીચી જાત જાણી શકાય છે."

મહારાજને તો એટલું જ જોઇતું હતું. રાજાના મુખમાંથી એ જ વચન કઢાવવું હતું. પછી સૌમ્યદૃષ્ટિ ધારણ કરીને, ધ્રુજતા કંપતા ઝવેરીઓને શાંત પાડીને તે બોલ્યા; "હે રાજા! કંઈ સમજ્યો? તને તારી મૂર્ખાઇનું કંઈ ભાન થાય છે ખરું? આ નામ રૂપ રંગવાળો એક જડ પથરો છે, જે દૃષ્ટિએ આ સમાજ જોઈ શકે છે, લેઈ શકે છે, પારખી શકે છે, તેની પરીક્ષાશક્તિ પણ હમણાંને હમણાં સમજાવી–બતાવી શકાતી નથી; તો જે પરમાત્મા, સચ્ચિદાનંદ પ્રભુ, જેના જેવું કોઈ નથી–જેનું રૂપ નહિ, રંગ નહિ, નામ નહિ; કેવળ અદ્વિતીય જ છે; આ ચર્મચક્ષુવડે નહિ દેખાય એવો જે છે;–જે શબ્દાતીત છે, રૂપાતીત છે, ઇંદ્રિયાતીત છે, જેને વેદ 'નેતિ નેતિ' કરીને વર્ણવે છે, તે પરમાત્માનો તને અભીને અભી સાક્ષાત્કાર કરાવવો, એ કેમ બની શકે? અલ્યા મૂઢ! તેં આ અનેક સંત મહાત્મા પુરુષોને તારી મંદ બુદ્ધિના યોગે કેદ કર્યા છે, તેનું કંઈ કારણ? 'અભીને અભી' આ સર્વ મહાત્માને મુક્ત કર અને પછી હું તને ઈશ્વરનાં દર્શન કરાવીશ!" રાજા બુદ્ધિમાન્ હતો. તે મહાત્માના વચનના મર્મને બહુ સારી રીતે સમજી શકયો. તેણે પોતાના મન્ત્રીઓને બોલાવી, સર્વ સંત મહાત્માઓનો તેમની યોગ્યતા પ્રમાણે સત્કાર કરીને, સંતોષ પમાડી, કારાગૃહથી મુક્ત કીધા.

સભા વિસર્જન કરવામાં આવી. પણ મહાત્માનાં વચનામૃતનું પાન કરવા માટે સર્વ બેસી રહ્યા–એક ચલ્લુ પણ ત્યાંથી વિદાય થયું નહિ. અપર અષ્ટાવક્ર તો પોતાના જાપમાં લીન હતા. તેમની સામા એ હાથ જોડીને રાજાએ કહ્યું; "હે મહાત્મા! હે યોગીન્દ્ર! આપ મારી

કામનાને તૃપ્ત કરો! ઈશ્વરનો મને સાક્ષાત્કાર કરાવો!" થોડીકવાર મૌન ધારણ કરીને મહાત્મા બોલ્યા; "હે મૂર્ખ રાજા! હજી તારા મનમાં એવું ઘમંડ રહ્યું છે કે, ઈશ્વરનો સાક્ષાત્કાર ક્ષણભરમાં થઈ શકે છે? રે અલ્પમતિ પણ જિજ્ઞાસુ! ઈશ્વરનો સાક્ષાત્કાર થવો એ કંઈ સહજ નથી. જ્યાંસૂધી તારી માનસિક-માયિક વૃત્તિ ફેરવાઈ નથી, દિવ્ય નેત્ર પ્રાપ્ત થયાં નથી, ત્યાંસૂધી ઈશ્વરનો સાક્ષાત્કાર તને થઈ શકશે નહિ! ઈશ્વર ચક્ષુષનો વિષય નથી, પ્રેમનો-જ્ઞાનનો વિષય છે. માટે તું જ્ઞાન પ્રાપ્ત કર, જ્ઞાનથી તને ઈશ્વરનો સાક્ષાત્કાર થશે. જ્ઞાનથી જ અજ્ઞાનની કર્મ માત્રની નિવૃત્તિ થાય છે. કર્મનો હેતુ અધ્યાસ છે-અધ્યાસ એટલે અન્યથા બુદ્ધિ. રજ્જુમાં સર્પ બુદ્ધિ થવી, છીપમાં રૂપાની બુદ્ધિ થવી, નાશવંતમાં અવિનાશી બુદ્ધિ થવી, એ અધ્યાસનું સ્વરૂપ છે. એ અધ્યાસનું કારણ અવિદ્યા છે, અવિદ્યાનો બાધ કરવાને तत्त्वमस्यादि મહાવાક્યનું જ્યાંસૂધી વિશુદ્ધ હૃદયથી અહંકારવૃત્તિરહિત થઈને જ્ઞાન થાય નહિ, ત્યાંસૂધી અવિદ્યાનો નાશ થતો નથી. અવિદ્યાનો નાશ ને વિદ્યાની પ્રાપ્તિ થતાં ઈશ્વર-પરમેશ્વર પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. સૂર્યથી અંધકારનો નાશ થયા પછી, ગમે તેટલા જોરથી દોડતો અંધકાર, જેમ સૂર્યના પ્રકાશને નસાડવાને શક્તિમાન્ થતો નથી; તેમ જ પરાવિદ્યારૂપી સૂર્યનો હૃદયમાં સંપૂર્ણ પ્રકાશ વ્યાપ્યા પછી, અપરા વિદ્યારૂપી અજ્ઞાન તેના હૃદયમાં ટકતું નથી. પણ એ પરાવિદ્યા પ્રાપ્ત કરવાને-જેમ આ જડ પદાર્થ, હીરા મોતીની પરીક્ષા કરતાં શીખવાને આખું આયુષ્ય જોઇએ-છતાં સંપૂર્ણ જ્ઞાન થતું નથી-તેમ જ આખું આયુષ્ય જોઇએ અને મોટો અભ્યાસ જોઇએ. શબ્દાતીત ને ઇંદ્રિયાતીત પરમ પુરુષને જોવાને માટે થોડો કાળ ને થોડું સાધન પ્રાપ્ત કરેલો જીવ, કેમ દર્શન કરી શકે તે કહે. જેમ હીરાની પરીક્ષા શિખવી શીખવાય તેવી નથી, તે સ્વશ્રમથી-સ્વદૃષ્ટિથી જ શીખી શકાય છે-બહુ કાળે શીખી શકાય છે, તેમ ઈશ્વરદર્શન પણ બહુ શ્રમે-બહુ ભોગે, શ્રવણ, મનન ને નિદિધ્યાસનથી જ-શુદ્ધ પ્રેમથી જ-થઈ શકે છે. એ વિદ્યા પ્રાપ્ત કરનારને જ પરબ્રહ્મ-પરમાત્મા, શિવ, સચ્ચિદાનંદઘન, પ્રભુ, કૃષ્ણ, રામ, નરસિંહનો સાક્ષાત્કાર થાય છે. હે મૂઢ રાજા! એ સર્વનો સ્વલ્પ પણ વિચાર કર્યા વગર, આ મહાત્માપુરુષોને તેં અપાર દુઃખ દીધું, કલેશ કરાવ્યો, એ તારી મૂઢતાનું હું શું વર્ણન કરું!"

### શાંતાકારની કથા

"પૂર્વકાળમાં તારા જ જેવો એક મૂર્ખ રાજા હતો. કોઇએક સંતે તેને

शांताकारं भूजगशयनं पद्मनाभं सुरेशं । એ શ્લોકનો, ગમે તેવો મોટો પંડિત આવે તોપણુ ત્રણુ વર્ષની અંદર અર્થ સમજાવી શકે નહિ એમ કહ્યું. તેનો મર્મ ન સમજતાં આ સરળ શ્લોકનો પંડિત પણુ અર્થ સમજાવી શકે નહિ, એમ જ તે મૂર્ખશિરોમણિના મનમાં ઠસી ગયું. આથી જેટલા પંડિતો તેની સભામાં આવે તેને પૂછવા માંડ્યો કે, शांताकारं ઇત્યાદિનો અર્થ શો? અર્થ તો સહેલો હતો, પરંતુ રાજામાં તેના સત્યાસત્યની પરીક્ષા કરવાની શક્તિ ન હતી, તેથી તે રાજા તારી માફકજ પંડિતોને જૂઠા, કંઈ આવડતું નથી એમ જણાવી કેદ કરતો હતો. એક વખતે કોઈ વ્યવહારકુશળ પંડિત તે રાજાની પાસે આવ્યો અને રાજાને કહ્યું; "હે રાજા! તું બહુ ચતુર અને વિચક્ષણ છે. આ શ્લોકનો અર્થ તું વિચક્ષણુ છતાં તને સમજવા માટે આજથી ત્રણુ વર્ષ જોઇએ." રાજાના હ્રદયની વાત જ તેણે કહી! અહો! આ કોઈ ખરો પંડિત મને મળ્યો, એમ રાજાએ માન્યું. તેને પ્રણામ કીધા. પછી રાજા બોલ્યો; "હે ભૂદેવ! આપ કૃપા કરી મને એનો અર્થ સમજાવો." પછી તે વિવેકચતુર પંડિતે, રાજાને કૌમુદી ભણાવવા માંડી ને રાજા ત્રણુ વર્ષે જ્યારે વ્યાકરણુ શીખી રહ્યો ત્યારે, 'शांताकारं' નો અર્થ કરવા બેઠો. તેણે શું જોયું? કારાગૃહમાં પૂરેલા પંડિતોએ જે અર્થ કીધો હતો, તે જ અર્થ તેને દૃષ્ટિગોચર થયો. પછી વિવેકચતુર પંડિતની સામું જોઈને તે બોલ્યો; "પંડિતજી! જે વિદ્વાનોએ મારી સભામાં 'शांताकारं'નો જે અર્થ કીધો છે, તે જ અર્થ આ શ્લોક વાંચતાં સમજાય છે. અરેરે! તે ધૂતારા સાધુના ભોળવ્યાથી, 'આ શ્લોકનો અર્થ સમજતાં, ત્રણુ વર્ષ થાય છે એમ માની' મેં અનેક પંડિતોને મારી મૂઢતાથી કારાગૃહમાં ફોકટમાં પૂર્યા છે?" વિવેકચતુર પંડિતે કહ્યું; "હે રાજા! તે સાધુ ધૂર્ત ન હતો, પણુ નિપુણુ હતો, માત્ર અજ્ઞાનથી તારી બુદ્ધિ હણાઈ છે, તેથી જ તું તેના કહેવાના મર્મને સમજ્યો ન હતો. शांताकारं भुजगशयनं એ શ્લોકનો અર્થ કરવાને 'તને' ત્રણુ વર્ષ જોઈએ; કારણુ કે તું વ્યાકરણુ આદિથી અજ્ઞાત હતો. પણુ પંડિતો તો ભણેલા હતા, તેથી તેમને તો એ શ્લોકનો અર્થ સહજ જ હતો. વ્યાકરણનો તને અભ્યાસ થયો ને તેનો અર્થ આજે તું કરી શકે છે, તે ઉપરથી જ તું જાણી શકીશ કે, તે સાધુની ઈચ્છા તને સત્ય અર્થ શીખવવાની હતી. રાજા છતાં, તું દેવભાષાથી અજ્ઞાન રહે તે શોભે નહિ; તને ભણુવાનું કહેવાય નહિ,—તેથી આ યુક્તિથી તને ભણાવ્યો ને તું સ્વતઃ અર્થ કરે, એ જ તે મહાત્માનું લક્ષ્ય વચન હતું."

અપર અષ્ટાવક્રે કહ્યું; "હે રાજા! ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. પણ તે માટે બીજે કંઈ શોધવા જવાની જરૂર નથી. કોઈ બતાવે ત્યારે જ તેનાં દર્શન થાય છે એ તો અજ્ઞાન જ છે. તું તારા હૃદયમાં જો-એ ઈશ્વર ત્યાં જ બિરાજે છે; મારી તરફ જો, ત્યાં પણ છે! પણ જોતાં અર્થાત્-દર્શન કરતાં શિખવું જોઇએ. યથાર્થ જોનારો જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે."

રાજાએ પૂછ્યું; "હે મહારાજ! પરમાત્માને હું મારા હૃદયમાં જોઈ શકતો નથી, તેનું કારણ શું?" અપર અષ્ટાવક્રે કહ્યું; "અન્નમયાદિ કોષને આકારે રહેલી અવિદ્યા શક્તિ વિદ્યમાન હોય છે ત્યાં સુધી જીવશિવનો ભેદવ્યવહાર વિચરે છે. એ અવિદ્યા શક્તિ જ્યારે નિવૃત્તિ પામે છે, ત્યારે જીવશિવનો ભેદ નિવૃત્ત પામે છે; અને ભેદ નિવૃત્ત થયા પછી સર્વત્ર વિકલ્પરહિત આત્મસ્વરૂપ પ્રકાશે છે. એ શક્તિ પામવા માટે પુરુષે જગતની સર્વ ઉપાધિનો લય કરવો જોઇએ, વાસના માત્રનો ત્યાગ કરવો જોઇએ, સર્વ દૃશ્ય પદાર્થ ઉપર વિચારવડે મિથ્યાદૃષ્ટિ કરવી જોઇએ અને વસ્તુનો અભાવ થઈ જાય ને કંઈ પણ અવશેષ રહે નહિ-નહિ માયા ને નહિ વાસના, નહિ કામના ને નહિ કર્મ ફળની આસક્તિ, ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. અર્થાત્ કેવળ જ કર્મસંન્યાસ પ્રાપ્ત થયે, સાક્ષાત્કાર સિદ્ધ થાય છે. સર્વ ઉપાધિ રહિત સ્વયં પ્રકાશ ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત થતાં, જ્યારે કંઈ પણ અવશેષ રહેશે નહિ, જણાશે નહિ, અને 'એ નહિ, એ નહિ' એમ જોતાં જોતાં છેલ્લામાં છેલ્લું જે કંઈ રહેશે, તે જ પરમાત્માનું સ્વરૂપ છે-તે જ બ્રહ્મરૂપ છે-તે જ અર્જુને જોયલું સાક્ષાત્ શ્રી કૃષ્ણનું વૈરાટ-વિશ્વવ્યાપી સ્વરૂપ છે. કુશાગ્રબુદ્ધિનો જીવ જ એ ઇશ્વરસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. સમુદ્રને ઉલેચવો એ જેમ કઠિન કર્મ છે, તથાપિ મહાપ્રયત્નથી સમુદ્ર પણ ઉલેચી શકાય છે; તે જ પ્રકારે જે જીવ, ખેદ પામ્યા વગર, મનનો નિગ્રહ કરીને, કર્માસક્તિનો ત્યાગ કરી, અજ્ઞાનને પરું કરી, સમાનપણે જગતમાં વિચરે છે-સર્વ કર્મનાં ફળનો સંન્યાસી બની, દેહધારી છતાં પણ વિદેહીપણે વિચરે છે, તે જ પરમ પુરુષનો પ્રેમી બની રહે છે, તે જ નૈષ્ઠિક પ્રેમી પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. એ સાક્ષાત્કાર કરવા માટે સંકલ્પનો સંન્યાસ કરીને ભગવત્પરાયણ થઈ દ્વૈત માત્રનો ત્યાગ કરવો જોઇએ; ભોક્તા

છતે અભોક્તા થવું જોઇએ; શુભાશુભ, લાભ હાનિ, સર્વમાં સમાન વૃત્તિ રાખવી જોઇએ; રાગ દ્વેષથી વિમુક્ત થવું જોઇએ; ચિત્તવૃત્તિનો નિરોધ કરવો જોઇએ; મનનો નાશ કરવો જોઇએ; વાસનાનો ક્ષય કરવો જોઇએ, અને શમાદિક ગુણસંપન્ન બનવું જોઇએ. એ સ્થિતિને પ્રાપ્ત થવામાં પોતાનો જ પુરુષાર્થ જ કામ લાગે છે. પોતાના પુરુષાર્થથી જ સાક્ષાત્કાર થઈ શકે છે–કોઈ અન્ય ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકતું નથી. જેમ શરીરમાંનો રોગ જાતે જ ઔષધ પીધા વિના ને કરી પાળ્યા વિના જતો નથી; જેમ પોતાને લાગેલી ભૂખ, પોતે ખાધા વિના શાંત થતી નથી, તેમ જ–ઈશ્વર–પરમેશ્વર–પરમાત્મા–બ્રહ્મનો સાક્ષાત્કાર સ્વયં સાધન વગર થઈ શકતો નથી ને કરાવી પણ શકાતો નથી. જેમ હીરાની પરીક્ષા જાતે જ શિખ્યા વગર શિખાતી નથી, તેમ પરમેશ્વરના સાક્ષાત્કાર માટે રાગ દ્વેષાદિકથી પૂર્ણ એવા આ સંસારને સ્વપ્નતુલ્ય જાણવો જોઇએ. પરમાત્માની ગુણમયી દૈવી માયાનો ત્યાગ કરીને, જેમ ચેળ ભ્રમરીના ડંખથી ભ્રમરીનું જ સ્મરણ કર્યા કરે છે અને છેવટે ભ્રમરી જ થઈ જાય છે, તેમ જે જીવ પરમાત્માને પ્રસન્ન થઇને પરમાત્માનું જ રાતદહાડો રટણ કર્યા કરે છે, તે જ પરબ્રહ્મરૂપનું દર્શન કરી શકે છે, અન્ય નહિ. કોઇને માથે ભાર હોય તો તે ભારને ઉતારીને તેને સુખ આપી શકાય છે, કોઇને ભૂખ લાગી હોય તો તેને ખવરાવીને તૃપ્ત કરી શકાય છે; પણ પરમાત્માના સાક્ષાત્કારમાં અન્ય કોઈ સહાય કરી શકતું નથી. જે પરોક્ષે નથી, જે પ્રત્યક્ષે નથી, જે અનુમાનનો વિષય નથી, જે પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી, જે માપરહિત છે, જેને રૂપ નથી, રંગ નથી, આકાર નથી, પણ જે સત્ય જ્ઞાનમય અનંત 'બ્રહ્મ' એવું સ્વયંપ્રકાશ આનંદઘન ચૈતન્ય સ્વરૂપ છે. એ રૂપ दासोऽहम्‌ એનો સતત વિચાર કરવાથી જ જોઈ શકાય છે. એનો માર્ગદર્શક માત્ર ગુરુ જ છે. એ રૂપ જાડું તેમ પાતળું નથી, ઉંચુંએ નથી તેમ નીચુંએ નથી. એ એક સ્થાનમાં નથી, પણ અનેક સ્થાનમાં છે; એ જન્મ મૃત્યુ જરાથી બાધ રહિત છે; એ જ આ સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, પાળે છે અને સંહારે છે; એ નિર્ગુણ છતાં સગુણ છે; નિરાકાર છતાં સાકાર છે; પરોક્ષ છતાં અપરોક્ષ છે. એ કાષ્ઠ, પાષાણ કે ધાતુની મૂર્તિમાંએ છે, તેમ તેમાંએ નથી; એ રૂપ ઉપાધિ રહિત છતાં સોપાધિક છે; એ જ આ જગતની લીલા માત્રને વિસ્તરે છે; એ જ કામ્ય

કર્મનો પ્રેરક છે અને નિષિદ્ધ કર્મનો નિવારક છે; એ જ પ્રકાશક પણ છે અને અપ્રકાશક પણ છે; એ દ્વૈતરૂપે પ્રકાશે છે અને અદ્વૈતરૂપે લીલા વિસ્તરે છે; એ ભક્તોના હૃદયમાં સદાકાળ ચિરસ્થિર વસેલો છે અને અભક્ત જનને શાસન કરવામાં ઉત્સુક છે. એનાથી ભૂત માત્ર જન્મે છે, જન્મ્યા પછી જીવે છે અને જીવ માત્ર તેનામાં જ પ્રવેશ પામી લીન થાય છે. એ જ પરમેશ્વર, એ જ બ્રહ્મ, એ જ શ્રીકૃષ્ણ, એ જ શ્રીરામ! એ સ્વરૂપનું દર્શન નિષ્કામ પ્રેમથી થાય છે-પરમપ્રેમથી જ થાય છે. અજામિલાદિને એ સ્વરૂપનું દર્શન પરમપ્રેમને યોગે જ થયું હતું. રૂપાતીતના એ રૂપમાં બાળકપણું, જુવાની કે ઘરડાપણું નથી; તે એક દેશમાં કે એક કાળમાં હોતો નથી. તે તો એક જ સ્વરૂપ ધારણ કરીને રહે છે ને ભિન્ન ભિન્ન સ્વરૂપ પણ ધરે છે. તેમ જ જેમ યંત્રથી ચાલતો સાંચો પોતાનું સ્વરૂપ કે વેગ બદલતો નથી, તેમ એ પોતાનું એક જ સ્વરૂપ ત્રણે કાળમાં ધારણ કરી રહે છે અને નૂતન રૂપે પણ દર્શન દે છે. એ જ પરમાત્મા પરમેશ્વર છે. એવા પરમેશ્વરને જોવો, એ વાત સહેલ નથી. જે જીવ પૂર્ણ શ્રદ્ધાવાન્ પરમ પ્રેમી છે, જે શમાદિક ષટ્ ગુણસંપન્ન છે-તેમ જે જીવ, આ જગતના અનેક કાર્યમાં પ્રવૃત્ત થતાં પણ તેની ને તેની જ લેહમાં લેહલૂર-ચકચૂર છે, તેને જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. એ પરમાત્મા તારાથી દૂર નથી, પણ તારી સન્મુખ જ છે-તારમાં જ છે. પણ શુદ્ધ પ્રેમી થયા વગર તેનું દર્શન તને થશે નહીં."

રાજા તેને પ્રણામ કરીને બોલ્યો; "હે મહારાજ! એ સ્થિતિને હજી હું પ્રાપ્ત થયો નથી; આપ મારા ગુરુ થઇને મને ઉપદેશ કરો! આ રાજપાટ, ધન, ધામ, ગ્રામ, વિલાસ, વૈભવ, રાણી, કુમાર એ કશાની પણ મને ઇચ્છા નથી. હે દયાસિંધુ! મારા ઉપર કરુણા કરીને મને આપને શરણે લ્યો. કોઈ જન્મ જન્માંતરનાં મારાં સુકૃતને લીધે આપ પધાર્યા છો, તો કૃપા કરીને મારી વાસનાના વેગને ટાળી આ જગતની ઉપાધિથી મુક્ત કરો. મારામાં જે ઉણપ હોય તે દૂર કરીને સંસારરૂપી ઝુંડથી મને મુક્ત કરો. બહારના વિષયોનો તેમ જ અંદરના અહંકારનો ત્યાગ કરવાને હું સમર્થ થાઉં, તેવી મારી વૈરાગ્યવૃત્તિ થાય, એવો મને ઉપદેશ કરી મને આપનાં ચરણમાં લ્યો!"

અપર અષ્ટાવક્ર મુનિએ કહ્યું; "હે રાજા! અનાત્મ પદાર્થનું ચિંતન, જે મોહરૂપ ને દુઃખમય છે, તેનો તું હમ્મેશને માટે ત્યાગ કરી દે

અને જે શુદ્ધ પવિત્ર સ્વરૂપપર તને પ્રેમ-શ્રદ્ધા હોય, તેનું જ તું નિત્ય ચિંતન કર્યા કર અને સ્વયંપ્રકાશ, સર્વના સાક્ષીરૂપ પરમાત્મા તારા હૃદયમાં પ્રકાશી, શુદ્ધ સાત્વિકરૂપે દર્શન દે, એવી ભાવના કર્યા કર. એ ભાવના દૃઢ થતાં સૂધી જેટલો પ્રયાસ થાય તેટલો કરી, અહંકારનો નાશ કરી, જગતમાં ઉદાસીનપણે વિચર. જ્યારે તારી ભાવના દૃઢ થશે કે તાત્કાલ નિત્ય અવિનાશી અવ્યક્ત પરમાત્માનો તને સાક્ષાત્કાર થશે. એ તેજ પુંજરૂપનું દર્શન થવા માટે, પ્રથમ શમનું સેવન કર. શમ એટલે મનોનિગ્રહ. મનને જ્યાં ત્યાં રઝળતું રખડતું વારી, તેનાપર જય મેળવી, તારી આજ્ઞાનુસાર વર્તવાની તેને આજ્ઞા કરવાની શક્તિવાળો થા ને જો કે તે તારી આજ્ઞાનું પાલન કરવાને તત્પર છે કે નહિ. મનને જિત્યા પછી દમ-ઇંદ્રિયોને જિત. તે જિતાયા પછી ઉપરતિને સેવ-કામના માત્રનો ત્યાગ કરવાની ઇચ્છા કરી, સર્વ કામનાને બાળી ભસ્મ કર. પછી તિતિક્ષાનું સેવન કર અને પરમ વૈરાગ્યશીળ થા. પછી પૂર્ણ શ્રદ્ધાવાન્ બન. ગુરુ જે કહે તેપર જરાપણ શંકાને અવકાશ ન આપ, તેનાં વચનને જ પરમ માન્ય ગણવાથી જ જીવનું કલ્યાણ છે. એટલી દશા વટાવ્યા પછી, તું મુમુક્ષુ દશાને પ્રાપ્ત થઈશ; અને ત્યારે જ તને પરમાત્માનો સાક્ષાત્કાર-અપરોક્ષ દર્શન થશે. સ્મરણમાં રાખ કે, તે શબ્દાતીત છે, છતાં તેનું જ્ઞાન શબ્દથી થાય છે. ગીતા, ઉપનિષદ્, વેદાન્ત સૂત્ર આદિ શબ્દો છે. એ શબ્દોવડે પરમાત્માનું અપ-રોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. મુમુક્ષુદશાને પ્રાપ્ત થતાં જો સ્થિર ન થવાતું હોય તો રૂપનું સેવન કરવા માંડજે. તેમ કરવામાં હરકત નથી. એમ ન શંકા કરતો કે, પ્રભુ તો રૂપાતીત છે, માટે તેનું જ્ઞાન આ રૂપથી કેમ થાય? જેમ શબ્દાતીતનું જ્ઞાન શબ્દવડે થાય છે, તેમ રૂપાતીતનું જ્ઞાન રૂપવડે કેમ ન થાય? એવી દૃઢમતિથી, તેજ રૂપમાં સર્વે ઇંદ્રિયોને પરોવી, એ જ રૂપ સાક્ષાત્કાર ઈશ્વર છે, એવી દૃઢ શ્રદ્ધા ને અચલ પ્રેમ થતાં, સાક્ષાત્કાર થશે--એમાં લેશ માત્ર પણ શંકા નથી. એ રૂપ-માંથી જ પરમ પ્રભુનાં દર્શન થાય છે. માત્ર તારી દૃષ્ટિ નૂતન--દિવ્ય થવાની જરૂર છે. આ વ્યવહારમાં રહી પ્રભુનાં દર્શન કરવાને તું કેમ સમર્થ થાય? એનાં દર્શન કોણ કરાવી શકે? આ સ્થિતિને પ્રાપ્ત થયેલાને તારી--રાજાના ઐશ્વર્યની શી પરવા કે તારા સમાધાન માટે તારી પાસે આવે? જેને તોષ કે રોષની પરવા નથી, જે ત્રણ લોકના

સ્વામીની સેવામાં તત્પર છે–ત્રણ લોકોનો જ સ્વામી છે, તેને તારા રાજપાટની પરવા શી છે? તું પંડે જ, પરમ પ્રેમ કરતો થા અને ઉક્ત-ક્રમે–શમદમાદિ સાધન સેવનના ક્રમે–જા; તને સાક્ષાત્કાર થશે. તારું આરાધ્ય મૂર્તિમાં એક લક્ષ્ય થવાથી તને સાક્ષાત્કાર થશે. પણ અનન્ય એક લક્ષ્યથી–અન્યથી નહિ. એ મૂર્તિ જ પરમ પુરુષ છે."

તુરત અપર અષ્ટાવક્ર અંતર્ધ્યાન થઈ ગયા. દરબાર વિસર્જન થયો. એ સમયથી રાજાએ, તે મહાત્માના ઉપદેશ પ્રમાણે, રાજપાટ અને ધનધામ ગ્રામાદિક ઉપરથી પોતાની અહંકારવૃત્તિને આવરી લીધી ને પોતાના ઇષ્ટ પ્રેમમૂર્તિ પરમ પુરુષ પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રનું શુદ્ધ મને અહોર્નિશ ધ્યાન ધરવા માંડ્યું. જ્યાંસૂધી તેની અહંકારવૃત્તિનો નાશ થયો નહિ, ત્યાંસૂધી તેણે કર્મકાંડનો ત્યાગ કીધો નહિ; પણ પૂજન, અર્ચન, સ્મરણ, પાદવંદન આદિ ક્રિયા કરતો હતો. એમ કરતાં કરતાં ઘણે કાળે તેની ભાવના એવી તો દૃઢ થઈ ગઈ કે, પોતાના ઇષ્ટ ઉપાસ્ય વગર અન્યને જોવાને તે અસમર્થ થઈ પડ્યો. શ્રીકૃષ્ણનું સાક્ષાત્સ્વરૂપ તેની સાથે વાતચિત કરવા લાગ્યું. એમ કરતાં કરતાં કાલાંતરે તે પોતે જ કૃષ્ણસ્વરૂપમાં વિલીન થઈ ગયો.

સિદ્ધાશ્રમવાસી શંકર સ્વરૂપ મહાત્માએ સુવિચારને સંબોધીને કહ્યું; "હે વત્સ સુવિચાર! ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો, એ સહજ કાળનું કે સહજ શ્રમનું ફળ નથી. કાળના કાળ સૂધી જે જીવોની ભાવના–પરમ પ્રેમ–તે જ રૂપમાં લય પામતાં નથી, ત્યાંસૂધી પ્રત્યક્ષ સાક્ષાત્કાર થતો નથી. જે જ્ઞાન, જે શ્રદ્ધા, મેં તમારામાં પ્રકટાવી છે, તેનું નિત્ય સેવન કરવાથી તથા જીવની મલિન બુદ્ધિએ ઉત્પન્ન કરેલા જગતના અભાવ અને અહંકારના નાશથી–ઉપાધિઓના ત્યાગથી, જગતની મોહમાયા મમતાનાં મરણથી, વૈરાગ્ય જ્ઞાન ને ભક્તિના સેવનથી, સ્વસ્વરૂપના નિદિધ્યાસનથી, પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. સાક્ષાત્કાર થયા પછી જીવનો જગત્પ્રતિનો મોહ લય પામી જાય છે અને તે જીવ આ સંસારમાં રહ્યા છતાં પણ વિદેહમુક્તિને જ ભોગવે છે."

મહાત્માના મુખથી ઈશ્વરના સાક્ષાત્કારનું જ્ઞાન પ્રાપ્ત કરીને, સુવિચાર અને છદ્મલિંગ, મહાત્માની સમાધિનો સમય જોઈ, તેમને પ્રણામ કરીને પોતાની પર્ણકુટી પ્રતિ વિદાય થયા. મહાત્માએ જે સાક્ષાત્કાર કરાવ્યો, તેથી તેઓ ઈશ્વરના સ્વરૂપને પોતાનાં હૃદયાકાશમાં નિહાળીને પોતાને અહોભાગ્ય માનવા લાગ્યા.

# સપ્તમ બિન્દુ.

## મનનાનન્દ.

**कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति ॥ विचारतः ॥**

પ્રશ્ન–હે ભગવન્! શાના જ્ઞાનથી આ (બ્રહ્મ) સર્વનું જ્ઞાન થાય છે?
ઉત્તરઃ-વિચારથી.

પ્રાચીમાં અરુણોદય થયો છે. ભગવાન્ સૂર્યનારાયણ દેવને જગતને પ્રકાશમાન કરવાને હજી વિલંબ છે. સાંસારિક જીવો નિત્ય નૈમિત્તિક કર્મમાં વ્યાવૃત થાય છે. સત્પુરુષો હરિભજનથી દિગંત પર્યંત પ્રદેશને ગજાવી મૂકે છે. ઋષિકુમારો સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં પડ્યા છે. કેટલાએક શિષ્યો આશ્રમ વાળી, ઝાડી, લીપી ગુપી ઋષિસેવા માટે તત્પર બની ગયા છે.

સુવિચાર અને પ્રકટપ્રજ્ઞા તે સુપ્રભાતમાં પરબ્રહ્મનું ધ્યાન કરતાં કરતાં જાગૃત થયાં. અત્ર પણ પ્રકટપ્રજ્ઞા પોતાના સ્વામી સુવિચારની સેવામાં નિત્ય તત્પર રહેતી હતી. તે સ્નાન કરી, પતિની સંધ્યા સામગ્રી તૈયાર કરી, તેની સન્મુખ આવી બેઠી. સુવિચાર પરબ્રહ્મના ધ્યાનમાં નિમગ્ન હતોઃ ગુરુએ કહેલા પૂર્વ દિવસોના જ્ઞાનનું મનન કરતો હતો અને ગુરુના આશ્રમમાં જવાને હજી વિલંબ છે, એમ વિચારીને દંતધાવન, સ્નાન, સંધ્યાદિક નિત્ય કર્મમાંથી પરવારી પ્રકટપ્રજ્ઞા સમીપ સદ્ગુરુએ આપેલાં જ્ઞાનનાં રહસ્યની ચર્ચા કરવાનો વિચાર કરતો હતો. હરિ નામનો જાપ કરતો તે પ્રકટપ્રજ્ઞા સમીપ જઇને બેઠો, ત્યારે પ્રકટપ્રજ્ઞા દ્વય કર જોડી તેની સામા બેઠી. થોડી ક્ષણ પછી પ્રકટપ્રજ્ઞાએ કહ્યું; "હે મહાત્મન્! હે દેવ! હે સુવિચારશર્મા! આપ શો વિચાર કરો છો?" સુવિચારે કહ્યું; "હે સુશીલે! હે પ્રિય પ્રકટપ્રજ્ઞા! આપણા ઉપર સદ્-

ગુરુદેવે જે અઢળક કૃપા કરી છે, તેનો જ માત્ર હું વિચાર કરું છું. અહો! આપણા ભાગ્યનો પાર નથી. કાળના કાળ જતાં, અનેક સદ્ગુરુઓનો સમાગમ કરવા છતાં પણ, જે જ્ઞાન સંપાદન કરવાને આપણે ભાગ્યશાળી થાત નહિ, તેવું જ્ઞાન સંપાદન કરવાને આજે આપણે ભાગ્યશાળી થયાં છીએ. આપણને ઉત્તમ જ્ઞાન અનાયાસે પ્રાપ્ત થયું છે, તેને માટે, હે દેવિ! મારે કોને ધન્યવાદ આપવો? હે દેવિ! એ બધા તમારા જ પ્રતાપ છે. તમારા જેવી પ્રકટપ્રજ્ઞાએ મને કર્મ કરવાની પ્રેરણા કીધી નહોત, તો શંકરનું તપ કયાં, દિવ્યમણિની પ્રાપ્તિ કયાં, દિવ્યમણિના સંયોગથી અનેક દાનપુણ્ય કરવાં કયાં, મહાત્મા મુનિનું કુરુક્ષેત્રમાં પધારવું કયાં, તેમનો જ્ઞાનોપદેશ કયાં, તમારાપર એ મહાત્માનો અનુગ્રહ કયાં, મારું હિમગિરિમાં આવવું કયાં, આ દિવ્યજ્ઞાનનું પ્રાપ્ત થવું કયાં અને એ જ્ઞાનને યોગે જીવન્મુક્ત દશાની સ્થિતિ કયાં! એ સર્વ કયાં હતું? એ સર્વ આપણા પ્રારબ્ધનું બળ છે કે પુરુષાર્થનું બળ છે, એ સમજવાને હું અસમર્થ છું. હે દેવિ! એ સર્વ પ્રતાપ તમારો-પ્રકટપ્રજ્ઞાનો જ છે. જે ખર્ચ્યું ખૂટે નહિ, વાવે બમણું થાય, લુટારા કે ચોર ચોરી જાય નહિ, તેવું ધન તમારાવડે જ મને પ્રાપ્ત થયું છે. મહાત્માએ જે મહત્ ઉપદેશ કીધો છે, તેનું જ મને મનન થયા કરે છે. એ આનંદમાં મને જગતના સર્વે આનંદો ક્ષુદ્ર અને સ્વલ્પ જણાય છે. એક દિવસે ઉપદેશ કરતાં મહાત્માએ કહ્યું હતું કે, **संतोष एव सर्वसुखस्य परं निदानं ।**

**સંતોષ જ સર્વ સુખનું મૂળ છે**

એ જ સત્ય છે. આ જગતમાં જે જીવો સંતોષી નથી, તે જીવો લાવા લુંટારાની માફક દોડધામ જ કરતા રહે છે અને ગમે તેટલું પ્રાપ્ત કરે છે, તથાપિ તેઓની તૃષ્ણા સંતોષાતી નથી અને જેને સંતોષ નથી, તેને પારલૌકિક સાધન સિદ્ધ કરવાનું સ્વપ્ન પણ કયાંથી હોય? તે તો લૌકિક જંજાળમાં જ અમૂલ્ય મનુષ્ય દેહ એળે ગુમાવી દે છે. રળવું, વાવરવું, સંગ્રહવું, ખાવું, ખેલવું, સહેવું, અન્યની અધિકતા જોઈ ઇર્ષ્યા કરવી, પોતાની અધિકતાથી અહંકારને જગાડવો, નવો ખટરાગ જગાડી રગડવું ને રગડાવું, પ્રાપ્ત પદાર્થપર સંતોષ ન માનવો, તેમ જ અપ્રાપ્યને માટે વલખાં મારવાં, અસંતોષમાં ગુંચવાઈને વધારે ને વધારે રગડામાં પડવું-એ આ જગતના અલ્પજ્ઞ જીવોની નિત્યની ક્રીડા છે.

પણ સંતોષ વિના સુખ ક્યાં? પુરુષાર્થ વગર પ્રાપ્તિ ક્યાં? આત્મારામ વિના મોક્ષ ક્યાં? સદ્ગુરુ વિના સત્ અસત્નું જ્ઞાન ક્યાં? અજ્ઞાની જીવનો સ્વભાવ એવો પ્રબળ હોય છે કે, પ્રાપ્તમાં તૃપ્તિ નહિ, પણ નૂતન નૂતન તૃષ્ણાની જાગૃતિ થવા દેવી ને અપ્રાપ્ય-દુર્લભ ગણાતા નાશવન્ત પદાર્થપર પ્રીતિ કરી, તે મેળવવાની આશા તૃષ્ણામાં મોહાંધ થઈ, અધોગતિના ખાડામાં પડી, તેમાં જ કૃતાર્થતા માનવી. એ આશા તૃષ્ણા કેવી ખાધરી છે, તેનું મને અપરોક્ષ દર્શન થયું છે. આશા તૃષ્ણામાં જ કૃતાર્થતા માનનારાને, તે ગોથાં ખવરાવીને એવો તો મોહિત કરી દે છે કે, તે જીવ નથી આ લોકનાં સુખને પામતો, તેમ જ નથી પરલોક માટે પુણ્યપુંજનો સંચય કરી શકતો.

કોઈએક પુરુષને દૈવયોગે સોનામહોરથી ભરપૂર પાંચ ચરુઓ પ્રાપ્ત થયા. આટલાથી જ તૃપ્ત ન થતાં તેની તૃષ્ણાએ છ ચરુઓ પ્રાપ્ત કરવાની પ્રેરણા કીધી અને છ ચરુ કરવાની આશામાં તે તૃષ્ણાદાસે પોતાનાં સર્વ સુખનો ત્યાગ કરી, મહામહા કષ્ટે ધન મેળવી, છઠ્ઠો ચરુ પૂર્ણ કરવાનો પ્રયાસ આરંભ્યો. ક્ષુલ્લક જીવથી કેટલી પ્રાપ્તિ થઈ શકે? જે દ્રવ્ય તેને પ્રાપ્ત થયલું હતું, તેમાંથી દાન ધર્મ કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ તેનો ઉપભોગ કરવો પણ તજી દઈને, તે જીવડો જે સુખ ભોગવતો હતો, તેમાં પણ ઓછું કરી, વિશેષ દ્રવ્ય સંગ્રહ કરવાની તૃષ્ણાથી, અનેક સંકટો સહન કરવા લાગ્યો. તે લાંઘણો ખેંચે, સ્ત્રી પુત્રાદિને પૈ આપે નહિ, અતિથિ નિર્મુખ જાય તેની પરવા પણ ન કરે, એમ છઠ્ઠો ચરુ પૂર્ણ કરવાની તૃષ્ણામાં ચગદાયો; પણ તેનો છઠ્ઠો ચરુ ભરાયો નહિ. દૈવેચ્છાથી ચોરો તેના સોનામહોરોથી ભરેલા પાંચ પૂર્ણ અને છઠ્ઠો અપૂર્ણ ચરુ ઉપાડી ગયા. તે જેવો હતો તેવો નાગો ભિખારી થઈ ગયો. પછી તે છએ ચરુને માટે રડવા લાગ્યો. ત્યારે એક મહાત્માએ કહ્યું; 'અરે ઓ મૂઢ! તારી પાસે ધન હતું, ત્યારે તેં નહિ કોઈને દાન દીધું, નહિ ધર્મ કીધો, નહિ પરમાર્થ કીધો કે નહિ પોતાના સુખ માટે તે વાવર્યું; પરંતુ વિશેષ ધન મેળવવા માટે તેં તારા સર્વ સુખનો નાશ કીધો. એ ધન માર્ગના આ કાંકરાના તોલનું હતું. આવાં નિરુપયોગી ધનનો નાશ થયો છે, તેમાં તને શા માટે શોક થાય છે? જે જીવ પ્રાપ્તથી તૃપ્ત નથી તથા અપ્રાપ્ય માટે વલખાં મારે છે, તેની સર્વદા એ જ ગતિ થાય છે. જીવને જે પોતાને

અનાયાસે પ્રાપ્ત થાય, તેના ઉપર સંતોષ રાખવો. હે દેવિ! ઉદ્યમો હજાર કરો, પણ કર્મ વિના કોડી પણ મળતી નથી. ત્યારે

## શું પ્રારબ્ધ શ્રેષ્ઠ છે?

ના. તેએ શ્રેષ્ઠ નથી. પૂર્વ જન્મમાં કરેલાં કર્મો, જે આ જન્મમાં ફળરૂપે પ્રાપ્ત થાય છે તે જ પ્રારબ્ધ-દૈવ છે. પૂર્વ જન્મમાં કરેલાં કર્મ આ જન્મે ફળરૂપે વિસ્તાર પામે છે, ને પ્રત્યક્ષ થાય છે. જેવાં કર્મ હોય છે તેવી બુદ્ધિ, તેવો વ્યવસાય, તેવી પ્રાપ્તિ, તેવાં ફળ અને તેવી સહાયતા મળી આવે છે. જીવને સુખ કે દુઃખ ભોગવવાનું હોય છે તે ઠેકાણે, દોરીથી બંધાયલા બળદની માફક તેનું ભાગ્ય-પ્રારબ્ધ બળાત્કારે ઘસડી જાય છે. પૂર્વ જન્મમાં ઉત્તમ કર્મ કરનાર ઉત્તમ ફળ મેળવે છે, અધમ કર્મ કરનાર અધમ ફળ મેળવે છે. જીવે પોતાનું પ્રારબ્ધ ઉત્તમ કરવા માટે, પરમકર્મ-સત્કર્મ-ઉચ્ચ કર્મ કરવાં જોઈએ. કેમકે ક્રમેક્રમે એ જ સત્કર્મો પ્રફુલ્લિત થઈને જીવને નવાં સત્કર્મને માટે ઉત્તેજિત કરે છે. પ્રારબ્ધ વિના ફળપ્રાપ્તિ થતી નથી. દોડાદોડી કરવાથી ફળપ્રાપ્તિ થતી હોય તો શ્વાન અત્યંત દોડા દોડી કરે છે, ને વૃષભ ઘણો પુરુષાર્થ કરે છે, પણ તેને કંઈ પણ પ્રાપ્તિ થતી નથી. વળી આ જન્મે કરેલાં સંચિત કર્મનું ફળ જીવને તેના સમયે જ આવી મળે છે. માટે જીવે પ્રત્યેક ક્ષણે એવાં સત્કર્મોનો સંચય કરવો જોઈએ, કે જે સંચયના પરિણામે તેને ભવિષ્યમાં ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. હે દેવિ! આ દેહને જે ઉત્તમ ફળની પ્રાપ્તિ થઈ છે, તે પૂર્વજન્મના સુકૃતને પરિણામે થઈ છે, એવું મારું માનવું છે. જો એમ ન હોત તો તમારા જેવી પતિપરાયણા સ્ત્રીના મુખથી ધનની લાલસાનો ઉચ્ચાર પણ થાત નહિ. પણ જેમ પ્રારબ્ધ બળવાન્ છે, તેમ

## પુરુષાર્થ પણ બળવાન્ છે

ગાડું જેમ બે ચક્ર વગર ચાલી શકતું નથી, એક હાથે જેમ તાળી પડી શકતી નથી, સૃષ્ટિની વૃદ્ધિ જેમ એકથી થતી નથી, તેમ જ પુરુષાર્થ અને પ્રારબ્ધ વિના ફળની પ્રાપ્તિ પણ થતી નથી. જીવરૂપી એક ગાડાને વહન કરનારાં બે ચક્ર છેઃ પ્રારબ્ધ અને પુરુષાર્થ. જીવરૂપી ગાડાનું એક ચક્રથી વહન કરી શકાતું નથી. તેના વહનમાં પ્રારબ્ધ ને પુરુષાર્થ એ બે ચક્રની આવશ્યકતા છે, તેથી જીવે બંનેની સહાયતાથી જ સંસારમાર્ગ કાપવાનો છે. પુરુષાર્થને આધારે પ્રારબ્ધ છે અને પ્રાર-

બ્ધને આધારે પુરુષાર્થ છે. પુરુષાર્થ વગર પ્રારબ્ધ ફળતું નથી અને પ્રારબ્ધ વગર પુરુષાર્થ ફળતો નથી. જગન્નગરમાં વસતા અનેક જીવોનાં સત્ અસત્ કર્મોનું હું અવલોકન કરતો હતો. ઘણા પુરુષો પુરુષાર્થના સેવક હતા, વિદ્યામાં વિદ્વાનો હતા, ચતુરાઇમાં પારંગત હતા, સાહસમાં સમર્થ હતા, પરંતુ તેઓનું પ્રારબ્ધ નિર્બળ હોવાથી, તેઓને યશ પ્રાપ્ત થતો નહિ. ઘણાનાં પ્રારબ્ધો તેજસ્વી પણ હતાં; પણ તેઓ જ્યાં સૂધી પુરુષાર્થને આધીન થયા નહિ, ત્યાં સૂધી તેમનું પ્રારબ્ધ પ્રકાશી શક્યું ન હતું. આપણી સ્થિતિનો વિચાર કરો. તમારા વચનથી દુઃખિત થયલો હું, શંકરનું આરાધન કરવા ગયો, તો આજે પ્રકટ શંકરનાં મુખામૃતનું પાન કરવાને અમે ભાગ્યશાળી બન્યાં છિયે.

## કર્મ

જ્યાં સૂધી જીવની આત્મા પરમાત્મામાં સંપૂર્ણ એકવૃત્તિ થઈ નથી, ત્યાં સૂધી જીવને કર્મ ચોંટેલાં રહે છે. કર્મ અને ઉપાસના કરતાં કરતાં જ્યાં સૂધી જીવની વાસના સત્ ચિત્ આનંદ ઘનમય થાય નહિ, ત્યાં સૂધી જીવે કર્મ કરવાનાં છે અને તે કર્મના ભોગ પણ ભોગવવાના છે. એટલા માટે, જીવે નિત્ય એવાં કર્મોનો સંચય કરવો કે, જે કર્મો તેને નિજાનંદના સ્થાનપ્રતિ લઈ જવામાં સહાયભૂત થાય. કર્મ ને ઉપાસનાથી જ જીવને અધિકારપદ પ્રાપ્ત થાય છે. અધિકારપદ પ્રાપ્ત થયા વિના જ્ઞાનમાર્ગ તરફ દોડી ગયેલા જીવો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઈ પડે છે. જે જીવને ઇષ્ટપ્રાપ્તિની કામના છે, તેણે ધીમે ધીમે કર્મને ગૌણ કરી, ઉપાસનાને પ્રાધાન્ય પદ આપવું. જ્યાં સૂધી જીવ એકલાં કર્મના ખટાટોપમાં આથડ્યા કરે છે, ત્યાં સૂધી મુક્તિના દ્વારનું તેને દર્શન પણ થશે નહિ. જેમ શરીરસંપત્તિ સંપાદન કરવા અર્થે પ્રથમ રેચ આપવામાં આવે છે, તે જ પ્રમાણે બ્રહ્માનંદ સંપત્તિ સંપાદન કરવા અર્થે કર્મ એ રેચને સ્થાને છે; નીરોગી શરીર કરવા અર્થે જેમ રોગનાશકઔષધ આપવામાં આવે છે, તેમ બ્રહ્માનંદસંપત્તિ પ્રાપ્ત કરવાનું રોગનાશક, અર્થાત્ સંસારના ક્લેશ અને ખટરાગનો નાશ કરનાર ને સ્થિરતા પ્રાપ્ત કરાવનાર ધર્મ–કર્તવ્ય અને ઉપાસના છે; શરીરમાં જો અશક્તિ પ્રાપ્ત થઈ હોય તો તે દૂર કરવાને, કાંચન જેવું શરીર કરવાને માલતી ચંદ્રોદય આદિ જેમ ઔષધો છે, તેમ બ્રહ્મરૂપી સંપત્તિ સંપાદન કરવાને જ્ઞાનરૂપી ઔષધ લેવું જોઇએ. એકલા કર્મના

ખટાટોપમાં પડેલા જીવને સત્‌ની પ્રાપ્તિ થઈ શકતી નથી. જેમ રેચ લીધેલો મનુષ્ય શરીર સંપત્તિવાળો થઈ શકતો નથી; તેમ જ કર્મઠ, પરબ્રહ્મના જ્ઞાનમાર્ગ પ્રતિ જઈ શકતો નથી. છતાં જ્યાં સૂધી જીવ સંસારમાં છે, ત્યાંસૂધી તેને કર્મ કરવાનાં સર્જેલાં છે. વ્યવહારનાં કર્મો નિષ્કામપણે કરવાનાં છે. એ કર્મથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. વધુ કંઈ નહિ, પણ જે કર્મમાં અકર્મ ને અકર્મમાં કર્મ દેખે છે, તે જ બુદ્ધિવાન્‌ને સત્કર્મો છે. યજ્ઞ, દાન, તપ આદિ કર્મો ત્યાગ કરવા યોગ્ય નથી; કેમ કે એ કર્મો નિષ્પાપ કરનારાં છે. પણ કર્મથી મોક્ષ નથી; મોક્ષ તો જ્ઞાનથી જ છે. તથાપિ કર્મ નિષ્પ્રયોજન નથી. દાન, પુણ્ય, જપ, શ્રવણ, મનન, નિદિધ્યાસન, ઉપાસન, યમ, નિયમાદિ વિના જ્ઞાનપ્રાપ્તિ થતી નથી; જ્ઞાન વિના અંતઃકરણની શુદ્ધિ થતી નથી અને અંતઃકરણની શુદ્ધિ નિષ્કામ કર્મથી જ થાય છે; સકામથી નથી. અંતઃકરણની શુદ્ધિ પછી ચિત્તની શુદ્ધિ આવશ્યક છે. ચિત્તશુદ્ધિ ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. સંસારમાં રહેલો જીવ અર્થાત્ મોહ માયામાં ખરડાયલો જે જીવ, મોહા-માયાનો ઉપાસક છતાં **अहं ब्रह्मास्मि, अहं ब्रह्मास्मि** નો લવારો કર્યા કરે છે, તે આલોક અને બ્રહ્મલોક બન્નેમાંથી ભ્રષ્ટ થાય છે. એ ઉભય ભ્રષ્ટ જીવને અતીવ ચાંડાળ ગણી, તેનો હંમેશને માટે ત્યાગ કરવો.

## કેવાં કર્મ કરવાં?

અધિકારી જીવે કર્મ એવાં કરવાં કે, જે કર્મના સંચયથી ઉત્તરોત્તર પ્રાપ્ત થતા જન્મમાં તે હોમા પક્ષીની માફક ઉંચો ને ઉંચો જ વધ્યે જાય. જેમ જેમ તે ઉંચો ચ્હડતો જશે, તેમ તેમ તેની વાસનાઓ નિર્બળ થતી જશે: સંસારના ખટરાગથી અને જગતની જંજાળથી અતિ દૂર થતો જશે. દૈવવશાત્ તેના અંતઃકરણના કોઈ ખૂણામાં રહેલી તે વાસનાનું બળ જોરાવર થઈ, તેને નીચે પાડવાનો પ્રયત્ન કરશે તો પણ, જેમ હોમા પક્ષીનાં બચ્ચાંઓ પૃથ્વીને અડતાં પૂર્વે સજીવન થઈ પુનઃ ઉંચે ઉડી જાય છે, તેમ જ અધિકારી બનેલો જીવ, વાસનામાં પાછો રગડાયા પૂર્વે, સંસારમાંથી મુક્ત થઈ, ઉંચે જ ચ્હડ્યો જશે. આવા ઉચ્ચ સ્થાનને પામતા જીવને માટે પરમાત્માએ

## સપ્ત ભૂમિકાઓ

નિર્માણ કીધી છે. કોઇને ઉદ્વેગ ન કરવો; પુણ્ય કર્મનું સેવન કરવું; પાપથી નિર્લેપ રહેવું; ભોગની અપેક્ષા ન કરવી; મન, વાણી અને કર્મવડે સત્પુરુષોનો

સમાગમ કરવો અને જ્ઞાનની અપેક્ષા કરવી, એ પ્રથમ ભૂમિકા છે. એને યોગભૂમિકા કહે છે. નિર્દોષ અંતઃકરણ રાખવું, સદ્‌ગુરુનો આશ્રય કરવો, મદ મોહાદિનો ત્યાગ કરવો, સંતપુરુષોનો સમાગમ કરવો અને તેમની વાણીનું તાત્પર્ય ગ્રહણ કરવું, એ વિચાર નામક દ્વિતીય ભૂમિકા છે. સંત પુરુષોના પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોને બુદ્ધિમાં ઠસાવી, નિશ્ચય કરી, પવિત્ર આચરણે રહી, દૃષ્ટિને જે જીવ નિર્મળ કરે છે, તે જીવ અસંસર્ગા નામની તૃતીય ભૂમિકાને પહોંચે છે. એ ભૂમિકામાં પ્રવેશ કરેલો જીવ, હું કર્ત્તવ્ય ભોક્તવ્ય રહિત છું; બાધ્ય બાધક રહિત છું; સુખ દુઃખ, પ્રારબ્ધ કર્મવડે આવે છે અને જાય છે, તે તો માત્ર ઈશ્વરાધીન છે; વિષયભોગો દાવાનલરૂપ છે; સંયોગ વિયોગને માટે છે; સંપત્તિ પરમ આપત્તિ છે અને ચિંતાદિક રોગો બુદ્ધિને જ લાગેલા છે–એવા નિત્યના વિચારથી ચિત્તને વિષય માત્રથી સંકુચિત કરી, વિષયોથી જે જીવ અસંગ રહે છે, તે સામાન્ય અસંસર્ગી છે. ઉપરોક્ત ભાવનાનો શુદ્ધાંતઃકરણથી ત્યાગ કરી, જે મૌન અને શાંત છે, તે શ્રેષ્ઠ અસંસર્ગી છે. જીવનો જ્યારે એ તૃતીય ભૂમિકામાં પ્રવેશ થાય છે, ત્યારે અજ્ઞાનની નિવૃત્તિ થઈ પરમ તત્ત્વને અનુભવે છે ને ક્રમે ક્રમે ચતુર્થ ભૂમિકામાં તે પ્રવેશ કરે છે. એ ભૂમિકામાં પ્રવેશ કરેલો જીવ, કોઈ એક પ્રાણી, પોતાની પૂછડીના ખરી જવાથી જળમાં પણ રહી શકે છે અને સ્થળમાં પણ રહી શકે છે, તેમ જ અજ્ઞાન–અવિદ્યા–અહંરૂપી વળગેલા પૂછડાના વિનાશથી, તે જીવ પરબ્રહ્મધામમાં જવાનો અધિકારી થતો જાય છે. આ ચતુર્થ ભૂમિકાનું નામ સ્વપ્નભૂમિકા છે. સ્વપ્નભૂમિકાનો જીવ જગતને સ્વપ્નવત્ જુવે છે. એથી શ્રેષ્ઠ ભૂમિકામાં પ્રવેશ કરનાર જીવની ચિત્તવૃત્તિ સત્વગુણશીલ અને બહુ બળવાન્ બને છે. તે જીવન્મુક્ત છે, અંતર્મુક્તિવાળો છે અને બહિર્વૃત્તિવાળો પણ છે. આ સુષુપ્તિ ભૂમિકા પંચમ છે. એ ભૂમિકામાં રહેતો જીવ, દિન પ્રતિદિન પોતાની વૃત્તિસ્થિતિને સંકુચિત કરતો કરતો, જીવન્મુક્તની પરિપક્વ થયેલી અવસ્થાને પામે છે. એ સ્થિતિમાં તે ઉંઘરેટા જેવો દેખાય છે. સ્થિતિનો પરિપાક થતાં જ તેની ષષ્ઠી અને સપ્તમી ભૂમિકાનો ઉદય થાય છે. સપ્તમી ભૂમિકા વાણીનો અવિષય–અગમ્ય છે, સર્વ ભૂમિકાનું તેજોબિંદુ છે. જે જીવ, લોકવાસના, દેહવાસના અને શાસ્ત્રવાસનાનો ત્યાગ કરી, સર્વ ભ્રાંતિને પરિ કરી, ૐકારને તેના સાત્વિક

સ્વરૂપમાં હૃદય વિશે ધારણ કરે છે, તે નિત્યશુદ્ધ, મુક્ત, વિશુદ્ધ અદ્વૈતને પહોંચી, પરમાત્મારૂપ ચિદાનંદમાં સ્વયંનો લય કરે છે.

## નિરભિમાનની ચટકી

હવે પંચમી સ્થિતિને પ્રાપ્ત થનારા જિજ્ઞાસુએ જગતમાં રહ્યે છતે, જગતના જ નહિ, પણ વિશ્વના 'અહમ્'નો ત્યાગ કરવો જોઇએ, વિષય માત્રનો વૈરાગ્ય કરવો જોઇએ. જેનાં પ્રારબ્ધકર્મોનો સંગ્રહ પુણ્યના પુંજરૂપ છે, તેજોરાશિ છે, તેજ જીવ આ સ્થિતિને પ્રાપ્ત કરવાનો અધિકારી બની જાય છે. ગુરુમુખથી શ્રવણ કર્યું છે કે, કોઈ એક જિજ્ઞાસુ સંત મહાત્મા, ઈશ્વરપૂજનમાં બંધાયલા હતા. એક સમયે તેઓએ માર્ગે જતા કોઈ અન્ય સંતને મુખેથી સાંભળ્યું કેઃ-

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥
इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥
आसक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ *

શ્રીકૃષ્ણ પરમાત્માનું આ વચન સાંભળી તે સંતે નિશ્ચય કીધો કે, પુરુષને પોતાનું સ્વરૂપ શુદ્ધ, નિર્મળ, ઉન્નત કરવા અર્થે, નિરભિમાની, અદંભી, ક્ષમાશીલ, નિષ્કપટી થવું જોઇએ. આજથી હું ક્ષમાશીલતા ધારણ કરીશ. ઉક્ત શબ્દ તેને કાને જતાં જતાં પડ્યા હતા, તેમાંથી તેણે આ નિશ્ચય કરી લીધો. તે આખો દિવસ તો સાધુબાવાએ ક્ષમા-

---

* સ્વગુણની ન પ્રશંસા કરવી, ન દંભ ધરવો, ન હિંસા કરવી, સહનશીળતા, સરળતા, આચાર્યસેવા, બાહ્યાંતર શુદ્ધિ, સન્માર્ગનિષ્ઠા, સંયમ, ઇન્દ્રિયાદિ વિષયમાં વૈરાગ્ય ને અહંકારરહિત થવું; જન્મ મૃત્યુ જરા વ્યાધિમાં નિત્ય દોષ જોવા, પુત્ર સ્ત્રી ગૃહાદિમાં પ્રેમ ન કરવો, સમચિત્ત રહેવું, હર્ષ શોક ન ધરવો, પરમાત્માપર સર્વોત્મ દૃષ્ટિ કરી, એકાંત ભક્તિ કરવી, એકાંતમાં વાસ કરવો, અજ્ઞાનીમાં પ્રેમ ન કરવો, આત્મતત્ત્વમાં નિષ્ઠા રાખવી, જ્ઞાનનું ફળ મોક્ષ છે એમ જાણવું, આ સર્વને જ્ઞાન કહેલું છે અને તેનાથી વિપરીતને અજ્ઞાન કહ્યું છે.

વૃત્તિમાં પૂર્ણ કીધો. બીજે દિવસે 'नारायण हरे' કરતા કોઈ ગૃહસ્થને ત્યાં ભિક્ષાર્થે જઈ ઉભા રહ્યા. ગૃહસ્થની સ્ત્રીએ ભિક્ષા આપી, પણ દૈવ-યોગે તે ગૃહસ્થની સ્ત્રીના પાત્ર સાથે મહારાજશ્રીનું પાત્ર અથડાયું ને તેના સંન્યાસનું અભિમાન જાગૃત થઈ આવ્યું! રગે રગે ક્રોધ વ્યાપી ગયો અને અતિ ઘણા તિરસ્કાર સાથે તડુકીને સાધુબાવા બોલી ઉઠ્યા; "હે દુષ્ટા! મારા પાત્રને તું અડકી કે? ધિક્કાર છે! સંતપુરુષોની આમ સેવા કરશે?" આમ કહી ક્રોધાંધ બની જઈ અન્ન સહિત તે પાત્રને ફેંકી દીધું અને ક્રોધાવિષ્ટ દૃષ્ટિ સાથે ત્યાંથી વિદાય થઈ ગયા. નદીમાં જઈ સચૈળ સ્નાન કીધું ત્યારે તેમનો ક્રોધ કંઈક અંશે શાંત પડ્યો-અને આશ્રમમાં જઈને બેઠા ત્યારે તો ક્રોધ નિર્મૂળ થઈ ગયો. તે મનમાં વિચાર કરવા લાગ્યા કે; "રે આ શું થયું? મેં હજી ગઈ કાલે જ પ્રતિજ્ઞા લીધી હતી કે, મારે ક્ષમા ગુણ ધારણ કરવો, પણ તે પ્રતિજ્ઞાને તો હું આજે જ ભૂલી ગયો! મને મારાં ભગવાંનું અભિમાન આવ્યું! તે સ્ત્રી મારા પાત્રને અડકી તેમાં શું થયું? હું તો સંન્યાસી છું. મારે તો ચારેય વર્ણ સમાન છે, તેમાં અભડાવવાનું શું છે? હું બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, ક્ષત્રિય નથી, કે શૂદ્ર નથી, પણ હું તો ચૈતન્ય બ્રહ્મ છું, છતાં મારું અભિમાન હજી ગયું નથી, તો મારાં આ ભગવાંમાં ધૂળ પડી! મારા કરતાં તો તે ગૃહસ્થની સ્ત્રી શ્રેષ્ઠ છે, જેણે મારાં અનેક કટુ વચન સાંભળ્યા છતાં પણ, ખરેખરો ક્ષમા ગુણ ધારણ કીધો અને એ હાથ જોડીને દીન વદને ઉભી જ રહી હતી! તે જ મારી ગુરુ! તે જ મારી ઉપદેષ્ટા! તે જ મને તારશે!" આમ વિચાર કરતા સાધુબાવા તે ગૃહસ્થને ઘેર જઈ અચાનક તે સાધ્વીનાં ચરણમાં પડીને બોલ્યા; "હે અંબે! હે જગજ્જનનિ! તારો મેં ઘોરતમ અપરાધ કીધો છે, તેની તું મને ક્ષમા કર. તું આજથી મારી ગુરુ છે. તારામાં જે ક્ષમા ગુણ છે, તે આ ભગવામાં નથી. હે સતિ! હે માતુશ્રી! મને આશીર્વાદ આપ કે, હું મારે માર્ગે ચાલ્યો જાઉં." હાવરી બાવરી થયેલી તે સ્ત્રી મૌન ધારણ કરી, હાથ જોડીને ઉભી જ રહી; અને સંત તેની આજ્ઞા માગી વિદાય થયો. એ દિવસથી તે સંત મહાત્માને એવી સચોટ ચટકી લાગી કે, તે ક્રોધરહિત થઈને સંપૂર્ણ તત્ત્વજ્ઞાની બની ગયો; તેનું ભગવાંનું અભિમાન ટળી ગયું, એટલે શુદ્ધ સાત્વિક બની ગયો. આમ જીવને પૂર્વજન્મ કે પૂર્વાશ્રમનાં અભિમાનો સમયે સમયે

ક્લેશકારી થઈ પડે છે. એ અહંકારની વૃત્તિઓ, તેને આડે માર્ગે દોરી જાય છે, પણ એમાંથી ચટકી લાગી જાય છે તો તાત્કાળ તે જીવ નિરભિમાની બની તરી પણ જાય છે.

હે દેવિ! આવુંજ એક બીજું દૃષ્ટાંત મને સ્મરણમાં આવે છે. જીવને સ્ત્રી પુત્રાદિમાં મોહ નથી, પણ

### સૌંદર્યમાં મોહ છે

સ્વાર્થમાં મોહ છે, દૃષ્ટિએ જન્મ આપેલી સૃષ્ટિમાં મોહ છે. દૃષ્ટિ સૃષ્ટિનો લોપ થતાં જ, સૌંદર્ય સૃષ્ટિનો નાશ થાય છે ને તેની સાથે મોહ પણ નષ્ટ થઈ જાય છે. સ્વાર્થ નષ્ટ થતાં, માયિક પ્રેમીપણું નષ્ટ થાય છે, ને માયિક પ્રેમ નષ્ટ થતાં તે સન્માર્ગમાં સંચરે છે. કોઈ એક નગરમાં ધર્મપાળ નામનો એક શાહ વસતો હતો. તેને ધર્મશીલા નામની એક રૂપવતી કન્યા હતી. આ કન્યાને પૂર્વ જન્મના યોગે યોગની સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. એક દિવસે તે માર્ગમાંથી જતી હતી, તેટલામાં તે નગરના રાજાના કુમારની દૃષ્ટિએ તેનું નાશવન્ત શરીર પડ્યું. એના અંગના રંગ–સૌંદર્યથી તે કુમાર અત્યંત મોહાંધ થઈ ગયો; અને રાત દિવસ તેનું જ રટણ કરવા લાગ્યો. રાજકુમાર તો સઘળી મોજ શોખ મૂકી દઈ શોકસાગરમાં તણાવા લાગ્યો. ખાવું પીવું ને આનંદ ઉત્સવમાં ભાગ લેવો, એ સઘળું તેણે ત્યજી દીધું. આ મોહાંધ-પણાંથી તેનું શરીર દિનપ્રતિદિન સુકાતું ગયું. આ વૃત્તાંત તેના પિતા અને નગરની પ્રજાના પાલણહાર રાજાને થતાં, રાજાએ ધર્મપાલનનો વિચાર કોરણે મૂકી, તે કન્યાના પિતાને કહ્યું; "તારી પુત્રીનાં મારા કુમાર સાથે લગ્ન કર." તે ગૃહસ્થે કહ્યું; "હે રાજન્! આ કાર્ય મોટું છે, તેથી પંદર દિવસ પછી હું એનું ઉત્તર આપીશ." ઉત્તર તો આપ્યું, પણ તે દિવસથી તે ગૃહસ્થ ભારે ચિંતામા પડ્યો કે, 'મારે શું કરવું. રાજા ક્ષત્રિય છે, હું વૈશ્ય છું, મારી કન્યા વ્રતાચારવતી ને સાધ્વી છે. તેને જો રાજકુળમાં આપું તો અનેક દુઃખની ભોક્તા થશે.' એવા વિચારમાં ને વિચારમાં બે દિવસમાં તેનું શરીર સુકાઈ ગયું ને તે સરડા જેવો બની ગયો. પિતાની આ સ્થિતિ નિહાળી, તેની પ્રતાપી બુદ્ધિશાળી પુત્રીએ પૂછ્યું; "હે પિતાજી! આપને શું કષ્ટ છે?" પિતાએ ઇત્થંભૂત વૃત્તાંત પોતાની પુત્રીને કહી સંભળાવ્યું ને બોલ્યો; "રાજાનો ને આપણો વર્ણ જૂદો છે, તેથી તેના કુમાર સાથે તારાં લગ્ન કરતાં,

મારા ધર્મશીલપણાને દૂષણ લાગે ને નગરમાં મારી પ્રતિષ્ઠાને પણ ઝાંખપ લાગે. લોક નિંદશે કે, આ ધર્મપાળ નામધારી, અધર્મને માર્ગે દ્રવ્યની લાલચથી સંચર્યો છે ને અજુગતો વિવાહસંબંધ કર્યો છે." પિતાના મુખથી સકલ વૃત્તાંત સાંભળીને કન્યા ખડખડાટ હસી પડી. પછી બોલી; "હે પિતાજી! આટલા માટેજ આપ ગભરાઓ છો કે? એમાં શું મહાભારત કાર્ય છે, કે તમે આટલા બધા ચિંતાતુર થાઓ છો? રાજાની આજ્ઞાનું પાલન કરીને, કુમારની ઇચ્છા થશે તો હું તેને વરીશ, તમે જરા પણ ગભરાઓ નહિ. હું ધર્મશીલા છું, મારા ને તમારા ધર્મને જરા પણ ખાંપણ આવવા દઇશ નહિ." પછી તે કન્યાએ પંદર દિવસમાં પોતાનું શરીર કોઈ સંત મહાત્માની પ્રસાદીના પ્રતાપે એવું ગાળી નાંખ્યું કે, તે હાડપિંજર જેવું બની ગયું. જેનાં મૃગલી જેવાં નેત્રો હતાં, તે ખાડામાં ઉતરી ચકલી જેવાં બની ગયાં; ચંદ્રના જેવું મુખ બંદર જેવું થઈ ગયું; પયોધરને સ્થાને ચીમળાયલા માંસના લોચા દેખાવા લાગ્યા; કેળ જેવી જંઘા સરકટીઆ જેવી થઈ ગઈ; ગંડસ્થળ જેવા નિતંબ બેસી ગયા અને સિંહ જેવી કટીપર માત્ર ચામડી જ રહેલી દેખાવા લાગી.

રાજપુત્ર તો હોંસ ને ઉમંગમાં આવી તે કન્યાનુંજ ધ્યાન ધરતો હતો. તેની સમીપમાં તે કન્યા પંદરમે દિવસે ગઈ. પણ તે લાવણ્યમય મૂર્ત્તિની મુખાકૃતિ જોતાં જ રાજપુત્ર ચમકીને તેનાથી દૂર નાઠો! તે વિમાસણ કરવા લાગ્યો કે, "આ કોણ? ભૂત કે પ્રેત!" તે કન્યાએ કહ્યું; "હે રાજપુત્ર! હું ભૂતે નથી ને પ્રેતે નથી, પણ હું તેજ ધર્મપાળની પુત્રી છું કે, જેનાપર તમે મોહિત થયા છો. મને જોતાં આજે તમને મોહ કેમ થતો નથી, કેમ દૂર નાશો છો? જેનાપર તમને મોહ થયો છે, જેની પ્રાપ્તિ માટે આપે અન્ન જળ તજ્યું છે, જેને માટે ધર્મ ત્યજવા ને ત્યજાવવા તત્પર થયા છો, તેજ હું તમારી સમીપ તમારી આજ્ઞાનું પાલન કરવા આવી છું. આવો, બેસો, જે ઇચ્છા હોય તે તૃપ્ત કરો!" રાજપુત્રે કહ્યું; "તું આવી બીહામણી ને ભયંકર કેમ?" ધર્મશીલાએ કહ્યું; "કુમાર! તમે મારામાં કયે સ્થળે ભયંકરતા જુઓ છો? હું તો જે છું તેની તેજ છું." કુમારે કહ્યું; "જે સૌંદર્ય જોઈ લગ્ન કરવાનો મોહ થયો હતો તે સૌંદર્ય કયાં છે?" કન્યા બોલી; "જે દેહમાં તમે સૌંદર્ય જોયું હતું તેજ દેહ આ છે. પણ મહારાજ! તમને મારામાં

ક્યાં સૌંદર્યનું દર્શન થયું હતું કે, તમે મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા? જો મારી સાથે લગ્ન કરવાની આપની ઇચ્છા હોય તો હું તૈયાર છું. પૂર્વે હું જે હતી તે આજ પણ છું. પૂર્વે રૂપે રંગે હું આવી જ હતી ને ઉત્તરમાં પણ રૂપે રંગે હું આવીજ થઇશ." રાજકુમારે કહ્યું; "તું તો પરમ સુંદરી હતી, તે આવી ઉંદરી, ડાકણી ને પિશાચિણીના જેવી કેમ બની ગઈ?" કન્યાએ કહ્યું; "હે રાજકુમાર! મારી સુંદરતા કંઈ જતી રહી નથી. જે માંસ અને લોહીથી આ અંગમાં સુંદરતા તમને જોવામાં આવતી હતી, તેનેજ તમે સુંદરતા કહેતા હો તો ને તેજ તમારે જોઇતી હોય તો તે ચાંડાળવાડામાં છે. પણ તે સુંદરતા જોતાં તમને વમન થયા વગર રહેશે નહિ. પણ હે કુમાર! જરા સાંભળો. સૌંદર્યમાં જેને મોહ થાય છે, તે સૌંદર્ય નષ્ટ થતાં તેનો મોહ પણ નષ્ટ થાય છે. આજે હું જાણી શકી છું કે, તમને મારાપર મોહ ન હતો, પણ મારા સૌંદર્યપર મોહ હતો; અને સૌંદર્યપર જે મોહ રાખે છે તે મૂઢમતિ છે; કેમકે સૌંદર્યપર ત્રિકાલાબાધિત નથી. આજે જેને તમે સૌંદર્યવાન્ જુઓ છો તેને એક કાલે સૌંદર્યથી જર્જરિત થઈ આજની મારી સ્થિતિમાં જોશો, ત્યારે શું તમારા અજ્ઞાનપણુંપર લજ્જા આવશે નહિ? તેથી, હે મહારાજ! એકલા સૌંદર્યપર મોહ કરવો, એ ડાહ્યા મનુષ્યનું કર્તવ્ય નથી. જો મારાપર તમને મોહ થયો હોય તો તમે મારો પાણિગ્રહણ કરો; અને મારા સૌંદર્યપર જ તમને મોહ હોય તો હું તમારી ધર્મપત્ની થવા ઇચ્છતી નથી."

પછી ક્ષણભર મૌન્ય ધરી, તે પ્રતાપી સાધ્વી બોલી; "રે રાજકુમાર! આ માર્ગપ્રતિ દૃષ્ટિ કરો, તમારી દાસી આવે છે તેને જુઓ. જ્યારે તમે બાળક હતા ત્યારે એ દાસીને તમે જોઈ હતી?" રાજકુમાર બોલ્યો; "હા, મને ઝાંખું ઝાંખું સ્મરણ થાય છે કે, તે સમયે તે ઘણી રૂપાળી હતી!" તે કન્યાએ કહ્યું; "આજે તેનાં ડાચે ડાચાં મળી ગયાં છે, દાંત પડી ગયા છે, માથાના વાળ બગલાની પાંખ જેવા ધોળા થઈ ગયા છે, શરીરપર કરચલી પડી ગઈ છે-આજે તે એવી તો કુરૂપા દેખાય છે કે, તમને જોવી પણ ગમતી નથી. પૂર્વકાળમાં એ સુંદરી હતી. એનું તે સૌંદર્ય આજે ક્યાં ગયું કે, જે સૌંદર્યપર તમારા પિતાએ તુષ્ટમાન થઈ, તમારાં લાલન પાલન માટે એને નીમી હતી? મહારાજ! તે સૌંદર્ય ક્યાં છે, એ તો તેની તેજ છે?" રાજપુત્ર વિચાર-

અસ્ત જ રહ્યો, ત્યારે તે સાધ્વીએ કહ્યું; " ન સમજાતું હોય તો સમજો. તે સૌંદર્ય માત્ર દૃષ્ટિનો વિકાર જ હતો. સૌંદર્ય કંઈ વસ્તુ નથી, તેમ તે સ્થિરે નથીઃ જેવું આજે દેખાય છે તેવું તે આવતી કાલે દેખાતું નથી; કેમકે દૃષ્ટિમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થયા કરે છે. જે આજે બાળ છે, તે કાળે અન્નાદિકના આહારથી તરુણ, પછી વૃદ્ધ, પછી જર્જરિત ને પછી કાષ્ઠરૂપ થાય છે. એમ સૌંદર્ય–લાવણ્યનું પણ પરિવર્તન જોઈ, જ્ઞાની પુરુષો તેનો સદાનો જ ત્યાગ કરે છે. હે રાજપુત્ર! કાળની ક્રીડાનું તમને જ્ઞાન નથી, તેથી સૌંદર્યથી મોહાંધ થઈ, તમારા ધર્મથી વિપરીત આચરણ કરી, હાથે આંખ બંધ કરી કૂવામાં પડો છો. સૌંદર્ય શું છે? આ નાશવન્ત શરીરમાં રક્ત, માંસ, મેદ વગેરે ઉત્પન્ન થાય છે. એ જ રક્ત, માંસ, મેદ તેજ સૌંદર્ય! એનાથી મનુષ્ય કાંતિમાન્ જણાય છે. તેના યોગે જ સ્ત્રીઓને કવિઓએ કમળમુખી, ચંદ્રમુખી, મૃગનયની, માંસથી ભરેલી જંઘાને કદળીસ્તંભની, પયોધરોને હાથીના કુમ્ભસ્થળની અને કેડને સિંહની કટિની ઉપમા આપી છે. હે રાજ-કુમાર! એ તો માત્ર કવિઓની કલ્પના છે. સ્ત્રી માત્ર માંસ, મજ્જા, રક્ત અને ચર્મના બનેલાં જેવાં બીજાં પ્રાણીઓ છે, તેવી જ ચાંમડાની પુતળી છે. તેનામાં વધુ કંઈ નથી. જે સૌમાં છે તે જ તેનામાં છે. મારામાં જે હતું તે જ આ તમારી દાસીમાં છે. તમારી બીજી રાણી-ઓમાં છે, તે ગયું કંઈ નથી, તો પછી તમારો મોહ આજે તેમના-પરથી કેમ ઉતરી ગયો છે? હવે કહો, હે કુમાર! શાપર તમને મોહ હતો? મારાપર કે મારા રક્ત માંસપર? જો મારાપર તમે મોહિત થયા હતા તો હું તો જે છું તેની તે જ છું અને જે પદાર્થથી હું સુંદરી ગણાતી હતી, તે પદાર્થ તો ચાંડાળવાડામાં પણ દૃષ્ટિએ પડે છે. પણ તમને તેનાપર મોહ નથી, કેમકે તેમાં તમે સૌંદર્ય જોતા નથી, તો પછી સૌંદર્ય ક્યાં છે? સૌંદર્ય એ દૃષ્ટિનો વિકાર જ છે કે કંઈ બીજું છે? એક જેને સૌંદર્ય માને છે, તે બીજાની દૃષ્ટિમાં કુરૂપ ગણાય છે. અજ્ઞાનીઓ જ દૃષ્ટિસૃષ્ટિમાં સુખ માને છે.

"હે રાજકુંવર! આ વિષયમાં તમને એક પુરાણિક દૃષ્ટાંત કહું છું, તે સાંભળો! વિચાર કરો, અને રાજ્યની પ્રજા તે તમારા પુત્ર પુત્રી છે એમ માનીને પ્રજાનાં પુત્ર પુત્રી ઉપર મોહ ન પામતાં તમારા ધર્મનું પાલન કરો.

## મને માનેલો મોહ જ અંધ બનાવે છે

પૂર્વે દિવોદાસ નામનો એક રાજા હતો. અનેક શાસ્ત્રના શ્રવણથી ને મહાત્માઓના સમાગમથી તેની મતિ નિર્મળ હતી. તે સદાચારી અને ધર્મનિષ્ઠ પ્રજાપાળ રાજા હતો. મહાત્માં પુરુષોના સંગથી તેનો નિશ્ચય થયો હતો કે, આ દેહના ત્યાગ પછી જીવ પોતાની અંતકાળની વાસના પ્રમાણે ગમે તેવા દેહને ધારણ કરે છેઃ સામ્પ્રતથી ઉંચી યોનિમાં પણ જન્મે છે ને નીચી યોનિમાં પણ જન્મે છે. મહાત્માઓના મુખથી આવો વૃત્તાંત સાંભળીને, મૃત્યુ પછી કેવો જન્મ થશે, તે ન જાણી શકાવાથી તે રાજા પરમ ખેદ પામ્યો. એક પ્રસંગે તેણે પોતાના પાટવીકુમારને કહ્યું, "કદાચ મારો જન્મ જો કોઈ નીચયોનિમાં થાય, તો તત્કાળ મારું મસ્તક કાપી નાંખજે." પુત્રે પ્રશ્ન કર્યો; "પિતાજી! તમે નીચ યોનિમાં અમુક સ્થાનમાં જન્મ્યા છો, એ હું કેમ જાણી શકું?" રાજાએ કહ્યું; "મારા કપાળમાં શ્રીવિષ્ણુનું ચરણચિહ્ન તિલક જોવામાં આવશે, તે ચિહ્ન જોઈ તું મારો નાશ કરજે, કે જેથી મારો અધમ યોનિમાંથી ઉદ્ધાર થાય!" થોડે દહાડે દિવોદાસ રાજા મરણ પામ્યો. અંતકાળ સમયે શિકારના સુવરમાં વાસના રહેવાથી તે સુકરની યોનિમાં અવતર્યો; અને અનેક સુકરીઓ સાથે ઉકરડાપર ક્રીડા કરવા લાગ્યો. આ સુકર સુકરીઓ ક્રીડા કરતાં હતાં, એવામાં દિવોદાસના પુત્રની તેનાપર અકસ્માત્ દૃષ્ટિ પડી, અને પૂર્વે તેના પિતાએ કહ્યું હતું, તે પ્રમાણે એક સુવરના કપાળમાં તિલકચિહ્ન જોઈને, તેને મારવા માટે તરવાર કહાડી. ભયથી કંપતા પૂર્વ જન્મના દિવોદાસ રાજાએ મનુષ્યવાણીથી કહ્યું; "હાં હાં! આ શું અધર્મનું કૃત્ય કરે છે?" રાજકુમાર બોલ્યો; "તમારી આજ્ઞાને અનુસરું છું!" દિવોદાસ સુકરે કહ્યું; "મને અહિં જરાપણ દુઃખ નથી; હું આ સુકરીઓની સાથે વિહાર કરું છું, જે મને દિવ્યાંગના સમાન લાગે છે અને કાદવનો આહાર અમૃતના આહાર કરતાં પણ અધિક સ્વાદુ લાગે છે. આ નાની સુકરી કેવી સુંદર છે! તેને હું કાલે જ લઈ આવ્યો છું. આવી સુંદર સુકરી અમારી જાતમાં એક પણ નથી. એની સાથે ક્રીડા કરવાથી જે આનંદ મને થાય છે, તેવો આનંદ કોઈ પણ લોકમાં નથી." દિવોદાસ સુકરની આવી વાણી સાંભળીને રાજકુમાર ચકિત થઈ ગયો, અને બોલ્યો; "રાજાના રાજમહેલમાં સ્વરૂપવતી સુંદરી-

ઓને ભોગવવામાં જે આનંદ છે, તેજ આનંદ સુવરને ઉકરડામાં રહીને સુકરીઓની સાથે ક્રીડા કરવામાં પણ છે. આ સુકર, આ સુકરીને સૌંદર્યવતી સમજે છે. મનુષ્ય પણ સ્ત્રીઓને સુંદર માનીને તેમાં મોહ પામે છે. ખરેખર, સૌંદર્ય કે કુરૂપતાનો આધાર પ્રાકૃત દૃષ્ટિમાં રહ્યો છે. સૌંદર્યનું કંઈ માપ કે ધોરણુ નથી. જેના મને જે સૌંદર્ય માન્યું, તે સૌંદર્ય. વળી એકને જે સૌંદર્ય લાગે છે, તે બીજાને લાગતું નથી. અમુક જ સુંદર એમ કદી પણ કહી શકાય તેમ નથી. એ ઉપરથી નક્કી થાય છે કે, સૌંદર્ય જેવી કોઈ વસ્તુ નથી. એકનો એક જ પદાર્થ તેના જોનારની નજર પ્રમાણે ત્રણ પ્રકારનો બને છે. રસ્તે ચાલતી એક સ્ત્રી કામી પુરુષને એક સ્વરૂપવાન્ કામિનિ જેવી લાગે છે, એક કૂતરો એને માંસપિંડ સમજે છે, અને યોગી પુરુષ એને હાલતુંચાલતું મુડદું સમજે છે. માટે મનજ બંધ અને મોક્ષનું કારણ છે. સૌંદર્યના સૌંદર્યને અને આનંદના આનંદને એટલે પરમાનંદને તો માત્ર જ્ઞાતા પુરુષ જ જોઈ જાણી શકે છે, અન્યને તેનો અધિકાર જ નથી."

તે કન્યાએ મોહિત રાજકુમારને કહ્યું; "હે રાજપુત્ર! તમે મારાપર મોહિત થયા છો, તો કહો, તમે મારામાં વિશેષ શું જોયું? તમને અનેક રાણીઓ છે, તે મારાથી કોઈ પણ પ્રકારે ન્યૂન નથી, પણ અધિક છે; તથાપિ જે સૌંદર્ય જોઇને તમે મોહિત થયા છો, એ તમારી દૃષ્ટિનો વિકાર જ છે કે બીજું કંઈ? એ વિકાર કાઢી નાંખો, એટલે તમે સર્વને સમાન જ જોશો. સુકર સુકરીમાં જેવી સુંદરતા જોય છે, તેવી જ મનુષ્ય સ્ત્રીમાં પણ જોય છે. એમાં જ્ઞાતાને જ મોહ થતો નથી. હું જે પદાર્થથી ભરપૂર હતી ને છું, તે જ પદાર્થમય જગતની સ્ત્રીઓ પણ છે. મારાપર મોહ હોય તો લો, આ સૌંદર્ય તમારી હજુર હાજર છે!" તે કન્યાનું આવું વૈરાગ્યપૂર્ણ સંભાષણ સાંભળીને રાજપુત્રનાં પ્રાકૃત–અજ્ઞાનમય નેત્રપટલ દૂર થઈ ગયાં; હૃદયમાં વૈરાગ્યનો સંચાર થયો અને તેને સર્વ બ્રહ્મમય દીસવા લાગ્યું. તે પછી તેણે અવસાનપર્યંત પોતાની પ્રજાનું પુત્ર તથા પુત્રીવત્ જ પાલન કીધું હતું.

## સત્પ્રાપ્તિ પ્રસંગ ઝડપી લેવો

સુવિચારે પ્રકટપ્રજ્ઞાને કહ્યું; "સૌંદર્ય એવો કોઈ પણ પદાર્થ જ નથી; છતાં અનેક જીવો અનેક પ્રકારનાં સૌંદર્યને વશ થઇને, અનેક વાસનામાં લપટાયા કરે છે. કોઈ ધનને, કોઈ કીર્તિને, કોઈ ભોગને

સૌંદર્યનું સ્થાન સમજી, તે પાછળ ગાંડો થાય છે. એવા સંસારી રગડામાં પણ જો તેને કોઈ અમૂલ્ય પ્રસંગ પ્રાપ્ત થાય અને ચટકી લાગી જાય, તો તેને પોતાના દેહનું અને આત્માનું સાર્થક કરી લેવું ઇષ્ટ છે. જીવને એવા પ્રસંગ મળે તો તે ઝડપવામાં ચૂકવું નહિ. દૈવકૃપાથી જ એવા પ્રસંગો આવી મળે છે; અને તે પ્રસંગો જવા દેવાથી જીવને હમેશાંનો સંતાપ થાય છે. એટલું જ નહિ, પણ જન્મ જન્મ તે જીવને ચોર્યાસીના ફેરામાં અટવાવું પડે છે. ભગવાન્ નારદ મુનિ કોઈ એક ગૃહસ્થને ત્યાં પધાર્યા અને તેને કહ્યું; "હે અધિકારી જીવ! તું વયમાં આવ્યો છે, તારે ઘેર પુત્ર પુત્રીઓ છે, તેં સંસાર ભોગવ્યો છે, ખાધું પીધું છે ને આનંદ કીધો છે, હવે તું પ્રભુભજન કરીને આત્માનું સાર્થક કરી લે." આ મૂઢમતિ સંસારી જીવડો નિત્ય સત્સંગ કરતો, મહાત્માઓનું પૂજન કરતો, દાન ધર્મપરાયણ રહેતો, પરપીડનથી સદા દૂર નાસતો, તથાપિ માયાનો જીવડો હતો. સંસારપર એ અભાગિયાને બહુ પ્રીતિ હતી. સત્સંગશિરોમણિ નારદ જેવા પરમભક્ત તેને ઘેર પધાર્યા, તેનો લાભ લેવાની તેને ઇચ્છા થઈ નહિ. તે બોલ્યો; "હે મહારાજ! આપનું કહેવું સત્ય છે. આ છેલ્લા ચાર દહાડામાં જે સુકૃત્ય થાય, તે કરી લેવાની મારી ઘણી ઇચ્છા છે; હવે તો મારે પ્રભુભજનમાં પ્રીતિ કરવી જ જોઇએ. પણ શું કરું? મારી ઇચ્છા તો ઘણીએ છે, પણ હજી આ રામ નાની અવસ્થામાં છે, શંકર ઠેકાણે પડ્યો નથી. એ જરા મોટા થાય, એટલે મારો નિશ્ચય છે કે, પ્રભુભજનમાં લાગી જઇશ." નારદજીએ કહ્યું; "અરે માયાના જીવડા! તારાથી આ માયાનો ત્યાગ થશે નહિ! રામ અને શંકર કાળે કરીને મોટા થશે, એટલે તને વળી બીજી જંજાળ વળગશે; એટલામાં તારું અવસાન પૂરું થશે અને તું જેવો ને તેવો જ આ લોકમાંથી હાથ ઘસતો ને કપાળ કૂટતો ચાલ્યો જઇશ. તારે હજી ઘણાં સંકટ વેઠવાનાં છે, તેથી તારાથી આ ભવમાં પ્રભુભજન થવાનું નથી ને માયા છૂટવાની નથી." આમ કહીને નારદમુનિ અંતર્ધાન થઈ ગયા; અને માયામાં રચ્યાપચ્યા રહેલા મૂર્ખાની સ્થિતિ જેવી ને તેવી જ રહી ગઈ. પાછળથી તેને ઘણોએ પસ્તાવો થયો, પણ જે ઘડી ગઈ તે પાછી આવી નહિ. જગન્નગરના જીવોએ પરમાત્માનું ધ્યાન કરવામાં આજે નહિ ને કાલે કરીશ, બાલ્યાવસ્થામાં નહિ પણ તરુણાવસ્થામાં, ને પછી વળી વૃદ્ધાવસ્થામાં પ્રભુભજન કરીશ, તત્ત્વાનુસંધાન કરીશ, માયાને પરાસ્ત

કરીશ, સંસારની મમતા તજીશ, એવા વિચારમાં ક્ષણ પણ ગુમાવવી નહિ. કાલે કરવાનું કાર્ય આજે કરો અને આજનું હમણાં જ કરી લ્યો. સમય કોઇની પણ રાહ જોતો નથી.

## કાજળની કોટડીમાં કોઇક જ ડાઘ વગરનો રહે છે

ઘણા જીવો એમ સમજે છે કે, અમે જનકવિદેહી જેવા છિયે અને એમ માનીને પોતાને સિદ્ધવત્ જ સમજે છે. તેઓ માને છે કે, જેમ જનક, યાજ્ઞવલ્કય, વસિષ્ઠાદિ મહાત્માઓએ સંસારમાં રહીને પણ પરમાર્થ સાધ્યો હતો, તેમ અમે પણ પરમાર્થ સિદ્ધ કરીશું! પણ મોહજાળમાં પડેલા અજ્ઞાની જીવડાઓ જાણતા નથી કે, જનક તે જનક જ હતા; યાજ્ઞવલ્કય તે યાજ્ઞવલ્કય જ હતા; વસિષ્ઠ તે વસિષ્ઠ જ હતા. બીજો જનક, વસિષ્ઠ કે યાજ્ઞવલ્કય થયો નથી ને થવાનો પણ નથી. તેની તુલનાએ આવી શકે, એવો કોણ માનવી છે? જે જનકે સુલભાને કહ્યું કે, મારા એક હાથને કોઈ ચંદન ચર્ચે ને બીજાને વાંસલાથી વિંધે, તો પણ મને આનંદ કે શોક નથી! મૈત્રેયી ને કાત્યાયાનીને ત્યજી યાજ્ઞવલ્કયે જ્ઞાની છતાં અરણ્ય સેવ્યું હતું ને વસિષ્ઠના સો પુત્રની પ્રાણહાનિ થઈ, તો પણ સતી અરુન્ધતીને કે મુનિને ક્રોધ, શોક કે મોહ થયો નહોતો, તેવી સ્થિતિને પહોંચનાર ને ઇશ વચ્ચે શો ભેદ છે? આ સ્થિતિને પામેલો મનુષ્ય જીવ નથી પણ શિવ છે; ઈશ જ નથી, પણ પરમેશ જ છે. આ સ્થિતિને જે પામ્યા નથી, રે તેના દ્વારનાં પણ સ્વપ્ને દર્શન થયાં નથી, તેવાઓ '**अहं ब्रह्मास्मि**' અને '**तत्त्वमसि**'નો જાપ જપ્યા કરે છે! પરંતુ તેઓ જગતની હાંસીનાં પૂતળાંઓ જ છે! આ સંસાર એક કાજળની કોટડી સમાન છે. તેમાં ડાઘ વગર શુદ્ધ રહીને પરમાર્થ સિદ્ધ કરવો, એ કામ ઘણું કઠિન છે. એક મહાત્માએ કહ્યું છે કેઃ-

"રામ ત્યાં નવ કામ ભાસે, કામ ત્યાં નવ રામ;
તુલસી દોનું નવ મીલે, રવિ રજનિ એક ઠામ."

જ્યાં માયાના વિલાસરૂપ જગત્ છે ત્યાં પરમાત્મા નથી, અને પરમાત્મા છે ત્યાં જગત્ નથી. પરમાત્માને અને જગતને એક જ સ્થળમાં લાવવાનો પ્રયત્ન કરનારા અજ્ઞાની છે. માયાના વિલાસરૂપ આ જગતના મિથ્યા પદાર્થોની સાથે યથેષ્ટ વ્યવહાર કરનારા અને કામ ક્રોધાદિકને વશ થયેલા મનુષ્યો જે ત્યાગ દર્શાવે છે, તે તેઓનો મિથ્યા

દંભજ છે; 'અહંબ્રહ્મ, અહંબ્રહ્મ' એ તેઓનો જગતઠગણપ્રપંચ છે અને પરમાત્મા પણ તેવા બ્રહ્મઠગોથી કોટાનુકોટી કોશ દૂર જ રહે છે.

એક ગૃહસ્થ સંસારત્યાગનો ડોળ કરી 'અહંબ્રહ્માસ્મિ' બની, પોતાના ઘરના એકાંત ભાગમાં રહેવા લાગ્યો. તેણે ઘરનો ખટરાટ સ્ત્રી પુત્રને સોંપી દીધો. તે લોકોને કહેવા લાગ્યો કે, હવે આપણે સર્વ જંજાળ છોડી દીધી છે; હવે તો તત્ત્વાનુસંધાન કરીને આત્માને શોધીએ છિયે; લોક સારું કહો, નરતું કહો, આપણે કંઈ લેવા દેવા નથી; આપણે તો બ્રહ્મ છિયે! બ્રહ્મને શું? છતાં કંદોરેથી કુચી છૂટી ન હતી! આવા સંસારી એચ્ચગી જ્ઞાની પાસે એક પ્રસંગે એક અર્થી જીવે જઇને કહ્યું કે, "હે ભાઈ! મને પૈસાની ઘણી જરૂર છે, માટે પચાસ રૂપિયા આપો." રામને અને કામને એક આસને બેસાડનારા, 'અહંબ્રહ્માસ્મિ'ના જીવડાએ કહ્યું; "ભાઈ! હું તો પૈસાને હાથ પણ લગાડતો નથી; મારું છે શું કે તને આપું? મેં સર્વનો ત્યાગ કીધો છે!" આમ વાત કરે છે, તેટલામાં એક દેણદાર સાથે તેના પુત્રને પંચાતી થઈ, એટલે રામકામદાસ તડુકી ઉઠ્યા કે; 'પૈસા તારા બાપના હતા કે લઈ ગયો ને આપતાં પંચાત કરે છે? પૈસા કંઈ પથ્થરા કે કાંકરા નથી કે તે છોડી દેવાય?' પેલો દેણદાર આજ સૂધી જેને બ્રહ્મનિષ્ઠ જાણતો હતો, તે અત્યારે તેને બ્રહ્મઠગ ભાસ્યો; અને તેણે ઉંડો નિઃસાસો નાંખીને કહ્યું કે, 'લોકો કહે છે તેવા કળીજુગીયા વેદાંતી આજે મેં નજરે દીઠા.' કહેવાનું તાત્પર્ય એ છે કે, જેઓ ત્યાગીનો વેશ ઉપર ઉપરથી ધારણ કરે છે, પણ અંદરખાને સંસારના ખટરાગોમાં માથાં મારે છે, તેઓ જનક અને વસિષ્ઠના ઓઠાં નીચે રહી, સંસારમાં વિચરતા કાદવથી લપટાયલા અલ્પ જીવડા જ છે. કનક કાન્તા ને કીર્તિના ત્યાગી તેજ ત્યાગી, ને તેજ સંન્યાસી છે. સંસારમાત્રનો ત્યાગ તેજ ત્યાગ; પદાર્થમાત્રપર વિરાગ, તેજ વિરાગ ને સંકલ્પમાત્રનો સંન્યાસ તેજ સંન્યાસ. એવા પુરુષમાં ને પરમાત્મામાં અંતર જ નથી. મોક્ષાભિલાષી જીવે જગતની જંજાળનો નિત્યને માટે ત્યાગ કરી દેવો જોઇએ. અહંબ્રહ્માસ્મિને પહોંચેલાને ઘરે નથી, ધને નથી, સંગે નથી, જગતે નથી, પુત્રે નથી ને દારાએ નથી. પરંતુ અહંબ્રહ્માસ્મિનો મિથ્યા ડોળ ઘાલનારાઓને તો તે સર્વ છે. જનક વિદેહીનું આવા પુરુષો જે ઉદાહરણ આપે છે, તે દંભપર છત્રછાયા છે. તે મહાત્મા પુરુષ સંસારમાં રહ્યા છતાં સંસારથી મુક્ત હતો; જળકમ-

ભવત્ સંસારમાં રહી, સાંસારિક વિષયોથી અલિપ્ત હતો; વૈરાગાદિક વિષયો તેમના સમીપ દાસવત્ થઈ ગયા હતા; તેમની આત્મસત્તા પરમ શ્રેષ્ઠ હતી; તે આત્મરસાયનનો આસ્વાદ કરનારા હતા. જેનું આત્મબળ શ્રેષ્ઠ હોય છે, તે જ સંસારનો ત્યાગ કરી શકે છે; બાકીના તો પાંજરામાં પૂરાયલા અને મુખે રામરામ બોલતા શુડલાઓ જ છે.

## સત્સંગ જ તારે છે

જગન્નગરના જીવોએ, નિત્ય સત્સંગ કરવો. સત્સંગ આત્મિક બળ આપે છે, સર્વે દૈહિક પાપને ભસ્મ કરે છે, ચેતનને સત્સ્વરૂપના અનુસંધાનમાં પ્રેરે છે. સત્સંગના પ્રતાપથી અનેક કુમાર્ગગામી જીવો પ્રાણ તરી ગયા છે. એક સંત મહાત્માના ટોળામાં કોઈ એક અસાધુ પેસી ગયો. તે ઘણો જ દંભી હતો, છતાં સંતસેવામાં ઉત્સાહી હતો. સંતોની સાથે રહેતાં રહેતાં તેને અલપઝલપ જ્ઞાન પણ થયું, પરંતુ તે જ્ઞાનથી તેનું હૃદય રંગાયું ન હતું. આ જીવ બહારથી સાધુતા દર્શાવતો; સંતસેવામાં દોડતો; પ્રેમથી સંતને પગે પડતો; પણ અંતઃકરણમાં અનેક પ્રકારની કુકામનાઓ કર્યા કરતો. અસાધુ તે અસાધુ! તે સત્સાધુ એક તડાકે કેમ બને? એ અસાધુ દ્રવ્યને જોતો કે તે ગ્રહણ કરવાને આતુર થતો; સ્ત્રીને જોતો કે ભોગ વિલાસની ઇચ્છાને આધીન થઈ જતો. પ્રભાતમાં સ્નાનસંધ્યા કરીને ગાયત્રીનો જાપ જપતો, ત્યારે મનમાં એવા સંકલ્પ વિકલ્પ પણ થતા કે, આદિત્ય ભગવાન્ રાજગાદી આપે તો અહોભાગ્ય થાઉં! તેના હૃદયની આવી ઘટનાઓથી કેટલાક મહાત્માઓ અજ્ઞાત ન હતા. પરન્તુ આ અનધિકારી જીવ સંતોની સેવા ઉઠાવવાને સદાય તત્પર રહેતો હતો, તેથી દયાળુ મહાત્માઓએ તેને ઉન્નત સ્થાનમાં લઈ જવાની કામના કીધી. ફરતું ફરતું આ સંત મહાત્માનું મંડળ કોઈ એક રાજાના રાજ્યમાં આવી પહોંચ્યું. તે રાજાને એક કન્યા હતી. તે રાજા ધર્મશીલ, સંતોનો સેવક ને સાંસારિક વિષયોને ધિક્કારનારો હતો. તે પોતાની કન્યા કોને પરણાવવી, તેના વિચારમાં ગુંચવાઈ ગયો હતો. તેણે વિચાર કર્યો કે, કોઈ રાજકુમારને મારી કન્યા આપીશ તો રાજાઓ એવા દુષ્ટ હોય છે કે, તેઓ અનેક કુકર્મો કરવામાં સદા તત્પર રહે છે અને તેઓના રણવાસમાં અનેક સ્ત્રીઓ હોવાથી મારી પુત્રીને અનેક સંકટો વેઠવાં પડે. સામંત પુત્રને કન્યા આપીશ તો તે મારા ઐશ્વર્યથી અહંકારી બની,

સજ્જન હશે તોપણ દુર્જન બની જશે. પ્રજાજનમાંથી કોઇને આપીશ તો રાજાનો જમાઈ થવાથી તે મદ મત્સરમાં લીન થઈ અનેક પ્રકારનાં કુભાંડ કરવાને તત્પર થશે. આવો વિચાર થતાં, તે રાજાએ પોતાની પુત્રીનાં લગ્ન કોઈ સંત મહાત્માની સાથે કરવાનો નિશ્ચય કીધો. ઉક્ત સંત મહાત્માઓનું મંડળ તેની રાજધાનીમાં આવ્યું, એટલે રાજાએ પોતાના મુખ્ય મંત્રીને મુખ્ય સંત પાસે મોકલી પોતાની પુત્રીના પાણિગ્રહણની પ્રાર્થના કીધી. સંતોએ વિચાર કીધો કે, આપણે તે વળી સ્ત્રી શી? દ્રવ્ય શું? રાજ શું ને પાટ શું? સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ કરી, આત્માનુસંધાન કરવાને ત્યાગી થયા છિયે; સંકલ્પનો સંન્યાસ કરવાનું મથન કરીએ છિયે, ત્યાં સંસારનો રગડો! વાહ! એ પણ ઠીક! જો સંસારી થઇએ તો અવશ્ય ઉભય લોકમાંથી ભ્રષ્ટ જ થઇશું. સ્ત્રી એ પરમ. દુઃખની ખાણ છે, સ્ત્રી નરકમાં લઈ જનારી છે અને અનેક ઉપાધિ વધારનારી છે, તેનું તે પાણિગ્રહણ! વાહ! નરકનું દ્વાર હાજરાહજુર! આમ વિચાર કરીને સર્વે સંતોએ રાજકન્યાની સાથે પરણવાની ના પાડી. પણ પેલો ભોગ વિલાસનો ભુખ્યો અલ્પ સાધુપણાને પામતો અસાધુ પરણવાને તૈયાર થઈ ગયો. રાજાની કન્યા, રાજગાદીનો વારસો, એમ બેવડા લાભથી તે લોભાયો. તેણે રાજકુંવરી સાથે પરણવાની હા પાડી. તુરત રાજસભામાં તેને લઈ જવામાં આવ્યો. જો કે તે જીવ સંસારના વિકારોમાં પ્રવૃત્ત હતો, તથાપિ સત્સંગને યોગે તેની મલિન બુદ્ધિ કંઇક સંસ્કારી થઈ હતી, તેથી તેણે રાજાને પૂછ્યું; “કોઈ રાજકુમાર નહિ, કોઈ પ્રધાનપુત્ર નહિ, કોઈ સરદારપુત્ર નહિ અને મને આ કન્યા આપવાનું કારણ શું?” રાજાએ કહ્યું; “હે મહાત્મા! સંતો નિર્વિકારી, નિષ્કપટી, વિચારબળ અને આત્મબળનું પોષણ કરનારા, પ્રપંચથી રહિત છે; તેથી જ હું મારી કન્યા તેને દાનમાં આપવા ઇચ્છા કરું છું. સંત સેવાના પ્રતાપથી મારી પુત્રી પણ આગળ જતાં સંસ્કારી થઇને, ઉભય લોકનું શ્રેયઃસાધન કરવાને શક્તિમાન્ થશે ને ત્રિલોકની સ્વામિની થશે!” સંતનો સંગ કરનારા આ ત્યાગીને તે સાંભળીને વિચાર થયો; “ઓહો! સંતનો આટલો મોટો પ્રભાવ! હું શુદ્ધ સાત્વિક સંત નથી, કામના મારા હૃદયમાં સળવળાટ કર્યા જ કરે છે; તેટલું છતાં મને આ રાજકન્યાની પ્રાપ્તિ થાય છે, તો હું સાત્વિક, નિરપેક્ષી, કામનારહિત, સર્વ ત્યાગી, સંત હોઉં તો હું શું પ્રાપ્ત ન કરી

શકું? ત્રિભુવનનો સ્વામી થતાં મને શાનો વિલંબ લાગે? તેના સમક્ષ આ રાજપાટ શી ગણત્રીમાં? નહિ, નહિ! હું પરણીશ નહિ-હું શુદ્ધ સાત્વિક સંત જ બનીશ. આ રાજકન્યાનો નહિ, પણ ત્રિભુવનનો સ્વામી થઇશ." આમ વિચારીને તે ઉભો થયો અને રાજાને આશીર્વાદ દઇને બોલ્યો; "હે રાજન્! અમારે ત્યાગીને તે વળી લગ્ન શાં? હું આ રાજકન્યાનો કે તમારા રાજ્યનો સ્વામી થઇશ નહિ; પણ ત્રિભુવનનો સ્વામી થઇને અખંડાનંદ પ્રાપ્ત કરીશ." આટલું કહી તે પાછો સંતમંડળમાં આવીને ઉભો રહ્યો; અને તે સંત મહાત્મા અનેક જન્મમાં પરમાત્માની ઉપાસના કરી, આત્મસત્તા પ્રાપ્ત કરી, શુદ્ધ બનીને છેલ્લે અવતારે નામદેવનું નામ ધારણ કરી, પ્રભુગુણ ગાઇને પરમધામને પહોંચ્યો. દેવિ પ્રકટપ્રજ્ઞા! સત્સંગ જ જગતમાં સારરૂપ છે; અનેક મહાત્માઓ સત્સંગથી જ તરી ગયા છે. જગન્નગરના જીવે જેમ બને તેમ સત્સંગ કરવો. સત્સંગ કરતી વખતે બહુ સંભાળ રાખવાની છે. માયાવી જગત્ પ્રપંચનું ભરેલું છે. 'સાધુને વેશે ધૂતારા ઘણા,' તેમ અનેક સંત કહેવરાવનારા પુરુષો બગભગત બનીને જગતમાં વિચરે છે. એવાઓનો સત્સંગ કરવાનો નથી, તેમ મોટા મોટા મઠો ને મંદિરો બાંધી બેઠેલા જીવો પણ સંત પદના અધિકારી નથી. એ તો માયાના જીવડા છે-તેઓને તો દૂરથી જ પ્રણામ કરવા.

## સંતોનું લક્ષણ

સંત પુરુષ રજોગુણ તમોગુણથી રહિત અને સત્વશીલ હોય છે; જન્મ, જરા અને મૃત્યુના દુઃખને ગણકારતો નથી; કોઇનો દ્વેષ કરતો નથી, તેમ કોઈ ઉપર પ્રેમ પણ કરતો નથી, તેમ માયિક પ્રેમમાં બંધાતો નથી; નિવૃત્તિ કે પ્રવૃત્તિની તે ઇચ્છા કરતો નથી; તેને પ્રકાશનો કે પ્રવૃત્તિનો મોહ નથી; તે ઉદાસીનની પેઠે જગતમાં વિચરે છે; સત્વાદિક ગુણોથી ચલાયમાન થતો નથી; તેને કોઈ પ્રિય કે અપ્રિય નથી; પત્થરને અને કાંચનને તે સમાન ગણે છે; તે સ્તુતિ વા નિંદાની સ્પૃહા રાખતો નથી; માન અપમાનમાં સમાન બુદ્ધિ રાખે છે; મિત્ર અને શત્રુને સમાન ગણે છે; અવ્યભિચારી ભક્તિ કરીને પરબ્રહ્મને ઉપાસે છે; એકાંતિકને જ ભજે છે; કોઈ પણ જાતનાં સાંસારિક-પ્રાપંચિક કાર્યોનો આરંભ કરતો નથી; ઇંદ્રિયોના વિષયો ઉપર વૈરાગ્ય રાખે છે; મનને નિયમમાં રાખે છે; સંકલ્પનો સંન્યાસ કરે છે-એ જ ખરો

સંત છે. પરંતુ ડોળઘાલુ સંતો રજોગુણ તમોગુણથી ભરપૂર હોય છે. તેઓને નથી શાંતિ કે નથી તત્ત્વનો નિશ્ચય. તેઓ તો જગતના જંજાળી જીવડાઓ જ છે. જગતમાં વિચરતા તેઓ દ્વેષ, કલેશ, માનભંગ ને નિંદાના જ ભોગી થાય છે. દર્શન કરતામાં જ એ જીવો ચિત્ત અને વિત્તને હરનારા છે; પરંતુ સંસારમાં લપટાયલા જીવને ઉપદેશ દેનારા નથી. શુદ્ધ સાત્વિક સંતો જ્યારે પ્રેમ, વીરતા, બ્રહ્મનાદ, ધર્મપ્રિય, દયાળુતા તથા દાનથી શ્રેય પ્રાપ્ત કરી, યમ, નિયમ, દમ, સ્વાધ્યાય, તપ, આર્જવ, અહિંસા, અક્રોધ, શાંતિ, ક્ષમા, અદ્રોહના ભોગી છે; ત્યારે સંસારી સંતો દંભ, દર્પ, અભિમાન, પારુષ્ય તથા અજ્ઞાનના ભોગી છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે, પ્રથમ દૈવી અને બીજી આસુરી સંપત્તિ છે. દૈવી સંપત્તિ તે સંત જ છે. એ સંતનો સંગ, તે સત્સંગ છે. ભિન્નતાનો–દ્વૈતનો ત્યાગ કરી એક નિષ્ઠાથી સંત સેવા કરવી. એ સંત સેવા જ જીવને સન્માર્ગે ચલાવીને ચિદાનંદના ધ્યાનમાં મગ્ન–મસ્ત કરાવે છે.

## દેહ શાનો છે તે જુઓ

જીવને આ સંસાર અનેક પ્રકારે કષ્ટદાયક છે. દેવિ છદ્મલિંગ! જગન્નગરના જે જીવો જગન્નગરને જ સત્ય જોઈ, તેના જ ઉપાસક બન્યા છે, તેને યત્કિંચિત્ પણ જ્ઞાન નથી કે મારું આ લોકમાં જન્મ્યાનું સાર્થક ક્યાં છે; અને તેથી તે કષ્ટ કષ્ટ ને કષ્ટ જ સહે છે. જીવનો પિંડ બંધાય છે ત્યાંથી તે છેવટ પર્યંત કષ્ટનો જ ભાગી બને છે. ગર્ભોપનિષદમાં જીવના કષ્ટની કથા છે, તે જે જાણે છે તે જ ગર્ભમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે. આપણું જે મનુષ્યશરીર દૃષ્ટિગોચર થાય છે, તે સ્થૂલ શરીર છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ, એ પંચ ભૂતાત્મક પંચ વિષયો, પંચ કર્મેંદ્રિય અને પંચ જ્ઞાનેંદ્રિયવાળું એ શરીર છે. પંચ ઇન્દ્રિયથી તેનો નિર્વાહ થાય છે; ષટ્ રસ તેનો આશ્રય છે; ષટ્ ગુણથી તે વિંટળાયલું છે; સપ્ત ધાતુથી તેનું સ્થૂલ શરીર બંધાયલું છે; વાત પિત્ત અને કફ એ ત્રણ મળથી સર્જિત છે; શુક્ર અને શોણિતનાં કારણવાળું છે; અને ભક્ષ્ય, ભોજ્ય, પેય ને ચોષ્ય એમ ચાર પ્રકારના આહારથી આ સ્થૂલ શરીરની ઉત્પત્તિ છે. એમાં જે કઠિન ભાગ છે તે પૃથ્વી, દ્રવ ભાગ તે જળ, ઉષ્ણ ભાગ તે તેજ, ચલન વલન થાય છે તે વાયુ અને પોકળ તે આકાશ છે. એ પંચ ભૂતો પોતપોતાનું નિર્માણકાર્ય કર્યા કરે છે. છ પ્રકારના રસથી લોહી, લોહીથી

માંસ, માંસથી મેદ, મેદથી અસ્થિ, અસ્થિથી મજ્જા ને એ સર્વના સંગથી વીર્ય બને છે. પિતાના વીર્ય અને માતાના શોણિતથી ગર્ભ નિપજે છે. પ્રથમ દિવસે વીર્ય અને શોણિત ઘટ્ટ થાય છે, સાતમે દિવસે વિશેષ ઘટ્ટ થાય છે; પખવાડીએ ગોળ પિંડાકારે થાય છે, મહિના પછી તે પિંડ મોટો થઈને કઠિન થાય છે, બીજે માસે મસ્તક જેવી આકૃતિ બને છે, ત્રીજે માસે હાથ પગના અસ્પષ્ટ આકાર બંધાય છે, ચોથે માસે પગ અને માથા વચ્ચેના આકાર ધારણ કરે છે, છઠ્ઠે માસે ઇન્દ્રિયોના આકાર ધારણ કરે છે, સાતમે માસે જીવની સ્પષ્ટ પ્રતીતિ થાય છે, આઠમે માસે સર્વ અવયવો પૂર્ણ થાય છે, નવમે માસે અવયવો પોષણ પામીને વૃદ્ધિ પામે છે અને દશમા માસમાં ગર્ભ જન્મ પામે છે. એ ગર્ભકાળમાં જીવને અનેક કષ્ટ સહેવાં પડે છે. ગર્ભધારણ-કાળે માતા કે પિતા વ્યાકુળચિત્ત હોય તો ગર્ભ આંધળો, લુલો, કુબડો કે ઠુંઠો અવતરે છે; પિતાનું વીર્ય અધિક હોય તો ગર્ભ પુરુષનું શરીર ધારણ કરે છે; માતાનું રુધિર અધિક હોય તો સ્ત્રીનું શરીર ધારણ કરે છે, સમાન હોય તો નપુંસકરૂપને ધારણ કરે છે. વળી ગર્ભકાળમાં માતાની જે જે પીડા થાય છે, તે તે પીડા ગર્ભને પણ ભોગવવી પડે છે. તે દબાય છે, ચંપાય છે, મળમૂત્રની ખાણમાં ઉંધો પડ્યો રહે છે; મહાકષ્ટકારી જઠરાગ્નિમાં બળ્યો બળ્યો થાય છે; અતિ મલિન દુર્ગંધિ-વાળા વાયુથી તે સદા ત્રાહિ ત્રાહિ કરતો દોડાદોડ કરે છે. એ જીવ ગર્ભમાં નિરાધાર છે, નિર્બળ છે, પરાયા આશ્રયે રહે છે ને પરના કષ્ટનો ભોક્તા બને છે. ઉંચા પગ ને નીચું મસ્તક, એવી સ્થિતિમાં—અંધારાગારમાં—કે જ્યાં જીવનવાયુનો સંચાર નથી, પ્રકાશે નથી, કેવળ નરકનો કૂપ છલાછલ છે, ત્યાં રહેવાથી શું કષ્ટ થાય છે, તેનો વિચાર કરતાં કંપારી છૂટે છે. અહો કષ્ટ! અહો ગતિ!

ગર્ભમાં જીવ અનેક પ્રકારે પોતાના ઉત્પન્ન કર્ત્તાની પ્રાર્થના કરે છે કે; “હે પ્રભુ! આ સંકટમાંથી મારો ઉદ્ધાર કર! એ ઉપકારને હું ત્રિકાળે પણ ભૂલીશ નહિ.” આવી સ્થિતિમાં રહેલો ગર્ભ જ્યારે આ જગતના વાયુનો સ્પર્શ કરે છે, ત્યારે ઉહાં, ઉહાં, તું ત્યહાં! એટલે હું અહીં ને તું ત્યાં! બોલતો જગદીશને સંસારના વાયુના સ્પર્શ સાથે જ વિસરી જાય છે. શ્વાસોચ્છ્વાસ લેતાંજ પરમાત્માના ઉપકારને, આપેલા વચનને, કીધેલી પ્રતિજ્ઞાને ભૂલી જાય છે! અને જે અનેક કષ્ટો ગર્ભ-

વાસમાં સહન કીધાં હોય છે તેને વિસરી જાય છે. જે જગતમાં બીજ-રૂપે બંધાતાં દુઃખ, અંકુરિત થતાં દુઃખ, બીજ બહાર પડતાં દુઃખ અને ફુલીફાલીને નવપલ્લવ થતાં પણ દુઃખ, તે જગતને સુખકારી, સત્ય, નિત્ય માનનારા જીવની પ્રજ્ઞાને ધન્ય જ કહેવી જોઈએ ! આ જગતમાં જન્મ્યા પછી જે પુરુષના પુણ્યનો અત્યંત પરિપાક થાય છે, તે જ પુરુષ વૈરાગ્યને પામીને એ કષ્ટમાંથી મુક્તિ મેળવવાનો વિચાર કરે છે. વધુ વિચારે છે કે, મેં કર્મવર્શાત્ અસંખ્ય શરીરો ધારણ કર્યાં છે; તે તે શરીરોને યોગ્ય નવનવા આહારો કર્યા છે; અનેક માતાના સ્તનોનું પાન કર્યું છે; અનેક સુંદરી સેવી છે; અનેક પુત્રનાં પૂરાં કીધાં છે; અનેક કુડ-કપટો કીધાં છે ને અનેક પ્રસંગે એક ખાડામાંથી નિકળીને બીજા ખાડામાં પડ્યો છું, જન્મ્યો છું અને મુવો પણ છું; સુખશય્યામાં પોઢ્યો છું ને નરકમાં રગડોળાયો છું–એવાં દુઃખથી ભરેલા સંસારસાગરમાંથી હમણાં જ મારો છૂટકો થયો છે, તો આ દેહના નાશવંત–અસ્થિર–કષ્ટકારક સુખને ને આ સંસારને પ્રણામ કરવા જોઇએ ! અશુભની નિવૃત્તિ કરવી જોઇએ, મુક્તિ માટે પરબ્રહ્મને શરણે જવું જોઇએ. અનેક જન્મમાં, અનેક પુત્ર કલત્રના શુભાર્થે અનેક કર્મો મેં કીધાં છે, પણ તે સંબંધી જનો–સુખના ભોગવવાવાળાઓ જતા રહ્યા છે–કયાં જતા રહ્યા છે, તે હું જાણતો પણ નથી; અને મારા કર્મનો દાહ તો મેં હમણાં જ ભોગવ્યો છે. દશ માસ સૂધી અંધકારમાં રહી, ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા મેં કરી છે, તેને હું સાર્થક કરીશ.' આવા વિચારવાળો જ–કોઇક જીવ–કરોડમાં એકાદો જીવ પોતાના દેહનું અને આત્માનું સાથે સાથે જ સાર્થક કરે છે, ને પરમપદ પ્રાપ્ત કરનારના સંઘમાં જોડાય છે. તે જ જીવનું જન્મ્યું સાર્થક છે કે, જેને ફરી જન્મ નથી; તે જ જીવનું જન્મવું કલ્યાણ-કારી છે કે, જેણે અનેકનું કલ્યાણ કીધું છે ને પરમપુરુષના સંઘમાં પ્રવેશ કીધો છે !

## સકામકર્મ દોષરૂપ છે

જગન્નગરના સંસારી જીવડાઓમાંનો કોઈ એક આતુર જીવ કોઈ સંત મહાત્મા પાસે જઇને ઉભો રહ્યો. ત્યાં બે સંતો પરસ્પર વાત કરતા હતા. એક સંતે કહ્યું; "જીવે મરતાં સૂધી કર્મ કરવાં જોઇએ. પિત્તળનું પાત્ર રોજને રોજ માંજવામાં આવે તો તે ચકચકિત રહે છે, તેમ જ અંતઃકરણની શુદ્ધિ માટે જીવને કર્મ કરવાં આવશ્યક છે." બીજા મહા-

ત્માએ કહ્યું; "સુવર્ણના પાત્રને માંજવાની કંઈ પણ જરૂર નથીઃ તે સદાય પ્રકાશ આપે છે. જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે, તેણે કર્મની અપેક્ષા શા માટે રાખવી જોઈએ? નિત્ય કર્મ કરવાથી કંઈ પણ ફળ થતું નથી." પ્રથમ મહાત્માએ કહ્યું; "નહિ, ફળ થાય છે. કંચનપાત્ર શુદ્ધ છે, તથાપિ હવાના સ્પર્શથી તેનામાં મલિનતા ઉત્પન્ન થાય છે; તેમ જ જ્યાં સૂધી સંસારમાં જીવનો વાસ છે, ત્યાંસૂધી તેને મલિન સંસારની, મલિન હવાના સ્પર્શથી, મલિનતાનો ભય છે–એ ભય નિવારણાર્થે કર્મની આવશ્યકતા છે. પ્રથમ કર્મ કરવાનાં છે અને અંતકાળ પર્યંત પણ કર્મ કરવાનાં છે જ. સંસારમાં રહેલો જીવ જો કર્મથી બહિર્મુખ થાય છે, તો તેને પતનનો ભય રહે છે." બીજા મહાત્માએ કહ્યું; "સત્ય છે; પ્રારંભના કર્મથી અંતઃકરણ શુદ્ધ થાય છે; અંતઃકરણની શુદ્ધિથી જ્ઞાનની જિજ્ઞાસા થાય છે; જ્ઞાનની જિજ્ઞાસાથી શ્રવણમાં પ્રવૃત્તિ થાય છે; શ્રવણથી મનનની ટેવ પડે છે; મનનથી દૃષ્ટિ સમીપ નવો પ્રકાશ પ્રકટે છે; એ પ્રકાશમાં જેમ જેમ ઊંડી–સૂક્ષ્મ દૃષ્ટિ કરતા જઈશું તો છેક ઉંડાણમાં–અતિ દૂરના સ્થાનમાં નિજાનંદને જોવા ભાગ્યશાળી બને છે. કર્મ કરવાનાં છે ખરાં; પણ સકામ કર્મનો ભોગી જ્યારે કર્મનાં ફળમાં દોષ–દુઃખ–અનિત્યનો અનુભવ કરશે, ત્યારે પણ તેનાં કર્મ આપોઆપ છૂટી જ જશે. તે નિષ્કામનો ઉપાસી બનશે, અને ત્યારે જ તેને સત્ ચિત્ અને આનંદનું દર્શન થશે ને પછી તે તદ્રૂપ બની જશે–પારસરૂપ બની જશે; પછી તેને મલિન વાયુ બાધ કરી શકશે નહિ. એવા જ્ઞાનીને કર્મની અપેક્ષા જ શી છે? પણ જે મૂઢજનો પરિપક્વદશાને પામ્યા નથી, છતાં અહંભાવથી કર્મનો ત્યાગ કરે છે, તેને માટે તો કર્મના ત્યાગથી ચોરાશીની રેંટમાળ જ સજેલી રહેશે."

તે મહાત્માને જિજ્ઞાસુએ પૂછ્યું; "હે સંત! કર્મો પોતાના અનુષ્ઠાનથી જ ચિત્તની શુદ્ધિ કરીને કૃતાર્થ થાય છે; અર્થાત્ તે કર્મો બ્રહ્માકાર વૃત્તિને પ્રાપ્ત થયા પછી તો અસ્ત જ થાય છે." સંતે કહ્યું; "એ સ્થિતિને પ્રાપ્ત થયેલા જ્ઞાનીને કર્મ કરવાં ન કરવાં સમાન જ છે. જે નિષ્કામપણે કર્મ કરે છે, તે કર્મ જ નથી. જેમ જળપક્ષી પાણીમાં ડૂબકી માર્યાં છતાં પાણીથી યત્કિંચિત્ પણ ભીંજાતું નથી, તેમ બ્રાહ્મી સ્થિતિને–બ્રહ્માકારવૃત્તિને પ્રાપ્ત થયેલા જીવને કર્મ કંઈ બાધ કરતાં નથી; પણ નિષ્કામકર્મ તો સહાય કરે છે.

## બ્રહ્માકાર વૃત્તિનું ફળ

જિજ્ઞાસુએ પૂછ્યું; હે મહાત્મન્! આ દૃશ્ય સર્વ અવિદ્યાનું કાર્ય છે; સર્વ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે તે અવિદ્યાનું કાર્ય છે; તે જ રીતે બ્રહ્માકારવૃત્તિ કરવી, એ પણ અવિદ્યાનું કાર્ય છે, તો તે કરવાથી શું મહત્ફળ છે?

ઉત્તર–વંધ્યાપુત્ર જાય છે, એમ કહેવાથી વૃત્તિ તે આકાર કલ્પે છે; વાસ્તવમાં તો વંધ્યાપુત્ર છે જ નહિં, પણ શબ્દના શ્રવણથી તેવી આકૃતિ કલ્પે છે, તેમ જ બ્રહ્માકારવૃત્તિ એ પણ અવિદ્યાનું કાર્ય છે ખરું, તથાપિ તે સત્ ચિત્ આનંદરૂપ વૃત્તિ થઈ જાય છે ને તેથી પુનરાવૃત્તિ રહિત મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય છે. વૃત્તિ એ તો કાલ્પનિક જ છે. હવે કર્મ એ પણ અવિદ્યાનું કાર્ય છે, તથાપિ અવિદ્યાથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી; પરંતુ દૃશ્ય વિનાશી છે, એવું જ્ઞાન ઉત્પન્ન થવાની સાથે જ, કાર્ય સહિત અવિદ્યાની નિવૃત્તિ થાય છે. એમ જ, જ્ઞાન–પરમની પિછાણ, એ પણ અવિદ્યાનું કાર્ય છે ખરું; પરંતુ તેનાથી અવિદ્યાની નિવૃત્તિ ન થાય, એમ માનવાનું કારણ નથી. કેમકે જેમ વિંછી અનેક બચ્ચાં જણે છે ને તેને ખાઈ જાય છે; સૂર્ય ઉદય થતાં જ અંધકારને ખાઈ જાય છે; તેમ પરમનું જ્ઞાન ઉદય પામતાં જ તે અવિદ્યાને ખાઈ જવાની શક્તિવાળું છે અને અવિદ્યાના બાધથી બ્રહ્મ એ જ સત્ રહે છે. જેમ કતકરેણું એ માટીનું કાર્ય છે, તથાપિ તેને જળમાં નાંખવાથી માટીના કાર્યરૂપ મેલ કચરો વગેરેને નીચે બેસારી, જળને નિર્મળ કરીને પોતે પણ નીચે જઈ બેસે છે; તેમ જ અવિદ્યાથી ઉત્પન્ન થયેલી બ્રહ્માકાર વૃત્તિ, ચિદાનંદને પ્રાપ્ત કરવાની, 'હું બ્રહ્મ છું' એવી વૃત્તિને ધારણ કરાવે છે અને અવિદ્યાનું કાર્ય છતાં તે સત્ય ફળને અર્પે છે.

પ્રશ્ન–ब्रह्मैवाहम्–હું બ્રહ્મ છું, એવું વારંવાર અનુસંધાન–વિચાર–વૃત્તિ કરવાનું શું કામ છે? જે છે તે છે જ. રાજાને પટ્ટાભિષેક કીધો, એટલે તે રાજા થયો જ છે. તેને વારંવાર 'હું રાજા છું,' 'હું રાજા છું' એમ બોલવાનું–વિચારવાનું કંઈ પણ પ્રયોજન નથી. રાજા છે તે છે જ. એમ જ 'આ પટ છે,' 'આ ઘટ છે' એમ કહ્યાથી ને જાણ્યાથી પણ ફળ શું?"

ઉત્તર–હે જિજ્ઞાસુ! તેં સત્ય કહ્યું; પણ સાંભળ. સર્વ સામગ્રી તૈયાર હોય, અર્થાત્ પૂર્વ જન્મનો જ સાધનસિદ્ધ હોય, અંતઃકરણ શુદ્ધ થઈને નિર્મળું બન્યું હોય, તો તેને 'तत्त्वमसि' આદિ ગુરૂપદેશથી આવરણ-

ભંગ થઇને જ્ઞાનપ્રકાશ થઈ જાય છે; પણ જેને તેમ નથી, તેને પૂર્વના દેહાદિકના અધ્યાસના સ્ફુરણરૂપ દોષ વારંવાર આવીને નડે છે. જેમ સૂર્યના સતત પ્રકાશતા તેજોરાશિનો વાદળાંથી અટકાવ થાય છે અને શુદ્ધ પ્રકાશ પડી શકતો નથી, તેમ જ અપૂર્ણ સંસ્કારીને પૂર્વના અધ્યાસથી 'ब्रह्मैवाहम्' નો પ્રકાશ થઈ શકતો નથી. સૂર્યનો સંપૂર્ણ પ્રકાશ લેવા માટે આડ કરતાં વાદળાંઓ દૂર થવાં જોઇએ, તેમ મિથ્યા દેહાધ્યાસનું સંપૂર્ણ રીતે ઉન્મૂલન કરી નાંખવાને અને જ્ઞાનમય બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવાને, સત્યાધ્યાસને સ્થાપન કરવાને, 'ब्रह्मैवाहम्' નું અનુસંધાન કર્તવ્ય છે જ. કેમકે, એમ કરતે કરતે દૃઢ અપરોક્ષ થઈ જતાં આરૂઢદશા પ્રાપ્ત થાય છે અને તે દશા પ્રાપ્ત થયે, કંઈ પણ કર્તવ્ય અવશેષ રહેતું નથી. હું પોતે બ્રહ્મ છું, એ તો સ્વભાવસિદ્ધ છે; પણ વચ્ચે વચ્ચે પુરુષ, હું જીવ છું, હું તે વળી બ્રહ્મ શાનો? ઈશ તો બીજો જ છે–એમ દ્વૈતની ભ્રાંતિ પડે છે; તે દૂર કરવા માટે, હું તે તે ને તે તે હું જ છું–હું બ્રહ્મ જ છું, અન્ય નથી, એ વિચારની અપેક્ષા જ છે. રાજાનું, ઘટનું, કે અન્ય સ્થૂલ પદાર્થનું દૃષ્ટાંત એમાં સંભવતું જ નથી; કારણ કે સ્વભાવસિદ્ધ બ્રહ્મ અતિ સૂક્ષ્મ છે અને તે સ્થિતિને પ્રાપ્ત કરવી, એ અતિ દુર્ઘટ છે. હે જિજ્ઞાસુ! હીરો કેટલો અને કેવો પાણીદાર છે, તેની પરીક્ષા શિખવાને ઝવેરી પાસે રહીને દૃષ્ટિની સૂક્ષ્મતા વગેરે પરિપાકતા કરવા માટે ઘણો કાળ અભ્યાસ કરવો પડે છે. વળી સૂર્ય સામાન્ય રીતે પ્રત્યક્ષ છે, છતાં તેનું સત્ય સ્વરૂપ જાણવાને જ્યોતિષના અભ્યાસની જરૂર છે; અને તે અભ્યાસથી તે કેવડો અને કેવો છે, તે જાણી શકાય છે. એમ, સ્થૂલને જાણવા સમજવાને અભ્યાસની જરૂર છે, તો સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, તત્ત્વના તત્ત્વને સમજવાને અને તે સ્થિતિને પામવાને અભ્યાસની જરૂર હોય, એમાં આશ્ચર્ય શું? અભ્યાસથી ચેળ ભ્રમરીરૂપ થઈ જાય છે, તેમ 'ब्रह्मैवाहम्'ના નિત્ય અધ્યાસથી 'ब्रह्मैवाहम्' બની જવાય છે."

સુવિચારે છદ્મલિંગને કહ્યું; આટલા જ માટે સંસારી જીવડાઓએ "હું દેહરૂપ છું, પુરુષ છું, સ્ત્રી છું, હું જન્મ મરણનો અધિકારી છું,' એવા અધ્યાસને છોડી દઇને, પ્રથમ હું પરમાત્માનો દાસ છું એવી ભાવના દૃઢ કરવી. તે ભાવના દૃઢ થવા પછી, પરમાત્મા મારા હૃદયમાં જ છે, એ ભાવના દૃઢ કરવી; ને અંતે હું તો તે જ પરમાત્મા

છું, બ્રહ્મરૂપ છું, હું અકર્તા છું, અભોક્તા છું, નિર્લેપ છું, એવો અખંડ અધ્યાસ કરવો. અથવા તો દેહભાવે હું તેનો–પરમાત્માનો દાસ છું, જીવભાવે તેનો અંશ છું, અને આત્મભાવે હું તે તેજ છું, એવી નિશ્ચળ ભાવના નિત્ય રાખવી. જગન્નગરમાં રહેલા જીવોની વૃત્તિ, એ અધ્યાસને છોડાવીને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પના ઘોટાળામાં ઘોંચી ઘાલે છે, અસત્યને સત્ય મનાવે છે, તેથી અસત્યના મુખમાં જ જીવ જકડાઈ રહે છે. તેનો તે અધ્યાસ ત્યજાવવા માટે, ब्रह्मैवाहम्નો અધ્યાસ સર્વોત્તમ સાધન છે. અસત્ય જગતને પણ પ્રત્યેક જીવ પોતપોતાની વૃત્તિ અનુસાર જૂદે જૂદે રૂપે જુવે છે.

## ભ્રાન્તિથી જ જગત્ ભાસે છે

• એક સમયે દશ પુરુષો સાથે સાથે અંધારામાં ચાલ્યા જતા હતા. તેઓ ચાલતા ચાલતા એક ઘરના દ્વારપર આવ્યા. દ્વારના મધ્યમાં એક દોરડી પડેલી હતી. અંધકાર યોગે દોરડીનું સ્વરૂપ જણાયું નહિ, પણ આ સર્પ છે, એવી ભ્રાંતિથી તે દશે જણા તે દોરડીને બાજુએ ન ખસેડતાં કૂદી કૂદીને પસાર થઈ ગયા. પછી અન્યોન્યમાં વાત કરવા લાગ્યા કે, અહો! આ સર્પ કેવો મોટો છે! બીજાએ કહ્યું, ઘણો મોટો છે. વાત તો તદ્દન જૂદી જ હતી. એક જણે જે સર્પને જોયો તેને બીજાએ જોયો નથી, પણ દશે જણને પોતપોતાની વૃત્તિઓમાં જૂદો જૂદો સર્પ ભાસ્યો ને તેનો આરોપ દોરડીમાં કરી દીધો. અધિષ્ઠાન દોરડી હતી, તેમાં સર્પનો અધ્યાસ થયો હતો, અને તેથી તેઓને દોરડી સર્પરૂપે જોવામાં આવી હતી. વસ્તુતાએ તો સર્પ ન હતો, પણ દોરડી હતી. એમ જ જગત્ વિશે પણ જાણવું. જગત્ સત્ય નથી. છતાં દરેક પ્રાણીને બોલાતી વૃત્તિ અનુસાર જગત્ ભાસે છે ને તે પણ સત્ય ભાસે છે. અહિં તો કેવળ બ્રહ્મ પરમાત્મા જ છે, તે જ સત્ય છે–નિર્લેપ, નિર્વિકારી, સનાતન ને શુદ્ધ છે. એ પરમાત્માની સત્તાથી જગતની સત્તા ભિન્ન નથી. છિપમાં રૂપાનું ભાસવું, એ જેમ વિપર્યયજ્ઞાન છે, તેવું જ વિપર્યયજ્ઞાન, જગતની સત્યતામાં પણ છે. જ્ઞાનવૃત્તિમાં અનેક પ્રપંચ નહિ છતાં, જે પ્રતીતિ થાય છે, તે પણ વિપર્યયજ્ઞાન છે; મિથ્યા રૂપામાં ને મિથ્યા સર્પમાં સત્ય રૂપું ને સત્ય સર્પની પ્રતીતિ કરવાને જેમ મિથ્યા બુદ્ધિ જાગૃત થઈ, છીપ તથા દોરડીને રૂપું અને સર્પ મનાવે છે, અર્થાત્ રૂપુંએ નથી, તેમ સર્પે નથી, પણ તેના અધિષ્ઠાન-

રૂપ છીપ અને દોરડી જ છે ને રૂપું તથા સર્પ ભાસ માત્ર છે; તેમ જ વસ્તુતાએ, આ જગત્ નથી, પણ તેના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મ જ સત્ છે, અને તે પરબ્રહ્મને લીધે જ જગત્ ભાસે છે. એ જ્ઞાન તે પ્રમાજ્ઞાન છે. એવું જ્ઞાન પ્રાપ્ત કરવું, એ જગન્નગરના જીવનું કર્ત્તવ્ય છે. એ કર્તવ્ય તેને બંધન કરતું નથી, પણ મુક્ત કરે છે.

## यदा दृष्टिस्तदा सृष्टिः

જગતની પ્રતીતિનું કારણ અવિદ્યા છે. એ અવિદ્યાનો નાશ થયા વગર સત્‌નું જ્ઞાન થતું નથી. નખથી શિખાપર્યંત અંતઃકરણ રહેલું છે, તેને ઉપહિત ચેતન–જીવ કહે છે ને અંતઃકરણની વૃત્તિ નેત્ર-દ્વારા બહાર નિકળીને લંબાય છે; અને અમુક વિષય પદાર્થ સૂધી પહોંચી, તેમાં જે ચૈતન્ય છે, તે વિશેષ ચેતનવૃત્તિ, ઉપહિત ચેતનનું સાક્ષી છે, તેને જોય છે ને સત્ય માને-મનાવે છે. હવે સ્વપ્નમાં કેવળ અવિદ્યા જ છે, અને જગત્ પણ એ સ્વપ્ન જેવું છે. વળી કાર્યકારણરૂપ પ્રપંચ અને તેની પ્રતીતિ, એ અવિદ્યાનું કારણ છે. હવે પ્રપંચની પ્રતીતિ જ્ઞાન થયા પૂર્વે જ છે; પણ સત્‌ની પ્રતીતિ થયા પછી પ્રપંચની સત્તા રહેતી નથી અને પ્રપંચની સત્તા શક્તિ–નો નાશ થતાં જ, જગતની ભ્રાંતિ ટળી જાય છે, અધ્યાસ મટી જાય છે ને અધિષ્ઠાન જે પરબ્રહ્મ, તે જ સત્ રહે છે. यदा दृष्टिस्तदा सृष्टिः; એમ, જ્યાં સૂધી દૃષ્ટિથી જોવામાં આવે છે, ત્યાં સૂધી નામરૂપાદિક સૃષ્ટિ જીવ કલ્પી પ્રપંચને સત્ય ઠરાવે છે; પણ સત્યની પ્રતીતિની સત્તા તે જ આત્માની સત્તા છે અને આત્માની સત્તા કેટલી ને કેવી છે, તે જ્ઞાન વિના ને નિત્યના અધ્યાસ વગર પ્રતીત થતી નથી, તેથી જીવે સદા સર્વદા **ब्रह्मैवाहम्** નો અધ્યાસ રાખવો જોઇએ. એ અધ્યાસમાં લીન થયા પછી સત્ જ સૃષ્ટિ ને દૃષ્ટિમાં–વિશ્વમાં–અવકાશમાં એ અવશેષ રહે છે. પરમાત્મા દૂર નથી, પણ તે સાંનિધ્ય જ છે. જોતાં આવડવું જોઇએ–તો જ દૃષ્ટે પડે છે. પ્રશ્ન થશે કેઃ–

## પરમાત્મા કેમ દૃષ્ટે પડે ?

દર્પણમાં જેમ પદાર્થમાત્રનું અથવા આપણું પ્રતિબિંબ પડે છે, તથાપિ દર્પણમાં એમાંનું કંઈ પણ નથી; આપણે તથા પદાર્થ માત્ર દર્પણથી નિરાળા છીએ; તેમ આ વ્યવહારદૃષ્ટિથી પરમાત્મા નિરાળો છે–તે જે કલ્પે છે તે અવિદ્યાનું કારણ છે. પરમાત્મા સર્વવ્યાપી, સર્વમાં

છે. જગતે જૂદું નથી, તુંએ જૂદો નથી, પરમાત્માએ જૂદો નથી, એ સર્વ એક જ છે. જે ભેદત્વ છે તે મલિન બુદ્ધિનું જ કર્તવ્ય છે.

એક કાગળ ઉપર કોઈ એક ચિતારાએ સુંદર ચિત્ર કાઢયું. પછી તે ચિત્ર જોઇને ચિત્રકાર ઘણો મગ્ન થયો. તે ગાંડો ઘેલો થઈ ગયો. તેને જોઇને નાચવા કુદવા લાગ્યો. ચિત્ર અતિ સુંદર હતું; પણ એ ચિત્ર કયાં છે? તેવા વિચારથી તેણે કાગળને પૂછયું; "તારામાં ચિત્ર છે?" કાગળે કહ્યું; "ચિત્ર શું ને મારામાં શું, તે હું જાણતો નથી." પછી કલમને પૂછયું; "તારામાં ચિત્ર છે?" કલમે કહ્યું; "ચિત્ર શું, તે હું જાણતી નથી." એમ કાળા પીળા રંગને પૂછયું, તો તેઓએ કહ્યું કે 'અમે પણ જાણતા નથી.' ચિતારાનું ચિત્ર તો છે જ, દેખાય પણ છે, ત્યારે એ ચિત્ર આવ્યું કયાંથી? એવો તેને સ્વયં વિચાર થયો. ખરેખર એ ચિત્ર ચિતારાની બુદ્ધિમાં જ છે. એમ જ જીવની વાસનામાં જ આ જગત્ જીવ ને શિવનો ભેદ રહ્યો છે. જેણે એ ભેદ કાઢયો છે, જે નૈષ્ઠિક થઇને પરમાત્માને વિષે એક તાર થઈ ગયો છે, તેને પરમાત્માનો નિત્ય સાક્ષાત્કાર થાય છે. એ એકતાર થવા માટે યથાર્થ જ્ઞાન સંપાદન કરવું જોઇએ.

## જ્ઞાન બે પ્રકારનાં છે

યથાર્થ જ્ઞાન અને અયથાર્થ જ્ઞાન. સત્‌ને જાણવું, એ યથાર્થ જ્ઞાન કહેવાય છે. સ્વપ્નામાં ઉત્પન્ન થયેલી કે ભ્રાંતિમાં દૃશ્યમાન થયેલી સૃષ્ટિને જે સત્ય માને છે અને તેમાં જ મોહ પામે છે, તે અયથાર્થ જ્ઞાન છે, જો કે બન્ને જ્ઞાન ઇન્દ્રિયજન્ય છે; તથાપિ ઇન્દ્રિ હો કે ન હો, તેનો કંઈ નિયમ નથી; કેમકે સ્વપ્નામાં ઇન્દ્રિયો નથી; તથાપિ ઇન્દ્રિયોવડે આત્માના તે શરીરના એટલે સ્વપ્ન શરીરના વ્યવહાર કરાય છે. આ વ્યવહાર જેને અસત્ છે એમ પ્રતીત થાય છે, તેને જ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું ગણાય છે. પરમાત્માના સંકલ્પ માત્રથી આ સૃષ્ટિ નિયમિતપણે ચાલે છે. પરમાત્મા સર્વ વ્યાપક છે. એને ઇંદ્રિયો નથી, તે કર્તા ભોક્તા છતાં અકર્તા અભોક્તા છે, એવું જ જ્ઞાન તે યથાર્થ જ્ઞાન અથવા તો પ્રમાજ્ઞાન કહેવાય છે. પ્રમાજ્ઞાનવાળો જીવ પરમાત્માને અશરીરી, ઇંદ્રિયાદિકથી રહિત માને છે;* છતાં તેના યથાર્થ જ્ઞાનમાં પરમાત્માનો સાક્ષા-

---

* અશરીરી એટલે વ્યાવહારિક–આ ઇંદ્રિયોથી દેખાય કે આ બુદ્ધિથી કલ્પાય તેવું નહિ, પણ એ સર્વથી પર જૂદું એવું કોઈક દિવ્ય સ્વરૂપ.

ત્કાર પણ અનુભવે છે; શરીરાદિ અવયવોવાળો જુએ છે; પણ નિશ્ચયપૂર્વક માને છે કે, જે શરીરની કલ્પના કરવામાં આવે છે, જે ઇંદ્રિયોની પ્રતીતિ બતાવવામાં આવે છે તેવો તે નથી. તે ભજનારાને ભજે છે, ભજનારાનો આત્મા છે, ભજનારો તેનો આત્મા છે અને આત્મા આત્માના ઐક્યથી ભજનારાને સાયુજ્યમુક્તિનો અને દ્વૈતના વિષયથી ભજનારાને જ સામીપ્ય મુક્તિનો અધિકારી બનાવે છે.

### જગત્ સ્વપ્ન તુલ્ય છે

જેમ સ્વપ્ન સત્ય નથી તેમ જગત્ પણ સત્ય નથી. બન્નેના વ્યવહારો મિથ્યા છે. જેમ સ્વપ્નમાં એક રંક રાજા થાય છે, ધનાઢ્ય થાય છે, અને રાય રંક–ભીખારી બની જાય છે; પરંતુ તે પુરુષ જાગ્યા પછી જાગૃત દશામાં જુએ છે, ત્યારે તેને બધું મિથ્યા–આળપંપાળી લાગે છેઃ રાજા તે રાજા જ છે ને ભીખારી તે ભીખારી જ છેઃ રાજાની રિદ્ધિ સિદ્ધિ ગઈ નથી ને ભીખારીનું કાચલું ગયું નથી, સર્વ હાજર છે; તેમ જ જગત્, અને જગતના બધા વ્યવહારો માત્ર દૃષ્ટિએ રચેલી સૃષ્ટિમાં જ સત્ય જણાય છે; પરંતુ સત્ પદાર્થનું જ્ઞાન થયા પછી–અદ્વૈત દૃષ્ટિની પ્રાપ્તિથી સૃષ્ટિ દૃષ્ટિનો વિષય જ માત્ર રહે છે. હવે સ્વપ્નમાં કાર્યકારણ એક સાથે જ ભાસે છે. જેમ કોઈ કુંભાર મૃત્તિકા લેવાને ટોપલો લઈને જાય, લાવે, ગુંદે, ચાકપર ચઢાવી તેનો ઘડો બનાવે અને એ રીતે નિમિત્ત કારણ અને ઉપાદાન કારણથી ઘટરૂપી કાર્ય બને છે, તેમ સ્વપ્નમાં નથી. સ્વપ્નમાં તો કાર્ય અને કારણ એકી વખતે જ પ્રકટ થાય છે. એ સર્વ અવિદ્યાના જ પ્રતાપ છે. કોઈને શંકા થશે કે, અવિદ્યામાં જગતની કારણતા કેવી રીતે સિદ્ધ થશે? ઘટમાં મૃત્તિકા કારણ છે, પટમાં તંતુ કારણ છે; પરંતુ અવિદ્યા બધાનું કારણ શી રીતે હોય? બીજું, અવિદ્યા એકલી જ જગતનું કારણ હોય તો તે જડ છે અને જગતમાં તો વિચિત્રતા ભાસે છે, માટે એ કેમ અસત્ય સંભવે? જો અવિદ્યાને ચેતનનો આશ્રય છે એમ કહીશું, તો કારણો વળી બે થશેઃ અવિદ્યા ને ચેતન. વળી જગતનું કારણ જીવોનાં અદૃષ્ટ છે, તેથી જીવોનાં અદૃષ્ટોને જગતનું કારણ કહીશું, કે ઈશ્વરને જગતનું કારણ કહીશું? દૃષ્ટાંતમાં જેમ કર્મ અને ભોગ. કર્મનાં ફળ ભોગ છે, એ ભોગ અવિદ્યાનું કાર્ય છે, એમ કહીએ તો કર્મજન્ય યજ્ઞનું ફળ સ્વર્ગ છે, તે મિથ્યા થશેઃ અને તે મિથ્યા છે, એમ કહીશું તો શાસ્ત્ર ખોટાં ઠરશે-

એનું સમાધાન કેમ થાય? આ શંકાનું ઉત્તર એટલું જ કે, જે સત્ છે તેની ઉત્પત્તિ થતી નથી; પણ સત્ ત્રિકાલાબાધિત છે. તેમ જે અસત્ હોય છે તેની પણ ઉત્પત્તિ થતી નથી. જેમ વંધ્યાપુત્ર, સસલાનાં શિંગડાં, આકાશનો છાંયડો વગેરેની ઉત્પત્તિમાં સત્યતા જ નથી. હવે જગત્ અસત્ છતાં તેની ઉત્પત્તિ કહી છે, તે જ સિદ્ધ કરે છે કે, જગત્ માયિક છે; તે સતે નથી, અસતે નથી, તેમ સત્ અસત્ બેએ નથી. જો જગતને સત્ કહીશું તો પ્રપંચમાં કાર્યત્વ આવશે નહિ; અને અસત્ કહીશું તો તે અસંગ છે; કેમકે તે દેખાય છે, વ્યવહારાય છે અને સત્ તથા અસત્ કહીશું તો એકી વખતે સત્ અસત્ની રૂપતા જગતમાં ઘટી શકતી નથી. વાસ્તવિક રીતે જગત્ જેવું છે તેવું જ છે. માનો કે તે અનિર્વચનીય છે. હવે અનિર્વચનીયનું કારણ પણ અનિર્વચનીયજ હોવું જોઇએ, અને તેનું નામ તે અવિદ્યા. જગતની ઉત્પત્તિ પૂર્વે જગત્ સત્ હોય તો સસલાંને શિંગડાં થવાં જોઈએ, અને સત્ અસત્ બે ધર્મ તો એક સ્થાનકે રહી જ શકતાં નથી. मृत्तिकेत्येव सत्यं એ અર્થ પ્રમાણે જગત્ સત્ય ગણાય. પણ તેમ નથી; કેમકે પ્રપંચ–જગતને સત્ય માને તો एकमेवाद्वितीयं ब्रह्म એ પરમ શ્રુતિ, સજાતીય, વિજાતીય ને સ્વગત ભેદ રહિતત્વ દર્શાવે છે, તે વચન મિથ્યા ઠરે. પણ જેમ ઘટ, ઉત્પત્તિની પૂર્વે અસત્ છે અને ઉત્પત્તિ પછી સત્ જણાય છે, પણ જગતમાં તેમ નથી. જગત્ ઉત્પત્તિ પૂર્વે સત્ હોય તો એમાં કાર્યત્વ શાનું હોય? અર્થાત્ જગત્ અનિર્વચનીય છે અને તેવું જ અનાદિ અજ્ઞાન તેનું કારણ છે. અજ્ઞાન એકલું છે, પણ તેમાં તેની શક્તિ વિચિત્ર છે તેથી, એ કારણનું આ કાર્યરૂપ જગત્ પણ વિચિત્ર છે. છીપમાં રૂપાનો ભાસ થાય છે, તેનું કારણ છીપ નથી, પણ એ રૂપાના ભાસનું કારણ અજ્ઞાન છે. એનું અન્ય નામ અવિદ્યા છે. એ અવિદ્યા જડ છે. ભલે તે ચેતનને આશ્રયે રહેલી છે, પરંતુ તેથી ચેતનમાં કારણતા આવતી નથી. ચેતન તો અધિષ્ઠાનને આશ્રયે રહે છે ને એકલી જ અવિદ્યા જગતનું કારણ બને છે. જીવોના અદૃષ્ટનું, ઈશ્વરનું તથા જગતનું કારણ માત્ર આ અવિદ્યા જ છે; અને આ જગત્ અવિદ્યારૂપ છે, તેથી જ તે મિથ્યા છે. હવે યજ્ઞાદિક કરવામાં આવે છે, એ સાધન કર્મ છે અને સ્વર્ગાદિક લોક તેનાં ફળ છે. પણ તેનું તાત્પર્ય તો બ્રહ્મની એકતામાં જ છે. પરંતુ એમાંએ સાધ્ય અને સાધન ભાવ દર્શાવી,

બોધનદ્વારા क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥ એવું બોધન કરીને, જીવને સ્વર્ગાદિકમાં પણ વૈરાગ્યમાં વાળવાનો મર્મ રાખ્યો છે. સર્વમાં વૈરાગ્ય કરાવી, પરમાત્માને પદે શાંતિમાં પર્યવસાન પમાડવામાં જ શાસ્ત્રનું એ બોધવચન છે. બ્રહ્મપદ–કૃષ્ણપદ–રામપદ–નિજાનંદપદ–સ્વરૂપાનંદપદ–પરમપ્રેમપદની પ્રાપ્તિમાં સ્વર્ગાદિક લોક તુચ્છ છે, એ જ ભાવ શાસ્ત્રકારો–મુનિ–યોગીજનોએ એ વચનથી દર્શાવ્યો છે. નિત્યનું સ્થાન તો પરબ્રહ્મ ધામ છે, કે જેની પ્રાપ્તિ થયા પછી પુનઃ જન્મમરણ નથી, પુનઃ પડવાનું નથી, ઉંચે ને ઉંચે ઠેઠ સૂધી ઉંચે જ ચઢવાનું છે, કે જેનાથી ઉંચે ચઢવાનું પણ નથી! ત્યાં જ નિત્ય અને મુક્ત દશા છે.

### સર્વ વ્યાપી પરમ બ્રહ્મ જ પરમ છે

હે દેવિ! મને આશ્ચર્ય થાય છે કે, આવા નિત્ય મુક્ત સ્થાનની પ્રાપ્તિને બદલે પ્રપંચના જીવડાઓ આ મોટો દેવ, આ નાનો દેવ, આ તો મારો ઇષ્ટદેવ છે ને તે મોટો છે, એવા અભિમાનથી નિત્ય ક્લેશ વહોરી લે છે. એક સમયે આપણા રાજાના દરબારમાં વિવાદ થયો કે કીયો દેવ મોટો? શંકર કે વિષ્ણુ; ગણેશ કે શક્તિ? સભામાંના વિદ્વાન્ ને ગુણવાન્, જ્ઞાની ને અજ્ઞાની સર્વે પોતપોતાની બુદ્ધિ અનુસાર વાદવિવાદ કરવા લાગ્યા. કોઈ શંકરની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવા મંડી ગયા; કોઈ વિષ્ણુનાં મોટાં કાર્યોની પ્રશંસા કરવા લાગ્યા. ચડભડાટ એટલો બધો વધી ગયો કે, વાત કરતાં કરતાં મારામારી ઉપર આવી ગયા. વાસ્તવિકમાં કોઇએ શંકરનાં કે વિષ્ણુનાં પ્રત્યક્ષ દર્શન કીધાં ન હતાં; તેમ બંને દેવમાંથી કોઇનું સ્વરૂપ પણ જાણ્યું ન હતું. આ સંવાદ જોવાને સાક્ષાત્ હરિહર યોગીનું રૂપ ધારણ કરીને તે રાજસભામાં પધાર્યા. તેણે બન્નેને શાંત પાડીને પૂછયું; 'હે દુનિયાદારીના ડાહ્યા પંડિતો! ધર્મના પોપલાઓ! તમારામાંથી કોઇએ શિવને કે વિષ્ણુને જોયા છે?' વિવાદીઓએ કહ્યું; 'ના મહારાજ!' હરિહરે કહ્યું; 'જો જોયા નથી, તો તમે તેની શ્રેષ્ઠતા કેમ પ્રતીત કરાવી શકશો? ઓ મૂઢમતિઓ! હરિ અને હર એક જ છે, તેમાં ભિન્નતા નથી. ભેદ માત્ર પ્રત્યેક પુરુષના જ્ઞાનબળમાં છે. આ દૃશ્ય માત્ર પરમાત્માનું સ્વરૂપ છે. પરમાત્માની વિભૂતિઓમાંથી કોઇની પણ નિંદા કરવાથી સત્ય ધર્મ પ્રવર્તાવી શકાતો નથી ને સત્યપદના અધિકારીએ થવાતું નથી. હરિ અને હર આ જગતમાં સર્વત્ર આત્મા–પરમાત્મા સ્વરૂપે બિરાજે છે.' એમ કહેવાની સાથે જ

આખા દરબારમાં તેજોરાશિરૂપ હરિ અને હર એકજ સ્વરૂપે દૃષ્ટિ-ગોચર થયા. હરિના ઉપાસકે હરિને, હરના ઉપાસકે હરને, રામના ઉપાસકે રામને, બાળકૃષ્ણના ઉપાસકે બાળકૃષ્ણને, ગણેશના ઉપાસકે ગણેશને ને શક્તિના ઉપાસકે શક્તિરૂપે જોયા! હરિ અને હર-પરમ પ્રભુ વિના અન્ય કંઇ જ દૃષ્ટિએ પડતું ન હતું. પ્રત્યેક લોકો પોતાના આત્માને વિષે હરિ અને હરને જોવા લાગ્યા. પછી તેજોરાશિ હરિહરે કહ્યું; 'આ જ પરમાત્માનું એક જ-નિત્ય-શુદ્ધ-પરમ સ્વરૂપ છે, અન્ય કંઈ જ નથી. જેઓ સાધનસંપન્ન છે, તેઓને જ એ પ્રાપ્ત થાય છે, અન્યને થતું નથી. જે જગતના જીવડા મદાંધ બનીને પરમાત્માની વિભૂતિઓને દ્વૈતભાવથી જુવે છે, તેઓ સત્ ચિત્ આનન્દઘન પદના અધિકારી નથી; અને તેઓને સત્ય જ્ઞાન ત્રણ કાળમાં પ્રાપ્ત પણ થતું નથી. પણ જેમ અંધારામાં રહેલો ચોર કચરામાં હાથ ઘાલીને પકડાવાની બ્હીકથી નાશી જતાં છાણના ઢગલામાં જઈ પડે છે, અને તેની ધનપ્રાપ્તિની આશા નિર્મૂળ થાય છે; તેમ જેઓ પરમાત્માની વિભૂતિમાં ભેદદૃષ્ટિ કરે છે, તેઓ મિથ્યાવાદમાં લપટાઈ મોહના કાદવમાં ખરડાયા કરે છે. પરમાત્મા-મહેશ્વર અદ્વિતીય છે-શ્રેષ્ઠ છે-સર્વનું કારણ છે-સર્વમય છે. ગમે તે નામે તેને ઉપાસો, પણ તે ને તે જ છે. જળ-વારિ-પાણીને ગમે તેવા ભિન્ન નામથી મંગાવવામાં આવશે, તોપણ એક પદાર્થ જ આવશે; તેમ શંકરરૂપે, વિષ્ણુરૂપે, કૃષ્ણરૂપે, રામરૂપે, નૃસિંહરૂપે, વામનરૂપે, આદિત્યરૂપે, શક્તિરૂપે, ગણેશરૂપે, માનવરૂપે, વનસ્પતિરૂપે કે વિરાટરૂપે ઉપાસના કરવાથી પરિણામમાં તો અંતે એક પરબ્રહ્મની જ પ્રાપ્તિ કરવાની છે. એ પ્રાપ્તિમાં શ્રદ્ધાની દૃઢતા ને વાસનાની નિર્મૂળતા, પ્રપંચનું મિથ્યાત્વ અને સત્યની પ્રતીતિ, સંકલ્પનો સંન્યાસ ને અહમ્‌નો વિનાશ, દ્વૈતનો નાશ ને અદ્વૈતમય-દૃષ્ટિ, એ જ પ્રધાન કારણ છે. જેણે આત્મરસાયણ ખાધું છે, જે આત્મસત્તાથી વેષ્ટિત છે, આત્મરસનો સ્વાદિયો છે, તે જ આત્મા પરમાત્માનું અનુસંધાન કરી પરમ પ્રભુને પામે છે.' આટલું કહીને હરિહર અંતર્ધાન થઈ ગયા. છતાં પણ જગતમાં ઘંટાકર્ણ જેવા અનેક મૂઢ જનો વસે છે, કે જેઓ પોતાની જડતાનો ત્યાગ નહિ કરતાં, પરમાત્માની વિભૂતિઓને અનેક પ્રકારે વર્ણવે છે અને મદાંધ બનીને સત્‌ની પ્રાપ્તિમાં નિર્બળ બની સત્‌ને જ નિંદે છે.

## સત્ શું?

એ સત્ શું છે? કેવું છે? ક્યાં છે? પ્રકટપ્રજ્ઞા! તું જાણે છે કે, સત્ તે સત્જ છે. નામરૂપ રહિત છે. તેને કોની ઉપમા આપું? એ સત્ પરમપ્રકાશિત છે, સર્વત્ર છે. જ્યાં દિવાકર નથી, નક્ષત્રપતિ નથી, નક્ષત્રે નથી, સર્વત્ર પ્રભા જ છે, જેને જાણવાથી–જોવાથી જે ફળસિદ્ધિ થાય છે તેથી અન્ય ફળસિદ્ધિ નથી, જેના સુખથી અન્ય સુખ નથી, જેના જેવું અન્ય રૂપ, સૌંદર્ય કળા કે જ્ઞાન નથી, જેનાં દર્શનથી શ્રેષ્ઠ દર્શન નથી, જેનાં દર્શન પછી અન્ય દર્શનની અભિલાષા રહેતી નથી, તેજ સત્! એ જ સત્માંથી રામ, કૃષ્ણ, શંકર, બ્રહ્મા, આદિત્ય, ગણેશ, શક્તિ, વિરાટ્, વિશ્વ ને પ્રાણીમાત્ર થયાં છે. એજ સત્ને પરમાત્મા–પરમેશને મહેશ કહે છે. એ સત્ના દર્શનમાં જીવે સદા તત્પર રહેવું જોઇએ, મથન કરતાં રહેવું જોઇએ, ઉત્સાહી રહેવું જોઇએ. પણ જીવની ક્ષુલ્લકતા એટલી બધી અપાર છે કે, તે સત્ કરતાં અસત્માં વધુ મસ્ત રહે છે. મૂર્ખ પ્રાણી સંસારમાં રહીને આ મારો દેહ, આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ મારો મિત્ર, આ મારા દાસ, આ મારો હાથી, આ મારો ઘોડો, આ મારી સંપત્તિ, એ સર્વ મારાંજ છે, હુંજ આ કરું છું, મારા વિના કોણ કરે એવું છે–એમ હું હુંમાં બંધાઈ જઈ તેમાંજ લીન રહે છે, અને પોતાનું ઉત્તમ આયુષ્ય, માંસની પુતળીઓની સેવામાં ને નાશવન્તને પ્રાપ્ત કરવામાં એળે ગુમાવે છે. કિંચિત્ સંસ્કારી પુરુષ પૂજન અર્ચનના ઠાઠમાં કાળક્ષેપ કરે છે; અધિક યજ્ઞયાગમાં મચી સત્નો ફેરો જે સ્વર્ગાદિક, તેની એષણા કરે છે. એ સર્વ અસત્ વ્યવહાર જ છે; સત્ની એષણાનો વ્યવહાર નથી. જેના વડે આ સર્વ સંગે વ્યવહાર કરવાને કુશળ થવાય છે, તથા જેનાવડે સૌંદર્યની પ્રતીતિ થાય છે, તે પ્રાણના અધિપતિ પરમાત્માની શોધમાં કોઇનું ચિત્ત ચોટતું નથી, કર્મઠની એષણા એ એષણાજ નથી, એ તો આવર્જન વિસર્જનનો ઘાટ છે. સ્ત્રી પુત્રોના ઉપર જેની આત્મબુદ્ધિ છે, તે પામરો છે. જે પામરો તેમના સુખદુઃખને પોતાનું સુખદુઃખ માને છે, તેઓ વળી અલ્પ પ્રાણીઓ છે, અને તેમના રક્ષણની ચિંતામાં જેઓ રાતદિવસ નિર્ગમન કરે છે, તેઓ મૂઢ જ છે! જેઓ આ નાશવંત શરીરમાં અભિમાની છે, તે મરુભૂમિમાં જળની આશા કરનારા મૃગલા છે! જે શરીરને નિયમાદિકથી દંડવું જોઇએ, તે શરીરને જે મનુષ્યો વિષયના

વિષથી પોષે છે, તેઓને અમૃતની આશાથી મણિધરના રાફડામાં હાથ ઘાલવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે, તે જ ફળને પામે છે. જેને સત્‌ના દર્શનની નિત્ય પૂર્ણ પુરુષોત્તમની–પ્રાપ્તિ કરવાની છે, તેણે અન્યની ઉપાસના કરવી નહિ. સાકર મેળવવાની ઇચ્છાવાળો બાવળને કે બોર-ડીને સેવે તે જેમ નિરર્થક છે, તેમ જ સત્‌પ્રાપ્તિ માટે અહંકાર ત્યજી, વૈરાગ્ય સજી, સંયમી બની, પ્રેમી બનવું જોઇએ. બાવળને પંપાળનારો સાકરને પ્રાપ્ત કરી શકતો નથી, તેમ જ સંસારના કામાદિકને પંપાળ-નારો સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. જેને પરમાત્માની સાથે લગની લાગે છે, તે આનંદ–લગની–લેહ–રસ અન્યને જણાવી શકતો નથી–ચખાડી શકતો નથી–તે અનુપમેય છે: જાણે છે–તે જ જાણે છે: તે જ તે સુખ ભોગવે છે. પરમાત્મામાં જે પ્રીતિ થાય છે, તે એક ભક્ત જ જાણે છે; અન્યને કહેવાથી તેને તેનો રસાસ્વાદ જણાતો નથી. પર-માત્માની પ્રાપ્તિમાં નામ, સ્મરણ, કીર્ત્તન, લીલાતનુનું દર્શન, તેનામાં અથાગ પ્રીતિ, સાત્વિક પદાર્થોના સંબંધથી પ્રેમની ઊર્મિઓનું ઉછળવું અને સતત તેમાં એકતાર થઈ જવું, એ જ સાધનનું પણ સાધન છે અને સારનું પણ સાર છે. એ જ સાધનસંપન્ન જીવ એક જ જન્મે નિજાનંદના સ્થાનનો નિવાસી બને છે. એ સ્થિતિને પ્રાપ્ત થયેલાને ભજન કે ભજનારામાં દ્વૈત ભાવ રહેતો નથી; પૂજ્ય પૂજક ભાવ શમી જાય છે–પૂજ્ય તે પૂજક ને પૂજક તે પૂજ્યરૂપ બની જાય છે–અડગ પ્રેમી એ પદને પામે છે! પ્રેમાનંદને ભોગવે છે.

## પ્રેમ અને બ્રહ્મ એક જ છે

પ્રેમ કહો, જ્ઞાન કહો, બ્રહ્મ કહો, કૃષ્ણ કહો, રામ કહો, શંકર કહો, એ સર્વ એક જ છે; નામ માત્રનો જ ભેદ છે. જળ કહો, વારિ કહો, પાણિ કહો, સાગર કહો, રત્નાકર કહો, નદી કહો, પણ સર્વત્ર પાણી જ છે; માતા કહો, કાકી કહો, ભાભી કહો, દીકરી કહો, બહેન કહો, ગૃહિણી કહો, પણ સ્ત્રી જાતિરૂપે એક જ છે. નામનો જ ભેદ છે. એમ જ બ્રહ્મ વિશે પણ સમજવું. જ્ઞાનથી પણ બ્રહ્મની પ્રાપ્તિ છે, પ્રેમથી પણ બ્રહ્મની પ્રાપ્તિ છે. પ્રેમી અને જ્ઞાની એક જ છે. પ્રેમીથી જ્ઞાની શ્રેષ્ઠ છે, જ્ઞાનીથી પ્રેમી શ્રેષ્ઠ છે. આમાં અધિક ન્યૂનતા બુદ્ધિ રાખવી અજ્ઞાનતાનું કાર્ય છે. કોઇ એક પ્રસંગે જ્ઞાની અને પ્રેમી અરણ્યમાંથી જતા હતા, તેવામાં સામો વાઘ જોવામાં આવ્યો. પ્રેમીએ કહ્યું, "આપણે

નાશી જઇએ, નહિ તો વાઘ ખાઈ જશે!" જ્ઞાનીએ કહ્યું "આપણે તો પરમાત્મારૂપ જ છિયે, પરમાત્મા પરમાત્માનું રક્ષણ કરશે જ!" પ્રેમીએ કહ્યું; "ભલા માણસ! જે કાર્ય આપણાથી થઈ શકે છે, તે કાર્ય માટે પરમાત્માને શ્રમ આપવો, એ શું યોગ્ય છે?" પ્રેમીજન પરમાત્મામાં જે પ્રકારે એકતાર થઈ જાય છે, તેનું સ્વરૂપ નિરાળું છે. પ્રેમી અવતારી પુરુષ છે, જ્ઞાની સિદ્ધ પુરુષ છે; પ્રેમી અનેકના સહવાસમાં આવી જળ કમળવત્ નિર્લેપ રહી અનેકનો ઉદ્ધાર કરે છે; જ્ઞાની સિદ્ધ દશામાં રહી જગતના ભયથી દૂર ભાગે છે. પ્રેમી જગતમાં છતાં પણ નિર્લેપ રહે છે; અને તે જ શ્રેષ્ઠ છે. પ્રેમી જે પ્રકારે પરમાત્મામાં એકતાર થઈ જાય છે–પરમાત્મ સ્વરૂપ બની જાય છે, પરમાત્મામાં આત્માને વિલીન કરે છે, પરમ આત્મામાં આત્માલીન થઈ જાય છે, તેની ખૂબીનું વર્ણન થઈ શકે એમ નથી. જ્ઞાનીની લીનતા જૂદા જ પ્રકારની છે. જ્ઞાની જળના બુદ્દબુદ જેવો છે; જળમાંથી નિપજી જળમાં જ સમાઈ વિલયને પામે છે. પ્રેમી વીણાના સુર જેવો છે, પોતે આનંદ ભોગવી બીજાને ભોગવાવે છે. છતાં બન્ને એક જ છે. માન કે પ્રેમી તે જીવન્મુક્ત છે; જ્ઞાની તે વિદેહમુક્ત છે.* જ્ઞાન એ જ પ્રેમ છે, પ્રેમ જ જ્ઞાન છે. જ્ઞાનથી ઉત્પન્ન થયેલો પ્રેમ સર્વથી શ્રેષ્ઠ છે, પ્રેમથી ઉપજેલું જ્ઞાન જ અચળ–અટળ–અબાધ્ય રહે છે. એ જ જ્ઞાનપ્રેમમાં રહેલો જ્ઞાની જીવ સદાકાળ પરમાત્માનું સામીપ્ય ભોગવતો સાયુજ્યતાને પામે છે. આ

* જીવન્મુક્ત અને વિદેહમુક્તનું સ્વરૂપ પૂર્વાપર સમજાવ્યું છે, તેનો સ્પષ્ટાર્થ આમ સમજવો. न वै सशरीरस्य सतः प्रियाप्रिययोरत्यंतमुपहतिरस्ति અને न वा शरीरस्य प्रियाप्रिये स्पृशतः સશરીર જીવને પ્રિયાપ્રિયનો નાશ થતો નથી, જે અશરીર છે તેને પ્રિયાપ્રિય સ્પર્શતા નથી. એ શ્રુતિ જીવન્મુક્તિની પ્રતિપાદક છે. જ્ઞાનીને શરીરપાત પર્યંત જીવન્મુક્તની સંજ્ઞા આપવામાં આવે છે, અને શરીરપાત અનંતર તેને વિદેહમુક્તિની સંજ્ઞા પ્રાપ્ત થાય છે. છતાં જનક જેવાને વિદેહમુક્તની સંજ્ઞાપ્રાપ્તિનું કારણ એટલું જ છે કે, તેમને દેહ ઉપરનું મમત્વ વિગત થયેલું–જતું રહેલું, તે જ છે. અર્થાત્ જનકને વિદેહમુક્તની સંજ્ઞા આપવામાં આવે છે, ત્યાં શાસ્ત્રદૃષ્ટયા તેને જીવન્મુક્ત પણ સમજવો; કારણ કે શરીરપાત પૂર્વે, શાસ્ત્રદૃષ્ટયા કોઈ વિદેહમુક્ત કહેવાતો નથી. જ્ઞાનદૃષ્ટયા–મોક્ષદૃષ્ટયા જીવન્મુક્ત ને વિદેહમુકત ઉભયે એક જ છે; છતાં જીવન્મુક્તને પ્રારબ્ધ ક્ષીણ થતાં સુધી ભોગ ભોગવવા પડે છે, અને વિદેહમુક્તને કંઈ જ રહેતું નથી, કારણ કે તેના શરીરનો પાત થયો છે. અર્થાત્ જીવન્મુક્તના ચિત્તના સ્વરૂપનો નાશ થાય છે ને વિદેહમુક્તના ચિત્તનું સ્વરૂપ પણ નાશ પામે છે.

આત અદ્દ્ભુત છે, પણ સત્ય છે. એ જ દશાને પ્રાપ્ત જીવ ઈશ્વરની કૃપાથી સત્વર મુક્ત થઈ જાય છે. અજામિલ જેવા ક્ષણ માત્રમાં પણ એ દશા પ્રાપ્ત કરી શકયા છે. તે પ્રેમ–અનન્યતાનો પ્રતાપ છે. જે પ્રેમથી અજામિલે નારાયણનું ભજન કીધું છે, તે જ પ્રેમ શુદ્ધ ને સત્ય છે. જ્ઞાનીની વૃત્તિ તીવ્રતમ ઉચ્ચાભિલાષી છે; પ્રેમીનું હ્રદય–વૃત્તિ–ભાવના ઉચ્ચ અને સંસ્કારી છે. ઉભયના આત્મામાં પરમાત્માનું શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ પ્રેમ એ સમાન–સચોટ જ છે. પ્રેમી અને જ્ઞાની ભૂમા–બ્રહ્મના દર્શનના અધિકારી છે. પ્રેમી પરમાત્માના સકળ દરબારગઢમાં જવાનો અધિકારી છે; જ્ઞાની દરબારનો સામંત છે. રાજા સામંત સંગે સદા જ મંત્ર કરે છે–પોતાના હ્રદયની ઊર્મિઓ તેનામાં સમાવે છે. પણ 'પ્રેમી તો રાજાના રણવાસથી તે રાજાના ગુપ્ત કાર્યમાં પણ રાજાની સમીપમાં ને અંતરમાં, બન્ને સ્થાનકમાં રહી શકે છે. જ્ઞાની જ્ઞાનમાં સ્વસુખ માટે જ તલસે છે, પ્રેમી પોતાના પ્રેમપાત્રના સુખને માટે પણ તલસે છે–પ્રેમી પોતાનું સર્વસ્વ પરમાત્માને જ જોય છે. વૃન્દાવનની ગોપીઓ એ જ પ્રેમનું પાત્ર હતી. શ્રીકૃષ્ણને જગતના નાથ ન જાણતાં, ગોપીનાથ જાણી, કૃષ્ણમય થવાથી તેઓ મુક્તિને પામી છે. એવા પ્રેમનું પાત્ર બનાવવાને તન મન રહિત બની જવું જોઇએ; સદા ઉત્સાહી રહેવું જોઇએ; દૃષ્ટિ માત્રનો વિલોપ કરવો જોઇએ; દૃષ્ટિનો દૃષ્ટિમાં વિલય કરવો જોઇએ; ચિત્ત અને ચૈતન્ય, દ્રષ્ટા અને દૃષ્ય એવી નામ માત્રની ઉપાધિ ટળી જવી જોઇએ; ભેદ મટવો જોઇએ; અભેદ-મય થઈ જવું જોઇએ; બલવતી ભોગવૃત્તિનો નાશ થવો જોઇએ. એ દિવ્ય પ્રેમ–જ્ઞાન, આત્માની પ્રગાઢ શક્તિ પ્રેમ રસાયન, તેનો જે ભોગી છે તેનામાં સદાકાળ તે રમણ કરે છે ને તેની વૃત્તિઓ વિરમી જાય છે. એ જ પ્રેમી પરમ જ્ઞાની છે કે, જેણે ભાવવૃત્તિથી ભાવત્વ, શૂન્યવૃત્તિથી શૂન્યત્વ, પરબ્રહ્મવૃત્તિથી પૂર્ણત્વ જાણ્યું છે, ને તેમાં સર્વ-સ્વનો વિલય કીધો છે. હે પ્રકટપ્રજ્ઞા! જ્ઞાની પુરુષરૂપ છે, પ્રેમી સ્ત્રીરૂપ છે. જેમ યુગલરૂપ વિના સૃષ્ટિ નથી, તેમ એકલા જ્ઞાનથી મોક્ષ છે, એમ હું માનતો નથીઃ ગુરુદેવ પણ મનાવતા નથી. પ્રેમ વિના જ્ઞાન મિથ્યા છે, જ્ઞાન વિના પ્રેમ વ્યર્થ છે. જ્ઞાની ને પ્રેમી બન્નેય સાયુ-જ્યમુક્તિના–નિજપદના અધિકારી છે. બન્ને પ્રેમ–બ્રહ્મરૂપ બની રહે છેઃ બ્રહ્મમાં જ વિલસે છે. જગતમાં રહ્યા છતાં જેનો–દ્વૈત ભાવ–અદૃશ્ય

થયો છે તે જ્ઞાની-પ્રેમી નિર્હેતુક ભક્તિમાં જ લીન રહે છે; કેમકે હાર પ્રેમજ્ઞાનરૂપ જ છે. જેમ સંસારી-અવિવેકી જીવને વિષયમાં અટળ પ્રીત છે તેવી જ અટળ હરિપ્રીતિ મારા હૃદયમાંથી જશો નહિ.

આ પ્રમાણેની અનેક પ્રકારની જ્ઞાનગોષ્ઠિ કીધા પછી, સુવિચાર શર્મા અને પ્રકટપ્રજ્ઞા ગુરુ આશ્રમ પ્રતિ ચાલ્યા. માર્ગમાં સુવિચારે પુનઃ કહ્યું; "તમે સાક્ષાત્પ્રકટપ્રજ્ઞા છો! દેવિ! તમારા જ પ્રતાપથી આ જ્ઞાનની રિદ્ધિ સિદ્ધિ મને પ્રાપ્ત થઈ છે. તમે મારાથી વિશેષ ભાગ્યવતી છો, પ્રતાપી છો ને ઈશ્વરસાંનિધ્ય પ્રાપ્ત થવાને પૂર્ણ અધિકારી છો." પતિમુખથી આવાં વચન સાંભળીને થોડીકવાર છદ્મલિંગ અબોલ રહી; અને પછી બોલી; "હે સ્વામિનાથ! હું આ લોકના વ્યવહારમાં આપની દાસી છું; પ્રકટપ્રજ્ઞાનો પરમનાથ સર્વસ્વ સુવિચાર છે. સુવિચાર જ પ્રકટપ્રજ્ઞાનો રક્ષક છે. પતિના સહવાસથી પત્ની નિર્વિકારી બની નિરંજનને જાણવાને ભાગ્યશાળી બને છે. જો આપ જેવા સંતનો મેં પાણિગ્રહણ કીધો ન હોત, તો મારી શી અવસ્થા થાત? સાક્ષાત્ શંકરનાં અવિચ્છિન્ન દર્શનનો લાભ પ્રાપ્ત થયો છે; તેમને મુખેથી ઝરતા જ્ઞાનામૃતનું નિત્ય પાન કરવામાં આવે છે, તે સર્વ આપનાં ચરણકમળનો જ પ્રતાપ છે. હે મહાત્મા! હે સંત! આપને શોધવા હું નિકળી ન હોત તો એ મહાત્માનાં દર્શનનો મને અલભ્ય લાભ ક્યાંથી મળત? કારણ માત્રનું કારણ અને મારા કલ્યાણમાં હું માત્ર આપને જ જોઉં છું. હું એટલું જ ઇચ્છું છું કે, હું આપની સંગે જ સદા રહું અને આપ મજ સંગે સદા રહો-અને મજના મન-પ્રાણ-ચિત્ત સર્વ આપમાં વિલીન રહો."

આ પ્રમાણે વાતચિત કરતાં કરતાં તેઓ ગુરુ આશ્રમમાં જઈ પહોંચ્યાં. માર્ગમાંથી ચૂંટી લીધેલાં સૌગંધિક પુષ્પોની માળા ગુરુના કંઠ વિષે આરોપણ કીધી, અને કૃતાંજલિપૂર્વક ચરણવંદન કરી મહાત્માના મુખથી જ્ઞાનામૃતનું પાન કરવા તેઓ સાન્નિધ્યમાં જઈ બેઠાં.

# અષ્ટમ બિન્દુ

## શુદ્ધ સંકલ્પ-સાત્વિક ભાવના

**सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।**
**कीटको भ्रमरं ध्यायन्भ्रमरत्वाय कल्पते ॥**

**અર્થ**-સદાસક્ત-એકનિષ્ઠાથી સત્ (બ્રહ્મ)ના ચિંતનમાં લાગેલો પુરુષ સત્ (બ્રહ્મ) પણાને પામે છેઃ ભ્રમરીના ધ્યાનવાળો કીટ ભ્રમરીરૂપને પામે છે.

વિવેક ચુડામણિ.

ગુરુદેવથી આજનું તેમનું ચારિત્ર્ય અજ્ઞાત ન હતું. જે જ્ઞાન સુવિચાર અને પ્રકટપ્રજ્ઞાએ પ્રાપ્ત કીધું છે તેથી મહાત્મા પ્રસન્નચિત્ત હતા. પ્રકટપ્રજ્ઞાને લીધે સુવિચારનું જ્ઞાનપ્રાપ્તિનું કાર્ય સંધાયું છે અને પ્રકટપ્રજ્ઞાપર સુવિચારની પૂર્ણ શ્રદ્ધા છે, એમ જાણી, તેના મનનું કંઈ વિશેષ સમાધાન કરવા માટે ગુરુદેવ બોલ્યા;

"વત્સ સુવિચાર! આ લોકના જીવને બન્ધ અને મોક્ષમાં મૂકનાર મન છે. મન અનેક નવી નવી સૃષ્ટિને રચનારું છે. મનને સાત્વિક માર્ગ પ્રતિ વાળીશું તો ત્યાં વળશે ને રાજસ કે તામસ માર્ગમાં પ્રેરીશું તો ત્યાં ભટકશે-એ માર્ગોમાં વિચારતાં, તે તે માર્ગરૂપ તે તે ભાવના કરશે-સંકલ્પ કરશે. ભાવનાનુસાર વાસના પ્રકટ થશે, વાસનાનુસાર ફળ-પ્રાપ્તિ થશે. એ ભાવનાનું ફળ તેને આ જન્મમાં મળે છે કે અન્ય જન્મમાં મળે છે. જેની ઉચ્ચ ભાવના દૃઢ-શુદ્ધાંતઃકરણમાંથી ઉદ્ભવી હશે, તેને તેવાં ફળ પ્રાપ્ત થશે. આ માટે જીવે અહોકાળ ઉંચી-રુડી-મોટી મોટી-ઉન્નતપણાંની-મોક્ષની ભાવના નિત્ય કર્યા કરવી જોઇએ; અને મનને એ ભાવનામાં જ દૃઢ કરતાં રહેવું, એ સર્વથા શ્રેષ્ઠ કર્તવ્ય છે. કેમકે જે જેવી ભાવના કરે છે, જે જેવી વાસનાથી બંધાય છે, તેવો તેવો તે થાય છે. પુરુષ જો રાજાની ભાવના કરે છે તો તે રાજા બને છે, ચાંડાળની ભાવના કરે છે તો તે ચાંડાળ અવતરે છે, શ્રીમંતની ભાવના કરે

છે તો શ્રીમંત, વિદ્યાની ભાવના કરનાર વિદ્વાન્, ચક્રવર્ત્તીની ભાવના કરનાર ચક્રવર્તી, ક્રોધની ભાવના કરનાર ક્રોધી, ક્રૂરતાની ભાવના કરનાર ક્રૂર અને આત્મબળની ભાવના કરનાર પોતાની ભાવનાનુરૂપ ફળ પ્રાપ્ત કરે છે. અજ્ઞ મનુષ્યો કહે છે કે, 'હું રાજા થાઉં,' 'હું શ્રીમાન્ થાઉં,' 'હું વિદ્વાન્ થાઉં,' 'હું કીર્ત્તિમાન્ થાઉં,' 'હું બ્રહ્મનિષ્ઠ બનું'–એવા મનોરથો ઘરમાં બેઠો બેઠો કર્યા કરે તો તેથી તે કાંઈ રાજા કે ધનવાન્ થતો નથી, પણ જો તેની ભાવનાનુરૂપ વાસના દૃઢ હશે, તો તે આ જન્મે નહિ તો અન્ય જન્મે પણ ભાવનાનુરૂપ ફળ પ્રાપ્ત કરશે જ.

## જીવના જીવિતની એક પવિત્ર ક્ષણ

પ્રત્યેક જીવના જીવનમાં એક ક્ષણ એવી આવે છે કે, તે ક્ષણમાં જે ભાવના દૃઢ ઘર કરી રહે છે, તેનો તેવી જ વાસનાનો પિંડ બંધાય છે, અને તે વાસનાનુરૂપ જ ફળપ્રાપ્તિ થાય છે. એ શુભ ક્ષણમાં દૃઢ થયેલો સંકલ્પ–મનોરથ–ભાવના અનુરૂપ ફળ આપે છે; તો અહોકાળ જેને એક જ ભાવનાનું રટણ રહે છે, તેને તે ભાવના ફળે, એમાં આશ્ચર્ય શું છે? માત્ર તે ભાવના દૃઢ–શુદ્ધ–પવિત્ર હોવી જોઈએ–વિશેષ કંઈ નહિ. ક્ષણમાં એક ને અન્ય ક્ષણે બીજી, એમ પ્રતિક્ષણે પરાવર્તન પામતા સંકલ્પો કંઈ ભાવના–વાસના નથી; એ તો ભ્રમણા માત્ર છે. જે જે જીવો ઉન્નત સ્થાનને પામ્યા છે, પરમભક્ત, પરમજ્ઞાની–બની શ્વેતદ્વીપવાસી બની મુક્ત થયા છે, તે પેલા શુભ કાળમાં વિશુદ્ધ મને કરેલા સંકલ્પ–મનોરથ–ભાવનાના જ પ્રતાપ છે. પવિત્ર કાળમાં થયેલી પવિત્ર ભાવના શનૈઃ શનૈઃ દૃઢ થાય છે; તે ભાવના પૂર્ણ થવાને મથન કરતો રહે છે; માયાજાળમાંથી છૂટતો પણ જાય છે; માર્ગ (સદ્ગુરુ) પણ મળે છે; ઉત્તરોત્તર સકળ સાધન સંપત્તિ પ્રાપ્ત કરી, પરમ ફળ પણ પ્રાપ્ત કરે છે. અલ્પ પ્રાણીઓ સંકલ્પ–મનોરથ ભાવનાનું માહાત્મ્ય ન જાણતા હોવાથી પ્રાપ્ત થયેલા ફળનાં અનેક કારણ કલ્પે છે; પણ એ સર્વ મિથ્યા છે. જે પ્રાપ્ત થાય છે,–નિર્ધન કે ધનવાન્, વિદ્વાન્ કે મૂર્ખ, દાતા કે કૃપણ, કીર્તિવાન્ કે નિંદાપાત્ર, રાય કે રંક, ભક્ત કે નાસ્તિક, જ્ઞાની કે અજ્ઞાની, બંધનમય કે મુક્ત–એવા સર્વ આ પ્રપંચમાં જોવામાં આવે છે તેનું મૂળ મંડાણ, આ લોકમાં જન્મ-જન્માંતરમાં પેલી પવિત્ર ક્ષણમાં થયેલા પવિત્ર દૃઢ–સંકલ્પ–મનોરથ–ભાવના જ છે. આ પવિત્ર ક્ષણ ક્યારે આવીને ઉભી રહે છે, તે પુરુષ

જાણતો નથી; તેટલા માટે પરમપદની પ્રાપ્તિ ઇચ્છનાર જીવે પ્રતિક્ષણ ઉત્તમ સંકલ્પ–મનોરથ–ભાવના કરવાની મનને ટેવ પડાવવી, કે અદૃશ્ય રહેલી તે પવિત્ર ક્ષણ એળે ચાલી જાય નહિ ને જીવને હાથ ઘસતા–ક્ષુલ્લક ભાવનાના ભોગ થઈ પડી, જન્મજન્માંતર વટીયો વટીયો કરતાં, આવર્જન ને વિસર્જન–જન્મવું ને મરવું ને પુનઃ જન્મવા ને મરવાના ભોગના ભાગી થવું પડે નહિ.

વત્સ! આ જગતમાં જે અનેક કાર્યો સધાય છે, તે પૂર્વ જન્મની પેલી પવિત્ર ક્ષણની પવિત્ર ભાવનાનું રૂપજ છે. એમાં કોઈ કોઇનું ઓશિંગણ નથી. કુંભારઘડો તૈયાર કરે છે, તેમાં નથી તેનાપર માટીનો ઉપકાર થતો કે નથી ચાકનો ઉપકાર થતો, કે નથી ચાકને ફેરવવાના દાંડાનો ઉપકાર થતો. એક બીજાનો સંયોગ થતાં પૂર્વકાળની ભાવનાનુરૂપે એક બીજાનું કાર્ય સધાય છે. જે જ્ઞાનની તને પ્રાપ્તિ થઈ છે, તેમાં પ્રકટપ્રજ્ઞાનું કંઈ બળ નથી, પણ તારા ને એના પૂર્વ જન્મોની પેલી પવિત્ર ક્ષણની પવિત્ર ભાવનાજ પ્રધાન કારણ છે, ને તમારાં અનેક જન્મોનાં કર્મો આ જન્મે વિરમે છે. અનેક જન્મના પવિત્ર સંકલ્પો–ભાવનાથી તમને આ જન્મે તેનું ફળ–યથાર્થ જ્ઞાન મળ્યું છે; સત્યને જાણ્યું છે; આજે તે જાણવું પૂર્ણત્વને પામ્યું છે. જીવ માત્રની તે પવિત્ર ક્ષણમાં જેવી જેવી ભાવના થાય છે, તેજ ભાવનાને અનુસરતો વાસનાપિંડ બંધાય છે ને એ જન્મજન્માંતરમાં તેને વાસનાનુરૂપ ફળ પ્રાપ્ત કરાવે છે. ભાવના જો સાત્વિક હોય તો સાત્વિક ફળ મળે છે; રાજસ હોય તો રાજસ ફળ મળે છે અને તામસ હોય છે તો તામસી ફળ મળે છે. ચાલુ જન્મમાં જીવે જે જે ભાવનાઓ કરી હોય છે, તે તે ભાવનાઓ અન્ય જન્મે સ્ફુરાયમાન થઇને પ્રકાશી નિકળે છે. દૃઢ થયેલી ભાવનાનુરૂપ, ચિંતન કરેલા પદાર્થ, ભોગ, પદવી, તેની સમક્ષ આવીને તેજ જન્મમાં પણ ખડાં રહે છે. ભાવનાનું બળ એટલું વિશાળ છે કે, તેથી સચ્ચિદાનંદ વિરાટ્ સ્વરૂપ શ્રીપરમ પરમાત્મા પણ શુદ્ધ ભાવના કરનારની સંપૂર્ણ ઇચ્છાને આધીન થઇને અનેક પ્રકારના અવતારો પણ ધારણ કરે છે.

## દશરથરાયની જન્માંતરમાં થયેલી ભાવના

હે વત્સ! ભગવાન્ શ્રીરામચંદ્રના માતપિતા–દશરથ કૌસલ્યાની પૂર્વ જન્મની ભાવનાનું તને યથાર્થ જ્ઞાન ન હોય તો સાંભળ. મહા-

રાજા દશરથ ને દેવી કૌસલ્યા જન્મ જન્માંતરમાં સ્વયંભૂ મનુ હતાં. તેઓ તે જન્મમાં અનેક પ્રકારના મનોરથો કરતાં. તેમના મનોરથ-સંકલ્પ-ભાવના-વાસના-અતિ દૃઢ હતાં, તેથી તે જન્મમાં પણ અનેક પ્રકારની સંકલ્પસિદ્ધિ કીધી હતી. ઉત્તમ સંકલ્પને અનુસરતાં દંપતીની ભાવના અતિ પ્રબળ ને દૃઢ થઈ ગઈ. બન્નેએ એવો મનોરથ કીધો કે, આપણે ત્યાં વિરાટ્ ભગવાન્ પુત્રરૂપે અવતરે, તેમના લીલા ક્રીડા જોઈએ, લાડ લડાવીએ, અનેક પ્રકારનાં સુખ ભોગવીએ, અને તેમના સંબંધથી અસાર એવા સંસારને તરી જઈએ. દિનપ્રતિદિન તે ભાવના દૃઢ થતી ગઈ. તેઓ નિત્ય પ્રાર્થના કરવા લાગ્યાં કે; "હે પરમ પ્રભુ પરમાત્મા સર્વેશ્વર સર્વાધાર સચ્ચિદાનંદ! તું ભક્તની કામનાનો કલ્પદ્રુપ છે, અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ તારી ઇચ્છા માત્રથી થાય છે; ભક્તના પ્રેમને તું આધીન છે; તેની કામના પૂર્ણ કરવાને અનેક પ્રકારે તું દર્શન દે છે; જે તારે આધીન છે તેને તું આધીન છે. હે પ્રભુ! તારા શુદ્ધ સાત્વિક સ્વરૂપનાં દર્શન થાય ને અમારી મનઃકામના પૂર્ણ થાય, એવી કરુણા કર!" આ પ્રાર્થના કરતા કરતા ભગવાન્ મનુ અને તેમનાં પત્ની શતરૂપા કંદ મૂળનો આહાર કરીને પરમ તપ તપવા લાગ્યાં. આ તીવ્ર તપના પ્રભાવથી તેમનું ધ્યાન-નિષ્ઠા-ભાવના એકરૂપ જ થઈ ગઈ. છેલ્લા સમયમાં તો માત્ર વાયુ ભક્ષણ કરીને જ દંપતી રહેતાં હતાં. તેમના તપના પ્રભાવથી આશ્રમ સ્થાનનો આજુબાજુનો પ્રદેશ દેદીપ્યમાન થઈ ગયો હતો. બંને અસ્થિમાત્ર બની ગયાં હતાં છતાં, દેદીપ્યમાનપણાનું વર્ણન થઈ શકે તેમ નથી. ઇંદ્રાદિક લોકમાં પણ તેમના તપનું યશોગાન થવા લાગ્યું. દેવ દેવાદિ તેના તપથી પ્રસન્ન ચિત્ત થઈને અનેક પ્રકારનાં વરપ્રદાન આપવાને તત્પર થયા. પરંતુ જેનો સંકલ્પ મનનો મનોરથ શુદ્ધ, સુઘડ, સુંદર ને પરમ છે; જગત ઉપર જેને આસક્તિ નથી; જેની ભાવના તીવ્રતર થયેલી છે; જેની વિદ્યાશક્તિની વૃદ્ધિ થઈ છે અને અવિદ્યાનો હ્રાસ થયો છે, એવા મનુ ભગવાનને વરની કામના ન હોવાથી સર્વ દેવતાઓ મનુ ભગવાનની સ્તુતિ કરતા કરતા વિદાય થઈ ગયા. પરમાત્માના ગુણગાનમાં ધીર ઉત્સાહસંપન્ન દંપતી વધારે ને વધારે સમાધિનિષ્ઠ થતાં ગયાં. તેમનો સંકલ્પ-ભાવના-દૃઢ થતાં, તેમાં જ તન્મય તદાકાર થઈ ગયાં. શરીર અંતઃકરણ અને પ્રાણનું સર્વ ભાન ને ચલન વલન નિસ્તેજ ગઈ ગયું.

ભાવનાશક્તિની પૂર્ણતા એ જ તેમનો સંયમ હતો. જેમની ભાવના અખંડ અવિચળ ને એકાગ્ર છે, તે કેટલા કાળ પર્યંત રહે છે, તેનું કંઈ પણ પ્રમાણ નથી. તે અનંત કાળ રહે છે. બંનેએ અનંતકાળ તપ તપ્યું.

એકાંતિક પ્રેમાળ ભક્તચંદ્રના આકર્ષણથી કરુણાસિંધુ એકદમ ઉછળી આવે છે, તે જ પ્રમાણે પરમાત્માની તેના ઉપર પૂર્ણ કૃપા થઈ. ગંભીરરૂપે અદ્વૈત બનેલા શતરૂપા ને મનુ ભગવાનના આનંદ-કલ્લોલ ધ્વનિ, કર્ણપ્રદેશમાં થઈને હૃદયમાં પ્રવેશ થયો. તે અમૃતમય સ્પર્શથી શતરૂપા ને મનુભગવાનની ભાવના–સંવેદના ને શરીર અત્યંત પ્રફુલ્લિત થઈ ગયું. તે દિવ્ય ગાન કર્ણપ્રદેશમાં ધ્વનિરૂપે સંભળાવા લાગ્યું. આંતર દૃષ્ટિમાં પરમ તત્ત્વ જ્યોતિરૂપનું દર્શન થવા લાગ્યું. પરંતુ તેથી તૃપ્ત ન થતાં સ્વયંભૂમનુએ પ્રાર્થના કીધી કે; "હે પ્રભુ! આપના મનોમય દર્શનથી જ મને તૃપ્તિ નથી; આ દીનને દૃગ્ગોચર થાવ!" ભક્તજનની પ્રેમ પૂર્ણ ભાવના જોઈને, વિરાટ્ ભગવાનનો સાક્ષાત્કાર થયો તે અનુપમ સૌન્દર્ય મૂર્તિનું વર્ણન વાણી કરી શકે તેમ નથી. પરમાત્માના અંગ પ્રત્યંગમાં દિવ્ય શોભા છવાઈ રહી હતી; તેમના મૃદુ તેજસ્વી શ્યામ શરીરની કાંતિને નીલકમળ કે નીલમેઘની ઉપમા ભલે આપીએ; પરંતુ જગતમાં નામરૂપથી ઓળખાતા કોઈ પણ પદાર્થની ઉપમા તેને આપી શકાય તેમ નથી. કરકમળ ચરણકમળ ને અધરોષ્ઠ પ્રખર અગ્નિના દાહપર શીતળ મેઘના સિંચનથી જેવી શાંતિ થાય, તેવી શાંતિ આપનારા હતા; સુભગ નાસિકાયુક્ત મુખચન્દ્રની શોભા શરચ્ચંદ્રને લજ્જિત કરનારી હતી; વાંકડીયા સુંવાળા ને ભ્રમર જેવા શ્યામ રંગવાળો કેશનો કલાપ, ગરદન ઉપર પથરાઈ રહ્યો હતો; નેત્રમાંથી નિસરતું અમૃત, ભક્તના હૃદયને ઉલ્લસિત કરતું હતું; વિશાળ ભાલ ને કામના ધનુષ્ય જેવી વક્ર ભ્રમર વચ્ચે કેસરી તિલક શોભી રહ્યું હતું; કાનમાં મકરાકૃતિ કુંડળો હતાં–તે ક્ષણે ક્ષણે ગાલની સાથે અથડાતાં તેમાંથી દિવ્ય પ્રકાશ પડતો હતો, તેથી મુખપ્રદેશ ઉપર દિવ્ય તેજ ઝળહળી રહ્યું હતું; મસ્તક ઉપર ધારણ કરેલો દિવ્ય મુકુટ રત્નથી જડેલો હતો–તેમાં નવગ્રહનું તેજ ઝળકી રહ્યું હતું; સુંદર શંખાકાર કંઠમાં રહેલી મુક્તામાળા ને વૈજયંતીમાળા શ્યામ શરીર ઉપર તારાગણના સમુદાયની પેઠે, અનુપમ શોભતી હતી; વિશાળ વક્ષઃસ્થ-

ળમાં ભૃગુપદનું લાંછન નિસ્સીમ ગાંભીર્ય દર્શાવતું હતું; ભકતોનો ઉદ્ધાર કરનારા હાથીની શુંડ જેવા લાંબા બાહુમાં રત્ન કંકણો દીપી રહ્યાં હતાં; અને ભક્તભયહરણ ચરણારવિંદમાં સુવર્ણનાં નુપૂર રૂમઝૂમ કરી રહ્યાં હતાં; સીધી ને કોમળ આંગળીમાં રત્નની મુદ્રિકાઓ ઝળહળી રહી હતી; પગનાં આંગળાંનો અગ્રભાગ જ્યોત્સ્ના પ્રમાણે શોભા આપતો હતો; ચરણતળમાં વજ્ર, અંકુશ, ધ્વજ ને કમળનાં ચિહ્ન બિરાજમાન હતાં; પૃષ્ઠ ભાગમાં ભાથો હતો; હાથમાં અભયદંડ હતો; વિજળી જેવું ચળકાટ મારતું પીત પીતાંબર કટિપર ધારણ કરેલું હતું; શંખ, ચક્ર, ગદા ને પદ્મ એ ચાર પુરુષાર્થરૂપ ચાર આયુધોને ધારણ કર્યાં હતાં; ડાબી બાજુએ સૌંદર્યની શોભાની ખાણરૂપ ચિત્‌શક્તિ મહા માયા મંદ મંદ હાસ્ય કરતી ને વંદન કરતી દ્વયકર જોડી ઉભી હતી. એવા જગત્ મોહન લોકોત્તર અદૃષ્ટપૂર્વરૂપ ધારણ કરીને સર્વેશ્વર ભગવાને દર્શન દીધાં. દંપતીના નેત્રમાં પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી. અત્યાનંદથી કંઠ ગદ્‌ગદિત થઈ ગયો: કષ્ટે પણ બોલવાને દંપતી સમર્થ થયાં નહિ. શરીર શિથિલ થઈ ગયું, છતાં દંડવત્ પ્રણામ કરતાં દંપતી હર્ષમૂર્છિત થઈ ગયાં. પછી દયાનિધિએ અભયપ્રદ હાથથી દંપતીને ઉઠાડીને કહ્યું; "તમારી નિસ્સીમ પ્રેમાળ ભક્તિથી આકર્ષાઈને હું તમારે આધીન થયો છું. હે મનુ! હે શતરૂપા! તમે મારાં એકાંતિક ભક્ત છો: તમારા જે જે મનોરથ હોય તે તે અસંકુચિતપણાંથી મને કહો: તે પૂર્ણ કરવાને હું સદા ઉત્સુક છું. ભક્તને નહિ દેવા જેવું મારે કંઈ પણ નથી. વિરાટમાં મારું જે જે કંઈ છે, તે સર્વ ભકતોનું જ છે; હું પંડે પણ ભકતોનો જ છું ને આ મારી ચિત્‌શક્તિ મહામાયા તમારી અનન્ય ભક્તિથી પ્રસન્ન છે. સાત્વિકપણે તમારા કલ્યાણમાં અમે સદા તત્પર છીએ. હે મનુ! હે શતરૂપા! તમે જાણો કે, હું ભક્તનો છું ને ભક્ત મારા જ છે!"

પરમાત્માની આ પરમ શીતળ કરનારી વાણીથી અતિ શીતળ બનેલાં દંપતી બોલ્યાં; "હે જગન્નિવાસ ભક્તવત્સલ! હે સર્વેશ્વર! તું અનંત વરદાનનો આપનારો અમારી સામો ઉભો છે, છતાં જેમ જન્મ-દરિદ્રી કલ્પવૃક્ષની નીચે ઉભો રહીને પણ વિપુલ સંપત્તિ માંગવાને લજ્જા પામે છે, તેમ તારી પાસેથી શું માંગવું તે, હે પ્રભો! અમને સૂઝતું નથી. તારા ઉદંડ ઔદાર્ય આગળ, અમે સદાય સંકુચિત છીએ: પરંતુ તારો અપૂર્વ પ્રેમ અમને ધીટ બનાવે છે. હે પ્રભુ! તારા પ્રેમ-

રત્નાકરમાં પ્રેમબદ્ધ થઈને ડુબી રહીએ, તે માટે તું અમારે ત્યાં પુત્રરૂપે અવતર!" આવી પ્રેમાળ વાણી શ્રવણ કરીને વિરાટ્ ભગવાને કહ્યું; "પુત્રવાત્સલ્યના પ્રેમ માટે તમારી ઈચ્છા તૃપ્ત કરવા, હું તમારો મનોરથ પૂર્ણ કરીશ. હે મહાભાગા સતી શતરૂપા! તું પૃથક્ વરદાન માંગ; કેમકે મારી જે શક્તિ છે–ઐશ્વર્ય છે તે સતીનો પ્રતાપ છે. જગતમાં જન્મેલી ને જન્મતી સતીઓ નિરંતર મારી શક્તિ ને ઐશ્વર્યમાં વૃદ્ધિ કરે છે; એવી સતીનાં ચરણારવિંદ મારાં ચરણારવિંદથી વધુ પવિત્ર છે. તે સતીના આનંદપૂર્ણમાં મને પરમ આનંદ છે!" સતી શતરૂપાએ કહ્યું; "હે આનંદકન્દ! પતિના વરદાનથી મારા મનોરથ પૂર્ણ થયા છે. હે પ્રભુ! તારી નિર્વાસનિક ને એકાંતિક ભક્ત થાઉં, તારા બાળસુખની ભોક્તા બનું ને તારા ચરણમાં નિઃસીમ ભક્તિ કરીને, હું વૈરાગ્યવાન્ ને જ્ઞાની થઈને અંતે તારા ચરણને પામું, એવું વરદાન આપ! તને લાડ લડાવું, તારામાં જ મારી વૃત્તિ સદાય જાગ્રત રહે, હું તારું નિત્ય લાલનપાલન કરું, આવી મારી નિત્યની ભાવના છે, તે પૂર્ણ કર." આવું મધુરું ને અતિગૂઢ વચન સાંભળીને હાસ્ય વદને નિરંજન, નિરાકાર ને સાકાર એવા વિરાટ્ ભગવાને કહ્યું; "હે જનનિ! હે જનક! તમારી ઈચ્છા પ્રમાણે સર્વ થશે. રઘુકુળમાં દશરથ કૌસલ્યારૂપે તમે જન્મશો; અને રામરૂપે હું તમારે ત્યાં જન્મીશ. આ મહામાયા ચિદ્ધ્શક્તિ મારી ભાર્યા થશે. ત્યાં તમારા સર્વે મનોરથોને હું પૂર્ણ કરીશ. હે જનનિ! નન્દયશોદારૂપે ચન્દ્રવંશમાં તમે જન્મશો, ત્યાં કૃષ્ણરૂપે તમે મને બાળક પેરે લાડ લડાવજો!" આવું વરદાન આપી વિરાટ્ ભગવાન્ અંતર્ધાન થઈ ગયા.

હે વત્સ સુવિચાર! એ ભાવનાનુરૂપ સ્વયં પરમાત્માએ સાકાર રૂપ ધારણ કરીને દશરથરૂપી મનુ ભગવાનના ઘરમાં વાસ કીધો હતો. શતરૂપા યશોદાએ લાડ લડાવ્યાં હતાં. હે વત્સ! જેની દૃઢ ભાવના છે તેને કંઈ અપ્રાપ્ય નથી. પ્રાપ્ય અપ્રાપ્યનો પ્રશ્ન જેની ભાવના શુદ્ધ નથી, તેને જ છે.

આ જગન્નગરમાં અનેક જીવોમાં કોઈ મોટા ને કોઈ નાના છે, કોઈ ક્રૂર ને કોઈ મૃદુ છે; કોઈ રાજશ્રી છે ને કોઈ કાંચનહીન છે; એ સર્વ તેમની જન્મજન્મની ભાવનાનું જ ફળ છે. જેની ઉત્તમ ભાવના છે તે ઉત્તમ ફળને પામે છે; જેની કનિષ્ઠ ભાવના છે તે કનિષ્ઠ ફળને

પામે છે. ઉત્તમ-મોક્ષદાયી ભાવના-વાસના થવા માટે, કર્ત્તા ભોક્તાની ભાવના ત્યજી, સંસારની ભાવના ત્યજી, શરીરને વિનાશી સમજી, આત્મસત્તાનો વિનાશ કરી, તેનો અનંતતામાં લય કરવો જોઇએ. એ ભાવના-વાસના શુદ્ધ છે ને જન્મ ને મૃત્યુનો વિનાશ કરનારી છે-પરમ જ્યોતિનાં દર્શન જ કરાવનારી નહિ, પણ પરમ જ્યોતિમાં વિલીન કરાવનારી છે-ચિદાનંદમય છે. દૃઢસંકલ્પયુક્ત શુદ્ધ સાત્વિક ભાવનાનું ફળ પરમ કલ્યાણકારી અને સાયુજ્યમુક્તિનું દાતા છે. આ ભાવના પ્રબળ કરવા માટે પુરુષે સ્વસ્વરૂપનું દર્શન કરી નિત્ય ઇષ્ટનો જ અધ્યાસ રાખવો જોઇએ. એક દિવસમાં, એક વર્ષમાં કે એક જન્મમાં પેલી પવિત્ર ક્ષણમાં જન્મેલી ભાવના, જે ક્રમે ક્રમે પરિપકવ દશાને પ્રાપ્ત થતી જાય છે, તે સિદ્ધ થતી નથી; પરંતુ નિત્ય નિત્ય, ક્રમે ક્રમે એ પવિત્ર ભાવનાને દૃઢ કરતાં કરતાં, જન્મજન્માંતરમાં તે શુદ્ધ સાત્વિકપણાંને પામે છે; અને ત્યારે જ તેના ઇચ્છિત મનોરથો પૂર્ણ થાય છે.

હે વત્સ સુવિચાર! જે ફળ આજે તને પ્રાપ્ત થાય છે, તે તારી અનેક જન્મજન્માંતરની ભાવનાની પરિપકવ દશાનું પરમ ફળ છે; પ્રકટપ્રજ્ઞા માત્ર નિમિત્ત જ છેઃ પ્રકટપ્રજ્ઞાથી તને ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, એમ તારે નહિ જાણવું. પણ કાળના કાળ સૂધી સુવિચાર-સાત્વિક ભાવનાથી થયેલી વિશુદ્ધિનું જ ફળ છે. પૂર્વ કાળમાં એવા અનેક પ્રસંગો બની ગયા છે, જેમાં માયાવશ જીવોને ક્ષણમાત્રના પ્રસંગથી શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થયું છે. રહૂગણ રાજાને જડભરતના ક્ષણ માત્રના પ્રસંગથી પરમ જ્ઞાન પ્રાપ્ત થયું હતું; દેવહૂતિને કપિલદેવની પાસેથી અધ્યાત્મ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું; યુદ્ધ જેવા ભયાનક પ્રસંગમાં શ્રીકૃષ્ણે અર્જુનને જ્ઞાન આપ્યું હતું; પુત્રોના મરણથી ખિન્ન થયલાં દેવકીને શ્રીકૃષ્ણે મૃત પુત્રોનાં દર્શન કરાવીને, જ્ઞાનની અધિકારિણી કીધી હતી; ઋષિના કંઠમાં મૃતસર્પનું આરોપણ કરાવીને શુકના મુખથી પરીક્ષિતને જ્ઞાન કરાવ્યું હતું. એ સર્વ શાથી બન્યું? એ શું એક જ જન્મના મનોરથ-સુવિચાર સંકલ્પ-ભાવનાનું ફળ હતું? ના, ના, જન્મજન્માંતરમાં રહૂગણનો, દેવહૂતિનો, અર્જુનનો, દેવકીનો અને પરીક્ષિતનો દૃઢ સંકલ્પ હતો-પવિત્ર ભાવના હતી-જેથી છેલ્લે જન્મે નિમિત્તમાત્રથી પરમ જ્ઞાનવાન્ બની, મોક્ષના સાધનનો સંગ્રહ કરી તરી ગયા હતા. ભાવનાને પ્રસંગ મળતાં જ તે પૂર્ણ થઈ. બાકી માર્ગમાં જવું ક્યાં, પાલખી ઉંચ-

કવી કયાં, જડભરતનું કુદવું કયાં, રહૂગણનું કુવાકય કયાં, ભરતે જ્ઞાનોપદેશ કરવો કયાં! એ કંઈ એક જ જન્મ ને એક જ પ્રસંગનું ફળ નથી, પણ અનેક જન્મની સાત્વિક ભાવનાનું જ ફળ હતું. દેવહૂતિને પણ નવ પુત્રી ઉપર પુત્રની કામના થવી ને તેને મુખે જ્ઞાન સાંભળવું; ભયાનક રણ-સંગ્રામ પ્રસંગમાં અર્જુનને મોહ થવો; શ્રીકૃષ્ણને પરમપુરુષ જાણ્યા પછી પણ, દેવકીએ મરેલા પુત્રોને માટે વિલાપ કરવો; અને ધર્મનું રક્ષણ કરતા પરીક્ષિતને કલિના સંગથી ધર્મની વિસ્મૃતિ થવી અને અકાર્ય થઈ જવું, શાપ પામવો અને શુકમુખે તત્ત્વોપદેશ સંપાદન કરી, અસારની પાર જવું, એ કંઈ સહજ પ્રસંગની સંપત્તિ નથી; પરંતુ અનંત જન્મનું ફળ છે. એવું ફળ પ્રાપ્ત કરવાને પ્રત્યેક જીવે શુદ્ધ સાત્વિક ષટ્સંપત્તિનું આરાધન કરી, ક્રમે ક્રમે ઉત્તમતા પ્રાપ્ત કરી, પૂર્ણત્વને પામવું જોઇએ.' વત્સને પણ એ પ્રસંગ પ્રાપ્ત થયો છે–એ તારું અહોભાગ્ય છે. તારી શુદ્ધ સાત્વિક ભાવનાઓની અવધિથી જ સાંપ્રત પ્રસંગ પ્રાપ્ત થયો છે. પૂર્વકાળમાં એવો જ પ્રસંગ અવધૂતની માતાને પ્રાપ્ત થયો હતો."

"હે આનન્દકન્દ! હે મહાત્મા! હે ગુરુદેવ! હે દયાસિંધુ! કૃપા કરીને અવધૂતની માતાને એ પ્રસંગ કેમ પ્રાપ્ત થયો હતો, તે અમને કહો;" સુવિચારે કૃતાંજલિપૂર્વક કહ્યું.

### અવધૂત ચરિત્ર

હિમગિરિના મહાત્માએ કહ્યું; "હે વત્સો! પૂર્વકાળમાં નિર્ગુણ નગરમાં બુદ્ધિમતી નામની એક સ્ત્રી હતી. તે જન્મની દરિદ્રી હતી. ઉદરપોષણ પણ તે મહાકષ્ટે કરતી હતી. ઘેર ઘેર ને બારણે બારણે ભીખ માગીને તે પોતાનો નિર્વાહ કરતી હતી. એક પ્રસંગે બુદ્ધિમતી ફરતી ફરતી કોઈ બ્રાહ્મણીના ઘર સમીપ જઈ પહોંચી. આ બ્રાહ્મણી મરણ શય્યાપર પડેલી હતી. એ બ્રાહ્મણીની પાસે શાલિગ્રામની એક પરમ પવિત્ર મૂર્તિ હતી, તેનું તે નિત્ય પૂજનવંદન સેવન કરતી હતી. મરણ સમયે તેની નિત્યની સબળ ભાવના પ્રફુલ્લિત થઈ. તેનાં નેત્ર સમક્ષ પરમ પ્રભુ તરવરવા લાગ્યા. તે સમયે સર્વ દુઃખોને વિસારી દઈને એક જ રટણા કરવા લાગી કે, મારા મરણ પછી આ મારા ઇષ્ટ ભગવાન્ શાલિગ્રામનું કોણ પૂજન કરશે? એ પરમ પવિત્ર ભાવનાને યોગે, એ બ્રાહ્મણી બાઇના પરમ પવિત્ર દેહનો ત્યાગ કરવાને તેનો પવિત્ર આત્મા પ્રસન્ન નહોતો. સાત સાત લાંઘણો થયા છતાં પણ તે બ્રાહ્મણબાળાનો આત્મા

તેના દેહનો ત્યાગ કરી ગયો નહિ. તે મુખે શાલિગ્રામ શાલિગ્રામ જ જપ્યા કરતી હતી, એટલામાં બુદ્ધિમતી તેના દ્વારપર જઈ પહોંચી અને તે બ્રાહ્મણીને નિશ્ચેષ્ટ દશામાં જોઈ તેની સમીપ ગઈ. બ્રાહ્મણબાળાને ચેતન આવ્યું અને તે બોલી; "અલી બુદ્ધિમતિ! આ મારા ભગવાન્ શાલિગ્રામનું મારી પેઠે જ તું નિત્ય પૂજન કરશે?" બુદ્ધિમતીએ હા પાડવાથી, બ્રાહ્મણબાળાએ શાલિગ્રામની મૂર્તિ તેને સોંપી; અને તત્ક્ષણે તેનો પવિત્ર આત્મા તેની શુદ્ધ ભાવનારૂપ દિવ્યલોકમાં પ્રયાણ કરી ગયો.

તે બ્રાહ્મણબાળા પેરે બુદ્ધિમતી તે શાલિગ્રામનું નિત્ય પૂજન સેવન કરવા લાગી. ક્રમેક્રમે તેના ચિત્તમાં પેલી પવિત્ર ક્ષણમાં એવી ભાવના જન્મી કે, 'આ શાલિગ્રામરૂપ પરમાત્મા મને જ્ઞાનોપદેશ• કરીને અસાર સંસારમાંથી તારે તો મારું પરમ કલ્યાણ થાય. •અરેરે! મારે એવો કોઈ જ્ઞાની પુત્ર પણ નથી, જે મને આ અસાર સંસારસાગરમાંથી તારીને મારા મનોરથો પૂર્ણ કરે!' આ જ ભાવના તેના ચિત્તપ્રદેશમાં નિત્ય નિત્ય વિપુલતા ધારણ કરવા લાગી. ક્રમેક્રમે તેની ભાવના એવી તો દૃઢ થતી ગઈ કે, કોઈ યોગી અવધૂત તેનો પુત્ર છે અને તે તેને જ્ઞાનોપદેશ કરે છે, એવું તે દશે દિશામાં પ્રત્યેક કાર્યમાં, પ્રત્યેક ક્ષણમાં, ચન્દ્ર ને સૂર્યના મણ્ડલમાં, અવકાશમાં ને નક્ષત્રોમાં જોવા લાગી. પ્રસંગે પ્રસંગે તેની ભાવના નવાં નવાં સ્વરૂપો ઉપજાવવા લાગી. જાણે કોઈ મહાત્મા બ્રાહ્મણને તે પરણેલી છે; તેનાથી ગર્ભવતી થયેલી છે; તેના પેટમાં ૐકારનો જપ જપાય છે; જન્મતો પુત્ર ૐકારનો જ જાપ જપવા લાગ્યો છે; ૐકાર વિના અન્ય શબ્દનો તે ઉચ્ચાર જ કરતો નથી, અને ૐકારનો જાપ જપતો જપતો માતાને ઉપદેશ આપતો, તે અવધૂતવેશી પુત્ર વનમાં ચાલ્યો જાય છે. એવી અદ્ભુત લીલા તે નિત્ય પરોક્ષ ને અપરોક્ષ જોવા લાગી. દિવસે દિવસે તેની આ ભાવનાઓ વિકાસ પામવા લાગી, સાત્વિકપણે દૃઢ થવા લાગી. સાક્ષાત્ શાલિગ્રામને અવધૂત વેશમાં જોવા લાગી. આવી જ ભાવનાનો તેનો પિંડ બંધાતો ગયો; અને ભાવનારૂપ વાસના સંગે તે પંચત્વને પામી.

પૂર્વ જન્મની ભાવનાનુરૂપ ને દૃઢ બંધાયલી વાસુનાનુરૂપ, તેનો જન્મ શ્રીવિશ્વનાથની કાશીપુરીમાં થયો. વયમાં આવતાં તેના પિતાએ,

વિધિપૂર્વક, એ જ નગરના વિવેકશીલ નામના સુજ્ઞાત બ્રાહ્મણુ સંગે તેનાં લગ્ન કીધાં. આ જન્મનું તેનું નામ સિદ્ધસંકલ્પમતી હતું. સિદ્ધસંકલ્પમતી અહોરાત્ર પરમાત્માની સેવામાં પરાયણુ રહેતી, શાલિગ્રામની પૂજા કરતી, વૃત્તિ માત્ર નિરન્તર એકાગ્ર રાખી લયાવસ્થાને સિદ્ધ કરતી હતી; અને એમ નિર્વિકલ્પ દશા માટે ચિત્તૈકાગ્ર સહજ પ્રાપ્ત થતું જતું હતું; પરમ જ્યોતિર્મયનાં દર્શનના પ્રભાવે માનુષવ્યવહાર ને બ્રહ્માંડ એકાકાર થઈ, તેની દૃષ્ટે તરવરતો હતો; અન્યના જીવનમાં તેના જીવનની ઉત્કૃષ્ટતા–ઉન્નતિ છે, એમ ભાસતું હતું! મોક્ષાધિકારીને એમ જ થાય, એથી વિપરીત કે વિષમ ન જ થાય–તેની તેવી જ ભાવના હતી, તદ્રૂપ દિવ્ય સત્વો તેની દૃષ્ટિમાં સૃષ્ટિ રચતાં હતાં.

સિદ્ધસંકલ્પમતી પરમ સતી હતી, પતિપરાયણા હતી, વિવેકથી પોતાનું ગૃહકાર્ય યથેચ્છ કર્યા કરતી હતી ને ભાવનારૂપ વય થયા છતાં પણ પુત્ર ન થવાથી, તેની પ્રાપ્તિની કામના કરતી હતી. પોતાના કુળને અનુસરીને તેણે અનેક પ્રકારનાં વ્રતો કરવા માંડ્યાં, ગરીબોને દાન દેવા માંડ્યાં, શાલિગ્રામનું પૂજન કરતી વખતે પુત્રપ્રાપ્તિનો મનોરથ પૂર્ણ કરવા માટે ગદ્ગદિત કંઠે પ્રાર્થના કરવા લાગી. એ રૂપે પૂર્વ જન્મની તેની વાસનારૂપ ભાવના દૃઢ થવામાં જેટલી જેટલી ઉણપ હતી, તે આ જન્મમાં પૂર્ણ થતી ગઈ. તેની ભાવના પ્રમાણે સુદિન અને સુયોગમાં તેને ગર્ભ રહ્યો.

ગર્ભ છ માસનો થયો, ત્યારે એક દિવસે તેનો પતિ વિવેકશીલ પૂજા કરતો હતો અને સિદ્ધસંકલ્પમતી તેની સમીપમાં બેઠી બેઠી પૂજાનું સાહિત્ય આપતી હતી, તે સમયે ગર્ભમાં ૐકારનો જાપ જપાવા લાગ્યો. સિદ્ધસંકલ્પમતી અને વિવેકશીલ આ ચમત્કાર જોઈ આશ્ચર્ય પામ્યાં, અને ગર્ભ કોઈ કારમો છે, કોઈ અવતારી છે, એમ માનવા લાગ્યાં. દશ માસ પૂર્ણ થતાં સિદ્ધસંકલ્પમતીને પ્રસવ થયો ને એક અવધૂત બાળકનો જન્મ થયો. જન્મતાં વેંત જ, તે બાળક મોટે મોટે ૐકારનો જાપ જપવા લાગ્યો. તે સિવાય તેણે ઉંવા કે તું ત્યાં, એવો કોઈ પણ પ્રકારનો ધ્વનિ કીધો નહિ. એ જોઇને પ્રસૂતિગૃહનાં સર્વ મનુષ્યો ચકિત થઇ ગયાં.

બાળક અવધૂત પાંચ વર્ષનો થયો ત્યાંસૂધી ૐકાર વિના કોઈ પણ ધ્વનિ કરતો ન હતો. માતાપિતાને બાળક જ્યારે નાનું હોય છે, ત્યારે

તે ક્યારે મોટું થાય, ચાલતું થાય, બોલતું થાય એવા અનેક મનોરથો થાય છે. તેવા મનોરથો વિવેકશીલ ને સિદ્ધસંકલ્પમતીને પણ થતા હતા. અવધૂત બાળક ખાતો હતો, રમતો હતો, પરંતુ એકે શબ્દનો ઉચ્ચાર કરતો ન હતો. તે જોઈને સર્વને આશ્ચર્ય લાગતું હતું. પુત્રને બોલાવવાના ઘણા ઘણા ઉપાયો માતાપિતાએ કરવા માંડ્યા, પણ સર્વે નિષ્ફળ ગયા. સગાં સહોદરે ને વ્યવહાર જ્ઞાતા વૈદ્યોએ જણાવ્યું કે, બાળક મુંગો છે, તેથી માતપિતા ઘણો જ સંતાપ કરવા લાગ્યાં. પરંતુ એ બાળકમાં દેહના ધર્મથી વિપરીતતા પ્રત્યક્ષ દર્શન દેતી હતી. તે મુંગો છતાં બહેરો ન હતો, તે સર્વ સાંભળતો હતો, સર્વ સમજતો હતો, પદાર્થ માત્રને નિરખીને જાણે તે પદાર્થનું અવલોકન કરીને સાર ગ્રહણ કરતો હોય તેવી ક્રિયા કરતો હતો; છતાં પણ તે બાળક એકે પણ શબ્દ બોલતો ન હતો.

અવધૂત બાળક આઠ વર્ષનો થયો. તેના યજ્ઞોપવીતનો કાળ આવી પહોંચ્યો. પિતાએ યજ્ઞોપવીતનો સંસ્કાર કરવાનો વિચાર કર્યો. તત્સમે અન્ય બ્રાહ્મણો બોલ્યા કે; "તે ગાયત્રીને કેવી રીતે ભણી શકશે?" કેટલાએક બ્રાહ્મણોએ કહ્યું કે, તેને યજ્ઞોપવીતનો સંસ્કાર તો થવો જ જોઈએ; તેના કાનમાં ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરવાથી તે સંસ્કૃત અને પવિત્ર થઈ શકશે. પછી બ્રાહ્મણોના અનુમતથી સંતાપ પામેલાં માતા-પિતાએ આ વિધિ પ્રમાણે યજ્ઞોપવીત આપવાનો વિચાર કર્યો.

### અવધૂતે માતાને કરેલો ઉપદેશ

યજ્ઞોપવીતની ક્રિયા માટે બાળક અવધૂતને યજ્ઞમંડપમાં બેસાડ્યો, ને બ્રાહ્મણો વેદોચ્ચાર કરતા **अग्निमीळे पुरोहितम्** નો ઘોષ કરવા લાગ્યા, તે સાથે જ અવધૂતે પણ પોતાના મધુર કંઠથી, પદ, ક્રમની સાથે, વેદની ઋચાઓ ભણવા માંડી. એટલું જ નહિ, પણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ને અથર્વવેદના મંત્રો પણ સંસ્કારી પંડિતની પેઠે ભણવા માંડ્યા. તે નિહાળી બ્રાહ્મણમંડળ અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયું-સંતુષ્ટ થયું, અને માતાપિતાના હર્ષનો પાર રહ્યો નહિ.

જ્યારે માતા સિદ્ધસંકલ્પમતી બાળબ્રહ્મચારી અવધૂતને ભિક્ષા પીરસવા આવી, ત્યારે પ્રથમ ભિક્ષા પીરસતાં અવધૂત બાળ યોગીએ '**भवति! भिक्षां देहि**'ને બદલે ઋગ્વેદનો મંત્રોચ્ચાર કીધો:—**अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् होतारं रत्नधातमम्!** (અર્થ-યજ્ઞના દેવ, ઋત્વિજ,

હોતા, રત્નોને ધારણ કરનારા અગ્નિદેવની હું સ્તુતિ કરું છું.) એ મંત્રોચ્ચાર સાંભળી બ્રાહ્મણમંડળ પુનઃ નિરવધિ ચકિત થઈ ગયું. તે પરસ્પર વાત કરવા લાગ્યું કે, જે જન્મનો મુંગો છે, તેને આ વેદનું જ્ઞાન ક્યાંથી? બીજી વખત તેની માતા ભિક્ષા પીરસવા આવી, ત્યારે યજુર્વેદનો મંત્ર ભણતાં બાળયોગી અવધૂત બોલ્યો કે; **ईशावास्यमिदं सर्वं यत्किंचन जगत्यां जगत् तेन त्यक्तेन भुंजीथाः ॥** (અર્થ-આ જગતમાં જે કંઈ પદાર્થ છે તે ઈશ્વરથી વ્યાપ્ત છે, તેનો ત્યાગ કરીને તું તારા આત્માનું રક્ષણ કર.) ત્રીજીવાર તેની માતા ભિક્ષા પીરસવા આવી, ત્યારે તેના કર્ણ સમીપમાં જઈને અવધૂતે સામવેદનો મંત્રોચ્ચાર કીધો **ॐ आप्यायन्तु ममांगानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिंद्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोत् ॥** (અર્થ-મારાં અંગો, વાણી, પ્રાણ, ચક્ષુષ્, શ્રોત્ર, બળ, સર્વ ઇંદ્રિયો તૃપ્ત થાવ, હું બ્રહ્મને વિસરું નહિ અને તે મને વિસરે નહિ.) જેમ જેમ બાળ અવધૂત આ પ્રમાણે બોલતો ગયો, તેમ તેમ તેની માતાને ગભરાટ થતો ગયો ને તેનો પિતા દિગ્મૂઢ જેવો બની પુત્રના મુખને જોઈ રહ્યો. બ્રહ્મમંડળ એકચિત્ત બની, તે શું કરે છે, તે જોવાને આતુર બની તેને વિંટીને ઉભું રહ્યું. ચોથીવાર બાળબ્રહ્મચારીની માતા, ભિક્ષા આપવા આવી, ત્યારે પુત્રના જૂદા જૂદા વેદના મંત્રો સાંભળીને સચકિત તથા સભય ઉભી જ રહી. તેણે બાળકને કહ્યું; "હે પુત્ર! તું આ શું કરે છે? ભિક્ષા લે." બાળબ્રહ્મચારીએ કહ્યું; "હે જનનિ! હું ભિક્ષા ગ્રહણ કરું છું, હું ભિક્ષા ગ્રહણ કરું છું!" એમ કહીને અથર્વવેદનો મંત્ર બોલ્યો:-**भद्रं कर्णेभिः शृणुयाम देवाः भद्रं पश्येमाक्षभिर्यजत्राः स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिः व्यशेम देव हितं यदायुः ।** (અર્થ-કર્ણવડે કલ્યાણને સાંભળીને, નેત્રોવડે કલ્યાણને જોઇને અને હે યજન કરવા યોગ્ય દેવો! સ્થિર એવાં અંગોવડે તમારી સ્તુતિ કરીને દેવોનું હિત કરે તેવાં આયુષ્યને મેળવીએ.)

આ મંત્રોચ્ચાર કરીને બાળબ્રહ્મચારી અવધૂતે કહ્યું; "હે જગદમ્બે! હે મમ જનુનિ! હે જગજ્જનુનિ! મને ભિક્ષા આપવાનો તારો મનોરથ છે, તેથી તું ચાર ચાર વાર ભિક્ષા આપવા આવી છે, પણ મને જે ભિક્ષા જોઇએ છે, તે તેં મને એકવાર પણ આપી નથી-મારી માગી ભિક્ષા તું મને આપીશ?" સિદ્ધસંકલ્પમતીએ કહ્યું; "હે પુત્ર! અપાર આનંદ મને પ્રાપ્ત થયો છે; તારા જેવો પુત્ર, તારા પિતાનો વંશ

રાખનાર છે, તેથી તારા પિતાને પણ આનંદ થયો છે; આ બ્રહ્મમંડળ જે તારા કારમા સ્વરૂપથી અને તારી દેવાંશી વાણીથી આનંદ ભોગવે છે, તેઓની સમક્ષ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, હે પુત્ર! જે ભિક્ષાની તને કામના હશે, તે ભિક્ષા આપીને તારા મનનો મનોરથ પૂર્ણ કરીશ." પ્રસન્નચિત્તવાળા અવધૂતે હાસ્યપૂર્ણ વદનથી કહ્યું; "હે માતા! હે અંબા! તારા આ પુત્રને સંન્યાસ લેવાની ભિક્ષા આપ.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

(અર્થ–આ પૂર્ણ છે, પેલું પણ પૂર્ણ છે, પૂર્ણથી જ પૂર્ણ થાય છે, અને પૂર્ણનું પૂર્ણ લઈ લેવાથી પૂર્ણ જ અવશેષ રહે છે!) એ જ મારી ભિક્ષામાં પૂર્ણતા છે." બાળકના મુખથી આ વચન સાંભળીને, સિદ્ધસંકલ્પમતીને તેના વ્યાવહારિક અજ્ઞાનથી જે આઘાત થયો, તેનું વર્ણન કરવાને કોઈ પણ શક્તિમાન્ નથી. ચારે મુખે બ્રહ્મા અને હજાર મુખે શેષ પણ સમર્થ નથી. હજી હમણાં જ–આજે જ–પ્રાણથી પણ અધિક પુત્ર–બાળકે મૌન વ્રત ત્યજેલું છે, આનંદાબ્ધિમાં કર્મીતર કરાવનારા બ્રહ્મદેવો સાથે માતાપિતા હર્ષમાં તરવા લાગ્યાં છે; પુત્ર ભાગ્યશાળી છે, અવતારી છે, સંપૂર્ણ જ્ઞાની છે, એવા વિચારમાં દંપતી કલ્લોલ કરે છે; પુત્ર મોટો થઈ આપણું પરિપાલન કરશે, પિતૃઋણ આપીને આપણને તારશે, 'પુ' નામના નરકમાં પડતાં અટકાવશે, લોક સમુદાયમાં આવા સકળગુણસંપન્ન પુત્રથી આપણી કીર્તિમાં વૃદ્ધિ થશે, એ આનંદ ભોગવવાનો હજી પ્રારંભ થાય છે; તેજ ક્ષણે પુત્રે સંન્યાસ લેવાની ભિક્ષા માંગી, તે સાંભળીને વિવેકશીલ ને સિદ્ધસંકલ્પમતીને કેવો આઘાત થયો હશે, તેની કલ્પના કરવી અશક્ય છે. સિદ્ધસંકલ્પમતીના નેત્રમાંથી ખળખળ પાણી વહેવા લાગ્યાં, તેનો કંઠ રુંધાઈ ગયો. મહાકષ્ટે પણ તે બોલી શકી નહિ. તે ક્ષણભર ચિત્તભ્રમ બની ગઈ ને તેથી તેને મૂર્છા આવી ગઈ. માતાની આવી અવસ્થા થયલી જોઇને બાળ અવધૂતે તેના નેત્ર ઉપર હાથ ફેરવીને તેને સાવધ કરી, ત્યારે માતા બોલી; "હે પુત્ર! તેં આ શી ભિક્ષા માંગી? મારા પ્રભુ શ્રીશાલિગ્રામની કૃપાથી તારા જેવું પુત્રરત્ન મને સાંપડ્યું, તે શું સંન્યાસ લેવા માટે? હે પુત્ર! ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પૂર્વે, અમારા લાડકોડનો લ્હાવો લેવરાવ્યા પૂર્વે, તું સંન્યાસ લે, તે અમારાથી કેમ સહન થશે? હે પુત્ર! તું કોઈ બીજી ભિક્ષા માંગ" બાળબ્રહ્મચારીએ કહ્યું; "હે માતા! મારે એ જ ભિક્ષા

જોઇએ છિયે, અન્ય નહિ. હે માતા! એ ભિક્ષા આપવામાં તને શી બાધા છે?" માતાએ કહ્યું; "હે પુત્ર! તું મારો રક્ષક છે, મારા મનોરથો પૂર્ણ કરનારો છો, પણ મારી આજ્ઞા વિના તારાથી સંન્યાસ લેવાય નહિ." પુત્રે કહ્યું; "હે અંબે! તારી પ્રતિજ્ઞા છે તે પૂર્ણ કર. મારા પિતાનો વંશ રાખનાર ધર્મશીલ ત્રણ પુત્ર ને એક પુત્રીની તું માતા થશે; માટે મને સંન્યાસ લેવાની આજ્ઞા આપ!" પછી બાળ અવધૂતે કહ્યું; "હે અંબે!

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः कर्त्तव्यो धर्मसंग्रहः ॥

(અર્થ-શરીરો નાશવંત છે; તેમ જ વૈભવો પણ શાશ્વત નથી; અને મૃત્યુ નિત્ય પાસે રહેલું છે, તેથી ધર્મનો સંગ્રહ કર્યા કરવો.) એ જન્મ. ધર્યાનું કર્તવ્ય છે." સિદ્ધસંકલ્પમતી બોલી; "હે વહાલા પુત્ર! માતાની આજ્ઞા વગર તું તારું કર્તવ્ય કેમ પૂર્ણ કરશે?" "હે અંબે! માતા કોણ ને વળી પુત્ર કોણ?" અવધૂતે પૂછ્યું. "તું માતા કોની ને હું પુત્ર કોનો? હું તો અવધૂત, યોગી, બાળ બ્રહ્મચારી છું! મારે માતા શાની ને પિતા શાનો? હું અજન્મા, અવિકારી, અલિપ્ત, નિરંજન છું; તે તેં હજી જાણ્યું નહિ? તારા મનમાંથી પુત્ર ને માતાનો વિચાર જડમૂળથી છેદી નાંખી, મારા ને તારા સ્વરૂપને જો. હે જનુનિ! તારી પૂર્વ જન્મની ભાવના પૂર્ણ કરવા મેં જન્મ ધર્યો છે. તારી ભાવના હતી કે, 'મને શાલિગ્રામ જેવો પવિત્ર ને કલ્યાણદાતા પુત્ર થાય ને તે અસાર સંસારસાગર તરવાનો ઉપદેશ આપી, મારું કલ્યાણ કરે,' તે વાસના-ભાવના પૂર્ણ કરવાને જ મારો અવતાર છે. હે મા! તું જાણ કે, આ શરીર અનિત્ય છે ને આયુષ્યનો ભરોસો નથી. જેમ આકાશમાં વિદ્યુત્ ચમકી ક્ષણમાં નાશ પામે છે, સાગરમાં ક્ષણમાં બુદ્‌બુદ થઈ, દેખાઈ ક્ષણમાં જ લોપ થાય છે, તેવું જ આયુષ્ય છે. જગતમાં કોઈ ચિરંજીવ નથી ને કોઈ સ્થિર પણ નથી; તેટલા માટે પ્રાપ્ત ક્ષણમાં, પુરુષે આત્મકલ્યાણ કરી લેવું. એક પવિત્ર ક્ષણમાં જન્મેલો, પવિત્રતામાં દૃઢ થતો વૃદ્ધિ પામેલો સાત્વિક સંકલ્પ-પવિત્ર ભાવનામાં, મેં, તરણોપાય દૃઢ કરી સિદ્ધ કીધો છે ને તું કરી લે ને તારી ભાવના સફળ કર. હે અંબે! આ સ્મશાનભૂમિ તરફ તું જો. ત્યાં નિત્ય અસંખ્ય મનુષ્યો ભસ્મ થાય છે, તેમાંથી જેઓએ તત્ત્વ-

સંગ્રહ કીધો છે, જન્મના–દેહના–આત્માના ધર્મને જાણ્યો છે, નિત્ય ધર્મ શો છે, તે જાણી પરમાત્માને પીછાણ્યો છે, તે જ જન્મ તથા મૃત્યુના ફેરામાંથી બહાર નિકળી ગયા છેઃ શેષ તો મીટ્ટીમાંથી ઘડાય છે, મીટ્ટીમાં મોહ પામી, મીટ્ટીમાં જ પડી, મીટ્ટીમાંથી પુનર્જન્મ ધરી, પુનઃ મીટ્ટીમાં સમી જાય છે. આકાશમાં સૂર્યનારાયણ દેવનો ઉદય થાય છે અને લોક-દૃષ્ટ્યા તે અતિતીવ્ર ગતિથી કોટ્યાન કોટી કોશની મજલ કરે છે. એના ક્ષણે ક્ષણે જીવનું આયુષ્ય ક્ષીણ થતું જાય છે. રાત્રિ પડે છે ને પાછું પ્રભાત થાય છે. તે પ્રત્યેક ક્ષણે આયુષ્ય ક્ષીણ થતું જાય છે, તેનો વિચાર કોને છે? સૌ મિથ્યા રગડામાં રગદોળાયા જ રહે છે અને એમ કરતાં કરતાં, આજે ભજન કરીશું, કાલે ઈશ્વર સેવીશું, ત્રીજે દિવસે જ્ઞાન મેળવીશું, એવા વિચારમાં ને વિચારમાં છત્રીસ હજાર રાત્રિ સમાપ્ત કર્યા જાય છે ને કર્તવ્ય ચૂકી જાય છે. હે માતા! એ છત્રીસ હજાર દિવસમાં પણ આ જગન્નગરના જીવોની કામના પૂર્ણ થતી નથી. નિત્ય નિત્ય તેઓ નવી નવી ઉપાધિમાં–માયામાં આનંદ પૂર્ણ હૃદયે રગદોળાયા કરે છે, અને અંતે લક્ષ ચોરાશીની રેંટમાળમાં પડીને જન્મમરણના ફેરામાં અટવાયા કરે છે. જેમ થોડા પાણીનું માછલું થોડા કાળમાં જ મરી જાય છે; તેમ જ મનુષ્ય પણ અલ્પાયુષી છે, તેથી થોડા કાળમાં મરણ પામે છે. જેમ વૃક્ષપર પડેલું વરસાદનું પાણી ક્ષણભર સ્થિર રહી શકતું નથી, થોડી ક્ષણમાં જ જમીનપર ગબડી જાય છે, સુકાઇ જાય છે, અને હતું નહતું થઈ જાય છે, તેવી જ આ શરીરની પણ ગતિ છે. જીવ જન્મે છે, બાલ્યાવસ્થા ભોગવે છે, યૌવનનો અનુભવ લે છે, વૃદ્ધ થાય છે અને મરણ પામે છે. આ જ આ દેહનો નિત્યનો ધર્મ છે. એમાંથી તરી જનારાને માટે અનિત્ય પદાર્થનો ત્યાગ ને નિત્યપર રાગ થવો એ નિત્યનું કર્તવ્ય છે. જેમ વટવૃક્ષ ઉપર લીલાં પાંદડાં આવે છે, તેમાંથી નાનાં મોટાં કુમળાં સૂકાં વખત આવ્યે ખરી પડે છે અને કાળને વશ થઈ પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે; તેમજ આ જગતના જીવોમાં અનેક જીવો જન્મે છે, તેમાંના નાના કે મોટા, વખતે કે કવખતે, કાળના મુખમાં જઈ પડે છે. હે અમ્બે! આ પ્રમાણે જગતના જીવોની વ્યવસ્થા છે. આ મનુષ્યદેહ નિત્ય પ્રાપ્ત થતો નથી, તે તો બહુ કાળના પુણ્યના સંચયનું પરિણામ છે; અનેક જન્મની શુભ વાસનાનું ફળ છે; જન્મજન્માંતરની ભાવનાઓનો પ્રતાપ છે. તેમાં પરમ પુરુષ સાથે ઘાડો સ્નેહ કરવો,

તેના પ્રેમમાં લીન થવું, એ જ સકળ તત્ત્વનું તત્ત્વ, સારનો સાર ને ધર્મનો ધર્મ છે. પિતા, માતા, પુત્ર, ધન, સુખ એ તો ચાર ઘડીની ચટકી છે, તેમાં મોહ શો? તારો મોહ ત્યજ, ને મને જ ભજી, તરી જા ને મને આજ્ઞા આપી કૃતાર્થ થા.”

સિદ્ધ સંકલ્પમતીનું આ ઉપદેશથી સમાધાન થયું નહિ, તેના હૃદયમાં હજી કંઈક અજ્ઞાન–કંઇક મોહ–કંઇક વ્યાવહારિક વાસનાનો સંચાર હતો. તેનો નાશ કરવા, દૂર કરવા અવધૂતે મનપર લીધું. તે પુનઃ બોલ્યો; “હે અમ્બે! આ નદી તરફ તારી દૃષ્ટિ કર. તે ખળભળાટ કરતી વહી જાય છે. તેનો અપાર વેગ જો! દૂર દૃષ્ટિ કરતાં તેનો વેગ તને જણાશે, પણ આ સ્થળથી તે કેમ વહે છે, તે જણાતુંએ નથી. વળી એ નદી આગળ ને આગળ વધતી જઈ સમુદ્રને મળે છે, પણ પોતાનાં મૂળસ્થાનને પુનઃ પ્રાપ્ત થઈ શકતી નથી. એમ જ આ દેહનું પણ સમજ. બાળક કેમ વધે છે, કેમ જગતમાં રમે છે, જગતલોક કેમ રમાડે છે, કેમ મોટો, જાડો, માંદો થાય છે, શિશુ, કિશોર, તરુણ ને વૃદ્ધ કેમ થાય છે, કેમ મૃત્યુને પામે છે તે, આ નદીના સમીપમાં ઉભેલાને જેમ તેનો વેગ જણાતો નથી, પણ દૂરથી જોનારાને જ તે જણાય છે; તેમ જ મારી ગતિ તને જણાતી નથી, અન્ય જ તે જોઈ શકે છે. વળી જેમ નદી મૂળસ્થાનને પુનઃ પ્રાપ્ત થતી નથી, તેમ જ જીવને પુનઃ બાળપણ પ્રાપ્ત થવાનું નથી; તો પછી બાળપણામાં સંન્યાસ ન લેવો ને વૃદ્ધાવસ્થાએ સંન્યાસ લેવો, એનો અર્થ શો? ગયું તે પાછું આવતું જ નથી. પણ હે જનનિ! કાળનો વેગ તો અતિ ત્વરિત છે–નદીના વેગ કરતાં પણ જીવિતનો વેગ વધારે પ્રચણ્ડ છે. મારા પ્રતિ તું દૃષ્ટિ કર. ગઈ કાલે હું નાનું બાળક હતો, આજે જોતજોતામાં મોટો થઈ ગયો છું. ક્યારે મોટો થયો, કેવી રીતે મોટો થયો, તેનું તને જ્ઞાન પણ નથી. અમ્બે! આયુષ્યની–જીવિતની આવી ગતિ છે. પુત્ર, સ્ત્રી, ધન, વૈભવ, દેહ–આયુષ્ય નાશવંત છે. જેમ સમુદ્રમાં રહેલું મગર સપાટાબંધ મનુષ્યને ગ્રહણ કરે છે, તેમ કાળ પણ મનુષ્યને સપાટાબંધ વશ કરી લે છે. વિશ્વમાં કોઈ અમર નથી. અમર તો તે જ કે, જેણે પોતાના દેહનું જ નહિ, પણ આત્માનું કલ્યાણ કરવાનું સ્વરૂપાનુસંધાનરૂપ અમૃત પીધું છે.” સિદ્ધસંકલ્પમતીએ કહ્યું; “હે પુત્ર! તેં સંસારનો લહાવો લીધો નથી તે લે, અને

પછી તારી સાથે જ અમારું પણ કલ્યાણ કરી કલ્યાણને માર્ગે ચહડ ને ચહડાવ!"

"હે જનુનિ! કહે મને, સંસાર એટલે શું? સંસાર એટલે અજ્ઞાન, સ્વપ્ન કે કંઈ અન્ય છે? પણ જેમ ઉંઘમાં આવેલું સ્વપ્ન જાગ્રતમાં નાશ પામે છે, તેમ જ, હે અંબે! સ્વપ્નરૂપ આ સંસાર પણ નામરૂપ-રહિત જાગ્રતાવસ્થા–જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થતાં નાશ પામી જાય છે, એવો સંસાર ભોગવવા મને તું કહે છે, ને તેમાં કલ્યાણ માને છે? શી વિપરીત મતિ! પણ હે અમ્બે! જાણ કે સુંદર વૃક્ષ ઉપર મોગરાનું કે ગુલાબનું ફુલ સુંદરતામાં પ્રકાશી રહે છે ખરું, પણ જેને આજે આપણે સુગંધિદાર જોઇએ છિયે, તે કાલે કરમાઈ જાય છે–સુકાઈ જાય છે, દૃષ્ટિમાંથી જતું રહે છે ને મનઃસૃષ્ટિમાંથી પણ નાશ પામે છે; કેમકે કાળ તેને ખાઈ જાય છે–વિસરાવી દે છે. તેમ જ આ આયુષ્ય આકાશમાં ઝબકતી વિજળીના જેવું છેઃ એક ક્ષણમાં તે દૃષ્ટિએ પડે છે, પણ બીજે જ ક્ષણે તે ક્યાં અદૃશ્ય થઈ જાય છે, તેની કોઇને ખબર પણ પડતી નથી. હે અંબે! એવું આયુષ્ય અસ્થિર છે, તેમાં જીવે તત્ત્વોપદેશ ગ્રહણ કરીને પરમ કલ્યાણ પામવા માટે પ્રયત્ન કરવો જોઇએ. સંસાર ભોગવવા માટે નહિ! મારાએ અનેક જન્મો થયા છે ને તારાએ અનેક જન્મો થયા છેઃ ત્યાં તું માતાએ ન હતી ને હું પુત્રે ન હતો. અનેક પુત્રોનું સુખ તેં અનુભવ્યું છે ને અનેક માતાનાં લાડ મેં પણ ભોગવ્યાં છે. તેમાંના એકે પુત્રનું તને આજે સ્મરણ નથી, તેમ તેનો મોહ પણ નથી. તેં જેમ તેઓનો મોહ ત્યજી દીધો છે, તેવો જ મારા પ્રતિ પણ વિરાગ ધારણ કર, ને આ વિશ્વપ્રતિ પણ વિરાગ ધારણ કર, ને તારા આત્માનું કલ્યાણ કરી લેઃ કેમકે તારા આત્માના કલ્યાણ માટે જ મારે જન્મ ધરવો પડ્યો છે. હે મા! આ જન્મે, તારા સંકલ્પનો સંન્યાસ કરીને સ્વસ્વરૂપનું અનુસંધાન કરી, મોક્ષને પામ; યુક્ત એવાં કર્મફળનો ત્યાગ કરી નૈષ્ઠિક બનીને શાંતિને પામ! પણ જે અયુક્ત છે તેની કામનામાં ફલાસક્તિ કરી બંધનમાં પડ નહિ. તું યુક્ત થઈ સર્વ કર્મનો ત્યાગ કરીને અભ્યાસ તથા વૈરાગ્યથી ચિત્તનો નિરોધ કર, વાસનાનો ક્ષય કર, મનનો નાશ કર, તત્ત્વજ્ઞાન સંપાદન કર. આ પ્રપંચ મિથ્યા છે, તેનું મિથ્યાપણું જાણીને તારા આત્માને સાધ્ય રાખ ને મારા પ્રતિની જ નહિ, પણ આ લોક ને

દેવલોકની—બ્રહ્મલોક ને સત્યલોકની સર્વ વાસનાને ત્યજી દે. પૂર્વ જન્મમાં તારી જે જે ભાવનાઓ બંધાઈ રહેલી છે, તેનાપર જ્ઞાનામૃતનું સિંચન કરીને પવિત્રતાને પુષ્ટ કર, નવપલ્લવિત કર ને તારા આત્માનું સાર્થક કરી લે. હે મૈયા! દેહની અનિત્યતા જાણી મારા જ સ્વરૂપમાં તું સદાય નિમગ્ન રહેશે તો તું પરમ પદને પામશે.”

વાત્સલ્ય પ્રેમથી ઉભરાઈ ગયેલી માતાને પુત્રનો જ્ઞાનોપદેશ સાંભળતાં, પૂર્વ જન્મની ભાવનાનું સ્મરણ થઈ આવ્યું. પૂર્વ જન્મમાં શાલિગ્રામની પૂજા કરતાં એને જે જે ભાવનાઓ થતી હતી, તેનું તાદૃશ્ય ચિત્ર તેની સમીપમાં ખડું થઈ રહ્યું. તેને જ્ઞાન પ્રાપ્ત થયું. તેનો મોહ નાશ પામ્યો. તે પોતાના પુત્રને પુત્રરૂપે નહિ પણ અદ્ભુત યોગીરૂપે જોવા લાગી. બ્રહ્મા વિષ્ણુ ને શંકરસ્વરૂપે તેનું દર્શન થયું! તે રૂપમાં તાદાત્મક થઈ ગઈ! એ રૂપના સ્વરૂપાનુસંધાનમાં તે એવી તો લીન થઈ ગઈ, કે તેની મનોસૃષ્ટિમાંથી દ્વૈત ઓગળી ગયું, દેહનું ભાન પણ ભૂલાઈ ગયું! બ્રહ્મદેવસમાજ આ બાળક અવધૂતનું જ્ઞાન જોઈને તેને વંદન કરવા લાગ્યો. બાળ અવધૂતને હર્ષ કે શોક, મારું કે તારું, એમાંનું કંઈ નહોતું. તેની વૃત્તિ તેની માતાના કલ્યાણમાં જ લાગેલી હતી. થોડીવારે ભ્રાંતિ મટતાં સિદ્ધસંકલ્પમતી બોલી; “અહા! હું આજે કૃતાર્થ થઈ છું! જેમ દેવહૂતિનું કલ્યાણ કરવાને કપિલ ભગવાન્ જન્મ્યા હતા, તેમ જ મારું કલ્યાણ કરવાને માટે આ અવધૂત યોગીનો જન્મ થયો છે. મારું મમત્વ અને અહંત્વ ક્ષીણ થયું છે, નષ્ટ થયું છે, આ અદ્ભુત મૂર્તિમા હું લીન છું. એ જ મૂર્તિનું ધ્યાન અને ભાવના અંતકાળ પર્યંત મને રહો!” પછી પુત્રને ઉદ્દેશીને તે બોલી; “હે યોગીન્દ્ર! હે વિપુલ જ્ઞાની! મેં ભિક્ષા આપી, આપની ઇચ્છામાં આવે ત્યાં વિચરો.”

તુરત જ જે દંડકમંડલુ હાથમાં હતું તે લઈને અવધૂતે વનમાં પ્રયાણ કીધું. તેનું અકલિત ચરિત્ર નિરખી જનસમાજ કૃતાર્થ થયો. પ્રયાણકાળે તે અવધૂત મહાત્માએ કહ્યું કે; “અશાશ્વત દેહને જે અનિત્ય જાણે છે, અનિત્ય દેહના સુખને જેણે તિલાંજલિ આપી છે, અને પરમાત્માની ભક્તિમાં જે લીન છે, તે શાશ્વત પરબ્રહ્મ ધામના ને તેના સુખના ભાગી થાય છે. અહો લોકો! શાશ્વત અને અશાશ્વત જાણી, નિત્ય મુક્ત પરમ આનંદના ભાગી થવાનો પ્રયત્ન કરી, જેના હૃદયાંતમાં તે ભાવના પ્રબળ થશે, તે જ તેના સુખનો ભોક્તા થશે.”

## ભાવનાનું સ્વરૂપ

વત્સ સુવિચાર ! એ જ અવધૂત યોગી તે ગુરુ દત્તાત્રેય છે. તેણે જ જગતના કલ્યાણરૂપ ચોવીસ પદાર્થોમાંથી તત્ત્વ ગ્રહણ કરી, ચોવીસ ગુરુ કીધા હતા. શુદ્ધભાવનાને તેણે જ પરમપદે સ્થાપી છે. પ્રકટપ્રજ્ઞા તો તારા પ્રસંગમાં એક કારણ જ છે; તેમ તેના પ્રસંગમાં તું પણ કારણ છે. તમારી બન્નેની પૂર્વ જન્મોની ભાવના સાત્વિકપણાને પામી હતી, તેનું જ આ જન્મમાં ફળ પ્રાપ્ત થાય છે. જે જીવ ધ્યાનની-સંકલ્પની-મનોરથની-ભાવનાની-પૂર્ણ દૃઢતા કરે છે, તે જીવનો પિંડ-ભગવાન્ મનુ પ્રમાણે-શુદ્ધ સાત્વિક વાસનાનો બંધાય છે. તે વાસના પવિત્ર ને દૃઢ થતાં પૂર્ણાનન્દને પ્રાપ્ત થાય છે. જેને જેવો ને જેપર પ્રેમ હશે, જેવી ભાવના હશે; જેવી વાસના દૃઢ હશે, તેને તેવે રૂપે ઇષ્ટ સ્વરૂપ ને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થશે. પ્રેમ જ પ્રમુખ છે, ભાવના બળવાન્ છે, સંકલ્પ સિદ્ધિ આપે છે, પ્રેમભક્તિથી જ તન્મય, તદાકારતા-સાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે. જેને એ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેના આનંદનો પાર રહેતો નથી. તેનો આનંદ અનિર્વચનીય છે; ન્યૂનતારહિત છે.

પરબ્રહ્મ સાન્નિધ્ય વિરાજતા ભક્ત જનો શુદ્ધસાત્વિક ભાવનાવાળા છે; તેથી સર્વ જ તેને પ્રિય અને સમાન છે. જેઓ સર્વસ્વ ઈશ્વરાર્પણ કરતા સતા વ્યવહારમાં વિચરે છે-અસત્‌થી દૂરના દૂર રહે છે, તેઓમાંના રાજા કે રાંક સાયુજ્યતામાં સમાન જ છે. ઈશ્વરસાન્નિધ્ય એકાસન ઉપર બેસવાનો સ્ત્રી કે પુરુષ, બ્રાહ્મણ કે ચાંડાલ, ધનવાન્ કે નિર્ધન સર્વને સમાન અધિકાર છે. તમારા બન્નેની પણ ઈશ્વરસાન્નિધ્ય સમાનતા જ છે. જેમ પતિતપાવિની જાહ્નવીના નિરનિરાળા ઘાટપર એકસરખું જ પાવન કરનારું જળ વહે છે, તેમ જ પોતપોતાની રુચિ અનુસાર શુદ્ધભાવનાથી જે જે ભકતોએ જેવી જેવી ઉપાસના કીધી છે, જ્ઞાન સંપાદન કીધું છે, તેને તેવું મળ્યું છે, પણ જેની પ્રેમાળ ભાવના ઈશ્વરપ્રતિ જ છે, તે સર્વ પરમ પુરુષ સમીપ સમાન જ છે. રુચિની વૈચિત્ર્યતા પ્રમાણે સુવર્ણના અનેક અલંકારો નૂતન નૂતન સ્વરૂપે દર્શન દે છે, પણ અંતે તો સુવર્ણ જ છેઃ તેમ પ્રેમી ભક્તની વિચિત્ર રુચ્યનુસાર પરબ્રહ્મનાં નૂતન નૂતન રૂપ દેખાય છે, પણ ત સર્વે એક જ છે. ઈશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ, પુરુષોત્તમ, નારાયણ, આદિપુરુષ, પરમજ્યોતિ, હરિ, હર એક જ છે-માત્ર નિસ્સીમ પ્રેમ અને એકાંતિક ભક્તિનાં સ્વ-

રૂપો જ જૂદાં દર્શન દે છે. એ સર્વ ભાવનાનાં જ નૂતન નૂતન રૂપો છે. એ નૂતન નૂતન ભાવનાનુરૂપ નૂતન નૂતન સ્વરૂપ ધારી પરમાત્માના સાન્નિધ્યનો જીવ પોતપોતાની ભાવનાનુસાર અધિકારી છે.

શુદ્ધ ભાવના પ્રદીપ્ત કરવા બાહ્યરંગનો ત્યાગ કરવો અને આંતરદૃષ્ટિને જાગ્રત કરવી; હૃદયપ્રદેશમાં દર્શન દેતા ભગવદ્સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું; ચરણકમળથી દૃષ્ટિ ઝમાવી, અતિ શાંતપણે, ધીમે ધીમે દૃષ્ટિને ઉંચે ઉંચે ચઢાવી, ભગવાનનાં મુખારવિંદપર સ્થિર સ્થાપવી અને એ જ ક્રમે ધીમે ધીમે નીચે ઉતારી ચરણકમળપર પુનઃ સ્થિર કરવી. એમ આરોહણ અવરોહણ કરતાં કરતાં ચરણ અને નેત્રપર દૃષ્ટિ સ્થિર થઈ જશે; ભક્તની દૃષ્ટિ ત્યાં જ લીન થઈ જશે; અને પછી ત્રિકાળે પણ દૈવવશાત્ ઘાડા અંધકારમાં (અજ્ઞાનમાં) જવાનો સમય આવ્યો, તોપણ તે સ્વરૂપ–મૂર્તિ (તત્ત્વનું જ્ઞાન–સ્વરૂપાનુસંધાન) વિદૂર થશે નહિ, પણ તેમાં જ તે લીન રહેશે. પછી ક્રમે ક્રમે ધ્યાતા અને ધ્યેયનો લોપ થઈ જશે, અને સ્વરૂપ બિંદુરસદ્વારા પરમાત્મામાં એવું લીન થઇ જશે કે, ત્યાં જ અવધિ, ત્યાં જ મુક્તિ, સર્વત્ર 'हरिरेव जगज्जगदेव हरिः' જણાશે."

આ પ્રમાણેની ભાવનાનું અપૂર્વ જ્ઞાન આપી, યોગીન્દ્ર મહાત્મા વિરામ પામ્યા; અને શુદ્ધ સાત્વિક ભાવનાથી ભાવિત થયેલાં દંપતી પોતાના આશ્રમ પ્રતિ વિદાય થયાં: એ દિવસથી નિત્ય શુદ્ધ સાત્વિક ભાવનાને વિશેષ નિર્મળી, વિશેષ તેજસ્વી ને અતિ દૃઢ કરતાં ગયાં.



# નવમ બિન્દુ

## ભક્તાધીન ભગવાન્

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥
सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ શ્રીગીતા.
आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः । શ્રીભાગવત.

અર્થ-જે બ્રહ્મભૂત-અહંબ્રહ્માસ્મિના નિશ્ચયવાળો આત્મા, પ્રસન્ન, રાગદ્વેષાદિથી મુક્ત-વિશુદ્ધચિત્ત છે, તે કદી શોચ કે કામ-ઇચ્છા-કરતો નથી, સર્વભૂત-પ્રાણીમાત્ર પ્રતિ સમાનવૃત્તિ હોઈ (હોય છે તો), મારી પરમ ભક્તિને પ્રાપ્ત કરે છે. (તે) સદા સર્વ કરતાં મને જ (પરબ્રહ્મ-ઈશ્વર) શરણ રહે તો તે મારા પ્રસાદથી શાશ્વત-અવિનાશી અવ્યય પદને પામે છે!

અર્થ-ભગવાન્ શ્રીહરિના ગુણો જ એવા છે કે આત્માના જ આનંદમાં રમનારા મુનિઓ જેઓ કામ ક્રોધાદિક અંહકાર રહિત હોય છે તોપણ તેઓ ભગવાન્ વિષે ફળાનુસંધાન રહિત ભક્તિ કરે છે.

પરબ્રહ્મના સાક્ષાત્ અંશાવતારી નિત્યમુક્ત યોગીન્દ્ર મહાત્મા ધ્યાનમાંથી મુક્ત થઈને આનંદરૂપે વિરાજમાન હતા. આજનું તેમનું મુખારવિંદ અતિ પ્રસન્ન હતું; આનંદ તેમના મુખપર ઝગઝગી રહ્યો હતો. સમય પણ એવો સુંદર હતો કે, એ યોગીન્દ્ર મહાત્માના પ્રસન્નચિત્તને આહ્લાદિત કરતો હતો. વનરાજિઓ ફાલીફુલીને બ્હેંકી રહી હતી; નિર્દોષ પક્ષીઓ જાણે પરબ્રહ્મની અલૌકિક લીલાનું ગાન કરતાં હોય, તેમ મધુર સ્વરથી કલરવ કરી રહ્યાં હતાં; ઠામઠામ કાળાં મૃગો રમતાં-દોડતાં નિર્ભયપણે ગેલ કરી રહ્યાં હતાં, અને નજી-

ઠના આશ્રમનાં મુનિબાળકોની આસપાસ કુદી નાચીને આનંદ ઉપજાવતાં હતાં. મુનિબાળકો પણ તેમને પંપાળીને તેમનાં મુખનું ચુંબન લેતાં હતાં. એ જોઈને યોગીન્દ્ર મહાત્મા પરમાત્માની પરમ લીલાને પ્રણામ કરતા હતા.

મહાત્માનું આવું અલૌકિક દિવ્ય પ્રસન્ન મુખ જોઈને સુવિચાર ને છદ્મલિંગ પણ ઘણા જ પ્રસન્ન થઈ ગયા. તેઓએ માર્ગમાંથી આવતાં માનસ સરોવરમાંથી ઉત્તમ કમળો ચુંટી લઈને, પ્રત્યેકે પોતાનો પ્રેમ-ભક્તિ-આનંદ દર્શાવવા એક એક માળા ગુંથી હતી, તે મહાત્મા મુક્તદેવના પ્રસન્નચિત્તમાં આમોદપ્રમોદ વધારતાં, તેમના કંઠમાં પરમ પ્રેમથી આરોપી સાષ્ટાંગ પ્રણામ કરીને તેમની સાન્નિધ્યમાં બેઠા.

પછી પ્રસન્નચિત્તે યોગીન્દ્ર મહારાજ બોલ્યા; "હે વત્સ સુવિચાર! હે પ્રકટપ્રજ્ઞા! આપણો સમાગમ, આ જગતની લીલા માટે આજે તો છેલ્લો જ છે! આપણે પાછા મળીશું: અનિર્વચનીય સ્થાનમાં મળીશું ખરા, પણ ત્યાં આ રૂપે નહિ: તે સ્થાનમાં આપણું નૂતન જ સ્વરૂપ બની જશે. જ્યાં મળીશું ત્યાં હુંએ નથી ને તુંએ નથી; ત્યાં બ્રાહ્મણે નથી, શૂદ્રે નથી; ગુરુએ નથી ને શિષ્યે નથી; ત્યાં શોક મોહ કે ભયે નથી-ત્યાં અભય જ છે. ત્યાં કહેનારે નથી, સાંભળનારે નથી; કર્તાએ નથી ને ભોક્તાએ નથી; દ્વેષે નથી ને રાગે નથી; લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ધર્મ, અર્થ, કામ એમાંનું ત્યાં કંઈએ નથી. ત્યાં પાપ પુણ્ય, સુખદુઃખ, વેદ, યજ્ઞ, યાગ, ભોજન કે ભોજ્ય એમાંનું કંઈએ નથી; ત્યાં મૃત્યુની શંકા નથી ને જન્મનો ભય નથી; જાતિનો ભેદ નથી ને વિજાતિથી સંકોચ પામવાનું નથી. ત્યાં પિતાએ નથી ને માતાએ નથી; બંધુએ નથી ને મિત્રે નથી; ત્યાં માત્ર ચિદાનંદ પરમપવિત્ર પરમાત્મા જ છે. એ જ પરમાત્માને પ્રાપ્ત કરવાની આ લોકના જીવમાં શુદ્ધ સાત્ત્વિક પ્રબળ વાસના થવી જોઈએ. કર્તા ભોક્તા આદિ કર્મોનો જેના હૃદય-ચિત્તમાંથી લોપ થઈ ગયો છે, જેનો મનોનાશ થયો છે, જે વૃત્તિ-શૂન્ય કરી, આત્મમય બની, સર્વત્ર એકતા અનુભવે છે; પરમ શ્રદ્ધાથી પરમાત્મા-બ્રહ્મને ભજે છે; એવા જીવો જીવન્મુક્ત છે; અને એ જીવન્મુક્ત જ વિદેહમુક્તરૂપે વ્યવહારમાં વિચરી, એ અવિનાશી-અચ્યુતધામને પામે છે. આ એક પ્રકારની વાસના છે, પણ જીવન્મુક્તના આત્મામાં આવી જે વાસના વાસ કરીને દૃઢપણે રહી છે, તે વાસના નથી,

પરંતુ શુદ્ધ સત્વ નામનું સત્તાસામાન્ય છે; અને આકાશની પેઠે જીવને ઉપાધિ થયા છતાં, કર્મ ધર્મમાં જે લેપાતો નથી; સર્વજ્ઞ છતાં જે મૂઢની પેઠે બેસી રહે છે, જે વાયુની પેઠે અશક્ત રહીને, સર્વત્ર વિચરે છે, એ જ જીવન્મુક્તની દશા છે. એ દશા ભોગવતા જીવને ચિદાનંદ ધામમાં પ્રવેશ કરવાનો અધિકાર છે. જે આત્મ શબ્દ બ્રહ્મને જાણી એટલે વેદની પેલે પાર પહોંચે છે, તે જ્ઞાનવાન્ બની પરમ મોક્ષને પામે છે.

હે વત્સ! એ અધિકાર તમને સંપૂર્ણ પ્રાપ્ત થયો છે. આજે જે ઉપદેશ હું તમને આપું છું, તેને તમારા હૃદયપ્રદેશમાં નિત્યનો સ્થાપન કરશો તો ચિદાનંદના ધામમાં આપણે એક જ સ્વરૂપે, એક જ દૃષ્ટિમાં, ને એક જ વાણીમાં, એક જ વાસનામાં મળીને આનંદે કલ્લોલ કરીશું! તદર્થે જ્ઞાનોદયમાં પ્રતિબંધક જે મલિન વાસના, તેનો સંગ ન થવા દેવો, પણ અંતર શુદ્ધ કરી વૃત્તિશૂન્ય બનવું અને ત્યારે જ નિર્વિકલ્પ અક્ષય અભય બ્રહ્મધામમાં પ્રવેશ કરી શકાય છે. કાલથી તમારે સંસારમાં જઈને દેહના જે ભોગો ભોગવવાના શેષ છે તે ભોગવવા; પણ પૂર્ણ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે જે નિશ્ચલ મંત્ર છે, તેનો સદા મનસા વાચા કર્મણા જાપ જપ્યા કરવો. જેમ ૐ પરમ પવિત્ર છે, સર્વ સિદ્ધિદાતા છે, તેવો જ એક મંત્ર છે. એ મંત્રનું નામ પ્રેમ–ભક્તિ–શ્રદ્ધા! જગતના માયિક પ્રેમના જેવો એ પ્રેમ નથી, સ્વાર્થમય કે દુરાશાવાળો નથી, પરંતુ એ પ્રેમ તો અલૌકિક છે. એ પ્રેમ વૈખરી વાણીથી વર્ણવી શકાય તેવો નથી; કોઈ શાસ્ત્રોએ એ પ્રેમનું વર્ણન કીધું નથી; એ પ્રેમ વેચાતો લઈ શકાતો નથી; માંગેલો મળી શકતો નથી; કરતાંએ કરી શકાતો નથી. એ પ્રેમ દિવ્ય છે; અદ્વિતીય પ્રેમ છે; અચળ છે; નિત્ય અને મુક્ત છે. એ પ્રેમમાં જ પરબ્રહ્મનું અલૌકિક સ્વરૂપ છેઃ ના, એ પ્રેમ જ બ્રહ્મ છે! સાક્ષાત્ બ્રહ્મ છે! અદ્વિતીય બ્રહ્મ છે! એ જ પરમાત્માની નિષ્કામ અનન્ય નિર્નિમિત્ત ભક્તિ છે; એ જ સાયુજ્ય મુક્તિ છે; એ જ અક્ષરધામનો વાસ છે; એ જ કૈવલ્ય અને નિર્વાણ છે. એની પેલી પાર કંઈ પણ નથી. દ્રષ્ટાની દૃષ્ટિ જ્યાં સુધી પહોંચે છે, તેનાથી અનંત કોશો દૂર વસેલા ચિદાનંદ ઘનશ્યામ સચ્ચિદાનંદ પરમ પ્રભુ પરમાત્માનું જે ધામ છે તે પ્રેમધામ છે. એ ધામમાં જ્યારે આપણે મળીશું–વસીશું, ત્યારે આ સ્થૂળના પરમાણુએ જોવામાં આવશે નહિ; ત્યાં દેહ, દૃષ્ટિ, વાણી, શ્રવણ, સર્વ

દિવ્ય અને અલૌકિક જ રહેશે. એ દિવ્ય પ્રેમધામમાં જવાને અનેક માર્ગો તને શ્રવણ કરાવ્યા છે; હવે સ્મરણ અને નિદિધ્યાસન નિત્ય ચાલુ રાખવાનું કર્મ શેષ રહ્યું છે. તે પૂર્ણ કરીને જગતમાં વિચરો! તમે જીવન્મુક્ત છો, માટે જગતમાં વિચરવાથી તમને કોઈ પણ રીતનો બાધ આવશે નહિ.

ચિદાનંદનું પ્રેમધામ પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ પ્રેમધામનિવાસી સચ્ચિદાનંદ સ્વરૂપનું એકલક્ષ્ય રાખી વાસના માત્રના બીજને ક્ષીણ કરી, મનોનાશ કરી, નિર્વિકલ્પ અસંપ્રજ્ઞાત સમાધિમાં સ્થિર થવું ને શ્રદ્ધાથી સતત પરમાત્માનું ધ્યાન ધર્યા કરવું–સંકલ્પ માત્રનો સંન્યાસ કરવો–રાગ, દ્વેષ, મોહ, માયા, મમતા ત્યાગ કરવી–અહંતા તથા મમતાને સદાયને માટે ભસ્મ કરવાં–કર્મ માત્ર નિષ્કામ બુદ્ધિએ કરવાં; અકર્મનો ત્યાગ કરી, પરમ સ્વરૂપનો પરમ પ્રેમ પ્રાપ્ત કરવામાં પરમવિલીન થઈ રહેવું–એ જ આ જીવનો જન્મારો–આવર્જન ને વિસર્જન સફલ કરનાર, ઉત્તમમાં ઉત્તમ સંકલ્પ છે અને તેની જ વાસના બંધાવી જોઈએ. એ વાસના જે પૂર્ણ કરે છે, તે પરમ પ્રેમી બની જાય છે. પ્રેમી એટલે સચ્ચિદાનંદરૂપ જ. તેને આધીન સચ્ચિદાનંદ પ્રભુ સદા જ છે. તે ને તે એક જ છે. तत्त्वमसिનો જ્ઞાતા પરમ પ્રેમી જ આત્મસ્થ છે; આત્મસ્થ જ પરમાત્માની એકરૂપતાનો ભોગી છે. અવસાન કાળે તે આત્મસ્થ–પરમ પ્રેમી જ પોતાના દિવ્ય ધામમાં જઈ નિત્યનો આનંદ ભોગવે છે–આત્માને પરમાત્મા સમાન જ બનાવી દે છે,–રે પોતામાં જ વિલીન કરે છે. હવે પરમાત્માના પરમ પ્રેમના સમાધિસુખમાં જે અટળ–નિત્ય રમણ કરે છે–તે સદા કાળ જ પરિતૃપ્ત છે, ને તેનાં દુઃખમાત્ર ટળી જાય છે–જેનાં દુઃખ માત્ર ટળી ગયાં, તેને સુખ જ સિદ્ધ છે. એવા ભક્ત–આત્મસ્થ–પર પરમાત્માની સદા જ કૃપા–પ્રસન્નતા છે. પરમાત્મા એવા દયાળુ છે કે, જે તેનો ભક્ત બને છે, તેની ઇચ્છાને જ વશવર્ત્તી તેના જ થઈ રહે છે–એટલે સુધી કે ભક્તની ઈચ્છા પ્રબળ ગણાય છે, અને પરમેશ્વર–ભગવાનની ઇચ્છા ગૌણ થઈ જાય છે. એવા સિદ્ધ દશાવાળા ભગવદ્‌ભક્તો ધન, કુટુંબ, કીર્ત્તિ વગેરે સર્વ દોષોથી મુક્ત બની, અત્યંત શાંત થઈ, પ્રેમમસ્ત રહીને આ લોકમાં વિચરે છે; ભૂતદયાવડે આર્દ્ર બને છે; વાણીદ્વારા જ્ઞાનામૃત પ્રકટ કરે છે; માયાને મૂઢ બનાવીને હાંકી કાઢે છે; લોકલજ્જાના તાપને હાંકી કાઢે છે અને

તેમનું હૃદયકમળ પરમાત્માના પ્રેમામૃતથી સદાય પ્રફુલ્લિત રહે છે. એવા ભક્તને આધીન ભગવાન્ છે. એ ભક્તની ઇચ્છાથી પ્રતિકૂળ એક પાંદડું પણ હલાવવાને તે સશક્ત નથી. એવી પરમ-અનન્ય ભક્તિ સિદ્ધ કરેલા જીવો જ પરમાત્માની ઇચ્છાથી પરમાત્માના સ્વરૂપમાં જ શોહે છે.

મહાભારતના યુદ્ધની નવમી રાત્રિએ પાંડવોના પ્રતિપક્ષી કૌરવો સભા ભરીને બેઠા હતા. બન્ધુ દુઃશાસન, ગુરુપુત્ર અશ્વત્થામા, વિકર્ણ, મિત્ર કર્ણ, હિતચિંતક મામો શકુનિ આદિ રાજાઓની સાથે પ્રતાપી રાજા દુર્યોધન મન્ત્ર કરતો હતો. એ દિવસે યુદ્ધમાં નારાયણના સખા અર્જુને અદ્ભુત પરાક્રમ કીધું હતું, તેથી તે ખિન્નવદન હતો. મન્ત્રસભામાં યુદ્ધના વિષયમાં સર્વ રાજાઓએ પોતપોતાના વિચારો દર્શાવ્યા. પછી દુર્યોધન બોલ્યો; "હે મિત્ર રાજાઓ! યુદ્ધારંભને આજ નવ દિવસ થયા; આપણું અસંખ્ય સૈન્ય છતાં આપણે પાંડવોનો પરાભવ કરી શકયા નથી. બન્ધુઓ! આજે અર્જુને સંહાર કરવામાં ગજબ કીધો છે. જો એવો ને એવો તે સંહાર કર્યો જશે, તો મારો નિશ્ચય છે કે, આપણે જય પામીશું નહિ. એની મને મોટી ચિંતા થાય છે, ને હવે કોઈ પણ માર્ગ મને સૂઝતો નથી કે જે આપણે અંગીકાર કરીએ." આ વચન સાંભળીને પરમ પ્રેમવડે ઉત્કંઠિત બનેલા કર્ણે કહ્યું; "મહારાજ દુર્યોધન! હું આપનું શું હિત કરું તે મને કહો. જો સેનાપતિપદે હું હત તો કયારનીએ મેં આ પૃથ્વીને અપાંડવી કીધી હત. પણ ભીષ્મપિતામહ સેનાપતિ હોવાથી મારી પ્રતિજ્ઞા છે કે, તેઓ જયાંસૂધી સેનાપતિ હોય ત્યાંસૂધી મારે યુદ્ધ કરવું નહિ, તેથી હું નિરુપાય છું. જો ભીષ્મપિતામહ સેનાપતિપદનો ત્યાગ કરે, અસ્ત્ર શસ્ત્ર ત્યજી દે તો પછી મારો કેવો પ્રભાવ છે, તે હું સકળ જગતને દર્શાવીશ. ભીષ્મપિતામહ પાંડવના પક્ષપાતી છે;—જેવા તમે તેમના સગા છો, તેવા જ પાંડવો પણ તેમના સગા છે; અને પાંડવો ઉપર પ્રીતિ હોવાથી મન મૂકીને પિતામહ યુદ્ધ કરતા નથી. યુદ્ધારંભે પિતામહે વળી કહ્યું પણ છે કે, 'હું પાંડવોનાં સૈન્યને હણીશ, પણ પાંડવોને નહિ;' તેથી જયારે તેમની સામા અર્જુન ઉભો રહે છે, ત્યારે તેઓ સંકુચિત મને બાણ મારે છે! હવે તમે ભીષ્મપિતામહને કહો કે, તેઓ સેનાપતિપદનો ત્યાગ કરે. પછી જુઓ મારા હાથ કેવા છે! ભલે કૃષ્ણ અર્જુનને સહાય કરે, યુધિષ્ઠિરનું રક્ષણ કરે, ભીમની ગદાને તેજસ્વી બનાવે, પણ એક સપા-

ટામાં હું અર્જુનનો નાશ કરીને વિજય પ્રાપ્ત ન કરું તો મારું નામ કર્ણ નહિ!" કર્ણનાં વચનને સર્વેએ અભિવંદન આપ્યું. પુનઃ કર્ણ બોલ્યો; "રાજા દુર્યોધન! તમે ભીષ્મપિતામહને જઇને કહો કે, તમે પાંડવોના પક્ષપાતી છો, તેથી તમારાથી પાંડવોનો પરાજય થઈ શકે તેમ નથી. વળી તમે વૃદ્ધ છો ને અર્જુન યુવાન્ છે, એ જોડું અસમાન છે. વૃદ્ધ યુવાનનો કેમ પરાજય કરી શકે? તમે વૃદ્ધ છો, તેથી ગંગા કાંઠે જઈ રહો, હું તમને સર્વ સાહિત્ય-દાસ દાસી પૂરાં પાડીશ અને તમારી નિત્ય સેવા કરીશ. આ કહેવાથી પિતામહ ઘણા ગુસ્સે થશે, તેથી તેઓ કાં તો સેનાપતિપદ છોડી દેશે અથવા કંઈ અવનવું કરશે." આ વચનને પુનઃ સર્વેએ અનુમોદન આપ્યું, અને દુર્યોધન ઉત્સાહી બનીને એકલો જ ભીષ્મપિતામહના શિબિરમાં ગયો.

એ સમે ભીષ્મપિતામહ સાક્ષાત્ બ્રહ્મરૂપ નંદનંદનના ધ્યાનમાં નિમગ્ન હતા. તેમને પ્રણામ કરીને દુર્યોધન નીચે મોઢે થોડીવાર બેસી રહ્યો. પિતામહે પૂછ્યું; "રાજા દુર્યોધન! તારે કંઈ કહેવું છે?" દુર્યોધન બોલ્યો; "આજે અર્જુને પોતાનું પરાક્રમ જે પ્રકારે દાખવ્યું છે તે જોયા પછી, હે પિતામહ! આપણે શું કરવું, તે કંઈ મને સૂઝતું નથી. આપણું સૈન્ય અસંખ્ય છતાં પણ અર્જુન અને ભીમ નિત્ય નિત્ય તે એટલું તો ઓછું કરતા જાય છે કે, હું ધારું છું કે એ ચાર દહાડામાં આપણા સર્વ સૈન્યનો સંહાર વળી જશે!" ભીષ્મપિતામહ બોલ્યા; "તાત દુર્યોધન! હું મારું કર્ત્તવ્ય તો યથાર્થ રીતે કર્યો જાઉં છું, તેમાં કોઈ રીતની કચાસ રાખતો નથી. રથી, મહારથી, પેદળ, હયદળમાંથી દશ હજાર યોદ્ધાનો મારી પ્રતિજ્ઞા પ્રમાણે હું નિત્ય સંહાર કરું છું!" દુર્યોધને કહ્યું; "હે નરશાર્દૂલ! આપ સત્ય કહો છો, પરંતુ આપ હવે વૃદ્ધ થયા છો, અર્જુન તરુણ છે, ઉગ્ર તેજસ્વી છે, આજાનુબાહુ છે, બાણાવળી છે, તેને આપ પહોંચી શકો એમ નથી! વળી આપના મનમાં પાંડવોનો પણ પક્ષ છે, તેથી મનમાન્યું યુદ્ધ આપ કરી શકો નહિ, એમાં હું આપનો શો દોષ કાઢું? પણ તમારે સ્થાને જો કર્ણ હોય તો ક્યારનાએ પાંડવોને સ્વર્ગનાં દ્વાર બતાવી દીધાં હોત! આપ સેનાપતિના પદનો ત્યાગ કરો અને ગંગાતટે વાસ કરો તો કર્ણ સૈન્યમાં આવી પાંડવોનો સંહાર કરે. આપના આશ્રમમાં, હું આપને ત્યાં સર્વ સાહિત્ય પૂરાં પાડીશ; આપ ત્યાં રહી પ્રભુભજન કરો. હે પિતામહ!

તમે જો સેનાપતિપદનો ત્યાગ કરો તો મારો નિશ્ચય છે કે, કર્ણ અર્જુનને પૂરો પડી શકશે, એટલું જ નહિ, પરંતુ અર્જુનનો પરાજય કરીને અપાંડવી પૃથ્વી કરશે!" દુર્યોધનનાં આ રીતનાં વચનો સાંભળતાં જ ભગવદ્‌ભક્ત, નૈષ્ઠિક બ્રહ્મચારી, ક્ષાત્ર ધર્મનું શુદ્ધ હૃદયથી સેવન કરનાર ગંગાપુત્રે ઉદાસીનતા સાથે મંદ સ્મિત કર્યું. ક્ષત્રિયને શસ્ત્રનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરવાનું કે ગંગાતટે વાસ કરવાનું કહેવું, એ મોટું અપમાન છે. મર્મમાં ને મર્મમાં દુર્યોધને ગંગાપુત્રનું જે અપમાન કીધું, તે પરમપુરુષના ઉપાસક, હું ને મારાના ત્યાગી, તેમ જ શાંત દાંત રાગ દ્વેષ રહિત છતાં એ ધર્મભ્રષ્ટ કરાવનારાં વચનને સહન કરી શક્યા નહિ; તથાપિ પોતાના ક્રોધને નિયમમાં રાખીને તેઓ બોલ્યા; "હે તાત દુર્યોધન! હું પૂર્ણ ઉલ્લાસથી ક્ષાત્રધર્મને અનુસરીને યુદ્ધ કરું છું; પણ તું અર્જુનનું બળ જાણતો નથી, તેથી જ મને દૂષણ આપે છે. યુદ્ધ કરવામાં મેં ઉણપ રાખી નથી. શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા મૂકાવી, એ તું તારા અહંકારમાં વિસરી જાય છે. અર્જુન કેવો વીરપુરુષ છે, તેનું તને ને તારા સહાયકારી મિત્રોને જ્ઞાન નથી; અને તેથી જ તું મારા બળાબળની કિંમત આંકી શકતો નથી. હવે સાંભળ! તારા કર્ણ જેવા સો કર્ણ સામા આવે તોપણ જેનો સારથિ શ્રીકૃષ્ણ છે, તેને કોઈ જિતી શકે તેવો આ વિશ્વમાં હું કોઇને જોતો નથી. છતાં તારા મનમાં એમ શંકા રહે છે કે, હું પાંડવોનો પક્ષ કરું છું, તો સાંભળ પુનઃ મારી પ્રતિજ્ઞા; આવતી કાલે હું જે યુદ્ધ કરું, તે તું જોજે. એ યુદ્ધમાં કાં તો હું નહિ ને કાં તો પાંડવો નહિ. પછી તારે મારે અર્થે ગંગાતટપર સુંદર મંદિર બંધાવવાની પણ આવશ્યકતા નથી, તેમ મારી સેવામાં સુંદર દાસ દાસી મોકલવાની પણ તને આવશ્યકતા રહેશે નહિ." સત્‌ના ઉપાસક ભીષ્મપિતામહની આ પ્રતિજ્ઞા સાંભળીને, હૃદયમાં પ્રસન્ન થયેલા દુર્યોધને પિતામહના પાદનું વંદન કીધું અને ત્યાંથી વિદાય થયો.

તુરત તે મંત્રગૃહમાં આવ્યો. કર્ણ, શકુનિ આદિ પોતાના આપ્ત મંડળને ભીષ્મપિતામહની પ્રતિજ્ઞા નિવેદન કીધી. ક્ષણવારમાં સર્વત્ર એ વર્તમાન પ્રસરી ગયા. કૌરવની છાવણીમાં હર્ષનાદ ફેલાઈ ગયો. મોટમોટા મહારથીઓએ માન્યું કે, આવતી કાલે જે બચે તે નવે અવતારે આવ્યો જાણવો; કેમકે ભીષ્મપિતામહ પોતાની પ્રતિજ્ઞા સફળ

કર્યા વિના રહેશે નહિ. રથી રથીમાં, મહારથી મહારથીમાં, પેદલ પેદલમાં અનેક પ્રકારની વાતો થવા લાગી. કોઈ બોલ્યો કે, આવતી કાલે આ સમયે અર્જુન જીવશે નહિ; કોઇએ કહ્યું, કાલે અપાંડવી પૃથ્વી થઈ જશે અને મહારાજ દુર્યોધન એકચક્રે રાજ્ય કરશે. સંજયે રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું; અર્જુન જિતાવો સહેલો નથી! તેને યોગીન્દ્ર કૃષ્ણની સહાયતા છે. વળી ભીષ્મપિતામહ વૃદ્ધ છે, એટલે તેના રથના કટકે કટકા ભીમની ગદા કરી નાંખશે. ધૃતરાષ્ટ્રે કહ્યું; હે સંજય! તું પાંડવોની કીર્તિ મા ગા. ભીષ્મપિતામહ જેવા તેવા નથી, તેમની પ્રતિજ્ઞા કોઈ કાળે પણ અફળ ગઈ નથી, તો અર્જુનના શા ભાર! નક્ષત્રી પૃથ્વી કરનારા પરશુરામનો પણ જેણે પરાજય કીધો છે, તે અર્જુનનો પરાજય કરીને, જોત જોતામાં તેને ધૂળ ચાટતો કરશે! છાવણીમાંના મહારથીઓએ વિચાર્યું કે, ભીષ્મપિતામહની પ્રતિજ્ઞામાં પ્રપંચ તો નહિ હોય? તેમણે શી પ્રતિજ્ઞા કીધી છે–'કાં તો હું નહિ ને કાં તો પાંડવો નહિ.' પાંડવો પણ તેમના પુત્ર જ છે કે ની! પિતા પુત્રનો ઘાત કરે એ તો સાક્ષાત્ કલિયુગ આવ્યો જ સમજવો. પણ ભીષ્મપિતામહ સત્યવાદી છે; દુરાધર્ષ છે; અમોઘ બાણ મારનાર છે; તેમની પ્રતિજ્ઞા અફળ તો નહિ જાય. આમ સૈન્યમાં અનેક પ્રકારના ગપાટા સપાટા ચાલવા લાગ્યા. હર્ષ ને વાર્તાવિનોદમાંથી સર્વ સૈન્યે એવી તો મોટી હર્ષગર્જના કીધી કે પાંડવસૈન્ય પણ ખળભળી ઉઠયું.

પાંડવોની છાવણીમાં–યુધિષ્ઠિરના શિબિરમાં–દશમે દિવસે કેમ યુદ્ધ કરવું, તેનો વિચાર કરવાને ધૃષ્ટદ્યુમ્ન આદિ સેનાપતિઓની સાથે પાંડવો બિરાજમાન હતા. તેઓ કૌરવોની છાવણીમાં થતા આનંદધ્વનિઓ સાંભળીને, તેનું કારણ જાણવાને આતુર થઈ ગયા. એટલામાં ભીષ્મપિતામહની છાવણીમાંથી પાંડવોનો દૂત આવ્યો. તેણે ભીષ્મપિતામહની પ્રતિજ્ઞા કહી સંભળાવી. એ પ્રતિજ્ઞા સાંભળતાં જ પાંડવો નિસ્તેજ બની ગયા, તેમનાં ગાત્ર શિથિલ થઈ ગયાં અને તેઓ એક બીજાના મોઢા સામું ટગર ટગર જોઈ રહ્યા.

સર્વ મંડળને ક્ષુભિત જોઈ રાજા યુધિષ્ઠિર બોલ્યા; "ભીષ્મપિતામહ સત્યવાદી છે, તેમનું વચન કોઈ પણ કાળે અસત્ય થશે નહિ. પિતામહે જે પ્રતિજ્ઞા કરી છે, તે સહજ વિચારનું પરિણામ નહિ હોય. બંધુઓ! આપણા જીવિતનો પાક આજ જ પૂર્ણ થયો છે એમ

સમજો !" આ વચન સાંભળી ભીમ અર્જુન કંઈ પણ બોલી શક્યા નહિ. ક્ષણવારમાં પાંડવસેનામાં પણ એ સમાચાર ફરી વળતાં હાહાકાર વ્યાપી ગયો. ભીષ્મપિતામહના પરાક્રમથી કોઈ પણ અજ્ઞાત ન હતું: તેઓ અજિત હતા, દિગંતમાં દિગ્વિજય કીધો હતો. તેમની પ્રતિજ્ઞા સાંભળીને નાનાથી તે મોટા સૂધી સર્વ સૈનિકો ચિન્તાતુર બની ગયા. કેટલાએક ક્ષુલ્લક મનના સેનાનીઓ થરથર ધ્રુજવા લાગ્યા; અને ઘોર સંહારનો વિચાર કરતાં તેઓનું શરીર પ્રસ્વેદથી ભીંજાઈ ગયું. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન શા નિર્ણયપર આવે છે, તે જાણવાને આખી છાવણી ટમટમી રહી.

પાંડવોની મંત્રસભામાં થોડીવારે ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો; "મહારાજ ! ભીષ્મપિતામહ અતુલ પરાક્રમી છે, અમોઘ બાણની વૃષ્ટિ કરનારા છે, પણ જય પરાજય મનુષ્યના હાથમાં નથી: એ કાર્ય તો પ્રારબ્ધનું છે, ભીષ્મપિતામહ સત્યપ્રતિજ્ઞ છે, અજિત છે, અગાધ શક્તિવાળા છે–છતાં તે પણ મનુષ્ય છે !" અર્જુને કહ્યું; "ધૃષ્ટદ્યુમ્ન ! તું ભૂલે છે, તે ગંગાપુત્ર છે, દિવ્ય તેજસ્વી છે, સ્વચ્છંદમૃત્યુ પામનારા છે–તેમની ઇચ્છા વગર મૃત્યુ તેમની પાસે આવી શકે તેમ નથી. તેમની વાણીમાંથી કોઈ પણ સ્થળે કોઈ પણ કાળે અસત્ય વેણ નિકળ્યું કોઈએ સાંભળ્યું નથી, તેમની પ્રતિજ્ઞા સફળ જ થશે !" ધૃષ્ટદ્યુમ્ને કહ્યું; "આપ સત્ય કહો છો. ભીષ્મપિતામહ અજિત છે, દુરાધર્ષ છે અને નરશાર્દૂલ છે; પણ હે અર્જુન ! નિયંતાએ તેમને પણ બે હાથ આપેલા છે ને આપણને પણ બે હાથ આપેલા છે. ક્ષત્રિયે ભયથી ધ્રુજવું, એ તેના ક્ષાત્રધર્મને કલંક લગાડનાર છે. સત્યવાદી ભીષ્મપિતામહ પોતાની પ્રતિજ્ઞા સિદ્ધ કરશે, એ નિઃસંશય છે, તથાપિ આપણે ક્ષુલ્લક પ્રાણી માફક પરાજય તો પામીશું નહિ, આપણે કંઈક યુક્તિ કરવી જોઈએ."

મંત્રસભામાં દ્રૌપદી બેઠાં હતાં, તે બોલ્યાં; "હું ધારું છું કે, આ અતિ મહત્વનો પ્રસંગ છે. મારા બંધુ શ્રીકૃષ્ણની સલાહ વધારે ઉપયોગી થઈ પડશે. ભીષ્મપિતામહના અક્ષયબાણથી મારા પતિઓનું મૃત્યુ થાય, એ કેમ જોવાશે ? મારા સત્યપ્રતિજ્ઞ સ્વામીઓએ શત્રુઓનો પરાજય કરીને મને અખંડ સૌભાગ્યવતી રાખવાનું જે પણ લીધું છે, તે મિથ્યા થવું ન જ જોઈએ. શ્રીકૃષ્ણને બોલાવો, તેમની સલાહ લો. આ સંહારમાંથી તેના સિવાય બીજું કોઈ રક્ષણ આપી શકે તેવું

નથી.” શાણી રાણી દ્રૌપદીની શાંત વાણી સાંભળીને દૂતદ્વારા યુધિષ્ઠિર મહારાજાએ શ્રીકૃષ્ણને તેડાવી મંગાવ્યા. સકળ જગતને ઉત્પન્ન કરનાર, રક્ષણ કરનાર ને સંહાર કરનાર શ્રીકૃષ્ણ ઘણે મંદ પગલે મોટા વિચારમાં લીન થયેલા પાંડવોની મંત્રસભામાં આવ્યા ને રાજા યુધિષ્ઠિરને પ્રણામ કરીને બેઠા. રાજા યુધિષ્ઠિરે પિતામહની પ્રતિજ્ઞાનો ઇત્થંભૂત વૃત્તાંત તેમને નિવેદન કીધો. શ્રીકૃષ્ણ ક્ષણભર મૌન ધારણ કરી રહ્યા. પછી કેશવે કહ્યું; “ભીષ્મપિતામહનું વચન કદી પણ વ્યર્થ જશે નહિ; તેમની કરેલી પ્રતિજ્ઞા કાલે પ્રભાતના સફળ જ થશે ને આવતી કાલની સંધ્યામાં આ પૃથ્વી પાંડવો વિનાની થશે. શી યુક્તિ કરવી, તે મને પણ સૂઝતી નથી. મહારાજ યુધિષ્ઠિર! નૈષ્ઠિકવ્રતધારી, જેણે આત્મતત્ત્વ પ્રાપ્ત કીધું છે, ઉદાસીનપણે જે જગતમાં વિચરે છે, સ્વસ્વરૂપમાં જેને અનુસંધાન છે, અનાત્મ પદાર્થનું જેમને ચિંતન જ નથી, મોહ તથા દુઃખના કારણરૂપ સર્વ પદાર્થોનો ત્યાગ કરીને જે આનંદરૂપમાં વિલસે છે, એવા બ્રહ્માનંદના યોગી પુરુષના વચનની નિષ્ફળતા કરવાને કોણ સમર્થ છે? આપને માટે એ જ કર્તવ્ય શ્રેષ્ઠ છે કે પૂર્ણ બળથી લડવું. અર્જુન જેવો બાણાવળી આપણો સહાયક છે, ભીમ જેવો મહાબળવાન્ ગદાધારી તમારી સહાયતામાં ઉભો છે, ધૃષ્ટદ્યુમ્ન જેવો સમર્થ સેનાપતિ છે, શિખંડીને હાથે ભીષ્મપિતામહનું મૃત્યુ નિર્માણ થયું છે એમ કહેવામાં આવે છે, તો પછી તમને શો ભય છે?” શ્રીકૃષ્ણનાં આવાં મર્મવચન સાંભળીને ભીમ બોલ્યો; “ભાઈ શ્રીકૃષ્ણ! ભીષ્મપિતામહની સામા ટકી શકવાની મારી તો જરા પણ શક્તિ નથી, અર્જુનમાં શક્તિ હોય તો અર્જુન જાણે! હું તો ગદાથી યુદ્ધ કરી શકું! ગડદાપેચ કરવામાં આપણે કુશળ છિયે; આપણી ગદા જ્યાં ઉછળે ત્યાં કોઇના આશરા નથી; પરંતુ બાણ મારવામાં કુશળ ભીષ્મપિતામહની સામા હું ક્ષણભર પણ ટકી શકું, એવી મારી તો હિંમત નથી. અર્જુનને પોતાના બળ પરાક્રમપર શ્રદ્ધા હોય તો એકલો તે જ ટકી શકે!” તત્ક્ષણે અર્જુન બોલ્યો; “તમે શી વાત કરો છો? ભીષ્મપિતામહની સામા હું ટકી શકું? આકાશમાં સુસવાટા કરતાં આવતાં એમનાં બાણ હું પાછાં વાળી શકું કે? રે, તમે જાણતા નથી, પણ પિતામહ એક હાથે બાણ ફેંકતા નથી, પણ હજાર હાથે બાણ ફેંકે છે. મારા બાણનો વેગ એમના બાણના વેગને પહોંચી શકે નહિ! તેમના બાણની ગતિ જ દૃષ્ટિએ

પડતી નથી, તો તે છેદાય જ કેમ?" શ્રીકૃષ્ણે કહ્યું; "જો અર્જુન હિંમત હારી જાય છે, તો પછી આપણો ઉપાય જ નથી. આપણા સૈન્યનું સર્વ બળ અને સૈન્યનો સર્વ વિશ્વાસ એકલા અર્જુન ઉપર જ છે. જ્યારે અર્જુન જ હતાશ થઈ જાય, ત્યારે બીજા કોની એવી ગતિ છે કે ભીષ્મપિતામહની સામે ક્ષણભર પણ ટકી શકે? મને તો પ્રત્યક્ષ દેખાય છે કે, આવતી કાલે ઘોર સંહાર થશે અને પૃથ્વી અપાંડવી થશે! કાલે મહાન્ અનર્થ થશે! જે જીવે તે નવે અવતારે જ આવ્યો ગણાશે. ભીષ્મપિતામહનું બળ દિવ્ય અને તેજસ્વી છે, તેના બાણના મારમાંથી કોઈ પણ બચી શકે એમ નથી."

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને દ્રૌપદી બોલ્યાં; "હે કૃષ્ણ! ભીષ્મપિતામહના સંહારમાંથી પાંડવોનું રક્ષણ થઈ શકે તેમ નથી જ? પાંડવોના સંહારથી આ તમારી બહેન દ્રૌપદીને તમો વિધવા જોવાને ઉત્સુક્ત છો? હે કરુણાસિંધુ! હે દીનવત્સલ! જો તમે દયા કરો તો ભીષ્મપિતામહના બાણમાંથી પાંડવોનું રક્ષણ થઈ શકે જ! અનેક સંકટોમાંથી તમે અમને ઉગાર્યાં છે; તમારા જ પ્રતાપથી બળતા લાક્ષાભવનમાંથી પાંડવોનું રક્ષણ થયું છે; ભરી સભામાં મારી લજ્જા રાખનાર પણ તમે જ છો; દુર્વાસાના કોપમાંથી મુક્તિ અપાવનાર પણ તમે જ છો; હું તમારી ભગિની છું! અહોકાળ તમને જ ભજું છું! પાંડવો તમારા ભક્તજન છે. એ ભક્તો તમારે શરણે છે, અને શરણાગતને રક્ષણ આપવાનું તમો જે ભગવાન્, તેનું શું કાર્ય નથી? હું વિધવા થઈશ તે શું તમને રુચશે? દયા કરો! કરુણાળ રહો! ભક્તભયભંજન! આ સંકટમાંથી રક્ષણ કરવાને તમારા સિવાય બીજું કોઈ સમર્થ નથી; બાંહે ગ્રહ્યાની લાજ રાખો.

સીંચ્યો તબ તરુવર ભયો, કાટયો તબ ભયો ઝાઝ;
તારે પણ ડુબવે નહિ, બાંહે ગ્રહ્યાકી લાજ.

જો ભીષ્મપિતામહ પોતાના પુત્રો ઉપર જ અકૃપાવન્ત થશે અને પાંડવો નિર્બીજ થશે, તો જગતમાં નીતિ ઉપર અનીતિનો જ જય થશે! દુર્યોધને અમને જે જે સંકટો આપ્યાં છે, તે તે સંકટોનો તેને જરા પણ બદલો મળશે નહિ. રે! જે અધર્માચરણ કીધું છે, તે અધર્માચરણ શું સફળ જ થશે? મોટા ભાઈની સ્ત્રી જે માતા સમાન છે, તેને ભરસભામાં લાવીને તેનાં વસ્ત્રો ખેંચવાની જે દુષ્ટતા તે દુષ્ટે દર્શાવી

છે, તેનું ફળ મળ્યા વગર નિષ્કંટક રાજ્યનો તે સ્વામી થઈ બેસશે? દુષ્ટાત્મા દુઃશાસને જ્યારે વડિલોના સમક્ષમાં નિર્લજ્જપણે મને કહ્યું કે, તું દુર્યોધનના ખોળામાં બેસ; તે સમયે ભીમે પ્રતિજ્ઞા કરી છે કે, દુઃશાસનના રક્તથી મારી વેણી ભીંજવીશ ત્યારે જ આ કેશકલાપ બંધાશે, તે પ્રતિજ્ઞા શું અફળ જશે? એ સર્વ તમે કેમ સહન કરી શકશો? હે ભગવન્! હે મહેશ! હે શરણાગતવત્સલ! તમારી ઇચ્છા વગર એક તરણું પણ હાલી શકતું નથી; તમે જ અર્જુનને કહ્યું છે કે, 'मयैव ते निहता में સર્વને હણેલા છે,' તે વચન કેમ મિથ્યા થવા ધો છો? ભલે, તમારી ઇચ્છા મને વિધવા બનાવીને દુર્યોધનને નિષ્કંટક રાજ્યની પ્રાપ્તિ કરાવવાની હોય તો તેમ થાઓ, પણ જગત્ શું કહેશે? પાંડવોને પક્ષે શ્રીકૃષ્ણ જેવા સમર્થ જગન્નિયંતા છતાં પણ, અનીતિમાન્ કૌરવોએ તેનો નાશ કીધો, ધર્મ ઉપર અધર્મનો વિજય થયો!"

શ્રીકૃષ્ણ શાંત મને બોલ્યા; "હે કૃષ્ણા! હું અને તું એક જ છિયે; તું માયા છે, હું મહેશ્વર છું; તું શક્તિ છે, હું સર્વેશ્વર છું; પણ હું ભક્તાધીન ભગવાન્ છું. આ પાંડવો મારા ભક્ત છે એ સત્ય છે, પણ એવા જ મારા પરમ ભક્ત ભીષ્મપિતામહ પણ છે. હે દ્રૌપદી! ભક્તની ઇચ્છા વગર હું એક તરણું પણ ફેરવવાને સમર્થ નથી!" શ્રીકૃષ્ણનાં આ વચન સાંભળીને દ્રૌપદી ધ્રુશકે ધ્રુશકે રડવા લાગી; ત્યારે કરુણાસિંધુ, દીનવત્સલ ભગવાને કહ્યું; "રાણી દ્રૌપદી! પાંડવોનું રક્ષણ કરવું હોય તો મારી સાથે ચાલો, આપણે કોઈ યુક્તિ શોધી કહાડીએ."

દ્રૌપદી બોલ્યાં; "તમારી આજ્ઞાને હું સદા જ અનુસરનારી છું. તમે જ પાંડવોનું રક્ષણ કરવાને સમર્થ છો; કહો, હું આપની શી આજ્ઞાનું પાલન કરું?" તુરત શ્રીકૃષ્ણ ઉભા થયા, દ્રૌપદી પણ બે હાથ જોડી ઉભાં થયાં ને પતિઓને પ્રણામ કીધા. પછી શ્રીકૃષ્ણ દેવી દ્રૌપદીને સાથે લઇને યુધિષ્ઠિરના તંબૂમાંથી બહાર નિકળ્યા. મન્ત્રસભામાંનો કોઈ પણ શ્રીકૃષ્ણનાં વચનનો ભેદ સમજી શકયું નહિ. સર્વનાં મન ચિંતાતુર જ હતાં, સર્વની શાંતિનું કેંદ્ર શ્રીકૃષ્ણ જ હતું. એ ક્ષણે સર્વની વૃત્તિ કૃષ્ણમય જ હતી.

તંબૂમાંથી બહાર નિકળી શ્રીકૃષ્ણે કહ્યું; "દ્રૌપદી! આ કાળીમાઝમ રાત્રે મારી સાથે આવશો? તમને કંઈ ભય તો નથી?" દ્રૌપદીએ કહ્યું; "જયાં સર્વેશ્વર છે ત્યાં ભય શો? ચાલો, કયાં જવું છે? હું સદા તમારી

આજ્ઞાનુસાર, સૂર્યની પાછળ પાછળ જેમ છાયા જાય છે, તેમ તમારી પાછળ આવીશ!" પછી શ્રીકૃષ્ણ અને દ્રૌપદી પાંડવસેનાની છાવણીને ખુંદતાં ખુંદતાં, અનેક માર્ગો અને તંબૂઓ જોતાં જોતાં, આગળ ને આગળ ચાલવા લાગ્યાં. ચાલતાં ચાલતાં દ્રૌપદી ઘણી થાકી ગઈ. તે કરુણાળ સ્વરે બોલી;–"હે ભગવન્! આપ મને ક્યાં તેડી જાવ છો?" શ્રીકૃષ્ણે કહ્યું; "પાંડવોને મૃત્યુના મુખમાંથી ઉગારવા!" દ્રૌપદી બોલી; "હું હવે છેક જ થાકી ગઈ છું; પાછલી રાતનો કુકડો પણ બોલવા લાગ્યો છે, તો તમે હવે મને ક્યાં લઈ જાઓ છો તે કહો. હવે વધારે આગળ ચાલવાની મારામાં શક્તિ રહી નથી." એમ વાત કરતાં ચાલતાં ચાલતાં તેઓ કૌરવોની છાવણીના સીમાડા ઉપર આવી પહોંચ્યાં.

તારાઓ ચળક ચળક ચમકારા મારી રહ્યા છે; સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે; શાંતિમાં લવલીન થઈ જવાય છે; તેમાંથી અનેક પ્રકારના ભેદ પ્રભેદનો આમોદપ્રમોદ જણાય છે. તે સમયે માયા ને મહેશ્વર સીમાડાની બહાર આવ્યાં. દૂરથી એક ઝળઝળાં પ્રકાશી રહેલો તંબૂ દેખાતો હતો, તે બતાવીને શ્રીકૃષ્ણે કહ્યું; "હે સતિ દ્રૌપદી! હવે વધુ આગળ જવાનું નથી. હું કહું છું તે તમે લક્ષપૂર્વક સાંભળો! આ સામે જે શિબિર દેખાય છે તે ભીષ્મપિતામહનો છે. ભીષ્મપિતામહ સદાય જાગ્રત જ છે, એમને જઇને પ્રણામ કરો અને આશીર્વાદ ગ્રહણ કરો. એ જ આશીર્વાદ પાંડવોને મૃત્યુના મુખમાંથી ઉગારશે."

ભીષ્મપિતામહના શિબિરની આસપાસ પહેરેગીરો ચોકી કરતા હતા, તંબૂની બહાર અને અંદર દીવાનો પ્રકાશ છવાઈ રહ્યો હતો; કિનખાબનો તંબૂ ઝળાંઝળાં ઝબકારા મારી રહ્યો હતો. દેવી દ્રૌપદી તંબૂના દરવાજા સમીપ પહોંચ્યાં. ભીષ્મપિતામહના શિબિરમાં કોઈ પણ સ્ત્રીને જવાની આજ્ઞા ન હતી, પરંતુ દેવી દ્રૌપદીનું અલૌકિક પાતિવ્રત્ય ભીષ્મપિતામહ જાણતા હોવાથી, એક તેને જ, કોઈ પણ સ્થળે ને કોઈ પણ સમયે, આવવાનો પ્રતિબંધ ન હતો. એ વાત સર્વ પહેરેગીરો જાણતા હોવાથી, અટકયા વગર દેવી દ્રૌપદી પિતામહના શિબિરમાં દાખલ થયાં.

જેવાં દેવી દ્રૌપદી શિબિરમાં પેઠાં કે, તે જ ક્ષણે એક ચોપદારનું રૂપ ધારણ કરીને શ્રીકૃષ્ણે પણ શિબિરમાં જવાનો પ્રયત્ન કર્યો. પહેરેગીરે તેમને અટકાવ્યા. શ્રીકૃષ્ણ એક બાજુથી પાછા હઠે ને બીજી બાજુથી જવાનો પ્રયત્ન કરે, પણ સઘળી તરફથી રોકવામાં આવ્યા.

છેવટે લઘુલાઘવી કરીને એવી ચપલતાથી શ્રીકૃષ્ણ શિબિરમાં દાખલ થઈ ગયા કે, પહેરેગીરો જોઇ જ રહ્યા. શ્રીકૃષ્ણે ચોપદારનું એવું સ્વરૂપ ધારણ કર્યું હતું કે, તેને કોઈ પણ ઓળખી શક્યું નહિ. તંબૂમાં દાખલ થઇને, ચોકીદારોના બેસવાના એક બાજઠ ઉપર શ્રીકૃષ્ણ બેસી ગયા ને દેવી દ્રૌપદી ભીષ્મપિતામહ જે શય્યા ઉપર સૂતા હતા, તે ખંડમાં ગયાં.

પિતામહ પલંગને અઢેલી લાંબા પગ કરી સૂતા હતા. તેમના શ્વેત કેશને શોભાવે એવી શ્વેત શાલ ઓઢેલી હતી, નેત્ર મીચેલાં હતાં અને મનમાં જે શ્રીકૃષ્ણ પરમાત્માએ દ્રૌપદીને પાંડવોને અભય અપાવવાને મોકલી હતી, તે જ પરમાત્માનું ધ્યાન ધરતા હતા. નંદનંદનનો જાપ તેમના મુખથી ચાલુ જ હતો. મહાત્મા ભીષ્મ શ્રીકૃષ્ણની અદ્ભુત લીલાનો સાક્ષાત્કાર કરતા હતા, તેવામાં જ દ્રૌપદીએ જઈ પ્રણામ કરીને કહ્યું; "સસરાજી! હું આપને પ્રણામ કરું છું?" મીચેલાં નેત્રે જ ભીષ્મપિતામહે કહ્યું; "અખંડ સૌભાગ્યવતી ભવ!" પછી નેત્ર ઉઘાડીને કહ્યું; "અહો! કોણ દેવી દ્રૌપદી! તમે અત્યારે પાછલી રાત્રિના અહિ ક્યાંથી?" દ્રૌપદીએ ભીષ્મપિતામહની લજ્જા કાઢી બે હાથ જોડીને કહ્યું; "સસરાજી, આજનો દિવસ આપની પુત્રવધૂ સૌભાગ્યવતી છે! એ સૌભાગ્યસહિત આપનું છેલ્લું જ દર્શન કરવા આવી છું. મારા સ્વામીઓની આજ્ઞાથી આપનું દર્શન વંદન કરવાને આવી છું! આપે પ્રતિજ્ઞા લીધી છે કે, આવતી કાલે અપાંડવી પૃથ્વી કરવી! આપનું વચન કોઈ કાળે પણ મિથ્યા થાય તેવું નથી! આપ સત્યવાદી છો, તેથી કાલે અપાંડવી પૃથ્વી થશે. આપના પુત્રોના અવસાન પછી, આપની આ પુત્રવધૂનું દર્શન, તેના સૌભાગ્ય સાથે આપ પૂજ્ય કરી શકશો નહિ, તેથી છેલ્લીવારનું આપને નમન કરવાને આવી છું!" તુરત જ ભીષ્મપિતામહ શય્યાપરથી બેઠા થઈ ગયા ને દ્રૌપદીને પૂછ્યું; "આ સમયે તું કોની સાથે આવી છે?" શ્રીકૃષ્ણના શિખવ્યા પ્રમાણે દ્રૌપદીએ કહ્યું; "સેવક સાથે!" ભીષ્મપિતામહ બોલ્યા; "દ્રૌપદી! આ સર્વ પ્રપંચ શ્રીકૃષ્ણનો જણાય છે, તે વિના અન્યની બુદ્ધિ જ નથી. તારો તે સેવક ક્યાં છે? તે અનાથનો નાથ, દીનવત્સલ, ભક્તરક્ષક, પાંડવોનો પ્રિયમિત્ર, દેવકીનો જાયો, ગોપીઓનો પ્રાણ, લાડીલો ગોપાળ કનૈયો–તારો સેવક–ક્યાં છે?" ભીષ્મપિતામહની અગાધ બુદ્ધિ જોઇને દ્રૌપદી દિગ્મૂઢ બની ગઈ, સંભ્રમમાં પડી ગઈ. ભીષ્મપિતામહ એકદમ ઉભા થયા ને દ્રૌપદીને કહ્યું; "એ અના-

થનો નાથ ક્યાં છે, તેનાં મને દર્શન કરાવ!" દ્રૌપદી બોલી; "હે મહારાજ! એ તો દ્વારપર છે!" તુરત જ અડવાણે પગે ભીષ્મપિતામહ તંબૂની પહેલી કનાત બહાર આવ્યા. અહિંયા ચોપદારના વેશમાં શ્રીકૃષ્ણ પરમાત્મા, હાથમાં છડી લઇને ઉભા હતા, તેનાં દર્શન કરી, વિસ્મિત મને હાથ જોડીને ઉભા રહ્યા ને તેમનાં ચરણકમળમાં હર્ષનાં અશ્રુ પાડતાં પ્રણામ કરીને કહ્યું; "હે જગતના નાથ! હે પાંડવોના સખા! આપને આટલો બધો શ્રમ લેવાનું શું પ્રયોજન? આવો પ્રપંચ રચવાનું શું પ્રયોજન? આપનું મારેલું સર્વ જગત્ મરેલું જ છે; એ જગતમાં હું પણ સમાયલો છું; આ દાસ આપની ઇચ્છાને સદાય આધીન જ છે. હે કેશવ! હે પરમ પ્રભુપરમાત્મા! હે ચિદાનંદ સ્વરૂપ! આપની ઇચ્છા વિના એક પાંદડું પણ ફરકતું નથી, તો આ તમારો ભક્ત કોણ? આપની ઇચ્છાનુસાર પવન વાય છે, સૂર્ય તપે છે, અગ્નિ પ્રકાશે છે, બ્રહ્મા સૃષ્ટિ રચે છે, રુદ્ર સંહાર કરે છે, આપની જ ઇચ્છા પ્રમાણે આ સૃષ્ટિનો વ્યવહાર ચાલે છે, આપ જ આ જગતના જીવોના જન્મ, વૃદ્ધિ, જરા, મૃત્યુના કારણ છો; આપની આજ્ઞાનું કોઈ પણ ઉલ્લંઘન કરી શકે એમ નથી, એવા આપે, આ દાસને માટે પ્રયાસ શા માટે ઉઠાવવો જોઇએ? હે દેવકીનંદન! હે યશોદા આનંદવર્ધન! હે ગોપીઓના પ્રાણ! હે પ્રેમના સાગર! હે સચ્ચિદાનંદ! હે મહેશ્વર! હું આપની કોઈ આજ્ઞાને નહિ ઉઠાવું તેમ છે? આપનું નામસ્મરણ જ આ જગતના શોક તથા મોહમાંથી રક્ષા કરનારું છેઃ હરિ એવા બે અક્ષરનો શબ્દ જ પ્રાણીઓને સંસારરૂપી મહાસાગરમાંથી તારીને અક્ષય, અભય, સર્વ સુખના ધામરૂપ તટપર મૂકે છે, એવા હરિરૂપ શ્રીકૃષ્ણચંદ્રે મારે માટે આટલો શ્રમ ન ઉઠાવવો જોઇએ."

આટલું બોલતાં બોલતાં ભીષ્મપિતામહ એવા તો ગળગળા થઈ ગયા કે, તેમનો કંઠ રુંધાઈ ગયો. પછી પરમાત્માનાં ચરણ વચ્ચે મસ્તક મૂકીને પડ્યા જ રહ્યા, ત્યારે તેમને ઉભા કરીને શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું; "હે ભીષ્મપિતામહ! તમે મારા સ્વામી છો, વડીલ છો, તમારી કોઈ પણ આજ્ઞા પાળવાને આ વ્યવહારબંધનથી હું સદા જ બંધનમાં છું. હું આપનો દાસ છું, મને આજ્ઞા કરો તે ઉઠાવવાને હું તત્પર છું."

ભીષ્મપિતામહે કહ્યું; "હે ગોપીકાંત! હે જનાર્દન! જગન્નાથ! પરમ પુરુષ! હે પુરુષોત્તમ! આપનાં વચન સાંભળીને મને અત્યંત

ઔદાસીન્ય પ્રાપ્ત થયું છે. આપ હજી પણ શું મારી કસોટી કરો છો? હું શું આપનું સ્વરૂપ જાણતો નથી? કૌરવસભામાં દુર્યોધનને, રણમાં અર્જુનને, જે વિરાટ્ સ્વરૂપનું આપે દર્શન કરાવ્યું તે તમે નથી? ઓ પ્રભુ! આપ આ વિશ્વનું કારણ છો, વિશ્વનું પાલન કરનારા છો, અવ્યક્ત છો, અવિનાશી છો, દૈત્યોનો સંહાર કરનારા છો; નિદ્રારહિત પ્રાણ વાયુનો વિજય કરનારા, શાંત, દાંત તથા જિતેંદ્રિય છો; સર્વના સાક્ષી છો; ભક્તને આનંદ આપનારા છો; ભક્તનું પાલન કરનારા છો; અનેક અવતાર ધરીને અનેક લીલાને વિસ્તારનારા છો; ધર્મની સંસ્થાપના માટે અનેક અવતારધારી છો; હે ભગવન્! હે કમળનયન! આપ આ સેવક ઉપર–આપના ભક્ત ઉપર દયા કરીને તેને છળો નહિ! કૌરવોની ઇચ્છા તૃપ્ત કરવાને જ્યારે મેં પ્રતિજ્ઞા લીધી, ત્યારે જ હું જાણતો હતો કે, આપની ઇચ્છા વિના એક તરણું પણ હાલી શકે તેમ નથી. આપે અર્જુનને કહ્યું છે કે, 'સર્વ કૌરવ યોધવીરને મેં પૂર્વથી હણેલા છે,' છતાં મારે માટે આપને જે શ્રમ પડ્યો છે તે અપરાધને માટે ક્ષમા કરો! ક્ષમા કરો!" મહાત્મા પરમાત્માના પરમ ભક્ત ભીષ્મપિતામહનાં દીન વચન સાંભળીને, શ્રીકૃષ્ણ પણ ગળગળા થઈ ગયા. પછી પ્રેમપુરઃસર ભીષ્મપિતામહનો હાથ પકડી છાતીસરસા ચાંપીને બોલ્યા; "હે ભીષ્મપિતામહ! હે તત્ત્વના તત્ત્વને જાણનારા ગાંગેય! હે પરમભક્ત! આપ કૃતાર્થ છો, આપના જેવું ત્રણ લોકમાં કોઈ પણ નથીઃ આપ ને હું એક જ છિયે, તથાપિ હું આપને આધીન છું. હે નરશાર્દૂલ! હે નૈષ્ઠિક બ્રહ્મચારી! હે સત્યપ્રતિજ્ઞ! હે અભેદરૂપ! આપના વચનનું ખંડન કરવાને હું સમર્થ નથી. આપે લીધેલી પ્રતિજ્ઞાને આપ જ સફળ કરશો, એવો નિશ્ચય હોવાથી અને તેમ કરતાં અધર્મનો ધર્મ ઉપર વિજય થાય, તે અનીતિને જગતમાં પ્રવર્તતી અટકાવવા અર્થે જ, મારે આ શ્રમ લેવો પડ્યો છે. ભક્ત ભીષ્મ! હે ગાંગેય! તમે લીધેલી પ્રતિજ્ઞાને નિષ્ફળ કરવા તમે પોતે જ સમર્થ છો, અન્ય નથી જ. પાંડવો તો શું, પણ આ બ્રહ્માંડનો સ્વામી જે હું, તે પણ એ પ્રતિજ્ઞા અન્યથા કરવાને સમર્થ નથી, તો પછી બીજાની તો ગતિ જ શી? આ દ્રૌપદી મારી પરમ ભક્ત છે, તેવા જ તમે પણ છો. પાંડવોથી પણ તમે મને પરમપ્રિય છો. વિશ્વનો અચળ નિયમ એ છે કે, માતાપિતા પુત્રોનાં રક્ષણકર્તા છે. એ અચળ નિયમનો ભંગ ન થાય,

માટે આ દ્રૌપદીને આપનાં ચરણમાં વંદન કરવાની મેં પ્રેરણા કીધી છે, અને જણાવ્યું છે કે, પાંડવોપર આવેલા આ મહાન્ સંકટમાંથી તેનો ઉદ્ધાર કરવાને ભીષ્મપિતામહ વિના અન્ય સમર્થ નથી: ભીષ્મપિતામહનો તું આશીર્વાદ પ્રાપ્ત કર, તેથી જ તારું સૌભાગ્ય સચવાઈ રહેશે! હે ભક્તશિરોમણિ! દ્રૌપદીની પોતાના સૌભાગ્યની કામનાને આપે સફળ કીધી છે, અને પાંડવો મૃત્યુના મુખમાંથી ઉગર્યા છે, આપના મૃત્યુનો ઉપાય શો છે તે જ આપ દ્રૌપદીને કહો, કેમકે તમે સ્વચ્છંદમૃત્યુ છો."

ભીષ્મપિતામહ બોલ્યા; "હે સચરાચર વ્યાપી વિભુ! હે સર્વજ્ઞ! આપથી શું અજાણ્યું છે? શિખંડીણીના બાણથી જ મારું મૃત્યુ છે, તે આપ જાણો છો; છતાં મને શા માટે પૂછો છો? શું આટલા જ માટે આપને શ્રમ લેવો પડ્યો? હે દીનદયાળ! હે ભક્તવત્સલ! હે કરુણાસાગર! આપના એક નિમેષ માત્રથી જ આખા જગતનો પ્રલય થાય તો હું શી ગણત્રીમાં?"

શ્રીકૃષ્ણે કહ્યું; "હે મહાત્મન્! હે ગાંગેય! હે સ્વચ્છંદમૃત્યુ! આપની ઇચ્છા વગર આપનું મૃત્યુ કરવાને કોણ સમર્થ છે? તેમાં તમે જે મારા પરમભક્ત, તેનું મૃત્યુ આણવાને તો કોઈ પણ સમર્થ નથી. હું, જે આ સર્વ સર્જું છું, પાળું છું, સંહારું છું, તે સમર્થ નથી, તો પાંડવો કેમ સમર્થ બનશે? પાંડવો આપના પુત્ર છે, એમના કલ્યાણને માટે તમે સદાય ઉત્સુક રહો, એમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. પણ તમે પ્રતિજ્ઞા કરી છે કે, આવતી કાલે રણસંગ્રામમાં 'કાં તો હું નહિ, કે કાં તો પાંડવો નહિ,' આ તમારી પ્રતિજ્ઞા સદા તમારી ઇચ્છા પ્રમાણે જ સફળ થઇ શકે તેવી છે. તમારા બાહુબળ આગળ પાંડવોનો પરાજય જ છે; અને પાંડવોનો પરાજય–નાશ એ ત્રણે લોકમાં તમારી કીર્ત્તિ તથા યશને* લાંચ્છન લગાડનાર થઈ પડે, એ ભયથી જ, દેવી દ્રૌપદીને તમારા આશીર્વાદ માટે–અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ માટે–તમારા જેવા નિત્ય બ્રહ્મચારીને પગે પડાવી, પાંડવો જે તમારા પુત્ર છે તેનું રક્ષણ તમારી ઇચ્છાનુરૂપ થયું છે. તમને હણવાને પાંડવો સમર્થ નથી, અને પાંડવોને તમે હણો તો પિતાએ સંતાનોનો ઘાત

---

* દાન દેવાથી જે પ્રાપ્ત થાય છે તે કીર્તિ ને વીરતાથી જે પ્રાપ્ત થાય છે તે તે યશ. ભીષ્મપિતામહ બંનેના ભોક્તા છે.

કીધો, એ અધર્મનું પાતક ને અપકીર્તિમાંથી સંરક્ષણ તથા તમારી પ્રતિજ્ઞા 'હું નહિ કે પાંડવો નહિ' એનું સાફલ્ય કરાવવા એ જ કારણથી તમારી ભક્તિને હું અધીન થઈ, તમારી પાસે દ્રૌપદીને વરદાન અપાવવા પ્રેરણા કીધી છે. હે ભક્ત! હું સદા ભક્તની જ ઇચ્છાને વશવર્તી છું. મારા ભક્તની ઇચ્છાથી હું કિંચિત્ પણ વિદૂર જઈ શકતો નથી. જો તમારી ઇચ્છાથી વિપરીત થાય તો મમ ભક્તનું બીરદ જાય, જે હું સહન કરવે અસમર્થ છું. હે ગાંગેય! જે પોતાને અર્પણ કરે છે, તે બીજાને બચાવે છે, પણ તમારે તો પોતાને અર્પણ કરી પોતાના જ આત્માને બચાવવાનો છે. તમે જીવનનું લઘુત્વ ને મરણનું ભવ્યત્વ સારી રીતે જાણો છો. તમે વ્યવહારસંબંધથી બંધાઈ, તમારા દિગન્ત પર્યંત વ્યાપેલા વિશાળ–પ્રફુલ્લિત આત્માને ક્લેશ વહોરાવ્યો છે, અર્થથી તમારા તૃપ્ત આત્માને નીચો નમાવ્યો છે, તે હું સહન કરી શકતો નથી. તમે જીવન્મુક્ત છો, છતાં તમારામાં વ્યવહારબંધની* જે વાસના સહજ હતી, તેનો આજે તમે ક્ષય કીધો છે અને તમે વિદેહમુક્ત સિદ્ધ થયા છો; કેમકે પરમ અક્ષર બ્રહ્મનો તમને સાક્ષાત્કાર થયો છે ને સદસદ્રૂપ માયાને ભેદીને પરબ્રહ્મને અનુભવી આત્મસ્થ થયા છો. આ પૃથ્વીપર તમારું ભાવી જીવન ક્લેશકારી ન નિવડે, તેથી મારામાં શમાવવા માટે જ તમારે મુખે તમારું મૃત્યુ નિર્માણ કરાવવાનું આવશ્યક જોયું, ને પરજીવન સમીપ સ્વજીવન તુચ્છ જણાવવા તમને પ્રયાણ સૂચવ્યું છે. હે મમ પ્રાણ! પરમ અભેદભક્ત! પ્રારબ્ધકર્મના ભોગ અજ્ઞાનીને તથા જ્ઞાનીને સમાન હોય છે, પણ જ્ઞાનીને ધૈર્યને લીધે ક્લેશ થતો નથી, ત્યારે ધૈર્યરહિત અજ્ઞાની ક્લેશને પામે છે, પંથ કરનારા બે પુરુષો સમાન રીતે જ પરિશ્રમને વશ થાય છે, પણ જે માર્ગના અંતરને જાણે છે તે ધૈર્ય રાખીને ધીમે ધીમે ચાલે છે અને અજ્ઞાની–નહિ જાણનારો–વ્યાકુળ બનીને ક્લેશ વહોરે છે. હે ગાંગેય! તમે પૂર્ણજ્ઞાની છો, પૂર્ણભક્ત છો, મારું અંતર છો; તમને જ વિદિત છે કે, તમે પ્રમુખ સર્વ કૌરવ યોધવીરો પૂર્વથી લૌકિક દ્રષ્ટિએ હણાયલા છે–સ્વતઃ મુવેલા જ છે, એ સત્ય છે. તદપિ તમે તે હું જ છું, તેથી તમારી ઇચ્છા વિરુદ્ધ હું કંઈ પણ કરી શકું તેમ નથી. જ્ઞાની મારું અંતર છે, પણ ભક્ત તો મારું સાક્ષાત્ સ્વરૂપ છે. જે મારામાં જ લીન છે, અહંકારવૃત્તિથી રહિત છે, કેવલ

* સંબંધીજનના સ્નેહની.

આત્મારામ છે, તે કંઈ પણ ઇચ્છતો નથી, તે કામનારહિત જ છે. હે પિતામહ! એવા જ તમે મારા પરમભક્ત છો, સત્સ્વરૂપને અનુભવનારા છો, પ્રબુદ્ધ છો, મહાત્મા છો, અચળ છો, ભેદથી રહિત છો. હે તત્ત્વના તત્ત્વને જાણનારા! સ્વસ્વરૂપના આનંદમાં સદા આનંદે રમનારા! તમે મને જિત્યો છે. તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને હું સમર્થ નથી; હવે કહો, હું તમારું શું પ્રિય કરું?"

ભીષ્મપિતામહે ગળગળા સ્વરે કહ્યું; "હે પરબ્રહ્મ! હે પરમાત્મા! સકલ સૃષ્ટિના સ્વામી! આપના સ્વરૂપની પ્રાપ્તિમાં જ મારી કૃતાર્થતા છે. આપની ઇચ્છા પાંડવોને વિજય અપાવવાની છે, એ આપનું એક નિમેષ માત્રનું કર્તવ્ય છે. આ સર્વ જગત્ મૃત્યુના મુખમાં જ છે. આપ કાળના પણ કાળ છો, તેમ અક્ષરના સ્વામી છો. આપનાં દર્શન એ જ મારે સાલોક્ય, સારૂપ્ય, સામીપ્ય અને સાયુજ્ય મુક્તિ છે; એથી મારે વધારે શું જોઈએ? આપનાં નિત્યમુક્ત સ્વરૂપનું મારા હૃદયમાં દર્શન સ્મરણ રહો; ને

"ભારત જુદ્ધ સમય જે સુંદર, અર્જુન રથને હાંક્યો;
તે શ્રીકૃષ્ણ સ્વરૂપ જગસુંદર, મમ મનડું રહે ઝાંખ્યો.
સુંદર અલકાવલીમાં રહી છે, રણની ધૂળ લપટાઈ;
શોહે શ્રમજલ બિન્દુ વદનપર, છબી લાગે સુખદાઈ.
મમ ઘાડા બાણનથી ઘાયલ, ખંડિત કવચ અંગ ધાર્યું;
અનુદિન રહો મુજ નેણા આગે, એ છે મુજનું માગ્યું.
જેને મૂજ પ્રતિજ્ઞા માટે, નિજ પ્રતિજ્ઞા ટાળી;
તેજ સ્વરૂપમાં લાગે લગની, ગતિ મારી બનવારી.
પાંડવ સેનને મૂર્છિત જોઈ, મુજ સામા ધસી આવ્યા;
કોપ ભરી દૃષ્ટિ કરી સ્વામિ, ચક્ર ફેરી ડરાવ્યા.
પગ પકડી પારથ ત્યાં રોકે, સૃષ્ટિ થરથર કંપે;
હસ્તી દળવા કેસરી પેરે, ઉછાહ વાંગ્યો અંગે.
સખા વિનતિ નવ ગણકારી, મુજ વધ ઇચ્છી ધાયા;
તુટી રહ્યું તન કવચ મનોહર, શોભી રહ્યા ઘનછાયા.
પીતાંબર ફરફરી રહ્યું છે, એ છબી લાગે પ્યારી;
તેહ રૂપે વસો ચિત્ત મારે, સદા શ્રી ગિરિવરધારી."

ભીષ્મની આ પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ પરમાત્મા ગળગળા થતા ભીષ્મપિતામહને ભેટી પડ્યા. અન્યોન્યનાં રોમાંચ ખડાં થઈ ગયાં, ભેદભાવ

મટી ગયો, પરમ જ્યોતિરૂપનું દર્શન થઈ ગયું! ભીષ્મ નહિ, કૃષ્ણ નહિ, પણ એક જ—અદ્વૈતાત્મરૂપ પરમજ્યોતિ! શ્રીકૃષ્ણ તે જ ભીષ્મ, ભીષ્મ તે જ શ્રીકૃષ્ણરૂપ થઈ રહ્યા. ભીષ્મ, કૃષ્ણ, દ્રૌપદી, પહારેગીરો, સેવક સર્વને એક જ રૂપે અપરોક્ષ ને પરોક્ષ દર્શન થયાં. અખંડ ઐક્ય! પરમ દર્શન! પછી ભીષ્મપિતામહે શ્રીકૃષ્ણનું અર્ઘ પાદ્યથી પૂજન કીધું. પોતાના ભક્તનો થોડા કાળમાં આ જગતમાંથી વિરહ થવાનો છે, તેની વેદનાથી ઘવાયલા શ્રીકૃષ્ણે ગદ્‌ગદિત કંઠે ભીષ્મપિતામહને અનેક આશીર્વાદ આપીને વિદાય માંગી, ત્યારે પુનઃ ભીષ્મે પ્રાર્થના કીધી કે;—

પ્રિય પ્રાણનાથ, મન મોહન સુંદર પ્યારા;
ક્ષણું એક્કે પણ નવ રહો, મુજ નેણનથી ન્યારા.
તુજ દર્શન વિણ તન, રોમ રોમ દુઃખ વ્યાપે;
તુજ સ્મરણ વિણ આ વિશ્વ, વિષ સમ લાગે;
તુજ સંયોગ વિણ તન, વિયોગ દુઃખ ઐા સાલે;
અકલાય પ્રાણ જવ તુજ—મૂર્તિ નવ ભાલે;
મુજ દુઃખ હરણ ઓ જીવન—પ્રાણ આધારા;
ક્ષણું એક્કે પણ નવ રહો૦
આ જીવનના આધાર, બ્રહ્મ ૐ તત્સત્;
તુજ વિણ જગનો ઠાઠ, ભાસે તૃણવત્;
તુજ દર્શનથી સહૂ રમ્ય, અવર નહિ ચારું
તુજ વિણ આ જગનું સુખ, લાગે નહિ પ્યારું;
સચ્ચિદાનંદ ઘનરૂપ, આ નેણના તારા;
ક્ષણું એક્કે પણ નવ રહો૦
તુજ વિણ લાગે ક્ષણ એક, કલ્પ સમ ભારી;
તુજ વિણ સ્વર્ગનું સુખ, મહા નર્ક દુઃખકારી;
તુજ સંગે વનનું સુખ, જાઉં હું વારી;
મારે મન વસ્યા એક, શ્રી ગિરિવરધારી;
રહો સદાકાળ મનમાંહ્ય, પ્રાણના પ્યારા;
ક્ષણું એક્કે પણ નવ રહો૦

દ્રૌપદીને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થયું; પાંડવો બચ્યા; સ્વચ્છંદમૃત્યુ ભીષ્મપિતામહે સ્વઇચ્છાને અધીન થઈ, સ્વજીવનથી પરજીવન શ્રેષ્ઠ માની, સ્વજીવનને પ્રરમસ્વરૂપમાં વિલય કીધું. દશમા દિવસના મહાભારતના યુદ્ધમાં શિખંડીણીના નિમિત્ત, પણ સત્યનો વિજય કરીને અર્જુનના બાણથી પરાજય પામ્યા, અને પરમાત્માના રૂપમાં જ વિલીન થઈ,

ઉત્તરાયણમાં સ્થૂલ દેહનો ત્યાગ કરી, સૂક્ષ્મની પાર દેવયાનમાર્ગે વિચર્યા. ભક્તનાં લાડકોડ પૂરાં પાડનાર પરમાત્માએ જે અદ્ભુત લીલા એ પ્રસંગે દર્શાવી છે, તે અવર્ણ્ય છે.*

યોગીન્દ્ર મહાત્માએ સુવિચારને સંબોધીને કહ્યું; "તાત સુવિચાર! પરમાત્મા સદાય પોતાના ભક્તને અધીન છે. જેવી જેવી ભાવનાથી ભક્ત પરમાત્માને ભજે છે, તેવી તેવી ભાવનાથી પરમાત્મા તેને અધીન થઈ રહે છે. જ્યારે કુરુસભાના અન્ય જીવો શ્રીકૃષ્ણને મનુષ્યભાવથી જોતા હતા, ત્યારે જીવન્મુક્તિ ભીષ્મપિતામહ શ્રીકૃષ્ણને પરમાત્માના શુદ્ધ સ્વરૂપમાં જોતા હતા. શ્રીકૃષ્ણનું યથાર્થ અભેદ, એકરસમય સ્વરૂપ કૌરવસભામાં માત્ર ભીષ્મપિતામહ અને વિદુર એજ જોઈ શક્યા હતા, અને તેમનેજ પરમાત્મા અધીન હતા; અન્ય જીવોને તો પોતપોતાની ભાવનાનુરૂપ દર્શન થયું હતું. આ સૃષ્ટિનો સંહાર કરવાને સમર્થ

* અદ્વૈતાત્મક દર્શનના આ ગ્રંથમાં દ્વૈતભાવ દર્શાવનાર આ બિન્દુ જોઈ, કોઇ પણ વાંચકને શંકા થશે; કેમકે "ભકતાધીન ભગવાન્" નામનું આ બિન્દુ છે, તે ઉપરથી સ્પષ્ટ રીતે દ્વૈતની પ્રતીતિ થાય છે. પરંતુ તેમ નથી, એ સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં સત્વર જણાશે; કારણ કે, આ બિન્દુમાં તો અભેદપદ કેમ પ્રાપ્ત કરાય, તેને માટે વિવેચન કરવામાં આવ્યું છે ને અદ્વૈતનો બાધ કરીને અભેદભાવ જ સિદ્ધ કરવામાં આવ્યો છે. અહીં ભક્તશબ્દે કરીને સ્વસ્વરૂપને જાણનારો જીવાત્મા સમજવો અને ભગવાન્ શબ્દે કરીને શુદ્ધ પરબ્રહ્મ પરમાત્મા સમજવા. જીવાત્મા જો કે પરમાત્માના સ્વરૂપમાં મળી જાય છે, તોપણ તે પરમાત્માના અંશરૂપેજ ગણાય છે. એમાં સમુદ્રતરંગન્યાય એક દૃષ્ટાંતભૂત છે. જેમ તરંગ સમુદ્રમાંથી જ ઉત્પન્ન થઇને સમુદ્રમાં પાછો મળી જાય છે, પરંતુ તરંગ કંઈ સમુદ્ર કહેવાતો નથી, પણ તરંગ સમુદ્રનો જ કહેવાય છે; એમ જ જીવ વ્યાપક બ્રહ્મમાં મળી જાય છે, તો પણ તે બ્રહ્મ નહિ, પરંતુ બ્રહ્મભૂત કહેવાય છે. આ સિદ્ધાંતને અદ્વૈતમતના પ્રતિપાદન કરનારા શ્રીમચ્છંકરાચાર્યે 'सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्। सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारंगः ॥' એ શ્લોકમાં અભેદનું હાર્દ, અદ્વૈતમતનો સારાંશ, વેદાંતમતનું રહસ્ય જણાવ્યું છે. એનો અર્થ એવો થાય છે કે, 'હે નાથ! તારામાં અને મારામાં અભેદ છે, એ જો કે સત્ય છે, તોપણ હું તારો છું, તું મારો નહિ; જેમ કે સમુદ્રના તરંગો હોય છે, પણ કદી તરંગોનો સમુદ્ર હોતો નથી.' આમાં જ્ઞાન સાથે ભક્તિરસ ઉછળી રહેલો છે. એથી પણ સ્પષ્ટ કથન ભગવાન શંકરાચાર્યે એક સ્થળે આ પ્રમાણે કરેલું સ્મરણમાં છે. देहदृष्ट्या तु दासोऽहं जीवदृष्ट्या त्वदंशकः । आत्मबुध्यात्वमेवाहमिति मे निश्चिता मतिः ॥ અર્થઃ–"હે પ્રભો! દેહદૃષ્ટિએ જોતાં હું તમારો દાસ છું, (કારણ કે તમે સર્વગુણયુક્ત સ્વામી છો.) જીવભાવે જોતાં હું તમારો અંશ પ્રકટ્યો છું, અને શુદ્ધ આત્મદૃષ્ટિએ જોતાં તમે તે હું જ છું, (જે તમે તે જ હું છું, તમારાથી હું જૂદો નથી અને મારાથી તમે જૂદા નથી.) એવી મારી નિશ્ચિતા મતિ છે."

એવા પરમાત્મા ભીષ્મપિતામહનો કાળ આણવાને અસમર્થ નહતા; પરંતુ પરમાત્મામય જ ભીષ્મપિતામહ હતા. પરમાત્માને તે વશ નહતા, પણ ભીષ્મપિતામહને વશ તે હતા; કારણ કે તે પરમાત્માના ઐક્યનો અનુભવ કરતા હતા. ભીષ્મપિતામહ પરમાત્માના પરમ ભક્ત હતા, તેમનામાં રાત દહાડો લીન હતા. તેઓ તેમનું પ્રત્યક્ષ દર્શન જનસમૂહમાં કે એકાંતમાં કર્યા કરતા હતા. એવા ભક્તજનની પ્રતિજ્ઞા અફળ નહિ કરવા માટે, દ્રૌપદીને સાથે લઇને, ભીષ્મપિતામહનો આશીર્વાદ અપાવીને, તેમનાં જ વચનનું સાફલ્ય કરી બતાવ્યું હતું. શ્રીકૃષ્ણ એકલા જ જાણતા હતા કે, ભીષ્મ દુરાધર્ષ છે, અજિત છે, આ લોકમાં તેમની બરોબરી કરી શકે તેવો કોઈ પણ નથી; તેમ તે શ્રીકૃષ્ણ-પરમાત્માના પણ પરમ ભક્ત હતા ને શ્રીકૃષ્ણને પણ જિતેલા હતા! એવા પરમ ભક્તની પ્રતિજ્ઞા અફળ જાય, એ પરમાત્મા સહન કરી શકે નહિ. પ્રિય વત્સ સુવિચાર! એ જ ભક્તની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પરમાત્માએ પોતાની પ્રતિજ્ઞા ત્યજી ચક્રરૂપી શસ્ત્ર હાથ ધર્યું હતું. પોતાના ભક્તના હિતને માટે પરમાત્માએ થોડો શ્રમ ઉઠાવ્યો નથી. પ્રહ્લાદને જ્યારે સંકટ આવી પડ્યું, ત્યારે નૃસિંહનું અમાનુષિકરૂપ ધારણ કરીને તેના સંકટનું નિવારણ કર્યું હતું, અને ભક્ત તથા પ્રિય સખા અર્જુનને રણમાં તૃષા લાગી, ત્યારે ત્યાં જ ગંગા ઉત્પન્ન કરીને તેની તૃષા મટાડી હતી. પરમાત્માએ અનેક ભક્તોની અનેક વેળાએ કામનાઓ પૂરી છે.

### શ્રીકૃષ્ણરૂપનું રહસ્ય

હે પ્રિય વત્સો! શ્રીકૃષ્ણ પરમાત્મા પૂર્ણ અવતારી છે. એમનું સ્વરૂપ દિવ્ય છે, એમનું જ્ઞાન પણ દિવ્ય છે. એ પરમ અદ્ભુત સ્વરૂપની અવતારલીલાનું રહસ્ય પણ અદ્ભૂત જ છે. નંદ એ બ્રહ્મા છે; યશોદા એ મુક્તિ છે; વસુદેવ એ વેદ છે; દેવકી એ બ્રહ્મવિદ્યા છે; ગોપી એ ગો (પૃથ્વી, વાણી, ઇન્દ્રિયો, ગૌ) છે; શ્રીકૃષ્ણે હાથમાં ધરેલી યષ્ટિકા એ યોગમંત્ર છે; બંસી એ સૌમ્ય સ્વરૂપ છે; ગોપ સખાઓ એ દેવતાઓ છે; વનનાં વૃક્ષો એ તપસ્વીઓ છે અને વૃન્દાવન એ સાક્ષાત્ વૈકુંઠ જ છે. બળભદ્ર એ શેષનાગ છે અને સ્વયં એ વેદે નિરૂપણ કરેલું પરબ્રહ્મનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણે જે અનેક પ્રકારની લીલા કીધી છે, તેમાં અપરમાતા રોહિણી એ ધ્યાનમૂર્તિ છે; સત્યભામા એ અહિંસા સ્વરૂપ છે; અક્રૂર એ સત્ય છે; ઉદ્ધવ એ ઇંદ્રિયનિગ્રહ છે; કંસ એ કલહ છે; અઘાસુર એ કામ છે; ચાણૂર એ દ્વેષ છે;

મુષ્ટિક એ મત્સર છે; કુવલયાપીડ એ દર્પ છે; બકાસુર એ ગર્વ છે; તૃણાવર્ત એ લોભ છે; કેશી સાક્ષાત્ ક્રોધની મૂર્તિ છે; શ્રીકૃષ્ણે ધારણ કરેલો શંખ એ લક્ષ્મી છે; નંદકખડ્ગ એ રુદ્રનું ઉગ્રરૂપ છે; સુદર્શન ચક્ર એ જ્ઞાનચિહ્ન છે; ધારણ કરેલાં બાણ એ કાળ છે; શાર્ઙ્ગધનુષ એ માયા છે; પદ્મ એ જગતનું બીજ છે; વૈજયંતી માળા એ વાયુ છે; તુલસીમાળા એ ભક્તિ છે; ચમર એ ધર્મ છે; છત્ર એ આકાશ છે, અને પટરાણી રુકમિણી એ બુદ્ધિ-આદ્ય શક્તિ મહામાયા છે. આવું શ્રીકૃષ્ણના પરમ સ્વરૂપનું સ્મરણ ભીષ્મપિતામહ દૃષ્ટિ સમીપથી ક્ષણભર પણ ખસેડતા નહતા. શ્રીકૃષ્ણથી ભિન્ન તેઓને કંઈ પણ દૃષ્ટિએ પડતું નહતું. ચરાચરમાં, જ્યાં દૃષ્ટિપાત થતો ત્યાં ત્યાં, એજ સ્વરૂપમાં વિહરતા હતા. સર્વ કર્મ ધર્મ શ્રીકૃષ્ણને અર્પતા, ફલાભિસંધિના ત્યાગી રહેતા, ને કામરહિત બની તેને જ પરબ્રહ્મ-પૂર્ણનું પૂર્ણ, તત્ત્વનું તત્ત્વ ને સારનું સાર જાણતા-અનુભવતા. એવા પરમભક્ત ભીષ્મને શ્રીકૃષ્ણ અધીનજ હતા.

હે જીવન્મુકતો! પરમાત્માનું તમારે ક્ષણભર પણ ધ્યાન-લક્ષ મૂકવાનું નથી. તેના જ લક્ષમાં જે જીવ નિમગ્ન થાય છે, તેણે સર્વ તીર્થમાં સ્નાન કર્યું, સર્વ પૃથ્વીનું દાન કર્યું, સહસ્ર યજ્ઞો કર્યા, પિતૃ-ઓને ઉદ્ધાર્યા, દેવોનું યજન કર્યું એમ સમજવું. પરમાત્માના લક્ષમાં વિહરતો જીવ સંસારી નથી, દેહી નથી, પણ કામનાથી મુક્ત જ છે, નિત્ય કેવળને પ્રાપ્ત કરનારો છે, નિર્ગુણ બ્રહ્મ છે. તેને ઇંદ્રિયોના અર્થને વિષે તેમ કર્મ વિષે પણ આસક્તિ રહેતી નથી. જે પુરુષે સર્વ સંકલ્પોનો નાશ કીધો છે, તેજ ચિદાનંદરૂપ પરબ્રહ્મનો સખા છે, બંધુ છે, રે ચિદાનંદરૂપ જ છે. પરમાત્માની સાયુજ્યમુક્તિ પ્રાપ્ત કરવાર્થે, પ્રથમ શ્રવણ, કીર્ત્તન અને સ્મરણની આવશ્યક્તા છે; પછી પાદસેવન, અર્ચન અને વંદન કરતાં કરતાં દાસ્ય ભાવ મનમાં આણવો. એ દાસ્ય ભાવમાં હું તેમનો છું, એવો વિચાર મનમાં દૃઢપણે ઠસાવવો. એ શરણું શ્રેષ્ઠ છે; પણ મૃદુ છે. એમાં પુરુષે મનમાં મનસા વાચા કર્મણા આ જ દૃઢ નિશ્ચય કરી લેવો કે, હે દીનવત્સલ, દયાસિંધો! હે કરુણાસાગર! આપનું અલૌકિક સ્વરૂપ જાણવાને હું અસમર્થ છું; છતાં આપનું સ્વ-રૂપ હું જોઉં છું ને આપના જ પ્રેમમાં રમું છું. હે નાથ! મારા તમારા વચ્ચે મોટો ભેદ છે, છતાં હું તમારોજ છું; હું તમારે શરણે છું; હું તમારો પરમ ભક્ત છું. હે નાથ! તમે મારા નથી, તથાપિ હું તમારો

છું. માટે મારા ઉપર દયા કરીને આપની ભક્તિનો પરમ અધિકારી કરો ને આપને શરણે લ્યો. આ નરકરૂપ સંસારના અપાર દુઃખમાંથી ઉગારીને તમારી સેવાનો અધિકારી કરો. હે નાથ! જેમ સમુદ્રમાંથી નિપજતા તરંગો સમુદ્રના છે, સમુદ્ર કંઈ તરંગનો નથી; તેમ જ હે દીન-વત્સલ! હું તમારો છું. તમે મારા નથી. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સાધનોનો અભ્યાસ પરિપાક દશાને પામવો જોઈએ. આ ભક્તિ પ્રકાર મૃદુ છે. એવી દાસ્યની સ્થિતિ પૂર્ણ થતાં દાસ પણ સખા થાય છે. એવું આ સંસારમાં અનેક સ્થળે જોવામાં આવ્યું છે તો પરમાત્મા, એકનિષ્ઠ ભક્તને પોતાનો સખા કરવાનો વિલંબ કરે તેમ નથી. એ સ્થિતિમાં, જે પર-માત્માનું દાસસ્થિતિમાં ભેદભાવે ઉપાસન થતું હતું, અને જે પરમાત્માનું અન્યરૂપે સેવન થતું હતું, તે પરમાત્મા સખા સ્થિતિમાં ભક્તના હૃદયમાં જ નિવાસ–સ્થિતિ કરી અહોકાળ રહે છે. એ સ્થિતિમાં આવેલા જીવના ચર્મચક્ષુ સમક્ષથી પરમાત્મા દૂર જાય, પરંતુ તેના હૃદયચક્ષુ સમીપથી તેનું વિદૂર થવું, એ તો અશક્ય જ હોય છે. સંસારમાં રહ્યા છતાં અનેક જાતનાં દુઃખ આવી પડે, તેવે સમયે પણ પરમાત્મા જેના હૃદયમાંથી વિદૂર થઈ શકતા નથી, તેવા ભક્તને અંતે પરમાત્મા પોતાના હૃદય સાથે, જેમ ગોપીઓને ચાંપી હતી, તેમ ચાંપીને તેની સર્વ કામનાઓને સફળ કરે છે. ભક્તિનો આ દ્વિતીય પ્રકાર મધ્યમ ગણાય છે, પણ ભક્તિનો શ્રેષ્ઠ પ્રકાર આત્મનિવેદન છે. એ સ્થિતિને પ્રાપ્ત થયેલા જીવને સર્વત્ર વાસુદેવ વગર બીજું કંઈ પણ દૃષ્ટે પડતું નથી. હું તે તે ને તે તે હું, એવી સાત્વિક ભાવના હૃદયમાં વિલસે છે; તેવો પુરુષ, નિત્ય, મુક્ત, પર-માત્માનો પરમ અનન્યભક્ત છે. જે પોતાથી અન્ય કંઈ જોઈ શકતો નથી, અન્યને ઉપાસતો નથી, અન્યનું શરણું લેતો નથી; સર્વાકાર, સર્વ મય, ચિદાનંદ સ્વરૂપમાં જ જે વિલસે છે, સર્વત્ર અભેદમય જુએ છે, તે નિઃસંશય રહીને સંસારની સર્વ કામનાનો ત્યાગ કરી દે છે. તેને શત્રુ કે મિત્ર, સ્વજન કે અન્યજન, સુવર્ણ કે ભસ્મ, પારસમણિ કે પાષાણ, રોગ કે ભોગ, તીર્થ કે શ્વપચનું ઘર, દેવાંગના કે કુબડી, શ્વાન, કે સર્વાંગ સુંદર, અમૃત કે વિષ, આલોક કે દેવલોક, કીટત્વ કે વિહં-ગમત્વ, કોઈ પણ સ્થિતિ સમાન છે, તેમાં સુખ કે દુઃખ માનતો નથી, પણ એકરૂપ રહે છે–જેની સ્વર્ગની, ઇંદ્રપદની કામના નષ્ટ થઈ છે, તે જ સાયુજ્ય મુક્તિનો સ્વામી છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે તેમ,

કર્મ ફળના આસંગો તજી, નિત્ય તૃપ્ત, નિરાશ્રય એવો જે, કર્મને વિષે અત્યંત પ્રવૃત્ત છતાં પણ કંઈ કરતો નથી, જોવા છતાં પણ જોતો નથી, સાંભળવા છતાં પણ સાંભળતો નથી, કર્તવ્ય માત્રમાં જેની ઉદાસીનતા છે, તે સદાય તૃપ્ત છે, સદાય મુક્ત છે. એ સ્થિતિને પ્રાપ્ત થયા પછી એ ભક્તને પુનર્જન્મ નથી; તેને ઉદયે નથી, તેમ અસ્તે નથી; તે સત્ કે અસત્‌થી વિદૂર નથી, તેમ ભિન્ને નથી. જેનું અહંત્વ નાશ પામ્યું છે, તે સાક્ષાત્ બ્રહ્મરૂપ જ છે. સ્વરૂપના સહજાનંદમાં સદા વિહરતા, સ્વચ્છંદ લીલા ભોગવતા, એ ભક્તો નિઃસંગ, નિરર્ગળ, એવી રીતે વિચરે છે કે, જેમ પાણીમાં ચાલતા મચ્છની ગતિ કે આકાશમાં ઉડતા પક્ષીની ગતિ ગૂઢ રહે છે–અને તેનો પાર પામી શકાતો નથી, તેમ આત્મનિષ્ઠ એકાંતિક ભક્તને મનુષ્ય તો શું પણ દેવતાઓ પણ કળી શકતા નથી. આવી સ્થિતિને પ્રાપ્ત થઈને, હે તાત! તમે જગતમાં વિચરો. તમને કોઈ પણ પ્રકારનો દોષ લાગશે નહિ. પરમાત્મા ભક્તનો છે, ભક્ત તેનો છે, ભક્તને તે એક સ્વરૂપ છે, એ સ્થિતિને પ્રાપ્ત થયલો જીવ, દેહી છતે જીવન્મુક્ત છે; વિદેહી છતે જીવન્મુક્ત છે. હરિ ॐ શાંતિ! શાંતિ! શાંતિ!

## જ્યોતિરૂપનું દર્શન

પોતાના પ્રિય શિષ્યોને આ પ્રમાણે ઉપદેશ કરીને યોગીન્દ્ર મહાત્મા ક્ષણમાત્ર મૌન ધરી રહ્યા. બંને શિષ્યો ગુરુદેવના મુખદર્શનનું પાન કરતાં ગળગળા થઈ ગયા. જવાની ઇચ્છા ન છતાં, નિરિચ્છાએ ઉઠ્યા, મન્દ મન્દ પગલે ચાલવા માંડ્યું. ગુરુદેવ તેમનો મનોભાવ જાણી ગયા, ઉઠ્યા, બન્નેને હૃદય સરસા ચાંપ્યા, માર્ગસ્થ કીધા. થોડાંક પગલાં આગળ જઈ, સુવિચાર ને પ્રકટપ્રજ્ઞાએ યોગીન્દ્ર દેવનું પુનઃ દર્શન કરવા મુખ ફેરવ્યું. શું દૃષ્ટે પડ્યું? પર્ણકુટી–ગુહા ન હતી, સિંહ પણ ન હતો, માત્ર યોગીન્દ્ર! સમાધિસ્થ યોગીન્દ્ર! અવકાશમાં ઉભા હતા. ધીમે ધીમે તે અવકાશમાં વ્યાપક જણાવા લાગ્યા. સુવિચાર ને પ્રકટપ્રજ્ઞાની દૃષ્ટિ એકતાર થઈ ગઈ. પછી ધીમે ધીમે, ક્ષણે ક્ષણે તેમના સ્થૂળ કે સૂક્ષ્મ પરમાણુઓ ઓગળવા લાગ્યાં ને જોત જોતામાં તે એવા અલોપ થતા ગયા કે, ચર્મચક્ષુથી જોવું અશકય થઈ પડ્યું. બન્ને શિષ્યો યોગીન્દ્રના આ પ્રમાણે અકસ્માત્ અલોપ થઈ જવાથી, વિશ્વમાં વિશ્વમય થવાથી અતિ ઘણા મુંઝાઈ ગયા. તેમનાં નેત્રમાંથી એક સરખી અશ્રુની ધારા વહેવા લાગી. એટલામાં ચોપાસ એક દિવ્ય સ્વરૂપ વ્યક્ત થવા લાગ્યું. તે સર્વ વ્યાપી

સ્વરૂપ, મહા તેજોરાશિનો પુંજરૂપ અલૌકિક ગાન કરતું હતું, સર્વત્ર છવાઈ ગયલું હતું. જે દિશામાં દૃષ્ટિ કરે તો ત્યાં મહાત્માનું સ્વરૂપ દર્શન દેતું હતું. ત્યાંથી મધુરો ગાનનાદ એવો જ નિકળતો હતો કે, સંસારના નિષ્કામપણે સ્વયં પ્રાપ્ત થયેલા ભોગ ભોગવીને કુંદનરૂપ થયા વિના પરમાત્માનું પરમધામ પામી શકાતું નથી. ધામ પ્રાપ્ત કરનારાને સર્વ વાસનાનો ત્યાગ કરવાનો છે. હે શિષ્યો! હે બાળકો! તમારું શેષ આયુષ્ય મદાત્મક કરીને સંસારમાં વિચરણ કરવાથી કોઈ પણ જાતનો તમને પ્રત્યવાય લાગશે નહિ. જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે મારો જન્મ છે. આ જન્મ પણ તેજ છે. મારારૂપ થશો, મારા ભક્ત થશો, તો તમારી ગાત છે, મોક્ષ છે." આ પ્રમાણે ઘૂમતા નાદમાંથી નીકળતા શબ્દબ્રહ્મસ્વરૂપમાંથી એક પરમજ્યોતિ પ્રકટ થઈ અને જોત જોતામાં અવકાશમાં વિલીન થઈ ગઈ.

બંને દંપતી શુદ્ધરૂપ બન્યા છતાં પણ ગુરુવિરહથી ઉદાસ થઈ ગયાં. પછી કેટલો કાળ પર્વતપર રહી, ગુરુ આજ્ઞાને અનુસરી, પ્રારબ્ધ ભોગવવાને એ દિવ્ય સ્થળનો ત્યાગ કીધો. ધીમે ધીમે હિમગિરિનું સૌન્દર્ય નિરખતાં નિરખતાં પોતાના સ્થાનમાં આવીને રહ્યાં. જે ઉત્તમ જ્ઞાન તે મહાત્મા પાસેથી પ્રાપ્ત કીધું હતું, તેનો અનેક લોકોને ઉપદેશ આપીને, સંચિત કર્મના ભોગ ભોગવી, નિર્વાસનિક બની-શુદ્ધ નિર્ગુણ બની, કાળની જ નિરીક્ષા કરતાં સંસારમાં વિચરતાં હતાં અને કાળ આવતાં પરમાત્માના પ્રેમધામમાં જઈને અખંડ પ્રેમાનંદની લીલાનો અનુભવ કરવા લાગ્યાં.

इति श्रीनंदनंदनपादारविंदमिलिंदेन देशाइकुलोत्पन्नेन सूर्यरामसुतेन इच्छारामेण विरचिते चन्द्रकान्ते पर्णकुटीरहस्ये नाम्नि चतुर्थप्रवाहे तत्वानुसंधानो-पदेशनाम द्वितीयः खंडः ॥

## વિલય

**कृष्णे रताः कृष्णमनुस्मरन्ति । रात्रौ च कृष्णं पुनरुत्थिता ये ।**
**तेभिन्नदेहाः प्रविशन्ति कृष्णम् । हविर्यथा मन्त्रहुतं हुताशे ॥**

અર્થ–શ્રીકૃષ્ણ (પરમાત્મા)માં આસક્ત, શ્રીકૃષ્ણનું ક્ષણે ક્ષણે સ્મરણ કરનાર, રાત્રિના સુતાં પણ શ્રીકૃષ્ણનું (અર્થાત્ નિદ્રા, સ્વપ્નમાં પણ શ્રીકૃષ્ણ), ઉઠતાં પણ શ્રીકૃષ્ણનું જેને સ્મરણ થાય છે, તેવો જીવાત્મા, ભિન્ન દેહવાળો છતાં, જેમ મંત્ર ભણી હોમેલું હવિ અગ્નિમાં મળી જાય છે, તેમ શ્રીકૃષ્ણમાં મળી જાય છે.

## "ગુજરાતી" છાપખાનામાંથી પ્રકટ થયેલા ગ્રંથો

### વેદાન્ત

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|
| ૧ યોગવાસિષ્ઠ મહારામાયણ. (ભાગ ૧ લો અને ૨ જો, પાકાં પૂઠાં) ... ... ... | ૧૦– ૦–૦ |
| ૨ શ્રી અધ્યાત્મ રામાયણ (૩ જી આવૃત્તિ) ... | ૧– ૮–૦ |
| ૩ પંચદશી (ચંદ્રકાન્ત વિવરણ સહિત) ... | ૬– ૦–૦ |
| ૪ ચન્દ્રકાન્ત–ભાગ ૧ લો–(૭ મી આવૃત્તિ) ... | ૨– ૮–૦ |
| ૫ ચન્દ્રકાન્ત–ભાગ ૨ જો–(૫ મી આવૃત્તિ) ... | ૨– ૮–૦ |
| ૬ ચન્દ્રકાન્ત–ભાગ ૩ જો–(૩ જી આવૃત્તિ) ... | ૨– ૮–૦ |
| ૭ चंद्रकान्त प्रथम भाग (हिंदी) ... ... | ૨– ૮–૦ |
| ૮ ચિદ્દ્ઘનાનંદી શ્રીમદ્ભગવદ્ગીતા (૫ રંગીન ચિત્રો) | ૪– ૦–૦ |
| ૯ જ્ઞાનેશ્વરી શ્રીમદ્ભગવદ્ગીતા (૫ રંગીન ચિત્રો) | ૪– ૦–૦ |
| ૧૦ શ્રીધરી શ્રીમદ્ભગવદ્ગીતા (મોટા અક્ષર–રેશમી પૂઠાં) ... ... ... | ૧– ૦–૦ |
| ૧૧ શ્રીધરી શ્રીમદ્ભગવદ્ગીતા (૫ મી આવૃત્તિ) | ૦– ૭–૦ |
| ૧૨ શ્રીમદ્ભગવદ્ગીતા (નર્મદ અને તુલસીદાસ). | ૦– ૮–૦ |
| ૧૩ શ્રી પંચરત્ન ગીતા (૪ થી આવૃત્તિ) ... | ૦–૧૨–૦ |
| ૧૪ ભર્તૃહરિ શતક ચતુષ્ટય સંગ્રહ ... ... | ૦–૧૨–૦ |
| ૧૫ युक्ति प्रकाश (हिंदी) ... ... ... | ૧– ૦–૦ |

### ધર્મ

| | |
|---|---|
| ૧૬ શ્રીમદ્ મહાભારત (ભાગ ૧ લો) ... ... | ૯– ૦–૦ |
| ૧૭ શ્રીમદ્ મહાભારત (ભાગ ૨ જો) ... ... | ૧૧– ૦–૦ |
| ૧૮ શ્રીમદ્ વાલ્મીકિ રામાયણ... ... ... | ૬– ૦–૦ |
| ૧૯ આત્મપુરાણ ... ... ... ... | ૬– ૦–૦ |
| ૨૦ શ્રીમદ્ભાગવત (ગંગા જમની, સચિત્ર) ... | ૧૦– ૦–૦ |
| શ્રીમદ્ભાગવત (મોટા અક્ષરવાવાળું ૨૯ ચિત્રો સહિત). એક ભાગમાં કપડાના પૂઠાનું... | ૮– ૮–૦ |
| બે ,, ,, ,, ... | ૯– ૦–૦ |
| એક ,, રેશમી ,, ... | ૯– ૦–૦ |
| બે ,, ,, ,, ... | ૯– ૮–૦ |

| પુસ્તકનું નામ. | કિંમત. |
| --- | --- |
| પાણીથી પલળે નહિ, નખ વગેરેના ઘસરકા પડે નહિ, અને ઉંધાઈ ખાય નહિ તેવા પૂઠાનું એક ભાગમાં ... ... ... | ૧૦–૦–૦ |
| બે ,, ... ... ... | ૧૦–૮–૦ |
| ૨૧ શ્રીમદ્‌ભાગવત (મધ્યમાક્ષર સચિત્ર) ... | ૪– ૮–૦ |
| ૨૨ શ્રીમદ્‌ભાગવત (વલ્લભ અને પ્રેમાનંદ કૃત સચિત્ર આવૃત્તિ ૩ જી) ... ... | ૫– ૦–૦ |
| ૨૩ શ્રીમદ્‌ભાગવત એકાદશ સ્કંધ ... ... | ૦– ૬–૬ |
| ૨૪ શ્રીમદ્‌ભાગવત ગુટકો ભાષાંતર (૧૭ ચિત્રસમેત) | ૨– ૪–૦ |
| ૨૫ શ્રીવામનપુરાણ ... ... ... | ૧– ૮–૦ |
| ૨૬ મનુસ્મૃતિ (મૂળ અને ભાષાંતર પુષ્કળ વિવેચન અને સ્ફોટન સહિત)... ... ... | ૩– ૮–૦ |
| ૨૭ પારાશરસ્મૃતિ (મૂળ અને કેવળ નવીન પદ્ધતિપર પ્રમાણવાળું ને પુષ્કળ ટીકાવાળું ભાષાંતર) | ૧– ૮–૦ |
| ૨૮ વેદોક્ત ધર્મપ્રકાશ (વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત–પ્રશ્નોત્તરરૂપે. નાના બાળકો તથા યૂવાન્ સ્ત્રી પુરુષોને સનાતન આર્ય ધર્મનો ઉત્તમ બોધ આપનાર આના જેવો એકકે ગ્રંથ નથી)... | ૧– ૪–૦ |
| ૨૯ ધર્મવિચાર ... ... ... ... | ૧– ૮–૦ |

## નીતિ

| | |
| --- | --- |
| ૩૦ શુક્રનીતિ (પુષ્કળ સુધારા વધારા સાથે ૨ જી આવૃત્તિ) ... ... ... .. | ૧– ૪–૦ |
| ૩૧ વિદુરનીતિ (૪ થી આવૃત્તિ) ... ... | ૦– ૨–૬ |
| ૩૨ પંચતંત્ર (૨ જી આવૃત્તિ) ... ... | ૧– ૦–૦ |
| ૩૩ કળાવિલાસ (૨ જી આવૃત્તિ) ... ... | ૦–૧૨–૦ |
| ૩૪ ચારુચર્યા (૩ જી આવૃત્તિ.) ... ... | ૦– ૨–૬ |
| ૩૫ નીતિસુધાતરંગિણી (અત્યુત્તમ) ... ... | ૧– ૦–૦ |
| ૩૬ વિવેકાનન્દ વિચારમાળા. (ભાગ ૧ લો)... | ૨– ૪–૦ |
| વિવેકાનન્દ વિચારમાળા. (ભાગ ૨ જો)... | ૨– ૪–૦ |
| ૩૭ પરમહંસ રામકૃષ્ણનાં બોધ વચન (૨ જી આવૃત્તિ) | ૦– ૮–૦ |
| ૩૮ પુત્રીશિક્ષા (૪ થી આવૃત્તિ) ... ... | ૦– ૪–૦ |
| ૩૯ નીતિબોધ (૩ જી આવૃત્તિ) ... ... | ૦– ૬–૦ |

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|

## કાવ્ય અને અલંકાર

| | | |
|---|---|---|
| ૪૦ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૧ લો (૪થી આવૃત્તિ) | ૧– ૮–૦ |
| ૪૧ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૨ જો (૩ જી આવૃત્તિ) | ૨– ૮–૦ |
| ૪૨ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૩ જો (૨ જી આવૃત્તિ) | ૨– ૮–૦ |
| ૪૩ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૫ મો ... ... | ૩– ૦–૦ |
| ૪૪ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૬ ઠ્ઠો ... ... | ૩– ૦–૦ |
| ૪૫ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૭ મો ... ... | ૩– ૦–૦ |
| ૪૬ | બૃહત્ કાવ્યદોહન, ભાગ ૮ મો ... ... | ૩– ૦–૦ |
| ૪૭ | નરસિંહ મેહેતાકૃત કાવ્યસંગ્રહ... ... | ૩– ૦–૦ |
| ૪૮ | દયારામકૃત કાવ્યસંગ્રહ (૪ થી આવૃત્તિ) ... | ૧– ૮–૦ |
| ૪૯ | પ્રવીણ–સાગર (હિંદી મૂળ અને ગુ. ભાષાંતર) | ૩– ૦–૦ |
| ૫૦ | બ્રહ્માનંદ કાવ્ય (૨ જી આવૃત્તિ)... ... | ૧–૧૨–૦ |
| ૫૧ | સુમતિપ્રકાશ બ્રહ્માનંદ સ્વામીકૃત ... ... | ૦– ૬–૦ |
| ૫૨ | નભૂવાણી (પ્રાસાદિક કાવ્ય) ... ... | ૨– ૦–૦ |
| ૫૩ | શ્રીકૃષ્ણચરિત્ર (ગિરિધરકૃત) ... ... | ૨– ૦–૦ |
| ૫૪ | સ્ત્રીગીતસંગ્રહ ... ... ... | ૦–૧૦–૦ |
| ૫૫ | નર્મકવિતા (નાની) ... ... ... | ૦– ૬–૦ |
| | નર્મકવિતા ... ... ... ... | ૪– ૦–૦ |
| ૫૬ | નળાખ્યાન(નર્મદ સંશોધિત) ... ... | ૦– ૫–૦ |
| ૫૭ | સવિતાકૃત કવિતા ... ... ... | ૧– ૦–૦ |
| ૫૮ | અલંકારચંદ્રિકા–(૨ જી આવૃત્તિ) ... | ૧– ૦–૦ |
| ૫૯ | બિહારી–સતસઈ (કવિ સવિતાનારાયણ) ... | ૧– ૮–૦ |
| | મેઘદૂત ... ... ... ... | ૧– ૪–૦ |

## નવલ કથા

| | | |
|---|---|---|
| ૬૦ | કથાસરિત્સાગર (૨ ભાગ. આવૃત્તિ ૨ જી) | ૪– ૦–૦ |
| ૬૧ | અદ્‌ભુત વિક્રમાદિત્ય (ભાગ ૧ લો)... ... | ૧– ૦–૦ |
| ૬૨ | ઇરાવતિ (૨ જી આવૃત્તિ) ... ... | ૧– ૮–૦ |
| ૬૩ | સરલ કાદમ્બરી (૨ જી આવૃત્તિ)... ... | ૧– ૦–૦ |
| ૬૪ | માલતીમાધવની વાર્ત્તા ... ... | ૦– ૫–૦ |
| ૬૫ | વિક્રમોર્વશીયની વાર્ત્તા ... ... ... | ૦– ૩–૦ |
| ૬૬ | શાકુંતલાની વાર્ત્તા ... ... ... | ૦– ૩–૦ |

| પુસ્તકનું નામ. | | કિમ્મત. |
|---|---|---|
| ૬૭ | હાજીબાબાનાં સાહસ કર્મો ... ... | ૧– ૪–૦ |
| | અરેબીયન નાઇટસ (૨ ભાગ)... ... | |
| ૬૮ | મુક્તમાળા ... ... ... ... | ૦–૧૦–૦ |
| ૬૯ | હાથનાં કર્યાં હૈયે વાગ્યાં ... ... | ૧– ૪–૦ |
| ૭૦ | રાસેલાસની કથા ... ... ... | ૦–૧૦–૦ |
| ૭૧ | દીનાર્બસ–રાસેલાસની કથાનો ઉત્તર ભાગ ... | ૦–૧૦–૦ |
| ૭૨ | ૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન ... ... | ૦–૧૨–૦ |
| | મુરખો ... ... ... ... | ૦– ૬–૦ |
| | ચતુરસિંગ ... ... ... ... | ૦– ૪–૦ |

## ઐતિહાસિક નવલ કથા

| | | |
|---|---|---|
| ૭૩ | ટીપૂ સુલતાન (પ્રથમ ભાગ) ... ... | ૧– ૦–૦ |
| ૭૪ | દિલ્લીપર હલ્લો (૨ જી આવૃત્તિ) ... ... | ૧– ૦–૦ |
| ૭૫ | અરાઢમી સદીનું હિંદુસ્તાન ... ... | ૧– ૮–૦ |
| ૭૬ | ઔરંગઝેબ અને રાજપૂતો ... ... | ૨– ૦–૦ |
| ૭૭ | શાહજાદો અને ભીખારી ... ... | ૧– ૮–૦ |
| ૭૮ | હેસ્ટીંગસની સોટી ... ... ... | ૨– ૦–૦ |
| ૭૯ | બાજીરાવ બલ્લાળ ... ... ... | ૨– ૦–૦ |
| ૮૦ | બેગમસાહેબ ... ... ... ... | ૨– ૦–૦ |
| ૮૧ | પાણીપતનું યુદ્ધ ... ... ... ... | ૨– ૦–૦ |
| ૮૨ | નૂરજહાંન ... ... ... ... | ૨– ૦–૦ |
| ૮૩ | રૂપનગરની રાજકુંવરી ... ... ... | ૨– ૦–૦ |
| ૮૪ | ઇન્દુકુમારી ... ... ... ... | ૧– ૮–૦ |
| ૮૫ | પ્લાસીનું યુદ્ધ... ... ... ... | ૨– ૦–૦ |
| ૮૬ | શિવાજીનો વાઘનખ<br>હલદીઘાટનું યુદ્ધ } ... ... ... | ૨– ૦–૦ |
| ૮૭ | નંદનવનનો નાશ ... ... ... | ૨– ૦–૦ |
| ૮૮ | પેશવાઇની પડતીનો પ્રસ્તાવ ... .. | ૨– ૦–૦ |
| ૮૯ | ઔરંગઝેબનો ઉદય ... ... ... | ૨– ૦–૦ |
| ૯૦ | પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ ... | ૨– ૦–૦ |
| ૯૧ | કત્લેઆમ (નાદિરની દિલ્લીપર ચઢાઈ) ... | ૨– ૦–૦ |
| ૯૨ | ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય ... | ૨– ૦–૦ |

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|
| ૯૩ જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય ... | ૨– ૦–૦ |
| ૯૪ હમ્મીર હઠ અથવા રણથંભોરનો ઘેરો ... | ૨– ૦–૦ |
| ૯૫ જનાનખાનાની બીબીઓ ... ... | ૦–૧૨–૦ |
| ૯૬ લીલા–(યોગની એક વાર્તા) ... ... | ૧– ૦–૦ |

## સામાજીક નવલકથા

| | |
|---|---|
| ૯૭ ગંગા—એક ગુર્જર વાર્તા ... .. | ૧– ૦–૦ |
| ૯૮ સવિતાસુંદરી ... ... ... ... | ૦– ૪–૦ |
| ૯૯ ઘાસીરામ કોટવાલ ... ... ... | ૦– ૮–૦ |
| ૧૦૦ વિક્રમની વીશમી સદી ... ... ... | ૩– ૦–૦ |
| ૧૦૧ એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી? | ૧– ૨–૦ |
| ૧૦૨ આજ કાલનો સુધારો કે રમણીય ભયંકરતા | ૧– ૨–૦ |
| ૧૦૩ વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ ... | ૧– ૮–૦ |

## ઐતિહાસિક

| | |
|---|---|
| ૧૦૪ રાજતરંગિણી (ભાગ ૧ લો) ... ... | ૩– ૦–૦ |
| ૧૦૫ હૈદરઅલ્લી ને ટીપૂ સુલતાન (૨ જી આવૃત્તિ) | ૧– ૪–૦ |
| ૧૦૬ લૉર્ડ લૉરેન્સ ... ... ... ... | ૧– ૪–૦ |
| ૧૦૭ લૉર્ડ વિલ્યમ બેન્ટીક ... ... ... | ૧– ૪–૦ |
| ૧૦૮ ઔરંગઝેબ ... ... ... ... | ૧– ૪–૦ |
| ૧૦૯ મહારાણી શ્રી વિક્ટોરિયાનું જીવનચરિત્ર (સચિત્ર) | ૧– ૮–૦ |
| ૧૧૦ પુરાતન દિલ્હી (૪૦ ચિત્રો) ... ... | ૨– ૦–૦ |
| ૧૧૧ ઇંગ્લંડનો ઇતિહાસ... ... ... ... | ૧– ૮–૦ |
| ૧૧૨ હિંદના લોકોનો ટુંકો ઇતિહાસ ... ... | ૦– ૩–૦ |
| ૧૧૩ યૂરોપનો ઇતિહાસ (રા. મહિપતરામ રચિત) | ૦– ૨–૦ |
| ૧૧૪ કોલમ્બસનો વૃત્તાંત ... .. ... | ૦– ૪–૦ |
| ૧૧૫ જગતના ઇતિહાસની રૂપરેખા ... ... | ૦– ૧–૦ |

## નાટક

| | |
|---|---|
| ૧૧૬ વિક્રમોર્વશીય નાટક ... ... ... | ૧–૧૨–૦ |
| ૧૧૭ રાજભક્તિવિડમ્બણ ... ... ... | ૦– ૨–૦ |
| ૧૧૮ તપાસંવરણ નાટક ... ... ... | ૦– ૨–૦ |
| ૧૧૯ બાલકૃષ્ણવિજય નાટક (પાકા પુઠા) ... | ૦– ૮–૦ |
| ૧૨૦ બાલકૃષ્ણવિજય નાટક (કાચાં પુઠા) ... | ૦– ૬–૦ |

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|
| ૧૨૧ દ્રૌપદીદર્શન ... ... ... ... | ૦-૧૨-૦ |
| ૧૨૨ રામજાનકી દર્શન ... ... ... | ૦-૧૨-૦ |
| ૧૨૩ સાર શાકુંતલ ... ... ... | ૦- ૮-૦ |

## બાળકો માટે

| | |
|---|---|
| ૧૨૪ બાળકોનો આનંદ ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ) | ૦-૧૦-૦ |
| ૧૨૫ બાળકોનો આનંદ ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૦-૧૦-૦ |

## જ્યોતિષ

| | |
|---|---|
| ૧૨૬ મૃગશીર્ષ અને આર્યોનો ઉત્તર ધ્રુવનિવાસ | ૨- ૦-૦ |
| ૧૨૭ પ્રશ્નપંચાનન ... ... ... ... | ૦- ૨-૦ |
| ૧૨૮ પર્વોત્સવતિથ્યાવળી ... ... ... | ૦- ૨-૦ |

## ન્યાય

| | |
|---|---|
| ૧૨૯ ગુજરાતવાસી ન્યાતના ધારા ... ... | ૧૦- ૦-૦ |

## કોષ

| | |
|---|---|
| ૧૩૦ નર્મકથાકોશ (૩ જી આવૃત્તિ) ... ... | ૨- ૦-૦ |

## પ્રકીર્ણ

| | |
|---|---|
| ૧૩૧ ચુમ્બનમીમાંસા ... ... ... | ૨- ૦-૦ |
| ૧૩૨ ગુજરાતસર્વસંગ્રહ ... ... ... | ૨- ૦-૦ |
| ૧૩૩ ભાઇશંકરગ્રંથમાળા ... ... ... | ૩- ૦-૦ |

## નિબંધ

| | |
|---|---|
| ૧૩૪ દયારામ અને હાફેજ ... ... ... | ૦- ૪-૦ |
| ૧૩૫ જૂનું નર્મગદ્ય ... ... ... | ૨- ૮-૦ |

## વૈદ્યકીય

| | |
|---|---|
| ૧૩૬ દીર્ઘાયુષ્ય અથવા લાંબી જીંદગીએ કેમ પહોંચવું | ૦-૧૦-૦ |

## અર્થશાસ્ત્ર

| | |
|---|---|
| ૧૩૭ દેશવ્યવહારવ્યવસ્થા ... ... ... | ૧- ૪-૦ |

## વ્યાકરણ

| | |
|---|---|
| ૧૩૮ ધાતુસંગ્રહ ... ... ... ... | ૦-૧૦-૦ |

# તૈયાર થવા આવેલા ગ્રંથો

પુસ્તકનું નામ.

સાન્વયાર્થિની શ્રીમદ્‌ભગવદ્‌ગીતા... ... ...
શ્રીમદ્ મહાભારત ભાગ ૩ જો... ... ...
હરિવંશ ... ... ... ... ...
માર્કણ્ડેય પુરાણ ... ... ... ...
વિષ્ણુ પુરાણ... ... ... ... ...
યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ... ... ... ...
યમસ્મૃતિ ... ... ... ... ...
વ્રતરાજ (સંસ્કૃત-ગુજરાતી) ... ... ...
કામન્દકીય નીતિશાસ્ત્ર ... ... ...
બૃહત્ કાવ્યદોહન ભાગ ૪ થો... ... ...
બૃહત્ કાવ્યદોહન ભાગ ૯ મો... ... ...
દયારામકૃત કાવ્યસંગ્રહ ભાગ ૨ જો ... ...
અખાવાણી ... ... ... ...
મીરાંવાણી... ... ... ... ...
કુમારસંભવ ... ... ... ...
ક્લિયોપેટ્રા... ... .... ... ...
ગંગા ગોવિંદસિંહ. ... ... ... ...
મહાકવિ દંડીકૃત દશકુમારચરિત્ર (૨ જી આવૃત્તિ) ...
સાધુ કે શયતાન ... ... ... ...
ભારતલોકકથા ... ... ... ...
ચાંદણીબી... ... ... ... ...
કર્નલ ટોડકૃત રાજસ્થાન (સચિત્ર) ... ...
મુંબઈ બેટનો ઇતિહાસ ... ... ...
પાર્વતીપરિણય. ... ... ... ...
સચિત્ર વાંચનમાળા ભાગ ૨ જો ... ...
રમલનવરત્ન ... ... ... ...
નર્મકોષ.... ... ... ... ...
ગુજરાતી-અંગ્રેજી કોષ. ... ... ...
સુશ્રુતસંહિતા ... ... ... ...
શાર્ઙ્ગધરસંહિતા. ... ... ... ...
ચરકસંહિતા. ... ... ... ...

"ગુજરાતી" છાપખાનામાંથી પ્રકટ થયેલા ગ્રન્થો

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|
| વિવેકાનંદ વિચારમાળા તૃતીય પુષ્પ... ... | |
| પ્રેમાનંદ સ્વામિકૃત કાવ્ય ... .. ... | |
| અંતરિક્ષ વિહાર અથવા રાત્રીની બે ઘડીની મોજ | |
| ભારતીય જ્યોતિઃશાસ્ત્ર ... ... ... | |
| સિંહાસન બત્રીસી-શામળ કાવ્યમાળા... ... | |

## સસ્તું સાહિત્ય-"ગુજરાતી"ના ગ્રાહકોનેજ.

| | | |
|---|---|---|
| ૧ | જૂનું નર્મગદ્ય-વધારા ને કવિની છબી સાથે... | ૧- ૪-૦ |
| ૨ | ગુજરાત સર્વસંગ્રહ-કવિ નર્મદનો રચેલો અને સરકારે છપાવેલો ... ... ... | ૧- ૦-૦ |
| ૩ | દેશવ્યવહાર વ્યવસ્થા-કવિ નર્મદનો ન છપાયલો અર્થશાસ્ત્રનો ઉત્તમ ગ્રંથ ... ... | ૦-૧૪-૦ |
| ૪ | ધર્મવિચાર-અદ્વિતીય નિબંધોનો સંગ્રહ ... | ૦-૧૨-૦ |
| ૫ | નર્મકવિતા-સુરત મીશન પ્રેસમાં છપાયલી... | ૦- ૨-૦ |
| ૬ | નર્મકવિતા-સુરત સોદાગર પ્રેસમાં છપાયલી... | ૦- ૧-૦ |
| ૭ | રામજાનકી દર્શન-(નાટક) ... ... | ૦- ૬-૦ |
| ૮ | સારશાકુન્તલ (નાટક) ... ... ... | ૦- ૪-૦ |
| ૯ | બાળકૃષ્ણવિજય નાટક... ... ... | ૦- ૪-૦ |
| ૧૦ | ગંગા-ગુર્જર વાર્તા (શિવાજીની સુરતની લૂટ)... | ૦- ૮-૦ |
| ૧૧ | ઘાસીરામ કોટવાલ-પેશ્વાના વખતની બહુ રમુજી ચાનક અને જ્ઞાન આપનારી વાર્તા ... | ૦- ૪-૦ |
| ૧૨ | વેદોક્ત ધર્મપ્રકાશ-વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત. એ ગ્રંથમાં ધર્મના ઘણા ગૂઢ વિષયોના સાદી ભાષામાં એવા સચોટ ખુલાસા આપ્યા છે કે, જેવા બીજે સ્થળે ભાગ્યે જ વાંચવામાં આવશે. | ૦-૧૪-૦ |
| ૧૩ | ધાતુસંગ્રહ-ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો... ... ... | ૦- ૬-૦ |
| ૧૪ | એમ. એ. બનાકે કયોં મેરી મીટી ખરાબકી | ૧- ૦-૦ |
| ૧૫ | આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા... | ૧- ૦-૦ |
| ૧૬ | વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ ... | ૧- ૦-૦ |
| ૧૭ | ભાગવત એકાદશસ્કંધ-મૂળ-ભાષાંતર-ચિત્ર. પાકું પુઠું. સુંદર કાગળ ... ... ... | ૦- ૬-૦ |
| ૧૮ | ૨૫૦૦ વર્ષ પૂર્વનું હિન્દુસ્તાન ... ... | ૦- ૮-૦ |
| ૧૯ | બોધવચન-પરમહંસ રામકૃષ્ણનાં... ... | ૦- ૬-૦ |

| પુસ્તકનું નામ. | કિમ્મત. |
|---|---|
| ૨૦ શુક્રનીતિ ... ... ... ... | ૧– ૪–૦ |
| ૨૧ જનાનખાનાની બીબી ... ... ... | ૦– ૮–૦ |
| ૨૨ મુક્તમાળા ... ... ... ... | ૦– ૮–૦ |
| ૨૩ રાસેલાસ ... ... ... ... | ૦– ૭–૦ |
| ૨૪ દિનાર્બસ ... ... ... ... | ૦– ૭–૦ |

ઉપરની સઘળી ચોપડીઓનો ટપાલ ખર્ચ જૂદો પડશે.

અમારા એજંટો પાસેથી લેનાર ગ્રાહકને રૂપિયે એક આનો વધુ ટપાલનો આપવો પડશે.

## संस्कृत ग्रन्थो

**श्रीमद्भगवद्गीतायाः प्रथमो गुच्छः**–आनन्दगिरिकृतटीकासंवलितशांकरभाष्य–जयतीर्थविरचितटीकासंवलितानन्दतीर्थीय ( माध्व ) भाष्य–रामानुजभाष्य–पुरुषोत्तमजीप्रकाशितामृततरङ्गिणी–नीलकण्ठीसमेतः ... ... ६– ०–०

**श्रीमद्भगवद्गीतायाः द्वितीयो गुच्छः । प्रथमषट्कम्**–निम्बार्कमतानुयायिश्रीकेशवकाश्मीरिभट्टाचार्यपादप्रणीता–'**तत्त्वप्रकाशिका**' श्रीमधुसूदनसरस्वतीकृता–'**गूढार्थदीपिका**' श्रीशङ्करानन्दप्रणीता–'**तात्पर्यबोधिनी**' श्रीधरस्वामिकृता–'**सुबोधिनी**' श्रीसदानन्दविरचितः–'**भावप्रकाशः**' श्रीधनपतिसूरिविरचिता–'**भाष्योत्कर्षदीपिका**' दैवज्ञपण्डितश्रीसूर्यविरचिता–'**परमार्थप्रपा**' पूर्णप्रज्ञमतानुसारिश्रीराघवेन्द्रकृतः–'**अर्थसंग्रहः**' इत्येताभिर्व्याख्याभिः समेतः ३–१२–०

**द्वितीयो गुच्छः । द्वितीयं षट्कम्**–षष्ठादिद्वादशाध्यायान्तम् तत्त्वप्रकाशिकाद्यष्टटीकोपेतम् ... ... ... २–१२–०

**उत्तरगीता**–गौडपादीयदीपिकाख्यव्याख्यायुता. ... ०– ३–०

**श्रीमद्वाल्मीकिरामायणस्य बालकाण्डम्**–सर्वतन्त्रस्वतन्त्रप्रतिभेन शब्देन्दुशेखरादिनानानिबन्धप्रणेत्रा श्रीमन्नागेशभट्टेन स्वशिष्यस्य सतो जीविकाप्रदातुः शृङ्गवेरपुराधीशस्य वीरमणेः श्रीरामराजस्य नाम्ना प्रणीतया रामायणतिलकाख्यया टीकया, पण्डितश्रीवंशीधर–शिवसहायाभ्यां प्रणीतया रामायणशिरोमण्याख्यया टीकया, श्रीगोविन्दराजप्रणीतया भूषणाख्यया टीकया च सह मुद्रयितुमस्माभिरारब्धम् । तच्च षड्भिः खण्डैः समापयिष्यामः । तत्रेदं प्रथमं खण्डम्. ... ... ... ... ३– ०–०

| पुस्तकनुं नाम. | किंमत. |
|---|---|
| **अयोध्याकाण्डम्**–द्वितीयखण्डम् ... ... ... | ५– ०–० |
| **वेदान्तरहस्यम्**–वेदान्तवागीशभट्टाचार्यविरचितम् ... | ०– १–० |
| **विशिष्टाद्वैतमतविजयवादः**–नरहरिपण्डितकृतः ... | ०– १–० |
| **कुमारसंभवं महाकाव्यम्**–कविवरश्रीकालिदासविरचितमिदं सप्तमसर्गपर्यन्तं मल्लिनाथकृतसंजीविन्या चारित्र्यवर्धनकृतशिशुहितैषिण्या च संवलितं तत आसमाप्ति सीतारामकृतसंजीविन्याऽलंकृतं सुललितैरायसाक्षरैर्मुद्रितमतीव दर्शनीयमस्ति. ... ... ... ... | १– ४–० |
| **रघुवंशमहाकाव्यम्**–श्रीकालिदासकृतम् । मल्लिनाथकृतसंजीविन्याख्यटीकासहितम् ... ... ... | ०–१०–० |
| **वैशेषिकदर्शनम्**–श्रीशंकरमिश्रकृत–**वैशेषिकसूत्रोपस्कार**–जयनारायणतर्कपञ्चाननभट्टाचार्यप्रणीत–**विवृति**–चन्द्रकान्तभट्टाचार्यप्रणीत–**भाष्यसहितम्**... ... ... | २– ०–० |
| **विदुरनीतिः**–संस्कृतटीकोपेता ... ... ... | ०– ४–० |
| **स्तोत्रमुक्ताहारः** ... ... ... ... | ०– ८–० |
| **संस्कारमयूखः** ... ... ... ... | ०–१२–० |
| **मनुस्मृतिः**–कुल्लूकभट्टकृत–मन्वर्थमुक्तावलीसहिता । क्षेपकपरिशिष्टश्लोकैश्च सनाथीकृता ... ... ... | १– ८–० |
| **कारिकावली सिद्धान्तमुक्तावलीसहिता** ... ... | ०– ७–० |
| **वादार्थसंग्रहः (प्रथमो भागः)** अत्र शेषकृष्णकृतं स्फोटतत्त्वनिरूपणं, श्रीकृष्णमौनिकृता स्फोटचन्द्रिका, गोडबोलेकृतः प्रातिपदिकसंज्ञावादः, वाक्यवादः, हरियशोमिश्रकृता वाक्यदीपिकेति पञ्च ग्रन्थाः संकलिताः ... ... | ०– ६–० |
| **वादार्थसंग्रहः**–( द्वितीयोभागः ) ... .... ... | ८– ६–० |
| **तैत्तिरीयोपनिषत्** ... ... ... ... | १– ०–० |
| **महाभागवतम्**–देवीपुराणम् ... ... ... | २– ०–० |
| **अन्त्येष्टिदीपिका**–सामगानाम् ... ... ... | ०–१२–० |
| **चन्द्रकान्त हिन्दी** ... ... ... ... | २– ८–० |

## प्रारब्धमुद्रणा ग्रन्थाः ।

**मीमांसान्यायबिन्दुः** ... ... ... ...

**लघुशब्देन्दुशेखरः** ... ... ... ...

**प्रायश्चित्तेन्दुशेखरः** ... ... ... ...